# તવઝીહુલ મસાઈલ

## મરજએ તકલીદ, આયતુલ્લાહિલ ઉઝમા સૈયદ અલી હુસૈની સિસ્તાની (દામત્બરકાતોહૂ) સાહેબના ફતવા મુજબ (નવા ફતવા તેમજ બીજા સુધારા વધારા સાથે દસમી આવૃત્તિ)


: પ્રકાશક :

હાજી નાજી મેમોરિયલ ટ્રસ્ટ



માળી ટેકરા, આંબાચોક, ભાવનગર - ૩૬૪૦૦૧

(ગુજરાત - ભારત)

ફોન : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬

મોબાઈલ : +૯૧-૮૪૬૦૫૩૪૫૯૮

વેબસાઈટ : www.hajinaji.com

ઈમેલ : hajinajitrust@gmail.com

કિતાબનું નામ : તવઝીહુલ મસાઇલ
આયતુલ્લાહિલ ઉઝમા સૈયદ
અલી હુસૈની સિસ્તાની (દા.બ.)
સાહેબના નવા ફતવા તેમજ
બીજા સુધારા વધારા સાથે

પ્રકાશક : હાજી નાજી મેમોરિયલ ટ્રસ્ટ

આવૃત્તિ : દસમી (જાન્યુઆરી - ૨૦૨૧)

તરજુમો : મૌલાના કૈસરઅબ્બાસ મુખી સાહેબ

પ્રુફ રીડીંગ : મૌલાના મુરતુઝા ભારમલ સાહેબ

કંપોઝીંગ : મોહમ્મદઅલી નરસિંહ

---

**નોંધ.....**

* વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે www.hajinaji.com પર લોગ ઓન કરો.

* કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો પેજની વિગત અને કિતાબનું નામ જાણ કરવા વિનંતી.

hajinajitrust@gmail.com

# અનુક્રમણિકા


પ્રસ્તાવના ........................................ ૧૯
આયતુલ્લાહ સિસ્તાની સાહેબનો જીવન પરિચય . ૨૩
કેટલાક અઘરા ફીકહી શબ્દોની સમજણ ........... ૨૫


## તકલીદ


તકલીદના એહકામ .................................. ૩૫


## તહારતના એહકામ


ચોખ્ખું અને મિશ્રણવાળું પાણી.................. ૪૨


## ચોખ્ખા પાણીના પ્રકાર


(૧) કુર પાણી .................................. ૪૩
(૨) કુર કરતા ઓછું પાણી (આબે કલીલ) ........ ૪૫
(૩) જારી-વહેતું પાણી.......................... ૪૬
(૪) વરસાદનું પાણી ........................... ૪૯
(૫) કૂવાનું પાણી................................ ૫૧
પાણી વિશેના એહકામ .......................... ૫૧
પાયખાને જવાના એહકામ........................ ૫૩
ઈસ્તિબ્રા ........................................ ૫૮
પાયખાને જવાના મુસ્તહબાત અને મકરૂહાત ..... ૬૦


## નજાસતો


(૧, ૨)પેશાબ અને પાયખાનુ .................... ૬૧
(૩) મની ........................................ ૬૨
(૪) મુરદાર ...................................... ૬૩
(૫) ખૂન........................................... ૬૫
(૬, ૭)કૂતરો અને સુવ્વર ......................... ૬૬

(૮) કાફિર ...................................... ૬૬
(૯) શરાબ...................................... ૬૮
(૧૦) નજાસત ખાનાર હેવાનનો પરસેવો........ ૬૯
નજાસત સાબિત થવાના પ્રકાર ................. ૬૯
પાક ચીજ ક્યારે નજીસ થાય છે.................. ૭૧
નજાસતોના એહકામ .............................. ૭૪

## મુતહહરાત (પાક કરનારી વસ્તુઓ)

(૧) પાણી...................................... ૭૯
(૨) જમીન ..................................... ૯૦
(૩) સૂરજ ...................................... ૯૨
(૪) ઈસ્તિહાલા.................................. ૯૪
(૫) ઈન્કલાબ.................................... ૯૫
(૬) ઈન્તિકાલ .................................. ૯૭
(૭) ઈસ્લામ .................................... ૯૮
(૮) તબઈય્યત.................................. ૯૯
(૯) અયન નજાસતનું દૂર થવું .................. ૧૦૧
(૧૦) નજાસત ખાનાર હૈવાનનો ઈસ્તિબ્રા...... ૧૦૨
(૧૧) મુસલમાનોનું ગાયબ થઈ જવું............ ૧૦૩
(૧૨) ઝબીહાના ખૂનનું વહી જવું............... ૧૦૪

## વાસણના એહકામ

વાસણના એહકામ ............................... ૧૦૪

## વઝુનું બયાન

વઝુનું બયાન.................................... ૧૦૬
ઈરતેમાસી વઝુ.................................. ૧૧૩

દુઆઓ કે જે વઝુ કરતી વખતે પઢવી મુસ્તહબ છે . ૧૧૪
વઝુ સહીહ થવાની શરતો ........................ ૧૧૬
વઝુના એહકામ .................................. ૧૨૭
જે સંજોગોમાં વઝુ કરવું જરૂરી છે ................ ૧૩૨
જેનાથી વઝુ તૂટી જાય છે ........................ ૧૩૫
જબીરાના એહકામ .............................. ૧૩૬

## વાજિબ ગુસ્લ - ૧

વાજિબ ગુસ્લ સાત છે .......................... ૧૪૨
ગુસ્લે જનાબતના એહકામ ...................... ૧૪૩
જનાબતવાળા શખ્સ માટે જે વસ્તુઓ હરામ છે ૧૪૬
જનાબતવાળા શખ્સ માટે જે વસ્તુઓ મકરૂહ છે ૧૪૭
ગુસ્લે જનાબત ................................ ૧૪૮
ગુસ્લે તરતીબીની રીત .......................... ૧૪૯
ગુસ્લે ઈરતેમાસીની રીત ........................ ૧૫૦
ગુસ્લ કરવાના એહકામ ........................ ૧૫૧

## સ્ત્રીઓના માસિક વિશેના મસાઈલ

ઈસ્તિહાઝા .................................... ૧૫૬
ઈસ્તિહાઝાના એહકામ .......................... ૧૫૭
હૈઝ ............................................ ૧૭૦
હાઈઝ (હૈઝવાળી સ્ત્રી માટે)ના એહકામ ......... ૧૭૪
હાઈઝ સ્ત્રીના પ્રકારો ............................ ૧૮૧
(૧) વકતીય્યાહ અને અદદીય્યાહ ................ ૧૮૨
(૨) સમયની આદતવાળી સ્ત્રી ................... ૧૯૦
(૩) સંખ્યાની આદતવાળી સ્ત્રી .................. ૧૯૫

(૪) મુઝતરેબહ ............................ ૧૯૭
(૫) મુબ્તદેઅહ ............................ ૧૯૮
(૬) નાસિયહ ............................ ૧૯૯
હૈઝના જુદા જુદા મસાઈલ ............................ ૨૦૧
નિફાસ ............................ ૨૦૪

## વાજિબ ગુસ્લ - ૨

ગુસ્લે મસે મૈયત ............................ ૨૦૯

## સકરાતની હાલતને લગતા એહકામ

સકરાતની હાલતને લગતા એહકામ ............ ૨૧૨
મરણ પછીના એહકામ ............................ ૨૧૪
ગુસ્લ, કફન, નમાઝે મૈયત અને દફનના એહકામ. ૨૧૫

## ગુસ્લે મૈયતની રીત

ગુસ્લે મૈયતની રીત ............................ ૨૧૭

## કફનના એહકામ

કફનના એહકામ ............................ ૨૨૩
હુનૂતના એહકામ ............................ ૨૨૭

## નમાઝે મૈયતના એહકામ

નમાઝે મૈયતના એહકામ ............................ ૨૨૯
નમાઝે મૈયતની રીત ............................ ૨૩૨
નમાઝે મૈયતની મુસ્તહબ બાબતો ............ ૨૩૫

## દફનના એહકામ

દફનના એહકામ ............................ ૨૩૭
દફન માટે મુસ્તહબ બાબતો ............................ ૨૪૦

નમાઝે વહશત ........................................ ૨૪૮
દફન કર્યા પછી કબર ખોદવા વિશે ................ ૨૪૯

## મુસ્તહબ ગુસ્લો

મુસ્તહબ ગુસ્લો ........................................ ૨૫૨

## તયમ્મુમનું બયાન

તયમ્મુમનું બયાન ........................................ ૨૫૬
જે વસ્તુઓ ઉપર તયમ્મુમ કરવું સહીહ છે ....... ૨૬૬
વઝુ અથવા ગુસ્લને બદલે તયમ્મુમની રીત ...... ૨૭૦
તયમ્મુમના એહકામ ........................................ ૨૭૧

## નમાઝના એહકામ

નમાઝના એહકામ ........................................ ૨૭૯
વાજિબ નમાઝો ........................................ ૨૮૧
રોજની વાજિબ નમાઝો ................................ ૨૮૨
ઝોહર અને અસ્રનો સમય ............................ ૨૮૨
નમાઝે જુમ્આ અને તેના એહકામ ................ ૨૮૪
નમાઝે જુમ્આ સહીહ હોવાની અમુક શર્તો ...... ૨૮૫
નમાઝે જુમ્આના અમુક એહકામ ................ ૨૮૮
મગરિબ અને ઈશાની નમાઝનો સમય .......... ૨૮૯
સુબ્હની નમાઝનો સમય ................................ ૨૯૦
નમાઝના સમયના એહકામ ........................ ૨૯૧
નમાઝો ક્રમવાર પઢવા વિશે .................... ૨૯૭
મુસ્તહબ નમાઝો ........................................ ૩૦૦
રોજની નાફેલા નમાઝનો સમય .................. ૩૦૧
નમાઝે ગોફૈલા ........................................ ૩૦૩

કિબ્લાના એહકામ ................................ ૩૦૪
નમાઝમાં શરીર ઢાંકવા વિશે ...................... ૩૦૭
નમાઝ પઢનારના લિબાસની શરતો ............ ૩૧૧
એવા સંજોગો કે જેમાં નમાઝ પઢનારનું શરીર અને
લિબાસનું પાક હોવું જરૂરી નથી ................ ૩૨૬
નમાઝ પઢનારના લિબાસ માટે અમુક
મુસ્તહબાત ................................ ૩૩૧
જે લિબાસ નમાઝ પઢનાર માટે મકરૂહ છે ...... ૩૩૨
નમાઝ પઢવાની જગ્યા.............................. ૩૩૨
જ્યાં નમાઝ પઢવી મુસ્તહબ છે ................ ૩૪૦
જ્યાં નમાઝ પઢવી મકરૂહ છે .................... ૩૪૨
મસ્જિદના એહકામ ................................ ૩૪૩

## અઝાન અને એકામહ

અઝાન અને એકામહ.............................. ૩૪૭
અઝાન અને એકામહનો તરજૂમો .............. ૩૪૯

## વાજિબાતે નમાઝ

વાજિબાતે નમાઝ ................................ ૩૫૭
નિય્યત................................................ ૩૫૮
તકબીરતુલ એહરામ ................................ ૩૫૯
કયામ (ઉભા રહેવું) ................................ ૩૬૨
કિરઅત ................................................ ૩૬૭
રૂકુઅ ................................................ ૩૮૦
સુજૂદ ................................................ ૩૮૬
જે વસ્તુઓ ઉપર સજદો કરવો સહીહ છે ........ ૩૯૬

સજદામાં મુસ્તહબ અને મકરૂહ બાબતો ........ ૩૯૯
કુરઆને મજીદના વાજિબ સજદાઓ ............ ૪૦૨
તશહહુદ ................................. ૪૦૪
સલામ .................................. ૪૦૬
તરતીબ–ક્રમ ............................. ૪૦૭
મવાલાત (એક પછી એક તરત જ અમલને
અંજામ દેવા) ............................ ૪૦૮
કુનૂત .................................. ૪૦૯
નમાઝનો તરજૂમો ........................ ૪૧૧
તાઅકીબાત ............................. ૪૧૬
પયગંબર (સ.અ.વ.) ઉપર સલવાત ............ ૪૧૭
નમાઝને બાતિલ કરનારી (તોડનારી) વસ્તુઓ .. ૪૧૭
નમાઝમાં મકરૂહ બાબતો .................. ૪૩૦
એવા સંજોગો કે જેમાં વાજિબ નમાઝ તોડી શકાય છે ૪૩૧
નમાઝના શકો ........................... ૪૩૨
નમાઝ બાતિલ કરનાર શક .................. ૪૩૩
જે શકની પરવાહ ન કરવી જોઈએ ............. ૪૩૪
તે વસ્તુનો શક જેનો સમય વીતી ગયો હોય ..... ૪૩૫
સલામ પછીનો શક ........................ ૪૩૮
નમાઝનો સમય વિત્યા પછીનો શક ............ ૪૩૯
કસીરૂશ્શક(હદ ઉપરાંત શક કરતો હોય તે)નો શક ૪૪૦
પેશ નમાઝ અને પાછળ નમાઝ પઢનારનો શક . ૪૪૩
મુસ્તહબ નમાઝમાં શક ..................... ૪૪૩
તે શક જેમાં નમાઝ સહીહ છે ................. ૪૪૫

નમાઝે એહતિયાત પઢવાની રીત ................ ૪૫૨
સહવનો સજદો ................................. ૪૫૯
સજદ-એ-સહવની રીત .......................... ૪૬૩
ભૂલેલા સજદા અને તશહહુદની કઝા ............ ૪૬૩
નમાઝના ભાગો અથવા શરતોને વધઘટ
કરવા વિશે ...................................... ૪૬૬
મુસાફરની નમાઝ .............................. ૪૭૦
મુસાફરની નમાઝ વિશે જુદા જુદા મસાઈલ ..... ૪૯૬
કઝા નમાઝો ..................................... ૫૦૦
મોટા દિકરા પર બાપની કઝા નમાઝો વાજિબ છે ૫૦૪

## જમાઅતની નમાઝ

જમાઅતની નમાઝ ............................. ૫૦૬
ઈમામે જમાઅતની શરતો ....................... ૫૨૧
નમાઝે જમાઅતના એહકામ ..................... ૫૨૩
જમાઅતમાં પેશ ઈમામ અને મામૂમની ફરજો .. ૫૨૮
નમાઝે જમાઅતમાં મકરૂહ વાતો ............... ૫૩૦

## નમાઝે આયાત

નમાઝે આયાત ................................... ૫૩૧
નમાઝે આયાત પઢવાની રીત .................... ૫૩૫

## ઈદે ફિત્ર અને ઈદે કુરબાની નમાઝ

ઈદે ફિત્ર અને ઈદે કુરબાની નમાઝ ............. ૫૩૯

## મહેનતાણું આપીને નમાઝ પઢાવવી

મહેનતાણું આપીને નમાઝ પઢાવવી ............ ૫૪૩

# રોઝાના એહકામ


નિય્યત ........................................ ૫૪૮
જે વસ્તુઓથી રોઝો તૂટી જાય છે ................ ૫૫૬
(૧) ખાવું અને પીવું ........................... ૫૫૬
(૨) સંભોગ-સ્ત્રી સમાગમ ...................... ૫૫૯
(૩) ઈસ્તિમના ................................. ૫૬૦
(૪) ખુદા અને પયગંબર તરફ જૂઠી નિસ્બત દેવી ૫૬૨
(૫) ગર્દો-ગુબારનું ગળા સુધી પહોંચાડવું ....... ૫૬૪
(૬) સુબ્હે સાદિક સુધી જનાબત, હૈઝ અને
નિફાઝ પર બાકી રહેવું ........................... ૫૬૫
(૭) એનીમા (પીચકારી) ........................ ૫૭૨
(૮) ઉલટી કરવી ................................ ૫૭૨
રોઝો તોડનારી વસ્તુઓ વિશેના એહકામ ........ ૫૭૪
એ કામો જે રોઝેદારો માટે મકરૂહ છે ............ ૫૭૫
જે સંજોગોમાં કઝા અને કફ્ફારો વાજિબ છે ..... ૫૭૬
રોઝાનો કફ્ફારો ................................. ૫૭૭
જે સંજોગોમાં માત્ર રોઝાની કઝા વાજિબ છે .... ૫૮૪
કઝા રોઝાના એહકામ ............................ ૫૮૭
મુસાફરના રોઝાના એહકામ ...................... ૫૯૩
જે લોકો ઉપર રોઝા વાજિબ નથી ............... ૫૯૬
ચાંદ સાબિત થવાની રીતો ........................ ૫૯૮
હરામ અને મકરૂહ રોઝા ......................... ૬૦૧
મુસ્તહબ રોઝા ................................... ૬૦૩
રોઝો તોડનારી વસ્તુઓથી બચવું જ્યાં મુસ્તહબ છે ૬૦૫

## એઅતેકાફ


એઅતેકાફ .................................... ૬૦૬

એઅતેકાફની જરૂરી બાબતો...................... ૬૦૭

એઅતેકાફની જગ્યાએથી બહાર નીકળવું ........ ૬૧૪

એઅતેકાફના જુદા જુદા મસાઈલ................ ૬૧૮


## ખુમ્સના એહકામ


ખુમ્સના એહકામ .......................... ૬૨૧

(૧) ધંધા વિગેરેનો નફો......................... ૬૨૧

(૨) ખાણ .................................. ૬૩૫

(૩) દફીના (ખજાનો) ......................... ૬૩૭

(૪) જે હલાલ માલમાં હરામ માલની ભેળસેળ થઈ હોય .................................. ૬૪૦

(૫) એ ઝવેરાત જે સમુદ્રમાંથી કાઢવામાં આવે .. ૬૪૩

(૬) માલે ગનીમત............................ ૬૪૬

(૭) જે જમીન ઝિમ્મી કાફિરે મુસલમાન પાસેથી ખરીદી હોય .................................. ૬૪૭

ખુમ્સની રકમનો વપરાશ ...................... ૬૪૭


## નેકીનો હુકમ અને બૂરાઈની મનાઈના એહકામ


નેકીનો હુકમ અને બૂરાઈની મનાઈના એહકામ (અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુન્કર) ... ૬૫૨


## ઝકાતના એહકામ


ઝકાતના એહકામ.............................. ૬૫૭

ઝકાત વાજિબ થવાની શરતો .................... ૬૫૭
ઘઉં, જવ, ખજૂર અને દ્રાક્ષની ઝકાત ........... ૬૬૦
સોનું અને તેનો નિસાબ........................... ૬૭૦
ચાંદીનો નિસાબ ................................... ૬૭૦
ઊંટ, ગાય, ઘેંટા, બકરાની ઝકાત ............... ૬૭૩
ઊંટનો નિસાબ .................................... ૬૭૫
ગાયનો નિસાબ .................................... ૬૭૬
ઘેટા બકરાનો નિસાબ ............................ ૬૭૮
વેપારના માલ ઉપર ઝકાત.......................... ૬૮૨
ઝકાતનો વપરાશ ................................. ૬૮૩
ઝકાતના હકદાર હોવાની શરતો................... ૬૮૯
ઝકાતની નિય્યત.................................. ૬૯૩
ઝકાત બારામાં જુદા જુદા મસાઈલ.............. ૬૯૪
ઝકાતે ફિત્રા ...................................... ૭૦૨
ઝકાતે ફિત્રાનો વપરાશ .......................... ૭૦૭
ઝકાતે ફિત્રાને લગતા જુદા જુદા એહકામ ....... ૭૧૦

## હજના એહકામ

હજના એહકામ.................................... ૭૧૨

## ખરીદ – વેચાણના એહકામ

ખરીદ – વેચાણના એહકામ...................... ૭૧૮
ખરીદ – વેચાણની મુસ્તહબ બાબતો........... ૭૧૯
જે ખરીદ – વેચાણ મકરૂહ છે.................... ૭૧૯
હરામ ધંધાઓ ................................... ૭૨૦
છેતરપીંડી અને ઠગાઈની અલગ અલગ રીત .... ૭૨૦

વ્યાજ ........................................ ૭૨૬
વેચનાર અને ખરીદનારની શરતો ................ ૭૩૧
વસ્તુ અને તેની અવેજીની શરતો ................ ૭૩૪
ખરીદ – વેચાણના સમયે પઢવાનો સીગો ....... ૭૩૭
ફળોના ખરીદ – વેચાણના એહકામ ............ ૭૩૮
રોકડા અને ઉધાર વિશે .......................... ૭૪૦
પેશગીની શરતો અને સોદો (એડવાન્સ પેમેન્ટ) . ૭૪૧
સલફ સોદાના એહકામ ........................... ૭૪૪
સોના કે ચાંદીની સામે સોના કે ચાંદીની લેવડ દેવડ ૭૪૫
લેવડ – દેવડ રદ કરવાના સંજોગો ................ ૭૪૭
જુદા જુદા મસાઈલ ................................ ૭૫૫
ભાગીદારીના એહકામ ............................. ૭૫૬
સુલેહ – સમાધાનના એહકામ ..................... ૭૬૨
મજૂરી અને ભાડાના એહકામ ..................... ૭૬૮
ભાડાના માલની શરતો ........................... ૭૭૨
જે લાભના હેતુસર કોઈ વસ્તુ ભાડે આપવામાં
આવે તેની શરતો ................................. ૭૭૩
ભાડા, મજૂરીને લગતા જુદા જુદા મસાઈલ ..... ૭૭૬
મુઝારેબાના એહકામ (રોકાણ) .................. ૭૮૪
જુઆલહના એહકામ ............................... ૭૮૯
જમીનની ઉપજની ભાગીદારી (મઝારેઅત)ના
એહકામ ........................................... ૭૯૩
મુસાકાત અને મુગારીસહ (ફળોની ભાગીદારી)ના
એહકામ ........................................... ૭૯૯

જેમને પોતાના માલમાંથી વપરાશની મનાઈ છે. ૮૦૪
વકાલતના એહકામ .............................. ૮૦૬
ઉધાર આપવાના અને લેવાના એહકામ ......... ૮૧૧
હવાલાના એહકામ................................ ૮૧૭
ગિરવે રાખવાના એહકામ ...................... ૮૨૦
જામીન થવાના એહકામ.......................... ૮૨૩
કિફાલતના એહકામ.............................. ૮૨૭
અમાનતને લગતા એહકામ...................... ૮૨૯
આરીયતના એહકામ (ઉછીનું લેવું – આપવું તેના એહકામ)........................................ ૮૩૬

## નિકાહના એહકામ

નિકાહના એહકામ .............................. ૮૪૧
નિકાહ પઢવાની રીત.............................. ૮૪૩
નિકાહની શરતો.................................. ૮૪૫
જે ઐબોને કારણે નિકાહને તોડી શકાય છે ...... ૮૪૯
જેમની સાથે નિકાહ કરવા હરામ છે તે સ્ત્રીઓ... ૮૫૨
દાઈમી (કાયમી) નિકાહના એહકામ ............ ૮૬૦
મુત્આ (મર્યાદિત મુદ્દત માટેના લગ્ન)ના એહકામ ૮૬૪
નામેહરમ સ્ત્રીઓને જોવાના એહકામ........... ૮૬૭
શાદીના જુદા જુદા મસાઈલ ...................... ૮૭૦
દૂધ પીવડાવવાના એહકામ...................... ૮૭૬
દૂધ પીવડાવવાને કારણે મેહરમ થઈ જવાની શરતો .......................................... ૮૮૦
દૂધ પીવડાવવાના આદાબ ...................... ૮૮૬

દૂધ પીવડાવવાને લગતા બીજા મસાઈલ ........ ૮૮૭

## તલાકના એહકામ

તલાકના એહકામ .................................. ૮૯૦
તલાકનો ઈદ્દો .................................. ૮૯૫
જે સ્ત્રી બેવા થઈ હોય તેનો ઈદ્દો .................. ૮૯૮
બાઈન અને રજઈ તલાક ....................... ૯૦૦
રજૂઅ કરવાના એહકામ ........................ ૯૦૧
તલાકે ખુલઅ .................................. ૯૦૩
તલાકે મુબારાત ................................ ૯૦૪
તલાકને લગતા જુદા જુદા મસાઈલ ............. ૯૦૬

## ગસ્બના એહકામ

ગસ્બના એહકામ ................................ ૯૦૯

## ખોવાય ગયેલી વસ્તુઓ મેળવવાના એહકામ

ખોવાઈ ગયેલી વસ્તુઓ મેળવવાના એહકામ ... ૯૧૬

## શિકાર અને ઝિબ્હ કરવાના એહકામ

શિકાર અને ઝિબ્હ કરવાના એહકામ ........... ૯૨૨
ઝિબ્હ કરવાની રીત ............................ ૯૨૫
ઝિબ્હ કરવા માટેની શરતો ...................... ૯૨૬
ઊંટને નહેર કરવાની રીત ....................... ૯૨૯
ઝિબ્હ માટે મુસ્તહબ બાબતો .................. ૯૩૦
ઝિબ્હ માટે મકરૂહ બાબતો ...................... ૯૩૧
હથિયાર વડે શિકાર કરવાના એહકામ ............ ૯૩૨
શિકારી કુતરા વડે શિકારના એહકામ ............ ૯૩૬

માછલી અને તીડના શિકારના એહકામ ......... ૯૩૯
ખાવા પીવાની વસ્તુઓને લગતા એહકામ ...... ૯૪૨
જમવાના આદાબ ........................... ૯૪૭
જમતી વખતે મકરૂહ બાબતો .................. ૯૪૯
પાણી પીવાના આદાબ ......................... ૯૫૦
પાણી પીતી વખતે મકરૂહ બાબતો............. ૯૫૦
## નઝર અને અહદના એહકામ
નઝર અને અહદના એહકામ .................... ૯૫૦
કસમ ખાવાના એહકામ ......................... ૯૫૯
## વકફના એહકામ
વકફના એહકામ ................................. ૯૬૩
## વસિયતના એહકામ
વસિયતના એહકામ ............................ ૯૭૦
વારસાના એહકામ ............................... ૯૮૪
પહેલાં તબક્કાનો વારસો ...................... ૯૮૫
બીજા તબક્કાનો વારસો......................... ૯૮૮
ત્રીજા તબક્કાનો વારસો ........................ ૯૯૮
પતિ પત્નીનો વારસો.............................૧૦૦૧
વારસા સંબંધી જુદા જુદા મસાઈલ .............૧૦૦૫
## મુલહેકાત
(૧) ડીપોઝીટ અને કર્જો .......................૧૦૦૭
(૨) ક્રેડીટ (ધિરાણ-ગેરેન્ટી) .....................૧૦૧૩
(૩) માલની સાચવણી ..........................૧૦૧૭

(૪) બિન જરૂરી માલનું વહેચાણ..............૧૦૧૮
(૫) બેન્કની સરપરસ્તી ..........................૧૦૧૮
(૬) બેન્ક થકી શેર વેચવા.........................૧૦૨૧
(૭) બોન્ડ્સ વેચવા ...............................૧૦૨૧
(૮) દેશી અને વિદેશી હવાલો .................૧૦૨૨
(૯) બેન્ક તરફથી ઈનામ .......................૧૦૨૮
(૧૦) વચનપત્રની વસૂલી .......................૧૦૨૯
(૧૧) મુદ્રા (કરન્સી)નું ખરીદ વેચાણ..........૧૦૩૧
(૧૨) ક્રેડીટ (વધારે ઉપાડ).........................૧૦૩૧
(૧૩) ડીસ્કાઉન્ટ ...................................૧૦૩૨
(૧૪) બેન્કમાં કામ કરવું ..........................૧૦૩૭
(૧૫) વીમો (ઈન્સ્યોરન્સ) ........................૧૦૩૯
(૧૬) પાઘડી ........................................૧૦૪૨
(૧૭) કબૂલાત અને વળતર મેળવવાના એહકામ ૧૦૪૫
(૧૮) પોસ્ટમોર્ટમ ..................................૧૦૫૩
(૧૯) અંગદાન .......................................૧૦૫૪
(૨૦) કૃત્રિમ ગર્ભધારણ..........................૧૦૫૭
(૨૧) વસ્તી નિયંત્રણ (બર્થ કન્ટ્રોલ)
(ગર્ભ નિરોધ).......................................૧૦૫૯
(૨૨) સરકારી રસ્તા અને વકફની જમીન ......૧૦૬૨
(૨૩) નમાઝ-રોઝા..................................૧૦૬૬
(૨૪) લક્કી ડ્રો - લોટરી............................૧૦૭૧

# પ્રસ્તાવના

તમામ વખાણ અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા માટે જ છે અને અગણિત દરૂદો સલામ થાય તેના હબીબ અને તેમની પાકો પાકીઝા આલ ઉપર, અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાના ફઝલો કરમથી અને ચહારદા માઅસૂમીનોના વસીલાથી સન ૧૯૯૦માં હાજી નાજી સાહેબના મુખલીસ ચાહકો અને અકીદતમંદોએ આપની મઝહબી અને સામાજિક ખિદમતની કરદાનીરૂપે આપના જ નામથી ભાવનગર મુકામે હાજી નાજી મેમોરિયલ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી, જેમાં મર્હુમ અલ્લામા હાજી નાજી સાહેબની અધૂરી ખ્વાહિશને પૂરી કરવા નિખાલસભાવે મઝહબી અને સામાજિક પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી આજ સુધીમાં ૧૨૦ જેટલી દીની કિતાબોનું પ્રકાશન કરેલ છે સાથે સાથે આજના યુગની જરૂરતોને ધ્યાનમાં લઈ લોકો વિનામૂલ્યે આ દીની પુસ્તકોનું વાંચન કરી શકે તે હેતુથી વેબસાઈટમાં કિતાબો મૂકવામાં આવી છે. હાલમાં નવી ટેક્નોલોજીને ધ્યાનમાં રાખી હાજી નાજી લાઈબ્રેરીની એન્ડ્રોઈડ તેમજ આઈફોન માટે એપ્લીકેશન પણ બનાવવામાં આવી છે. અને એક બોર્ડીંગનું પણ સંચાલન કરવામાં આવે છે જેમાં હાલમાં સાંઈઠ બાળકો લાભ લઈ રહ્યા છે.

હઝરત ઈમામે હસન અસ્કરી (અ.સ.)નો ઈરશાદ

છે કે ફોકહા (એટલે શરીઅતના એહકામોને વિગતવાર તહેકીક સાથે જાણવાવાળા મુજતહીદ)માંથી એવો ફકીહ કે જે પોતાને ગુનાહથી બચાવતો હોય, પોતાના દીનની હિફાઝત કરતો હોય. પોતાના નફસની ઈચ્છાનો ગુલામ ન હોય અને અલ્લાહની ઈતાઅત કરતો હોય, તેની તકલીદ લોકોએ કરવી જોઈએ. ત્યારપછી ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું કે આ સિફતો ગણતરીના શિયા ફકીહોમાં છે, બધામાં નથી.

અઈમ્મા (અ.મુ.સ.)ના ફરમાનને અનુસાર એ બધા લોકો કે જેઓ ઈજતેહાદના દરજ્જા ઉપર નથી પહોંચ્યા, તેઓ ઉપર પોતાના જમાનાના જામેઉશ્શરાએત મુજતહિદની તકલીદ કરવી વાજિબ છે. કારણ કે, તકલીદ વગર ઈબાદત અને દરેક અમલકે જેનાં માટે તકલીદ જરૂરી છે તે બાતિલ થઈ જાય છે. તકલીદની એહમિયતને ધ્યાનમાં રાખી આ આવૃત્તિના પ્રકાશનમાં શક્ય તેટલી કાળજી રાખવામાં આવી છે. સૌ પ્રથમ વર્લ્ડ ફેડરેશન ઓફ ખોજા શિયા ઈસ્નાઅશરી મુસ્લિમ કોમ્યુનીટી (લંડન) તરફથી આયતુલ્લાહિલ ઉઝમા સૈયદ અલી હુસૈની સિસ્તાની સાહેબના ફતવા પ્રમાણે તવઝીહુલ મસાઈલનું પ્રકાશન થયું હતું. થોડાક સમયમાં જ તેનો સ્ટોક ખત્મ થઈ ગયો. હાજી બરકતઅલીભાઈ નાયાણીએ વર્લ્ડ ફેડરેશનની પાસે છપાવવા માટેની ઈજાઝત લઈને અમુક શાબ્દિક સુધારા વધારા કર્યા અને સાથે કેટલાક અઘરા ફીકહી શબ્દોની

સમજણનો ગુજરાતી તરજૂમો અલ્હાજ નિશાત નૂરાની સાહેબે કર્યો હતો. છપાઇ માટે જેની પેપર પ્રિન્ટ હાજી બરકતઅલીભાઇ તરફથી હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ (ભાવનગર)ને મળી હતી. આજે આ કિતાબની દસમી આવૃત્તિમાં જે સુધારા-વધારા કરવામાં આવ્યા છે તેના સંદર્ભગ્રંથોની સૂચી આ મુજબ છે :

૧. તવઝીહુલ મસાઈલ (ઉર્દુ)
એહલેબૈત ટ્રસ્ટ મુંબઈ દ્વારા પ્રકાશિત

૨. તવઝીહુલ મસાઈલ (ફારસી)
આયતુલ્લાહ સિસ્તાની સાહેબના મશ્હદની ઓફિસ દ્વારા પ્રકાશિત (હિ.સ.૧૪૩૫)

૩. મિનહાજુસ્સાલેહીન (અરબી ફતવાની કિતાબ)
આયતુલ્લાહ સિસ્તાની સાહેબના મશ્હદની ઓફિસ દ્વારા પ્રકાશિત (હિ.સ.૧૪૩૫)

તેમજ આ આવૃત્તિમાં એઅતેકાફના મસાઈલ અને મસાઈલે મુસ્તહદેસા એટલે કે જમાના પ્રમાણેના નવા મસાઈલનો તરજૂમો કરીને પણ ઉમેરવામાં આવેલ છે.

આ કાર્યની જવાબદારી મૌલાના કૌસર અબ્બાસ મુખી સાહેબે સંભાળી હતી અને પ્રુફ રીડીંગ તેમજ નજરે સાનીની જવાબદારી મૌલાના મુર્તુઝા ભારમલ (મોરબીવાળા)એ સંભાળી હતી.

આ બાબતનો ઉલ્લેખ જરૂરી છે કે ખૂબજ કાળજીપૂર્વક કામ કરવા છતાંપણ ભૂલ રહી જવાની

શક્યતાને નકારી શકાય નહી. દરેક પ્રકાશકને આ ચિંતા હંમેશા સતાવતી હોય છે. આ જ ડરનો ઉલ્લેખ મર્હુમ ગુલામઅલી (G.M.) ભાઈ મેઘાણીએ આયતુલ્લાહ સિસ્તાની સાહેબ સમક્ષ કર્યો ત્યારે આગાએ ફરમાવ્યું કે "તમે તમારૂ કામ શરૂ રાખો જ્યારે પણ કોઈ ભૂલ તરફ ધ્યાન ખેંચાય ત્યારે તે ભૂલ સુધારી લેવી" માટે અમે તમામ લાભ લેનાર ભાઈઓને વિનંતી કરીએ છીએ કે આ પ્રકાશનમાં કોઈપણ ભૂલ-ક્ષતિ ધ્યાનમાં આવે તો અમારૂ ધ્યાન દોરશો જેથી આવનાર આવૃત્તિમાં સુધારી લેવામાં આવે.

અંતમાં આ કિતાબના કાર્યમાં સહકાર આપનાર તમામ ભાઈઓનો આભારી છું આ કિતાબનો લાભ લેનાર તમામ વાંચકોને અમારા માટે દુઆએ ખૈર કરવા વિનંતી છે.

– હાજી ગુલામહુસૈન મેઘાણી

હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ

કોઈપણ પ્રકારના શરઈ સવાલના જવાબ મેળવવા માટે હુજ્જતુલ ઈસ્લામ વલ મુસ્લેમીન પયામ હૈદર સાહેબનો સંપર્ક કરવો.

+91-9305570344

આયતુલ્લાહિલ ઉઝમા સૈયદ અલીહુસૈન સિસ્તાની સાહેબની વેબસાઈટનું એડ્રેસ :

(1) www.sistani.org/english

(2) www.sistani.org/urdu

# આયતુલ્લાહ સૈયદ અલી હુસૈની સિસ્તાની સાહેબનો સંક્ષિપ્ત જીવન પરિચય (અલ્લાહ સુબ્હાનહુ વ તાઅલા તેઓને લાંબુ આયુષ્ય આપે)

વિલાદત : રબીય્યુલ અવ્વલ – હિ.સ.૧૩૪૮, ઈ.સ.૧૯૩૦

આયતુલ્લાહ સિસ્તાની સાહેબનો જન્મ ઈલ્મ અને તકવા માટે જાણિતા એવા પરિવારમાં થયો હતો. તેઓએ તેમના વતન મશહદ (ઈરાન) ખાતે પ્રાથમિક તાલીમ મેળવી હતી અને મિરઝા મહદી ઈસ્ફહાની સાહેબના દર્સે ખારિજમાં જોડાયા હતા. હિ.સ.૧૩૬૮માં તેઓ કુમ ગયા અને ત્યાં (ફીકહ અને રિજાલના વિષયોમાં) આયતુલ્લાહ બુરૂજર્દી અને આયતુલ્લાહ કોહકમ્રેઈ સાહેબના દર્સમાં હાજરી આપી. હિ.સ.૧૩૭૧માં તેઓ નજફ ગયા અને ત્યાં સૈયદ મોહસિન અલ હકીમ, શૈખ હુસૈન અલ હિલ્લી અને સૈયદ અબુલ કાસિમ ખૂઈના દર્સે ખારીજમાં હાજરી આપી. તેઓને હિ.સ.૧૩૮૦માં સૈયદ અબુલ કાસિમ ખૂઈ અને શેખ અલ-હિલ્લીએ ઈજતિહાદના ઈજાઝહ આપ્યા.

આયતુલ્લાહ સિસ્તાની સાહેબે હિ.સ.૧૩૮૧માં ફીકહના વિષયમાં, અલ મકાસિબ અને અલ ઉરવતુલ વુસ્કા ઉપર દર્સે ખારિજ આપવાનું શરૂ કર્યુ. હિ.સ.૧૩૮૪માં તેઓએ ઉસૂલે ફીકહમાં દર્સે ખારિજ આપવાનું શરૂ કર્યુ અને હિ.સ.૧૪૧૧માં તેઓએ ત્રીજો તબક્કો પૂર્ણ કર્યો.

આયતુલ્લાહ સિસ્તાની સાહેબની સાદગી અને પરહેઝગારી તેઓના નજફ ખાતેના ભાડાના મકાનમાં નિવાસથી સ્પષ્ટ થાય છે. હાલમાં દુનિયાભરમાં અનેક મુસલમાનો ખાસ કરીને શિયાઓ તેમના ફતવા મુજબ અમલ કરીને તેઓની તકલીદ કરી રહ્યા છે.

બારગાહે ઈલાહીમાં દુઆ ગુજારીએ છીએ કે : પરવરદિગારે આલમ અમારી ઉપર તેમનો છાંયો કાયમ રાખે. (આમીન)

# કેટલાક અઘરા ફીકહી શબ્દોની સમજણ

**એહતિયાત** : અમલની એ રીત જેનાથી હકીકત પ્રમાણે અમલ કર્યાનું યકીન આવી જાય.

**એહતિયાતે લાઝિમ** : એહતિયાતે વાજિબની બરાબર.

**એહતિયાતે મુસ્તહબ** : ફતવા ઉપર એહતિયાત છે એટલે તેના પર ધ્યાન દેવું જરૂરી નથી, પણ સવાબનું કાર્ય છે.

**એહતિયાતે વાજિબ** : એ હુકમ જે એહતિયાત પ્રમાણે હોય, આવા મસઅલામાં મુકલ્લિદ (અનુયાયી) એવા મુજતહિદના ફતવા પ્રમાણે અમલ કરી શકશે જે અ'અલમની પછી ઈલ્મમાં વધારે હોય.

**એહતિયાતે તજવી ન જોઈએ (એહતિયાતનું ધ્યાન રાખવું)** : જે મસઅલામાં આવો શબ્દ આવે, જો તેમાં મુજતહિદે ફતવો આપ્યો ન હોય તેનો ભાવાર્થ એહતિયાતે વાજિબ થશે, અને જો મુજતહિદનો ફતવો પણ મોજૂદ હોય તો તેનાથી એહતિયાત પર ભાર મૂકવાનો આશય છે.

**અહવત** : એહતિયાત પ્રમાણે છે જેને અંજામ આપવું સવાબનું કાર્ય છે.

**ઈશ્કાલ છે** : આ અમલના કારણે શરઈ જવાબદારી ખતમ નહિ થાય. તેના ઉપર અમલ ન કરવો જોઈએ. આ મસઅલામાં કોઈ બીજા મુજતહિદની તરફ રજૂ થઈ

શકાય છે, એ શરતે કે તેની સાથે ફતવો ન હોય.

**અઝહર** : (વધારે સ્પષ્ટ) મસઅલા સંબંધી દલીલોથી વધારે નજદીક અને દલીલો સાથે મળતું આવવાના કારણે વધારે સ્પષ્ટ હોય છે (મુજતહિદનો ફતવો હોય છે.)

**ઈફઝાઅ** : ઉઘડવું. પેશાબ અને હૈઝની જગ્યાનું એક થઈ જવું. અથવા હૈઝ અને પાયખાનાની જગ્યાનું એક થઈ જવું. અથવા ત્રણેય જગ્યાઓનું એક થઈ જવું.

**અકવા** : મજબૂત દલીલોને આધારે આપેલ ફતવો, આ મસઅલામાં મુકલ્લિદે (અનુયાયીને) આ મુજબ અમલ કરવો જોઈએ.

**અવલા** : વધારે સારૂં, વધારે યોગ્ય. આ કાર્યને અંજામ આપવું સવાબનું કાર્ય છે.

**ઈકાઅ** : એ મામલો જે એક તરફી થઈ જાય છે, અને તેને કબૂલ કરવાવાળાની જરૂરત નથી. જેમ કે તલ્લાક જેમાં માત્ર તલ્લાક આપવી કાફી છે, કબૂલ કરવાની જરૂરત નથી.

**બઈદ છે** : ફતવો આ પ્રમાણે નથી.

**જાહિલે કાસિર** : મસઅલો ન જાણનાર એવો શખ્સ (જે કોઈ યોગ્ય કારણસર) મસઅલાના હુકમ સુધી પહોંચ ન ધરાવતો હોય.

**જાહિલે મોકસ્સિર** : મસઅલો ન જાણનાર એવો શખ્સ જે મસઅલો ન જાણવા બાબતે કસૂરવાર હોય.

**હાકિમે શરઅ** : તે જામેઉશ્શરાઈત મુજતહિદ જેનો

હુકમ શરીઅતના કાનૂનોની બુનિયાદ પર અમલમાં હોય.

**હદસે અસગર** : દરેક એ વસ્તુ જેના કારણે નમાઝના માટે વઝુ કરવું પડે, આ સાત વસ્તુઓ છેઃ

(૧) પેશાબ, (૨) પાયખાના, (૩) પાયખાનાના રસ્તે હવા છૂટવી, (૪) નીંદ (ઊંઘ),

(૫) બુદ્ધિ નષ્ટ કરનારી વસ્તુ (નશો અથવા બે શુધ્ધી), (૬) ઈસ્તેહાઝા,

(૭) એ વસ્તુઓ જેના લીધે ગુસ્લ વાજિબ થાય છે.

**હદસે અકબર** : એ વસ્તુઓ જેના કારણે નમાઝ પઢવા માટે ગુસ્લ કરવું પડે, જેમકે સ્વપ્નદોષ (વીર્યપાત), સમાગમ, મસે મૈયત, વિગેરે

**હદ્દે તરખ્ખુસ** : મુસાફરીની એ હદ જ્યાંથી અઝાનનો અવાજ ન સાંભળી શકાય અને વસ્તીની દિવાલો દેખાવી બંધ થાય.

**હરામ** : દરેક એ અમલ જેને તજી દેવો (તર્ક કરવો) શરીઅતી દ્રષ્ટિએ જરૂરી છે.

**દિરહમ** : ૧૨.૬ ચણા બરાબર ચાંદી (લગભગ ૨.૫૦ ગ્રામ)

**ઝિમ્મી કાફર** : યહૂદી, ઈસાઈ અને મજૂસી, જે ઈસ્લામી દેશમાં રહેતા હોય અને ઈસ્લામના સામાજિક કાયદાઓની પાબંદી કરવાના વાયદાના કારણે ઈસ્લામી હુકૂમત તેના જાન, માલ અને આબરૂનું રક્ષણ કરે.

**રજાએ મતલૂબીયત** : કોઈ અમલને ખુદા પસંદ કરશે એવી આશાએ અંજામ આપવો.

**રજૂઅ કરવું** : પાછું ફરવું. આ શબ્દનો ઉપયોગ બે જગ્યાએ થાય છે :

(૧) આલમ જે મસઅલામાં એહતિયાતે વાજિબનો હુકમ આપે એ મસઅલામાં કોઈ બીજા મુજતહિદની તકલીદ કરવી.

(૨) પત્નીને તલાકે રજઈ દેવા પછી ઈદ્દત દરમિયાન એવું કોઈ કામ કરવું અથવા એવી કોઈ વાત કહેવી જેનાથી એ વાતની ખબર પડે કે તેને બીજી વાર પત્ની બનાવી લીધી છે.

**શાખિસ** : ઝોહરનો સમય જાણવા માટે જમીનમાં ખોડવામાં આવેલી લાકડી.

**શારેઅ** : ખુદાવંદે આલમ, રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ

**તલાક** : આઝાદી – શરીઅતે બતાવેલ રીતથી નિકાહ તોડવા.

**તલાકે બાઈન** : એ તલાક જે પછી પતિને રજૂઅ કરવાનો હક નથી રહેતો. વિગત તલાકના પ્રકરણમાં જુઓ.

**તલાકે ખુલઅ** : એ સ્ત્રીની તલાક જે પતિને પસંદ ન કરતી હોય અને તલાક લેવા માટે પતિને પોતાની મહેર અથવા કંઈક માલ બક્ષે. વિગત તલાકના પ્રકરણમાં જુઓ.

**તલાકે રજઈ** : એ તલાક જેમાં પુરૂષ ઈદ્દત દરમિયાન

સ્ત્રીને ફરીથી પોતાની પત્ની બનાવી શકે છે. જેના એહકામ તલાકના પ્રકરણમાં બયાન કરવામાં આવ્યા છે.

**તલાકે મુબારાત** : એ તલાક જેમાં પતિ પત્ની બંને એકબીજાને ધિક્કારતા હોય અને સ્ત્રી તલાક માટે પતિને કંઇ માલ આપે.

**તવાફે નિસાઅ** : હજ અને ઉમરએ મુફરદાનો છેલ્લો તવાફ જેને ન બજાવી લાવવાથી હજ અથવા ઉમરએ મુફરદા કરવાવાળા પર સંભોગ હરામ રહે છે.

**ઝાહિર આ છે** : ફતવો આ છે. (એ સિવાય કે લખાણમાં તેની વિરૂધ્ધ કાંઇ ઈશારો મોજૂદ હોય.)

**ઝોહરે શરઇ** : અર્થાત અડધો દિવસ વિતી જવો. ઉદાહરણ : જો દિવસ બાર કલાકનો હોય તો સૂર્યોદય પછી છ કલાક વીતવા અને જો દિવસ તેર કલાકનો હોય તો સાડા છ કલાક વીતવા અને જો દિવસ અગિયાર કલાકનો હોય તો સાડા પાંચ કલાક વીતવા, શરઇ ઝોહરનો સમય છે, અને શરઇ ઝોહરનો સમય જે સૂર્યોદય પછી અડધો દિવસ વીતવા પછીથી સૂર્યાસ્ત સુધીનો છે.

**અદાલત** : એ રૂહાની શક્તિ જે પરહેઝગારીના કારણે ઈન્સાનમાં પેદા થાય છે, જેના કારણે તે વાજિબ કામો અંજામ આપે છે અને હરામ કામો તજી દે છે.

**અકદ** : કરાર, નિકાહ.

**ફતવા** : શરઇ મસાઈલમાં મુજતહીદનો મત.

**કુરઆનના વાજિબ સજદા** : કુરઆનમાં પંદર આયતો એવી છે જેને પઢવા કે સાંભળવા પછી ખુદાવંદે આલમની અઝમત સામે સજદો કરવો જોઈએ. તેમાંથી ચાર સ્થળોએ સજદો વાજિબ અને અગિયાર સ્થળોએ મુસ્તહબ છે.

**કુરઆનના મુસ્તહબ સજદા** :

(૧) પારો ૯, સૂરએ અઅરાફ, છેલ્લી આયત. (૨) પારો ૧૩, સૂરએ રઅદ, ૧૫મી આયત. (૩) પારો ૧૪, સૂરએ નહલ, ૪૯મી આયત. (૪) પારો ૧૫, સૂરએ બની ઈસરાઈલ, ૧૦૭મી આયત. (૫) પારો ૧૬, સૂરએ મરિયમ, ૫૮મી આયત. (૬) પારો ૧૭, સૂરએ હજ, ૧૮મી આયત, (૭) પારો ૧૭, સૂરએ હજ, ૭૭મી આયત. (૮) પારો ૧૯, સૂરએ ફુરકાન, ૬૦મી આયત. (૯) પારો ૧૯, સૂરએ નમ્લ, ૨૬મી આયત. (૧૦) પારો ૨૩, સૂરએ સ્વાદ, ૨૪મી આયત. (૧૧) પારો ૩૦, સૂરએ ઈન્શેકાક, ૨૧મી આયત.

**કુરઆનના વાજિબ સજદા** :

(૧) પારો ૨૧, સૂરએ અલીફ લામ મીમ તન્ઝીલ, (સૂરએ સજદહ) ૧૫મી આયત. (૨) પારો ૨૪, સૂરએ હા મીમ તન્ઝીલ (સૂરએ ફુસ્સેલત), ૩૭મી આયત. (૩) પારો ૨૭, સૂરએ નજમ, છેલ્લી આયત. (૪) પારો ૩૦, સૂરએ અલક, છેલ્લી આયત.

**કસદે ઈન્શાઅ** : વેપાર (લે-વેચ) અને તેના જેવી કોઈ વસ્તુને લગતા શબ્દો વડે અસ્તિત્વમાં લાવવાનો ઈરાદો.

**કસદે કુરબત** : (કુરબતની નિય્યત) અલ્લાહ તઆલાની મરજીની નિકટ થવાનો ઈરાદો.

**કુવ્વતથી ખાલી નથી** : આ ફત્વો છે. (એ સિવાય કે લખાણમાં તેની વિરૂધ્ધ કોઈ ઈશારો મોજૂદ હોય.)

**કફ્ફારએ જમ્અ** : (સંયુક્ત કફ્ફારો) ત્રણેય કફ્ફારા સાથે આપવા: (૧) સાંઈઠ રોઝા રાખવા. (૨) સાંઈઠ ફકીરોને પેટ ભરીને ખાવાનું ખવડાવવું. (૩) એક ગુલામ આઝાદ કરવો.

**લાઝિમ** : વાજિબ. અગર મુજતહિદ કોઈ કામના વાજિબ અને લાઝિમ હોવાનું નિરૂપણ આયતો અથવા રિવાયતોથી એવી રીતે કરે છે કે તેને શારેઅની સાથે સંબંધિત કરવું શક્ય હોય તો તેનો ઉલ્લેખ વાજિબ શબ્દથી કરાય છે અને જો તેના વાજિબ કે લાઝિમ હોવાનું કોઈ બીજી રીતે દાખલા તરીકે અકલી દલીલોથી સમજ્યા હોય એવી રીતે કે તેને શારેઅ સાથે સંબંધિત ન કરી શકાય તો તેને લાઝિમ શબ્દથી ઓળખવામાં આવે છે. એહતિયાતે વાજિબ અને એહતિયાતે લાઝિમમાં પણ આ ફકરાને ધ્યાનમાં રાખવામાં આવે છે. ગમે તેમ મુકલ્લિદ (અનુયાયી) માટે અમલ કરવામાં વાજિબ અને લાઝિમ વચ્ચે કંઈપણ ફરક નથી.

**મુબાહ** : એ અમલ જે શરીઅતની નજરમાં ન તો વખાણવા યોગ્ય હોય કે ન વખોડવા જેવો હોય. (આ

શબ્દ વાજિબ, હરામ, મુસ્તહબ અને મકરૂહની વિપરીત છે.)

**નજીસ** : દરેક એ વસ્તુ જે ખુદ તો પાક હોય પણ કોઇ નજીસ ચીજ સાથે સીધી કે આડકતરી રીતે સંપર્કમાં આવવાથી નજીસ થઈ ગઈ હોય.

**મજહુલુલ માલિક** : એ માલ જેના માલિકની ખબર ન હોય.

**મહેરમ** : એવા નિકટના સગાઓ જેની સાથે કદી નિકાહ નથી થઈ શકતા.

**મહલ્લે ઈશ્કાલ છે** : આમાં ઈશ્કાલ છે. આ અમલ સહીહ થવો અથવા પૂરો થવો મુશ્કિલ છે. (મુકલ્લિદ આ મસઅલામાં બીજા કોઈ મુજતહીદ તરફ રજૂઅ કરી શકે છે, જો તેની સાથે ફતવો ન હોય.)

**મોહરિમ** : જે શખ્સ હજ અથવા ઉમરાના એહરામમાં હોય.

**મહલ્લે તઅમ્મુલ** : એહતિયાત કરવી જોઈએ. મુકલ્લિદ આ મસઅલામાં બીજા મુજતહિદ તરફ રજૂઅ કરી શકે છે, જો તેની સાથે ફતવો ન હોય તો.

**મુસલ્લમાતે દીન** : તે આવશ્યક બાબતો જે દીને ઈસ્લામના અવિભાજ્ય અંગો છે, અને જેને બધા મુસલમાન દીનના જરૂરી અંગો સમજે છે, જેમકે નમાઝ રોઝાનું ફરજ અને વાજિબ હોવું. આ કાર્યોને ''દીનની જરૂરીયાતો'' અને ''દીનના અંગો'' પણ કહે છે. કેમકે આ એ કાર્યો છે જેને સ્વીકારવું ઈસ્લામના વર્તુળમાં રહેવા

માટે અત્યંત જરૂરી છે.

**મુસ્તહબ** : ઈચ્છવા યોગ્ય. જે વસ્તુ શારએ મુકદ્દસ (અલ્લાહ)ને પસંદ હોય પણ તેને વાજિબ નથી રાખ્યું. દરેક એ કાર્ય જે કરવામાં સવાબ હોય પણ છોડવામાં ગુનાહ ન હોય.

**મકરૂહ** : અનિચ્છનીય, તે કામ જેને કરવું હરામ ન હોય પણ ન કરવું સારૂં છે.

**નિસાબ** : નક્કી માપ અથવા નક્કી મર્યાદા.

**વાજિબ** : દરેક એ કાર્ય જેને બજાવી લાવવું શરીઅત મુજબ ફરજ હોય.

**વાજિબે તખ્યીરી** : એવું વાજિબ જેનું વાજિબ થવુ, અમુક કાર્યોમાંથી પસંદગી કરવા ઉપર આધારિત હોય તો એ બે માંના દરેકને વાજિબે તખ્યીરી કહે છે, જેમકે રોઝાના કફ્ફારામાં ત્રણ વસ્તુઓ વચ્ચે ઈખ્તીયાર હોય છે. (૧) ગુલામ આઝાદ કરવો. (૨) સાંઈઠ રોઝા રાખવા. (૩) સાંઈઠ ફકીરોને ખાવાનું ખવરાવવું.

**વાજિબે અયની** : જે દરેક શરઈ રીતે જવાબદાર વ્યક્તિ ઉપર વાજિબ હોય, જેમકે નમાઝ, રોઝા.

**વાજિબે કિફાઈ** : એવું વાજિબ જેને અમુક લોકોના અંજામ દઈ દેવાથી બાકી લોકો પરથી ઉતરી (સાકિત થઈ) જશે. જેમકે મૈયતને ગુસ્લ આપવું બધા પર વાજિબ છે, પણ જો થોડા લોકો એને અંજામ આપી દૃયે તો બાકી લોકો પરથી સાકિત થઈ જશે.

**વકફ** : મૂળ માલને અંગત (ઝાતી) મિલકતમાંથી કાઢી તેનો ફાયદો ખાસ લોકો અથવા નેક કામો સાથે ખાસ કરી દેવો.

**વલી** : વાલી, દાખલા તરીકે બાપ, પતિ અથવા હાકિમે શરઅ.

**શરઈ માપદંડના એકમો** :

(૧) ૫ નખૂદ (ચણા ભાર) એટલે ૧ ગ્રામ

(૨) ૧૨.૬ નખૂદ એટલે લગભગ ૨.૫૦ ગ્રામ

(૩) ૧૮ નખૂદ (અથવા એક મિસ્કાલ શરઈ) એટલે લગભગ ૩.૫૦ ગ્રામ

(૪) ૧ દિનાર (અથવા એક મિસ્કાલ શરઈ) એટલે લગભગ ૩.૫૦ ગ્રામ

(૫) ૧ મિસ્કાલ શૈરાફી (૨૪ નખૂદ) એટલે લગભગ ૫.૦૦ ગ્રામ

(૬) ૧ મુદ એટલે લગભગ ૭૫૦ ગ્રામ

(૭) ૧ સાઅ એટલે લગભગ ૩.૦૦ કિલો ગ્રામ

(૮) કુર (પાણી) એટલે લગભગ ૩૮૪ લીટર

# તકલીદ

## તકલીદના અહેકામ

**મસઅલો ૧** : દરેક મુસલમાન માટે જરૂરી છે કે ઉસૂલેદીન સંબંધી પોતાના અકીદાને પોતાની બુધ્ધિ અને પારખશક્તિથી સમજીને માન્ય રાખે; કારણ કે ઉસૂલે દીન બારામાં એ તકલીદ કરી શકતો નથી, એટલે કે માત્ર જાણકારોના કથન ઉપર આધાર રાખી માની લેવું પુરતું નથી.

પરંતુ જો એક વ્યક્તિ ઈસ્લામના સત્ય અકીદા ઉપર યકીન ધરાવતો હોય (એ પૂરી સમજણને પરિણામે ન હોય,) તો પણ તે મુસલમાન અને મોઅમિન ગણાશે, અને તેના ઉપર ઈસ્લામના તમામ હુકમો લાગુ પડશે.

દીનના જેટલા નિશ્ચિત, નિર્વિવાદ અને ચોક્કસ એહકામ છે, એ સિવાય બાકીના દીની એહકામ માટે યા તો મુજતહિદ હોવું જરૂરી છે, યા તો મુજતહિદની તકલીદ કરવી જોઈએ, યા તો સાવચેતીથી એવી રીતે અમલ બજાવી લાવવા જોઈએ કે જેથી ખાતરી થાય કે તે પોતાની શરઈ જવાબદારી અદા કરી શકયો છે.

જેમકે, અગર અમુક મુજતહિદો એક અમલને હરામ ગણાવતા હોય અને બીજા અમુક મુજતહિદો એને હરામ ન ગણતા હોય, તો સાવચેતીપૂર્વક અમલ કરનારે એ અમલથી પરહેઝ કરવો જોઈએ. એવી જ રીતે અગર અમુક મુજતહિદો કોઈ અમલને મુસ્તહબ ગણે, જયારે બીજા અમુક

મુજતહિદો એને વાજિબ ગણાવતા હોય ત્યારે સાવચેતીપૂર્વક અમલ કરનારે એ અમલ બજાવી લાવવો જોઈએ.

માટે જે લોકો પોતે મુજતહિદ નથી, અને સાવચેતીપૂર્વક અમલ કરી શકતા નથી, તેઓ ઉપર વાજિબ છે કે તેઓ મુજતહિદની તકલીદ કરે.

**મસઅલો ૨** : દીની એહકામમાં મુજતહિદની તકલીદ કરવાનો અર્થ એ છે કે તેના હુકમ પ્રમાણે અમલ કરવો.

જરૂરી છે કે જે મુજતહિદની તકલીદ કરવામાં આવે તે પુરૂષ હોય ઉપરાંત બાલિગ, આકિલ, શિયા ઈસ્નાઅશરી, હલાલઝાદો અને જીવંત તથા આદિલ પણ હોય.

આદિલ એ વ્યક્તિને કહેવામાં આવે છે કે જે પોતાના ઉપર વાજિબ હોય એવા બધા કાર્યોને બજાવી લાવતો હોય અને જે હરામ કાર્યો હોય તેનાથી બચતો હોય: અને તેની નિશાની તેમજ ઓળખ એ છે કે તે જાહેરમાં એક સારી વ્યક્તિ હોય, અગર તેના મોહલ્લાના લોકોને, પાડોશીઓને યા જેની સાથે તે વસતો હોય, તેના બારામાં પૂછવામાં આવે, તો તેના સારા વ્યક્તિત્વને સમર્થન આપે.

જયારે ખબર પડે કે રોજીંદા મસાઈલમાં મુજતહિદોના ફતવામાં ફર્ક છે, પરંતુ અગર એ જાણ વિગતવાર ન હોય, તો જરૂરી છે કે ઈન્સાન એવા મુજતહિદની તકલીદ કરે કે જે આ'અલમ હોય. આ'અલમથી મુરાદ એ મુજતહિદ છે કે જે સમકાલીન (તે ઝમાનાના) મુજતહિદોમાં સૌથી વધારે ઈલ્મ ધરાવતો હોય

અને ખુદાના હુકમને સમજવામાં વધુ શક્તિશાળી હોય.

**મસઅલો ૩** : મુજતહિદ અને આ'અલમને ત્રણ રીતે પારખી શકાય :

(૧) પોતે ઈન્સાન યકીન હાસિલ કરે, જેમકે પોતે એટલું ઈલ્મ ધરાવતો હોય કે મુજતહિદ અને આ'અલમને પારખી શકે.

(૨) બે આલિમ આદિલો કે જેઓ મુજતહિદની પરખ કરી શકતા હોય, તેઓ સાક્ષી આપે કે ફલાણો મુજતહિદ અને આ'અલમ છે ; પણ તેમાં શરત એ છે કે તેની વિરૂધ્ધમાં બીજા બે આલિમ આદિલોએ ગવાહી આપી ન હોય ; અને જાહેર એ છે કે એક વિશ્વાસપાત્ર આલિમ આદિલની ગવાહીથી પણ મુજતહિદ કે આ'અલમ સાબિત થઈ શકશે.

(૩) અક્કલમંદીથી મુજતહિદ અથવા આ'અલમ હોવાનું ઈત્મીનાન થાય જેમકે અમુક ગણનાપાત્ર આલિમો કે જેઓ મુજતહિદ અને આ'અલમની પરખ કરી શકતા હોય, તેઓ કોઈને મુજતહિદ અને આ'અલમ તરીકે સ્વીકારે; અને તેમના કથનથી ઈત્મીનાન હાસિલ થઈ જાય.

**મસઅલો ૪** : મુજતહિદના ફતવાની જાણકારી ચાર રીતે પ્રાપ્ત થઈ શકે.

(૧) પોતે મુજતહિદના મોઢે સાંભળીને, (૨) બે આદિલો પાસેથી મુજતહિદનો ફતવો જાણીને,

(૩) એવા શખ્સ પાસેથી સાંભળીને કે જે વિશ્વાસપાત્ર હોય

અને તેના કહેવાથી ઈત્મીનાન હાંસિલ થાય,

(૪) મુજતહિદની કિતાબ (તવઝીહુલ મસાઈલ) ઉપરથી, પણ તે એ શરતે કે એ કિતાબના પ્રમાણિત હોવાનું યકીન હોય.

**મસઅલો ૫** : જયાં સુધી ઈન્સાનને યકીન ન થયું હોય કે મુજતહિદનો ફતવો બદલ્યો છે, ત્યાં સુધી મુજતહિદની કિતાબમાં જે રીતે લખેલું હોય તે મુજબ અમલ કરી શકે છે; અને અગર એને એવો ભાસ થાય કે ફતવો બદલ્યો હશે, તો તે માટે તપાસ કરવી જરૂરી નથી

**મસઅલો ૬** : અગર મુજતહિદે આ'અલમ કોઈ મસઅલા વિશે ફતવો આપે, તો તેની તકલીદ કરનાર એ મસઅલામાં કોઈ બીજા મુજતહિદના ફતવા પ્રમાણે અમલ નહી કરી શકે, પરંતુ અગર એ મુજતહિદે ફતવો ન આપ્યો હોય, અને ફરમાવે કે ફલાણી રીતે અમલ કરવું એહતિયાત છે, તો તકલીદ કરનાર માટે બે વિકલ્પ છે : (૧) મુજતહિદે જણાવેલ એહતિયાત, કે જે એહતિયાતે વાજિબ છે, તે પ્રમાણે જ અમલ કરે (૨) અથવા તો બીજા એવા મુજતહિદના સ્પષ્ટ ફતવા મુજબ વર્તે કે જે મુજતહિદની તકલીદ કરવી જાઈઝ હોય.

દાખલા તરીકે અગર મુજતહિદે આ'અલમ ફરમાવે કે નમાઝની પહેલી અને બીજી રકાતમાં સૂરએ હમ્દ પઢયા પછી એહતિયાત છે કે બીજો એક પૂરો સૂરો પઢવામાં આવે: અને બીજા મુજતહિદે કે જેની તકલીદ કરવી જાઈઝ હોય, તે એવો સ્પષ્ટ ફતવો આપે કે નમાઝની પહેલી અને

બીજી રકાતમાં સૂરએ હમ્દ કાફી છે, તો તકલીદ કરનાર યા તો પોતાના મુજતહિદના એહતિયાતે વાજિબ ઉપર અમલ કરીને બંને સૂરાઓ પઢશે, અથવા તો બીજા મુજતહિદ તરફ રજૂઅ કરી ફકત સૂરએ હમ્દ પઢશે, એવી જ રીતે જયારે મુજતહિદે આ'અલમ ફરમાવે કે આ મસઅલામાં ઈશ્કાલ છે અથવા મહલ્લે તઅમ્મુલ (અનિશ્ચિતતા છે), ત્યારે ઉપર જણાવેલ કાયદો લાગુ પડશે.

**મસઅલો ૭ :** અગર મુજતહિદ આ'અલમના કોઈ મસઅલા બાબતે ફતવો આપ્યા પછી અથવા તે પહેલા એહતિયાતનો ઝિક્ર કરે જેમકે કહે કે નજીસ વાસણ કૂર પાણીમાં એક વખત ધોવાથી પાક થઈ જાય છે, પરંતુ એહતિયાત છે કે ત્રણ વખત ધોવે તો મુકલ્લીદ આવા એહતિયાતને તર્ક કરી શકે છે. આ પ્રકારના એહતિયાતને એહતિયાતે મુસ્તહબ કહેવાય છે.

**મસઅલો ૮ :** ઈન્સાન જે મુજતહિદની તકલીદ કરતો હોય, તે જો ગુજરી જાય, તો તેનો હુકમ જીવતા મુજતહિદ જેવો જ છે, એટલે અગર એ વફાત પામેલા મુજતહિદ કરતાં આ'અલમ હોય, અને રોજીંદા મસાઈલમાં તેમના વચ્ચે તફાવતની (ભલે સંક્ષેપ્તમાં જ) ખબર હોય, તો એ વફાત પામેલા મુજતહિદની તકલીદ ઉપર બાકી રહેવું જરૂરી છે; અને અગર જીવતા મુજતહિદ આ'અલમ હોય તો તેમના તરફ રજૂઅ કરવું જરૂરી થશે. અગર બંને વચ્ચે અઅલમીયત પારખી ન શકે અથવા સરખા હોય તો તેઓમાંથી જેનું વધારે સાહેબે તકવા હોવાનું સાબિત

હોય. એટલે કે ફતવો આપવામાં વધુ એહતિયાત કરે તેની તકલીદ કરવી જોઈએ અને અગર તે પણ પારખી ન શકાય તો ઈખ્તીયાર છે કે બંનેમાંથી ગમે તેના પ્રમાણે અમલ કરે, પરંતુ જો કોઈના આ'અલમ હોવાની થોડીક શક્યતા હોય તો તેના ફતવા મુજબ અમલ કરવો જોઈએ અથવા જો કોઈ શરઈ જવાબદારી બાબતે સંક્ષેપ્ત દલીલ હોય (જેમકે ખબર હોય કે નમાઝ વાજિબ થઈ ગઈ છે એક મુજતહિદના ફતવા મુજબ કસ્ર પઢવાની હોય અને બીજા મુજતહિદના ફતવા મુજબ પૂરી પઢવાની હોય) ત્યારે બંને ફતવા ઉપર અમલ કરવો જરૂરી છે. આ મસઅલામાં તકલીદથી મુરાદ એ નક્કી કરેલ મુજતહિદના ફતવા ઉપર અમલ કરવો પોતાના માટે જરૂરી સમજે, નહિ કે તેમના હુકમ મુજબ અમલ કરવો. (જેમ કે કોઈ મુજતહિદની તકલીદ પોતાના માટે જરૂરી સમજે, પરંતુ તેના ફતવા ઉપર અમલ કરવા પહેલા તે (મુજતહિદનો) ઈન્તેકાલ કરી જાય તો પણ તેની તકલીદ કરેલ ગણાશે)

**મસઅલો ૯** : મુકલ્લફ માટે જરૂરી છે કે એ બધા મસાએલ શીખવા કે જે ન શીખવાના કારણે કોઈ વાજિબ કામ છૂટી જવા અથવા હરામ કામમાં ફસાઈ જવાની શક્યતા હોય.

**મસઅલો ૧૦** : અગર કોઈ શખ્સ સામે એવો મસઅલો પેશ આવે કે જેના હુકમની તેને જાણ ન હોય, તો વાજિબ છે કે એહતિયાતથી વર્તે, અથવા ઉપરોકત શરતોને નજર સામે રાખી તકલીદ કરે, પણ જો આ'અલમ મુજતહિદના

ફતવાની જાણકારી હાંસિલ ન થઈ શકતી હોય, તો એ મસઅલામાં ગૈર આ'અલમ મુજતહિદના ફતવા મુજબ અમલ કરવું જાઈઝ છે (ગૈર આ'અલમથી મુરાદ આ'અલમ પછી સર્વોચ્ચ આલિમ).

**મસઅલો ૧૧** : અગર કોઈ શખ્સ બીજા શખ્સને મુજતહિદના ફતવાની જાણ કરે, અને થોડાક સમય બાદ મુજતહિદે ફતવો બદલ્યો હોય, તો એ બીજા શખ્સને ફતવો બદલાયાની જાણ કરવી વાજિબ નથી, પણ અગર મુજતહિદના ફતવાની જાણ કરતી વખતે જ ભૂલ કરી હોય, જે ભૂલને કારણે એ બીજો શખ્સ પોતાની શરઈ ઝીમ્મેદારી અદા નહી કરી શકે, તો શક્ય રીતે એ ભૂલ સુધારવી એહતિયાતે લાઝિમની રૂએ જરૂરી છે.

**મસઅલો ૧૨** : અગર કોઈ શખ્સ એક મુદ્દત સુધી તકલીદ વિના અમલ બજાવી લાવે, અને પછી તકલીદ શરૂ કરે, અગર તેના આ'અમાલ

– સહીહ હતા અથવા જે મુજતહિદની અત્યારે તકલીદ કરી રહ્યો છે તેના ફતવા પ્રમાણે હતા તો સહીહ ગણાશે.

– મુજતહીદના ફતવા પ્રમાણે ન હતા પરંતુ તેમાં રહેલ ખામી માટે તે

(અ) જાહીલે કાસીર હોય અને અરકાનમાં કોઈ ભૂલ કરી ન હોય તો અમલ સહીહ ગણાશે.

અથવા

(બ) જાહીલે મુક્કસીર હોય તો અગર એવી વસ્તુમાં ભૂલ

હોય કે જેમાં જાણકારી ન હોવાના કારણે વાંધો ન હોય જેમ કે કિરઅતમાં જ્યાં ધીમેથી પઢવાની જરૂર હોય ત્યાં અવાજથી પડયું હોય અથવા એનાથી ઉલટો અમલ કર્યો હોય તો અમલ સહીહ ગણાશે.

– અગર તેના આમાલ સહીહ હતા કે નહિ તે બાબતે જાણતો ન હોય તો મીનહાજુસ્સાલેહીનમાં ઝિક્ર થયેલ અમુક હાલાત સિવાય બાકીના બધા આ'અમાલ સહીહ ગણવામાં આવશે.

# તહારતના એહકામ

## ચોખ્ખું અને મિશ્રણવાળું પાણી (મુત્લક અને મુઝાફ)

**મસઅલો ૧૩** : પાણી હંમેશા યા તો ચોખ્ખું હોય યા મિશ્રણવાળું હોઈ શકે. મિશ્રણવાળું પાણી એ છે કે જે કોઈ વસ્તુમાંથી રસ રૂપે ખેંચી લેવામાં આવે, જેમકે તરબૂચનો રસ અથવા ગુલાબનો અર્ક; અને યા તો તેમાં એવી રીતે ભેળસેળ કરવામાં આવે કે તેને ચોખ્ખું પાણી ન કહી શકાય; જેમકે માટી ધૂળ વગેરે મોટા પ્રમાણમાં ભેળવવામાં આવી હોય. એ સિવાય પાણી દરેક સ્વરૂપમાં મુત્લક ગણાશે.

**ચોખ્ખા (મુત્લક) પાણીના પાંચ પ્રકારો છે :**

(૧) કુર, (૨) કલીલ, (૩) જારી, (૪) વરસાદ અને (૫) કૂવાનું પાણી.

## (૧) કુર પાણી :

**મસઅલો ૧૪** : પાણી એક પાત્રમાં રાખવામાં આવે. જેનું ઘનફળ ૩૬ વેંત હોય. તે પાણીને કુર પાણી કહેવાશે. જે લગભગ ૩૮૪ લીટર છે. (એક વેંતની સામાન્ય લંબાઈ લગભગ ૨૨ સે.મી. થાય છે.)

**મસઅલો ૧૫** : અગર કોઈ નજીસુલ અયન, જેમકે પેશાબ, લોહી (ખૂન) અથવા નજીસ થયેલી ચીજ અથવા નજીસ કપડું કુર પાણીમાં પડે, અને જો એ પાણીમાં નજાસતનો રંગ, ગંધ કે સ્વાદ આવી જાય તો એ નજીસ ગણાશે, પરંતુ તેમાં એવા ફેરફાર ન જણાય તો એ નજીસ નહિ ગણાય.

**મસઅલો ૧૬** : કુર પાણીના રંગ, ગંધ કે સ્વાદમાં નજાસત સિવાય બીજા કોઈ કારણસર ફેરફાર જણાય તો પાણી નજીસ નહી થાય.

**મસઅલો ૧૭** : અગર કોઈ નજીસુલ અય્ન, જેમકે લોહી, કુરથી વિશેષ પાણીમાં ભળી જાય, અને તેમાંથી અમુક ભાગના પાણીનો રંગ, ગંધ કે સ્વાદ બદલાઈ જાય, જો બાકી રહી ગયેલો ભાગ કુરથી ઓછો હોય, તો તમામ પાણી નજીસ થયેલું ગણાશે, પણ જો બાકી રહી ગયેલો ભાગ કુર જેટલો યા એથી વધારે હોય, તો પાણીનો માત્ર એ જ ભાગ નજીસ ગણાશે, જેમાં નજાસતનો રંગ, ગંધ કે સ્વાદ આવી ગયો હોય.

**મસઅલો ૧૮** : ફુવારાનું પાણી અગર કુર પાણી સાથે જોડાયેલું હોય, તો એ નજીસ પાણીને પાક કરશે, અગર

એ નજીસ પાણી ઉપર ટીપે ટીપે પડે તો પાક નહી કરે, સિવાય કે કોઈ એવી ચીજ તેના ઉપર મૂકવામાં આવે કે જેના પરિણામે ટીપે ટીપે પડવાને બદલે એ પાણી ધારરૂપે નજીસ પાણીના સંપર્કમાં આવે અને એ જરૂરી છે કે ફુવારાનું પાણી નજીસ પાણી સાથે બિલકુલ ભળી જાય.

**મસઅલો ૧૯** : નળમાંથી નીકળતું પાણી અગર કુર પાણી સાથે જોડાયેલું હોય, અને તેની નીચે કોઈ નજીસ વસ્તુ ધોવામાં આવે, તો એ વસ્તુને અડીને વહેતું પાણી નીચે જણાવેલ શરતે પાક ગણાશે :

(૧) એ પાણી કુર પાણી સાથે જોડાયેલુ હોય.

(૨) એ પાણીમાં નજાસતનો રંગ, ગંધ કે સ્વાદ ન આવી ગયો હોય.

(૩) એ પાણીમાં કંઈ નજીસુલ અય્ન પણ ન હોવું જોઈએ.

**મસઅલો ૨૦** : અગર કુર પાણીનો અમુક ભાગ જામીને બરફ થઈ જાય, અને બાકી રહી ગયેલો ભાગ કુર જેટલો ન હોય, તેમાં અગર નજાસત પડે તો એ નજીસ થઈ જશે અને બરફનો જેટલો ભાગ ઓગળતો રહેશે એ પણ નજીસ થતો રહેશે.

**મસઅલો ૨૧** : જે પાણી કુર હોય, પણ ઈન્સાન શંકા કરે કે કદાચ કુરથી ઓછું થઈ ગયું હશે, તો એ શંકાને સ્થાન નથી અને એ પાણી કુર ગણાશે, એટલે કે નજાસતને પાક કરશે અને નજાસત સાથે સંપર્કમાં આવતા નજીસ નહિ થાય.

પણ અગર પાણી પહેલા કુરથી ઓછું હતું, અને

ઈન્સાન ગુમાન કરે કે કદાચ કુર થઈ ગયું હશે, તો એ પાણી કુરથી ઓછું ગણાશે.

**મસઅલો ૨૨** : પાણીનું કુર હોવું બે રીતે સાબિત થઈ શકે : (૧) ઈન્સાનને યકીન હોય અથવા ઈત્મીનાન હોય કે પાણીનું પ્રમાણ કુર જેટલું છે, (૨) બે આદિલ પુરૂષો ગવાહી આપે. અલબત્ત જો એક ભરોસાપાત્ર આદિલ કે જેનાં ઈખ્તિયારમાં પાણી હોય તે કહે કે કુર છે પણ ઈત્મેનાન ન થાય તો કુર ગણવામાં ઈશ્કાલ છે.

**(૨) કુર કરતા ઓછુ પાણી (આબે કલીલ)** :

**મસઅલો ૨૩** : કલીલ પાણી એને કહેવાય છે કે જે જમીનમાંથી ફુટીને નીકળતું ન હોય, અને પ્રમાણમાં કુરથી ઓછું હોય.

**મસઅલો ૨૪** : જયારે કલીલ પાણી કોઈ નજીસ વસ્તુ પર પડે અથવા કોઈ નજીસ વસ્તુ સાથે સંપર્કમાં આવે ત્યારે એ પાણી નજીસ થશે, પણ અગર એ કલીલ પાણી કોઈ નજીસ વસ્તુ પર દબાણ સાથે જોરથી પડે, તો માત્ર એટલું જ પાણી નજીસ થશે, જે નજીસ વસ્તુના સંપર્કમાં આવ્યું હોય, બાકીનું પાણી પાક ગણાશે.

**મસઅલો ૨૫** : જે કલીલ પાણી નજીસ વસ્તુ ઉપર તેમાં રહેલા નજીસુલ અય્ન પદાર્થને દૂર કરવા માટે રેડવામાં આવે, અને નજાસતથી જુદું થઈ જાય, તે પાણી અગર તે ચીઝો ઉપર પડી રહ્યું હોય કે જે એક વખત ધોવાથી પાક નથી થતી. તો તે પાણી નજીસ છે અને તે જ પ્રમાણે તે કલીલ પાણી કે જે અય્ને નજાસતના અલગ થઈ ગયા

પછી નજીસ ચીઝને પાક કરવા માટે તેની ઉપર નાખવામાં આવે તો તેનાથી અલગ થઈ ગયા પછી (એહતિયાતે લાઝિમની રૂએ) નજીસ છે.

**મસઅલો ૨૬** : કલીલ પાણી કે જે પેશાબ અથવા પાયખાનાની જગ્યાને ધોવા માટે ઉપયોગમાં લેવાય, તેનું ધોવાણવાળું પાણી કોઈ વસ્તુને લાગી જાય તો એ વસ્તુ નજીસ નહિ થાય, પણ તે માટે પાંચ શરતો છે :

(૧) એ ધોવાણવાળા પાણીમાં નજાસતનો રંગ, ગંધ કે સ્વાદ ન હોય.

(૨) બહારથી કોઈ નજાસત તેમાં ભળી ન ગઈ હોય.

(૩) પેશાબ કે પાયખાના સાથે બીજી કોઈ નજાસત, જેમકે લોહી વગેરે બહાર ન આવી હોય.

(૪) પાણીમાં પાયખાનાનો કોઈ ભાગ કે કણ ન દેખાતો હોય.

(૫) પેશાબ કે પાયખાનાની જગ્યાની આજુબાજુ અસામાન્ય રીતે નજાસત ફેલાઈ ન ગઈ હોય.

## (૩) જારી – વહેતું પાણી :

જારી એ પાણીને કહેવાય

૧) જેનું ઊદ્ભવ સ્થાન કુદરતી હોવું જોઈએ

૨) જે વહેતુ હોય ભલે પછી એ કૃત્રિમ રીતે જ વહેવડાવામાં આવે

૩) સતત વહેતુ રહેતું હોય પણ જરૂરી નથી કે તે કુદરતી ઝખીરા સાથે સતત જોડાયેલું રહે માટે જો તે પાણી

કુદરતી ઝખીરાથી થોડું અલગ પડી જાય જેમ કે ઊપરથી ટીપા ટીપા પડીને જમીન ઉપર વહે તો તે પાણી જારી જ કહેવાશે. પણ અગર કોઈ ચીઝ કુદરતી ઝખીરા અને (વહેતા) પાણી વચ્ચે રૂકાવટ બની જાય જેમ કે પાણીનું પડવું પાણીના નીકળવા માટે રૂકાવટ બને અને કુદરતી રીતે ઝખીરાથી બિલકુલ અલગ પાડી દે તો જે પાણી બચશે તે જારી નહિ કહેવાય, ભલે પછી તે વહેતું કેમ ન હોય.

**મસઅલો ૨૭** : જારી પાણી ભલે પછી પ્રમાણમાં કુરથી ઓછું હોય, તો પણ નજાસતને કારણે તેનો રંગ, ગંધ કે સ્વાદ ન બદલાય ત્યાં સુધી તે કોઈ પણ નજીસ વસ્તુના સંપર્કમાં આવતા નજીસ નહિ થાય.

**મસઅલો ૨૮** : અગર વહેતા પાણીમાં નજાસત પહોંચે, તો જેટલા ભાગમાં એ નજાસતને લીધે રંગ, ગંધ કે સ્વાદમાં ફેરફાર જણાય, તેટલો જ ભાગ નજીસ ગણાશે; અને એ ભાગ કે જેનો સંબંધ ઝરણા સાથે છે તે કુરથી ઓછો હોવા છતાંય પાક ગણાશે.

નદી કે નહેરની બીજી બાજુએ જે પાણી હોય, તે અગર કુર જેટલું હોય અથવા જે પાણીનો રંગ, ગંધ કે સ્વાદ નજાસતને કારણે ન બદલાયું હોય તેવા પાણી થકી ઝરણા સાથે જોડાયેલું હોય, તો એ બાજુનું પાણી પાક ગણાશે, નહિતર નજીસ છે.

**મસઅલો ૨૯** : ઝરણાનું પાણી અગર વહેતું ન હોય, પણ તેમાંથી જો પાણી ઓછું કરવામાં આવે, તો તેની

જગ્યાએ પાછું નવું પાણી ફુટી નીકળે, તો એ જારી પાણીના હુકમમાં નહિ ગણાય. મતલબ કે અગર એ પાણી કુરથી ઓછું હોય, અને તેમાં નજાસત પડે તો એ પાણી નજીસ થશે.

**મસઅલો ૩૦** : નદી કે નહેરને કાંઠે જે સ્થિર પાણી હોય, તે વહેતા પાણી સાથે તેનું જોડાણ હોવા છતાં જારી પાણીનો હુકમ ધરાવશે નહિ.

**મસઅલો ૩૧** : જે ઝરણાનું પાણી દાખલા તરીકે શિયાળામાં ઊછળીને ફુટી નીકળતું હોય અને ઉનાળામાં શમી જતું હોય, તે ફક્ત ઊછળીને ફુટી નીકળતું હોય ત્યારે જ જારી પાણી ગણાશે.

**મસઅલો ૩૨** : હમ્મામના નાનકડા હોઝમાં અગર કુરથી ઓછું પાણી હોય, પણ તેનું જોડાણ એક એવી ટાંકી સાથે હોય કે જેનું પાણી હોઝના પાણી સાથે મળીને કુર જેટલું થઈ જતું હોય, તો તેમાં નજાસત પડતાએ પાણી નજીસ નહિ થાય, સિવાય કે નજાસત ભળતા તેનો રંગ, ગંધ કે સ્વાદ બદલાઈ જાય.

**મસઅલો ૩૩** : હમ્મામ અને ઈમારતોના પાઈપનું પાણી કે જે નળ અને ફુવારા વાટે વહે છે, તેનું જોડાણ જો એવા હોઝ સાથે હોય કે જેનું પાણી કુર જેટલું હોય, તો તે પાઈપનું પાણી પણ કુર ગણાશે.

**મસઅલો ૩૪** : જે પાણી જમીન ઉપર વહેતું હોય, પણ જમીનથી ફુટીને નીકળતું ન હોય, અગર કુરથી ઓછું હોય તો નજાસત સાથે સંપર્કમાં આવતાં એ પાણી નજીસ થઈ

જશે, પરંતુ અગર તેનું વહેણ ઉપરથી પડતુ હોય અને નજાસત ફક્ત નીચેના ભાગના સંપર્કમાં આવે તો ઉપરના ભાગનું પાણી પાક રહેશે.

## (૪) વરસાદનું પાણી :

**મસઅલો ૩૫** : કોઈ પણ એવી નજીસ વસ્તુ કે જેમાં નજીસુલ અયન પદાર્થ ન હોય, એક વાર તેના ઉપર જે જે જગ્યાએ વરસાદનું પાણી પડે તે જગ્યા પાક થશે.

પણ અગર શરીર અને કપડું પેશાબથી નજીસ થયું હોય, તો તે બંને માટે એહતિયાતે વાજિબની રૂએ બે વાર તેના ઉપર વરસાદ પડવો જોઈએ અને ગાલીચા કે લિબાસ વગેરે માટે નીચોવવા જરૂરી નથી, પણ એ વાત ધ્યાનમાં રહે કે વરસાદની હલકી ઝરમર કાફી નથી. પાણીની ધાર એવી પડવી જોઈએ કે તેને વરસાદ કહી શકાય.

**મસઅલો ૩૬** : નજીસુલ અય્ન પદાર્થ ઉપર વરસાદ પડે, અને તે બાદ તેના છાંટા જો બીજી વસ્તુ પર પડે, તો અગર એ છાંટાઓમાં નજીસુલ અય્ન ભળી ગયું ન હોય, અથવા નજીસુલ અય્નને કારણે તેનો રંગ, ગંધ કે સ્વાદ બદલાયો ન હોય તો એ પાક છે. જેમકે વરસાદ લોહી ઉપર પડે અને તેમાંથી છાંટાઓ ઊડીને બીજી વસ્તુ પર આવી પડે તો અગર એમાં લોહીનો ભાગ હોય, યા લોહીને કારણે તેના રંગ, ગંધ કે સ્વાદમાં ફેર પડયો હોય, તો એ નજીસ ગણાશે.

**મસઅલો ૩૭** : અગર મકાનની છત કે અગાશી ઉપર નજીસુલ અય્ન પદાર્થ હોય, તો જયાં સુધી વરસાદ પડી

રહ્યો હોય, ત્યાં સુધી નજીસ વસ્તુને અડીને છત કે પાણીની નાળીમાંથી વહી જતું પાણી પાક ગણાશે, પણ વરસાદ બંધ પડી જતાં જો એ પાણી યકીનપૂર્વક નજીસ વસ્તુને અડીને વહેતું રહે, તો એ પાણી નજીસ ગણાશે.

**મસઅલો ૩૮** : વરસાદ જયારે નજીસ જમીન ઉપર પડે, ત્યારે એ જમીનને પાક કરશે; અને અગર વરસાદનું પાણી પડીને વહેવા માંડે, તો ચાલુ વરસાદમાં છતની નીચે જેટલી નજીસ જગ્યાએ એ પાણી પહોંચે, તે જગ્યા પાક થઈ જશે.

**મસઅલો ૩૯** : નજીસ માટી ઉપર વરસાદનું પાણી એવી રીતે પડે કે તેની રજે રજ ભીંજાઈ જાય, તો એ માટી પાક થઇ જશે. એ શર્તે સાથે કે ખબર ન હોય કે પાણી, માટી સાથે મળવાથી મુઝાફ થઈ ગયું છે.

**મસઅલો ૪૦** : વરસાદનું પાણી એક જગ્યાએ એકત્રિત થાય, ભલે પછી તે કુરથી ઓછું હોય તો પણ જયાં સુધી વરસાદ પડી રહ્યો હોય ત્યાં સુધીમાં એ પાણીમાં કોઈ નજીસ વસ્તુને ધોવામાં આવે, અને તેનો રંગ, ગંધ કે સ્વાદ એ નજાસતને કારણે ન બદલાય, તો એ નજીસ વસ્તુ પાક થઇ જશે.

**મસઅલો ૪૧** : જો નજીસ જમીન પર પાથરેલ પાક ગાલીચો (અથવા જાઝમ) પર વરસાદ પડે અને ચાલું વરસાદે પાણી જમીન સુધી પહોંચી જાય તો એ ગાલીચો નજીસ નહિ થાય, બલ્કે જમીન પણ પાક થઈ જશે.

**(૫) કૂવાનું પાણી :**

**મસઅલો ૪૨** : કૂવાનું પાણી કે જે જમીનમાંથી ફુટી નીકળતું હોય, કુરથી ઓછું હોવા છતાં નજાસત સાથે સંપર્કમાં આવતા તે નજીસ નહિ થાય, સિવાય કે એ નજાસતને કારણે તેના રંગ, ગંધ કે સ્વાદમાં ફેરફાર થાય.

**મસઅલો ૪૩** : અગર નજાસત કૂવામાં પડે, અને કૂવામાંના પાણીના રંગ, ગંધ કે સ્વાદને બદલી નાખે, પછી જયારે એ ફેરફાર દૂર થઈ જાય, ત્યારે કૂવાનું પાણી પાક થઈ જશે. એહતિયાતે વાજિબની રૂએ શરત એ છે કે એ પાણી કૂવામાંથી ફુટી નીકળતા નવા પાણી સાથે ભળી જાય.

**(૬) પાણી વિશેના એહકામ :**

**મસઅલો ૪૪** : મિશ્રિત પાણી (મુઝાફ) કે જેનો ઉલ્લેખ મસઅલા નં.૧૩માં થઈ ચૂક્યો છે, કોઈ પણ નજીસ વસ્તુને પાક કરશે નહિ; અને એ પાણીથી વઝુ કે ગુસ્લ બાતિલ છે.

**મસઅલો ૪૫** : જો કોઈ નજાસત, ગમે તેટલા ઓછા પ્રમાણમાં, મિશ્રિત (મુઝાફ) પાણીમાં પડે, તો એ મુઝાફ પાણી કુર હોવા છતાં નજીસ થઈ જશે. અલબત્ત, અગર દબાણથી કે જોશભેર રેડવામાં આવે તો જેટલું પાણી નજીસ વસ્તુ સુધી પહોંચ્યું હોય તેટલું જ નજીસ થઈ જશે અને જેટલું પાણી ન પહોંચ્યું હોય એ પાક રહેશે. દાખલા તરીકે ગુલાબદાનીમાંથી ગુલાબજળ નજીસ હાથ ઉપર છાંટવામાં આવે, તો જેટલું પાણી નજીસ હાથ ઉપર પહોંચ્યું

હોય એ નજીસ થઈ જશે: અને જેટલું પાણી હાથ ઉપર આવ્યું ન હોય એ પાક રહેશે.

**મસઅલો ૪૬** : અગર નજીસ મુઝાફ પાણી કુર કે વહેતા પાણી સાથે એવી રીતે ભળી જાય કે તેને ફરી મુઝાફ ન કહેવામાં આવે, તો એ પાક થઈ જશે.

**મસઅલો ૪૭** : એક એવું ચોખ્ખું પાણી કે જેના વિશે શંકા થાય કે એ મુઝાફ થઈ ગયું છે કે નહિ, તો તેને ચોખ્ખું અને મુત્લક ગણવામાં આવશે. એટલે કે એ નજીસ વસ્તુને પાક કરી શકશે, અને એનાથી વઝુ અને ગુસ્લ સહીહ રહેશે.

એથી ઉલટું એક મુઝાફ પાણી માટે શંકા થાય કે હવે એ ચોખ્ખું થઈ ગયું છે કે નહિ, તો એ મુઝાફ જ ગણાશે. એટલે કે એ નજીસ વસ્તુને પાક નહિ કરે અને એનાથી વઝુ કે ગુસ્લ બાતિલ છે.

**મસઅલો ૪૮** : એવું પાણી જેની ખબર ન હોય કે મુત્લક છે યા મુઝાફ અને તે પણ ખબર ન હોય પહેલા મુત્લક હતું કે મુઝાફ તો તે નજીસ વસ્તુને પાક નથી કરતું. અને આ પાણીથી વઝું અને ગુસ્લ કરવું પણ બાતિલ છે. જેવી કોઈ નજાસત આ પાણીમાં પડશે તો એહતિયાતે વાજિબની રૂએ તે નજીસ થઈ જશે. ભલે પછી તે કુર જેટલું જ કેમ ન હોય.

**મસઅલો ૪૯** : એવું પાણી જેમાં ખૂન યા પેશાબ જેવી અય્ને નજાસત પડશે અને તેની ગંધ, રંગ અને સ્વાદ બદલાઈ જશે તો તે નજીસ થઈ જશે. ભલે પછી તે કુર કે

જારી પાણી હોય.- અગર જો તેની ગંધ, રંગ અને સ્વાદ કોઈ એવી નજાસતથી બદલાય જે પાણીથી બહાર હોય. દા.ત. : બહાર પડેલ મુર્દારથી તેની ગંધ બદલાય જાય તો એહતિયાતે લાઝિમની રૂએ તે પાણી નજીસ થઈ જશે.

**મસઅલો ૫૦** : જે પાણીમાં નજીસુલ અય્ન પદાર્થ, જેમકે લોહી અથવા પેશાબ પડે, અને તેના રંગ, ગંધ કે સ્વાદમાં ફેર પડી જાય, તો તે પાણી અગર કુર કે જારી પાણી સાથે જોડાય જાય, અથવા તેના ઉપર વરસાદ થાય અથવા ચાલુ વરસાદમાં ભુંગળા કે પાઈપ કે હવાથી વરસાદનું પાણી તેના ઉપર રેડાય, તો એ સર્વે સંજોગોમાં અગર (નજાસતને કારણે) થયેલ ફેરફાર દૂર થઈ જાય તો પાણી પાક થયેલું ગણાશે, પણ જરૂરી એ છે કે વરસાદ, કુર કે જારી પાણી એટલું હોય કે તે પાણી સાથે ભળી જાય.

**મસઅલો ૫૧** : અગર નજીસ વસ્તુને કુર કે જારી પાણીમાં પાક કરવામાં આવે, તો પાક થઈ ગયા બાદ વસ્તુને બહાર લઈ આવ્યા પછી તેમાંથી જે પાણી પડે એ પાણી પાક છે.

**મસઅલો ૫૨** : જે પાણી પહેલેથી પાક હોય, અને તે નજીસ થયું છે કે નહિ, તેની જાણ ન હોય, તો એને પાક જ સમજવું. એવી જ રીતે જે પાણી પહેલેથી જ નજીસ હોય, અને તે પાક થયું છે કે નહિ તેની જાણ ન હોય, તો એને નજીસ ગણવું જોઈએ.

## પાયખાને જવાના એહકામ

**મસઅલો ૫૩** : વાજિબ છે કે ઈન્સાન પેશાબ અને

પાયખાના કરતા સમયે તેમજ અન્ય પ્રસંગે પોતાની શરમની જગ્યાઓ બાલિગ લોકોથી છુપાવે; અને તેમાં બહેન અને મા વગેરે મેહરમ વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે.

એવી જ રીતે દીવાનાઓથી અને સમજદાર બચ્ચાઓ, કે જે સારી-બૂરી બાબતો પારખી શકતા હોય, તેમનાથી પણ શરમની જગ્યાઓ છુપાવવી વાજિબ છે, પણ પતિ-પત્ની માટે એકબીજાની શરમગાહને છુપાવવી વાજિબ નથી.

**મસઅલો ૫૪** : એ વાજિબ નથી કે કોઈ ખાસ વસ્તુથી પોતાની શરમની જગ્યા છૂપાવે, દાખલા તરીકે આડો હાથ રાખી ને પણ જો છુપાવે તો કાફી ગણાશે.

**મસઅલો ૫૫** : પાયખાનામાં હાજત વખતે એહતિયાતે લાઝિમ છે કે પોતાના શરીરના આગળના ભાગો, એટલે કે પેટ, છાતી કિબ્લાની સામે ન હોય તેમજ કિબ્લાને પીઠ દઈને પણ ન બેસે.

**મસઅલો ૫૬** : પાયખાનામાં હાજત વખતે અગર ઈન્સાન કિબ્લાની સામે યા પીઠ દઈને બેસે, પણ માત્ર પોતાની શરમગાહ કિબ્લાથી ફેરવી નાખે, તો એ કાફી નહીં ગણાય; અને અગર કિબ્લાની સામે કે પીઠ દઈને ન બેસે, તો એહતિયાતે વાજિબની રૂએ શરમની જગ્યાને પણ કિબ્લા તરફ કે એની સામેની દિશા તરફ ન રાખે.

**મસઅલો ૫૭** : એહતિયાતે મુસ્તહબ છે કે ઈસ્તિબ્રા કરતી વખતે તેમજ આગળ-પાછળની શરમગાહ પાક કરતી

વખતે કિબ્લા સામે અથવા કિબ્લાને પીઠ દઈને ન બેસે. ઈસ્તિબ્રાના મસાઈલ હવે પછી સમજાવવામાં આવશે.

**મસઅલો ૫૮** : અગર ઈન્સાન નામહેરમની નજરથી પોતાને છુપાવવા માટે મજબૂર થાય કે કિબ્લાની સામે કે તેને પીઠ દઈને બેસે, તો એહતિયાતે લાઝીમ એ છે કે કિબ્લાને પીઠ દઈને બેસે.

**મસઅલો ૫૯** : એહતિયાતે મુસ્તહબ છે કે બચ્ચાઓને પણ પાયખાનામાં હાજત વખતે કિબ્લા તરફ કે તેને પીઠ દઈને ન બેસાડવામાં આવે.

**મસઅલો ૬૦** : ચાર જગ્યાએ પેશાબ, પાયખાનું કરવું હરામ છે :

(૧) બંધ છેડા વાળી શેરી કે ગલીમાં, અગર ત્યાંના લોકો રજા ન આપતા હોય તો, એવીજ રીતે સામાન્ય રસ્તા ઉપર જ્યારે ત્યાંથી પસાર થનાર લોકો માટે પરેશાનીનું કારણ બને.

(૨) કોઈની મિલકતમાં, અગર ધણીએ તે માટે રજા ન આપી હોય.

(૩) એવી જગ્યાએ કે જે ખાસ લોકો માટે વકફ હોય, જેમકે અમુક મદ્રેસાઓમાં.

(૪) મોઅમીનોની કબરો ઉપર, જયારે કે તેમ કરવાથી તેમનું અપમાન અને બે એહતેરામી થતી હોય બલ્કે બેએહતેરામી ન થતી હોય તો પણ, સિવાય કે તે જમીન પહેલેથી તે (જમીન) લોકઊપયોગી કાર્યો માટે હોય અને એવીજ રીતે દરેક એવી જગ્યાએ હરામ છે કે જયાં હાજતથી

ફારિગ થવાથી દીન કે મઝહબની કોઈ પણ પવિત્ર બાબતની માનહાનિ થતી હોય.

**મસઅલો ૬૧** : ત્રણ સંજોગોમાં પાયખાનાની જગ્યા ફક્ત પાણીથી જ પાક થઈ શકશે :

(૧) જયારે પાયખાના સાથે બીજી નજાસત, જેમકે લોહી, બહાર આવ્યું હોય.

(૨) જયારે બહારથી નજાસત પાયખાનાની જગ્યા સુધી પહોંચી હોય; સિવાય એ કે ઔરતોનું પેશાબ તેની પાયખાનાની જગ્યાએ પહોંચી ગયું હોય.

(૩) જયારે પાયખાનાની જગ્યાની આજુબાજુ અસામાન્ય રીતે નજાસત ફેલાઈ ગઈ હોય.

આ ત્રણ સંજોગો સિવાય પાયખાનાની જગ્યા પાણીથી પાક થવા ઉપરાંત, આગળ ઉલ્લેખ થશે તેમ કપડાં, પથ્થર વગેરેથી પણ પાક થઈ શકશે. જોકે દરેક સંજોગોમાં પાણીથી પાક કરવું બહેતર છે.

**મસઅલો ૬૨** : પેશાબની જગ્યા પાણી સિવાય કોઈપણ વસ્તુથી પાક નહી થાય. એક જ વાર ધોવું કાફી છે. અલબત, એહતિયાતે મુસ્તહબ છે કે બે વાર ધોવામાં આવે; અને અગર ત્રણ વખત ધોવે તો બહેતર છે.

**મસઅલો ૬૩** : જયારે પાયખાનાની જગ્યા પાણીથી ધોવામાં આવે ત્યારે એ ખ્યાલ રાખવો જરૂરી છે કે એ જગ્યાએ નજાસતનો કંઈપણ ભાગ બાકી ન રહે, પણ માત્ર રંગ કે ગંધ બાકી રહે તો વાંધો નથી. પહેલી વખત એવી રીતે ધોવામાં આવે કે નજાસતનું કણ પણ બાકી ન

રહે તો બીજી વખત ધોવું જરૂરી નથી.

**મસઅલો ૬૪** : પથ્થર, ઢેફાં કે કાપડથી પાયખાનાની જગ્યા એ શરતે પાક થશે કે તે સૂકા અને પાક હોવા જોઈએ. હા, અગર તેમાં થોડીક એવી ભીનાશ હોય કે જે પાયખાનાની જગ્યા સુધી ન પહોંચે, તો તેના ઉપયોગમાં વાંધો નથી.

**મસઅલો ૬૫** : પાયખાનાની જગ્યાને પથ્થર, ઢેફાં કે કાપડથી એકજ વખતમાં સંપૂર્ણ રીતે સાફ કરી લેવું કાફી ગણાશે, પણ બહેતર છે કે ત્રણ વખત સાફ કરે ; અને ત્રણ પથ્થર કે કાપડથી સાફ કરે, પણ જો ત્રણ વખત સાફ કર્યા બાદ પણ નજાસત દૂર ન થાય, તો પછી જયાં સુધી સંપૂર્ણ રીતે સાફ ન થાય ત્યાં સુધી પ્રયત્ન જારી રાખવો જોઈએ, પણ પાયખાનાની ઝીણી ઝીણી રજ કે જે ધોયા વગર દૂર ન કરી શકાતી હોય, તે અગર બાકી રહે તો વાંધો નથી.

**મસઅલો ૬૬** : પાયખાનાની જગ્યાને પવિત્ર વસ્તુઓથી પાક કરવું હરામ છે કે જેનો એહતેરામ જાળવવો જરૂરી હોય જેમકે એવો કાગળ કે જેના ઉપર અલ્લાહનું નામ કે પયગંબરોના નામો હોય, તેનો ઉપયોગ કરવો હરામ છે. અને હાડકું કે છાણથી પાયખાનાની જગ્યાને પાક કરવામાં વાંધો નથી.

**મસઅલો ૬૭** : અગર કોઈ શખ્સને શંકા થાય કે હાજતથી ફારિગ થયા બાદ પોતાને પાક કર્યો છે કે નહિં, તો વાજિબ છે કે પોતાને પાક કરે, ભલેપછી હંમેશા તે

પેશાબ – પાયખાના બાદ પોતાને તરત પાક કરવાની આદત ધરાવતો હોય.

**મસઅલો ૬૮** : અગર કોઈ શખ્સ નમાઝ બાદ શક કરે કે નમાઝથી પહેલા એણે પોતાની પેશાબ– પાયખાનાની જગ્યા પાક કરી હતી કે નહિ, તો જે નમાઝ પઢી ચૂકયો એ સહીહ ગણાશે, પણ એ પછીની નમાઝો શરૂ કર્યા પહેલા પોતાને પાક કરી લેવું જરૂરી થશે.

## ઈસ્તિબ્રા

**મસઅલો ૬૯** : ઈસ્તિબ્રા એક મુસ્તહબ અમલ છે, જે પુરૂષો પેશાબ કર્યા બાદ અંજામ આપે છે, જેથી એમને ઈત્મીનાન થાય કે પેશાબની નળીમાં પેશાબ બાકી નથી.

ઈસ્તિબ્રાની ઘણી રીતો છે, પણ સૌથી બહેતર રીત એ છે કે પેશાબથી ફારિગ થયા બાદ પ્રથમ પાયખાનાની જગ્યા અગર નજીસ હોય, તો તેને પાક કરી લ્યે; અને ત્યારપછી ડાબા હાથની વચલી આંગળી વડે ત્રણ વાર પાયખાનાની જગ્યાથી લઈને પેશાબની નળી સુધી દબાવે, ત્યારબાદ અંગૂઠો અને પહેલી આંગળી પેશાબની નળી ઉપર રાખી ખત્નાની જગ્યા સુધી ત્રણ વાર દબાવે અને ત્યારબાદ ખત્નાની જગ્યાને ત્રણ વાર દબાવે.

**મસઅલો ૭૦** : જે પ્રવાહી જાતિય ઉશ્કેરાટના કારણે ઈન્સાનને પેશાબની નળી બહાર આવતું જણાય છે, એને મઝી કહેવાય છે અને એ પાક છે, એવીજ રીતે વઝી છે કે જે વીર્ય સ્ખલન બાદ નીકળે છે, અને જે પ્રવાહી પેશાબ

કર્યા બાદ કયારેક બહાર આવે છે તે વદી છે; અને અગર તેમાં પેશાબનો કોઈ ભાગ શામિલ ન હોય તો એ પણ પાક છે.

અગર ઈન્સાન પેશાબ બાદ ઈસ્તિબ્રા કરી લ્યે, અને ત્યારબાદ કોઈ રૂતુબત કે પ્રવાહી જણાય અને શંકા કરે કે તે પેશાબ છે યા ઉપરોક્ત ત્રણ પ્રવાહીઓમાંથી કોઈ એક છે, તો તેને પાક ગણશે.

**મસઅલો ૭૧** : અગર કોઈ શખ્સ શક કરે કે એણે ઈસ્તિબ્રા કર્યો છે કે નહીં, અને એજ સ્થિતિમાં કોઈ પ્રવાહી જણાય કે જેની તેને જાણ ન હોય કે તે પાક છે કે નહીં, તો એ પ્રવાહી નજીસ ગણાશે; અને અગર વઝુ કરી ચૂક્યો હોય તો એ વઝુ બાતિલ થશે.

પણ અગર એવો શક કરે કે જે ઈસ્તિબ્રા એ કરી ચૂકયો છે તે સહીહ રીતથી કર્યો હતો કે નહીં, અને એવી હાલતમાં કોઈ પ્રવાહી જણાય કે જેના બારામાં એ ફેંસલો ન કરી શકે કે પાક છે કે નહિ, તો તેને પાક ગણશે ; અને જો વઝૂ કરી ચૂક્યો હોય તો એ વઝૂ બાતિલ નહિ થાય.

**મસઅલો ૭૨** : અગર કોઈ શખ્સે ઈસ્તિબ્રા કર્યો ન હોય, પણ છેલ્લે પેશાબ કર્યા બાદ એટલી મુદત પસાર થઈ ગઈ હોય કે તેને યકીન હોય કે પેશાબની નળીમાં પેશાબ બાકી નથી. અને એવી હાલતમાં કોઈ પ્રવાહી જણાય, જેની તહારત વિશે શંકા જાગે, તો એ પાક ગણશે; અને એનું વઝુ પણ બાતિલ નહિ થાય.

**મસઅલો ૭૩** : અગર કોઈ શખ્સ પેશાબ કર્યા બાદ

ઈસ્તિબ્રા અને વઝુ કરી ચૂક્યો હોય, અને ત્યારબાદ એવું પ્રવાહી બહાર આવે કે જેના માટે એ જાણતો હોય કે પેશાબ છે યા મની, તો એવી હાલતમાં વાજિબ છે કે એહતિયાતની રૂએ ગુસ્લ કરે અને વઝુ પણ કરે, પણ અગર ઈસ્તિબ્રા બાદ વઝુ ન કર્યુ હોય તો પછી માત્ર વઝુ કરી લેવું કાફી છે.

**મસઅલો ૭૪** : ઔરત માટે પેશાબનો ઈસ્તિબ્રા નથી; અને અગર એ પ્રવાહી જુવે કે જેના માટે શક થાય કે પેશાબ છે કે નહિ, તો એને પાક ગણાશે; અને તેનું વઝુ કે ગુસ્લ બાતિલ થયેલ નહિ ગણાય.

## પાયખાને જવાના મુસ્તહબાત અને મકરૂહાત

**મસઅલો ૭૫** : મુસ્તહબ છે કે ઈન્સાન પોતાની હાજતથી ફારિગ થવા માટે એવી જગ્યાએ બેસે કે જયાં તેને કોઈ ન જોવે, પાયખાનામાં દાખલ થતી વખતે પહેલા ડાબો પગ મૂકે અને નીકળતી વખતે પહેલા જમણો પણ મૂકે અને એ પણ રીતે મુસ્તહબ છે કે હાજતથી ફારિગ થતી વખતે પોતાનું માથું ઢાંકે અને શરીરનો ભાર ડાબા પગ ઉપર મૂકે.

**મસઅલો ૭૬** : હાજતથી ફારિગ થતી વખતે સૂરજ કે ચંદ્ર સામે બેસવું મકરૂહ છે, પણ પોતાની શર્મગાહને કોઈ પણ રીતે ઢાંકી લ્યે તો પછી મકરૂહ નથી. એવીજ રીતે પવન સામે, રસ્તા ઉપર, ગલી શેરીમાં, મકાનના દરવાજા પાસે અને ફળ આપતા ઝાડ નીચે હાજતથી ફારિગ થવા

માટે બેસવું મકરૂહ છે. પાયખાનામાં ખાવું, લાંબા સમય સુધી રોકાવું અને જમણા હાથે તહારત કરવી પણ મકરૂહ છે, એવીજ રીતે પાયખાનામાં વાતો કરવી મકરૂહ છે, સિવાય કે મજબૂરીથી કાંઈ બોલવું પડે, પણ ઝિક્રે ઈલાહી કરવું મકરૂહ નથી.

**મસઅલો ૭૭** : ઊભા ઊભા પેશાબ કરવું, સખ્ત જમીન ઉપર કે જાનવરોના દર ઉપર, પાણી ઉપર, ખાસ કરીને સ્થિર પાણી ઉપર પેશાબ કરવું મકરૂહ છે.

**મસઅલો ૭૮** : પેશાબ કે પાયખાનાને રોકવું મકરૂહ છે : પરંતુ જો શરીર માટે નોંધપાત્ર નુકસાનકારક હોય તો હરામ છે.

**મસઅલો ૭૯** : મુસ્તહબ છે કે ઈન્સાન નમાઝથી પહેલાં, સુવા પહેલાં, સંભોગ પહેલાં અને વીર્ય સ્ખલન બાદ પેશાબ કરે.

## નજાસતો

**મસઅલો ૮૦** : નજાસત દસ છે :

(૧) પેશાબ, (૨) પાયખાનું, (૩) મની, (૪) મુરદાર, (૫) ખૂન, (૬ - ૭) કૂતરો અને સુવ્વર, (૮) કાફિર, (૯) શરાબ (૧૦) નજાસત ખાનાર હૈવાનનો પરસેવો.

### (૧ - ૨) પેશાબ અને પાયખાનું :

**મસઅલો ૮૧** : ઈન્સાનનું પેશાબ-પાયખાનું નજીસ છે; અને એવી રીતે દરેક એવા હૈવાનનું પેશાબ-પાયખાનું નજીસ છે, જેનું ગોશ્ત હરામ હોય; અને જેનું ખૂન

ઊછળીને નીકળતું હોય, એટલે કે અગર તેની ગરદનની રગ કાપવામાં આવે તો ખૂન ઊછળીને નીકળે.

જે હરામ ગોશ્ત હૈવાનનું ખૂન ઊછળીને ન નીકળે, જેમકે હરામ માછલી અને નાના નાના જંતુઓ, જેમકે મચ્છર, માખી કે જેમાં ગોશ્ત નથી, તેમનું પાયખાનું પાક છે, પણ જે હૈવાનનું ગોશ્ત હરામ હોય અને ખૂન ઊછળીને ન નીકળતું હોય તેના પેશાબથી પણ એહતિયાતે લાઝિમની રૂએ પરહેઝ કરવું જોઈએ.

**મસઅલો ૮૨** : હરામ ગોશ્ત પક્ષીઓનાં પેશાબ-પાયખાના પાક છે, પણ એનાથી પરહેઝ કરવું બહેતર છે.

**મસઅલો ૮૩** : નજાસત ખાનાર હૈવાનનું પેશાબ-પાયખાનું નજીસ છે, એવી જ રીતે એ બકરીનું બચ્ચું જે સુવ્વરનું દૂધ પીને ઉછર્યુ હોય (જેની વિગત આગળ જતાં આવશે); અને જે હૈવાન સાથે ઈન્સાને બદફેલી કરી હોય તેનું પેશાબ-પાયખાનું પણ નજીસ છે.

**(૩) મની** :

**મસઅલો ૮૪** : ઈન્સાનનું મની (વીર્ય) નજીસ છે અને દરેક એ હરામ ગોશ્ત નર હૈવાન કે જેનું ખૂન ઉછળીને નીકળે તેનું મની નજીસ છે, એવું પ્રવાહી જે ઔરતોથી શેહવાત સાથે નીકળે છે અને જનાબતનું કારણ બને છે (જેની વિગત મસઅલા નં. ૩૪૫માં બયાન થશે) મનીના હુકમમાં ગણવામાં આવશે. એહતિયાતે વાજિબની રૂએ એવા નર હૈવાનનું ગોશ્ત હલાલ હોય અને ખૂન ઉછળીને

નીકળતુ હોય તેના મનીથી પણ પરહેઝ કરવો જોઈએ.

## (૪) મુરદાર :

**મસઅલો ૮૫** : ઈન્સાનનું મુડદું નજીસ છે; અને જે હૈવાનનું ખૂન ઊછળીને નીકળે તેનું મુડદું પણ નજીસ છે, ચાહે એ પોતે મરી ગયું હોય, યા ઈસ્લામી શરીઅત સિવાય બીજી રીતે ઝિબ્હ કરવામાં આવ્યું હોય, પણ માછલી પાણીમાં મરી જાય તો પણ તેનું મુડદું પાક છે, કારણકે તેનું ખૂન ઊછળીને બહાર આવતું નથી.

**મસઅલો ૮૬** : મુરદારના એ ભાગો કે જેમાં જીવ નથી – જેમકે ઊન, વાળ, શીંગડાં, અને હાડકાં અને દાંત પાક ગણાશે.

**મસઅલો ૮૭** : ઈન્સાન અથવા ઊછળતું લોહી ધરાવનાર હૈવાનના શરીરમાંથી જીવન દરમિયાન ગોશ્ત છુટું પાડવામાં આવે, અથવા કોઈ પણ એવો ભાગ કે જેમાં જીવ હોય છે, કાપીને અલગ કરવામાં આવે તો એ ભાગ નજીસ છે.

**મસઅલો ૮૮** : હોઠ અથવા શરીરના અન્ય ભાગમાંથી પાતળી ચામડીનું પડ ઉતારવામાં આવે જો તેમાં જીવ ન હોય અને આસાનીથી નીકળે તો એ પાક છે.

**મસઅલો ૮૯** : મરી ગયેલી મુરઘીના પેટમાંથી જે ઈંડું બહાર આવે એ પાક છે, ભલે પછી તેનું પડ સખત ન બન્યું હોય પરંતુ તેના બહારના ભાગને પાણીથી ધોઈ લેવું જોઈએ.

**મસઅલો ૯૦** : અગર ઘેંટાનું અથવા બકરીનું બચ્ચું કે જેણે ઘાસ ચરવાનું શરૂ ન કર્યુ હોય, મરી જાય, તો જે પનીર તેના આંચળમાં હોય છે એ પાક છે, પણ જો તેનું પ્રવાહી સ્વરૂપ સાબિત થાય. તો તેનો બહારનો ભાગ ધોઈ લેવો જોઈએ જે મુરદારના બદન સાથે મસ થયેલો હોય છે.

**મસઅલો ૯૧** : દવા, અત્તર, તેલ, ઘી, બુટનું પોલીશ અને સાબુ વગેરે જે ગેર ઈસ્લામી દેશોમાંથી આવતું હોય છે, તેની નજાસતનું યકીન ન હોય તો એ વસ્તુઓ પાક છે.

**મસઅલો ૯૨** : જે ગોશ્ત, ચરબી કે ચામડી વિશે એવી શક્યતા હોય કે શરીઅત મુજબ ઝબ્હ થયેલા હૈવાનનું જ હશે, તો એ પાક સમજવું.

પણ અગર તે કોઈ કાફિર પાસેથી લેવામાં આવ્યું હોય, અથવા એવા મુસલમાન પાસે હોય, કે જેણે કોઈ કાફિર પાસેથી લીધું હોય; અને ઝબીહા હૈવાનનું છે કે નહિ તેની તપાસ ન કરી હોય, તો એવા સંજોગોમાં ગોશ્ત અને ચરબી ખાવી હરામ છે પણ એ ચામડી સાથે નમાઝ પઢવી જાઈઝ છે.

અને અગર તે મુસલમાનોની બજારમાંથી લ્યે, અથવા એવા મુસલમાન પાસેથી લ્યે કે એણે કાફિર પાસેથી લીધું છે એવી જાણ ન હોય, અથવા કાફિર પાસેથી લીધું હોય, પણ એવી શક્યતા હોય કે એણે એનું ઝબીહા હોવા સંબંધે તેહકીક કરી હશે તો એ ગોશ્ત અને ચરબી ખાવી

જાઈઝ ગણાશે. પણ એ શરત સાથે કે મુસલમાન તેમાં કોઈ એવો વપરાશ કરે જે હલાલ ગોશ્તથી મખસૂસ હોય જેમ કે ખાવા માટે વેંચે.

**(૫) ખૂન** :

**મસઅલો ૯૩** : ઈન્સાનનું ખૂન નજીસ છે અને દરેક એવા હૈવાનનું ખૂન પણ નજીસ છે, જેનું ખૂન ઊછળીને નીકળતું હોય; તો જે હૈવાનોનું ખૂન ઊછળીને ન નીકળે, જેમકે માછલી, મચ્છર વગેરે, તેનું ખૂન પાક છે.

**મસઅલો ૯૪** : જયારે કોઈ હલાલ ગોશ્ત હૈવાનને શરીઅત મુજબ ઝબ્હ કરવામાં આવે, અને સામાન્ય પ્રમાણમાં જેટલું ખૂન શરીરમાંથી વહી જવું જોઈએ તેટલું વહી જાય, ત્યારપછી તેના શરીરમાં જે ખૂન બાકી રહે છે એ પાક છે. પણ અગર શ્વાસ ખેંચવાને કારણે અથવા હૈવાનનું માથું ઊંચા ભાગમાં રાખેલું હોવાથી ખૂન પાછું શરીરમાં વળે, તો તે ખૂન નજીસ છે.

**મસઅલો ૯૫** : મુરઘીના ઈંડાની જરદીમાં જો ખૂનનું ટપકું દેખાય, તો તેનાથી પરહેઝ કરવી એહતિયાતે મુસ્તહબ છે.

**મસઅલો ૯૬** : દૂધ દોહતી વખતે કોઈક વાર જે ખૂન પડે છે તે નજીસ છે, અને દૂધને નજીસ કરશે.

**મસઅલો ૯૭** : દાંતમાંથી નીકળતું ખૂન અગર થૂંક સાથે ભળી જઈ અદ્રશ્ય થઈ જાય, તો તે થૂંકથી પરહેઝ કરવી લાઝિમ નથી.

**મસઅલો ૯૮** : કોઈ વાર વાગી જવાથી નખ કે ચામડી

નીચે ખૂન જામી જાય છે, તેની અગર હાલત એવી થાય કે તેને ખૂન તરીકે ન ઓળખવામાં આવે પાક છે, અને જો ખૂન તરીકે ઓળખવામાં આવે તો નજીસ છે.

અગર નખ કે ચામડીમાં છીદ્ર પડી જાય; અને વઝુ કે ગુસ્લ માટે તે છીદ્રમાંથી લોહી બહાર કાઢીને તહારત કરવામાં વધારે પડતી તકલીફ થતી હોય, તો તયમ્મુમ કરવું જોઈએ.

**મસઅલો ૯૯** : અગર કોઈ શખ્સને ખબર ન હોય કે ચામડી નીચે જામેલું લોહી છે યા માર લાગવાથી શરીરના માંસની એવી હાલત થઈ ગઈ છે, તો તે પાક છે.

**મસઅલો ૧૦૦** : ખાવાનું પકાવતી વખતે અગર એક ટીપું ખૂનનું તેમાં પડે, તો બધો ખોરાક અને વાસણ એહતિયાતે વાજિબની રૂએ નજીસ થશે. ઉકાળવાથી કે ગરમીથી કે આગથી તે (પકવાન) પાક નહિ થાય.

**મસઅલો ૧૦૧** : ઝખમ રૂઝાતી વખતે તેની ચારેકોર પરૂ વગેરે થાય છે, તેમાં અગર ખૂન ભળી ગયું ન હોય તો પાક ગણાશે.

## (૬ – ૭) કૂતરો અને સુવ્વર :

**મસઅલો ૧૦૨** : કૂતરો અને સુવ્વર (જે જમીન ઉપર વસવાટ કરે છે) તેના વાળ, હાડકાં, પંજા, નખ અને તેના શરીરની દરેક રૂતુબત–પ્રવાહી પણ નજીસ છે.

## (૮) કાફિર :

**મસઅલો ૧૦૩** : જે શખ્સ ખુદાની હસ્તી અથવા તેના એક હોવા સંબંધે ઈન્કાર કરે તે કાફિર છે. એવી જ રીતે

ગુલાત (એટલે કે જેઓ ઈમામો અલય્હેમુસ્સલામમાંથી કોઈપણ એકને ખુદા તરીકે માને અથવા તેને ખુદાનો અવતાર વગેરે ગણે) અને ખારજીઓ તથા નાસીબીઓ (એટલે કે જેઓ ઈમામો અલય્હિસ્સલામથી દુશ્મની વ્યક્ત કરતા હોય) નજીસ છે. એ જ હુકમ એ લોકોનો છે કે જેઓ નબુવ્વતનો ઈન્કાર કરે અથવા દીનના એવા જરૂરી એહકામનો ઇનકાર કરે જે નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને જૂઠલાવવાનું કારણ બને, ભલે પછી તે ઈન્કાર સંક્ષેપ્તમાં હોય જેમકે નમાઝ, રોઝા વગેરેનો જાણી-સમજીને ઈન્કાર કરે.

પરંતુ એહલેકિતાબ (યહૂદીઓ, ખ્રિસ્તીઓ અને મજુસી )ને પાક ગણવામાં આવશે.

**મસઅલો ૧૦૪** : કાફિરનું આખું શરીર વાળ, નખ અને તેની સર્વ રૂતુબતો (પ્રવાહીઓ) પણ નજીસ છે.

**મસઅલો ૧૦૫** : અગર કોઈ નાબાલિગ બચ્ચાનાં મા-બાપ અથવા દાદા-દાદી કાફિર હોય, તો એ બચ્ચું પણ નજીસ ગણાશે. અલબત્ત, અગર એ બચ્ચું સમજદાર અને પારખશક્તિવાળું હોય અને પોતાને મુસ્લિમ જાહેર કરે તો એ પાક ગણાશે. આ જ રીતે પોતાના માં-બાપથી મોઢું ફેરવી મુસલમાનો તરફ લગાવ રાખતો હોય અથવા (હકની) તહેકીક કરતો હોય તો તેનું નજીસ ગણવું મુશ્કેલ છે અગર માં-બાપમાંથી કે દાદા-દાદીમાંથી એક મુસલમાન હોય, તો પછી મસઅલા ૨૧૦ માં જણાવેલ વિગતો મુજબ એ બચ્ચું પાક છે.

**મસઅલો ૧૦૬ :** જે શખ્સ માટે એ ખબર ન હોય કે મુસલમાન છે કે નહિ, અને તેના ઈસ્લામ માટે કોઈ નિશાની પણ ન હોય તો એ પાક ગણાશે, પણ મુસલમાનને લગતા બીજા હુકમો તેને લાગુ નહિ પાડી શકાય, જેમકે તે મુસ્લિમ સ્ત્રીને પરણી નહિ શકે, તેમજ મુસલમાનોના કબ્રસ્તાનમાં તેને દફન કરવામાં નહિ આવે.

**મસઅલો ૧૦૭ :** જે શખ્સ બાર ઈમામોમાંથી કોઈને પણ દુશ્મનીને કારણે બૂરૂં બોલે, એ શખ્સ નજીસ છે.

**(૯) શરાબ :**

**મસઅલો ૧૦૮ :** શરાબ નજીસ છે, અને એ સિવાય દરેક નશાકારક ચીઝો નજીસ નથી.

**મસઅલો ૧૦૯ :** આલ્કોહોલ, ઔદ્યોગિક વપરાશ માટે હોય કે ઔષધ (મેડીસીન) બનાવવા માટે હોય, તેના સર્વે પ્રકારો પાક છે.

**મસઅલો ૧૧૦ :** અગર દ્રાક્ષનો રસ આપમેળે અથવા પકાવવાથી ઊકળે તો તે પાક છે, પણ તેનો આહાર હરામ છે. આ જ રીતે દ્રાક્ષને (ઊકાળીને) પકવવામાં આવે તો એહતિયાતે વાજિબની રૂએ એ દ્રાક્ષનો આહાર હરામ છે, પરંતુ નજીસ નથી.

**મસઅલો ૧૧૧ :** ખજૂર, કીસમીસ કે સૂકી કાળી દ્રાક્ષ અને તેનો રસ ઊકળે તો એ પાક છે, અને તેનો આહાર હલાલ છે.

**મસઅલો ૧૧૨ :** ફુકાઅ (એક પ્રકારની શરાબ) જે સામાન્ય રીતે જવમાંથી બનાવવામાં આવેલી શરાબ છે,

અને તે થોડાક નશાનું કારણ બને છે તે હરામ છે, અને તે એહતિયાતે વાજિબની રૂએ નજીસ છે, પરંતુ ફુકાઅ સિવાય જે જવનું પાણી પીવાય છે જેમાં નશો નથી હોતો તે પાક અને હલાલ છે.

## (૧૦) નજાસત ખાનાર હૈવાનનો પરસેવો :

**મસઅલો ૧૧૩** : જે ઊંટ નજાસત ખાય, અને એહતિયાતે વાજિબની રૂએ દરેક એ હૈવાન કે જેણે ઈન્સાનની નજાસત ખાવાની આદત પડી ગઈ હોય, તેનો પરસેવો નજીસ છે.

**મસઅલો ૧૧૪** : જે શખ્સ હરામ કાર્યથી જનાબતની હાલતમાં દાખલ થાય તેનો પરસેવો પાક છે, અને તેની સાથે નમાઝ પણ સહીહ છે.

## નજાસત સાબિત થવાના પ્રકાર :

**મસઅલો ૧૧૫** : કોઈ પણ વસ્તુની નજાસત ત્રણ રીતે સાબિત થઈ શકે :

(૧) જયારે ઈન્સાન પોતે યકીન ધરાવતો હોય, અથવા ઈત્મીનાન પ્રાપ્ત કરે કે ફલાણી વસ્તુ નજીસ છે; અને અગર ફકત ગુમાન હોય કે એ નજીસ છે, તો પરહેઝ કરવી લાઝિમ નથી. એ કાનૂનની રૂએ જાહેર હોટેલો કે રેસ્ટોરન્ટ જેમાં લાપરવા લોકો પાક-નજીસનો ખ્યાલ રાખ્યા વગર જમે છે, તેમાં જમતી વખતે જો ઈન્સાનને ઈત્મેનાન ન હોય કે જે ખોરાક તેના માટે લાવવામાં આવ્યો છે, તે નજીસ છે તો તે (ખોરાક) ખાવામાં કોઈ વાંધો નથી.

(૨) જયારે કોઈ વસ્તુ તેના કબ્જામાં હોય, એ જણ પોતે

કહે કે તે નજીસ છે, અને એ શખ્સ વિશ્વાસપાત્ર હોય, દાખલા તરીકે પત્ની કે નોકર કે નોકરાણી ઘરનાં ઠામ-વાસણો વગેરે કે જે એમની દેખરેખ હેઠળ હોય છે, એના વિશે જણાવે છે કે તે નજીસ છે તો માન્ય રહેશે.

(૩) જયારે બે આદિલ પુરૂષો કહે કે ફલાણી વસ્તુ નજીસ છે, પણ તેમાં શર્ત છે કે નજાસતનું કારણ પણ બયાન કરે, જેમ કે કહે આ ચીજ યા ખૂન યા પેશાબથી નજીસ થઇ છે અને એક ભરોસાપાત્ર અથવા આદિલ ખબર આપે અને તેની વાતથી ઈત્મીનાન ન થાય તો પણ તેનાથી એહતિયાતે વાજિબની રૂએ પરહેઝ કરવું જોઈએ.

**મસઅલો ૧૧૬** : અગર કોઈ શખ્સ મસઅલાથી અજાણ હોવાને કારણે ન જાણતો હોય કે ફલાણી વસ્તુ નજીસ ગણાય કે પાક, જેમકે એ ન જાણતો હોય કે ઉંદરનું પાયખાનું પાક છે કે નજીસ, તો એના માટે જરૂરી છે કે એ મસઅલો પૂછી લ્યે, પણ જો એ મસઅલો જાણતો હોય અને શક કરે કે ફલાણી વસ્તુ નજીસ વસ્તુ છે કે નહિ, જેમકે શક કરે કે ફલાણું પ્રવાહી લોહી છે કે નહિ અથવા એ લોહી મચ્છરનું છે કે ઈન્સાનનું, તો આવા સંજોગોમાં તેને પાક ગણશે અને તેના વિશે પૂછપરછ કે તપાસ કરવી લાઝિમ નથી.

**મસઅલો ૧૧૭** : અગર કોઈ નજીસ વસ્તુ માટે શંકા થાય કે એ પાક થઈ ગઈ હશે કે કેમ, તો એ વસ્તુ નજીસ છે; અને અગર પાક વસ્તુ માટે શંકા જાગે કે કદાચ નજીસ થઈ હશે, તો તે પાક છે, ભલે પછી તેની પાકીઝગી કે

નજાસત વિશે જાણી લેવાની શક્યતા હોય, તો પણ તપાસ કરવી જરૂરી નથી.

**મસઅલો ૧૧૮** : અગર કોઈ જાણતો હોય કે બે વાસણ કે બે લિબાસમાંથી એક નજીસ છે, અને તે તેનો ઉપયોગ કરવા માંગતો હોય, પણ ખબર ન હોય કે એ બેમાંથી ક્યુ વાસણ કે લિબાસ નજીસ છે, તો બંનેથી પરહેઝ કરવી જોઈએ.

પણ અગર એક શખ્સને ખબર ન હોય કે પોતાનો લિબાસ નજીસ થયો છે કે બીજો લિબાસ કે જે તેના કબ્જામાં નથી અને કોઈ બીજાની માલિકીમાં છે, તો એવા સંજોગમાં પોતાના લિબાસથી પરહેઝ કરવી જરૂરી નથી.

## પાક ચીજ ક્યારે નજીસ થાય છે

**મસઅલો ૧૧૯** : અગર કોઈ પાક વસ્તુ નજીસ વસ્તુના સંપર્કમાં આવે, અને બંને યા બેમાંથી એક એટલી ભીની હોય કે ભીનાશ એકબીજાને અસર કરે, તો પાક વસ્તુ નજીસ થઈ જશે, પરંતુ અમુક વસીલાઓ બાદ (માધ્યમો પછી) ભીનાશ અસર કરે તો નજીસ નહિ થાય.

દાખલા તરીકે અગર જમણો હાથ પેશાબ ને અડવાથી નજીસ થાય, અને એ હાથ નવી ભીનાશની સાથે ડાબા હાથને અડે, તો ડાબો હાથ પણ નજીસ થશે; અને એ ડાબો હાથ સૂકાઈ ગયા બાદ કોઈ ભીના કપડાંને અડે તો એ લિબાસ નજીસ ગણાશે, પણ (સૂકાઈ ગયા પછી) એ લિબાસ કોઈ બીજી ભીનાશવાળી વસ્તુના

સંપર્કમાં આવે, તો એ વસ્તુ નજીસ નહિ થાય.

દરેક સંજોગમા જયારે ભીનાશ એટલી ઓછી હોય કે સામેવાળી વસ્તુમાં તેની અસર ન પહોંચતી હોય તો તે પાક વસ્તુને નજીસ નહિ કરે, ભલે પછી એ નજીસુલ અય્નને અડે.

**મસઅલો ૧૨૦** : જયારે કોઈ પાક વસ્તુનો સંપર્ક નજીસ વસ્તુથી થાય, અને ઈન્સાન શક કરે કે બંને યા બેમાંથી એક વસ્તુમાં ભીનાશ હતી કે નહિ, ત્યારે એવા સંજોગમાં પાક વસ્તુ નજીસ નહિ થાય.

**મસઅલો ૧૨૧** : અગર એક શખ્સ ન જાણતો હોય કે બે વસ્તુઓમાંથી કઈ પાક છે અને કઈ નજીસ, અને ત્યારબાદ કોઈ પાક વસ્તુ એ બેમાંથી કોઈપણ એક વસ્તુને ભીનાશ સાથે અડે તો તેનાથી પરહેઝ જરૂરી નથી, પણ અગર એ બે વસ્તુઓ અગાઉ નજીસ થયેલી હોય એ હાલતમાં બીજી કોઈ પાક ભીની વસ્તુ તેના સંપર્કમાં આવી હોય, તો પછી નજીસ ગણાશે.

**મસઅલો ૧૨૨** : જો જમીન કે કપડું વગેરેમાં ભીનાશ હોય, તો જેટલા ભાગમાં નજાસત લાગી હોય એ જ ભાગ નજીસ થશે બાકીનો ભાગ પાક રહેશે એ જ હુકમ કાકડી, તરબૂચ વગેરેને લાગું પડશે.

**મસઅલો ૧૨૩** : ચાસણી, તેલ, ઘી વગેરે અગર એવી તરલ હાલતમાં હોય કે તેમાંથી અમુક ભાગ ઉપાડી લેવાથી જગ્યા ખાલી ન પડતી હોય, તો તેમાંનો કોઈ પણ એક

નાનકડો ભાગ નજીસ થતાં જ સંપૂર્ણ નજીસ થઈ જશે, પણ અગર એટલું ઘટ કે જામેલુ હોય કે અમુક ભાગ કાઢી લેવાથી જગ્યા ખાલી પડતી હોય, ભલે પછી એ ફરીથી ભરાઈ જાય, તો માત્ર એટલી જ જગ્યા નજીસ થશે, જયાં નજાસત લાગી હોય. દાખલા તરીકે જો તેમાં ઉંદરનું પાયખાનુ પડે, તો જે જગ્યાએ એ પાયખાનુ પડયું હોય, તેટલો જ ભાગ નજીસ થશે અને બાકીનો ભાગ પાક છે.

**મસઅલો ૧૨૪** : અગર માખી કે એ જાતનાં જીવડાં ભીની નજીસ વસ્તુ ઉપર બેસે અને ત્યારબાદ ભીની પાક વસ્તુ ઉપર આવીને બેસે, અને યકીન હોય કે નજાસત સાથે લઈને બેઠેલ છે તો એ પાક વસ્તુ નજીસ થઈ જશે, પરંતુ જો એવી જાણ ન હોય તો એ પાક રહેશે.

**મસઅલો ૧૨૫** : શરીર ઉપર જે જગ્યાએ પરસેવો હોય એ નજીસ થાય, અને એ પરસેવો વહીને શરીરના બીજા ભાગો સુધી પહોંચે, તો જયાં એ પરસેવો પહોંચશે એ ભાગ પણ નજીસ થશે, પણ જો એ પરસેવો બીજે ક્યાંય ન પહોંચે, તો શરીરના બાકીના ભાગો પાક રહેશે.

**મસઅલો ૧૨૬** : અગર નાક વાટે અને ગળા વાટે નીકળતા સળેખમ, બલગમ, કફ વગેરેમાં ખૂન સાથે આવે તો જેટલી જગ્યાએ ખૂન હોય એટલી જ જગ્યા નજીસ અને બાકીનો ભાગ પાક છે. માટે આ નજીસ બલગમ મોઢુ, નાક, શરીરના જે ભાગ ઊપર લાગેલ હોવાનું યકીન થાય તે નજીસ છે અને જે ભાગો બાબતે શક હોય કે

નજાસત લાગેલ છે કે નહી તે પાક રહેશે.

**મસઅલો ૧૨૭ :** અગર કોઈ લોટાના તળિયામાં કાણું કે છિદ્ર હોય, અને તેને નજીસ જમીન ઉપર રાખવામાં આવે, ત્યારબાદ તે લોટાની અંદરનું પાણી વહેતું બંધ થાય, જેથી તળિયા પાસે જમીન ઉપર એકત્રિત પાણી અને લોટાની અંદરનું પાક પાણી એક જ થઈ જાય, તો લોટામાં રહેલું પાણી નજીસ થઈ જશે, પણ જો લોટામાંથી પાણી જોશભેર વહેતું રહે તો નજીસ નહિ થાય.

**મસઅલો ૧૨૮ :** કોઈ વસ્તુ અગર શરીરની અંદર દાખલ થયા બાદ નજાસતને મળે, પણ બહાર આવ્યા પછી તેમાં નજાસત ન દેખાય, તો એ વસ્તુ પાક છે. માટે જો પાયખાનાની જગ્યા એનીમાના સાધનો કે પાણી દાખલ કરવામાં આવે અથવા શરીરમાં સોય કે ચાકુ ભોંકવામાં અને બહાર આવતાં તેમાં નજાસતનો કોઈ ભાગ ન દેખાય, તો એ નજીસ નથી. એ જ હુકમ થૂંક કે સળેખમનો છે કે જો મોઢા કે નાકની અંદર ખૂનના સંપર્કમાં હોય, પણ બહાર આવતાં તેમાં ખૂન ન દેખાય તો પાક છે.

## નજાસતોના એહકામ :

**મસઅલો ૧૨૯ :** જો કુરઆને મજીદના અક્ષરો અને પાનાઓને નજીસ કરવાથી તેની બેહુરમતી થતી હોય તો તેને નજીસ કરવા હરામ છે; અને જો નજીસ થાય તો તરત જ વિના વિલંબે તેને પાણીથી પાક કરવા જોઈએ;

બલ્કે બેહુરમતી ન થતી હોય તો પણ એહતિયાતે વાજિબની રૂએ તેને નજીસ કરવા હરામ છે અને તરત જ પાક કરવા વાજિબ છે.

**મસઅલો ૧૩૦** : અગર કુરઆને મજીદની જીલ્દ નજીસ થઈ જાય, અને તેમ થવાથી કુરઆને મજીદની હુરમત જળવાતી ન હોય, તો તેને પાક કરવી જરૂરી છે.

**મસઅલો ૧૩૧** : કુરઆને મજીદને ખૂન, મુરદાર વગેરે નજીસુલ અયન ઉપર મૂક્વું, ભલે પછી એ નજીસુલ અયન સૂકાઈ ગયું હોય, તો પણ જો બેહુરમતીનું કારણ બનતું હોય, તો તેમ કરવું હરામ છે.

**મસઅલો ૧૩૨** : કુરઆને મજીદને નજીસ શાહીથી લખવું ચાહે તે એક જ અક્ષર કેમ ન હોય, કુરઆનને નજીસ કરવાનો હુકમ ધરાવે છે; અને અગર એવી રીતે લખાય જાય તો તેને પાણીથી પાક કરવું, અથવા ભૂંસી નાખવું જરૂરી છે.

**મસઅલો ૧૩૩** : અગર કાફિરને કુરઆને મજીદ આપવાથી તેની બેહુરમતી થતી હોય તો આપવું હરામ છે; અને તેની પાસેથી પાછું લઈ લેવું વાજિબ છે.

**મસઅલો ૧૩૪** : અગર કુરઆને મજીદનું પાનુ યા કોઈ પણ વસ્તુ કે જેની હુરમત જાળવવી વાજિબ છે, જેમકે, એવો કાગળ કે જેના ઉપર અલ્લાહનું કે પયગંબર (સ.અ.વ.) અથવા ઈમામ (અ.સ.)નું નામ લખેલું હોય,

તે સંડાસમાં પડી જાય, તો ખર્ચો કરીને પણ તેને ત્યાંથી કાઢીને પાણીથી પાક કરી લેવું વાજિબ છે; અને જો તેમ કરવું શક્ય ન હોય, તો એ સંડાસનો એટલા સમય સુધી ઉપયોગ ન કરવો જોઈએ કે યકીન થાય કે હવે એ કાગળનું નામ-નિશાન બાકી નહિ રહ્યું હોય. એવી જ રીતે અગર હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની કબ્રની માટી (ખાકે શિફા) સંડાસમાં પડી જાય અને તેને બહાર કાઢવી અશક્ય હોય, તો જ્યાં સુધી યકીન ન થાય કે એ ખાકે શિફાનાં કોઈ નિશાન બાકી નહિ હોય, ત્યાં સુધી એ સંડાસનો ઉપયોગ ન કરવો જોઈએ.

**મસઅલો ૧૩૫** : નજીસ થયેલી કોઈ પણ વસ્તુને ખાવું કે પીવું હરામ છે; અને એ જ રીતે કોઈ બીજાને નજીસ વસ્તુનું ખવડાવવું હરામ છે, પણ નાના નાના બચ્ચાઓને કે દીવાનાને નજીસ ખોરાક ખવડાવવો જાએઝ છે. અગર બચ્ચું કે પાગલ શખ્સ પોતે નજીસ ખોરાક ખાય, યા પોતાના નજીસ થયેલા હાથો વડે ખોરાકને નજીસ કરીને ખાવા માંડે તો એને અટકાવવો જરૂરી નથી.

**મસઅલો ૧૩૬** : કોઈ પણ નજીસ વસ્તુ વહેંચવી કે ઉધાર આપવી એ શરતે જાઈઝ છે કે એ વસ્તુ પાક થઈ શકતી હોય. પણ ખરીદનાર કે ઉધાર લેનારને એ વસ્તુ નજીસ હોવા વિશે ખબર આપવી બે સંજોગોમાં જરૂરી છે:

(૧) અગર ખબર ન આપવાથી એ શખ્સ વસ્તુનો ઉપયોગ એવી રીતે કરે કે વાજિબ હુકમનું ઉલ્લંઘન થાય, જેમકે એ નજીસ વસ્તુને ખાવા-પીવા માટે વાપરે, એ સિવાયના સંજોગોમાં ખબર આપવી જરૂરી નથી. જેમ કે કપડાં નજીસ હોવાની ખબર દેવી જરૂરી નથી જે પહેરીને તે નમાઝ પઢશે કારણ કે તે શરતે વાકેઈ (હકીકી) નથી.

(૨) અગર એવી ઉમ્મીદ હોય કે તેને જાણ કરી દેવાથી એ મુજબ તે અમલ કરશે. અગર તેવી ઉમ્મીદ ન હોય તો પછી જાણ કરવી વાજિબ નથી.

**મસઅલો ૧૩૭** : અગર કોઈ શખ્સ જુએ કે કોઈ માણસ નજીસ થયેલી વસ્તુ ખાઈ રહ્યો છે, અથવા નજીસ લિબાસમાં નમાઝ પઢી રહ્યો છે, તો તેને એ વિશે જાણ કરવાની જરૂરત નથી.

**મસઅલો ૧૩૮** : ઘરમાં કોઈ જગ્યા અથવા ગાલીચો, ફર્શ વગેરે નજીસ હોય, અને ઘરધણી જુએ કે આવેલા મહેમાનોનું શરીર કે કપડાં ભીનાશ સાથે એ નજાસતના સંપર્કમાં આવે છે, અગર એ નજાસત માટે પોતે કારણરૂપ બન્યો હોય, તો ઉપરોક્ત બે શરતોમાં મહેમાનોને જાણ કરી દેવી જરૂરી છે.

**મસઅલો ૧૩૯** : અગર ઘરધણી ખાતી વખતે જાણી લ્યે કે ખોરાક નજીસ થયો છે, તો તેના ઉપર જણાવેલી બીજી શર્ત પ્રમાણે મહેમાનોને જણાવી દેવું જરૂરી છે.

પણ અગર હાજર મેહમાનોમાંથી કોઈ એકનું એ બાબત તરફ ધ્યાન દોરાય, તો બીજા મહેમાનોને જાણ કરવી તેના માટે વાજિબ નથી.

અલબત્ત, અગર એ શખ્સ બાકીના મહેમાનો સાથે એવી રીતે હળીમળીને રહેતો હોય કે તેમના નજીસ થવાથી પોતે નજાસતમાં મુબ્તેલા થઈને શરીઅતના હુકમોનું ઉલ્લંઘન કરવા મજબૂર બનતો હોય, તો પછી તેમને જણાવી દેવું જરૂરી છે.

**મસઅલો ૧૪૦** : અગર ઉધાર લીધેલી વસ્તુ નજીસ થઈ જાય, તો એ બારામાં, મસઅલા ૧૩૬ માં જણાવેલી શરતોને અનુલક્ષી, ધણીને જણાવી દેવું જરૂરી છે.

**મસઅલો ૧૪૧** : જો કોઈ બાળક કહી દે કે ફલાણી વસ્તુ નજીસ છે, અથવા પાણીથી પાક કરી દેવામાં આવી છે, તો એ વાત માન્ય નહિ રાખી શકાય.

પણ જો એ બાળક સમજણ રાખતો હોય અને પાક નજીસને સરખી રીતે સમજી શકતો હોય; અને એ કહે કે ફલાણી વસ્તુને મેં પાણીથી પાક કરી છે, તો અગર એ વસ્તુનો વપરાશ એના હાથમાં હોય, અથવા એની વાત વિશ્વાસપાત્ર હોય, તો એની વાત માન્ય રાખી શકાશે. એવી જ રીતે અગર એ કોઈ વસ્તુની નજાસતની સાક્ષી આપે તો એ માન્ય રખાશે.

# મુતહ્હરાત (પાક કરનારી વસ્તુઓ)

**મસઅલો ૧૪૨** : બાર વસ્તુઓ નજાસતને પાક કરે છે; અને એ વસ્તુઓ મુતહહરાત તરીકે ઓળખાય છે : (૧) પાણી, (૨) જમીન, (૩) સૂરજ, (૪) ઈસ્તિહાલા, (૫) ઈન્કેલાબ, (૬) ઈન્તેકાલ, (૭) ઈસ્લામ, (૮) તબઈય્યત, (૯) અયને નજાસતનું દૂર થવું, (૧૦) નજીસ ખાનાર હૈવાનનો ઈસ્તિબ્રા, (૧૧) મુસલમાનનું ગાયબ થઈ જવું, (૧૨) ઝબીહાના શરીરમાંથી ખૂનનું વહી જવું. એ સર્વ બાબતોનો વિગતવાર ઉલ્લેખ અહીં નીચે જણાવેલા મસઅલામાં આપીએ છીએ.

## (૧) પાણી :

**મસઅલો ૧૪૩** : ચાર શરતો પૂરી થાય તો જ પાણી નજીસ વસ્તુઓને પાક કરે છે :

(૧) પાણી ચોખ્ખું–ભેળસેળ વિનાનું–મુત્લક હોવું જોઈએ. મુઝાફ પાણી, જેમકે ગુલાબજળ કે બીદે મિસ્ક (એક પ્રકારની જડીબુટ્ટીનું પાણી) નજીસ વસ્તુને પાક નહિ કરે.

(૨) પાણી પાક હોવું જોઈએ.

(૩) નજીસ વસ્તુને પાક કરવા માટે ધોતી વખતે મુઝાફ ન થઈ જાય, જે ધોવા બાદ ફરી ધોવું વાજિબ નથી, એમાં શરત છે કે પાણી નજાસતનો રંગ, ગંધ કે સ્વાદ ધારણ ન કરે, એ સિવાયના ધોવામાં અગર પાણીનો રંગ, ગંધ કે સ્વાદ (નજાસતના કારણે) બદલાઈ જાય તો વાંધો નથી. દાખલા તરીકે વસ્તુ કુર કે કલીલ પાણીથી ધોવાય, અને

એને બે વાર ધોવું વાજિબ હોય, તો પહેલી વાર ધોતી વખતે અગર રંગ, ગંધ કે સ્વાદ (નજાસતના કારણે) બદલાઈ અને ત્યારબાદ બીજી વાર ધોતી વખતે એવો કોઈ ફેરફાર ન જણાય, તો એ વસ્તુ પાક થઈ ગણાશે.
(૪) તહારત માટે પાણીથી ધોઈ લીધા બાદ નજીસુલ અયનના ઝીણાઝીણા ભાગો કે કણ, રજ વગેરે બાકી રહી જવા ન પામે.

કોઈપણ નજીસ વસ્તુને કલીલ પાણીથી પાક કરવા માટે અમુક બીજી શરતો પણ છે, જેનો ઉલ્લેખ આગળ આવશે.

**મસઅલો ૧૪૪** : નજીસ વાસણ કે ઠામના અંદરના ભાગને કલીલ પાણીથી ત્રણ વાર ધોવું વાજિબ છે; અને એહતિયાતે વાજિબની રૂએ કુર કે જારી પાણી કે વરસાદના પાણીથી પણ એ જ રીતે ત્રણ વાર ધોવું જોઈએ.

અને એ વાસણ કે જેમાંથી કૂતરાએ પાણી વગેરે પીધું હોય, એને પ્રથમ પાક માટીથી ઘસવું જોઈએ; અને એ માટી દૂર કર્યા બાદ કલીલ પાણી કે કુર અથવા જારીપાણીથી બે વાર ધોવું જોઈએ. એવી જ રીતે અગર કૂતરાએ વાસણ ચાટ્યું હોય, તો ધોવા પહેલાં માટીથી ઘસવું વાજિબ છે; અને જો કૂતરાના મોઢાનું થૂંક, લાળ કે શરીરનો કોઈ ભાગ વાસણને અડે, તો એહતિયાતે લાઝિમની રૂએ તે વાસણને માટીથી ઘસવા બાદ ત્રણ

વાર પાણીથી ધોવું જરૂરી છે.

**મસઅલો ૧૪૫** : જે ઠામ અથવા વાસણમાં કૂતરાએ મોઢું નાખ્યું હોય, એ ઠામનું મોઢું અગર તંગ હોય, તો તેમાં માટી નાખીને ખૂબ જોરથી હલાવવું જોઈએ, જેથી માટી વાસણના દરેક ભાગમાં પહોંચી જાય, અને ત્યારબાદ ઉપર જણાવ્યા મુજબ તેને ધોવામાં આવે.

**મસઅલો ૧૪૬** : જે વાસણને સુવ્વરે ચાટ્યું હોય, અથવા એમાંથી કોઈ પ્રવાહી પીધું હોય, અથવા એમાં જંગલી ઊંદર મરી જાય, તો એ વાસણને કલીલ, કુર કે જારી પાણીથી સાત વખત ધોવું જરૂરી છે, પણ માટીથી ઘસવું જરૂરી નથી.

**મસઅલો ૧૪૭** : જે વાસણ શરાબથી નજીસ થઈ જાય તેને ત્રણ વાર ધોવું જરૂરી છે, તેમાં કોઈ ફર્ક નથી કે પાણી કલીલ હોય, કુર હોય કે જારી હોય. એહતિયાતે મુસ્તહબ છે કે સાત વખત ધોવું જોઈએ.

**મસઅલો ૧૪૮** : અગર કોઈ વાસણ નજીસ માટીથી બનાવવામાં આવ્યું હોય, અથવા નજીસ પાણી તેમાં સર્પૂણ રીતે ફરી વળ્યું હોય, તો તેવા વાસણને કુર પાણીમાં કે જારી પાણીમાં મૂકવામાં આવે તો જે જગ્યાએ પાણી પહોંચશે તે (જગ્યા) પાક થઈ જશે પરંતુ જો કોઈ ઈચ્છે કે વાસણના આંતરિક ભાગને પણ પાક કરે, તો પછી કુર કે

જારી પાણીમાં વાસણને એટલા સમય સુધી રાખે કે પાણી આંતરિક ભાગો સુધી પહોંચી શકે.

હવે જો એ વાસણમાં એવી ભીનાશ હોય કે પાક પાણીને આંતરિક ભાગો સુધી પહોંચતાં અટકાવે, તો પહેલાં વાસણને સૂકાવવું જોઈએ; અને ત્યારબાદ તેને કુર કે જારી પાણીમાં રાખવું.

**મસઅલો ૧૪૯** : નજીસ વાસણને કલીલ પાણીથી પાક કરવાની બે રીતો છે :

(૧) વાસણમાં ત્રણ વાર પાણી ભરીને દરેક વાર ખાલી કરવામાં આવે.

(૨) બીજી રીત એ છે કે વાસણમાં અમુક પ્રમાણમાં પાણી રેડવામાં આવે, અને એ વાસણને એવી રીતે હલાવવામાં આવે કે અંદરનું પાણી દરેક નજીસ જગ્યા સુધી પહોંચી જાય, ત્યાર પછી એ પાણી બહાર ફેંકી દેવામાં આવે. આમ ત્રણ વાર કરવાથી વાસણ પાક થઈ જશે.

**મસઅલો ૧૫૦** : અગર દેગ કે મટકા વગેરે મોટા વાસણો નજીસ થાય, અને એને અગર ત્રણ વાર પાણીથી ભરીને ખાલી કરવામાં આવે, તો એ પાક થઈ જશે. એવી જ રીતે અગર તેમાં ઉપરથી ત્રણ વાર એ પ્રમાણે પાણી રેડવામાં આવે કે આજુબાજુ દરેક જગ્યાએ પાણી જઈ પહોંચે; અને તે બાદ દરેક વખતે અંદર ભેગું થયેલું પાણી

બહાર ફેંકી દેવામાં આવે તો પણ એ પાક થશે, પણ એહતિયાતે મુસ્તહબ એ છે કે બીજી અને ત્રીજી વાર પાણી બહાર લાવવા માટે જે વાસણનો ઉપયોગ થતો હોય તેને પણ પાણીથી પાક કરી લ્યે.

**મસઅલો ૧૫૧** : અગર નજીસ ત્રાંબુ વગેરે ધાતુને પીગળાવીને પાણીથી ધોઈ લેવામાં આવે, તો તેનો બહારનો ભાગ પાક થઈ જશે.

**મસઅલો ૧૫૨** : જે ભઠ્ઠી પેશાબથી નજીસ થાય, જો ઉપરથી એક વાર એવી રીતે તેમાં પાણી રેડવામાં આવે કે આજુબાજુ દરેક જગ્યાએ પહોંચે, તો એ ભઠ્ઠી પાક થઈ જશે. જો કે એહતિયાતે મુસ્તહબ છે કે આ કામ બે વાર અંજામ આપે; પણ અગર પેશાબ સિવાય કોઈ બીજા કારણે તન્દુર નજીસ થયું હોય, તો ઉપર જણાવ્યા મુજબ એક જ વાર પૂરી રીતે પાણી પહોંચાડવું કાફી છે; અને બેહતર છે કે ભઠ્ઠીની નીચે એક ખાડો ખોદવામાં આવે કે જેથી પાણી તેમાં ભેગું થાય, અને તે પાણી બહાર ફેંકી દીધા બાદ એ ખાડો માટીથી પૂરી દેવામાં આવે.

**મસઅલો ૧૫૩** : અગર કોઈ પણ નજીસ વસ્તુને કુર અથવા જારી પાણીમાં એકવાર એવી રીતે ડુબાડવામાં આવે કે જેથી તેના દરેક હિસ્સામાં પાણી પહોંચી વળે, તો એ નજીસ વસ્તુ પાક થઈ જશે; અને અગર એ વસ્તુ ગાલીચો કે લિબાસ હોય,તો તેને નીચોવવુ કે પગના જોરે દબાવવું વગેરે જરૂરી નથી. અલબત્ત, જયારે લિબાસ કે

શરીર પેશાબ થી નજીસ થાય, ત્યારે કુર પાણીથી એહતિયાતે વાજિબની રૂએ બે વાર ધોવું જરૂરી છે. જારી પાણીમાં એક વખત ધોવું કાફી છે.

**મસઅલો ૧૫૪** : અગર પેશાબને કારણે નજીસ થયેલી ચીજને કલીલ પાણીથી પાક કરવાનો ઈરાદો હોય, તો એક વાર તેના પર પાણી રેડે,અને તેમાંથી પાણી વહી ગયા બાદ એ ચીજ માં પેશાબનું નિશાન ન રહે તો એ પાક થઈ જશે, પરંતુ લિબાસ અને શરીરને બે વખત ધોવુ જોઈએ જેથી પાક થઈ જાય.

લિબાસ, ગાલીચા, ચટાઈ અને તેના જેવી ચીજોને દરેક વખતે નીચોવવું કે દબાવુ જરૂરી છે જેથી તેમાં રહેલ ધોવણ વહી જાય.

**મસઅલો ૧૫૫** : જો કોઈ એવા દૂધ પીતા બાળકના પેશાબથી નજીસ થઈ જાય જે દૂધ સિવાય બીજો કોઈ ખોરાક ન લેતો હોય તો એ વસ્તુ ઉપર એક વાર એ રીતે પાણી રેડવામાં આવે (ભલે પાણી ગમે તેટલું ઓછુ હોય) કે દરેક ભાગમાં પહોંચી જાય, તો પાક થઈ જશે. એહતિયાતે મુસ્તહબ છે કે બીજી વાર પણ પાણી રેડવામાં આવે; પણ ગાલીચા, લિબાસ વગેરે માટે નીચોવવા કે દબાવવાની જરૂરત નથી.

**મસઅલો ૧૫૬** : અગર કોઈ ચીજ પેશાબ સિવાય બીજા કોઈ કારણસર નજીસ થઈ હોય, તો નજાસત દૂર કર્યા બાદ તેના ઉપર એક્વાર કલીલ પાણી રેડી અને

વહેવડાવવાથી એ પાક થઈ જશે, પણ લિબાસ અને ગાલીચા વગેરે માટે જરૂરી છે કે તેને નીચોવવા કે દબાવવામાં આવે, જેથી તેમાં રહી ગયેલું ધોવણનું પાણી નીકળી જાય.

**મસઅલો ૧૫૭** : અગર નજીસ થઈ ગયેલી ચટાઈ કે જે દોરીથી વણીને બનાવવામાં આવી હોય, તેને કુર કે જારી પાણીમાં ડુબાડવામાં આવે, તો અયન નજાસત દૂર થઈ ગયા બાદ એ ચટાઈ પાક થઈ જશે, પણ અગર કલીલ પાણીથી પાક કરવાનો ઈરાદો હોય, તો શક્ય બને તે રીતે નીચોવવું કે દબાવવું જરૂરી છે કે જેથી તેમાંથી ધોવાણનું પાણી અલગ થઈ જાય, ચાહે તે માટે પગથી મહેનત કરવી પડે.

**મસઅલો ૧૫૮** : અગર ઘઉં, ચોખા વગેરેનો બહારનો ભાગ નજીસ થાય,તો તેને કુર કે જારી પાણીમાં ડુબાડવાથી પાક થઈ જશે; તે કલીલ પાણીથી પણ પાક થઈ શકે છે. પણ જો તેનો અંદરનો ભાગ નજીસ થયો હોય, અને કુર કે જારી પાણી અંદર સુધી પહોંચે, તો તે (ચીજ) પાક થઈ જશે.

**મસઅલો ૧૫૯** : અગર સાબુનો જાહેરી હિસ્સો નજીસ થઈ જાય તો પાક કરી શકાય છે. પણ અંદરનો ભાગ નજીસ થઈ જાય તો પાક કરી શકાતો નથી. અગર ઈન્સાન શક કરે કે સાબુની અંદરના ભાગ સુધી નજીસ પાણી પહોંચી ગયું હશે કે નહિ, તો સાબુની અંદરનો ભાગ પાક જ ગણાશે.

**મસઅલો ૧૬૦** : અગર ચોખા કે ગોશ્ત વગેરેના જાહેરી ભાગો નજીસ થઈ જાય, તો એને પાક વાસણમાં કે પાત્રમાં મૂકી તેના ઉપર એક વાર પાણી રેડવું; અને તે બાદ એ વાસણમાંથી પાણી ઢોળી દેતાં એ ચોખા કે ગોશ્ત વગેરે પાક થઈ જશે, પણ અગર નજીસ વાસણમાં મૂકવામાં આવે, તો ઉપર જણાવ્યા પ્રમાણે ત્રણ વાર કરવું પડશે, જેને પરિણામે એ વાસણ પણ પાક થઈ જશે.

અગર કપડાં વગેરેને વાસણમાં મૂકીને પાક કરવાનો ઈરાદો હોય, તો દરેક વાર પાણી રેડયા પછી એ કપડાં વગેરેને દબાવવું જોઈએ; અને પછી વાસણને સહેજ નમાવીને પાણી બહાર ઢોળી નાખવું. જેથી જે પાણી કપડાં વગેરેમાં રહી જવા પામ્યું હોય તે પણ બહાર નીકળી જાય.

**મસઅલો ૧૬૧** : અગર કોઈ નજીસ કપડું કે જેને ગળી કે એના જેવા પદાર્થથી રંગવામાં આવ્યું હોય, તેને કુર કે જારી પાણીમાં ડુબાડીને પાક કરવામાં આવે, અને પાણી એ રંગને કારણે મુઝાફ થાય એથી પહેલાં જો કપડાના દરેક ભાગ સુધી પહોંચી જાય, તો કપડું પાક થઈ જશે;અને જો કલીલ પાણીથી તેને પાક કર્યુ હોય, તો નીચોવતી વખતે તેમાંથી મુઝાફ પાણી ન નીકળે તો એ કપડું પાક થઈ જશે.

**મસઅલો ૧૬૨** : અગર કપડાંને કુર કે જારી પાણીમાં પાક કર્યા બાદ કપડા ઉપર પાણીમાં ભેગી થતી લીલ કે એના જેવો કોઈ પદાર્થ ચોંટેલો દેખાય, તો જો એવી

શક્યતા ન જણાય કે એ માટી વગેરે પાણીને સરખી રીતે પહોંચવામાં અટકાયતરૂપ થયું છે, તો તે કપડું પાક થયેલું ગણાશે.

**મસઅલો ૧૬૩** : કપડાં વગેરેને પાણીથી પાક કરી લીધા બાદ અગર તેના ઉપર માટી કે સાબુ દેખાય, અને એવી શક્યતા ન હોય કે પાણીને પહોંચવામાં અટકાયતરૂપ થયું છે, તો તે કપડું પાક છે. પણ જો નજીસ પાણી, માટી કે સાબુના અંદરના ભાગ સુધી પહોંચી ગયું હોય, તો માટી કે સાબુનો બાહ્ય ભાગ પાક થશે; અને અંદરનો ભાગ નજીસ ગણાશે.

**મસઅલો ૧૬૪** : જયાં સુધી લાગેલા કે ચોંટેલા નજીસુલ અય્નને દૂર ન કરવામાં આવે, ત્યાં સુધી કોઈ પણ ચીજ પાક થતી નથી. પણ અગર માત્ર તેની ગંધ કે તેનો રંગ બાકી રહી જવા પામે તો વાંધાજનક નથી. દાખલા તરીકે અગર કોઈ કપડું ખૂનથી નજીસ થયું હોય, અને તે ખૂનને દૂર કરીને ધોઈ લેવામાં આવતા લોહીનો રંગ બાકી રહે, તો એ કપડું પાક ગણાશે.

**મસઅલો ૧૬૫** : અગર કોઈ શખ્સ પોતાના શરીરની નજાસતને કુર કે જારી પાણીમાં દૂર કરે, તો શરીર પાક થશે, સિવાય કે શરીર પેશાબને કારણે નજીસ થયું હોય, એ સંજોગોમાં એક વાર ધોવાથી પાક નહિ થાય, પણ એના માટે પાણીમાંથી બહાર આવી બીજી વાર તેમાં દાખલ થવાની જરૂરત રહેતી નથી, બલ્કે પાણીમાં જ રહી નજીસ ભાગ ઉપર હાથ ફેરવી બે વાર પાણી પહોંચાડવું

કાફી છે.

**મસઅલો ૧૬૬** : દાંતો વચ્ચે અગર નજીસ ખોરાક રહી ગયો હોય, જો તેના ઉપર મોંઢામાં જ પાણીને એવી રીતે ફેરવે કે અનાજના દરેક ભાગ સુધી પહોંચે, તો તે પાક થઈ જશે.

**મસઅલો ૧૬૭** : માથાના કે ચહેરાના વાળને અગર કલીલ પાણીથી કોઈ પાક કરે, અને એ વાળનો જથ્થો વધારે ન હોય, તો ધોવણ માટે નીચોવવાની કોઈ જરૂરત નથી, કારણકે તેમાંથી સામાન્ય રીતે પાણી આપોઆપ છૂટ્ટુ પડી જાય છે.

**મસઅલો ૧૬૮** : અગર શરીર કે કપડાના કોઈ ભાગને કલીલ પાણીથી ધોવામાં આવે, તો તેની આજુબાજુ જોડાયેલ તે ભાગ પાક થઈ જશે જે ભાગો ઉપર સ્વભાવિક રીતે ધોતી વખતે પાણી પહોંચે છે એટલે તે આજુબાજુના ભીના થયેલા ભાગો ઉપર જુદું પાણી રેડવું જરૂરી નથી, બલ્કે એ બંને ભાગો એકી સાથે પાક થઈ જશે. એવી જ રીતે અગર એક નજીસ વસ્તુને પાક વસ્તુની બાજુમાં રાખી તેના ઉપર પાણી રેડવામાં આવે, તો બંને પાક થઈ જશે માટે જો એક જ આંગળી નજીસ થઈ હોય, અને તેના ઉપર પાણી રેડવામાં આવે, નજીસ કે પાક પાણી બીજી આંગળીઓ સુધી પહોંચે, તો એ નજીસ આંગળી પાક થતાં બીજી આંગળીઓ પાક થઈ જશે.

**મસઅલો ૧૬૯** : ગોશ્ત કે ચરબી અગર નજીસ થઈ જાય, તો બીજી વસ્તુઓની જેમજ તેને પણ પાણીથી

પાક કરી શકાશે એ જ પ્રમાણે લિબાસ કે શરીર ઉપર થોડીક ચીકાશ રહી હોય, જે પાણી પહોંચાડવામાં રૂકાવટ ન બનતી હોય. (તો તે પણ પાણીથી પાક થઈ શકશે.)

**મસઅલો ૧૭૦** : અગર કોઈ નજીસ વાસણમાં કે નજીસ શરીર ઉપર ચીકાશ વધારે પ્રમાણમાં હોય, કે જેને કારણે પાણી પહોંચી ન શકે, અને તેને પાક કરવાનો ઈરાદો હોય તે પહેલા ચીકાશને દૂર કરવી જોઈએ જેથી પાણી પહોંચી શકે.

**મસઅલો ૧૭૧** : નળનું પાણી અગર કુર પાણી સાથે જોડાયેલું હોય, તો એ કુરનો હુકમ ધરાવશે.

**મસઅલો ૧૭૨** : કોઈ પણ નજીસ વસ્તુને પાણીથી ખાત્રીપૂર્વક પાક કરી લીધા બાદ અગર શક થાય કે અયને નજાસતને પ્રથમ દૂર કરવામાં આવી હતી કે નહિ, તો બીજી વાર પાણીથી ધોઈ અયને નજાસત દૂર થઈ જવા બારામાં યકીન કરી લેવું જરૂરી છે.

**મસઅલો ૧૭૩** : જે જમીન પાણી ચૂસી લ્યે છે, જેમકે રેતીવાળી જમીન હોય, તે અગર નજીસ થાય તો એ પણ કલીલ પાણીથી પાક કરી શકાશે.

**મસઅલો ૧૭૪** : જે જમીન સખત હોય, પથરાળ હોય કે ઈંટ વગેરેથી પાકી કરવામાં આવી હોય, જે પાણી ન ચૂસ્તી હોય, તે અગર નજીસ થાય તો કલીલ પાણીથી પાક કરી શકાશે, પણ તેના ઉપર એટલું પાણી રેડવું જોઈએ કે એ પાણી વહેવા માંડે. હવે જો એ પાણી બહાર નીકળવાનો કોઈ માર્ગ ન હોય તો તે જગ્યાને પાક કરવા

માટે એકઠું થયેલું પાણી કોઈ વાસણ કે કપડાથી ખેંચી લેવું જોઈએ.

**મસઅલો ૧૭૫** : અગર ખાણમાંથી આવતા નીમકના ઢેફાં અથવા એના જેવી કોઈ ચીજનો જાહેરી ભાગ નજીસ થાય, તો એ પણ કુરથી ઓછા પાણી વડે પાક કરી શકાશે.

**મસઅલો ૧૭૬** : ઓગળી ગયેલી ખાંડ જો નજીસ થાય, અને તેને કંદ રૂપે ઘનાકારમાં ફેરવવામાં આવે, અને જો એ ઘન ખાંડ (ખાંગડા સાકરને)ને કુર યા જારી પાણીમાં રાખવામાં આવે તો પાક નહિં થાય.

**(૨) જમીન** :

**મસઅલો ૧૭૭** : જમીન પગના તેમજ જોડાના તળિયાને ચાર શરતો સાથે પાક કરે છે :

(૧) જમીન પાક હોવી જોઈએ; (૨) જમીન સૂકી પણ હોવી જોઈએ. (૩) એહતિયાતે લાઝિમની રૂએ નજાસત જમીન ઊપર ચાલવાના કારણે લાગેલી હોવી જોઈએ; (૪) પગના તળીયા કે જોડાના તળિયામા લાગેલુ નજીસુલ અય્ન (જેમકે ખૂન,પેશાબ) અથવા નજીસ થયેલી વસ્તુ (જેમકે નજીસ માટી વગેરે) જમીન ઉપર ચાલવાથી કે પગને ઘસવાથી દૂર થવી જોઈએ; અગર પહેલેથી જ નજીસુલ અય્ન દૂર થઈ ગયુ હોય, તો જમીન ઉપર ચાલવાથી કે પગ ઘસવાથી એહતિયાતે લાઝિમની રૂએ પાક નહિ ગણાય.

ઉપરાંત જમીન ધૂળ, પત્થર અથવા ઈંટ જેવી ચીજોથી બનેલી હોવી જોઈએ. ગાલીચા કે સાદડી અથવા

ઘાસ ઉપર ચાલવાથી પગના કે જોડાના તળિયા પાક નહિ થાય.

**મસઅલો ૧૭૮** : જે જમીન ઉપર ડામર પાથરવામાં આવ્યુ હોય અથવા તેના ઉપર લાકડાની ફરશબંધી થઈ હોય, તેના ઉપર ચાલવાથી પગનું તળિયુ કે જોડાનું તળિયુ પાક થાય તેમાં ઈશ્કાલ છે.

**મસઅલો ૧૭૯** : પગના કે જોડાના તળિયા પાક થાય તે માટે બેહતર છે કે પંદર હાથ (સામાન્ય ઈન્સાનના એક હાથનું માપ ૪૬ સે.મી. હોય છે.) યા એથી વધુ અંતર સુધી ચાલે, ભલે પછી પંદર હાથ જેટલું ચાલ્યા પહેલા જ અથવા જમીન ઉપર પગ ઘસી લેવાથી નજાસત દૂર થઈ ગઈ હોય.

**મસઅલો ૧૮૦** : પગ કે જોડાના નજીસ તળિયા માટે જરૂરી નથી કે એ ભીનાં હોય, બલ્કે અગર સૂકાં હોય, તો પણ ચાલવાથી પાક થઈ જશે.

**મસઅલો ૧૮૧** : જયારે ચાલવાથી પગ કે જોડાના નજીસ તળિયા પાક થઈ જાય, ત્યારે તેના આસપાસના એ ભાગ કે જેના ઉપર સામાન્ય રીતે માટી કીચડ વગેરે લાગતુ હોય છે, એ પણ પાક થઈ જાય છે.

**મસઅલો ૧૮૨** : જે શખ્સ હાથ કે ગોઠણભેર ચાલતો હોય, તેના નજીસ થયેલા હાથ કે ગોઠણ એ રીતે ચાલવાથી પાક થવામાં ઈશ્કાલ છે. એવી જ રીતે હાથની લાકડીનો છેડો, નકલી પગનાં તળિયાં, જાનવરના પગની નાળ, મોટર કે અન્ય ગાડીનાં પૈડાં વગેરેનું પાક થવું ઈશ્કાલ ધરાવે

છે.

**મસઅલો ૧૮૩** : જમીન ઉપર ચાલ્યા બાદ નજાસતનો રંગ, ગંધ કે બારીક અવશેષો કે જે દેખાતા ન હોય, અગર પગના તળિયાં કે જોડાના તળિયામાં બાકી રહે, તો વાંધાજનક નથી. જો કે એહતિયાતે મુસ્તહબ છે કે એટલું ચાલે કે જેથી એ અસરો પણ બાકી ન રહેવા પામે.

**મસઅલો ૧૮૪** : જોડાની અંદરનો ભાગ જમીન ઉપર ચાલવાથી પાક નહિ થાય; અને મોજાના તળિયાનું પાક થવું પણ ઈશ્કાલ ધરાવે છે, સિવાય કે એ ભાગ ચામડાં અથવા એવી કોઈ વસ્તુની બનેલી હોય કે જેને પહેરીને ચાલવાનો રિવાજ હોય તો પાક થઈ જશે.

## (૩) સૂરજ :

**મસઅલો ૧૮૫** : જમીન, ઈમારત અને દીવાલને સૂર્ય પાંચ શરતો સાથે પાક કરે છે :

(૧) નજીસ વસ્તુમાં એટલી ભીનાશ હોવી જોઈએ કે અગર તે કોઈ બીજી વસ્તુ સાથે સંપર્કમાં આવે,તો તેને પણ ભીની કરે; અગર એ નજીસ વસ્તુ સૂકાઈ ગઈ હોય,તો એને ફરી ભીની કરવી જોઈએ, જેથી સૂરજને કારણે એ સૂકાય.

(૨) અગર એ નજીસ વસ્તુમાં નજીસુલ અય્ન લાગેલું હોય, તો સૂરજ એને સૂકવે એની પહેલાં એ નજીસુલ અય્નને દૂર કરવું જોઈએ.

(૩) સૂરજના કિરણો અને એ નજીસ વસ્તુ વચ્ચે કોઈ

અવરોધ ન હોવો જોઈએ, અગર સૂરજ પડદાની પાછળથી કે વાદળા પાછળથી ગરમી પહોંચાડીને તેને સૂક્વે, તો એ પાક નહિ થાય, અલબત્ત, અગર વાદળાં બહુ જ ઘેરાયેલા ન હોય કે જેને કારણે કિરણને પહોંચવામાં રૂકાવટરૂપ ન હોય તો વાંધો નથી.

(૪) એ નજીસ વસ્તુ એકલા સૂરજના તાપથી સૂકાય, એટલે અગર એ નજીસ વસ્તુ સૂરજના તાપ અને ફૂંકાતા પવન વડે સૂકાય તો પાક નહિ થાય. હા, અગર હલકો પવન વાતો હોય કે જે માટે એમ ન કહી શકાય કે પવને સુકવવામાં મદદ કરી છે, તો વાંધો નથી.

(૫) ઈમારતનો જે ભાગ નજીસ થયો હોય તેને સૂરજ એક જ વખતમાં સૂકવે એટલે અગર પહેલી વાર ઈમારતના બહારના ભાગને તાપ વડે સૂકવે અને બીજી વાર અંદરના ભાગને તાપથી સૂક્વે, તો ફક્ત પહેલી વાર જે ભાગ સૂકાયો હશે તે ભાગ પાક થયેલો ગણાશે, અંદરનો ભાગ નજીસ રહેશે.

**મસઅલો ૧૮૬** : નજીસ સાદડીને સૂરજ પાક કરે છે, પણ અગર એ સાદડી દોરાથી વણવામાં આવી હોય, તો તે દોરીને  પાક નથી કરતો. એવી જ રીતે ઝાડ, ઘાસ કે બારી-બારણાંનું સૂરજથી પાક થવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૧૮૭** : અગર નજીસ જમીન ઉપર સૂરજનો તાપ પડયા બાદ કોઈ શખ્સ શક કરે કે એ જમીન ઉપર સૂરજનો તાપ પડયો એ પહેલા ભીની હતી કે નહિ, અથવા એ ભીનાશ સૂરજના તાપથી જ સૂકાઈ છે કે કેમ, તો એ

જમીન નજીસ રહેશે.

એવી જ રીતે અગર શક કરે કે સૂરજનો તાપ પહેલા નજીસુલ અય્નને દૂર કરવામાં આવ્યું હતું કે નહિ, અથવા એ કે સૂરજના કિરણો અને જમીન વચ્ચે કોઈ અવરોધ કે રૂકાવટ હતી કે કેમ, તો પણ જમીનનું પાક થવું મુશ્કેલ છે.

**મસઅલો ૧૮૮ :** અગર નજીસ દીવાલની એક બાજુ ઉપર સૂર્યનો તાપ પડે, અને એને કારણે દીવાલની બીજી બાજુ કે જેના ઉપર સૂર્યના કિરણો ન પડયા હોય, તે સૂકાઈ જાય, તો એ બંને ભાગોનું પાક થઈ જવું બઈદ નથી, પરંતુ જો એક દિવસ જાહેરી ભાગને સૂકવે અને બીજે દિવસે અંદરના ભાગને સૂકવે તો ફક્ત જાહેરી ભાગ જ પાક થશે.

## (૪) ઈસ્તિહાલા :

**મસઅલો ૧૮૯ :** અગર કોઈ નજીસ વસ્તુની હકીકત અને પ્રકાર બદલાઈ જઈ કોઈ પાક વસ્તુના પ્રકારનું રૂપ ધારણ કરે, તો એ પાક ગણાશે, જેમકે નજીસ લાકડું બળીને રાખ થઈ જાય, અથવા કૂતરો નિમકની ખાણમાં પડયો પડયો આખો નિમક થઈ જાય.

પણ અગર પ્રકાર ન બદલે તો પાક નહિ થાય, જેમકે અગર નજીસ ઘઉંનો લોટ બનાવવામાં આવે કે તેની રોટલી પકાવવામાં આવે, તો એ પાક નહિ થાય.

**મસઅલો ૧૯૦ :** નજીસ માટીથી ઘડો કે કુંજો

બનાવવામાં આવે, તો એ નજીસ રહેશે, પણ નજીસ લાકડાથી તૈયાર કરવામાં આવેલા કોલસા એ શર્તે પાક ગણાશે કે તેમાં આગલી કોઈ ખાસિયત બાકી ન રહી હોય. અગર નજીસ માટીને આગમાં પકાવી ઈંટ કે વાસણ બનાવવામાં આવે તો પણ એહતિયાતે વાજિબની રૂએ નજીસ જ રહેશે.

**મસઅલો ૧૯૧** : અગર કોઈ નજીસ વસ્તુ માટે નક્કી ન થઈ શકે કે એમાં ઈસ્તિહાલા થયું છે કે નહિ, તો એ નજીસ છે.

**(૫) ઈન્કલાબ** :

**મસઅલો ૧૯૨** : અગર શરાબ આપમેળે યા તેમાં કોઈ વસ્તુની મિલાવટ કરવાથી, જેમકે સુરકો કે નિમક નાખવાથી તે શરાબ બદલીને સુરકો થઈ જાય, તો એ પાક થઈ જશે.

**મસઅલો ૧૯૩** : જે શરાબને નજીસ દ્રાક્ષથી તૈયાર કરવામાં આવે, અથવા એના જેવી બીજી કોઈ નજાસતના મિશ્રણથી બનાવવામાં આવે, તે સુરકો થઈ જવાથી પાક નહિ થાય.

**મસઅલો ૧૯૪** : જે સુરકો નજીસ દ્રાક્ષ કે કિસમિસ અથવા નજીસ ખજૂરથી બનાવવામાં આવે, તે નજીસ છે.

**મસઅલો ૧૯૫** : અગર દ્રાક્ષ કે ખજૂરની નાની ડાંખળીઓ તેમાં હોય, અને તેમાં સુરકો નાખવામાં આવે, તો વાંધાજનક નથી. બલ્કે કાકડી અને રીંગણા વગેરે તેમાં

સુરકો થયા પહેલા મૂકવામાં આવે તો પણ ઈશ્કાલ નથી, સિવાય કે સુરકો થયા પહેલાં એમાં નશો પેદા થયો હોય.

**મસઅલો ૧૯૬** : અગર દ્રાક્ષના રસમાં આપમેળે યા તાપ દેવાથી ઉકળે તો એ હરામ થઈ જાય છે, પણ જો એટલો ઉકળે કે ૨/૩ ભાગ ખત્મ થઈ જાય, તો બાકી રહેલો ૧/૩ ભાગ હલાલ છે; પણ જો આ રસ નશીલો બની જાય જેમકે અમુક લોકોનું કહેવું છે કે આપમેળે ઉકળવાથી એવું બને છે. આ હાલતમાં સૂરકો બને ત્યારે જ હલાલ થશે. અને મસઅલાને ૧૧૦માં જણાવ્યા મુજબ દ્રાક્ષનો રસ ઉકળવાથી નજીસ થતો નથી.

**મસઅલો ૧૯૭** : અગર ઉકળ્યા વગર દ્રાક્ષરસનો ૨/૩ ભાગ ઓછો થઈ જાય, અને બાકી રહેલો ૧/૩ ભાગ ઉકળવા લાગે, તો અગર સામાન્ય રીતે એ દ્રાક્ષરસ ગણાતો હોય, અને ચાસણી તરીકે ન ગણાતો હોય, તો એહતિયાતે લાઝિમની રૂએ એ હરામ છે.

**મસઅલો ૧૯૮** : અગર કોઈ દ્રાક્ષરસના બારામાં ખબર ન હોય કે તેમાં જોશ (ઉભરો) આવ્યો હતો કે નહિ, તો એ હલાલ છે; પરંતુ જો તે ઉકળે, તો જયાં સુધી તેનો ૨/૩ ભાગ નાશ પામવાનું યકીન ન થાય ત્યાં સુધી તે હલાલ નહિ ગણાશે.

**મસઅલો ૧૯૯** : અગર કાચી દ્રાક્ષના ઝુમખામાં અમુક પાકી દ્રાક્ષ હોય, અને એ ઝુમખામાંથી કાઢેલ રસને સામાન્ય રીતે દ્રાક્ષરસ તરીકે ગણવામાં ન આવતો હોય, અને જો

તેમાં જોશ (ઉભરો) આવે તો પણ તે હલાલ ગણાશે.

**મસઅલો ૨૦૦** : અગર એક જ દ્રાક્ષ કોઈ ઉકળતી ચીજમાં પડે, અને તેમાં (પણ) ઉભરો આવી જાય પણ ઉકળતી ચીજમાં ગળી ન જાય, તો એહતિયાતે વાજિબની રૂએ માત્ર એ દ્રાક્ષનું જ ખાવું હરામ છે.

**મસઅલો ૨૦૧** : અગર એકથી વધુ દેગમાં ચાસણી પકાવવાનો ઈરાદો હોય, તો જે ચમચો ઉભરો આવેલી ચાસણીના ઉપયોગમાં લેવાયો હોય, તે ઉભરો આવ્યા વગર ચાસણીવાળી દેગમાં વાપરી શકાશે.

**મસઅલો ૨૦૨** : અગર ખબર ન હોય કે કાચી દ્રાક્ષનો રસ છે કે પાકી દ્રાક્ષનો છે, અને તેમાં જોશ (ઉભરો) આવે તો એ હલાલ છે.

## (૬) ઈન્તિકાલ :

**મસઅલો ૨૦૩** : જો ઈન્સાન અથવા એવું પ્રાણી જેનું ખૂન ઉછળીને વહે છે, તેનું ખૂન કોઈ એવો જીવ જેમાં સામાન્ય રીતે ખૂન હોતું નથી, તે એવી રીતે ચૂસી લ્યે કે તેના શરીરનો ભાગ બની જાય તો તે ખૂન પાક થઈ જશે. જેમકે મચ્છર ઈન્સાન અથવા જાનવરના શરીરમાંથી એવી રીતે ખૂન ચૂસે (કે તેના શરીરનો ભાગ બની જાય) તો તે ખૂન પાક થઈ જશે અને આને ઈન્તેકાલ કહેવાય.

પરંતુ ખૂન ચૂસી લેનાર જળો (જોંક) જયારે ઈલાજ ખાતર ઈન્સાનના શરીર ઉપર બેસાડવામાં આવે; અને એ ખૂન ચૂસે તો તે ખૂન પાક નથી, કારણ કે જળોના

શરીરનો ભાગ થઈ જતો નથી.

**મસઅલો ૨૦૪** : અગર કોઈ શખ્સ પોતાના શરીર ઉપર બેઠેલા મચ્છરને મારી નાખે, અને એ મચ્છરે જે ખૂન ચૂસ્યું હોય તે બહાર આવે, તો દેખીતી રીતે એ ખૂન પાક છે, કારણ કે મચ્છરના શરીરમાં તેના ખોરાક તરીકે પ્રવેશ કરી ચૂક્યું છે; ભલેપછી તેના ખૂન ચૂસવા અને તેને મારી નાખવા વચ્ચે સમયનું અંતર તદ્દન ઓછું હોય, પરંતુ એહતિયાતે મુસ્તહબ છે કે એવા સંજોગોમાં એ ખૂનથી પરહેઝ કરવું જોઈએ.

**(૭) ઈસ્લામ** :

**મસઅલો ૨૦૫** : અગર કોઈ કાફિર કોઈ પણ ભાષામાં શહાદતૈન પઢે, એટલે કે ખુદાની વહદાનિયત અને હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની નબુવ્વતની સાક્ષી આપે, તો એ મુસલમાન થયો ગણાશે. જોકે અગાઉ એ નજીસ હતો, પણ હવે મુસલમાન થયા બાદ તેનું શરીર, થૂંક, નાકની રૂતુબતો અને પરસેવો પાક ગણાશે.

પણ અગર મુસલમાન થતી વખતે તેના શરીર ઉપર નજીસુલ અય્ન હોય, તો તેને દૂર કરી પાણીથી પાક કરવું જોઈએ, બલ્કે અગર મુસલમાન થયા પહેલાં જો નજીસુલ અય્ન દૂર કરી ચૂક્યો હોય, તો પણ એહતિયાતે વાજિબ છે કે એ જગ્યાની પાણીથી તહારત કરે.

**મસઅલો ૨૦૬** : અગર તે કાફિર હતો ત્યારે કોઈ લિબાસ ભીનાશ સાથે તેના શરીરને લાગેલો હોય, અને

મુસલમાન થતી વખતે લિબાસ તેના શરીર ઉપર હોય કે ન હોય, એહતિયાતે વાજિબ એ છે કે એ લિબાસથી પરહેઝ કરે.

**મસઅલો ૨૦૭** : અગર કોઈ કાફિર શહાદતૈન પઢે, અને કોઈ શક કરે કે એ દિલથી મુસલમાન થયો છે કે નહિ, તો એ પાક છે; બલ્કે અગર જાણતો હોય કે દિલથી મુસલમાન થયો નથી, પરંતુ જો તૌહીદ અને રિસાલત વિરૂધ્ધ કોઈ બાબત તેનાથી જાહેર ન થઈ હોય તો તે પાક છે.

## (૮) તબઈય્યત :

**મસઅલો ૨૦૮** : તબઈય્યત એટલે કોઈ નજીસ વસ્તુ બીજી વસ્તુ પાક થવાના કારણે પાક થાય.

**મસઅલો ૨૦૯** : અગર શરાબ સુરકો થઈ જાય તો એનું વાસણ, ઠામ પણ પાક થઈ જશે; અને ઉકળતી વખતે શરાબ એ પાત્રમાં જયાં સુધી પહોંચ્યો હશે, ત્યાં સુધીની જગ્યાઓ પાક થઈ જશે; અને સામાન્ય રીતે એ પાત્ર ઉપર જે કપડું વગેરે મૂકવામાં આવે છે, તે પણ અગર નજીસ થયેલું હોય તો પાક થઈ જશે. પણ ઠામની બહારનો હિસ્સો અગર શરાબથી નજીસ થયેલો હોય, તો એહતિયાતે વાજિબ છે કે સુરકામાં ફેરવાઈ ગયા બાદ તે બહારના હિસ્સાથી પરહેઝ કરવામાં આવે.

**મસઅલો ૨૧૦** : કાફિરનું બાળક તબઈય્યતની રૂએ બે સંજોગમાં પાક થઈ જાય છે :

(૧) જયારે કાફિર મુસલમાન થાય ત્યારે તેનું બાળક

તબઈય્યતને આધારે પાક થશે. એવી જ રીતે જો બાળકના દાદા કે મા અથવા દાદી મુસલમાન થાય તો બાળક પાક થશે, પણ તેમાં શરત એ છે કે એ બાળક એ નવા મુસલમાનની સાથે હોય અને તેના ઉછેરમાં હોય. ઉપરાંત કોઈ બીજો વધુ નઝદીકનો કાફિર એ બાળકની સાથે ન હોવો જોઈએ.

(૨) અગર કાફિરનું બાળક મુસલમાનોનું કેદી બને, અને તેની સાથે તેનો બાપ કે દાદા કે પરદાદા ન હોય, તો એ પાક ગણાશે.

ઉપરોકત બંને સંજોગોમાં તબઈય્યતને આધારે પાક થવામાં વધુ શરત એ છે કે એ બાળક જો સમજણો હોય, તો પોતાના કુફ્રને જાહેર ન કરતો હોય.

**મસઅલો ૨૧૧** : જે તખ્ત ઉપર મૈયતને ગુસ્લ દેવામાં આવે છે, અને તેની શરમગાહને ઢાંકવા માટે જે કપડું મૂકવામાં આવે છે, તે ઉપરાંત ગુસ્લ દેનારના હાથો અને બીજી અન્ય વસ્તુઓ કે જે ગુસ્લ દેતી વખતે મૈયત સાથે ધોવાતી રહે છે, એ સર્વે ગુસ્લે મૈયત પૂરું થતાની સાથે પાક થઈ જાય છે.

**મસઅલો ૨૧૨** : જયારે કોઈ શખ્સ હાથોથી કોઈ નજીસ વસ્તુને પાણીથી પાક કરતો હોય. ત્યારે એ નજીસ વસ્તુ પાક થતાની સાથે હાથો પણ આપોઆપ પાક થઈ જશે.

**મસઅલો ૨૧૩** : અગર કોઈ શખ્સ કલીલ પાણીથી કપડું વગેરે પાક કરે, અને સાધારણ રીતે નીચોવીને તેમાંથી

પાણી છૂટું પાડી દીધા બાદ તેમાં બાકી રહેલું થોડુંક પાણી પાક ગણાશે.

**મસઅલો ૨૧૪ :** નજીસ વાસણ કે ઠામ વગેરેને જયારે કલીલ પાણીથી પાક કરવામાં આવે, ત્યારે તેને પાક કરવા માટે રેડવામાં આવેલું પાણી બહાર ફેંક્યા બાદ જે થોડુ ઘણું પાણી તેમાં રહી જવા પામે તો એ પાક છે.

**(૯) અયને નજાસતનું દૂર થવું :**

**મસઅલો ૨૧૫ :** અગર કોઈ જાનવરનું શરીર અય્ને નજાસતથી અથવા કોઈ નજીસ ચીજથી નજીસ થયેલું હોય, અને એ દૂર થઈ જાય, તો શરીર પાક થઈ જશે. એવી જ રીતે ઈન્સાનના શરીરના આંતરિક ભાગો, જેમકે મોઢાંની અંદર કે નાક-કાનની અંદર અગર બહારની નજાસતને કારણે નજીસ થઈ જાય, તો તે નજાસત દૂર થતા એ ભાગો પાક થઈ જાય છે, પરંતુ આંતરિક ભાગોની નજાસત, જેમકે દાંતમાંથી લોહી પડતું હોય, તે શરીરના આંતરિક ભાગને નજીસ નહિ કરે.

ઉપરાંત અગર બહારથી કોઈ વસ્તુ શરીરની અંદર આંતરિક નજાસતથી મળે, તો નજીસ નહિ થાય, દાખલા તરીકે મોઢામાં અમુક બનાવટી દાંત હોય, અને અસલી દાંતમાંથી લોહી ઝરતું હોય, તો જયાં સુધી એ દાંત મોઢાની અંદર છે, તેને પાણીથી પાક કરવાની જરૂરત નહિ રહે. અલબત્ત અગર નજીસ ખોરાક એ દાંતને મળે તો તેને પાક કરવો પડશે.

**મસઅલો ૨૧૬ :** અગર દાંત વચ્ચે ખોરાક રહી જવા

પામ્યો હોય, અને મોઢાંની અંદરના ભાગમાં લોહી ઝરતું હોય, તો એ દાંતમાં રહી ગયેલું અનાજ એ લોહી સાથે મળતાં નજીસ નહિ થાય.

**મસઅલો ૨૧૭** : હોંઠ અને આંખ બંધ થતાં જેટલો ભાગ ઢંકાઈ જાય છે, એટલા ભાગને શરીરનો આંતરિક ભાગ ગણવો જોઈએ માટે જો એ ભાગનો બહારની નજાસતથી મેળાપ થાય તો પાણીથી ધોઈને પાક કરવાની જરૂર નથી, પણ અગર ઈન્સાન એ નક્કી ન કરી શકે કે શરીરનો ફલાણો ભાગ બહારનો ગણાય કે આંતરિક, તો એવા સંજોગમાં બહારની નજાસત સાથે સંપર્ક થતા પાણીથી પાક કરવું લાઝિમ છે.

**મસઅલો ૨૧૮** : અગર કપડાં કે ગાલીચા ઉપર નજીસ ધૂળ કે માટીના રજકણો ચોટેલા હોય, તો તેને ખંખેરવા બાદ એ કપડાં કે ગાલીચાને પાક ગણવામાં આવશે. તેને ધોવાની જરૂર નથી.

## (૧૦) નજાસત ખાનાર હૈવાનનો ઈસ્તિબ્રા :

**મસઅલો ૨૧૯** : જે જાનવરને ઈન્સાનની નજાસત ખાવાની ટેવ પડી ગઈ હોય, એ જાનવરનું પેશાબ-પાયખાનુ નજીસ છે; અને અગર તેને પાક કરવું હોય તો તેના માટે ઈસ્તિબ્રા જરૂરી છે. એ ઈસ્તિબ્રાનો અર્થ એ છે કે અમુક નિશ્ચિત સમય સુધી એ જાનવરને નજાસત ખાવાથી રોકવામાં આવે અને પાક ખોરાક ખવડાવવામાં આવે, જેથી એ મુદ્દતને અંતે એ જાનવરને નજીસ ખાનાર જાનવર ન કહેવામાં આવે.

એહતિયાતે મુસ્તહબ છે કે નજાસત ખાનાર ઊંટને ચાલીસ દિવસ, ગાયને વીસ દિવસ, ઘેટા-બકરાંને દસ દિવસ, બતક વગેરેને પાંચથી સાત દિવસ, ઘરમાં પાળેલી મુરઘીને ત્રણ દિવસ સુધી નજાસત ખાવાથી અટકાવવામાં આવે, ભલે પછી એ મુદ્દત પૂરી થયા પહેલા જ એ જાનવરને નજાસત ખાનાર ન કહેવામાં આવે.

## (૧૧) મુસલમાનનું ગાયબ થઈ જવું :

**મસઅલો ૨૨૦ :** અગર કોઈ બાલિગ મુસલમાનનું અથવા નજીસ - પાકને પારખી શકે એવા નાબાલિગ પણ સમજદાર બાળકનું શરીર કે કપડું કે એના કબ્જામાં રહેતી અન્ય વસ્તુઓ, જેમકે ઠામ-વાસણ, ગાલીચા વગેરે નજીસ થાય; અને એ મુસલમાન ત્યાંથી ચાલ્યો જાય અને એવી શક્યતા હોય કે તેને પાણીથી ધોઈ પાક કરી લીધું હશે. તો તે પાક સમજવામાં આવશે.

**મસઅલો ૨૨૧ :** અગર કોઈને યકીન અથવા ઈત્મીનાન થઈ જાય કે ફલાણી વસ્તુ જે નજીસ હતી એ પાક થઈ ગઈ છે, અથવા બે આદિલો તેના પાક હોવાની સાક્ષી એ રીતે આપે કે જેથી પાક થઈ જવાનું કારણ સમજાય, તો એ વસ્તુ પાક છે. જેવી રીતે કે ગવાહી આપે પેશાબથી નજીસ થયેલ લિબાસ બે વખત ધોવામાં આવેલ છે.

એવી જ રીતે અગર કોઈ શખ્સ પોતાના કબ્જામાં રહેલી નજીસ વસ્તુ માટે કહી દે કે તે પાક થઈ ગઈ છે, અને એ શખ્સ ખોટાબોલો ન હોય, તો તેને પાક સમજવું

જોઈએ; અને કોઈ મુસલમાન નજીસ વસ્તુને પાણીથી ધોઈ લ્યે, ભલે પછી ખબર ન હોય કે એણે સરખી રીતે ધોઈને પાક કરેલ છે કે નહિ, તો પણ એને પાક સમજવું જોઈએ.

**મસઅલો ૨૨૨ :** અગર એક શખ્સ કોઈ બીજાનાં કપડાં પાણીથી પાક કરવાની જવાબદારી સ્વીકારે, અને એ કહે કે મેં પાક કરી લીધું છે, અને તે શખ્સને (બીજા શખ્સની) વાત ઉપર ભરોસો આવી જાય તો તે કપડા પાક છે.

**મસઅલો ૨૨૩ :** કોઈ માણસની હાલત એવી થઈ હોય કે ગમે તેટલી વાર પાણીથી ધોઈ લીધા બાદ પણ નજીસ વસ્તુ પાક થવા સંબંધે તેને યકીન ન થતું હોય, તો સામાન્ય રીતે લોકો જેમ ધોતા હોય તેમ ધોવુ તેના માટે કાફી છે.

**(૧૨) ઝબીહાના ખૂનનું વહી જવું :**

**મસઅલો ૨૨૪ :** હૈવાનને શરીઅત મુજબ ઝબ્હ કર્યા બાદ સામાન્ય રીતે જેટલું લોહી વહી જતુ હોય તે વહી ગયા બાદ તેના શરીરમાં રહી ગયેલું લોહી પાક છે. આ વિશેનો મસઅલા ૯૪માં ઉલ્લેખ થઈ ચૂક્યો છે.

**મસઅલો ૨૨૫ :** એહતિયાતે વાજિબની રૂએ ઉપરોક્ત હુકમ હલાલ ગોશ્તવાળા જાનવરને લાગું પડે છે. હરામ ગોશ્તવાળા જાનવરોને લાગું પડતો નથી.

## વાસણના એહકામ

**મસઅલો ૨૨૬ :** જે પાત્ર કૂતરાની, સુવ્વરની કે મુરદાર ચામડીથી બનેલું હોય, તેમાં ખાવું-પીવું હરામ છે, જ્યારે

કે ભીનાશને કારણે નજીસ થઈ જતું હોય; અને એ પાત્રને વઝુ, ગુસલ કે એવા કાર્યો માટે ઉપયોગમાં ન લેવું જોઈએ જે અમલ પાક ચીઝોથી અંજામ દેવો જરૂરી હોય; અને એહતિયાતે મુસ્તહબ એ છે કે કૂતરા,સુવ્વર કે મુરદારની ચામડીને ઠામ-વાસણ ઉપરાંત કોઈ પણ બીજી રીતે ઉપયોગમાં ન લેવામાં આવે.

**મસઅલો ૨૨૭** : સોના-ચાંદીના વાસણમાં ખાવુપીવુ બલ્કે કોઈ પણ રીતે તેનો ઉપયોગ એહતિયાતે વાજિબની રૂએ હરામ છે, પણ શોભા કે ઝીનત માટે ઓરડામાં મૂક્વું અથવા પોતાની પાસે રાખવામાં વાંધો નથી, જો કે અહવત છે કે તેને પણ તર્ક કરે. એ જ હુકમ સોના-ચાંદીના પાત્રો ઘડવા કે ખરીદ અને વેચાણ માટે છે, એટલે જો શોભા માટે કે પાસે રાખવા માટે હોય તો વાંધો નથી. જો કે અહવત છે કે તેને પણ તર્ક કરે.

**મસઅલો ૨૨૮** : ઈસ્તકાન (જે નાનકડા પાત્રમાં ચા કે કોફી પીવાય છે વગેરે)નું હોલ્ડર અગર સોનામાંથી કે ચાંદીમાંથી બનેલું હોય, અને એ હોલ્ડર વાસણ તરીકે ગણાતું હોય, તો પછી સોના-ચાંદીના વાસણનો હુકમ લાગુ પડશે; અને અગર એ પાત્ર તરીકે ન લેખાતું હોય તો તેનો ઉપયોગ વાંધાજનક નથી.

**મસઅલો ૨૨૯** : એવું વાસણ કે જેના ઉપર સોના કે ચાંદીનું માત્ર પાણી ચડાવવામાં આવ્યું હોય, તેના ઉપયોગમાં કોઈ વાંધો નથી.

**મસઅલો ૨૩૦** : અગર કોઈ ધાતુમાં સોનું કે ચાંદી

મિશ્રણ કરીને તેનું વાસણ ઘડવામાં આવે, અને તેમાં ધાતુનો ભાગ એટલો હોય કે એ વાસણને સોના કે ચાંદીના વાસણ તરીકે ન લેખવામાં આવે, તો તેના વપરાશમાં કંઈ વાંધો નથી.

**મસઅલો ૨૩૧ :** કોઈ શખ્સ સોના કે ચાંદીના વાસણમાંથી ખોરાક બીજા વાસણમાં ઢાલવી લ્યે, જો સામાન્ય રીતે પહેલા વાસણના ઉપયોગની કડી ન ગણવામાં આવે, તો તેમાં વાંધો નથી.

**મસઅલો ૨૩૨ :** હુક્કાની નળીનો છેડો, જયાંથી કશ લેવાય છે તે, અને તલવાર કે ચાકુની મિયાન, તેમજ કુરઆને મજીદ રાખવાનું બોક્ષ અગર સોના કે ચાંદીનું બનેલું હોય, તો તેમાં વાંધો નથી, પણ એહતિયાતે મુસ્તહબ એ છે કે સોનાનાં કે ચાંદીના અત્તરદાન કે સુરમાદાન ઉપયોગમાં ન લેવામાં આવે.

**મસઅલો ૨૩૩ :** અગર કોઈ મજબૂરીને કારણે સોના કે ચાંદીના વાસણમાંથી ખાવું કે પીવું પડે, તો જરૂરત પૂરતું જ ખાઈ કે પી શકાય છે. જરૂરતથી વધુ પ્રમાણમાં જાઈઝ નથી.

**મસઅલો ૨૩૪ :** અગર કોઈ વાસણ માટે એ નક્કી ન કરી શકાતું હોય કે એ સોના કે ચાંદીથી બનેલું છે કે નહિ, તો તેના ઉપયોગમાં વાંધો નથી.

## વઝુનું બયાન

**મસઅલો ૨૩૫ :** વઝુમાં વાજિબ છે કે ઈન્સાન

પોતાના ચહેરા અને બંને હાથોને ધોવે; અને માથાના આગલા ભાગ અને પગના ઉપરના ભાગ પર મસહ કરે.

**મસઅલો ૨૩૬ :** ચહેરાને લંબાઈમાં પેશાનીથી ઉપર જયાં વાળ ઊગે છે, ત્યાંથી હડપચીના છેલ્લા ભાગ સુધી ધોવું જોઈએ, અને પહોળાઈમાં હાથના અંગૂઠા અને વચલી આંગળી વચ્ચે જેટલો વિસ્તાર આવે તેને ધોવું જોઈએ. આમાંથી થોડોક ભાગ પણ (ધોવામાં) રહી જાય તો વઝુ બાતિલ છે, માટે જો ઈન્સાનને યકીન ન થાય કે એટલો વિસ્તાર સંપૂર્ણ રીતે ધોવામાં આવ્યો છે કે નહિ, તો યકીન કરવા માટે આજુ બાજુનો થોડોક ભાગ વધુ ધોઈ લ્યે.

**મસઅલો ૨૩૭ :** અગર કોઈ શખ્સનો ચહેરો કે હાથ અસાધારણ રીતે નાનો કે મોટો હોય, તો સામાન્ય રીતે લોકો જેટલા વિસ્તાર સુધી પોતાના ચહેરાને વઝુ કરતી વખતે ધોતા હોય એ જોઈને તે મુજબ ધોવે, એવી જ રીતે અગર તેની પેશાનીની ઉપર કે માથાના આગલા હિસ્સામાં વાળ ન હોય, તો સામાન્ય હદ સુધી પોતાની પેશાની ધોઈ લ્યે.

**મસઅલો ૨૩૮ :** અગર કોઈને એવી શક્યતા લાગે કે તેના ભવાંમાં કે આંખો યા હોઠના ખૂણે કોઈ વસ્તુ કે મેલ છે, જે પાણી પહોંચવાના રૂકાવટ છે જો લોકોની નજરમાં આ શક્યતા યોગ્ય હોય તો વઝુ પહેલા તપાસ કરવી જોઈએ અને કોઈ ચીઝ હોય તો તેને દૂર કરવી જોઈએ.

**મસઅલો ૨૩૯ :** અગર ચહેરાની ચામડી બાલ નીચેથી દેખાતી હોય, તો પછી ચામડી સુધી પાણી પહોંચાડવું

જોઈએ, પણ જો ચામડી બાલ નીચે દેખાતી ન હોય, તો બાલનું ધોવું કાફી છે, તેની નીચે ચામડી સુધી પાણી પહોંચાડવું જરૂરી નથી.

**મસઅલો ૨૪૦** : અગર કોઈને શક હોય કે બાલની નીચેની ચામડી દેખાય છે કે નહિ તો એવા સંજોગોમાં એહતિયાતે વાજિબની રૂએ બાલને ધુવે અને ચામડી સુધી પાણી પહોંચાડે.

**મસઅલો ૨૪૧** : નાકના અંદરના ભાગને કે આંખ, હોઠ બંધ થતા જે ભાગ ઢંકાઈ જાય તેને વઝુમાં ધોવું વાજિબ નથી, પણ અગર કોઈ શખ્સને યકીન ન થાય કે જે-જે જગ્યાએ પાણી પહોંચવું જરૂરી છે તે જગ્યાએ પાણી પહોંચ્યું છે કે નહિ, તો વાજિબ છે કે યકીન થાય તે માટે એ ભાગો પણ થોડાક પ્રમાણમાં ધોઈ લ્યે.

અગર કોઈ શખ્સ આ બાબત જાણતો ન હોય અને તેણે જે વઝુ કર્યું છે, તેમાં જયાં પાણી પહોંચાડવું જરૂરી છે ત્યાં પાણી પહોંચાડી શક્યો હતો કે કેમ તેની તેને ખબર ન હોય તો પઢી લીધેલી નમાઝ સહીહ ગણાશે; અને જો એના પછી કોઈ નમાઝ પઢવાની હોય તો તે માટે ફરી વઝુ કરવાની જરૂરત નથી.

**મસઅલો ૨૪૨** : એહતિયાતે લાઝિમ એ છે કે ચહેરો તેમજ હાથ ધોતી વખતે પાણી ઉપરથી નીચે તરફ વહેવડાવવામાં આવે; અગર કોઈ નીચેથી ઉપર તરફ પાણી વહેવડાવીને ધૂવે, તો વઝુ બાતિલ છે.

**મસઅલો ૨૪૩** : અગર કોઈ શખ્સ પોતાના હાથને

પાણીમાં ભીંજવીને ચહેરા કે હાથો ઉપર ફેરવે, અને અગર એ હાથની ભીનાશ એટલી હોય કે ચહેરા અને હાથોના બધા ભાગો સુધી પહોંચે તો એ કાફી છે; તેના ઉપર પાણીનું વહેવડાવવું જરૂરી નથી.

**મસઅલો ૨૪૪** : ચહેરાને ધોઈ લીધા બાદ પ્રથમ જમણા હાથને અને તે પછી ડાબા હાથને કોણીથી માંડીને આંગળીઓના ટેરવાં સુધી ધોવું જોઈએ.

**મસઅલો ૨૪૫** : અગર કોઈ શખ્સને યકીન ન થાય કે કોણીને સંપૂર્ણ રીતે ધોઈ શક્યો છે કે નહિ, તો યકીન કરવા માટે જરૂરી છે કે કોણીની ઉપરનો અમુક ભાગ પણ ધોઈ લ્યે.

**મસઅલો ૨૪૬** : અગર કોઈ શખ્સે ચહેરો ધોયા પહેલાં પોતાના હાથો કાંડા સુધી ધોઈ લીધા હોય, તો પણ વઝુ કરતી વખતે કોણીથી આંગળીઓના ટેરવા સુધી ધોવું જરૂરી છે. અગર ફકત કાંડા સુધી ધોશે તો વઝુ બાતિલ ગણાશે.

**મસઅલો ૨૪૭** : વઝુ કરતી વખતે ચહેરા અને હાથોને એક વાર ધોવું વાજિબ, બે વાર ધોવું મુસ્તહબ, અને ત્રણ વાર કે તેનાથી વધારે વાર ધોવું હરામ છે.

પહેલી વાર ધોવું એટલે કે વઝુની નિય્યતથી ચહેરા કે હાથો ઉપર એટલું પાણી રેડે કે દરેક જગ્યાએ પહોંચે; અને વધુ એહતેયાત કરવાની આવશ્યકતા ન રહે.

તો અગર કોઈ શખ્સ ફકત ધોવાની નિય્યતને દસ વાર ચહેરા ઉપર પાણી રેડે અને સર્વત્ર પહોંચાડે, તો

તેમાં વાંધો નથી. જયાં સુધી ધોવા સાથે વઝુની નિય્યત ન હોય ત્યાં સુધી પહેલી વાર ધોવું પૂરૂં થયું નહિ ગણાય.

એવું પણ કરી શકે કે ધોવાને ઈરાદે કઈક વાર પાણી રેડે, અને છેલ્લે વઝુ માટે ધોવાની નિય્યત કરે, પણ એ બીજી વાર ધોવામાં નિય્યત મોઅતબર હોવામાં ઈશ્કાલ છે.

અને એહતિયાતે લાઝિમની રૂએ ચહેરા કે હાથોને બીજી વાર ધોવા માટે એક વારથી વધુ ન ધોવામાં આવે, ભલેપછી એ વઝુની નિય્યતથી ન હોય.

**મસઅલો ૨૪૮ :** બંને હાથ ધોઈ લીધા બાદ માથાના આગલા હિસ્સાને, એ જ ભીનાશથી કે જે વઝુને કારણે હાથમાં રહી હોય, મસહ કરવો જોઈએ; અને એહતિયાતે મુસ્તહબ એ છે કે જમણા હાથની હથેળીથી મસહ કરવામાં આવે, અને મસહ ઉપરથી નીચેના ભાગ તરફ કરવામાં આવે.

**મસઅલો ૨૪૯ :** માથાના ચાર ભાગમાંથી જે આગલો ભાગ પેશાની તરફ છે, તે મસહની જગ્યા ગણાય. એ ભાગમાં કોઈ પણ જગ્યાએ ગમે તેટલા વિસ્તારમાં મસહ કરે તો કાફી છે, જો કે એહતિયાતે મુસ્તહબ છે કે લંબાઈમાં એક આગળીની લંબાઈ અને પહોળાઈમાં ત્રણ સાથે મૂકેલી આંગળીઓ જેટલા વિસ્તાર ઉપર મસહ કરે.

**મસઅલો ૨૫૦ :** મસહ માટે જરૂરી નથી કે માથાની ચામડી કે ટાલ ઉપર થાય, બલ્કે માથાના આગલા ભાગના વાળ ઉપર પણ સહીહ ગણાશે, પણ અગર માથાના

વાળ બેહદ લાંબા હોય, એટલે સુધી કે ઓળતી વખતે એ ચહેરા સુધી પહોંચી જતાં હોય, અથવા માથાના બીજા ભાગોને આવરી લેતા હોય, તો પછી વાળના મૂળ ઉપર મસહ કરવું જોઈએ, અથવા વાળને જુદા પાડી ચામડી ઉપર મસહ કરે.

અગર કોઈએ લાંબા વાળને એક જગ્યાએ માથાના આગલા હિસ્સામાં ભેગા કરે, અથવા બીજા હિસ્સાના વાળને આગળ લઈ આવે, અને તેના ઉપર મસહ કરે તો એ મસહ બાતિલ છે.

**મસઅલો ૨૫૧** : માથાના મસહ બાદ વઝુની એ જ ભીનાશ કે જે હાથોમાં રહી ગઈ હોય, તેનાથી પગના આગલા હિસ્સામાં પગની કોઈ પણ એક આંગળીથી લઈ સાંધા સુધી મસહ કરવું જોઈએ; એહતિયાતે વાજિબની બીના પર પગ ઉપસેલા ભાગ સુધી મસહ કાફી નથી (બલ્કે સાંધા સુધી કરવી જોઈએ) અને એહતિયાતે મુસ્તહબ એ છે કે જમણા પગનો મસહ જમણા હાથે અને ડાબા પગનો મસહ ડાબા હાથે કરવામાં આવે.

**મસઅલો ૨૫૨** : પગના મસહમાં પહોળાઈનો ગમે તેટલો વિસ્તાર હોય, કાફી છે; પણ બેહતર એ છે કે ત્રણ આંગળીઓ ભેગી કરી સાથે મૂકવામાં આવે તેટલો વિસ્તાર હોય, બલ્કે પગના આખા આગલા હિસ્સાને પૂરી હથેળીથી મસહ કરે.

**મસઅલો ૨૫૩** : જરૂરી નથી કે મસહ કરતી વખતે હાથને પગની આંગળીઓનાં ટેરવા ઉપર રાખી સાંધા

સુધી ફેરવે, પણ આખી હથેળીને પગ ઉપર મૂકીને થોડીક ફેરવે (તો પણ) કાફી છે.

**મસઅલો ૨૫૪** : માથા કે પગના મસહમાં હાથનું ફેરવવું જરૂરી છે; અગર કોઈ હાથ સ્થિર રાખે અને તેને બદલે પગ કે માથાને હલાવે તો મસહ બાતિલ છે. અલબત્ત, હાથ ફેરવતી વખતે અગર પગ કે માથામાં નહિવત હલન ચલન થાય તો વાંધો નથી.

**મસઅલો ૨૫૫** : મસહની જગ્યા સૂકી હોવી જોઈએ; અગર એ સૂકી ન હોય અને તેની ભીનાશ એટલી હદ સુધી હોય કે હથેળીની ભીનાશ તેના ઉપર અસર ન કરે, તો મસહ બાતિલ છે. અલબત્ત, અગર તેમાં થોડીક જ ભીનાશ હોય કે જે હાથની ભીનાશમાં ભળી જાય તો વાંધો નથી.

**મસઅલો ૨૫૬** : અગર હાથોમાં મસહ માટે પાણી બાકી ન રહ્યું હોય, તો નવું પાણી લઈને મસહ નહિ કરી શકાય. બલ્કે દાઢીમાં જે ભીનાશ રહી હોય તે લઈને મસહ કરવો જોઈએ. દાઢી સિવાય બીજે ક્યાંયથી ભીનાશ લઈને મસહ કરવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૨૫૭** : અગર હથેળીમાં રહેલી ભીનાશ એટલી જ હોય કે એનાથી ફક્ત માથાનો મસહ શક્ય હોય, તો એહતિયાતે વાજિબની રૂએ માથાનો મસહ એ ભીનાશથી કરે; અને પગના મસહ માટે પોતાની દાઢીની રૂતુબત લ્યે.

**મસઅલો ૨૫૮** : મોજા કે બૂટ ઉપર મસહ બાતિલ

છે, પણ જો સખત ઠંડીને કારણે અથવા ચોર કે ફાડી ખાનાર જાનવર વગેરેનો ભય હોય કે જેને કારણે બૂટ કે મોજા ઊતારી ન શકતો હોય, તો એહતિયાતે વાજિબની રૂએ બૂટ કે મોજા ઉપર મસહ કર્યા બાદ તયમ્મુમ પણ કરે, અલબત્ત, અગર તકય્યાને કારણે તેમ કરવું પડે તો બૂટ કે મોજા ઉપર મસહ કાફી ગણાશે.

**મસઅલો ૨૫૯ :** અગર પગનો આગલો ભાગ નજીસ હોય, અને તેને મસહ માટે પાક કરવાની શક્યતા ન હોય, તો એવા સંજોગમાં તયમ્મુમ કરવું જોઈએ.

## ઈરતેમાસી વઝુ :

**મસઅલો ૨૬૦ :** ઈરતેમાસી વઝુ એટલે કે ઈન્સાન પોતાના ચહેરાને તેમજ હાથોને વઝુની નિય્યતથી પાણીમાં ડુબાડે. દેખીતી રીતે ઈરતેમાસી વઝુનું પાણી હાથમાં હોય તેનાથી મસહ કરવામાં ઈશ્કાલ નથી, જો કે એહતિયાતની વિરૂધ્ધ છે.

**મસઅલો ૨૬૧ :** ઈરતેમાસી વઝુમાં પણ શરત એ છે કે ચહેરાને તેમજ હાથોને ઉપરથી નીચે તરફ લઈ જવામાં આવે, તો અગર ચહેરાને અને હાથોને પાણીમાં ડુબાડતી વખતે વઝુની નિય્યત કરે, તો ચહેરાને પેશાની તરફથી અને હાથોને કોણી તરફથી પાણીમાં મૂકે.

**મસઅલો ૨૬૨ :** અગર વઝુના અમુક ભાગોને ઈરતેમાસી રીતે ધુવે, અને બાકીના ભાગોને ઈરતેમાસી સિવાયની રીતે ધુવે તો કોઈ વાંધો નથી.

**દુઆઓ કે જે વઝુ કરતી વખતે પઢવી મુસ્તહબ છે :**

**મસઅલો ૨૬૩ :** વઝુ કરનાર જયારે પાણીને જુએ ત્યારે મુસ્તહબ છે કે આ દુઆ પઢે :

**બિસ્મિલ્લાહે વ બિલ્લાહે વલ્ હંમ્દો લિલ્લાહિલ્ લઝીં જઅ્લલ્ માઅ તંહૂરન્ વ લમ્ યજ્અંલ્હો નજિસન્**

અને જયારે વઝુ પહેલા પોતાના હાથોને ધોવે ત્યારે પઢે :

**બિસ્મિલ્લાહે વ બિલ્લાહે અલ્લાહુમ્ મજ્અંલ્ની મેનત્ તવ્વાબીન વજ્અંલ્ની મેનલ્ મોતતંહેહેરીન**

અને જયારે કોગળા કરે ત્યારે પઢે :

**અલ્લાહુમ્મ લક્કેંની હુંજ્જતી યવ્મ અલ્કાંક વ અતંલિકં લિસાની બે ઝિંક્રેક**

અને જ્યારે નાકમાં પાણી ખેંચે ત્યારે પઢે :

**અલ્લાહુમ્મ લા તોહંર્રિમ્ અંલય્ય રીહંલ્ જન્નતે વજ્અંલ્ની મિમ્ મન્ યશુમ્મો રીહંહા વ રવ્હંહા વ તીંબહા**

અને ચહેરાને ધોતી વખતે પઢે :

**અલ્લાહુમ્મ બય્યિઝં વજ્હી યવ્મ તસ્વદ્દો ફીહીલ્ વોજૂહો વ લા તોસવ્વિદ્ વજ્હી યવ્મ તબ્યઝ્ઝુંલ્ વોજૂહો**

અને જમણા હાથને ધોતી વખતે પઢે :

**અલ્લાહુમ્મ અઅ્તેની કિતાબી બે યમીની વલ્ ખુલ્દ ફિલ્ જિનાને બે યસારી વ હાસિબ્ની હિસાબન્ યસીરા**

અને ડાબા હાથને ધોતી વખતે પઢે :

**અલ્લાહુમ્મ લા તુઅ્તિની કિતાબી બે શેમાલી વ લા મિન્ વરાએ ઝહરી વ લા તજ્અલ્હા મગ્લૂલતન્ ઈલા ઓનોકી વ અઊઝો બેક મિન્ મોકત્તઆતિન્ નીરાને**

અને માથાનો મસહ કરતી વખતે પઢે :

**અલ્લાહુમ્મ ગશ્શેની બે રહ્મતેક વ બરકાતેક વ અફ્વેક**

અને પગનો મસહ કરતી વખતે પઢે :

**અલ્લાહુમ્મ સબ્બિત્ની અલસ્ સિરાતે યવ્મ તઝિલ્લો ફી હિલ્ અક્દામો વજ્અલ્ સઅ્યી ફી મા યુર્ઝીક અન્ની યા ઝલ્ જલાલે વલ્ ઈક્રામ**

# વઝુ સહીહ થવાની શરતો

**વઝુનું સહીહ હોવું અમુક શરતો ઉપર અવલંબિત છે :**

**(૧) વઝુનું પાણી પાક હોવું જોઈએ.** બલ્કે એ પાણીમાં એવી વસ્તુ ન હોય કે જેથી ઈન્સાનને નફરત થાય, જેમકે હલાલ ગોશ્તવાળા જાનવરનું પેશાબ, પાક મુડદું, જખ્મ વગેરેનો ગંદવાડ; જો કે શરીઅતની રૂએ વસ્તુઓ પાક છે.

**(૨) વઝુનું પાણી મુત્લક હોવું જોઈએ.**

**મસઅલો ૨૬૪ :** નજીસ પાણી અથવા મુઝાફ પણીથી વઝુ બાતિલ છે, ભલે પછી ઈન્સાનને તેના નજીસ કે મુઝાફ હોવાની ખબર ન હોય, અથવા એ બારામાં ભૂલી ગયો હોય. માટે જ એ વઝુથી નમાઝ પઢી ચૂક્યો હોય, તો એ નમાઝને ફરીથી સહીહ વઝુ સાથે પઢવી જરૂરી છે.

**મસઅલો ૨૬૫ :** અગર માટીથી ડહોળાઈને પાણી મુઝાફ થઈ ગયું હોય, અને એ સિવાય વઝુ માટે બીજું પાણી ન હોય, તો નમાઝના વખતની તંગીના સંજોગમાં તયમ્મુમ કરવું જોઈએ, પરંતુ જો નમાઝનો વખત (વિશાળ) હોય તો એટલી સબર કરે કે એ પાણી સાફ થઈ જાય, અથવા એવા સાધનનો ઉપયોગ કરે કે જેથી એ પાણીને સાફ કરીને એનાથી વઝુ કરી શકે. માટીવાળું પાણી ત્યારે મુઝાફ બને છે. જ્યારે તેને પાણી કહી ન શકાય.

## (૩) પાણી મુબાહ હોવું જોઈએ (એટલે કે ગસ્બી ન હોય).

**મસઅલો ૨૬૬ :** ગસ્બી પાણીથી અથવા જે પાણી વિશે ખબર ન હોય કે તેનો ધણી તેના વપરાશ માટે રાજી છે કે નહિ,તેનાથી વઝુ બાતિલ અને હરામ છે. ઉપરાંત અગર ચહેરાને અને હાથોને ધોવાથી તેનું પાણી ગસ્બી જગ્યા ઉપર ઢોળાતું હોય, અથવા જે જગ્યાએ વઝુ કરતો હોય એ જગ્યા ગસ્બી હોય, અને એ સિવાય વઝુ કરવા માટે બીજી કોઈ જગ્યા ન હોય,તો તયમ્મુમ કરવું જોઈએ.

અને અગર એ જગ્યા સિવાય બીજી જગ્યા વઝુ કરવા માટે મોજૂદ હોય, તો જરૂરી છે કે બીજી જગ્યા ઉપર આવીને વઝુ કરે; પણ જો આ બંને હાલતમાં ગુનાહ કરીને તે જ જગ્યાએ વઝુ કરે તો વઝુ સહીહ છે.

**મસઅલો ૨૬૭ :** અગર કોઈ શખ્સને મદ્રેસાના હોઝ બાબતે એ ખબર ન હોય કે એ હોઝ સામાન્ય લોકો માટે વકફ છે કે ફકત મદ્રેસાના વિદ્યાર્થીઓ પૂરતો જ વકફ છે. તો એવા સંજોગમાં અગર એ જૂએ કે સામાન્ય લોકો તેમાં કોઈપણ રૂકાવટ વગર વઝુ કરતા હોય, તો તે હોઝમાંથી વઝુ કરવામાં કંઈપણ વાંધો નથી.

**મસઅલો ૨૬૮ :** અગર કોઈ શખ્સ જે મસ્જિદના હોઝમાં વઝુ કરવા માંગતો હોય, તે મસ્જિદમા ં નમાઝ પઢવાનો ઈરાદો ન રાખતો હોય, અને તેને ખબર ન હોય કે એ હોઝ સામાન્ય લોકો માટે વકફ છે કે માત્ર એ મસ્જિદમાં નમાઝ પડનારાઓ માટે વકફ છે, તો એવા સંજોગમાં એ હોઝમાં વઝુ નહિ કરી શકે, પણ અગર સામાન્ય રીતે

એજ મસ્જિદમાં નમાઝ ન પડનારાઓ કોઈ પણ રોકટોક વિના એ હોઝમાં વઝુ કરી લેતા હોય તો એ પણ વઝુ કરી શકશે.

**મસઅલો ૨૬૯** : જે હોઝ મુસાફરખાનાઓ કે પથિકાશ્રમો (જાહેર માર્ગો ઉપર આવતાં આરામ માટેના સ્થળો) વગેરેમાં હોય, તેમાં મુકામ ન કરનારાઓનું વઝુ એ જ સંજોગમાં સહીહ ગણાશે કે સામાન્ય રીતે આમ લોકો પણ તેમાં વઝુ કરતાં હોય અને કોઈ તેમને મનાઈ ન કરતું હોય.

**મસઅલો ૨૭૦** : એવી નહેરોમાંથી વઝુ કરવું કે જેના ઉપયોગ માટે સમજદાર માણસોને તેના માલિકની રજામંદી મેળવવાની જરૂરત ન લાગતી હોય, તો તેવી નેહરોમાં ભલે પછી તે નાની હોય કે મોટી, વાંધો નથી. ભલે પછી તેને ખબર ન હોય કે તેનો માલિક રાજી છે કે નહિ, તેમ છતાં વઝુ કરી શકે છે બલ્કે ઈન્સાનને ખબર હોય કે માલિકની રજામંદી નથી, અથવા એ કે એ નહેરનો માલિક કોઈ બાળક અથવા દીવાનો હોય, તો પણ તેનો વપરાશ જાઈઝ છે.

**મસઅલો ૨૭૧** : અગર કોઈ શખ્સ ભૂલી જાય કે પાણી ગસ્બી છે, અને એનાથી વઝુ કરી લ્યે, તો એ વઝુ સહીહ છે, પણ અગર કોઈ શખ્સે પોતે પાણી ગસ્બ કર્યુ હોય, અને પછી તેનું ગસ્બી હોવું ભૂલી જાય અને વઝુ કરે, તો એ વઝુનું સહીહ હોવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૨૭૨** : અગર વઝુ માટે પાણી ગસ્બી વાસણમાં હોય, અને એ પાણી સિવાય બીજું પાણી

મોજૂદ ન હોય, અને શરીઅતની હદમાં રહી એ પાણીને બીજા કોઈ વાસણમાં ઠાલવી શકાતું હોય, તો તેમ કરવું જરૂરી છે, અને તેનાથી વઝુ કરે, અને અગર એમ કરવું શક્ય ન હોય, તો પછી તયમ્મુમ કરે; અને અગર બીજું પાણી મોજૂદ હોય, તો પછી વાજિબ છે કે એ બીજા પાણીનો વઝુ માટે ઉપયોગ કરે.

ઉપરોક્ત બંને સંજોગોમાં અગર કોઈ શખ્સ હુકમ વિરૂધ્ધ તે ગસ્બી વાસણના પાણીથી જ વઝુ કરશે તો તેનું વઝુ સહીહ છે.

**મસઅલો ૨૭૩** : અગર કોઈ એવો હોઝ હોય કે જેનો એક પત્થર કે એક ઈંટ ગસ્બી હોય, અને તેમાંથી વઝુ માટે પાણી વાપરતી વખતે એવું લેખાય કે એ ગસ્બી ભાગ- પત્થર કે ઈંટનો ઉપયોગ થઈ રહ્યો નથી, તો વઝુ કરવામાં વાંધો નથી, પરંતુ જો એવું લેખાય કે એનો ઉપયોગ થઈ રહ્યો છે, તો તેમાંથી પાણી લેવું હરામ છે, પણ વઝુ સહીહ ગણાશે.

**મસઅલો ૨૭૪** : અગર કોઈ ઈમામ કે ઈમામઝાદાઓના હરમનું સહેન એવી જમીન ઉપર બંધાયેલું હોય કે જે ભૂતકાળમાં કબ્રસ્તાન હતું, અને એ સહેનમાં હોઝ કે નહેર બનાવે, અને કોઈ શખ્સને જાણ ન હોય કે સહેનની એ જમીન કબ્રસ્તાન તરીકે વકફ હતી કે નહી તો પછી એ હોઝ કે નહેરમાંથી વઝુ કરવામાં કોઈ વાંધો નથી.

**(૪) વઝુના અવયવો ધોતી વખતે અને મસહ કરતી વખતે પાક હોવા જોઈએ.** પછી ભલે તે વઝુ

દરમિયાન જ ધોતા યા મસહ કરતા પહેલાં પાક કરી લ્યે, પરંતુ જો જારી અથવા કુર પાણીમાં ધોવે તો ધોતા પહેલાં પાક કરવું જરૂરી નથી.

**મસઅલો ૨૭૫** : અગર વઝુ પૂરૂં થયા પહેલાં જે જગ્યા વઝુને માટે ધોઈ ચૂક્યો હોય, અથવા મસહ કરી ચૂક્યો હોય, એ નજીસ થાય તો વઝુ સહીહ રહેશે. (પરંતુ નમાઝ માટે શરીર પાક હોવું જરૂરી છે તેથી નમાઝ પઢતા પહેલા તે જગ્યા પાક કરવી જરૂરી થશે.)

**મસઅલો ૨૭૬** : વઝુના અવયવો સિવાય શરીરનો કોઈ બીજો ભાગ નજીસ હોય, તો વઝુ સહીહ લેખાશે; પણ અગર પેશાબ કે પાયખાનાની જગ્યાની તહારત ન કરી હોય, તો પછી એહતિયાતે મુસ્તહબ છે કે પ્રથમ એ જગ્યાની તહારત કરે અને ત્યારબાદ વઝુ કરે.

**મસઅલો ૨૭૭** : અગર વઝુના અવયવોમાંનો કોઈ એક ભાગ નજીસ હોય, અને ઈન્સાન વઝુ કરી લીધા બાદ શક કરે કે એ ભાગને વઝુથી પહેલા પાક કર્યો હતો કે નહિ, તો વઝુ સહીહ ગણાશે; પણ જે ભાગ નજીસ હતો તેને પાણીથી ધોઈ લેવો જરૂરી છે.

**મસઅલો ૨૭૮** : અગર ચહેરા કે હાથો ઉપર કાપ કે જખ્મ હોય, જેનું લોહી બંધ ન થતું હોય, અને પાણીનો ઉપયોગ તેના માટે નુકસાનકારક ન હોય, તો જે અવયવ ઉપર કાપ કે જખમ હોય તેના તંદુરસ્ત ભાગને તરતીબ મુજબ ધોઈ લીધા બાદ એ જખમ કે કાપને કુર કે જારી પાણીમાં મૂકી એવી રીતે દબાવે કે લોહી બંધ થઈ જાય, અને પછી પાણીમાં જ ઉપરથી નીચેના હિસ્સા તરફ

આંગળી ફેરવે જેથી એ જગ્યા ઉપર પાણી પહોંચે, અને આ મુજબ અમલ કરવાથી વઝુ સહીહ ગણાશે.

**(૫) વઝુ અને નમાઝ માટે પૂરતો સમય હોવો જોઈએ.**

**મસઅલો ૨૭૯ :** જયારે નમાઝનો સમય એટલો ઓછો હોય કે, અગર વઝુ કરે તો પૂરી નમાઝ યા તેનો અમુક ભાગ કઝા થઈ જાય, એવા સંજોગોમાં તયમ્મુમ કરવું જોઈએ; પણ અગર જેટલો સમય તયમ્મુમ માટે લાગવાનો હોય, તેટલો જ સમય વઝુ માટે લાગતો હોય તો પછી તે વઝુ કરે.

**મસઅલો ૨૮૦ :** જે માણસ ઉપર નમાઝના સમયની તંગીને હિસાબે તયમ્મુમ જરૂરી હોય, તે અગર કુરબતનની નિય્યતથી અથવા કોઈ સુન્નત કાર્યને અંજામ આપવા, જેમકે કુરઆને મજીદની તિલાવત માટે વઝુ કરે, તો સહીહ ગણાશે. એવી જ રીતે એ જ નમાઝ માટે વઝુ કરે તો પણ સહીહ ગણાશે, સિવાય એ કે તેમાં કુરબતનની નિય્યત ન થઈ શકે તેમ હોય.

**(૬) વઝુમાં કુરબતનની નિય્યત જરૂરી છે,** એટલે કે ખુદાના હુકમ મુજબ અમલ કરવાનો ઈરાદો હોવો જોઈએ. કોઈ બીજા ઈરાદાથી કે ઠંડક મેળવવા માટે વઝુ કરે તો એ બાતિલ ગણાશે.

**મસઅલો ૨૮૧ :** વઝુની નિય્યત માટે જરૂરી નથી કે તેનો ઉચ્ચાર કરે અથવા તેને મનમાં વિચારે; બલ્કે વઝુનાં સર્વ કાર્યોને ખુદાના હુકમ પ્રમાણે અમલ કરવા માટે બજાવી

લાવે, એટલું જ કાફી છે.

**(૭) વઝુ માટે જરૂરી છે કે જે તરતીબ અને ક્રમ શરીઅતમાં નિયુક્ત છે,** તે મુજબ અમલ થાય. એટલે કે પ્રથમ ચહેરાને, તે બાદ જમણો હાથ, પછી ડાબો હાથ ધોવે, ત્યારબાદ માથાનો મસહ કરીને પછી પગનો મસહ કરે. એહતિયાતે મુસ્તહબ એ છે કે બંને પગના મસહ એકી સાથે ન કરે, બલ્કે ડાબા પગનો મસહ જમણા પગના મસહ બાદ કરે.

**(૮) વઝુના સર્વ કાર્યો વિના વિલંબે બજાવી લાવે.**

**મસઅલો ૨૮૨ :** અગર વઝુના કાર્યો વચ્ચે અસાધારણ ઢીલ કરે, કે જેથી એમ ન કહી શકાય કે એક પછી એક વઝુના કાર્યો અંજામ આપી રહ્યો છે, તો વઝુ બાતિલ ગણાશે; પણ અગર કોઈ ઉઝર હોય, જેમકે ઈન્સાન ભૂલી જવાને કારણે યા પાણી ખલાસ થઈ જવાને કારણે એક પછી એક વઝુના ભાગોને ધોઈ ન શક્યો હોય, તો પછી ઉપરોક્ત શરત લાગુ નહિ પડે, બલ્કે તેના માટે હુકમ એ છે કે જે ભાગ હવે ધોઈ રહ્યો છે, અથવા મસહ કરી રહ્યો છે. તેની પહેલાના તમામ ભાગોમાં વઝુની ભીનાશ બાકી ન હોય તો વઝુ બાતિલ ગણાશે; અને અગર તમામ ભાગો સૂકાઈ ન ગયા હોય, પણ જે ભાગ ધોઈ રહ્યો છે કે મસહ કરી રહ્યો છે, તેની અગાઉનો ભાગ જ સૂકાયો હોય. તો વઝુ સહીહ છે, દાખલા તરીકે અગર ડાબો હાથ ધોઈ રહ્યો હોય અને માત્ર જમણા હાથની જ ભીનાશ

સુકાઈ જવા પામી હોય; અને ચહેરા ઉપર રૂતુબત બાકી હોય, તો વઝુ સહીહ છે.

**મસઅલો ૨૮૩ :** અગર કોઈ શખ્સ વઝુના કાર્યો એક પછી એક ઢીલ વિના અંજામ આપી રહ્યો હોય, પરંતુ હવામાનની કે શરીરની વધુ પડતી ગરમીને કારણે આગલા ભાગોની ભીનાશ સૂકાઈ જતી હોય તો તેનું વઝુ સહીહ છે.

**મસઅલો ૨૮૪ :** વઝુ કરતી વખતે ચાલવામાં કોઈ વાંધો નથી. માટે જો કોઈ શખ્સ ચહેરો અને હાથોને ધોવા બાદ થોડાક પગલાં ચાલીને પછી માથાનો અને પગોનો મસહ કરે તો તેનું વઝુ સહીહ ગણાશે.

## (૯) વઝુના કાર્યોને ઈન્સાન પોતે અંજામ આપે.

અગર બીજો કોઈ એને વઝુ કરાવે અથવા ચહેરા ઉપર કે હાથો ઉપર પાણી પહોંચાડવા કે મસહ કરવા માટે મદદ કરે, તો વઝુ બાતિલ ગણાશે.

**મસઅલો ૨૮૫ :** જે માણસ પોતે વઝુ કરવા અશક્ત હોય, તે બીજાની મદદ મેળવી શકે છે; ભલે પછી બંને સાથે મળીને પણ ચહેરો, હાથ વગેરે ધોવે અથવા મસહ કરે, અને જો તે માટે મદદ કરનાર મહેનતાણું માંગે, તો અગર એ સમર્થ હોય અને એને માટે (આર્થિક રીતે) નુકસાનકારક ન હોય, તો મહેનતાણું દેવું જોઈએ, પણ નિય્યત વઝુ કરનારે પોતે કરવી જોઈએ અને પોતાના હાથ વડે મસહ બજાવી લાવવા જોઈએ.

પણ જો ઈન્સાન પોતે વઝુનું કોઈ પણ કાર્ય મદદ કરનારની સાથે રહી અંજામ ન આપી શકતો હોય, તો પછી એ મદદ કરનાર વઝુ કરાવે. આવા સંજોગમાં એહતિયાતે વાજિબ છે કે બંને જણ વઝુની નિય્યત કરે. જો શક્ય હોય તો મસહ વખતે એનો જે મદદ કરનાર નાયબ હોય, એ એના હાથ પકડીને મસહ કરાવશે; અને અગર એ શક્ય ન હોય તો જરૂરી છે કે નાયબ એના હાથમાંથી ભીનાશ લઈને એ જ ભીનાશથી એના માથા-પગના મસહ કરશે.

**મસઅલો ૨૮૬** : વઝુના જે કાર્યો પોતે એકલો અંજામ આપી શકતો હોય, તેમાં બીજાની મદદ ન લેવી જોઈએ.

## (૧૦) વઝુ માટે પાણીના ઉપયોગમાં કોઈ અડચણ-રૂકાવટ ન હોય.

**મસઅલો ૨૮૭** : અગર કોઈને ભય હોય કે વઝુ કરશે તો બીમાર થઈ જશે, યા પીવા માટે પાણી બાકી નહિ રહે, તો એવા સંજોગમાં વઝુ કરવું તેની ફરજ નથી; અને જો કોઈ શખ્સ જાણતો ન હોય કે પાણી તેના માટે નુકસાનકર્તા છે કે નહિ, અને વાસ્તવમાં ખરેખર પાણી તેના માટે નુકસાનકારક સાબિત થાય તો તેનું વઝુ બાતિલ છે.

**મસઅલો ૨૮૮** : અગર સહીહ વઝુ કરવા માટે ઓછામાં ઓછું પાણી વાપરવાથી નુકસાનનો ભય ન હોય, અને વધુ પાણી ઉપયોગમાં લેવાથી નુકસાનની

શક્યતા હોય, તો પછી ઓછા પ્રમાણમાં પાણી વાપરીને વઝુ કરે.

**(૧૧) વઝુના ભાગો સુધી પાણી પહોંચવા માટે કોઈ અવરોધ કે રૂકાવટ ન હોય.**

**મસઅલો ૨૮૯ :** અગર વઝુના અવયવો ઉપર કોઈ એવી ચીજ ચોંટેલી હોય કે જેને પરિણામે શક થાય કે પાણીને પહોંચતા તે અટકાવશે કે કેમ, તો એ વસ્તુ દૂર કરી લેવી જોઈએ અથવા એની નીચે પાણી પહોચાડવું જોઈએ.

**મસઅલો ૨૯૦ :** અગર નખ નીચે મેલ જામેલો હોય, તો વઝુને બાતિલ નહિ કરે, પણ જો નખ કાપ્યા બાદ અગર ચોંટેલો મેલ પાણીને ચામડી સુધી પહોંચતાં રોકે, તો એ મેલને દૂર કરવો જરૂરી છે, એવી જ રીતે અગર નખ અસાધારણ પ્રમાણમાં લાંબા હોય તો સામાન્ય લંબાઈથી વધારે ભાગના નીચેથી મેલને દૂર કરવો જરૂરી છે.

**મસઅલો ૨૯૧ :** અગર ચહેરાના, હાથના, માથાના આગલા હિસ્સામાં કે પગોમાં બળી જવાથી યા બીજા કારણે સોજો થઈ આવ્યો હોય, તો એ સોજા ઉપર ધોઈ લેવું કે મસહ કરવું કાફી છે; તેમજ જો સોજામાં અગર છિદ્ર પડી ગયું હોય, તો તે સોજાની નીચે ચામડી સુધી પાણી પહોંચાડવું જરૂરી નથી. બલ્કે એક ભાગમાં ચામડી ઉખડી ગઈ હોય, તો જે ભાગમાં ચામડી ઉખડી ન ગઈ હોય, તેની નીચે પણ પાણી પહોંચાડવું જરૂરી નથી. પણ ઉખડી ગયેલી ચામડી કોઈક વાર ચોંટેલી રહેતી હોય અને

કોઈક વાર છૂટી પડી જતી હોય, તો જરૂરી છે એને કાપી નાખે અથવા તેની નીચે પાણી પહોંચાડે.

**મસઅલો ૨૯૨** : અગર કોઈ શખ્સ શક કરે કે વઝુના ભાગો ઉપર કોઈ વસ્તુ ચોંટેલી છે કે નહિ, તો અગર એ શક વ્યાજબી હોય, જેમકે માટી, ગારાથી કામ કર્યા બાદ શક થાય કે ગારો હજી હાથોમાં ચોંટેલો છે કે નહિ, તો પૂરી તપાસ કરે અથવા એટલી વાર ઘસીને ધુવે કે જેથી ઈત્મીનાન હાસિલ થાય કે તે દૂર થઈ ગયું છે. અથવા પાણી તેની નીચે પહોંચી ગયું છે.

**મસઅલો ૨૯૩** : અગર વઝુના ધોવાના કે મસહના ભાગો ઉપર ગંદવાડ કે મેલ હોય, પણ એ મેલ પાણી પહોંચવા માટે રૂકાવટરૂપ ન હોય તો વાંધો નથી. એવી જ રીતે અગર પ્લાસ્ટર વગેરે પછી જે સફેદી ચામડી ઉપર રહી જાય છે, જો તે પાણી પહોંચવામાં રૂકાવટ ન થાય તો વાંધો નથી; પણ અગર શક જાય કે આ ચીજો પાણીને ચામડી સુધી પહોંચાડવામાં રૂકાવટ બનશે, તો તેને દૂર કરવી જરૂરી છે.

**મસઅલો ૨૯૪** : અગર કોઈ શખ્સને પહેલેથી જાણતો હોય કે વઝુના અમુક ભાગો ઉપર એવી વસ્તુ છે કે જે પાણીને પહોંચતાં અટકાવશે, અને વઝુ કરી લીધા બાદ તેને શક જાય કે વઝુ કરતી વખતે એ જગ્યાએ પાણી પહોંચ્યું હશે કે કેમ, તો તે વઝુ સહીહ ગણાશે.

**મસઅલો ૨૯૫** : અગર વઝુના અમુક ભાગોમાં એવી રૂકાવટ મોજૂદ હોય કે કોઈ વખતે આપોઆપ તેની નીચે

પાણી પહોંચી જતું હોય, અને કોઈ વખતે ન પહોંચી શકતું હોય; અને ઈન્સાનને વઝુ કર્યા બાદ શક જાય કે પાણી પહોંચ્યું હશે કે નહિ, તો એવા સંજોગોમાં અગર વઝુ કરતી વખતે તેનું ધ્યાન પાણી પહોંચાડવા તરફ ન રહ્યું હોય, તો એહતિયાતે મુસ્તહબની રૂએ ફરીથી વઝુ કરશે.

**મસઅલો ૨૯૬** : અગર કોઈ શખ્સ વઝુ કર્યા બાદ જુએ કે વઝુના કોઈ ભાગ ઉપર એવી વસ્તુ છે કે જે પાણીને પહોંચવામાં રૂકાવટ છે, અને તેને ખબર ન હોય કે વઝુ કરતી વખતે એ વસ્તુ હતી કે તે બાદ ઉત્પન્ન થઈ છે, તો એનું વઝુ સહીહ છે; પણ અગર તેને જાણ હોય કે વઝુ કરતી વખતે એવી વસ્તુ માટે કોઈ ચીવટ રાખી ન હતી તો એહતિયાતે મુસ્તહબની રૂએ વઝુ ફરીથી કરશે.

**મસઅલો ૨૯૭** : અગર વઝુ કરી લીધા બાદ કોઈને શક જાય કે વઝુ કરતી વખતે પાણીને પહોંચતી અટકાવી શકે એવી કોઈ વસ્તુ વઝુના ભાગો ઉપર હતી કે નહિ, તો વઝુ સહીહ છે.

## વઝુના એહકામ :

**મસઅલો ૨૯૮** : અગર કોઈ શખ્સને વઝુના કાર્યો અને તેની શરતો, જેમકે પાણીનું પાક હોવું, ગસ્બી ન હોવું, એ બારામાં વધુ શંકા થતી હોય, તો એ શંકાઓને ધ્યાનમાં ન લેવી જોઈએ.

**મસઅલો ૨૯૯** : અગર કોઈ શક કરે કે એનું વઝુ

બાતિલ થયું છે કે નહિ, તો એણે એમજ માની લેવું જોઈએ કે વઝુ હજી બાકી છે. અલબત્ત, અગર એણે પેશાબ કર્યા બાદ ઈસ્તિબ્રા ન કર્યો હોય, અને વઝુ કર્યા પછી અમુક રૂતુબત જણાતા એને શંકા જાય કે એ રૂતુબત પેશાબ છે કે નહિ, તો એવા સંજોગમાં એનું વઝુ બાતિલ છે.

**મસઅલો ૩૦૦** : અગર કોઈ એવો શક કરે કે એણે વઝુ કર્યુ છે કે નહિ, તો એને વઝુ કરી લેવું જોઈએ.

**મસઅલો ૩૦૧** : અગર કોઈને યકીન હોય કે વઝુ તો એણે કરી લીધું છે, અને વઝુને તોડનાર, જેમકે પેશાબ વગેરે કાર્ય પણ એણે અંજામ આપ્યું છે, પણ એ વાતે શંકા જાય કે કઈ બાબત પહેલા અંજામ આપી હતી, જો આ શંકા નમાઝ પઢવાની પહેલાં ઉત્પન્ન થાય તો વઝુ કરશે; અને જો નમાઝ દરમિયાન શક થાય તો નમાઝને તોડીને વઝુ કરશે, પણ જો નમાઝ પૂરી કર્યા બાદ શક જાય, તો જે નમાઝને પઢી ચૂક્યો છે એ સહીહ ગણાશે, પણ પછીની નમાઝો માટે જરૂરી છે કે વઝુ કરે.

**મસઅલો ૩૦૨** : અગર કોઈ શખ્સને વઝુ કરી લીધા બાદ અથવા વઝુ કરતી વખતે યકીન થાય કે વઝુનો અમુક ભાગ ધોવાયો નથી, અથવા તેનો મસહ થયો નથી, તો અગર એ ભાગથી પહેલાંના ભાગો ઉપર, લાંબી મુદ્દત પસાર થઈ હોવાના કારણે પાણી સુકાઈ ગયું હોય, તો એ શખ્સે ફરીથી વઝુ કરવું પડશે.

પણ અગર આગલા ભાગો ઉપર હજી પાણી

સૂકાયું ન હોય, અથવા હવામાનની ગરમી વગેરેને કારણે સૂકાયું હોય, તો જે જગ્યાએ સરખું ધોવાયું ન હોય કે મસહ થયો ન હોય, તે સરખી રીતે ધોઈ કે મસહ કરી લ્યે; અને ત્યારબાદ એ ભાગ પછીના ભાગોને પણ ફરી ધુવે કે મસહ કરે.

અગર વઝુ દરમિયાન કોઈ ભાગને ધોવા કે મસહ કરવા બારામાં શક જાય, તો પણ આજ કાયદાનુસાર અમલ કરશે.

**મસઅલો ૩૦૩** : અગર કોઈ શખ્સ નમાઝ પઢી લીધા બાદ શક કરે કે એણે વઝુ કર્યું હતુ કે નહિ, તો એની નમાઝ સહીહ છે; પણ તે પછીની નમાઝો માટે વઝુ કરી લેવું જરૂરી છે.

**મસઅલો ૩૦૪** : અગર નમાઝ દરમિયાન શક થાય કે વઝુ કર્યું છે કે નહિ, તો એહતિયાતે વાજિબની રૂએ વઝુ કરીને ફરીથી નમાઝ પઢશે.

**મસઅલો ૩૦૫** : અગર કોઈને નમાઝ બાદ જાણ થાય કે વઝુ બાતિલ થઈ ગયું છે, પણ એ વાતનો શક હોય કે વઝુ નમાઝથી પહેલા બાતિલ થયુ હતું કે નમાઝ પઢી લીધા બાદ, તો જે નમાઝ એ પઢી ચૂક્યો છે એ સહીહ ગણાશે.

**મસઅલો ૩૦૬** : અગર ઈન્સાનને એવી બીમારી હોય કે એણે સતત પેશાબનાં ટીપાં પડતાં હોય, અથવા એ પાયખાનાને રોકી ન શકતો હોય, અને એને યકીન હોય કે નમાઝનો સમય દાખલ થાય ત્યારથી કઝાના ટાઈમ

સુધી અમુક એવો વખત મળી શકશે કે જે દરમિયાન ટીપાં વગેરે બંધ થશે અને એ વઝુ કરીને નમાઝ પઢી શકશે, તો તેના માટે જરૂરી છે કે એવી મોહલતના સમયે જ નમાઝ પઢે.

હવે જો એ મોહલતનો સમય એટલો ટૂંકો હોય કે ફક્ત નમાઝના વાજિબ અમલને જ અંજામ આપી શકે, તો તેના માટે જરૂરી છે કે મોહલતની પળોમાં માત્ર નમાઝના વાજિબ ભાગોને અદા કરે, અને મુસ્તહબ કાર્યો, જેમકે અઝાન, ઈકામહ અને કુનૂતને તરક કરે.

**મસઅલો ૩૦૭** : એવા બીમાર શખ્સને અગર ફક્ત એટલી જ મોહલત મળે કે વઝુ કરી શકે અને નમાઝનો અમુક ભાગ પઢી શકે, અને ત્યાર પછી નમાઝ દરમિયાન એક યા અનેક વાર પેશાબના ટીપાં કે પાયખાનું ખારીજ થતું રહે, તો એહતિયાતે લાઝિમની રૂએ એ જ મોહલતના સમયે વઝુ કરીને નમાઝ શરૂ કરે. પછી નમાઝ દરમિયાન જે નજાસત ખારીજ થાય તે માટે નવેસરથી વઝુ કરવાની જરૂરત નથી.

**મસઅલો ૩૦૮** : અગર બીમારી એ હદે પહોંચે કે પેશાબના ટીપાં સતત પડતાં રહે અથવા સતત પાયખાનું ખારીજ થતું હોય, અને જો વચ્ચે થોડીક પણ મોહલત ન મળતી હોય કે એ વઝુ કરીને નમાઝના અમુક ભાગને બજાવી લાવે તો એક વઝુ અમુક નમાઝો માટે કાફી છે, સિવાય એ કે કોઈ બીજી એવી વસ્તુ બજાવી લાવે કે જે વઝુને તોડે છે. જેમ કે સૂઈ જાય અથવા સામાન્ય રીતે

પેશાબ અને પાયખાનુ ખારીજ થાય.

પણ બેહતર છે કે દરેક નમાઝ માટે અલગ-અલગ વઝુ કરે. અલબત્ત, કઝા સિજદા કે તશહ્હુદ તથા નમાઝે એહતિયાત માટે બીજું વઝુ જરૂરી નથી.

**મસઅલો ૩૦૯** : જે માણસને ઉપરોકત બીમારીમાં ફસાયેલો હોય તેના માટે વાજિબ નથી કે વઝુ કર્યા બાદ તરત જ નમાઝ પઢવા માંડે. અલબત્ત, બેહતર છે કે જલ્દી કરે.

**મસઅલો ૩૧૦** : જે માણસ ઉપરોકત બીમારીમાં ફસાયેલ હોય, તે વઝુ કરી લીધા બાદ કુરઆને મજીદના અક્ષરોને અડે તો જાઈઝ છે, ભલે પછી નમાઝની હાલતમાં ન હોય.

**મસઅલો ૩૧૧** : જે શખ્સને સતત પેશાબના ટીપાં પડતાં હોય, તેણે નમાઝ માટે એક એવી થેલી બાંધવી જોઈએ કે જેમાં રૂ વગેરે હોય, જેથી પેશાબને અન્ય સ્થળે પહોંચતા અટકાવી શકાય; અને એહતિયાતે વાજિબ છે કે દરેક નમાઝ પહેલાં પેશાબની નજીસ જગ્યાને પાણીથી ધોઈ પાક કરે.

એવી જ રીતે જે શખ્સ પાયખાનું અટકાવી શકતો ન હોય, તેણે શક્ય તેટલા પ્રયાસે નમાઝ દરમિયાન પાયખાનાને અન્ય ભાગો સુધી પહોંચતાં અટકાવવું જોઈએ; અને અગર વધારે પડતી મહેનત ન હોય, તો એહતિયાતે વાજિબ છે કે દરેક નમાઝ શરૂ કર્યા પહેલાં પાયખાનાની જગ્યાને પાણીથી ધોઈ પાક કરે.

**મસઅલો ૩૧૨** : જે શખ્સને ઉપરોક્ત રીતે પેશાબ, પાયખાનાને રોકવાની તકલીફ હોય, તેના માટે બહેતર છે કે નમાઝ પઢવામાં જેટલો સમય લાગે છે એટલા સમય સુધી પેશાબ-પાયખાનાને બનતા પ્રયાસે રોકે; ભલે પછી તેના માટે કંઈક ખર્ચ કરવો પડે બલ્કે જો આસાનીથી તેનો ઈલાજ થઈ શકતો હોય, તો બેહતર છે કે ઈલાજ કરે.

**મસઅલો ૩૧૩** : જે શખ્સ પેશાબ પાયખાનાને રોકવા અશક્ત હોય, તે જયારે સાજો થાય અને એ તકલીફથી મુક્તિ પામે, ત્યારે એના ઉપર વાજિબ નથી કે બીમારી દરમિયાન શરીઅતની દોરવણી મુજબ પઢેલી નમાઝોની કઝા બજાવી લાવે, પરંતુ જો નમાઝના સમય દરમિયાન શિફા પામે, તો એહતિયાતે લાઝિમ છે કે એ સમયમાં પઢી લીધેલી નમાઝને ફરીથી પઢે.

**મસઅલો ૩૧૪** : જે શખ્સને એવી બીમારી હોય કે તેને ચાલુ નમાઝે હવા નીકળતી હોય અને તે એને રોકી ન શકતો હોય, તો જે મુજબ પેશાબ, પાયખાનાને ન રોકી શકનાર માટે મસઅલો બયાન થયો છે, એ જ મુજબ વર્તે.

## જે સંજોગોમાં વઝુ કરવું જરૂરી છે :

**મસઅલો ૩૧૫** : છ બાબતો માટે વઝુ કરવું વાજિબ છે :

(૧) નમાઝે મૈયત સિવાય દરેક વાજિબ નમાઝ માટે વઝુ વાજિબ છે; અને મુસ્તહબ નમાઝો માટે વઝુ નમાઝ સહીહ હોવાની શરત છે.

(૨) નમાઝમાં ભુલાઈ ગયેલા સિજદા કે તશહહુદની કઝા બજાવી લાવવા માટે વઝુ વાજિબ થશે, અગર નમાઝ બાદ વઝુ તોડનાર કોઈ અમલ અંજામ આપ્યો હોય જેમકે પેશાબ કર્યું હોય પણ સિજદએ સહવ માટે વઝુ વાજિબ નથી.

(૩) ખાનએ કાઅબાનો વાજિબ તવાફ કે જે હજ અને ઉમરાનો ભાગ હોય.

(૪) અગર કોઈ શખ્સ નઝર કે અહદ કરે, અથવા કસમ ખાય કે વઝુ કરશે.

(૫) અગર કોઈએ એવી નઝર કરી હોય, કે કુરઆને મજીદને ચુમશે.

(૬) જે કુરઆને મજીદ નજીસ થયું હોય તેને ધોવા માટે, અથવા સંડાસમાં પડી ગયું હોય તેને ત્યાંથી બહાર લઈ આવવા માટે, વઝુ એવા સંજોગોમાં કે હાથ વડે યા શરીરના કોઈ પણ ભાગ વડે તેને અડવું અનિવાર્ય હોય.

પણ અગર વધુ પડતી ઢીલ થવાથી કુરઆનની બેહુરમતી થતી હોય, તો કુરઆનને સંડાસ અથવા એવી કોઈ બીજી નજાસતથી વઝુ કર્યા વગર બહાર કાઢી શકાશે, અથવા પાક કરવાની જરૂર હોય તો ધોઈ શકાશે.

**મસઅલો ૩૧૬** : કુરઆનના અક્ષરોને હાથો વડે કે શરીરના કોઈ પણ ભાગ વડે વઝુ કર્યા વગર અડવું હરામ છે, પણ અગર કુરઆને મજીદનો તરજૂમો હોય તો તેના અક્ષરોને અડવું હરામ નથી.

**મસઅલો ૩૧૭** : નાનાં બાળકોને કે દીવાનાને કુરઆને

મજીદના અક્ષરોને અડવાથી રોકવું વાજિબ નથી, પણ અગર એમ કરતાં કુરઆનની બેહુરમતી થઈ રહી હોય તો રોકવું જરૂરી છે.

**મસઅલો ૩૧૮** : ખુદાવંદે કરીમના નામો કે ખાસ સિફાતો, ગમે તે ભાષામાં લખેલાં હોય, તેને એહતિયાતે વાજિબની રૂએ વઝુ વગર અડવું હરામ છે; અને બેહતર એ છે કે પયગંબર (સ.અ.વ.) અથવા ઈમામો (અ.મુ.સ.)નાં મુબારક નામો તેમજ હઝરત ફાતેમા ઝહરા સલામુલ્લાહે અલય્હાના નામને પણ વઝુ વગર ન અડે.

**મસઅલો ૩૧૯** : નમાઝનો સમય નજદીક હોય કે દૂર હોય અથવા નમાઝનો સમય દાખલ થઈ ગયો હોય ગમે ત્યારે, જો કુરબતનની નિય્યતથી વઝુ કરે તો સહીહ ગણાશે. વઝુમાં વાજિબ અથવા મુસ્તહબની નિય્યત જરૂરી નથી અને ભૂલથી નમાઝના વખત પહેલાં વાજિબની નિય્યતથી વઝુ કર્યુ હોય અને પછી ખબર પડે વાજિબ ન હતું તો પણ વઝુ સહીહ છે.

**મસઅલો ૩૨૦** : અગર કોઈને યકીન હોય કે નમાઝનો સમય થઈ ચૂક્યો છે, અને વાજિબ વઝુની નિય્યત કરે, વઝુ કરી લીધા બાદ એને ખબર પડે કે નમાઝનો સમય દાખલ થયો નથી, તો એનું વઝુ સહીહ છે.

**મસઅલો ૩૨૧** : જે શખ્સ વઝુ કરી ચૂક્યો હોય તેને ફરી વાર દરેક નમાઝ માટે નવેસરથી વઝુ કરવું મુસ્તહબ છે. અમુક ફોકહાઓનું કહેવું છે કે નીચેની અમુક બાબતો

માટે વઝુ મુસ્તહબ છે.

(૧) નમાઝે મૈયત માટે.

(૨) કબ્રસ્તાનમાં જવા માટે.

(૩) મસ્જિદમાં દાખલ થવા માટે.

(૪) અઈમ્મા (અલય્હેમુસ્સલામ)ના હરમમાં દાખલ થવા માટે.

(૫) કુરઆને મજીદ પાસે રાખવા તેમજ તેની તિલાવત કરવા અને તેના લખવા માટે.

(૬) કુરઆને મજીદના હાસિયાને અડવા માટે.

(૭) સૂવા પહેલાં.

ઉપરોક્ત બાબતો માટે વઝુ કરવું મુસ્તહબ હોવાનું સાબિત નથી.

પરંતુ ઉપરોકત કોઈ પણ કાર્ય માટે મુસ્તહબ હોવાની શક્યતા સાથે વઝુ કર્યુ હોય, એ વઝુ દરેક એવા કામો માટે પણ કાફી ગણાશે, જેને અંજામ દેવા માટે વઝુ જરૂરી હોય, જેમકે અગર ચાહે તો એ જ વઝુથી નમાઝ પઢી શકશે.

## જેનાથી વઝુ તૂટી જાય છે :

**મસઅલો ૩૨૨** : સાત બાબતોથી વઝુ બાતિલ થાય છે :

(૧) પેશાબ કરવાથી, દેખીતી રીતે ઈસ્તિબ્રા કરવા પહેલા અને પેશાબ કર્યા પછી જે શંકાશીલ પ્રવાહી નીકળે તે પેશાબના હુકમમાં આવે છે, (૨) પાયખાનું કરવાથી,

(૩) હોજરી અને આંતરડાની હવા પાયખાનાના રસ્તેથી છુટવાથી,
(૪) એવી ઊંઘ કે જેનાં કારણે કાનથી ન સંભળાય અને આંખથી કંઈપણ ન દેખાય; અગર આંખે ન દેખાય, પણ કાને સંભળાતું હોય તો વઝુ બાતિલ નહિ થાય,
(૫) જે કાર્યથી ઈન્સાન ભાન કે હોશ ભૂલાવે, જેમકે દીવાનગી, નશો અને બેહોશી,
(૬) ઔરતો જયારે ઈસ્તેહાઝાની હાલતમાં હોય, (એના વિગતવાર મસાઈલ હવે પછી આવશે);
(૭) જનાબતથી; બલ્કે એહતિયાતે મુસ્તહબની રૂએ દરેક એવા કામથી કે જેના માટે ગુસ્લ જરૂરી છે.

## જબીરાના એહકામ :

જખમ કે હાડકાંની તૂટ માટે જે પાટાપીંડી ઉપયોગમાં લેવાય છે, તેમજ જે દવાઓ જખમ વગેરે ઉપર મૂકવામાં આવે છે તેને જબીરા કહેવાય છે.

**મસઅલો ૩૨૩** : અગર વઝુના કોઈ ભાગ ઉપર જખમ, ગૂમડું કે હાડકાંની તૂટ હોય; અને તેને પાટા વગેરેથી બાંધવામાં આવ્યો ન હોય, તેમજ પાણીથી કોઈ નુકસાન થવાનો સંભવ ન હોય, તો પછી સામાન્ય રીતે વઝુ કરવું જોઈએ.

**મસઅલો ૩૨૪** : અગર ચહેરા કે હાથો ઉપર જખમ, ગૂમડું કે હાડકાંની તૂટ પાટા વગર ખુલ્લું હોય, અને તેના ઉપર પાણી રેડવું નુકસાનકારક હોય, તો વઝુ માટે એ જગ્યાની ચારે તરફ, ઉપરથી નીચે પાણી રેડવું જોઈએ;

અને અગર એ જખમ વગેરેની જગ્યાએ ભીનો હાથ ફેરવવાથી નુકસાનનો ભય ન હોય તેના ઉપર ભીનો હાથ ફેરવે; અને ત્યારબાદ તેના ઉપર પાક કપડું મૂકી તેના ઉપર ફરી ભીનો હાથ ફેરવે, પણ અગર હાડકાંની તૂટ હોય તો તે બાદ તયમ્મુમ કરવું લાઝિમ છે.

**મસઅલો ૩૨૫** : અગર જખમ, ગૂમડું કે તૂટ માથાના આગલા હિસ્સામાં અથવા પગના સામેના ભાગમાં હોય, અને તેના ઉપર પાટો વગેરે ન હોય, પણ તેના ઉપર મસહ ન કરી શકાતો હોય, જેમકે, જખમ વગેરે આખાય હિસ્સામાં ફેલાયેલું હોય, અથવા જ્યાં જખમની અસર ન હોય ત્યાં મસહ કરવો અશક્ય હોય, તો એવા સંજોગમાં તયમ્મુમ કરવું જરૂરી છે; અને એહતિયાતે મુસ્તહબની રૂએ વઝુ પણ કરે, અને જખમ વગેરેની જગ્યાએ પાક કપડું મૂકી તેના ઉપર હાથમાં રહી ગયેલી વઝુની ભીનાશથી મસહ કરે.

**મસઅલો ૩૨૬** : અગર જખમ, ગૂમડું કે હાડકાંની તૂટ ઉપર પાટો બાંધેલો હોય, પણ તેને તકલીફ વગર ખોલી શકાતો હોય, અને પાણીના ઉપયોગથી નુકસાન થવાનો સંભવ ન હોય, તો તે પાટો ખોલીને વઝુ કરવું જરૂરી છે, ચાહે એ જખમ વગેરે ચહેરા અને હાથો ઉપર હોય, ચાહે માથાના કે પગના સામેના ભાગમાં હોય.

**મસઅલો ૩૨૭** : અગર જખમ, ગૂમડું કે હાડકાની તૂટ ઉપર પાટો બાંધેલો હોય, અને પાટાના ખોલવામાં તેમજ ઉપર પાણી રેડવામાં નુકસાનની બીક હોય, તો તેની ચારે તરફ જયાં જયાં શક્ય હોય ત્યાં ધોવું જોઈએ; અને એહતિયાતે વાજિબની રૂએ જબીરા ઉપર હાથ ફેરવી લ્યે.

**મસઅલો ૩૨૮ :** અગર જખમને ખોલી શકાતું ન હોય, પણ એ જખમ અથવા તેના ઉપર મૂકવામાં આવેલી દવા કે પાટો વગેરે પાક હોય, અને કોઈ પણ નુકસાન વગર પાણી જખમ સુધી પહોંચાડી શકાતું હોય, તો જખમ ઉપર વઝુની રીતમાં જણાવ્યા મુજબ ઉપરથી નીચે પાણી રેડવું જોઈએ.

પણ જો એ જખમ અને તેના ઉપર મૂકવામાં આવેલો પાટો વગેરે નજીસ હોય, તો અગર પાણીથી ધોઈને પાક કરવાની શક્યતા હોય, તો તેને પાક કરે; અને વઝુ કરતી વખતે એ જખમ સુધી પાણી પહોંચાડે અને જો જખમ સુધી પાણી, નુકસાનકર્તા ન હોવા છતાં, પહોંચાડી શકાતું ન હોય, અથવા નજીસ જખમને પાક ન કરી શકાતું હોય, તો તયમ્મુમ કરવું જરૂરી છે.

**મસઅલો ૩૨૯ :** અગર વઝુના કોઈ પણ એક ભાગને જબીરા પૂરી રીતે ઘેરી વળે, તો દેખીતી રીતે જબીરાના હુકમ મુજબ વઝુ કાફી છે; પણ અગર વઝુના તમામ ભાગોને જબીરાએ પૂરી રીતે ઘેરી લીધો હોય, તો અહવત એ છે કે તયમ્મુમ કરે; અને જબીરા મુજબ વઝુ પણ બજાવી લાવે.

**મસઅલો ૩૩૦ :** જબીરા માટે જરૂરી નથી કે તે એવી વસ્તુથી બનેલું હોય કે જેનો વપરાશ નમાઝમાં જાઈઝ છે, બલ્કે અગર રેશમનું બનેલું હોય, અથવા હરામ ગોશ્ત જાનવરના કોઈ ભાગથી બનેલું હોય, તો પણ તેના ઉપર હાથ ફેરવવો જાઈઝ ગણાશે.

**મસઅલો ૩૩૧ :** અગર કોઈ શખ્સની હથેળી કે આંગળીમાં જબીરા હોય, અને વઝુ કરતી વખતે તેના

ઉપર હાથ ફેરવી ચૂક્યો હોય, તો એની ભીનાશથી માથાનો કે પગનો મસહ કરી શકશે.

**મસઅલો ૩૩૨** : અગર પગના સામેના ભાગને જબીરાએ પહોળાઈમાં ઘેરી લીધો હોય. પણ આંગળીઓના કિનારા અને પગના ઉપલા હિસ્સામાં થોડીક જગ્યા જબીરા વિના ખુલ્લી હોય, તો મસહ કરતી વખતે એ ખુલ્લી જગ્યા ઉપર તેમજ જબીરા ઉપર મસહ માટે હાથ ફેરવે.

**મસઅલો ૩૩૩** : અગર ચહેરા કે હાથો ઉપર ઠેકઠેકાણે જબીરા હોય, તો એ જબીરાની વચ્ચે ખુલ્લી જગ્યાઓને પાણીથી ધોવે; અને અગર માથા કે પગના આગલા હિસ્સામાં ઠેરઠેર જબીરા હોય, તો તેની વચ્ચે ખુલ્લી જગ્યાઓ ઉપર મસહ કરે; અને જયાં જયાં જબીરા હોય, ત્યાં જબીરાના દર્શાવેલા હુકમ મુજબ અમલ કરવો જોઈએ.

**મસઅલો ૩૩૪** : અગર જબીરાએ જખમની ચારે કોર અસાધારણ રીતે જગ્યા ઘેરી લીધી હોય; અને એને તકલીફ વિના દૂર ન કરી શકાતું હોય, તો એવા સંજોગમાં તયમ્મુમ કરવું જોઈએ; પણ અગર એ જબીરા તયમ્મુમના જ ભાગો ઉપર હોય, તો પછી જરૂરી છે કે તયમ્મુમ સાથે વઝુ પણ કરે.

ઉપરોકત બંને સંજોગમાં અગર જબીરાને દૂર કરવામાં વધુ પડતી ઝહેમત ન હોય, તો તેને દૂર કરવું જોઈએ.

પરંતુ જો જખમ ચહેરા કે હાથો ઉપર હોય તો તેની ચોતરફના ભાગોને ધુએ; અને જો માથા કે પગના

આગલા હિસ્સામાં હોય, તો જખમની ચોતરફના હિસ્સા ઉપર મસહ કરે; અને જખમની જગ્યા માટે જબીરાના દર્શાવેલા હુકમ પ્રમાણે અમલ કરે.

**મસઅલો ૩૩૫** : અગર વઝુના ભાગો ઉપર કોઈ જખમ, ગૂમડું કે હાડકાંની તૂટ ન હોય, પરંતુ કોઈ બીજા કારણસર પાણીથી નુકસાન થવાનો સંભવ હોય, તો તયમ્મુમ કરવું જોઈએ.

**મસઅલો ૩૩૬** : અગર વઝુના કોઈ ભાગમાં લોહીની નસ કે શિરા ખોલવામાં આવી હોય, અને તેને પાણીથી ધોવાની શક્યતા ન હોય, તો તયમ્મુમ કરવું જોઈએ; પણ અગર પાણીના ઉપયોગથી તેને નુકસાન થવાનો ભય હોય, તો પછી તેના માટે પણ જબીરા માટે જણાવેલા હુકમ મુજબ અમલ કરવો જોઈએ.

**મસઅલો ૩૩૭** : અગર વઝુ કે ગુસ્લના ભાગો ઉપર કોઈ એવી વસ્તુ ચોંટેલી હોય કે તેને ત્યાંથી દૂર કરવી શક્ય ન હોય, અથવા અસહ્ય તકલીફનું કારણ બનતું હોય, તો તયમ્મુમ કરવું જોઈએ; પણ અગર એ વસ્તુ તયમ્મુમના ભાગો ઉપર ચોંટેલી હોય, તો વાજિબ છે કે તયમ્મુમ અને વઝુ બંને બજાવી લાવે; અને જો ચોંટેલી વસ્તુ કોઈ દવા હોય, તો જબીરાનો હુકમ તેને લાગુ પડશે.

**મસઅલો ૩૩૮** : ગુસ્લે મૈયત સિવાય બાકીનાં તમામ ગુસ્લોમાં જબીરાનો હુકમ વઝુના જબીરાની જેમ જ છે. પરંતુ એહતિયાતે લાઝિમની રૂએ એ તરતીબી રીતે ઉતારવું જોઈએ.

દેખીતી રીતે જયારે શરીર ઉપર જખમ કે ગૂમડું હોય, ત્યારે ઈન્સાનને ઈખ્તીયાર છે કે ચાહે ગુસ્લ કરે યા તયમ્મુમ કરે; અને જો એ ગુસ્લ માટે ઈરાદો કરે, અને જખમ વગેરે ઉપર કોઈ પાટો વગેરે ન હોય, તો એહતિયાતે મુસ્તહબ છે કે એક પાક કપડું એ જખમ કે ગૂમડાં ઉપર રાખી તેના ઉપર હાથ ફેરવે, પણ જો હાડકુ તૂટી ગયુ હોય તો તેને ગુસ્લ કરવુ જોઈએ; અને અહવતની રૂએ જબીરા ઉપર પણ ઉપર દર્શાવેલ રીતે હાથ ફેરવવો જોઈએ. જે સંજોગોમાં જબીરા ઉપર હાથ ફેરવવો શક્ય ન હોય, અથવા હાડતૂટની જગ્યા પાટાપીંડી વગર ખુલ્લી પડી હોય, તો લાઝિમ છે કે તયમ્મુમ કરે.

**મસઅલો ૩૩૯** : જે શખ્સ માટે તયમ્મુમ સિવાય કોઈ ઉપાય ન હોય, અને તેના તયમ્મુમના ભાગો ઉપર જખમ, ગૂમડું કે હાડતૂટ હોય, તો જબીરા વઝુની જેમ જ જબીરા તયમ્મુમ બજાવી લાવશે.

**મસઅલો ૩૪૦** : જે માણસને જબીરા વઝુ યા ગુસ્લથી નમાઝ પઢવાની હોય, અને એ જાણતો હોય કે નમાઝના છેલ્લા સમય સુધી તેનું ઉઝર દૂર નહિ થાય, તો એ નમાઝ વખત થતાની સાથે પઢી શકે છે, પણ અગર એને આશા હોય કે નમાઝના છેલ્લા વખત સુધીમાં ઉઝર દૂર થઈ જશે તો બેહતર છે કે ઢીલ કરે. પરંતુ જો ઉઝર દૂર ન થાય તો કઝા થાય એ પહેલાં જબીરા વઝુ કે જબીરા ગુસ્લથી નમાઝ પઢી લ્યે.

જે સંજોગોમાં એણે વખત દાખલ થતાં જ નમાઝ

અદા કરી હોય, એ નમાઝના છેલ્લા વખત સુધીમાં ઉઝર દૂર થઈ જાય, તો એહતિયાતે મુસ્તહબ છે કે ફરી વઝુ કે ગુસ્લ કરીને બીજી વાર નમાઝ પઢે.

**મસઅલો ૩૪૧** : અગર આંખની બીમારીને કારણે આંખો ઊપર પટ્ટી બાંધી હોય, તો એવા સંજોગમાં તયમ્મુમ કરવું જોઈએ.

**મસઅલો ૩૪૨** : અગર કોઈ શખ્સ એ નક્કી ન કરી શકે કે એણે તયમ્મુમ કરવું જોઈએ યા જબીરાના હુકમ મુજબ વઝુ કરવું જોઈએ, તો એહતિયાતે વાજિબ છે કે બંને બજાવી લાવે.

**મસઅલો ૩૪૩** : જબીરા વઝુની સાથે જેટલી નમાઝો પઢવામાં આવી હોય તે સહીહ ગણાશે; અને એજ વઝુથી ઉઝર દફે થયા પછીની નમાઝો પણ પઢી શકાય. પરંતુ તેની ઝીમ્મેદારી વઝુએ જબીરા અને તય્યમુમ બન્નેની હતી તો ઉઝર દુર થયા પછી, હવે પછીની નમાઝ માટે વઝુ કરવુ જરૂરી છે.

# વાજિબ ગુસ્લ – ૧

**વાજિબ ગુસ્લ સાત છે** :

(૧) ગુસ્લે જનાબત, (૨) ગુસ્લે હૈઝ, (૩) ગુસ્લે નિફાસ, (૪) ગુસ્લે ઈસ્તેહાઝા, (૫) ગુસ્લે મસે મૈયત, (૬) ગુસ્લે મૈયત, (૭) જે ગુસ્લે નઝર, કસમ વગેરેથી વાજિબ થાય છે.

અગર સૂરજ ગ્રહણ સંપૂર્ણ હોય અથવા ચંદ્ર ગ્રહણ સંપૂર્ણ અને મુકલ્લફ જાણી જોઈ નમાઝે આયત ન

પઢે એટલે સુધી કે (નમાઝ) કઝા થઈ જાય તો એહતિયાતે વાજિબની રૂએ કઝા માટે ગુસ્લ કરવું જોઈએ.

## ગુસ્લે જનાબતના એહકામ :

**મસઅલો ૩૪૪** : ઈન્સાન બે રીતે જુનુબ થાય છે :

(૧) જાતીય સંભોગ

(૨) વીર્યસ્ખલન (મનીનું બહાર આવવું), ચાહે ઊંઘમાં કે જાગૃત અવસ્થામાં, ઓછા યા વધુ પ્રમાણમાં, શહેવતની સાથે યા શહેવત વગર, ઈખ્તિયારથી કે બેકાબૂ થઈને.

**મસઅલો ૩૪૫** : અગર ઈન્સાનથી કોઈ એવી રૂતુબત ખારીજ થાય કે એ નક્કી ન કરી શકે કે મની છે, યા પેશાબ છે, યા કોઈ બીજું પ્રવાહી છે, માટે જો એ રૂતુબત શહેવત સાથે ઊછળીને નીકળે અને નીકળ્યા બાદ શરીરમાં એક પ્રકારની સુસ્તી થાય, તો તેને મની સમજવું જોઈએ; અને જો આ ત્રણ નિશાનીઓમાંથી બધી અથવા અમુક નિશાની ન હોય, તો એ રૂતુબત મની નહિ ગણાય.

અલબત્ત બીમાર માટે ઊછળીને મની બહાર આવવું યા સ્ખલન બાદ શરીરનું સુસ્ત થઈ જવું જરૂરી નથી; પરંતુ જો શહેવતની સાથે ખારીજ થાય, તો તેને મનીનો હુકમ લાગુ પડશે. ઔરતોમાં જ્યારે તેણી રમત કરવા અથવા શેહવતવાળા વિચારને કારણે તે જગ્યાએ રૂતબત (ભીનાશ) મહેસૂસ કરે જો તે રૂતુબત વધારે પ્રમાણમાં ન હોય કે આજુબાજુની જગ્યાએ ફેલાય તો તે પાક છે અને વઝુ ગુસ્લને બાતિલ કરતી નથી.

પરંતુ અગર તે રૂતુબત એટલા પ્રમાણમાં હોય કે જેને ઈન્ઝાલ (સ્ખલન) કહી શકાય. અને લિબાસને ભીના કરી નાખે અને તેણી લઝઝતની હદ સુધી પહોંચે જેને ચરમસીમા કહેવામાં આવે તો નજીસ છે અને તે જનાબતનું કારણ છે અને જો એ ચરમસીમા સુધી ન પહોંચે તો એહતીયાતે લાઝિમની બીના પર નજીસ અને મુજનીબ છે.

પરંતુ અગર શક કરે કે એટલી હદ સુધી રૂતુબત નીકળી કે નહી યા પછી રૂતુબત નીકળી કે નહી તો ગુસ્લ વાજિબ નથી અને વઝુ અને ગુસ્લને પણ બાતિલ નહી થાય.

**મસઅલો ૩૪૬** : અગર એક તંદુરસ્ત ઈન્સાનથી કોઈ એવી રૂતુબત ખારીજ થાય, જેમાં ત્રણ નિશાનીઓમાંથી એક નિશાની હોય, પણ બાકીની નિશાનીઓ બારામાં યકીન ન હોય, માટે જો એ વઝુ કરી ચૂકયો હોય તો એ જ વઝુ એના માટે કાફી છે; અને જો વઝુ ન કરી ચૂકયો હોય તો ફકત વઝુ કરે, ગુસ્લ તેના ઉપર લાઝિમ નથી.

**મસઅલો ૩૪૭** : મુસ્તહબ છે કે ઈન્સાન મની ખારીજ થયા બાદ પેશાબ કરે; અને જો એ પેશાબ ન કરે અને ગુસ્લ કરી લીધા બાદ તેની પેશાબની જગ્યાએથી કઈ પ્રવાહી નીકળે જેના માટે તે નક્કી ન કરી શકે કે મની છે કે કોઈ અન્ય પ્રવાહી, તો તે મની ગણાશે.

**મસઅલો ૩૪૮** : સ્ત્રી-સંભોગ વખતે અગર બંને શરમગાહમાંથી કોઈ પણ એકમાં, ખત્નાની જગ્યા સુધી

યા એથી વધુ ભાગનો પ્રવેશ થાય, ચાહે બાલિગ હોય કે નાબાલિગ, મની બહાર આવે કે ન આવે, બંને જુનુબ થયા ગણાશે.

**મસઅલો ૩૪૯** : અગર કોઈને શંકા હોય કે ખત્નાની જગ્યા સુધીનો પ્રવેશ થયો છે કે નહિ, તો તેના ઉપર ગુસ્લ વાજિબ નથી.

**મસઅલો ૩૫૦** : અગર નઉઝો બિલ્લાહ કોઈ શખ્સ હૈવાન સાથે જાતીય સમાગમ કરે, અને વીર્ય બહાર આવે, તો તેના માટે ગુસ્લ કાફી છે; પણ જો મની બહાર ન આવે, અને પહેલેથી વઝુ કરી ચૂક્યો હોય, તો એકલું ગુસ્લ કાફી ગણાશે; અને જો વઝુ કરી ચૂક્યો ન હોય તો એહતિયાતે વાજિબ છે કે ગુસ્લ કર્યા બાદ વઝુ પણ કરે. એ જ હુકમ પુરૂષ અથવા બાળક સાથે જાતીય સમાગમનો છે.

**મસઅલો ૩૫૧** : અગર ઈન્સાનને એહસાસ થાય કે મની ઈન્દ્રિયમાં ઉત્તેજિત થઈ ચૂક્યું છે, પણ સ્ખલન થઈને બહાર આવ્યું નથી, અથવા બહાર આવ્યા સંબંધે તેને શક હોય, તો તેના ઉપર ગુસ્લ વાજિબ નથી.

**મસઅલો ૩૫૨** : જે શખ્સ ગુસ્લ કરવા અશક્ત હોય, પણ તયમ્મુમ કરી શકતો હોય, એ શખ્સ નમાઝનો સમય દાખલ થયા બાદ પણ પોતાની સ્ત્રી સાથે સંભોગ કરી શકે છે.

**મસઅલો ૩૫૩** : અગર કોઈને પોતાના લિબાસ ઉપર મની દેખાય, જેના માટે તેને યકીન થાય કે પોતાનું મની

છે, તો અગર ગુસ્લ કરી ચૂક્યા ન હોય તો તેણે ગુસ્લ કરી લેવું જોઈએ; અને જે નમાઝો માટે એને યકીન હોય કે મની બહાર આવ્યા પછી પઢતો રહ્યો, તેની કઝા બજાવી લાવે; પણ જે નમાઝો માટે શક્યતા હોય કે મની નીકળ્યા પહેલાં પઢી લીધી હતી તેની કઝા પઢવી જરૂરી નથી.

## જનાબતવાળા શખ્સ માટે જે વસ્તુઓ હરામ છે:

**મસઅલો ૩૫૪** : જુનૂબ (જનાબતવાળા) માટે પાંચ બાબતો હરામ છે :

(૧) પોતાના શરીરના કોઈ પણ ભાગ વડે કુરઆને મજીદના અક્ષરોને અડવું, એવી જ રીતે અલ્લાહના નામોને અડવું, ચાહે તે કોઈ પણ ભાષામાં લખેલાં હોય; અને બેહતર છે કે પયગંબરો, ઈમામો અને જનાબે ફાતેમા ઝહરા (સલામુલ્લાહે અલય્હા)ના નામોને પણ એવી હાલતમાં ન અડે.

(૨) મસ્જિદુલ હરામ અને મસ્જિદે નબવીમાં દાખલ થવું, ચાહે તે એક દરવાજાથી પ્રવેશ કરી બીજે દરવાજેથી નીકળી જવા જેટલું કેમ ન હોય.

(૩) બાકીની બીજી મસ્જિદોમાં રોકાવું કે થોભવું; અને એહતિયાતે વાજિબની રૂએ એ જ હુકમ ઈમામોના હરમો માટે પણ છે, પરંતુ મસ્જિદમાંથી પસાર થવું, જેમકે એક દરવાજે દાખલ થઈ રોકાયા વિના બીજે દરવાજેથી નીકળી જવામાં વાંધો નથી.

(૪) મસ્જિદમાં કોઈ પણ વસ્તુ રાખવા માટે દાખલ થવું;

અને એહતિયાતે લાઝિમની રૂએ મસ્જિદમાં કોઈ પણ વસ્તુ લેવા માટે દાખલ થવું.

(૫) કુરઆને મજીદની જે આયતો પઢવાથી સિજદો વાજિબ થાય છે, તેમાંથી કોઈ પણ એકનું પઢવું. એ વાજિબ સિજદાની આયતો કુરઆનમાં નીચે મુજબ સૂરાઓમાં છે :

(૧) સૂરો નંબર ૩૨ (અલ-સજદા) (આયત નં. ૧૫), (૨) સૂરો નંબર ૪૧ (હામીમ સજદા) (આયત નં. ૩૭), (૩) સૂરો નંબર ૫૩ (વન્નજમ) (આયત નં. ૬૨), (૪) સૂરો નંબર ૯૬ (ઈકરઅ) (આયત નં. ૧૯).

## જનાબતવાળા શખ્સ માટે જે વસ્તુઓ મકરૂહ છે :

**મસઅલો ૩૫૫** : જુનૂબ (જનાબતવાળા) માટે નવ કાર્યો મકરૂહ છે :

(૧-૨) ખાવું અને પીવું, પણ અગર કોઈ હાથોને ધોઈ તેમજ કોગળા કરીને ખાઈ કે પીવે તો મકરૂહ નથી; અને ફકત હાથોને ધોઈને ખાઈ કે પીવે તો કરાહત ઓછી છે.

(૩) વાજિબ સિજદાવાળી આયતો સિવાય સાત આયતોથી વધુ તિલાવત કરવી, મશહૂર કોલ પ્રમાણે મકરૂહ છે.

(૪) કુરઆને મજીદની જિલ્દ, હાંસિયા કે છપાઈ વચ્ચેની ખાલી જગ્યાને અડવું.

(૫) કુરઆને મજીદ પાસે રાખવું.

(૬) ગુસ્લ કર્યા વિના સૂઈ રહેવું, પણ અગર વઝુ કરી લ્યે

અથવા પાણી ન હોવાને કારણે ગુસ્લને બદલે તયમ્મુમ કરે તો મકરૂહ નથી.

(૭) મેંહદી અથવા તેના જેવી ચીજોથી ખિઝાબ કરવું, રંગવું.

(૮) શરીર ઉપર તેલ ચોપડવું.

(૯) ઊંઘની હાલતમાં મની બહાર આવે તેને એહતેલામ કહેવાય છે. એહતેલામ બાદ ગુસ્લ પહેલાં સ્ત્રી–સંભોગ મકરૂહ છે.

## ગુસ્લે જનાબત :

**મસઅલો ૩૫૬ :** ગુસ્લે જનાબત વાજિબ નમાઝ માટે અને એ પ્રકારના વાજિબ કાર્યો માટે વાજિબ છે, પણ નમાઝે મૈયત, સિજદએ સહવ, સિજદએ શુક્ર અને કુરઆનના વાજિબ સિજદા માટે ગુસ્લે જનાબત જરૂરી નથી.

**મસઅલો ૩૫૭ :** ગુસ્લ કરતી વખતે એવી નિય્યત કરવી કે વાજિબ ગુસ્લ અદા કરૂ છું, જરૂરી નથી; બલ્કે માત્ર કુરબતનની નિય્યત કરે, એટલે કે અલ્લાહના હુકમને બજાવી લાવવાની નિય્યતથી ગુસ્લ કરે તો કાફી છે.

**મસઅલો ૩૫૮ :** અગર કોઈ શખ્સ એમ જાણીને કે નમાઝનો વખત થઈ ગયો છે, વાજિબ ગુસ્લની નિય્યત કરે, અને પછીથી તેને ખબર પડે કે વખત દાખલ થયા પહેલાં ગુસ્લ કર્યુ છે, તો ગુસ્લ સહીહ ગણાશે.

**મસઅલો ૩૫૯ :** ગુસ્લે જનાબત બે રીત થઈ શકે છે : એક તરતીબી અને બીજુ ઈરતેમાસી.

## ગુસ્લે તરતીબીની રીત :

**મસઅલો ૩૬૦** : ગુસ્લે તરતીબીમાં, ગુસ્લની નિય્યતથી, એહતિયાતે લાઝિમની રૂએ પ્રથમ માથું અને ગરદન અને ત્યારબાદ શરીરને ધોવું જોઈએ; અને શરીરને ધોતી વખતે બેહતર એ છે કે પહેલાં જમણા ભાગને ધૂવે, અને ત્યારબાદ ડાબા ભાગને ધૂવે.

અગર કોઈ જાણી-જોઈને, યા ભૂલી જવાના કારણે, યા મસઅલા ન જાણવાના કારણે, શરીરના ધડને માથા અને ગરદનથી પહેલાં ધોઈ નાખે તો એહતિયાતે લાઝિમની રૂએ ગુસ્લ બાતિલ છે.

આ જ પ્રમાણે એહતિયાતે લાઝિમની રૂએ જો માથુ ગરદન અને શરીર પાણીમાં ડુબેલા હોય તો તે ભાગોને ધોવાની નિય્યતથી હલાવવું કાફી નથી, પરંતુ જે ભાગને ધોવો હોય તેને પાણીની બહાર કાઢે પછી ધોવાની નિય્યતથી પાણીમાં ડુબાડે.

**મસઅલો ૩૬૧** : જો કોઈ શખ્સે શરીરના ધડને માથા અને ગરદનની પહેલાં ધોઈ નાખ્યું હોય, તેના માટે જરૂરી નથી કે નવેસરથી ગુસ્લ કરે, બલ્કે ફકત ધડને ફરીથી ધોઈ લ્યે, તો ગુસ્લ સહીહ થશે.

**મસઅલો ૩૬૨** : અગર કોઈ શખ્સને યકીન ન થતું હોય કે માથું, ગરદન અને ધડને સંપૂર્ણ રીતે ધોઈ શક્યો છે, તો યકીન હાસિલ કરવા માટે દરેક ભાગને ધોતી વખતે બીજા ભાગની અમુક જગ્યા સાથે ધોઈ લ્યે.

**મસઅલો ૩૬૩** : ગુસ્લ કરી લીધા બાદ અગર કોઈને

જાણ થાય કે શરીરનો (ધડનો) કોઈ ભાગ ધોયા વગર રહી જવા પામ્યો છે, અને એ ભાગની ચોક્કસપણે ખબર ન હોય, તો ફરીથી માથું ધોવાની જરૂરત નથી, બલ્કે જે જગ્યા માટે એ શક્યતા હોય કે ધોયા વિના રહી ગઈ છે, તેને ધોઈ લ્યે.

**મસઅલો ૩૬૪** : ગુસ્લ કર્યા બાદ અગર કોઈને જાણ થાય કે શરીરનો કોઈ ભાગ ધોયા વગર રહી ગયો છે, તો અગર એ ધડનો ડાબો ભાગ હોય, તો એટલા જ ભાગને ધોઈ લેવું કાફી ગણાશે; પણ અગર એ જમણો ભાગ હોય, તો તેટલા ભાગને ધોવા બાદ એહતિયાતે મુસ્તહબ છે કે ડાબા ભાગને ફરીથી ધુવે; અને જો માથું કે ગરદનનો ભાગ ધોયા વગર રહી ગયો હોય, તો તેને ધોવા બાદ એહતિયાતે વાજિબની રૂએ ધડને ફરી ધોવું જોઈએ.

**મસઅલો ૩૬૫** : ગુસ્લ તમામ થયા પહેલાં અગર કોઈને શક થાય કે જમણા યા ડાબા ભાગમાં કોઈ જગ્યા ધોયા વિના રહી ગઈ છે, તો જરૂરી છે કે એ જગ્યાને ધોઈ લ્યે પણ અગર એ શક માથા અને ગરદનના કોઈ ભાગ માટે થાય, તો એહતિયાતે લાઝિમ છે કે એને ધોયા પછી ધડને ફરીથી ધુવે.

## ગુસ્લે ઈરતેમાસીની રીત :

ગુસ્લે ઈરતેમાસી કરવાની બે રીતો છે : એક દફઈ, એટલે કે એકી સાથે; અને બીજી તદરીજી, એટલે કે ક્રમવાર.

**મસઅલો ૩૬૬** : એકી સાથે, દફઈ રીતે, ઈરતેમાસી,

ગુસ્લ માટે જરૂરી છે કે એક જ ડુબકીમાં પાણી આખા શરીર સુધી પહોંચે, જો કે એ જરૂરી નથી કે ગુસ્લ શરૂ કર્યા પહેલાં આખુંય શરીર પાણીની બહાર હોય, બલ્કે અગર અમુક ભાગ બહાર હોય, અને પછી ગુસ્લની નિય્યત કરી એકી સાથે પાણીમાં ડૂબકી મારે તો કાફી ગણાશે.

**મસઅલો ૩૬૭** : તદરીજી એટલે કે ક્રમવાર ઈરતેમાસી ગુસ્લમાં ગુસ્લની નિય્યત કરી શરીરના ભાગોને એક પછી એક સંપૂર્ણ રીતે પાણીમાં ડૂબાડવામાં આવે, આ રીત માટે જરૂરી છે કે ગુસ્લ શરૂ કર્યા પહેલાં તે શરીરનો ભાગ પાણીની બહાર હોય.

**મસઅલો ૩૬૮** : ગુસ્લ ઈરતેમાસી કર્યા બાદ જો જણાય કે શરીરના અમુક ભાગ સુધી પાણી પહોંચ્યું નથી, ચાહે એ ભાગ વિશે એને ચોક્કસ જાણ હોય કે ન હોય, તો ફરીથી ગુસ્લ કરવું પડશે.

**મસઅલો ૩૬૯** : અગર ગુસ્લે તરતીબી માટે વખત ન હોય, પણ વખતની અંદર ઈરતેમાસી બજાવી લાવી શકતો હોય, તો ગુસ્લે ઈરતેમાસી કરવું જોઈએ.

**મસઅલો ૩૭૦** : જે માણસ હજ યા ઉમરાના એહરામની હાલતમાં હોય, તે ગુસ્લે ઈરતેમાસી નહિ કરી શકે, પણ અગર ભૂલી જઈને તેમ કરે તો ગુસ્લ સહીહ ગણાશે.

## ગુસ્લ કરવાના એહકામ :

**મસઅલો ૩૭૧** : ગુસ્લે ઈરતેમાસી કે તરતીબી શરૂ કર્યા પહેલાં આખાય શરીરનું પાક હોવું વાજિબ નથી, બલ્કે

ગુસ્લ માટે પાણીમાં ડૂબકી મારવાથી અથવા પાણી રેડવાથી શરીર પાક થઈ જાય, તો ગુસ્લ સહીહ ગણાશે. અલબત જરૂરી છે જે પાણીથી ગુસ્લ કરી રહ્યો છે. તે પાક રહેવું જોઈએ. દા.ત. તે પાણી કુર હોય.

**મસઅલો ૩૭૨** : અગર કોઈ શખ્સ હરામ કાર્યથી જુનુબ થયો હોય, અને જો ગરમ પાણીથી ગુસ્લ કરતી વખતે તેને પરસેવો નીકળે, તો પણ તેનું ગુસ્લ સહીહ ગણાશે.

**મસઅલો ૩૭૩** : ગુસ્લ વખતે અગર શરીરનો વાળ બરાબર ભાગ પણ ધોયા વિના રહી જાય, તો ગુસ્લ બાતિલ છે; પરંતુ કાનની અંદર, નાકની અંદર અથવા એવા ભાગો કે જે આંતરિક ભાગો ગણાય છે, તેને ધોવું વાજિબ નથી.

**મસઅલો ૩૭૪** : જે ભાગ માટે શક થાય કે એ બહારનો ભાગ છે કે આંતરિક છે, તો તેને ધોવું જોઈએ.

**મસઅલો ૩૭૫** : અગર એરીંગ વગેરે માટે પાડવામાં આવેલા છીદ્રો એટલાં ખુલ્લાં અને પહોળા થઈ ગયાં હોય કે તેના આંતરિક ભાગને શરીરનો બહારનો ભાગ ગણવામાં આવતો હોય, તો તેને ધોવું જરૂરી છે, નહિતર જરૂરી નથી.

**મસઅલો ૩૭૬** : જે વસ્તુ શરીર સુધી પાણી પહોંચાડવામાં રૂકાવટ બનતી હોય તેને દૂર કરવી જોઈએ, અને એ દૂર થઈ ગઈ છે તેનું યકીન કર્યા વિના જો ગુસ્લ કરે, તો ગુસ્લ બાતિલ ગણાશે.

**મસઅલો ૩૭૭ :** ગુસ્લ કરતી વખતે જો સમજદાર ઈન્સાનના મંતવ્ય મુજબ યોગ્ય હોય એ પ્રકારનો શક થાય કે તેના શરીર ઉપર પાણીને રોકનારી કોઈ વસ્તુ રહી ગઈ છે કે નહિ તો તેની તપાસ કરે, જેથી ઈત્મેનાન થઇ જાય કે એવી કોઈ ચીજ બાકી નથી રહી.

**મસઅલો ૩૭૮ :** ગુસ્લ કરતી વખતે ટૂંકા વાળ કે જે શરીરના ભાગરૂપે ગણાય છે તેને ધોવા જરૂરી છે, પણ લાંબા વાળને ધોવા વાજિબ નથી, બલ્કે અગર પાણીને ચામડી સુધી એવી રીતે પહોંચાડે કે એ લાંબા વાળ ભીના ન થાય, તો પણ ગુસ્લ સહીહ ગણાશે. અલબત્ત, અગર એ લાંબા વાળને ધોયા વગર ચામડી સુધી પાણી પહોંચાડવું શક્ય ન હોય, તો શરીર સુધી પાણી પહોંચાડવા માટે એ વાળને પણ ધોવા જોઈએ.

**મસઅલો ૩૭૯ :** વઝુ સહીહ થવા માટે જે શરતો છે, જેમકે, પાણીનું પાક હોવું, ગસ્બી ન હોવું વગેરે તે બધી શરતો ગુસ્લ સહીહ થવા માટે પણ લાગુ પડશે.

પરંતુ ગુસ્લ માટે એ વાજિબ નથી કે શરીરના ભાગો ઉપરથી નીચે તરફ ધોવામાં આવે. એવી જ રીતે તરતીબી ગુસ્લમાં એ જરૂરી નથી કે માથું અને ગરદન ધોયા બાદ તરત જ શરીરને ધોવામાં આવે; અગર કોઈ શખ્સ માથું અને ગરદન ધોયા બાદ અમુક સમય સુધી ઢીલ કર્યા પછી શરીરને ધુવે તો વાંધો નથી, બલ્કે એ પણ જરૂરી નથી કે માથું, ગરદન કે આખાય શરીરને એકી સાથે એક જ વખતમાં ધુવે, દાખલા તરીકે માથું ધોયા બાદ

અમુક સમય પછી ગરદન ધુવે તો જાઈઝ છે.

પણ જે શખ્સ પેશાબ કે પાયખાનાને રોકી શકતો ન હોય, અગર ગુસ્લ અને નમાઝ અદા કરી શકે તેટલા સમય દરમિયાન પેશાબ પાયખાનું બંધ થઈ જતું હોય, તો તેના માટે જરૂરી છે કે તત્કાલ ગુસ્લ કરીને તરત જ નમાઝ અદા કરે.

**મસઅલો ૩૮૦** : અગર કોઈ શખ્સ હમામમાં ગુસ્લ કરી રહ્યો હોય; અને હમામના ધણીની રજામંદી મેળવ્યા વિના મનોમન નક્કી કરે કે તેના પૈસા (હમામના ભાડા) ઉધાર રાખીશ, તો ત્યારબાદ હમામનો માલિક સંમતિ આપે તો પણ તેનું ગુસ્લ બાતિલ છે.

**મસઅલો ૩૮૧** : અગર હમામનો ધણી રાજી હોય કે તેનો હક ઉધાર રહે, પણ ગુસ્લ ઉતારનારનો એવો ઈરાદો હોય કે પૈસા નહિ અદા કરે અથવા હરામ માલથી અદા કરશે, તો ગુસ્લ બાતિલ છે.

**મસઅલો ૩૮૨** : અગર કોઈ માણસ હમામના ધણીને કોઈ એવા માલમાંથી રકમ આપે કે જે માલમાંથી ખુમ્સ અદા ન કર્યું હોય, તો તેને હરામ કામ કર્યું ગણાશે, પણ તેનું ગુસ્લ સહીહ છે. અલબત્ત, એ ખુમ્સના હકદારોના દેવાદાર તરીકે બાકી રહેશે.

**મસઅલો ૩૮૩** : અગર કોઈ શખ્સને શક થાય કે એણે ગુસ્લ કર્યું છે કે નહિ, તો એણે ગુસ્લ કરી લેવું જોઈએ; પણ ગુસ્લ કરી લીધા બાદ જો શક કરે કે ગુસ્લ સહીહ હતું કે નહિ, તો ફરીથી ગુસ્લ કરવું જરૂરી નથી.

**મસઅલો ૩૮૪** : ગુસ્લ દરમિયાન અગર વઝુને તોડનાર કોઈ બાબત બને, જેમકે પેશાબ કરે, તો એ ગુસ્લને તજી દઈ નવેસરથી ગુસ્લ શરૂ કરવું જરૂરી નથી, બલ્કે એ જ ગુસ્લને પુરૂ કરશે; અને એહતિયાતે લાઝિમની રૂએ ત્યારબાદ વઝુ કરશે, પણ અગર તરતીબી ગુસ્લને ઈરતેમાસીમાં બદલી નાખે અથવા ઈરતેમાસી ગુસ્લને તરતીબીમાં બદલે, તો પછી વઝુ કરવું જરૂરી નહિ થાય.

**મસઅલો ૩૮૫** : વખતની તંગીને કારણે અગર કોઈ શખ્સ ઉપર તયમ્મુમ કરવું વાજિબ હોય, પણ સાથે એનો એવો અંદાજ હોય કે ગુસ્લ અને નમાઝ માટે વખત છે; અને એ ગુસ્લ કરે, તો એ ગુસ્લ કુરબતનની નિય્યતથી કર્યુ હોય તો સહીહ છે, ભલે પછી એ ગુસ્લ નમાઝ અદા કરવા માટે કર્યુ હોય.

**મસઅલો ૩૮૬** : અગર કોઈ જુનુબ શખ્સ શક કરે કે એણે ગુસ્લ કર્યુ છે કે નહિ, તો જેટલી નમાઝો એ અરસામાં પઢી ચૂક્યો હોય એ સહીહ ગણાશે, પણ એ પછીની નમાઝો માટે ગુસ્લ કરી લેવું પડશે; અને અગર નમાઝ બાદ એણે વઝુને તોડનાર કોઈ બાબત પેશ આવી હોય, તો વઝુ કરવું પણ જરૂરી છે; અને જો વખત બાકી હોય તો એહતિયાતે લાઝિમની રૂએ જે નમાઝ એ પઢી ચૂક્યો હોય તે ફરીથી અદા કરે.

**મસઅલો ૩૮૭** : અગર કોઈ શખ્સ ઉપર અનેક ગુસ્લો વાજિબ થયા હોય, તો એ તમામની નિય્યતથી એક જ

ગુસ્લ કરી લેશે તો કાફી ગણાશે, બલ્કે દેખીતી રીતે એક જ ગુસ્લની નિય્યત કરીને ગુસ્લ કરે, તો બાકીનાં ગુસ્લો વતી એક જ ગુસ્લ કાફી છે.

**મસઅલો ૩૮૮ :** અગર કોઈ શખ્સના શરીર ઉપર કુરઆનની આયત અથવા અલ્લાહનાં પાક નામો લખેલાં હોય, અને એ ગુસ્લે તરતીબી કરવા માગે,તો તેના માટે જરૂરી છે કે પાણી એવી રીતે રેડે કે તેના હાથો એ લખાણને ન અડે. વઝુ કરતી વખતે કુરઆનની આયત બલ્કે એહતિયાતે વાજિબની રૂએ અલ્લાહ તઆલાના નામોનો પણ આજ હુકમ છે.

**મસઅલો ૩૮૯ :** જે શખ્સે જનાબતનું ગુસ્લ કર્યુ હોય, તેણે નમાઝ માટે વઝુ ન કરવું જોઈએ; બલ્કે ગુસ્લે ઈસ્તેહાઝા મુતવસ્સેતા સિવાય બાકીના વાજિબ ગુસ્લો અને મસઅલા નં. ૬૩૩માં આલેખાયેલા મુસ્તહબ ગુસ્લો બાદ પણ નમાઝ માટે વઝુની જરૂરત નથી, જો કે એ ગુસ્લો માટે એહતિયાતે મુસ્તહબ છે કે વઝુ પણ કરે.

# સ્ત્રીઓના માસિક વિશેના મસાઈલ

**ઈસ્તિહાઝા :**

ઔરતોને જેટલા પ્રકારના રક્તસ્રાવ (શરીરમાંથી ખૂન પડવું) થાય છે, તેમાંથી એક ઈસ્તિહાઝા છે. જે ઔરત ઈસ્તિહાઝામાં હોય, તેને મુસ્તહાઝા કહે છે.

**મસઅલો ૩૯૦ :** સામાન્ય સંજોગોમાં ઈસ્તિહાઝાનું

ખૂન રંગે પીળું અને ઠંડું હોય છે; અને કોઈ પણ જાતના દબાણ કે બળતરા વિના વહે છે અને ઘટ્ટ પણ હોતું નથી, પણ અમુક સંજોગોમાં શક્ય છે કે એ કાળું કે લાલ હોય, અને ગરમ, જાડુ અને દબાણ તેમજ બળતરા સાથે બહાર આવે.

**મસઅલો ૩૯૧** : ઈસ્તિહાઝાના ત્રણ પ્રકારો છે :

(૧) કલીલા, (૨) મુતવસ્સેતા, (૩) કસીરા.

ઔરતો પોતાની શરમગાહ ઉપર જે રૂ મૂકે તેનો ફક્ત ઉપરનો ભાગ જ ખૂનવાળો થાય તો એ ઈસ્તિહાઝા કલીલા ગણાશે.

અને અગર ખૂન રૂના અંદરના ભાગ સુધી ઊતરે, ચાહે તે એક જ ખૂણામાં હોય, પણ રૂ ઉપર બાંધવામાં આવેલા પાટા સુધી ન પહોંચે, તો એ ઈસ્તિહાઝા મુતવસ્સેતા કહેવાશે. અને જો ખૂન રૂથી આગળ વધીને પાટા સુધી પહોંચી જાય, તો ઈસ્તિહાઝા કસીરા ગણાશે.

## ઈસ્તિહાઝાના એહકામ :

**મસઅલો ૩૯૨** : જે ઔરત કલીલા ઈસ્તિહાઝામાં હોય, તેણે દરેક નમાઝ માટે એક વઝુ કરવું જોઈએ, અને એહતિયાતે મુસ્તહબ છે કે રૂને પાક કરે અથવા બદલી નાખે; અને જો શરમગાહના જાહેર ભાગો સુધી ખૂન પહોંચ્યું હોય તો એને પણ પાણીથી ધોઈને પાક કરવું જોઈએ.

**મસઅલો ૩૯૩** : અગર ઔરત ઈસ્તિહાઝાએ મુતવસ્સેતામાં હોય, તો એહતિયાતે લાઝિમ છે કે પોતાની

નમાઝો માટે દરરોજ એક ગુસ્લ કરે, ત્યારબાદ ઉપર જણાવ્યા મુજબ કલીલા ઈસ્તિહાઝાના હુકમ મુજબ અમલ કરે (એટલે કે દરેક નમાઝ માટે વઝુ કરે, વિગેરે).

અગર કોઈ ઔરત નમાઝે સુબ્હ પહેલાં અથવા એજ સમયે મુસ્તહાઝાએ મુતવસ્સેતા થાય, તો તે નમાઝે સુબ્હ માટે ગુસ્લ કરશે; અને જો એ જાણી-જોઈને કે ભૂલી જવાથી નમાઝે સુબ્હ માટે ગુસ્લ ન કરે, તો પછી ઝોહર, અસરની નમાઝ માટે ગુસ્લ કરે, અને જો ત્યારે પણ ગુસ્લ ન કરે, તો નમાઝે મગરિબ, ઈશા પહેલાં ગુસ્લ કરવું જરૂરી છે, ચાહે તે સમયે ખૂન આવી રહ્યું હોય યા અટકી ગયું હોય.

**મસઅલો ૩૯૪** : ઈસ્તિહાઝાએ કસીરાવાળી ઔરત માટે :

(૧) એહતિયાતે વાજિબ છે કે દરેક નમાઝ પહેલાં રૂ અને પાટો વગેરે બદલી નાખે યા પાણીથી તેને પાક કરે.

(૨) લાઝિમ છે કે એક ગુસ્લ નમાઝે સુબ્હ માટે, એક ગુસ્લ નમાઝે ઝોહર અસર માટે; અને એક ગુસ્લ નમાઝે મગરિબ,ઈશા માટે કરે; અને નમાઝે ઝોહર, અસર વચ્ચે ઢીલ ન કરે.

અગર બે નમાઝો વચ્ચે ઢીલ કરશે,તો પછી નમાઝે અસર માટે અલગ ગુસ્લ કરવું જોઈએ. એવી જ રીતે અગર નમાઝે મગરિબ અને ઈશા વચ્ચે ઢીલ કરે, તો નમાઝે ઈશા માટે અલગ ગુસ્લ કરવું પડશે, આ હુકમ એવા સંજોગમાં છે, જયારે ખૂન વહેતું હોય અને રૂથી આગળ વધીને પાટા સુધી પહોંચી રહ્યું હોય.

પણ અગર ખૂનને રૂથી નીકળીને પાટા સુધી પહોંચતા વાર લાગતી હોય, અને એ સમય દરમિયાન ઔરત એક યા એકથી વધુ નમાઝ પઢી શકતી હોય, તો એહતિયાતે લાઝિમની રૂએ જયારે ખૂન રૂને તરબોળ કરીને પાટા સુધી પહોંચે, ત્યારે તેને બદલી નાંખે અથવા પાણીથી પાક કરે; અને પછી ગુસ્લ કરે.

દાખલા તરીકે અગર એક ઔરત ગુસ્લ કરીને ઝોહરની નમાઝ પઢે, અને નમાઝે અસર પહેલાં અથવા તે દરમિયાન જો ખૂન રૂથી બહાર આવી પાટાને પણ ભીંજવી નાખે, તો પછી અસરની નમાઝ માટે એક ગુસ્લ કરવું જોઈએ; પરંતુ જો મોહલત મળતી હોય કે બે યા બેથી વધુ નમાઝ પઢી શકે, જેમકે મગરિબ અને ઈશા બંને નમાઝો ખૂન પાટા સુધી પહોંચે તે પહેલા અદા કરી શકે તો આ નમાઝો માટે બીજી વખત ગુસ્લ કરવું જરૂરી નથી.

ઉપરોકત સર્વે સંજોગોમાં ઈસ્તિહાઝા કસીરાના ગુસ્લ પછી વઝુની જરૂરત હોતી નથી.

**મસઅલો ૩૯૫** : અગર નમાઝના સમય પહેલાં ઈસ્તિહાઝાનું ખૂન દેખાય, અને તેના માટે વઝુ કે ગુસ્લ કર્યુ ન હોય, તો નમાઝ માટે ગુસ્લ અથવા વઝુ બજાવી લાવવું જરૂરી થશે. ભલે પછી એ સમય ઈસ્તિહાઝાનું ખૂન આવતું બંધ થઈ ગયું હોય.

**મસઅલો ૩૯૬** : જે ઔરત મુસ્તહાઝા મુતવસ્સેતા હોય, તેના માટે જે વઝુ અને ગુસ્લનો હુકમ છે, તેમાં

એહતિયાતે લાઝિમ એ છે કે પહેલાં ગુસ્લ કરે અને તે બાદ વઝુ કરે. પણ જે ઔરત મુસ્તહાઝા કસીરા હોય, તે અગર વઝુ કરવા ઈચ્છે, તો ગુસ્લથી પહેલાં વઝુ કરી લ્યે.

**મસઅલો ૩૯૭** : અગર કોઈ સ્ત્રી ઈસ્તિહાઝા કલીલામાં હોય, પણ નમાઝે સુબ્હ બાદ મુતવસ્સેતા થઈ જાય, તો તેને ઝોહર અને અસર માટે એક ગુસ્લ કરવું પડશે. એવી જ રીતે અગર એ ઝોહર અને અસર બાદ મુતવસ્સેતા થાય તો મગરિબ, ઈશાની નમાઝ માટે ગુસ્લ કરશે.

**મસઅલો ૩૯૮** : અગર મુસ્તહાઝા કલીલા અથવા મુતવસ્સેતા નમાઝે સુબ્હ બાદ કસીરા થઈ જાય, અને એ જ હાલત ઉપર બાકી રહે, તો મસઅલા નં.૩૯૪માં જણાવેલ રીત મુજબ ઝોહર અને અસર, મગરિબ અને ઈશાની નમાઝો માટે અમલ કરે.

**મસઅલો ૩૯૯** : મસઅલા નં.૩૯૪માં જણાવ્યા પ્રમાણે જે સંજોગમાં મુસ્તહાઝા કસીરા માટે લાઝિમ છે કે ગુસ્લ અને નમાઝ વચ્ચે સમયનું અંતર ન હોય, અગર કોઈ સ્ત્રી નમાઝના સમય પહેલાં ગુસ્લ કરી લ્યે, અને તેના કારણે નમાઝ અને ગુસ્લ વચ્ચે સમયનું અંતર થઈ જાય, તો એ ગુસ્લ નમાઝ માટે ફાયદારૂપ નહિ થાય; અને મુસ્તહાઝાને નમાઝ માટે ફરીથી ગુસ્લ કરવું પડશે. આ હુકમ મુસ્તહાઝા મુતવસ્સેતાને પણ લાગુ પડશે.

**મસઅલો ૪૦૦** : મુસ્તહાઝા કલીલા અને મુતવસ્સેતાને રોજની વાજિબ નમાઝો પઢવી હોય, તો તેના હુકમો બયાન થઈ ચૂક્યા છે. એ રોજીંદી નમાઝો

સિવાય બીજી કોઈ વાજિબ કે સુન્નત નમાઝ પઢવી હોય, તો તે દરેક નમાઝ માટે ફકત વઝુ કરશે; પણ અગર એ પોતાની રોજની વાજિબ નમાઝને એહતિયાતન પઢવા માગે, અથવા જે નમાઝ ફુરાદા અદા કરી ચૂકી હોય તેને જમાઅતની સાથે ફરી પઢવા માંગતી હોય, તો પછી ઈસ્તિહાઝાના જણાવેલા તમામ હુકમો મુજબ અમલ કરવો પડશે.

પરંતુ નમાઝે એહતિયાત માટે કે ભૂલાઈ ગયેલા સિજદા કે તશહહુદની કઝા માટે, અગર એ નમાઝ બાદ તરત જ બજાવી લાવવામાં આવે, તો ઈસ્તિહાઝાના હુકમ બજાવી લાવવા જરૂરી નથી. સિજદએ સહવ બજાવી લાવવા માટે કોઈ પણ સંજોગે ઈસ્તિહાઝાના હુકમો લાગુ થતા નથી.

**મસઅલો ૪૦૧** : જયારે મુસ્તહાઝાને ખૂન બંધ થઈ જાય, ત્યારબાદ ફકત પ્રથમ નમાઝ માટે ઈસ્તિહાઝાના હુકમ પ્રમાણે વર્તવું પડશે અને તે પછીની નમાઝો માટે લાઝિમ નથી.

**મસઅલો ૪૦૨** : અગર કોઈ સ્ત્રી નક્કી ન કરી શકે કે તેને જે ઈસ્તિહાઝાનું ખૂન વહે છે તે કયા પ્રકારનું છે, તો જયારે નમાઝ પઢવા માગે ત્યારે એહતિયાતની રૂએ એવી તપાસ કરે કે થોડુંક રૂ પોતાની શરમગાહમાં દાખલ કરે; અને થોડીક વાર બાદ રૂ બહાર લઈ આવી નક્કી કરે કે ત્રણ પ્રકારોમાંથી કયા પ્રકારનું છે, અને એ નક્કી થયા બાદ શરીઅતે તે માટે જે હુકમ આપેલ છે તે પ્રમાણે

અમલ કરે; પણ અગર એને યકીન હોય કે નમાઝનો વખત દાખલ થશે ત્યાં સુધીમાં તેના ઈસ્તિહાઝાની પરિસ્થિતિમાં કોઈ ફેરફાર નહિ થાય, તો નમાઝનો વખત દાખલ થાય એથી પહેલાં પણ પોતાની તપાસ કરી શકે છે.

**મસઅલો ૪૦૩** : અગર કોઈ મુસ્તહાઝા પૂરી તપાસ કર્યા વિના નમાઝ શરૂ કરે અને કુરબતનની નિય્યતથી તેમ કર્યું હોય, અને તેની જે હાલત હોય તે જ મુજબ અમલ કર્યો હોય, જેમ કે કલીલાના હુકમ મુજબ અમલ કર્યો હોય, અને પોતે વાસ્તવમાં કલીલા જ હોય, તો તેની નમાઝ સહીહ છે.

પણ અગર કુરબતનની નિય્યતથી ન હોય અથવા વાસ્તવમાં એની જે હાલત હોય તે મુજબ અમલ ન થયો હોય, જેમકે એ મુતવસ્સેતા હોય, પણ એણે કલીલાના હુકમ પ્રમાણે અમલ કર્યો હોય તો એની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૪૦૪** : અગર કોઈ સ્ત્રી નક્કી ન કરી શકતી હોય કે પોતે ક્યા પ્રકારની મુસ્તહાઝા છે, તો જેટલું નિશ્ચિત છે, તે પ્રમાણે અમલ કરે. દાખલા તરીકે અગર એ ન જાણતી હોય કે પોતે મુતવસ્સેતા છે કે કલીલા, તો એ સંજોગમાં કલીલાના હુકમ પ્રમાણે અમલ કરે; અને અગર ન જાણતી હોય કે પોતે મુતવસ્સેતા છે યા કસીરા, તો મુતવસ્સેતાના હુકમ પ્રમાણે અમલ કરે.

અલબત્ત, અગર એને યકીન હોય કે પહેલાં એ

કયા પ્રકારની મુસ્તહાઝા હતી, તો પછી એજ પ્રમાણે અમલ બજાવી લાવે.

**મસઅલો ૪૦૫** : અગર ઈસ્તિહાઝાનું ખૂન શરૂઆતમાં માત્ર અંદર જ હોય, અને બહાર ન આવ્યું હોય, તો એ સ્ત્રીએ જે વઝુ કે ગુસ્લ કરી લીધું હોય તે બાતિલ નહિ થાય, પણ અગર બહાર વહેવા માંડે, ચાહે ગમે તેટલું થોડું હોય તો પણ વઝુ અને ગુસ્લને બાતિલ કરશે.

**મસઅલો ૪૦૬** : મુસ્તહાઝા સ્ત્રી અગર નમાઝ બાદ પોતાની તપાસ કરે, અને તેને ખૂન ન જણાય, તો ભલે પછી યકીન હોય કે ખૂન ફરીથી ચાલુ થશે, તો પણ કરી લીધેલ વઝુથી બીજી નમાઝ પઢી શકશે.

**મસઅલો ૪૦૭** : અગર મુસ્તહાઝાને યકીન હોય કે જયારથી વઝુ અથવા ગુસ્લ શરૂ કર્યુ ત્યારથી ઈસ્તિહાઝાનું ખૂન જારી થયું નથી, અને અંદરના ભાગમાં પણ ખૂન નથી, તો જેટલા સમય સુધી એને યકીન હોય કે તે પાક રહેશે, તેટલા સમય સુધી નમાઝ પઢવા માટે ઢીલ કરી શકે છે.

**મસઅલો ૪૦૮** : અગર મુસ્તહાઝાને યકીન હોય કે નમાઝ કઝા થવા પહેલાં એ તદ્દન પાક થઈ જશે, અથવા નમાઝ પઢવા જેટલો સમય અવશ્ય મળશે કે જે દરમિયાન ખૂન દેખાતું બંધ થશે, તો એવા સંજોગમાં એહતિયાતે લાઝિમની રૂએ જરૂરી છે કે સબર કરે; અને નમાઝને પાકીઝગીની હાલતમાં પઢે.

**મસઅલો ૪૦૯** : અગર વઝુ અને ગુસ્લ કર્યા બાદ ખૂન

બહાર દેખાતું બંધ થઈ ગયું હોય, અને મુસ્તહાઝા જાણતી હોય કે નમાઝ માટે ઢીલ કરશે, તો ઓછામાં ઓછું વઝુ, ગુસ્લ અને નમાઝ પઢવા જેટલો સમય તદ્દન પાકીઝગીની હાલતમાં રહેશે, તો એવા સંજોગમાં એહતિયાતે લાઝિમ છે કે નમાઝ માટે ઢીલ કરે; અને જયારે તદ્દન પાક થઈ જાય, ત્યારે ફરીથી વઝુ, ગુસ્લ બજાવી લાવીને નમાઝ અદા કરે.

પણ ખૂન જયારે બહાર દેખાતું બંધ થયું હોય, ત્યારે નમાઝ માટે વખત તંગ હોય, તો લાઝિમ નથી કે ફરીથી વઝુ અને ગુસ્લ કરે, બલ્કે જે વઝુ અને ગુસ્લ કરી ચૂકી હોય, એનાથી જ નમાઝ પઢી શકશે.

**મસઅલો ૪૧૦** : જયારે મુસ્તહાઝા કસીરા તદ્દન પાક થઈ જાય, અને એને યકીન હોય કે જયારથી છેલ્લી નમાઝ માટે એણે ગુસ્લ શરૂ કર્યું હતું ત્યારથી જ ખૂન આવવાનું બંધ થઈ ગયું હતું, તો એવા સંજોગમાં બીજી વાર ગુસ્લની જરૂરત નહિ રહે, પણ એ સિવાયના સંજોગમાં ફરી એક વાર ગુસ્લ કરવું જોઈએ, જો કે આ હુકમ એહતેયાતને આધારે છે.

અલબત્ત, મુસ્તહાઝા મુતવસ્સેતા માટે જરૂરી નથી કે સંપૂર્ણ પાક થયા બાદ ગુસ્લ ઉતારે.

**મસઅલો ૪૧૧** : મુસ્તહાઝા કલીલા માટે વઝુ કર્યા બાદ, મુતવસ્સેતા માટે ગુસ્લ અને વઝુ બાદ, અને કસીરા માટે ગુસ્લ બાદ તરત જ નમાઝ અદા કરવી જોઈએ, સિવાય એ બે સંજોગોમાં કે જેના તરફ મસઅલા નં. ૩૯૪ અને ૪૦૭માં ઈશારો થઈ ચૂક્યો છે.

પરંતુ નમાઝ પહેલાં અઝાન અને ઈકામહ દેવામાં કોઈ વાંધો નથી, એવી જ રીતે નમાઝમાં મુસ્તહબ કાર્યો, જેમ કે કુનૂત વગેરે બજાવી લાવવામાં પણ વાંધો નથી.

**મસઅલો ૪૧૨** : અગર મુસ્તહાઝા સ્ત્રી માટે વાજિબ હોય કે વઝુ યા ગુસ્લ અને નમાઝ વચ્ચે ઢીલ ન કરે, પણ એ હુકમ મુજબ એ ન વર્તે, તો તેના માટે જરૂરી છે કે ફરીથી વઝુ યા ગુસ્લ કરી તરત જ વગર ઢીલે નમાઝ અદા કરે.

**મસઅલો ૪૧૩** : અગર ઈસ્તિહાઝાનું ખૂન ચાલું હોય, અને જરાક વાર માટે પણ અટકતું ન હોય, માટે જો નુકસાનકારક ન હોય, તો ગુસ્લ કર્યા બાદ ખૂનને બહાર આવતું રોકવું જોઈએ; અને આ બાબતનું ધ્યાન ન રાખવાના કારણે નમાઝમાં ખૂન બહાર વહે તો ફરીવાર નમાઝ પઢવી જોઈએ; અને એહતિયાતે મુસ્તહબ છે કે ફરીવાર ગુસ્લ કરે.

**મસઅલો ૪૧૪** : અગર ગુસ્લ દરમિયાન ખૂન ન અટકે તો ગુસ્લ સહીહ છે, પણ જો ગુસ્લ દરમિયાન ઈસ્તિહાઝા મુતવસ્સેતા વધીને કસીરા થઈ જાય, તો લાઝિમ છે કે ગુસ્લ ફરીથી કરે.

**મસઅલો ૪૧૫** : એહતિયાતે મુસ્તહબ છે કે ઈસ્તિહાઝાવાળી સ્ત્રી રોઝા દરમિયાન બની શકે તેટલા સમય માટે ખૂનને બહાર આવતાં અટકાવે.

**મસઅલો ૪૧૬** : મશહૂર એ છે કે મુસ્તહાઝા કસીરાનો રોઝો એ જ સંજોગમાં સહીહ છે કે એણે રોઝાના દિવસની

આગલી રાતના મગરિબ, ઈશાની નમાઝો માટે ગુસ્લ કર્યુ હોય, અને દિવસની નમાઝો માટે જે ગુસ્લ વાજિબ છે તે પણ કર્યુ હોય, પરંતુ રોઝાના સહીહ હોવા માટે ગુસ્લની શર્ત બઈદ છે અને એવી જ રીતે મજબૂત કૌલના આધારે મુસ્તહાઝા મુતવસ્સેતાના રોઝા માટે પણ એ શરત લાગુ પડતી નથી.

**મસઅલો ૪૧૭** : અગર કોઈ સ્ત્રી નમાઝે અસર બાદ મુસ્તહાઝા થાય, અને મગરિબના સમય સુધી ગુસ્લ ન કરે, તો તેનો રોઝો સહીહ ગણાશે.

**મસઅલો ૪૧૮** : અગર કોઈ ઔરત નમાઝ પહેલાં કલીલાથી વધીને મુતવસ્સેતા અથવા કસીરા થઈ જાય, તો તેને મુતવસ્સેતા અથવા કસીરાના દર્શાવેલા હુકમનું પાલન કરવું જોઈએ. એવી જ રીતે અગર મુતવસ્સેતા વધીને કસીરાની હાલતમાં દાખલ થાય, તો કસીરાના એહકામ મુજબ અમલ કરશે. એટલે કે અગર મુતવસ્સેતા માટેના હુકમ મુજબ ગુસ્લ કરી ચૂકી હોય, તો પણ કસીરા તરીકે ફરી ગુસ્લ કરશે.

**મસઅલો ૪૧૯** : અગર નમાઝ દરમિયાન કોઈ ઔરત મુતવસ્સેતામાંથી કસીરા થઈ જાય, તો નમાઝને તોડીને ઈસ્તેહાઝા કસીરા માટે ગુસ્લ કરશે અને તે સાથે બીજા હુકમો જે છે તે બજાવી લાવીને એ નમાઝને ફરી અદા કરશે. એહતિયાતે મુસ્તહબ છે કે ગુસ્લ પહેલાં વઝુ કરે.

પરંતુ જો ગુસ્લ માટે વખત ન હોય અને નમાઝ

કઝા થઈ જવાનો સંભવ હોય તો તયમ્મુમ કરે, અને જો તયમ્મુમ માટે પણ સમય બાકી ન હોય તો એહતિયાતે મુસ્તહબની રૂએ એજ નમાઝ પૂરી કરે, પણ લાઝિમ છે કે તે બાદ નમાઝની કઝા પણ પઢે.

એવી જ રીતે અગર નમાઝ દરમિયાન કલીલામાંથી મુતવસ્સેતા અથવા કસીરાની હાલતમાં દાખલ થાય, તો નમાઝને તોડીને મુતવસ્સેતા અને કસીરાના હુકમો ઉપર પણ અમલ કરે, અને દર્શાવેલાં બીજાં કાર્યો બજાવી લાવે.

**મસઅલો ૪૨૦** : અગર નમાઝ દરમિયાન ખૂન બંધ થઈ જાય, અને મુસ્તહાઝાને પૂરી જાણ ન હોય કે અંદરથી પણ ખૂન બંધ થઈ ગયું છે કે નહિ, તો જો નમાઝ પૂરી કર્યા બાદ જાણ થાય કે ખૂન તદ્દન બંધ થઈ ગયું હતું, અને નમાઝ માટે હજી સમય બાકી હોય કે પાકીઝગીની હાલતમાં ફરીથી નમાઝ પઢી શકે, અથવા નમાઝનો અમુક ભાગ અદા કરી શકે તો એહતિયાતે વાજિબ છે કે તેને જે હુકમ લાગુ પડતો હોય તે મુજબ વઝુ યા ગુસ્લ કરી ફરીથી નમાઝ પઢે.

**મસઅલો ૪૨૧** : અગર કોઈ સ્ત્રી કસીરાની હાલતથી ઘટીને મુતવસ્સેતા થઈ જાય, તો પહેલી નમાઝ માટે કસીરા મુજબ અમલ કરશે; અને તે પછીની નમાઝો માટે મુતવસ્સેતા મુજબ અમલ કરશે.

દાખલા તરીકે અગર કોઈ સ્ત્રી ઝોહરની નમાઝ પહેલાં મુતવસ્સેતા થાય, તો નમાઝે ઝોહર માટે ગુસ્લ

કરશે; અને નમાઝે અસર, મગરિબ તથા ઈશા માટે માત્ર વઝુ કરશે.

પણ અગર એ નમાઝે ઝોહર માટે ગુસ્લ ન કરે, અને એની પાસે ફકત નમાઝે અસર પઢવા જેટલો સમય રહી ગયો હોય, તો નમાઝે અસર માટે ગુસ્લ કરશે; અને નમાઝે અસર માટે ગુસ્લ ન કરે, તો નમાઝે મગરિબ માટે ગુસ્લ કરવું જોઈએ; અને જો એ પણ ન કરે અને ફકત નમાઝે ઈશા પઢવા જેટલો સમય બાકી હોય, તો નમાઝે ઈશા માટે ગુસ્લ કરવું જરૂરી છે.

**મસઅલો ૪૨૨** : અગર દરેક નમાઝ પહેલાં મુસ્તહાઝા કસીરાનું ખૂન બંધ પડી જતું હોય, અને ત્યારબાદ ફરીથી જારી થતું હોય, તો દરેક નમાઝ માટે એક ગુસ્લ બજાવી લાવવું જરૂરી થશે.

**મસઅલો ૪૨૩** : અગર ઈસ્તિહાઝા કસીરા ઘટીને કલીલા થઈ જાય, તો પહેલી નમાઝ માટે કસીરાના હુકમ પ્રમાણે અમલ કરે, અને ત્યારબાદની નમાઝો માટે કલીલા મુજબ અમલ કરે. એજ પ્રમાણે જો મુતવસ્સેતા કલીલા થાય, તો પહેલી નમાઝ માટે મુતવસ્સેતાના એહકામ મુજબ અમલ કરશે જો પહેલા તે મુજબ અમલ ન કર્યો હોય તો.

**મસઅલો ૪૨૪** : અગર મુસ્તહાઝા કોઈપણ એક દર્શાવેલા વાજિબ હુકમ પ્રમાણે અમલ ન કરે, તો એની નમાઝ બાતિલ ગણાશે.

**મસઅલો ૪૨૫** : મુસ્તહાઝા કલીલા અથવા

મુતવસ્સેતા નમાઝ સિવાય કોઈ બીજા એવા કાર્યો બજાવી લાવવા માગે જેમાં વઝુની શરત છે, જેમકે શરીરના કોઈ ભાગ વડે કુરઆને મજીદના અક્ષરોને અડવા માગે તો જો એ કાર્ય નમાઝ પઢયા પછી કરવા ધારે, તો એહતિયાતે વાજિબની રૂએ ફરીથી વઝુ કરશે, નમાઝ માટે કરેલ વઝુ કાફી નહિ ગણાય.

**મસઅલો ૪૨૬** : જે મુસ્તહાઝા સ્ત્રી પોતા ઉપર વાજિબ થયેલા ગુસ્લો કરી ચૂકી હોય, તે મસ્જિદમાં દાખલ થઈ શકે છે, તેમાં રોકાઈ પણ શકે છે, અને તેના માટે વાજિબ સિજદાવાળી આયતો પઢવી અને પોતાના પતિ સાથે જાતીય સમાગમ હલાલ છે, ભલે પછી બાકીના કાર્યો, જે નમાઝ માટે જરૂરી હોય – જેમકે રૂ, પાટા વગેરેનું બદલવું – તે અંજામ આપેલ ન હોય, ઉપરોકત કાર્યો ગુસ્લ કર્યા વિના પણ જાઈઝ છે.

**મસઅલો ૪૨૭** : અગર કોઈ કસીરા કે મુતવસ્સેતા સ્ત્રી નમાઝના સમય પહેલાં વાજિબ સિજદાવાળી આયત પઢવા માગે, અથવા મસ્જિદમાં દાખલ થવા ઈચ્છે, તો એહતિયાતે મુસ્તહબ છે કે પહેલાં ગુસ્લ કરે, એ જ હુકમ પોતાના પતિ સાથે જાતીય સમાગમને લાગુ પડશે.

**મસઅલો ૪૨૮** : ઈસ્તિહાઝાવાળી ઔરત માટે નમાઝે આયાત પણ વાજિબ છે; અને રોજની વાજિબ નમાઝો માટે જે હુકમો છે, તે નમાઝે આયાત માટે પણ લાગુ પડશે.

**મસઅલો ૪૨૯** : અગર રોજની વાજિબ નમાઝોના

સમય દરમિયાન નમાઝે આયાત મુસ્તહાઝા ઉપર વાજિબ થાય, અને અગર તે રોજની નમાઝ બાદ તરત જ નમાઝે આયાત બજાવી લાવવા માગે, તો પણ એહતિયાતે લાઝિમની રૂએ બંનેને એક જ વઝુ અને ગુસ્લથી અદા નહિ કરી શકે.

**મસઅલો ૪૩૦** : અગર મુસ્તહાઝા ઔરત કઝા નમાઝો પઢવા માગે, તો જે હુકમો અદા નમાઝો માટે છે, એ જ હુકમો કઝા નમાઝો માટે પણ લાગુ પડશે; અને એહતિયાતની રૂએ અદા નમાઝો માટે બજાવી લાવેલા કાર્યો કઝા નમાઝો પઢવા માટે કાફી નહિ ગણાય.

**મસઅલો ૪૩૧** : અગર કોઈ સ્ત્રીને જાણ હોય કે જે ખૂન આવી રહ્યું છે તે કોઈ જખમનું ખૂન નથી, પણ એ નક્કી ન કરી શકતી હોય કે એ ખૂન ઈસ્તેહાઝા છે, હૈઝ છે કે નિફાસ છે, અને જો શરીઅત મુજબ હૈઝ કે નિફાસનો હુકમ તેને લાગુ ન પડતો હોય, તો તેને ઈસ્તિહાઝા ગણીને અમલ કરશે. એવી જ રીતે અગર શક કરે કે એ ખૂન ઈસ્તિહાઝા છે કે નહિ, તો અગર ઈસ્તિહાઝા સિવાય બીજા પ્રકારના ખૂનની તેમાં નિશાનીઓ ન દેખાય, તો એહતિયાતે વાજિબની રૂએ ઈસ્તિહાઝાના હુકમ મુજબ અમલ કરશે.

## હૈઝ :

હૈઝ એ ખૂનને કહેવાય છે કે જે ઔરતોને દર મહિને અમુક દિવસો માટે દેખાય છે; અને હૈઝવાળી સ્ત્રીને હાઈઝ કહે છે.

**મસઅલો ૪૩૨** : હૈઝનું ખૂન સામાન્ય સંજોગમાં ઘટ્ટ, ગરમ અને રંગે કાળાશ કે લાલાશ ઉપર હોય છે; અને તે દબાણ તથા સહેજ બળતરા સાથે નીકળે છે.

**મસઅલો ૪૩૩** : સાઈઠ વર્ષની ઉંમર પૂરી થયા બાદ અગર કોઈ ઔરત ખૂન જુએ તો તે હૈઝ નથી.

અને અગર કોઈ ગૈર સૈયદ ઔરત પચાસ અને સાંઈઠ વર્ષ દરમ્યાન એવા પ્રકારનું ખૂન જુએ કે અગર પચાસ વર્ષ પૂરાં થવા પહેલા જોયું હોત, તો તેને અવશ્ય હૈઝ ગણાતે, તો તેના માટે એહતિયાતે મુસ્તહબ છે કે મુસ્તહાઝા રીતે અમલ બજાવી લાવે; અને જે વસ્તુઓ હાઈઝ સ્ત્રીને હરામ છે તે તરક કરે અને મુસ્તહાઝાના કાર્યો પણ અંજામ આપે.

**મસઅલો ૪૩૪** : અગર કોઈ બાળા નવ વર્ષ પુરાં થયા પહેલાં ખૂન જુએ તો એ હૈઝ નથી.

**મસઅલો ૪૩૫** : હમલવાળી ઔરત અને દૂધ પીવરાવતી સ્ત્રી માટે હાઈઝ થવું શક્ય છે, અને તેમાં હમલવાળી અને હમલ વગરની સ્ત્રી માટે એક જ જાતનો હુકમ છે.

માત્ર એટલો જ ફરક છે કે અગર હમલવાળી ઔરત પોતાની આદતના પહેલા દિવસથી વીસ દિવસ વીતી ગયા પછી જો ખૂન જુએ કે જેમાં હૈઝની નિશાનીઓ મોજૂદ હોય, તો લાઝિમ છે કે એહતિયાતની રૂએ મુસ્તહાઝાના એહકામ મુજબ અમલ કરે, અને હાઈઝ માટે જે બાબતો તરક કરવાની છે તેનો ત્યાગ કરે.

**મસઅલો ૪૩૬ :** અગર કોઈ બાળાને જાણ ન હોય કે તેના નવ વર્ષ પૂરાં થયાં છે કે નહિ, અને અગર એ એવા પ્રકારનું ખૂન જુએ કે જેમાં હૈઝની નિશાનીઓ ન હોય, તો એને હૈઝ નહિ ગણે, અને અગર હૈઝની નિશાનીઓ મોજૂદ હોય, તો પણ એને હૈઝ ગણવામાં ઈશ્કાલ છે, પણ અગર એને ઈત્મીનાન થઈ જાય છે કે એ ખૂન હૈઝ જ છે, તો તેને હૈઝ ગણશે; અને સાથે સાથે યકીન કરશે કે એના નવ વર્ષ પૂરા થઈ ગયાં છે.

**મસઅલો ૪૩૭ :** અગર કોઈ સ્ત્રીને શક હોય કે તેના સાઈઠ વર્ષ પૂરાં થયાં છે કે નહિ, અને જે ખૂન જુએ તે માટે નક્કી ન કરી શકે કે હૈઝ છે કે નહિ, તો એવા સંજોગમાં સાઈઠ વર્ષ પૂરાં થયા નથી એમ ગણાશે.

**મસઅલો ૪૩૮ :** હૈઝની મુદ્દત ત્રણ દિવસથી ઓછી કે દસ દિવસથી વધુ હોતી નથી; અને અગર ત્રણ દિવસથી જરા પણ ઓછા સમય માટે ખૂન જુએ, તો તેને હૈઝ નહિ ગણે.

**મસઅલો ૪૩૯ :** હૈઝના શરૂઆતના ત્રણ દિવસોમાં સતત ખૂનનું દેખાવું જરૂરી છે. અગર દાખલા તરીકે બે દિવસ સુધી ખૂન દેખાય, અને વચ્ચે એક દિવસ બંધ થઈ ગયા પછી ફરી એક દિવસ ખૂન શરૂ થાય તો એ હૈઝ નથી.

**મસઅલો ૪૪૦ :** હૈઝની શરૂઆતમાં જરૂરી છે કે ખૂન નીકળીને બહાર આવે, પણ એ જરૂરી નથી કે ત્રણેય દિવસ ખૂન બહાર દેખાય, અગર અંદરના ભાગમાં ખૂન હોય તો એ કાફી છે; અને અગર ત્રણ દિવસ દરમિયાન

અમુક પળો માટે ખૂન બંધ થાય, જેવું અમુક સ્ત્રીઓ માટે સામાન્ય રીતે બનતુ હોય છે, તો એ પણ હૈઝ છે.

**મસઅલો ૪૪૧** : એ જરૂરી નથી કે પહેલી રાતના અને ચોથી રાતના પણ ખૂન દેખાય. અલબત્ત, બીજી અને ત્રીજી રાતના ખૂન બંધ થયું ન હોવું જોઈએ; માટે જો પહેલાં દિવસની સવારથી લઈ ત્રીજા દિવસની મગરિબ સુધી એકધારૂ ખૂન બંધ થયા વિના જારી રહે તો એ હૈઝ છે, એવી જ રીતે અગર પહેલા દિવસે અધવચ્ચેથી ખૂન શરૂ થાય, અને ચોથે દિવસે એ જ સમયે બંધ થાય તો હૈઝનો હુકમ લાગુ પડશે.

**મસઅલો ૪૪૨** : અગર કોઈ ઔરત ત્રણ દિવસ સુધી સતત ખૂન જુએ અને પછી પાક થઈ જાય, અને ફરી અમુક દિવસો માટે ખૂન જુએ, અને જો ખૂનના દિવસો અને પાકીઝગીના દિવસો કુલ મળીને દસ દિવસથી વધારે ન થતા હોય, તો જે દિવસોમાં ખૂન જોયું હોય એ દિવસો હૈઝના ગણાશે; પણ એહતિયાતે વાજિબની રૂએ વચ્ચે જે પાક દિવસો હતા તેમાં હૈઝ વગરની સ્ત્રીઓ માટે જે કાર્યો વાજિબ છે તે બજાવી લાવે, અને સાથે હાઈઝ માટે જે બાબતો હરામ છે તેને તરક કરે.

**મસઅલો ૪૪૩** : અગર કોઈ સ્ત્રી ત્રણ દિવસથી વધુ પણ દસ દિવસથી ઓછી મુદ્દત માટે ખૂન જુએ, અને નક્કી ન કરી શકે કે એ ખૂન જખમ કે ગૂમડા વગેરેનું છે યા હૈઝનું, તો એને હૈઝ નહિ ગણી શકે.

**મસઅલો ૪૪૪** : અગર કોઈ ઔરત નક્કી ન કરી શકે

કે જે ખૂન જણાયું છે તે જખમનું છે યા હૈઝનું, તો તેના માટે જરૂરી છે કે પોતાની ઈબાદતો બજાવી લાવે, સિવાય કે તેની આગલી હાલત હૈઝની રહી હોય. (આ સંજોગમાં તે ખૂનને હૈઝનું ખૂન ગણશે.)

**મસઅલો ૪૪૫** : અગર કોઈ સ્ત્રીને શક થાય કે ખૂન આવ્યું છે તે હૈઝ છે યા ઈસ્તિહાઝા, જો તેમાં હૈઝની શરતો મોજૂદ હોય તો એને હૈઝ ગણશે.

**મસઅલો ૪૪૬** : અગર કોઈ સ્ત્રીને જાણ ન થાય કે જે ખૂન જણાયું છે તે હૈઝનું છે કે કૌમાર્યને કારણે છે, તો એવા સંજોગમાં એવી રીતે તપાસ કરે કે થોડુંક રૂ પોતાની શરમગાહમાં મૂકે; અગર થોડીક વાર પછી એવું દેખાય કે રૂની ચારેકોર ખૂન લાગેલું છે, તો એનો સંબંધ કૌમાર્ય સાથે છે, અને અગર બધા રૂને તરબોળ કરે તો હૈઝ છે.

**મસઅલો ૪૪૭** : અગર કોઈ ઔરત ત્રણ દિવસથી ઓછી મુદ્દત માટે ખૂન જુએ, અને પાક થઈ જાય; અને ત્યારપછી ત્રણ દિવસ સુધી સતત ખૂન જુએ, તો બીજી વાર આવેલું ખૂન હૈઝ ગણાશે, ભલે પછી પહેલી વાર જે ખૂન જણાયું હતું તે આદતના દિવસોમાં આવેલું હોય તો પણ હૈઝ નથી.

## હાઈઝ (હૈઝવાળી સ્ત્રી માટે)ના એહકામ :

**મસઅલો ૪૪૮** : હાઈઝ (હયઝવાળી) સ્ત્રી માટે અમુક બાબતો હરામ છે :

(૧) નમાઝ તેમજ જે જે ઈબાદતો માટે વઝુ અથવા ગુસ્લ અથવા તયમ્મુમની શરત હોય તે સર્વે હરામ છે. અલબત્ત, જે ઈબાદતો માટે વઝુ, ગુસ્લ, તયમ્મુમ જરૂરી નથી, જેમકે નમાઝે મૈયત, તે ઈબાદત માટે કાંઈપણ વાંધો નથી.

(૨) જેટલી બાબતો જુનુબ માટે હરામ છે, જેનો ઝિક્ર જનાબતના પ્રકરણમાં થઈ ચૂક્યો છે એ સર્વે બાબતો હાઈઝ માટે પણ હરામ છે.

(૩) જાતીય સમાગમમાં યોનિ પ્રવેશ મરદ તેમજ ઔરત, બંને માટે હરામ છે, ભલે પછી ખત્નાના ભાગ સુધીનો જ હોય, અને વીર્ય પણ સ્ખલિત ન થાય; બલ્કે એહતિયાતે વાજિબની રૂએ ખત્નાની જગ્યાથી ઓછો ભાગ પણ પ્રવેશ ન કરે. અલબત્ત આ હુકમ પાછલી શરમગાહમાં જાતીય સમાગમ માટે નથી પણ એહતિયાત છે કે આ હાલતમાં પાછલી શરમગાહમાં પણ જાતીય સમાગમ ન કરવામાં આવે.

પોતાની સ્ત્રી સાથે પાછલી શરમગાહમાં જાતીય સમાગમ જો તે રાજી ન હોય તો જાઈઝ નથી, ચાહે એ હૈઝની હાલતમાં હોય કે ન હોય.

**મસઅલો ૪૪૯** : જે દિવસોમાં ઔરતને યકીન ન હોય કે હૈઝની હાલતમાં છે કે નહિ, પરંતુ શરીઅતના હુકમ મુજબ એ દિવસો હૈઝના નક્કી થયા હોય, તો તે દિવસોમાં પણ જાતીય સમાગમ જાઈઝ નથી માટે જયારે કોઈ ઔરત દસ દિવસથી વધુ ખૂન જુએ, અને હવે પછી સમજાવવામાં આવશે તે મુજબ એમાંથી પોતાની ચાલુ આદતના

દિવસોને હૈઝના દિવસો ગણાશે, ત્યારે એ દિવસોમાં શૌહર જાતીય સમાગમ નહી કરી શકે.

**મસઅલો ૪૫૦** : અગર કોઈ શખ્સ પોતાની પત્ની સાથે હૈઝની હાલતમાં સંભોગ કરે, તો લાઝિમ છે કે ઈસ્તિગફાર કરે; પણ કફ્ફારો વાજિબ નથી. પરંતુ બેહતર છે કે કફ્ફારો આપે જે શરૂઆતના દિવસોમાં એક મિસ્કાલ સોનુ, વચ્ચેના દિવસોમાં અર્ધો મિસ્કાલ સોનુ અને છેલ્લા દિવસોમાં એક મિસ્કાલનો ચોથો ભાગ સોનુ આપે (એક મિસ્કાલ શરઈ એટલે ૧૮ ચણા જેટલુ વજન એટલે લગભગ ૩.૫ ગ્રામ)

**મસઅલો ૪૫૧** : સંભોગ અને જાતીય સમાગમ સિવાય હૈઝની હાલતમાં પોતાની સ્ત્રી સાથે અન્ય પ્રણય-પ્રેમનાં કાર્યો, જેમકે ચુંબન, આલિંગન વગેરે જાઈઝ છે.

**મસઅલો ૪૫૨** : હૈઝની હાલતમાં અગર સ્ત્રીને તલાક દેવામાં આવે, તો તલાકના એહકામમાં જેવી રીતે સમજાવવામાં આવશે, એ તલાક બાતિલ છે.

**મસઅલો ૪૫૩** : અગર કોઈ સ્ત્રી કહે કે હું હૈઝમાં છું, અથવા હૈઝથી પાક છું, અને તેણી ઉપર ખોટુ બોલવાનો આરોપ ન હોય, તો પછી તેણી વાત માન્ય રાખવી જોઈએ, પરંતુ જો તેણી ઉપર ખોટુ બોલવાનો આરોપ હોય તો વાત માન્ય રાખવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૪૫૪** : અગર કોઈ સ્ત્રી નમાઝ દરમિયાન હાઈઝ થાય, તો તેની નમાઝ બાતિલ થઈ જશે. એટલે સુધી કે આખરી સિજદા પછી અને સલામના છેલ્લા અક્ષર પહેલાં પણ હૈઝ આવે તો એહતિયાતે વાજિબની રૂએ

નમાઝ બાતિલ થાય છે.

**મસઅલો ૪૫૫** : નમાઝ દરમિયાન જો કોઈ ઔરતને શક થાય કે હાઈઝ થઈ છે કે નહિ, તો તેની નમાઝ સહીહ છે, પણ અગર નમાઝ પૂરી કર્યા બાદ ખબર પડે કે નમાઝ દરમિયાન હાઈઝ થઈ ગઈ હતી, તો અગાઉના મસઅલામાં બયાન થયું તે પ્રમાણે તેની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૪૫૬** : જયારે ઔરત હૈઝથી પાક થઈ જાય, ત્યારે વાજિબ છે કે નમાઝ તેમજ બીજી એવી સઘળી ઈબાદતો કે જેના માટે વઝુ, ગુસ્લ કે તયમ્મુમ અનિવાર્ય છે, તેના માટે ગુસ્લ કરે, અને એની રીત અને એના હુકમો ગુસ્લે જનાબતની જેમ છે આ ગુસ્લ પછી વઝુની જરૂર નથી પરંતુ બેહતર છે કે ગુસ્લ કર્યા પહેલાં વઝુ કરે.

**મસઅલો ૪૫૭** : ઔરતે હૈઝથી પાક થયા બાદ જો ગુસ્લ ન કર્યું હોય તો પણ તેની તલાક સહીહ ગણાશે, અને તેનો શૌહર તેની સાથે જાતીય સમાગમ કરી શકશે, પણ એહતિયાતે લાઝિમ છે કે સંભોગ પહેલાં સ્ત્રી પોતાની શરમગાહને પાણીથી ધોઈ લ્યે; બલ્કે એહતિયાતે મુસ્તહબ એ છે કે સ્ત્રી ગુસ્લ ન કરી લ્યે ત્યાં સુધી તેની સાથે સંભોગ ન કરે.

પણ બીજા કાર્યો કે જે હૈઝની હાલતમાં તેના માટે હરામ હતાં, જેમકે કુરઆને મજીદના અક્ષરોને અડવું વગેરે, એ ગુસ્લ ન કરે ત્યાં સુધી હલાલ નહિ થાય. અને જે કામોનું હરામ હોવું તહારતની શરત કારણે સાબિત નથી એહતિયાતે વાજિબની રૂએ તે પણ હલાલ નહી થાય. જેમ કે મસ્જિદમાં રોકાવું.

**મસઅલો ૪૫૮** : અગર પાણી વઝુ અને ગુસ્લ માટે કાફી ન હોય, પણ એટલા પ્રમાણમાં હોય કે ગુસ્લ કરી શકે, તો ગુસ્લ કરશે; અને બેહતર છે કે વઝુને બદલે તયમ્મુમ કરે, પણ અગર પાણી માત્ર વઝુ પુરતું જ હોય એ પાણીથી ગુસ્લ થઈ શકે તેમ ન હોય તો બેહતર છે કે વઝુ કરે; અને ગુસ્લને બદલે તયમ્મુમ કરશે; અગર બંનેમાંથી કોઈ પણ માટે પાણી પૂરતા પ્રમાણમાં મોજૂદ ન હોય, તો ગુસ્લને બદલે તયમ્મુમ કરશે, અને બેહતર છે કે વઝુને બદલે તયમ્મુમ પણ કરે.

**મસઅલો ૪૫૯** : હૈઝની હાલતમાં જેટલી નમાઝો ઔરતે ન પઢી હોય તેની કઝા નથી. પરંતુ માહે રમઝાનના જે રોઝા હૈઝને કારણે રહી ગયા હોય તેની કઝા આપવી જોઈએ; અને એ નઝરના રોઝા કે જે નક્કી થયેલા દિવસ માટે વાજિબ થયા હોય, તે જો હૈઝના કારણે રહી જાય, તો એહતિયાતે લાઝિમની રૂએ તેની પણ કઝા દેવી જોઈએ.

**મસઅલો ૪૬૦** : અગર નમાઝનો સમય દાખલ થઈ જાય, અને ઔરતને જાણ હોય કે નમાઝ પઢવામાં ઢીલ કરશે તો હાઈઝ થઈ જશે, તો એના માટે જરૂરી છે કે તુરત જ નમાઝ અદા કરી લ્યે, બલ્કે અગર એને ફકત શક્યતા હોય કે ઢીલ કરવાથી હૈઝની હાલતમાં આવી જશે, તો એહતિયાતે લાઝિમ છે કે તરત જ નમાઝ પઢે.

**મસઅલો ૪૬૧** : અગર કોઈ સ્ત્રી નમાઝ પઢવામાં ઢીલ કરે અને અવ્વલ વખતથી એક નમાઝ પઢવાનો સામાન્ય સમય તેમજ નમાઝના મુકદ્દેમાત – જેમકે લિબાસે પાકને

હાસિલ કરવું, વઝુ, તયમ્મુમ-નો સમય વીતી જાય, અને એ હૈઝની હાલતમાં દાખલ થાય, તો એ નમાઝની કઝા તેના ઉપર વાજિબ છે, પરંતુ જો ફક્ત વઝુ, ગુસ્લ બલ્કે તયમ્મુમ કરીને નમાઝ પઢી શકે એટલો સમય હોય, બીજા મુકદ્દમાત હાંસિલ કરવાનો સમય ન હોય તો એહતિયાતે વાજિબની રૂએ તે નમાઝની પણ કઝા પઢશે. હવે એ નમાઝને ઝડપથી પઢવામાં કે આસ્તે પઢવામાં કેટલો સમય જોઈએ એ વ્યક્તિગત હાલત ઉપર આધાર રાખે છે.

જેમકે અગર એક ઔરત સફરમાં નથી, અને ઝોહરના અવ્વલ સમયમાં એણે નમાઝ ન પઢી હોય, તો નમાઝની કઝા એ સંજોગમાં વાજિબ થશે કે ચાર રકાતનો સમય વઝુ, તયમ્મુમના સમય સહિત વીતી જાય, પણ જો એ મુસાફર હોય તો પછી બે રકાત પઢવામાં વઝુ, તયમ્મુમના સમય સહિત જેટલો સમય લાગે એ મુજબ હિસાબ કરશે.

**મસઅલો ૪૬૨** : અગર કોઈ ઔરત નમાઝના છેલ્લા સમયે પાક થઈ જાય, અને હજી એટલો સમય હોય કે ગુસ્લ કરી એક યા એકથી વધુ રકાત પઢી શકે, તો જરૂરી છે કે નમાઝ પઢે, અને જો નહિ પઢે, તો તેની કઝા વાજિબ છે.

**મસઅલો ૪૬૩** : અગર હાઈઝ ઔરત એવા સમયે પાક થાય કે ગુસ્લ માટે સમય ન હોય, પણ તયમ્મુમ કરીને નમાઝ વખતની અંદર પઢી શકતી હોય, તો એહતિયાતે વાજિબ છે કે એ નમાઝને તયમ્મુમ સાથે

વખતની અંદર અદા કરે, અને જો નહિ પઢે તો તેના ઉપર એ નમાઝની કઝા વાજિબ છે. એવી જ રીતે વખતની તંગી સિવાય કોઈ બીજા કારણસર તેના ઉપર તયમ્મુમ વાજિબ હોય, જેમકે પાણીના ઉપયોગથી નુકસાન થવાનો ભય હોય, તો એવા સંજોગમાં પણ એ તયમ્મુમ કરીને વખતની અંદર નમાઝ પઢશે, અને જો નહિ પઢે તો લાઝિમ છે કે એ નમાઝની કઝા પઢે.

**મસઅલો ૪૬૪** : અગર કોઈ સ્ત્રી હૈઝથી પાક થયા બાદ શક કરે કે નમાઝ અદા કરવા માટે હજી વખત છે કે નહિ, તો એણે નમાઝ પઢી લેવી જોઈએ.

**મસઅલો ૪૬૫** : અગર કોઈ સ્ત્રી એમ ધારી લ્યે કે તેની પાસે તહારત કરી ઓછામાં ઓછી એક રકાત પઢવાનો પણ સમય નથી, અને નમાઝ ન પઢે, અને ત્યારબાદ માલૂમ થાય કે સમય હતો, તો એ નમાઝની કઝા પઢવી પડશે.

**મસઅલો ૪૬૬** : જે ઔરત હૈઝની હાલતમાં હોય તેના માટે મુસ્તહબ છે કે જયારે નમાઝનો સમય દાખલ થાય ત્યારે પોતાને ખૂનથી પાક કરે, રૂ, પાટા, વગેરે બદલાવે, વઝુ કરે (અને જો વઝુ ન કરી શકતી હોય તો તયમ્મુમ કરે), અને નમાઝની જગ્યા ઉપર કિબ્લા તરફ મોઢું રાખીને બેસે; અને દુઆ, ઝિક્ર તથા સલવાત વગેરેમાં મશગૂલ રહે.

**મસઅલો ૪૬૭** : હાઈઝ સ્ત્રી માટે કુરઆનની તિલાવત કરવી અથવા કુરઆને મજીદ પાસે રાખવું અથવા કુરઆને

મજીદના અક્ષરો વચ્ચે ખાલી જગ્યાને અડવું, વાળને મહેંદી વગેરેથી રંગવું અમુક ફકીહના કૌલ પ્રમાણે મકરૂહ છે.

## હાઈઝ સ્ત્રીઓના પ્રકાર :

**મસઅલો ૪૬૮** : હાઈઝ સ્ત્રીના છ પ્રકારો છે :

(૧) એ ઔરત કે જે એક પછી બીજા મહિનામાં એક જ સમયે ખૂન જુએ; અને બંને મહિનામાં સરખી સંખ્યાના દિવસોમાં હૈઝની હાલતમાં રહે, દાખલા તરીકે બંને મહિનામાં પહેલી તારીખથી સાતમી તારીખ સુધી હૈઝની હાલતમાં હોય. તેને સાહેબે આદતે વકતીય્યાહ અને અદદીય્યાહ કહેવાય છે.

(૨) એ ઔરત કે જે એક પછી બીજા મહિનામાં એક જ સમયે હૈઝની હાલતમાં દાખલ થાય, પણ બંને મહિનામાં દિવસોની સંખ્યામાં જુદી-જુદી હોય, તો તેને સાહેબે આદતે વકતીય્યાહ કહેવાય છે. દાખલા તરીકે બંને માસની પહેલી તારીખે હૈઝ જુએ, પણ પહેલાં મહિનામાં સાત દિવસે અને બીજા મહિનામાં આઠ દિવસે પાક થાય.

(૩) એ ઔરત કે જે એક પછી બીજા મહિનામાં સરખા દિવસોની સંખ્યામાં હૈઝ જુએ, પણ હૈઝની શરૂઆતની તારીખમાં જુદી-જુદી હોય, તો તેને સાહેબે આદતે અદદીય્યાહ કહેવાય છે. જેમકે પહેલાં મહિનામાં પાંચમી તારીખથી દસમી સુધી હૈઝ જુએ; અને બીજા મહિનામાં બારમી તારીખથી સત્તરમી તારીખ સુધી હૈઝમાં રહે.

(૪) જે સ્ત્રી અમુક મહિનાઓ દરમિયાન હૈઝ જુએ, પણ તેની કોઈ નિયુકત આદત ન હોય, અથવા તેની જે આદત

હતી તેમાં ખલલ પડે અને ત્યારપછી કોઈ નવી આદત ન પડે, તો એને મુઝતરેબહ કહેવાય છે.

(૫) જે ઔરત પહેલી વાર હૈઝ જુએ તેને મુબ્તદેઆ કહેવાય છે.

(૬) જે ઔરત પોતાની આદત ભૂલી ગઈ હોય, તેને નાસીયાહ કહેવાય છે. આ દરેક પ્રકાર માટે એહકામ છે, જે હવે પછી સમજાવવામાં આવશે.

**(૧) વકતીય્યાહ અને અદદીય્યાહ** (જે ઔરતને ચોક્કસ સમયે ચોક્કસ મુદ્દતની આદત હોય)

**મસઅલો ૪૬૯** : જે ઔરતોને હૈઝની ચોક્કસ સમય અને ચોક્કસ મુદ્દતની આદત હોય છે, તે બે પ્રકારની છે :

(૧) જે ઔરત બે મહિના લાગલાગટ (સતત) એક જ સમયે હૈઝની હાલતમાં દાખલ થાય, અને એક જ સમયે મુદ્દત પૂરી થતાં પાક થાય, જેમકે બંને માસમાં પહેલા દિવસે હાઈઝ થાય અને સાતમે દિવસે પાક થાય, તે ઔરત માટે કહેવાશે કે તેનો ચોક્કસ સમય મહિનાના પહેલા દિવસે શરૂ થાય છે અને સાતમે દિવસે ખતમ થાય છે.

(૨) જે ઔરત બે મહિના લગાતાર એક જ સમયે હૈઝમાં દાખલ થાય, અને ત્રણ દિવસ યા એથી વધુ ખૂન જોયા બાદ એક દિવસ યા એથી વધુ માટે પાક થઈ જાય, અને ફરીથી ખૂન જારી થાય, અને આ બધા દિવસોનો સરવાળો દસથી વધારે ન હોય અને બંને માસમાં હૈઝના દિવસો અને વચગાળામાં પાક રહેવાના દિવસોની સંખ્યા સરખી હોય તો તે ઔરત માટે કહેવાશે કે તેની આદત એટલા

દિવસોની છે કે જેટલા દિવસોમાં હૈઝનું ખૂન જારી હોય, તેમાં વચ્ચેના પાક દિવસો ઉમેરવામાં નહિ આવે.

ધ્યાનમાં રહે કે દરેક માસમાં ખૂન જારી હોવાના દિવસો અને ખૂન બંધ રહેવાના દિવસોની સંખ્યા એકસરખી હોવી જોઈએ, જેમકે પહેલા મહિનામાં તેમજ બીજા મહિનામાં પહેલાં દિવસથી લઈને ત્રીજા દિવસ સુધી ખૂન જુએ, અને ત્રણ દિવસ પાક રહ્યા બાદ ફરીથી ત્રણ દિવસ માટે હાઈઝ થાય, તો તેની આદત છ જુદા જુદા દિવસની ગણાશે. વચ્ચેના પાકીઝગીના દિવસોમાં એહતિયાતે વાજિબની રૂએ હાઈઝ ઉપર જે કામો હરામ છે તેને તર્ક કરવા જોઈએ અને મુસ્તહાઝાના આ'માલ બજાવી લાવવા જોઈએ. પણ અગર બીજા મહિનામાં હૈઝના દિવસો વધે અથવા ઘટે, તો એ ઔરત ચોક્કસ સમયની ગણાશે, પણ ચોક્કસ મુદ્દતની નહિ ગણાય, એટલે કે વકતીય્યાહ છે પણ અદદીય્યાહ નથી.

**મસઅલો ૪૭૦ :** જે ઔરતની હૈઝની આદત વકતીય્યાહ હોય, એટલે કે ચોક્કસ સમયે શરૂ થતી હોય, ચાહે અદદીય્યાહ હોય કે ન હોય, અગર આદત પ્રમાણે એ જ દિવસે યા એથી એકાદ દિવસ પહેલાં ખૂન જુએ, જાણે આદત સહેજ વહેલી થઈ ગણાય, તો ભલે હૈઝના ખૂનની નિશાનીઓ તેમાં મોજૂદ ન હોય, તો પણ એ ઔરત હાઈઝના એહકામ મુજબ અમલ કરશે.

પણ પછીથી સાબિત થાય કે એ દિવસ હૈઝના ન હતા, જેમકે ત્રણ દિવસથી પહેલાં જ એ પાક થઈ

જાય, તો જે ઈબાદતો બજાવી ન લાવી હોય તેની કઝા બજાવી લાવશે.

**મસઅલો ૪૭૧** : અગર ચોક્કસ સમય અને ચોક્કસ મુદ્દત ધરાવનાર સ્ત્રી પોતાની આદતના તમામ દિવસોમાં તેમજ અમુક દિવસો પહેલાં અને બાદ ખૂન જુએ, અને જો એ દિવસો કુલ મળીને દસથી વધુ થતા ન હોય, તો એ તમામ દિવસો હૈઝના ગણાશે.

પરંતુ જો કુલ મળીને સંખ્યા દસથી વધી જતી હોય, તો આદતના દિવસોમાં જે ખૂન આવ્યું હોય, માત્ર તેને જ હૈઝ ગણાશે, એથી પહેલાં યા બાદ આવેલા ખૂનને ઈસ્તેહાઝા ગણશે, અને એ દિવસોમાં જે ઈબાદત બજાવી લાવી ન હોય તેની કઝા આપશે.

એવી જ રીતે અગર કોઈ ચોક્કસ સમય અને મુદ્દત ધરાવનાર ઔરત પોતાની આદતના તમામ દિવસો ઉપરાંત અમુક દિવસો આદતની પહેલાં ખૂન જુએ, અને સર્વ મળીને દસ દિવસથી ન વધે, તો એ તમામ દિવસો હૈઝના ગણાશે.

પણ જો કુલ સંખ્યા દસથી વધી જાય, તો ફકત આદતના દિવસોને હૈઝના દિવસો ગણશે, ભલે તેમાં હૈઝના ખૂનની નિશાનીઓ ન હોય, અને બાકીના વધતા દિવસોમાં ખૂન હૈઝની નિશાનીવાળું હોય, એ વધારાના દિવસોને ઈસ્તેહાઝાના દિવસો ગણશે, અને એ દિવસોમાં કોઈ ઈબાદત તર્ક કરી હોય તો તેની કઝા આપશે.

અને જો હૈઝની ચોક્કસ આદતના સમય બાદ

પણ ખૂન દેખાય, અને જો કુલ મળીને દસ દિવસથી ન વધે, તો સર્વ દિવસો હૈઝના ગણાશે, પણ જો દસ દિવસથી સંખ્યા વધી જાય, તો માત્ર આદતના ચોક્કસ દિવસો હૈઝના દિવસો ગણાશે, અને બાકીના ઈસ્તેહાઝા છે.

**મસઅલો ૪૭૨** : અગર ચોક્કસ સમય અને મુદ્દતવાળી સ્ત્રી પોતાની આદતના બધાય નહિ, પણ અમુક દિવસોમાં ખૂન જુએ, અને સાથે સમયની પહેલાં પણ અમુક દિવસોમાં ખૂન દેખાય, તો અગર કુલ મળીને દસ દિવસો ન થતા હોય, તો બધાય દિવસો હૈઝના ગણાશે. પરંતુ જો એ દસ દિવસથી વધી જાય, તો આદતના દિવસોમાં આદતથી પહેલાંના એટલા દિવસો ઉમેરશે કે જેથી ચોક્કસ મુદ્દતની સંખ્યા પૂરી થાય, અને એ દિવસોને હૈઝના ગણશે, એ સિવાયના શરૂઆતના દિવસોને ઈસ્તેહાઝા કરાર દેશે.

એવી જ રીતે અગર ચોક્કસ આદતના અમુક દિવસોમાં હૈઝ જુએ, અને તે બાદના દિવસોમાં પણ ખૂન દેખાય, જો કુલ મળીને દસ દિવસોથી વધુ ન થતા હોય, તો એ તમામ દિવસો હૈઝના ગણાશે.

પરંતુ જો દસ દિવસોથી વધારે થતા હોય, તો પોતાની આદતના દિવસોમાં, બાદમાં આવેલા ખૂનના એટલા દિવસો ઉમેરશે કે જેથી તેની મુદ્દતની સંખ્યા પૂરી થાય, અને એ દિવસોને હૈઝના દિવસો ગણી બાકીના દિવસોને ઈસ્તેહાઝા કરાર દેશે.

**મસઅલો ૪૭૩** : જે ઔરત ઉપર જણાવ્યા મુજબ ચોક્કસ આદતવાળી હોય, અને એ ત્રણ દિવસ યા એથી વધુ દિવસો સુધી ખૂન જોયા બાદ પાક થઈ જાય, અને

ત્યારબાદ ફરીથી ખૂન જુએ; અને બંને ખૂન વચ્ચેનો ગાળો દસ દિવસથી ઓછો હોય, પણ ખૂનના દિવસો અને પાક હોવાના દિવસો કુલ મળીને દસ દિવસથી વધારે થતા હોય, જેમકે પાંચ દિવસ ખૂન જુએ, પછી પાંચ દિવસ સુધી પાક રહીને ફરીથી પાંચ દિવસ સુધી ખૂન જુએ, તો તેના નીચે મુજબ અલગ અલગ હુકમો છે:

(૧) અગર પહેલી વાર ખૂન આવ્યું તે પૂરેપૂરૂ યા અમુક આદતોના દિવસોમાં આવ્યું હોય, અને પાક થવા બાદ બીજી વાર જે ખૂન આવ્યું તે આદતના દિવસોમાં ન હોય, તો પહેલી વાર આવેલું ખૂન હૈઝ ગણાશે અને બીજી વાર આવેલું ખૂન ઈસ્તહાઝા ગણાશે. પણ જો બીજી વાર આવેલ ખૂનમાં હૈઝની નિશાની હોય તો પહેલીવાર આવેલ ખૂન અને પાકીઝગીના દિવસો મેળવી બીજી વાર આવેલ ખૂન એટલા દિવસો કે જેની સંખ્યા દસ જેટલી થાય તે હૈઝ ગણાશે અને બાકીના દિવસો ઈસ્તેહાઝા. દા.ત. ત્રણ દિવસ ખૂન આવે, ત્રણ દિવસ પાક રહે, બીજા પાંચ દિવસ ખૂન આવે જે હૈઝની નિશાની હોય, તો પ્રથમ ત્રણ દિવસ, અને બીજી વખત ખૂનના ચાર દિવસ હૈઝના ગણશે, વચ્ચેના પાકીઝગીના દિવસોમાં એહતિયાતે વાજિબની રૂએ હાઈઝ પર હરામ કામથી પરહેઝ કરે અને ગૈરહાઈઝ પર વાજિબ કામોને અંજામ આપે.

(૨) અગર પહેલી વાર આવેલું ખૂન આદતના દિવસોમાં ન હોય, પણ બીજી વાર આવેલું પૂરેપૂરૂ યા અમુક ખૂન આદતના દિવસોમાં હોય, તો બીજી વાર આવેલું ખૂન

હૈઝ ગણાશે; અને પહેલી વાર આવેલા ખૂનને ઈસ્તેહાઝા ગણશે.

(૩) અગર બંને વખત આવેલું અમુક ખૂન આદતના દિવસોમાં આવ્યું હોય, અને જો પહેલી વાર આવેલું ખૂન ત્રણ દિવસ સુધી રહ્યુ હોય, અને વચ્ચે તહારતના દિવસો અને ત્યારબાદ બીજી વાર આદતના દિવસોમાં આવેલું ખૂન સાથે મળીને દસ દિવસથી વધુ ન થતા હોય, તો બંને ખૂનને હૈઝ ગણશે, અને એહતિયાતે વાજિબ છે કે વચ્ચે જે તહારતના દિવસો હતા એ દરમિયાન પાક ઔરતોની ફરજો અદા કરે, અને હાઈઝ માટે જે બાબતો હરામ છે તેને તર્ક કરે.

બીજી વાર આવેલું ખૂન જે આદતના દિવસો સિવાય પણ જારી હતુ તેને ઈસ્તેહાઝા ગણશે, પહેલી વખત આવેલા ખૂનનો એ ભાગ જે આદતના દિવસો પહેલાનો હતો જો એવી રીતે હોય કે જાણે આદત થોડી વહેલી થઈ ગઈ હોય, તો તેને હૈઝ જ ગણશે.

અલબત્ત, અગર પહેલી વાર આદતથી પહેલાં આવેલા ખૂનને હૈઝમાં ગણી લેવાથી બીજી વાર આદતના દિવસોમાં આવેલું ખૂન,પૂરેપૂરૂ યા અમુક હૈઝના દસ દિવસમાંથી નીકળી જતા હોય, તો પછી પહેલી વાર આદતથી પહેલાંના ખૂનને ઈસ્તેહાઝા ગણશે.

જેમકે અગર કોઈ ઔરતની આદત હોય કે મહિનાના ત્રીજા દિવસથી દસમાં દિવસ સુધી હાઈઝ રહે, પણ એક વાર એવું બને કે પહેલાં દિવસથી છઠ્ઠા દિવસ

સુધી ખૂન જુએ, પછી બે દિવસ પાક રહીને ફરીથી પંદરમાં દિવસ સુધી ખૂન જુએ, તો પહેલા દિવસથી દસમાં દિવસ સુધીનું ખૂન હૈઝ છે; અને અગિયારમાં દિવસથી લઈને પંદરમાં દિવસ સુધીનું ખૂન ઈસ્તેહાઝા ગણાશે.

(૪) અગર આદતવાળી ઔરત પહેલી અને બીજી વાર અમુક ખૂન આદતના દિવસોમાં જુએ, પણ પહેલી વાર જે ખૂન આદતના દિવસોમાં જોયું હોય, તે ત્રણ દિવસથી ઓછું હોય, તો પહેલી વખત આવેલા ખૂનના છેલ્લા ત્રણ દિવસ અને વચ્ચે પાક રહેવાના દિવસો તેમજ બીજી વખતના ખૂનના એટલા દિવસો કે જેનો સરવાળો દસ થાય તે બધા દિવસોને હૈઝ ગણશે બાકીના દિવસોને ઈસ્તેહાઝા ગણશે. જો પાક રહેવાના દિવસો સાત હોય તો બીજી વખતનું તમામ ખૂન ઈસ્તિહાઝા ગણાશે.

અમુક સંજોગોમાં પહેલી વાર આવેલું તમામ ખૂન હૈઝ ગણાશે, પણ તેની બે શરતો છે, પ્રથમ એ કે આદતથી પહેલાં આવેલું ખૂન એટલું જ વહેલું આવેલું હોય કે એમ કહી શકાય કે ચોક્કસ આદત સહેજ વહેલી થઈ ગઈ છે, અને બીજી શરત એ કે પ્રથમ વાર આવેલા ખૂનને હૈઝ કરાર દેવાથી બીજી વાર આદતના દિવસો દરમિયાન આવેલું અમુક ખૂન હૈઝના દસ દિવસોમાંથી નીકળી ન જાય.

દાખલા તરીકે અગર એક ઔરતની ચોક્કસ આદત ચોથીથી દસમી સુધીની હોય, અને એ પહેલીથી ચોથીની સાંજ સુધી ખૂન જુએ, પછી બે દિવસ પાક રહી ફરી પંદરમી સુધી ખૂન જુએ, તો પહેલી વાર જોયેલું પૂરેપૂરૂ

ખૂન હૈઝ છે અને બીજી વાર દસમીની સાંજ સુધી આવેલું ખૂન હૈઝ ગણાશે.

**મસઅલો ૪૭૪** : અગર કોઈ ચોક્કસ સમય અને મુદ્દતની આદતવાળી સ્ત્રી પોતાની આદતના સમયે ખૂન ન જુએ, અને એ સિવાયના દિવસોમાં પોતાની નિયુક્ત મુદ્દત જેટલા જ દિવસો ખૂન જુએ, તો એને હૈઝ ગણશે, ચાહે એ ખૂન પોતાની આદતથી પહેલા આવે કે બાદમાં આવે.

**મસઅલો ૪૭૫** : અગર ચોક્કસ મુદ્દત અને આદતવાળી ઔરત પોતાના નિયુક્ત સમયે ત્રણ યા એથી વધુ દિવસો સુધી ખૂન જુએ, પણ એની ગણત્રી પોતાની હંમેશની મુદ્દતથી ઓછી હોય, અને ત્યારબાદ પાક થઈ અને ફરી પોતાની હંમેશની મુદ્દત પ્રમાણેના દિવસો સુધી ખૂન જુએ, તો તેના હુકમો નીચે મુજબ છે :

(૧) અગર બંને ખૂનના દિવસો, દરમિયાન પાક હોવાના દિવસો સાથે, કુલ મળીને દસ દિવસોથી વધતા ન હોય, તો બંને ખૂન હૈઝ ગણશે.

(૨) અગર બંને ખૂન દરમિયાન તહારતના દિવસો દસ કે તેથી વધારે હોય, તો બંને ખૂનને અલગ અલગ હૈઝ ગણાશે.

(૩) અગર દરમિયાનમાં તહારતના દિવસો દસથી ઓછા હોય, પણ બંને ખૂનના દિવસો અને તહારતના દિવસો કુલ મળીને દસથી વધી જતા હોય, તો પ્રથમ ખૂનને હૈઝ ગણાશે, અને બીજી વાર આવેલું ખૂન ઈસ્તિહાઝા ગણાશે.

**મસઅલો ૪૭૬** : અગર ચોક્કસ સમય અને મુદ્દતની

આદતવાળી સ્ત્રી દસ દિવસથી વધુ ખૂન જુએ, તો જે ખૂન આદતના દિવસોમાં જોયું હોય એ હૈઝ ગણાશે, ચાહે તેમાં હૈઝની નિશાનીઓ મોજૂદ ન હોય.

અને જે ખૂન આદતના દિવસો સિવાયના દિવસોમાં જોયું હોય એ ઈસ્તિહાઝા ગણાશે, ચાહે તેમાં હૈઝની નિશાનીઓ મોજૂદ હોય.

દાખલા તરીકે કોઈ ઔરતની આદત હોય કે એ પહેલીથી સાતમી સુધી હંમેશાં ખૂન જુએ છે, અને તે પહેલીથી બારમી સુધી ખૂન જુએ, તો શરૂઆતના સાત દિવસો હૈઝના અને બાકીના પાંચ દિવસો ઈસ્તિહાઝાના ગણશે.

**(૨) સમયની આદતવાળી સ્ત્રી** (વકતીય્યાહ)

**મસઅલો ૪૭૭ :** અમુક ઔરતોની માત્ર હૈઝના સમયની આદત હોય છે, એટલે કે દર વખતે શરૂઆત મુકર્રર સમયે થાય છે. એમાં બે પ્રકાર છે :

(૧) એ ઔરત કે જેને લાગલાગટ (સતત) બે માસ દરમિયાન મુકર્રર સમયે જ હૈઝની શરૂઆત થાય; અને અમુક દિવસો બાદ પાક થાય, પણ બંને માસમાં દિવસોની સંખ્યા એક સરખી ન હોય, દાખલા તરીકે બંને માસમાં લાગલાગટ (સતત) મહિનાના પહેલા દિવસે હૈઝ જુએ, પરંતુ પહેલા મહિનામાં સાતમા દિવસે અને બીજા મહિનામાં આઠમા દિવસે પાક થાય, આ ઔરત મહિનાના પહેલા દિવસને પોતાની આદતના પહેલા દિવસ તરીકે નિયુકત કરશે.

(૨) એ ઔરત કે જે લાગલાગટ (સતત) બે માસ મુકર્રર

વખતે હૈઝ જુએ, પણ ત્રણ દિવસ યા એથી વધુ ખૂન જોયા બાદ વચ્ચે થોડાક દિવસો પાક રહે, વળી ફરીથી અમુક દિવસોમાં હૈઝ જુએ, અને એ કુલ દિવસો, દરમિયાનમાં પાક હોવાના સમય સહિત, દસ દિવસથી ન વધે, પણ બીજા મહિનામાં દિવસોની સંખ્યા પહેલા માસથી ઓછી યા વધારે હોય, જેમ કે બંને મહિનાની પહેલી તારીખે ખૂનની શરૂઆત થાય, પરંતુ પહેલા મહિનામાં કુલ દિવસોની સંખ્યા આઠ હોય અને બીજા મહિનામાં કુલ દિવસોની સંખ્યા નવ હોય તો એવી ઔરત પણ દર મહિનાના પહેલા દિવસને હૈઝનો પહેલો દિવસ કરાર દેશે.

**મસઅલો ૪૭૮** : જે ઔરતના હૈઝની શરૂઆતનો દિવસ મુકર્રર હોય, અગર તે મુકર્રર સમય કરતા બે કે ત્રણ દિવસ પહેલા ખૂન જુએ, તો તેને હૈઝવાળી ઔરત માટે જણાવેલા હુકમો મુજબ અમલ કરવો જોઈએ, અને તે વિશે ખુલાસો મસઅલા નં. ૪૭૦ માં આપવામાં આવ્યો છે.

ઉપરોક્ત બે સંજોગો સિવાય કોઈ ઔરત પોતાની આદતના દિવસથી એટલું વહેલું ખૂન જુએ કે એમ ન જ કહી શકાય કે આદતમાં સહેજ ફેર પડી ગયો છે, બલ્કે એમ જ કહેવાય કે આદત સિવાયના દિવસોમાં ખૂન આવ્યું છે, માટે જો એ ખૂનમાં હૈઝની નિશાનીઓ મોજૂદ હોય, તો હાઈઝ સ્ત્રી માટે દર્શાવેલા હુકમ મુજબ અમલ કરશે.

અને જો તેમાં હૈઝની નિશાનીઓ મોજૂદ ન હોય, પણ ઔરતને યકીન હોય કે એ ખૂન ત્રણ દિવસ સુધી રહેશે, તો પણ હાઈઝ સ્ત્રીના હુકમો મુજબ અમલ કરશે.

જો ઔરતને ખબર ન હોય કે ત્રણ દિવસ સુધી

એ ખૂન રહેશે કે નહિ, તો એહતિયાતે વાજિબની રૂએ ઔરત જે કાર્યો મુસ્તહાઝા ઉપર વાજિબ છે તેને બજાવી લાવશે, અને હાઈઝ માટે જે હરામ છે તેને તર્ક કરશે.

**મસઅલો ૪૭૯** : જે ઔરતના હૈઝનો પહેલો દિવસ મુકર્રર હોય, અને એ આદત દરમિયાન જ ખૂન જુએ, પણ દિવસોની સંખ્યા દસથી વધી જતી હોય, અમુક દિવસોમાં હૈઝની નિશાની હોય અને અમુક દિવસોમાં નિશાની ન હોય, જેમકે જો નિશાનીવાળું ખૂન ત્રણ દિવસથી વધારે અને દસ દિવસથી ઓછુ હોય. તો તેને હૈઝ અને બાકીને ઈસ્તીહાઝા કરાર દેશે.

જો નિશાનીવાળું ખૂન બે વખત આવ્યું હોય જેમકે પહેલાં ચાર દિવસ નિશાનીવાળું ખૂન બીજા ચાર દિવસ ઈસ્તેહાઝા ત્રીજા ચાર દિવસ પાછું નિશાનીવાળું ખૂન આવે તો પ્રથમ ખૂનને હૈઝ અને બાકીને ઈસ્તેહાઝા ગણવામાં આવશે.

અગર નિશાનીવાળું ખૂન ત્રણથી ઓછા દિવસ આવે તો તેને હૈઝ અને બાકીના દિવસો આવનાર બે રીતો (નજદીકની ઔરતો તરફ રજૂ કરવું અથવા સંખ્યા નક્કી કરવી)માંથી એક રીતે નક્કી થશે અને જો નિશાનીવાળું ખૂન દસ દિવસથી વધારે આવે તો પણ આજ રીતે સંખ્યા નક્કી થશે. અને અગર એ નિશાનીઓ ઉપર આધાર રાખી દિવસોની ગણત્રી નિયુકત ન કરી શકે એટલે કે બધા ખૂનની નિશાની સરખી હોય અથવા હૈઝની નિશાનીવાળુ ખૂન દસ દિવસથી વધારે કે ત્રણ દિવસ કરતા ઓછુ હોય તો પોતાના મા-બાપના કુટુંબમાં જીવતી યા

ગુજરી ગયેલી સંબંધિત સ્ત્રીઓમાંની કોઈ પણ એકની આદત મુજબ પોતાના હૈઝના દિવસની સંખ્યા નક્કી કરશે, પણ તેમાં બે શરતો છેઃ

(૧) જે ઔરતની આદત અપનાવવા માંગતી હોય, તે ઔરતની અને પોતાની પરિસ્થિતિ વચ્ચે તફાવત ન હોવો જોઈએ, જેમકે એ સંબંધિત સ્ત્રી ઘરડી હોય અને પોતે જુવાન હોય, અથવા એ સ્ત્રીને હૈઝ બંધ થવાના દિવસો નજીક આવી ગયા હોય, તો તેની સાથે સરખામણી ન થઈ શકે, કારણ કે એવી સ્ત્રીની આદતમાં દિવસો ઘટી જવા પામે છે. આથી ઉલ્ટું હોય અથવા સંબંધિત ઔરત નાકિસ આદતવાળી હોય જેનો મતલબ મસઅલા નં.૪૮૮માં બયાન કરવામાં આવશે.

(૨) જે ઔરતની આદત ધારણ કરે તેમાં અને સગા-સ્નેહીઓમાં બીજી સ્ત્રીઓ વચ્ચે કે જે પહેલી શરત ધરાવનાર છે તફાવત ન હોય, પણ અગર નજીવો ફેર હોય તો તેમાં વાંધો નથી.

એવી જ રીતે ઔરતના હૈઝનો પહેલો દિવસ મુકર્રર હોવા છતાં એ વખતે તદ્દન ખૂન ન જુએ અને તે સિવાયના દિવસોમાં દસથી વધુ દિવસો સુધી ખૂન જુએ અને હૈઝની નિશાનીઓ ઉપર આધાર રાખીને પણ દિવસોની ગણત્રી નક્કી ન કરી શકે, તો ઉપર જણાવેલા મસઅલા મુજબ અમલ કરશે.

**મસઅલો ૪૮૦ :** જે ઔરતની આદતનો દિવસ મુકર્રર હોય, તે પોતાના હૈઝના દિવસોને આદત સિવાયના સમયમાં ફેરવી નહિ શકે.

જેમકે અગર એક ઔરતને પોતાની આદતની શરૂઆતનો દિવસ ખબર હોય, દાખલા તરીકે મહિનાના પહેલા દિવસે તેને ખૂન આવતું હોય, અને કોઈ વાર પાંચ અને કોઈ વાર છ દિવસ બાદ પાક થઈ જતી હોય, તો જો બનવાકાળ એક મહિનામાં તેને બાર દિવસ સુધી ખૂન જણાય, અને હૈઝની નિશાનીઓની મદદ વડે પરખ પણ ન કરી શકે, તો એ ઔરત મહિનાના પહેલા દિવસને હૈઝનો પહેલો દિવસ ગણશે; અને મુદ્દતની ગણત્રી માટે મસઅલા નં. ૪૭૯ મુજબ અમલ કરશે.

અને જો એ પોતાની આદતની વચલી કે છેલ્લી મુદ્દતથી વાકેફ હોય, અને તેને ખૂન દસ દિવસથી વધુ આવે, તો દિવસોની ગણત્રી એવી રીતે કરે જેથી તેની વચલી અથવા છેલ્લી મુદ્દત તેની આદત મુજબ જ રહે.

**મસઅલો ૪૮૧** : જે ઔરતના હૈઝની શરૂઆતનો દિવસ મુકર્રર હોય, અને એ દસ દિવસથી વધુ ખૂન જુએ, અને મસઅલા નં. ૪૭૯ માં જણાવેલી રીત મુજબ હૈઝના દિવસો નિયુકત ન કરી શકે, જેમકે હૈઝની નિશાનીઓ તેમાં ન હોય અથવા બે શરતોમાંથી કોઈ એક તેમાં ન હોય, તો એવા સંજોગમાં એ ઔરતને ઈખ્તીયાર છે કે ગણત્રી ત્રણથી દસ દિવસ, જે સંખ્યા તેની આદતને અનુકૂળ હોય તે પસંદ કરે અને જો તેની આદતને અનુકૂળ હોય તો બેહતર છે કે સાત દિવસ ધારણ કરે, પણ પોતાની આદતની શરૂઆતનો દિવસ દરેક હાલમાં ધ્યાનમાં લેવો જરૂરી છે. જે રીતે આ પહેલાના મસઅલામાં બયાન કરવામાં આવ્યું છે.

## (૩) સંખ્યાની આદતવાળી સ્ત્રી (અદદીય્યાહ)

જે ઔરતો અદદીય્યાહ હોય છે, તે બે પ્રકારની છે :

(૧) બે મહિના સુધી લાગલાગટ (સતત) એક જ મુદ્દત દરમિયાન ખૂન જુએ, પણ મુદ્દતની શરૂઆતના દિવસો એક સરખા ન હોય, જેમકે પહેલા મહિનામાં પહેલા દિવસથી પાંચમા દિવસ સુધી ખૂન જુએ, અને બીજા મહિનામાં અગિયારમાં દિવસથી પંદરમાં દિવસ સુધી ખૂન જુએ, તો એવી સ્ત્રીની આદત પાંચ દિવસની ગણાશે.

(૨) બે મહિના સુધી લાગલાગટ (સતત) ત્રણ દિવસ યા એથી વધુ મુદ્દત માટે ખૂન જોયા બાદ એકાદ દિવસ અથવા તેથી વધારે પાક રહે; અને ત્યારબાદ ફરીથી ખૂન દેખાય, તો અગર

(અ) બંને માસમાં શરૂઆતની તારીખોમાં ફેર હોય.

(બ) ખૂનના દિવસો અને વચ્ચે પાક રહેવાના દિવસો કુલ મળીને દસ દિવસથી ન વધે.

(જ) અને બંને માસમાં ખૂનના દિવસોની ગણત્રી એક સરખી હોય.

તો જેટલા દિવસોમાં એ સ્ત્રીએ ખૂન જોયું હોય, એ મુદ્દત સંખ્યાની આદત તરીકે ગણશે, અને વચ્ચે જે તહારતના દિવસો આવ્યા હોય, તેમાં અહવતની રૂએ હૈઝથી પાક સ્ત્રી ઉપર જે અમલ વાજિબ છે તે બજાવી લાવે; અને હાઈઝ ઉપર જે બાબતો હરામ છે તેનાથી પરહેઝ કરે.

દાખલા તરીકે અગર કોઈ ઔરત એક માસમાં પહેલીથી ત્રીજી સુધી ખૂન જુએ, અને પછી બે દિવસ

પાક રહ્યા બાદ ફરી ત્રણ દિવસ ખૂન જુએ, એવી જ રીતે બીજા માસમાં અગિયારમીથી તેરમી સુધી ખૂન જુએ અને બે દિવસ પાક રહી ફરી ત્રણ દિવસ ખૂન જુએ, તો એ ઔરતની સંખ્યાની આદત છ દિવસની ગણાશે.

પણ જો એક માસમાં દાખલા તરીકે આઠ દિવસ ખૂન જુએ, અને બીજા મહિનામાં ચાર દિવસ જોવે, અમુક દિવસ પાક રહી ફરીથી ખૂન જુએ, અને એ રીતે પાક રહેવાના અને ખૂન જોવાના દિવસોનો સરવાળો આઠ દિવસ થાય તો એ ઔરત સંખ્યાની આદત ધરાવનાર નહિ ગણાય, બલ્કે મુઝતરેબહ ગણાશે, જેના હુકમો હવે પછી બયાન થશે.

**મસઅલો ૪૮૨** : અગર કોઈ ઔરત ચોક્કસ સંખ્યાની આદત ધરાવતી હોય, પણ આદત કરતાં વિશેષ અથવા ઓછી સંખ્યાના દિવસોમાં ખૂન જુએ, અને એ દસ દિવસથી ન વધે, તો બધાય દિવસોને હૈઝના કરાર દેશે.

પણ જો પોતાની આદતની સંખ્યા કરતા વધુ દિવસો ખૂન જુએ તેની કુલ સંખ્યા દસ દિવસથી વધી જાય, તો પોતાની આદતના દિવસોની ગણત્રી મુજબ હૈઝ ગણશે; અને બાકીના દિવસો ઈસ્તિહાઝાના ગણશે.

પણ જો એ ખૂન એક જ પ્રકારનું ન હોય, બલ્કે અમુક દિવસોમાં ખૂનમાં હૈઝની નિશાનીઓ જણાય અને બાકીના દિવસોમાં ઈસ્તિહાઝા જેવું દેખાય, તો તેની ત્રણ પરિસ્થિતિ છે :

(અ) અગર જેટલા દિવસો હૈઝની નિશાની સાથે ખૂન દેખાય તેની સંખ્યા, એ ઔરતની આદતની સંખ્યા પ્રમાણે

હોય, તો એટલા જ દિવસોને હૈઝ ગણી બાકીને ઈસ્તિહાઝા ગણશે.

(બ) અગર હૈઝની નિશાની સાથેનું ખૂન પોતાની આદત કરતાં વધુ દિવસો સુધી ચાલું રહે, તો ફકત પોતાની આદતના દિવસોને હૈઝ કરાર દઈ બાકીને ઈસ્તિહાઝા ગણશે.

(ક) અગર હૈઝની નિશાની સાથેનું ખૂન આદત કરતાં ઓછા દિવસો સુધી દેખાય, તો એ દિવસોમાં બીજા દિવસોને ઉમેરો કરી પોતાની આદતની સંખ્યા પ્રમાણે નક્કી કરે; અને એ પછીના દિવસોને ઈસ્તિહાઝા ગણશે.

## (૪) મુઝતરેબહ

**મસઅલો ૪૮૩** : મુઝતરેબહ એ ઔરતને કહેવાય કે જે બે મહિનાઓ સુધી સતત ખૂન જુએ, પણ કોઈ નિશ્ચિત આદત ધારણ ન કરે, ન તો હૈઝની શરૂઆતનો કોઈ ચોક્કસ દિવસ હોય, અને ન તો હૈઝની મુદત નિયુકત થાય. એવી ઔરત અગર દસ દિવસથી વધુ મુદત માટે ખૂન જુએ, અને બધાય દિવસમાં આવતું ખૂન એક જ પ્રકારનું હોય, એટલે કે યા તો હૈઝની નિશાનીવાળું હોય યા ઈસ્તિહાઝાની, તો એનો હિસાબ એહતિયાતની રૂએ એ આદતવાળી સ્ત્રી જેવો છે કે જે પોતાના નિયુકત સમય સિવાયના દિવસોમાં ખૂન જુએ, અને નિશાનીઓ વડે હૈઝને ઈસ્તેહાઝાથી અલગ પારખી ન શકે. એવી ઔરત પોતાના અમુક સગા-વહાલાઓની આદત મુજબ પોતાની આદત ગણશે; અને અગર તે પણ શક્ય ન હોય તો ત્રણ

દિવસથી લઈને દસ દિવસ સુધીની કોઈ પણ અનુકૂળ સંખ્યા ધારણ કરશે. એ બધી બાબતોનો ખુલાસો મસઅલા નં. ૪૭૯ અને ૪૮૧ માં આવી ગયો છે.

**મસઅલો ૪૮૪** : મુઝતરેબહ સ્ત્રી અગર દસ દિવસથી વધુ ખૂન જુએ કે જેમાં અમુક દિવસોમાં ખૂન હૈઝની નિશાની ધરાવતું હોય, અને અમુક દિવસોમાં ઈસ્તેહાઝાની નિશાનીવાળું હોય, તો મસઅલા નં.૪૭૯માં જણાવ્યા મુજબ અમલ કરે.

## (૫) મુબ્તદેઅહ

**મસઅલો ૪૮૫** : જે સ્ત્રી પ્રથમ વાર ખૂન જુએ તેને મુબ્તદેઅહ કહેવાય, પણ અગર તે દસ દિવસથી વધારે એક જ જાતનું ખૂન જુએ, તો પોતાના સગા-વ્હાલાઓમાં કોઈ પણ એક સ્ત્રીની આદત મુજબ પોતાની હૈઝની આદત નક્કી કરશે, અને બાકીના દિવસોને ઈસ્તિહાઝા ગણશે, પણ તે માટે મસઅલા નં. ૪૭૯માં જણાવેલ શરતો તેને લાગું પડશે, અને અગર એ મુમ્કીન ન હોય તો ત્રણ અને દસની વચ્ચેની કોઈ પણ એક સંખ્યા હૈઝ માટે ગણશે, જે માટે મસઅલા નં. ૪૮૧માં હુકમ દર્શાવવામાં આવ્યો છે.

**મસઅલો ૪૮૬** : અગર મુબ્તદેઅહ સ્ત્રી દસ દિવસથી વધારે ખૂન જુએ, જેમાં અમુક હૈઝની નિશાનીવાળું ખૂન હોય અને અમુક ઈસ્તેહાઝાની નિશાની ધરાવતું હોય, તો જો હૈઝની નિશાનીવાળું ખૂન ત્રણ દિવસથી ઓછુ અને દસ દિવસથી વધુ ન રહેવા પામે, તો એ તમામ દિવસો હૈઝ ગણાશે.

પણ એ હૈઝના દિવસો બાદ દસ દિવસ વીતે એથી પહેલાં ફરી હૈઝની નિશાનીવાળું ખૂન દેખાય, જેમકે પાંચ દિવસ હૈઝની નિશાનીવાળું કાળાશ પડતું ખૂન હોય, ત્યારબાદ નવ દિવસ માટે પીળાશવાળું ખૂન હોય, અને ફરી કાળાશ પડતું ખૂન પાંચ દિવસ માટે દેખાય, તો પ્રથમ જે ખૂન આવ્યું એ હૈઝ અને એ પછીનાં બે ખૂન ઈસ્તિહાઝાના ગણાશે, જે મુઝતરેબહના મસઅલામાં સમજાવી ચૂક્યા છીએ.

**મસઅલો ૪૮૭ :** મુબ્તદેઅહ સ્ત્રી અગર દસ દિવસથી વધુ ખૂન જુએ, જેમાં અમુક દિવસોમાં હૈઝની નિશાનીવાળું ખૂન આવે, અને બાકીના દિવસોમાં ઈસ્તેહાઝાની નિશાની જણાય, પણ હૈઝની નિશાનીવાળું ખૂન ત્રણ દિવસથી ઓછું રહ્યું હોય અથવા દસ દિવસથી વધારે રહ્યું તો મસઅલા નં.૪૭૯ મુજબ વર્તશે.

## (૬) નાસિયહ

**મસઅલો ૪૮૮ :** નાસીયહ એટલે જે ઔરતો હૈઝની આદતની મુદ્દત અથવા ગણતરી કે પછી બંનેને ભૂલી ગઈ હોય. તેવી ઔરત અગર ખૂન જુએ જે ૩ દિવસથી ઓછુ અને દસ દિવસથી વધારે ન હોય તો બધા દિવસોનું ખૂન હૈઝનું ગણાશે.

પરંતુ અગર દસ દિવસથી વધી જાય તો તેના અમુક પ્રકારો છે.

(૧) જેની આદત ચોક્કસ સમય અથવા મુદ્દતની અથવા ચોક્કસ સમય અને મુદ્દત બંનેની આદત હતી પરંતુ તે

સંપૂર્ણ રીતે ભૂલી ગઈ છે. કાંઈપણ યાદ નથી. આ ઔરત મુબ્તદેઆના હુકમ મુજબ અમલ કરશે.

(૨) જેની આદત ચોક્કસ સમયની હતી ભલે પછી ચોક્કસ મુદ્દતની આદત હોય કે ન હોય અને ટૂંકમાં કાંઈક યાદ છે. જેમકે ફલાણો દિવસ તેની આદતમાં હતો અથવા મહિનાની શરૂઆતના પંદર દિવસમાં તેની આદત હતી તો આ ઔરત પણ મુબ્તદેઆના હુકમ મુજબ અમલ કરશે પણ તે દિવસોને હૈઝના દિવસો નથી ગણી શકતી. જે યકીનન તેની આદતની વિરૂધ્ધ હોય જેમકે તેને ખબર હોય સત્તરમી તારીખ તેના હૈઝનો દિવસ હતો અથવા આદતના દિવસો મહિનાના છેલ્લા પંદર દિવસોમાં હતા અને તે ઔરત પહેલી તારીખથી વીસમી તારીખ સુધી ખૂન જુએ તેમાં પહેલાં દસ દિવસ હૈઝની નિશાનીવાળું ખૂન હતું. બીજા દસ દિવસમાં ઈસ્તેહાઝાની નિશાનીવાળું હતું. તો પણ પહેલાં દસ દિવસો હૈઝના ગણી શકશે નહી.

(૩) જેની આદત ચોક્કસ સંખ્યાની હતી અને પોતાની આદતની સંખ્યા ભૂલી ગઈ છે આ ઔરતનો હુકમ મુબ્તદેઅહ જેવો છે, પરંતુ પોતાના યકીન વિરૂદ્ધ ઓછી કે વધારે સંખ્યાના દિવસોને હૈઝ નક્કી કરી શકતી નથી આના જેવો જ હુકમ નાકિસ આદત રાખનારી ઔરત માટેનો છે. એટલે જે ઔરત પોતાની આદતની એવી બે સંખ્યા –જે દસથી ઓછી અને ત્રણથી વધારે હોય– બાબતે અચોક્કસ હોય જેમકે દર મહિને છ દિવસ ખૂન જોતી હતી કે સાત દિવસ જો આ ઔરત દસ દિવસથી વધારે

ખૂન જોવે તો નિશાનીના આધારે કે કુટુંબીજનોની આદતના આધારે છ થી ઓછા અને સાતથી વધારે દિવસ હૈઝના ગણી શકશે નહી.

## હૈઝના જુદા જુદા મસાઈલ :

**મસઅલો ૪૮૯** : જે સ્ત્રી મુબ્તદેઅહ, મુઝતરેબા અથવા નાસીયાહ હોય અથવા તો સંખ્યાની ચોક્કસ આદતવાળી હોય, તે અગર હૈઝની નિશાનીઓ સાથે ખૂન જુએ, અથવા યકીન ધરાવતી હોય કે એ ખૂન ત્રણ દિવસ સુધી રહેશે, તો તેના માટે જરૂરી છે કે નમાઝ-ઈબાદતને તર્ક કરે, અને જો પછીથી ખબર પડે કે એ હૈઝનું ખૂન ન હતું, તો જે ઈબાદતો તર્ક થઇ ગઇ હોય તેની કઝા બજાવી લાવે.

**મસઅલો ૪૯૦** : અગર કોઈ ઔરત હૈઝની શરૂઆતના સમયની આદત અથવા તેની સંખ્યાની અથવા બંને ચોક્કસ આદત ધરાવતી હોય, અને એવું બને કે આગળ જતાં સમય કે સંખ્યા બંનેમાં એવી રીતે ફર્ક પડે કે બે માસ સુધી લાગલાગટ (સતત) સમય અને મુદ્દત બંને સરખા રહે, તો પછી હવે આદત પડી હોય એવું ગણાશે. દાખલા તરીકે અગાઉ મહિનાના પહેલા દિવસથી સાતમા દિવસ સુધી એ ખૂન જોતી હતી અને પાક થઈ જતી હતી, અને હવે બે માસ દરમિયાન દસમા દિવસથી સત્તરમા દિવસ સુધી ખૂન જોઈને પાક થઈ હોય, તો તેની હવે નવી આદત દસમીથી સત્તરમી સુધી ગણાશે.

**મસઅલો ૪૯૧** : આ મસાઈલમાં જયાં મહિનાનો

ઉલ્લેખ થાય છે, ત્યાં એનાથી મુરાદ જયારથી ખૂન દેખાવાનું શરૂ થાય ત્યારથી ત્રીસ દિવસ વીતી જાય ત્યાં સુધી છે, એનાથી મુરાદ મહિનાની તારીખો નથી, પરંતુ ચોક્કસ સમયની આદત નક્કી કરવામાં હિજરી તારીખ ધ્યાનમાં લેવી ન કે અંગ્રેજી તારીખ.

**મસઅલો ૪૯૨** : જે ઔરત સામાન્ય રીતે મહિનામાં એક જ વાર ખૂન જોતી હોય, તે અગર કોઈ મહિનામાં બે વાર ખૂન જુએ, અને અગર દરમિયાન તહારતના દિવસો દસથી ઓછા ન હોય, તો બંને ખૂનને હૈઝ કરાર દેશે. ભલે પછી કોઈ એકમાં હૈઝની નિશાની મૌજૂદ ન હોય.

**મસઅલો ૪૯૩** : તે ઔરત કે જેના માટે ખૂનની નિશાનીઓના ફેરફાર વડે હૈઝનું નક્કી કરવું જરૂરી હોય અને જો તે કોઈ ઔરતને ત્રણ અથવા તેથી વધારે દિવસો સુધી એવું ખૂન આવે જેમાં હૈઝની નિશાની હોય ત્યારબાદના દસ દિવસોથી વધારે એવું ખૂન આવે જેમાં ઈસ્તેહાઝાની નિશાનીઓ હોય અને પછી ત્રણ દિવસ હૈઝની નિશાનીવાળું ખૂન આવે તો પહેલાં અને છેલ્લે આવેલ ખૂનને હૈઝ ગણશે, પરંતુ જો બેમાંથી એક ખૂન આદતના દિવસોમાં હોય અને એ ખબર ન પડે કે વચ્ચેના દસ બધા દિવસો ઈસ્તેહાઝાના હતા કે અમુક તો આદતના દિવસોવાળા ખૂનને હૈઝ અને બાકી બધા દિવસોને ઈસ્તેહાઝા ગણવામાં આવશે.

**મસઅલો ૪૯૪** : અગર કોઈ સ્ત્રી દસ દિવસ પૂરા થાય એથી પહેલા પાક થાય, અને એ જાણતી હોય કે શરીરના

અંદરના ભાગમાં કોઈ ખૂન બાકી નથી, તો તેને ઈબાદતો બજાવી લાવવા માટે ગુસ્લ કરી લેવું જોઈએ, ભલે તેને એવું ગુમાન હોય કે દસ દિવસ પૂરા થાય તે પહેલાં ફરીવાર ખૂન દેખાશે.

પણ જો એને યકીન હોય કે દસ દિવસ પૂરા થતાં પહેલાં ફરી વાર ખૂન દેખાશે, તો પણ ઉપર જણાવ્યા મુજબ એહતિયાતની રૂએ ગુસ્લ કરી પોતાની ઈબાદતો બજાવી લાવે, અને સાથે જે બાબતો હાઈઝ સ્ત્રી ઉપર હરામ છે તેને તર્ક કરે.

**મસઅલો ૪૯૫ :** અગર કોઈ ઔરતને ખૂન દસ દિવસ પહેલાં બંધ થઈ જાય અને શક્યતા હોય કે અંદર હૈઝનું ખૂન હશે તો એહતિયાતન ઈબાદત અંજામ દેવી જોઈએ અથવા ઈસ્તિબરા કરવું જોઈએ. ઈસ્તિબરા કર્યા સિવાય ઈબાદતને તર્ક કરવું જાએઝ નથી. ઈસ્તિબરાનો અર્થ રૂ પોતાની શર્મગાહમાં રાખે, અમુક સ્ત્રીઓને એવી આદત હોય છે કે થોડાક સમય માટે ખૂન બંધ થઈ જાય માટે એટલી મુદ્દત સુધી રાહ જોવે કે ખૂન બંધ થઈ ગયુ છે, પછી જો ખૂન બંધ થઈ ગયું હોય તો ગુસ્લ કરી ઈબાદત બજાવી લાવે પણ જો ખૂન આવતું હોય કે થોડુંક પીળું પાણી આવતું હોય તો હૈઝની ચોક્કસ આદત ન હોય અથવા દસ દિવસની હોય અથવા તેની આદતના દિવસો પૂરા ન થયા હોય તો સબ્ર કરશે કે દસ દિવસ પહેલા ખૂન બંધ થઈ જાય અથવા, દસમાં દિવસના અંતે ખૂન આવતું બંધ થઈ જાય અથવા દસમાં દિવસ પછી પણ ખૂન આવતું

રહે તો દસમાં દિવસના અંતે ગુસ્લ કરશે, પણ જો તેની આદત દસ દિવસથી ઓછી હોય અને તેને ખબર હોય કે દસમાં દિવસ પહેલાં અથવા દસમાં દિવસના અંતે ખૂન બંધ થઇ જશે. તો તે ગુસ્લ નથી કરી શકતી.

**મસઅલો ૪૯૬** : અગર અમુક દિવસોમાં ખૂનને હૈઝ કરાર દૃયે અને ઈબાદત ન બજાવી લાવે, અને ત્યારબાદ યકીન થાય કે હૈઝ ન હતું, તો એ દિવસોમાં તર્ક કરેલ નમાઝ, રોઝાની કઝા બજાવી લાવવી જરૂરી છે; એવી જ રીતે જે દિવસોમાં એમ ધારીને કે હૈઝ નથી, ઈબાદતો બજાવી લાવે, અને પછીથી યકીન થાય કે હૈઝ હતું, તો એ દિવસોમાં રાખેલા રોઝાની કઝા બજાવી લાવવી પડશે.

## નિફ઼ાસ :

**મસઅલો ૪૯૭** : માના પેટથી બાળકના શરીરનો પ્રથમ ભાગ જયારે બહાર આવી જાય, ત્યારથી દસ દિવસના અંતર સુધી જે ખૂન જુએ તેને નિફ઼ાસ કહેવાય છે, એ શરત સાથે કે તેને પ્રસુતિનું ખૂન કહી શકાય અને નિફ઼ાસની હાલતવાળી સ્ત્રીને નફ઼સાઅ કહેવાય છે.

**મસઅલો ૪૯૮** : બાળકના શરીરનો પ્રથમ ભાગ બહાર આવે, એનાથી પહેલાં સ્ત્રી જે ખૂન જુએ, તે નિફ઼ાસ નથી.

**મસઅલો ૪૯૯** : એ જરૂરી નથી કે બાળક સંપૂર્ણ જન્મે, બલ્કે અગર તેમાં કોઈ ખોડ-ખાંપણ હોય, તે લોહીના ગઠ્ઠા અને ગોશ્તના ટૂકડાની હાલતમાંથી પસાર થઇ જાય પછી ગર્ભ પડી જાય તો તે બાદ જે ખૂન દસ

દિવસ સુધી દેખાય એ નિફાસ છે.

**મસઅલો ૫૦૦** : એ શક્ય છે કે નિફાસનું ખૂન એક પળથી વધુ માટે ન વહે, પરંતુ દસ દિવસથી વધારેનું ખૂન નિફાસ ગણાશે નહિ.

**મસઅલો ૫૦૧** : જ્યારે કોઈ ઔરતને શક થાય કે ગર્ભપાત થયો છે કે નહિ, અથવા જે તેના શરીરથી અવતર્યુ છે એ બાળક છે કે નહિ, ત્યારે તેની તપાસ કરવી જરૂરી નથી, અને એ સંજોગમાં જે ખૂન દેખાય તે શરીઅત મુજબ નિફાસનું ખૂન નથી.

**મસઅલો ૫૦૨** : એહતિયાતે વાજિબની રૂએ મસ્જિદમાં થોભવું, મસ્જિદે હરામ અને મસ્જિદે નબવીમાંથી પસાર થવું, વાજિબ સજદાવાળી આયતની તિલાવત, કુરઆનના અક્ષરોને અને અલ્લાહના નામોને અડવું અને બીજા તમામ કાર્યો જે હૈઝવાળી સ્ત્રી માટે હરામ છે તે નફસાઅ માટે પણ હરામ છે.

**મસઅલો ૫૦૩** : નિફાસની હાલતમાં સ્ત્રીને તલાક દેવી અને તેની સાથે સંભોગ કરવો હરામ છે, પણ અગર તેનો ધણી તેની સાથે જાતીય સમાગમ કરે, તો કફ્ફારો લાગુ નહિ પડે.

**મસઅલો ૫૦૪** : જે ઔરતને ચોક્કસ સંખ્યાની આદત ન હોય જો તેણીને દસ દિવસથી વધારે ખૂન ન આવે તો બધુજ નિફાસ છે. તેથી તે દસ દિવસ પહેલાં પાક થઈ જાય તો ગુસ્લ કરી પોતાની ઈબાદત અંજામ આપશે પછી એક અથવા એકથી વધારે વખત ખૂન આવે તો પાક

રહેવાના દિવસો અને ખૂન આવવાના દિવસો મેળવીને દસ કે તેથી ઓછા થતા હોય તો બધુજ નિફાસ ગણવામાં આવશે અને જરૂરી છે કે પાક રહેવાના દિવસોમાં એહતિયાત કરે અને જે કામો પાક ઔરત પર વાજિબ છે. તે બજાવી લાવે અને જે કામો નફસાઅ ઉપર હરામ છે. તેનાથી પરહેઝ કરે. જો આ દિવસોમાં રોઝા રાખ્યા હોય તો જરૂરી છે કઝા કરે. પછી આવેલ ખૂન દસ દિવસથી વધી જાય તો દસ દિવસની અંદર આવનારને નિફાસ તે પછી આવનારને ઈસ્તેહાઝા ગણવામાં આવશે.

**મસઅલો ૫૦૫** : જે ઔરતને સંખ્યાની આદત હોય અને પોતાની આદતથી વધારે ખૂન જોવે અને આ ખૂન દસ દિવસથી આગળ ન વધે તો એહતિયાતે વાજિબની રૂએ જરૂરી છે કે આદતની સંખ્યા પૂરી થઈ ગયા પછી જે વસ્તુઓ નફસાઅ ઉપર હરામ છે તેને છોડી દે અને જે વસ્તુઓ મુસ્તહાઝા ઉપર વાજિબ છે તેના ઉપર અમલ કરે અને એક કરતા વધારે વખત ખૂન જોવે ત્યારે વચ્ચે પાકીઝગીના દિવસો રહે તો આદતની સંખ્યાના દિવસોને નિફાસ ગણશે અને આદતની સંખ્યાથી વધારાના દિવસોમાં એહતિયાત કરશે એટલે કે નફસાઅ ઉપર જે કામ હરામ છે. તે મૂકી દેશે અને મુસ્તહાઝા ઉપર જે કામ વાજિબ છે તે અંજામ દેશે.

**મસઅલો ૫૦૬** : નિફાસના ખૂનથી પાક થયા બાદ એવું ગુમાન થાય કે કદાચ શરીરના અંદરના ભાગમાં ખૂન હશે, તો એહતિયાતન ગુસ્લ કરી લ્યે. ઈબાદતો અંજામ

આપે અથવા ઈસ્તબરા કરે, અને ઈસ્તબરા વગર ઈબાદતો તર્ક કરવી જાઈઝ નથી. અને ઈસ્તબરાની રીત મસઅલા ૪૯૫માં બયાન થઈ ગઈ છે.

**મસઅલો ૫૦૭** : અગર નિફાસ સમયે આવતું ખૂન દસ દિવસથી વધી જાય, અને જો એ સ્ત્રીની હૈઝની ચોક્કસ અને નિયુકત આદત છે, તો આદતની મુદ્દત પ્રમાણે નિફાસના દિવસો કરાર દેશે, અને બાકીના દિવસોને ઈસ્તિહાઝા ગણશે.

અને જો તેની કોઈ આદત ન હોય, તો દસ દિવસ નિફાસના અને બાકીના ઈસ્તિહાઝાના ગણશે. અને અગર જો આદત ભૂલી ગઈ હોય તો વધારેમાં વધારે જેટલા દિવસની આદત હોવાનું અનુમાન હોય એટલા દિવસને આદત ગણશે.

એહતિયાતે મુસ્તહબ છે કે ચોક્કસ આદતવાળી સ્ત્રી આદત ખતમ થયા બાદ બીજે દિવસથી, અને આદત વગરની સ્ત્રી દસમો દિવસ ખતમ થયા બાદ પ્રસૂતિથી અઢારમા દિવસ સુધી ઈસ્તિહાઝાના હુકમ પ્રમાણે અમલ કરે, અને જે કાર્યો નફસાઅ ઉપર હરામ છે તેનાથી પરહેઝ કરે.

**મસઅલો ૫૦૮** : જે સ્ત્રીની હૈઝની આદત ચોક્કસ સંખ્યાની હોય, તે અગર બાળકને જન્મ આપ્યા પછી એક માસ યા એથી વધુ મુદ્દત સુધી લાગલાગટ (સતત) ખૂન જુએ, તો તેની જેટલી આદત હોય, એટલા દિવસોના ખૂનને નિફાસ કરાર દેશે.

તે બાદ જે ખૂન દસ દિવસ સુધી જુએ, અગરચે એ તેના માસિકના દિવસોમાં આવે, તો પણ ઈસ્તિહાઝા ગણશે.

દાખલા તરીકે એક સ્ત્રીની આદત હોય કે દર મહિને વીસમીથી સત્તાવીસમી સુધી તેને હૈઝ આવે, પણ એણે બાળકને જન્મ દસમીએ આપ્યો હોય, અને ત્યારબાદ એક માસ સુધી યા એથી વિશેષ લાગલગાટ ખૂન આવતું રહે, તો નિફાસની મુદ્દત સત્તરમી સુધી ગણાશે, ત્યારબાદ સત્તરમીથી દસ દિવસ સુધી જે ખૂન આવે, તે અગરચે આદતની મુદ્દત દરમિયાન, એટલે કે વીસમીથી સત્તાવીસમી સુધીના દિવસો દરમિયાન આવે છે છતાંપણ તે ઈસ્તિહાઝા ગણાશે.

જો તે ચોક્કસ સમયની આદત રાખતી હોય તે ખૂન આદતના દિવસોમાં ન હોય, તો પોતાની આદતના દિવસોનો ઈન્તેઝાર કરશે, ભલે પછી તેમાં એક મહિનો યા એથી વિશેષ વીતી જાય, અને ભલે એ આદત સિવાયના દિવસોમાં આવતું ખૂન હૈઝની નિશાની ધરાવતું હોય.

જે ઔરત વકતીય્યાહ ન હોય, એટલે કે હૈઝના સમયની શરૂઆત બારામાં તેની કોઈ ચોક્કસ આદત ન હોય, તે પોતાના હૈઝના દિવસો તેની નિશાનીઓ ઉપરથી પારખીને નક્કી કરશે; જેની રીત મસઅલા નં.૪૭૯માં બતાવવામાં આવી છે. અને અગર તે શક્ય ન હોય, જેમકે નિફાસના દસ દિવસ બાદ જે ખૂન આવે તે એક જ પ્રકારનું

જણાય, અને મહિના બલ્કે મહિનાઓ સુધી એ જ મુજબ આવતું રહે, તો એવા સંજોગમાં મસઅલા નં.૪૭૯માં બયાન થયા મુજબ પોતાના કુટુંબની કોઈ એક સ્ત્રીની આદત મુજબ પોતાના હૈઝના દિવસો નક્કી કરશે, અને જો એ પણ ન કરી શકે તો પોતાની હાલતને અનુકૂળ જણાય, તેટલા દિવસોની સંખ્યા પોતે નક્કી કરે. આ મસઅલાને લગતા ખુલાસાઓ મસઅલા નંબર ૪૮૧માં આવી ગયા છે.

**મસઅલો ૫૦૯** : જે ઔરત ચોક્કસ સંખ્યાની આદત ધરાવતી ન હોય, એટલે કે અદદીય્યાહ ન હોય, તે અગર જન્મ આપ્યા બાદ એક માસ યા એથી વધુ મુદ્દત સુધી ખૂન જુએ, તો પહેલા દસ દિવસ નિફાસના, બીજા દસ દિવસો ઈસ્તિહાઝાના ગણશે, પણ તે પછી જે ખૂન જારી રહે, એ શક્ય છે કે હૈઝ હોય અને ઈસ્તિહાઝા પણ હોય, માટે તે હૈઝ છે કે નહિ તે નક્કી કરવા માટે ઉપરોક્ત મસઅલામાં જે હુકમ દર્શાવવામાં આવેલો છે એ મુજબ અમલ કરે.

## વાજિબ ગુસ્લ – ૨

**મસઅલો ૫૧૦** : અગર કોઈ ઈન્સાનની મૈયતને તેનું શરીર ઠંડું થઈ ગયા બાદ અને ગુસ્લ અપાયા પહેલા અડે, એટલે કે પોતાના શરીરના કોઈ પણ ભાગને મૈયતના સંપર્કમાં લઈ આવે, તો તેના માટે ગુસ્લે મસે મૈયત જરૂરી છે.

એ અડવું ચાહે ઊંઘમાં કે જાગૃતિમાં, મરજીથી થાય કે મરજી વગર, ગુસ્લ વાજિબ થઈ જશે, એટલે સુધી કે અગર તેના નખ અને હાડકાં મૈયતના નખ કે હાડકાંને અડે તો પણ ગુસ્લ કરવું જોઈએ.

અલબત્ત, મુડદા જાનવરને અડવાથી ગુસ્લ વાજિબ થતું નથી.

**મસઅલો ૫૧૧** : અગર કોઈ એવી મૈયતને અડે કે જે પૂરી રીતે ઠંડી ન થઈ ચૂકી હોય, તો ગુસ્લ વાજિબ નહિ થાય, ભલે પછી જે ભાગને અડે એ ભાગ ઠંડો થઈ ગયો હોય.

**મસઅલો ૫૧૨** : અગર કોઈ શખ્સ મૈયતને પોતાના વાળ અડાડે, અથવા પોતાના શરીરને મૈયતના વાળના સંપર્કમાં લઈ આવે, અથવા પોતાના વાળથી મૈયતના વાળને અડે, તો ગુસ્લ વાજિબ નથી.

**મસઅલો ૫૧૩** : જો કસુવાવડ થયેલ બચ્ચું મુર્દા જન્મે તો એની મા ઉપર એહતિયાતે વાજિબની રૂએ ગુસ્લે મસે મૈયત વાજિબ થશે.

જે બાળક માના ગુજરી જવા બાદ જન્મે, તો જયારે બાલિગ થાય ત્યારે એહતિયાતે વાજિબ છે કે ગુસ્લે મસે મૈયત બજાવી લાવે.

**મસઅલો ૫૧૪** : જે મૈયતને ત્રણ ગુસ્લો પૂરી રીતે અપાઈ ગયા હોય, તેને અડવાથી ગુસ્લે મસે મૈયત વાજિબ નહિ થાય, પણ ત્રીજું ગુસ્લ પુરૂ થવા પહેલાં જો એ મૈયતના શરીરના કોઈપણ ભાગને અડશે તો ગુસ્લે મસે મૈયત

વાજિબ થશે, ભલે જે ભાગને એ અડે એ ભાગ ધોવાઈ ચૂક્યો હોય.

**મસઅલો ૫૧૫** : અગર કોઈ દીવાનો અથવા નાબાલિગ બાળક મૈયતને અડે, તો એ દીવાનો જયારે સાજો થાય અને એ નાબાલિગ જયારે બાલિગ થાય, ત્યારે ગુસ્લે મસે મૈયત બજાવી લાવશે. પરંતુ જો મુમ્યઝ (એ બાળક કે જેને સારા અને ખરાબની સમજ પડતી) હોય તો તેનું ગુસ્લ સહીહ છે.

**મસઅલો ૫૧૬** : જો કોઈ જીવતાના શરીરમાંથી અથવા ગુસ્લ આપ્યા પહેલા મુર્દાના શરીરમાંથી છુટ્ટા પડી ગયેલ ભાગને અડે, તો તેને અડવાથી ગુસ્લે મસે મૈયત કરવું લાઝિમ નથી, ભલે પછી એ ભાગમાં હાડકું પણ હોય. પણ જો મૈયત ટૂકડે ટૂકડા થઈ ગયું હોય અને કોઈ તેના બધા ભાગોને અથવા વધારે પડતા ભાગોને અડે તો ગુસ્લ વાજિબ થશે.

**મસઅલો ૫૧૭** : જે હાડકું કોઈ મુડદાથી યા જીવતાથી અલગ પડી ગયું હોય, અને એ હાડકાને ગુસ્લ અપાયું ન હોય, તો પણ એને અડવાથી ગુસ્લે મસે મૈયત વાજિબ થતુ નથી, એજ હુકમ દાંતનો છે, ચાહે તે જીવતા શખ્સથી અથવા મુર્દા શખ્સથી છુટ્ટો પડ્યો હોય.

**મસઅલો ૫૧૮** : ગુસ્લે મસે મૈયતને ગુસ્લે જનાબતની જેમ કરવુ જોઈએ, તેના પછી વઝુની જરૂરત નથી.

**મસઅલો ૫૧૯** : અગર કોઈ શખ્સ અનેક મૈયતોને અડે અથવા એક મૈયતને અનેક વાર અડે, તો એ સર્વ માટે એક

જ ગુસ્લ કાફી છે.

**મસઅલો પ૨૦** : જે શખ્સે મૈયતને અડયા બાદ હજી ગુસ્લ ન કર્યુ હોય, તેના માટે મસ્જિદમાં થોભવું, સ્ત્રી-સંભોગ યા વાજિબ સિજદાવાળી આયતોની તિલાવત કરવામાં કોઈ વાંધો નથી, પણ નમાઝ વગેરે માટે જરૂરી છે કે ગુસ્લ કરે.

## સકરાત (અંતકાળ)ની હાલતને લગતા એહકામ

**મસઅલો પ૨૧** : અહવત છે કે શક્ય સંજોગમાં, અંતકાળ સમયે મુસલમાન મરદ અને ઔરતને, ચાહે એ પુખ્ત વયનો હોય અથવા બાળક હોય, તેને પીઠ ઉપર ચત્તો સુવડાવવામાં આવે, એવી રીતે કે તેના પગોનાં તળિયાં કિબ્લા તરફ રહે.

**મસઅલો પ૨૨** : બેહતર છે કે જયાં સુધી ગુસ્લે મૈયત ન અપાઈ ગયું હોય, ત્યાં સુધી મૈયતને કિબ્લા તરફ સુવડાવવામાં આવે, પણ ગુસ્લ અપાઈ ગયા બાદ નમાઝે મૈયત વખતે જે રીતે સુવડાવવામાં આવે છે, એ રીતે મૈયતને સુવડાવવું બેહતર છે.

**મસઅલો પ૨૩** : અંતકાળ સમયે મરનારને કિબ્લા તરફ સુવડાવવું અહવતની રૂએ દરેક મુસલમાન ઉપર વાજિબ છે; અને જો મરનાર પોતે રાજી હોય અને તે બાલિગ તથા સમજદાર હોય, તો એ કાર્ય માટે તેના વલીની રજામંદી મેળવવી લાઝિમ નથી, પણ એ

સિવાયના સંજોગમાં વાલીની રજામંદી એહતિયાતે લાઝિમની રૂએ જરૂરી રહેશે.

**મસઅલો પર૪** : મુસ્તહબ છે કે અંતકાળ સમયે મરનારને શહાદતૈન, બાર ઈમામો (અ.સ.)ની ઈમામતનો ઈકરાર અને તમામ હક મઝહબના અકીદાની યાદી અને તલકીન એવી રીતે આપે કે તેને સમજાય, અને મુસ્તહબ છે કે તલકીન ઈન્સાન મરણ પામે ત્યાં સુધી દોહરાવવામાં આવે.

**મસઅલો પર૫** : અંતકાળ સમયે મરનારને નીચે મુજબની દુઆ એ સમજી શકે એ રીતે તલકીન કરવી મુસ્તહબ છે:

**અલ્લાહુમ્મ મગ્ફિર લેયલ કસીર મિમ મઆસીક વક્બલ મિન્નીલ યસીર મિન તાઅતેક યા મંય યક્બલુલ યસીર વ યઅ્ફુ અનિલ કસીરે ઈક્બલ મિન્નીલ યસીર વઅ્ફો અન્નીલ કસીર ઈન્નક અન્તલ અફુવ્વુલ ગફુરો અલ્લાહુમ્મ મરહમ્નની ફ ઈન્નક રહીમ.**

**મસઅલો પર૬** : જે મરનારને અંતકાળ સમયે જીવ નીકળવામાં સખ્તી થતી હોય, અને જો કોઈ અગવડ કે ત્રાસનો ભય ન હોય, તો જયાં હંમેશાં નમાઝ પડતો હોય એ જગ્યાએ સુવડાવવો મુસ્તહબ છે.

**મસઅલો પર૭** : મુસ્તહબ છે કે મરનારની તસ્કીન અને તેની રાહત માટે તેની પાસે સૂરએ યાસીન, સૂરએ

સાફ્ફાત, સૂરએ અહઝાબ, આયતુલ કુરસી, સૂરએ અઅરાફની ૫૪મી આયત અને સૂરએ બકરહની છેલ્લી ત્રણ આયતો તિલાવત કરવી; બલ્કે કુરઆને મજીદમાંથી જેટલું પઢી શકાય તેટલું પડતા રહેવું.

**મસઅલો ૫૨૮** : નીચે જણાવેલ બાબતો અંતકાળ સમયે મકરૂહ છે :

(અ) મરનારને એકલા મૂકી દેવું.

(બ) તેના પેટ ઉપર કોઈ ભારે વસ્તુ મૂકવી.

(જ) જનાબત કે હૈઝની હાલતમાં તેની પાસે રહેવું.

(દ) તેની પાસે વધુ વાતો કરવી.

(હ) તેની પાસે રહીને રડવું.

(ત) મરનાર પાસે સ્ત્રીઓને એકલા મૂકી દેવું.

## મરણ પછીના એહકામ

**મસઅલો ૫૨૯** : મરણ બાદ અમુક બાબતો મુસ્તહબ છે :

(૧) મૈયતની આંખો, હોઠ અને હડપચીને બંધ કરે, (૨) હાથ પગને સીધા કરે.

(૩) તેના પર કપડું ઢાંકે, (૪) અગર રાત્રે મરી જાય તો રોશની કરવી.

(૫) જનાઝામાં શિરકત માટે મોઅમીનોને ખબર કરવી.

(૫) દફન માટે ઉતાવળ કરવી; પરંતુ જો જીવ નીકળી ગયા પર યકીન ન હોય, તો સબ્ર કરવી જેથી યકીન હાંસિલ થાય.

ઉપરાંત અગર મૈયત હામેલા હોય અને પેટમાં બચ્ચું જીવતું હોય, તો દફનમાં એટલી ઢીલ કરવી જોઈએ કે જેથી

પડખું ચીરી બચ્ચાને બહાર લાવી શકાય, અને ત્યારબાદ પડખાને સીવી લેવામાં આવે.

## ગુસ્લ, કફન, નમાઝે મૈયત અને દફનના એહકામ

**મસઅલો ૫૩૦** : મુસલમાન મૈયતના વલી ઉપર વાજિબ છે કે તેને ગુસ્લ, હુનૂત, કફન, આપે, તેની નમાઝે મૈયત પઢી દફન કરે, અગરચે મરનાર શીઆ ઈસ્નાઅશરી ન હોય, વલી માટે જરૂરી છે કે કાર્યો પોતે અંજામ આપે યા કોઈને ફરજો બજાવવા માટે નિમે, અગર કોઈ શખ્સ એ ફરજોને વલીની રજાથી બજાવી લાવે, તો વલી જવાબદારીથી મુક્ત થઈ જશે, બલ્કે દફન વગેરે જેવાં કાર્યો વલીની રજા વગર અંજામ આપે, તો પણ વલીની ફરજ અદા થઈ ગયેલી ગણાશે, અને તેને ફરી વાર અંજામ આપવાની જરૂરત નથી.

અને જો મૈયતનો કોઈ વલી ન હોય અથવા વલી એ ફરજોની અદાયગી માટે મનાઈ કરતો હોય તો બાકીના મોઅમીનો ઉપર વાજિબે કિફાઈ છે કે તે ફરજો પૂરી કરે, અગર અમુક મોઅમીનો એ ફરજોની અદાયગી કરે, તો બાકીના મોઅમીનો ઝિમ્મેદારીથી મુક્ત ગણાશે; અને જો કોઈ પણ એ ફરજો ન બજાવી લાવે તો બધા ગુનેહગાર થશે. વલી અગર એ ફરજોને અંજામ આપવાની મનાઈ કરતો હોય, તો તેની રજાની કોઈ જરૂરત રહેશે નહિ.

**મસઅલો ૫૩૧** : અગર કોઈ શખ્સ મૈયતને લગતી ફરજો અંજામ આપી રહ્યો હોય, તો બીજાઓ ઉપર વાજિબ નથી કે તે માટે વ્યવસ્થા કરે, પણ અગર એ

શખ્સ કામ અધૂરૂ મૂકી દ્યે, તો બીજાઓ માટે જરૂરી થશે કે એ કામ પૂરૂ કરે.

**મસઅલો ૫૩૨** : અગર કોઈને યકીન હોય કે મૈયત માટેની ફરજો કોઈ અદા કરી રહ્યો છે, તો તેના માટે કોઈ પગલુ ભરવું વાજિબ નથી, પણ અગર તેને એ બારામાં શક કે ગુમાન હોય, તો પગલુ ભરવું વાજિબ છે.

**મસઅલો ૫૩૩** : અગર કોઈને જાણ થાય કે ગુસ્લ અથવા કફન અથવા નમાઝ કે દફન બાતિલ રીતે અંજામ દેવામાં આવ્યું છે, તો તેની ફરજ છે કે બીજી વાર અંજામ આપે, પણ અગર ફક્ત ગુમાન હોય કે બાતિલ રીતે અંજામ દેવામાં આવ્યું હશે, અથવા શક કરે કે સહીહ રીતે દેવામાં આવ્યું છે કે નહિ, તો તે માટે કોઈ પગલુ ભરવું લાઝિમ નથી.

**મસઅલો ૫૩૪** : મૈયત અગર સ્ત્રી હોય તો તેનો શૌહર તેનો વલી છે; અને એ સિવાયના સંજોગમાં વારસાના તબક્કાઓ મુજબ ક્રમસર અગ્રતા આપવામાં આવશે, દરેક તબક્કાઓમાં પુરૂષોને સ્ત્રી ઉપર અગ્રતા આપવામાં આવશે.

૧- મૈયતના બાપની મૈયતના દિકરા ઉપર

૨- મૈયતના દાદાની મૈયતના ભાઈ ઉપર

૩- મૈયતના સગાભાઈની ફક્ત મા તરફના ભાઈ અથવા ફક્ત બાપ તરફથી થતા ભાઈ ઉપર

૪- મૈયતના બાપ તરફથી થતા ભાઈની માં તરફથી થતા ભાઈ ઉપર

૫- મૈયતના કાકાની મામા ઊપર અગ્રતા બાબતે ઈશકાલ

છે, પરંતુ દરેક સંજોગોમાં એહતિયાતનો જે તકાજો હોય તે મુજબ અમલ કરવો જોઈએ. અગર એક કરતા વધારે વલી હોય તો કોઈપણ એકની ઈજાઝત કાફી છે.

**મસઅલો પ૩પ** : નાબાલિગ કે દીવાનો શખ્સ મૈયતને લગતી ફરજો અદા કરવા બારામાં વલી નહિ થાય. એવી જ રીતે એક ગેરહાજર શખ્સ કે જે ન તો પોતે એ ફરજો અંજામ આપી શકે, અને ન કોઈ બીજાની નિમણૂંક કરવા સમર્થ હોય છે તે પણ વલી બની શકતો નથી.

**મસઅલો પ૩૬** : અગર કોઈ શખ્સ કહે કે એ મૈયતનો વલી છે અથવા જણાવે કે મરનારે તેને ગુસ્લ, કફન, દફનની ક્રિયાઓ અંજામ આપવાની રજા આપી હતી, અથવા દાવો કરે કે મૈયતને લગતી એ ક્રિયાઓ માટે તેને વસી બનાવ્યો છે, તો અગર એની વાત ભરોસાપાત્ર હોય, અથવા મૈયત તેના જ કબ્જામાં હોય, અથવા બે આદિલો તેને ટેકો આપતી સાક્ષી આપે, તો એ સ્વીકારી લેવું જોઈએ.

**મસઅલો પ૩૭** : અગર મરનાર પોતાના વલી સિવાય કોઈ બીજાને પોતાના ગુસ્લ, કફન, દફન, નમાઝની ફરજો અદા કરવા નિમે, તો પછી વિલાયત એ નિમાયેલા શખ્સની ગણાશે.

જે શખ્સ માટે મરનારે વસિયત કરી હોય કે એ જાતે સર્વ કાર્યોને અંજામ આપે, તો તેના માટે લાઝિમ નથી કે એ વસિયત માન્ય રાખે, પરંતુ જો માન્ય રાખે, તો તે મુજબ અમલ કરવું જરૂરી છે.

## ગુસ્લે મૈયતની રીત

**મસઅલો પ૩૮** : મૈયતને ત્રણ ગુસ્લ આપવા વાજિબ

છે :

(૧) એવા પાણીથી જેમાં સીદ્ર એટલે બોરડીનાં પાંદડાં ભેળવવામાં આવ્યા હોય.

(૨) એવા પાણીથી કે જેમાં કાફુર એટલે કપૂર ભેળવવામાં આવ્યું હોય.

(૩) ખાલિસ પાણીથી, એટલે કે ભેળ સેળ વિનાનું ચોખ્ખું પાણી.

**મસઅલો ૫૩૯** : બોરડીના પાન કે કપૂરનું પ્રમાણ એટલું વધારે ન હોવું જોઈએ કે પાણી મુઝાફ થઇ જાય, અને ન તો એટલું ઓછું હોવું જોઈએ કે બોરડીના પાન કે કપૂર ભેળવેલ છે તેમ ન કહી શકાય.

**મસઅલો ૫૪૦** : અગર બોરડીના પાન કે કપૂર પૂરતાં પ્રમાણમાં ન મળે, તો બિના બર એહતિયાતે મુસ્તહબની રૂએ જેટલા પ્રમાણમાં મળે તેટલું ઉપયોગમાં લેવું જોઈએ.

**મસઅલો ૫૪૧** : અગર કોઈ શખ્સ એહરામની હાલતમાં મૃત્યુ પામે, તો તેને કપૂર મિશ્રિત પાણીથી ગુસ્લ ન આપવું જોઈએ, અને તેની જગ્યાએ ચોખ્ખા પાણીથી ગુસ્લ આપવું જોઈએ.

પણ અગર એ એહરામ હજે તમત્તોઅનો હોય, અને એ શખ્સ તવાફ, નમાઝે તવાફ અને સઈ પૂરી રીત બજાવી લાવી ચૂકયો હોય, અથવા હજજે કિરાન કે ઈફરાદના એહરામમાં માથું મૂંડાવી ચૂકયો હોય, તો એ બંને સંજોગોમાં કપૂર મિશ્રિત પાણીથી ગુસ્લ દેવું જોઈએ.

**મસઅલો ૫૪૨** : અગર બોરડીના પાન અને કપૂર, અથવા બેમાંથી એક ઉપલબ્ધ ન હોય, અથવા તેનો

ઉપયોગ જાઈઝ ન હોય, જેમકે ગસ્બી હોય, તો એહતિયાતની રૂએ જે પ્રાપ્ત ન હોય તેને બદલે મૈયતને ચોખ્ખા પાણીથી ગુસ્લ અપાશે, અને સાથે એક તયમ્મુમ પણ આપવું પડશે.

**મસઅલો ૫૪૩** : મૈયતને ગુસ્લ આપનાર માટે જરૂરી છે કે અકલમંદ હોય, બાલિગ હોય અને એહતિયાતે વાજિબની રૂએ શિયા ઈસ્નાઅશરી હોય. ઉપરાંત એ ગુસ્લ સંબંધિત જાણકારી રાખતો હોય.

દેખીતી રીતે અગર એક સમજદાર નાબાલિગ કે જે સહીહ રીતે ગુસ્લ આપી શકતો હોય, તે મૈયતને ગુસ્લ આપે તો એ કાફી ગણાશે.

અગર ગૈર શિયા ઈસ્નાઅશરી મૈયતને તેના હમ મઝહબ લોકો પોતાના મઝહબ મુજબ ગુસ્લ આપી દ્યે, તો શિયા ઈસ્નાઅશરી મોઅમીન પોતાની ફરજથી મુક્ત થયો ગણાશે, પણ અગર એ શિયા ઈસ્નાઅશરી મૈયતનો વલી હોય, તો તેની જવાબદારી બાકી રહેશે.

**મસઅલો ૫૪૪** : મૈયતને ગુસ્લ આપનાર માટે જરૂરી છે કે કુરબતનની નિય્યત કરે, એટલે કે ગુસ્લને ખુદાવંદે આલમના હુકમ બજાવી લાવવા માટે અંજામ આપે.

**મસઅલો ૫૪૫** : મુસલમાન બચ્ચું, જો ઝિનાથી જનમ્યુ હોય તો પણ મરે ત્યારે તેને ગુસ્લ આપવું વાજિબ છે. કાફિરને અથવા કાફિરની ઔલાદને ગુસ્લ, દફન આપવું વાજિબ નથી. અગર કાફિરનું બચ્ચું સમજદાર હોય અને ઈસ્લામનો ઈઝહાર કરે તો તે મુસલમાન ગણાશે.

અને જે શખ્સ બચપણથી દીવાનો રહ્યો હોય, અને એ જ હાલતમાં બાલિગ થઈ ગુજરી ગયો હોય, અગર તેના માં યા બાપ મુસલમાન હોય, તો તેને પણ ગુસ્લ આપવું વાજિબ છે.

**મસઅલો ૫૪૬** : ગર્ભપાતના સંજોગમાં અગર ગર્ભની ઉંમર ચાર માસ અથવા એથી વધુ હોય, તો તેને ગુસ્લ આપવું જોઈએ, બલ્કે અગર ગર્ભની ઉંમર ચાર માસની ન હોય, પણ તેની મુખાકૃતિ અને અંગ મોજૂદ હોય, તો એહતિયાતે વાજિબની રૂએ તેને પણ ગુસ્લ દેવું જોઈએ, આ બે સંજોગ સિવાય એહતિયાત એ છે કે ગર્ભને કપડામાં લપેટી ગુસ્લ વગર દફન કરી દેવામાં આવે.

**મસઅલો ૫૪૭** : પુરૂષ માટે સ્ત્રીને ગુસ્લ આપવું જાઈઝ નથી, એવી જ રીતે સ્ત્રી પણ પુરૂષને ગુસ્લ આપી શકે નહિ, પરંતુ પત્ની પતિને ગુસ્લ આપી શકશે અને પતિ પણ પત્નીને ગુસ્લ આપી શકશે.

**મસઅલો ૫૪૮** : અગર કોઈ નાસમજ નાની બાળાની મૈયત હોય તો તેને પુરૂષ ગુસ્લ આપી શકે છે, એવીજ રીતે નાસમજ નાના બાળકને સ્ત્રી ગુસ્લ આપી શકે છે.

**મસઅલો ૫૪૯** : અગર એક મરદની મૈયતને ગુસ્લ આપવા માટે કોઈ મરદ મોજૂદ ન હોય, તો એહતિયાતે વાજિબની રૂએ જે ઔરતો તેના સંબંધી હોવાને કારણે મેહરમ હોય, જેમકે મા, બહેન, ફુઈ, માસી અથવા જે દૂધને કારણે અથવા નિકાહથી મેહરમ હોય, એ ઔરત તેને ગુસ્લ આપી શકશે.

એવી જ રીતે અગર સ્ત્રીને ગુસ્લ આપવા માટે સ્ત્રીઓ મોજૂદ ન હોય, તો તેના મેહરમ સગા પુરૂષો, અથવા દૂધ કે નિકાહના કારણે મેહરમ થતો પુરૂષ તેને ગુસ્લ આપી શકશે.

બંને સંજોગમાં શરમગાહ સિવાય શરીરના બાકીના ભાગને કપડા નીચે ગુસ્લ આપવું લાઝિમ નથી, જોકે એમ કરવું બહેતર છે.

**મસઅલો ૫૫૦** : અગર મૈયત અને ગુસ્લ આપનાર બંને પુરૂષ હોય, અથવા બંને સ્ત્રી હોય, તો શરમગાહ સિવાય બાકીના શરીરને ખુલ્લું મૂકવું જાઈઝ છે, પણ બેહતર છે કે ગુસ્લ કપડાની નીચેથી આપવામાં આવે.

**મસઅલો ૫૫૧** : પતિ પત્ની સિવાય મૈયતની શરમગાહ તરફ નજર કરવી હરામ છે, અને ગુસ્લ આપનાર એ તરફ નજર કરે તો ગુનેહગાર છે, પણ એનાથી ગુસ્લ બાતિલ નહિ થાય.

**મસઅલો ૫૫૨** : અગર મૈયતના શરીરના કોઈ ભાગ ઉપર નજીસુલ અયન હોય, તો તે ભાગને ગુસ્લ આપ્યા પહેલાં એ નજાસતનું દૂર કરવી જરૂરી છે, બલ્કે બેહતર એ છે કે ગુસ્લ શરૂ કર્યા પહેલાં મૈયતના આખા શરીરને તમામ નજાસતોથી પાક કરી લેવામાં આવે.

**મસઅલો ૫૫૩** : ગુસ્લે મૈયતની રીત ગુસ્લે જનાબતની જેમ છે, ને એહતિયાતે વાજિબની રૂએ જયાં સુધી મૈયતને તરતીબી રીતે ગુસ્લ આપવું શક્ય હોય, ત્યાં સુધી ઈરતેમાસી રીતે ગુસ્લ આપવામાં ન આવે.

અને તરતીબી રીતે ગુસ્લ આપતી વખતે લાઝિમ છે કે શરીરના જમણા ભાગને ડાબા ભાગથી પહેલાં ધોવામાં આવે.

**મસઅલો ૫૫૪** : અગર કોઈ શખ્સ જનાબત કે હૈઝની હાલતમાં જાય, તો તેને ગુસ્લે હૈઝ કે ગુસ્લે જનાબત આપવું લાઝિમ નથી, બલ્કે એ જ ગુસ્લે મૈયત તેના માટે કાફી છે.

**મસઅલો ૫૫૫** : મૈયતને ગુસ્લ આપવા માટે મહેનતાણું લેવું એહતિયાતે વાજિબની રૂએ હરામ છે, અને અગર કોઈ શખ્સ કમાવવા માટે ગુસ્લ આપે, અને તેમાં કુરબતનની નિય્યત બાકી ન રહેવા પામે, તો ગુસ્લ બાતિલ છે, પરંતુ અગર કોઈ શખ્સ ગુસ્લથી પહેલાંની પૂર્વ તૈયારીઓ વગેરે માટે મહેનતાણું લ્યે તો એ હરામ નથી.

**મસઅલો ૫૫૬** : ગુસ્લે મૈયતમાં જબીરા ગુસ્લનો હુકમ લાગું પડતો નથી, માટે જો પાણી મોજૂદ ન હોય અથવા પાણીનો ઉપયોગ કરી શકાતો ન હોય, તો ગુસ્લને બદલે મૈયતને એક તયમ્મુમ દેવું જોઈએ. એહતિયાતે મુસ્તહબ છે કે મૈયતને ત્રણ તયમ્મુમ દેવામાં આવે.

**મસઅલો ૫૫૭** : મૈયતને તયમ્મુમ આપનાર પોતે પોતાની હથેળીઓ જમીન ઉપર મારી મૈયતના ચહેરા અને હાથના કાંડા સુધી ફેરવે, પણ જો શક્ય હોય તો એહતિયાતે મુસ્તહબ છે કે ખુદ મૈયતના હાથો વડે પણ તેને તયમ્મુમ આપે.

# કફનના એહકામ

**મસઅલો ૫૫૮** : મુસલમાન મૈયતને ત્રણ કપડામાં કફન દેવું જોઈએ : એક લુંગી, બીજું પહેરણ, ત્રીજું ચાદર.

**મસઅલો ૫૫૯** : લુંગી એહતિયાતે વાજિબની રૂએ એટલી હોવી જોઈએ કે દૂંટીથી લઈને ગોઠણ સુધી શરીરને સંપૂર્ણ ઢાંકે; અને બેહતર એ છે કે છાતીથી લઈને પગ સુધી પહોંચે.

પહેરણ કે ખમીસ માટે એહતિયાતે વાજિબ છે કે ખભાથી લઈને પગની પીંડલીના અડધા હિસ્સા સુધી આખા શરીરને ઢાંકે; બેહતર છે કે પગના (પંજાના) ઉપલા ભાગ સુધી પહોંચે.

ચાદર એટલી હોવી જોઈએ કે આખા શરીરને લપેટીને ઢાંકે, અને એહતિયાતે વાજિબ છે કે તેની લંબાઈ એટલી રાખવામાં આવે કે તેના બંને છેડાઓ પર ગાંઠ બાંધી શકાય, અને પહોળાઈ એટલી હોય કે ચાદરની એક બાજુને બીજી બાજુથી થોડીક ઢાંકી શકાય.

**મસઅલો ૫૬૦** : ઉપરોકત મસઅલામાં જણાવ્યા મુજબ જેટલો હિસ્સો વાજિબ છે, તે મૈયતના અસલ માલમાંથી લેવાશે બલ્કે મુસ્તહબ હિસ્સો કે જે પ્રચલિત હોય અથવા મૈયતની હેસિયત મુજબ હોય, એ પણ અસલ માલમાંથી લઈ શકાશે, જો કે એહતિયાતે મુસ્તહબ છે કે વાજિબ કફનથી વધુ નાબાલિગ વારસદારના હિસ્સામાંથી ન લેવામાં આવે.

**મસઅલો ૫૬૧** : અગર કોઈ શખ્સે વસિયત કરી હોય કે ઉપરોકત મસાઈલમાં વર્ણવવામાં આવેલ મુસ્તહબ

કફનનો ભાગ તેની ત્રીજા ભાગની મિલકતમાંથી લેવાય, અથવા એમ વસિયત કરી હોય કે એ મિલકત તેના પોતાના માટે ઉપયોગમાં લેવાય, પણ એ ઉપયોગ નક્કી ન કરે, અથવા તેમાંથી ફકત અમુક ભાગ ખાસ કામ માટે નક્કી કરેલ હોય, તો એવા સંજોગોમાં તેની ત્રીજા ભાગની મિલ્કતમાંથી એ મુસ્તહબ કફન લઈ શકાશે, ભલે પછી તે મુસ્તહબ ચીજો એવી હોય કે જે સામાન્ય રીતે પ્રચલિત ન હોય.

**મસઅલો ૫૬૨** : અગર મરનારે વસિયત ન કરી હોય કે કફનનો ખર્ચ તેની ત્રીજા ભાગની મિલકતમાંથી લેવાય, અને જો એના અસલ માલમાંથી લેવું પડે તો તે મસઅલા નં. ૫૬૦ માં જેટલું જણાવવામાં આવ્યુ છે તેથી વિશેષ ન લેવું જોઈએ; એટલે કે મુસ્તહબ હિસ્સાઓ કે જે પ્રચલિત ન હોય અથવા મરનારની હેસિયતનો એ માટે કોઈ તકાજો ન હોય તો તે અસલ માલમાંથી નહિ લઈ શકાય.

એવી જ રીતે પ્રચલિત કિંમત કરતાં જો વધુ કિંમત કફન માટે ખર્ચવામાં આવે, તો જે વધારે રકમ ખર્ચાઈ હોય તે અસલ માલમાંથી નહિ લઈ શકાય. અલબત્ત, અગર બાલિગ વારસદારો પોત પોતાના ભાગમાંથી લેવાની રજા આપે, તો તેમના ભાગોના હિસાબે લઈ શકાશે.

**મસઅલો ૫૬૩** : પત્નીના કફનની જિમ્મેદારી પતિ ઉપર છે, ભલે પત્ની પોતાની મિલકત ધરાવતી હોય. એવી જ રીતે અગર કોઈ પોતાની પત્નીને તલાકે રજઈ

આપે, અને જો એ પત્ની ઈદ્દો પૂરો કર્યા પહેલા ગુજરી જાય, તો પતિએ તેનું કફન દેવું જોઈએ અને જો પતિ બાલિગ ન હોય અથવા દીવાનો હોય, તો તેના વલીએ તેના માલમાંથી પત્ની માટે કફન આપવું જોઈએ.

**મસઅલો ૫૬૪** : મૈયતનું કફન તેના સગાં-વહાલાંઓ ઉપર વાજિબ નથી, ભલે એવા સગાં હોય કે જેમના ઉપર જિંદગીમાં તેનું ભરણપોષણ વાજિબ હતું.

**મસઅલો ૫૬૫** : અગર મૈયત પાસે કફનનો ઈન્તેઝામ કરવા માટે કોઈ માલ ન હોય તો કફન વગર દફન કરવું જાઈઝ નથી. એહતિયાતની રૂએ મુસલમાનો ઉપર કફન આપવું વાજિબ છે. આ ખર્ચો ઝકાતમાં ગણવો જાઈઝ છે.

**મસઅલો ૫૬૬** : એહતિયાતે વાજિબ છે કે મૈયતને કફન આપવાના ત્રણેય કપડાં એટલા બારીક ન હોય કે તેની નીચે મૈયતનું શરીર દેખાય, પણ જો એમ હોય કે ત્રણેય કપડાનું કફન આપ્યા બાદ તેનું શરીર ન દેખાય તો કાફી ગણાશે.

**મસઅલો ૫૬૭** : ગસ્બી વસ્તુથી મૈયતને કફન આપવું જાઈઝ નથી, ભલે તે સિવાય કોઈ બીજી વસ્તુ મોજૂદ ન હોય; જો કોઈ ગસ્બી કફન આપી દ્યે અને તેનો માલિક રાજી ન હોય, તો એ કફનને મૈયત દફન થઈ ગયા બાદ પણ ઉતારી લેવું વાજિબ છે, અલબત, અમુક સંજોગો અપવાદરૂપ છે, જેનો ખુલાસો અહીં અસ્થાને છે.

**મસઅલો ૫૬૮** : મૈયતને નજીસ વસ્તુથી કે ખાલિસ

રેશમથી કફન આપવું જાઈઝ નથી, એવી રીતે એહતિયાતે વાજિબની રૂએ જે કપડું સોનાના તારોથી વણવવામાં આવ્યું હોય તે કપડાથી પણ કફન જાઈઝ નથી, પણ લાચારીના સંજોગમાં વાંધો નથી.

**મસઅલો ૫૬૯** : નજીસ મુડદારની ચામડીથી ઈખ્તીયારની હાલતમાં કફન આપવું જાઈઝ નથી, બલ્કે એહતિયાતે વાજિબ એ છે કે ઈખ્તીયારની હાલતમાં પાક મુડદારની ચામડી અથવા એવું કપડું કે જે હરામ ગોશ્ત જાનવરના ઊન કે વાળથી તૈયાર કરવામાં આવ્યું હોય, કફન માટે ઉપયોગમાં લેવું જાઈઝ નથી; પણ અગર હલાલ ગોશ્ત જાનવરના વાળ અને ઊનથી બનેલ કફન અપાય તો ઈશ્કાલ નથી, પણ એહતિયાતે મુસ્તહબ છે કે એ બે વસ્તુનો પણ ઉપયોગ ન કરે.

**મસઅલો ૫૭૦** : અગર મૈયતનું કફન પોતાની યા બહારની નજાસતથી નજીસ થાય, તો અગર કફન ખરાબ ન થાય તેમ હોય તો નજીસ થયેલા ભાગને ધોઈ નાખવો જોઈએ, અથવા એટલા ભાગને કાપી નાખવો જોઈએ, ભલે પછી મૈયતને કબરમાં ઉતારી લીધા બાદ એ નજાસત દેખાય, અને જો ધોઈ નાખવું કે કાપી લેવું શક્ય ન હોય અને કફનને બદલવું શક્ય હોય તો બદલવું જરૂરી છે.

**મસઅલો ૫૭૧** : અગર કોઈ હજ યા ઉમરાના એહરામમાં હોય, અને એ હાલતમાં મરણ પામે તો તેને સામાન્ય સંજોગમાં બીજાઓને જે રીતે કફન અપાય છે એ જ રીતે કફન અપાશે, અને તેના માથાને કે ચહેરાને

ઢાંકવામાં કોઈ વાંધો નથી.

**મસઅલો ૫૭૨** : મુસ્તહબ છે કે ઈન્સાન પોતાની હયાતીના તંદુરસ્તીના દિવસોમાં પોતાનું કફન, બોરડીના પાન અને કપૂર તૈયાર રાખે.

## હુનૂતના એહકામ

**મસઅલો ૫૭૩** : ગુસ્લ આપ્યા પછી મૈયતને હુનૂત આપવું વાજિબ છે, એટલે કે કપાળ, હથેળીઓ, ગોઠણો અને પગના અંગૂઠાઓનાં ટેરવાં ઉપર કપૂર મૂકવામાં આવે, અને તે એવી રીતે કે એ અવયવો ઉપર કપૂર બાકી રહે, ભલે પછી તે માલીશ કર્યા વગર જ હોય અને નાક ઉપર કપૂર મૂકવું મુસ્તહબ છે.

કપૂર માટે જરૂરી છે કે એનો ભૂકો કરવામાં આવે, અને તાજું પાક અને મુબાહ હોય, જૂનું કપૂર જેમાં તેની ખુશ્બૂ જતી રહી હોય, એ કાફી નહિ ગણાય.

**મસઅલો ૫૭૪** : પેશાની ઉપર એહતિયાતે મુસ્તહબની રૂએ પહેલાં કપૂર લગાડે, અને એ પછી બાકીના અવયવો માટે તરતીબ જરૂરી નથી. એટલે કે તે માટે કોઈ ક્રમ નથી.

**મસઅલો ૫૭૫** : બેહતર એ છે કે મૈયતને કફન આપ્યા પહેલાં હુનૂત દેવામાં આવે, પણ જો કફન આપતી વખતે યા તે બાદ હુનૂત અપાય તો કોઈ વાંધો નથી.

**મસઅલો ૫૭૬** : જે શખ્સ હજ યા ઉમરાના એહરામની હાલતમાં ગુજરી જાય, તેને હુનૂત આપવું જાઈઝ નથી; સિવાય એ સંજોગોમાં કે જેનો ઉલ્લેખ

મસઅલા નં. ૫૪૧ માં કરી દેવામાં આવ્યો છે.

**મસઅલો ૫૭૭** : એઅતેકાફમાં બેઠેલ શખ્સ અને જે ઔરત શૌહરના ગુજરી જવાથી ઈદ્દામાં હોય, તેના માટે ખુશ્બૂ લગાડવું હરામ છે, પરંતુ જો તેઓ એ હાલતમાં ગુજરી જાય તો તેને હુનૂત આપવું વાજિબ છે.

**મસઅલો ૫૭૮** : એહતિયાતે મુસ્તહબ છે કે મૈયતને મુશ્ક, અંબર કે ઊદ અને બીજા કોઈ પણ પ્રકારની ખુશ્બૂ ન લગાડવામાં આવે, અને કપૂરમાં પણ કોઈ બીજી ખુશ્બૂ ભેળવવામાં ન આવે.

**મસઅલો ૫૭૯** : મુસ્તહબ છે કે હુનૂત માટેના કપૂરમાં થોડીક ખાકે શફા સય્યદુશ્શોહદા અલય્હેમુસ્સલામની કબ્રની માટી ભેળવવામાં આવે, પણ પછી એ કપૂર એવી જગ્યાએ ન લગાડવામાં આવે કે જેથી ખાકેશફાની બેહુરમતી થાય, અને ખાકેશફાને એટલા પ્રમાણમાં ન ભેળવવી જોઈએ કે ભેળવ્યા બાદ તેને કપૂર ન કહી શકાય.

**મસઅલો ૫૮૦** : અગર કપૂર ન મળે અથવા અગર ફકત ગુસ્લ પુરતું જ મળે, તો હુનૂત જરૂરી નથી; અને જો ગુસ્લ આપ્યા બાદ એટલું જ કપૂર બાકી રહે તેનાથી સાતે સાત ભાગને હુનૂત ન આપી શકાય, તો એહતિયાતે મુસ્તહબની રૂએ પહેલાં પેશાની ઉપર કપૂર લગાડવામાં આવે, અને જો ત્યાર પછી પણ કપૂર બાકી રહે તો બીજા ભાગોને લગાવામાં આવે.

**મસઅલો ૫૮૧** : મુસ્તહબ છે કે બે ઝાડની લીલી ડાળીઓ મૈયતની સાથે કબરમાં મૂકવામાં આવે.

# નમાઝે મૈયતના એહકામ

**મસઅલો ૫૮૨ :** દરેક મુસલમાનની મૈયત ઉપર નમાઝ પઢવી વાજિબ છે. એવી જ રીતે જે બચ્ચું મુસલમાન હોવાના હુકમમાં આવી જતું હોય, અને તેને ૬ વર્ષ પૂરાં થઈ ગયાં હોય, તેની મૈયત ઉપર નમાઝ પઢવી વાજિબ છે.

**મસઅલો ૫૮૩ :** જે બાળકને ૬ વર્ષ પૂરાં ન થયાં હોય, પણ એ બાળક નમાઝ વિશે સમજતો હોય, તો એહતેયાતે વાજિબની રૂએ તેની મૈયત ઉપર નમાઝ પઢવી જોઈએ, પરંતુ જો એ નમાઝ વિશે સમજતો ન હોય, તો પણ એક નેક કાર્યની ઉમ્મીદ રાખી તેની મૈયત ઉપર નમાઝ પઢવામાં વાંધો નથી, અલબત્ત, જે બચ્ચું મરી ગયેલું જન્મે તેના ઉપર નમાઝે મૈયત પઢવી મુસ્તહબ નથી.

**મસઅલો ૫૮૪ :** નમાઝે મૈયત ગુસ્લ, હુનૂત, કફન બાદ પઢવી જોઈએ, અને જો એ ત્રણ કાર્યો પહેલાં કે દરમિયાનમાં પઢે, તો ચાહે એ ભૂલથી અથવા મસઅલો ન જાણવાને કારણે હોય, તો પણ એ જવાબદારી અદા થતી નથી.

**મસઅલો ૫૮૫ :** જે શખ્સ નમાઝે મૈયત પઢવા માંગતો હોય, તેના માટે જરૂરી નથી કે વઝુ, ગુસ્લ કે તયમ્મુમ કરે; એવી જ રીતે તેના કપડાં પાક હોવા જરૂરી નથી, બલ્કે અગર તેના કપડાં ગસ્બી હોય તો પણ વાંધો નથી, પણ બેહતર છે કે બીજી નમાઝોમાં જે શરતો છે,

તેનું પાલન કરવામાં આવે.

**મસઅલો ૫૮૬ :** નમાઝે મૈયત પઢનાર માટે વાજિબ છે કે કિબ્લા સામે મોઢું રાખીને પઢે, એવી જ રીતે વાજિબ છે કે મૈયતને પોતાની સામે પીઠ ઉપર એવી રીતે સુવડાવે કે મૈયતનું માથું તેના જમણા હાથ તરફ અને પગો ડાબા હાથ તરફ હોય.

**મસઅલો ૫૮૭ :** નમાઝે મૈયતની જગ્યા મૈયત કરતાં ઊંચી કે નીચી ન હોવી જોઈએ, પણ અગર ઊંચાઈ કે નીચાઈ નહિવત હોય તો વાંધો નથી, એહતિયાતે મુસ્તહબ છે કે નમાઝે મૈયત જે જગ્યાએ પઢાય, એ જગ્યા ગસ્બી ન હોય.

**મસઅલો ૫૮૮ :** નમાઝે મૈયત પઢનાર મૈયતથી દૂર ન હોવો જોઈએ, પણ અગર જમાઅત સાથે નમાઝે મૈયત બજાવી લાવતો હોય અને સફો એક બીજા સાથે જોડાયેલી હોય તો વાંધો નથી.

**મસઅલો ૫૮૯ :** નમાઝે મૈયત પઢનાર માટે જરૂરી છે કે મૈયતની સામે ઉભો રહે, પણ જમાઅત સાથે નમાઝ પઢનાર મૈયતની સામે ન ઉભો હોય તો વાંધો નથી.

**મસઅલો ૫૯૦ :** જરૂરી છે કે નમાઝે મૈયત પઢનાર અને મૈયત વચ્ચે કોઈ પડદો, દિવાલ જેવી બીજી કોઈ ચીજ નડતર ન હોય, અલબત્ત, અગર મૈયતને તાબૂત (શબપેટી) વગેરેમાં રાખવામાં આવી હોય તો કોઈ વાંધો નથી.

**મસઅલો ૫૯૧** : નમાઝે મૈયત જયારે પઢાય ત્યારે મૈયતની શરમગાહ છુપાયેલી હોવી જોઈએ અને જે સંજોગમાં મૈયતને કફન ન આપી શકાયું હોય, ત્યારે તેની શરમગાહને પાટીયા કે ઈંટ વગેરે જેવી વસ્તુથી છુપાવવી જોઈએ.

**મસઅલો ૫૯૨** : નમાઝે મૈયત ઊભા રહીને પઢવી જોઈએ, અને કુરબતનની નિય્યતથી પઢવી જોઈએ, નિય્યત કરતી વખતે મૈયત નક્કી કરવું જોઈએ. એટલે કે નિય્યત કરે કે, હું આ મૈયત ઉપર કુરબતન એલલ્લાહ નમાઝ પઢી રહ્યો છું. એહતિયાતે વાજિબની રૂએ દરરોજની વાજિબ નમાઝોમાં જે સ્થિરતા જરૂરી છે. તેનો ખ્યાલ રાખવો જોઈએ.

**મસઅલો ૫૯૩** : અગર કોઈ ઊભા રહીને નમાઝે મૈયત પઢી શકે એવો ઈન્સાન ન હોય, તો બેસીને નમાઝે મૈયત પઢી શકાય છે.

**મસઅલો ૫૯૪** : અગર મરનારે વસિય્યત કરી હોય કે ફલાણો શખ્સ મારી નમાઝે મૈયત પઢે, તો એ શખ્સે મૈયતના વલીની રજા લેવી જરૂરી નથી. બહેતર છે કે રજા લેવામાં આવે.

**મસઅલો ૫૯૫** : અમુક ફોકહાની નઝદીક એક મૈયત ઉપર અનેક વાર નમાઝે મૈયત પઢવી મકરૂહ છે, પરંતુ આ વાત સાબિત નથી પણ અગર મૈયત એહલે ઈલ્મ અને એહલે તકવાની હોય તો મકરૂહ નથી જ.

**મસઅલો ૫૯૬ :** જો મૈયતને ભૂલથી, જાણીજોઈને અથવા કોઈ કારણસર નમાઝે મૈયત પઢ્યા વગર દફન કરવામાં આવે અથવા દફન કરી લીધા પછી ખબર પડે કે જે રીતે નમાઝે મૈયત પઢવામાં આવી હતી તે સહીહ ન હતી, તો કબરને નમાઝ માટે ખોલવી જાઈઝ નથી, પરંતુ જ્યાં સુધી મૈયત કબરમાં વેરવિખેર ન થઈ ગયું હોય ત્યાં સુધી નેક કાર્યની નિય્યતથી કબર પાસે ઊભા રહી નમાઝે મૈયતની તમામ શરતો સાથે તેને અદા કરવામાં વાંધો નથી.

## નમાઝે મૈયતની રીત :

**મસઅલો ૫૯૭ :** નમાઝે મૈયતમાં પાંચ તકબીર છે; જો નમાઝ પઢનાર આ રીતે તકબીર બજાવી લાવે તો કાફી છે.

પ્રથમ નિય્યત કરે; અને પહેલી તકબીર કહીને પઢે.

**અશ્હદો અન્ લા ઈલાહ ઈલ્લલ્લાહો વ અશ્હદો અન્ન મોહમ્મદન્ રસૂલુલ્લાહે.**

ત્યારપછી બીજી તકબીર કહીને પઢે :

**અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદિન્ વ આલે મોહમ્મદ.**

ત્યારપછી ત્રીજી તકબીર કહીને પઢે :

**અલ્લાહુમ્ મગ્ફિરે લિલ્ મુઅમેનીન વલ્ મુઅમેનાત.**

અને ત્યારબાદ ચોથી તકબીર કહીને અગર મૈયત પુરૂષની

હોય તો પઢે :

**અલ્લાહુમ્મ મગ્ફિર લે હાઝલ મય્યેત.**

અને જો મૈયત સ્ત્રીની હોય તો પઢે :

**અલ્લાહુમ્મ મગ્ફિર લે હાઝેહિલ મય્યત.**

તે બાદ પાંચમી તકબીર કહે.

બેહતર છે કે પહેલી તકબીર બાદ નીચે મુજબ પઢે :

**અશ્હદો અન્ લા ઈલાહ ઈલ્લલ્લાહો વહ્દહૂ લા શરીક લહૂ વ અશ્હદો અન્ન મોહમ્મદન અબ્દોહૂ વ રસૂલોહૂ અરસલહૂ બિલ્ હક્કે બશીરંવ વ નઝીરન બય્ન યદયિસ્ સાઅહ.**

અને બીજી તકબીર બાદ પઢે :

**અલ્લાહુમ્મ સંલ્લે અંલા મોહમ્મદિન વ આલે મોહમ્મદિન વ બારિક અંલા મોહમ્મદિન વ આલે મોહમ્મદિન વરહમ મોહમ્મદન વ આલ મોહમ્મદ, ક અફ્ઝલે મા સંલ્લયત વ બારક્ત વ તરહહમ્ત અંલા ઈબ્રાહીમ વ આલે ઈબ્રાહીમ ઈન્નક હમીદુન મજીદુન વ સંલ્લે અંલા જમીઈલ અમ્બેયાએ વલ મુરસલીન વશ્શોહદાઈ વ સ્સીદદીકીન વ જમીઈ ઈબાદીલ્લાહિસ્ સાલેહીન.**

અને ત્રીજી તકબીર બાદ પઢે :

અલ્લાહુમ્મ મગ્ફિરે લિલ મુઅમેનીન વલ મુઅમેનાતે વલ મુસલેમીન વલ મુસલેમાતે અલ અહ્યાએ મિન્હુમ વલ અમ્વાતે તાબેઅ બયનના વ બયનહુમ બિલ ખયરાતે ઈન્નક મોજીબુદ દઅવાતે ઈન્નક અલા કુલ્લે શયઈન કદીર.

અને ચોથી તકબીર બાદ અગર મૈયત પુરૂષની હોય તો પઢે :

અલ્લાહુમ્મ ઈન્ન હાઝા અબ્દોક વબ્નો અબ્દેક વબ્નો અમતેક નઝલ બેક વ અન્ત ખયરો મન્ઝૂલિન બેહી અલ્લાહુમ્મ ઈન્ના લા નઅલમો મિન્હૂ ઈલ્લા ખયરન વ અન્ત અઅલમો બેહી મિન્ના અલ્લાહુમ્મ ઈન કાન મુહ્સેનન ફ ઝિદ ફી એહ્સાનેહી વ ઈન કાન મોસીઅન ફ તજાવઝ અન્હો વગ્ફિર લહૂ અલ્લાહુમ્મ મજઅલ્હો ઈન્દક ફી અઅલા ઈલ્લીય્યીન વખ્લુફ અલા અહ્લેહી ફિલ ગાબેરીન વરહમ્હો બે રહ્મતેક યા અરહમર રાહેમીન.

અને ત્યારબાદ પાંચમી તકબીર કહે.

પણ જો મૈયત સ્ત્રીની હોય તો ચોથી તકબીર બાદ નીચે મુજબ પઢે :

**અલ્લાહુમ્મ ઈન્ન હાઝેહી અમતોક વબ્નતો અબ્દેક વબ્નતો અમતેક નઝલત્ બેક વ અન્ત ખૈરો મન્ઝૂલિન્ બેહી અલ્લાહુમ્મ ઈન્ના લા નઅ્લમો મિન્હા ઈલ્લા ખૈરન્ વ અન્ત અઅ્લમો બેહા મિન્ના અલ્લાહુમ્મ ઈન્ કાનત્ મુહ્સેનતન્ ફ ઝિદ્ ફી એહ્સાનેહા વ ઈન્ કાનત્ મોસીઅતન્ ફ તજાવઝ્ અન્હા વગ્ફિર્ લહા અલ્લાહુમ્ મજ્અલ્હા ઈન્દક ફી અઅ્લા ઈલ્લીય્યીન વખ્લુફ્ અલા અહ્લેહા ફિલ્ ગાબેરીન વર્હમ્હા બે રહ્મતેક યા અર્હમર્ રાહેમીન**

**મસઅલો ૫૯૮ :** તકબીરો અને દુઆઓ એક પછી એક લાગલાગટ (સતત) એવી રીતે પઢવી જોઈએ કે જેથી નમાઝની હાલત ન બદલાઈ જાય.

**મસઅલો ૫૯૯ :** જે શખ્સ જમાઅતની સાથે નમાઝે મૈયત પઢતો હોય, ભલે પછી તે મામૂમ (પેશનમાઝની પાછળ નમાઝ પઢનાર) હોય તો પણ તમામ તકબીરો અને દુઆઓ પઢવી જોઈએ.

## નમાઝે મૈયતની મુસ્તહબ બાબતો :

**મસઅલો ૬૦૦ :** નમાઝે મૈયતમાં અમુક બાબતો મુસ્તહબ છે :

(૧) નમાઝે મૈયત પઢનાર વઝુ, ગુસ્લ યા તયમ્મુમ સાથે નમાઝ બજાવી લાવે અને તયમ્મુમ માત્ર એ સંજોગમાં કરે કે જયારે વઝુ અથવા ગુસ્લ કરવું શક્ય ન હોય, અથવા

એવી બીક હોય કે ગુસ્લ કે વઝુ કરવા જતાં નમાઝે મૈયતમાં પહોંચી નહિ શકે.

(૨) અગર મૈયત પુરૂષની હોય તો નમાઝે મૈયત પઢાવનાર અથવા એકલો પઢનાર, મૈયતના શરીરના વચલા ભાગ સામે ઊભો રહે, અને જો મૈયત સ્ત્રીની હોય તો છાતી સામે ઊભો રહે.

(૩) નમાઝે મૈયત પઢતી વખતે પગ ઉઘાડા હોવું.

(૪) દરેક તકબીર વખતે હાથો ઊંચા કરવા.

(૫) નમાઝ પઢનાર અને મૈયત વચ્ચે એટલુ ઓછુ અંતર હોવું જોઈએ, કે જો પવન ફૂંકવાથી તેના કપડાંમાં હરક્ત થાય તો તે જનાઝાને અડે.

(૬) નમાઝે મૈયત જમાઅત સાથે પઢવી.

(૭) નમાઝે મૈયત પઢાવનાર ઊંચા અવાજે તકબીર અને દુઆઓ પઢે, જયારે જમાઅતથી સાથે પઢનાર ધીમા અવાજે પઢે.

(૮) જમાઅતથી નમાઝ પઢાતી હોય, ત્યારે મામૂમ જો એકલો હોય, તો પણ ઈમામની પાછળ ઊભો રહે.

(૯) નમાઝ પઢનાર મૈયત તેમજ મોઅમીનો માટે વધુ દુઆઓ કરે.

(૧૦) જમાઅતથી નમાઝે મૈયત પઢવાની હોય, ત્યારે નમાઝ શરૂ કર્યા પહેલાં ત્રણ વખત ''અસ્સલાહ'' કહેવું.

(૧૧) એવી જગ્યાએ નમાઝે મૈયત પઢવી કે જયાં લોકો નમાઝે મૈયત માટે વધુ જતા હોય.

(૧૨) હૈઝવાળી સ્ત્રી અગર નમાઝે મૈયતની જમાઅતમાં જોડાય, તો અલગ એકલી ઊભી રહે; અને જમાઅતની

હરોળમાં ન ઊભી રહે.

**મસઅલો ૬૦૧** : મસ્જિદોમાં નમાઝે મૈયત પઢવી મકરૂહ છે, પણ મસ્જિદુલ હરામમાં મકરૂહ નથી.

## દફનના એહકામ

**મસઅલો ૬૦૨** : વાજિબ છે કે મૈયતને જમીનમાં એવી રીતે દફન કરવામાં આવે કે જેથી તેની દુર્ગંધ બહાર ન ફેલાય, અને ફાડી ખાનાર જાનવરો કબર ખોદીને શરીર બહાર ન લાવી શકે; અને જો એવો ભય હોય કે ફાડી ખાનાર જાનવરો કબરને ખોદી મૈયતને ઈજા પહોંચાડશે, તો એ કબરને પાકી રીતે ચણી લેવી જોઈએ.

**મસઅલો ૬૦૩** : અગર મૈયતને જમીનમા દફન કરવુ શક્ય ન હોય, તો તેને દફન કરવાને બદલે કોઈ શબપેટીમાં યા સુરક્ષિત ઓરડામા રાખી શકાય.

**મસઅલો ૬૦૪** : મૈયતને કબરમા તેના જમણા પડખા ઉપર એવી રીતે સુવડાવવું જોઈએ કે તેના શરીરનો સામેનો ભાગ કિબ્લા તરફ હોય.

**મસઅલો ૬૦૫** : અગર કોઈ શખ્સ દરિયાની મુસાફરી દરમિયાન વહાણ વગેરેમાં ગુજરી જાય, તો જો શરીરમાં સડો પેદા થવાનો ભય ન હોય અને તેને વહાણમાં અમુક સમય રાખવામાં કોઈ રૂકાવટ ન હોય, તો કિનારે પહોંચીને મૈયત જમીનમાં દફન કરવું જોઈએ, પણ અગર એવો ભય હોય કે શરીરમાં સડો પેદા થશે, તો વહાણ વગેરેમાં જ તેને ગુસ્લ, હુનૂત, કફન આપ્યા બાદ નમાઝે મૈયત બજાવી લાવવામાં આવે, અને પછી શબપેટી, સાદડી

વગેરેમાં સરખી રીતે બંધ કરી અથવા વીંટાળીને દરિયામાં ઉતારવામાં આવે, અથવા કોઈ વજનદાર વસ્તુ પગ સાથે બાંધીને મૈયતને દરિયા સુપરત કરવામાં આવે; અને જો શક્ય હોય તો દરિયામાં એવી જગ્યાએ મૈયતને ઉતારે કે જયાં તરત જ દરિયાઈ પ્રાણીઓનો શિકાર ન બને.

**મસઅલો ૬૦૬** : જયારે એવો ડર હોય કે દુશ્મન કબરને ખોલી મૈયતના નાક, કાન, કે અન્ય અવયવો કાપીને બેહુરમતી કરશે, ત્યારે જો શક્ય હોય તો ઉપરોકત મસઅલામાં જણાવ્યા મુજબ મૈયતને દરિયાને સુપરત કરવું જોઈએ.

**મસઅલો ૬૦૭** : મૈયતને દરિયામાં સુપરત કરવા માટે અથવા જરૂરી સંજોગમાં કબરને પાકી ચણવા માટે જે ખર્ચ આવશ્યક હોય, તે મૈયતના અસલ માલમાંથી લઈ શકાશે.

**મસઅલો ૬૦૮** : અગર કોઈ કાફિર ઔરત ગુજરી જાય અને તેના પેટમાં મરી ગયેલું બચ્ચું હોય કે જેનો બાપ મુસલમાન હોય, તો તેને કબરમાં ડાબા પડખા ઉપર કિબ્લાને પીઠ દઈ એવી રીતે સુવડાવવું જોઈએ કે બચ્ચાનું મોઢું કિબ્લા તરફ રહે, અને એહતિયાતે મુસ્તહબની રૂએ અગર બચ્ચામાં હજી જીવનો પ્રવેશ ન થયો હોય તો પણ મૈયતને એ જ રીતે સુવડાવવામાં આવે.

**મસઅલો ૬૦૯** : મુસલમાનને કાફિરોના કબ્રસ્તાનમાં અને કાફિરને મુસલમાનોના કબ્રસ્તાનમાં દફન કરવું જાએઝ નથી.

**મસઅલો ૬૧૦ :** મુસલમાનની મૈયતને એવી જગ્યાએ દફન ન કરવુ જ્યાં દફન કરવાથી તેની બેહુરમતી થતી હોય જેમ કે ઊકરડો જ્યાં લોકો કચરો ફેંકતા હોય ત્યાં દફન કરવુ જાઈઝ નથી.

**મસઅલો ૬૧૧ :** મૈયતને ગસ્બી જગ્યાએ દફન કરવું અથવા મસ્જિદ જેવી જગ્યામાં કે જે દફન સિવાય બીજા કાર્યો માટે વકફ હોય, અને ત્યાં દફન કરવું વકફના મકસદ માટે ખલેલરૂપ હોય તો જાઈઝ નથી. અને એહતિયાતે વાજિબની રૂએ મકસદ માટે ખલેલરૂપ ન બને તો પણ જાએઝ નથી.

**મસઅલો ૬૧૨ :** એક મૈયતની કબર ખોલી તેમાં બીજી મૈયતને દફન કરવું જાઈઝ નથી. સિવાય કે એ કબર બિલકુલ જૂની થઈ ગઈ હોય અને તેમાં દફન થયેલ મૈયતનું કોઈ નિશાન બાકી ન રહેવા પામ્યું હોય.

**મસઅલો ૬૧૩ :** મૈયતના શરીરમાંથી જે વસ્તુ જુદી થઈ ગઈ હોય, ભલે પછી તેના વાળ, નખ કે દાંત જેવી વસ્તુઓ હોય, તેની સાથે દફન કરી દેવું જોઈએ, અને જો એવી વસ્તુઓ મૈયતને દફન કર્યા પછી મળે તો એહતિયાતે લાઝિમની રૂએ તેને અલગ દફન કરવું જોઈએ. જિંદગી દરમિયાન જે નખ કે દાંત ઈન્સાનથી જુદા થઈ જાય, તેને દફન કરી લેવું સુન્નત છે.

**મસઅલો ૬૧૪ :** અગર કોઈ શખ્સ કૂવામાં મરી જાય, અને તેને કૂવામાંથી બહાર લઈ આવવાની શક્યતા ન હોય, તો કૂવાના મોઢાને બંધ કરી એ કૂવાને જ એની

કબર ગણવામાં આવે.

**મસઅલો ૬૧૫** : અગર કોઈ બચ્ચુ માના પેટમાં મરી જાય, અને તેના પેટમાં રહેવાથી માની જિંદગી ખતરામાં હોય, તો તેને જેટલી સહેલાઈથી બની શકે, બહાર લઈ આવવું જોઈએ, અને અગર મજબૂરીના સંજોગમાં મુડદા બચ્ચાને ટુકડે ટુકડા કરવા પડે તો તેમાં વાંધો નથી. પણ જો એ સ્ત્રીનો ધણી કાબેલિય્યત ધરાવતો હોય તો એ કામ તેના ધણીએ કરવું જોઈએ, અને જો એ શક્ય ન હોય તો એ કામ એવી સ્ત્રીએ કરવું જોઈએ કે જે એ કામ અંજામ આપવાની કાબેલિય્યત ધરાવતી હોય, અને ઔરતને ઈખ્તેયાર છે. આ કામ માટે એવા શખ્સ પાસે જાય જે બહેતર રીતે અને તેની હાલત પ્રમાણે યોગ્ય રીતે આ કામ કરી શકતો હોય. ભલે પછી તે નામેહરમ જ કેમ ન હોય.

**મસઅલો ૬૧૬** : અગર મા ગુજરી જાય અને તેના પેટમાં બચ્ચું જીવતું હોય, જો થોડો સમય પણ બચ્ચાની સલામતી અને જીવતા રહેવાની આશા હોય, તો પણ જરૂરી છે મૈયતને ચીરવામાં આવે, અને બચ્ચાને બહાર લઈ આવ્યા બાદ મૈયતને સીવી દેવામાં આવે. પણ જો યકીન અથવા ઈત્મીનાન હોય કે આ કાર્યથી બચ્ચું મરી જશે તો જાઈઝ નથી.

## દફન માટે મુસ્તહબ બાબતો :

**મસઅલો ૬૧૭** : નીચે જણાવેલ બાબતો દફન માટે મુસ્તહબ છે :

(૧) મુસ્તહબ છે કે કબરની ઊંડાઈ મધ્યમ લંબાઈ ધરાવતા

ઈન્સાનના કદ જેટલી હોય.

(૨) મૈયતને બને તેટલા નજીકના કબ્રસ્તાનમાં દફન કરવામાં આવે, અલબત્ત, અગર દૂર આવેલ કબ્રસ્તાનમાં અમુક કારણોસર ફઝીલત ધરાવતુ હોય, જેમકે એ કબ્રસ્તાનમાં નેક લોકો દફન થયા હોય અથવા ફાતેહા પઢવા માટે વધુ લોકો ત્યાં જતા હોય, તો ત્યાં દફન કરવું મુસ્તહબ છે.

(૩) મુસ્તહબ છે કે જનાઝાને કબરથી અમુક હાથના અંતરે જમીન ઉપર રાખવામાં આવે; અને એવી રીતે ત્રણ વાર કરીને ધીરે ધીરે કબરની નજીક લઈ જવામાં આવે. દરેક વખતે જનાઝાને જમીન ઉપર રાખીને ફરી ઊંચકવામાં આવે, અને ચોથી વખતે ઊંચકીને કબરમાં ઊતારવામાં આવે.

(૪) અગર મૈયત પુરૂષની હોય તો ત્રીજી વાર જનાઝાને એવી રીતે ઊંચકે કે તેનું માથું કબરના છેડા તરફ હોય, જેથી ચોથી વાર જયારે કબરમાં ઉતારવા માટે ઊંચકે તો પ્રથમ માથું કબરમાં દાખલ થાય; અને જો મૈયત સ્ત્રીની હોય તો ત્રીજી વાર ઊંચકીને એવી રીતે રાખે કે કબર કિબ્લા તરફ હોય અને મૈયતને ચત્તુ કબરમાં દાખલ કરે; અને સ્ત્રીની મૈયતને કબરમાં ઉતારતી વખતે કબર ઉપર ચાદર કે કપડું ઢાંકી લેવું જોઈએ.

(૫) મુસ્તહબ છે કે મૈયતને ધીમેથી તાબૂત (શબપેટી)માંથી બહાર લઈ આવીને કબરમાં ઉતારવામાં આવે, અને જે દુઆઓનો હુકમ આપવામાં આવ્યો છે તે દફન પહેલાં અને દફન કરતી વખતે પઢવામાં આવે.

(૬) મૈયતને કબરમાં સુવડાવી દીધા બાદ કફનની ગાંઠો

ખોલી નાખવામાં આવે; અને મૈયતના ગાલને માટી ઉપર મૂકવામાં આવે. ત્યારબાદ માટી એકત્રિત કરી તેના માથા નીચે ઓશીકા રૂપે રાખવામાં આવે તેમજ તેની પીઠ પાછળ ઈંટ કે ઢેફાને ટેકારૂપે મૂકવામાં આવે જેથી મૈયત પલટી ન જાય.

(૭) મુસ્તહબ છે કે કબરને બંધ કરવા પહેલાં જમણો હાથ મૈયતના જમણા ખભા ઉપર અને ડાબો હાથ મૈયતના ડાબા ખભા ઉપર રાખી તેને જોરથી હલાવીને ત્રણ વાર કાન પાસે કહેવું :

**ઈસ્મઅ્ ઈફ્હમ યા ફોલાનબ્નિ ફોલાન**

અને ફોલાન ઈબ્ન ફોલાનની જગ્યાએ તેનું તથા તેના બાપનું નામ લેવું, જેમકે અગર મૈયતનું નામ મોહમ્મદ અને બાપનું નામ અલી હોય, તો કહેવું : ઈસ્મઅ, ઈફહમ, યા મુહમ્મદબ્ન અલી.

ત્યાર પછી નીચે મુજબ પઢવું :

**હલ્ અન્ત અ્લલ્ અ્હ્દિલ્ લઝી ફારક્તના અ્લય્હે મિન્ શહાદતે અલ્ લા ઈલાહ ઈલ્લલ્લાહો વહ્દહૂ લા શરીક લહૂ વ અન્ન મોહ્મ્મદન્ સ્લ્લલ્લાહો અ્લય્હે વ આલેહી અ્બ્દોહૂ વ રસૂલોહૂ વ સય્યેદુન્ નબીય્યીન વ ખાતમુલ્ મુર્સલીન વ અન્ન અ્લીય્યન્ અમીરૂલ્ મુઅ્મેનીન વ સય્યેદુલ્ વસીય્યીન વ ઈમામોનિફ્ તરઝ્લ્લાહો તાઅ્તહૂ અ્લલ્ આ્લમીન. વ અન્નલ્**

હૅસન વલ હુસયન વ અૅલીય્યબ્નલ હુસયને વ મોહૅમ્મદબ્ન અૅલીય્યિન વ જઅૅફરબ્ન મોહૅમ્મદિન વ મૂસબ્ન જઅૅફરિન વ અૅલીય્યબ્ન મૂસા વ મોહૅમ્મદબ્ન અૅલીય્યિન વ અૅલીય્યબ્ન મોહૅમ્મદિન વલ હૅસનબ્ન અૅલીય્યિન વલ કાઈમલ હુજ્જતલ મહદિય્ય સૅલવાતુલ્લાહે અૅલયહિમ અઈમ્મતુલ મુઅમેનીન વ હૉજજાુલ્લાહે અૅલલ ખૅલ્કે અજ્મઈન વ અઈમ્મતોક અઈમ્મતો હોદન બેક અબ્રારૂન યા...

(અહીં તેનું અને તેના બાપનું નામ લેવું)

ઈઝાં અતાકલ મલકાનિલ મોકૅર્રબાને રસૂલયને મિન ઈન્દિલ્લાહે તબારક વ તઆૅલા વ સઅલાક અૅન રબ્બેક વ અૅન નબીય્યેક વ અૅન દીનેક વ અૅન કિતાબેક વ અૅન કિબ્લતેક વ અૅન અઈમ્મતેક ફ લા તખૅફ વલા તહૅઝન વ કુલ ફી જવાબેહેમા અલ્લાહો જલ્લ જલાલોહૂ રબ્બી વ મોહૅમ્મદુન સૅલ્લલ્લાહો અૅલયહે વ આલેહી વસલ્લમ નબીય્યી વલ ઈસ્લામો દીની વલ કુરઆનો કિતાબી વલ કઅૅબતો કિબ્લતી વ અમીરૂલ મુઅમેનીન અૅલીય્યુબ્નો અબી તાૅલેબીન ઈમામી વલ હૅસનુબ્નો અૅલીય્યેનિલ મુજ્તબા ઈમામી વલ હુસયનુબ્નો અૅલીય્યેનિશ શહીદો બે કરબલા

ઈમામી વ અલીય્યુને ઝયનુલ આબેદીન ઈમામી વ મોહમ્મદુને બાકેરો ઈલ્મિને નબીય્યીને ઈમામી વ જઅફરોનિસ સાદેકો ઈમામી વ મૂસલ કાઝેમો ઈમામી વ અલીય્યોનિર રેઝા ઈમામી વ મોહમ્મદોનિલ જવાદો ઈમામી વ અલીય્યોનિલ હાદી ઈમામી વલ હસનુલ અસકરીય્યો ઈમામી વલ હુજ્જતુલ મુનતઝરો ઈમામી હાઓલાએ સલવાતુલ્લાહે અલયહિમ અજમઈન અઈમ્મતી વ સાદતી વ કાદતી વ શોફઆઈ બેહિમ અતવલ્લા વ મિને અઅદાએહિમ અતબર્રઓ ફિદ દુનયા વલ આખેરતે સુમ્મ એઅલમ યા... (અહીં મૈયતનું અને તેના બાપનું નામ લેવું)

અન્નલ્લાહ તબારક વ તઆલા નેઅમર રબ્બો વ અન્ન મોહમ્મદન સલ્લલ્લાહો અલયહે વ આલેહી નેઅમર રસૂલો વ અન્ન અમીરલ મુઅમેનીન અલીય્યબ્ને અબી તાલેબીન વ અવલાદહુલ મઅસૂમીનલ અઈમ્મતલ ઈસ્નાઅશર નેઅમલ અઈમ્મતો વ અન્ન મા જાઅ બેહી મોહમ્મદુન સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ હક્કુન વ અન્નલ મવ્ત હક્કુન વ સોઆલ મુનકરિન વ નકીરિન ફિલ કબ્રે હક્કુન વલ બઅસ હક્કુન વન નોશૂર હક્કુન

**વસ઼્ સિંરાતઁ હઁક઼્કુન વલ મીઝાન હઁક઼્કુન વ તતાઁયોરલ કોતોબે હઁક઼્કુન વલ જન્નત હઁક઼્કુન વન નાર હઁક઼્કુન વ અન્નસ સાઅઁત આતેયતુન લા રયબ ફીહા વ અન્નલ્લાહ યબઅઁસો મન ફિલ કોંબૂરે અફહિમત યા...**
(મૈયતનું નામ લ્યે)

**સંબ્બતકલ્લાહો બિલ કઁવલિસ સાંબેતે હદાકલ્લાહો ઈલા સિંરાતિમ મુસતકીમિન અઁર્રફલ્લાહો બયનક વ બયન અવલેયાઅેક ફી મુસતકઁરરિન મિન રહઁમતેહી.**

પછી કહેવું : **અલ્લાહુમ્મ જાફિલ અરઝઁ અઁન જનબયહે વઅસંઈદ બે રૂહેંહી ઈલયક વ લકઁકેંહી મિનક બુરહાનન અલ્લાહુમ્મ અઁફવક અઁફવક**
(ભાષાંતર કરનારની નોટ : ઔરતો માટે અરબી વ્યાકરણની રૂએ આ તલકીનમાં જે સૂચિત ફેરફાર છે, તે બીજી કિતાબોમાંથી જોઈને પઢવું.)

**મસઅલો ૬૧૮** : મુસ્તહબ છે કે કબરમાં મૈયતને ઉતારનાર શખ્સ તહારતની સાથે હોય, અને ઉઘાડે માથે તેમજ ઉઘાડે પગે ઉતરે, અને કબરમાંથી બહાર આવતી વખતે મૈયતના પગ પાસેથી નીકળે, અને મુસ્તહબ છે કે મૈયતના સગાં-વ્હાલાઓ સિવાય બાકીના લોકો હથેળીના પાછલા ભાગથી માટી નાખે, અને સાથે... **ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઉઁન** પઢે.

અગર મૈયત ઔરતની હોય, તો તેને મેહરમ સગાંઓ કબરમાં ઉતારે, અને અગર મેહરમ મોજૂદ ન હોય તો પછી બીજાં સગાંઓ ઉતારે.

**મસઅલો ૬૧૯ :** મુસ્તહબ છે કે કબરને ચાર ખૂણાવાળી બનાવવામાં આવે, અને જમીનથી તેની ઊંચાઈ ચાર આંગળાઓ જેટલી હોય, ઉપરાંત તેના ઉપર એવી નિશાની રાખવી કે જેથી ભૂલ ન થાય. મુસ્તહબ છે કે કબર ઉપર પાણી નાખવામાં આવે, અને પાણી રેડયા બાદ હાજર રહેલાઓ કબર ઉપર હાથ રાખી, આંગળીઓ પહોળી કરીને માટીમાં નાખે, અને ત્યારબાદ સાત વખત 'સૂરએ ઈન્ના અન્ઝલના' પઢે, મૈયત માટે મગફેરતની દુઆ કરે અને આ મુજબ દુઆ પઢે :

**અલ્લાહુમ્મ જાફિલ અરઝ અંન જમ્બયેહે વ અસઈદ ઈલયક રૂહેહુ વ લક્કેહી મિન્ક રિઝવાનન વ અસકિન કબ્રેહુ મિન રહેમતેક મા તુગનીહે બેહી અંન રહેમતે મન સિવાક**

(ભાષાંતર કરનારની નોટઃ ઔરતોની કબર ઉપર ઉપરોક્ત દુઆ આ રીતે પઢાશે :

**અલ્લાહુમ્મ જાફિલ અરઝ અંન જમ્બયેહા વ અસઈદ ઈલયક રૂહેહા વ લક્કેહા મિન્ક રિઝવાનન વ અસકિન કબ્રેહા મિન રહેમતેક મા તુગનીહે બેહા અંન રહેમતે મન સિવાક)**

**મસઅલો ૬૨૦ :** જનાઝા સાથે આવેલા લોકો જયારે ચાલ્યા જાય, ત્યારે મુસ્તહબ છે કે મૈયતનો વલી યા જેને વલીએ ઈજાઝત આપી હોય તે ઉપરોકત દુઆઓ અને તલકીન કબર પાસે પઢે.

**મસઅલો ૬૨૧ :** દફન બાદ મુસ્તહબ છે કે મૈયતના શોકગ્રસ્ત સગાંઓને દિલાસો દેવામાં આવે, પણ જો ઘણી મુદ્દત વીતી ગઈ હોય અને દિલાસો દેવાથી સગાઓને દુઃખની યાદ ફરી તાજી થતી હોય, તો તેમ ન કરવું બેહતર છે.

એવી જ રીતે મુસ્તહબ છે કે ત્રણ દિવસ સુધી મૈયતના ઘરવાળાઓને ખોરાક પહોંચાડવામાં આવે; અને તેમની સાથે બેઠીને અથવા તેમના ઘરે ખાવું મકરૂહ છે.

**મસઅલો ૬૨૨ :** મુસ્તહબ છે કે ઈન્સાન પોતાના કુટુંબીજનોની મોત ઉપર, તેમાં ખાસ કરીને ફરઝંદની મોત ઉપર સબર કરે અને જયારે મૈયતને યાદ કરે ત્યારે... **ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઉન** પઢે; અને મૈયત માટે કુરઆને મજીદની તિલાવત કરે; અને માતા-પિતાની કબરો ઉપર જઈ પોતાની હાજત ખુદા પાસે તલબ કરે. મુસ્તહબ છે કે કબરને પાકી ચણે, જેથી જલદી ખંડિત ન થઈ જાય.

**મસઅલો ૬૨૩ :** એહતિયાતની રૂએ જાઈઝ નથી કે ઈન્સાન કોઈના મરવા ઉપર પોતાના ચહેરાને, શરીરને જખ્મી કરે અથવા પોતાના વાળ ખેંચીને ઉખેડે, પણ માથું કે ચહેરાનું પીટવું જાઈઝ છે.

**મસઅલો ૬૨૪** : બાપ અને ભાઈ સિવાય બીજા કોઈના મૃત્યુ ઉપર કોલર ફાડવું એહતિયાતની રૂએ જાઈઝ નથી; અને એહતિયાતે મુસ્તહબ છે કે એમના મૃત્યુ ઉપર પણ એવી રીતે ન વર્તે.

**મસઅલો ૬૨૫** : અગર સ્ત્રી મૈયતના શોકમાં પોતાના ચહેરાને જખ્મી કરે અને લોહીલુહાણ કરે, અથવા પોતાના વાળ ખેંચીને ઉખેડે, તો એહતિયાતે મુસ્તહબની રૂએ કફ્ફારા રૂપે એક ગુલામને આઝાદ કરે અથવા દસ ફકીરોને અનાજ આપે અથવા તેઓને પહેરવા માટે કપડાં આપે, એવી જ રીતે અગર કોઈ પુરૂષ પોતાની સ્ત્રી કે ફરઝંદના ગમમાં પોતાના કોલર અથવા કપડાં ફાડે તો એ જ હુકમ છે.

**મસઅલો ૬૨૬** : એહતિયાતે મુસ્તહબ છે કે મૈયત ઉપર વધારે ઊંચા અવાજે ન રડે.

## નમાઝે વહ્શત :

**મસઅલો ૬૨૭** : મુનાસિબ છે કે દફનની પહેલી રાતે મૈયત માટે બે રકાત નમાઝે વહ્શત પઢવામાં આવે, અને તેની રીત એ છે કે પહેલી રકાતમાં સૂરએ હમ્દ બાદ એક વખત આયતુલ કુરસી પઢે; અને બીજી રકાતમાં સૂરએ હમ્દ બાદ દસ વખત સૂરએ ઈન્ના અન્ઝલના પઢે અને નમાઝ ખત્મ કર્યા બાદ કહે: **અલ્લાહુમ્મ સઁલ્લે અઁલા મોહઁમ્મદિન વ આલે મોહઁમ્મદ, વબ્અઁસ સંવાબહા ઈલા કઁબ્રે ફોલાન.** (ફોલાનની જગ્યાએ મૈયતનું નામ લેવું).

**મસઅલો ૬૨૮** : નમાઝે વહ્શત દફનની પહેલી રાતે

કોઈ પણ સમયે પઢી શકાય છે, પણ બેહતર છે કે રાતના પહેલા ભાગમાં નમાઝે ઈશા બાદ પઢાય.

**મસઅલો ૬૨૯** : અગર મૈયતને દફનક્રિયા માટે બીજા દૂરના શહેરમાં લઈ જવાનું હોય, અથવા કોઈ પણ બીજા કારણોસર દફનમાં ઢીલ થાય, તો નમાઝે વહશત પઢવા માટે દફનની પહેલી રાત સુધી ઢીલ કરવી જોઈએ.

## દફન કર્યા પછી કબર ખોલવા વિશે :

**મસઅલો ૬૩૦** : કોઈ પણ મુસલમાનની કબરને ખોદીને ખોલવી, ચાહે એ દીવાનાની કબર હોય કે નાના બાળકની, હરામ છે; પણ જો કબર એટલી જૂની થઈ ગઈ હોય કે તેમાં શરીરનું કોઈ નામ-નિશાન બાકી ન રહેવા પામ્યું હોય તો વાંધો નથી.

**મસઅલો ૬૩૧** : ઈમામઝાદાઓ, શોહદા, ઓલમા અને નેક લોકોની કબર જો ખંડિત કરવાથી તેઓની બેહુરમતી થતી હોય તો ગમે તેટલી જૂની થઈ ગઈ હોય, તેનુ ખંડિત કરવું હરામ છે.

**મસઅલો ૬૩૨** : અમુક સંજોગોમાં કબર ખોલવી હરામ નથી, જે નીચે મુજબ છે :

(૧) જયારે મૈયતને ગસ્બી જમીનમાં દફન કરવામાં આવી હોય, અને એ જમીનનો માલિક મૈયતને ત્યાં રહેવા દેવા માટે રાજી ન થાય તો એ શરતે જાઈઝ છે કે મૈયતને બહાર કાઢવા માટે કોઈ મહત્વપૂર્ણ નુકસાન અડચણરૂપ ન હોય, જેમકે મૈયતના ટુકડે ટુકડા થઈ જવા. જો એવું હોય તો કબર ખોલવી જાઈઝ નથી, બલ્કે જ્યારે કબર ખોલવાના

કારણે મૈયતની બેહુરમતી થતી હોય તેમજ મૈયતે પોતે જમીન ગસ્બ ન કરી હોય ત્યારે કબર ખોલવી મહેલ્લે ઈશકાલ (વાંધાજનક) છે. આવા સંજોગોમાં ગસ્બ કરનાર માટે જરૂરી છે કે જમીનના માલિકને રાજી કરે કે મૈયતને તે જ જમીનમાં રહેવા દ્યે ભલે પછી ઘણો બધો માલ આપવો પડે, પરંતુ જો મૈયતની બેહુરમતી થતી ન હોય તેમજ બીજું કંઈ નુકસાન નડતરરૂપ ન હોય સિવાય કે આ કામ માટે અસહ્ય તકલીફ વેઠવી પડે તેમ હોય તો જમીન ગસ્બ કરનાર સિવાય બીજા કોઈ ઊપર કબર ખોલવી વાજિબ નથી. (જામેઅ તવઝીહુલ મસાઈલ, મસઅલા નં ૭૮૬માંથી)

(૨) જયારે મૈયતનું કફન અથવા કોઈપણ ગસ્બી વસ્તુ તેની સાથે દફન થઈ ગઈ હોય, અને માલિક તે માટે રાજી ન હોય.

એવી જ રીતે માલ ઉપર વારિસોનો હકક હોય, તે માલ જો મૈયત સાથે દફન થઈ ગયો હોય, અને વારિસો એ માટે રાજી ન હોય કે તે માલ કબરમાં પડ્યો રહે, તો કબર ખોલી શકાય.

પણ જો મૈયતે વસિયત કરી હોય કે દુઆ, કુરઆન અથવા વીંટી તેની સાથે દફન થાય, અને અગર એ વસિયત અમલ કરવા માટે કાયદેસર હોય, તો એ વસ્તુઓને બહાર લઈ આવવા માટે કબર નહિ ખોલી શકાય. આ જગ્યાએ કબર ખોલવામાં ઉપરોક્ત બાબતનું ધ્યાન રાખવું જરૂરી છે.

(૩) જયારે મૈયતની બેહુરમતી ન થતી હોય તેમજ મૈયત ગુસ્લ દીધા વગર અથવા કફન આપ્યા વગર દફન કરવામાં આવ્યુ હોય, અથવા એવી જાણ થાય કે જે ગુસ્લ અપાયું હતુ તે બાતિલ હતું, અથવા કફન ઈસ્લામી શરીઅત અનુસાર નથી આપવામાં આવ્યું, અથવા મૈયત કબરમાં કિબ્લા તરફ સુવડાવવામાં ન આવી હોય.

(૪) જ્યારે કોઈ એવો હક સાબિત કરવો હોય કે જે કબર ખોલવા કરતાં વધુ મહત્વ ધરાવતો હોય, અને તેનો આધાર મૈયતને જોવા ઉપર હોય ત્યારે કબર ખોલવી હરામ નથી.

(૫) અગર મૈયત એવી જગ્યાએ દફન થઈ હોય જ્યાં દફન થવાથી તેની બેહુરમતી થતી હોય, જેમકે કાફિરોના કબ્રસ્તાનમાં દફન થઈ હોય, અથવા એવી જગ્યાએ દફન થઈ હોય, જયાં લોકો ગંદવાડ કે કચરો ફેંકતા હોય, તો કબર ખોલવી હરામ નથી.

(૬) જયારે કોઈ શરઈ કામ આવી પડે કે જેનું મહત્વ કબર ખોદીને ખોલવા કરતા વધુ મહત્વ પૂર્ણ હોય, જેમકે અગર કોઈ હામેલા ઔરત દફન થઈ હોય અને તેના પેટમાં બચ્ચુ જીવંત હોય, તો એ બચ્ચાંને બહાર લઈ આવવા માટે કબર ખોલી શકાય.

(૭) જયારે એવો ભય હોય કે ફાડી ખાનાર જાનવર મૈયતને ફાડી ખાશે, અથવા પાણીનું પૂર મૈયતને તાણી જશે, અથવા દુશ્મન મૈયતને કબરમાંથી બહાર કાઢશે, ત્યારે કબર ખોલી શકાશે.

(૮) અગર કોઈ મરનારે વસિયત કરી હોય કે દફન માટે તેના શરીરને એવી જગ્યાએ લઈ જવામાં આવે, જયાં

મઅસૂમીન અલય્હેમુસ્સલામમાંથી કોઈપણ મઅસૂમ અલય્હિસ્સલામનું હરમ હોય. (જેમકે કરબલા, નજફ, કાઝમૈન વગેરે) અને તેમ કરવા જતાં મૈયતની કોઈ બેહુરમતીની શકયતા ન હોય, અને કોઈ રૂકાવટ પણ ન હોય તો એ પાક સ્થળે લઈ જવા માટે કબર ખોલી શકાય. બલ્કે આ હાલતમાં કબર ખોલીને મૈયતને તે પાક જગ્યાએ લઈ જવું વાજિબ છે.

# મુસ્તહબ ગુસ્લો

**મસઅલો ૬૩૩** : ઈસ્લામી શરીઅતમાં અમુક ગુસ્લો મુસ્તહબ તરીકે નિયુકત છે, જેની નામાવલી નીચે મુજબ છે :

૧ : ગુસ્લે જુમ્આ : જુમ્આના દિવસે ગુસ્લનો સમય નમાઝે સુબ્હની અઝાનથી લઈ સૂરજ આથમે ત્યાં સુધી છે, અને બેહતર છે કે એ ઝોહરના સમયની નજીક બજાવી લાવવામાં આવે, અને જો ઝોહર સુધી ગુસ્લ ન કરે, તો સૂરજ આથમે ત્યાં સુધીના સમય દરમિયાન બેહતર છે કે અદા કે કઝાની નિય્યત કર્યા વગર ગુસ્લ કરે. અને જે શખ્સ જુમ્આના દિવસે ગુસ્લ ન કરે, તેના માટે મુસ્તહબ છે કે શનિવારે સૂર્યાસ્ત સુધીમાં કઝાની નિય્યતથી ગુસ્લ કરે, અને જે શખ્સને જાણ થાય કે જુમ્આના દિવસે પાણી પ્રાપ્ત નહિ થાય તે ગુરૂવારના દિવસે નેક કાર્ય બજાવી લાવવાની નિય્યતથી ગુસ્લ કરી શકશે.

ગુસ્લ જુમ્આ કરતી વખતે નીચે મુજબ પઢવું મુસ્તહબ છે :

**અશ્હદો અલ્ લા ઈલાહ ઈલ્લલ્લાહો વહ્દહૂ લા શરીક લહૂ વ અન્ન મોહમ્મદન્ અબ્દોહૂ વ રસૂલોહૂ અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદિન્ વ આલે મોહમ્મદિન્ વજ્અલ્ની મિનત્ તવ્વાબીન વજ્અલ્ની મિનલ્ મોતતહ્હેરીન.**

૨ થી ૭ : માહે મુબારક રમઝાનની ૧લી રાતે, ૧૭મી રાતે, ૧૯મી રાતે, ૨૧મી રાતે, ૨૩મી રાતે અને ૨૪મી રાતના ગુસ્લ મુસ્તહબ છે.

૮ અને ૯ : ઈદુલ ફિત્ર અને ઈદે કુરબાનના દિવસે ગુસ્લ મુસ્તહબ છે, અને તેનો સમય નમાઝે સુબ્હની અઝાનથી લઈ સૂર્યાસ્ત સુધી છે, અને બેહતર છે કે એ ગુસ્લ નમાઝે ઈદ પહેલા કરવામાં આવે.

૧૦-૧૧ : ૮ મી અને ૯મી ઝિલ્હજના દિવસે ગુસ્લ કરવું મુસ્તહબ છે અને ૯મી તારીખે બેહતર છે કે ગુસ્લ ઝોહરના સમયની નજદીક કરવામાં આવે.

૧૨ : મૈયતને ગુસ્લ અપાઈ ગયા બાદ શરીરના કોઈપણ ભાગથી તેને અડવા બાદ ગુસ્લ મુસ્તહબ છે.

૧૩. ગુસ્લે એહરામ.

૧૪. મક્કાના હરમમાં દાખલ થવા માટે ગુસ્લ.

૧૫. મક્કામાં દાખલ થવા માટે.

૧૬. ખાને કઅબાની ઝિયારત માટે ગુસ્લ.

૧૭. ખાનએ કઅબામાં દાખલ થવા માટે ગુસ્લ.

૧૮. ઊંટને નહર કરવા કે ઘેંટા- બકરાંને ઝિબ્હ કરવા માટે ગુસ્લ. (હજની ઈબાદત વખતે)

૧૯. માથાના વાળ ઉતારવા (હલક) માટે ગુસ્લ. (હજની ઈબાદત વખતે)
૨૦. મદીનએ મુનવ્વરાના હરમમાં દાખલ થવા માટે ગુસ્લ.
૨૧. મદીનએ મુનવ્વરામાં દાખલ થવા માટે ગુસ્લ.
૨૨. પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની કબરે મુબારકને વિદાય કરવા માટે ગુસ્લ.
૨૩. દુશ્મન સાથે મુબાહેલા કરવા માટે ગુસ્લ.
૨૪. ઈસ્તેખારા માટે ગુસ્લ.
૨૫. વરસાદ માટેની દુઆ કરવા માટે ગુસ્લ.

**મસઅલો ૬૩૪** : એ ઉપરાંત ફોકહાએ મુસ્તહબ ગુસ્લમાં ઘણાં ગુસ્લોનો ઉલ્લેખ કર્યો છે, જેમાંથી અમુક નીચે મુજબ છે :
૧. માહે રમઝાનની એકી રાતોમાં (એટલે કે પહેલી, ત્રીજી, પાંચમી, સાતમી વગેરે) ; અને આખરી દસ રાતોમાં; અને ૨૩મી રાતના છેલ્લા ભાગમાં બીજું ગુસ્લ મુસ્તહબ છે.
૨. ઝિલ્હજની ૨૪મી તારીખે ગુસ્લ.
૩. ઈદે નવરોઝ (૨૩ માર્ચ), ૧૫ શાબાન, ૯ અને ૧૭ રબીઉલ અવ્વલ અને ૨૫મી ઝિલ્કાદના ગુસ્લ.
૪. જે ઔરતે પોતાના શૌહર સિવાય અન્ય કોઈ માટે ખુશ્બૂનો ઉપયોગ કર્યો હોય તેના માટે ગુસ્લ.
૫. જે શખ્સ નશાની હાલતમાં સૂઈ ગયો હોય.
૬. જે શખ્સ ફાંસીની સજા જોવા જાય, અને સજા પામેલાને શૂળીએ લટક્તાં જોયો હોય, તેના ઉપર ગુસ્લ મુસ્તહબ છે, પણ અગર ઈરાદાપૂર્વક ન જોયો હોય અથવા

મજબૂરીમાં જોઈ લીધો હોય અથવા માત્ર સાક્ષી આપવા ગયો હોય તો ગુસ્લ મુસ્તહબ નથી.

૭. મઅસૂમીન (અ.સ.)ની ઝિયારતો માટે ગુસ્લ, ચાહે એ દૂરથી પઢવામાં આવે યા નઝદીકથી, પણ એહતિયાત છે કે આ બધા ગુસ્લો નેક કામ હોવાની શક્યતા છે તેવા ઈરાદા સાથે કરવામાં આવે.

**મસઅલો ૬૩૫** : ઈન્સાન તમામ એ ગુસ્લ જેનું મુસ્તહબ હોવું શરીઅતની રૂએ સાબિત છે. જેમ કે મસઅલા નં ૬૩૩માં દર્શાવેલાં મુસ્તહબ ગુસ્લોમાંથી કોઈ પણ એક ગુસ્લ કર્યું હોય, તો જે કાર્યોમાં વઝુની જરૂરત હોય છે, જેમકે નમાઝ વગેરે માટે વઝુ કરવું જરૂરી નથી, પણ જે ગુસ્લો નેક કામ હોવાની શક્યતાના ઈરાદા સાથે કર્યા હોય જેમકે એ ગુસ્લો જે મસઅલા નં.૬૩૪માં દર્શાવેલા છે. તે બાદ વઝુ કરવું જોઈએ, અને માત્ર ગુસ્લ કાફી નહિ ગણાય.

**મસઅલો ૬૩૬** : અગર કોઈ શખ્સ ઉપર અનેક મુસ્તહબ ગુસ્લો હોય, અને આ બધા ગુસ્લોની નિય્યતથી એક જ વાર ગુસ્લ કરે તો કાફી ગણાશે. સિવાય એ કે ગુસ્લ મુકલ્લફના કોઈ કાર્યને કારણે મુસ્તહબ થયા હોય જેમકે પોતાના શરીરનો કોઈ ભાગ એવા મૈયતને મસહ કર્યો હોય જેને ત્રણેય ગુસ્લ અપાઈ ગયા હોય તો આ હાલતમાં જુદા જુદા કારણોને લીધે મુસ્તહબ થયેલ ગુસ્લો માટે એક ગુસ્લ કાફી હોવામાં ઈશ્કાલ છે.

# તયમ્મુમનું બયાન

સાત સંજોગોમાં વઝુ અને ગુસ્લને બદલે તયમ્મુમ કરવું જોઈએ.

**૧. જયારે વઝુ અથવા ગુસ્લ માટે પાણી ન હોય.**

**મસઅલો ૬૩૭** : અગર ઈન્સાન કોઈ વસાહત અને આબાદીની જગ્યાએ રહેતો હોય, તો વઝુ અને ગુસ્લ માટે પાણી મેળવવા જયાં સુધી તદ્દન નિરાશ ન થાય ત્યાં સુધી સતત પ્રયાસ કરવો જોઈએ, અને આ જ હુકમ જંગલમાં રહેનાર માટે છે. જેમ કે ખાનાબદોશ, પરંતુ જો એ જંગલમાં કે જયાં આબાદી ન હોય એવા સ્થળે મુસાફરીમાં હોય, તો રસ્તામાં અથવા એ જયાં રોકાયો હોય તેની આજુબાજુ પાણીની તલાશ કરે.

એહતિયાતે લાઝિમની રૂએ અગર જમીન ટેકરાળ યા ઢાળવાળી હોય અથવા ગીચોગીચ ઝાડો હોય, જેને કારણે રસ્તો કાપી પાણી શોધવામાં મુશ્કેલી પડે તેવા સંજોગ હોય તો ચારે તરફ એક તીર એટલે કે તીરકામઠામાંથી તીર ફેંકવામાં આવે એટલા અંતર સુધી તપાસ કરવી જોઈએ (આ બાબતે મતભેદ છે. વધારેમાં વધારે ૪૮૦ હાથ એટલે ૨૨૦ મીટર બતાવવામાં આવેલ છે); અને જો જમીન સપાટ હોય તો દરેક દિશાએ બે તીર ફેંકવા જેટલા અંતર સુધી તપાસ કરવી જોઈએ.

**મસઅલો ૬૩૮** : અગર ચાર દિશાઓમાંથી અમુક તરફ સપાટ જમીન હોય, અને અમુક તરફ ઢાળ હોય કે ઊંચાઈ હોય, તો જે તરફ સપાટ હોય ત્યાં બે તીર અને જયાં સપાટ ન હોય ત્યાં એક તીરના અંતર સુધી તપાસ કરવી

જોઈએ.

**મસઅલો ૬૩૯** : જે દિશાએ યકીન હોય કે પાણી નહિ હોય, એ દિશાએ પાણીની તપાસ કરવી લાઝિમ નથી.

**મસઅલો ૬૪૦** : અગર નમાઝનો સમય તંગ ન હોય, અને પાણી હાસિલ કરવા માટે સમય હોય, તો ઈત્મીનાન અથવા યકીનની હાલતમાં તપાસના અંતરથી થોડાક દૂર જવું પડે તો જવું જોઈએ, સિવાય કે એટલે સુધી દૂર જવુ પડે કે ઈન્સાન માટે કહી શકાય કે તે પાણીથી મહેરૂમ છે, એવી જ રીતે જો ઈન્સાનને માત્ર ગુમાન હોય કે ફલાણી જગ્યાએ પાણી હશે, તો ત્યાં સુધી જવું જરૂરી નથી.

**મસઅલો ૬૪૧** : લાઝિમ નથી કે પાણીની તપાસ માટે ઈન્સાન પોતે નીકળે, બલ્કે કોઈ પણ વિશ્વાસુ શખ્સની વાત ઉપર ભરોસો કરી શકે છે કે જે શખ્સે તપાસ કરી હોય.

**મસઅલો ૬૪૨** : અગર કોઈને ગુમાન હોય કે પોતાના સફરના સામાનમાં અથવા મંઝિલમાં અથવા મંઝિલ કે કાફલામાં પાણી છે, તો જયાં સુધી એને સંતોષ ન થાય કે પાણી નથી, અથવા પાણી મેળવવાથી નાઉમ્મીદ ન થઈ જાય, ત્યાં સુધી તપાસ ચાલુ રાખવી જોઈએ. પણ જો આના પહેલાં પાણી ન હતું અને શકયતા હોય કે આવી ગયું હશે. તો તપાસ કરવી જરૂરી નથી.

**મસઅલો ૬૪૩** : જો કોઈ શખ્સ નમાઝના સમય પહેલા પાણીની તપાસ કરી હોય અને પાણી ન મળે, અને નમાઝના સમય સુધી ત્યાં જ રહે અને તેને શકયતાનો અંદેશો થાય કે કદાચ પાણી હાસિલ થઈ શકશે, તો

એહતિયાતે મુસ્તહબ છે કે ફરી વાર પાણીની તલાશ માટે જાય.

**મસઅલો ૬૪૪ :** જો કોઈ શખ્સ નમાઝનો સમય દાખલ થઈ ગયા બાદ પાણીની તપાસ કરી હોય અને પાણી ન મળે, અને ત્યાં જ હાજર રહેતા બીજી નમાઝનો સમય દાખલ થાય, તો જો એને શક્યતાનો અંદેશો થાય કે કદાચ પાણી મળી શકશે તો એહતિયાતે મુસ્તહબ છે કે ફરી વાર પાણીની તલાશ માટે જાય.

**મસઅલો ૬૪૫ :** જો નમાઝનો સમય તંગ હોય અથવા ચોર કે ફાડી ખાનાર પ્રાણીનો ભય હોય અથવા તપાસ માટે જવામાં અસહ્ય તકલીફ હોય જે સામાન્ય રીતે તે અથવા તેના જેવા માણસો સહન ન કરી શકે તેમ હોય તો પાણીની તપાસ કરવી લાઝિમ નથી.

**મસઅલો ૬૪૬ :** જો કોઈ શખ્સ પાણીની તલાશ ન કરે, અને નમાઝનો સમય તંગ થઈ જાય, એવા સંજોગમાં કે જો તે તલાશ માટે જાત તો પાણી પ્રાપ્ત થયું હોત તો પણ એની નમાઝ તયમ્મુમથી સહીહ છે, પણ ગુનેહગાર થશે.

**મસઅલો ૬૪૭ :** જો કોઈ શખ્સને યકીન હોય કે પાણી હાસિલ નહિ કરી શકે, અને પાણીની તપાસ ન કરે; અને તયમ્મુમથી નમાઝ પઢી લીધા બાદ તેને ખબર પડે કે તપાસ કરી હોત તો પાણી હાસિલ થઈ શકતે તો એવા સંજોગોમાં એહતિયાતે લાઝિમ છે કે એ પાણીથી વઝુ કરીને ફરીથી નમાઝ પઢે.

**મસઅલો ૬૪૮ :** જો કોઈ શખ્સ પાણીની પૂરી તલાશ કર્યા બાદ નિરાશ થઈ ગયો હોય, અને તયમ્મુમથી નમાઝ પઢી લીધા બાદ તેને ખબર પડે કે જે જગ્યાએ તપાસ કરી હતી ત્યાં પાણી હતું, તો એ શખ્સની નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૬૪૯ :** જો કોઈ શખ્સને યકીન હોય કે નમાઝનો સમય તંગ છે, અને પાણીની તપાસ કર્યા વગર તયમ્મુમથી નમાઝ પઢે, અને ત્યારબાદ નમાઝ કઝા થયા પહેલાં તેને જાણ થાય કે તેની પાસે પાણીની તલાશ માટે પૂરતો સમય હતો, તો એહતિયાતે વાજિબ છે કે ફરીથી નમાઝ પઢે.

**મસઅલો ૬૫૦ :** જો કોઈ શખ્સ નમાઝનો સમય દાખલ થયા બાદ વઝુની હાલતમાં હોય, અને એ જાણતો હોય કે જો વઝુને બાતિલ કરશે તો પાણી નહી મેળવી શકે અથવા એ કે ફરી વાર વઝુ નહિ કરી શકે, તો એહતિયાતે વાજિબ છે કે શક્ય હોય ત્યાં સુધી પોતાના વઝુને બાતિલ ન કરે, પણ જો એ પોતાની પત્ની સાથે સંભોગ કરવા માંગે તો કરી શકે, ભલે પછી તેને ખબર હોય કે ગુસ્લ નહિ કરી શકે.

**મસઅલો ૬૫૧ :** એક શખ્સ પાસે જો એટલું જ પાણી હોય કે એનાથી વઝુ અથવા ગુસ્લ કરી શકે, અને જાણતો હોય કે એ પાણી ઢોળ્યાં બાદ ફરી પાણી નહી મેળવી શકે, અને જો નમાઝનો સમય દાખલ થઈ ચૂક્યો હોય તો પાણીને ઢોળવુ હરામ છે, એહતિયાતે વાજિબની રૂએ

નમાઝનો સમય દાખલ થયા પહેલાં પણ એને પાણી ન ઢોળવુ જોઈએ.

**મસઅલો ૬૫૨** : જો કોઈ શખ્સ જાણતો હોય કે ફરી પાણી નહિ મળે, તે છતાં નમાઝનો સમય દાખલ થઈ ગયા બાદ પોતાના વઝુ ને બાતિલ કરે અથવા પાણીને ઢોળી નાખે, તો પછી તે ગુનેહગાર ગણાશે, પરંતુ તેની નમાઝ તયમ્મુમ સાથે સહીહ છે ; એહતિયાતે મુસ્તહબ છે કે એ નમાઝની કઝા પણ બજાવી લાવે.

**૨. પાણી સુધી ન પહોંચી શકે.**

**મસઅલો ૬૫૩** : જો કોઈ શખ્સ ઘડપણ કે કમજોરીને કારણે, ચોર અથવા ફાડી ખાનાર જાનવરના વગેરેના ડરના કારણે અથવા કૂવામાંથી પાણી ખેંચવાનું સાધન ન હોવાના કારણે પાણી ન મેળવી શકે, તો તે તયમ્મુમ કરશે.

**મસઅલો ૬૫૪** : જો કૂવામાંથી પાણી ખેંચી લાવવા માટે ડોલ, રસ્સી વગેરે જરૂરી સાધનોની જરૂરત હોય તે સાધન મજબૂરીની હાલતમાં અસાધારણ કિંમત આપીને ખરીદવુ કે ભાડે લેવુ પડે તેમ હોય તો પણ તે હાંસિલ કરવું જોઈએ, એવી જ રીતે અગર પાણી અસાધારણ કિંમતે વેચાતું મળતું હોય, તો પણ તે મેળવવું જોઈએ ; પણ જો કિંમત એટલી મોંઘી હોય કે ઈન્સાનની માલી હાલત માટે નુકસાનકર્તા હોય, તો પાણી મેળવવું વાજિબ નથી.

**મસઅલો ૬૫૫** : જો પાણી મેળવવા માટે લાચારીએ કરજ લેવું પડતું હોય તો કરજ લેવું જોઈએ, પણ જો કોઈ શખ્સને યકીન અથવા ગુમાન હોય કે એ કરજ ભરપાઈ

નહિ કરી શકે, તો કરજ લેવું વાજિબ નથી.

**મસઅલો ૬૫૬** : જો પાણી મેળવવા ખાતર કૂવો ખોદવામાં વધારે પડતી મહેનત ન હોય, તો કૂવો ખોદવો જોઈએ.

**મસઅલો ૬૫૭** : જો કોઈ શખ્સ કોઈ પણ એહસાન જતાવ્યા વગર પ્રમાણસર પાણી આપતો હોય, તો તેની પાસેથી એ સ્વીકારી લેવું જોઈએ.

## ૩. પાણીના ઉપયોગમાં ડર હોય

**મસઅલો ૬૫૮** : જો કોઈ શખ્સને ભય હોય કે પાણીના ઉપયોગથી તેની જાન ખતરામાં મૂકાશે, અથવા એવી બીક હોય કે પાણીથી એ બીમાર પડશે અથવા તેનામાં કોઈ ખોડ-ખાંપણ પેદા થઈ જશે, અથવા એ કે તેની બીમારી લંબાશે અથવા વધુ જોર પકડશે અથવા ઈલાજમાં તકલીફ પડશે, તો એવા સંજોગોમાં તયમ્મુમ કરશે.

પણ અગર એ પાણીથી થતા નુકસાનને દૂર કરી શકતો હોય, જેમકે પાણીને ગરમ કરવાથી વઝુની શક્યતા હોય અથવા ગુસ્લ કરી શકતો હોય, તો પછી એ મુજબ વર્તવું જોઈએ.

**મસઅલો ૬૫૯** : લાઝિમ નથી કે ઈન્સાન યકીન કરે કે પાણી એના માટે નુકસાનકારક છે કે નહિ, બલ્કે જો એને ગુમાન હોય કે પાણી તેને નુકસાન પહોંચાડશે, અને એ ગુમાન સામાન્ય નજરે વ્યાજબી લેખાતું હોય, તો તે

તયમ્મુમ કરશે.

**મસઅલો ૬૬૦** : અગર કોઈ શખ્સ યકીનપૂર્વક અથવા બીકથી એમ ધારે કે પાણી તેના માટે નુકસાનકર્તા છે, અને તયમ્મુમ કરે, પણ નમાઝ પહેલાં એને જાણ થાય કે પાણી નુકસાનકર્તા નથી, તો તયમ્મુમ બાતિલ થશે ; અને જો નમાઝ બાદ એવી જાણ થાય તો ગુસ્લ અથવા વઝુ કરીને ફરીવાર નમાઝ પઢશે. સિવાય કે નુકસાનનું ગુમાન અથવા યકીન હોવાના કારણે એવી બેચેની થાય કે તે સહન કરવી મુશ્કેલ હોય.

**મસઅલો ૬૬૧** : જો કોઈ શખ્સને યકીન હોય કે પાણી તેના માટે નુકસાનકારક નથી, અને ગુસ્લ અથવા વઝુ કર્યા બાદ તેને જાણ થાય કે પાણી નુકસાનકર્તા હતું, તો તેનું વઝુ અને ગુસ્લ બાતિલ છે.

## ૪. અસહ્ય તકલીફ હોય

**મસઅલો ૬૬૨** : કોઈ ઈન્સાનને પાણી મેળવવા અથવા વાપરવા માટે એવી તકલીફ વેઠવી પડે તેમ હોય કે સામાન્ય રીતે તે તકલીફ અસહ્ય હોય તો તયમ્મુમ કરી શકે છે. પણ તેમ છતાં જો તકલીફ સહન કરી વઝુ અથવા ગુસ્લ કરે તો તે સહીહ છે.

## ૫. પ્યાસ છીપાવવા માટે

**મસઅલો ૬૬૩** : જો એક શખ્સને એવો ભય હોય કે પાણીને વઝુ અથવા ગુસ્લ માટે વાપર્યા બાદ પ્યાસને કારણે એ સંકટમાં મૂકાશે, તો એવા શખ્સે તયમ્મુમ કરવું

જોઈએ, પણ તે બે સંજોગમાં જાઈઝ છે.

(અ) પાણીને વઝુ કે ગુસ્લ માટે ઉપયોગમાં લેવાથી તાત્કાલિક અથવા પછીથી એ પ્યાસને કારણે હલાક થઈ જાય અથવા બીમારીનો ભોગ બને અથવા અસહ્ય સંકટમાં મૂકાય.

(બ) તેને લાગતા વળગતા લોકો ભલે પછી તે મોહતરમ ન હોય, પરંતુ જો તેની ઝિંદગીમાં તે લોકોનું મહત્વ હોય ભલે પછી તે મહત્વ મોહબ્બતને કારણે હોય કે તેઓના હલાક થવાથી માલી નુકસાન થવાની સંભાવના હોય કે પછી તેઓનું ધ્યાન રાખવું સામાજિક રીતે જરૂરી હોય જેમ કે દોસ્ત પાડોશી વગેરે, (તો તયમ્મુમ કરી શકે છે)

ઉપરોક્ત બે સંજોગો સિવાય પ્યાસના કારણે તયમ્મુમ જાઈઝ હોય શકે છે. પણ તે પ્યાસને કારણે નહી, પરંતુ પ્યાસની બેચેની અથવા મોત અથવા અસહ્ય તકલીફથી બચવા માટે જ હોઈ શકે છે.

**મસઅલો ૬૬૪** : જો કોઈ શખ્સ પાસે વઝુ અથવા ગુસ્લ માટે પાક પાણી હોવા ઉપરાંત પીવા માટે નજીસ પાણી હોય, તો એ પીવા માટે પાક પાણી રાખશે અને તમમ્મુમથી નમાઝ પઢશે. પણ જો પીવાનું પાણી પોતાના સંબંધીઓ માટે જરૂરી હોય, તો એ શખ્સ પાક પાણીથી વઝુ અથવા ગુસ્લ કરી શકશે, ભલે પછી સંબંધીઓ પ્યાસને સંતોષવા માટે નજીસ પાણી ઉપયોગમાં લેવા માટે મજબૂર થાય, બલ્કે અગર એ સંબંધીઓને નજાસતની ખબર ન હોય અથવા નજીસ પાણીથી પરહેઝ ન કરતા હોય, તો

પછી લાઝિમ છે કે પોતે પાક પાણીને વઝુ અથવા ગુસ્લ માટે વાપરે.

એવી જ રીતે જો પીવા માટે હૈવાન કે નાબાલિગ બચ્ચાને નજીસ પાણી આપવું પડે તો આપે અને પોતે પાક પાણીથી વઝુ અને ગુસ્લ અંજામ આપે.

**૬. વઝુ અને ગુસ્લની સાથે બીજી શરઈ જવાબદારી ટકરાતી હોય કે જે વઝુ અને ગુસ્લ બરાબર હોય અથવા તેના કરતા વધારે મહત્વની હોય.**

**મસઅલો ૬૬૫ :** જે માણસનું શરીર અથવા કપડાં નજીસ હોય, અને પાણી એટલું થોડું હોય કે વઝુ અથવા ગુસ્લ કરવા જતાં શરીર કે કપડાંને પાક ન કરી શકે, તો એવા સંજોગમાં એ શરીર અથવા કપડાંને પાક કરશે; અને તયમ્મુમથી નમાઝ પઢશે, પણ જો તયમ્મુમ કરવા માટે જોઈતી વસ્તુઓમાંથી કોઈ પણ મોજૂદ ન હોય, તો પછી પાણીને વઝુ અથવા ગુસ્લ માટે વાપરશે, અને નજીસ શરીર કે કપડાં સાથે નમાઝ અદા કરશે.

**મસઅલો ૬૬૬ :** જો કોઈ શખ્સ પાસે એવું પાણી કે વાસણ હોય કે જેનો ઉપયોગ હરામ હોય, અને એ સિવાય બીજું પાણી કે વાસણ ન હોય, જેમકે પાણી કે વાસણ ગસ્બી હોય અને એ સિવાય બીજુ પાણી અને વાસણ મોજૂદ ન હોય, તો એ શખ્સ વઝુ અને ગુસ્લને બદલે તયમ્મુમ કરશે.

**૭. સમય તંગ હોય**

**મસઅલો ૬૬૭ :** જયારે નમાઝનો સમય એટલો તંગ હોય કે વઝુ કે ગુસ્લ કરવા જતાં આખી નમાઝ અથવા એનો અમુક ભાગ કઝા થઈ જાય, ત્યારે તયમ્મુમ કરવું જોઈએ.

**મસઅલો ૬૬૮ :** અગર કોઈ શખ્સ જાણી બુજીને નમાઝ પઢવામાં એટલી ઢીલ કરે કે વઝુ અથવા ગુસ્લ માટે સમય બાકી ન રહે તો એ ગુનેહગાર છે, પણ તયમ્મુમ કરીને જે નમાઝ એ પઢશે એ નમાઝ સહીહ છે, જો કે એહતિયાતે મુસ્તહબ છે કે એ નમાઝની કઝા પણ પઢે.

**મસઅલો ૬૬૯ :** જો કોઈને શક હોય કે વઝુ અથવા ગુસ્લ કરવા જતાં નમાઝનો વખત બાકી રહેશે કે નહિ, તો એ તયમ્મુમ કરશે.

**મસઅલો ૬૭૦ :** જે શખ્સ નમાઝના વખતની તંગીને કારણે તયમ્મુમ કરે, અને નમાઝ બાદ વઝુ કરવાની આવશ્યકતા હોવા છતાં વઝુ ન કરે, એટલે સુધી કે પાણી હાથમાંથી જતું રહે, તો જો હજી તેના માટે તયમ્મુમનો હુકમ બાકી હોય, તો પણ એ બીજી નમાઝો માટે ફરી તયમ્મુમ કરશે, ભલે પછી તેનું પહેલું તયમ્મુમ બાતિલ ન થયું હોય.

**મસઅલો ૬૭૧ :** જો કોઈ શખ્સ પાસે પાણી હોય, પણ નમાઝના સમયની તંગીને કારણે તયમ્મુમ કરીને નમાઝ પઢે, અને એ દરમિયાન પાણી હાથમાંથી જતું રહે, તો જો તેના ઉપર હજી તયમ્મુમનો હુકમ લાગુ પડતો હોય, તો બીજી નમાઝો માટે નવેસરથી તયમ્મુમ કરવું

જરૂરી નથી. પણ બહેતર છે તયમ્મુમ કરે.

**મસઅલો ૬૭૨** : જો કોઈ શખ્સ પાસે એટલો જ સમય હોય કે વઝુ અથવા ગુસ્લ કરીને નમાઝ મુસ્તહબ કાર્યો વિના સમયની અંદર અદા કરે, જેમકે એકામહ અથવા કુનૂત ન પઢે, તો એવા માણસે વઝુ અથવા ગુસ્લ કરીને મુસ્તહબ કાર્યો વગર નમાઝ પઢવી જોઈએ, બલ્કે અગર સૂરો પઢવા જેટલો પણ સમય ન હોય, તો એ માણસે વઝુ અથવા ગુસ્લ કરવું જોઈએ ; અને નમાઝને સૂરો પઢયા વગર અદા કરવી જોઈએ.

## જે વસ્તુઓ ઉપર તયમ્મુમ કરવું સહીહ છે :

**મસઅલો ૬૭૩** : તયમ્મુમ માટી, રેતી, ઢેલા અને પત્થર ઉપર થઈ શકે છે ; પણ એહતિયાતે મુસ્તહબ છે કે જયાં સુધી માટી હોય ત્યાં સુધી બીજી કોઈ વસ્તુ ઉપર તયમ્મુમ ન કરવામાં આવે, માટી ન હોય તો નરમ રેતી ઉપર જે એટલી નરમ હોય કે તેને માટી કહી શકાય અને જો એ ન હોય તો ઢેલાનો ઉપયોગ કરવો જોઈએ, અને જો એ પણ ન હોય તો પછી પત્થર ઉપર તયમ્મુમ કરે.

**મસઅલો ૬૭૪** : ચૂનાના પત્થર ઉપર તેમજ જીપ્સમ ઉપર તયમ્મુમ સહીહ ગણાશે; એવી જ રીતે જે રજકણ ગાલીચા ઉપર કે કપડાં ઉપર એકત્રિત થાય છે, જો તે એટલા પ્રમાણમાં હોય કે તેને બારીક માટી તરીકે ઓળખી શકાય તો તેના ઉપર તયમ્મુમ થઈ શકશે, પણ એહતિયાતે મુસ્તહબની રૂએ જયારે કોઈ પણ જાતની મજબૂરી ન

હોય ત્યારે એ રજકણ વગેરે ઉપર તયમ્મુમ ન કરવામાં આવે, એવી જ રીતે એહતીયાતે મુસ્તહબની બિના પર ઈખ્તીયારની હાલતમાં પકાવવામાં આવેલા ચૂના, જીપ્સમ, ઈંટ અને ખાણમાંથી નીકળેલા પત્થરો, જેમકે અકીક વગેરે ઉપર તયમ્મુમ ન કરવામાં આવે.

**મસઅલો ૬૭૫** : જો કોઈ પણ સંજોગે ધૂળ, રેંતી, માટી, કે પત્થર હાંસિલ ન થાય, તો ભીની માટી ઉપર તયમ્મુમ કરવું જોઈએ, અને જો એ પણ ન મળે તો પછી ગાલીચા, કપડાં ઉપર જે સાધારણ રજ બેસે છે, ચાહે એ બહુજ ઓછા પ્રમાણમાં હોય, તેના ઉપર તયમ્મુમ કરે, અને જો ઉપરોકત કોઈ પણ વસ્તુ ન હોય તો એહતિયાતે મુસ્તહબ છે કે તયમ્મુમ વિના નમાઝ પઢે, પણ તે પછી તે નમાઝની કઝા બજાવી લાવવી વાજિબ છે.

**મસઅલો ૬૭૬** : જો કોઈ શખ્સ ગાલીચા વગેરે જેવી વસ્તુને ઝટકો આપીને ધૂળ ભેગી કરી શકતો હોય, તો પછી માત્ર રજ લાગેલી વસ્તુઓ ઉપર તયમ્મુમ બાતિલ ગણાશે, એવી જ રીતે અગર ભીની માટીને સુકવીને તેમાંથી ધૂળ મેળવી શકતો હોય તો ભીની માટી ઉપર તયમ્મુમ બાતિલ છે.

**મસઅલો ૬૭૭** : જો એક શખ્સ પાસે પાણી ન હોય પણ એને બદલે બરફ હોય, જેને પીગળાવીને પાણી મેળવી શકતો હોય તો તેના ઉપર જરૂરી છે એ બરફને પીગળાવીને એ પાણીથી વઝુ કરે અથવા ગુસ્લ બજાવી લાવે, પણ જો એ શક્ય ન હોય અને તયમ્મુમ કરવા

લાયક વસ્તુઓમાંથી કોઈપણ વસ્તુ મોજૂદ ન હોય, તો નમાઝને તેના સમય બાદ કઝા રૂપે બજાવી લાવે, અને બહેતર એ છે કે બરફથી જ વઝુ અથવા ગુસ્લના ભાગોને થોડા ભીના કરે અને વઝુમાં તેજ ભીનાશથી માથા અને પગની મસાહ કરે, અને જો એ પણ શક્ય ન હોય તો પછી બરફ ઉપર તયમ્મુમ કરી સમયની અંદર નમાઝ અદા કરે. અલબત્ત બંને સંજોગોમાં નમાઝની કઝા બજાવી લાવવી જોઈએ.

**મસઅલો ૬૭૮** : અગર ધૂળ અથવા રેતીમાં સૂકું ઘાસ યા એવી બીજી વસ્તુ ભેળસેળ કરવામાં આવે કે જે વસ્તુ ઉપર તયમ્મુમ બાતિલ હોય, તો એવી ધૂળ વગેરેથી તયમ્મુમ સહીહ નહિ ગણાય, પણ જો એ ભેળસેળ કરવામાં આવેલી વસ્તુનું પ્રમાણ એટલું ઓછું હોય કે ધૂળ, રેંતીમાં ભેળવેલ છે તેમ ન કહી શકાય તો એવી ધૂળ કે એવી રેંતી ઉપર તયમ્મુમ સહીહ ગણાશે.

**મસઅલો ૬૭૯** : જો કોઈ શખ્સ પાસે તયમ્મુમ કરી શકે એવી વસ્તુ મોજૂદ ન હોય, તો શક્ય સંજોગમાં તેની ખરીદ વગેરેથી તેને હાંસિલ કરવું જરૂરી છે.

**મસઅલો ૬૮૦** : માટીની દિવાલ ઉપર તયમ્મુમ સહીહ છે; અને એહતિયાતે મુસ્તહબ છે કે સુકી જમીન કે ધૂળની મોજૂદગીમાં ભેજવાળી માટી કે જમીન ઉપર તયમ્મુમ ન કરવામાં આવે.

**મસઅલો ૬૮૧** : જે વસ્તુ ઉપર તયમ્મુમ કરવામાં આવે તેનું પાક હોવું જરૂરી છે, એહતિયાતે વાજિબની રૂએ એવી

ગંદકીથી પણ સાફ હોવી જોઈએ જેનાથી ઈન્સાનને નફરત થાય છે અને અગર એવી પાક વસ્તુ મોજૂદ ન હોય તો નમાઝ તે વખતે વાજિબ નથી, પણ તેની કઝા આપવી પડશે, અને બેહતર છે કે સમયની અંદર પણ નમાઝ પઢે, પરંતુ જો સંજોગ એવો હોય કે નજીસ ગાલીચાના રજકણ સિવાય તયમ્મુમ માટે બીજો કોઈ વિકલ્પ ન હોય તો એહતિયાતે વાજિબની રૂએ તયમ્મુમ કરી નમાઝ પઢે ત્યારબાદ તેની કઝા પણ બજાવી લાવે.

**મસઅલો ૬૮૨** : જો યકીન હોય કે ફલાણી વસ્તુ ઉપર તયમ્મુમ સહીહ છે; અને તેના ઉપર તયમ્મુમ કરી લીધા બાદ ખબર પડે કે તેના ઉપર કરવામાં આવેલ તયમ્મુમ બાતિલ હતું, તો એ તયમ્મુમથી જેટલી નમાઝો પઢી હોય તે સર્વ ફરી પઢી લેવી જોઈએ.

**મસઅલો ૬૮૩** : જે વસ્તુ ઉપર તયમ્મુમ કરવામાં આવે તે ગસ્બી ન હોવી જોઈએ, દા.ત.અગર કોઈ ગસ્બી ધૂળ ઉપર તયમ્મુમ કરે, તો એ તયમ્મુમ બાતિલ ગણાશે.

**મસઅલો ૬૮૪** : તયમ્મુમ માટે શરત નથી કે વાતાવરણ ગસ્બી ન હોય, અગર કોઈ પોતાની મિલકતવાળી જમીન ઉપર હાથ મારીને તયમ્મુમ માટે હથેળી ઉપર ધૂળ લ્યે; અને પછી રજા વિના કોઈ બીજાની મિલકતમાં દાખલ થઈને એ હથેળીઓને પોતાની પેશાની ઉપર ફેરવે તો તયમ્મુમ સહીહ થશે, જો કે ગુનેહગાર થયો છે.

**મસઅલો ૬૮૫** : જો કોઈ શખ્સ ભૂલથી અથવા

ગફલતથી ગસ્બી વસ્તુ ઉપર તયમ્મુમ કરે તો તેનું તયમ્મુમ સહીહ ગણાશે, પણ જો એ વસ્તુ એણે પોતાએ ગસ્બ કરી હોય અને પછી ભૂલી ગયો હોય, તો તેવી વસ્તુ ઉપર તયમ્મુમનું સહીહ હોવામાં ઈશકાલ (વાંધો) છે.

**મસઅલો ૬૮૬** : જો કોઈ શખ્સ કોઈ ગસ્બી જગ્યાએ કેદ હોય, અને ત્યાંનું પાણી અને ધૂળ બંને ગસ્બી હોય, તો એ શખ્સ માટે જરૂરી છે કે તયમ્મુમ કરીને નમાઝ પઢે.

**મસઅલો ૬૮૭** : એહતિયાતે લાઝિમ છે કે જે વસ્તુ ઉપર તયમ્મુમ કરવામાં આવે, તેના ઉપર રજ કે ધૂળ ચોંટેલી પડી હોય, જેથી તેના ઉપર હાથ મારતાં એ ધૂળ હથેળીમાં રહે, અને હથેળીમાંથી ધૂળ ખંખેરતી વખતે એ ધ્યાન રાખવું જોઈએ કે એટલા જોરથી ન ખંખેરે કે હથેળીમાં કોઈ ધૂળ બાકી ન રહેવા પામે.

**મસઅલો ૬૮૮** : જમીનમાં પડી ગયેલ ખાડા, રસ્તાની ધૂળ અને નમકવાળી જમીન ઉપર તયમ્મુમ મકરૂહ છે, પરંતુ જો જમીન પૂરી નમકથી ઢંકાઈ ગઈ હોય તો તે ઉપર તયમ્મુમ બાતિલ છે.

## વઝુ અથવા ગુસ્લને બદલે તયમ્મુમ કરવાની રીત :

**મસઅલો ૬૮૯** : વઝુ અથવા ગુસ્લને બદલે તયમ્મુમ કરવામાં ત્રણ બાબતો વાજિબ છે :

(૧) જે વસ્તુ ઉપર તયમ્મુમ સહીહ હોય તેની ઉપર બંને હથેળીઓ મારવી અથવા રાખવી જોઈએ, અને એહતિયાતે

લાઝિમ છે કે બંને હથેળીઓ એકી સાથે રાખવામાં કે મારવામાં આવે.

(૨) બંને હથેળીઓને આખીય પેશાની ઉપર અને એહતિયાતે વાજિબની રૂએ તેની બંને બાજુઓ ઉપર એવી રીતે ફેરવે કે જયાંથી વાળ ઊગે છે, ત્યાંથી આંખના ભવાં સુધી અને નાકના ઉપલા ભાગ સુધી હથેળીઓ પહોંચે, એહતિયાતે મુસ્તહબ છે કે આંખના નેણ ઉપર પણ હથેળી ફેરવવામાં આવે.

(૩) ડાબા હાથની હથેળી જમણા હાથના ઉપલા ભાગ ઉપર (એટલે કે હથેળીની પીઠ ઉપર) અને ત્યારબાદ એવી જ રીતે જમણા હાથની હથેળી ડાબા હાથના ઉપલા ભાગ ઉપર ફેરવવી જરૂરી છે. એહતિયાતે વાજિબની રૂએ જમણા અને ડાબા હાથના ક્રમનું ધ્યાન રાખવામાં આવે અને જરૂરી છે કે તયમ્મુમ કુરબતની નિય્યતથી કરવામાં આવે જેવી રીતે વઝુઅના મસાઈલમાં બયાન થયું છે.

**મસઅલો ૬૯૦** : એહતિયાતે મુસ્તહબની રૂએ વઝુ અથવા ગુસ્લની બદલે તયમ્મુમનો ક્રમ આ પ્રમાણે છે :

(અ) એક વાર બંને હથેળીઓ જમીન ઉપર મારી હથેળીને પોતાની પેશાની અને બંને હથેળીઓની પીઠ ઉપર ફેરવે;

(બ) ત્યારબાદ બીજીવાર બંને હથેળીઓ જમીન ઉપર મારી માત્ર બંને હાથની હથેળીઓની પીઠ ઉપર ફેરવે.

## તયમ્મુમના એહકામ :

**મસઅલો ૬૯૧** : જો કોઈ શખ્સ જાણી-જોઈને કે મસઅલાથી અજાણ હોવાને કારણે કે ભૂલી જવાથી

તયમ્મુમના કોઈપણ ભાગ ઉપર પૂરી રીતે હાથ ન ફેરવે, અને થોડો ભાગ પણ રહી જવા પામે તો તયમ્મુમ બાતિલ ગણાશે, અલબત્ત એ બાબતમાં વધુ પડતી ચીવટની પણ જરૂરત નથી, જો એમ કહી શકાય કે આખી પેશાની અને હાથ હથેળીની પીઠ ઉપર હાથ ફરી ગયો છે તો એ કાફી ગણાશે.

**મસઅલો ૬૯૨** : જો કોઈને શંકા થતી હોય કે હથેળીની પૂરી પીઠ ઉપર હાથ ફર્યો છે કે નહિં, તો યકીન કરવા માટે કાંડાથી સહેજ ઉપરથી હાથ ફેરવે, પરંતુ આંગળીઓ વચ્ચે હાથ ફેરવવાની જરૂરત નથી.

**મસઅલો ૬૯૩** : પેશાની અને હથેળીઓની પીઠ ઉપર હાથ ફેરવતી વખતે અહવતની રૂએ હાથ ઉપરથી નીચેની તરફ ફેરવવો જોઈએ, એવી જ રીતે તયમ્મુમના તમામ કાર્યો એક પછી એક ઢીલ વગર અંજામ આપવા જરૂરી છે, જો કાર્યો વચ્ચે એટલી વાર લગાડે કે ખબર ન પડે કે તયમ્મુમ કરી રહ્યો છે, તો તયમ્મુમ બાતિલ છે.

**મસઅલો ૬૯૪** : નિય્યત કરતી વખતે એ નક્કી કરવું જરૂરી નથી કે વઝુના બદલે તયમ્મુમ કરી રહ્યો છે કે ગુસ્લના બદલે કરી રહ્યો છે, પણ જે સંજોગમાં બંને તયમ્મુમ વાજિબ થયાં હોય, તો દરેકનું નક્કી કરવું લાઝિમ છે.

જયારે એક જ તયમ્મુમ તેના ઉપર વાજિબ હોય, અને એ નિય્યત કરે કે હાલ તેના ઉપર જે તયમ્મુમ વાજિબ થયું છે તે બજાવી રહ્યો છે, તો એનું તયમ્મુમ સહીહ ગણાશે, ભલે પછી તેણે તેની ધારણામાં ભૂલ કરી હોય.

**મસઅલો ૬૯૫** :તયમ્મુમ કરતી વખતે પેશાની હથેળીઓ અને હથેળીઓની પીઠ પાક હોવી જરૂરી નથી પણ બહેતર છે પાક હોય.

**મસઅલો ૬૯૬** : હથેળીની પીઠ ઉપર હાથ ફેરવતી વખતે હાથમાંથી વીંટી કાઢી લેવી જરૂરી છે; અને જો પેશાની, હથેળીઓ કે હથેળીઓની પીઠ ઉપર કોઈ રૂકાવટ હોય, જેમકે કંઇ વસ્તુ ચોંટેલી હોય તો તેને પણ દૂર કરી લેવી જોઈએ.

**મસઅલો ૬૯૭** : જો પેશાની કે હથેળીઓની પીઠ ઉપર જખ્મને કારણે પાટો બાંધેલો હોય અને એ ખોલી શકાતો ન હોય, તો એ પાટા ઉપર જ હાથ ફેરવવો જોઈએ; એવી જ રીતે જો જખ્મને કારણે હથેળી ઉપર પાટો હોય એ ખોલી શકાતો ન હોય, તો પાટાની સાથે જ તયમ્મુમની વસ્તુ ઉપર હાથ મારીને તયમ્મુમ કરશે. પણ જો હથેળીનો અમુક ભાગ ખુલ્લો હોય તો તેને જ જમીન ઉપર મારી મસહ કરશે તો કાફી છે.

**મસઅલો ૬૯૮** : જો પેશાની કે હથેળીની પીઠ ઉપર સામાન્ય વાળ હોય તો કંઈ વાંધો નથી, પણ અગર માથાના વાળ પેશાની ઉપર ઉતરી આવ્યા હોય, તો તેને હટાવી લેવા જરૂરી છે.

**મસઅલો ૬૯૯** : અગર એવું ગુમાન થાય કે પેશાની, હથેળીઓ અથવા હથેળીઓની પીઠ ઉપર કંઈક રૂકાવટ છે, અને જો એ ગુમાન સામાન્ય રીતે વ્યાજબી લેખાતું હોય, તો પછી તેની પૂરી તપાસ કરીને યકીન અને

ઈત્મીનાન હાંસિલ કરવું જોઈએ કે કંઈપણ રૂકાવટ રહી નથી.

**મસઅલો ૭૦૦** : જો કોઈ શખ્સ ઉપર તયમ્મુમ વાજિબ હોય, પણ એ એકલો બજાવી લાવી શકતો ન હોય, તો બીજાની મદદ લેવી જોઈએ, અને એ મદદ વડે પોતાના હાથો જે વસ્તુ ઉપર તયમ્મુમ સહીહ છે તેના ઉપર મારે, અને પછી પેશાની અને હથેળીની પીઠ ઉપર પોતે હાથ ફેરવે.

અને જો એ શક્ય ન હોય તો મદદ કરનાર તેને તેના જ હાથોથી તયમ્મુમ કરાવે, અને જો એ પણ શક્ય ન હોય તો મદદ કરનાર પોતાના હાથને જે વસ્તુ ઉપર તયમ્મુમ સહીહ છે તેની ઉપર મારી તેની પેશાની અને હથેળીની પીઠ ઉપર ફેરવી આપે. આ છેલ્લા બે સંજોગમાં એહતિયાતે લાઝીમ છે કે બંને જણ તયમ્મુમની નિય્યત કરે. પરંતુ પહેલી પરિસ્થિતિમાં (ફક્ત) જેના ઉપર તયમ્મુમ જરૂરી હોય તે નિય્યત કરી લ્યે તો કાફી ગણાશે.

**મસઅલો ૭૦૧** : જો તયમ્મુમ દરમિયાન શક જાય કે કોઈ ભાગ રહી જવા પામ્યો છે, તો અગર જે ભાગ વિશે શંકા થાય તેનો મોકો વીતી ગયો હોય, તો એ શંકાની પરવા ન કરવી જોઈઅ, અને જો હજી એનો મોકો બાકી હોય, તો તે ભાગ ઉપર તયમ્મુમ કરશે.

**મસઅલો ૭૦૨** : જો ડાબી હથેળીની પીઠ ઉપર હાથ ફેરવી લીધા બાદ કોઈને શંકા જાય કે તયમ્મુમ સરખી રીતે કર્યુ છે કે નહિ, તો તેને સહીહ સમજવું, પણ જો શંકાનો

સંબંધ ડાબી હથેળીની પીઠ ઉપર હાથ ફેરવવા સાથે હોય, તો તે ઉપર ફરીથી હાથ ફેરવે. અલબત્ત, જો તયમ્મુમથી ફરાગત થઈ ગઈ હોય, એટલે દાખલા તરીકે તહારતની સાથે જે અમલ બજાવી લાવવાની શરત છે એ અમલ શરૂ કરી ચૂક્યો હોય, અથવા મવાલાત તૂટી ગયું હોય તો તયમ્મુમ સહીહ ગણાશે.

**મસઅલો ૭૦૩** : જો કોઈ શખ્સ ઉપર તયમ્મુમનો હુકમ લાગુ પડયો હોય, અને નમાઝના સમયના અંત સુધી ઉઝર બાકી રહેવાનું યકીન ધરાવતો હોય તો એ તયમ્મુમ કરી શકે છે; પણ એ બાબતનું ગુમાન હોય કે વખત દાખલ થયા બાદ તયમ્મુમ નહી કરી શકે તો નમાઝના વખત પહેલાં પણ તયમ્મુમ કરી શકે છે. અને જો એણે કોઈ બીજા વાજિબ કે મુસ્તહબ કાર્ય માટે તયમ્મુમ કર્યુ હોય, અને નમાઝના સમય સુધી તયમ્મુમ કરવાનું કારણ પણ બાકી હોય, તો એ જ તયમ્મુમથી નમાઝ પઢી શકશે.

**મસઅલો ૭૦૪** : જો કોઈ શખ્સ ઉપર તયમ્મુમ વાજિબ હોય અને એ જાણતો હોય કે નમાઝના છેલ્લા સમય સુધી તેના તયમ્મુમ કરવાનુ કારણ બાકી રહેશે અથવા તે દૂર થવા બાબતે નાઉમ્મીદ થઈ ગયો હોય, તો નમાઝ માટે પૂરતો સમય બાકી હોવા છતાં તયમ્મુમ વડે નમાઝ પઢી શકશે, પણ જો એને યકીન હોય કે નમાઝના આખર વખત સુધીમાં ઉઝર દૂર થઈ જશે, તો એણે સબર કરવી જોઈએ, જેથી પાણી વડે વઝુ અથવા ગુસ્લ કરીને

નમાઝ પઢે, બલ્કે તયમ્મુમનુ કારણ દૂર થવા બાબતે તદ્દન નાઉમ્મીદ ન થયો હોય, તો તદ્દન માયુસ ન થાય ત્યાં સુધી તયમ્મુમ કરીને નમાઝ નહિ પઢી શકે. સિવાય કે એવું ગુમાન હોય કે અગર વાર લગાડશે તો આખરી વખતે તયમ્મુમ સાથે પણ નમાઝ નહી પઢી શકે.

**મસઅલો ૭૦૫ :** જો કોઈ શખ્સ વઝુ અથવા ગુસ્લ કરી શકતો ન હોય, અને સાથે યકીન ધરાવતો હોય કે તયમ્મુમનુ કારણ દૂર નહિ થાય, અથવા એ બારામાં તદ્દન નિરાશ હોય, તો તયમ્મુમ કરીને પોતાની કઝા નમાઝો પઢી શકે છે, પણ જો એ બાદ તયમ્મુમનુ કારણ દૂર થાય તો એહતિયાતે વાજિબ છે કે જે નમાઝો પઢી ચૂક્યો હોય તે વઝુ અથવા ગુસ્લ સાથે ફરીથી પઢે પણ જો તયમ્મુમનુ કારણ દૂર થવામાં બિલ્કુલ નિરાશ ન થયો હોય તો એહતિયાતે લાઝિમની રૂએ તયમ્મુમ વડે કઝા નમાઝો નહિ પઢી શકે.

**મસઅલો ૭૦૬ :** જે શખ્સ વઝુ અથવા ગુસ્લ ન કરી શકતો હોય, તે તયમ્મુમ કરીને સુન્નતી નમાઝો, જેમકે રોજની નાફિલા નમાઝો કે જેનો સમય મુકર્રર છે તે પઢી શકે છે, પણ અગર એ તયમ્મુમનુ કારણ દૂર થવા બારામાં નિરાશ ન થયો હોય અને એને આશા હોય કે એ સુન્નતી નમાઝો તેના મુકર્રર વખતમાં વઝુ કે ગુસ્લ કરીને પઢી શકશે, તો એહતિયાતે લાઝિમ છે કે એ સુન્નતી નમાઝોને તયમ્મુમ વડે અવ્વલ વખતમાં ન પઢે. અને જે સુન્નત નમાઝોનો સમય મુકર્રર નથી તે તયમ્મુમનુ કારણ દૂર

થવાની નિરાશા વગર પણ તયમ્મુમ સાથે પઢી શકાય છે.

**મસઅલો ૭૦૭** : કોઈ શખ્સ એહતિયાતની રૂએ જબીરા ગુસ્લ સાથે તયમ્મુમ કરે, અને એ ગુસ્લ અને તયમ્મુમ બાદ નમાઝ પઢે, અને જો નમાઝ બાદ કોઈ વઝુને તોડનાર અમલ બજાવી લાવે, તો તે પછીની નમાઝો માટે વઝુ કરવું જરૂરી છે; અને જો નમાઝ પઢયા પહેલાં વઝુને તોડનાર કોઈ કાર્ય કરે, તો એ નમાઝ માટે પણ વઝુ કરવું જરૂરી છે.

**મસઅલો ૭૦૮** : પાણી હાંસિલ ન થવાથી કે કોઈપણ બીજા કારણસર અગર કોઈએ તયમ્મુમ કર્યુ હોય, તો તે કારણ દૂર થતાં એ તયમ્મુમ બાતિલ થઈ જશે.

**મસઅલો ૭૦૯** : જે બાબતો વઝુને બાતિલ કરે છે, એ બાબતો વઝુને બદલે કરવામાં આવેલ તયમ્મુમને પણ બાતિલ કરશે; એવી જ રીતે જે બાબતો ગુસ્લને બાતિલ કરે છે, એ બાબતો ગુસ્લને બદલે કરવામાં આવેલ તયમ્મુમને પણ બાતિલ કરે છે.

**મસઅલો ૭૧૦** : જે શખ્સ ગુસ્લ ન કરી શકતો હોય, અને તેના ઉપર અનેક ગુસ્લો વાજિબ થયાં હોય, તો તેના માટે એક જ તયમ્મુમ એ સર્વ ગુસ્લોના બદલામાં કરવુ જાઈઝ છે, પણ એહતિયાતે મુસ્તહબ છે કે દરેક વાજિબ થયેલા ગુસ્લના બદલામાં અલગ-અલગ તયમ્મુમ કરે.

**મસઅલો ૭૧૧** : જે શખ્સ ગુસ્લ ન કરી શકતો હોય, અને એ એવો અમલ બજાવવા માંગતો હોય કે જેના માટે

ગુસ્લ વાજિબ છે, તો એ ગુસ્લને બદલે તયમ્મુમ કરશે, એવી જ રીતે જે વઝુ ન કરી શકતો હોય, અને એવું કાર્ય કરવા માંગે કે જેના માટે વઝુ વાજિબ છે, તો વઝુને બદલે તયમ્મુમ કરશે.

**મસઅલો ૭૧૨** : જે શખ્સ ગુસ્લે જનાબતને બદલે તયમ્મુમ કરે, તેના માટે લાઝિમ નથી કે નમાઝ માટે વઝુ કરે, પણ જો બીજા ગુસ્લોને બદલે તયમ્મુમ કર્યુ હોય, તો એહતિયાતે મુસ્તહબ છે કે વઝુ પણ કરે, અને જો વઝુ ન કરી શકતો હોય તો વઝુના બદલામાં બીજું તયમ્મુમ કરે.

**મસઅલો ૭૧૩** : કોઈ શખ્સ ગુસ્લની બદલે તયમ્મુમ કર્યા બાદ વઝુને તોડનાર કોઈ અમલ કરે, અને ત્યારબાદની નમાઝો માટે ગુસ્લ ન કરી શકતો હોય તો વઝુ કરવું જરૂરી છે. અને જો વઝુ ન કરી શકતો હોય તો તેના બદલામાં તયમ્મુમ કરવું જોઈએ.

**મસઅલો ૭૧૪** : જે શખ્સ ઉપર તયમ્મુમ કરવાનો હુકમ લાગુ હોય, તે કોઈ અમલ માટે તયમ્મુમ કરે, તો જયાં સુધી તયમ્મુમનુ કારણ બાકી રહે, ત્યાં સુધી એવાં તમામ કામોને અંજામ આપી શકાશે, જેના માટે વઝુ અથવા ગુસ્લ બજાવી લાવવું જરૂરી હોય, પણ જો વખતની તંગીને લઈને એણે તયમ્મુમ કર્યુ હોય, અથવા પાણી મોજૂદ હોવા છતાં નમાઝે મૈયત યા સુવા માટે તયમ્મુમ કરેલું હોય, તો એ જ કામ અંજામ આપશે, જેના માટે એણે તયમ્મુમ કર્યુ હોય.

**મસઅલો ૭૧૫** : અમુક સંજોગોમાં બેહતર છે કે તયમ્મુમ કરીને પઢવામાં આવેલી નમાઝોની કઝા

આપવામાં આવે :
(૧) જયારે પાણીના ઉપયોગનો ડર હોવા છતાં કોઈ જાણીબૂજીને પોતાને જુનૂબની હાલતમાં દાખલ કરે, અને પછી તયમ્મુમથી નમાઝ પઢે.
(૨) જયારે કે એને યકીન હોય, અથવા ગુમાન હોય કે પાણી હાસિલ નહિ થાય, તે છતાં જાણીબૂજીને પોતાને જુનૂબમાં દાખલ કરે, અને પછી તયમ્મુમથી નમાઝ પઢી હોય.
(૩) જયારે નમાઝના આખર વખત સુધી જાણી-જોઈને પાણીની તપાસ ન કરે, અને તયમ્મુમથી નમાઝ પઢયા બાદ ખબર પડે કે જો પાણીની તલાશ કરી હોત તો એ મળી જતે.
(૪) જયારે કોઈ જાણીબૂજીને નમાઝ પઢવામાં ઢીલ કરે, અને પછી છેલ્લે સમયની તંગીને કારણે તયમ્મુમથી નમાઝ પઢે.
(૫) જયારે યકીન હોય અથવા ગુમાન હોય કે પાણી હાંસિલ નહી થાય, તે છતાં મોજૂદ પાણીને ઢોળી નાખે, અને પછી તયમ્મુમ વડે નમાઝ પઢી હોય.

## નમાઝના એહકામ

નમાઝ દીને ઈસ્લામમાં બતાવવામાં આવેલા તમામ આ'અમાલમાં સૌથી બહેતર છે, જો ખુદાની બારગાહમાં નમાઝ કબૂલ થઈ, તો બીજા આ'અમાલ પણ કબૂલ થાય છે, અને જો એ કબૂલ ન થઈ, તો બીજા આ'અમાલ કબૂલ થતા નથી.

જેવી રીતે ઈન્સાન પોતાના શરીરને દિવસમાં પાંચ વાર નહેરના પાણીથી ધોઈને સ્વચ્છ રાખે, અને શરીરના મેલને દૂર કરે, એવી જ રીતે પાંચ વખતની નમાઝો ઈન્સાનને ગુનાહોથી પાક-સાફ રાખે છે.

ઈન્સાન નમાઝને અવ્વલ વખતમાં અદા કરે તે યોગ્ય છે. જે શખ્સ નમાઝને હલ્કી ગણે છે, તે નમાઝ ન પઢવાવાળાની હરોળમાં છે.

પયગંબરે અકરમ (સ.અ.વ.)એ ફરમાવ્યું કે જે શખ્સ નમાઝને મહત્વ ન આપતો હોય, અને તેને હલ્કી ગણતો હોય, તે આખેરતના અઝાબને પાત્ર બને છે.

એક વાર રસૂલેખુદા (સ.અ.વ.) મસ્જિદમાં હાજર હતા, અને એક શખ્સ (ત્યાં) આવ્યો અને નમાઝ પઢવા લાગ્યો તે શખ્સ નમાઝ એટલી ઉતાવળે પડતો હતો કે તેના રૂકૂઅ અને સિજદાઓ સરખી રીતે અદા થતા ન હતા; (આ જોઈને) આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું : જો આ શખ્સ આવી હાલતમાં મરણ પામે, અને તેની નમાઝની આવી હાલત હોય, તો એની મોત મારા દીન ઉપર નથી.

એટલા માટે દરેક મોઅમીને ખ્યાલ રાખવો જોઈએ કે ઉતાવળે નમાઝ ન પઢે, અને નમાઝ પઢતી વખતે એકાગ્રતા સાથે, પરવરદિગારના ખોફ સાથે ધીમે ધીમે નમાઝ અદા કરે, અને એવો ખ્યાલ રાખવો જોઈએ કે કોની સામે ઉભો છે, અને ખુદાવંદે આલમની બુઝુર્ગી અને અઝમત સામે પોતાને ઝલીલ અને નાચીઝ સમજે, જયારે નમાઝ

પઢનાર આ બાબત તરફ ધ્યાન આપે છે, ત્યારે સર્વસ્વ ભૂલી જાય છે, અને એને પોતાની પણ ખબર રહેતી નથી, જેવી રીતે મૌલા હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના મુબારક પગમાંથી નમાઝની હાલતમાં તીર કાઢવામાં આવ્યું અને આપને તેની ખબર પણ ન પડી.

એજ રીતે નમાઝ પઢનારે તૌબા અને ઈસ્તેગ્ફારની આદત કેળવવી જોઈએ, અને જે ગુનાહો નમાઝને કબૂલ થવાથી રોકે છે તે ગુનાહોથી બચે, જેમકે હસદ, અભિમાન, ગીબત, હરામ ખાવું, નશાવાળું પીણું પીવું, ખુમ્સ–ઝકાત અદા ન કરવું બલ્કે તમામ પ્રકારના ગુનાહોથી પરહેઝ કરવી જોઈએ, સાથે સાથે એવા આ'અમાલ ન બજાવી લાવવા જોઈએ કે જેથી નમાઝનો સવાબ ઓછો થાય, જેમકે આંખો નિંદરથી ઘેરાયેલી હોય ત્યારે નમાઝ પઢવી, સખત પેશાબ લાગી હોય ત્યારે એ બેકરારીની હાલતમાં નમાઝ પઢવી વગેરે.

ઉપરાંત નમાઝ પઢતી વખતે આસમાન તરફ નજર ન રાખવી જોઈએ, અને જે કામો નમાઝના સવાબમાં વધારો કરે છે તે બજાવી લાવવા જોઈએ, જેમકે આંગળીમાં અકીક્ની વીંટી પહેરીને નમાઝ પઢવી, વસ્ત્રો ચોખ્ખાં પહેરવાં, વાળ ઓળી, મિસ્વાક કરી, ખુશ્બૂ લગાડીને નમાઝ પઢવી.

**વાજિબ નમાઝો :**

વાજિબ નમાઝો છ છે :

(૧) રોજની પંજગાના નમાઝો.

(૨) નમાઝે આયાત.

(૩) નમાઝે મૈયત.

(૪) ખાનએ કાઅબાના વાજિબ તવાફની નમાઝ.

(૫) બાપની કઝા નમાઝો, કે જે એહતિયાતે વાજિબની રૂએ મોટા દીકરા ઉપર વાજિબ છે.

(૬) જે નમાઝો ઈજારાને કારણે વાજિબ થઈ હોય, તેમજ જે નમાઝો નઝર, કસમ અને અહદને પરિણામે વાજિબ થઈ હોય.

નમાઝે જુમ્આનો શુમાર રોજની (પંજગાના) નમાઝોમાં થાય છે.

## રોજની વાજિબ નમાઝો :

રોજની વાજિબ નમાઝો પાંચ છે :

ઝોહર અને અસ્રની નમાઝ કે જે દરેક ચાર રકાતવાળી નમાઝ છે.

મગરિબની ત્રણ રકાત, ઈશાની ચાર રકાત, સુબ્હની બે રકાત.

**મસઅલો ૭૧૬ :** મુસાફરીમાં ચાર રકાતવાળી નમાઝ બે રકાત પઢાય છે, અને તેની શરતો આગળ જતાં સમજાવવામાં આવશે.

## ઝોહર અને અસ્રનો સમય :

**મસઅલો ૭૧૭ :** નમાઝે ઝોહર, અસ્રનો સમય ઝવાલના (ઝોહરે શરઈ તેને કહેવાય છે કે સૂરજ ઉગવાથી અર્ધો દિવસ પસાર થાય જેમકે દિવસ અગર ૧૨ કલાકનો હોય તો સૂરજ ઉગવાથી છ કલાક પસાર થાય એટલે ઝોહરે શરઈ થશે અને અગર જો દિવસ ૧૩ કલાકનો હોય તો

સૂરજ ઉગવાથી સાડા છ કલાક પસાર થાય એટલે ઝોહરે શરઈ થશે માટે ઝોહરે શરઈ સૂરજ ઉગવાથી ગુરૂબ સુધીના અર્ધો દિવસ પસાર થવાને કહેવામાં આવે છે. પરંતુ અમુક જગ્યાએ અમુક દિવસો અપવાદ રૂપે અમુક મિનિટ વહેલા મોડુ થતું હોય છે તે) સમયથી લઈને સૂર્યાસ્ત સુધી હોય છે, જો કોઈ શખ્સ જાણી-બૂજીને નમાઝે અસ્રને નમાઝે ઝોહરથી પહેલાં પઢી લ્યે તો બાતિલ છે.

સિવાય કે નમાઝનો આખર વખત હોય, અને એક નમાઝથી વધુ પઢવા માટે સમય બાકી ન રહેવા પામે, અને જો કોઈએ હજી નમાઝે ઝોહર અદા ન કરી હોય, તો તેની નમાઝે ઝોહર કઝા થઈ ગઈ ગણાશે, અને એ નમાઝે અસ્ર પઢશે.

જો કોઈ શખ્સ ભૂલથી નમાઝે અસ્ર નમાઝે ઝોહરથી પહેલાં પઢી લ્યે, તો તેની નમાઝ સહીહ છે, પણ એહતિયાતે મુસ્તહબ છે કે એ પઢેલી નમાઝને ઝોહર ગણીને માફીઝઝીમ્મહ (જે જવાબદારી માથે હોય તે)ની નિય્યતથી બીજી ચાર રકાતો પઢે.

**મસઅલો ૭૧૮ :** જો કોઈ શખ્સ નમાઝે ઝોહર પઢયા પહેલાં ભૂલથી નમાઝે અસ્ર શરૂ કરે, અને નમાઝ દરમિયાન તેને ખ્યાલ આવે કે ભૂલ થઈ છે, તો તેના માટે જરૂરી છે કે નિય્યત ફેરવીને ઝોહરની નિય્યત કરે, એટલે કે એમ સમજે કે જે કાંઈ અત્યાર સુધી પઢી ચૂક્યો, અને જે પઢી રહ્યો છે, અને જે હવે પછી પઢશે, એ સર્વ નમાઝે ઝોહર છે, એ નમાઝ પૂરી કર્યા બાદ નમાઝે અસ્ર અદા કરશે.

# નમાઝે જુમ્આ અને તેના એહકામ :

**મસઅલો ૭૧૯ :** નમાઝે જુમ્આ નમાઝે સુબ્હની જેમ બે રકાતવાળી નમાઝ છે, પરંતુ બંને નમાઝો વચ્ચે ફરક એટલો છે કે નમાઝે જુમ્આ પહેલાં બે ખુત્બાઓ જરૂરી છે.

નમાઝે જુમ્આ 'વાજિબે તખ્યીરી' છે, એટલે કે દરેક મુકલ્લફ, બાલિગ શખ્સને જુમ્આના દિવસે ઈખ્તીયાર છે કે જો તમામ શરતો પૂરી હોય ત્યારે ચાહે નમાઝે જુમ્આ પઢે અથવા નમાઝે ઝોહર પઢે, અને જો નમાઝે જુમ્આ પઢે, તો પછી નમાઝે ઝોહર પઢવાની જરૂરત રહેશે નહિ.

નમાઝે જુમ્આ વાજિબ થવાની અમુક શરતો છે :

(૧) ઝોહરનો સમય દાખલ થઈ ગયો હોવો જોઈએ, અને નમાઝે જુમ્આનો સમય અવ્વલે ઝવાલે ઊર્ફી છે, જો એથી મોડું થઈ જાય તો નમાઝે જુમ્આનો સમય બાકી રહેતો નથી, અને એની જગ્યાએ નમાઝે ઝોહર પઢવી જોઈએ.

(૨) નમાઝીઓની સંખ્યા પઢાવનાર સાથે ઓછામાં ઓછી પાંચ હોવી જોઈએ, જયાં પાંચ મુસલમાનો જમાઅતમાં ભેગા ન થઈ શકે ત્યાં નમાઝે જુમ્આ વાજિબ નથી.

(૩) નમાઝે જુમ્આ પઢાવનારમાં ઈમામતની, એટલે કે નમાઝે જમાઅત પડાવવા માટેની સર્વ શરતો, જેમકે અદાલત વગેરે હોવી જોઈએ, એ વિશે ખુલાસો નમાઝે જમાઅતના પ્રકરણમાં આવશે, જો એ શરતો સાથે પઢાવનાર મોજૂદ ન હોય તો નમાઝે જુમ્આ વાજિબ

નહિ થાય.

**નમાઝે જુમ્આ સહીહ હોવા માટે અમુક શરતો છે :**

(૧) નમાઝે જુમ્આ જમાઅતથી પઢાય, ફુરાદા નમાઝે જુમ્આ સહીહ નથી.

અને ઈમામ જયાં સુધી નમાઝે જુમ્આની બીજી રકાતના કયામમાં હોય, અને રૂકૂઅમાં ન પહોંચ્યા હોય, ત્યાં સુધી જમાઅતમાં જોડાઈ શકાશે, અને નમાઝે જુમ્આ સહીહ ગણાશે. પછી એક રકાત ફુરાદા પઢી લેશે.

પણ જો કોઈ બીજી રકાતના રૂકૂઅમાં જોડાય તો તેની નમાઝે જુમ્આ સહીહ હોવામાં ઈશ્કાલ છે, અને તેના માટે એહતિયાતે વાજિબની રૂએ નમાઝે જુમ્આ કાફી નહી ગણાય ઝોહરની નમાઝ પઢવી જરૂરી છે.

(૨) નમાઝે જુમ્આ પહેલાં ઈમામે જુમ્આ બે ખુત્બાઓ પઢે. પહેલા ખુત્બામાં ખુદાવંદે કરીમની હમ્દ અને સના (વખાણ) બાદ લોકોને તક્વા અને પરહેઝગારી ઈખ્તીયાર કરવાના બારામાં નસીહત કરવી જોઈએ. ત્યારબાદ કુરઆને મજીદનો કોઈ એક મુખ્તસર સૂરો તિલાવત કરીને બેસવું જોઈએ.

ફરી ઊભા થઈને બીજા ખુત્બામાં પરવરદિગારની હમ્દ અને સના બાદ પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને ઈમામો (અલય્હેમુસ્સલામ) ઉપર સલવાત મોકલવી જોઈએ; અને એહતિયાતે મુસ્તહબની રૂએ તમામ મોઅમેનીન માટે ઈસ્તેગફાર અને ગુનાહોની

બક્ષિશની દુઆ કરે.

ખુત્બાઓ નમાઝથી પહેલાં પઢવા લાઝિમ છે, જો કોઈ નમાઝને ખુત્બાથી પહેલાં પઢે તો એ સહીહ નહિ ગણાય, અને ઝોહરનો સમય દાખલ થાય એથી પહેલાં ખુત્બાઓ પઢી લેવામાં ઈશ્કાલ છે.

ખુત્બા પઢવાવાળા માટે લાઝિમ છે કે ઊભા રહીને પઢે જો કોઈ બેઠા બેઠા ખુત્બાઓ પઢે તો એ સહીહ નહિ ગણાય; અને ખુત્બાઓ વચ્ચે બેસવું લાઝિમ અને વાજિબ છે, પણ એ બેસવાનો સમય ટૂંકો હોવો જોઈએ અને લાઝિમ છે કે ખુત્બાઓ પઢનાર અને નમાઝે જુમ્આ પઢાવનાર એક જ શખ્સ હોય.

પરવરદિગારની હમ્દો સના અને રસૂલેખુદા (સ.અ.વ.) તથા એમની આલ ઉપર સલવાત અહવતની રૂએ અરબી ભાષામાં હોવી જોઈએ. એ સિવાય જે કાંઈ પઢાય તે માટે અરબી ભાષાની શરત નથી, બલ્કે અગર હાજરીનનો મોટો ભાગ અરબી સમજતો ન હોય, તો એહતિયાતે લાઝિમ એ છે કે ખાસ કરી તકવા, પરહેઝગારીની નસીહત વગેરે હાજરીન લોકોની ભાષામાં બયાન થાય.

(૩) બે નમાઝે જુમ્આ વચ્ચેનું અંતર એક ફરસખ (લગભગ સાડા પાંચ કિલોમીટર)થી ઓછું ન હોવું જોઈએ, જો એક જ સમયે બે જગ્યાએ નમાઝે જુમ્આ પઢાય, અને તેમના વચ્ચેનું અંતર એક ફરસખથી ઓછું હોય, તો બંનેની નમાઝે જુમ્આ બાતિલ ગણાશે.

અને જો એક જગ્યાએ નમાઝે જુમ્આ વહેલી શરૂ થાય, ભલે પછી ફક્ત તકબીરતુલ એહરામ વહેલી થઈ ગઈ હોય, તો એ નમાઝે જુમ્આ સહીહ ગણાશે, અને બીજી નમાઝે જુમ્આ બાતિલ ગણાશે.

જ્યારે નમાઝે જુમ્આ પઢી લીધા બાદ ખબર પડે કે બીજી જગ્યાએ એક ફરસખની અંદર નમાઝે જુમ્આ વહેલી અથવા એ જ સમયે પઢાવવામાં આવી હતી ત્યારે નમાઝે ઝોહર પઢવી વાજિબ નહિ થાય, અને જયારે એવી ખબર પડે, ત્યારે નમાઝે જુમ્આનો સમય બાકી હોય કે ન હોય. (કંઈપણ ફર્ક નથી.)

એક ફરસખની અંદર નમાઝે જુમ્આ બીજી જગ્યાએ ફકત એ જ સંજોગમાં બાતિલ ગણાશે, જયારે કે નમાઝે જુમ્આ જે પઢાઈ રહી હોય તે સહીહ અને જણાવેલી શરતોની સાથે હોય, પણ જો તેમ ન હોય તો તે બીજી નમાઝે જુમ્આ માટે રૂકાવટ નહિ બને.

**મસઅલો ૭૨૦** : જયારે નમાઝે જુમ્આ તમામ શરતો સાથે કાયમ થાય, અને તેને કાયમ કરનાર પોતે ઈમામ (અ.સ.) હોય અથવા એમના ખાસ પ્રતિનિધિ હોય, તો તેમાં હાજર રહેવું વાજિબ છે, પણ એ સિવાયના સંજોગમાં હાજર રહેવું વાજિબ નથી.

અને જે સંજોગમાં જુમ્આની નમાઝમાં હાજર રહેવું વાજિબ ગણાવવામાં આવ્યું છે, તેમાં અમુક લોકો ઉપર વાજિબ નથી.

(૧) સ્ત્રીઓ

(૨) ગુલામ

(૩) મુસાફર; મુસાફર ચાહે નમાઝે કસ્ર પઢતો હોય કે પૂરી નમાઝ પઢતો હોય, દાખલા તરીકે દસ દિવસ અથવા એથી વધુ રોકાવાને કારણે પૂરી નમાઝ પડતો હોય, તેના ઉપર જુમ્આમાં હાજર રહેવું વાજિબ નથી.

(૪) બીમાર, આંધળા અને ઘરડાઓ

(૫) એ લોકો જે નમાઝે જુમ્આથી બે ફરસખના અંતરે હોય

(૬) એ લોકો કે સખત વરસાદ અથવા ઠંડી જેવી મુશ્કેલીના કારણે જેનું નમાઝે જુમ્આમાં હાજર થવુ મુશ્કેલ હોય.

**મસઅલો ૭૨૧** : જે શખ્સ ઉપર જુમ્આની નમાઝમાં હાજર રહેવું વાજિબ હોય, તે છતાં એ તર્ક કરે અને નમાઝે ઝોહર પઢે, તો તેની નમાઝ સહીહ છે.

## નમાઝે જુમ્આના અમુક એહકામ.

૧) નમાઝે જુમ્આ ગયબતના ઝમાનામાં વાજિબે અયની નથી માટે અવ્વલ સમયમાં નમાઝે ઝોહર પઢવી જાઈઝ છે.

૨) ખુત્બા દરમિયાન વાતો કરવી મકરૂહ છે સિવાય કે વાતો કરવાથી ખુત્બા સાંભળવામાં ખલલ પઢતી હોય તો એહતિયાતની રૂએ જાઈઝ નથી.

૩) એહતિયાતે વાજિબની રૂએ બે ખુત્બા સાંભળવા વાજિબ છે, પરંતુ જે કોઈ ખુત્બાને નથી સમજતો તેના માટે સાંભળવા વાજિબ નથી.

૪) ઈમામ જયારે ખુત્બો પઢતો હોય તે વખતે હાજર

રહેવું વાજિબ નથી.

**મગરિબ અને ઈશાની નમાઝનો સમયઃ**

**મસઅલો ૭૨૨ :** અગર ઈન્સાન ગુરૂબના સમયમાં શક કરે અને એવો આભાસ થાય કે પહાડ, ઈમારત અથવા ઝાડ પાછળ સૂરજ છુપાયેલો છે તો જરૂરી છે કે પૂર્વ દિશાની લાલાશ જે ગુરુબ પછી દેખાય છે તે ઈન્સાનના માથા પરથી પસાર થાય તે પછી જ મગરિબની નમાઝ પઢે અને અગર શક ન પણ હોય તેમ છતાં એહતીયાતે વાજિબની રૂએ ઉપર બતાવેલ સમય સુધી સબ્ર કરે.

**મસઅલો ૭૨૩ :** ઈખ્તીયારની હાલતમાં નમાઝે મગરિબ અને ઈશાનો સમય અડધી રાત સુધી હોય છે, પણ મજબૂરીની હાલતમાં, ભૂલી જવાથી, ઊંઘ, હૈઝ વગેરે કારણસર જો કોઈ મધરાત સુધી એ નમાઝો ન પઢી શકે, તો નમાઝે મગરિબ, ઈશાનો સમય સુબ્હે સાદિક સુધી રહે છે.

દરેક હાલતમાં એ બંને નમાઝોમાં તરતીબ જાળવવી વાજિબ છે, એટલે કે પ્રથમ નમાઝે મગરિબ પઢે અને ત્યારબાદ નમાઝે ઈશા પઢે, અને જો કોઈ જાણી-બૂજીને ઈશાની નમાઝ પહેલાં પઢી નાખે તો એ બાતિલ ગણાશે. અલબત્ત, આખર સમયે ઈશાની નમાઝ પઢવા જેટલો જ સમય બાકી રહ્યો હોય, તો લાઝિમ છે કે પહેલાં નમાઝે ઈશા પઢે અને ત્યારબાદ નમાઝે મગરિબ પઢે.

**મસઅલો ૭૨૪ :** જો કોઈ શખ્સ ભૂલથી નમાઝે ઈશા નમાઝે મગરિબથી પહેલાં પઢી નાખે; અને નમાઝ ખત્મ

કર્યા બાદ તેનું ધ્યાન દોરાય, તો એની નમાઝ સહીહ છે, અને એ બાદ નમાઝે મગરિબ અદા કરશે.

**મસઅલો ૭૨૫** : જો કોઈ શખ્સ નમાઝે મગરિબ પહેલાં ભૂલથી ઈશાની નમાઝ શરૂ કરે; અને નમાઝ દરમિયાન એ ભૂલ તરફ તેનું ધ્યાન દોરાય, અને ચોથી રકાતના રૂકૂઅ સુધી ન પહોંચ્યો હોય, તો તે પોતાની નિય્યતને મગરિબ તરફ ફેરવી નાખશે, અને નમાઝ પૂરી કર્યા બાદ નમાઝે ઈશા અદા કરશે, પણ જો એ ચોથી રકાતના રૂકૂઅ સુધી પહોંચી ગયો હોય, તો એ નમાઝે ઈશા પૂરી કરી શકે છે; અને તે બાદ નમાઝે મગરિબ પઢશે.

**મસઅલો ૭૨૬** : અગાઉ જણાવવામાં આવ્યું છે તેમ નમાઝે ઈશાનો છેલ્લો સમય ઈખ્તીયારની હાલતમાં મધરાત સુધી છે, અને રાતની ગણત્રી સૂર્યાસ્તથી લઈને સુબ્હે સાદિકના સમય સુધી કરવી જોઈએ.

**મસઅલો ૭૨૭** : જો કોઈ શખ્સ ઈખ્તીયારની હાલતમાં મધરાત સુધી નમાઝે મગરિબ અને ઈશા ન પઢે, તો એહતિયાતે વાજિબ છે કે નમાઝે સુબ્હની અઝાનનો સમય થાય એથી પહેલાં અદા કે કઝાની નિય્યત કર્યા વગર એ નમાઝો બજાવી લાવે.

## સુબ્હની નમાઝનો સમય :

**મસઅલો ૭૨૮** : નમાઝે સુબ્હનો સમય દાખલ થાય એથી પહેલાં પૂર્વ દિશામાં સફેદી ક્ષિતિજથી ઉપર જતી દેખાય છે, એ સમયને 'ફજરે અવ્વલ' કહેવાય છે; જયારે

એ સફેદી ફેલાવવા લાગે ત્યારે એ ફજરે દુવ્વુમ અને સુબ્હે સાદિક કહેવાય છે, જે નમાઝે સુબ્હ માટેનો અવ્વલ વખત છે અને સૂર્યોદય નમાઝે સુબ્હનો આખર વખત (છેલ્લો સમય) છે :

## નમાઝના સમયના એહકામ

**મસઅલો ૭૨૯** : જયારે ઈન્સાનને યકીન થાય કે નમાઝનો સમય દાખલ થઈ ચૂક્યો છે, ત્યારે જ એ નમાઝ પઢી શકશે, અથવા બે આદિલો સાક્ષી આપે કે સમય દાખલ થઈ ચૂક્યો છે; બલ્કે અઝાન દેવાય અથવા વખતની પરખ બાબતે ચીવટ રાખનાર ખબર આપે, અને એનાથી ઈત્મીનાન હાંસિલ થાય તો પણ કાફી ગણાશે.

**મસઅલો ૭૩૦** : જો કોઈ શખ્સ અંધાપાને કારણે અથવા કેદમાં હોવાને કારણે અથવા એવા કોઈપણ નડતરને લીધે નમાઝના અવ્વલ વખતની ઓળખ કરવા અશક્ત હોય, તો એના માટે જરૂરી છે કે એટલી ઢીલ કરે કે એને યકીન અથવા ઈત્મીનાન હાસિલ થાય કે વખત દાખલ થઈ ગયો છે; અને એહતિયાતે લાઝિમની રૂએ એ જ કાયદો તમામ એવાં સંજોગોમાં લાગુ પડે છે કે જયાં વખત દાખલ થવા વિશે યકીન ન થઈ શકતું હોય, જેમકે વાદળાં ઘેરાયેલાં હોય, ગુબાર હોય વગેરે.

**મસઅલો ૭૩૧** : જો ઉપર જણાવેલી રીતોમાંથી કોઈ પણ એક રીતે ઈન્સાનને યકીન થાય કે નમાઝનો વખત થઈ ચૂક્યો છે, અને એ નમાઝ શરૂ કરે, ત્યારબાદ નમાઝ

દરમિયાન એને જાણ થાય કે સમય થયો ન હતો તો એની નમાઝ બાતિલ છે, એવી જ રીતે અગર નમાઝ પઢી લીધા બાદ તેને જાણ થાય કે પૂરી નમાઝ સમય થયા પહેલાં પઢવામાં આવી હતી તો નમાઝ બાતિલ છે.

પરંતુ જો નમાઝ દરમિયાન એને જાણ થાય કે નમાઝનો સમય થયો છે, અથવા નમાઝ પૂરી કર્યા બાદ એને જાણ થાય કે એ નમાઝ પઢતો હતો એ દરમિયાન સમય થયો હતો, તો એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૭૩૨** : જો એક શખ્સને એ બાબત ધ્યાન ન રહે કે નમાઝ શરૂ કર્યા પહેલાં સમય થયો છે કે નહિ તેનું યકીન કરવું જરૂરી છે, અને નમાઝ શરૂ કરી લ્યે, અને નમાઝ પૂરી પઢયા પછી તેને જાણ થાય કે એણે સમય થયા બાદ જ નમાઝ પઢી હતી તો એની નમાઝ સહીહ છે; પણ જો નમાઝ તમામ કર્યા બાદ એને ખબર પડે કે સમય પહેલાં નમાઝ પઢી હતી અથવા અચોક્કસ રહે કે સમયની અંદર પઢી હતી અથવા સમય પહેલાં, તો એવા સંજોગમાં તેની નમાઝ બાતિલ છે, બલ્કે નમાઝ બાદ એને જાણ થાય કે નમાઝ દરમિયાન સમય થયો હતો, તો એના માટે ફરી નમાઝ પઢવી જરૂરી છે.

**મસઅલો ૭૩૩** : કોઈ શખ્સ યકીન કરે કે નમાઝનો સમય થઈ ગયો છે, અને નમાઝ શરૂ કર્યા બાદ નમાઝમાં જ તેને શક થાય કે સમય થયો છે કે નહિ, તો તેની નમાઝ બાતિલ છે; પણ કોઈને નમાઝ દરમિયાન યકીન થાય કે

નમાઝનો સમય થઈ ચૂક્યો છે, પણ શંકા કરે કે જેટલી નમાઝ એ પઢી ચૂક્યો છે તે સમયની અંદર પઢી હતી કે નહિ, તો એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૭૩૪** : જો નમાઝનો સમય તંગ હોય, જેને કારણે અગર એ નમાઝના મુસ્તહબ અમલ બજાવી લાવે તો નમાઝના અમુક ભાગો કઝા થઈ જતા હોય એવા સંજોગમાં મુસ્તહબ અમલ મૂકી દેવા જોઈએ, જેમકે અગર કુનૂત પઢવાને પરિણામે નમાઝના અમુક હિસ્સાઓ કઝા થતા હોય, તો કુનૂત ન પઢે તેમ છતાંપણ જો કુનૂત પઢે અને ઓછામાં ઓછી એક રકાત નમાઝ સમયસર અદા થાય તો તેની નમાઝ સહીહ છે.

**મસઅલો ૭૩૫** : જો કોઈ શખ્સ પાસે ફકત એક જ રકાત સમયની અંદર પઢવા જેટલો સમય હોય, તો એણે નમાઝ અદાની નિય્યતથી પઢવી જોઈએ, પણ જાણી-જોઈને નમાઝ પઢવામાં એટલી ઢીલ ન કરવી જોઈએ.

**મસઅલો ૭૩૬** : જે શખ્સ મુસાફર ન હોય, અને તેની પાસે સૂર્યાસ્ત સુધીમાં પાંચ રકાત પઢવા જેટલો સમય બાકી હોય, તો તેના ઉપર લાઝિમ છે કે બંને નમાઝો, ઝોહર અને અસ્ર પઢે, અને જો એથી ઓછો સમય હોય તો ફકત નમાઝે અસ્ર પઢે અને ત્યારબાદ નમાઝે ઝોહરની કઝા પઢે, એવી જ રીતે મધરાત સુધીમાં જો પાંચ રકાત પઢી શકે તેટલો સમય બાકી હોય, તો મગરિબ અને ઈશાની નમાઝો પઢશે, અને જો એથી ઓછો સમય હોય તો માત્ર નમાઝે ઈશા પઢશે અને ત્યારપછી કઝા કે અદાની

નિય્યત કર્યા વગર નમાઝે મગરિબ પઢશે.

**મસઅલો ૭૩૭** : જે શખ્સ મુસાફર હોય, અને તેની પાસે સૂર્યાસ્ત સુધીમાં ત્રણ રકાત પઢવા જેટલો સમય બાકી હોય, તો એના ઉપર નમાઝે ઝોહર અને અસ્ર બંને ક્રમસર પઢવું લાઝિમ છે, પણ જો એથી ઓછો સમય હોય તો ફક્ત નમાઝે અસ્ર પઢે અને તે બાદ નમાઝે ઝોહરની કઝા આપે અને જો મધરાત સુધીમાં એની પાસે ચાર રકાત પઢવા જેટલો સમય બાકી હોય તો તેના માટે જરૂરી છે કે નમાઝે મગરિબ અને નમાઝે ઈશા બંને પઢે; અને જો ત્રણ રકાત જેટલો સમય બાકી હોય તો પ્રથમ નમાઝે ઈશા પઢે અને પછી નમાઝે મગરિબ પઢે, જેથી એક રકાત સમયની અંદર થઈ શકે.

અને જો એની પાસે ત્રણ રકાતથી પણ ઓછો સમય હોય, તો પ્રથમ નમાઝે ઈશા પઢશે અને ત્યારબાદ કઝા કે અદાની નિય્યત કર્યા વગર નમાઝે મગરિબ પઢશે.

અને જો નમાઝે ઈશા પઢયા બાદ ખબર પડે કે મધરાત સુધીમાં હજી એક યા એથી વધુ રકાત સમયની અંદર પઢી શકાય તેમ છે, તો જરૂરી છે કે તરત જ નમાઝે મગરિબ અદાની નિય્યતથી પઢી લ્યે.

**મસઅલો ૭૩૮** : મુસ્તહબ છે કે ઈન્સાન નમાઝને અવ્વલ વખતમાં પઢે, અને તે માટે ઘણી ભલામણ કરવામાં આવી છે, અને કોશિશ એ હોવી જોઈએ કે અવ્વલે વક્તથી બને તેટલા નજદીકના સમયમાં નમાઝ પઢે, અલબત્ત, જો કોઈ એવા કામ માટે ઢીલ કરવી પડે કે જે

કામ માટે ઢીલ કરવી બહેતર હોય, જેમકે નમાઝને બા જમાઅત અદા કરવા માટે સબર કરે તો વાંધો નથી, પણ એ શરતની સાથે કે ફઝીલતનો સમય પસાર ન થાય.

**મસઅલો ૭૩૯** : જ્યારે કોઈ ઈન્સાનને એવા સંજોગ હોય કે જો એ નમાઝના અવ્વલ સમયે નમાઝ અદા કરવા માંગતો હોય, તો તયમ્મુમ કર્યા સિવાય કોઈ બીજો ઉપાય ન હોય, અને એને યકીન હોય કે નમાઝના આખર સમય સુધી આ જ હાલત રહેશે અથવા એવી શક્યતા હોય કે રાહ જોવા જતા આખર સમયે તયમ્મુમ પણ નહી કરી શકે. ત્યારે અવ્વલ વખતે તયમ્મુમ કરીને નમાઝ પઢી શકશે.

પણ જો એ તદ્દન નિરાશ ન થયો હોય ત્યારે એના માટે જરૂરી છે કે એટલી વાર ઢીલ કરે કે તેની મુશ્કેલી દૂર થઈ જાય અથવા તે મુશ્કેલી દૂર થવાથી તદ્દન નિરાશ થઈ જાય, પરંતુ જો મુશ્કેલી દૂર ન થાય તો આખર વખતમાં (તયમ્મુમ સાથે) નમાઝ અદા કરશે અને એ લાઝિમ નથી કે એટલી વાર રાહ જુએ કે ફકત નમાઝના વાજિબ અમલો અદા કરી શકે, બલ્કે નમાઝના મુસ્તહબ કાર્યો, જેમકે અઝાન, એકામહ, કુનૂત વગેરે માટે સમય હોય ત્યારે પણ તયમ્મુમ કરીને મુસ્તહબ અમલોની સાથે નમાઝ અદા કરી શકશે.

તયમ્મુમના સંજોગો સિવાય બીજી મજબૂરીઓમાં જો ઈન્સાન મજબૂરીનુ કારણ બરતરફ થવા વિશે નિરાશ ન થયો હોય, તો પણ અવ્વલ વખતે નમાઝ અદા કરી શકે છે, પણ જો વખતની અંદર મજબૂરીનુ

કારણ બરતરફ થઈ જાય તો જરૂરી છે કે નમાઝ ફરીથી પઢે.

**મસઅલો ૭૪૦ :** જો કોઈ શખ્સ નમાઝના અમુક મસાઈલ ન જાણતો હોય જેના શીખ્યા વગર નમાઝ સહીહ રીતે અદા થઈ શકે તેમ ન હોય અથવા શક્કીયાત વગેરેના મસાઈલ ન જાણતો હોય, અને એને એવી શક્યતા હોય કે નમાઝમાં કોઈ એવો સંજોગ પેશ આવશે કે જેથી, અજાણતાને લઈને અલ્લાહના હુકમનું ઉલ્લંઘન થશે, તો મસાઈલ શીખવા માટે જરૂરી છે કે નમાઝ પઢવામાં ઢીલ કરે અને અવ્વલ વખતમાં પઢવાનો આગ્રહ ન રાખે.

પણ જો એવી ઉમ્મીદથી નમાઝ અવ્વલ સમયે શરૂ કરી લ્યે કે નમાઝ સહીહ રીતે અદા કરી શકશે; અને નમાઝ દરમિયાન કોઈ એવો સંજોગ પેશ ન આવે જેના હુકમથી એ અજાણ હોય, તો એની નમાઝ સહીહ ગણાશે, પણ જો નમાઝ દરમિયાન એવો સંજોગ પેશ આવે, જેના હુકમથી એ વાકેફ ન હોય, તો જાઈઝ છે કે જે તરફ એને ગુમાન હોય કે તેની જવાબદારી અદા થઈ જશે એ મુજબ અમલ કરીને નમાઝ પૂરી કરે, પણ ત્યારબાદ તેની ફરજ છે કે મસઅલો જાણવા માટે પૂછે કે જેથી નમાઝ બાતિલ થઈ હોય તો ફરીથી પઢે; અને સહીહ હોય તો ફરીથી પઢવાની જરૂરત નથી.

**મસઅલો ૭૪૧ :** નમાઝના સમયમાં તંગી ન હોય, અને લેણદાર પોતાનું લેણું વસૂલ કરવા માટે તકાજો કરે, તો જો શક્ય હોય તો પહેલાં કરજ અદા કરે અને પછી

નમાઝ પઢે.

એવી રીતે કોઈ પણ વાજિબ કાર્ય આવી પડે કે જેને તરત જ બજાવી લેવું વાજિબ હોય, તો પહેલાં એ વાજિબ કાર્યને બજાવી લાવે, જેમકે અગર મસ્જિદ નજીસ થઈ હોય તો પહેલાં મસ્જિદને પાક કરશે અને પછી નમાઝ પઢશે.

પરંતુ ઉપરોક્ત બે સંજોગોમાં જો કોઈ શખ્સ પહેલાં નમાઝ પઢે તો તે ગુનેહગાર થયો ગણાશે, પણ તેની નમાઝ સહીહ છે.

**નમાઝો ક્રમવાર પઢવા વિશે :**

**મસઅલો ૭૪૨** : નમાઝે અસ્ર નમાઝે ઝોહર બાદ પઢવી જોઈએ, અને નમાઝે ઈશા નમાઝે મગરિબ બાદ પઢવી જોઈએ; જો કોઈ શખ્સ જાણી-જોઈને ઉલટું કરે અને એ ક્રમને તોડે તો તેની નમાઝો બાતિલ છે.

**મસઅલો ૭૪૩** : જો કોઈ શખ્સ ઝોહરની નિય્યતથી નમાઝ શરૂ કરે, અને નમાઝ દરમિયાન તેને યાદ આવે કે નમાઝે ઝોહર પઢી ચૂક્યો છે, તો એ પોતાની નિય્યતને નમાઝે અસ્ર માટે નહિ ફેરવી શકે, બલ્કે એ નમાઝ તોડીને નમાઝે અસ્ર શરૂ કરશે; એ જ હુકમ નમાઝે મગરિબ અને ઈશાને લાગુ પડે છે.

**મસઅલો ૭૪૪** : જો કોઈ શખ્સને નમાઝે અસ્ર પઢતી વખતે યકીન થાય કે ઝોહરની નમાઝ પઢી નથી, અને પોતાની નિય્યતને નમાઝે ઝોહર તરફ ફેરવી લ્યે, અને

ત્યાર પછી ફરી યાદ આવે કે ઝોહરની નમાઝ એ પઢી ચૂક્યો હતો, તો એ ફરી વાર નમાઝે અસ્રની નિય્યત કરી શકશે અને નમાઝ પૂરી કરશે, પણ તેમાં શરત એ છે કે નમાઝના કોઈ ભાગને ઝોહરની નિય્યતથી બજાવી લાવ્યો ન હોય; જો બજાવી લાવ્યો હોય તો અસ્રની નિય્યતથી ફરી બજાવી લાવે, પણ એ ભાગ આખી રકાત હોય તો નમાઝ બાતિલ છે, એવી જ રીતે અગર એ ભાગ એક રૂકૂઅ યા બે સિજદાઓ હોય તો એહતિયાતે લાઝિમની રૂએ નમાઝ બાતિલ છે.

**મસઅલો ૭૪૫** : જો કોઈ શખ્સને નમાઝે અસ્ર પઢતી વખતે એવો શક થાય કે ઝોહરની નમાઝ પઢી હતી કે નહિ, તો એના માટે જરૂરી છે કે નમાઝે અસ્ર તમામ કરીને પછી નમાઝે ઝોહર બજાવી લાવે; પણ જો સમય એટલો તંગ હોય કે નમાઝ પૂરી કર્યા બાદ સૂરજ આથમી જાય અને એક રકાત પણ સમયની અંદર પઢવા જેટલો સમય બાકી ન રહે. તો લાઝિમ નથી કે નમાઝે ઝોહરની કઝા બજાવી લાવે.

**મસઅલો ૭૪૬** : જો કોઈ નમાઝે ઈશા પઢતી વખતે શક કરે કે નમાઝે મગરિબ પઢી ચૂક્યો છે કે નહિ, તો નમાઝે ઈશાને પૂરી કરશે અને તે બાદ નમાઝે મગરિબ પઢશે, પણ સમય એટલો તંગ હોય કે નમાઝ પૂરી કરતા મધરાત થઈ જાય અને એક રકાત પણ એનાથી પહેલાં અદા કરવાનો સમય બાકી ન રહે તો લાઝિમ નથી કે નમાઝે મગરિબની કઝા બજાવી લાવે.

**મસઅલો ૭૪૭ :** જો કોઈ શખ્સ નમાઝે ઈશાની ચોથી રકાતના રૂકૂઅમાં પહોંચી ગયા બાદ શક કરે કે નમાઝે મગરિબ પઢી ચૂક્યો છે કે નહિ, તો એ શખ્સ નમાઝ પૂરી કરશે, અને તે બાદ નમાઝે મગરિબ માટે સમય બાકી હોય તો નમાઝે મગરિબ પણ પઢશે.

**મસઅલો ૭૪૮ :** જો કોઈ ઈન્સાનની પોતાની પઢેલી નમાઝ ફકત એહતિયાતની રૂએ બીજી વાર પઢતો હોય, અને નમાઝ દરમિયાન એને યાદ આવે કે એ નમાઝની પહેલા જે નમાઝ પઢવાની હતી એ ચૂકી ગયો છે, તો પોતાની નિય્યતને એ નમાઝ માટે નહિ ફેરવી શકે, જેમકે કોઈ નમાઝે અસ્રને એહતિયાતની રૂએ બીજી વાર પડતો હોય; અને એને યાદ આવે કે નમાઝે ઝોહર ચૂકી ગયો હતો, તો એ આ નમાઝની નિય્યતને નમાઝે ઝોહર તરફ નહિ ફેરવી શકે.

**મસઅલો ૭૪૯ :** કઝા નમાઝની નિય્યતને અદા નમાઝ તરફ ફેરવવી અને મુસ્તહબ નમાઝની નિય્યતને વાજિબ તરફ ફેરવવી જાઈઝ નથી.

**મસઅલો ૭૫૦ :** જો અદાની નિય્યતથી નમાઝ પઢવાનો પૂરો સમય બાકી હોય, અને નમાઝ દરમિયાન ઈન્સાનને યાદ આવે કે તેના ઉપર કઝા નમાઝની જવાબદારી છે, તો એ અદા નમાઝની નિય્યતને કઝા માટે ફેરવી શકે છે, પણ એમ કરવામાં એ બાબતનો ખ્યાલ રહે કે નિય્યત બદલવાની શક્યતા હોવી જોઈએ, દાખલા તરીકે નમાઝે ઝોહર પઢી રહ્યો હોય તો તે નમાઝની

નિય્યતને નમાઝે સુબ્હ માટે માત્ર એવા જ સંજોગમાં ફેરવી શકશે કે ત્રીજી રકાતના રૂકૂઅમાં ન પહોંચ્યો હોય.

## મુસ્તહબ નમાઝો :

**મસઅલો ૭૫૧** : મુસ્તહબ નમાઝો ઘણી છે, એ સૌને નાફિલા કહેવાય છે, અને તેમાં ખાસ કરીને રોજની નાફિલા પઢવા માટે તાકીદ થઈ છે, અને જુમ્આ સિવાયના દિવસોમાં એની સંખ્યા ચોંત્રીસ રકાત થાય છે.

(૧) આઠ રકાત નાફિલાએ ઝોહર. (૨) આઠ રકાત નાફિલાએ અસ્ર. (૩) ચાર રકાત નાફિલાએ મગરિબ. (૪) બે રકાત નાફિલાએ ઈશા. (૫) અગિયાર રકાત નાફિલાએ શબ. (૬) બે રકાત નાફિલાએ સુબ્હ.

નમાઝે ઈશાની નાફિલા એહતિયાતે વાજિબની રૂએ બેસીને પઢવી જોઈએ, અને તેને એક રકાત ગણવામાં આવે છે.

જુમ્આના દિવસે ઝોહર અસરની સોળ રકાતમાં બીજી ચાર રકાતનો ઉમેરો થાય છે, અને બેહતર છે કે બે રકાત સિવાયની બધી નાફેલા ઝોહરના સમય પહેલા પઢી લેવામાં આવે અને બે રકાત ઝવાલના સમયે પઢવામાં આવે.

**મસઅલો ૭૫૨** : નાફિલએ શબની અગિયાર રકાતોમાં આઠ રકાત નાફિલએ શબની નિય્યતથી પઢવી જોઈએ, બે રકાતો નમાઝે શફાઅ અને છેલ્લી એક રકાત નમાઝે વિત્રની નિય્યતથી પઢવી જોઈએ, નમાઝે શબની વિગતવાર માહિતી અનેક દુઆઓની કિતાબોમાં

આપવામાં આવી છે.

**મસઅલો ૭૫૩** : નાફિલાની દરેક નમાઝ બેસીને પઢી શકાય છે, બેસીને નાફિલા પઢનાર દરેક બે રકાતોને એક રકાત ગણવું જરૂરી નથી. અલબત્ત બહેતર છે કે ઉભા રહી નમાઝ પઢે. જરૂરી છે કે ઈશાની નાફિલા નમાઝ એહતિયાતે વાજિબની રૂએ બેઠીને પઢે.

**મસઅલો ૭૫૪** : મુસાફરીની હાલતમાં ઝોહર, અસરની નાફિલા ન પઢવી જોઈએ, પણ ઈશાની નાફિલાને સારા કામ હોવાની ઉમ્મીદ સાથે પઢવામાં વાંધો નથી.

## રોજની નાફિલા નમાઝોનો સમય :

**મસઅલો ૭૫૫** : નમાઝે ઝોહરની નાફિલા નમાઝે ઝોહરથી પહેલાં પઢવી જોઈએ, તેનો સમય નમાઝે ઝોહરના સમયથી શરૂ થાય છે, અને જયાં સુધી નમાઝે ઝોહર પહેલાં એ પઢી શકાય ત્યાં સુધી એનો સમય રહે છે, પણ કોઈ ઝોહરની નાફિલા પઢવામાં એટલી ઢીલ કરે કે ઝવાલ પછી 'શાખીસ' (ખોડેલી લાકડી)નો સાયો ૨/૭ થઈ જાય, એટલે કે 'શાખીસ' સાત વેંતનું હોય અને સાયો બે વેંતની લંબાઈ સુધી પહોંચે, તો એવા સમયે બેહતર છે કે નાફિલા પહેલાં નમાઝે ઝોહર પઢે, પરંતુ જો કોઇ આ સમય સુધીમાં નાફિલાની એક રકાત સંપૂર્ણ પઢી ચૂક્યો હોય તો બેહતર છે કે નાફિલા તમામ કરે.

**મસઅલો ૭૫૬** : નમાઝે અસરની નાફિલા નમાઝે અસર પહેલાં પઢાય છે, અને એ માટેનો સમય જયાં સુધી નમાઝે અસર પહેલાં એ પઢી શકાય ત્યાં સુધી બાકી

રહે છે, પણ જો એટલી ઢીલ કરે કે 'શાખીસ'નો સાયો ૪/૭ સુધી પહોંચી જાય, તો બેહતર છે કે એ સમયે નાફિલા પહેલા નમાઝે અસ્ર પઢે. સિવાય એ સંજોગમાં કે જેનું બયાન અગાઉના મસઅલામાં આવી ચૂક્યું છે.

**મસઅલો ૭૫૭** : નમાઝે મગરિબની નાફિલા નમાઝે મગરિબ બાદ પઢવી જોઈએ, અને તેનો સમય નમાઝે મગરિબ બાદ જયાં સુધી સમયની અંદર પઢી શકાય ત્યાં સુધી રહે છે, પણ જો કોઈ તેની અદાયગીમાં એટલી ઢીલ કરે કે પશ્ચિમ તરફની લાલાશ જે સૂર્યાસ્ત પછી આસમાનમાં હોય છે તે અદ્રશ્ય થઈ જાય, તો પછી બેહતર છે કે એ સમયે (નાફિલા) પહેલાં નમાઝે ઈશા પઢે.

**મસઅલો ૭૫૮** : નમાઝે ઈશાની નાફિલાનો સમય નમાઝે ઈશા બાદ મધરાત સુધી બાકી રહે છે, પણ બેહતર છે કે નમાઝે ઈશા બાદ તરત જ અદા કરવામાં આવે.

**મસઅલો ૭૫૯** : નમાઝે સુબ્હની નાફિલા નમાઝે સુબ્હ પહેલાં પઢવી જોઈએ, અને તેનો સમય નમાઝે શબ બાદ શરૂ થાય છે અને નમાઝે સુબ્હથી પહેલાં પઢવાની શક્યતા હોય ત્યાં સુધી બાકી રહે છે, પણ જો એટલી ઢીલ કરે કે પૂર્વ દિશામાં લાલાશ દેખાવા લાગે તો બેહતર છે કે એ સમયે (નાફિલા) પહેલા નમાઝે સુબ્હ અદા કરે.

**મસઅલો ૭૬૦** : મશહૂર કૌલની બિના પર નમાઝે શબ માટે અવ્વલ વખત મધરાતે શરૂ થાય છે અને સુબ્હ સાદિક સુધી રહે છે આ બહેતર અને અહવત છે, પરંતુ બઈદ નથી કે રાતની શરૂઆતથી સુબ્હે સાદિક સુધીનો

સમય હોય જો કે બહેતર છે કે સુબ્હે સાદિકની નજદીક પઢવામાં આવે.

**મસઅલો ૭૬૧** : અગર કોઈ ઈન્સાન તુલુએ ફજરના સમયે ઉઠે તો તે અદા અને કઝાની નિય્યત વગર નમાઝે શબ પઢી શકે છે.

## નમાઝે ગોફૈલા

**મસઅલો ૭૬૨** : નમાઝે ગોફૈલા મુસ્તહબ નમાઝોમાંથી એક છે; અને એ નમાઝે મગરિબ અને ઈશા વચ્ચે પઢાય છે.

પહેલી રકાતમાં સૂરએ હમ્દ બાદ બીજા સૂરાને બદલે નીચે જણાવેલી આયત પઢવી.

**વ ઝંન નૂને ઈઝ ઝંહબ મુગાંઝેંબન ફ ઝઁનન અન લન નકંદેર અંલયહે ફ નાદા ફિઝઁઝોંલોમાતે, અલ લા ઈલાહ ઈલ્લા અનત સુબહાંનક ઈન્ની કુનતો મિનઝઁ ઝાંલેમીન ફસતજબના લહૂ વ નજ્જયનાહો મિનલ ગંમ્મે વ કઝાંલેક નુનજિલ મુઅમેનીન.**

અને બીજી રકાતમાં સૂરએ અલ્હમ્દ બાદ બીજા સૂરાને બદલે આ આયત પઢવી :

**વ ઈંનદહુ મફાતેહુંલ ગંયબે, લા યઅંલમોહા, ઈલ્લા હોવ વ યઅંલમો મા ફિલ બર્રે વલ બહ્રે, વ મા તસકોંતો મિન વરકંતિન, ઈલ્લા યઅંલમોહા વલા હંબ્બતિન ફી ઝોંલોમાતિલ અર્ઝે, વલા રતંબિન, વલા**

યાબેસિન, ઈલ્લા ફી કિતાબિમ મુબીન.

અને કુનૂતમાં આ દુઆ પઢે :

અલ્લાહુમ્મ ઈન્ની અસઅલોક બે મફાતેહિલ ગયબિલ લતી લા યઅલમોહા ઈલ્લા અનત અન તોસલ્લેય અલા મોહમ્મદિન વ આલે મોહમ્મદિન વ અન તફઅલ બી... (અહીં પોતાની હાજત માગે).

અને ત્યારબાદ પઢે :

અલ્લાહુમ્મ અનત વલીયો નેઅમતી વલ કાદેરો અલા તલેબતી, તઅલમો હાજતી, ફ અસઅલોક બેહક્કે મોહમ્મદિન વ આલે મોહમ્મદિન અલયહે વ અલયહેમુસ્સલામો લમ્મા કઝયતહા લી.

## કિબ્લાના એહકામ :

**મસઅલો ૭૬૩** : મક્કએ મુઅઝ્ઝમામાં જે ખાનએ કઅબાની જગ્યા છે એ કિબ્લો છે, અને એ દિશા તરફ નમાઝો અદા કરવી જોઈએ, પણ જે શખ્સ દૂર હોય તેના માટે કાફી છે કે એવી રીતે ઊભો રહે કે કહી શકાય કે કિબ્લા તરફ મોંઢુ રાખીને નમાઝ પઢી રહ્યો છે, એ જ હુકમ એવાં કાર્યોને લાગુ પડે છે જે માટે કિબ્લા તરફ મોઢું હોવું જરૂરી છે, જેમકે હૈવાનને ઝબ્હ કરતી વખતે.

**મસઅલો ૭૬૪** : જે માણસ ઊભા રહીને નમાઝ પઢતો હોય, તેના માટે જરૂરી છે કે તેની છાતી, પેટ (શરીરનો સામેનો હિસ્સો) કિબ્લા તરફ હોય, અને એનો ચહેરો

પણ કિબ્લાથી વધારે ત્રાંસો ન રાખે, એહતિયાતે મુસ્તહબની રૂએ પગની આંગળીઓ પણ કિબ્લા તરફ હોવી જોઈએ.

**મસઅલો ૭૬૫** : જે માણસ માટે બેસીને નમાઝ પઢવી જરૂરી હોય તે નમાઝ પઢતી વખતે એવી રીતે બેસે કે તેની છાતી, પેટ (શરીરનો સામેનો ભાગ) કિબ્લા તરફ હોય, અને ચહેરો પણ કિબ્લાથી અલગ દિશામાં ન હોય.

**મસઅલો ૭૬૬** : જે શખ્સ બેસીને પણ નમાઝ અદા ન કરી શકતો હોય, તેના માટે જરૂરી છે કે જમણા ભાગ ઉપર એવી રીતે સૂવે કે તેના શરીરનો સામેનો ભાગ કિબ્લા તરફ હોય, અને જો તેમ કરવું શક્ય ન હોય તો ડાબા ભાગ ઉપર એવી રીતે સૂવે કે શરીરનો સામેનો ભાગ કિબ્લા તરફ હોય, પણ એહતિયાતે લાઝિમ છે કે જયાં સુધી જમણા ભાગ ઉપર સૂઈ શકતો હોય ત્યાં સુધી ડાબા ભાગ ઉપર ન સૂવે, અને જો એ બંને રીત તેના માટે અશક્ય હોય, તો પછી પીઠ ઉપર એવી રીતે સૂવે કે તેના પગનાં તળિયાં કિબ્લા તરફ હોય.

**મસઅલો ૭૬૭** : નમાઝે એહતિયાત અને ભૂલાઈ ગયેલા સિજદા કે તશહહુદને પણ કિબ્લા તરફ અદા કરવું જોઈએ. અને એહતિયાતે મુસ્તહબની રૂએ સિજદએ સહવ પણ કિબ્લા તરફ અદા કરવું જોઈએ.

**મસઅલો ૭૬૮** : મુસ્તહબ નમાઝોને ચાલતાં ચાલતાં કે સવારી ઉપર અદા કરી શકાય છે, અને એ રીતે મુસ્તહબ નમાઝને અદા કરતી વખતે કિબ્લા તરફ હોવું જરૂરી નથી.

**મસઅલો ૭૬૯** : નમાઝ પઢનાર માટે જરૂરી છે કે

કિબ્લાની દિશા જાણવા માટે પૂરી કોશિશ કરે, જેથી યકીન હાસિલ થાય અથવા જે યકીનના હુકમમાં છે. જેમકે બે આદિલની ગવાહી ઉપર અમલ કરે, અને જો એ શક્ય ન હોય તો ગામની મસ્જિદોના મહેરાબ, મોઅમીનોની કબર અથવા એવા બીજા કોઈ રસ્તે ગુમાન હાસિલ કરી તે મુજબ અમલ કરે, એટલે સુધી કે જો કોઈ ફાસિક કે કાફિર વૈજ્ઞાનિક રીતે કિબ્લાની ઓળખ આપે અને તેનાથી ગુમાન હાંસિલ થાય, તો તે મુજબ અમલ કરવો કાફી છે.

**મઅસલો ૭૭૦** : અગર કોઈ શખ્સને કિબ્લા બારામાં માત્ર ગુમાન હોય, અને તેહકીક કરી વધુ મજબૂત ગુમાન હાંસિલ કરવાની શક્યતા હોય, તો માત્ર ગુમાન ઉપર અમલ નહિ કરી શકે, દાખલા તરીકે કોઈ મહેમાન મેજબાનના કહેવાથી કિબ્લા સંબંધે ગુમાન હાસિલ કરે, પણ બીજે રસ્તે વધુ મજબૂત ગુમાન મેળવી શકતો હોય તો પછી એ મેજબાનના કહેવા મુજબ અમલ ન કરે.

**મસઅલો ૭૭૧** : જો કોઈ શખ્સ કિબ્લા સંબંધી જાણકારી મેળવવા માટે કોઈ સાધન ધરાવતો ન હોય અથવા કે કોશિશો કર્યા બાદ કોઈ નિર્ણય ન કરી શકતો હોય, તો કોઈ પણ એક દિશા તરફ નમાઝ પઢે તો કાફી છે, અને એહતિયાતે મુસ્તહબ છે કે અગર નમાઝનો પૂરતો સમય બાકી હોય, તો ચારેય દિશાઓ તરફ નમાઝ પઢે.

**મસઅલો ૭૭૨** : જો કોઈ શખ્સને એવું યકીન કે એવું ગુમાન હાસિલ થાય કે બે દિશાઓમાંથી એક દિશામાં કિબ્લો છે, તો તેના માટે બંને દિશાએ નમાઝ પઢવી

જરૂરી છે.

**મસઅલો ૭૭૩** : જે માણસ એકથી વધુ દિશાએ નમાઝ પઢવાની સ્થિતિમાં હોય, અને એને બે નમાઝો પઢવાની હોય, જેમકે નમાઝે ઝોહર અને નમાઝે અસ્ર પઢવાની હોય, તો બધી નમાઝોને ક્રમવાર એક પછી એક પઢશે, એહતિયાતે મુસ્તહબ એ છે કે પ્રથમ પહેલી નમાઝને એ દિશાઓ તરફ પઢી લ્યે અને પછી બીજી નમાઝ શરૂ કરે.

**મસઅલો ૭૭૪** : જે શખ્સને કિબ્લા બારામાં યકીન ન હોય, અને એ નમાઝ સિવાય કોઈ એવું કામ બજાવી લાવવા માંગતો હોય જેના માટે કિબ્લાની જરૂરત હોય, જેમકે હૈવાનને ઝબ્હ કરવું હોય, તો એ ગુમાન મુજબ અમલ કરશે; અને જો ગુમાન હાંસિલ ન થઈ શકે, તો કોઈ પણ એક દિશાએ અમલ બજાવી લાવે તે સહીહ છે.

## નમાઝમાં શરીરને ઢાંકવા વિશે :

**મસઅલો ૭૭૫** : પુરૂષો માટે નમાઝની હાલતમાં પોતાની બંને શરમગાહોને ઢાંકવી જરૂરી છે, ચાહે કોઈ તેને જોવાવાળું હોય કે ન હોય, અને બહેતર છે કે દૂંટીથી લઈને સાથળ સુધી પોતાને ઢાંકે.

**મસઅલો ૭૭૬** : સ્ત્રી માટે નમાઝની હાલતમાં પોતાના પૂરા શરીરને માથા અને વાળ સહીત ઢાંકવું જરૂરી છે એટલે સુધી કે પોતાથી પણ છુપાવવું એહતિયાતે વાજિબની રૂએ જરૂરી છે. માટે અગર ચાદર એવી હોય કે

તેની આર પાર ફક્ત પોતેજ જોઈ શકે તો તેમાં ઈશ્કાલ (વાંધો) છે. પણ ચહેરાના જેટલા ભાગને વઝુમાં ધોવામાં આવે છે તે અને હાથને કાંડા સુધી તેમજ પગને સાંધા સુધી ઢાંકવું જરૂરી નથી પણ યકીન કરવા માટે વાજિબાત મુજબ પોતાને પૂરી રીતે ઢાંકેલ છે. જરૂરી છે કે ચહેરાની આસપાસ અને હાથના કાંડાની સહેજ નીચેના ભાગ સુધી ઢાંકી રાખે.

**મસઅલો ૭૭૭** : જયારે ઈન્સાન ભૂલાઈ ગયેલા સિજદા કે તશહહુદને અદા કરવા માગે, ત્યારે જરૂરી છે કે નમાઝમાં પોતાને જેટલી હદે ઢાંકવું જરૂરી છે એટલુ ઢાંકવું જોઈએ, અને એહતિયાતે મુસ્તહબ છે કે સિજદએ સહવ અદા કરતી વખતે પણ એ મુજબ પોતાને ઢાંકે.

**મસઅલો ૭૭૮** : કોઈ શખ્સ જાણી–બૂજીને નમાઝમાં પોતાની શરમગાહોને ન ઢાંકે તો તેની નમાઝ બાતિલ છે. પણ જો મસઅલો ન જાણતો હોય અને તે ન જાણવામાં કસૂરવાર હોય તો એહતિયાતે વાજિબની રૂએ બીજી વખત નમાઝ પઢવી જોઈએ.

**મસઅલો ૭૭૯** : કોઈ શખ્સને નમાઝ દરમિયાન જાણ થાય કે તેની શરમગાહ તરફ નજર પડી રહી છે, તો તરત જ તેને ઢાંકી લેવું જોઈએ; અને એ નમાઝ ફરીથી પઢવાની જરૂરત નથી, પણ અહવત એ છે કે જયારે એને જાણ થાય કે તેની શરમગાહ દેખાય છે, ત્યારે એ સમયે નમાઝના કોઈ ભાગને અદા ન કરે, અને જો એને નમાઝ પૂરી કર્યા

બાદ ખબર પડે કે શરમગાહ દેખાતી હતી, તો તેની નમાઝ સહીહ છે.

**મસઅલો ૭૮૦** : જો ઈન્સાને એવો લિબાસ પહેર્યો હોય કે કયામની હાલતમાં તેનું શરીર ઢંકાયેલું રહે, પણ બીજી હાલતમાં, જેમકે રૂકૂઅ કે સિજદામાં, એ લિબાસ તેના શરીરને સરખી રીતે ન ઢાંકે, માટે જો જ્યારે તેની શરમગાહ દેખાવા લાગે ત્યારે કોઈપણ રીતે તેને ઢાંકી લેશે તો તેની નમાઝ સહીહ ગણાશે; પણ એહતિયાતે મુસ્તહબ એ છે કે એવા લિબાસમાં નમાઝ ન પઢે.

**મસઅલો ૭૮૧** : અગર કોઈ શખ્સ નમાઝમાં પોતાને ઘાસ કે પાંદડાઓથી ઢાંકે તો વાંધો નથી, પણ એહતિયાતે મુસ્તહબ છે કે જયાં સુધી બીજી વસ્તુઓ શરીરને સરખી રીતે ઢાંકવા માટે મોજૂદ હોય, ત્યાં સુધી ઉપરોકત વસ્તુઓ ઉપયોગમાં ન લ્યે.

**મસઅલો ૭૮૨** : મજબૂરીના સંજોગમાં, જયારે કે પોતાને ઢાંકવા માટે કોઈ વસ્તુ ન હોય, ત્યારે ઈન્સાને પોતાની શરમગાહની ચામડીને છૂપાવવા માટે માટી વગેરેનો ઉપયોગ કરી શકે છે.

**મસઅલો ૭૮૩** : જયારે ઈન્સાન પાસે નમાઝમાં પોતાને ઢાંકવા માટે કોઈ વસ્તુ ન હોય, પણ તેને હાસિલ કરવા માટે તદ્દન હતાશ ન થયો હોય, તો એહતિયાતે વાજિબ છે કે નમાઝ પઢવામાં ઢીલ કરે, પણ જો છેલ્લા સમયે પણ કોઈ વસ્તુ શરમગાહને ઢાંકવા માટે ન મળે તો

પોતાની જવાબદારી મુજબ અમલ કરી નમાઝ પઢશે, પરંતુ હતાશ થવાના સંજોગમાં અવ્વલે વખત નમાઝ પઢી શકશે અને આવા સંજોગમાં અવ્વલે વખત નમાઝ પઢી લીધા પછી મજબૂરી દૂર થઈ જાય તો જરૂરી નથી કે ફરીથી નમાઝ પઢે.

**મસઅલો ૭૮૪** : જે માણસ એવા સંજોગમાં નમાઝ પઢવા માગે કે જયારે પોતાને ઢાંકવા માટે તેની પાસે કોઈ વસ્તુ ન હોય, એટલે સુધી કે ઘાસ–પાંદડાં કે માટી વગેરે પણ ન હોય, અને નમાઝના છેલ્લા સમય સુધી એવી વસ્તુ હાસિલ કરવા બારામાં નિરાશ થઈ જાય, તો જો એને ઈત્મીનાન હોય કે કોઈ જોવાવાળું નથી, તો સામાન્ય સંજોગમાં જે રીતે નમાઝ પઢાય છે તે જ રીતે નમાઝ પઢે, અને કયામ, રૂકૂઅ, સિજદાઓ બજાવી લાવે; અને જો એવી શક્યતા લાગે કે કોઈ જોવાવાળું છે, તો પછી જરૂરી છે એવી રીતે નમાઝ પઢે કે તેની શરમગાહો ન દેખાય. જેમ કે રૂકૂઅ સજદા અને કિયામ આ ત્રણેય હાલતમાં નજર પડે તેમ હોય તો બેસીને નમાઝ પઢે અને રૂકૂઅ અને સિજદાઓને સામાન્ય રીતે નહિ, બલ્કે ઈશારાથી અદા કરે; જો આ ત્રણમાંથી ફક્ત એક ચીજને તર્ક કરવા ઉપર મજબૂર હોય. જેમકે ઉભા રહેવું શક્ય હોય તો રૂકૂઅ અને સિજદો ઈશારાથી કરે અને અગર ઉભા રહેવામાં નજર પડે તેમ હોય તો બેસીને નમાઝ પઢે અને રૂકૂઅ સજદા સામાન્ય રીતે બજાવી લાવશે. એહતિયાતે મુસ્તહબ

છે. આવી હાલતમાં બેઠીને પઢેલ નમાઝની સાથે ઉભા રહીને પણ નમાઝ અદા કરે. જેમાં રૂકૂઅ અને સજદાને ઈશારાથી અદા કરે અને એહતિયાતે લાઝિમ છે કે નગ્નાવસ્થામાં જે શખ્સ નમાઝ પઢી રહ્યો હોય તે પોતાની શરમગાહને શરીરના બીજા ભાગો વડે છુપાવે, જેમકે બેઠો હોય ત્યારે સાથળ વડે અને ઊભો હોય ત્યારે બંને હાથો વડે શરમગાહને છુપાવે.

## નમાઝ પઢનારના લિબાસની શરતો :

**મસઅલો ૭૮૫** : નમાઝ પઢનારના કપડાઓ માટે છ શરતો છે :

(૧) તે પાક હોવા જોઈએ.

(૨) તે મુબાહ હોવા જોઈએ, એટલે કે એહતિયાતે વાજિબની રૂએ ગસ્બી ન હોય.

(૩) મુરદારના શરીરના કોઈ પણ ભાગથી બનેલાં ન હોય.

(૪) ફાડી ખાનાર જાનવર(ના અવયવ)થી બનેલ ન હોય, બલ્કે એહતિયાતે વાજિબની રૂએ હરામ ગોશ્ત જાનવર(ના અવયવ)થી બનેલો પણ ન હોય.

(૫-૬) અગર નમાઝ પઢનાર પુરૂષ હોય, તો તેનો લિબાસ ખાલિસ રેશમથી કે સોનાથી વણેલો ન હોવો જોઈએ. આ બાબતોના વધુ ખુલાસાઓ આવતા મસાઈલમાં સમજાવવામાં આવશે.

## (૧) પહેલી શરત

**મસઅલો ૭૮૬** : નમાઝ પઢનારના કપડાં પાક હોવા જોઈએ, જો કોઈ શખ્સ ઈખ્તીયારની હાલતમાં નજીસ શરીર કે કપડાંથી નમાઝ પઢે, તો એની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૭૮૭** : જો કોઈ શખ્સે એ મસઅલો જાણવામાં કોતાહી કરી હોય કે નજીસ શરીર કે કપડાની સાથે નમાઝ બાતિલ છે, અને એ નજીસ શરીર અથવા કપડાંની સાથે નમાઝ પઢે, તો એહતિયાતે લાઝિમની રૂએ એની નમાઝ બાતિલ ગણાશે. જેમકે ખબર ન હોય કે મની નજીસ છે અને તેની સાથે નમાઝ પઢી લ્યે તો નમાઝ બાતિલ છે. એહતિયાતે વાજિબની રૂએ ફરીથી નમાઝ પઢશે. જો સમય પસાર થઈ ગયો હોય તો કઝા બજાવી લાવશે.

**મસઅલો ૭૮૮** : એવી જ રીતે જો કોઈએ એ મસઅલો જાણવાની કોતાહી ન કરી હોય અને મસઅલો ન જાણતો હોય અને એ નજાસત સાથે નમાઝ પઢે તો તે નમાઝને ફરીથી પઢવા કે કઝા બજાવી લાવવાની જરૂર નથી.

**મસઅલો ૭૮૯** : જો કોઈને યકીન હોય કે એનાં કપડાં અથવા એનું શરીર પાક છે, અને નમાઝ પઢી લીધા બાદ ખબર પડે કે એ નજીસ હતું, તો એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૭૯૦** : જો કોઈ શખ્સ ભૂલી જાય કે એના કપડાં અથવા એનું શરીર નજીસ છે, અને નમાઝ દરમિયાન

અથવા નમાઝ બાદ એને યાદ આવે, તો અગર એ ભૂલી જવું લાપરવાહીને કારણે હોય, તો અહવતે લાઝિમ છે કે એ નમાઝ ફરીથી અદા કરે, અને જો નમાઝનો સમય વીતી ગયો હોય તો કઝા બજાવી લાવે, એ સિવાયના સંજોગમાં નમાઝ ફરીથી પઢવી જરૂરી નથી. અલબત્ત, નમાઝ દરમિયાન તેને યાદ આવે તો આ પછીના મસઅલામાં જણાવેલ હુકમ મુજબ અમલ કરશે.

**મસઅલો ૭૯૧** : અગર કોઈ શખ્સ એવા સમયે નમાઝ પઢતો હોય કે કઝા થવાને ઘણી વાર હોય, અને નમાઝ દરમિયાન તેને ખબર પડે કે તેનું શરીર યા લિબાસ નજીસ થયેલ છે, અને એવું ગુમાન થાય કે એ નજાસત નમાઝ શરૂ કર્યા બાદ લાગી છે, તો જો એ જ હાલતમાં નમાઝની હાલતને બદલ્યા વગર, કપડાં કે શરીરને, પાણીથી પાક કરી શકતો હોય, અથવા કપડાં બદલી શકતો હોય, તો એ મુજબ અમલ કરે, અને જો કોઈ બીજી રીતે પોતાની શરમગાહને છુપાવી શકતો ન હોય, તો કપડાં ઉતારી નાખે.

પણ જો એમ કરવા જતાં નમાઝની હાલત બદલી જતી હોય, અથવા કપડાં ઉતારી લેવાથી એ તદ્દન નગ્નાવસ્થામાં રહેતો હોય, તો પછી એહતિયાતે લાઝિમ છે કે નમાઝ ફરીથી પાક કપડાં સાથે પઢે.

**મસઅલો ૭૯૨** : કોઈ શખ્સ તંગ વખતમાં નમાઝ પઢી રહ્યો હોય, એટલે કે કઝા થવાની શક્યતા હોય, અને એને જણાય કે એના કપડાં નજીસ છે, અને સાથે ગુમાન કરે કે નમાઝ શરૂ કર્યા બાદ નજાસત લાગી છે, તો અગર

નમાઝની હાલત બદલ્યા વિના એ પાણીથી પાક કરી શકતો હોય, અથવા કપડાં ઉતારી શકતો હોય તો એ મુજબ અમલ કરે, અને જો બીજી રીતે શરમગાહ છુપાવી શકે તો કપડાં ઉતારીને નમાઝ પૂરી કરે. પરંતુ જો એ લિબાસ પાક ન કરી શકતો હોય અથવા બદલી શકતો ન હોય અને બીજી વસ્તુથી શરમગાહને છુપાવી શકતો ન હોય તો તે જ લિબાસમાં નમાઝ પૂરી કરશે.

**મસઅલો ૭૯૩** : તંગ વખતમાં નમાઝ પઢનારને જો નમાઝ દરમિયાન ખબર પડે કે તેનું શરીર નજીસ છે, અને એને ગુમાન હોય કે નજાસત નમાઝ શરૂ કર્યા બાદ લાગી છે, તો જો નમાઝની હાલત બદલ્યા વગર શરીરને પાણીથી પાક કરી શકે તો એ મુજબ વર્તે, અને જો નમાઝની હાલત બદલી જતી હોય, તો એ જ હાલતમાં નમાઝ પૂરી કરે, એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૭૯૪** : અગર કોઈને પોતાના કપડાં અથવા શરીર વિશે શક હોય કે પાક છે કે નહિ, અને તે બારામાં તપાસ કર્યા બાદ કોઈ નજાસત ન દેખાતાં નમાઝ પઢી લ્યે, અને નમાઝ પઢયા બાદ ખબર પડે કે કપડા કે શરીર નજીસ હતું, તો તેની નમાઝ સહીહ છે; પણ જો તપાસ ન કરી હોય, તો એહતિયાતે લાઝિમની રૂએ એ શખ્સ નમાઝ ફરીથી પઢશે, અને જો સમય વીતી ગયો હોય તો કઝા બજાવી લાવશે.

**મસઅલો ૭૯૫** : અગર કોઈ શખ્સ પોતાના કપડાં પાણીથી ધોઈ લીધા બાદ યકીન હાસિલ કરે કે પાક થઈ

ગયા છે; અને એ કપડાંથી નમાઝ પઢયા પછી તેને જાણ થાય કે એ પાક થયાં ન હતાં, તો એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૭૯૬** : અગર કોઈ શખ્સ પોતાના શરીર અથવા કપડાં ઉપર ખૂનનો ડાઘ જૂએ, અને એને યકીન થાય કે એ નજીસ પ્રકારનું ખૂન નથી, જેમકે મચ્છરનું ખૂન સમજે, અને નમાઝ બાદ એને જાણ થાય કે એ નજીસ ખૂન હતું, તો એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૭૯૭** : અગર કોઈને યકીન હોય કે જે ખૂન તેનાં કપડાં અથવા શરીર ઉપર છે, એ એવા પ્રકારનું નજીસ ખૂન છે કે નમાઝમાં માફ છે, જેમકે ઝખ્મ યા ગૂંમડાનું ખૂન છે એમ સમજે, અને નમાઝ પઢી લીધા બાદ એને જાણ થાય કે એ એવું ખૂન હતું જે નમાઝમાં માફ નથી, તો એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૭૯૮** : અગર કોઈ ઈન્સાન ભૂલી જાય કે ફલાણી વસ્તુ નજીસ છે, અને એ નજીસ વસ્તુને તેનું ભીનું શરીર કે કપડું અડે, ત્યારબાદ એ જ ફરામોશીની હાલતમાં નમાઝ પઢે, અને નમાઝ ખત્મ કર્યા બાદ તેને યાદ આવે, તો એની નમાઝ સહીહ છે.

પણ જો તેનું કપડું યા શરીર ભીનાશ સાથે એ નજીસ વસ્તુને અડે, જેની નજાસત વિશે એ ભૂલી ગયો હતો, અને ત્યારબાદ તેને પાણીથી પાક કર્યા વગર ગુસ્લ કરીને નમાઝ પઢે, તો તેનું ગુસ્લ અને તેની નમાઝ બંને બાતિલ છે, સિવાય કે ગુસ્લ કરવાથી તેનું શરીર પૂરી રીતે પાક થઈ ગયું હોય. પાણી પણ નજીસ ન થતુ હોય જેમ

કે જારી યા કુર પાણીમાં ગુસ્લ કરે.

એવી જ રીતે વઝુનો કોઈ ભાગ એ નજીસ વસ્તુને અડે, જેની નજાસત વિશે એ ભૂલી ગયો હતો, અને પાણીથી પાક કર્યા પહેલાં એ વઝુ કરીને નમાઝ પઢે, તો વઝુ અને નમાઝ બંને બાતિલ થશે, સિવાય કે વઝુ કરવાથી વઝુનો એ ભાગ પણ પાક થઈ ગયો હોય. અને તે પાણી પણ નજીસ ન થાય જેમ કે પાણી જારી યા કુર હોય.

**મસઅલો ૭૯૯ :** જેની પાસે એક જ કપડું હોય, અને એનું શરીર અને કપડું બંને નજીસ હોય, પણ તેની પાસે ફક્ત એટલું જ પાણી હોય કે બેમાંથી એક જ વસ્તુને પાક કરી શકાય, તો એહતિયાતે લાઝિમ છે કે પોતાના શરીરને પાક કરે અને નજીસ કપડા સાથે નમાઝ પઢે, એના માટે જાઈઝ નથી કે કપડાં ને પાક કરીને નજીસ શરીર સાથે નમાઝ પઢે, પણ જો લિબાસની નજાસત બહુ જ વધારે પડતી હોય અથવા વધારે ઉગ્ર હોય, તો પછી એને ઈખ્તીયાર છે કે ચાહે શરીરને પાક કરે અથવા કપડાને પાક કરે.

**મસઅલો ૮૦૦ :** જે શખ્સ પાસે નજીસ કપડાં સિવાય બીજું કપડું ન હોય, તો એવા શખ્સે નજીસ કપડાંથી નમાઝ પઢી લેવી જોઈએ; અને એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૮૦૧ :** જે માણસ પાસે બે કપડાં હોય; અને એ જાણતો હોય કે બેમાંથી એક નજીસ છે,પણ ક્યુ નજીસ છે તે ચોક્કસપણે ન જાણતો હોય, અને જો નમાઝના સમયમાં ગુંજાઈશ હોય તો જરૂરી છે કે બંને કપડા સાથે નમાઝ અદા કરે, દાખલા તરીકે અગર એ નમાઝે ઝોહર

અને અસ્ર પઢવા માંગતો હોય તો બન્ને કપડાંથી એક નમાઝે ઝોહરને અને નમાઝે અસ્ર પઢશે, પણ જો વખત તંગ હોય તો બેમાંથી કોઈપણ એક તરફ વધારે મજબૂત ગુમાન અથવા વધારે મહત્વપૂર્ણ ગુમાન ન હોય તો કોઈપણ એક કપડાંથી નમાઝ પઢી લ્યે, તેનાથી તેની જવાબદારી અદા થઈ જશે.

## (૨) બીજી શરત

**મસઅલો ૮૦૨ :** નમાઝ પઢનારના કપડાં જેનાથી તે શર્મગાહ છુપાવી શકે તે એહતિયાતે વાજિબની રૂએ મુબાહ હોવા જોઈએ; અને જે માણસને ખબર હોય કે ગસ્બી કપડાં પહેરવા હરામ છે, અથવા એ લાપરવાહીને કારણે મસઅલાથી અજાણ હોય, અને જાણી-બૂજીને ગસ્બી કપડાંથી નમાઝ પઢે, તો અહવતની રૂએ નમાઝ બાતિલ છે, પણ જે વસ્તુ શરમગાહને ઢાંકી ન શકતી હોય, અથવા એવી ગસ્બી ચીજ જે નમાઝ પઢનારે પહેરી ન હોય, પણ ખિસ્સામાં રાખી મૂકી હોય, જેમકે રૂમાલ વગેરે, ભલે પછી એ રૂમાલ અગર પહેરતે તો શરમગાહને છુપાવી શક્તે, તો એનાથી નમાઝ બાતિલ નથી થતી; એવી જ રીતે અગર કોઈ શખ્સે ગસ્બી કપડું ધારણ કર્યુ હોય, પણ શરમગાહને મુબાહ કપડાંથી ઢાંકી હોય, તો પણ નમાઝ બાતિલ નથી થતી, પણ આ બધાય સંજોગમાં અહવત એ છે કે એવાં કપડાંને તર્ક કરે.

**મસઅલો ૮૦૩ :** જે શખ્સ જાણતો હોય કે ગસ્બી કપડાં પહેરવાં હરામ છે, પણ એ કપડાંથી નમાઝ પઢવાનો

શો હુકમ છે એ જાણતો ન હોય, અને એ કપડા સાથે નમાઝ પઢી લ્યે, તો ઉપરોક્ત મસઅલામાં જણાવેલી વિગતોને અનુલક્ષી તેની નમાઝ અહવતની રૂએ બાતિલ છે.

**મસઅલો ૮૦૪** : અગર કોઈ શખ્સને ખબર ન હોય કે એનો લિબાસ ગસ્બી છે, અથવા એ ભૂલી જાય; અને એ લિબાસ સાથે નમાઝ પઢે તો એની નમાઝ સહીહ છે, પણ જો એ શખ્સ પોતે એ લિબાસ ગસ્બ કર્યો હોય અને એ વિશે ભૂલી જાય, તો અહવતની રૂએ એની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૮૦૫** : અગર એક શખ્સ જાણતો ન હોય કે એનો લિબાસ ગસ્બી છે, અથવા ભૂલી ગયો હોય; અને નમાઝ દરમિયાન એને સમજાય કે લિબાસ ગસ્બી છે, તો અગર બીજી મુબાહ વસ્તુથી તેની શરમગાહ ઢાંકેલી હોય, અને તરત જ અથવા નમાઝમાં મવાલાતને તોડયા વગર, કપડાં ઉતારી શકતો હોય, તો તેણે કપડાં ઉતારી નાખવા જોઈએ.

પણ જો કોઈ જોનારથી તેની શરમગાહને ઢાંકવા માટે બીજી કોઈ મુબાહ વસ્તુ ન હોય, અથવા ગસ્બી કપડાંને તરત જ ઉતારી શકતો ન હોય તો તેની નમાઝ શરૂ રાખશે અને તેની નમાઝ સહીહ છે.

**મસઅલો ૮૦૬** : અગર કોઈ શખ્સ પોતાની જાનને બચાવવા ખાતર ગસ્બી લિબાસથી નમાઝ પઢે, અને છેલ્લા સમય સુધી બીજો લિબાસ પહેરી શકે તેમ ન હોય અથવા

આ લિબાસ પહેરવાની મજબૂરી પોતાની મરજીથી ઊભી કરેલ ન હોય જેમ કે પોતે ગસ્બ ન કર્યો હોય. તો તેની નમાઝ સહીહ છે. અથવા એ માટે કે ચોર તે ગસ્બી લિબાસને ચોરી ન જાય તે માટે ગસ્બી લિબાસ સાથે નમાઝ પઢી હોય તેમજ છેલ્લા સમય સુધી કોઈ બીજા લિબાસ સાથે નમાઝ ન પઢી શકે અથવા લિબાસને એ નિય્યતથી પોતાની સાથે રાખે કે પહેલી ફુરસતમાં તેના માલિકને પહોંચાડી દેશે તો તેની નમાઝ સહીહ છે.

**મસઅલો ૮૦૭** : અગર ઈન્સાન કોઈ એવી રકમથી કપડાં ખરીદે જે રકમ ઉપર લાગું પડેલું ખુમ્સ અદા ન થયું હોય, અને સોદો એવી રીતે કરે કે કિંમત અદા કરવાની જવાબદારી તેના ઊપર લ્યે સામાન્ય રીતે આ જ પ્રમાણે સોદા થતા હોય છે તો તે લિબાસ હલાલ છે. પણ તે ખુમ્સની રકમનો કર્ઝદાર ગણાશે. પરંતુ જો કિંમતરૂપે ખાસ ખુમ્સ અદા કર્યા વગરની રોકડ રકમ નક્કી કરે તો હાકીમે શરઅની ઈજાઝત વગર એ કપડાં સાથે નમાઝ પઢે, તો એ ગસ્બી કપડાં સાથે નમાઝ પઢવાનો હુકમ ધરાવે છે.

## (૩) ત્રીજી શરત

**મસઅલો ૮૦૮** : નમાઝ પઢનારની શરમગાહને ઢાંકનાર લિબાસ એવા મુરદાર હૈવાનના કોઈ પણ ભાગથી બનેલું ન હોવું જોઈએ કે જે હૈવાનનું ખૂન ઉછળીને નીકળતું હોય, આ શરત એહતિયાતે વાજિબની રૂએ એવા લિબાસને પણ લાગુ પડશે. જે શરમગાહને ઢાંકવા માટે પૂરતા ન હોય તેમજ એહતિયાતે મુસ્તહબ છે કે એવા

મુરદારના ભાગથી બનેલ પણ ન હોવું જોઈએ કે જેનું ખૂન ઉછળીને નીકળતું નથી. જેમકે સાંપ માછલી વગેરે.

**મસઅલો ૮૦૯** : અગર નજીસ મુરદારનો કોઈ પણ ભાગ, જેમકે ગોશ્ત અથવા ચામડી કે જે હૈવાનના જીવવાળા ભાગ તરીકે ગણાય છે, નમાઝ પઢનાર પાસે હોય તો તેની નમાઝ સહીહ છે.

**મસઅલો ૮૧૦** : અગર હલાલ ગોશ્ત જાનવરના મુરદારનો એવો ભાગ કે જે જીવવાળો ગણાતો નથી, જેમકે વાળ, ઊન વગેરે નમાઝ પઢનારની સાથે હોય, અથવા એનાથી લિબાસ બન્યો હોય અને એ લિબાસથી નમાઝ પઢે તો તેની નમાઝ સહીહ છે.

## (૪) ચોથી શરત

**મસઅલો ૮૧૧** : જે ચીજો એકલી હોય તો શરમગાહને ન ઢાંકી શકતી હોય, એ ચીજો સિવાય, જેમકે મોજાં વગેરે, નમાઝ પઢનારનો લિબાસ ફાડી ખાનાર જાનવરોના કોઈ પણ ભાગથી બનેલો ન હોવો જોઈએ, બલ્કે અહતિયાતે લાઝિમની રૂએ કોઈ પણ હરામ ગોશ્ત જાનવરના ભાગથી બનેલો ન હોવો જોઈએ.

એવી જ રીતે નમાઝ પઢનારના શરીર કે કપડાં ઉપર એ જાનવરનું પેશાબ, પાયખાનું, પરસેવો, દૂધ અથવા વાળ લાગેલાં ન હોવા જોઈએ, પરંતુ જો લિબાસ ઉપર એકાદ વાળ રહી જવા પામ્યો હોય તો વાંધો નથી. એવી જ રીતે ડબ્બામાં મૂકી અને પાસે રાખે તો નમાઝમાં વાંધારૂપ નથી.

**મસઅલો ૮૧૨** : અગર હરામ ગોશ્ત જાનવર, જેમકે બિલાડી વગેરેનું થૂંક, સળેખમ અથવા બીજું કોઈ પ્રવાહી શરીર ઉપર કે લિબાસ ઉપર લાગેલું હોય, તો જો ભીનાશ બાકી હોય તો નમાઝ બાતિલ છે; અને જો સૂકાઈ જવાથી તે અસલ ચીજ બાકી ન રહી હોય તો નમાઝ સહીહ છે.

**મસઅલો ૮૧૩** : અગર કોઈ શખ્સના વાળ, પરસેવો કે થૂંક નમાઝીના શરીર ઉપર અથવા લિબાસ ઉપર હોય તો કોઈ વાંધો નથી; એવી જ રીતે મોતી, મીણ કે મધ લાગેલું હોય તો પણ નમાઝ પઢવી જાઈઝ છે.

**મસઅલો ૮૧૪** : અગર કોઈને શક હોય કે લિબાસ હરામ ગોશ્ત જાનવરથી તૈયાર કરવામાં આવેલ છે અથવા હલાલ ગોશ્ત જાનવરથી, તો ચાહે એ ઈસ્લામી દેશમાંથી લીધેલ હોય અથવા ગૈરઈસ્લામી દેશમાંથી, તેમાં નમાઝ પઢવી જાઈઝ છે.

**મસઅલો ૮૧૫** : મોતીની છીપ સંબંધે સાબિત નથી કે તે હરામ ગોશ્ત જાનવરનો ભાગ છે, એટલે એનાથી બનેલી વસ્તુઓ સાથે નમાઝ પઢવી જાઈઝ છે.

**મસઅલો ૮૧૬** : ખિસકોલીની ચામડીથી તૈયાર કરવામાં આવેલા લિબાસ સાથે નમાઝ પઢવામાં કંઈ વાંધો નથી, પણ એહતિયાતે મુસ્તહબ છે કે ખિસકોલીની ચામડીથી તૈયાર થયેલા લિબાસ સાથે નમાઝ ન પઢે.

**મસઅલો ૮૧૭** : અગર કોઈ શખ્સને ખબર ન હોય, અથવા ભૂલી જાય કે જે લિબાસ સાથે એણે નમાઝ અદા કરી છે એ લિબાસ હરામ ગોશ્તવાળા જાનવરથી બનેલો

છે, તો તેની નમાઝ સહીહ છે.

## (૫) પાંચમી શરત

**મસઅલો ૮૧૮ :** પુરૂષો માટે સોનાથી વણવામાં આવેલો લિબાસ પહેરવો હરામ છે, અને જો નમાઝમાં પહેરે તો નમાઝ બાતિલ છે. પરંતુ સ્ત્રીઓ માટે નમાઝ અને નમાઝ સિવાય અન્ય હાલતમાં સોનાના ઉપયોગમાં કોઈ હરજ નથી.

**મસઅલો ૮૧૯ :** સોનું પહેરવું, જેમકે ગળામાં સોનાની સાંકળ લટકાવવી, સોનાની વીંટી પહેરવી, સોનાની કાંડા ઘડિયાળ અને સોનાના ચશ્માં પુરૂષો માટે હરામ છે, અને એની સાથે નમાઝ પઢવી નમાઝને બાતિલ છે, પરંતુ ઔરતો માટે નમાઝમાં કે નમાઝ સિવાયની હાલતમાં એ પહેરવું જાઈઝ છે.

**મસઅલો ૮૨૦ :** અગર કોઈ પુરૂષને ખબર ન હોય, અથવા ભૂલી ગયો હોય કે તેની વીંટી અથવા લિબાસ સોનાથી બનેલ છે અથવા એ બાબતે શક હોય, અને એ સાથે નમાઝ પઢે તો એની નમાઝ સહીહ છે.

## (૬) છઠ્ઠી શરત

**મસઅલો ૮૨૧ :** નમાઝ પઢનાર પુરૂષનો એવો લિબાસ જે એકલો શરમગાહને ઢાંકી શકતો હોય તે ખાલિસ રેશમનો ન હોવો જોઈએ, અને નમાઝ સિવાય અન્ય હાલતમાં પણ ખાલિસ રેશમનાં વસ્ત્રો પુરૂષ માટે હરામ છે.

**મસઅલો ૮૨૨ :** અગર લિબાસમાં ખાલિસ રેશમનું

અસ્તર મૂકવામાં આવે, ચાહે પૂરા લિબાસમાં હોય અથવા થોડાક ભાગમાં હોય, મરદ માટે તેનું પહેરવું હરામ છે, તેવા લિબાસ સાથે નમાઝ બાતિલ છે.

**મસઅલો ૮૨૩** : જે વસ્ત્ર માટે જાણ ન હોય કે એ ખાલિસ રેશમનું છે કે બીજી કોઈ વસ્તુથી બનાવેલું છે, એ વસ્ત્ર પહેરવું (પુરૂષો માટે) જાઈઝ છે, અને એની સાથે નમાઝમાં પણ કંઈ વાંધો નથી.

**મસઅલો ૮૨૪** : ખાલિસ રેશમનો રૂમાલ અથવા એવી કોઈ વસ્તુ કે જે પુરૂષના ખિસ્સામાં હોય તેમાં કંઈ વાંધો નથી; અને તે નમાઝને બાતિલ નહિ કરે.

**મસઅલો ૮૨૫** : સ્ત્રીઓ માટે ખાલિસ રેશમનો લિબાસ નમાઝમાં અને નમાઝ સિવાયની હાલતમાં પહેરવો જાઈઝ છે.

**મસઅલો ૮૨૬** : મજબૂરીની હાલતમાં ખાલિસ રેશમથી બનેલો લિબાસ અથવા સોનાથી વણવામાં આવેલો લિબાસ પહેરવામાં વાંધો નથી, એવી જ રીતે અગર કોઈ લિબાસ પહેરવા માટે મજબૂર હોય અને ઉપરોકત પ્રકારના લિબાસ સિવાય બીજો કોઈ લિબાસ તેની પાસે ન હોય, તો એ લિબાસ સાથે નમાઝ પઢી શકશે.

**મસઅલો ૮૨૭** : અગર એક શખ્સ પાસે ગસ્બી લિબાસ અથવા ખાલિસ રેશમ કે સોનાથી વણેલા લિબાસ સિવાય બીજો કોઈ લિબાસ મોજૂદ ન હોય, પણ સાથે સાથે લિબાસ પહેરવા માટે લાચાર ન હોય, તો નમાઝ પઢવા માટે, નગ્નાવસ્થામાં નમાઝ પઢવા માટે જે રીત

દર્શાવવામાં આવી છે તે પ્રમાણે વર્તે.

**મસઅલો ૮૨૮** : અગર ફાડી ખાનાર જાનવરની ચામડી વગેરેથી બનાવવામાં આવેલ લિબાસ સિવાય બીજો લિબાસ મોજૂદ ન હોય, અને સાથે સાથે લિબાસ પહેરવા માટે લાચાર હોય અને આ લાચારી નમાઝના છેલ્લા સમય સુધી બાકી રહે તેમ હોય તો એ જ લિબાસ સાથે નમાઝ પઢી શકશે, પણ જો લાચાર ન હોય તો પછી નગ્નાવસ્થામાં નમાઝ પઢવા માટે જે હુકમ સમજાવવામાં આવ્યો છે તે મુજબ અમલ કરશે.

પણ ફાડી ખાનાર જાનવર સિવાય કોઈ હરામ ગોશ્તની ચામડી વગેરેથી લિબાસ બનાવવામાં આવ્યો હોય, અને એ સિવાય બીજો કોઈ લિબાસ તેની પાસે ન હોય, અને જો એ લિબાસ પહેરવા માટે લાચાર ન હોય, તો એહતિયાતે લાઝિમ છે કે બે વાર નમાઝ પઢે, એક વાર એ લિબાસ પહેરીને પઢે અને બીજી વાર નગ્નાવસ્થામાં નમાઝની રીત મુજબ પઢે.

**મસઅલો ૮૨૯** : અગર એક શખ્સ પાસે નમાઝમાં શરમગાહને ઢાંકવા માટે કોઈ ચીજ ન હોય, તો વાજિબ છે કે ભાડેથી યા ખરીદ કરીને એવી ચીજ હાસિલ કરે, પરંતુ જો એમ કરવામાં તેને પોતાની મિલ્કતથી વધારે કિંમત ચૂકવવી પડે તેમ હોય થવા તેની (આર્થિક) સ્થિતિને નુકસાન પહોંચે તેવા સંજોગ હોય તો નગ્નાવસ્થામાં નમાઝ પઢવા માટે જે હુકમ છે એ પ્રમાણે વર્તશે.

**મસઅલો ૮૩૦** : જે શખ્સ પાસે લિબાસ ન હોય, અને કોઈ બીજો શખ્સ લિબાસ ભેટરૂપે અથવા તેને

ઉપયોગમાં લેવા માટે આપે અને તેને સ્વીકારવામાં કોઈ તકલીફ ન હોય તો સ્વીકારી લેવો જોઈએ, બલ્કે જો કામચલાઉ યા ભેટરૂપે લિબાસ માંગી લેવામાં તેના માટે કોઈ મુશ્કેલી ન હોય તો માંગી લેવો જોઈએ.

**મસઅલો ૮૩૧** : જે લિબાસનું કપડું, રંગ અથવા સિલાઈ એવી હોય જે લિબાસ સામાન્ય રીતે પહેરવામાં ન આવતો હોય તેમજ તેને પહેરવાથી ઈન્સાનની બેઈઝઝતી અથવા મશ્કરી થતી હોય, એ લિબાસ પહેરવો હરામ છે, પણ અગર એવા લિબાસથી નમાઝ પઢે, ભલે પછી ફકત શરમગાહને ઢાંકવા માટે તે લિબાસ હોય, તો પણ તેની નમાઝ સહીહ છે.

**મસઅલો ૮૩૨** : અગર મર્દ ઔરતના વસ્ત્રો ધારણ કરે, અને ઔરત મર્દના વસ્ત્રો ધારણ કરે તો એ હરામ નથી અને તેમાં નમાઝ પઢવી પણ બાતિલ નથી પરંતુ મર્દ પોતાને ઔરતના રૂપમાં સજાવે અને ઔરત પોતાને મર્દના રૂપમાં સજાવે એહતિયાતે વાજિબની રૂએ જાઈઝ નથી.

**મસઅલો ૮૩૩** : જે શખ્સને સૂતા સૂતા નમાઝ પઢવી પડતી હોય જરૂરી નથી કે તેની રજાઈ, ચાદર વિગેરે નમાઝીના લિબાસની શર્તો પ્રમાણે હોય સિવાય એ એ સંજોગમાં કે તેને પહેર્યુ હોય તેમ કહી શકાય દાખલા તરીકે શરીર ઉપર લિબાસ જેમ લપેટી હોય.

# એવા સંજોગો કે જેમાં નમાઝ પઢનારનું શરીર અને લિબાસનું પાક હોવું જરૂરી નથી

**મસઅલો ૮૩૪** : ત્રણ એવા સંજોગ છે કે જેમાં નમાઝ પઢનારનું શરીર કે લિબાસનું પાક હોવું જરૂરી નથી. તેની વિગતો આગળ જતાં રજૂ કરવામાં આવશે :

(૧) અગર પોતાના શરીરનું જખ્મ, ગુમડું કે ઘામાંથી વહેતું ખૂન તેના શરીર કે લિબાસ ઉપર લાગેલ હોય.

(૨) અગર તેના કપડાં કે શરીરમાં એક દિરહમના વિસ્તાર જેટલું ખૂન લાગેલું હોય; અને એ વિસ્તાર એહતિયાતે વાજિબની રૂએ લગભગ હાથના અંગૂઠાના પ્રથમ વેઢાં જેટલો ગણાય છે.

(૩) અગર મજબૂર હોય કે નજીસ કપડાં અથવા શરીર સાથે નમાઝ પઢે.

ઉપરાંત એક બીજો સંજોગ પણ છે કે જેમાં અગર નમાઝ પઢનારનો લિબાસ નજીસ હોય તો નમાઝ સહીહ છે, અને તે સંજોગ એ છે કે જયારે પહેરવાની નાની વસ્તુઓ, જેમકે મોજાં, માથા ઉપર મૂકવાની નાનકડી ટોપી વિગેરે નજીસ હોય. આ ચારેય સંજોગોની વિગત હવે પછી રજૂ થશે.

**મસઅલો ૮૩૫** : અગર નમાઝ પઢનારના શરીર કે લિબાસ ઉપર જે ખૂન લાગેલું હોય, એ જખ્મ, ઘા કે ગુમડાં વિગેરેનું ખૂન હોય, તો જયાં સુધી એ જખ્મ, ગુમડું કે ઘા રૂજાઈ ન જાય ત્યાં સુધી એ ખૂન સાથે નમાઝ

પઢી શકે છે. એવી જ રીતે અગર એ ખૂન સાથે પરૂ વિગેરે બહાર આવે, અથવા દવા વિગેરે જે જખ્મ, ગુમડાં વિગેરે ઉપર હોય અને નજીસ થઈ ગઈ હોય, તો એની સાથે પણ નમાઝ પઢી શકશે.

**મસઅલો ૮૩૬** : જે ખૂન સાધારણ જખ્મ કે કાપને કારણે હોય, એવા મામુલી જખ્મ કે કાપ જે તરત જ રૂજાઈ જતાં હોય, અને આસાનીથી પાક પણ કરી શકાતા હોય, જો એ ખૂન અગર નમાઝ પઢનારના શરીર કે કપડાં ઉપર લાગેલું હોય અને તે એક દિરહમ કે તેથી વધારે વિસ્તારમાં ફેલાયેલ હોય તો નમાઝ બાતિલ છે.

**મસઅલો ૮૩૭** : અગર શરીર કે કપડાંના એ ભાગો જે જખ્મથી દૂર હોય અને તે જખ્મના પ્રવાહી કે બીજી ભીનાશથી નજીસ થાય, તો તેની સાથે નમાઝ જાઈઝ નથી. પણ જખ્મના આજુબાજુ શરીર કે કપડાના જે ભાગો સામાન્ય રીતે જખ્મમાંથી નીકળતા પ્રવાહી વિગેરેથી નજીસ થઈ જતા હોય તેની સાથે નમાઝ પઢવામાં વાંધો નથી.

**મસઅલો ૮૩૮** : હરસના ગુમડા અથવા જે ગુમડાઓ મોંઢા યા નાકના અંદરના હિસ્સામાં હોય છે, તેમાંથી ઝરતું ખૂન જો શરીર કે કપડાંને લાગે તો તેની સાથે નમાઝ પઢી શકાય છે અને હરસના ગુમડા બહાર હોય કે અંદર કાંઈપણ ફર્ક નથી પડતો.

**મસઅલો ૮૩૯** : અગર કોઈ શખ્સના શરીર ઉપર જખ્મ હોય, અને એ પોતાના શરીર કે કપડાં ઉપર દિરહમના વિસ્તારથી વધુ ખૂન જુએ, પણ નક્કી ન કરી શકે કે એ

ખૂન જખ્મનું છે અથવા બીજી જગ્યાએથી લાગ્યું છે, તો એહતિયાતે વાજિબીની રૂએ એની સાથે નમાઝ ન પઢે.

**મસઅલો ૮૪૦** : અગર ઈન્સાનના શરીર ઉપર અનેક જખ્મો હોય, પણ એક બીજાથી એટલા નજીક હોય કે તે બધા જખ્મો એક જ ગણાતા હોય, તો જયાં સુધી એ સર્વે જખ્મો રૂજાઈ ન જાય, ત્યાં સુધી તેમાંથી નીકળતાં ખૂન સાથે નમાઝ પઢી શકશે.

પણ જો એ જખ્મો વચ્ચે વધારે અંતર હોય, અને દરેક જખ્મ જુદું તરી આવતું હોય, તો જે જખ્મ રૂજાઈ જાય, તેના ખૂનથી કપડાં કે શરીરનો જે ભાગ નજીસ થયો હોય તેને નમાઝ પહેલાં પાણીથી પાક કરી લેવો જોઈએ.

**મસઅલો ૮૪૧** : અગર સોયની અણી બરાબર પણ જો હૈઝનું ખૂન નમાઝીના શરીર કે કપડાં ઉપર હોય તો તેની નમાઝ બાતિલ છે, અને અહવતની રૂએ એ જ હુકમ નિફાસ અને ઈસ્તેહાઝાના ખૂન માટે છે, તેમજ નજીસુલ અયન જેમકે ડુક્કરનું ખૂન, મુરદારનું ખૂન, અને હરામ ગોશ્તવાળા જાનવરના ખૂન માટે પણ છે. પરંતુ ઈન્સાનના શરીરનું ખૂન અથવા હલાલ ગોશ્તવાળા જાનવરનું ખૂન, ભલે પછી શરીર કે લિબાસ ઉપર ઠેકઠેકાણે લાગેલું હોય, પણ કુલ મળીને દિરહમના વિસ્તારથી ઓછું હોય તો નમાઝ પઢવામાં વાંધો નથી.

**મસઅલો ૮૪૨** : જે લિબાસમાં અસ્તર મૂકવામાં આવ્યું ન હોય, તેના ઉપર જો ખૂન લાગે અને એ લિબાસના પાછળના હિસ્સા સુધી પહોંચે તો એ એક જ

ખૂન ગણાશે અને જે તરફ વધારે ફેલાયેલ હશે તે તરફની ગણતરી કરવામાં આવશે, પણ જો લિબાસના પાછળના હિસ્સા ઉપર બીજુ ખૂન લાગે, તો એ જુદું ગણાશે.

એવા સંજોગમાં ઉપલા તેમજ નીચલા હિસ્સામાં લાગેલું ખૂન કુલ મળીને દિરહમના વિસ્તારથી ઓછું હોય, તો નમાઝ સહીહ છે અને જો વધારે હોય તો નમાઝ બાતિલ છે.

**મસઅલો ૮૪૩** : જે લિબાસમાં અસ્તર મૂકવામાં આવ્યું હોય, એના ઉપર ખૂન લાગે અને અસ્તર સુધી પહોંચે, અથવા અસ્તર ઉપર ખૂન લાગે અને લિબાસના ઉપલા હિસ્સા સુધી પહોંચે, તો એ બે અલગ ખૂન ગણાશે. સિવાય કે અસ્તર લિબાસ સાથે એવી રીતે જોડાયેલું હોય કે સામાન્ય રીતે તે લોકોની નજરમાં એક જ ખૂન ગણાય. (પણ જો એક ન ગણાય તેવા) સંજોગમાં અગર અસ્તર અને લિબાસ ઉપર લાગેલું ખૂન કુલ મળીને દિરહમથી ઓછું હોય તો નમાઝ સહી છે, અને જો દિરહમ બરાબર યા વધારે હોય તો નમાઝ બાતિલ છે.

**મસઅલો ૮૪૪** : અગર શરીર કે લિબાસ ઉપર લાગેલું ખૂન દિરહમના વિસ્તારથી ઓછું હોય, પણ એના ઉપર એવી ભીનાશ કે એવું પ્રવાહી લાગે કે જેને કારણે આજુ બાજુના હિસ્સા સુધી ફેલાય જાય, તો એની સાથે નમાઝ પઢવી નમાઝને બાતિલ કરશે, ભલે પછી ખૂન અને એ ભીનાશ કુલ મળીને દિરહમના વિસ્તારથી ઓછું હોય. પણ જો એ ભીનાશ માત્ર ખૂન ઉપર લાગે અને આજુબાજુના હિસ્સામાં ન ફેલાય, તો તેની સાથે નમાઝ

પઢવામાં વાંધો નથી.

**મસઅલો ૮૪૫** : અગર શરીર કે લિબાસ ઉપર ખૂન ન હોય, પણ કોઈ ભીનાશ સાથે સંપર્કમાં આવી ખૂનથી નજીસ થાય, તો નજીસ થયેલી જગ્યા દિરહમથી ઓછી હોય છતાંપણ તેની સાથે નમાઝ નહીં પઢી શકાય.

**મસઅલો ૮૪૬** : અગર શરીર કે લિબાસ ઉપર લાગેલું ખૂન દિરહમના વિસ્તારથી ઓછું હોય, અને બીજી નજાસત, જેમકે, પેશાબનું ટીપું એ ખૂન ઉપર પડે, અને તે શરીર કે લિબાસના પાક ભાગ સુધી પહોંચી જાય, તો તેમાં નમાઝ પઢવી જાઈઝ નથી. બલ્કે જો શરીર કે લિબાસના પાક ભાગ સુધી ન પહોંચે, તો પણ એહતિયાતે લાઝિમની રૂએ તેમાં નમાઝ પઢવી સહીહ નથી.

**મસઅલો ૮૪૭** : જે નાનકડાં લિબાસથી શરમગાહ ઢાંકી શકાતી નથી, જેમકે મોજાં, માથાની નાનકડી ટોપી તે અગર નજીસ હોય, તો એની સાથે નમાઝ પઢી શકાય છે, પણ એહતિયાતે લાઝિમની રૂએ એ વસ્તુઓ નજીસ મુરદાર કે નજીસુલ અયન જાનવરના કોઈ ભાગથી બનેલી હશે તો નમાઝ બાતિલ થશે. એવી જ રીતે નજીસ વીંટી સાથે નમાઝ પઢવામાં વાંધો નથી.

**મસઅલો ૮૪૮** : નમાઝ પઢનાર અગર નજીસ વસ્તુ, જેમકે રૂમાલ, ચાવી, ચાકુ વી. પાસે રાખે તો વાંધો નથી. એવી જ રીતે નજીસ લિબાસ સાથે હોય (પહેર્યો ન હોય) તો નમાઝને કોઈ નુકસાન નહીં પહોંચે.

**મસઅલો ૮૪૯** : અગર કોઈ શખ્સ જાણતો હોય કે જે ખૂન તેના શરીર કે લિબાસ ઉપર લાગેલું છે, તે દિરહમથી

ઓછું છે, પણ એને માત્ર શક્યતા હોય કે એ ખૂન એ પ્રકારનું છે કે જે નમાઝમાં માફ નથી, તો એ ખૂન સાથે નમાઝ પઢી શકે છે, અને તેને પાક કરવું જરૂરી નથી.

**મસઅલો ૮૫૦ :** જે ખૂન દિરહમના વિસ્તારથી ઓછું શરીર કે લિબાસ ઉપર હોય, પણ નમાઝ પઢનારને જાણ ન હોય કે એ એવા પ્રકારનું ખૂન છે જે નમાઝમાં માફ નથી અને નમાઝ પઢી લીધા બાદ જો જાણ થાય કે એ ખૂન એવા પ્રકારનું હતુ જે નમાઝમાં માફ નથી, તો ફરીથી નમાઝ પઢવી જરૂરી નથી.

એવી જ રીતે જયારે એણે માની લીધું હોય કે ખૂન દિરહમથી ઓછું છે, અને નમાઝ બાદ ખબર પડે કે એ ખૂન દિરહમના વિસ્તાર જેટલુ અથવા તેનાથી વધારે છે, તો ફરી વાર નમાઝ પઢવાની જરૂરત નથી.

## નમાઝ પઢનારના લિબાસ માટે અમુક મુસ્તહબાત

**મસઅલો ૮૫૧ :** મહાન ફકીહોએ નમાઝીના લિબાસ માટે અમુક ચીજો મુસ્તહબ ગણી છે :

(૧) અમામો પહેરવો (પાઘડી), અને એનો એક છેડો હડપચી નીચે રાખવો.

(૨) અબા પહેરવી.

(૩) સફેદ વસ્ત્રો પહેરવા.

(૪) સ્વચ્છ કપડાં પહેરવા.

(૫) ખુશ્બૂ લગાડવી.

(૬) અકીકવાળી વીંટી પહેરવી.

## જે લિબાસ નમાઝ પઢનાર માટે મકરૂહ છે

**મસઅલો ૮૫૨** : મહાન ફકીહો અમુક ચીજો નમાઝીના લિબાસ માટે મકરૂહ જાણે છે :

(૧) કાળાં વસ્ત્રો પહેરવાં. (૨) ગંદા કપડાં પહેરવાં. (૩) તંગ, કસકસતા વસ્ત્રો પહેરવા. (૪) શરાબીના કપડાં પહેરવા. (૫) એવા શખ્સના કપડા પહેરવા કે જે નજાસત બારામાં પરહેજ ન કરતો હોય. (૬) જે કપડાં ઉપર ચહેરો ચિતરવામાં આવ્યો હોય તે પહેરવા (૭) નમાઝની હાલતમાં લિબાસના બટન વિગેરે ખુલ્લાં રાખવા. (૮) ચહેરો કોતરાવેલ વીંટી પહેરવી.

## નમાઝ પઢવાની જગ્યા

નમાઝની જગ્યા માટે **સાત શરતો** છે :

**(૧) પહેલી શરત : એહતિયાતે વાજિબની રૂએ જગ્યા મુબાહ હોવી જોઈએ.**

**મસઅલો ૮૫૩** : અગર કોઈ શખ્સ ગસ્બી મિલકતમાં નમાઝ પઢે, ચાહે એ મિલકત ગાલીચા કે તખ્ત વિગેરે રૂપે હોય. એહતિયાતે લાઝિમની રૂએ તેની નમાઝ બાતિલ છે, પણ ગસ્બી છત કે ખયમા નીચે નમાઝ પઢવામાં વાંધો નથી.

**મસઅલો ૮૫૪** : એવી મિલકતમાં નમાઝ પઢવી કે જેના નફા ઉપર બીજા કોઈના હક હોય, તો ફાયદો કે ઉપયોગ જેનો હક હોય તેની રજા વગર જો ત્યાં નમાઝ પઢે તો એ ગસ્બી જગ્યા ઉપર નમાઝ પઢવા સમાન છે.

દાખલા તરીકે મકાન માલિક યા બીજો શખ્સ ભાડૂતની રજા વગર ભાડે આપેલી જગ્યાએ નમાઝ પઢે તો એહતિયાતે વાજિબની રૂએ તેની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૮૫૫** : અગર કોઈ શખ્સ મસ્જિદમાં એક જગ્યાએ બેઠો હોય, અને બીજો આવીને તેને ખસેડી તેની જગ્યા ઉપર કબ્જો કરીને ત્યાં નમાઝ પઢે તો તેની નમાઝ સહીહ છે, પણ તે ગુનેહગાર થયો ગણાશે.

**મસઅલો ૮૫૬** : અગર કોઈ શખ્સને જાણ ન હોય કે ફલાણી જગ્યા ગસ્બી છે, અથવા એના ગસ્બી હોવા વિશે ભૂલી ગયો હોય, અને ત્યાં નમાઝ પઢી લીધા બાદ તેને જાણ થાય અથવા યાદ આવે, તો એની નમાઝ સહીહ છે. પણ જો એ જગ્યા એણે પોતે ગસ્બ કરી હોય, અને પછી ભૂલી જઈને ત્યાં નમાઝ પઢે, તો અહવતની રૂએ એની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૮૫૭** : અગર કોઈ શખ્સને જાણ હોય કે ફલાણી જગ્યા ગસ્બી છે,અને એ પણ જાણતો હોય કે એનો ઉપયોગ જાઈઝ નથી, પણ એ ખબર ન હોય કે એવી જગ્યાએ નમાઝ ન પઢી શકાય, અને નમાઝ પઢે તો અહવતની રૂએ તેની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૮૫૮** : અગર કોઈ શખ્સ વાજિબ નમાઝ સવારી ઉપર અદા કરવા માટે મજબૂર હોય, અને સવારી માટેનું જાનવર, અથવા તેની જીન અથવા નાળ ગસ્બી હોય, તો એહતિયાતે વાજિબની રૂએ નમાઝ બાતિલ છે.

અને એ જ હુકમ સવારીની હાલતમાં મુસ્તહબ નમાઝ પઢવાનો છે.

**મસઅલો ૮૫૯** : અગર કોઈ શખ્સ મિલકતમાં બીજાનો ભાગીદાર હોય, પણ તેનો ભાગ જુદો નિયુકત ન હોય, તો તેના ભાગીદારની રજા વિના એ મિલકતનો ઉપયોગ નથી કરી શકતો અને એહતિયાતે વાજિબની રૂએ તે જગ્યાએ (ભાગીદારની રજા વગર) નમાઝ બાતિલ છે.

**મસઅલો ૮૬૦** : કોઈ મિલ્કત ખરીદીને કિંમતની જવાબદારી પોતાના માથે લ્યે અને કિંમત ખુમ્સ અદા કર્યા વગરની રકમમાંથી ચૂકવે તો તે મિલકતનો ઉપયોગ હલાલ છે, પરંતુ તેને ચૂકવેલ રકમ પ્રમાણે ખુમ્સનો કર્ઝદાર રહેશે. પરંતુ જો સોદામાં ખુમ્સ અદા કર્યા વગરની રકમ કિંમતરૂપે નકકી કરે તો હાકિમે શરઅની ઈજાઝત વગર તે મિલ્કતનો ઉપયોગ જાઈઝ નથી. એહતિયાતે વાજિબની રૂએ તે જગ્યા ઉપર નમાઝ બાતિલ છે.

**મસઅલો ૮૬૧** : અગર માલિકે મોઢાથી રજા આપી હોય, પણ ઈન્સાન જાણતો હોય કે માલિક દિલથી રાજી નથી, તો એ મિલકતમાં નમાઝ પઢવી જાઈઝ નથી. એથી ઉલટું અગર માલિક મોઢેથી રજા ન આપે, પણ ઈન્સાનને યકીન હોય કે એ દિલથી રાજી છે, તો ત્યાં નમાઝ પઢવી જાઈઝ છે.

**મસઅલો ૮૬૨** : જે મૈયત ઉપર ઝકાત યા બીજા હકકોનું લેણું બાકી રહી ગયું હોય, તેની મિલકતમાં એવી જાતનો ઉપયોગ કે જે હકકોની અદાયગીમાં અંતરાયરૂપ

ન હોય, જેમકે નમાઝ પઢવી, વારીસોની રજાથી જાઈઝ છે. એવી જ રીતે જો એ બાકી રહેલા હક્કોની અદાયગી કરે અથવા તેની જામીનગીરી લઈ લ્યે અથવા કર્ઝ જેટલો ભાગ જુદો રાખી લ્યે તો જેમાં આ મિલકત ખત્મ થઇ જાય તેવો ઉપયોગ પણ જાઈઝ છે.

**મસઅલો ૮૬૩** : અગર મૈયત ઉપર કર્ઝ ન હોય, પણ એના વારીસોમાં અમુક સગીર વયના કે દીવાના કે લાપતા હોય, તો તેની મિલકતનો ઉપયોગ એમના વલીની રજા વગર હરામ છે, અને તેમાં નમાઝ પઢવી જાઈઝ નથી. પણ એ સામાન્ય ઉપયોગ જે કફન દફનના કામોની તૈયારી માટે હોય. તેમાં વાંધો નથી.

**મસઅલો ૮૬૪** : પારકી મિલકતમાં નમાઝ પઢવી માત્ર એ જ સંજોગમાં જાઈઝ છે કે જયારે માલિકે ચોખ્ખી રીતે રજામંદી દર્શાવી હોય, અથવા એવી વાત કરી હોય કે જેથી એમ સમજાય કે તેની મિલકતમાં નમાઝ પઢવા માટે એને કંઈ વાંધો નથી. જેમકે અગર એ કોઈને એની મિલકતમાં રોકાવા, સુવા વિગેરેની રજા આપે, કે જેથી એમ સમજાય કે રોકાણ દરમિયાન નમાઝ પઢવાની રજા આપી છે. અથવા બીજી કોઈ રીતે માલિકની રજામંદી બારામાં ઈત્મેનાન હાંસિલ થાય.

**મસઅલો ૮૬૫** : જયાં વિશાળ જમીન પડી હોય, તેના ઉપર નમાઝ પઢવી જાઈઝ છે, ભલે પછી એ વિશાળ જમીનનો માલિક સગીર વયનો કે દીવાનો હોય, અથવા માલિક ત્યાં નમાઝ પઢવા માટે રાજી ન હોય, આવી જ રીતે બાગ અને એવી જમીન જ્યાં દીવાલ ન હોય ત્યાં

તેના માલિકની રજા મેળવવી જરૂરી નથી, પરંતુ જો ખબર હોય કે તે રાજી નથી તો તેનો ઉપયોગ ન કરવો જોઈએ આ જ પ્રમાણે જે સંજોગમાં માલિક સગીર વયનો કે ગાંડો હોય, અથવા એવુ ગુમાન હોય કે માલિક રજામંદ નહીં હોય, તે સંજોગોમાં એહતિયાતે લાઝિમની રૂએ તે જમીનનો ઉપયોગ ન કરવો જોઈએ અને તેની ઉપર નમાઝ ન પઢવી જોઈએ.

## (૨) બીજી શરત

**મસઅલો ૮૯૬** : વાજિબ નમાઝ પઢવા માટે જરૂરી છે કે નમાઝની જગ્યા અસ્થિર ન હોય, અને તેમાં એવી હલચલ કે હરક્ત ન હોય કે જેને કારણે નમાઝ પઢનાર સામાન્ય રીતે કયામ, રૂકૂઅ કે સુજુદ અદા ન કરી શકે. બલ્કે એહતિયાતે લાઝિમની રૂએ એવી જગ્યા ન હોય કે જે એના શરીરને સ્થિર રહેવાથી રોકે.

અગર વખતની તંગીને કારણે ઈન્સાન મજબૂર થાય કે એવી જગ્યાએ નમાઝ પઢે, જેમકે અમુક ગાડીઓમાં, વહાણ કે સ્ટીમરમાં અથવા ટ્રેનમાં અસ્થિર (હાલતમાં) નમાઝ પઢવી પઢે, તો બની શકે તેટલી હદે સ્થિરતા અને કિબ્લાની દિશાનું ધ્યાન રાખે, અને જયારે સવારી કિબ્લાની દિશાથી હટી જાય ત્યારે પોતે કિબ્લા તરફ મોઢું ફેરવે, જો કિબ્લાની દિશાનું ધ્યાન રાખવું શક્ય ન હોય તો કોશિશ કરે કે કિબ્લાથી ૯૦ અંશના ખૂણાથી વધારે દૂર ન થાય, અને જો એ પણ શક્ય ન હોય તો તકબીરતુલ એહરામ સમયે કિબ્લા તરફ મોઢું રાખે અને જો એ પણ શક્ય ન હોય તો કિબ્લાનું

ધ્યાન રાખવું જરૂરી નથી.

**મસઅલો ૮૬૭ :** ઉપરોકત વાહનોમાં અને અન્ય વાહનોમાં જયારે કે એ સ્થિર હોય, નમાઝ પઢવામાં કંઈ વાંધો નથી. એવી જ રીતે જયારે એ ગતિમાન થાય અને એ ગતિને કારણે એટલું હલનચલન ન થાય કે શરીર સ્થિર ન રહી શકે, તો પણ વાંધો નથી.

**મસઅલો ૮૬૮ :** ઘઉં કે જવ વિગેરેના પાકના ઢગલા જેવી જગ્યા ઉપર – જ્યાં ઈન્સાન સ્થિર ઊભો નથી રહી શકતો – નમાઝ બાતિલ છે.

## (૩) ત્રીજી શરત

એવી જગ્યાએ નમાઝ પઢવી જોઈએ કે જયાં શક્યતા હોય કે નમાઝ પૂરી રીતે અદા કરી શકશે. જે જગ્યાએ સખત પવન ફૂંકાતો હોય, અથવા વરસાદ પડી રહ્યો હોય, અથવા લોકોની સખત ભીડ હોય, અને એને ઈત્મેનાન હોય કે એ જગ્યાએ નમાઝ પૂરી નહીં પઢી શકે, ત્યાં પૂરી થવાની ઉમ્મીદમાં નમાઝ પઢે, અને બનવા કાળ એ નમાઝ પૂરી કરી લ્યે તો કાંઈ વાંધો નથી.

**મસઅલો ૮૬૯ :** જે જગ્યાએ રોકાવું હરામ છે, જેમકે એવી જગ્યાએ કે જયાં છત પડી જવાની તૈયારીમાં હોય, ત્યાં કોઈ નમાઝ પઢે તો સહીહ છે, પણ ગુનેહગાર થયો ગણાશે.

**મસઅલો ૮૭૦ :** અગર કોઈ શખ્સ એવી જગ્યા ઉપર નમાઝ પઢે, જયાં ઉઠવું, બેસવું જાઈઝ નથી, જેમકે, એવી જગ્યા ઉપર કે જયાં અલ્લાહનું નામ લખેલું હોય, તો જો

કુરબતન એલલ્લાહની નિય્યતથી વિરૂધ્ધ કાર્ય સાબિત થાય (જેમકે બેહુરમતીનો ઈરાદો હોય વી.) તો નમાઝ સહીહ નથી.

## (૪) ચોથી શરત

નમાઝ પઢવા માટેની જગ્યામાં શરત છે કે અગર એ જગ્યાએ છત હોય, તો એટલી નીચી ન હોવી જોઈએ કે નમાઝ પઢનાર સીધો ઉભો ન રહી શકે અને એવી જ રીતે એ જગ્યા એટલી નાની કે સાંકડી ન હોવી જોઈએ કે ત્યાં રૂકૂઅ અને સજદા બજાવવા માટે પૂરી જગ્યા ન હોય.

**મસઅલો ૮૭૧** : લાચારીના સંજોગમાં અગર ઈન્સાનને એવી જગ્યાએ નમાઝ પઢવી પઢે કે જયાં સરખી રીતે સીધો ઉભો ન રહી શકે, તો લાઝિમ છે કે બેઠા બેઠા નમાઝ પઢે અને જો સાંકડને કારણે સરખી રીતે રૂકૂઅ કે સિજદો અદા ન કરી શકે, તો માથાથી ઈશારો કરે.

**મસઅલો ૮૭૨** : હઝરત રસૂલેખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તેમજ અઈમ્મે અતહાર અલય્હેમુસ્સલામની મુબારક કબરોની આગળ નમાઝ પઢવાથી જો તેમની બેહુરમતી થતી હોય તો નમાઝ ન પઢવી જોઈએ, પણ જો બેહુરમતી થતી ન હોય તો વાંધો નથી, પરંતુ બંને હાલતમાં નમાઝ સહીહ છે.

## (૫) પાંચમી શરત

અગર નમાઝ પઢવાની જગ્યા નજીસ હોય, તો એ જગ્યા એટલી ભીની ન હોવી જોઈએ કે તેની ભીનાશ નમાઝ પઢનારના શરીર કે લિબાસને પહોંચે, એવા

સંજોગોમાં કે આ નજાસત એવી નજાસતોમાંથી હોય કે જે નમાઝને બાતિલ કરતી હોય, પરંતુ જે જગ્યાએ સજદા માટે પેશાની રાખવામાં આવે છે, તે અગર નજીસ હોય, તો નમાઝ બાતિલ છે, ચાહે એ જગ્યા સૂકી કેમ જ ન હોય.

એહતિયાતે મુસ્તહબની રૂએ નમાઝની જગ્યા તદ્દન પાક હોવી જોઈએ.

## (૬) છઠ્ઠી શરત

એહતિયાતે લાઝિમ છે કે નમાઝ પઢતી વખતે સ્ત્રી પુરૂષથી પાછળ ઉભી રહે. ઓછામાં ઓછુ એટલા અંતરે પાછળ ઉભી રહે કે સજદામાં તેનું માથું મર્દના ગોઠણની હરોળમાં આવે.

**મસઅલો ૮૭૩** : અગર સ્ત્રી પુરૂષની હરોળમાં અથવા એનાથી આગળ ઊભી રહે, અને બંને એકી સાથે નમાઝ શરૂ કરે, તો એહતિયાતે વાજિબની રૂએ બંનેએ નમાઝ ફરીથી પઢવી જોઈએ અને એ જ હુકમ એવા સંજોગમાં છે જયારે બેમાંથી એકે નમાઝ વહેલી શરૂ કરી હોય.

**મસઅલો ૮૭૪** : અગર એક જ હરોળમાં નમાઝ માટે પુરૂષ અને સ્ત્રી ઉભા હોય, અથવા સ્ત્રી આગળ ઉભી હોય, પણ એમના વચ્ચે નમાઝ વખતે કોઈ દિવાલ કે પડદો હોય, અથવા એવી વસ્તુ હોય કે જેને કારણે એકબીજાને ન જોઈ શકે, અથવા બંને વચ્ચે દસ હાથ (સાડા ચાર મીટર) જેટલો ફાંસલો હોય, તો બંનેની નમાઝ સહીહ છે.

## (૭) સાતમી શરત

નમાઝમાં સજદાની જગ્યા ગોઠણ અને બંને પગના અંગૂઠાથી ચાર બંધ આંગળીઓથી વધુ ઊંચી કે નીચી ન હોવી જોઈએ. આની વિગતો આગળ જતાં સજદાના પ્રકરણમાં આવશે.

**મસઅલો ૮૭૫** : જયાં નામેહરમ પુરૂષ કે સ્ત્રી હોય, અને ગુનાહમાં પડવાની શક્યતા દેખાતી હોય, ત્યાં હાજરી આપવી હરામ છે, અને એહતિયાતે મુસ્તહબ છે કે એવી જગ્યાએ નમાઝ ન પઢે.

**મસઅલો ૮૭૬** : જે જગ્યાએ સંગીતના સાધનો કે વાજીંત્રો વગાડવામાં આવતા હોય, તે જગ્યાએ નમાઝ બાતિલ નહીં થાય; જો કે એનું સાંભળવું કે વગાડવું હરામ છે.

**મસઅલો ૮૭૭** : એહતિયાતે વાજિબ છે કે ઈન્સાન ઈખ્તીયારની હાલતમાં વાજિબ નમાઝ ખાનએ કઅબાની અંદર અથવા તેની છત ઉપર ન પઢે પરંતુ જો મજબૂરીની હાલતમાં પઢવી પડે તો વાંધો નથી.

**મસઅલો ૮૭૮** : ખાનએ કાઅબામાં અથવા તેની છત ઉપર મુસ્તહબ નમાઝ પઢવામાં કોઈ વાંધો નથી, બલ્કે મુસ્તહબ છે કે કાઅબાની અંદર દરેક રૂકનની સામે બે રકાત નમાઝ પઢે.

## જયાં નમાઝ પઢવી મુસ્તહબ છે

**મસઅલો ૮૭૯** : શરીઅતમાં નમાઝ પઢવા માટે ખાસ તાકીદ છે કે મસ્જિદમાં બજાવી લાવવામાં આવે, અને સૌથી શ્રેષ્ઠ જગ્યા મસ્જિદુલ હરામ છે. ત્યારપછી મસ્જિદે

નબવીનો મરતબો છે. તે બાદ મસ્જિદે કુફા, અને ત્યારબાદ મસ્જિદે બયતુલ મુકદ્દસનો મરતબો આવે છે. આ ચાર જગ્યાઓ બાદ શહેરની જામેઅ મસ્જિદો, તે પછી મોહલ્લાની મસ્જિદ અને તે પછી બજારની મસ્જિદનો મરતબો છે.

**મસઅલો ૮૮૦** : ઔરતો માટે બેહતર છે કે એવી જગ્યાએ નમાઝ પઢે કે જ્યાં બીજી જગ્યાઓ કરતા નામહેરમોથી બચવા માટે વધારે મુનાસીબ (યોગ્ય) હોય, ચાહે એ જગ્યા ઘરમાં હોય, મસ્જિદમાં હોય કે કોઈ અન્ય સ્થળે હોય.

**મસઅલો ૮૮૧** : ઈમામો અલયહેમુસ્સલામના હરમમાં નમાઝ અદા કરવી મુસ્તહબ છે, બલ્કે આમ મસ્જિદો કરતા બેહતર છે. રિવાયતમાં છે કે હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામના પાક હરમમાં નમાઝનો સવાબ બે લાખ નમાઝ સમાન છે.

**મસઅલો ૮૮૨** : મસ્જિદમાં હર હંમેશ જવું, અને ખાસ કરી એવી મસ્જિદમાં કે જયાં નમાઝીઓ ન જતાં હોય, ત્યાં જવું મુસ્તહબ છે, અને જે શખ્સ મસ્જિદના પાડોશમાં રહેતો હોય, તેના માટે કોઈ (યોગ્ય) કારણ વગર મસ્જિદ સિવાય અન્ય સ્થળે નમાઝ પઢવી મકરૂહ છે.

**મસઅલો ૮૮૩** : મુસ્તહબ છે જે શખ્સ મસ્જિદમાં હાજરી ન આપતો હોય, તેની સાથે બેસીને ન જમવું, તેની સલાહ ન લેવી, તેના પાડોશમાં ન રહેવું અને તેની સાથે શાદીનો વહેવાર ન રાખવો.

# જ્યાં નમાઝ પઢવી મકરૂહ છે

**મસઅલો ૮૮૪** : જે જગ્યાએ નમાઝ પઢવી મકરૂહ છે, તેમાંની અમુક નીચે જણાવ્યા મુજબ છે:

(૧) હમામમાં. (૨) નમકીન જમીન ઉપર. (૩) કોઈ ઈન્સાનની સામે. (૪) ખુલ્લા દરવાજાની સામે. (૫) રસ્તા ઉપર કે શેરી, ગલીમાં નમાઝ પઢવી, જો લોકોની અવરજવરમાં મુશ્કેલીનું કારણ ન બનતુ હોય. તો મકરૂહ છે અને જો મુશ્કેલીનું કારણ બનતુ હોય તો તેમ કરવું હરામ છે. (૬) આગ અથવા દિવા સામે. (૭) રસોડામાં, અને દરેક એવી જગ્યાએ જયાં આગની ભઠ્ઠી હોય. (૮) કૂવા સામે, અને દરેક એવા ખાડા સામે કે જયાં લોકો પેશાબ કરતા હોય. (૯) કોઈ પણ સજીવના ફોટાં કે પૂતળાં સામે; સિવાય કે તેને ચાદર કે પડદાથી ઢાંકવામાં આવે. (૧૦) જે ઓરડામાં કોઈ જુનુબની હાલતમાં મોજૂદ હોય. (૧૧) જે ઓરડામાં ફોટાઓ હોય, ભલે પછી નમાઝીની સામેની દિશામાં ન હોય. (૧૨) કબરની સામે. (૧૩) કબરની ઉપર. (૧૪) બે કબરોની વચ્ચે. (૧૫) કબ્રસ્તાનમાં.

**મસઅલો ૮૮૫** : અગર કોઈ શખ્સ એવી જગ્યાએ નમાઝ પઢી રહ્યો હોય, જયાં લોકોની અવરજવર થઈ રહી હોય, અથવા કોઈ એની સામે હોય, તો મુસ્તહબ છે કે પોતાની આગળ કોઈ વસ્તુ રાખે, લાકડી કે રસ્સી હોય તો પણ કાફી છે.

# મસ્જિદના એહકામ

**મસઅલો ૮૮૬** : મસ્જિદની જમીન, છત, છાપરૂ દિવાલની અંદરનો હિસ્સો, વિગેરેને નજીસ કરવું હરામ છે. અને જેને જાણ થાય કે એ નજીસ થઈ છે, એના માટે જરૂરી છે કે તરત જ એ નજાસત દૂર કરે. એહતિયાતે મુસ્તહબ છે કે મસ્જિદની દિવાલની બહારના ભાગને પણ નજીસ ન કરવામાં આવે, પણ જો એ નજીસ થઈ જાય તો નજાસતને બરતરફ કરવી લાઝિમ નથી. અલબત્ત, મસ્જિદના બહારના ભાગને નજીસ કરવાથી જો તેની બેહુરમતી થતી હોય તો તે (બહારનો ભાગ) નજીસ કરવો હરામ છે, અને એ બેહુરમતી દૂર થઈ જાય એટલી હદે બહારના ભાગને પાક કરવો લાઝિમ છે.

**મસઅલો ૮૮૭** : અગર કોઈ શખ્સ મસ્જિદને પાક ન કરી શકતો હોય, અથવા તે માટે જરૂરી મદદ ન મેળવી શકતો હોય, તો તેના ઉપર મસ્જિદને પાક કરવી વાજિબ નથી. પણ જો એને એવું જણાય કે બીજાઓને ખબર કરવાથી તહારતનું કામ અંજામ પામશે, અને નજાસત ત્યાં રહેવા દેવું બેહુરમતીનું કારણ બને તો બીજાઓને ખબર આપવી જરૂરી છે.

**મસઅલો ૮૮૮** : અગર મસ્જિદની કોઈ પણ જગ્યા નજીસ થાય, અને એ જગ્યાને ખોદવા કે તોડવા સિવાય તહારત કરવી શક્ય ન હોય, તો એ જગ્યા ખોદી કે તોડી શકાય છે. પણ એ ખોદવું કે તોડવું ફક્ત એવા સંજોગમાં જાઈઝ છે કે નાના હિસ્સાને ખોદવાનુ કે તોડવાનું હોય, અને જો મોટા હિસ્સાને ખોદવા કે તોડવાની જરૂરત જણાય

અને તહારત કર્યા વગર મસ્જિદની બેહુરમતી બરતરફ થઈ શકે તેમ ન હોય તો જ ખોડવુ કે તોડવુ જાઈઝ છે, નહીંતર મસ્જિદને ખોદવા કે તોડવામાં ઈશ્કાલ છે. જયાં ખોદકામ કરવામાં કે તોડવામાં આવ્યું હોય તેનુ ફરી વાર સમારકામ કરવું વાજિબ નથી, પણ જો ઈંટ જેવી કોઈ વસ્તુ નજીસ થઈ હોય, તો શક્ય સંજોગમાં તેને પાક કર્યા બાદ એ જગ્યાએ પાછી મૂકવી જોઈએ.

**મસઅલો ૮૮૯** : અગર મસ્જિદ ગસ્બ કરવામાં આવે અને એની જગ્યાએ મકાન વગેરે બાંધવામાં આવે, અથવા મસ્જિદ જર્જરીત થઈ ગઈ હોય અને મસ્જિદ તરીકે ઓળખાતી ન હોય, તો નજીસ કરવી હરામ નથી, અને એ જગ્યાને પાક કરવી વાજિબ નથી.

**મસઅલો ૮૯૦** : અઈમ્મા અલય્હેમુસ્સલામના હરમ મુબારકોને નજિસ કરવા હરામ છે, અને જો નજિસ થાય અને નજિસ રહેવાથી તેની બેહુરમતી થતી હોય, તો તેને પાક કરવા વાજિબ છે. બલ્કે એહતિયાતે મુસ્તહબ છે કે જો બેહુરમતી ન થતી હોય તો પણ તેને પાક કરી લેવા જોઈએ.

**મસઅલો ૮૯૧** : અગર મસ્જિદમાં મૂકવામાં આવેલી સાદડી વિગેરે નજીસ થઈ જાય તો એને પાણીથી પાક કરી લેવી જોઈએ, અને જો તેનું કાપવું બેહતર હોય તો કાપી નાખવી જોઈએ, પરંતુ જો વધારે પડતો ભાગ કાપવો પડે તેમ હોય અથવા નુકસાન વગર તેનું પાક કરવું શક્ય ન હોય તો તેને પાક કરવામાં ઈશ્કાલ છે સિવાય કે તેને પાક ન કરવું બેહુરમતીનું કારણ બનતું હોય.

**મસઅલો ૮૯૨** : નજીસુલ અયન અથવા નજિસ થયેલી કોઈ વસ્તુને મસ્જિદમાં લઈ જવાથી જો મસ્જિદની બેહુરમતી થતી હોય, તો તેમ કરવું હરામ છે, બલ્કે એહતિયાતે મુસ્તહબ છે કે બેહુરમતી ન થતી હોય તો પણ એવી વસ્તુ મસ્જિદમાં ન લઈ જવામાં આવે. સિવાય કે જે વસ્તુઓ ઈન્સાનની સાથે જ ગણાતી હોય જેમકે, જખ્મનું ખૂન જે લિબાસ અથવા બદન પર હોય.

**મસઅલો ૮૯૩** : અગર મસ્જિદની અંદર મજલીસે અઝા માટે કનાઅત (ઔરતોની જુદી વ્યવસ્થા કરવા માટે પડદો વિગેરે) બાંધવામાં આવે, ફર્શ બિછાવવામાં આવે, કાળા કપડાં લટકાવવામાં આવે, ચાય વિગેરેનો સામાન લઈ આવવામાં આવે, અને જો આ કામથી મસ્જિદની ઈમારતને નુકસાન ન પહોંચે અને નમાઝીઓને નમાઝ પઢવા માટે રૂકાવટ ન બને તો વાંધો નથી.

**મસઅલો ૮૯૪** : એહતિયાતે વાજિબ છે કે મસ્જિદને સોનાથી શણગારવામાં ન આવે, અને એહતિયાતે મુસ્તહબ છે કે મસ્જિદને કોઈપણ જાનદાર જેમકે, ઈન્સાન કે હૈવાનના ચિત્રો વિગેરે વડે શોભાયમાન ન બનાવવામાં આવે.

**મસઅલો ૮૯૫** : મસ્જિદ અગર જર્જરિત થઈ જાય, તો પણ એને વેચી શકાતી નથી, અથવા મિલકત કે રસ્તાના ભાગમાં ફેરવી શકાતી નથી.

**મસઅલો ૮૯૬** : મસ્જિદના બારી બારણાં અને બીજી વસ્તુઓ વેચવી હરામ છે, અને જો મસ્જિદ જર્જરિત થઈ હોય, તો એ બધી વસ્તુઓ એ જ મસ્જિદના

પુનઃબાંધકામમાં વપરાવવી જોઈએ. અને જો એ મસ્જિદમાં કામ ન આવી શકતી હોય, તો બીજી મસ્જિદમાં ઉપયોગ કરવો જોઈએ, પરંતુ જો એવું બને કે કોઈ પણ મસ્જિદમાં વાપરવા લાયક ન હોય, તો તેને વેચીને જે રકમ મળે તે એ જ મસ્જિદના બાંધકામમાં વપરાય, અને નહીં તો બીજી કોઈ મસ્જિદના બાંધકામમાં વપરાય.

**મસઅલો ૮૯૭** : મસ્જિદ બનાવવી, અને જર્જરિત થયેલી મસ્જિદમાં સમારકામ કરાવવું મુસ્તહબ છે અને જો મસ્જિદ તદ્દન જર્જરિત થઈ હોય, અને તેમાં સમારકામથી કામ ન ચાલે તો બિલકુલ નવેસરથી બાંધી શકાય છે, બલ્કે જે મસ્જિદ જર્જરિત ન હોય, પણ લોકોની સહુલત માટે તેને મોટી કરવા ખાતર તોડીને નવેસરથી બાંધવી પડે તો જાઈઝ છે.

**મસઅલો ૮૯૮** : મસ્જિદને સાફ કરવી, તેમાં રોશની કરવી મુસ્તહબ છે, અને જે શખ્સ મસ્જિદે જવાનો ઈરાદો કરે તેના માટે મુસ્તહબ છે કે ખુશ્બૂ લગાડે, સાફ અને કિંમતી વસ્ત્રો પહેરે, પોતાના જોડાં વિગેરેના તળિયા પાક રાખે, અને મસ્જિદમાં દાખલ થતી વખતે જમણો પગ પહેલાં મૂકે, અને નીકળતી વખતે પ્રથમ ડાબો પગ મૂકે. એવી જ રીતે મુસ્તહબ છે કે મસ્જિદમાં સૌથી વહેલો દાખલ થાય અને સૌથી મોડો નીકળે.

**મસઅલો ૮૯૯** : ઈન્સાન જયારે મસ્જિદમાં દાખલ થાય ત્યારે મુસ્તહબ છે કે બે રકાત નમાઝ તહીય્યત અને હુરમતે મસ્જિદની નિય્યતથી પઢે, અને જો બીજી કોઈ વાજિબ અથવા મુસ્તહબ નમાઝ પઢે તો પણ કાફી છે.

**મસઅલો ૯૦૦** : મજબૂરીની હાલત સિવાય મસ્જિદમાં સૂવું મકરૂહ છે. એવી જ રીતે મસ્જિદમાં દુનિયાના કામો વિશે વાતો કરવી, પોતાના (દુન્યવી) કામકાજમાં મશગૂલ રહેવું, અથવા નસીહત વગરની અને બિનઉપયોગી શાઈરી કરવી મકરૂહ છે. ઉપરાંત મસ્જિદમાં થૂંકવું, નાકનું પાણી ફેંકવું, બલગમ (કફ)નું થૂંકવું મકરૂહ છે, બલ્કે અમુક સંજોગમાં હરામ છે. એવી જ રીતે પોતાની ખોવાયેલી વસ્તુની શોધમાં કે અન્ય કાર્ય માટે મોટા અવાજે પુકારવું મકરૂહ છે. અલબત્ત અઝાન માટે બુલંદ અવાઝનો વાંધો નથી.

**મસઅલો ૯૦૧** : દીવાનાને મસ્જિદમાં પ્રવેશ કરવા દેવું મકરૂહ છે. એવી જ રીતે બચ્ચાઓને મસ્જિદમાં દાખલ થવા દેવું એ સંજોગમાં મકરૂહ છે કે એમના આવવાથી નમાઝીઓને તકલીફ થતી હોય, અથવા મસ્જિદ નજિસ થવાનો સંભવ હોય, આ બંને સંજોગો સિવાય બાળકને મસ્જિદમાં આવવા દેવામાં વાંધો નથી બલ્કે અમુક સંજોગોમાં સારૂ છે અને જે શખ્સે ડુંગળી અથવા લસણ વિગેરે ખાધું હોય, અને એને કારણે મોઢામાંથી આવતી દુર્ગંધને કારણે લોકોને તકલીફ થતી હોય, તો તેના માટે મસ્જિદમાં જવું મકરૂહ છે.

## અઝાન અને એકામહ

**મસઅલો ૯૦૨** : મર્દ અને ઔરત બંને માટે મુસ્તહબ છે કે પોતાની રોજની દરેક વાજિબ નમાઝ પહેલાં અઝાન અને એકામહ કહે અને બીજી વાજિબ નમાઝો કે મુસ્તહબ

નમાઝો માટે જાઈઝ નથી, પરંતુ ઈદે ફિત્ર અને ઈદે અઝહાની નમાઝ જો જમાઅતથી પઢાતી હોય, તો નમાઝ પહેલાં ત્રણવાર 'અસ્સલાહ' કહેવું મુસ્તહબ છે.

**મસઅલો ૯૦૩ :** મુસ્તહબ છે કે જયારે બચ્ચું જન્મે ત્યારે પહેલા જ દિવસે, અથવા તેની નાભિ ખરે એથી પહેલાં તેના જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં એકામહ કહેવામાં આવે.

**મસઅલો ૯૦૪ :** અઝાનમાં ૧૮ વાકયો છે :

ચાર વખત : **અલ્લાહો અકબર**

બે વખત : **અશ્હદો અલ્ લા ઈલાહ ઈલ્લલ્લાહ**

બે વખત : **અશ્હદો અન્ન મોહમ્મદર્ રસૂલુલ્લાહ**

બે વખત : **હય્ય અલસ્ સલાહ**

બે વખત : **હય્ય અલલ્ ફલાહ**

બે વખત : **હય્ય અલા ખૈરિલ્ અમલ**

બે વખત : **અલ્લાહો અકબર**

બે વખત : **લા ઈલાહ ઈલ્લલ્લાહ**

એકામહમાં ૧૭ વાક્યો છે. એટલે પહેલી તકબીરમાં ચારને બદલે બે વખત '**અલ્લાહો અકબર**' અને છેલ્લી તહલીલમાં બેને બદલે એકવાર '**લા ઈલાહ ઈલ્લલ્લાહ**' પઢવું જોઈએ અને '**હય્ય અલા ખૈરિલ્ અમલ**' બાદ બે વાર '**કદ્ કામતિસ્ સલાહ**' પઢવું.

**મસઅલો ૯૦૫ : અશ્હદો અન્ન અંલીયન વલીય્યુલ્લાહ** અઝાન અને એકામહનો ભાગ નથી, પણ **અશ્હદો અન્ન મોહંમ્મદર્ રસૂલુલ્લાહ** બાદ કુરબતનની નિય્યતથી પઢવું બેહતર છે.

## અઝાન અને એકામહનો તરજૂમો

**અલ્લાહો અક્બર :** અલ્લાહ કોઈ પણ વર્ણન કરતાં મહાન છે.

**અશ્હદો અલ્ લા ઈલાહ ઈલ્લલ્લાહ :** હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ પરસ્તીશ અને ઈબાદતને લાયક નથી.

**અશ્હદો અન્ન મોહંમ્મદર્ રસૂલુલ્લાહ :** હું ગવાહી આપું છું કે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અલ્લાહ તરફથી મોકલવામાં આવેલા પયગંબર છે.

**અશ્હદો અન્ન અંલીયન અમીરલ્ મોઅ્મેનીન વલીયુલ્લાહ :** હું ગવાહી આપું છું કે હઝરત અલી અલય્હિસ્સલામ મોઅમીનોના સરદાર અને ખુદાની તમામ મખલૂક ઉપર તેના વલી છે.

**હૅય્ય અઁલસ્સઁલાહ** : નમાઝ માટે ઉતાવળ કરો.

**હૅય્ય અઁલલ્ ફલાહ઼** : નજાત અને કામ્યાબી માટે ઉતાવળ કરો.

**હૅય્ય અઁલા ખૅયરિલ્ અઁમલ** : સર્વ શ્રેષ્ઠ અમલ કે નમાઝ છે તેના માટે ઉતાવળ કરો.

**કદ કામતીસ્સલાહ** : ખરેખર, નમાઝ બરપા થઈ ગઈ.

**અલ્લાહો અકબર** : અલ્લાહ કોઈ પણ વર્ણન કરતાં મહાન છે.

**લા ઈલાહ ઈલ્લલ્લાહ** : અલ્લાહ સિવાય કોઈ પરસ્તીશ અને ઈબાદત માટે લાયક નથી.

**મસઅલો ૯૦૬** : અઝાન અને એકામહના વાક્યો વચ્ચે વધારે પડતો ફાસલો ન રાખવો જોઈએ. અને અગર એમના વચ્ચે અસામાન્ય ફાસલો રાખે તો પછી અઝાન કે એકામહ ફરીથી કહેવું જોઈએ.

**મસઅલો ૯૦૭** : અગર અઝાન અને એકામહમાં અવાજને ગળામાં એવી રીતે ફેરવવો કે ગેના – લહવો લઅબની મહેફીલ જેવો સૂર થઈ જાય. તો એ હરામ કાર્ય ગણાશે અને જો ગેના ન થાય તો મકરૂહ છે.

**મસઅલો ૯૦૮** : જે સંજોગમાં બે નમાઝો એક પછી એક જ સમયે પઢવામાં આવે, તેમાં પહેલી નમાઝ માટે જો અઝાન દેવામાં આવી હોય, તો બીજી નમાઝ માટે,

અઝાન સાકીત છે, ચાહે બે નમાઝો સાથે પઢવી બેહતર હોય કે ન હોય, જેમકે નમાઝે ઝોહર અને અસર અરફાને દિવસે સાથે પઢવી, ઈદે કુરબાનની રાત્રે મગરિબ અને ઈશાની નમાઝ મશ્અરૂલ હરામમાં બંને નમાઝો સાથે પઢવી બેહતર છે.

પણ બીજી નમાઝ માટે અઝાન સાકીત થવા માટે શરત એ છે કે બે નમાઝો વચ્ચે ફાસલો ન હોવો જોઈએ, અથવા ઓછો હોવો જોઈએ. અને જો એ દરમિયાન નાફિલા અને તઅકીબાત પઢે તો વાંધો નથી, અને એહતિયાતે વાજિબ એ છે કે એવા સંજોગમાં જો બીજી નમાઝ માટે અઝાન કહે તો શરીઅતના હુકમની નિય્યતથી ન કહે બલ્કે છેલ્લા બે સંજોગમાં એટલે કે અરફા અને મશ્અરૂલ હરામમાં કોઈ પણ નિય્યતથી અઝાન દેવી મુનાસીબ નથી.

**મસઅલો ૯૦૯ :** અગર નમાઝે જમાઅત માટે અઝાન અને એકામહ આપવામાં આવી હોય, તો એ જમાઅતની સાથે નમાઝ પઢનારે પોતાની નમાઝ માટે અઝાન અને એકામહ કહેવું જરૂરી નથી.

**મસઅલો ૯૧૦ :** અગર કોઈ શખ્સ મસ્જિદમાં દાખલ થયા બાદ જૂએ કે નમાઝે જમાઅત પૂરી થઈ ગઈ છે, તો જયાં સુધી સફો કાયમ હોય અને લોકો વિખેરાઈ ન ગયા હોય ત્યાં સુધી તેના માટે પોતાની નમાઝ માટે અઝાન અને એકામહ કહેવાની જરૂર નથી. એટલે કે તેમ કરવું તાકીદ ભરેલી સુન્નત નહીં ગણાય, બલ્કે જો એ અઝાન

દેવા માગે તો બેહતર છે કે તદ્દન ધીમા અવાઝે અઝાન કહે, અને જો એ બીજી નમાઝે જમાઅત કાયમ કરવા માંગતો હોય તો પણ અઝાન એકામહ ન કહેવી જોઈએ.

**મસઅલો ૯૧૧** : જે સંજોગમાં નમાઝે જમાઅત પૂરી થઈ હોય, અને સફો હજી વિખેરાઈ ન ગઈ હોય, ત્યાં અગર કોઈ શખ્સ પોતાની ફુરાદા નમાઝ કે બીજી જમાઅતની નમાઝ પઢવા ચાહે તો અઝાન અને એકામહ સાકીત થવા માટે છ શરતો છે :

(૧) નમાઝે જમાઅત મસ્જિદમાં પઢાયેલી હોવી જોઈએ.

(૨) એ નમાઝ માટે અઝાન અને એકામહ આપવામાં આવી હોવી જોઈએ.

(૩) એ નમાઝે જમાઅત બાતિલ ન હોય.

(૪) એની નમાઝ અને નમાઝે જમાઅત એક જ સ્થળે અદા થવી જોઈએ. અગર નમાઝે જમાઅત મસ્જિદમાં થઈ હોય, અને પોતે મસ્જિદની અગાશી ઉપર નમાઝ પઢવા માંગતો હોય તો મુસ્તહબ છે કે અઝાન અને એકામહ કહે.

(૫) નમાઝે જમાઅત અદા નમાઝ માટે હોવી જોઈએ.(કઝા માટે નહીં) અલબત્ત, એની પોતાની નમાઝ માટે અદા નમાઝ હોવું શરત નથી.

(૬) એની નમાઝ અને નમાઝે જમાઅતનો સમય એક હોવો જોઈએ. એટલે કે બંને નમાઝે ઝોહર અથવા નમાઝે અસ્ર પડતા હોય, અથવા જમાઅતની નમાઝ ઝોહરની હોય અને પોતાની નમાઝ અસ્રની હોય, અથવા એથી

ઉલટું પોતાની નમાઝ ઝોહરની હોય અને જમાઅતની નમાઝે અસ્ર પઢાઈ ગઈ હોય, અગર જમાઅતની નમાઝે અસર આખર વકતમાં પઢાઈ હોય અને એ નમાઝે મગરિબની અદા નમાઝ પઢવા માગે તો અઝાન અને એકામહ સાકીત નથી.

**મસઅલો ૯૧૨** : ઉપરોકત શરતોમાં ત્રીજી શરત બારામાં જો શંકા થાય, એટલે કે કોઈ શંકા કરે કે નમાઝે જમાઅત સહીહ હતી કે નહીં, તો એના ઉપર અઝાન અને એકામહ સાકીત છે. પણ બાકીની પાંચ શરતો વિશે શંકા થાય તો બેહતર છે કે 'રજાએ મતલૂબીય્યત' (નેક કામની ઉમ્મેદ)ની નિય્યતથી અઝાન અને એકામહ કહે.

**મસઅલો ૯૧૩** : જયારે બીજુ કોઇ લોકોની જાણ માટે અથવા નમાઝે જમાઅત માટે આપતું હોય, ત્યારે સાંભળનાર માટે મુસ્તહબ છે કે જે ભાગને સાંભળે તેને ધીમા અવાજે દોહરાવે.

**મસઅલો ૯૧૪** : જે શખ્સે બીજાની અઝાન અને એકામહ સાંભળી હોય, ચાહે એણે દોહરાવી હોય કે ન હોય, અગર એ અઝાન, એકામહ અને પોતે જે નમાઝ પઢવા માગે તે વચ્ચે વધારે સમયનું અંતર ન હોય અને સાંભળવાની શરૂઆતથી જ નમાઝ પઢવાનો ઈરાદો હોય તો અઝાન અને એકામહ કહ્યા વગર નમાઝ પઢી શકે છે, પરંતુ આ હુકમ એવી જમાઅત માટે હોવું ઈશ્કાલ છે જેમાં ફક્ત ઈમામે અઝાન સાંભળી હોય અથવા ફક્ત મામુમીને સાંભળેલ હોય.

**મસઅલો ૯૧૫ :** અગર કોઈ પુરૂષ ઔરતની અઝાન. લઝ્ઝતના ઈરાદાથી સાંભળે તો એના ઉપર અઝાન સાકીત નહીં થાય. બલ્કે લઝ્ઝતનો કસદ ન હોય તો પણ સાકીત થવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૯૧૬ :** નમાઝે જમાઅત માટે અઝાન અને એકામહ આપનાર મર્દ હોવો જોઈએ. પણ જો ઔરતોની નમાઝે જમાઅત હોય તો તેમાં ઔરત અઝાન અને એકામહ આપે તો કાફી છે. એવી જમાઅતમાંથી કે જો બધા મર્દ તે ઔરતના મહેરમ હોય તો તેણીની અઝાન અને એકામહને પૂરતું ગણવામાં ઈશ્કાલ છે.

**મસહલો ૯૧૭ :** એકામહ હંમેશાં અઝાન બાદ અપાવી જોઈએ અને એકામહ માટે એ પણ જરૂરી છે કે એ ઉભા ઉભા દેવાય, અને વઝુ અથવા ગુસ્લ અથવા તયમ્મુમની સાથે દેવામાં આવે.

**મસઅલો ૯૧૮ :** અગર કોઈ શખ્સ અઝાન અને એકામહના વાક્યોનો ક્રમ તોડે, જેમકે, હય્યા અલલ ફલાહ ને હય્યા અલસ્સલાહ થી પહેલાં પઢી નાખે તો જે જગ્યાએથી ક્રમ તૂટયો હોય ત્યાંથી બીજી વાર ક્રમ જાળવીને પઢે.

**મસઅલો ૯૧૯ :** અઝાન અને એકામહ વચ્ચે સમયનું વધારે અંતર ન હોવુ જોઈએ, અને જો એટલી ઢીલ થાય કે અઝાન આપવામાં આવી હોય તેની નિસ્બત એકામહ સાથે બાકી ન રહેવા પામે, તો મુસ્તહબ છે કે ફરીથી અઝાન આપે. એવી જ રીતે અઝાન, એકામહ અને નમાઝ

વચ્ચે વધારે સમયનું અંતર ન હોવુ જોઈએ. અને જો એ બે વચ્ચે એટલી ઢીલ થાય કે અઝાન અને એકામહની નિસ્બત નમાઝ સાથે બાકી ન રહે, તો મુસ્તહબ છે કે નમાઝ માટે ફરીથી અઝાન અને એકામહ કહે.

**મસઅલો ૯૨૦** : અઝાન અને એકામહનો સહીહ અરબીમાં ઉચ્ચાર કરવો જોઈએ. અગર કોઈ ગલત ઉચ્ચાર કરે, અથવા એક અક્ષરની જગ્યાએ બીજા અક્ષરનો ઉચ્ચાર કરે, અથવા બીજી ભાષામાં એનો તરજૂમો અદા કરે, તો એ સહીહ નથી.

**મસઅલો ૯૨૧** : અઝાન અને એકામહ નમાઝનો વખત દાખલ થઈ જાય ત્યારબાદ અપાવવા જોઈએ. અગર કોઈ જાણી બૂજીને અથવા ભૂલથી વખત પહેલાં અઝાન, એકામહ કહે તો એ બાતિલ ગણાશે.

અગાઉ મસઅલો નં. ૭૩૧ માં જણાવી ગયા છીએ એ મુજબ જો નમાઝ દરમિયાન વખત દાખલ થાય તો એ નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૯૨૨** : એકામહ શરૂ કર્યા પહેલાં જો કોઈ શક કરે કે અઝાન કહી ચૂક્યો છે કે નહીં, તો અઝાન કહે. પણ જો એકામહ શરૂ કર્યા બાદ શક થાય, તો અઝાન કહેવી જરૂરી નથી.

**મસઅલો ૯૨૩** : અઝાન અથવા એકામહ આપતી વખતે કોઈ પણ એક વાકય શરૂ કર્યા પહેલાં શક થાય કે એનાથી પહેલાનું વાકય અદા થઈ ગયું છે કે નહીં, તો જે વાકય માટે શક થયો હોય તે વાકયને પઢી લ્યે, પરંતુ કોઈ

પણ એક વાકયનો ઉચ્ચાર કરી રહ્યો હોય એ સમયે શક થાય કે એનાથી પહેલાનું વાક્ય અદા કર્યુ કે નહીં, તો એને અદા કરવું જરૂરી નથી.

**મસઅલો ૯૨૪** : મુસ્તહબ છે કે ઈન્સાન અઝાન દેતી વખતે કિબ્લા તરફ ઉભો રહે, વઝુ અથવા ગુસ્લની સાથે હોય, પોતાના હાથોને કાન ઉપર રાખે, બુલંદ અવાજે અઝાન આપે અને જરા ખેંચે, અને વાક્યો વચ્ચે સાધારણ અંતર રાખે અને દરમિયાનમાં વાતો ન કરે.

**મસઅલો ૯૨૫** : મુસ્તહબ છે કે એકામહ દેતી વખતે ઈન્સાનનું શરીર સ્થિર હોય, અને તે માટેનો અવાજ અઝાન માટેના અવાઝ કરતા ધીમો હોય, અને તેના વાક્યોને એકબીજા સાથે ન જોડે, પરંતુ અઝાનમાં બે વાક્યો વચ્ચે જેટલું અંતર રાખે તેના કરતાં એકામહમાં ઓછું અંતર રાખે.

**મસઅલો ૯૨૬** : મુસ્તહબ છે કે અઝાન બાદ એકામહ શરૂ કર્યા પહેલાં એકપગલું આગળ ભરે, અથવા બેસી જાય, અથવા સજદો કરે, અથવા કોઈ ઝિક્ર પઢે, અથવા દુઆ માંગે, અથવા થોડીક વાર ખામોશ રહે, અથવા થોડીક વાતચીત કરે, અથવા બે રકાત નમાઝ પઢે, પણ નમાઝે સુબ્હની અઝાન અને એકામહ વચ્ચે વાતો કરવી મુસ્તહબ નથી.

**મસઅલો ૯૨૭** : મુસ્તહબ છે કે જે શખ્સને અઝાન માટે મુકર્રર કરવામાં આવે તે આદિલ હોય, નમાઝના

સમયને પારખનાર હોય, તેનો અવાજ બુલંદ હોય, અને અઝાન કોઈ ઊંચી જગ્યાએથી આપે.

## વાજિબાતે નમાઝ

**વાજિબાતે નમાઝ અગિયાર છે** : (૧) નિય્યત (૨) કયામ (ઊભા રહેવું) (૩) તકબીરતુલ એહરામ એટલે કે નમાઝની શરૂઆતમાં અલ્લાહો અકબર કહેવું (૪) રૂકૂઅ (૫) સુજૂદ (૬) કિરઅત (૭) ઝિક્ર (૮) તશહહુદ (૯) સલામ (૧૦) તરતીબ–ક્રમવાર (૧૧) મવાલાત– એટલે કે એક પછી એક નમાઝના ભાગોને ઢીલ વગર અદા કરવું.

**મસઅલો ૯૨૮** : નમાઝમાં અમુક વાજિબ કાર્ય રૂક્ન છે, એટલે કે અગર કોઈ શખ્સ જાણીબુજીને અથવા ભૂલથી એ વાજિબને તર્ક કરે, તો નમાઝ બાતિલ થશે, અને બીજા વાજિબ કાર્યો રૂક્ન નથી, એટલે કે અગર ભૂલથી રહી જાય તો નમાઝ બાતિલ થતી નથી.

### નમાઝના રૂક્ન પાંચ છે

(૧) નિય્યત (૨) તકબીરતુલ એહરામ (૩) કયામ મુત્તસીલ બ રૂકૂઅ, એટલે કે રૂકૂઅમાં જવા પહેલાં થોડી વાર ઊભા રહેવું (૪) રૂકૂઅ (૫) દરેક રકાતમાં બે સજદાઓ.

અગર કોઈ શખ્સ કમી કરવાને બદલે ઉમેરો કરે, તો જાણી જોઈને એવું કરે તો નમાઝ તદ્દન બાતિલ છે. અને જો ભૂલથી વધારો કરે, તો જો એ વધારો રૂકૂઅમાં અથવા એક રકાતના બે સજદાઓમાં કરે, તો એહતિયાતે લાઝિમની રૂએ નમાઝ બાતિલ છે, તે સિવાયના સંજોગમાં બાતિલ થતી નથી.

# નિય્યત

**મસઅલો ૯૨૯ :** નમાઝ પઢનાર માટે વાજિબ છે કે કુરબતનની નિય્યતથી પઢે, એટલે કે ખુદાનો હુકમ બજાવી લાવવાનો ઈરાદો રાખે, પણ મનમાં એ વિચારવાની કે મોઢેથી કહેવાની જરૂરત નથી. જેમકે એમ કહે કે ઝોહરની ચાર રકાત પઢું છું કુરબતન એલલ્લાહ.

**મસઅલો ૯૩૦ :** અગર કોઈ શખ્સ ઝોહર કે અસ્રની નમાઝ પઢતી વખતે ફકત એવી નિય્યત કરે કે ચાર રકાત પઢુ છું અને એ મુઅય્યન (નકકી) ન કરે કે ઝોહરની પઢી રહ્યો છે કે અસ્રની, તો તેની નમાઝ બાતિલ છે. એવી જ રીતે અગર કોઈના ઉપર નમાઝે ઝોહરની કઝા બાકી હોય, અને ઝોહરની નમાઝના સમયે નમાઝે ઝોહર પઢવાનો ઈરાદો કરે તો તે કઝા અથવા તે દિવસની અદા જે નમાઝ પઢી રહ્યો હોય તેને નિય્યતમાં મુઅય્યન કરવું જોઈએ.

**મસઅલો ૯૩૧ :** નમાઝ દરમિયાન પહેલેથી માંડીને છેલ્લે સુધી નિય્યત ઉપર બાકી રહેવું જોઈએ. માટે જો કોઈ નમાઝ પઢનાર એવી રીતે ગાફિલ થઈ જાય કે જો કોઈ તેને પૂછે કે ‘તુ શું કરી રહ્યો છે? ત્યારે તેને સમજ ન પડે કે શું જવાબ આપે’ તો તેની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૯૩૨ :** ઈન્સાન ઉપર વાજિબ છે કે માત્ર અલ્લાહની મરજી ઉપર અમલ કરવાની નિય્યતથી નમાઝ પઢે. માટે જો કોઈ રિયાકારી કરે, એટલે કે લોકોને દેખાડવા નમાઝ પઢે તો નમાઝ બાતિલ છે. ચાહે એ રિયાકારીમાં ફક્ત લોકોને દેખાડવા પુરતો ઈરાદો હોય, અથવા નિય્યતમાં

ખુદાની મરજી અને લોકોને દેખાડવાનો ઈરાદો મિશ્રિત હોય તો પણ નમાઝ બાતિલ છે.

**મસઅલો ૯૩૩ :** જો કોઈ નમાઝનો અમુક ભાગ અલ્લાહ સિવાય બીજા કોઈ માટે બજાવી લાવે, ચાહે તે ભાગ વાજિબ હોય, જેમકે હમ્દ અથવા મુસ્તહબ હોય, જેમકે કુનૂત જો તે તમામ નમાઝને આવરી લ્યે જેમકે જે અમલમાં દેખાવનો ઈરાદો કર્યો હોય તેના ઉપર તે ભાગનો આધાર હોય અથવા તે અમલ ફરીથી બજાવી લાવવાથી નમાઝ બાતિલ થતી હોય, તો નમાઝ બાતિલ થશે અને જો એ ખુદાની ખુશ્નુદી માટે નમાઝ પઢે, પણ તેને લગતા અમુક કાર્યો લોકોના દેખાવ માટે અંજામ આપે, જેમકે દેખાવ માટે મસ્જિદમાં પઢે, અથવા ખાસ વખત ઉપર પઢે, અથવા ખાસ રીતથી, જેમકે જમાઅત સાથે પઢે, તો પણ નમાઝ બાતિલ થશે.

## તકબીરતુલ એહરામ

**મસઅલો ૯૩૪ :** દરેક નમાઝની શરૂઆતમાં તકબીરતુલ એહરામ કહેવું વાજિબે રૂકની છે અને તેના દરેક અક્ષર અને બંને શબ્દો અલ્લાહો અને અકબરને એક પછી એક ક્રમ વાર અદા કરવું જોઈએ. ઉપરાંત અરબી ભાષાનો સહીહ ઉચ્ચાર થવો જોઈએ. અગર ગલત ઉચ્ચાર કરે, અથવા બીજી કોઈ ભાષામાં તરજૂમો પઢે તો સહીહ નહીં ગણાય.

**મસઅલો ૯૩૫ :** એહતિયાતે મુસ્તહબ છે કે 'અલ્લાહો અકબર' (તકબીરતુલ એહરામ) પહેલાં જે કાંઈ પઢાય, જેમકે,

એકામહ અથવા દુઆઓ પઢાય, તેને તકબીરતુલ એહરામ સાથે જોડવામાં ન આવે.

**મસઅલો ૯૩૬** : અગર ઈન્સાન ચાહે કે તકબીરતુલ એહરામને તેના પછી જે પઢવા માગે તેની સાથે જોડીને પઢે, જેમકે, ચાહે કે બિસ્મીલ્લાહ સાથે જોડીને પઢે, તો બેહતર છે કે અકબરના 'ર' ઉપર પેશ (ઝમ્મહ) મૂકીને પઢે. પણ એહતિયાતેયતે મુસ્તહબ છે કે વાજિબ નમાઝમાં એ બે વાક્યોને ન જોડે.

**મસઅલો ૯૩૭** : તકબીરતુલ એહરામ પઢતી વખતે જરૂરી છે કે શરીર સ્થિર હોય, અગર કોઈ શખ્સ જાણીબુજીને હલનચલન કે અસ્થિરતાની હાલતમાં પઢે તો નમાઝ બાતિલ છે.

**મસઅલો ૯૩૮** : તકબીર, કિરઅત, ઝિક્ર અને દુઆ વિગેરે નમાઝમાં એવી રીતે પઢવી જોઈએ કે ઓછામાં ઓછો પોતાનો ધીમો અવાજ પોતે સાંભળી શકે, અને જો પોતે બહેરો હોય, ઓછુ સાંભળતો હોય અથવા શોરબકોરને કારણે સાંભળી ન શકે, તો એટલા સાદે પઢે કે અગર એવી અડચણો ન હોત તો સાંભળી લેત.

**મસઅલો ૯૩૯** : અગર કોઈ શખ્સ બીમારીને કારણે મૂંગો થયો હોય, અથવા જીભની બીમારીને લઈને 'અલ્લાહો અકબર'નો ઉચ્ચાર ન કરી શકતો હોય, તો એવા શખ્સે શક્ય રીતે ઉચ્ચાર કરવો જોઈએ, અને જો તદ્દન અશક્ત હોય, તો તકબીરને મનમાં અદા કરે, અને તે સાથે

તકબીરના શબ્દોનો નિર્દેશ થાય એ આંગળીઓ વડે ઈશારો કરે, અને જો થઈ શકે તો જીભને અને હોઠને પણ હરક્ત આપે, પણ જે શખ્સ જન્મથી મૂંગો હોય, તે પોતાની જીભ અને હોઠને એવી રીતે હલાવે કે જેથી તે તકબીર પઢનાર જેવો લાગે અને સાથે આંગળીઓથી પણ ઈશારો કરે.

**મસઅલો ૯૪૦ :** બહેતર છે તકબીરતુલ એહરામ પહેલાં નેક કાર્યની ઉમ્મીદથી નીચે મુજબ પઢે :

**યા મોહસેનો કદ અતાકલ મોસિઓ વકદ અમરતલ મોહસેન અન યતજાવઝ અનીલ મોસિએ અન્તલ મોહસેનો વ અનલ મોસિઓ બે હક્કે મોહમ્મદિવ વ આલે મોહમ્મદિન સલ્લે અલા મોહમ્મદિવ વ આલે મોહમ્મદિન વ તજાવઝ અન કબીહે મા તઅલમો મિન્ની.**

અય પોતાના બંદાઓ સાથે નેકી કરનાર પરવરદીગાર, તારી બારગાહમાં ગુનેહગાર હાજર થયો છે. તેં જ એવો હુકમ કર્યો છે કે નેક (સારો) ગુનેહગારને માફ કરે. તું નેક (સારો) છો, અને હું ગુનેહગાર છું. મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને તેમની આલનો વાસ્તો આપું છું. એમના ઉપર અને તેમની આલ ઉપર રહમત નાઝિલ ફરમાવ અને મારા જે ગુનાહો તું જાણે છે, તે મને બક્ષી આપ.

**મસઅલો ૯૪૧** : તકબીરતુલ એહરામ તેમજ નમાઝ દરમિયાન બીજી તકબીરો અદા કરતી વખતે બંને હાથોને કાનના સામે સુધી બુલંદ કરવા મુસ્તહબ છે.

**મસઅલો ૯૪૨** : અગર કોઈ શખ્સ શક કરે કે તકબીરતુલ એહરામ અદા કરી ચૂક્યો છે કે નહીં, તો જો એ શક એવા સમયે થાય જયારે કે કિરઅત શરૂ કરી ચૂક્યો હોય તો એ શકની પરવા નહીં કરે. પણ અગર કિરઅતની શરૂઆત ન કરી હોય, તો તકબીરતુલ એહરામ કહે.

**મસઅલો ૯૪૩** : અગર તકબીરતુલ એહરામ અદા કર્યા બાદ કોઈ શક કરે કે સહીહ ઉચ્ચાર કર્યો હતો કે નહીં, તો ચાહે તકબીર પછીના કાર્યો શરૂ કર્યા હોય કે ન હોય, એ શક ઉપર ધ્યાન ન આપવું જોઈએ.

## ક્યામ (ઊભા રહેવું)

**મસઅલો ૯૪૪** : તકબીરતુલ એહરામ વખતે અને રૂકૂઅમાં જવા પહેલાં ઊભા રહેવું વાજિબે રૂકની છે. પણ સૂરએ હમ્દ અને તે પછીનો સૂરો પઢતી વખતે, તેમજ રૂકૂઅ બાદ ઊભા રહેવું વાજિબે રૂકની નથી. એટલે અગર કોઈ શખ્સ ભૂલી જવાથી એ તર્ક કરે તો નમાઝ સહીહ રહેશે.

**મસઅલો ૯૪૫** : વાજિબ છે કે તકબીરતુલ એહરામ કહેવા પહેલાં અને કહેવા બાદ નમાઝ પઢનાર અમુક પળો માટે ઊભો રહે, જેથી યકીન થાય કે તકબીરની અદાયગી ક્યામની હાલતમાં થઈ છે.

**મસઅલો ૯૪૬** : અગર કોઈ શખ્સ રૂકૂઅ ભૂલી જાય,

અને હમ્દ અને બીજો સૂરો પઢી બેસવા જતાં તેને યાદ આવે, તો તેના માટે જરૂરી છે કે પહેલા સીધો ઊભો થઈ જાય પછી રૂકૂઅ અદા કરે અને જો સીધા ઉભા થયા સિવાય જૂકવાની હાલતમાં રૂકૂઅ કરે તો કયામ મુત્તસીલ બ રૂકૂઅને અંજામ ન આપવાથી એ કાફી નહીં ગણાય.

**મસઅલો ૯૪૭** : જયારે નમાઝ પઢનાર તકબીરતુલ એહરામ અને કિરાઅત માટે ઉભો હોય, ત્યારે જરૂરી છે કે પોતાના શરીરને સ્થિર રાખે, ચાલે નહિ અને કોઈ એક બાજુ ન નમે, અને એહતિયાતે લાઝિમ છે કે ઈખ્તીયારની હાલતમાં ટેકો પણ ન લ્યે. અલબત્ત, લાચારીની હાલતમાં તેમ કરવું પડે તો વાંધો નથી.

**મસઅલો ૯૪૮** : અગર કયામની હાલતમાં કોઈ શખ્સ ભૂલી જવાને કારણે થોડુક ચાલે અથવા એક બાજુ નમી જાય, અથવા ટેકો લ્યે તો વાંધો નથી.

**મસઅલો ૯૪૯** : એહતિયાતે વાજિબ છે કે કયામ સમયે બંને પગો જમીન ઉપર હોય, પણ એ જરૂરી નથી કે શરીરનો ભાર બંને પગો ઉપર હોય, અગર એક પગ ઉપર ભાર મૂકે તો વાંધો નથી.

**મસઅલો ૯૫૦** : જે શખ્સ સરખી રીતે ઉભો રહી શકતો હોય, તે અગર પોતાના પગો એટલા પહોળા રાખે કે એ ઊભો છે એમ ન કહી શકાય, તો નમાઝ બાતિલ છે અને એહતિયાતે લાઝીમની રૂએ વધારે પડતા પગ પહોળા કરીને પણ ઊભો ન રહે, ભલે પછી તેને ઉભા રહેવું કહેવાય.

**મસઅલો ૯૫૧** : જયારે કોઈ શખ્સ નમાઝમાં વાજિબ

ઝિક્ર પઢી રહ્યો હોય ત્યારે જરૂરી છે કે તેનું શરીર સ્થિર હોય અને એહતિયાતે લાઝિમની રૂએ મુસ્તહબ ઝિક્ર પઢતી વખતે પણ શરીરનું સ્થિર હોવું જરૂરી છે.

અને જયારે નમાઝ પઢનાર જરાક આગળ અથવા પાછળ જવા માંગતો હોય, અથવા જમણી કે ડાબી તરફ શરીરને હલાવવા ચાહતો હોય, ત્યારે કોઈ ઝિક્ર ન પઢે.

**મસઅલો ૯૫૨** : અગર મુસ્તહબ ઝિક્ર એવા સમયે અદા કરે કે તેનું શરીર અસ્થિર હોય, જેમકે, રૂકૂઅમાં જતી વખતે કે સજદામાં જતી વખતે તકબીર પઢે, તો નમાઝના ભાગ રૂપે પઢશે, તો એ ઝિક્ર સહીહ નહીં ગણાય, પણ નમાઝ સહીહ છે અને બેહવલીલ્લાહે વ કુવ્વતેહી અકૂમો વઅકઉદ ઉભા થતા થતા પઢવું જોઈએ.

**મસઅલો ૯૫૩** : સૂરએ હમ્દ પઢતી વખતે હાથ કે આંગળીઓને હરકત દેવામાં વાંધો નથી, પણ એહતિયાતે મુસ્તહબ છે કે તેમ પણ ન કરે.

**મસઅલો ૯૫૪** : અગર કિરઅત વખતે અથવા તસબીહાત પઢતી વખતે બે ઈખ્તીયારીની હાલતમાં એટલું હલન ચલન કરે કે સ્થિરતા બાકી ન રહે, તો એહતિયાતે મુસ્તહબ છે કે સ્થિર થયા બાદ અસ્થિરતાની હાલતમાં જે કાંઈ પઢવામાં આવ્યું હોય તે ફરીથી પઢે.

**મસઅલો ૯૫૫** : અગર કોઈ શખ્સ નમાઝ દરમિયાન ઊભા રહેવા માટે અશક્ત થઈ જાય, તો બેસી જવું જોઈએ, અને બેસવાથી પણ આજીઝ થાય, તો સૂઈ જાય પણ જયાં સુધી તેનું શરીર સ્થિર ન થઈ જાય ત્યાં સુધી કોઈ

વાજિબ ઝિક્ર ન પઢે.

**મસઅલો ૯૫૬** : જયાં સુધી ઈન્સાન ઊભા રહીને નમાઝ અદા કરી શકતો હોય ત્યાં સુધી બેસીને નમાઝ ન પઢવી જોઈએ. જેમકે અગર કોઈ માણસને ઊભા રહેવાની હાલતમાં ધ્રુજારી રહેતી હોય, અથવા ટેકો લેવા માટે મજબૂર હોય, યા પોતાના શરીરને એક તરફ જૂકાવવા મજબૂર થતો હોય, તો ગમે એ રીતે ઊભો રહીને નમાઝ પઢશે. પણ જો ઉપરોકત કોઈ પણ રીતે ઊભો ન રહી શકતો હોય તો પછી સીધો બેઠીને નમાઝ પઢશે.

**મસઅલો ૯૫૭** : જયાં સુધી ઈન્સાન બેઠાં બેઠાં નમાઝ પઢી શકતો હોય ત્યાં સુધી સૂતા સૂતા નમાઝ ન પઢે. અને જો એ સીધો બેસીને નમાઝ ન પઢી શકે તો જે રીતે પણ બેસી શકતો હોય તે રીતે બેસીને પઢે, અગર કોઈ પણ રીતે બેસવું તેના માટે અશક્ય હોય તો કિબ્લાના એહકામમાં જણાવી ગયા છીએ તેમ જમણા પડખા ઉપર સુવે અને જયાં સુધી જમણા પડખા ઉપર સૂઈ શકતો હોય, ત્યાં સુધી એહતિયાતે લાઝિમની રૂએ ડાબા પડખા ઉપર ન સુવે, અને જો બંને પડખા ઉપર સૂવું શક્ય ન હોય તો પીઠ ઉપર ચત્તો સૂવે, અને પોતાના પગના તળિયાને કિબ્લા તરફ રાખે.

**મસઅલો ૯૫૮** : જે શખ્સ બેસીને નમાઝ પઢતો હોય, તે અગર કિરાઅત બાદ ઊભો રહી શકતો હોય તો ઊભા થઈને રૂકૂઅ બજાવી લાવશે, એટલે કે પ્રથમ ઊભો થશે, અને તે બાદ રૂકૂઅમાં જશે, પણ જો એમ શક્ય ન હોય

તો રૂકૂઅ પણ બેઠાં બેઠાં અંજામ આપશે.

**મસઅલો ૯૫૯** : જે માણસ સૂતાં સૂતાં નમાઝ પઢતો હોય, તે અગર નમાઝ દરમિયાન બેસી શકે, તો જેટલો ભાગ બેસીને અદા કરી શકતો હોય, એટલો ભાગ બેસીને અદા કરે, એવી જ રીતે જો અમુક ભાગ ઊભા રહીને પઢી શકતો હોય તો ઊભા રહીને પઢે, પણ દરેક સંજોગમાં જયાં સુધી શરીર સ્થિર ન થાય ત્યાં સુધી કોઈ વાજિબ ઝિક્ર ન પઢે. અગર જો થોડીકવાર માટે જ ઊભો રહી શકે તેમ હોય તો કયામ મુત્તસીલ-બ-રૂકૂઅ માટે ઉભો થશે.

**મસઅલો ૯૬૦** : અગર કોઈ શખ્સ બેસીને નમાઝ પઢતો હોય, પણ નમાઝ દરમિયાન ઊભો રહેવા સશક્ત હોય, તો જેટલો ભાગ ઊભા રહીને પઢી શકે તેટલો ભાગ ઊભા રહીને અદા કરે પણ જયાં સુધી શરીર સ્થિર ન થાય ત્યાં સુધી કોઈ વાજિબ ઝિક્ર ન પઢે. અગર જો થોડીકવાર માટે જ ઊભો રહી શકે તેમ હોય તો કયામ મુત્તસીલ-બ-રૂકૂઅ માટે ઉભો થશે.

**મસઅલો ૯૬૧** : જે માણસ ઊભા રહીને નમાઝ પઢી શકતો હોય, પણ એને બીક હોય કે ઊભા રહેવાથી બીમાર થશે, અથવા એને કોઈ નુકસાન થશે, તે બેસીને નમાઝ પઢી શકે છે, અગર બેસવામાં પણ એને એવો ભય રહે તો સૂઈને નમાઝ પઢી શકશે.

**મસઅલો ૯૬૨** : અગર ઈન્સાનને આશા હોય કે નમાઝના આખર વખત સુધીમાં એ ઊભા રહીને નમાઝ પઢી શકશે, અને એવા સંજોગમાં અવ્વલ વખતમાં નમાઝ અદા કરે, ત્યારબાદ આખર વખતે ઊભા રહેવા સશક્ત

થઇ જાય તો ફરી વાર નમાઝ પઢવી જોઈએ, પણ જો ઊભા રહીને નમાઝ પઢી શકવા વિશે બિલકુલ નિરાશ હોય, અને અવ્વલ વખતમાં નમાઝ અદા કરે, ત્યારબાદ આખર વખતે ઊભા રહેવાની તાકાત હાંસિલ થઇ જાય, તો જરૂરી નથી કે ફરી વાર નમાઝ અદા કરે.

**મસઅલો ૯૬૩** : મુસ્તહબ છે નમાઝ પઢનાર કયામની હાલતમાં શરીર સીધુ રાખે, ખભાઓને સ્હેજ જૂકાવે, હાથોને સાથળ ઉપર ગોઠવે, અને હાથની આંગળીઓ સાથે મેળવે એ પ્રમાણે મુસ્તહબ છે કે પોતાની નજર સજદાની જગ્યા ઉપર રાખે, શરીરનો ભાર બંને પગો ઉપર સમાન રીતે મૂકે. અલ્લાહની બારગાહમાં વિનમ્રતા અને સમર્પણ સાથે ઉભો રહે, અને એક પગને બીજાથી આગળ કે પાછળ ન ગોઠવે. પુરૂષ માટે મુસ્તહબ છે કે બંને પગો ત્રણ ખૂલેલી આંગળીઓથી માંડીને એક વેંત જેટલી જગ્યા રાખે; અને ઔરત પોતાના બંને પગોને મિલાવીને ઊભી રહે.

## કિરઅત

**મસઅલો ૯૬૪** : રોજની વાજિબ નમાઝોની પહેલી બે રકાતમાં પ્રથમ સૂરએ હમ્દ પઢવો જોઈએ, અને તે બાદ એહતિયાતે વાજિબની રૂએ એક બીજો સૂરો પૂરો પઢવો જોઈએ.

એહતિયાતે વાજિબની રૂએ નમાઝમાં 'સૂરએ વઝ્ઝોહા' અને 'સૂરએ અલમ નશ્રહ' એક સૂરો ગણાશે; એવી જ રીતે 'સૂરએ ફીલ' અને 'સૂરએ લે ઈલાફ' પણ એક સૂરો ગણાશે.

**મસઅલો ૯૬૫** : અગર નમાઝનો વખત તંગ હોય, અથવા એવી કોઈ મજબૂરી આવી પડે કે જેને કારણે બીજો સૂરો ન પઢી શકે, જેમકે ચોર, ફાડી ખાનાર જાનવર અથવા કોઈ બીજી રીતે નુકસાનનો ભય હોય, અથવા બેહદ જરૂરી કામ હોય, તો ઈન્સાન બીજા સૂરાને મૂકી શકે છે, બલ્કે નમાઝનો સમય તંગ હોય, અથવા અમુક ભયના સંજોગમાં બીજો સૂરો ન પઢવો જોઈએ.

**મસઅલો ૯૬૬** : અગર કોઈ શખ્સ જાણી બુજીને સૂરએ હમ્દ પહેલા બીજો સૂરો પઢે તો નમાઝ બાતિલ છે અને જો ભૂલથી તેમ કરે અને સૂરો પઢતી વખતે એને યાદ આવે તો એ સૂરાને મૂકીને સૂરએ હમ્દ પઢે અને પછી બીજા સૂરાને નવેસરથી પઢે.

**મસઅલો ૯૬૭** : અગર કોઈ શખ્સ સૂરએ હમ્દ અને બીજા સૂરાને અથવા બેમાંથી કોઈ એકને ભૂલી જવાને કારણે ન પઢે, અને રૂકૂઅમાં પહોંચી ગયા બાદ યાદ આવે, તો એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૯૬૮** : અગર રૂકૂઅ માટે નમવા પહેલા કોઈને યાદ આવે કે સૂરએ હમ્દ અને બીજો સૂરા નથી પઢ્યો તો બંને પઢે અને જો યાદ આવે કે બીજો સૂરો ભૂલાઈ ગયો છે, તો એ બીજા સૂરાને પઢે. પણ જો યાદ આવે કે હમ્દનો સૂરો ભૂલાઈ ગયો હતો, તો પ્રથમ સૂરએ હમ્દ પઢશે, અને તે બાદ બીજો સૂરો પણ પઢવો જોઈએ. એવી જ રીતે જો સ્હેજ જૂક્યો હોય, પણ હજી રૂકૂઅ સુધી ન પહોંચ્યો હોય, અને યાદ આવે કે બંને સૂરા અથવા બેમાંથી એક ભૂલાઈ ગયો છે, તો ઉપર જણાવેલ હુકમ પ્રમાણે અમલ

કરે.

**મસઅલો ૯૬૯** : અગર કોઈ શખ્સ વાજિબ નમાઝમાં જાણી જોઈને વાજિબ સજદાવાળો સૂરો પઢે, જે મસઅલા નં. ૩૫૪માં બયાન થઈ ચુક્યું છે, તો સજદાની આયત પઢયા બાદ વાજિબ છે કે તરત સજદો કરે, પણ તેમ કરવાથી એહતિયાતની રૂએ તેની નમાઝ બાતિલ થશે. એટલે જરૂરી છે કે નમાઝ ફરીથી પઢે, સિવાય એ કે તે ભૂલથી સિજદો કરી લ્યે (તો નમાઝ બાતિલ થતી નથી) પરંતુ જો તે તરત જ સજદો ન બજાવી લાવે, તો નમાઝ જારી રાખી શકે છે, જો કે સજદો ન કરીને ગુનાહ કર્યો છે.

**મસઅલો ૯૭૦** : અગર કોઈ શખ્સ ભૂલથી વાજિબ સજદાની આયતવાળો સૂરો શરૂ કરે, અને સજદાની આયત સુધી પહોંચ્યા પહેલા તેને યાદ આવે, તો એ સૂરાને મૂકીને બીજો સૂરો પઢવો જોઈએ, અને જો સજદાની આયત તિલાવત કરી લીધા બાદ એને યાદ આવે તો ઉપર જણાવેલ મસઅલા મુજબ અમલ કરે.

**મસઅલો ૯૭૧** : અગર નમાઝ પઢનાર વાજિબ સજદાની આયત સાંભળે તો તેની નમાઝ સહીહ છે, પણ એહતિયાતે વાજિબની રૂએ સજદાનો ઈશારો કરે, અને નમાઝ બાદ તેનો સજદો અદા કરે.

**મસઅલો ૯૭૨** : મુસ્તહબ નમાઝમાં બીજો સૂરો પઢવો જરૂરી નથી, ભલે પછી તે નમાઝ નઝરને કારણે વાજિબ થઈ હોય. પણ અમુક મુસ્તહબ નમાઝો એવી છે કે જેમાં નિયુક્ત સૂરા પઢવાનો આદેશ છે, જેમકે 'નમાઝે વહશત' તો અગર કોઈ તે મુજબ અમલ કરવા માંગે તો

એણે દર્શાવવામાં આવેલો સૂરો પઢવો જોઈએ.

**મસઅલો ૯૭૩** : નમાઝે જુમ્આમાં અને જુમ્આના દિવસે નમાઝે ફજ્ર, ઝોહર, અસ્રમાં અને શબે જુમ્મા ઈશાની નમાઝમાં મુસ્તહબ છે કે પહેલી રકાતમાં સૂરએ અલહમ્દ બાદ સૂરએ જુમ્આ પઢે, અને બીજી રકાતમાં સૂરએ અલહમ્દ બાદ સૂરએ મુનાફેકુન પઢે, અને અગર કોઈ જુમ્આના દિવસે આ સૂરા પઢવાનું શરૂ કરે તો એહતિયાતે વાજિબની રૂએ તેને અધૂરો મૂકી બીજો સૂરો ન પઢવો જોઈએ.

**મસઅલો ૯૭૪** : અગર કોઈ શખ્સ સુરએ અલહમ્દ બાદ સૂરએ કુલ હોવલ્લાહો અહદ અથવા સૂરએ કુલ યા અય્યોહલ કાફેરૂન શરૂ કરે તો તેને અધૂરો મૂકીને બીજો સૂરો શરૂ નહિ કરી શકે પણ નમાઝે જુમ્આ અથવા જુમ્આના દિવસે નમાઝે ઝોહરમાં કોઈ શખ્સ ભૂલથી સૂરએ જુમ્આ અને સૂરએ મુનાફેકુનને બદલે ઉપરોકત બે સૂરાઓમાંથી કોઈપણ એક સૂરાને શરૂ કરે, તો તેને અધૂરો મૂકીને સૂરએ જુમ્આ કે મુનાફેકુન પઢી શકશે. પણ એહતિયાતે મુસ્તહબની રૂએ જો અડધો સૂરો પઢી ચૂક્યો હોય, તો તેને તર્ક ન કરે.

**મસઅલો ૯૭૫** : અગર કોઈ શખ્સ નમાઝે જુમ્આમાં અથવા જુમ્આના દિવસે નમાઝે ઝોહરમાં જાણી જોઈને સુરએ કુલ હોવલ્લાહો અહદ અને સુરએ કુલ યા અય્યોહલ કાફેરૂન શરૂ કરે તો ભલે પછી અડધે સુધી ન પઢી ચૂકયો હોય તો પણ એહતિયાતે વાજિબની રૂએ, તે સૂરાઓને સૂરએ જુમ્આ કે મુનાફેકુન પઢવા ખાતર અધૂરો નહીં મૂકી શકે.

**મસઅલો ૯૭૬ :** અગર કોઈ શખ્સ નમાઝમાં કુલ હોવલ્લાહો અહદ અને કુલ યાઅય્યોહલ કાફેરૂનના સૂરાઓ સિવાય બીજો કોઈ સૂરો શરૂ કરે, તો અગર અડધે સુધી ન પઢી ચૂકયો હોય તો તેને અધૂરો મૂકી બીજા કોઈ સૂરાની શરૂઆત કરી શકે છે. પણ જો અડધે સુધી પઢી ચૂકયો હોય તો એને ત્યજી દઈ બીજા સૂરાની શરૂઆત કરવી એહતિયાતની રૂએ બિલકુલ જાઈઝ નથી.

**મસઅલો ૯૭૭ :** અગર કોઈ શખ્સ સૂરાનો કોઈ હિસ્સો ભૂલી જાય, અથવા અમુક મજબૂરીને કારણે એ સૂરાને પૂરો ન કરી શકે, જેમકે વખત તંગ હોય-વિગેરે તો એ સૂરાને ત્યજીને બીજો સૂરો શરૂ કરી શકે છે. ભલે પછી અડધે પહોંચી ગયો હોય, અથવા એ સુરએ કુલહોવલ્લાહો અહદ અથવા કુલ યા અય્યોહલ કાફેરૂન હોય. અને ભૂલી જવાના સંજોગોમાં જેટલું પડ્યું હોય તેના ઉપર ઈકતેફા કરી શકે છે. (પૂરતુ ગણી શકે છે.)

**મસઅલો ૯૭૮ :** પુરૂષ માટે એહતિયાતની રૂએ વાજિબ છે કે નમાઝે સુબ્હ, મગરિબ અને ઈશામાં કિરાઅત અવાજથી પઢે અને પુરૂષ તેમજ સ્ત્રી માટે એહતિયાતની રૂએ વાજિબ છે કે નમાઝે ઝોહર અને અસ્રમાં કિરઅત ધીમે અને આસ્તે પઢે.

**મસઅલો ૯૭૯ :** પુરૂષ માટે એહતિયાતની રૂએ લાઝિમ છે કે નમાઝે સુબ્હ, મગરિબ અને ઈશામાં કિરઅતનો એકે એક શબ્દ અવાજથી પઢે, એટલે સુધી કે શબ્દોના છેલ્લા અક્ષરો પણ સ્પષ્ટપણે અવાજથી ઉચ્ચારે.

**મસઅલો ૯૮૦** : ઔરતો માટે સુબ્હ, મગરિબ અને ઈશામાં અવાજથી અથવા ધીમે ધીમે કિરાઅત કરી શકે છે, પણ અગર કોઈ નામેહરમ અવાજ સાંભળી રહ્યો હોય, અને એને સંભળાવવું હરામ હોય, તો જરૂરી છે કે ધીમે ધીમે પઢે અને જો (આ હાલતમાં) જાણીબૂજીને બુલંદ અવાજથી પઢે તો એહતિયાતે વાજિબની રૂએ નમાઝ બાતિલ છે.

**મસઅલો ૯૮૧** : અગર કોઈ શખ્સ જે નમાઝમાં અવાઝથી પઢવું જોઈએ તેમાં જાણી જોઈને ધીમે ધીમે પઢે, અથવા જે નમાઝમાં ધીમે ધીમે પઢવું જોઈએ તેમાં જાણી જોઈને અવાજથી પઢે, તો એહતિયાતે વાજિબની રૂએ તેની નમાઝ બાતિલ છે. પણ અગર ભૂલી જવાથી અથવા મસઅલાથી અજાણ હોવાને કારણે તેમ કરે તો તેની નમાઝ સહીહ છે અને જો સૂરએ અલહમ્દ અને બીજા સૂરાની તિલાવત દરમિયાન એને પોતાની ભૂલ સમજાય તો જેટલું પઢી ચૂક્યો હોય, તેને ફરીથી પઢવાની જરૂરત નથી.

**મસઅલો ૯૮૨** : અગર કોઈ શખ્સ અસામાન્ય રીતે બુલંદ અવાજથી પઢે, જાણે બુમ પાડી રહ્યો હોય, એવી રીતે નમાઝમાં કિરઅત કરે તો નમાઝ બાતિલ છે.

**મસઅલો ૯૮૩** : ઈન્સાન માટે જરૂરી છે કે નમાઝની કિરઅત શીખે, જેથી ગલત ન પઢે, અને જે શખ્સ કોઈ રીતે સુરએ અલહમ્દને સહીહ રીતે પઢી શકતો ન હોય તો જેટલુ સહીહ રીતે પઢી શકતો હોય એટલુ જો નોંધપાત્ર હોય તો તે પઢે, પરંતુ જો તે ખૂબ જ ઓછુ હોય તો

કુરઆનેશરીફમાંથી બીજુ જે કાંઈ સહીહ રીતે પઢી શકતો હોય તેને સાથે જોડીને પઢે, પરંતુ જે શખ્સ સૂર–એ–હમ્દ પછી બીજો કોઈ સૂરો સદંતર સહીહ રીતે ન પઢી શકે, તો તેના માટે એને બદલે બીજું કાંઈ પઢવું વાજિબ નથી. ઉપરોકત દરેક સંજોગમાં એહતિયાતે મુસ્તહબ છે કે એવો શખ્સ જમાઅતની સાથે નમાઝ પઢે.

**મસઅલો ૯૮૪** : જે માણસ સૂરએ અલહમ્દ સરખી રીતે શીખી ન શક્યો હોય, પણ શીખી શકતો હોય, અને નમાઝના ટાઈમમાં અવકાશ હોય, તો તેના માટે જરૂરી છે કે શીખી લ્યે અથવા તલકીન કે શકવાળી ચીજોને દોહરાવી પોતાની જવાબદારી અદા કરે પણ જો વખત તંગ હોય, તો ઉપર જણાવેલ મસઅલામાં જણાવેલી રીત મુજબ નમાઝ અદા કરે તો સહીહ ગણાશે. પરંતુ જો અલહમ્દ ન શીખવામાં કસૂરવાર હોય તો પ્રયાસ કરીને જમાઅત સાથે નમાઝ અદા કરે, જેથી અઝાબથી બચી શકે.

**મસઅલો ૯૮૫** : વાજિબાતે નમાઝ શીખવાડવા માટે મહેનતાણું લેવું એહતિયાતની રૂએ હરામ છે, પણ મુસ્તહબાત શીખવાડવા માટે મહેનતાણું લેવું જાઈઝ છે.

**મસઅલો ૯૮૬** : અગર કોઈ શખ્સ અલહમ્દ અથવા બીજા સૂરાનો કોઈ એક શબ્દ ન જાણતો હોય, અથવા જાણી બુજીને તેનો ઉચ્ચાર ન કરે, અથવા એકની જગ્યાએ બીજા અક્ષરનો ઉચ્ચાર કરે, જેમકે ઝવાદની જગ્યાએ ઝોય પઢે, અથવા જે જગ્યાએ ઝેર, ઝબર પઢવું જોઈએ ત્યાં ઝેર, ઝબર ન પઢે અથવા જયાં તશ્દીદ જરૂરી છે ત્યાં

તશ્દીદ ન પઢે તો નમાઝ બાતિલ છે.

**મસઅલો ૯૮૭** : અગર ઈન્સાન જે રીતે શબ્દનો ઉચ્ચાર શીખ્યો હોય તેને સહીહ ગણીને નમાઝમાં એવી જ રીતે પઢે, અને પછીથી ખબર પડે કે એ ગલત હતું, તો નમાઝ ફરીથી પઢવી જરૂરી નથી.

**મસઅલો ૯૮૮** : અગર કોઈ શખ્સ કોઈ શબ્દના 'ઝેર', 'ઝબર'થી નાવાકેફ હોય, અથવા એ ન જાણતો હોય કે શબ્દમાં 'નાનો હે' છે કે 'મોટો હે', તો તેના માટે જરૂરી છે કે એ વિશે જાણી લ્યે, અથવા જમાઅતથી નમાઝ પઢે અથવા બેથી વધુ રીતે પઢે, એટલે સુધી કે સહીહ પઢયું તેનું યકીન થઈ જાય. પરંતુ સહીહ ત્યારે ગણાશે જયારે ખોટું પડેલું પણ કુરઆન શરીફ અથવા ઝિક્રે ખુદા હોય.

**મસઅલો ૯૮૯** : તજવીદના ઉલમાએ કહ્યું છે કે કોઈ શબ્દમાં

– જો (જઝમવાળા) વાવ પહેલાના અક્ષર ઉપર પેશ હોય અને તેના પછી હમ્ઝા હોય તો તે વાવને મદ આપવું જોઈએ એટલે કે લંબાવીને પઢવું જોઈએ જેમકે 'સીન વાવ પેશ સૂ હમ્ઝા દો ઝેર ઈન' સૂઈન.

– જો અલીફ પહેલાના અક્ષર ઉપર ઝબર આવે તો તેને મદ આપવું જોઈએ જેમકે 'જીમ અલીફ ઝબર જા હમ્ઝ ઝબર અ' જાઅ.

– જો (જઝમવાળા) યા પહેલાના અક્ષર નીચે ઝેર હોય તો તેને મદ આપવુ જોઈએ જેમકે 'જીમ યે ઝેર જી હમ્ઝા ઝબર અ' જીઅ.

એવી જ રીતે જો અલીફ, વાવ અને યાએ ત્રણે અક્ષર બાદ હમ્ઝા સિવાય બીજો કોઈ સાકિન અક્ષર હોય, એટલે કે તેના ઉપર ઝેર, ઝબર કે પેશ ન હોય, તો પણ એ ત્રણેયને મદ આપવું જોઈએ.

પરંતુ નમાઝમાં કિરઅત સહીહ થવા માટે તજવીદના આ કાયદાઓ આધારભૂત નથી, એટલે કે તે મુજબ મદ ન આપવામાં આવે તો પણ નમાઝ સહીહ છે.

અલબત્ત, વલઝ્ઝાલ્લીન જેવી જગ્યાએ તશદીદ અને અલીફના સહીહ ઉચ્ચાર માટે મદ આપવું જરૂરી હોય એટલા પ્રમાણમાં અલિફને મદ આપવું જરૂરી છે.

**મસઅલો ૯૯૦ :** એહતિયાતે મુસ્તહબ છે કે નમાઝમાં જયારે વકફ કરે ત્યારે છેલ્લા અક્ષરને જઝમ આપે, અને ઝેર, ઝબર વિગેરેની હરકત સાથે વકફ ન કરે, એવી જ રીતે બે આયતો જોડવી હોય તો પહેલી આયતના છેલ્લા અક્ષરને જઝમ સાથે ન પઢે, બલ્કે ઝેર, ઝબર વિગેરે જે હોય તેની હરક્ત સાથે જોડણી કરે.

દાખલા તરીકે, કોઈ શખ્સ અર્રહમાની ર્રહીમે પઢે, એટલે કે છેલ્લા 'મીમ'ને 'ઝેર' આપી, થોડી વાર વકફ કરે, અને પછી માલેકે યવમીદ્દીન પઢે, તો એહતિયાતે મુસ્તહબની રૂએ એ યોગ્ય નથી. એવી જ રીતે અગર કોઈ અર્રહમાની ર્રહીમ પઢે, અને છેલ્લા 'મીમ'ને જઝમ આપી તરત માલેકે યવમીદ્દીન શરૂ કરે, તો એ પણ યોગ્ય નહીં ગણાય.

**મસઅલો ૯૯૧** : નમાઝની ત્રીજી અને ચોથી રકાતમાં એક જ વાર સૂરએ અલહમ્દ પઢે તો કાફી છે, અથવા એક વાર તસ્બીહાતે અરબા પઢી લ્યે તો કાફી છે. તસ્બીહાતે અરબા આ રીતે છે:

**સુબ્હાનલ્લાહે વલ્ હમ્દોલિલ્લાહે વ લા ઈલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અક્બર**

પણ બેહતર છે કે તસ્બીહાતે અરબા ત્રણ વાર પઢવામાં આવે, અને અગર કોઈ શખ્સ એમાંની એક રકાતમાં સૂરએ અલહમ્દ પઢે, અને બીજીમાં 'તસ્બીહાતે અરબા' પઢે તો વાંધો નથી. પણ બેહતર છે કે બંને રકાતમાં તસ્બીહાતે અરબા પઢે.

**મસઅલો ૯૯૨** : નમાઝના સમયની તંગી હોય, તો એક જ વાર તસ્બીહાતે અરબા પઢવું જોઈએ, અને જો એટલા માટે પણ સમય ન રહ્યો હોય તો માત્ર એક વાર સુબ્હાનલ્લાહ કહી લેવું કાફી છે.

**મસઅલો ૯૯૩** : એહતિયાતે વાજિબ છે કે પુરૂષ અને સ્ત્રી ત્રીજી અને ચોથી રકાતમાં તસ્બીહાતે અરબા અથવા સૂર-એ-અલહમ્દ ધીમા અવાજે પઢે.

**મસઅલો ૯૯૪** : અગર કોઈ શખ્સ ત્રીજી, ચોથી રકાતમાં સૂરએ અલહમ્દ પઢે, તો તેના માટે વાજિબ નથી કે તેની બિસ્મીલ્લાહ પણ ધીમા અવાજે પઢે. પણ મામૂમ એટલે કે જમાઅતથી નમાઝ પઢનાર માટે આ સંજોગમાં એહતિયાતે વાજિબ છે કે 'બિસ્મીલ્લાહ' પણ ધીમા અવાજે પઢે.

**મસઅલો ૯૯૫** : જે શખ્સ તસ્બીહાતે અરબા શીખી ન શક્યો હોય, અથવા સહીહ ન પઢી શકતો હોય, તો તેવા શખ્સ માટે જરૂરી છે કે ત્રીજી અને ચોથી રકાતમાં સૂરએ અલહમ્દ પઢે.

**મસઅલો ૯૯૬** : અગર કોઈ શખ્સ નમાઝની પહેલી બે રકાતોમાં એમ ધારીને કે એ છેલ્લી બે રકાતો છે, તસ્બીહાતે અરબા પઢે, અને રૂકૂઅમાં ગયા પહેલા એને યાદ આવે, તો તેને સૂરએ અલહમ્દ અને બીજો સૂરો પઢી લેવો જરૂરી છે. પણ જો રૂકૂઅમાં અથવા રૂકૂઅ બાદ એને યાદ આવે તો એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૯૯૭** : અગર નમાઝની છેલ્લી બે રકાતો એમ વિચારીને કે આ પહેલી બે રકાતો છે. કોઈ શખ્સ સૂરએ અલહમ્દ પઢે, અથવા પહેલી બે રકાતોમાં એમ વિચારીને કે છેલ્લી બે રકાતો છે, સૂરએ અલહમ્દ પઢે, તો ચાહે રૂકૂઅથી પહેલા કે પછી યાદ આવે, બંને સંજોગમાં એની નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૯૯૮** : અગર ત્રીજી અથવા ચોથી રકાતમા કોઈ શખ્સ સૂરએ અલ્હમદ પઢવાનો ઈરાદો ધરાવતો હોય, પણ તેની ઝબાન ઉપર તસ્બીહાતે અરબા આવી જાય, અથવા તસ્બીહાતે અરબા પઢવાનો ઈરાદો હોય, પણ તેની ઝબાન ઉપર સૂરએ અલ્હમ્દ આવી જાય, અગર એ કાર્ય તદ્દન ઈરાદા વગરનું હોય તો તેને તર્ક કરીને તેની જગ્યાએ સૂરએ અલ્હમ્દ અથવા તસ્બીહાતે અરબા પઢે. પણ જો બિલ્કુલ ઈરાદા વગર ન હોય, જેમકે એની હંમેશની

આદતને કારણે એવું થઈ ગયું હોય તો જે એની ઝબાન ઉપર આવી ગયું તેને પૂરૂં કરે, અને એની નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૯૯૯** : જે શખ્સની આદત હોય કે હંમેશા ત્રીજી ને ચોથી રકાતમાં તસ્બીહાતે અરબા પઢતો હોય, તે અગર પોતાની આદતથી ગફલતમાં રહીને અને એમ સમજીને કે એક શરઈ કાર્ય બજાવી રહ્યો છે, સૂરએ અલહમ્દ પઢે તો એ કાફી ગણાશે, અને ફરીથી અલહમ્દ કે તસ્બીહાતે અરબા પઢવાની જરૂરત નહીં રહે.

**મસઅલો ૧૦૦૦** : મુસ્તહબ છે કે ત્રીજી અને ચોથી રકાતમાં તસ્બીહાતે અરબા પઢયા બાદ 'ઈસ્તિગફાર' કરવામાં આવે, જેમકે કહે : અસ્તગફેરૂલ્લાહ રબ્બી વ અતૂબો એલયહે અથવા કહે : અલ્લાહુમમગફીર લી હવે જો ઈસ્તિગફાર પઢતી વખતે અથવા પઢી લીધા બાદ, પણ રૂકૂઅ માટે ઝૂકયા પહેલા એને શક થાય કે 'અલહમ્દ' અથવા 'તસ્બીહાતે અરબા' પઢી ચૂકયો છે કે નહીં, તો એહતિયાતે વાજિબની રૂએ જરૂરી છે કે અલહમ્દ અથવા તસ્બીહાતે અરબા પઢે.

**મસઅલો ૧૦૦૧** : અગર ત્રીજી યા ચોથી રકાતમાં રૂકૂઅમાં પહોંચી ગયા બાદ, અથવા રૂકૂઅમાં જતી વખતે કોઈ શખ્સ શક કરે કે 'અલહમ્દ' અથવા 'તસ્બીહાતે અરબા' પઢી ચૂકયો છે કે નહીં, તો એ શક તરફ ધ્યાન નહીં આપે.

**મસઅલો ૧૦૦૨** : અગર કોઈ શખ્સ શક કરે કે કોઈ આયત અથવા શબ્દ સહીહ અદા થયો છે કે નહીં, જેમકે

શક કરે કે કુલ હોવલ્લાહો અહદની આયત સહીહ પઢી છે કે નહીં, તો એ શક તરફ ધ્યાન આપવાની જરૂરત નથી. પણ અગર એહતિયાતન એ આયત કે શબ્દને ફરીવાર સહીહ અદા કરે તો વાંધો નથી. અને જો એવી જાતના શક અનેક્વાર થાય અને દરેક વખતે ફરીથી પુનઃ ઉચ્ચાર કરે તો પણ વાંધો નથી. અગર એ શક વસવસાના હદે પહોંચી જાય, અને એ વસવસાને કારણે વારંવાર આયત કે શબ્દ દોહરાવવા માંડે તો બેહતર છે કે ન દોહરાવે.

**મસઅલો ૧૦૦૩** : મુસ્તહબ છે કે પહેલી રકાતમાં સૂરએ અલહમ્દની શરૂઆત કર્યા પહેલા **'અઉઝોબિલ્લાહે મિનશશયતાનીર રજીમ'** પઢવામાં આવે. અને નમાઝે ઝોહર અને અસ્રની પહેલી બે રકાતોમાં સૂરાની શરૂઆતમાં **'બિસ્મિલ્લાહ'** અવાજથી પઢે. એવી જ રીતે મુસ્તહબ છે કે સૂરએ અલહમ્દ અને બીજા સૂરા ધીમે-ધીમે પઢે અને દરેક આયત પર વકફ કરે, એટલે કે બે આયતોને જોડીને ન પઢે. મુસ્તહબ છે કે સૂરાઓ પઢતી વખતે આયતોના અર્થ અને તરજૂમા તરફ ધ્યાન રાખે.

અગર નમાઝે જમાઅત હોય તો ઈમામ જયારે અલહમ્દ પૂરો કરે, અને જો પોતે એકલો ફુરાદા પડતો હોય તો પોતે જયારે અલહમ્દ પૂરો કરે, ત્યારે **અલહમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન** પઢવું સુન્નત છે. અને સૂરએ કુલ હોવલ્લાહે અહદ બાદ (પઢ્યા પછી) એક, બે યા ત્રણ વાર **કઝાંલેકલ્લાહો રબ્બી** અથવા ત્રણ વખત **કઝાંલેકલ્લાહો રબ્બોના** કહેવું. એવી જ રીતે સૂરાને તમામ કર્યા બાદ

થોડીક વાર સબર કરીને પછી રૂકૂઅ પહેલાની તકબીર અથવા કુનૂત પઢવું જોઈએ.

**મસઅલો ૧૦૦૪** : મુસ્તહબ છે કે દરેક નમાઝની પહેલી રકાતમાં સૂરએ ઈન્ના અન્ઝલના અને બીજી રકાતમાં સૂરએ કુલ હોવલ્લાહ પઢવામાં આવે.

**મસઅલો ૧૦૦૫** : મકરૂહ છે કે ઈન્સાન પંજગાના નમાઝોમાંથી કોઈ પણ નમાઝમાં સૂરએ કુલ હોવલ્લાહ ન પઢે.

**મસઅલો ૧૦૦૬** : સૂરએ 'કુલ હોવલ્લાહો અહદ'ને એક જ શ્વાસે પઢવું મકરૂહ છે.

**મસઅલો ૧૦૦૭** : અલ્હમ્દ બાદ જે સૂરાને પહેલી રકાતમાં પઢી ચૂક્યો હોય, એ જ સૂરાને બીજી રકાતમાં ફરીથી પઢવું મકરૂહ છે, પણ જો કુલ હોવલ્લાહના સૂરાને બંને રકાતોમાં પઢે તો મકરૂહ નથી.

## રૂકૂઅ

**મસઅલો ૧૦૦૮** : દરેક રકાતમાં કિરઅત બાદ એટલું ઝૂકવું જરૂરી છે કે આંગળીઓના છેડાં ગોઠણોને અડે, આ અમલને 'રૂકૂઅ' કહેવાય છે.

**મસઅલો ૧૦૦૯** : અગર રૂકૂઅમાં જેટલું ઝૂકવું જોઈએ તેટલું ઝૂકવામાં આવે, પણ આંગળીઓના છેડાં ગોઠણ ઉપર ન રાખે તો વાંધો નથી.

**મસઅલો ૧૦૧૦** : અગર કોઈ અસામાન્ય રીતે રૂકૂઅ કરે, જેમકે જમણી અથવા ડાબી દિશા તરફ નમે, તો ભલે પછી

તેની આંગળીઓના છેડાં ગોઠણો સુધી પહોંચી જાય, છતાંપણ એ સહીહ નહીં ગણાય.

**મસઅલો ૧૦૧૧** : ઝુકતી વખતે 'રૂકૂઅ'ની નિય્યત હોવી જોઈએ. જો કોઈ બીજા કાર્ય માટે ઝૂકે, જેમકે જાનવરને મારવા માટે ઝૂકે, તો રૂકૂઅ નહીં ગણાય, બલ્કે પાછો ઉભો થઈને ફરી રૂકૂઅ કરવાને ઈરાદે નમે, આમ કરવાથી રૂકનમાં વધારો થયો નહીં ગણાય, અને નમાઝ સહીહ રહેશે.

**મસઅલો ૧૦૧૨** : જે શખ્સના હાથો કે ગોઠણો સામાન્ય ઈન્સાનના હાથો અને ગોઠણો કરતાં લાંબા-ટૂંકા હોય, જેમકે હાથો એટલા લાંબા હોય કે સ્હેજ નમવાથી આંગળીઓ ગોઠણ ઉપર પહોંચતી હોય, અથવા એટલા ટૂંકા હોય કે ખૂબ નમવું પડે, તો એવા શખ્સ માટે હુકમ છે કે સાધારણ માણસો જેટલે અંદાજે ઝૂકે છે, તેટલા અંદાજે રૂકૂઅ કરે.

**મસઅલો ૧૦૧૩** : જે માણસ બેસીને રૂકૂઅ કરવા માંગતો હોય, તેના માટે જરૂરી છે કે એટલું નમે કે તેનો ચહેરો તેના ગોઠણો સામે રહે, અને બેહતર છે કે એટલું નમે કે તેનો ચહેરો સજદાની જગ્યાની સામે પહોંચે.

**મસઅલો ૧૦૧૪** : ઈખ્તીયારની હાલતમાં બેહતર છે કે રૂકૂઅમાં ત્રણ વાર 'સુબ્હાનલ્લાહ' અથવા એક વાર 'સુબ્હાન રબ્બેયલ અઝીમે વ બેહમ્દેહ' પઢવામાં આવે. બલ્કે જો કોઈ પણ ઝિક્ર એટલા પ્રમાણમાં પઢે તો

એહતિયાતે વાજિબની રૂએ કાફી છે. અલબત્ત નમાઝના વખતની તંગીમાં અને મજબૂરીના સંજોગમાં એક વાર 'સુબ્હાનલ્લાહ' પઢવું કાફી છે.

અને જે શખ્સ 'સુબ્હાન રબ્બેયલ અઝીમ'ને સહીહ રીતે અદા ન કરી શકે તેના માટે જરૂરી છે કે બીજા ઝિક્ર જેમકે 'સુબ્હાનલ્લાહ'ને ત્રણ વખત પઢે.

**મસઅલો ૧૦૧૫** : રૂકૂઅમાં ઝિક્ર અનુક્રમે અને સહીહ અરબીમાં પઢવો જોઈએ, અને મુસ્તહબ છે કે ઝિક્ર ત્રણ અથવા પાંચ અથવા સાત વાર પઢે, બલ્કે એથી વધુ વાર પઢે.

**મસઅલો ૧૦૧૬** : રૂકૂઅની હાલતમાં નમાઝ પઢનારનું શરીર સ્થિર હોવું જોઈએ, અને ઈખ્તીયારની હાલતમાં શરીરમાં કોઈ એવા પ્રકારનું હલનચલન ન હોવું જોઈએ કે જેથી સ્થિરતામાં ફરક પડે, અને જાણી જોઈને સ્થિરતા ન રાખે એટલે સુધી કે હલનચલન વખતે કોઈ વાજિબ ઝિક્ર ન પઢતો હોય છતાંપણ એહતિયાતે વાજિબની રૂએ નમાઝ બાતિલ થઈ જશે, આજ હુકમ ત્યારે પણ લાગુ પડશે, જ્યારે વાજિબ ઝિક્ર પઢતી વખતે જાણી જોઈને અસ્થિર થઈ જાય, ભલે પછી સ્થિરતાની હાલતમાં એ ઝિક્ર ફરીથી પઢે.

**મસઅલો ૧૦૧૭** : અગર રૂકૂઅમાં વાજિબ ઝિક્ર પઢતી વખતે બેઈખ્તીયારીથી અથવા ભૂલથી એવી હરકત કરે કે સ્થિરતા બાકી ન રહેવા પામે તો બેહતર છે કે સ્થિર થઈ ગયા બાદ ઝિક્ર ફરીથી પઢે. અલબત્ત અગર હલનચલન

નહીંવત હોય અને સ્થિરતા કાયમ રહે, અથવા આંગળીઓમાં થોડીક હરકત હોય તો વાંધો નથી.

**મસઅલો ૧૦૧૮** : અગર રૂકૂઅ સુધી પૂરી રીતે પહોંચી અને શરીર સ્થિર થાય એથી પહેલા કોઈ જાણીબુજીને ઝિક્ર પઢવાનું શરૂ કરે તો નમાઝ બાતિલ છે, સિવાય કે સ્થિર થયા પછી બીજી વખત ઝિક્ર પઢે જો ભૂલથી એમ થયું હોય તો બીજી વખત ઝિક્ર પઢવો જરૂરી નથી.

**મસઅલો ૧૦૧૯** : અગર કોઈ શખ્સ વાજિબ ઝિક્ર પૂરી રીતે પઢયા પહેલા જાણીબુજીને રૂકૂઅમાંથી માથું ઊંચું કરે તો નમાઝ બાતિલ છે, અને જો ભૂલથી એવું કરે તો ઝિક્ર દોહરાવવાની જરૂર નથી.

**મસઅલો ૧૦૨૦** : અગર કોઈ શખ્સ ઝિક્ર પૂરો થાય ત્યાં સુધી રૂકૂઅની હાલતમાં સ્થિર રહીને એક વખત પણ સુબ્હાનલ્લાહ કહેવા માટે અશક્ત હોય તો ઝિક્ર જરૂરી નથી, પરંતુ એહતિયાતે મુસ્તહબ છે કે ઝિક્રનો બાકીનો ભાગ ઉભા થતી વખતે અલ્લાહની કુરબતન હાંસિલ કરવાના ઈરાદા સાથે પઢે અથવા રૂકૂઅ પહેલા જ પઢવાનું શરૂ કરી દ્યે.

**મસઅલો ૧૦૨૧** : અગર કોઈ શખ્સ બીમારીના કારણે અથવા એવા કોઈ કારણસર રૂકૂઅમાં સ્થિર ન રહી શકતો હોય, તો એની નમાઝ સહીહ છે, પરંતુ વાજિબ ઝિક્રને ઉપર જણાવ્યા મુજબ પઢે.

**મસઅલો ૧૦૨૨** : જ્યારે કોઈ શખ્સ રૂકૂઅમાં પૂરી રીતે ઝૂકી ન શકતો હોય, ત્યારે કોઈ ચીજનો ટેકો લઈને રૂકૂઅ

કરે, અને જો ટેકો લઈને પણ સામાન્ય રીતે રૂકૂઅ ન કરી શકે, તો એટલો ઝૂકે કે સાધારણ રીતે એમ કહી શકાય કે રૂકૂઅમાં છે અને જો એ પણ શક્ય ન હોય તો રૂકૂઅ માટે માથા વડે ઈશારો કરે.

**મસઅલો ૧૦૨૩** : જે શખ્સ માટે માથાના ઈશારાથી પણ રૂકૂઅ કરવું અશક્ય હોય, તે રૂકૂઅની નિય્યતથી પોતાની આંખો બંધ કરીને ઝિક્ર પઢશે, અને રૂકૂઅમાંથી પાછા ઉભા થવાની નિય્યતથી પોતાની આંખો ખોલશે, અને જો એ પણ કરવા સમર્થ ન હોય તો એહતિયાતની રૂએ દિલમાં રૂકૂઅની નિય્યત કરશે, અને એહતિયાતે વાજિબની રૂએ પોતાના હાથો વડે રૂકૂઅનો ઈશારો કરી ઝિક્ર પઢશે. જો શક્ય હોય તો એહતિયાતે વાજિબની રૂએ બેઠીને ઈશારો કરી ઝિક્ર પઢશે.

**મસઅલો ૧૦૨૪** : જે શખ્સ ઉભા રહેવાની હાલતમાં રૂકૂઅ ન કરી શકતો હોય, પણ બેસવાની હાલતમાં રૂકૂઅ માટે નમી શકતો હોય, તેના માટે હુકમ એ છે કે ઉભા ઉભા નમાઝ પઢે અને રૂકૂઅ માટે માથાથી ઈશારો કરે. અને એહતિયાતે મુસ્તહબ છે કે એ શખ્સ બીજી વાર એવી રીતે નમાઝ પઢે કે રૂકૂઅમાં જવા માટે બેસીને રૂકૂઅ માટે ઝૂકે.

**મસઅલો ૧૦૨૫** : અગર કોઈ શખ્સ રૂકૂઅ માટે સંપૂર્ણ રીતે ઝૂકયા બાદ માથું ઊંચકી લ્યે, અને ફરી વાર રૂકૂઅ માટે જૂકે, તો તેની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૦૨૬** : રૂકૂઅમાં ઝિક્ર પૂરી રીતે અદા કર્યા બાદ ફરી સીધા ઉભા થઈ જવું જરૂરી છે. અને એહતિયાતે

વાજિબની રૂએ સ્થિર થયા બાદ સજદો અદા કરે. અને જો કોઈ સીધા ઉભા રહ્યા વગર, અથવા સ્થિર થવા પહેલા જાણી જોઈને સજદામાં જાય તો એહતિયાતે વાજિબની રૂએ નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૦૨૭** : અગર કોઈ શખ્સ રૂકૂઅ ભૂલી જાય, અને સજદામાં પહોંચ્યાં પહેલા તેને યાદ આવે, તો તેના માટે જરૂરી છે કે પ્રથમ સીધો ઉભો થાય અને પછી રૂકૂઅ બજાવી લાવે, અને જો એ ઝૂકવાની હાલતમાં, સીધા ઉભા રહ્યા વગર, રૂકૂઅ કરશે તો એ કાફી નથી.

**મસઅલો ૧૦૨૮** : અગર પેશાની જમીન સુધી પહોંચી જાય, ત્યારે યાદ આવે કે રૂકૂઅ બજાવી લાવ્યો નથી, તો જરૂરી છે કે ઊભા થઈને પછી રૂકૂઅ કરે અને જો બીજા સજદામાં યાદ આવે તો એહતિયાતે લાઝિમની રૂએ નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૦૨૯** : રૂકૂઅ માટે મુસ્તહબ અમલો નીચે મુજબ છે :

(૧) રૂકૂઅમાં જતા પહેલા સીધા ઉભા રહેવાની હાલતમાં તકબીર કહેવું,

(૨) રૂકૂઅમાં પોતાના ગોઠણોને પાછળ તરફ ખેંચવા,

(૩) પીઠને સીધી, સમતલ રાખવી,

(૪) ગરદનને આગળ તરફ ખેંચીને પીઠની સીધ (સમાંતર)માં રાખવી,

(૫) નજર બંને પગોની વચમાં રાખવી, (૬) ઝિક્ર પહેલા અથવા બાદ સલવાત પઢવી.

(૭) રૂકૂઅમાંથી ઉભા થયા બાદ સ્થિર હાલતમાં

'સમેઅલ્લાહો લેમન હમેદહ' કહેવું.

**મસઅલો ૧૦૩૦ :** ઔરતો માટે મુસ્તહબ છે કે રૂકૂઅમાં પોતાના હાથો ગોઠણથી સહેજ ઉપર ગોઠવે, અને ગોઠણને પાછળ તરફ ન ખેંચે.

## સુજૂદ

**મસઅલો ૧૦૩૧ :** નમાઝ પઢનાર માટે જરૂરી છે કે દરેક વાજિબ નમાઝ અને મુસ્તહબ નમાઝમાં રૂકૂઅ બાદ બે સજદા બજાવી લાવે, અને સજદાનો અર્થ એ છે કે એક ખાસ રીતથી વિનમ્રતા સાથે પોતાની પેશાની જમીન ઉપર ટેકવે. નમાઝમાં વાજિબ છે કે સજદાની હાલતમાં બંને હથેળીઓ, બંને ગોઠણો અને પગના અંગૂઠાંઓ જમીનને અડે. એહતિયાતે વાજિબની રૂએ પેશાની એ લંબચોરસ ભાગ છે. જે બંને આંખો ઉપરના નયનથી લઈ અને વાળ ઉગવાની જગ્યા સુધી ધારેલ લાઈન દોરવાથી બને છે.

**મસઅલો ૧૦૩૨ :** બંને સજદાઓ સાથે મળીને એક રૂકન થાય છે, અને અગર કોઈ શખ્સ વાજિબ નમાઝમાં કોઈ એક રકાતમાં બંને સજદાઓ તરક કરે, ચાહે એ ભૂલી જવાને કારણે હોય કે પછી મસઅલાની અજાણતાને કારણે હોય તો તેની નમાઝ બાતિલ છે. અને એવી રીતે અગર કોઈ શખ્સ એક રકાતમાં બે સજદાઓનો ઉમેરો કરે, ચાહે એ ભૂલી જવાને કારણે હોય યા જાહિલે કાસીર હોવાના કારણે હોય તો પણ એહતિયાતે લાઝિમની રૂએ તેની નમાઝ બાતિલ ગણાશે. (જાહિલ કાસીરનો મતલબ તે

શખ્સ છે કે જેના જાહિલ રહેવાનું યોગ્ય કારણ હોય.)

**મસઅલો ૧૦૩૩** : અગર કોઈ શખ્સ જાણીબુજીને એક સજદો ઓછો અથવા વધારે બજાવી લાવે તો તેની નમાઝ બાતિલ છે. પણ જો ભૂલથી એવું કરે તો નમાઝ બાતિલ નથી થતી અને ભૂલથી સજદો ઓછો કરે, તો તેનો હુકમ આગળ જતાં જણાવવામાં આવશે.

**મસઅલો ૧૦૩૪** : જે શખ્સ જમીન ઉપર પેશાની રાખી શકતો હોય, તે અગર જાણીબુજીને અથવા ભૂલથી તેમ ન કરે, તો એનો સિજદો અદા થયેલો નહીં ગણાય, ભલે પછી શરીરના બીજા ભાગો જમીન ઉપર રાખી ચૂક્યો હોય, પણ જો પેશાની જમીન ઉપર ટેકાવી ચૂક્યો હોય, અને ભૂલથી શરીરના બીજા ભાગો જમીન ઉપર ન રાખે, અથવા ભૂલી જવાથી ઝિક્ર ન પઢે, તો સિજદો સહીહ છે.

**મસઅલો ૧૦૩૫** : બેહતર છે કે ઈખ્તીયારની હાલતમાં સજદામાં ત્રણવાર '**સુબ્હાંનલ્લાહ**' અથવા એકવાર '**સુબ્હાંન રબ્બેયલ અઅ્લા વબેહમ્દેહ**' પઢે. અને આ ઝિક્રના શબ્દોને અનુક્રમે, સહીહ અરબી ભાષામાં અદા કરવું જરૂરી છે. અલબત્ત, સજદામાં કોઈ પણ ઝિક્ર પઢી લેવું કાફી છે, પણ એહતિયાતે વાજિબની રૂએ ઝિક્ર એટલા જ પ્રમાણમાં હોવો જરૂરી છે અને મુસ્તહબ છે કે '**સુબ્હાંન રબ્બેયલ અઅ્લા વબેહમ્દેહ**' ત્રણ અથવા પાંચ અથવા સાત અથવા એથી વધારે વખત પઢે.

**મસઅલો ૧૦૩૬** : સજદાની હાલતમાં શરીર સ્થિર

હોવું જોઈએ, અને ઈખ્તીયારની હાલતમાં શરીરમાં એવી હરકત કે એવું હલનચલન ન હોવું જોઈએ કે જેથી સ્થિરતા કાયમ ન રહે, જો એ સમયે વાજિબ ઝિક્ર ન પઢી રહ્યો હોય તો પણ એહતિયાતે વાજિબની રૂએ આ જ હુકમ છે.

**મસઅલો ૧૦૩૭** : પેશાની જમીન ઉપર પહોંચે, અને શરીર સ્થિર થાય, એથી પહેલા અગર કોઈ શખ્સ જાણીબુજીને સજદાનો ઝિક્ર શરૂ કરે, અથવા ઝિક્ર પૂરો થાય એથી પહેલા જાણીબુજીને સજદાથી માથું ઊંચકી લ્યે, તો તેની નમાઝ બાતિલ છે. સિવાય કે પહેલા સંજોગમાં સજદામાં સ્થિરતાની હાલતમાં ફરીથી ઝિક્ર પઢે.

**મસઅલો ૧૦૩૮** : પેશાની જમીન ઉપર પહોંચે એથી પહેલા અગર કોઈ શખ્સ ભૂલથી ઝિક્ર શરૂ કરે, અને માથું ઊંચકવા પહેલા એને યાદ આવે કે ભૂલ કરી છે, તો શરીરને સ્થિર રાખી બીજી વાર ઝિક્ર પઢવો જોઈએ (જરૂરી છે). પણ જો પેશાની જમીન ઉપર પહોંચી ચૂકી હોય પછી ભૂલથી શરીર સ્થિર થયા પહેલાં ઝિક્ર પઢે તો દોહરાવવું જરૂરી નથી.

**મસઅલો ૧૦૩૯** : ભૂલથી અગર સજદામાંથી માથું ઊંચકી લીધા બાદ કોઈ શખ્સને પોતાની ભૂલ સમજાય કે ઝિક્ર પૂરો થયા પહેલા એણે માથું ઊંચક્યું છે, તો તેની નમાઝ સહીહ છે.

**મસઅલો ૧૦૪૦** : સજદામાં ઝિક્ર પઢતી વખતે અગર કોઈ શખ્સ જાણીબુજીને જે સાત અવયવો જમીન ઉપર

ટેકવા જોઈએ, તેમાંથી કોઈ પણ એકને ઉપાડી લ્યે, જો આ અવયવના ઊપાડવાથી જરૂરી સ્થિરતા ન જળવાતી હોય તો નમાઝ બાતિલ થશે અને એહતિયાતે વાજિબની રૂએ આ જ હુકમ જ્યારે ઝિક્ર ન પઢતો હોય ત્યારે પણ લાગુ પડશે.

**મસઅલો ૧૦૪૧** : અગર કોઈ શખ્સ ઝિક્ર પૂરો થવા પહેલા ભૂલથી પેશાની ઉપાડી લ્યે તો ફરીથી પેશાની જમીન ઉપર નહીં રાખી શકે, અને એને એક સજદા તરીકે ગણવું પડશે. પણ એ સિવાયના બીજા અવયવોને જો ભૂલથી ઉપાડી લ્યે તો બીજી વાર મૂકવા જોઈએ, અને ઝિક્ર પઢવો જોઈએ.

**મસઅલો ૧૦૪૨** : પહેલા સજદામાં ઝિક્ર પૂરો કર્યા બાદ બેસવું જોઈએ, અને સ્થિરતા પામ્યા બાદ બીજા સજદામાં જવું જોઈએ.

**મસઅલો ૧૦૪૩** : સજદામાં પેશાનીની જગ્યા, હથેળી, ગોઠણ અને પગના અંગૂઠાની જગ્યાથી ચાર બાંધેલી આંગળીઓના વિસ્તારથી વધુ ઊંચી કે નીચી ન હોવી જોઈએ. બલ્કે એહતિયાતે વાજિબ છે કે પેશાની રાખવાની જગ્યા ઉભા રહેવાની જગ્યાથી પણ ચાર બાંધેલી આંગળીઓના વિસ્તારથી ઊંચી કે નીચી ન હોય.

**મસઅલો ૧૦૪૪** : અગર કોઈ શખ્સ ઢાળવાળી જમીન ઉપર નમાઝ પઢે, ભલે પછી ઢળાણનું પ્રમાણ ચોક્કસ રીતે માલૂમ ન હોય, અને એની પેશાની હથેળી, ગોઠણ અને અંગૂઠાની જગ્યા કરતા ચાર બાંધેલી આંગળીઓના

વિસ્તારથી વધુ ઊંચી કે નીચી રહે, તો તેની નમાઝમાં ઈશ્કાલ છે.

**મસઅલો ૧૦૪૫** : અગર કોઈ શખ્સ ભૂલથી એવી જગ્યાએ પેશાની મૂકે કે જે ઉપરોક્ત વિસ્તારથી ઊંચી હોય, તો અગરએ ઊંચાઈ એટલી હોય કે સજદાનું રૂપ ન રહે, અને એમ ન કહી શકાય કે એ સજદામાં છે, તો લાઝિમ છે કે માથું ઊંચકીને એવી જગ્યા ઉપર મૂકે કે જે એ વિસ્તારથી નીચી હોય. પણ જો એ ઊંચાઈ એટલી હોય કે સજદામાં છે એમ કહી શકાય, અને ઝિક્ર પૂરો કર્યા બાદ એનું ધ્યાન ખેંચાય તો એ સજદાથી માથું ઉઠાવી નમાઝ તમામ કરી શકશે. પણ જો એનું ધ્યાન વાજિબ ઝિક્ર પૂરો કર્યા પહેલા ખેંચાય, તો જરૂરી છે કે પોતાની પેશાની એવી જગ્યા તરફ ખેંચીને મૂકે કે જેની ઊંચાઈ જણાવેલ વિસ્તારની અંદર અથવા તેનાથી ઓછી હોય, અને પછી વાજિબ ઝિક્ર પઢે, પણ જો પેશાનીને ખેંચીને બીજી જગ્યાએ મૂકવી શક્ય ન હોય, તો એ જ હાલતમાં વાજિબ ઝિક્ર પઢી શકશે, અને નમાઝ પૂરી કરશે. ફરીથી એ નમાઝ અદા કરવાની જરૂરત નથી.

**મસઅલો ૧૦૪૬** : પેશાની અને સજદાની જગ્યા વચ્ચે કોઈ બીજી વસ્તુ અવરોધરૂપે ન હોવી જોઈએ. માટે જો સજદાગાહ (મોહર) ઉપર એટલો મેલ ચોંટેલો હોય કે પેશાની મોહર સુધી ન પહોંચતી હોય, તો સિજદો બાતિલ ગણાશે, પણ જો એનાથી ફકત મોહરનો રંગ બદલાઈ ગયો હોય તો વાંધો નથી.

**મસઅલો ૧૦૪૭ :** સજદામાં બંને હથેળીઓનું જમીન ઉપર રહેવું જરૂરી છે, એહતિયાતે વાજિબની રૂએ શક્ય હોય ત્યાં સુધી બંને હાથની સંપૂર્ણ હથેળી ઝમીન પર રાખે પણ મજબૂરી હોય તો હથેળીની પીઠ રાખવામાં વાંધો નથી અને જો એ પણ શક્ય ન હોય તો એહતિયાતે વાજિબની રૂએ કાંડાઓને જમીન ઉપર રાખે, અને જો એ પણ ન થઈ શકે તો કોણી સુધી જે ભાગ જમીન ઉપર ગોઠવી શકે, તેને ગોઠવે, અને જો એ પણ શક્ય ન હોય તો બાવડાને રાખે તો કાફી છે.

**મસઅલો ૧૦૪૮ :** સજદામાં પગના બે અંગૂઠાઓનું જમીન ઉપર હોવું જરૂરી છે. પણ એ જરૂરી નથી કે અંગૂઠાના ટેરવાં જમીન ઉપર હોય, બલ્કે તેનો ઉપલો અથવા પાછલો ભાગ પણ જો જમીન ઉપર રાખે તો કાફી છે. જો એ સિવાયની આંગળીઓ જમીન ઉપર મૂકે, અથવા પગનો ઉપલો ભાગ જમીન ઉપર મૂકે, અથવા નખ લાંબા હોવાને કારણે અંગૂઠા જમીન સુધી ન પહોંચે તો નમાઝ બાતિલ છે, અને જે શખ્સ લાપરવાહીને કારણે અને મસઅલાથી અજાણ હોવાને કારણે એવી રીતે નમાઝ પઢી હોય, તેના માટે જરૂરી છે કે નમાઝો ફરીથી પઢવી જોઈએ.

**મસઅલો ૧૦૪૯ :** જેના પગના અંગૂઠાનો અમુક ભાગ કપાઈ ગયો હોય, તે બાકીના ભાગને જમીન ઉપર રાખશે, અને જો એ અંગૂઠો પૂરો કપાઈ ગયો હોય, અથવા બહુ જ થોડો ભાગ રહી જવા પામ્યો હોય અને જમીન પર ન રાખી શકે તો એહતિયાતે વાજિબની રૂએ બાકીની આંગળીઓ જમીન ઉપર રાખશે. અને જે શખ્સના પગની

કોઈ પણ આંગળી બાકી ન હોય, તે બાકી રહેલા પગના ભાગને જમીન ઉપર મૂકશે.

**મસઅલો ૧૦૫૦** : અગર કોઈ સજદાની પ્રચલીત રીતથી હટીને સજદો કરે, જેમકે પેટ, છાતીને જમીન ઉપર રાખે અથવા પગને સ્હેજ પાછળ તરફ લાંબા કરે, તો અગર સજદાનું રૂપ બાકી હોય, અને લોકો એને સામાન્ય સજદા તરીકે ગણી શકે, તો એની નમાઝ સહીહ છે, પણ અગર સજદાનું રૂપ બાકી ન રહે, અને એમ લાગે કે જાણે પગ લાંબા કરીને સૂતો છે, તો નમાઝ બાતિલ ગણાશે.

**મસઅલો ૧૦૫૧** : મોહર અથવા કોઈ પણ બીજી વસ્તુ જેના ઉપર સજદો કરવામાં આવે તેનો એટલો હિસ્સો જે સજદો કરવા માટે જરૂરી હોય છે તે પાક હોવો જરૂરી છે. પણ જો મોહરને નજિસ સાદડી કે ફરશ ઉપર રાખવામાં આવે, અથવા મોહરનો એક ભાગ નજિસ હોય, પણ સજદો કરનાર પાક ભાગ ઉપર પેશાની રાખે તો વાંધો નથી.

અને અગર મોહરનો અમુક ભાગ નજિસ અને અમુક ભાગ પાક હોય અને પેશાનીને નજિસ ન કરે તો ઈશ્કાલ નથી.

**મસઅલો ૧૦૫૨** : અગર પેશાની ઉપર ગુંમડું કે જખ્મ વિગેરે હોય, અને જમીન ઉપર તેનું રાખવું મુશ્કિલ હોય, તો જો આખી પેશાની ઉપર ફેલાઈ ન ગયું હોય, તો જે ભાગ સલામત હોય એ ભાગથી સજદો કરે. અને જો પેશાનીની સલામત જગ્યાથી સજદો કરવા માટે જરૂરી

થઈ પડે કે જમીનને (કે સજદાની જગ્યાને) એક તરફ ખોદે જેથી જખ્મ, ગુંમડું વિગેરે એ તરફ રહે અને બાકીની સલામત જગ્યા, સજદા માટે જેટલું જરૂરી હોય તેટલા પ્રમાણમાં, જમીન ઉપર રાખી શકે, તો તેમ કરવું જોઈએ (પેશાનીનો અર્થ આગળના મસઅલામાં બયાન થઈ ચૂક્યો છે).

**મસઅલો ૧૦૫૩** : જો જખ્મ, ગુમડું વિગેરે આખી પેશાનીમાં ફેલાયેલું હોય, એહતીયાતે વાજિબની રૂએ પેશાની આજુબાજુ અથવા એક તરફ જેમ શક્ય હોય તેમ સજદો કરે અને જો તે શક્ય ન હોય. તો ચહેરાના અમુક ભાગથી સજદો કરશે, અને એહતિયાતે લાઝિમ એ છે કે શક્ય સંજોગમાં હડપચીથી (ઠડ્ડીથી) સજદો કરે અને જો એ શક્ય ન હોય તો પેશાનીના બંને છેડાઓમાંથી કોઈ એક છેડે સજદો કરે. જયારે ચહેરાના કોઈ પણ ભાગથી સજદો શક્ય ન હોય ત્યારે ઈશારાથી સજદો કરશે.

**મસઅલો ૧૦૫૪** : જે શખ્સ બેસી શકતો હોય પણ પોતાની પેશાની જમીન સુધી ન પહોંચાડી શકતો હોય, તેના માટે જરૂરી છે કે બને તેટલું ઝૂકે, અને મોહર અથવા સજદા કરવા માટે બીજી વસ્તુ કોઈ ઊંચી ચીજ ઉપર રાખી તેના ઉપર એવી રીતે પોતાની પેશાની રાખે કે એમ કહી શકાય કે સજદો કર્યો છે. પણ જો શક્ય હોય તો બંને હથેળીઓ, ગોઠણો અને પગના અંગૂઠાઓ સામાન્ય રીતે જમીન ઉપર રાખશે.

**મસઅલો ૧૦૫૫** : અગર કોઈ એવી ઊંચી ચીજ ન હોય કે જેના ઉપર મોહર અથવા સજદા માટે બીજી કોઈ

વસ્તુ ગોઠવી શકે, અને કોઈ શખ્સ પણ મોજૂદ ન હોય જે એના માટે મોહર ઊંચે લઈ આવે જેથી સજદો કરી શકે, તો એહતિયાત એ છે મોહર અથવા બીજી વસ્તુને પોતાના હાથે ઊંચે લઈને તેની ઉપર સજદો કરે.

**મસઅલો ૧૦૫૬** : જે શખ્સ બિલકુલ સજદો કરવાને અશક્ત હોય, એટલું ન ઝૂકી શકે કે તેને સિજદો કહી શકાય. તેના માટે જરૂરી છે કે માથાના ઈશારાથી સિજદો કરે, અને જો એ શક્ય ન હોય તો આંખો વડે ઈશારો કરે, અને જો આંખોનો ઈશારો કરવા પણ અસમર્થ હોય, તો એહતિયાતે લાઝીમની રૂએ હાથ વિગેરેથી સજદા માટે ઈશારો કરે અને દિલમાં સજદાની નિય્યત કરે, ત્યારબાદ વાજિબ ઝિક્ર પઢે.

**મસઅલો ૧૦૫૭** : અગર સજદામાંથી માથું બેઈખ્તીયારીની હાલતમાં ઊંચુ થઈ જાય, તો નમાઝ પઢનારે બીજીવાર માથું સજદાની જગ્યા સુધી ન પહોંચાડવું જોઈએ, અને એ જ એક સજદો ગણાશે, ચાહે સજદાનો ઝિક્ર પઢી શક્યો હોય કે ન પઢી શક્યો હોય, અને જો બીજીવાર માથાને સજદાની જગ્યા સુધી પહોંચતા ન રોકી શકે અને બેઈખ્તીયાર ફરીથી સજદો કરે, તો પણ એ એક જ સજદો ગણાશે. પણ જો પહેલી વાર ઝિક્ર ન પઢી ચૂકયો હોય, તો એહતિયાતે વાજિબ છે કે હવે માત્ર કુરબતનની નિય્યતથી ઝિક્ર પઢે. ન કે નમાઝના ભાગ હોવાની નિય્યતથી.

**મસઅલો ૧૦૫૮** : જે સ્થળે ઈન્સાનને. તકય્યા કરવાની જરૂરત જણાય, ત્યાં ગાલીચા વિગેરે ઉપર સજદો

કરી શકે છે, અને લાઝિમ નથી કે નમાઝ પઢવા માટે બીજી જગ્યાએ જાય, અથવા નમાઝ અદા કરવામાં એટલી ઢીલ કરે કે એ જ જગ્યાએ તકય્યા વગર નમાઝ પઢી શકે. પણ જો શક્ય હોય કે સાદડી અથવા જે ચીજો ઉપર સિજદો જાઈઝ છે તેના ઉપર એવી રીતે સજદો કરે કે તકય્યાનું ઉલ્લંઘન ન થાય, તો એવા સંજોગમાં ગાલીચા વિગેરે ઉપર સજદો ન કરવો જોઈએ.

**મસઅલો ૧૦૫૯** : અગર કોઈ શખ્સ પીંછા વિગેરેથી ભરેલા ગાદલા કે તકીયા ઉપર સજદો કરે, જેના ઉપર તેનું શરીર સ્થિર ન રહે તો એ સજદો બાતિલ છે.

**મસઅલો ૧૦૬૦** : અગર કોઈ શખ્સને મજબૂરીના કારણે ભીની માટીવાળી જમીન કે કીચડ ઉપર નમાઝ પઢવી પડે, તો અગર તેના કપડાં કે તેનું શરીર ગંદું થવાના કારણે વધારે પડતી તકલીફ ન થતી હોય તો સજદો અને તશહહુદ હંમેશની રીતે અદા કરવા જોઈએ, પરંતુ જો વધારે પડતી તકલીફ થતી હોય તો સજદો માથાના ઈશારાથી બજાવી લાવશે, અને તશહહુદ ઉભા ઉભા પઢશે, અને એની નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૧૦૬૧** : જે નમાઝની પહેલી અને ત્રીજી રકાતમાં તશહહુદ નથી, જેમકે નમાઝે ઝોહર, અસ્ર અને ઈશાની ત્રીજી રકાત, તેમાં એહતિયાતે વાજિબ છે કે બે સજદા બાદ થોડીક વાર સ્થિર બેઠા રહેવું, અને ત્યારબાદ ઉભા થવું.

# જે વસ્તુઓ ઉપર સિજદો કરવો સહીહ છે

**મસઅલો ૧૦૬૨ :** સજદો જમીન ઉપર અને જમીનમાંથી ઉગતી વસ્તુઓ જેમકે ઝાડનું લાકડું, પાંદડાં વિગેરે ઉપર કરવો જોઈએ; પણ જે વસ્તુ ખાવાના ઉપયોગમાં અથવા પોશાક તરીકે ઉપયોગમાં લેવાતી હોય તેના ઉપર સજદો નહીં થઈ શકે. ખોરાક અને પોશાકની વસ્તુઓ, જેમકે ઘઉં, જવ, કપાસ, તેમજ જમીનમાંથી નીકળતી એવી વસ્તુઓ જે જમીનના ભાગ તરીકે ગણાતી નથી, જેમકે સોનું, ચાંદી વિગેરે ધાતુઓ ઉપર સજદો સહીહ નથી. ડામર ઉપર સજદો સહીહ નથી, પણ મજબૂરીની હાલતમાં તમામ એવી વસ્તુઓ જેના ઉપર સજદો સહીહ નથી, તેમાં ડામરને પ્રથમ પસંદગી આપવી જોઈએ.

**મસઅલો ૧૦૬૩ :** જયારે દ્રાક્ષના પાંદડા કુમળા હોય, અને સામાન્ય રીતે તેને ખાવાના ઉપયોગમાં લેવાતા હોય, ત્યારે તેના ઉપર સજદો જાઈઝ નથી. એ સિવાયના સંજોગમાં તેના ઉપર સજદો કરવામાં વાંધો નથી.

**મસઅલો ૧૦૬૪ :** જે વસ્તુઓ જમીનમાંથી ઉગી નીકળતી હોય, અને જાનવરોના ખોરાક તરીકે કામ આવતી હોય, જેમકે ઘાસ વિગેરે, તેના ઉપર સજદો સહીહ છે.

**મસઅલો ૧૦૬૫ :** જે ફૂલો ખાવાના ઉપયોગમાં ન આવતા હોય તેના ઉપર સજદો સહીહ છે, બલ્કે જે વનસ્પતિ દવાના ઉપયોગમાં આવે છે, અને તેને ઉકાળીને

તેનો ઊકાળો પીવાય છે, જેમકે બનફશા વિગેરે તેના ઉપર સજદો સહીહ છે.

**મસઅલો ૧૦૬૬** : જે વનસ્પતિ અમુક શહેરોમાં ખવાતી હોય, અને બીજા અમુક શહેરોમાં ન ખવાતી હોય, પરંતુ જો તેઓ તે (વનસ્પતિ)ને ખાવા લાયક જાણતા હોય તો તેના ઉપર સજદો સહીહ નથી. એવી જ રીતે એહતિયાતની રૂએ કાચા ફળો ઉપર સજદો નહીં થઈ શકે.

**મસઅલો ૧૦૬૭** : ચૂના અને ચિરોડીના પત્થર ઉપર સજદો સહીહ છે, બલ્કે પકાવવામાં આવેલા ચૂના અને ચિરોડી ઉપર, ઈંટ અને પકાવવામાં આવેલા માટીના વાસણો વિગેરે ઉપર સજદો સહીહ છે.

**મસઅલો ૧૦૬૮** : જે વસ્તુઓ ઉપર સજદો સહીહ છે, જેમકે લાકડું, ઘાસ વિગેરે, તેમાંથી જો કાગળ બનાવવામાં આવ્યો હોય તો તેના ઉપર સજદો થઈ શકે છે. એવી જ રીતે કપાસ, અને શણ વિગેરેથી કાગળ બન્યો હોય તો તેના ઉપર સજદો થઈ શકશે, પરંતુ રેશમ અથવા તેના જેવી બીજી વસ્તુઓમાંથી બનાવવામાં આવ્યો હોય કે જેના ઉપર સજદો સહીહ નથી, તો તેવા કાગળ ઉપર સજદો સહીહ નથી. ટીસ્યુ પેપર ઉપર એ જ સમયે સજદો સહીહ છે જ્યારે ઈન્સાનને ખબર હોય એવી ચીજમાંથી બનાવવામાં આવેલ છે કે જેનાં ઉપર સજદો કરવો સહીહ છે.

**મસઅલો ૧૦૬૯** : સજદા માટે સૌથી ઉત્તમ અને શ્રેષ્ઠ હઝરત સય્યદુશ્શોહદા ઈમામ હુસૈન અલય્હિસ્સલામની તુરબતની માટી છે. ત્યારબાદ બીજી માટીઓ, તે બાદ

પત્થર અને તેના પછી ઘાસ કે પાંદડાનો વારો આવે છે.

**મસઅલો ૧૦૭૦** : અગર એવી વસ્તુ કે જેના ઉપર સજદો સહીહ છે, હાંસિલ ન થઈ શકે, અથવા હાંસિલ હોય પણ સખત ઠંડી કે ગરમીને કારણે તેના ઉપર સજદો ન કરી શકાતો હોય, તો ડામરની પહેલી પસંદગી કરવી જોઈએ. પણ જો તેના ઉપર પણ સજદો ન કરી શકાતો હોય તો પોતાના કપડા ઉપર અથવા હથેળીની પીઠ ઉપર સજદો કરે, અથવા એવી બીજી ચીજ ઉપર સજદો કરે કે જેના ઉપર ઈખ્તીયારની હાલતમાં સજદો સહીહ નથી. પણ એહતિયાતે મુસ્તહબ છે કે જયાં સુધી પોતાના કપડા ઉપર સજદો કરી શકતો હોય ત્યાં સુધી કોઈ બીજી વસ્તુ ઉપર સજદો ન કરે.

**મસઅલો ૧૦૭૧** : નરમ માટી અથવા ધૂળ કે જેના ઉપર સજદામાં માથું સ્થિર ન રહી શકે, તેના ઉપર સજદો બાતિલ છે.

**મસઅલો ૧૦૭૨** : પહેલા સજદામાં જો મોહર પેશાની ઉપર ચોંટી જાય, તો બીજો સજદો કરવા પહેલા એ મોહરને પેશાનીથી અલગ કરવું જરૂરી છે.

**મસઅલો ૧૦૭૩** : અગર જે વસ્તુ ઉપર સિજદો કરતો હોય એ વસ્તુ નમાઝ દરમિયાન ગુમ થઈ જાય, અને બીજી એવી વસ્તુ એની પાસે ન હોય કે જેના ઉપર સજદો સહીહ છે, તો પછી મસઅલા નંબર ૧૦૭૦માં જે ક્રમ સમજાવવામાં આવ્યો છે તે મુજબ અમલ કરી શકશે ; ચાહે નમાઝનો સમય તંગ હોય, અથવા તે નમાઝને તોડીને ફરીથી પઢી શકતો હોય.

**મસઅલો ૧૦૭૪** : અગર સજદાની હાલતમાં કોઈનું ધ્યાન ખેંચાય કે જે વસ્તુ ઉપર સજદો કરી રહ્યો છે, એ વસ્તુ ઉપર સજદો સહીહ નથી, તો જો વાજિબ ઝિક્ર પઢી લીધા બાદ ધ્યાન ખેંચાય તો સજદો પૂરો કરીને નમાઝને જારી રાખી શકશે. અને જો વાજિબ ઝિક્રથી પહેલા ધ્યાન ખેંચાય, તો હળવેથી પોતાની પેશાનીને એ વસ્તુ તરફ ખસેડે કે જેના ઉપર સજદો સહીહ છે, અને પછી વાજિબ ઝિક્ર પઢે. પણ જો પેશાનીને ખસેડવું શક્ય ન હોય તો એ જ હાલતમાં ઝિક્ર પઢી શકશે, અને બંને સંજોગોમાં તેની નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૧૦૭૫** : અગર સજદો કરી લીધા બાદ કોઈનું ધ્યાન દોરાય કે જે વસ્તુ ઉપર સજદો થયો તે વસ્તુ ઉપર સજદો સહીહ નથી, તો કંઈ વાંધો નથી.

**મસઅલો ૧૦૭૬** : ખુદાવંદે કરીમની ઝાત સિવાય કોઈ બીજા માટે સજદો કરવો હરામ છે. અને અમુક લોકો જે અઈમ્મા અલય્હેમુસ્સલામની કબરો સામે પેશાની જમીન ઉપર રાખે છે, તે અગર અલ્લાહનો શુક્ર બજાવી લાવવા માટે હોય તો વાંધો નથી, નહીંતર તેમાં ઈશ્કાલ છે.

## સજદામાં મુસ્તહબ અને મકરૂહ બાબતો

**મસઅલો ૧૦૭૭** : સજદામાં અમુક બાબતો મુસ્તહબ છે :

(૧) જે શખ્સ ઉભા ઉભા નમાઝ પઢતો હોય, તે રૂકૂઅમાંથી સીધા ઉભા રહ્યા બાદ સજદામાં જવા માટે તકબીર કહે

અને જો બેઠા બેઠા નમાઝ પઢતો હોય તો રૂકૂઅ માટે ઝૂકીને પાછો સ્થિર બેસીને સજદામાં જવા માટે તકબીર કહે.

(૨) જયારે સજદામાં જવા માટે નમે ત્યારે પુરૂષ માટે મુસ્તહબ છે કે પહેલા હાથોને જમીન ઉપર રાખે, અને સ્ત્રીઓ માટે મુસ્તહબ છે કે પહેલા ગોઠણો જમીન ઉપર મૂકે.

(૩) નાકને મોહર ઉપર, અથવા જે વસ્તુ ઉપર સજદો સહીહ છે, તેના ઉપર રાખે.

(૪) સજદાની હાલતમાં હાથની આંગળીઓ મેળવીને રાખવી, અને કાનની હરોળમાં એવી રીતે ગોઠવવી કે તેના ટેરવાં કિબ્લા તરફ હોય.

(૫) સજદામાં દુઆ કરવી, પોતાની હાજતો માંગવી, અને નીચે જણાવેલી દુઆ પઢવી :

**યા ખૈરલ મસ્ઉલીન વ યા ખૈરલ મુઅ્તીન, ઉરઝુકની વરઝુક અયાલી મિન ફઝ્લેક ફઈન્નક ઝુલ ફઝ્લીલ અઝીમ** (અય એવા તમામથી શ્રેષ્ઠ કે જેમની પાસે માંગવામાં આવે, અને એવા તમામથી શ્રેષ્ઠ કે જે અતા કરે છે. તારા ફઝલથી મને રોઝી આપ અને મારા કુટુંબીઓને રોઝી આપ. કે ખરેખર તું મહાન ફઝલવાળો છે.)

(૬) સજદા બાદ ડાબી જાંઘ ઉપર બેઠે અને જમણા પગના (પંજાના) ઉપરના ભાગને ડાબા પગના તળીયા

ઉપર રાખવો.

(૭) દરેક સજદામાંથી માથું ઉપાડી સ્થિર બેસીને તકબીર કહેવું.

(૮) પહેલા સજદામાંથી માથું ઊંચકયા બાદ સ્થિર બેસીને **અસ્તગ઼ફ઼ેરૂલ્લાહ રબ્બી વ અતૂબો ઈલયહે** પઢવું.

(૯) સજદાને લંબાવવું, અને બેસતી વખતે સાથળ ઉપર હાથો રાખવા.

(૧૦) બીજા સજદા માટે જવા પહેલા સ્થિર હાલતમાં તકબીર કહેવી.

(૧૧) સજદાઓમાં સલવાત પઢવી.

(૧૨) સજદા પૂરા કરીને ઉભા થતી વખતે પ્રથમ ગોઠણો ઊંચક્વા અને ત્યારબાદ હાથોને ઉપાડવા.

(૧૩) મરદો કોણી અને પેટને જમીન ઉપર ન રાખે, અને પોતાના હાથોને પડખાથી છુટાં ગોઠવે. ઔરતો કોણી અને પેટને જમીન ઉપર રાખે, અને શરીરના તમામ અવયવોને મિલાવીને સજદો કરે.

સજદાની બીજી મુસ્તહબ બાબતો બીજી કિતાબોમાં તફ઼સીલથી (વિગતવાર) બયાન કરવામાં આવેલ છે.

**મસઅલો ૧૦૭૮ :** સજદામાં કુરઆને મજીદની તિલાવત કરવી મકરૂહ છે. અને સજદાની જગ્યા ઉપર ચોંટલી ધૂળ વિગેરે દૂર કરવા માટે ફૂંક મારવી મકરૂહ છે. અને જો એ ફૂંક મારતી વખતે જાણીબુજીને બે શબ્દો મોંઢામાંથી નીકળે તો એહતિયાતે વાજિબની રૂએ નમાઝ

બાતિલ થશે.

એ સિવાય બીજી મકરૂહ બાબતો વિસ્તૃત કિતાબોમાં વિગતવાર જણાવવામાં આવી છે.

## કુરઆને મજીદના વાજિબ સજદાઓ

**મસઅલો ૧૦૭૯** : કુરઆનની ચાર આયતો, સૂરએ સજદહ આયત–૧૫, સૂરએ હા–મીમ–સજદહ આયત–૩૭, સૂરએ નજમ આયત–૬૨, સૂરએ અલક આયત–૧૯ આયત એવી છે કે અગર ઈન્સાન તિલાવત કરે અથવા સાંભળે તો આયત પૂરી થતાની સાથે જ તરત સજદો કરવો જોઈએ અને અગર ભૂલી જાય, તો યાદ આવતાની સાથે સજદો કરી લેવો જોઈએ. જાહેર એ છે કે જે શખ્સ ઈરાદા વગર મજબૂરન એવી આયત સાંભળે તો સજદો તેના ઉપર વાજિબ નથી, પરંતુ બેહતર છે કે સજદો કરી લ્યે.

**મસઅલો ૧૦૮૦** : અગર કોઈ શખ્સ સજદાની આયત સાંભળતી વખતે પોતે પણ તેની તિલાવત કરે, તો એને બે સજદા કરવા જોઈએ.

**મસઅલો ૧૦૮૧** : અગર કોઈ શખ્સ નમાઝ સિવાયના કોઈ સજદામાં હોય અને વાજિબ સજદાની આયત સાંભળે અથવા પઢે, તો એ સજદાથી માથું ઉપાડીને ફરીથી સજદો કરશે.

**મસઅલો ૧૦૮૨** : અગર કોઈ શખ્સ સૂતેલા ઈન્સાનના મોઢેથી અથવા દિવાના કે અણસમજુ બાળકના મોઢેથી વાજિબ સજદાની આયત સાંભળે, અથવા એ

તરફ ધ્યાન ધરે, તો સજદો વાજિબ થશે. પરંતુ જો ગ્રામોફોન કે ટેપમાંથી સાંભળે તો સજદો વાજિબ નહીં થાય. એવી જ રીતે રેડીયો ઉપર જો ટેપમાંથી પ્રસારીત થતુ હોય તો સજદો વાજિબ નહીં થાય, પણ જો કોઈ શખ્સ રેડીયો સ્ટેશનથી એ આયત તિલાવત કરતો હોય, અને ઈન્સાન રેડીયોથી એ સાંભળે તો સજદો વાજિબ થશે.

**મસઅલો ૧૦૮૩** : કુરઆનના વાજિબ સજદાને અદા કરવા માટે એહતિયાતે વાજિબ છે કે તેની જગ્યા ગસ્બી ન હોય, અને એહતિયાતે મુસ્તહબની રૂએ સજદા માટે પેશાનીની જગ્યા ગોઠણ અને પગના અંગૂઠાઓની જગ્યાએથી, ચાર બાંધેલી આંગળીઓના વિસ્તારથી વિશેષ ઊંચી કે નીચી ન હોવી જોઈએ. પણ એ માટે વુઝુ, ગુસ્લ, કિબ્લાની તરફ હોવું, તેમજ શરમગાહને છુપાવવું, શરીર કે પેશાનીની જગ્યાનું પાક હોવું જરૂરી નથી, ઉપરાંત નમાઝ પઢનારના લિબાસ માટે જે શરતો છે, તે પણ લાગુ નહીં પડે.

**મસઅલો ૧૦૮૪** : કુરઆનના વાજિબ સજદા માટે એહતિયાતે વાજિબ છે કે પેશાનીને મોહર ઉપર અથવા બીજી એવી વસ્તુ કે જેના ઉપર સજદો જાઈઝ છે, તેના ઉપર રાખે, અને એહતિયાતે મુસ્તહબ છે કે નમાઝના સજદા માટે પેશાની સાથે જે બીજા અવયવો જમીન ઉપર રાખવા જરૂરી હોય છે, તે અવયવોને પણ જમીન ઉપર ગોઠવે.

**મસઅલો ૧૦૮૫** : કુરઆનના વાજિબ સજદામાં માથું

જમીન ઉપર રાખ્યા બાદ કોઈ ઝિક્ર ન પઢે તો કાફી છે અને મુસ્તહબ છે કે કોઈપણ ઝિક્ર પઢે, પરંતુ બેહતર છે કે નીચે મુજબ પઢે :

**લા ઈલાહા ઈલ્લલ્લાહો હ઼ક઼્ક઼ન હ઼ક઼્ક઼ા,**

**લા ઈલાહા ઈલ્લલ્લાહો ઈમાનંવ વ તસ઼્દીક઼ા,**

**લા ઈલાહા ઈલ્લલ્લાહો ઉબૂદિય્યતંવ વ રિક઼્ક઼ા,**

**સજદતો લક યા રબ્બે તઅ઼બ્બોદંવ વ રિક઼્ક઼ા,**

**લા મુસ્તનકેફન વ લા મુસ્તકબિરા,**

**બલ અના અ઼બ્દુન ઝ઼઼ઈફુન ઝ઼લીલુન**

**ખ઼ાએફુન મુસ્તજીર.**

## તશહહુદ

**મસઅલો ૧૦૮૬ :** દરેક વાજિબ અને મુસ્તહબ નમાઝની બીજી રકાતમાં, નમાઝે મગરિબની ત્રીજી રકાતમાં, નમાઝે ઝોહર, અસ્ર અને ઈશાની ચોથી રકાતમાં બીજા સજદા બાદ જયારે ઈન્સાન સ્થિર હાલતમાં બેસે, ત્યારે તશહહુદ પઢવું વાજિબ છે, અને આ મુજબ પઢે :

**અશહદો અલ લા ઈલાહ ઈલ્લલ્લાહો વહ઼દહુ લાશરીક લહૂ**

**વ અશહદો અન્ન મોહ઼મ્મદન અ઼બ્દોહૂ વ રસૂલોહ.**

**અલ્લાહુમ્મ સ઼લ્લે અ઼લા મોહ઼મ્મદીન વ આલે મોહ઼મ્મદ.**

અને અગર આ મુજબ પઢે :

**અશ્હદો અલ્ લાઈલાહ ઈલ્લલ્લાહો વ અશ્હદો અન્ન મોહંમ્મદન્ સંલ્લલ્લાહો અંલયહે વઆલેહી અંબ્દોહુ વ રસૂલોહ.**

તો કાફી છે, અને નમાઝે વિત્ર કે જે નમાઝે શબની છેલ્લી એક રકાત છે, તેમાં પણ તશહહુદ જરૂરી છે.

**મસઅલો ૧૦૮૭** : તશહહુદ સહીહ અરબી ઉચ્ચારમાં પઢવું જોઈએ, અને જેમ પ્રચલીત છે તેમ અનુક્રમે એક પછી એક અદા કરવું જોઈએ.

**મસઅલો ૧૦૮૮** : અગર કોઈ શખ્સ તશહહુદ ભૂલી જઈને ઉભો થઈ જાય, અને રૂકૂઅમાં ગયા પહેલા તેને યાદ આવે કે તશહહુદ પઢયો નથી, તો એને બેસી જવું જોઈએ, અને તશહહુદ પઢીને ફરી ઉભા થવું જોઈએ, અને એ રકાતમાં જે કાંઈ પઢવાનું હોય, એ પઢીને નમાઝ પૂરી કરે. એહતિયાતે મુસ્તહબ છે કે નમાઝ પૂરી કર્યા બાદ ભૂલથી ઉભા રહેવા માટે બે સજદએ સહવ કરે.

પણ જો એને રૂકૂઅમાં ગયા બાદ યાદ આવે, તો નમાઝ પૂરી કરે, અને નમાઝની સલામ પઢયા બાદ એહતિયાતે મુસ્તહબ છે કે તશહહુદની કઝા આપે, તેમજ તશહહુદ ભૂલી જવા બદલ બે સજદએ સહવ અદા કરવા જરૂરી છે.

**મસઅલો ૧૦૮૯** : મુસ્તહબ છે કે તશહહુદ પઢતી વખતે ઈન્સાન ડાબી જાંઘ ઉપર બેઠે, અને જમણા પગના (પંજાના) ઉપરના ભાગને ડાબા પગના તળિયા ઉપર

મૂકે. અને તશહહુદ શરૂ કર્યા પહેલા **અલહૅમ્દોલિલ્લાહ** પઢે, અથવા **બિસ્મીલ્લાહે વ બિલ્લાહ વ વલ્ હમ્દો લિલ્લાહે વ ખયઁરૂલ્ અસ્માઈ લિલ્લાહ** પઢે. એવી જ રીતે મુસ્તહબ છે કે તશહહુદ પઢતી વખતે પોતાના હાથોને સાથળ ઉપર મૂકે, આંગળીઓને મિલાવીને રાખે, અને નજર પોતાના ખોળા ઉપર રાખે, અને તશહહુદની સલવાત પઢયા બાદ કહે : **વ તકઁબ્બલ્ શફાઅઁતહૂ વરફઅઁ દરજતહૂ.**

**મસઅલો ૧૦૯૦ :** ઔરતો માટે મુસ્તહબ છે કે તશહહુદ પઢતી વખતે પોતાના બંને સાથળોને મિલાવીને રાખે.

## સલામ

**મસઅલો ૧૦૯૧ :** નમાઝની છેલ્લી રકાતમાં તશહહુદ બાદ નમાઝી બેઠો હોય અને તેનું શરીર સ્થિર હોય ત્યારે મુસ્તહબ છે કે '**અસ્સલામો અઁલયક અય્યોહન્નબીય્યો વરહઁમતુલ્લાહે વ બરકાતોહ**' પઢે. તે બાદ વાજિબ છે કે પઢે : '**અસ્સલામો અઁલયકુમ**' અને એહતિયાતે મુસ્તહબ છે કે તેમાં '**વ રહઁમતુલ્લાહે વ બરકાતોહ**'નો ઉમેરો કરે.

અથવા આ સલામ પઢે : '**અસ્સલામો અઁલયના વઅઁલા ઈઁબાદીલ્લાહીસ્સૅાલેહીન**' પણ જો આ સલામ પઢે તો એહતિયાતે વાજિબની રૂએ તે બાદ '**અસ્સલામો અઁલયકુમ**' પઢવું જરૂરી છે.

**મસઅલો ૧૦૯૨ :** અગર કોઈ શખ્સ નમાઝની સલામ ભૂલી જાય, પણ નમાઝની હાલત બદલાઈ જવા પહેલા યાદ આવે, અથવા હજી કોઈ એવો અમલ ન કર્યો કે જે જાણીજોઈને અથવા ભૂલથી કરવામાં આવે તો નમાઝને

બાતિલ કરે છે, જેમકે કિબ્લાને પીઠ આપવી વિગેરે, તો એવી હાલતમાં તરત સલામ પઢી લ્યે, અને એની નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૧૦૯૩** : અગર કોઈ શખ્સ નમાઝની સલામ ભૂલી જાય, અને એવા સમયે યાદ આવે કે નમાઝની સૂરત બદલી ગઈ હોય, અથવા એવું કામ અંજામ દઈ ચૂકયો હોય કે જે જાણી જોઈને કે ભૂલી જઈને કરવાથી નમાઝ બાતિલ થાય છે, જેમકે કિબ્લા તરફ પીઠ આપવી વિગેરે તો એવા સંજોગમાં એની નમાઝ સહીહ છે.

## તરતીબ – ક્રમ

**મસઅલો ૧૦૯૪** : અગર કોઈ શખ્સ જાણી જોઈને નમાઝની તરતીબ અને ક્રમને બદલી નાખે, જેમકે, બીજા સૂરાને સૂરએ અલહમ્દની પહેલા પઢે, અથવા સજદાને રૂકૂઅથી પહેલા અદા કરે, તો એની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૦૯૫** : અગર કોઈ શખ્સ નમાઝમાં કોઈ રૂક્ન ભૂલી જાય અને તે પછીના રૂક્નને બજાવી લાવે, જેમકે રૂકૂઅ કર્યા પહેલા બે સજદાઓ કરે, તો એહતિયાતે વાજિબની રૂએ તેની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૦૯૬** : અગર કોઈ શખ્સ રૂકનને ભૂલી જાય, પણ તે પછીનો જે અમલ બજાવી લાવે એ રૂકની ન હોય, જેમકે બે સજદાઓની પહેલા તશહહુદ પઢી લ્યે, તો એવા સંજોગોમાં વાજિબ છે કે પ્રથમ રૂક્ન બજાવી લાવે, અને જે અમલ ભૂલથી પહેલા અદા કર્યો હોય તે ફરીથી બજાવી લાવે.

**મસઅલો ૧૦૯૭** : અગર કોઈ શખ્સ નમાઝમાં એ

અમલ ભૂલી જાય જે રૂકની નથી, અને તે પછીના રૂકનમાં દાખલ થાય, જેમકે, સૂરએ અલહમ્દ ભૂલી જાય અને રૂકૂઅમાં દાખલ થઈ જાય તો એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૧૦૯૮** : અગર કોઈ શખ્સ એવા અમલને ભૂલી જાય કે જે રૂકની નથી, અને ત્યાર પછીના એવા કાર્યને શરૂ કરે જે પણ રૂકની ન હોય, જેમકે સૂરએ અલહમ્દને ભૂલી જઈ બીજા સૂરાને શરૂ કરે, તો એવા સંજોગોમાં જરૂરી છે કે ભૂલી ગયેલા અમલને બજાવી લાવે, અને ત્યારબાદ જે અમલ ભૂલથી પ્રથમ બજાવી લાવ્યો હતો એ ફરીથી બજાવી લાવે.

**મસઅલો ૧૦૯૯** : અગર કોઈ શખ્સ પહેલો સજદો એમ વિચારીને બજાવી લાવે કે એ બીજો છે, અથવા બીજો સજદો એમ સમજીને બજાવી લાવે કે એ પહેલો છે, તો એની નમાઝ સહીહ છે, પહેલો સજદો પહેલો જ રહેશે, અને બીજો સજદો બીજા સજદા તરીકે જ ગણાશે.

## મવાલાત (એક પછી એક તરત જ અમલને અંજામ દેવા)

**મસઅલો ૧૧૦૦** : ઈન્સાન માટે જરૂરી છે કે નમાઝને મુવાલાતની રૂએ અદા કરે, એટલે કે નમાઝના તમામ કાર્યોને, જેમકે રૂકૂઅ, સજદા, તશહહુદને એક પછી એક, તરત જ અદા કરે, અને પઢવાના ભાગોને પણ જેમ પ્રચલિત છે તે રીતે એક પછી એક તરત જ પઢે, અને અગર વચ્ચે એટલી ઢીલ કરે અથવા ફાસલો મૂકે કે જેથી એમ ન કહી શકાય કે નમાઝ પઢી રહ્યો છે, તો નમાઝ

બાતિલ ગણાશે.

**મસઅલો ૧૧૦૧** : અગર કોઈ શખ્સ નમાઝમાં ભૂલથી શબ્દો કે અક્ષરો વચ્ચે ફાસલો રાખે, પણ એ ફાસલો એટલો ન હોય કે નમાઝની હાલત ખત્મ થઈ જાય, અને જો તે પછીના કોઈ રૂકનમાં દાખલ ન થઈ ગયો હોય, તો જરૂરી છે કે એ અક્ષરો કે શબ્દોને યોગ્ય રીતે ફરીથી પઢે, અને જો એ પછીના કલેમાતને પણ પઢી ચૂકયો હોય તો પણ એ કલેમાતનો પુનઃઉચ્ચાર કરે.

પણ જો તે પછીના રૂકનમાં દાખલ થઈ ગયો હોય, તો તેની નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૧૧૦૨** : રૂકૂઅ અથવા સજદાને લંબાવવાથી કે લાંબા સૂરાને પઢવાથી મવાલાતમાં ફરક પડતો નથી.

## કુનૂત

**મસઅલો ૧૧૦૩** : તમામ વાજિબ અને મુસ્તહબ નમાઝોમાં બીજી રકાતમાં રૂકૂઅ કર્યા પહેલા કુનૂત પઢવું મુસ્તહબ છે. પણ નમાઝે શફઅમાં જો કુનૂત પઢે તો રજાઅન (સારા કાર્યના ઉમેદથી) પઢે.

નમાઝે વિત્ર કે જે એક રકાતની નમાઝ છે, તેમાં રૂકૂઅથી પહેલા કુનૂત મુસ્તહબ છે, અને નમાઝે જુમ્આમાં દરેક રકાતમાં કુનૂત મુસ્તહબ છે. નમાઝે આયાતમાં પાંચ કુનૂત, નમાઝે ઈદે ફિત્ર અને ઈદુલ અઝહામાં બે રકાતમાં અમુક કુનૂત છે. જેનું બયાન તેની જગ્યાએ કરવામાં આવશે.

**મસઅલો ૧૧૦૪** : મુસ્તહબ છે કે કુનૂત પઢતી વખતે હાથોને ચહેરા સામે રાખે, અને હથેળીઓને એકમેકથી

મિલાવીને આસમાન સામે ગોઠવે, હાથના અંગૂઠા સિવાય બાકીની આંગળીઓને મિલાવીને રાખે અને પોતાની નજર હથેળીઓ ઉપર રાખે. એહતિયાતે વાજિબની રૂએ હાથ ઉઠાવ્યા વગર કુનૂત સહીહ નથી સિવાય કે જરૂરતના સમયે.

**મસઅલો ૧૧૦૫** : કુનૂતમાં કોઈ પણ ઝિક્ર પઢી શકાય છે, બલ્કે ફકત 'સુબ્હાનલ્લાહ' કહે તો પણ કાફી છે. બેહતર છે કે કુનૂતમાં આ મુજબ પઢે.

**લા ઈલાહ ઈલ્લલ્લાહુલ હલીમુન કરીમ, લા ઈલાહ ઈલ્લલ્લાહુલ અલિય્યુલ અઝીમ, સુબ્હાનલ્લાહે રબ્બિસ સમાવાતિસ સબએ વ રબ્બિલ અરઝીનસ સબએ વ મા ફી હિન્ના વ મા બય્નન હુન્ન વ રબ્બિલ અરશિલ અઝીમ, વલ હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન**

**મસઅલો ૧૧૦૬** : મુસ્તહબ છે કે કુનૂતને અવાજથી પઢવામાં આવે, પણ જે શખ્સ નમાઝે જમાઅત પઢતો હોય, અને અવાજથી કુનૂત પઢવાથી ઈમામે જમાઅત એ સાંભળી શકે તેમ હોય, તો અવાજથી પઢવું તેવા શખ્સ માટે મુસ્તહબ નથી.

**મસઅલો ૧૧૦૭** : અગર કોઈ શખ્સ જાણીબુજીને કુનૂત ન પઢે, તો એની કોઈ કઝા નથી અને જો ભૂલી જાય, અને રૂકૂઅ સુધી પહોંચ્યા પહેલા યાદ આવે તો મુસ્તહબ છે કે ઉભા થઈને કુનૂત પઢે અને જો રૂકૂઅમાં દાખલ થઈ ગયા પછી યાદ આવે તો મુસ્તહબ છે કે રૂકૂઅ

બાદ કઝા આપે અને જો સજદામાં યાદ આવે તો મુસ્તહબ છે કે નમાઝની સલામ પઢી લીધા બાદ તેની કઝા આપે.

# નમાઝનો તરજૂમો

## ૧. સૂરએ અલ–હમ્દનો તરજૂમો :

**બિસ્મિલ્લાહિર રહ્‌માનિર રહીમ :**

શરૂ કરૂં છું અલ્લાહના નામથી જેની ઝાતમાં તમામ કમાલો એક જગ્યાએ ભેગા થયા છે અને તે દરેક પ્રકારની ખામીથી પાક છે. તેની દયા અને મહેરબાની વિશાળ અને અનંત છે, તેની રહેમત હંમેશાથી છે અને હંમેશા રહેશે.

**અલ હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન :**

તમામ વખાણ ખાસ ખુદા માટે જ છે, જે સમસ્ત મખ્લૂકની પરવરીશ કરનાર છે.

**અર રહ્‌માનિર રહીમ :**

તેની દયા અને મહેરબાની વિશાળ અને અનંત છે. તેની રહેમત હંમેશાથી છે અને હંમેશા રહેશે.

**માલિકિ યવ્મિદ દીન :**

એ શક્તિમાન ઝાત કે બદલાના દિવસની સત્તા જેના હાથમાં છે.

**ઈય્યાક નઅ્બોદો વ ઈય્યાક નસ્તઈન :**

માત્ર તારી જ બંદગી કરીએ છીએ; અને ફકત તારી પાસે જ મદદ માંગીએ છીએ.

**ઈહદિનસ્ સિરાતલ મુસ્તકીમ :**

તું સીધા રસ્તા તરફ અમારી હિદાયત ફરમાવ કે જે દીને ઈસ્લામ છે.

**સિરાતલ્લે લઝીન અનઅમ્ત અલયહિમ્, :**

એવા લોકોના રસ્તા ઉપર કે જેમને તે તારી નેઅમતોથી નવાજયા છે, અને તેઓ પયગંબર અને તેમના જાનશીન છે.

**ગયરિલ મગ્ઝૂબે અલયહિમ્ વલઝ્ઝાલ્લીન :**

એવા લોકોના રસ્તા ઉપર નહીં કે જેમના ઉપર તારો કોપ નાઝિલ થયો હોય, અને ન એવા લોકોના રસ્તા ઉપર કે જેઓ ગુમરાહ થયા હોય.

**૨. સૂરએ કુલ હુવલ્લાહો અહદનો તરજૂમો :**

**બિસ્મિલ્લાહિર્ રહ્માનિર્ રહીમ :**

(તરજૂમો ઉપર લખી ચૂક્યા છીએ)

**કુલ્ હોવલ્લાહો અહદ્ :**

કહો અય મોહમ્મદ કે ખુદા એકલો જ છે.

**અલ્લાહુસ્ સમદ્ :**

એ ખુદા કે જે તમામ મોજૂદાતથી બેનિયાઝ છે.

**લમ્ યલિદ્, વ લમ્ યુલદ્ :**

એણે કોઈથી જન્મ લીધો નથી અને તેનાથી કોઈએ જન્મ લીધો નથી.

**વ લમ્ યકુલ્લહૂ કોફોવન્ અહદ્ :**

અને ન કોઈપણ તેના જેવો છે.

**૩. રૂકૂઅ, સુજૂદ અને બીજા ઝિક્રનો તરજૂમો :**

**સુબ્હાન રબ્બેયલ્ અઝીમે વબેહમ્દેહ :**

મારો મહાન પાલનહાર તમામ ઐબથી પાક છે, અને હું એના વખાણ કરી રહ્યો છું.

**સુબ્હાન રબ્બેયલ્ અઅ્લા વબેહમ્દેહ :**

મારો પાલનહાર મહાન છે, તમામ ઐબથી પાક છે અને હું એના વખાણ કરી રહ્યો છું.

**સમેઅલ્લાહો લેમન્ હમેદહ :**

ખુદા એના વખાણ કરનારની પ્રસંશાને સાંભળે છે અને કબૂલ ફરમાવે છે.

**અસ્તગ્ફેરૂલ્લાહ રબ્બી વ અતૂબો ઈલયહે :**

ખુદા પાસે માફી ચાહું છું, કે જે મારો પાલનહાર છે, અને એની તરફ પાછો વળું છું.

**બે હવ્લિલ્લાહે વ કુવ્વતેહી અકૂમો વ અકઉદ :**

અલ્લાહની મદદથી અને એની તાકાતથી ઉભો થાઉં છું, અને બેસું છું.

**૪. કુનૂતનો તરજૂમો :**

**લા ઈલાહ ઈલ્લલ્લાહુલ્ હલીમુન્ કરીમ :**

બંદગીને પાત્ર કોઈ ખુદા નથી સિવાય અલ્લાહ, કે જે સહનશીલતા અને મહેરબાનીવાળો છે.

**લા ઈલાહ ઈલ્લલ્લાહુલ અલિય્યુલ અઝીમ :**

એટલે બંદગીને પાત્ર કોઈ ખુદા નથી સિવાય અલ્લાહ કે જે બુલંદ મરતબાવાળો અને મહાન છે.

**સુબ્હાનલ્લાહે રબ્બિસ સમાવાતિસ સબએ વ રબ્બિલ અરઝીનિસ સબએ :**

એટલે કે પવિત્ર છે એ અલ્લાહ કે જે સાતેય આસમાન અને સાતેય જમીનનો પાલનહાર છે.

**વ મા ફી હિન્ના વ મા બયન હુન્ન વ રબ્બિલ અરશિલ અઝીમ :**

તે જમીનમાં અને આસમાનમાં તેમજ તેમના વચ્ચેની દરેક વસ્તુનો પાલનહાર છે, અને મહાન અર્શનો માલિક છે.

**વલ હમદો લિલ્લાહે રબ્બિલ આલમીન :**

સર્વ વખાણ અને સ્તુતિ ખાસ એ અલ્લાહ માટે છે જે તમામ મૌજૂદાતનો પાલનહાર છે.

**તસ્બીહાતે અરબાનો તરજૂમો :**

**સુબહાનલ્લાહે વલ હમદોલિલ્લાહે વ લા ઈલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અકબર**

અલ્લાહ તમામ ઐબ અને ક્ષતિથી પાક છે, તમામ સ્તુતિ ખાસ અલ્લાહ માટે જ છે, અને અલ્લાહ સિવાય બંદગીને પાત્ર કોઈ ખુદા નથી, અને અલ્લાહ તમામ વર્ણનથી મહાન છે.

## તશહહુદ અને સલામનો તરજૂમો :

**અલ્હમ્દોલિલ્લાહ, અશહદો અલ્ લા ઈલાહ ઈલ્લલ્લાહો વહ્દહુ લાશરીક લહૂ**

તમામ વખાણ અને સ્તુતિ ખાસ અલ્લાહ માટે છે. હું ગવાહી આપું છું કે બંદગીને પાત્ર કોઈ ખુદા નથી સિવાય અલ્લાહ, કે જે એક જ છે, અને તેનો કોઈ ભાગીદાર નથી.

**વ અશ્હદો અન્ન મોહમ્મદન્ અબ્દોહૂ વરસૂલોહ.**

અને ગવાહી આપું છું કે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ખુદાના બંદા અને તેના તરફથી મોકલવામાં આવેલ પયગંબર છે.

**અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદીન્ વઆલે મોહમ્મદ**

અય અલ્લાહ, તું મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને તેમની આલ ઉપર રહેમત મોકલ.

**વ તકબ્બલ્ શફાઅતહુ વ રફઅ દરજતહુ**

તું પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની શફાઅત કબૂલ ફરમાવ, અને તારી બારગાહમાં એમના દરજજાને બુલંદ કર.

**અસ્સલામો અલયક અય્યોહન્નબિય્યો વરહમતુલ્લાહે વ બરકાતોહ**

સલામ થાય તમારા ઉપર અય નબી, અને તમારા ઉપર અલ્લાહની રહેમત અને બરકત નાઝિલ થાય.

**અસ્સલામો અલયના વઅલા ઈબાદીલ્લાહીસ્સાલેહીન**

ખુદા તરફથી અમારા સૌ ઉપર સલામ થાય, અને અલ્લાહના નેક બંદાઓ ઉપર સલામ થાય.

**અસ્સલામો અલયકુમ વ રહમતુલ્લાહે વ બરકાતોહ**

અલ્લાહના સલામ તમે સૌ ઈમાન લઈ આવનારાઓ ઉપર થાય, અને તમારા ઉપર અલ્લાહની રહેમત અને બરકત નાઝિલ થાય.

## તઅકીબાત

**મસઅલો ૧૧૦૮** : મુસ્તહબ છે કે નમાઝ પઢયા બાદ ઈન્સાન થોડોક સમય તઅકીબાતમાં ગુજારે, એટલે કે અમુક ઝિક્ર, દુઆઓ અને કુરઆનની આયતો પઢે. બેહતર એ છે કે પોતાની જગ્યાએથી હટવા અને વઝુ, ગુસ્લ અને તયમ્મુમ બાતિલ થાય એથી પહેલા કિબ્લા સામે બેસીને તઅકીબાત પઢે, અને તઅકીબાતનું અરબી ભાષામાં હોવું જરૂરી નથી, પરંતુ દુઆની કિતાબોમાં જે દુઆઓ માટે ભલામણ થઈ છે તે દુઆઓ પઢવી બેહતર છે.

જે તઅકીબાત ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે, તેમાં સૌથી વિશેષ તસ્બીહે હઝરત ફાતેમહ સલા. ઉપર તાકીદ થઈ છે. તેની રીત આ મુજબ છે : ૩૪ વખત **અલ્લાહો અકબર**, ૩૩ વખત **અલ હમ્દો લિલ્લાહ** અને ૩૩ વખત **સુબહાનલ્લાહ** અગર કોઈ એ તસ્બીહમાં **સુબહાનલ્લાહ**ને **અલ હમ્દો લિલ્લાહ**થી પહેલા પઢે તો વાંધો નથી, પણ બેહતર છે કે **અલ હમ્દો લિલ્લાહ** પહેલા પઢે.

**મસઅલો ૧૧૦૯** : નમાઝ બાદ મુસ્તહબ છે કે ઈન્સાન શુક્રનો સજદો કરે, અને તે માટે માત્ર પેશાનીને શુક્રની

નિય્યતથી જમીન ઉપર મૂકવું કાફી છે, પણ બેહતર છે કે સો વખત અથવા ત્રણ વખત અથવા એક વાર **શુક્રન** **લિલ્લાહ** અથવા **શુક્રન** અથવા **અફ્વન** કહે. ઉપરાંત જયારે પણ ઈન્સાનની કોઈ નવી નેઅમતથી નવાજીશ થાય, અથવા કોઈ સંકટ, બલા દૂર થાય, ત્યારે શુક્રનો સજદો કરવો મુસ્તહબ છે.

## પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ઉપર સલવાત

**મસઅલો ૧૧૧૦ :** જયારે પણ ઈન્સાન હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનું નામ સાંભળે જેમકે, મોહમ્મદ, અહમદ, અથવા એમનો લકબ કે એમની કુન્નીયત સાંભળે, જેમકે મુસ્તફા, અબુલ કાસીમ; અથવા પોતે પોતાને મોઢે કહે, ભલેપછી નમાઝની હાલતમાં હોય, ત્યારે એમના ઉપર સલવાત મોકલવી મુસ્તહબ છે.

**મસઅલો ૧૧૧૧ :** જયારે પણ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નું નામ લખે ત્યારે ત્યારે પણ મુસ્તહબ છે કે સલવાત લખે ; ઉપરાંત બેહતર છે કે જયારે પણ આપને યાદ કરે કે એમના વિશે કાંઈ બોલે ત્યારે સલવાત પઢે.

## નમાઝને બાતિલ કરનારી (તોડનારી) વસ્તુઓ

**મસઅલો ૧૧૧૨ :** બાર બાબતો નમાઝને તોડનારી છે, જેને 'મુબ્તેલાત' તરીકે ઓળખવામાં આવે છે.

(૧) નમાઝ દરમિયાન નમાઝ સહીહ હોવાની કોઈ એક શરત બાકી ન રહે, જેમકે નમાઝમાં ખબર પડે કે કપડા નજિસ છે, તો નમાઝ બાતિલ છે.

(૨) નમાઝ દરમિયાન જાણી બુજીને અથવા ભૂલથી અથવા લાચારીથી કોઈ પણ એવી બાબત બને કે જેથી વઝુ અથવા ગુસ્લ બાતિલ થઈ જાય, જેમકે પેશાબના ટીપાં બહાર આવે તો નમાઝ બાતિલ છે, અને એહતિયાતે વાજિબની રૂએ ભલે પછી એ ભૂલથી કે લાચારીથી નમાઝના છેલ્લા સજદા બાદ પણ હોય, તો પણ નમાઝ બાતિલ છે.

પરંતુ જે શખ્સ બીમારીને કારણે પેશાબ, પાયખાનાને રોકી ન શકતો હોય, અને નમાઝમાં એ ખારીજ થાય, જો તે અગાઉ વઝુના એહકામમાં જે મસઅલા જણાવવામાં આવ્યા છે, તે મુજબ અમલ કરે તો નમાઝ બાતિલ નહીં થાય, એવી જ રીતે નમાઝ દરમિયાન અગર મુસ્તહાઝા ઔરતથી લોહી ખારીજ થાય, જો તે ઈસ્તેહાઝાના બતાડવામાં આવેલા હુકમો અનુસાર અમલ કરેલ હોય તો નમાઝ સહીહ રહેશે.

**મસઅલો ૧૧૧૩** : અગર કોઈ શખ્સ બેઈખ્તીયારીની હાલતમાં નિંદ્રાવશ થઈ જાય અને એને ખ્યાલ ન રહે કે નમાઝ દરમિયાન તેને ઊંઘ આવી ગઈ હતી કે નમાઝ બાદ, તો એના માટે નમાઝ ફરીથી પઢવી લાઝિમ નથી, પણ એ શરતે કે એને એ બાબતની જાણ હોય કે જે નમાઝ એણે પઢી છે, એ સામાન્ય રીતે નમાઝ કહી શકાય

તેમ હોય.

**મસઅલો ૧૧૧૪** : અગર કોઈ શખ્સ જાણતો હોય કે ઈખ્તીયારની સાથે નિંદ્રાવશ થયો હતો, પણ એ વાતનો શક થાય કે નમાઝ બાદ ઊંઘ આવી ગઈ હતી કે નમાઝ દરમિયાન ખ્યાલ ન રહેતા ઊંઘી ગયો હતો, તો તેની નમાઝ ઉપર જણાવેલ મસઅલામાં જે શરત છે, તે પૂરી થતા સહીહ ગણાશે.

**મસઅલો ૧૧૧૫** : અગર કોઈ શખ્સ સજદાની હાલતમાં જાગૃત થાય, અને શક કરે કે એ સજદો નમાઝનો છેલ્લો સજદો છે કે સજદ-એ-શુક્ર છે, તો અગર એ બેઈખ્તીયારીની હાલતમાં સૂઈ ગયો હોય કે ઈખ્તીયારથી સૂઈ ગયો હોય એની નમાઝ સહીહ છે અને નમાઝ ફરીથી પઢવાની જરૂર નથી.

(૩) નમાઝમાં વિનમ્રતા કે અદબની નિય્યતથી અદબ વાળીને ઉભા રહેવું એહતિયાતની રૂએ નમાઝને બાતિલ કરશે અને અગર શરીઅતનો હુકમ છે એમ સમજીને એવું કરે તો બેશક એ હરામ છે.

**મસઅલો ૧૧૧૬** : કોઈ શખ્સ ભૂલથી, લાચારીથી, તકય્યાને કારણે અથવા ખંજવાળવા માટે હાથ ઉપર હાથ રાખે, તો વાંધો નથી.

(૪) સૂરએ અલહમ્દ પઢયા બાદ આમીન કહેવું નમાઝને બાતિલ કરશે, પણ ફુરાદા નમાઝમાં નમાઝનું બાતિલ થવું એહતિયાતની રૂએ છે અને જો કોઈ એને શરીઅતનો હુકમ જાણીને પઢે તો તેના હરામ હોવામાં કોઈ શક નથી.

દરેક હાલતમાં, ભૂલથી કે તકય્યાની હાલતમાં અગર કોઈ નમાઝમાં આમીન કહે તો વાંધો નથી.

(૫) કોઈ પણ જાતના કારણ વગર કિબ્લાથી ફરી જવાથી નમાઝ બાતિલ થશે. પણ જો કોઈ કારણસર હોય, જેમકે ભૂલી ગયો હોય, અથવા કોઈ બેઈખ્તીયારી હોય, જેમકે સખત પવન ફૂંકાતો હોય અને એ કિબ્લાથી ફરી જાય, તો એવા સંજોગમાં જો એનું મોઢું જમણી અથવા ડાબી દિશા તરફ ન ફર્યુ હોય તો નમાઝ સહીહ છે, પણ જરૂરી છે કે મુશ્કેલી દૂર થયા બાદ તરત જ કિબ્લા તરફ ફરી જાય.

પણ જો એ જમણી અથવા ડાબી દિશા તરફ ફરી ગયો હોય, ભલે પછી પીઠ કિબ્લા તરફ ન થઈ હોય, અને અગર ભૂલી જવાને કારણે એમ થયું હોય તો યાદ આવતાં નમાઝ તોડીને કિબ્લા તરફ રહીને ફરીથી અદા કરે, પણ એ શરતે કે નમાઝના વખતની અંદર ઓછામાં ઓછી એક રકાત પણ અદા કરી શકતો હોય; નહીંતર એ જ નમાઝ કાફી ગણાશે, અને તેના ઉપર કઝા જરૂરી નથી.

એવી જ રીતે જો બેઈખ્તીયારીથી એનું મોઢું કિબ્લાથી ફરી ગયું હોય, તો અગર કિબ્લા તરફ નમાઝના વખતની અંદર ઓછામાં ઓછી એક રકાત પણ પઢી શકતો હોય, તો નમાઝ ફરીથી પઢે, અને નહીંતર એ જ નમાઝ કાફી ગણાશે અને ફરીથી પઢવું કે કઝા પઢવાની જરૂર નથી.

**મસઅલો ૧૧૧૭** : અગર કોઈ શખ્સ ફકત પોતાના ચહેરાને કિબ્લા તરફથી ફેરવે, પણ એનું શરીર કિબ્લા

તરફ જ રહે, તો અગર ચહેરાને ફેરવવાથી તેની ડોક એટલી વાંકી થાય કે પોતાના માથાની પાછળ કંઈક જોઈ શકે, તો તેનો હુકમ ઉપર જણાવ્યા મુજબ કિબ્લાથી ફરી જવાવાળા મુજબ થશે. પણ અગર એટલી હદ સુધી ડોક વાંકી ન થઈ હોય, પરંતુ જોનારને એમ લાગે કે વધુ વાંકી થઈ ગઈ છે તો એહતિયાતે વાજિબની રૂએ ફરી પઢે અને અગર થોડીક જ વાંકી થઈ હોય તો નમાઝ બાતિલ નહીં ગણાય, અલબત્ત એ કાર્ય મકરૂહ છે.

(૬) નમાઝમાં જાણીબુજીને વાત કરવી નમાઝને બાતિલ કરશે, ભલેપછી એ વાતમાં માત્ર એક જ અક્ષરનો ઉપયોગ થયો હોય, અને એ એક અક્ષરનો કોઈ અર્થ હોય, જેમકે અરબીમાં 'કિ'નો અર્થ થાય છે પોતાની 'સંભાળ રાખ, પોતાને બચાવ' અથવા કોઈ એમ પૂછે કે અરબીના મૂળાક્ષરોમાં બીજો અક્ષર ક્યો છે અને કોઈ જવાબમાં કહે 'બે' તો કારણ કે એ અક્ષરનો ભાવાર્થ છે, નમાઝમાં તેનો ઉચ્ચાર નમાઝને બાતિલ કરશે. પણ જો ભાવાર્થ વિનાનો ઉચ્ચાર હોય અને અગર બે અથવા એથી વિશેષ અક્ષરોથી બનેલો હોય, તો એહતિયાતની રૂએ તે ઉચ્ચાર નમાઝને બાતિલ કરશે.

**મસઅલો ૧૧૧૮** : અગર કોઈ શખ્સ ભૂલથી કોઈ એવો શબ્દ ઉચ્ચારે કે જે બે અથવા બેથી વધુ અક્ષરોથી બનેલો હોય, અને તે શબ્દ અર્થ ધરાવતો હોય, તો પણ નમાઝ બાતિલ નહીં થાય. પણ એહતિયાતની રૂએ જરૂરી છે કે નમાઝ પૂરી કર્યા બાદ સજદ-એ-સહવ કરે. આ વિશે

ખુલાસો આગળ જતાં આવશે.

**મસઅલો ૧૧૧૯** : ખાંસી ખાવી, ઓડકાર લેવો, નમાઝમાં વાંધાજનક નથી, પણ એહતિયાતે લાઝિમની રૂએ નમાઝમાં ઈખ્તીયારની હાલતમાં નિસાસો ન નાખવો જોઈએ અને 'અરે' કે 'આહ' જેવા શબ્દો અગર કોઈ જાણીબુજીને ઉચ્ચારે તો નમાઝ બાતિલ થશે.

**મસઅલો ૧૧૨૦** : અગર કોઈ શખ્સ કોઈ શબ્દ કે વાકય ઝિક્રની નિય્યતથી પઢે, જેમકે ઝિક્રની નિય્યતથી 'અલ્લાહો અકબર' કહે, પણ એને એવી રીતે અવાજથી પઢે કે જેથી બીજા શખ્સનું કોઈ વાત તરફ ધ્યાન ખેંચવા માગે તો તેમાં વાંધો નથી અથવા ઝિક્રની નિય્યતથી ઉચ્ચાર કરે, અને જાણતો હોય કે તેમ કરવાથી કોઈ શખ્સ તેના ઈરાદાને સમજી શકશે તો પણ વાંધો નથી. પણ જો બિલકુલ ઝિક્રની નિય્યત ન કરે, અથવા બે નિય્યતો ભેગી કરે, એટલે કે ઝિક્રની પણ નિય્યત હોય અને સામેવાળાને કાંઈ સમજાવવાની પણ નિય્યત કરે, તો તેમાં ઈશ્કાલ છે. પણ જો ઝિક્રની નિય્યત કરે અને તેનો મકસદ બીજાને કઈ સમજાવવાનો હોય તો તેમાં વાંધો નથી.

**મસઅલો ૧૧૨૧** : વાજિબ સજદાની ચાર આયતો સિવાય નમાઝમાં કુરઆનની આયતો પઢવી, દુઆ કરવી વાંધાજનક નથી, પણ એહતિયાતે મુસ્તહબ છે કે અરબીમાં જ દુઆ કરે (અને ચાર વાજિબ સજદાવાળી આયતનો હુકમ મસઅલા નં. ૯૬૯માં બયાન થઈ ચૂક્યો છે).

**મસઅલો ૧૧૨૨** : અગર સૂરએ હમ્દ કે બીજા સૂરાની

આયતો અથવા ઝિક્રને નમાઝમાં જાણીબુજીને વારંવાર દોહરાવે, તો વાંધો નથી.

**મસઅલો ૧૧૨૩** : નમાઝની હાલતમાં ઈન્સાને કોઈ ઉપર સલામ ન કરવી જોઈએ પણ જો કોઈ બીજો એને સલામ કરે તો જવાબ આપવો જરૂરી છે પણ એ જવાબ સલામ કરનારના શબ્દોમાં જ હોવો જોઈએ. એટલે કે સલામ કરનારે જે રીતે સલામ કરી હોય તેમાં ઉમેરો ન કરે, જેમકે '**સલામુન અલયકુમ**'ના જવાબમાં '**સલામુન અલયકુમ વ રહમતુલ્લાહે વ બરકાતોહ**' ન કહે બલ્કે જો સલામ કરનારે '**સલામુન અલયકુમ**' કહ્યું હોય તો એહતિયાતે લાઝિમની રૂએ જવાબમાં '**અલયકુમ**' કે '**અલયક**'ને સલામ શબ્દની આગળ ન મૂકે.

એહતિયાતે મુસ્તહબ એ છે કે સલામનો જવાબ સંપૂર્ણ એવી રીતે હોવો જોઈએ જે રીતે તેણે સલામ કર્યો હતો જેમકે, '**સલામુન અલયકુમ**' કહ્યું હોય તો જવાબમાં '**સલામુન અલયકુમ**' કહે, અને જો એણે '**અસ્સલામો અલયકુમ**' કહ્યું હોય તો જવાબમાં પણ '**અસ્સલામો અલયકુમ**' કહે. એવી જ રીતે જો એણે '**સલામુન અલયક**' કહ્યું હોય તો એને એટલો જ જવાબ આપે પણ જો સલામ કરનારે '**અલયકુમુસ્સલામ**' કહ્યું હોય તો જવાબમાં '**અલયકુમુસ્સલામ**' અને '**સલામુન અલયકુમ**' અથવા '**અસ્સલામો અલયકુમ**' કહી શકે છે.

**મસઅલો ૧૧૨૪** : સલામનો જવાબ, નમાઝની હાલતમાં કે એ સિવાયના સંજોગોમાં, તરત જ આપવો

જોઈએ. પણ અગર કોઈ જાણી બુજીને અથવા ભૂલી જવાથી સલામનો જવાબ દેવામાં એટલી ઢીલ કરે કે હવે જો જવાબ આપે તો એ સલામનો જવાબ જ ન ગણી શકાય, જો નમાઝની હાલતમાં એવું બને, તો જવાબ ન દેવો જોઈએ, અને જો નમાઝ સિવાયની હાલત હોય તો એટલા વિલંબ પછી જવાબ દેવો વાજિબ નથી.

**મસઅલો ૧૧૨૫** : સલામનો જવાબ એવી રીતે દેવો જોઈએ કે સલામ કરનાર તેને સાંભળે, પણ જો સલામ કરનાર બહેરો હોય, અથવા સલામ કરનાર સલામ કરીને ઝડપથી પસાર થઈ જાય, તો અગર હાથના ઈશારા વિગેરેથી તેને જવાબ સમજાવી શકાય તો તેમ કરવું જરૂરી છે. પણ જો એ શક્ય ન હોય તો સામાન્ય સંજોગોમાં જવાબ દેવો વાજિબ નથી, અને નમાઝની હાલતમાં જવાબ દેવો જાએઝ નથી.

**મસઅલો ૧૧૨૬** : વાજિબ છે કે નમાઝ પઢનાર સલામનો જવાબ સલામની નિય્યતથી આપે, અને સાથે સાથે દુઆની નિય્યત પણ કરે તો પણ વાંધો નથી, એટલે કે 'ખુદા પાસે સલામ કરનારની સલામતી ઈચ્છે'.

**મસઅલો ૧૧૨૭** : અગર નામહેરમ સ્ત્રી કે નામહેરમ પુરૂષ અથવા સમજદાર બાળક કે જે સારૂં નરસુ સમજી શકે, નમાઝીને સલામ કરે તો નમાઝી ઉપર તેનો જવાબ દેવો વાજિબ છે. જો સ્ત્રી સલામ કરતી વખતે '**સલામુન અઁલયક**' કહે, તો તેના જવાબમાં '**સલામુન અઁલયકિ**' કહી શકે છે, એટલે કે નારી જાતીના સંબોધન માટે 'કાફ'ને

કસરા (ઝેર) આપી શકશે.

**મસઅલો ૧૧૨૮** : અગર નમાઝ પઢનાર સલામનો જવાબ ન આપે, તો ગુનેહગાર થશે, પણ તેની નમાઝ સહીહ છે.

**મસઅલો ૧૧૨૯** : અગર કોઈ શખ્સ નમાઝ પઢનારને ગલત સલામ કરે, તો એહતિયાતે વાજિબની રૂએ સહીહ જવાબ દેવો જોઈએ.

**મસઅલો ૧૧૩૦** : જો સલામ કરનાર મજાક મશ્કરીમાં સલામ કરે તો તેનો જવાબ દેવો વાજિબ નથી અને ગેરમુસ્લિમ સ્ત્રી કે પુરૂષ અગર ઝિમ્મી ન હોય, તો તેના સલામનો જવાબ દેવો વાજિબ નથી અને જો ઝિમ્મી હોય તો એહતિયાતે વાજિબની રૂએ જવાબમાં ફકત 'અલય્ક' કહેવું જોઈએ.

**મસઅલો ૧૧૩૧** : અગર સલામ કરનાર હાજર રહેલા અસંખ્ય લોકો ઉપર સલામ કરે, તો દરેક ઉપર જવાબ દેવો વાજિબ છે. પણ જો એમાંનો એક જવાબ આપે તો કાફી ગણાશે.

**મસઅલો ૧૧૩૨** : અગર કોઈ શખ્સ અમુક લોકો ઉપર સલામ કરે, અને એ સલામનો જવાબ એવો શખ્સ આપે કે જેનો સલામ કરનારે ઈરાદો ન કર્યો હોય તો આ શખ્સના જવાબ આપવા છતાંપણ એ લોકો ઉપર સલામનો જવાબ દેવો વાજિબ રહેશે.

**મસઅલો ૧૧૩૩** : અગર કોઈ શખ્સ અમુક લોકો ઉપર સલામ કરે, અને એમના વચ્ચે એક શખ્સ નમાઝમાં મશ્ગૂલ

હોય, જે શક કરે કે સલામ કરનારે સલામ કરતી વખતે તેને પણ શામીલ કર્યો હતો કે નહીં, તો તેના માટે હુકમ છે કે જવાબ ન આપે. એવી જ રીતે જો એ જાણતો હોય કે એને પણ શામીલ કર્યો હતો, પણ બીજા કોઈએ જવાબ આપી દીધો હોય, તો એહતિયાતે વાજિબની રૂએ જવાબ ન દેવો જોઈએ. અલબત્ત જો એ જાણતો હોય કે સલામ કરનારે એને પણ શામીલ કર્યો હતો, અને કોઈએ જવાબ ન આપ્યો હોય, અથવા શક કરે કે કોઈએ જવાબ આપ્યો કે નહિ તો પછી તેના માટે જરૂરી છે કે જવાબ આપે.

**મસઅલો ૧૧૩૪** : સલામ કરવી મુસ્તહબ છે, અને ખાસ તાકીદ કરવામાં આવી છે કે જે સવાર હોય તે પગે ચાલનારને, જે ઊભો હોય તે બેઠેલાને અને જે નાનો હોય તે મોટાને સલામ કરે.

**મસઅલો ૧૧૩૫** : અગર બે જણ એકબીજાને એકી સાથે સલામ કરે, તો એહતિયાતે વાજિબની રૂએ બંનેએ એકબીજાના સલામનો જવાબ આપવો જોઈએ.

**મસઅલો ૧૧૩૬** : નમાઝ સિવાયના સંજોગમાં મુસ્તહબ છે કે સલામનો જવાબ સલામ કરતા વધુ બેહતર રીતે આપે. દાખલા તરીકે જો કોઈ '**સલામુન અલયકુમ**' કહે, તો જવાબમાં '**સલામુન અલયકુમ વ રહમતુલ્લાહ**' કહે.

(૭) નમાઝમાં જાણી જોઈને અવાજથી હસવાથી નમાઝ બાતિલ થાય છે; અને અગર હાસ્યનો સંજોગ ઈખ્તીયારથી સર્જાવવામાં આવેલો હોય, તો બેકાબૂ થઈને હસવાવાળાની નમાઝ બાતિલ ગણાશે. બલ્કે એહતિયાતે વાજિબ એ છે

કે જો હાસ્યનો સંજોગ ઈખ્તીયારથી સર્જાયો ન હોય અને નમાઝ દોહરાવવા જેટલો સમય હોય તો પણ નમાઝ દોહરાવે. પણ અગર કોઈ ભૂલથી અવાજ વગર હસે, અથવા જાણી બુજીને અવાજ વગરનું હાસ્ય કરે, તો નમાઝ સહીહ છે.

**મસઅલો ૧૧૩૭** : અગર કોઈ માણસ હાસ્યના અવાજને રોકવાનો પ્રયત્ન કરે, અને તેમ કરવા જતાં તેની હાલત બદલે, જેમકે ચહેરાનો રંગ લાલ થઈ જાય, તો એહતિયાતે વાજિબ છે કે ફરીથી નમાઝ પઢે.

(૮) એહતિયાતે વાજિબની રૂએ નમાઝમાં દુન્યવી કારણોસર અવાજથી અથવા વગર અવાજે રડવાથી નમાઝ બાતિલ થાય છે. પણ અગર કોઈ શખ્સ ખુદાના ખોફથી અથવા આખેરતના ખ્યાલથી રડે, ચાહે એ રડવું અવાજથી હોય અથવા અવાજ વગર હોય, તેની નમાઝ સહીહ છે. બલ્કે એ રડવું શ્રેષ્ઠ કાર્યોમાં ગણાશે. અગર પોતાની દુન્યવી હાજત પૂરી થવા માટે અલ્લાહની બારગાહમાં વિનમ્રતા જાહેર કરવા રડે તો વાંધો નથી.

(૯) કોઈ પણ એવું કાર્ય જેને પરિણામે નમાઝની હાલત બદલાઈ જાય, જેમકે, ઉછળવું, કૂદવું વિગેરે. ચાહે એ જાણી બુજીને કરે અથવા ભૂલી જઈને કરે, નમાઝ બાતિલ થશે. અલબત્ત, અમુક એવું કામ કે જેનાથી નમાઝની હાલત બદલતી નથી, જેમકે હાથથી કોઈ મુખ્તસર ઈશારો કરે, આમાં કંઈ વાંધો નથી.

**મસઅલો ૧૧૩૮** : અગર કોઈ શખ્સ નમાઝ દરમિયાન

એટલી ખામોશી ધારણ કરે કે જોનાર એમ સમજે કે નમાઝની હાલતમાં નથી, તો નમાઝ બાતિલ થશે.

**મસઅલો ૧૧૩૯** : અગર કોઈ માણસ નમાઝ દરમિયાન કોઈ કાર્ય અંજામ આપે અથવા, લાંબી મુદ્દત સુધી ચૂપ રહે, અને પછી શક કરે કે નમાઝની હાલત બદલાઈ ગઈ કે નહીં, તો એના માટે હુકમ છે કે ફરીથી નમાઝ પઢે, પણ બેહતર એ છે કે એ નમાઝને પૂરી કર્યા બાદ બીજીવાર અદા કરે.

(૧૦) નમાઝ દરમિયાન એવી રીતે ખાવું પીવું કે એવું વર્તાય (લાગે) કે જાણે નમાઝ પઢી રહ્યો નથી, ચાહે જાણીબુજીને કરે અથવા ભૂલી જઈને કરે, નમાઝ બાતિલ થઇ જશે.

પણ અગર કોઈ શખ્સ રોઝો રાખવા માંગતો હોય, અને સુબ્હે સાદિક થાય એથી પહેલા કોઈ મુસ્તહબ નમાઝ દરમિયાન એને તરસ લાગે, અને એને એવી બીક હોય કે નમાઝ પૂરી થતાં સુબ્હે સાદિકનો સમય આવી પહોંચશે, અને પાણી બે-ત્રણ કદમ દૂર હોય તો નમાઝ દરમિયાન પાણી પી શકે છે. પણ તેમ કરવા જતા નમાઝને બાતિલ કરનાર કોઈ કાર્ય ન કરે, જેમકે કિબ્લાથી મોઢું ન ફેરવે.

**મસઅલો ૧૧૪૦** : અગર કોઈ શખ્સ જાણીબુજીને નમાઝ દરમિયાન ખાઇ યા પીવે, અને નમાઝની હાલત બદલાઈ ન જાય, તો પણ એહતિયાતે વાજિબની રૂએ નમાઝ ફરીથી પઢશે ચાહે મવાલાતમાં ફરક પડે અથવા ન

પડે.

**મસઅલો ૧૧૪૧** : અગર નમાઝ દરમિયાન મોઢામાં કે દાંતમાં રહી ગયેલું અનાજ ઉતારી લ્યે તો નમાઝ બાતિલ થતી નથી. એવી જ રીતે સાકર કે ખાંડની ઝીણી કણો રહી ગઈ હોય, જે ધીમે ધીમે ઓગળીને ગળાની નીચે ઉતરી જાય, તો એનાથી પણ નમાઝ બાતિલ નહીં થાય.

(૧૧) અગર કોઈને બે રકાતવાળી નમાઝ, ત્રણ રકાતવાળી નમાઝ, અને ચાર રકાતવાળી નમાઝની પહેલી બે રકાતોમાં, રકાતની સંખ્યા બારામાં શક થાય, અને એ દૂર ન થાય, તો નમાઝ બાતિલ છે.

(૧૨) (અ) અગર કોઈ શખ્સ રૂકની વાજિબ અમલ જાણીજોઈને અથવા ભૂલી જવાથી ન બજાવી લાવે.

(બ) અથવા જે વાજિબ રૂકની નથી તેને જાણીજોઈને મૂકી આપે.

(ક) અથવા નમાઝમાં જાણીજોઈને કાંઈ વધારો કરે.

તો નમાઝ બાતિલ થશે, એવી જ રીતે અગર રૂકની વાજિબ અમલમાં ભૂલથી વધારો કરે, એટલે કે એક રકાતના રૂકૂઅ કે બે સજદામાં ભૂલથી ઉમેરો કરે, તો એહતિયાતે વાજિબની રૂએ તેની નમાઝ બાતિલ છે. પણ ભૂલથી અગર કોઈ તકબીરતુલ એહરામ વધુ બજાવી લાવે તો નમાઝ બાતિલ નહીં થાય.

**મસઅલો ૧૧૪૨** : અગર કોઈ શખ્સ નમાઝ પૂરી કર્યા બાદ શક કરે કે નમાઝ પઢતી વખતે એણે નમાઝને તોડનાર કોઈ કાર્ય કર્યું હતું કે નહીં, તો એની નમાઝ સહીહ છે.

# નમાઝમાં મકરૂહ બાબતો

**મસઅલો ૧૧૪૩** : નીચે જણાવેલા કાર્યો નમાઝમાં મકરૂહ છે :

(૧) નમાઝમાં પોતાનો ચહેરો જમણી અથવા ડાબી તરફ વાળવો, ભલેપછી એમ ન કહી શકાય કે કિબ્લાથી ફરી ગયો છે ; કારણ કે જો એમ થાય તો ઉપર જણાવી ગયા તે મુજબ નમાઝ બાતિલ થશે.

(૨) નમાઝમાં પોતાની આંખો બંધ રાખવી, અથવા જમણા ડાબા તરફ ડોળાં ફેરવવા.

(૩) પોતાની દાઢી કે હાથો સાથે રમત કરવી.

(૪) બંને હાથોની આંગળીઓ એકમેકમાં પસાર કરવી.

(૫) થૂંકવું.

(૬) કુરઆન, કોઈ પુસ્તક અથવા વીંટી ઉપર કોતરેલાં કે લખેલાં લખાણો તરફ નજર કરવી.

(૭) અલહમ્દ કે સૂરો કે કોઈ ઝિક્ર પઢતી વખતે કોઈની વાતચીત સાંભળવા માટે ચૂપ રહેવું.

(૮) દરેક એ કાર્ય જે નમાઝમાં ખુશૂઅ અને ખુઝૂઅ (વિનમ્રતા, અલ્લાહના ખૌફ)થી વિરૂધ્ધ હોય, તેનું અંજામ દેવું.

**મસઅલો ૧૧૪૪** : જયારે ઈન્સાનને ઊંઘ આવતી હોય, અને એ જયારે પેશાબ કે પાયખાનાને રોકી રહ્યો હોય, ત્યારે એવી હાલતમાં નમાઝ પઢવી મકરૂહ છે. એવી જ રીતે એવા તંગ મોજાં પહેરવા કે જે પગને દબાવે, મકરૂહ છે. એ સિવાય અન્ય મકરૂહ બાબતોનો વિસ્તૃત ઉલ્લેખ કિતાબોમાં છે.

# એવા સંજોગો કે જેમાં વાજિબ નમાઝ તોડી શકાય છે.

**મસઅલો ૧૧૪૫** : એહતિયાતે વાજિબની રૂએ ઈખ્તીયારની હાલતમાં વાજિબ નમાઝને તોડવી હરામ છે, પણ જાન, માલની હિફાઝત માટે, અથવા જાન, માલની નુકસાની રોકવા માટે એમ કરે તો વાંધો નથી. બલ્કે તમામ દીની અને દુન્યવી મહત્વપૂર્ણ કામ, નમાઝી માટે પેશ આવે તો તેના માટે નમાઝ તોડવામાં કંઈ હરજ–વાંધો નથી.

**મસઅલો ૧૧૪૬** : અગર પોતાની જાનની હિફાઝત, અથવા જેની હિફાઝત તેના ઉપર વાજિબ છે, અથવા એ માલ કે જેનું રક્ષણ વાજિબ હોય, તે નમાઝને તોડયા વિના શક્ય ન હોય, તો નમાઝને તોડવી જોઈએ.

**મસઅલો ૧૧૪૭** : જયારે નમાઝના ટાઈમમાં પૂરી ગુંજાઈશ હોય, અને કોઈ શખ્સ નમાઝ પઢી રહ્યો હોય ત્યારે કોઈ લેણદાર પોતાનું લેણું માંગે અને જો નમાઝની હાલતમાં કરજ અદા કરી શકતો હોય તો એ જ હાલતમાં અદા કરવું જોઈએ. અને જો નમાઝને તોડયા વિના કરજ ભરપાઈ કરવું શક્ય ન હોય, તો જરૂરી છે નમાઝને તોડીને કરજ અદા કરે, અને પછી નમાઝ પઢે.

**મસઅલો ૧૧૪૮** : અગર નમાઝ દરમિયાન ખબર પડે કે મસ્જિદ નજિસ થઈ છે, અને નમાઝનો સમય તંગ હોય, તો પ્રથમ નમાઝ પૂરી કરે અને જો સમય પૂરતો

હોય અને મસ્જિદને પાક કરવા જતાં નમાઝની સૂરત ન બદલતી હોય, તો એ જ સ્થિતિમાં એટલે કે નમાઝની હાલતમાં જ મસ્જિદને પાક કરે, અને નમાઝ પૂરી કરે.

પણ જો પાક કરવા જતાં નમાઝની સૂરત બદલાઇ જતી હોય, તો ભલેપછી નમાઝ બાદ મસ્જિદને પાક કરવું શક્ય હોય તો પણ નમાઝને તોડવી જાઈઝ છે, પણ જો એને લાગે કે નમાઝ બાદ મસ્જિદને પાક કરવું શક્ય નહીં થાય, તો જરૂરી છે કે નમાઝને તોડી મસ્જિદની તહારત કરે, અને ત્યારબાદ નમાઝ પઢે.

**મસઅલો ૧૧૪૯** : જે સંજોગમાં નમાઝ તોડવી જરૂરી છે, અગર કોઈ પોતાની નમાઝ પૂરી કરે, તો ગુનેહગાર ગણાશે પણ તેની નમાઝ સહીહ છે. જો કે એહતિયાતે મુસ્તહબ છે કે ફરીથી નમાઝ પઢે.

**મસઅલો ૧૧૫૦** : અગર નમાઝમાં કિરાઅત શરૂ કર્યા પહેલા અથવા રૂકૂઅમાં ગયા પહેલાં કોઈને યાદ આવે કે અઝાન અને એકામહ અથવા એકામહ ભૂલી ગયો છે, તો અગર નમાઝના ટાઈમમાં હજી ગુંજાઈશ હોય તો મુસ્તહબ છે કે તેના માટે નમાઝને તોડે, બલ્કે નમાઝ પૂરી કર્યા પહેલા કોઈ પણ સમયે યાદ આવે કે અઝાન, એકામહ ભૂલી ગયો હતો, તો મુસ્તહબ છે કે તેના માટે નમાઝને તોડે.

## નમાઝના શકો

નમાઝના શકો ૨૩ પ્રકારના છે, જેમાથી આઠ એવા છે કે જેને પરિણામે નમાઝ બાતિલ થાય છે, અને છ એવા છે કે જેના માટે ધ્યાન ન આપવું જોઈએ, અને

નવ પ્રકાર એવા છે કે જે સહીહ ગણાય છે. (એટલે જેની સુધારણા થઈ શકે છે)

## નમાઝ બાતિલ કરનાર શક

**મસઅલો ૧૧૫૧** : નમાઝને બાતિલ કરનાર શક નીચે મુજબ છે :

(૧) બે રકાતવાળી વાજિબ નમાઝ, જેમકે નમાઝે સુબ્હ અથવા મુસાફરીની કસ્ર નમાઝમાં જો રકાતની સંખ્યા વિશે શક થાય તો નમાઝ બાતિલ છે, પણ મુસ્તહબ નમાઝો અને નમાઝ એહતિયાતમાં જો એવો શક થાય તો તે શક નમાઝને બાતિલ નહીં કરે.

(૨) ત્રણ રકાતવાળી નમાઝમાં, રકાતની સંખ્યા બારામાં શક.

(૩) ચાર રકાતવાળી નમાઝમાં અગર કોઈ શક કરે કે એક રકાત પઢી છે કે એનાથી વધારે, તો નમાઝ બાતિલ છે.

(૪) ચાર રકાતવાળી નમાઝમાં બીજા સજદામાં દાખલ થયા પહેલા અગર કોઈ શક કરે કે બે રકાત પઢી છે કે એનાથી વધારે.

(૫) અગર શક કરે કે બે રકાત પઢી છે કે પાંચ, અથવા બે પઢી છે કે પાંચથી વધારે.

(૬) અગર શક કરે કે ત્રણ રકાત પઢી છે કે છ અથવા ત્રણ પઢી છે કે છ થી વધારે.

(૭) અગર નમાઝની રકાતોમાં શક કરે અને કંઈપણ ન સમજાય કે કેટલી રકાત નમાઝ પઢી છે.

(૮) અગર કોઈ શક કરે કે ચાર રકાત પઢી છે કે છ રકાત

અથવા ચાર કે છ થી વધારે રકાત. જેનો ખુલાસો આગળ જતા આવશે.

**મસઅલો ૧૧૫૨** : અગર કોઈ શખ્સ નમાઝ દરમિયાન નમાઝને બાતિલ કરનારી ઉપરોકત શકિકયાતમાં મુબ્તેલા થાય, તો બેહતર એ છે કે તરત જ નમાઝને તોડી ન નાખે બલ્કે એટલો સમય વિચાર કરે કે જેનાથી નમાઝની સૂરત બદલી જાય, અથવા યકીન કે ગુમાન હાંસિલ કરવાથી નાઉમેદ થઈ જાય.

## તે શક જેની પરવા ન કરવી જોઈએ

**મસઅલો ૧૧૫૩** : જે શકની પરવા ન કરવી જોઈએ, એ નીચે મુજબ છે :

(૧) એ બાબતનો શક, જેને બજાવી લાવવાનો સમય વીતી ગયો હોય, જેમકે, રૂકૂઅમાં શક કરે કે સૂરએ અલહમ્દ પઢયો છે કે નહીં.

(૨) નમાઝની સલામ પઢી લીધા બાદ શક.

(૩) નમાઝનો ટાઈમ વીતી ગયા બાદ શક.

(૪) કસીરૂશ્શક, એટલે કે હદ ઉપરાંત શક કરનારનો શક.

(૫) જમાઅતની નમાઝ પઢાવનાર ઈમામ અગર રકાતની સંખ્યા વિશે શક કરે, અને મામૂમ એ સંખ્યા જાણતો હોય તો ઈમામ પોતાના શકની પરવા નહીં કરે. એવી જ રીતે મામુમને શક હોય, પણ ઈમામને ગણત્રીનું યકીન હોય, તો મામૂમ પોતાના શકને સ્થાન નહીં આપે.

(૬) મુસ્તહબ નમાઝોમાં અને નમાઝે એહતિયાતમાં શક.

## (૧) તે વસ્તુમાં શક જેનો સમય વીતી ગયો હોય

**મસઅલો ૧૧૫૪** : અગર નમાઝ દરમિયાન શક કરે કે કોઈ વાજિબ કાર્ય બજાવી લાવ્યો છે કે નહીં, જેમકે શક કરે કે સૂરએ અલહમ્દ પઢી ચૂકયો છે કે નહીં, જો એવા અમલમાં મશગૂલ થઈ ગયો હોય કે જાણીજોઈને આની પહેલાનો અમલ તર્ક કરીને આ અમલ બજાવવાની શરીઅતે રજા ન આપી હોય, જેમકે બીજો સૂરો પઢી રહ્યો હોય અને એ દરમિયાન શક કરે કે અલહમ્દનો સૂરો પઢી ચૂક્યો છે કે નહીં, તો એ શકની પરવા નહીં કરે, એ સિવાયના સંજોગમાં જે બાબતે શક થાય તેને અંજામ આપવું જોઈએ.

**મસઅલો ૧૧૫૫** : અગર કોઈ એક આયત પઢતી વખતે શક કરે કે એનાથી પહેલાની આયત પઢી હતી કે નહીં અથવા આયતના છેલ્લા હિસ્સાને પઢતી વખતે શક કરે કે શરૂના હિસ્સાને પઢી ચૂક્યો છે કે નહીં, તો એ શક તરફ ધ્યાન ન આપવું જોઈએ.

**મસઅલો ૧૧૫૬** : અગર રૂકૂઅ અથવા સજદા પછી શક કરે કે તેને લગતાં વાજિબ કામોને અંજામ આપી ચૂક્યો કે નહીં, જેમકે શક કરે કે ઝિક્ર પઢયો કે નહીં, અથવા શરીર સ્થિર હતું કે નહીં, તો એવા શક તરફ ધ્યાન ન આપે.

**મસઅલો ૧૧૫૭** : જ્યારે સજદામાં જઈ રહ્યો હોય ત્યારે જો શક થાય કે રૂકૂઅ કરી ચૂક્યો કે નહીં, અથવા

રૂકૂઅ બાદ ઉભો રહ્યો હતો કે નહીં, તો એવા શક તરફ ધ્યાન ન આપે.

**મસઅલો ૧૧૫૮** : અગર ઉભા થતી વખતે શક કરે કે સજદો અથવા તશહહુદ અદા કર્યો હતો કે નહીં, તો એવા શકની દરકાર નહીં કરે.

**મસઅલો ૧૧૫૯** : જે શખ્સ બેઠા-બેઠા અથવા સૂતા-સૂતા નમાઝ પઢી રહ્યો હોય, તેને કિરઅત અથવા તસ્બીહાતે અરબા પઢતી વખતે શક થાય કે સજદા અથવા તશહહુદ બજાવી લાવ્યો છે કે નહીં, તો પોતાના શકની તરફ ધ્યાન ન આપે; પણ અગર કિરઅત અથવા તસ્બીહાતે અરબા પઢવાનું શરૂ કરે એનાથી પહેલા શક થાય, તો જે બારામાં શક હોય તેને બજાવી લાવે.

**મસઅલો ૧૧૬૦** : અગર કોઈ શખ્સને શક થાય કે કોઈ રૂકની અમલ બજાવી લાવ્યો છે કે નહીં, તો અગર એના પછીના અમલ સુધી પહોંચી ન ગયો હોય તો એ રૂકની અમલ બજાવી લાવે. જેમકે તશહહુદ શરૂ કર્યા પહેલા શક થાય કે બંને સજદાઓ બજાવી લાવ્યો છે કે નહીં, તો બંને સજદાઓ બજાવી લાવે પણ જો તેમ કર્યા બાદ એને યકીન થઈ જાય કે અગાઉએ જ રૂકન બજાવી ચૂક્યો હતો. તો રૂકની અમલમાં વધારો થઈ જવાના કારણે એહતિયાતે લાઝિમની રૂએ એની નમાઝ બાતિલ ગણાશે.

**મસઅલો ૧૧૬૧** : અગર કોઈ શખ્સ શક કરે કે કોઈ એવો અમલ જે વાજિબ રૂકની નથી, તેને બજાવી ચૂકયો છે કે નહીં, તો અગર તેના પછીના અમલ સુધી ન પહોંચ્યો

હોય તો એ અમલ બજાવી લાવે, જેમકે બીજા સૂરાની શરૂઆત કર્યા પહેલા શક થાય કે સૂરએ અલહમ્દ પઢી ચૂકયો છે કે નહીં, તો સૂરએ અલહમ્દ પઢી લ્યે અને અગર એમ કર્યા પછી યકીન થાય કે એ જ અમલ બજાવી ચૂકયો હતો, તો એ અમલ વાજિબ રૂકની ન હોવાને કારણે નમાઝ સહીહ રહેશે.

**મસઅલો ૧૧૬૨** : અગર કોઈ શખ્સ નમાઝમાં શક કરે કે કોઈ રૂકની અમલ બજાવી લાવ્યો છે કે નહીં, જેમકે તશહહુદ પઢી રહ્યો હોય ત્યારે શક થાય કે સજદાઓ કરી ચૂકયો છે કે નહીં, તો એવા શક ઉપર ધ્યાન નહીં આપે. પણ ત્યારબાદ એને યાદ આવે અને યકીન થાય કે એ સજદાઓ બજાવી લાવ્યો ન હોત, તો અગર ત્યાર પછીના કોઈ બીજા રૂકનમાં દાખલ ન થયો હોય, તો એ સજદાઓ બજાવી લાવે. અને જો એ પછીના રૂકનમાં દાખલ થઈ ગયો હોય તો એહતિયાતે લાઝિમની રૂએ તેની નમાઝ બાતિલ છે. દાખલા તરીકે, અગર એ પછીની રકાતના રૂકૂઅ પહેલા યાદ આવે કે સજદાઓ બજાવી લાવ્યો નથી, તો સજદાઓ બજાવી લાવશે, પણ જો રૂકૂઅમાં અથવા એ બાદ યાદ આવે તો ઉપર જણાવી ગયા છીએ તેમ તેની નમાઝ બાતિલ ગણાશે.

**મસઅલો ૧૧૬૩** : અગર એવા અમલની અદાયગી વિશે શક કરે કે જે રૂકની નથી, તો અગર એ પછીના અમલની શરૂઆત કરી ચૂકયો હોય, તો પોતાની એ શંકાની તરફ ધ્યાન નહી આપે. જેમકે, બીજો સૂરો પઢી રહ્યો

હોય, અને શક કરે કે અલહમ્દ પઢયો હતો કે નહીં, તો એ શક તરફ ધ્યાન નહીં આપે, પણ જો પછીથી યાદ આવે અને યકીન થાય કે સૂરએ અલહમ્દ પઢયો નથી, તો જો તે પછીના રૂકનમાં દાખલ ન થયો હોય, તો તે અમલ બજાવી લાવે, પરંતુ જો તે પછીના રૂકનમાં દાખલ થઈ ગયો હોય, તો પણ એની નમાઝ સહીહ ગણાશે. જેમકે, અગર ઈન્સાનને કુનૂતમાં યાદ આવે કે સૂરએ અલહમ્દ નથી પઢયો, તો પઢી લેવું જરૂરી છે, અને જો રૂકૂઅમાં યાદ આવે, તો તેની નમાઝ સહીહ છે.

**મસઅલો ૧૧૬૪** : અગર કોઈ શખ્સ શક કરે કે નમાઝની સલામ પઢી છે કે નહીં, તો અગર તઅકીબાત શરૂ કરી ચૂકયો હોય અથવા બીજી નમાઝ પઢી રહ્યો હોય અથવા એવું કાર્ય અંજામ આપી ચૂકયો હોય કે જેને કારણે નમાઝની સૂરત બદલતાં નમાઝની હાલત બાકી ન રહી હોય, તો એવા સંજોગમાં શકની તરફ ધ્યાન નહીં આપે. પણ જો ઉપરોકત કોઈ કાર્ય હજી શરૂ ન કર્યું હોય તો સલામ પઢવી જોઈએ. અને જો શક કરે જે સલામ પઢી છે એ સહીહ હતી કે નહીં, તો ગમે તે મૌકા ઉપર એ શક થાય, તેના ઉપર ધ્યાન નહીં આપે.

## (૨) સલામ પછી શક

**મસઅલો ૧૧૬૫** : અગર સલામ બાદ કોઈ શક કરે કે એની નમાઝ સહીહ હતી કે નહીં, જેમકે શક કરે કે રૂકૂઅ બજાવી લાવ્યો હતો કે નહીં, અથવા ચાર રકાતવાળી

નમાઝની સલામ પઢયા બાદ શક કરે કે ચાર રકાત પઢી હતી કે પાંચ, તો પોતાના શક તરફ ધ્યાન નહીં આપે.

પરંતુ જો શક એવા પ્રકારનો થાય કે એના બંને વિકલ્પ બાતિલ હોય, જેમકે ચાર રકાતવાળી નમાઝના સલામ બાદ શંકા થાય કે ત્રણ રકાત પઢી હતી કે પાંચ, તો નમાઝ બાતિલ છે.

## (૩) નમાઝનો સમય વીત્યાં પછી શક

**મસઅલો ૧૧૬૬** : જો નમાઝનો સમય વીતી ગયા બાદ કોઈ શક કરે કે નમાઝ પઢી હતી કે નહીં, અથવા એવું ગુમાન થાય કે કદાચ નથી પઢી, તો એ નમાઝ પઢવી જરૂરી નથી. પણ જો સમય વીતી ગયા પહેલા શક કરે કે નમાઝ પઢી છે કે નહીં તો ભલેપછી એવું ગુમાન રહે કે પઢી લીધી હશે. છતાંપણ નમાઝ પઢવી જોઈએ.

**મસઅલો ૧૧૬૭** : સમય વીતી ગયા બાદ કોઈને શક થાય કે એણે નમાઝ સહીહ પઢી હતી કે નહીં, તો એ શક ઉપર ધ્યાન નહી આપે.

**મસઅલો ૧૧૬૮** : નમાઝે ઝોહર અને અસ્રનો સમય વીતી ગયા બાદ કોઈને એટલું યાદ રહે કે એણે ચાર રકાત નમાઝ પઢી હતી, પણ એ નક્કી ન કરી શકે કે ઝોહરની નિય્યતથી પઢી હતી કે અસરની નિય્યતથી, તો એવા શખ્સે ચાર રકાત કઝા પઢવી જોઈએ, અને નિય્યત એમ કરે કે જે એના ઝિમ્મે વાજિબ નમાઝ રહી ગઈ છે, એ પઢી રહ્યો છે.

**મસઅલો ૧૧૬૯** : અગર મગરિબ અને ઈશાનો સમય

વીતી ગયા બાદ કોઈને એટલું યાદ હોય કે એક નમાઝ પઢી હતી, પણ એ યાદ ન હોય કે ત્રણ રકાતવાળી નમાઝ પઢી હતી કે ચાર રકાતવાળી, તો એવા સંજોગમાં એ મગરિબ અને ઈશા બંનેની કઝા પઢશે.

## (૪) કસીરૂશ્શક (એ શખ્સ કે જે હદ ઉપરાંત શક કરતો હોય તે)નો શક

**મસઅલો ૧૧૭૦ :** હદથી વિશેષ શક કરનારને 'કસીરૂશ્શક' કહેવાય છે. એટલે કે જે પોતાના જેવી હાલતવાળા સામાન્ય ઈન્સાનની સરખામણીમાં વધારે પ્રમાણમાં શક કરતો હોય, તેનું વધારે શક કરવું ભ્રમના કારણો હોવા સાથે જોડાયેલ નથી, માટે ભ્રમના કારણો હોય કે ન હોય કાંઈ ફર્ક પડતો નથી, કસીરૂશ્શક તે છે જેને વધારે પ્રમાણમાં શક કરવાની આદત પડી ગઈ હોય, બલ્કે કોઈ ખતરો હોય કે વધારે શકની આદતમાં ગિરફતાર થઈ જશે તો એ પણ કસીરૂશ્શક છે.

**મસઅલો ૧૧૭૧ :** 'કસીરૂશ્શક' માટે હુકમ એ છે કે નમાઝના ભાગોની અદાયગી બારામાં શકમંદ થાય તો એમ જ ફેંસલો કરે કે બજાવી લાવ્યો છે. જેમકે, જો શક કરે કે રૂકૂઅ બજાવી લાવ્યો હતો કે નહીં, તો એમ સમજે કે બજાવી લાવ્યો છે. અને જો એવો શક કરે કે એવું કોઈ કાર્ય કર્યું હતું કે નહીં, કે જેને કારણે નમાઝ બાતિલ થતી હોય, તો એમ સમજે કે એણે એવું કાંઈ કર્યું નથી. જેમકે શક કરે કે નમાઝે સુબ્હની બે રકાત પઢી હતી કે ત્રણ, તો ફેંસલો કરે કે બે રકાત પઢી હતી.

**મસઅલો ૧૧૭૨** : અગર કોઈ શખ્સ નમાઝના ફકત એક જ અમલમાં હંમેશ શકમંદ થતો હોય, એટલે સુધી કે માત્ર એ અમલ પુરતો જ 'કસીરૂશ્શક' ગણાય, અને જો તેને નમાઝની બીજી બાબતોમાં શક થાય તો એમાં 'કસીરૂશ્શક' પ્રમાણે નહીં વર્તે, બલ્કે એ શક વિશે જે હુકમ હશે એ મુજબ અમલ કરશે. દાખલા તરીકે એ સજદામાં જ 'કસીરૂશ્શક' હોય, અને જો તેને રૂકૂઅ બારામાં શક થાય તો તેના હુકમ મુજબ અમલ કરશે. એટલે કે જો સજદામાં દાખલ ન થયો હોય તો રૂકૂઅ બજાવી લાવશે, અને જો સજદા સુધી પહોંચી ગયો હોય તો એ શકની તરફ ધ્યાન નહી આપે.

**મસઅલો ૧૧૭૩** : અગર કોઈ શખ્સ એક જ નમાઝમાં વધુ શક કરતો હોય, જેમકે ઝોહરમાં જ વધુ શક કરતો હોય, અને જો તેને બીજી નમાઝ, જેમકે નમાઝે અસ્રમાં શંકા થાય તો શક માટે જે એહકામ છે તે મુજબ અમલ કરશે.

**મસઅલો ૧૧૭૪** : અગર કોઈ શખ્સ કોઈ ખાસ જગ્યાએ નમાઝ પઢે ત્યારે વધુ શક કરતો હોય, જો એ સિવાયની જગ્યાએ નમાઝ પઢતી વખતે શક થાય તો તેના હુકમો મુજબ અમલ કરશે.

**મસઅલો ૧૧૭૫** : અગર કોઈ શખ્સને એવો શક થાય કે 'કસીરૂશ્શક' છે કે નહીં, તો એવો શખ્સ શકના હુકમો પ્રમાણે અમલ કરશે અને જે માણસ ખરેખર 'કસીરૂશ્શક' હોય, તેને જયાં સુધી યકીન ન થાય કે એની હાલત સુધરીને

સાધારણ લોકો જેવી થઈ ગઈ છે, ત્યાં સુધી પોતાના શકની તરફ ધ્યાન નહી આપે.

**મસઅલો ૧૧૭૬** : અગર ‘કસીરૂશ્શક’ને શક થાય કે કોઈ રૂકની અમલ બજાવી લાવ્યો છે કે નહીં, તો એ શકની પરવાહ નહીં કરે પણ જો પછીથી એને યકીન થાય કે એ રૂકની અમલ ચૂકી ગયો હતો, અને જો એ પછીના રૂકની અમલમાં દાખલ ન થયો હોય, તો એને બજાવી લાવવું જરૂરી છે અને જો એ બાદના રૂકની અમલ સુધી પહોંચી ગયો હોય તો એહતિયાતની રૂએ એની નમાઝ બાતિલ છે.

દાખલા તરીકે જો એ શક કરે કે રૂકૂઅ બજાવી લાવ્યો કે નહીં, તો અગર એ બીજા સજદા પહેલા એને યકીન થાય કે રૂકૂઅ ચૂકી ગયો હતો, તો પાછો ઉભો રહીને રૂકૂઅ બજાવી લાવશે. પણ બીજા સજદામાં એને યકીન થાય તો એહતિયાતની રૂએ એની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૧૭૭** : અગર કસીરૂશ્શક એવા અમલની અદાયગી બારામાં શક કરે કે રૂકની નથી, અને તે ધ્યાન ન આપે, અને પછીથી યાદ આવે કે એ અમલ બજાવી લાવ્યો ન હતો, તો અગર એનો મૌકો વીતી ન ગયો હોય, તો એ અમલ બજાવી લાવવું જરૂરી છે અને જો મૌકો વીતી ગયો હોય, તો પણ એની નમાઝ સહીહ ગણાશે.

દાખલા તરીકે એ શક કરે કે અલહમ્દ પઢી ચૂકયો કે નહીં, તો એની પરવા નહીં કરે, પણ પછીથી યકીન થાય કે અલહમ્દ ચૂકી ગયો હતો, અને કુનૂતમાં યાદ આવે

તો સૂરએ અલહમ્દ પઢશે, પણ જો રૂકૂઅમાં દાખલ થયા પછી યાદ આવે તો એની નમાઝ સહીહ છે.

## (૫) પેશ નમાઝ અને પાછળ નમાઝ પઢનારનો શક

**મસઅલો ૧૧૭૮ :** જ્યારે ઈમામે જમાઅતને રકાતની સંખ્યા બારામાં શક થાય, જેમકે શક કરે કે ત્રીજી રકાત છે કે ચોથી, તો અગર પાછળ નમાઝ પઢનારાઓને યકીન અથવા ગુમાન હોય કે ચોથી છે, અને ઈમામને જણાવે, તો ઈમામ એ પ્રમાણે અમલ કરીને નમાઝ પૂરી કરશે ; અને નમાઝે એહતિયાત પઢવી તેના માટે જરૂરી નથી. એવી જ રીતે ઈમામને રકાતની સંખ્યા બારામાં યકીન કે ગુમાન હોય, અને મામુનને તે વિશે શક હોય તો પોતાના શક તરફ ધ્યાન ન આપવું જોઈએ. અને એવીજ રીતે હુકમ છે બન્નેમાંથી કોઈ નમાઝના ભાગમાં શક કરે, જેમકે સજદાની સંખ્યામાં શક કરે.

## (૬) મુસ્તહબ નમાઝમાં શક

**મસઅલો ૧૧૭૯ :** જ્યારે મુસ્તહબ નમાઝમાં રકાતની સંખ્યા વિશે શક થાય, અને વધુ સંખ્યા ઉપર આધાર રાખવાથી નમાઝ બાતિલ થતી હોય, તો ઓછી સંખ્યા માની લેવી જોઈએ. જેમકે નમાઝે સુબ્હની નાફેલા નમાઝમાં શક થાય કે બે રકાત પઢી છે કે ત્રણ રકાત, તો એમ જ માની લ્યે કે બે રકાત પઢી છે. પણ જો વધુ સંખ્યા ઉપર આધાર રાખવાથી નમાઝ બાતિલ ન થતી હોય, જેમકે શક કરે કે બે રકાત પઢી છે કે એક રકાત, તો બંનેમાંથી જે વિકલ્પ ઉપર અમલ કરશે તેની નમાઝ સહીહ રહેશે.

**મસઅલો ૧૧૮૦** : નાફેલા નમાઝોમાં અગર રૂકની અમલ મૂકી આપે તો નમાઝ બાતિલ છે, પણ અગર રૂકની અમલમાં વધારો થઈ જાય તો નમાઝ બાતિલ થતી નથી. તો અગર કોઈ શખ્સ નાફેલામાં કોઈ અમલ ભૂલી જાય, અને એવા સમયે યાદ આવે જયારે એ પછીના રૂકની અમલમાં દાખલ થયો હોય, ત્યારે એ ભૂલી ગયેલા અમલને પ્રથમ અદા કરી ફરીથી તે રૂકની અમલ બજાવી લાવશે. દાખલા તરીકે, અગર નાફેલામાં કોઈને રૂકૂઅમાં યાદ આવે કે સૂરએ અલહમ્દ પડતા ભુલાઈ ગયું હતું, તો પાછો ઉભો થઈ સૂરએ અલહમ્દ પઢે અને ફરી રૂકૂઅ કરે.

**મસઅલો ૧૧૮૧** : નાફેલા નમાઝમાં અગર કોઈ એકાદ અમલ વિશે શક થાય, ચાહે એ અમલ રૂકની હોય કે ન હોય, તેનો મૌકો વીતી ન ગયો હોય, તો બજાવી લાવે; અને જો મૌકો પસાર થઈ ગયો હોય તો એ શકની દરકાર ન કરે.

**મસઅલો ૧૧૮૨** : બે રકાતવાળી મુસ્તહબ નમાઝમાં અગર કોઈને એવું ગુમાન થાય કે ત્રણ કે એથી વધુ રકાત થઈ હશે, તો એ ગુમાન તરફ ધ્યાન ન આપે, એની નમાઝ સહીહ ગણાશે અને જો ગુમાન એમ થાય કે બે કે એથી ઓછી રકાત પઢી છે, તો એહતિયાતે વાજિબ છે કે એ જ ગુમાન પ્રમાણે અમલ કરે એટલે અગર ગુમાન હોય કે એક જ રકાત અદા કરી છે, તો એહતિયાતની રૂએ બીજી એક રકાત પઢે.

**મસઅલો ૧૧૮૩** : અગર કોઈ શખ્સ નાફેલા નમાઝમાં એવું કાર્ય અંજામ આપે કે જે કાર્ય અગર વાજિબ નમાઝમાં

કર્યું હોતે તો તેના માટે સજદાએ સહવ વાજિબ થતે. અથવા એક સજદો ભૂલથી ઓછો કરે, તો નમાઝ બાદ સજદ-એ-સહવ કરવું અથવા ભૂલાઈ ગયેલા સજદાની કઝા આપવી જરૂરી નથી.

**મસઅલો ૧૧૮૪** : અગર કોઈને શક થાય કે ફલાણી મુસ્તહબ નમાઝ પઢી કે ન પઢી, તો અગર એ મુસ્તહબ નમાઝ માટે કોઈ નિયુક્ત સમય ન હોય, જેમ કે નમાઝે જઅફરે તય્યાર, તો એમ ધારે કે નથી પઢી. એવી જ રીતે જે મુસ્તહબ નમાઝ માટે નિયુક્ત સમય હોય જેમ કે રોજની નાફેલા નમાઝો અને વખત પસાર થઈ ગયા પહેલા શક કરે, તો એ જ હુકમ છે, એટલે કે એમ ધારે કે નથી પઢી. પણ જો સમય વીતી ગયા બાદ શક કરે કે એ મુસ્તહબ નમાઝ પઢી હતી કે નહીં, તો શકની પરવા ન કરે.

## તે શક જેમાં નમાઝ સહીહ છે

**મસઅલો ૧૧૮૫** : નવ સંજોગ એવા છે કે અગર એમાં ચાર રકાતવાળી નમાઝમાં રકાતની સંખ્યા વિશે શક થાય, તો પ્રથમ વિચાર કરે, અને જો યકીન થઈ જાય, અથવા એક તરફ ગુમાન થાય, તો એ મુજબ અમલ કરે, અને નમાઝ પૂરી કરે, પણ જો યકીન કે ગુમાન એક તરફ ન થાય, તો પછી નીચે જણાવેલા હુકમો મુજબ અમલ કરે, એ નવ સંજોગો નીચે મુજબ છે :

(૧) જયારે બીજા સજદામાં દાખલ થયા બાદ શક થાય કે બીજી રકાત છે કે ત્રીજી. એવા સંજોગમાં ત્રીજી રકાત કરાર દઈને બાકીની એક રકાત પૂરી કરી નમાઝ તમામ

કરે, અને નમાઝ પૂરી થતા એહતિયાતે વાજિબની રૂએ ઉભા–ઉભા એક રકાત નમાઝે એહતિયાત અદા કરે. એહતિયાતે વાજિબની રૂએ બે રકાત બેસીને પઢવું કાફી નહી ગણાય.

(૨) જયારે બીજા સજદામાં દાખલ થયા બાદ શક થાય કે બીજી રકાત છે અથવા ચોથી, તો ચોથી રકાત કરાર દઈ નમાઝ પૂરી કરે, અને નમાઝ બાદ ઉભા ઉભા બે રકાત નમાઝે એહતિયાત પઢે.

(૩) જયારે બીજા સજદામાં દાખલ થયા બાદ શક થાય કે બીજી રકાત છે કે ત્રીજી કે ચોથી, તો એવા સંજોગોમાં ચોથી રકાત કરાર દઈ નમાઝ પૂરી કરે, અને નમાઝ બાદ ઉભા ઉભા બે રકાત નમાઝે એહતિયાત પઢે, અને તે પછી બે રકાત બેઠાં બેઠાં પઢે.

(૪) જયારે બીજા સજદામાં દાખલ થયા બાદ શક થાય કે ચોથી રકાત છે કે પાંચમી, તો ચોથી રકાત કરાર દઈ નમાઝ પૂરી કરે, અને ત્યારબાદ સજદ–એ–સહવ બજાવી લાવે. દરેક એવા સંજોગમાં જેમકે શકની ઓછી સંખ્યા ચાર હોય, જેમકે શક થાય કે ચોથી છે કે છઠ્ઠી રકાત, તો ઉપરોકત હુકમ લાગુ પડશે.

અને જો બીજા સજદામાં દાખલ થયા બાદ એવો શક થાય કે ચાર રકાત પઢી છે કે એથી વધુ કે એથી ઓછી, તો ચોથી કરાર દેશે, અને બંને શકનો જે ઉપાય છે તે મુજબ અમલ કરશે. મતલબ કે કદાચ ચારથી ઓછી પઢી હોય, તો એ માટે નમાઝે એહતિયાત પઢશે, અને કદાચ

વધુ પઢી હોય, તો એ માટે સજદ-એ-સહવ પણ કરશે.

દરેક સંજોગમાં એ યાદ રાખવું જોઈએ કે ઉપર જણાવેલ ચાર શક અગર પહેલા સજદા પછી અને બીજા સજદામાં દાખલ થયા પહેલા થાય તો નમાઝ બાતિલ ગણાશે.

(૫) નમાઝ દરમિયાન કોઈ પણ વખતે અગર શક થાય કે ત્રીજી રકાત છે અથવા ચોથી, તો ચોથી કરાર દઈ નમાઝ પૂરી કરશે, અને ત્યારબાદ ઉભા ઉભા એક રકાત નમાઝે એહતિયાત પઢશે; અથવા બેઠા બેઠા બે રકાત પઢશે.

(૬) કયામની હાલતમાં જો શક થાય કે ચોથી રકાત છે અથવા પાંચમી, તો તરત બેસી જાય, અને તશહહુદ, સલામ પઢી નમાઝ પૂરી કરે. ત્યારબાદ ઉભા ઉભા એક રકાત નમાઝે એહતિયાત પઢશે, અથવા બેઠા બેઠા બે રકાત પઢશે.

(૭) કયામની હાલતમાં જો શક થાય કે ત્રીજી રકાત છે કે પાંચમી, તો તરત બેસી જઈ નમાઝ પૂરી કરે, અને ત્યારબાદ ઉભા ઉભા બે રકાત નમાઝે એહતિયાત પઢે.

(૮) કયામની હાલતમાં જો શક થાય કે ત્રીજી રકાત છે અથવા ચોથી અથવા પાંચમી, તો તરત બેસી જાય, અને તશહહુદ, સલામ પઢી નમાઝ પૂરી કરે. ત્યારબાદ ઉભા ઉભા બે રકાત નમાઝે એહતિયાત પઢશે, અને પછી બે રકાત બેઠા બેઠા પઢશે.

(૯) કયામની હાલતમાં જો શક થાય કે પાંચમી રકાત છે અથવા છઠ્ઠી,તો તરત બેસી જઈ નમાઝ પૂરી કરે અને

ત્યારબાદ બે સજદ-એ-સહવ અદા કરે.

**મસઅલો ૧૧૮૬** : અગર નમાઝ દરમિયાન ઉપર જણાવેલા સહીહ શકમાંથી કોઈ શક થાય, અને જો નમાઝનો સમય તંગ હોય, તો નમાઝ ન તોડવી જોઈએ, અને જણાવેલા હુકમ મુજબ અમલ કરવો જોઈએ, પણ જો નમાઝનો સમય પૂરતો હોય તો નમાઝ તોડીને ફરીથી પઢી શકે છે.

**મસઅલો ૧૧૮૭** : જો એવો શક થાય કે જેના માટે નમાઝે એહતિયાતનો હુકમ છે, તો નમાઝ પૂરી કર્યા બાદ એહતિયાતે મુસ્તહબની રૂએ નમાઝે એહતિયાત પઢવી જોઈએ અને નમાઝે એહતિયાત પઢયા વગર એ જ નમાઝને ફરીથી ન પઢવી જોઈએ.

અને જો વચ્ચે કોઈ એવું કામ ન કર્યું હોય કે જે નમાઝને બાતિલ કરે છે, અને એ જ નમાઝને ફરીથી પઢવા શરૂ કરે, તો એ બીજી નમાઝ પણ એહતિયાતે વાજિબની રૂએ બાતિલ ગણાશે. પરંતુ જો નમાઝને બાતિલ કરનાર કોઈ અમલ અંજામ આપ્યા બાદ બીજીવાર એ નમાઝને અદા કરે તો એ બીજી નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૧૧૮૮** : જયારે નમાઝમાં એવો શક થાય કે જે શક નમાઝને બાતિલ કરે છે, અને એ એમ ધારે કે આગળ જતાં બીજા અમલમાં દાખલ થશે ત્યારે એનો એ શક યકીન કે ગુમાનમાં ફેરવાઈ જશે, તો એ નમાઝને એટલા સમય ચાલુ રાખી શકે છે કે તે યકીન અથવા ગુમાન હાંસિલ થાય. પણ અગર એ શક નમાઝની પહેલી

બે રકાતોમાં થાય તો જાઈઝ નથી કે શકની હાલતમાં નમાઝ ચાલુ રાખે.

દાખલા તરીકે ક્યામની હાલતમાં શક થાય કે પહેલી રકાત છે અથવા એથી વધુ, અને એમ ધારીને કે રૂકૂઅમાં જશે તો યકીન કે ગુમાન પેદા થઇ જશે, આવી હાલતમાં રૂકૂઅ કરવું જાઇઝ નથી, એ સિવાયના બીજા બાતિલ કરનાર શકોમાં નમાઝ શરૂ રાખી શકે છે જેથી યકીન કે ગુમાન હાંસિલ થઇ જાય.

**મસઅલો ૧૧૮૯** : અગર પહેલા ઈન્સાનને એક તરફ વધુ ગુમાન હોય, અને ત્યારબાદ ગુમાનના બંને પાસા સરખાં થઈ જાય, તો શકના હુકમો મુજબ વર્તશે. અને પહેલા ગુમાનના બંને પાસા સરખા હોવાથી શકના હુકમો મુજબ અમલ કરી ઉપાય અપનાવી ચૂકયો હોય, અને ત્યારબાદ બીજી તરફ ગુમાન વધારે થાય. તો તે તરફ જ ઈખ્તિયાર કરી નમાઝ પૂરી કરશે.

**મસઅલો ૧૧૯૦** : જે માણસ નક્કી ન કરી શકતો હોય કે તેના ગુમાનનું પાસું એક તરફ વધુ નમેલું છે, અથવા બંને સરખા છે, તો એ શખ્સે શકના હુકમો મુજબ અમલ કરવો જોઈએ.

**મસઅલો ૧૧૯૧** : અગર નમાઝ પૂરી કર્યા બાદ કોઈને ખબર પડે કે નમાઝ દરમિયાન એ શકની હાલતમાં હતો, દાખલા રૂપે, બે રકાત પઢી હતી કે ત્રણ, અને એણે ત્રીજી કરાર દીધી હતી પણ સાથે સાથે એ નક્કી ન કરી શકે કે ત્રીજી માટે એના ગુમાનનું પાસું વધુ નમેલું હતું, કે બંને

પાસાં સરખા રહ્યા હતા, તો એવી હાલતમાં જરૂરી નથી કે નમાઝે એહતિયાત પઢે.

**મસઅલો ૧૧૯૨** : અગર કોઈ શખ્સને કયામની હાલતમાં શક થાય કે ગઈ રકાતમાં બે સજદાઓ બજાવી લાવ્યો હતો કે નહીં, અને સાથે સાથે એ જ હાલતમાં એવો શક પણ થાય કે જે બે સજદાઓ બાદ શક થયો હોય તો નમાઝ સહીહ છે, જેમકે શક થાય કે બે રકાત પઢી છે કે ત્રણ, અને જો રકાતની સંખ્યા બાબતે શરીઅતે જે ઉપાય દર્શાવ્યો છે, એ મુજબ અમલ કરે તો એની નમાઝ સહીહ ગણાશે.

પણ અગર ઉપરોકત શકમાંથી કોઈ પણ એક તશહહુદ પઢતી વખતે થાય, જો એમ શક કરે કે બીજી છે કે ત્રીજી તો નમાઝ બાતિલ છે, અને અગર એમ શક હોય કે બીજી રકાત છે કે ચોથી અથવા બીજી છે કે ત્રીજી કે ચોથી તો નમાઝ સહીહ ગણાશે. અને શકના એહકામ ઉપર અમલ કરશે.

**મસઅલો ૧૧૯૩** : અગર તશહહુદ શરૂ કર્યા પહેલા, અથવા જે રકાતમાં તશહહુદ નથી તે માટે ઉભા થવા પહેલા, કોઈ શક કરે કે એક અથવા બંને સજદાઓ બજાવી લાવ્યો છે કે નહીં, અને સાથે સાથે એ જ સમયે એવો શક થાય કે જે શક બે સજદાઓ બજાવી લાવ્યા પછી થાત તો નમાઝ સહીહ અને ઈલાજને પાત્ર હોય છે, તો એની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૧૯૪** : અગર કયામની હાલતમાં કોઈને શક

થાય કે ત્રીજી રકાત છે કે ચોથી, અથવા ત્રીજી, ચોથી કે પાંચમી રકાત છે, એ સાથે સાથે એને યાદ આવે કે ગઈ રકાતમાં એક યા બંને સજદાઓ અદા કર્યા નથી, તો એની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૧૯૫** : અગર કોઈ શખ્સનો એક શક દૂર થાય, અને એની જગ્યાએ બીજો શક આવે, જેમકે પ્રથમ શક કરે કે આ રકાત બીજી છે કે ત્રીજી, અને એ દૂર થઈ જતાં શક થાય કે ત્રીજી છે કે ચોથી, તો એ શખ્સ નવા શકના હુકમ મુજબ અમલ કરશે.

**મસઅલો ૧૧૯૬** : અગર નમાઝ બાદ કોઈ શક કરે કે નમાઝ દરમિયાન જે શક એને થયો હતો એ, દાખલા તરીકે, બે અને ચાર રકાત વચ્ચે હતો અથવા ત્રણ અને ચાર રકાત વચ્ચે હતો. તો બંને શક માટે જે હુકમો છે, તે પ્રમાણે અમલ કરી શકે છે. અથવા એ નમાઝને તોડી અમુક એવા કાર્યો બજાવી લાવે કે જે નમાઝને બાતિલ કરે છે, અને ત્યારબાદ નવેસરથી નમાઝ પઢી લ્યે તો પણ યોગ્ય ગણાશે.

**મસઅલો ૧૧૯૭** : અગર નમાઝ બાદ કોઈને સમજાય કે નમાઝ દરમિયાન એના મનમાં શંકા હતી, પણ એ યાદ ન હોય કે એ શક સહીહ હતો કે બાતિલ, તો નમાઝ ફરીથી પઢવી જોઈએ. જો તેને એ યાદ હોય કે શક સહીહ (અને ઈલાજપાત્ર) હતો, પરંતુ એ યાદ ન હોય કે ક્યા પ્રકારનો હતો, તો એવા સંજોગોમાં જાઈઝ છે કે નમાઝને બાતિલ ગણીને નવેસરથી પઢે.

**મસઅલો ૧૧૯૮ :** બેઠા બેઠા નમાઝ પઢનારને જો એવો શક થાય કે જેના માટે હુકમ છે કે એક રકાત નમાઝે એહતિયાત ઉભા ઉભા અથવા બે રકાત બેઠા બેઠા પઢે, તો એ બેઠા બેઠા એક રકાત પઢશે અને જો એવો શક થાય કે જેના માટે હુકમ છે કે બે રકાત નમાઝે એહતિયાત ઉભા ઉભા પઢે, તો એ બેઠા બેઠા બે રકાત પઢશે.

**મસઅલો ૧૧૯૯ :** જો ઉભા ઉભા નમાઝ પઢનાર શખ્સ કોઈ કારણસર ઉભા રહીને નમાઝે એહતિયાત અદા કરવા માટે અસમર્થ થાય તો ઉપરોકત મસઅલામાં બેઠા બેઠા નમાઝ પઢનાર માટે જે હુકમ બતાડવામાં આવ્યો છે, એ પ્રમાણે અમલ કરે.

**મસઅલો ૧૨૦૦ :** બેઠા બેઠા નમાઝ પઢનાર શખ્સ અગર નમાઝે એહતિયાત પઢવા માટે ઉભા રહેવા માટે સમર્થ થાય, તો ઉભા ઉભા નમાઝ પઢનાર માટે નમાઝે એહતિયાતના જે હુકમો છે, એ મુજબ અમલ કરશે.

## નમાઝે એહતિયાત પઢવાની રીત

**મસઅલો ૧૨૦૧ :** જે શખ્સ ઉપર નમાઝે એહતિયાત વાજિબ થઈ હોય, તેના માટે હુકમ એ છે કે નમાઝની સલામ પૂરી થતાં તરત જ નમાઝે એહતિયાતની નિય્યત કરી તકબીર કહે, અને સૂરએ અલહમ્દ પઢી રૂકૂઅ અને બંને સજદાઓ બજાવી લાવે.

જો નમાઝે એહતિયાત એક રકાતવાળી હોય, તો બંને સજદાઓ બાદ તશહહુદ અને સલામ પઢી નમાઝ

પૂરી કરે અને જો બે રકાતવાળી હોય, તો પહેલી રકાતના બે સજદાઓ બાદ બીજી રકાત માટે ઉભો થાય, અને પહેલી રકાતની જેમ જ પઢીને નમાઝ પૂરી કરે.

**મસઅલો ૧૨૦૨** : નમાઝે એહતિયાતમાં અલહમ્દ પછી બીજો સૂરો પઢવાનો હોતો નથી, તેમજ તેમાં કુનૂત નથી, અને એહતિયાતે વાજિબની રૂએ નમાઝે એહતિયાત અવાજથી ન પઢે, અને નિય્યતનો શબ્દોમાં ઉચ્ચાર ન કરે. એહતિયાતે મુસ્તહબ છે કે એ નમાઝમાં 'બિસ્મીલ્લાહ' પણ અવાજથી ન પઢે.

**મસઅલો ૧૨૦૩** : નમાઝે એહતિયાત શરૂ કર્યા પહેલા અગર કોઈને યકીન થાય કે જે નમાઝ પઢી હતી એ સહીહ હતી, તો પછી નમાઝે એહતિયાત પઢવી જરૂરી નથી. અને જો નમાઝે એહતિયાત દરમિયાન એવું યકીન હાંસિલ થાય, તો નમાઝે એહતિયાતને પૂરી કરવી જરૂરી નથી.

**મસઅલો ૧૨૦૪** : અગર નમાઝે એહતિયાત શરૂ કર્યા પહેલા કોઈને યકીન થઈ જાય કે નમાઝમાં તેની રકાતો ઓછી હતી, તો હજી નમાઝને બાતિલ કરનાર કોઈ કાર્ય ન કર્યું હોય, તો જે રકાતો ન પઢી હોય તે અદા કરે અને એહતિયાતે લાઝિમની રૂએ વધારાના સલામ માટે બે સજદ-એ-સહવ બજાવી લાવે. પણ જો નમાઝને બાતિલ કરનાર કાર્ય અંજામ દઈ ચૂકયો હોય, જેમકે કિબ્લા તરફ પીઠ ફેરવી ચૂકયો હોય, તો એ નમાઝ નવેસરથી પઢે.

**મસઅલો ૧૨૦૫** : નમાઝે એહતિયાત પઢી લીધા બાદ કોઈને યકીન થાય કે નમાઝમાં જેટલી રકાત ઓછી પઢી

હતી એની ગણત્રી નમાઝે એહતિયાત જેટલી જ હતી, જેમકે, એને યકીન થાય કે નમાઝ ત્રણ રકાત પઢી હતી, અને ત્રીજી છે કે ચોથી એ શકના ઈલાજ માટે એ નમાઝે એહતિયાતની એક રકાત પઢી છે, તો નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૧૨૦૬** : નમાઝે એહતિયાત બાદ કોઈને યકીન થાય કે જેટલી રકાત નમાઝે એહતિયાતમાં પઢી તેના કરતાં નમાઝમાં ઓછી રકાતો રહી જવા પામી હતી, જેમકે, બીજી છે કે ચોથી, એ શકના હુકમ પ્રમાણે અમલ કરતા એણે બે રકાત નમાઝે એહતિયાત પઢી હોય, અને હવે એને યકીન થાય કે એણે ત્રણ રકાત પઢી હતી, તો આવા સંજોગમાં નમાઝ નવેસરથી પઢશે.

**મસઅલો ૧૨૦૭** : નમાઝે એહતિયાત બાદ અગર કોઈને યકીન થાય કે નમાઝમાં વધુ રકાતો રહી ગઈ હતી, અને નમાઝે એહતિયાતમાં ઓછી રકાત પઢી, જેમકે ત્રીજી છે કે ચોથી, એ શકની રૂએ એણે એક રકાત નમાઝે એહતિયાત પઢી હોય, જયારે હવે યકીન થાય કે નમાઝમાં માત્ર બે જ રકાત પઢી હતી, તો અગર નમાઝને તોડનાર અમલ બજાવી ચૂકયો હોય, જેમકે કિબ્લા તરફથી પીઠ ફેરવી ચૂકયો હોય, તો નમાઝ નવેસરથી પઢશે.

બલ્કે, અગર નમાઝ તોડનાર કોઈ અમલ ન બજાવી લાવ્યો હોય, તો પણ એહતિયાતે લાઝિમની રૂએ નમાઝ ફરીથી પઢશે; માત્ર ઘટતી રકાતો અદા કરી લેવી કાફી નહીં ગણાય.

**મસઅલો ૧૨૦૮** : જયારે શક થયો હોય કે બીજી રકાત છે, કે ત્રીજી કે ચોથી, અને એના ઉપાય માટે બે રકાત ઉભા-ઉભા નમાઝે એહતિયાત અદા કર્યા બાદ યકીન હાંસિલ થાય કે નમાઝમાં બે રકાત પઢી હતી, તો પછી બાકીની બે રકાત નમાઝે એહતિયાત બેઠા બેઠા પઢવી જરૂરી નથી.

**મસઅલો ૧૨૦૯** : અગર કોઈને શક થયો હતો કે ત્રીજી રકાત છે કે ચોથી, અને એના ઉપાયરૂપે એ એક રકાત નમાઝે એહતિયાત ઉભા ઉભા પઢી રહ્યો હોય ત્યારે એને યકીન થાય કે નમાઝમાં ત્રણ જ રકાત પઢી હતી, તો જો એ યકીન રૂકૂઅમાં જવા પહેલા હાંસિલ થાય તો નમાઝે એહતિયાતની નિય્યત તજી દઈ અસલ નમાઝના ભાગ તરીકે જ એ રકાત પૂરી કરે. પછી વધારાના સલામ બાદ એહતિયાતે લાઝીમ છે કે બે સજદ-એ-સહવ બજાવે.

પણ જો એ યકીન રૂકૂઅમાં દાખલ થયા બાદ હાંસિલ થાય તો એહતિયાતની રૂએ એ રકાતને નમાઝ સાથે જોડી લેવું કાફી નહીં ગણાય, અને એ નમાઝને નવેસરથી અદા કરશે.

**મસઅલો ૧૨૧૦** : અગર કોઈને શક હતો કે બીજી રકાત છે, કે ત્રીજી કે ચોથી અને નમાઝે એહતિયાતની બે રકાતો ઉભા ઉભા અદા કરતી વખતે એને યકીન થાય કે નમાઝમાં ત્રણ જ રકાત પઢી હતી, તો ઉપરોકત મસઅલામાં જે હુકમ છે એ પ્રમાણે અમલ કરશે.

**મસઅલો ૧૨૧૧** : નમાઝે એહતિયાત દરમિયાન જો

કોઈને યકીન થાય કે અસલ નમાઝમાં જે રકાતોની ખામી રહી ગઈ તે નમાઝે એહતિયાત કરતા વધારે અથવા ઓછી હતી, તો મસઅલા ૧૨૦૯માં જણાવેલ હુકમ લાગું પડશે.

**મસઅલો ૧૨૧૨** : અગર કોઈ શખ્સ શક કરે કે જે નમાઝે એહતિયાત તેના ઉપર વાજિબ થઈ હતી તે અદા કરી ચૂકયો છે કે નહીં, તો જો નમાઝનો સમય વીતી ગયો હોય તો એ શકની પરવા નહીં કરે.

પણ નમાઝનો સમય બાકી હોય, તો જો નમાઝ અને શક વચ્ચે લાંબો સમયગાળો પસાર ન થયો હોય અને વચ્ચે કોઈ એવું કામ અંજામ ન આપ્યું હોય કે જે નમાઝને બાતિલ કરે છે, જેમકે કિબ્લા તરફ પીઠ ન કરી હોય, તો નમાઝે એહતિયાત બજાવી લાવવી જોઈએ, અને જો નમાઝ બાતિલ કરનાર કામ અંજામ આપ્યું હોય, અથવા શક અને નમાઝ વચ્ચે લાંબી મુદ્દત વીતી ગઈ હોય, તો એહતિયાતે લાઝિમ છે કે નમાઝ ફરીથી પઢે.

**મસઅલો ૧૨૧૩** : અગર કોઈ શખ્સ નમાઝે એહતિયાતમાં જયાં એક રકાતનો હુકમ છે ત્યાં બે રકાત પઢી લ્યે તો નમાઝે એહતિયાત બાતિલ ગણાશે. અને હવે તેના માટે વાજિબ થશે કે અસલ નમાઝ ફરીથી અદા કરે. એવી જ રીતે જો નમાઝે એહતિયાતમાં કોઈ રૂકની અમલમાં ઉમેરો કરે, તો એહતિયાતે લાઝિમની રૂએ એ જ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૧૨૧૪** : નમાઝે એહતિયાતમાં અગર કોઈ અમલ બારામાં શક થાય, તો જો તેનો મૌકો વીતી ગયો

હોય તો તે તરફ ધ્યાન ન ધરે અને જો મૌકો બાકી હોય, તો એ અમલને અંજામ આપે. જેમકે, શક કરે કે સૂરએ અલહમ્દ પઢયો છે કે નહીં, તો જો રૂકૂઅમાં હજી ન પહોંચ્યો હોય તો એ સૂરો પઢી લ્યે, અને જો રૂકૂઅમાં દાખલ થઈ ગયો હોય તો એ શક તરફ ધ્યાન ન આપે.

**મસઅલો ૧૨૧૫** : નમાઝે એહતિયાતમાં અગર રકાતોની સંખ્યા વિશે શક થાય, તો જો વધુ સંખ્યા કરાર દેવાથી નમાઝે એહતિયાત બાતિલ થતી હોય, તો ઓછી સંખ્યા કરાર દ્યે પણ જો વધુ સંખ્યા કરાર દેવાથી નમાઝ બાતિલ ન થતી હોય, તો વધુ સંખ્યા કરાર દેવી જોઈએ. જેમકે, જયારે કોઈ બે રકાત નમાઝે એહતિયાત માટે અદા કરતો હોય, અને એને શક થાય કે બીજી રકાત છે કે ત્રીજી, તો ત્રણ રકાતની નમાઝે એહતિયાત હોતી નથી, એટલે બીજી રકાત છે એમ કરાર દ્યે, પણ જો શક થાય કે પહેલી છે કે બીજી, તો બીજી રકાત કરાર દેશે.

**મસઅલો ૧૨૧૬** : નમાઝે એહતિયાતમાં અગર કોઈ શખ્સ એવા અમલમાં ભૂલથી વધારો અથવા ઘટાડો કરે કે જે અમલ રૂકની નથી, તો તેના માટે સજદ-એ-સહવ નથી.

**મસઅલો ૧૨૧૭** : નમાઝે એહતિયાતની સલામ બાદ અગર કોઈને શક થાય કે નમાઝનો ફલાણો ભાગ બજાવી લાવ્યો કે નહીં, અથવા ફલાણી શરત પૂરી કરી કે નહીં, તો એ શકની પરવા ન કરે.

**મસઅલો ૧૨૧૮** : અગર કોઈ શખ્સ નમાઝે

એહતિયાતમાં તશહહુદ અથવા એક સજદો ભૂલી જાય, અને ત્યારે તેનું બજાવી લાવવું શક્ય ન હોય, તો વાજિબ છે કે નમાઝ બાદ સજદાની કઝા આપે, પરંતુ તશહહુદની કઝા લાઝિમ નથી.

**મસઅલો ૧૨૧૯** : અગર કોઈ શખ્સ ઉપર નમાઝે એહતિયાત સાથે એક સજદાની કઝા અથવા બે સજદાની સહવ પણ વાજિબ હોય, તો એવા સંજોગમાં પ્રથમ નમાઝે એહતિયાત પઢશે. અને એવી રીતે હુકમ છે કે અગર નમાઝે એહતિયાત અને સજદાની કઝા તેના પર વાજિબ હોય તો એહતિયાતે વાજિબની રૂએ પહેલા નમાઝે એહતિયાત પઢશે.

**મસઅલો ૧૨૨૦** : જયાં સુધી નમાઝની રકાતોને લાગેવળગે છે, ત્યાં સુધી ગુમાનનો હુકમ યકીન જેવો છે. જેમકે કોઈને શક હોય કે પહેલી છે કે બીજી, અને પછી ગુમાન થાય કે બીજી છે, તો બીજી રકાત કરાર દેશે. એવી જ રીતે ચાર રકાતવાળી નમાઝમાં ગુમાન થાય કે ચાર જ પઢી છે, તો તેના ઉપર નમાઝે એહતિયાત વાજિબ નહીં થાય.

પરંતુ જયાં નમાઝના કાર્યોનો સંબંધ છે ત્યાં ગુમાનનો હુકમ શક જેવો છે. અગર કોઈને ગુમાન હોય કે રૂકૂઅ કરી ચૂકયો છે, તો જો હજી સજદામાં દાખલ ન થયો હોય, તો એના માટે હુકમ છે કે રૂકૂઅ બજાવી લાવે, એવી જ રીતે અગર કોઈને ગુમાન થાય કે સૂરએ અલહમ્દ પઢયો નથી, અને એ ગુમાન એવા સમયે થાય જયારે એ બીજો

સૂરો પઢી રહ્યો હોય, તો એ ગુમાનની પરવા નહીં કરે, અને એની નમાઝ સહીહ રહેશે.

**મસઅલો ૧૨૨૧** : શક, ગુમાન અને ભૂલી જવાના જે હુકમો દરરોજની વાજિબ નમાઝો માટે છે, એ જ હુકમો બીજી વાજિબ નમાઝોને લાગુ પડે છે. દાખલા તરીકે, અગર કોઈને નમાઝે આયાતમાં શક થાય કે એક રકાત પઢી છે કે બે, તો કારણ કે એ શક બે રકાતવાળી નમાઝમાં છે, તેની નમાઝ બાતિલ થશે અને જો એને ગુમાન થાય કે એક કે બે રકાત પઢી છે, તો ગુમાન મુજબ અમલ કરી નમાઝ પૂરી કરશે.

## સહ્વનો સજદો

**મસઅલો ૧૨૨૨** : બે એવા સંજોગ છે જેમાં નમાઝ પૂરી કર્યા બાદ બે સજદ-એ-સહવ વાજિબ છે, અને આગળ જતાં એની રીત સમજાવવામાં આવશે.

(૧) જ્યારે તશહહુદ ભૂલી જાય.

(૨) જ્યારે ચાર રકાતવાળી નમાઝમાં બે સજદા બાદ શક થાય કે ચોથી રકાત છે કે પાંચમી અથવા ચોથી રકાત છે કે છઠ્ઠી, આ વિશે સહીહ શકમાં ઉલ્લેખ થઈ ચૂક્યો છે.

આ ત્રણ સંજોગોમાં એહતિયાતે વાજિબની રૂએ બે સજદ-એ-સહવ અદા કરવા જોઈએ.

(૧) જ્યારે ઈન્સાનને એવો ખ્યાલ હોય કે નમાઝમાં કોઈ બાબત ભૂલથી ઓછી કે વધારે અંજામ આપી છે, ભલે પછી તેનાથી નમાઝ બાતિલ થતી ન હોય.

(૨) જ્યારે ભૂલથી નમાઝમાં વાત કરે

(૩) જયાં નમાઝની સલામ ન પઢવી જોઈએ, ત્યાં ભૂલથી પઢી નાંખે, જેમકે, પહેલી રકાતમાં ભૂલથી સલામ પઢે

એહતિયાતે મુસ્તહબ છે કે અગર કોઈ શખ્સ એક સજદો ભૂલી જાય, અથવા જયાં ઉભા રહેવાનું હોય ત્યાં ભૂલથી બેસી જાય, અથવા બેસવાનું હોય ત્યાં ભૂલથી ઉભો થઈ જાય, તો બે સજદ-એ-સહવ બજાવી લાવે, જેમકે, કિરઅત સમયે ભૂલથી બેસી જાય, અથવા તશહહુદ સમયે ભૂલથી ઉભો થઈ જાય.

બલ્કે દરેક બાબત જેમાં ભૂલથી વધઘટ કરે, તે માટે સજદ-એ-સહવ બજાવી લાવે. આગળ જતાં આવા અમુક સંજોગનો વિગતવાર ઉલ્લેખ થશે.

**મસઅલો ૧૨૨૩** : અગર કોઈ શખ્સ ભૂલથી અથવા એમ ધારીને કે એની નમાઝ પૂરી થઈ ગઈ છે. વાતો કરે, તો એહતિયાત છે કે બે સજદ-એ-સહવ કરે.

**મસઅલો ૧૨૨૪** : ખાંસી ખાતી વખતે જે અવાજ થાય તે માટે સજદ-એ-સહવ નથી, પણ જો કોઈ શખ્સ ભૂલથી નિસાસો નાખીને ફરિયાદ કરે, 'આહ' શબ્દ ઉચ્ચારે, તો એહતિયાતે વાજિબની રૂએ બે સજદ-એ-સહવ કરશે.

**મસઅલો ૧૨૨૫** : અગર નમાઝમાં કોઈ ઝિક્ર કે આયત ગલત પઢે, અને પછી તેને ફરીથી સહીહ રીતે અદા કરે, તો એ દોહરાવવા બદલ સજદ-એ-સહવ વાજિબ નથી.

**મસઅલો ૧૨૨૬** : અગર કોઈ શખ્સ નમાઝમાં થોડીક વાર વાતો કરે, સામાન્ય રીતે તેને એક જ વાર વાત કરી

હોય તેમ કહી શકાય, તો સલામ પઢયા બાદ બે સજદ-એ-સહવ કાફી છે.

**મસઅલો ૧૨૨૭** : અગર કોઈ શખ્સ ભૂલથી તસ્બીહાતે અરબા ન પઢે, તો એહતિયાતે મુસ્તહબ છે કે નમાઝ બાદ બે સજદ-એ-સહવ કરે.

**મસઅલો ૧૨૨૮** : જયાં નમાઝની સલામ ન પઢવાની હોય, ત્યાં જો કોઈ ભૂલથી 'અસ્સલામો અલયના વ અલા એબાદીલ્લાહીસ્સાલેહીન' પઢે અથવા 'અસ્સલામો અલયકુમ' પઢે, ચાહે 'વ રહમતુલ્લાહે વ બરકાતોહ' સાથે પઢે કે ન પઢે, તો એહતિયાતે વાજિબ રૂએ બે સજદ-એ-સહવ અદા કરે.

પણ જો ભૂલથી 'અસ્સલામો અલય્ક અય્યોહન્નબીય્યો વ રહમતુલ્લાહે વ બરકાતોહુ' પઢે, તો તે માટે સજદ-એ-સહવ બજાવી લાવવું એહતિયાતે મુસ્તહબ છે. પરંતુ અગર સલામથી વધારે બીજુ કંઈપણ બે અક્ષર કે તેનાથી વધારે બોલે તો એહતિયાતે વાજિબની રૂએ સજદ-એ-સહવ કરે.

**મસઅલો ૧૨૨૯** : જયાં નમાઝની સલામ પઢવાની ન હોય, ત્યાં અગર કોઈ શખ્સ ભૂલથી ત્રણેય સલામ પઢી લ્યે, તો બે સજદ-એ-સહવ એ માટે કાફી છે.

**મસઅલો ૧૨૩૦** : અગર કોઈ શખ્સ તશહહુદ અથવા એક સજદો ભૂલી જાય, અને તે પછીની રકાતના રૂકૂઅમાં દાખલ થયા પહેલા તેને યાદ આવે, તો એ પાછો ફરીને ભૂલી ગયેલા અમલને બજાવી લાવશે, અને એહતિયાતે

મુસ્તહબની રૂએ એક વધુ કયામ બદલ બે સજદ-એ-સહવ બજાવી લાવશે.

**મસઅલો ૧૨૩૧** : અગર રૂકૂઅમાં આવી ગયા પછી અથવા એ બાદ કોઈને યાદ આવે કે ગઈ રકાતમાં એક સજદો અથવા તશહહુદ ભૂલાઈ ગયું હતું, તો નમાઝ પૂરી કર્યા બાદ જરૂરી છે કે એ ભૂલાઈ ગયેલ સજદાની કઝા આપે, અને તશહહુદ માટે હુકમ છે કે (ફક્ત) બે સજદ-એ-સહવ બજાવી લાવે.

**મસઅલો ૧૨૩૨** : અગર કોઈ શખ્સ નમાઝ પૂરી કર્યા બાદ જાણી જોઈને સજદ-એ-સહવ ન બજાવી લાવે તો એ ગુનેહગાર થશે. અને તેના ઉપર એહતિયાતે વાજિબ છે કે બને તેટલા વહેલા સમયમાં બજાવી લાવે, અને જો ભૂલાઈ ગયું હોય તો જયારે યાદ આવે ત્યારે તરત જ બજાવી લાવે, અને એ નમાઝ નવેસરથી પઢવી જરૂરી નથી.

**મસઅલો ૧૨૩૩** : અગર કોઈ શક કરે કે દાખલા તરીકે તેના ઉપર બે સજદ-એ-સહવ વાજિબ થયા હતા કે નહીં, તો બજાવી લાવવા જરૂરી નથી.

**મસઅલો ૧૨૩૪** : અગર દાખલા તરીકે કોઈને શક થાય કે તેના ઉપર બે સજદ-એ-સહવ વાજિબ થયા હતા કે ચાર, તો જો એ બે સજદ-એ-સહવ બજાવી લાવે તો કાફી ગણાશે.

**મસઅલો ૧૨૩૫** : અગર કોઈને યકીન હોય કે બે સજદ-એ-સહવમાંથી એક સજદો કર્યો નથી અને વધુ

સમયાંતરને કારણે તેને બજાવી લાવીને ભરપાઈ કરવી શક્ય ન હોય અથવા તેને યકીન થાય કે ત્રણ સજદ–એ–સહવ બજાવી લાવ્યો હતો તો નવેસરથી બે સજદ–એ–સહવ બજાવી લાવવા જોઈએ.

## સજદ–એ–સહ્વની રીત

**મસઅલો ૧૨૩૬** : સજદ–એ–સહવની રીત એ છે કે સલામ પઢયા બાદ તરત જ સજદ–એ–સહવની નિય્યત કરીને સજદામાં જાય, અને તે માટે એહતિયાતે લાઝિમ છે કે સજદો એવી વસ્તુ ઉપર કરે કે જેના ઉપર સજદો સહીહ છે. ત્યારબાદ એહતિયાતે મુસ્તહબ છે કે ઝિક્ર પઢે, અને અહીં જણાવેલ ઝિક્ર પઢવો બેહતર છે :

**બિસ્મીલ્લાહે વ બિલ્લાહ, અસ્સલામો અલયક**

**અય્યોહન્નબીય્યો વરહમતુલ્લાહે વ બરકાતોહ**

ત્યારબાદ બેસીને ફરી સજદામાં જાય, અને ઉપર જણાવેલ ઝિક્ર પઢે. ફરી બેસીને તશહહુદ પઢયા બાદ '**અસ્સલામો અલયકુમ**' કહે, અને બેહતર છે કે તેની સાથે '**વ રહમતુલ્લાહે વ બરકાતોહ**' ઉમેરે.

## ભૂલેલા સજદા અને તશહહુદની કઝા

**મસઅલો ૧૨૩૭** : ભૂલાઈ ગયેલા સજદા અને તશહહુદની કઝા જયારે નમાઝ બાદ બજાવી લાવવાની હોય, ત્યારે એ યાદ રાખવું જરૂરી છે કે નમાઝની તમામ શરતો જેમકે, શરીર, લિબાસનું પાક હોવું કિબ્લા તરફ મોઢું હોવું, અને એ ઉપરાંતની તમામ શરતો મોજૂદ હોવી

જોઈએ.

**મસઅલો ૧૨૩૮** : અગર એક નમાઝમાં અનેક સજદાઓ ભૂલાઈ ગયા હોય, જેમકે પહેલી રકાતમાં એક, અને બીજી રકાતમાં એક, એવી રીતે કુલ બે સજદાઓ ભૂલાઈ ગયા હોય, તો નમાઝ ખત્મ કર્યા બાદ બંને સજદાઓની કઝા બજાવી લાવવી જોઈએ અને બેહતર છે કે એહતિયાતે મુસ્તહબ ઉપર અમલ કરી દરેક ભૂલાઈ ગયેલા સજદા બદલ સજદ-એ-સહવ કરે (મતલબ કે બે વખત સજદ-એ-સહવ કરે).

**મસઅલો ૧૨૩૯** : અગર કોઈ શખ્સ એક સજદો અને તશહહુદ ભૂલી જાય તો ભૂલાયેલ તશહહુદ માટે બે સજદ-એ-સહવ બજાવી લાવે. જોકે ભૂલાઇ ગયેલ સજદા માટે સજદ-એ-સહવ જરૂરી નથી, પરંતુ બહેતર છે.

**મસઅલો ૧૨૪૦** : અગર ઈન્સાન બે રકાતોમાં એક એક સજદો ભૂલી ગયો હોય, તો તેની કઝા બજાવી લાવતી વખતે તરતીબ જાળવવી જરૂરી નથી. (એટલે કે એમ ધારવું જરૂરી નથી કે આ પહેલી રકાતમાં ભૂલાઈ ગયેલા સજદાની કઝા છે, અથવા એ પછીની કોઈ રકાતમાં ભૂલાઈ ગયેલા સજદાની કઝા છે).

**મસઅલો ૧૨૪૧** : અગર કોઈ શખ્સ નમાઝ પૂરી કર્યા બાદ સજદાની કઝા બજાવી લાવવા પહેલા કોઈ એવું કામ કરે કે જે કામ જાણી જોઈને કે ભૂલથી અંજામ આપતા નમાઝ બાતિલ થાય છે, જેમકે કિબ્લા તરફ પીઠ ફેરવે, તો એહતિયાતે મુસ્તહબ છે કે સજદાની કઝા બજાવી લાવ્યા

બાદ નવેસરથી નમાઝ પઢે.

**મસઅલો ૧૨૪૨** : અગર કોઈને સલામ પઢી લીધા બાદ યાદ આવે કે છેલ્લી રકાતનો એક સજદો અથવા તશહહુદ ભૂલી ગયો હતો, અને નમાઝ તોડનાર કોઈ કામ ન કર્યું હોય તો તરત જ નમાઝની હાલતમાં ફરી દાખલ થઈ ભૂલાઈ ગયેલા અમલને અંજામ આપે, અને નમાઝ પૂરી થતાં વધારાના સલામ બદલ એહતિયાતે વાજિબની રૂએ બે સજદ-એ-સહવ કરે.

**મસઅલો ૧૨૪૩** : અગર કોઈ શખ્સ નમાઝ બાદ કઝાનો સજદો કર્યા પહેલા એવું કામ કરે કે જેથી સજદ-એ-સહવ વાજિબ થાય છે, જેમકે ભૂલથી વાતો કરે, તો એહતિયાતે વાજિબ છે કે પહેલા સજદાની કઝા બજાવી લાવે અને ત્યારબાદ બે સજદ-એ-સહવ બજાવી લાવે.

**મસઅલો ૧૨૪૪** : અગર કોઈ શખ્સને યાદ ન હોય કે નમાઝમાં સજદો ભૂલી ગયો હતો કે તશહહુદ, તો તે સજદાની કઝા બજાવી લાવ્યા બાદ બે સજદ-એ-સહવ કરશે. અને એહતિયાતે મુસ્તહબ છે કે તશહહુદની પણ કઝા બજાવી લાવશે.

**મસઅલો ૧૨૪૫** : અગર કોઈ શખ્સને એ વિશે શક હોય કે સજદો અથવા તશહહુદ ભુલાઈ ગયુ હતુ કે નહી, તો તેના માટે કઝા અથવા સજદ-એ-સહવ બજાવી લાવવું જરૂરી નથી.

**મસઅલો ૧૨૪૬** : અગર કોઈ શખ્સને યકીન હોય કે એક સજદો ભૂલાઈ ગયો હતો, પણ એ સાથે એને શક હોય કે એ પછીની રકાતમાં રૂકૂઅથી પહેલા યાદ આવી

જતાં એણે સજદો કર્યો હતો કે નહીં, તો એહતિયાતે મુસ્તહબ છે કે એ સજદાની કઝા આપે.

**મસઅલો ૧૨૪૭** : જે શખ્સ ઉપર સજદાની કઝા વાજિબ હોય, અને તે બાદ એવું કામ પણ કરે કે જેથી સજદ-એ-સહવ વાજિબ થાય, તો નમાઝ પૂરી કર્યા બાદ એહતિયાતે વાજિબની રૂએ પહેલા સજદાની કઝા આપશે, અને ત્યારબાદ સજદ-એ-સહવ બજાવી લાવશે.

**મસઅલો ૧૨૪૮** : અગર કોઈને શક હોય કે નમાઝ બાદ ભૂલાઈ ગયેલ સજદાની કઝા બજાવી લાવ્યો હતો કે નહીં, તો જો નમાઝનો સમય વીતી ન ગયો હોય તો સજદાની કઝા બજાવી લાવે. બલ્કે જો સમય વીતી ગયો હોય તો પણ એહતિયાતે વાજિબ છે કે એ સજદાની કઝા બજાવી લાવે.

## નમાઝના ભાગો અથવા શરતોની વધઘટ કરવા વિશે

**મસઅલો ૧૨૪૯** : વાજિબાતે નમાઝમાં અગર કોઈ શખ્સ જાણીજોઈને વધારો કે ઘટાડો કરે, ચાહે એ એક અક્ષર જેટલો જ હોય, તો એની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૨૫૦** : અગર કોઈ મસઅલાથી અજાણ હોવાને કારણે નમાઝના વાજિબાતે રૂકનીમાં ઘટાડો કરે, તો એની નમાઝ બાતિલ છે.

પરંતુ જાહિલે કાસીર એટલે કે તેની ભૂલ કોઈ યોગ્ય કારણસર હોય. જેમ કે, ભરોસાપાત્ર ઈન્સાનને પૂછ્યું હોય અથવા કોઈ કિતાબ વગેરેમાં વાંચ્યું હોય પછી

તેને ખબર પડે કે તેમાં ભૂલ હતી, જો આવો શખ્સ કોઇ નમાઝના ગૈરરૂકની અમલમાં ઘટાડો કરે તો તેની નમાઝ બાતિલ નથી થતી.

અગર કોઈ શખ્સ મસઅલાથી અજાણ હોવાને કારણે, ચાહે એ અજાણતા બેદરકારી અને લાપરવાઈને કારણે હોય, નમાઝે સુબ્હ, મગરિબ અને ઈશામાં સૂરએ અલહમ્દ અને બીજો સૂરો ધીમા અવાજે પઢે, એટલે કે અવાજથી ન પઢે, અથવા એથી ઉલ્ટું નમાઝે ઝોહર અસ્રમાં કિરઅત અવાજથી પઢે, અથવા સફરમાં હોવા છતાં ચાર રકાતી નમાઝો પૂરી પઢે, તો એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૧૨૫૧** : અગર કોઈ શખ્સને નમાઝ દરમિયાન યાદ આવે કે તેનું વઝુ અથવા ગુસ્લ બાતિલ હતું, અથવા એ કે વઝુ અથવા ગુસ્લ વગર નમાઝ પઢી રહ્યો છે, તો તરત નમાઝને તોડીને વઝુ અથવા ગુસ્લ કરીને ફરીથી નમાઝ પઢે, એવી જ રીતે જો નમાઝ પૂરી કર્યા બાદ યાદ આવે, તો વઝુ અથવા ગુસ્લ કરીને ફરીથી નમાઝ પઢે, અને જો સમય વીતી ગયો હોય તો નમાઝની કઝા બજાવી લાવે.

**મસઅલો ૧૨૫૨** : અગર રૂકૂઅમાં દાખલ થઈ ગયા બાદ કોઈને યાદ આવે કે ગઈ રકાતના બંને સજદાઓ ભૂલાઈ ગયા હતા, તો એહતિયાતે વાજિબની રૂએ એની નમાઝ બાતિલ છે.

પણ જો રૂકૂઅમાં દાખલ થયા પહેલા એને યાદ આવે, તો એ પાછો ફરીને ગઈ રકાતના બે સજદાઓ

અદા કરીને ફરીથી ઊભા રહીને સૂરા કે તસ્બીહાત પઢશે અને નમાઝ પૂરી કર્યા બાદ એહતિયાતે મુસ્તહબની રૂએ વધારાના કયામ બદલ સજદ-એ-સહવ બજાવી લાવશે.

**મસઅલો ૧૨૫૩** : અગર **'અસ્સલામો અલૈના'** અને **'અસ્સલામો અલૈયકુમ'** પઢયા પહેલા કોઈને યાદ આવે કે છેલ્લી રકાતના બંને સજદાઓ ભૂલાઈ ગયા છે, તો તરત એ સજદાઓ બજાવી લાવીને ફરીથી તશહહુદ અને સલામ પઢે.

**મસઅલો ૧૨૫૪** : અગર નમાઝની સલામ પહેલા કોઈને યાદ આવે કે નમાઝની છેલ્લી એક રકાત અથવા તેનાથી વધારે રકાતો નથી પઢી, તો તરત ભૂલાઈ ગયેલા (નમાઝના) ભાગને અંજામ આપે.

**મસઅલો ૧૨૫૫** : અગર સલામ પઢી લીધા બાદ કોઈને યાદ આવે કે નમાઝની છેલ્લી એક રકાત યા એથી વધુ રહી ગઈ હતી, તો જો કોઈ એવો અમલ અંજામ આપ્યો હોય કે જે જાણીબુજીને યા ભૂલથી કરવાથી નમાઝ બાતિલ થતી હોય, જેમકે કિબ્લા તરફ પીઠ ફેરવી હોય, તો નમાઝ બાતિલ ગણાશે.

પણ જો નમાઝને તોડનાર કોઈ અમલ બજાવી ન લાવ્યો હોય, તો તરત જ ભૂલાઈ ગયેલા (નમાઝના) ભાગને બજાવી લાવે, અને વધારાના સલામ બદલ એહતિયાતે લાઝિમની રૂએ બે સજદ-એ-સહવ બજાવી લાવે.

**મસઅલો ૧૨૫૬** : નમાઝ પૂરી કર્યા બાદ કોઈ શખ્સ

એવું કાર્ય કરે કે જે જાણીબુજીને અથવા ભૂલથી કરવાથી નમાઝ બાતિલ થતી હોય, જેમકે કિબ્લા તરફ પીઠ ફેરવે, અને ત્યારે એને યાદ આવે કે છેલ્લી રકાતના બંને સજદાઓ ભૂલી ગયો હતો, તો એની નમાઝ બાતિલ છે, પણ જો નમાઝ તોડનાર અમલ ન બજાવી લાવ્યો હોય, તો તરત જ ભૂલાઈ ગયેલા સજદાઓ કરી, ફરીથી તશહહુદ અને સલામ પઢે, અને એહતિયાતે વાજિબની રૂએ જે સલામ પઢી ચૂકયો હતો તે બદલ બે સજદ-એ-સહવ અદા કરે.

**મસઅલો ૧૨૫૭** : અગર કોઈને યકીન થાય કે સમય દાખલ થાય એથી પહેલા નમાઝ પઢયો હતો, તો ફરીથી પઢે, અને જો સમય વીતી ગયા બાદ સમજાય, તો એ નમાઝની કઝા બજાવી લાવે અને અગર એને ખબર પડે કે નમાઝ કિબ્લાથી ૯૦ અંશના ખૂણે અથવા તેનાથી વધારે હટીને પઢી હતી, તો જો નમાઝનો સમય બાકી હોય તો ફરીથી કિબ્લા તરફ મોઢું રાખીને પઢે. અને જો કિબ્લાની દિશા બારામાં શક હતો અથવા હુકમની ખબર ન હતી તો નમાઝનો સમય વીતી ગયા બાદ એ નમાઝની કઝા જરૂરી છે, નહિતર તેની કઝા જરૂરી નથી.

એવી જ રીતે જો એને ખબર પડે કે કિબ્લાની જમણી અથવા ડાબી દિશાએ નમાઝ પઢી હતી, તો જો કિબ્લાથી હટી જવા માટે કોઈ યોગ્ય કારણ ન હોય. જેમકે, એણે સહીહ દિશા જાણવા માટે પૂરી કોશિશ ન કરી હતી, તો એહતિયાત છે કે ફરીથી નમાઝ પઢે. જો સમય પસાર થઇ ગયો હોય તો કઝા બજાવી લાવશે, પરંતુ જો યોગ્ય કારણ હોય તો નમાઝ દોહરાવી જરૂરી નથી.

# મુસાફરની નમાઝ

જરૂરી છે કે મુસાફર ઝોહર, અસ્ર અને ઈશાની નમાઝ આઠ શરતો પૂરી થાય ત્યારે કસ્ર બજાવી લાવે એટલે કે બે રકાત પઢે.

**પહેલી શરત** : એની સફર આઠ શરઈ ફરસખ (લગભગ ૪૪ કિલોમીટર)થી ઓછી ન હોવી જોઈએ.

**મસઅલો ૧૨૫૮** : જે શખ્સની મુસાફરીમાં આવવા જવાનું કુલ અંતર આઠ ફરસખ હોય, ચાહે આવવાનો કે જવાનો રસ્તો ચાર ફરસખ જેટલો હોય કે ન હોય, એ શખ્સ કસ્ર નમાઝ પઢશે. એટલે જો જવાનો રસ્તો દાખલા તરીકે ત્રણ ફરસખ જેટલો હોય, પણ પાછા વળવાનો રસ્તો પાંચ ફરસખ હોય, અથવા એથી ઉલટું હોય, તો એ માણસ કસ્ર નમાઝ પઢશે.

**મસઅલો ૧૨૫૯** : અગર કોઈ શખ્સની મુસાફરી આઠ ફરસખ જેટલી જ હોય, તો ભલે પછી એ જ દિવસે અથવા રાત્રે પાછો ન આવે, તો પણ કસ્ર નમાઝ પઢશે. પણ આવા સંજોગમાં બેહતર છે કે એહતિયાતની રૂએ પૂરી ચાર રકાત પણ પઢે.

**મસઅલો ૧૨૬૦** : અગર ટૂંકી મુસાફરી હોય, જેમાં આઠ ફરસખ પૂરાં ન થતાં હોય, અથવા કોઈને યકીન ન હોય કે એની સફરમાં આઠ ફરસખ પૂરા થાય છે કે નહીં, તો એવા શખ્સે કસ્ર નમાઝ ન પઢવી જોઈએ. અને જો એ વિશે શક હોય કે મુસાફરીમાં આઠ ફરસખ પૂરા થાય છે કે નહિ, તો પણ નમાઝ પૂરી પઢશે, અને તે માટે તપાસ કરવી જરૂરી

નથી.

**મસઅલો ૧૨૬૧** : અગર એક આદિલ અથવા ભરોસાપાત્ર શખ્સ જણાવે કે સફરમાં આઠ ફરસખ પૂરાં થાય છે, અને એના કહેવાથી ઈત્મીનાન હાંસિલ થાય, તો નમાઝ કસ્ર પઢવી જોઈએ.

**મસઅલો ૧૨૬૨** : અગર કોઈ શખ્સને યકીન હોય કે એની સફર આઠ ફરસખની છે, અને કસ્ર નમાઝ પઢે, ત્યારબાદ જો એને જાણ થાય કે આઠ ફરસખની મુસાફરી ન હતી, તો એ નમાઝની ચાર રકાતો બજાવી લાવશે, અને જો સમય વીતી ગયો હતો તો એની કઝા બજાવી લાવશે.

**મસઅલો ૧૨૬૩** : અગર કોઈને યકીન હોય કે જે મંઝીલ તરફ એ સફરમાં જઈ રહ્યો છે, એ મંઝીલ આઠ ફરસખથી દૂર નથી, અથવા એ બારામાં શક ધરાવતો હોય, અને રસ્તામાં એને ખાત્રીપૂર્વક જાણ થાય કે મુસાફરી આઠ ફરસખની છે, થોડુક જ અંતર બાકી હોય તો પણ નમાઝ કસ્ર પઢશે. અને જો પૂરી નમાઝ પઢી ચૂકયો હોય, તો ફરીથી કસ્ર નમાઝ પઢશે. પણ જો એ નમાઝનો સમય વીતી ગયો હોય, તો તેની કઝા જરૂરી નથી.

**મસઅલો ૧૨૬૪** : અગર બે જગ્યાઓ વચ્ચેનું અંતર ચાર ફરસખથી ઓછું હોય અને કોઈ શખ્સ એ વચ્ચે અનેકવાર આવજાવ કરે, તો પણ કુલ મળીને મુસાફરી આઠ ફરસખની થઈ જાય તો પણ નમાઝ પૂરી પઢશે.

**મસઅલો ૧૨૬૫** : અગર બે જગ્યાઓ વચ્ચે

મુસાફરીના બે રસ્તાઓ હોય, એક રસ્તો આઠ ફરસખથી ઓછો હોય, અને બીજો રસ્તો આઠ ફરસખ જેટલો યા એથી વધુ હોય, તો જયારે લાંબા રસ્તાથી જશે ત્યારે કસ્ર પઢશે, અને જયારે આઠ ફરસખથી ઓછા અંતરવાળો રસ્તો લેશે ત્યારે નમાઝ પૂરી પઢશે.

**મસઅલો ૧૨૬૬** : આઠ ફરસખની શરૂઆત એવા સ્થળેથી થશે કે જયાંથી પસાર થયા બાદ એ મુસાફર ગણાય. મોટે ભાગે આવી જગ્યા શહેરના છેડે હોય છે, પણ બહુ જ વિસ્તૃત શહેરોમાં શક્ય છે કે પોતાના મોહલ્લાના છેડાથી હિસાબ કરશે. અને અંત એ જગ્યાએ હિસાબ થશે જ્યાં જવાનું છે.

**બીજી શરત** : મુસાફરના દિલમાં સફરની શરૂઆતથી જ આઠ ફરસખની નિય્યત હોવી જોઈએ. એટલે કે એને એવી જાણ હોવી જોઈએ કે આઠ ફરસખ સુધી સફર કરશે. અગર કોઈ શખ્સ એવી જગ્યા સુધી સફર કરે કે જે આઠ ફરસખથી ઓછી હોય, અને ત્યાં પહોંચ્યા બાદ આગળ વધવાનો ઈરાદો કરે, કે જેને પરિણામે કુલ અંતર આઠ ફરસખનો થઈ જાય, તો કારણ કે પહેલેથી આઠ ફરસખ જવાનો ઈરાદો ન હતો, એ નમાઝ પૂરી પઢશે. પણ જો એ ત્યાંથી બીજા આઠ ફરસખ સુધી સફર કરવાનો ઈરાદો કરે, અથવા દાખલા તરીકે એવો ઈરાદો કરે કે ચાર ફરસખ આગળ જઈને બાકીના ચાર ફરસખના રસ્તેથી વતન પહોંચે, તો એવા સંજોગમાં નમાઝ કસ્ર પઢશે.

**મસઅલો ૧૨૬૭** : જે શખ્સને પહેલેથી ખબર ન હોય

કે કેટલે દૂર જવું પડશે, જેમકે, એ કોઈ ખોવાયેલા શખ્સ અથવા વસ્તુની શોધમાં નીકળે, અને કેટલે દૂર સુધી જવું પડશે એ નક્કી ન હોય, તો નમાઝ પૂરી પઢશે. પરંતુ પાછા ફરતાં જો વતન સુધીનો, અથવા જયાં દસ દિવસ રહેવા માંગતો હોય ત્યાં સુધીનું અંતર આઠ ફરસખ અથવા તેનાથી વધુ થાય તો નમાઝ કસ્ર પઢશે. એવી જ રીતે જો સફર દરમિયાન એ નિય્યત કરે કે ચાર ફરસખ સુધી જશે, અને એટલો જ અંતર પાછા વળતાં કાપશે, તો નમાઝ કસ્ર પઢશે.

**મસઅલો ૧૨૬૮** : મુસાફર ફકત એ જ સંજોગમાં નમાઝ કસ્ર પઢશે, જયારે કે એ ચોક્કસ રીતે ઈરાદો કરી ચૂક્યો હોય કે આઠ ફરસખ જશે. દાખલા તરીકે, કોઈ શખ્સ શહેરની બહાર નીકળે, અને એમ વિચારે કે જો કોઈ સાથી મળશે તો આઠ ફરસખની મંઝિલ કાપશે, એવા સંજોગમાં જો સાથી મળવા સંબંધી ઈત્મીનાન ધરાવતો હોય તો નમાઝ કસ્ર પઢશે, અને જો ઈત્મીનાન ધરાવતો ન હોય તો નમાઝ પૂરી પઢશે.

**મસઅલલો ૧૨૬૯** : જે શખ્સ આઠ ફરસખ સુધી જવાનો ઈરાદો હોય, અને એ રોજ થોડો અંતર કાપતો હોય, તો જયારે હદ્દે તરખ્ખુસ (જેની વિગત મસઅલા નંબર ૧૩૦૪માં આવશે) પહોંચશે, ત્યારથી નમાઝ કસ્ર પઢશે. પણ જો રોજની મુસાફરી તદ્દન ઓછી હોય, તો એહતિયાતે લાઝિમ છે કે એ પૂરી તેમજ કસ્ર, બંને રીતે નમાઝ અદા કરે.

**મસઅલો ૧૨૭૦** : જે માણસની મુસાફરીનો આધાર અને ઈખ્તીયાર બીજાના હાથમાં હોય, જેમકે, નોકર, પત્ની, ઔલાદ અથવા કૈદી તો જો એને માલૂમ હોય કે એની સફર આઠ ફરસખની છે, તો નમાઝ કસ્ર પઢશે અને જો માલૂમ ન હોય તો નમાઝ પૂરી પઢશે, અને એ વિશે પૂછવું તેના ઉપર જરૂરી નથી. પણ બહેતર છે કે પૂછે.

**મસઅલો ૧૨૭૧** : જે માણસની મુસાફરીનો ઈખ્તીયાર બીજાના હાથમાં હોય, અને એ જાણતો હોય, અથવા એને એવું ગુમાન હોય કે ચાર ફરસખ પહોંચવા પહેલા એનાથી વિખૂટો પડી જવાનો છે, અને સફર નહીં કરે, તો એવા શખ્સે નમાઝ પૂરી પઢવી જોઈએ.

**મસઅલો ૧૨૭૨** : જે શખ્સની મુસાફરીનો ઈખ્તેયાર બીજાના હાથમાં હોય અને એને ચાર ફરસખ પહોંચવા પહેલા વિખૂટો પડવા બારામાં (શકમાં હોય એટલે કે) ઈત્મીનાન ન હોય, અને એ મુસાફરી કરે તો નમાઝ પૂરી પઢશે પણ જો ઈત્મીનાન હોય કે સફરમાં (જેની શક્યતા છે તે) અવરોધ રૂકાવટ (નહી) બનશે, તો એ નમાઝ કસ્ર પઢશે.

**ત્રીજી શરત** : સફર દરમિયાન એ પોતાનો ઈરાદો ન બદલાવે. અગર કોઈ મુસાફર ચાર ફરસખ પહોંચ્યા પહેલા પોતાનો ઈરાદો બદલી નાખે અથવા તેનો ઈરાદો ડગમગી જાય તો જ્યાં સુધી પહોંચ્યો છે ત્યાંથી આગળ જવા અને (વતન) પાછા પહોંચવાનું અંતર કુલ મળીને આઠ ફરસખથી ઓછું હોય તો એ નમાઝ પૂરી પઢશે.

**મસઅલો ૧૨૭૩** : અગર કોઈ શખ્સ સફરમાં એટલે દૂર આવી ગયો હોય કે ત્યાંથી પાછો ફરે તો કુલ આઠ ફરસખ થતા હોય, અને એ જગ્યાએ સફરનો ઈરાદો બદલી નાખે, તો જો એ ત્યાં જ રોકાવવા માંગતો હોય, અથવા દસ દિવસ બાદ પાછા ફરવાનો ઈરાદો ધરાવતો હોય, અથવા રોકાવવા અને પાછા ફરવા બારામાં અનિશ્ચિત હોય, તો એ પૂરી નમાઝ પઢશે.

**મસઅલો ૧૨૭૪** : અગર કોઈ શખ્સ મુસાફરીમાં એટલે દૂર આવી ગયો હોય કે ત્યાંથી જો પાછો ફરે તો કુલ આઠ ફરસખ થતા હોય, અને ત્યાં સફરનો ઈરાદો ત્યજીને પાછા વળવાનો ઈરાદો કરી લ્યે અને જો તે ત્યાં દસ દિવસથી ઓછું રહેવા માંગતો હોય તો પણ નમાઝ કસ્ર પઢશે.

**મસઅલો ૧૨૭૫** : અગર કોઈ શખ્સ નિશ્ચિત જગ્યાએ પહોંચવા માટે આઠ ફરસખવાળી મુસાફરી કરે, અને થોડે દૂર જઈને ઈરાદો કરે કે બીજી જગ્યાએ જવું છે, તો જ્યાંથી એણે મુસાફરી શરૂ કરી હતી ત્યાંથી બીજી જગ્યા સુધી આઠ ફરસખ થતા હોય, તો નમાઝ કસ્ર પઢશે.

**મસઅલો ૧૨૭૬** : અગર કોઈ શખ્સ આઠ ફરસખ પસાર થયાં પહેલા અચોક્કસ થઈ જાય કે બાકીનો રસ્તો પૂરો કરવો કે નહીં, અને જે સમય દરમિયાન એ અચોક્કસ હોય, આગળ ન વધે અને ત્યારબાદ નક્કી કરી કે બાકીનો રસ્તો પૂરો કરવો છે, તો સફર પૂરો થાય ત્યાં સુધી કસ્ર નમાઝ પઢશે.

**મસઅલો ૧૨૭૭** : અગર કોઈ શખ્સ આઠ ફરસખ સુધી પહોંચ્યા પહેલા અનિશ્ચિત થાય કે બાકીનો સફર

પૂરો કરવો કે નહીં, અને જો એ જ અચોક્કસ હાલતમાં આગળ વધે, અને તે પછી નિશ્ચય કરે કે બીજા આઠ ફરસખની મુસાફરી કરવી છે, અથવા એટલે દૂર જાવુ છે કે જ્યાં આવવા-જવામાં આઠ ફરસખ પૂરાં થશે, તો એવા સંજોગમાં કસ્ર નમાઝ પઢશે.

**મસઅલો ૧૨૭૮** : અગર કોઈ શખ્સ આઠ ફરસખ સુધી પહોંચ્યા પહેલા અનિશ્ચિત થાય કે બાકીની સફર પૂરો કરવી કે નહીં, અને એ જ અચોક્કસ હાલતમાં આગળ વધતો રહે, અને ત્યારબાદ નક્કી કરે કે સફર પૂરો કરશે, તો જો અનિશ્ચિત થયા પહેલા જેટલો રસ્તો કાપી ચૂક્યો હોય તે અને બાકી રહેલો રસ્તો કુલ મળીને આઠ ફરસખ થતાં હોય, તો એવા સંજોગમાં નમાઝ કસ્ર પઢશે. નહિતર નમાઝ પૂરી પઢશે.

**ચોથી શરત** : મુસાફરી દરમિયાન આઠ ફરસખ પહોંચ્યા પહેલા વતનમાંથી પસાર થવાનો ઈરાદો ન હોવો જોઈએ. અથવા ત્યાં રોકાવવાનો ઈરાદો ન હોય, અથવા કોઈ સ્થળે દસ દિવસ અથવા એથી વધુ રોકાણ ન કરે, અને જો તે શખ્સ સફર દરમિયાન આઠ ફરસખ પહોંચ્યા પહેલા વતનમાંથી પસાર થવાનો કસદ કરે, અથવા ત્યાં રોકાવવા માગે, અથવા કોઈ સ્થળે દસ દિવસ રહેવા માંગતો હોય, તે નમાઝ પૂરી પઢશે, પરંતુ અગર વતનથી ફક્ત પસાર જ થવાનો ઈરાદો હોય તો એહતિયાતની રૂએ નમાઝ પૂરી અને કસ્ર બન્ને રીતે પઢશે.

**મસઅલો ૧૨૭૯** : જે શખ્સને માલૂમ ન હોય કે આઠ ફરસખ પહોંચ્યા પહેલા એ વતનમાંથી પસાર થશે કે નહીં,

અને ત્યાં રોકાણ કરશે કે નહીં, અથવા કોઈ સ્થળે દસ દિવસ રહેવાની નિય્યત કરશે કે નહીં, તો એ શખ્સ નમાઝ પૂરી પઢશે.

**મસઅલો ૧૨૮૦** : જે શખ્સે પહેલેથી નક્કી કર્યું હોય કે આઠ ફરસખ પસાર થયા પહેલા વતનમાંથી થઈને જશે, અને ત્યાં રોકાશે, અથવા કોઈ સ્થળે દસ દિવસ રોકાણ કરશે અને ત્યારબાદ વતનમાંથી પસાર થવાનો કે દસ દિવસ રોકાવવાનો ઈરાદો બદલી નાંખે અથવા તે વતનમાંથી થઈને અથવા કોઈ સ્થળે દસ દિવસ રોકાઈને આગળ જવા સંબંધી અનિશ્ચિત હોય, તે નમાઝ પૂરી પઢશે, પણ જો ત્યાર પછી જે અંતર બાકી હોય તે આઠ ફરસખ હોય, અથવા આવવા જવાનું કુલ અંતર આઠ ફરસખ થતું હોય, તો એ નમાઝ કસ્ર પઢશે.

**પાંચમી શરત** : મુસાફરી કોઈ હરામ કાર્ય માટે ન હોવી જોઈએ, અને જો હરામ કાર્ય માટે, જેમકે, ચોરી કરવા માટે સફર કરે તો નમાઝ પૂરી પઢશે. એવી જ રીતે જો ખુદ સફર જ હરામ હોય, જેમકે સફરમાં જાનનો કે શરીરના કોઈપણ અંગોને ગુમાવવાનો ખતરો હોય, અથવા ઔરત પોતાના શૌહરની રજા વિના એવી સફર કરે કે જે એના ઉપર વાજિબ ન હોય, તો નમાઝ પૂરી પઢશે. અલબત્ત, અગર હજના સફરની જેમ વાજિબ હોય તો નમાઝ કસ્ર પઢશે.

**મસઅલો ૧૨૮૧** : અગર વાજિબ સફર ન હોય, અને એ સફર કરવાથી માબાપને ઔલાદ પ્રત્યેની મોહબ્બત અને લાગણીને કારણે તકલીફનું કારણ બનતુ હોય, તો

એ સફર હરામ છે, અને એ મુસાફરીમાં ઈન્સાન પૂરી નમાઝ પઢશે અને (રમઝાન મહિનો હોય તો) રોઝા પણ રાખશે.

**મસઅલો ૧૨૮૨** : જે સફર હરામ ન હોય, અને કોઈ હરામ કાર્ય માટે પણ એ સફર કરવામાં ન આવી હોય, પણ સફર દરમિયાન ગીબત, શરાબખોરી, વિગેરે જેવા ગુનાહના કામો થાય, તો એ સફરમાં નમાઝ કસ્ર પઢશે.

**મસઅલો ૧૨૮૩** : અગર કોઈ શખ્સ કોઈ વાજિબ અમલને તર્ક કરવાની નિય્યતથી સફર કરે, ચાહે એ નિય્યતની સાથે સફરનો બીજો આશય પણ હોય, તો પણ એ પૂરી નમાઝ પઢશે. જેમકે, અગર કોઈ શખ્સ કરજવાન હોય, અને લેણદાર પોતાનું લેણું માંગતો હોય, અને પોતે એ કરજ અદા કરવા શક્તિશાળી હોય, ઉપરાંત એ જાણતો હોય કે સફર દરમિયાન લેણું ભરપાઈ નહીં કરી શકે, તે છતાં કરજની અદાયગીથી ભાગવા માટે જો મુસાફરી કરે, તો નમાઝ પૂરી પઢશે. પણ જો એની મુસાફરીનો આશય પહેલેથી જુદો હતો, અને મુસાફરી દરમિયાન કોઈ વાજિબ અમલ છુટી જાય, તો નમાઝ કસ્ર પઢશે.

**મસઅલો ૧૨૮૪** : અગર કોઈ શખ્સ ગસ્બી વાહન કે હૈવાનની સવારીમાં મુસાફરી કરે, અને એનો ઈરાદો એ હોય કે માલિકથી ભાગતો રહે, તો એ નમાઝ પૂરી પઢશે. એ જ હુકમ ગસ્બી જમીનમાં સફર કરનારને લાગુ પડશે.

**મસઅલો ૧૨૮૫** : અગર કોઈ શખ્સ કોઈ ઝાલિમ

સાથે મજબૂરી વિના મુસાફરી કરે અને એને સાથ આપવાથી એના ઝુલ્મને પ્રોત્સાહન મળતું હોય, તો એ શખ્સ નમાઝ પૂરી પઢશે. પણ જો મજબૂર હોય, અથવા કોઈ મઝલૂમના છૂટકારા માટે તેની સાથે મુસાફરી કરતો હોય, તો કસ્ર પઢશે.

**મસઅલો ૧૨૮૬** : અગર કોઈ શખ્સ હરવા ફરવા માટે સફર કરે, તો એ સફર હરામ નથી, અને નમાઝ કસ્ર પઢશે.

**મસઅલો ૧૨૮૭** : અગર કોઈ શખ્સ કોઈ આશય વિના, આનંદમય સમય ગાળવા માટે શિકાર કરવા જાય, તો જતી વખતે નમાઝ પૂરી પઢશે; પણ પાછા ફરતી વખતે મુસાફરીનું અંતર (આઠ ફરસખ) જેટલું હોય અને તેમાં શિકાર કરવાનો ઈરાદો ન હોય તો કસ્ર પઢશે. અલબત્ત જો કોઈ શખ્સ પોતાની આજીવિકા માટે શિકારની મુસાફરીએ જાય, તો એ કસ્ર પઢશે. એવી જ રીતે અગર કોઈ શખ્સ વધુ કમાણી માટે અને વધુ ધન પ્રાપ્ત કરવાના આશયથી શિકાર કરે, તો નમાઝ કસ્ર પઢશે, પણ આ સંજોગમાં એહતિયાતે મુસ્તહબ છે કે કસ્ર અને પૂરી, બંને રીતે નમાઝ અદા કરે.

**મસઅલો ૧૨૮૮** : જે શખ્સે ગુનાહ કરવાના ઈરાદાથી મુસાફરી કરી હોય, તે જયારે મુસાફરીથી પાછો વળતો હોય, અને એ પાછા ફરવામાં આઠ ફરસખનો રસ્તો હોય, તો હવે કસ્ર નમાઝ પઢશે, અને જો એણે પોતાના ગુનાહની તોબા ન કરી હોય, તો એહતિયાતે મુસ્તહબ છે કે પાછા

ફરતાં કસ્ર અને પૂરી, બંને રીતે નમાઝ પઢે.

**મસઅલો ૧૨૮૯** : જે માણસની મુસાફરી ગુનાહના કાર્ય માટે હોય, તે અગર મુસાફરી દરમિયાન ગુનાહનો ઈરાદો ત્યજી દ્યે, તો બાકી રહેલો રસ્તો અથવા જે જગ્યાએ પહોંચ્યો છે ત્યાંથી આગળ જવા અને (વતન) પાછા આવવાનું કુલ અંતર આઠ ફરસખ હોય કે ન હોય, નમાઝ કસ્ર પઢશે.

**મસઅલો ૧૨૯૦** : જે માણસે ગુનાહના ઈરાદાથી મુસાફરી ન કરી હોય, પણ મુસાફરી દરમિયાન ઈરાદો કરે કે બાકી રહેલી મુસાફરી ગુનાહ માટે કરશે, તો નમાઝ પૂરી પઢશે. અલબત્ત, ત્યાર સુધીમાં જેટલી નમાઝો કસ્ર પઢયો હોય, એ સહીહ ગણાશે.

**છઠી શરત** : મુસાફર એવી ભટકતી જાતીનો ન હોય કે જેનું કોઈ નિયુકત ઠેકાણું ન હોય (ખાનાબદોશ) જેવા કે જેઓ જંગલમાં ભટકતા ફરે છે જ્યાં પોતાના તથા પોતાના જાનવરો માટે ખોરાક પાણી મળે ત્યાં થોડાક દિવસો રોકાઈને પછી બીજી જગ્યાએ ચાલ્યા જાય છે. મતલબ કે આવા લોકો જે સતત મુસાફરીમાં હોય છે, તેમના માટે પોતાની મુસાફરીમાં પૂરી નમાઝનો હુકમ છે.

**મસઅલો ૧૨૯૧** : અગર આવી રીતે ભટકતો શખ્સ પોતાના જાનવર માટે ચરવાની જગ્યા કે ગોચરની શોધમાં નીકળે, અને એની સાથે તેનો માલ, સામાન, સામગ્રી હોય, તો નમાઝ પૂરી પઢશે. પણ જો એ રીતે માલસામાન સાથે ન નીકળી પડયો હોય, અને આઠ ફરસખ જેટલી

મુસાફરી કરે, તો નમાઝ કસ્ર પઢશે.

**મસઅલો ૧૨૯૨** : એ રીતે ભટકતો શખ્સ અગર દાખલા તરીકે, હજ, ઝિયારત અથવા વેપાર વિગેરે માટે મુસાફરી કરે જો તેને ખાના બદોશ (તેનું ઘર તેની સાથે) છે એમ ન કહી શકાય તો નમાઝ કસ્ર પઢશે. નહીંતર પૂરી પઢશે.

**સાતમી શરત** : કસીરૂસ્સફર ન હોય. જે શખ્સે એવું કામ પોતાની આજીવિકા માટે પસંદ કર્યુ હોય કે જેનો આધાર મુસાફરી ઉપર છે. જેમકે ગાડી હાંકનાર, ખલાસી, ગોવાળ, વિગેરે અને જેનાં કામનો આધાર મુસાફરી ઉપર ન હોય પરંતુ વધારે મુસાફરી કરતો હોય. જેમ કે અઠવાડિયામાં ત્રણ દિવસ મુસાફરી કરે ભલે પછી તે મુસાફરી આનંદ કે હરવા-ફરવા માટે હોય તો પણ નમાઝ પૂરી પઢશે.

**મસઅલો ૧૨૯૩** : જે માણસના રોજગારનો સંબંધ મુસાફરી સાથે હોય,એ અગર કોઈ બીજા આશયથી મુસાફરી કરે, જેમકે, ઝિયારત કે હજ માટે સફર કરે, તો નમાઝ કસ્ર પઢશે, સિવાય કે એ કસીરૂસ્સફર તરીકે ઓળખાતો હોય. પણ દાખલા તરીકે જો ડ્રાયવર પોતાની ગાડી ઝિયારતો માટે ભાડે આપે, અને પોતે પણ સાથે એ બહાને ઝિયારત કરી આવે, તો આવા દરેક સંજોગમાં એ નમાઝ પૂરી પઢશે.

**મસઅલો ૧૨૯૪** : જે માણસનો ધંધો પ્રવાસીઓની વ્યવસ્થા, સગવડ જાળવવાનો હોય, જેમકે હાજીઓને મક્કા

સુધી લઈ જવા મુસાફરી કરે, તો જો મુસાફરી એનો ધંધો હોય તો નમાઝ પૂરી પઢશે. પણ જો મુસાફરી એનો ધંધો ન હોય, અને માત્ર હજના દિવસોમાં જ એ ધંધો અપનાવતો હોય, અને એ મુસાફરીની મુદ્દત ટૂંકી હોય, જેમકે બે ત્રણ અઠવાડિયા પૂરતી હોય, તો નમાઝ કસ્ર જ પઢશે. પણ મુદ્દત લાંબી હોય જેમ કે ત્રણ મહિના તો પૂરી નમાઝ પઢશે. જો કસીરૂસ્સફર થવા બાબતે શક હોય તો કસ્ર અને પૂરી બંને એહતિયાતન પઢશે.

**મસઅલો ૧૨૯૫** : ડ્રાઈવર વગેરે ત્યારે જ ધંધાદારી કહેવાશે જ્યારે તેને પોતાનું કામ ચાલું રાખવાનો ઈરાદો હોય અને વચ્ચે વધારે લાંબી રજા ન રાખતો હોય જેમ કે કોઈ અઠવાડિયામાં એક દિવસ મુસાફરી પર જતો હોય તો તે ડ્રાઈવર નહી કહેવાય. આ જ રીતે કસીરૂસ્સફર તે જ કહેવાશે જે મહિનામાં ઓછામાં ઓછું દસ વખત મુસાફરી કરતો હોય અથવા દસ દિવસ સુધી તેની મુસાફરી ચાલું હોય ભલે પછી તે દસ દિવસ મુસાફરીમાં રહે અથવા બે ત્રણ મુસાફરીમાં દસ દિવસ પૂરા કરે સાથે તેનો પાકો ઈરાદો હોય કે આ મુસાફરી વર્ષમાં છ મહિના અથવા અમુક વર્ષ સુધી વર્ષમાં ત્રણ મહિના ચાલું રાખશે તો પછી બધી મુસાફરીમાં નમાઝ પૂરી પઢશે અને શરૂઆતના બે અઠવાડિયા સુધી એહતિયાતન કસ્ર અને પૂરી બંને નમાઝ પઢશે. અગર મુસાફરીની સંખ્યા આઠ કે નવ હોય તો એહતિયાતે વાજિબની રૂએ કસ્ર અને પૂરી બંને નમાઝ પઢશે અને જો મુસાફરીની સંખ્યા આઠથી ઓછી હોય તો

નમાઝ કસ્ર પઢશે.

**મસઅલો ૧૨૯૬** : જે શખ્સ વર્ષના અમુક દિવસોમાં જ તેનો રોજગારનો સંબંધ મુસાફરી સાથે હોય, જેમકે, ડ્રાયવર ફકત શિયાળા કે ઉનાળામાં જ પોતાની ગાડીઓ ભાડે આપતો હોય, અને મુસાફરો જોડે એ દિવસોમાં મુસાફરીમાં નીકળતો હોય, તો એ શખ્સ આ મુસાફરીમાં પૂરી નમાઝ પઢશે, અને એહતિયાતે મુસ્તહબ છે કે એ શખ્સ કસ્ર અને પૂરી બંને નમાઝ પઢે.

**મસઅલો ૧૨૯૭** : જે ડ્રાઈવર કે હાથગાડી વિગેરે ચલાવનાર માત્ર શહેરની અંદર બેત્રણ ફરસખ વચ્ચે આવજાવ કરતો હોય, એને જો અચાનક કોઈ દિવસે આઠ ફરસખ સુધી જવું પડે, તો એ મુસાફરી ગણાશે, અને નમાઝ કસ્ર પઢશે.

**મસઅલો ૧૨૯૮** : જેના રોજગારનો સંબંધ મુસાફરી સાથે હોય તે પોતાના વતનમાં દસ દિવસ અથવા એનાથી વધુ રહે, ચાહે પહેલેથી એ માટે ઈરાદો કર્યો હોય કે ન કર્યો હોય, જયારે દસ દિવસ બાદ પહેલી વાર મુસાફરી કરે ત્યારે એ મુસાફરીમાં પૂરી નમાઝ પઢશે. એવી જ રીતે વતન સિવાયની જગ્યાએ, ઈરાદાથી અથવા ઈરાદા વગર, દસ દિવસ રોકાયા બાદ મુસાફરી કરે, તો એ જ હુકમ લાગુ પડશે.

ડ્રાઈવર અથવા પોતાના જાનવરને ભાડે આપનાર શખ્સ માટે આવો સંજોગ પેશ આવે તો એહતિયાતે મુસ્તહબ છે કે દસ દિવસના રોકાણ બાદ પહેલી મુસાફરીમાં

કસ્ર અને પૂરી બંને રીતે નમાઝ અદા કરે.

**મસઅલો ૧૨૯૯** : જેના રોજગારનો સંબંધ મુસાફરી સાથે હોય તેના માટે શરત નથી કે તેઓ ત્રણ મુસાફરી કર્યા પછી જ તેની નમાઝ પૂરી પઢશે. બલ્કે જેવું તેને ડ્રાઈવર વગેરે કહી શકાય તે નમાઝ પૂરી પઢશે. ભલે પછી પહેલી જ મુસાફરી હોય.

**મસઅલો ૧૩૦૦** : ભરવાડ, ગોવાળ કે જે પોતાના ધંધાના કારણે સતત પ્રવાસમાં હોય છે, તે જયારે સામાન્ય અંતર કરતા વધુ દૂર સુધી મુસાફરી કરે, અને તે તકલીફ અને થાકનું કારણ બને તો એવા સંજોગમાં કસ્ર નમાઝ પઢશે.

**મસઅલો ૧૩૦૧** : જે શખ્સ સતત પ્રવાસી તરીકે શહેર-શહેર અને ગામોગામ ફરતો જ રહેતો હોય, અને પોતાના માટે કોઈ વતન ઈખ્તીયાર ન કર્યુ હોય તે નમાઝ પૂરી પઢશે.

**મસઅલો ૧૩૦૨** : જે માણસનો મૂળ ધંધો મુસાફરીનો ન હોય, તેને જો એક ગામ કે શહેરથી બીજા શહેર સુધી માલ વિગેરે લઈ જવા માટે અનેક્વાર ઉપરાઉપરી મુસાફરીઓ કરવી પડે, તો એ કસ્ર નમાઝ પઢશે. અલબત્ત, અગર એને એવી મુસાફરીઓ કરવી પડતી હોય, જેને પરિણામે એ 'કસીરૂસ્સફર' તરીકે ઓળખાતો હોય, જેની વિગત મસઅલા નં.૧૨૯૫માં આવી ગઈ છે. તો પછી નમાઝ પૂરી પઢશે.

**મસઅલો ૧૩૦૩** : જે માણસ પોતાનું વતન તર્ક કરી

બીજુ વતન ઈખ્તીયાર કરે, જો તેના ઉપર કોઈ એવું ટાઈટલ બંધ બેસતુ ન હોય જેના કારણે મુસાફરીમાં નમાઝ પૂરી પઢવી પડે જેમકે કસીરૂસ્સફર વગેરે તો પોતાની મુસાફરીમાં કસ્ર નમાઝ પઢશે.

**આઠમી શરત** : સફરની શરૂઆત 'હદ્દે તરખ્ખુસ' પહોંચ્યા બાદ ગણે. અલબત્ત, વતન સિવાયની જગ્યાએ 'હદ્દે તરખ્ખુસ'નો પ્રશ્ન લાગુ પડતો નથી; ત્યાં તો એ જયાં રહેતો હોય એ મોહલ્લાથી નીકળતાની સાથે જ કસ્ર નમાઝ પઢશે.

**મસઅલો ૧૩૦૪** : 'હદ્દે તરખ્ખુસ' એ જગ્યાને કહેવાય છે કે જયાં શહેર અને તેની આસપાસનો વિસ્તાર જે શહેર સાથે જોડાયેલ હોય તેના રહેવાસીઓ મુસાફરને ન જોઈ શકે, અને તેની નિશાની એ છે કે મુસાફર શહેરવાસીઓને ન જોઈ શકે.

**મસઅલો ૧૩૦૫** : જ્યારે મુસાફર પોતાના વતને પાછો આવી રહ્યો હોય, ત્યારે જયાં સુધી વતનમાં દાખલ ન થાય ત્યાં સુધી નમાઝ કસ્ર પઢશે. એવી જ રીતે જે સ્થળે મુસાફર દસ દિવસ રોકાવા માંગતો હોય, તે સ્થળે ન પહોંચે ત્યાં સુધી એ કસ્ર નમાઝ પઢશે.

**મસઅલો ૧૩૦૬** : અગર કોઈ શહેર ઘણી ઊંચાઈ ઉપર હોય, જેને પરિણામે ત્યાંના રહેવાસીઓ દૂર દૂર સુધી જોઈ શકતા હોય, અથવા નીચાણમાં હોવાને કારણે થોડેક દૂર જતાં ત્યાંના લોકો ન જોઈ શકાતા હોય, તો સામાન્ય શહેરો કે જે સપાટ જમીન ઉપર હોય છે, તેમાં જેટલે

અંતરે શહેરવાસીઓ ન દેખાય, તેટલા અંતર સુધી પહોંચીને ત્યાંનો મુસાફીર કસ્ર નમાઝ પઢવી શરૂ કરશે. એવી જ રીતે જો મુસાફરીનો પંથ અસામાન્ય પ્રમાણમાં ઊંચો કે નીચો હોય, તો સામાન્ય સંજોગને ખ્યાલમાં રાખશે.

**મસઅલો ૧૩૦૭** : જે શખ્સ વહાણ, સ્ટીમ્બર કે રેલગાડીમાં મુસાફરી કરી રહ્યો હોય, અને 'હદ્દે તરખ્ખુસ' પહોંચ્યા પહેલા પૂરી નમાઝની નિય્યત સાથે નમાઝ શરૂ કરે, પરંતુ ત્રીજી રકાતના રૂકૂઅ પહેલા 'હદ્દે તરખ્ખુસ' સુધી પહોંચી જાય, તો એણે કસ્ર નમાઝ પઢવી જોઈએ.

**મસઅલો ૧૩૦૮** : ઉપરોકત સંજોગમાં જો એ ત્રીજી રકાતના રૂકૂઅ બાદ 'હદ્દે તરખ્ખુસ' પહોંચે, તો એ નમાઝ તોડી શકે છે નમાઝ પૂરી કરવી જરૂરી નથી અને કસ્ર નમાઝ પઢશે.

**મસઅલો ૧૩૦૯** : અગર કોઈને યકીન થઈ જાય કે 'હદ્દે તરખ્ખુસ' પહોંચી ગયો છે, અને કસ્ર નમાઝ પઢયા બાદ એને જાણ થાય કે નમાઝ પઢતી વખતે 'હદ્દે તરખ્ખુસ' પહોંચ્યો ન હતો, તો નમાઝ નવેસરથી પઢશે. જો એ સમયે 'હદ્દે તરખ્ખુસ' ન આવી હોય, તો પૂરી નમાઝ પઢશે, અને જો હદ્દે તરકખુસ ઓળંગી ગયો હોય તો કસર પઢશે, અને જો નમાઝનો સમય વીતી ગયો હોય, તો પૂરી અથવા કસ્ર જે નમાઝ એના ઉપર કઝા થતા સમયે વાજિબ હતી, તેની કઝા બજાવી લાવશે.

**મસઅલો ૧૩૧૦** : અગર કોઈ શખ્સની નજર અસાધારણ રીતે તેજ હોય, તો સામાન્ય નજરવાળા

જયાંથી શહેરવાસીઓને ન જોઈ શકતા હોય, ત્યાંથી એ કસ્ર નમાઝ શરૂ કરશે.

**મસઅલો ૧૩૧૧** : મુસાફરીમાં જો કોઈને શક થાય કે 'હદ્દે તરખ્ખુસ' પહોંચ્યો છે કે નહીં, તો એ પૂરી નમાઝ પઢશે.

**મસઅલો ૧૩૧૨** : જે મુસાફર મુસાફરી દરમિયાન પોતાના વતનમાંથી પસાર થાય અને જો તે ત્યાં રોકાણ કરે તો પૂરી નમાઝ પઢશે, અને જો રોકાણ ન કરે, તો એહતિયાતે લાઝિમ છે કે કસ્ર અને પૂરી, બંને રીતે નમાઝ પઢે.

**મસઅલો ૧૩૧૩** : જે મુસાફર મુસાફરી દરમિયાન પોતાના વતને પહોંચે અને ત્યાં રોકાણ કરે, તો જયાં સુધી એ ત્યાં રોકાશે ત્યાં સુધી નમાઝ પૂરી પઢશે, પણ જો એ ત્યાંથી આઠ ફરસખ જવા માંગતો હોય, અથવા દાખલા તરીકે, ચાર ફરસખ જઈને પાછો ચાર ફરસખ વળવા માગે, તો જયારે હદ્દે તરખ્ખુસ પહોંચે ત્યારે કસ્ર નમાઝ પઢશે.

**મસઅલો ૧૩૧૪** : જે સ્થળને ઈન્સાન પોતાના કાયમી વસવાટ માટે ઈખ્તીયાર કરે એ એનું વતન ગણાશે, ચાહે એ જગ્યા એનું જન્મસ્થાન હોય અને એના માતા-પિતાનું વતન હોય, અથવા એણે પોતે સ્વેચ્છાએ એ જગ્યાની પસંદગી કરી હોય.

**મસઅલો ૧૩૧૫** : જે શખ્સ એવા સ્થળે ટૂંક સમય માટે વસવાટ કરવા માગે કે જે એનું અસલી વતન ન હતું, અને ત્યારબાદ બીજી જગ્યાએ જઈને વસવાટ કરવાનો

ઈરાદો ધરાવે, તો એ સ્થળ એનું વતન નહીં ગણાય.

**મસઅલો ૧૩૧૬** : જે જગ્યાને ઈન્સાન પોતાની જિંદગી ગુઝારવા ઈખ્તીયાર કરે, ચાહે એ ત્યાં હંમેશ રહેવાનો ઈરાદો ન ધરાવતો હોય, અને પ્રસંગોપાત બીજી જગ્યાએ ટૂંક સમય માટે દસ અથવા એથી વધુ દિવસો માટે રહી આવતો હોય, પણ લોકો એને એ જગ્યાએ મુસાફર ન ગણતા હોય તો એ ઈખ્તીયાર કરેલી જગ્યાને વતનનો હુકમ લાગુ પડશે.

**મસઅલો ૧૩૧૭** : જે શખ્સ બે જગ્યાએ વસવાટ કરતો હોય, જેમકે ૬ મહિના એક શહેરમાં, અને બાકીના ૬ મહિના બીજા શહેરમાં ગુઝારે, તો બંને જગ્યાઓ એનું વતન ગણાશે. એવી જ રીતે જો બેથી વધુ જગ્યાએ જીવન ગાળતો હોય, તો એ સર્વે જગ્યાઓ તેના માટે વતન લેખાશે.

**મસઅલો ૧૩૧૮** : અમુક ફકીહોનું કહેવું છે કે અગર કોઈ જગ્યાએ રહેણાંક માટે પોતાની માલિકીનું મકાન ધરાવતો હોય, અને વસવાટની નિય્યતથી ત્યાં લાગલાગટ (સતત) છ માસ સુધી રહે, તો જયાં સુધી એ મકાન એની માલિકીમાં હોય ત્યાં સુધી એ જગ્યા એનું વતન ગણાશે, પરિણામે જયારે પણ મુસાફરી દરમિયાન એ જગ્યાએ પહોંચશે ત્યારે પૂરી નમાઝ પઢશે, પરંતુ આ હુકમ સાબિત નથી.

**મસઅલો ૧૩૧૯** : જયારે મુસાફર એવી જગ્યાએ દાખલ થાય કે જે એનું વતન હતું, પણ એ વતનને તર્ક કરી ચૂક્યો હોય, તો ત્યાં પૂરી નમાઝ ન પઢવી જોઈએ,

ભલે પછી પોતાના માટે હજી બીજું વતન ઈખ્તીયાર ન કરી શક્યો હોય.

**મસઅલો ૧૩૨૦** : જયારે મુસાફીર કોઈ જગ્યાએ લાગલાગટ (સતત) દસ દિવસ રહેવાની નિય્યત કરે, અથવા એને ખબર હોય કે એ જગ્યાએ બેઈખ્તીયારીથી દસ દિવસ ગુજારવા પડશે, તો એ જગ્યાએ નમાઝ પૂરી પઢશે.

**મસઅલો ૧૩૨૧** : અગર કોઈ સ્થળે મુસાફર દસ દિવસ રોકાવાનો ઈરાદો ધરાવતો હોય, તો એના માટે જરૂરી નથી કે પહેલી રાતથી અગિયારમી રાત સુધી રોકાવવાની નિય્યત કરે. બલ્કે જો એટલો જ ઈરાદો કે પહેલા દિવસે સુબ્હે સાદિકથી દસમે દિવસે સાંજે સૂર્યાસ્ત સુધી રોકાશે, તો કાફી છે, અને નમાઝ પૂરી પઢશે.એવી જ રીતે જો ઈરાદો કરે કે દાખલા તરીકે પહેલા દિવસે ઝોહરથી લઈને અગિયારમાં દિવસે ઝોહર સુધી રોકાશે, તો નમાઝ પૂરી પઢશે.

**મસઅલો ૧૩૨૨** : જે મુસાફર એક જગ્યાએ દસ દિવસ રોકાવવાનો ઈરાદો રાખતો હોય, તે માત્ર એ જ સંજોગમાં પૂરી નમાઝ પઢશે કે એક જ જગ્યાએ રહે. અગર એનો ઈરાદો હોય બે જગ્યાઓ વચ્ચે દસ દિવસ પૂરાં કરશે, જેમકે, નજફ અને કુફા વચ્ચે અથવા તેહરાન અને કરજ વચ્ચે દસ દિવસ ગાળશે, તો નમાઝ કસ્ર પઢશે.

**મસઅલો ૧૩૨૩** : જે શખ્સ એક જગ્યાએ દસ દિવસ રહેવાનો હોય, પણ પહેલેથી જ એની નિય્યત હોય કે દિવસ દરમિયાન અતરાફના ગામો કે જે ‘હદ્દે તરખ્ખુસ’

અથવા એથી વધુ દૂર હોય ત્યાં પણ જશે, અને જો આવવા જવાની મુદત એટલી ન હોય કે દસ દિવસના રહેણાંકનો સિલસિલો તૂટી ગયેલો લેખાય, તો નમાઝ પૂરી પઢશે. પણ જો મુદ્દત લાંબી હોય, અને દસ દિવસનું રોકાણ ન કહી શકાય તો નમાઝ કસ્ર પઢશે. દાખલા તરીકે, અગર એનો ઈરાદો એમ હતો કે એક આખો દિવસ અથવા એક આખી રાત એ જગ્યાથી બહાર રહેશે, તો દસ દિવસનો સિલસિલો બાકી રહેશે નહીં, અને એ કસ્ર નમાઝ પઢશે. પણ જો એનો ઈરાદો એમ હતો કે અડધો દિવસ બહાર રહીને પાછો આવતો રહેશે, તો ચાહે એ રાત પડી ગયા બાદ પાછો આવવાનો હોય, તો એ નમાઝ પૂરી પઢશે. અલબત્ત, જો એવી રીતે વારંવાર મુસાફરી કરે, અને જો એમ કહી શકાય કે જાણે બે સ્થળો વચ્ચે દસ દિવસ પૂરા કરી રહ્યો છે, તો પછી નમાઝ કસ્ર પઢશે.

**મસઅલો ૧૩૨૪** : જે માણસે કોઈ સ્થળે દસ દિવસ રહેવાનો ચોક્કસ નિર્ણય ન કર્યો હોય, અને ફકત એમ ધારે કે જો એનો મિત્ર ત્યાં આવશે, અથવા જો ત્યાં રહેણાંક માટે સારા મકાનની સગવડ થશે, તો દસ દિવસ રહેશે. તો એવા સંજોગમાં નમાઝ કસ્ર પઢશે.

**મસઅલો ૧૩૨૫** : અગર કોઈ શખ્સ કોઈ સ્થળે દસ દિવસ રોકાવાનો નિર્ણય કરી ચૂક્યો હોય, પણ સાથે સાથે એને મનમાં એવુ ગુમાન રહે કે તેના રોકાણમાં કાંઈને કાંઈ અવરોધ નડશે, અને જો એ ગુમાન સમજદાર વર્ગની નજરે વ્યાજબી હોય, તો એ શખ્સ નમાઝ કસ્ર પઢશે.

**મસઅલો ૧૩૨૬** : અગર કોઈ મુસાફરને ખબર હોય કે મહિનાના અંત સુધીમાં દસ અથવા એથી વિશેષ દિવસ બાકી છે, અને એ નિય્યત કરે કે મહિનાના અંત સુધી એક સ્થળે રહેશે, તો નમાઝ પૂરી પઢશે. પણ જો એને ખબર ન હોય કે મહિનાના અંત સુધી કેટલા દિવસો બાકી છે, અને નિય્યત કરે કે મહિનાના અંત સુધી ત્યાં રહેશે, તો નમાઝ કસ્ર પઢશે, ભલે પછી નિય્યતના દિવસથી મહિનાના અંત સુધી દસ અથવા એથી વધારે દિવસો બાકી હોય.

**મસઅલો ૧૩૨૭** : અગર કોઈ એક સ્થળે દસ દિવસ રહેવાની નિય્યત કરી હોય, અને ચાર રકાતવાળી એક નમાઝ પઢયા પહેલા પોતાનો ઈરાદો ફેરવી નાખે, અથવા એ બારામાં અનિશ્ચિત થઈ જાય, કે ત્યાં રહેશે અથવા બીજે ક્યાંય જશે, તો નમાઝ કસ્ર પઢશે. પણ જો ચાર રકાતવાળી એક નમાઝ પઢી ચૂકયો હોય, અને તે પછી પોતાનો ઈરાદો બદલે, અથવા અનિશ્ચિત થાય, તો જેટલો સમય ત્યાં રહેશે, નમાઝ પૂરી પઢશે.

**મસઅલો ૧૩૨૮** : અગર કોઈ મુસાફર એક જગ્યાએ દસ દિવસની નિય્યત કર્યા બાદ રોઝો રાખે, અને ઝોહરના સમય બાદ વિચાર બદલાવી નાખે, તો જો ચાર રકાતવાળી એક નમાઝ પઢી ચૂક્યો હોય તો જયાં સુધી ત્યાં રહેશે, નમાઝ પૂરી પઢશે, અને તેના રોઝાઓ પણ સહીહ ગણાશે, અને અગર ચાર રકાતવાળી એક નમાઝ પઢયા પહેલા

વિચાર ફેરવે, તો એહતિયાત છે કે એ દિવસનો રોઝો પૂરો કરે, અને ત્યારબાદ તેની કઝા પણ રાખે. અને નમાઝો પણ કસ્ર પઢશે, અને બાકીના દિવસોમાં રોઝા પણ રાખી નહીં શકે.

**મસઅલો ૧૩૨૯** : અગર કોઈ મુસાફર એક સ્થળે દસ દિવસ રહેવાનો ઈરાદો કર્યા બાદ પોતાનો વિચાર બદલાવી નાખે, અને એમ કર્યા પહેલા એને શક થાય કે ચાર રકાતવાળી કોઈ નમાઝ પઢી ચૂક્યો છે કે નહીં, તો એ કસ્ર નમાઝો પઢશે.

**મસઅલો ૧૩૩૦** : અગર કોઈ કસ્રની નિય્યતથી નમાઝ શરૂ કરે, અને નમાઝ દરમિયાન નિશ્ચય કરે કે દસ દિવસ અથવા એથી વધુ રોકાવું છે, તો એ નમાઝની ચાર રકાતો પૂરી પઢશે.

**મસઅલો ૧૩૩૧** : જે મુસાફરે એક સ્થળે દસ દિવસ રોકાવાની નિય્યત કરી હોય, અને પહેલી ચાર રકાતવાળી નમાઝ દરમિયાન પોતાનો વિચાર ફેરવે અને જો ત્રીજી રકાત શરૂ ન કરી હોય, તો બે રકાત પઢીને નમાઝ પૂરી કરશે, અને ત્યાર પછીની નમાઝો પણ કસ્ર પઢશે. એવી જ રીતે જો ત્રીજી રકાત માટે ઉભો થઈ ગયો હોય પણ રૂકૂઅમાં દાખલ ન થયો હોય, તો તરત બેસી જાય, અને કસ્રની નિય્યતથી નમાઝને પૂરી કરશે. પણ જો રૂકૂઅમાં દાખલ થઈ ગયો હોય, તો એ પોતાની નમાઝ તોડીને નવેસરથી કસ્ર નમાઝ શરૂ કરશે અથવા પૂરી કરીને કસ્ર

પઢશે. અને જેટલો સમય ત્યાં રોકાય, કસ્ર નમાઝ પઢતો રહેશે.

**મસઅલો ૧૩૩૨** : અગર કોઈ મુસાફરે એક જગ્યાએ દસ દિવસ રહેવાનો ઈરાદો કર્યો હોય, અને દસ દિવસથી વધારે ત્યાં રોકાય, તો જયાં સુધી ફરીથી મુસાફરી ન કરે ત્યાં સુધી એ પૂરી નમાઝ પઢશે અને બીજીવાર દસ દિવસની નિય્યત કરવાની જરૂરત નથી.

**મસઅલો ૧૩૩૩** : જે મુસાફર એક સ્થળે દસ દિવસ રોકાવાની નિય્યત કરી હોય, એ મુસાફરને તે સ્થળે વાજિબ રોઝા રાખવા જોઈએ. એ પ્રમાણે ત્યાં મુસ્તહબ રોઝા પણ રાખી શકશે, અને ઝોહર અસ્ર તથા ઈશાની નાફેલા પણ પઢી શકશે.

**મસઅલો ૧૩૩૪** : જે મુસાફરે એક સ્થળે દસ દિવસ રહેવાની નિય્યત કરી હોય, તે ચાર રકાતવાળી એક અદા નમાઝ પઢી લીધા બાદ જો ચાર ફરસખથી ઓછા ફાસલા સુધી પ્રવાસ કરે અને પાછો ફરે, અને ફરી જયાં હતો ત્યાં દસ અથવા એથી ઓછા દિવસો રહે, તો પ્રવાસની શરૂઆતથી લઈને પાછો ફરે ત્યાં સુધી, અને ફરી રહેણાંક દરમિયાન એ પૂરી નમાઝ પઢશે. એવી જ રીતે જો કોઈ દસ દિવસ પૂરાં કર્યા બાદ એવો પ્રવાસ કરે, ચાહે એણે એક પણ ચાર રકાતવાળી નમાઝ ન પઢી હોય, તો પણ એ જ હુકમ લાગુ પડશે.

પણ જયારે પ્રવાસથી પાછો ફરે ત્યારે જે જગ્યાએ એ હતો ત્યાં રહેવાનો ઈરાદો ન હોય, બલ્કે માત્ર મુસાફરીના

રસ્તામાં એ જગ્યા આવતી હોય, અને જો એની મુસાફરી આઠ ફરસખ અથવા એથી વધુ થતી હોય, તો એવા સંજોગમાં જયારથી પ્રવાસ માટે નીકળે, ત્યારથી પાછા ફરતાં એ જગ્યાએ પસાર થાય, ત્યારે પણ ત્યાં કસ્ર નમાઝ પઢશે.

**મસઅલો ૧૩૩૫** : અગર મુસાફરે એક સ્થળે દસ દિવસ રહેવાની નિય્યત કરી હોય, અને ચાર રકાતવાળી એક અદા નમાઝ પઢયા બાદ એ બીજી જગ્યાએ જવા માગે કે જે આઠ ફરસખથી ઓછા અંતરે હોય, અને ત્યાં દસ દિવસ રહેવાનો ઈરાદો ધરાવતો હોય, તો ત્યાં જતી વખતે અને ત્યાં રોકાણ દરમિયાન નમાઝ પૂરી પઢશે.

પણ જે બીજી જગ્યાએ જવા માંગતો હોય એ જગ્યા આઠ ફરસખ અથવા એથી વધુ અંતરે હોય, તો એ તરફ જતી વખતે કસ્ર નમાઝ પઢશે, અને જો ત્યાં દસ દિવસ રોકાવાનો ઈરાદો ન હોય, તો જેટલો સમય ત્યાં રહે, કસ્ર નમાઝ પઢશે.

**મસઅલો ૧૩૩૬** : જે મુસાફરે એક જગ્યાએ દસ દિવસ રોકાવાની નિય્યત કરી હોય, અને ચાર રકાતવાળી એક અદા નમાઝ બાદ એવી જગ્યા સુધી પ્રવાસ કરવા માગે કે જે ચાર ફરસખથી ઓછા અંતરે હોય, પણ એ નિર્ણય ન કરી શકે કે પાછો એ જ જગ્યાએ આવશે કે નહીં, અથવા એ જ જગ્યાએ પાછા આવવા વિશે બિલકુલ ગાફિલ હોય, તો એ પ્રવાસ શરૂ કરે ત્યારથી, પાછો ફરે ત્યાં સુધી, અને ત્યારબાદ પણ પોતાની નમાઝો પૂરી પઢશે, એવી જ

રીતે જો એ અનિશ્ચિત હોય કે એ જ જગ્યાએ પાછા આવીને દસ દિવસ રહેવું કે નહીં, અથવા ત્યાં દસ દિવસ રહેવા વિશે કે ત્યાંથી મુસાફરી કરવા બારામાં તદ્દન ગાફિલ હોય, તો એ જ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૧૩૩૭** : અગર કોઈ શખ્સે એમ ધારીને કે એના સાથીઓએ દસ દિવસની નિય્યત કરી છે, દસ દિવસ રોકાવાની નિય્યત કરી હોય, અને ચાર રકાતવાળી એક અદા નમાઝ પઢી લીધા બાદ એને જાણ થાય કે સાથીઓએ એવી નિય્યત કરી ન હતી, અને પોતે પણ ત્યાં દસ દિવસ રોકાવા ન માગે, તો પણ જેટલો સમય ત્યાં રહેશે એ સમયમાં પોતાની નમાઝો પૂરી પઢશે.

**મસઅલો ૧૩૩૮** : અગર કોઈ શખ્સ કોઈ જગ્યાએ અણધારી રીતે ત્રીસ દિવસ ગુઝારે, જેમકે એ હંમેશા રોકાવવા અને મુસાફરી કરવા સંબંધી અનિશ્ચિત હોય, તો ત્રીસ દિવસ પૂરા થયા બાદ થોડોક સમય પણ જો ત્યાં રહે, એ સમય દરમિયાન નમાઝ પૂરી પઢશે.

**મસઅલો ૧૩૩૯** : જે શખ્સ એક સ્થળે નવ દિવસ અથવા એનાથી ઓછા દિવસો માટે રહેવા ચાહે, અને એ મુદ્દત પૂરી થયા બાદ બીજા નવ દિવસ અથવા એનાથી ઓછા દિવસો માટે રોકાઈ જાય, અને ફરીથી એવી જ રીતે નવ દિવસ અથવા એનાથી ઓછી મુદ્દત ત્રીસ દિવસ સુધી વધારતો રહે, તો એકત્રીસમા દિવસની નમાઝ પૂરી પઢશે.

**મસઅલો ૧૩૪૦** : ઉપરોક્ત સંજોગનો મુસાફર ફક્ત

એ જ હાલતમાં ત્રીસ દિવસ પછી પૂરી નમાઝ પઢશે કે જો એ એક જ જગ્યાએ રહ્યો હોય. અગર થોડોક સમય એ જગ્યાએ રહીને થોડોક સમય બીજી જગ્યાએ રહ્યો હોય, તો ત્રીસ દિવસ પૂરાં થયા બાદ પણ કસ્ર નમાઝ પઢશે.

## મુસાફરની નમાઝ વિશે જુદા જુદા મસાઈલ

**મસઅલો ૧૩૪૧** : મક્કા, મદીના અને કુફાના આખાય શહેરમાં પોતાની નમાઝો પૂરી પઢી શકશે. ઉપરાંત હઝરત સય્યદુશ્શોહદા ઈમામ હુસૈન અલય્હિસ્સલામના હરમમાં એમની કબ્રે મુબારકથી સાડા અગિયાર મીટર સુધી પૂરી નમાઝ પઢી શકે છે.

**મસઅલો ૧૩૪૨** : જે શખ્સ જાણતો હોય કે પોતે મુસાફર હોવાને કારણે નમાઝ કસ્ર પઢવી જોઈએ, તે છતાં ઉપર જણાવેલી ચાર જગ્યાઓ સિવાય કોઈ જગ્યાએ જાણીબુજીને પૂરી નમાઝ પઢે, તો નમાઝ બાતિલ છે. એવી જ રીતે જો ભૂલી જાય કે નમાઝ કસ્ર પઢવાની છે, અને પૂરી પઢે તો નમાઝ બાતિલ છે. પણ જો એ ભૂલી ગયો હોય, અને નમાઝના સમયબાદ યાદ આવે તો એની કઝા લાઝિમ નથી.

**મસઅલો ૧૩૪૩** : અગર કોઈ શખ્સ જાણતો હોય કે પોતે મુસાફર છે, અને નમાઝ કસ્ર પઢવાની છે, પણ ભૂલથી પૂરી પઢે, તો જો સમય દરમિયાન એનું ધ્યાન ખેંચાય તો નવેસરથી નમાઝ પઢશે; અને જો વખત વીતી ગયા બાદ ધ્યાન ખેંચાય, તો એહતિયાત છે કે કઝા બજાવી

લાવે.

**મસઅલો ૧૩૪૪** : જે મુસાફર જાણતો ન હોય કે નમાઝ કસ્ર પઢવી જોઈએ, તે જો પૂરી નમાઝ પઢે, તો એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૧૩૪૫** : જે મુસાફરને એટલી જાણ હોય કે નમાઝ કસ્ર પઢવાની હોય છે, પણ તેની વિગતો ન જાણતો હોય, જેમકે, જો એને ખબર ન હોય કે આઠ ફરસખની મુસાફરી હોય તો કસ્ર નમાઝ પઢવી જોઈએ, અને પૂરી નમાઝ પઢી લ્યે, અને જો સમયની અંદર ખબર પડે તો એહતિયાતે લાઝિમની રૂએ નવેસરથી નમાઝ પઢે, અને જો એણે નવેસરથી ન પઢી હોય તો તેની કઝા બજાવી લાવે. પણ જો નમાઝના સમય બાદ એને વિગતોની જાણ થાય, તો કઝા નથી.

**મસઅલો ૧૩૪૬** : જે મુસાફર જાણતો હોય કે નમાઝ કસ્ર પઢવી જોઈએ, પણ એમ ધારીને કે એની મુસાફરી આઠ ફરસખથી ઓછી હતી, પૂરી નમાઝ પઢી લ્યે, અને જો સમયની અંદર જાણ થાય કે મુસાફરી આઠ ફરસખની હતી, તો જે નમાઝ પઢી હતી, એને ફરીથી કસ્ર પઢવી જોઈએ. પણ જો સમય વીતી ગયા બાદ જાણ થાય તો કઝા જરૂરી નથી.

**મસઅલો ૧૩૪૭** : અગર કોઈ શખ્સ ભૂલી જાય કે પોતે મુસાફર છે, અને નમાઝ પૂરી પઢી લ્યે, પછી જો સમયની અંદર યાદ આવે તો એ જ નમાઝ કસ્ર પઢશે, અને જો સમય પસાર થઈ ગયા બાદ યાદ આવે તો એ નમાઝની કઝા વાજિબ નથી.

**મસઅલો ૧૩૪૮ :** જે શખ્સે પૂરી નમાઝ પઢવી જોઈએ, એ અગર કસ્ર પઢે, તો દરેક સંજોગમાં તેની નમાઝ બાતિલ છે. ભલે પછી એ એવો મુસાફર હોય કે જે એક સ્થળે દસ દિવસ રહેવાનો ઈરાદો રાખતો હોય, પણ મસઅલાથી અજાણ હોવાથી કસ્ર પઢે, તો પણ એહતિયાતે વાજિબની રૂએ તેની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૩૪૯ :** અગર કોઈ શખ્સ ચાર રકાતવાળી નમાઝ પઢી રહ્યો હોય, અને એ દરમિયાન એને યાદ આવે કે પોતે મુસાફર છે, અથવા એનું ધ્યાન ખેંચાય કે આઠ ફરસખની મુસાફરી કરી છે, અને જો ત્રીજી રકાતના રૂકૂઅમાં ન પહોંચ્યો હોય, તો નમાઝ બે રકાતવાળી, એટલે કે કસ્ર પઢશે, અને જો ત્રીજી રકાતના રૂકૂઅમાં દાખલ થઈ ગયો હોય, તો એહતિયાતની રૂએ તેની નમાઝ બાતિલ છે, અને જો નમાઝ કઝા થાય એ પહેલા સમયની અંદર એક રકાત પઢવા પૂરતી પણ શક્યતા હોય, તો નવેસરથી કસ્ર નમાઝ પઢશે નહિતર કસ્ર કઝા પઢશે.

**મસઅલો ૧૩૫૦ :** અગર કોઈ મુસાફરને નમાઝે કસરના હુકમને લગતી અમુક વિગતોની જાણ ન હોય, જેમકે એને ખબર ન હોય કે ચાર ફરસખ જવાના ચાર ફરસખ પાછા આવવાના પૂરા થતાં હોય તો નમાઝ કસ્ર પઢવી જોઈએ, અને એ ચાર રકાતવાળી નમાઝની નિય્યતથી નમાઝ પઢવી શરૂ કરે, તો જો ત્રીજી રકાતના રૂકૂઅ પહેલા મસઅલાની જાણ થઈ જાય, તો નમાઝને કસ્ર પઢશે, અને જો ત્રીજી રકાતના રૂકૂઅમાં ખબર પડે તો એહતિયાતની રૂએ એની નમાઝ બાતિલ છે. અને જો ત્રીજી રકાત પઢી ચૂક્યો હોય તો નમાઝ બાતિલ છે. અને

જો નમાઝ કઝા થયા પહેલા સમયની અંદર એક રકાત પઢવા પૂરતી પણ શક્યતા હોય, તો નવેસરથી કસ્ર નમાઝ પઢશે.

**મસઅલો ૧૩૫૧** : જે મુસાફર ઉપર પૂરી નમાઝ વાજિબ હોય, અને એ મસઅલાથી અજાણ હોવાને કારણે બે રકાતની નિય્યતથી નમાઝ શરૂ કરે, અને નમાઝ દરમિયાન મસઅલાથી વાકેફ થાય, તો એ ચાર રકાતો પૂરી કરશે. એહતિયાતે મુસ્તહબ એ છે કે નમાઝ પૂરી કર્યા બાદ એ ચાર રકાતવાળી નમાઝ ફરીથી અદા કરે.

**મસઅલો ૧૩૫૨** : જે મુસાફરે હજી નમાઝ અદા ન કરી હોય, અને નમાઝ કઝા થાય એથી પહેલા પોતાના વતનને પહોંચી જાય, અથવા એવી જગ્યાએ આવી જાય કે જયાં દસ દિવસ રોકાવવાનો ઈરાદો હોય, તો એ નમાઝ પૂરી પઢશે. જે શખ્સ મુસાફર ન હોય અને અવ્વલે વખત નમાઝ ન પઢે, અને જો એ સફર ઈખ્તીયાર કરે તો નમાઝ કસ્ર પઢશે.

**મસઅલો ૧૩૫૩** : જે મુસાફર ઉપર કસ્ર નમાઝ હોય, અને એની ઝોહર, અસ્ર કે ઈશાની નમાઝ કઝા થઈ જાય, તો એ કસ્ર કઝા બજાવી લાવશે, ભલે પછી એ કઝા મુસાફરી સિવાયના સંજોગમાં બજાવી લાવવા માંગે, અને અગર કોઈ શખ્સ કે જે મુસાફર નથી, તેની ઉપરોક્ત ત્રણ નમાઝોમાંથી એક કઝા થાય, તો પૂરી કઝા બજાવી લાવશે, ભલે પછી એ કઝા મુસાફરીની હાલતમાં બજાવી લાવવા માંગે.

**મસઅલો ૧૩૫૪** : મુસાફર માટે મુસ્તહબ છે કે દરેક કસ્ર નમાઝ બાદ 'તસ્બીહાતે અરબા' ત્રીસ વખત પઢે :

**સુબ્હાનલ્લાહે વલ્ હમ્દોલિલ્લાહે વ લા ઈલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અકબર**

અને આ તઅકીબાતમાં દરેક વાજિબ નમાઝ પછી પઢવું મુસ્તહબ છે. બલ્કે બેહતર છે કે એ ત્રણ નમાઝોની તઅકીબાતમાં સાંઈઠ (૬૦) વખત પઢે.

## કઝા નમાઝો :

**મસઅલો ૧૩૫૫** : જે શખ્સ રોજની વાજિબ નમાઝ સમયના અંદર ન પઢે, તેના ઉપર તેની કઝા બજાવી લાવવી વાજિબ છે, ભલેપછી એ નમાઝના પૂરા સમય દરમિયાન નિંદ્રાવશ રહ્યો હોય, અથવા નશામાં રહેવાના કારણે નમાઝ ન પઢી હોય, અને આ હુકમ દરેક વાજિબ નમાઝ કે જે સમયે ન પઢી હોય, તેને લાગુ પડે છે. એટલે સુધી કે જો મુઅય્યન અને નક્કી સમયે નમાઝ પઢવાની પોતાએ નઝર કરી હોય, તો તેની પણ કઝા એહતિયાતે લાઝિમની રૂએ બજાવી લાવવી જોઈએ. પણ નમાઝે ઈદુલફિત્ર અને ઈદુલ અઝહાની કઝા નથી. એવી જ રીતે એ નમાઝો કે જે ઔરતો હૈઝ અને નિફાસની હાલતમાં ન પઢી હોય, ચાહે એ રોજની નમાઝ હોય, અથવા એ સિવાયની હોય, તેની કોઈ કઝા નથી.

**મસઅલો ૧૩૫૬** : નમાઝનો સમય વીતી ગયા બાદ જો કોઈ ને જાણ થાય કે જે નમાઝ પઢી હતી એ બાતિલ હતી, તો તેની કઝા બજાવી લાવવી જોઈએ.

**મસઅલો ૧૩૫૭** : જે શખ્સ ઉપર કઝા નમાઝ હોય, તેના માટે જરૂરી છે કે કઝા બજાવી લાવવામાં ઢીલ ન કરે, પણ તરત જ કઝા બજાવી લાવવી વાજિબ નથી.

**મસઅલો ૧૩૫૮** : જે શખ્સ ઉપર નમાઝની કઝા હોય, એ મુસ્તહબ નમાઝ પઢી શકે છે.

**મસઅલો ૧૩૫૯** : અગર કોઈ શખ્સને એવું ગુમાન હોય કે એના ઉપર કઝા નમાઝ બાકી છે, અથવા એ કે જે નમાઝ પઢી છે, તે સહીહ ન હતી, તો મુસ્તહબ છે કે એહતિયાતની નિય્યતથી એ નમાઝોની કઝા બજાવી લાવે.

**મસઅલો ૧૩૬૦** : રોજની નમાઝોની કઝા બજાવી લાવતી વખતે તરતીબ કે ક્રમ જાળવવાની જરૂરત નથી, પણ જો એક જ દિવસની ઝોહર અને અસ્ર અથવા મગરિબ અને ઈશાની કઝા બજાવી લાવવી હોય, તો તરતીબ જરૂરી છે, એટલે કે પહેલા ઝોહર પઢશે અને પછી અસ્ર પઢશે. એજ રીતે મગરિબ–ઈશા.

**મસઅલો ૧૩૬૧** : અગર કોઈ શખ્સ રોજની વાજિબ નમાઝો સિવાય બીજી નમાઝોની કઝા બજાવી લાવવા માંગતો હોય, જેમકે નમાઝે આયાતની કઝા બજાવી લાવવા માંગતો હોય, તો તેમાં તરતીબની જરૂરત નથી. અથવા, દાખલા તરીકે તેના ઉપર એક દિવસની નમાઝ કઝા હોય, અને અમુક એ સિવાયની નમાઝોની કઝા હોય, તો લાઝિમ નથી કે એને ક્રમવાર અદા કરે.

**મસઅલો ૧૩૬૨** : જે શખ્સને યકીન હોય કે એક ચાર રકાતવાળી નમાઝની કઝા બાકી છે, પણ તે ઝોહરની છે કે ઈશાની, એ યાદ ન હોય, તો જો એ એક ચાર રકાતવાળી નમાઝ એ નિય્યતથી પઢે કે જે નમાઝ ની કઝા છે તે બજાવી લાવે છે, તો કાફી ગણાશે અને એમાં તેને ઈખ્તીયાર રહેશે કે એ નમાઝ(માં કિરઅત) અવાજથી પઢે

અથવા આસ્તે પઢે.

**મસઅલો ૧૩૬૩** : જે શખ્સ ઉપર અમુક દિવસોની નમાઝે સુબ્હ અથવા નમાઝે ઝોહરની કઝા હોય, પણ ખબર ન હોય અથવા ભૂલી ગયો હોય કે કેટલી નમાઝો કઝા થઈ હતી, તો જેટલી ઓછી સંખ્યાનું અનુમાન હોય તેટલી અદા કરે તો કાફી ગણાશે. પણ બેહતર છે કે એટલી નમાઝો પઢે કે યકીન થાય કે બાકી રહેલી કઝાઓ પૂરી થઈ ગઈ છે. જેમકે, એ ભૂલી ગયો હોય કે કેટલી નમાઝે સુબ્હ કઝા થઈ હતી, પણ યકીન હોય કે દસથી વધુ નહી હોય, તો એહતિયાતન દસ નમાઝો પઢી લ્યે.

**મસઅલો ૧૩૬૪** : જેના ઉપર આગલા દિવસની કોઈ નમાઝ કઝા થઈ હોય, તેના માટે બેહતર છે કે જો નમાઝની ફઝીલતનો સમય નીકળી ન જતો હોય, તો આજના દિવસે પહેલા ગઈકાલની કઝા બજાવી લાવે, અને પછી આજની નમાઝો શરૂ કરે. એવી જ રીતે જો આગલા દિવસની કઝા ન હોય, પણ આજની એક અથવા એનાથી વધુ નમાઝો કઝા થઈ હોય, તો જો ફઝીલતનો સમય પસાર થઈ જતો ન હોય, તો બેહતર છે કે પહેલા આજની કઝા બજાવી લાવે, અને પછી અદા નમાઝો શરૂ કરે.

**મસઅલો ૧૩૬૫** : અગર નમાઝ દરમિયાન કોઈને યાદ આવે કે એક અથવા વધુ નમાઝો એ જ દિવસની કઝા બાકી છે, અથવા આગલા દિવસની માત્ર એક નમાઝ બાકી છે, તો જો નમાઝનો પુરતો સમય હોય, અને શક્યતા હોય કે નિય્યત ફેરવે, તો બેહતર છે કે કઝા નમાઝની

નિય્યત કરે, પણ એ શરત છે કે ફઝીલતનો સમય હાથમાંથી જતો ન રહે. દાખલા તરીકે, ઝોહરની નમાઝમાં ત્રીજી રકાતના રૂકૂઅ પહેલા યાદ આવે કે એ જ દિવસની નમાઝે સુબ્હ કઝા થઈ છે, અને જો નમાઝે ઝોહરની ફઝીલતનો સમય તંગ ન હોય, તો પોતાની નિય્યતને નમાઝે સુબ્હ માટે ફેરવી બે રકાતો બજાવી લાવે, અને ત્યારપછી નમાઝે ઝોહર અદા કરે. પણ જો ફઝીલતનો સમય તંગ હોય, અથવા નિય્યતને કઝા નમાઝ માટે ન બદલી શકાય, જેમકે, એ નમાઝે ઝોહરની ત્રીજી રકાતના રૂકૂઅ સુધી પહોંચી ગયો હોય, અને યાદ આવે કે નમાઝે સુબ્હની કઝા બાકી છે, જો હવે નિય્યતને ફેરવે તો એક રૂકૂઅ કે જે રૂકને વાજિબ છે તેનો વધારો થઈ જશે, તો એવા સંજોગમાં નિય્યતને નમાઝે સુબ્હની કઝા માટે ન બદલવી જોઈએ.

**મસઅલો ૧૩૬૬ :** અગર કોઈના ઉપર આગલા દિવસની અમુક કઝા નમાઝો બાકી હોય, અને એક અથવા એનાથી વધુ કઝાઓ એ જ દિવસની પણ હોય, તો જો એ બધી કઝાઓ પઢવા માટે એની પાસે સમય ન હોય, અથવા એ બધી કઝાઓ એ જ દિવસે ન પઢવા માંગતો હોય, તો મુસ્તહબ છે કે એ જ દિવસની કઝાઓ પઢીને પછી વાજિબ અદા નમાઝો શરૂ કરે.

**મસઅલો ૧૩૬૭ :** જયાં સુધી ઈન્સાન જીવે છે, ત્યાં સુધી કોઈ બીજો શખ્સ તેના વતી તેની કઝા નમાઝો પઢી શકતો નથી, ભલે પછી એ પોતે કઝાઓ પઢવા માટે અશક્ત હોય.

**મસઅલો ૧૩૬૮ :** કઝા નમાઝો જમાતની સાથે પઢી

શકાય છે, ચાહે નમાઝ પઢાવનારની નમાઝ અદા હોય કે કઝા હોય; અને એ પણ લાઝિમ નથી કે પઢાવનાર અને પઢનારની નમાઝ એક જ હોય, જેમકે, અગર નમાઝે જમાઅત પઢનાર નમાઝે સુબ્હની કઝા પઢી રહ્યો હોય, જયારે ઈમામની નમાઝે ઝોહર કે અસ્ર હોય, તો તેમા વાંધો નથી.

**મસઅલો ૧૩૬૯ :** જો બાળક સારા–નરસા સમજવાની વયે પહોંચ્યું હોય, એટલે કે નેક અને બદ પારખી શકતો હોય, ભલે હજી તે બાલિગ ન થયો હોય, તેને નમાઝો અને અન્ય ઈબાદતની ટેવ પાડવી મુસ્તહબ છે. બલ્કે મુસ્તહબ છે કે એવા બાળકને રહી ગયેલી નમાઝોની કઝા બજાવી લાવવાનું પ્રોત્સાહન આપે.

## મોટા દીકરા પર બાપની કઝા નમાઝો વાજિબ છે

**મસઅલો ૧૩૭૦ :** અગર ગુજરી ગયેલા બાપની નમાઝો રહી ગઈ હોય, અને જો એ પોતે તેની કઝા પઢવા શક્તિશાળી હોવા છતાં કઝા ન પઢી હોય, તો મોટા દીકરા ઉપર એહતિયાતે વાજિબની રૂએ તેની કઝા પઢવી વાજિબ છે, અથવા તેની અદાયગી માટે કોઈને ઉજરત આપી શકે છે. પણ તેમાં શરત એ છે કે બાપે પોતાની નમાઝો નાફરમાનીની નિય્યતે તર્ક ન કરી હોય, અને માની કઝા નમાઝો એના ઉપર વાજિબ નથી, પણ બેહતર છે કે તેની અદાયગી પણ કરે.

**મસઅલો ૧૩૭૧ :** અગર મોટા દીકરાને શક હોય કે બાપની કોઈ નમાઝ કઝા હતી કે નહીં, તો તેના ઉપર કોઈ અદાયગી વાજિબ નથી.

**મસઅલો ૧૩૭૨** : અગર મોટા દીકરાને ખબર હોય કે બાપની કઝા નમાઝો હતી, પણ એ વિશે શક હોય કે પિતાએ એ કઝાઓ પઢી હતી કે નહીં, તો એહતિયાતે વાજિબની રૂએ તે કઝા બજાવી લાવશે.

**મસઅલો ૧૩૭૩** : અગર એ બાબતે નિશ્ચિત ન હોય કે મોટો દીકરો કોણ છે, તો બાપની કઝા નમાઝો કોઈ પણ દીકરા ઉપર વાજિબ નહીં થાય, પણ અહતિયાતે મુસ્તહબ છે કે એની કઝા નમાઝો દીકરાઓ પોતાના વચ્ચે વહેંચણી કરીને અદા કરે. અથવા તેના માટે ચિઠ્ઠી નાખીને અંજામ આપે.

**મસઅલો ૧૩૭૪** : અગર મરનારે વસિયત કરી હોય કે તેની કઝા નમાઝો માટે કોઈને ઉજરત આપીને રોકવામાં આવે, જો એ વસિયત શરીઅતની રૂએ બરોબર હોય તો મોટા દિકરા ઉપર કોઈ ફરજ બાકી નહીં રહે.

**મસઅલો ૧૩૭૫** : અગર મોટો દિકરો પોતાની માની કઝા નમાઝો પઢવા માગે, તો અવાજથી અને આસ્તેથી કિરઅતનો જે હુકમ છે તેમાં પોતાની ફરજ મુજબ અમલ કરશે, તો માની નમાઝે સુબ્હ, મગરિબ અને ઈશાની કઝા પઢતી વખતે કિરઅત અવાજથી પઢશે.

**મસઅલો ૧૩૭૬** : જે શખ્સ ઉપર પોતાની કઝા નમાઝો બાકી હોય, તે અગર પોતાના માતાપિતાની કઝાઓ પણ પઢવા માંગતો હોય, તો બંનેમાંથી જે પહેલા અદા કરશે એ સહીહ ગણાશે.

**મસઅલો ૧૩૭૭** : અગર મોટો દીકરો બાપના મરણ સમયે નાબાલિગ હતો, અથવા દીવાનો હતો, તો બાલિગ થાય, અથવા દીવાનગી દૂર થતાં, તેના ઉપર બાપની

કઝા નમાઝો પઢવી વાજિબ નથી.

**મસઅલો ૧૩૭૮** : અગર મોટો દીકરો બાપની કઝા નમાઝો પઢવા પહેલા મરી જાય, તો બીજા દીકરા ઉપર કંઈપણ વાજિબ નથી.

## જમાઅતની નમાઝ

**મસઅલો ૧૩૭૯** : મુસ્તહબ છે કે વાજિબ નમાઝો, તેમાં ખાસ કરીને રોજની પંજગાના નમાઝો, જમાઅતની સાથે પઢવામાં આવે. અને નમાઝે સુબ્હ, મગરિબ અને ઈશા માટે વધુ તાકીદ થઈ છે, તેમાં ખાસ કરીને એવા લોકો માટે કે જે મસ્જિદના પાડોશમાં રહેતા હોય અને મસ્જિદની અઝાન સાંભળી શકતા હોય. અલબત્ત ચાંદ અને સૂરજના ગ્રહણની નમાઝે આયાત સિવાય બીજી નમાઝે આયાત તેમજ નમાઝે તવાફ માટે શરીઅતે નમાઝ જમાઅતથી પઢવાની ઈજાઝત આપી હોય તેવું સાબિત નથી થયું.

**મસઅલો ૧૩૮૦** : મોઅતબર હદીસોમાં છે કે જમાઅત સાથે પઢવામાં આવેલી નમાઝ, ફુરાદા એટલે કે એકલા પઢવામાં આવેલી નમાઝ કરતા પચ્ચીસ દરજજે બેહતર છે.

**મસઅલો ૧૩૮૧** : લાપરવાહી અને બેદરકારીની રૂએ નમાઝે જમાઅતમાં હાજર ન રહેવું જાઈઝ નથી, અને કોઈ પણ ઉઝર વગર નમાઝે જમાઅતને તર્ક કરવું યોગ્ય નથી.

**મસઅલો ૧૩૮૨** : અગર નમાઝે જમાઅતમાં જોડવવા માટે થોડીવાર સબ્ર કરવી પડે તો એ સબ્ર કરવી મુસ્તહબ

છે, અને જે નમાઝે જમાઅત મુખ્તસર પઢાતી હોય, તે લાંબી ફુરાદા નમાઝ કરતાં બેહતર છે, એવી જ રીતે નમાઝના અવ્વલે વખતે પઢાતી જમાઅતની નમાઝ ફુરાદા કરતાં બેહતર છે. અલબત્ત, ફઝીલતના સમય બાદ પઢાતી નમાઝે જમાઅતનું, ફઝીલતના સમયે પઢાતી ફુરાદા કરતાં બેહતર હોવું સાબિત નથી.

**મસઅલો ૧૩૮૩** : જયારે નમાઝે જમાઅત શરૂ થઈ હોય, ત્યારે જે શખ્સે પોતાની નમાઝ ફુરાદા પઢી લીધી હોય, તેના માટે ફરીવાર એ જ નમાઝ જમાઅતની સાથે પઢવી મુસ્તહબ છે, અને જો એને જાણ થાય કે એની પહેલી નમાઝ બાતિલ હતી, તો એની બીજી નમાઝ કાફી ગણાશે.

**મસઅલો ૧૩૮૪** : અગર નમાઝ પઢાવનાર અથવા પઢનાર એક વાર જમાઅતની સાથે નમાઝ પઢી લ્યે અને બીજી વાર એ જ નમાઝ જમાઅતની સાથે પઢવા માગે, તો તેનું મુસ્તહબ હોવું સાબિત નથી. અલબત્ત, ‘રજાઅ’ એટલે કે સારા કાર્યની ઉમ્મીદથી પઢે તો વાંધો નથી.

**મસઅલો ૧૩૮૫** : જે શખ્સને નમાઝમાં એટલે હદ સુધી વસવસો થતો હોય કે એની નમાઝ બાતિલ થઈ જતી હોય, અને માત્ર નમાઝે જમાઅતમાં જ એ વસવસાથી મુક્તિ પામતો હોય, તો તેના માટે જરૂરી છે કે જમાઅતની સાથે નમાઝ પઢે.

**મસઅલો ૧૩૮૬** : અગર મા અથવા બાપ પોતાની ઔલાદને નમાઝ જમાઅતની સાથે પઢવાનો હુકમ કરે છે, તો મુસ્તહબ છે કે ઔલાદ એ હુકમ મુજબ વર્તે.

હકીકત એ છે કે જયારે માબાપ શફક્ત અને વાત્સલ્ય પ્રેમથી હુકમ કરે, અથવા કોઈ બાબતની મનાઈ કરે, અને એમનો વિરોધ કરવાથી એમને દુઃખ થતું હોય, તો ઔલાદ ઉપર તેની નાફરમાની હરામ છે.

**મસઅલો ૧૩૮૭ :** એહતિયાતની રૂએ કોઈ પણ નમાઝે મુસ્તહબ જમાઅતની સાથે પઢી શકાતી નથી. પણ 'નમાઝે ઈસ્તીસ્કા' કે જે વરસાદ માટે પઢાય છે, તે જમાઅતની સાથે પઢી શકાય છે, એવી જ રીતે જે નમાઝ વાજિબ હતી, પણ અમુક કારણસર હાલ મુસ્તહબ છે, જેમકે, નમાઝે ઈદુલ ફિત્ર અને ઈદુલ અઝહા, કે જે ઈમામ અલય્હિસ્સલામની હાજરીમાં વાજિબ હતી, એમની ગૈબતનાં ઝમાનામાં મુસ્તહબ છે.

**મસઅલો ૧૩૮૮ :** જયારે નમાઝ પઢાવનાર રોજની વાજિબ નમાઝ પઢી રહ્યો હોય, ત્યારે તેની સાથે રોજની કોઈ પણ વાજિબ નમાઝ પઢી શકાય છે.

**મસઅલો ૧૩૮૯ :** અગર જમાઅત પઢાવનાર પોતાની પંજગાના નમાઝની કઝા પઢતો હોય, અથવા કોઈ ગુજરી ગયેલા શખ્સની કઝા પઢતો હોય, તો તેની સાથે નમાઝે જમાઅત પઢી શકાય છે. પણ જો એ પઢાવનાર પોતાની અથવા બીજાની કઝા એહતિયાત અથવા માત્ર ઝિમ્માામાંથી મુક્ત થવાની નિય્યતે પઢતો હોય, તો એની સાથે નમાઝે જમાઅત નહી પઢી શકાય, સિવાયકે ઈમામ અને મામૂમ (પઢાવનાર અને પઢનાર) બંને એહતિયાતની નિય્યતે નમાઝ પઢતા હોય, અને ઈમામ એ જ એહતેયાતને કારણે પઢતો હોય, જે કારણ

મામૂમને પણ લાગુ પડતુ હોય, અલબત, મામૂમ માટે એ જરૂરી નથી કે તેના એહતેયાત માટે બીજુ કોઈ કારણ ન હોય.

**મસઅલો ૧૩૯૦** : અગર કોઈને ખબર ન હોય કે જે નમાઝ ઈમામ પઢી રહ્યો છે તે વાજિબ પંજગાના નમાઝ છે અથવા મુસ્તહબ, તો તેની સાથે નમાઝે જમાઅત નહીં પઢી શકે.

**મસઅલો ૧૩૯૧** : નમાઝે જમાઅત સહીહ હોવાની શરતોમાંની એક એ છે કે ઈમામ અને મામૂમ વચ્ચે કોઈ અંતરાય કે અવરોધ ન હોય, એવી રીતે જે મામૂમના વાસ્તાથી ઈમામ સાથે જોડાણ હોય એ મામૂમ અને બીજા મામૂમ વચ્ચે પણ કોઈ અવરોધ ન હોવો જોઈએ. અવરોધથી મુરાદ દરેક એ વસ્તુ છે કે જે એકને બીજાથી છુટા પાડે, ચાહે એ અવરોધને કારણે એકબીજાને જોઈ ન શકે, જેમકે વચ્ચે પડદો કે દિવાલ હોય, અથવા જોઈ શકે, જેમકે, વચ્ચે કાચની દિવાલ હોય, અગર પૂરી નમાઝે જમાઅતમાં અથવા તે દરમિયાન કોઈ પણ સમયે, ઈમામ અને મામૂમ વચ્ચે, અથવા જે મામૂમ ઈમામ સાથે મુત્તસીલ (જોડાયેલ) હોય તેના અને બીજા મામૂમ વચ્ચે, કોઈ અવરોધ આવી જાય તો જમાઅત બાતિલ ગણાશે. અલબત્ત ઔરતોને એ હુકમ લાગુ પડતો નથી, અને તેની વિગત આગળ જતા આપવામાં આવશે.

**મસઅલો ૧૩૯૨** : અગર નમાઝે જમાઅતની સફ લાંબી હોવાને કારણે બંને બાજુએ ઊભા રહેલાઓ ઈમામને ન જોઈ શકે, તો વાંધો નથી, પણ એ ઈમામ

સાથે નમાઝ પઢી શકશે. ઉપરાંત પાછળની સફ લાંબી હોય, અને એને બંને બાજુએ ઊભા રહેલાઓ આગલી સફના નમાઝીઓને ન જોઈ શકે, તો પણ જમાઅતમાં જોડાઈ શકશે.

**મસઅલો ૧૩૯૩** : અગર જમાઅતની સફો એટલી હોય કે મસ્જિદના દરવાજા સુધી પહોંચી જાય, તો જે શખ્સ દરવાજાની સામે સફની પાછળ ઉભો હશે તેની નમાઝ સહીહ છે. એવી જ રીતે જે લોકો એની પાછળ ઉભા રહીને જમાઅતમાં જોડાશે, એ લોકોની પણ નમાઝ સહીહ છે. બલ્કે જે લોકો બે બાજુએ ઊભા હોય, અને કોઈ બીજા મામૂમ મારફતે ઈમામ સાથે એમનો સિલસિલો જોડાતો હોય, તો એમની નમાઝે જમાઅત પણ સહીહ ગણાશે.

**મસઅલો ૧૩૯૪** : જે શખ્સ કોઈ થાંભલા પાછળ ઊભો હોય, અને જમણા કે ડાબા હાથ તરફ કોઈ બીજા મામૂમ મારફતે ઈમામ સાથે જોડાએલો ન હોય, તો એ નમાઝે જમાઅત નહીં પઢી શકે.

**મસઅલો ૧૩૯૫** : ઈમામના ઊભા રહેવાની જગ્યા મામૂમની જગ્યાથી ઊંચી ન હોવી જોઈએ, પરંતુ જો એ ઊંચાણ નહીવત હોય તો વાંધો નથી, જો જમીન ઢાળવાળી હોય, તો ઈમામ એવી જગ્યાએ ઉભો રહે કે જે બાકીની જગ્યાઓ કરતા ઊંચી હોય અને તેનો ઢાળ વધારે ન હોય, તો વાંધો નથી.

**મસઅલો ૧૩૯૬** : અગર મામૂમની જગ્યા ઈમામની

જગ્યા કરતા ઊંચી હોય તો વાંધો નથી, પણ અગર એટલી ઊંચી હોય કે એક જગ્યાએ ભેગા થયા છે તેમ ન કહી શકાય તો નમાઝે જમાઅત સહીહ નથી.

**મસઅલો ૧૩૯૭** : નમાઝે જમાઅતની સફમાં ઊભેલા લોકો વચ્ચે, અગર કોઈ બાળક કે જે સારૂં નરસું સમજી, પારખી શકતો હોય, ઊભો રહે, અને જો એ બાળકની નમાઝ બાતિલ હોવાનું યકીન ન હોય, તો નમાઝે જમાઅત સહીહ ગણાશે. આ જ હુકમ એ ગૈર ઈસ્નાઅશરી માટે છે. જેની નમાઝ પોતાના મઝહબ પ્રમાણે બરોબર હોય.

**મસઅલો ૧૩૯૮** : ઈમામ જયારે તકબીરતુલ એહરામ કહી ચૂકયો હોય, અને આગળની સફ વાળાઓ નમાઝ માટે ઊભા થઈને તકબીર કહેવાની તૈયારીમાં હોય, ત્યારે તેની પાછળની સફવાળાઓ તકબીર કહી શકે છે, પણ એહતિયાતે મુસ્તહબ છે કે પાછલી સફવાળાઓ, આગળની સફવાળાઓના તકબીર કહેવા સુધી ઈન્તેઝાર કરે.

**મસઅલો ૧૩૯૯** : અગર ખબર હોય કે આગળની સફોમાં એક સફની નમાઝ બાતિલ છે, તો પાછળની સફમાં જોડાઈને જમાઅત નહીં પઢી શકાય, પણ જો ખબર ન હોય કે એ લોકોની નમાઝ સહીહ છે કે નહીં, તો જમાઅતમાં જોડાઈ શકાશે.

**મસઅલો ૧૪૦૦** : જયારે કોઈને ખબર હોય કે ઈમામની નમાઝ બાતિલ છે, જેમકે, એ જાણતો હોય કે ઈમામનું વઝુ બાકી નથી, ચાહે એ તરફ ઈમામનું પોતાનું ધ્યાન ન રહ્યું હોય, તો પણ એ ઈમામ સાથે જમાઅતમાં

નહીં જોડાઈ શકે.

**મસઅલો ૧૪૦૧** : અગર નમાઝે જમાઅત બાદ મામૂમને જાણ થાય કે ઈમામ આદિલ ન હતો, અથવા કાફિર હતો, અથવા કોઈ કારણસર એની નમાઝ બાતિલ હતી, જેમકે, વઝુ વગર નમાઝ પઢી રહ્યો હતો. તો મામૂમની નમાઝ સહીહ છે.

**મસઅલો ૧૪૦૨** : નમાઝ દરમિયાન જો કોઈ ને શક થાય કે એ જમાઅતની નિય્યતથી નમાઝ પઢે છે કે નહીં, તો જો પોતાની નમાઝમાં જમાઅતની નિશાની જોઈને ઈત્મીનાન પામે, જેમકે, ઈમામની કિરઅતને શાંતીથી સાંભળી રહ્યો હોય, તો એ જમાઅતની નમાઝ સમજીને નમાઝ પૂરી કરશે. એ સિવાયના સંજોગમાં પોતાની નમાઝને ફુરાદા સમજી ને પૂરી કરશે.

**મસઅલો ૧૪૦૩** : અગર જમાઅત દરમિયાન મામૂમ છુટા પડીને ફુરાદાની નિય્યત કરે, તો તેની જમાઅતની નમાઝ સહીહ હોવામાં ઈશ્કાલ છે, પણ તેની નમાઝ સહીહ રહેશે, સિવાય એવા સંજોગમાં કે જયારે ફુરાદા નમાઝની ફરજ તેણે અદા ન કરી હોય, તો એહતિયાતે વાજિબની રૂએ નમાઝ દોહરાવશે (બીજી વખત પઢશે) પણ અગર કોઈ એવી ચીજ ઓછી વધારે કરે. જે ભૂલથી કરવાથી નમાઝને બાતિલ ન થતી હોય. જેમકે, અગર પહેલેથી છુટા પડીને ફુરાદાનો ઈરાદો ન હોય અને એ કારણે કિરઅત ન પઢી હોય, પણ રૂકૂઅમાં પહોંચીને છુટા પડવાનો ઈરાદો થાય, તો નમાઝને ફુરાદા તરીકે પૂરી કરી શકશે, અને

નવેસરથી નમાઝ પઢવાની જરૂરત નથી. આ જ રીતે પેશનમાઝની પૈરવીમાં એક સજદો વધારે થઈ ગયો હોય તો પણ આ જ હુકમ છે.

**મસઅલો ૧૪૦૪** : અગર ઈમામ અલહમ્દ અને બીજો સૂરો પઢી લીધા બાદ કોઈ ઉઝરને કારણે મામૂમ ફુરાદાની નિય્યત કરે, તો તેના માટે કિરઅત પઢવી લાઝિમ નથી. પણ ઈમામની કિરઅત પૂરી થવા પહેલાં ફુરાદાની નિય્યત કરે, તો એહતિયાતે વાજિબની રૂએ અલહમ્દ અને બીજો સૂરો પઢવો તેના ઉપર પણ વાજિબ થશે.

**મસઅલો ૧૪૦૫** : જે શખ્સ એક વાર જમાઅતની નમાઝ દરમિયાન ફુરાદાની નિય્યત કરી લ્યે તે ફરીથી એ જમાઅતની નિય્યત નહી કરી શકે, પણ જો નક્કી ન કરી શક્યો હોય કે ફુરાદાની નિય્યત કરે કે નહી અને પછી નિશ્ચય કરે કે જમાઅતની સાથે નમાઝ પૂરી કરશે, તો પણ એહતિયાતે વાજિબની રૂએ આ જ હુકમ છે.

**મસઅલો ૧૪૦૬** : અગર કોઈ શક કરે કે નમાઝે જમાઅત દરમિયાન એણે ફુરાદાની નિય્યત કરી હતી કે નહી,તો એમ જ સમજે કે ફુરાદાની નિય્યત કરી નથી.

**મસઅલો ૧૪૦૭** : અગર કોઈ શખ્સ એવા સમયે નમાઝે જમાઅતમાં જોડાય કે જયારે ઈમામ રૂકૂઅમાં હોય, ભલે પછી ઈમામ ઝિક્ર પૂરો કરી ચૂકયા હોય, તો પણ એની નમાઝ સહીહ ગણાશે, અને એની એક રકાત અદા થઈ ગણાશે. પણ જો એ રૂકૂઅ માટે હજી નમી રહ્યો હોય અને ઈમામ રૂકૂઅમાંથી માથું ઉંચકી લ્યે. તો એ પોતાની

નમાઝને ફુરાદા નિય્યતથી પૂરી કરી શકે છે (અથવા) આગલી રકાતમાં જમાઅતમાં જોડાવા માટે નમાઝ તોડી શકશે.

**મસઅલો ૧૪૦૮** : જે મામૂમ એવા સમયે જમાઅતમાં જોડાય કે ઈમામ રૂકૂઅમાં હોય, પણ શક કરે કે ઈમામના રૂકૂઅ સમયે પોતે રૂકૂઅ સુધી પહોંચી ગયો હતો કે નહીં; તો જો સમય અને મૌકો વીતી ગયો હોય, જેમકે રૂકૂઅ પૂરી કર્યા બાદ શક કરે, તો એની નમાઝે જમાઅત સહીહ છે. એ સિવાયના સંજોગમાં એ મામૂમ ફુરાદાની નિય્યતથી નમાઝ પૂરી કરી શકશે (અથવા) આગલી રકાતમાં જમાઅતથી જોડાવા માટે નમાઝ તોડી શકશે.

**મસઅલો ૧૪૦૯** : અગર કોઈ શખ્સ એવા સમયે જમાઅતમાં જોડાય કે જયારે ઈમામ રૂકૂઅમાં હોય, પણ એ પોતે રૂકૂઅ સુધી પહોંચે તે પહેલાં ઈમામ માથું ઊંચકી લ્યે, તો એને ઈખ્તીયાર છે કે ચાહે ફુરાદાની નિય્યત કરીને નમાઝ પૂરી કરે અથવા ચાહે તો કુરબતની નિય્યતથી ઈમામની સાથે સજદામાં જાય, અને જયારે ઈમામ પાછા ઉભા થાય ત્યારે એ તકબીરતુલ એહરામ સિવાય એક ઝિક્ર રૂપે બીજી તકબીર કહીને નમાઝે જમાઅત પઢે અથવા આગલી રકાતમાં જમાઅત સાથે જોડાવા માટે નમાઝ તોડી શકે છે.

**મસઅલો ૧૪૧૦** : અગર કોઈ શખ્સ પહેલેથી અથવા કિરઅત સમયે નમાઝે જમાઅતમાં જોડાય, અને પછી એવું બને કે પોતે રૂકૂઅમાં જાય એથી પહેલા ઈમામ

રૂકૂઅમાંથી માથું ઊંચકી લ્યે, તો એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૧૪૧૧** : અગર કોઈ શખ્સ એવા સમયે પહોંચે કે ઈમામ છેલ્લી તશહહુદ પઢી રહ્યા હોય, તો જો એ જમાતનો સવાબ હાંસિલ કરવા માંગતો હોય તો નિય્યત અને તકબીરતુલ એહરામ કહીને બેસી જાય, અને કુરબતની નિય્યતથી ઈમામની સાથે તશહહુદ પઢે, પણ સલામ ન પઢે, ઈમામ સલામ પૂરી કરે ત્યાં સુધી સબ્ર કરી ઉભો થાય, અને બીજી વાર નિય્યત કે તકબીર કહ્યા વગર કિરઅત શરૂ કરી પોતાની પહેલી રકાત ગણે.

**મસઅલો ૧૪૧૨** : મામૂમ માટે જરૂરી છે કે ઈમામની આગળ ન ઊભો રહે, બલ્કે એહતિયાતે વાજિબ છે કે જો ઘણા મામૂમ હોય તો એ લોકો ઈમામની સાથે એક જ હરોળ કે સફમાં ઊભા ન રહે. પણ જો એક જ પુરૂષ મામૂમ હોય અને એ ઈમામની હારમાં ઉભો રહી જાય, તો વાંધો નથી.

**મસઅલો ૧૪૧૩** : અગર ઈમામ પુરૂષ અને મામૂમ સ્ત્રી હોય એમના વચ્ચે કોઈ પડદો કે દિવાલરૂપે અવરોધ હોય તો વાંધો નથી એવી જ રીતે સ્ત્રી અને બીજા પુરૂષ મામૂમ વચ્ચે અવરોધ હોય, ભલે પછી સ્ત્રીને એ પુરૂષ મામૂમ મારફતે ઈમામ સાથે સિલસિલો મળતો હોય, તો પણ વાંધો નથી.

**મસઅલો ૧૪૧૪** : અગર નમાઝ શરૂ કર્યા બાદ ઈમામ અને મામૂમ વચ્ચે અવરોધ ઉત્પન્ન થાય, અથવા જે મામૂમથી ઈમામ સાથે જોડાણ થાય છે, એના અને બીજા મામૂમ વચ્ચે અવરોધ ઉત્પન્ન થાય, તો નમાઝે જમાઅત

બાતિલ થશે, અને મામૂમ માટે જરૂરી છે કે ફુરાદા નમાઝની ફરજો મુજબ અમલ કરે.

**મસઅલો ૧૪૧૫** : એહતિયાતે વાજિબ છે કે મામૂમની સજદાની જગ્યા અને ઈમામના ઉભા રહેવાની જગ્યા વચ્ચે એક પગલાથી વધુ અંતર ન હોવું જોઈએ, એવી જ રીતે જે મામૂમ વડે ઈમામ સાથે જોડાણ થાય છે, તેના સજદાની જગ્યા અને તેની પાછળના મામૂનની ઊભા રહેવાની જગ્યા વચ્ચે વધારે અંતર ન હોવું જોઈએ. બલ્કે એહતિયાતે મુસ્તહબ છે કે જ્યાં મામૂમ ઉભો હોય, ત્યાંથી સામેના મામુમના ઊભા રહેવાની જગ્યા વચ્ચે, સજદાની હાલતમાં ઈન્સાનનું શરીર જેટલી જગ્યા રોકે એથી વધારે અંતર ન હોવું જોઈએ.

**મસઅલો ૧૪૧૬** : અગર કોઈ મામૂમ નમાઝે જમાઅતમાં પોતાની ડાબી અથવા જમણી બાજુએ ઊભેલા નમાઝીઓ મારફતે ઈમામ સાથે જોડાયેલો હોય, અને એની આગળની સફમાં કોઈ મારફતે ઈમામ સાથે જોડાયેલો ન હોય, તો એહતિયાતે વાજિબની રૂએ તેની ડાબી અથવા જમણી બાજુએ નમાઝી જે મામૂન મારફત નમાઝે જમાઅતમાં જોડાયેલ હોય તેના અને પોતાના વચ્ચે વધુમાં વધુ એક પગલાથી વિશેષ અંતર ન હોવું જોઈએ.

**મસઅલો ૧૪૧૭** : અગર નમાઝ દરમિયાન ઈમામ અને મામૂમ વચ્ચે એક પગલાથી વધુ ફાસલો થઈ જાય, તો મામૂમ છુટો પડી પોતાની નમાઝને ફુરાદાની નિય્યતથી

પૂરી કરી શકશે. એવી જ રીતે જે મામૂમ મારફતે ઈમામ સાથે સિલસિલો જોડાતો હોય, તેના અને બીજા મામૂમ વચ્ચેનું અંતર એક પગલાથી વધી જાય, તો એ જ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૧૪૧૮** : અગર આગલી સફના તમામ નમાઝીઓની નમાઝ પૂરી થઈ જાય, અને તરતજ બીજી નમાઝ માટે ઈમામ સાથે ન જોડાય, તો પાછલી સફમાં ઊભા રહેલાઓની જમાઅત બાતિલ થશે. બલ્કે ઉપરોક્ત સંજોગમાં જો આગલી સફવાળાઓ તરત જ બીજી નમાઝ માટે જમાઅતમાં જોડાય જાય, તો પણ પાછળથી સફમાં ઊભા રહેલાઓની નમાઝે જમાઅત સહીહ હોવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૧૪૧૯** : અગર કોઈ શખ્સ ઈમામની બીજી રકાતમાં જોડાય, તો કિરઅત પઢવી જરૂરી નથી. પણ કુનૂત અને તશહહુદ સાથે પઢી શકશે અને એહતિયાત છે કે તશહહુદ વખતે હાથની આંગળીઓ અને પગના તળીયાને જમીન ઉપર ટેકી, ગોઠણ ઊંચા કરે, અને ઈમામ તશહહુદ પઢી લ્યે ત્યારે એની સાથે ઉભા થઈને અલહમ્દ અને બીજો સૂરો પઢે, જો બંને સૂરા પઢવા માટે પૂરતો સમય ન હોય, તો માત્ર અલહમ્દ પઢી ઈમામની સાથે રૂકૂઅમાં પહોંચી જાય, અને જો અલહમ્દ માટે પણ સમય ન હોય તો તેને અધૂરો મૂકીને ઈમામ સાથે રૂકૂઅમાં પહોંચી જાય. પણ એહતિયાતે મુસ્તહબ છે કે આ સંજોગમાં નમાઝને ફુરાદા નિય્યતથી પૂરી કરે.

**મસઅલો ૧૪૨૦** : જયારે ઈમામની ચાર રકાતવાળી નમાઝ હોય, અને કોઈ શખ્સ બીજી રકાતમાં જોડાય, તો પોતાની બીજી અને ઈમામની ત્રીજી રકાતમાં બે સજદા બાદ બેસીને વાજિબ તશહહુદ પઢે, અને પછી ઉભા થઈને ત્રણ વાર તસ્બીહાતે અરબા પઢે, પણ જો ત્રણ વાર પઢવા જેટલો સમય ન હોય, તો એક જ વાર પઢીને ઈમામની સાથે રૂકૂઅમાં પહોંચી જાય.

**મસઅલો ૧૪૨૧** : અગર ઈમામની ત્રીજી અથવા ચોથી રકાત હોય, અને મામૂમ જાણતો હોય કે જો એ વખતે કયામની હાલતમાં જોડાશે અને અલ્હમ્દો તથા સૂરો પઢશે તો ઈમામની સાથે રૂકૂઅમાં નહી પહોંચી શકે તો એહતિયાતે વાજિબ છે કે ઈમામ રૂકૂઅમાં જાય ત્યાં સુધી સબ્ર કરીને જોડાય.

**મસઅલો ૧૪૨૨** : અગર કોઈ શખ્સ ઈમામની ત્રીજી અથવા ચોથી રકાતમાં કયામની હાલતમાં જોડાય, તો તેના માટે અલહમ્દ અને બીજો સૂરો પઢવો જરૂરી છે, અને જો બીજો સૂરો પઢવા જેટલો સમય ન હોય, તો માત્ર અલહમ્દનો સૂરો પઢીને ઈમામ સાથે રૂકૂઅમાં પહોચી જાય, અને જો સૂરએ અલહમ્દ માટે પણ સમય તંગ હોય તો તેને અધૂરો મૂકીને રૂકૂઅમાં શામીલ થઈ જાય. પણ આ સંજોગમાં એહતિયાતે મુસ્તહબ છે કે ફુરાદાની નિય્યત કરીને નમાઝ ખતમ કરે

**મસઅલો ૧૪૨૩** : જે શખ્સ જાણતો હોય કે બીજો સૂરો અથવા કુનૂત કરવા જતાં ઈમામ સાથે રૂકૂઅમાં શામીલ

નહીં થઈ શકે, તો અગર જાણી બુજીને એ પ્રમાણે વર્તે અને રૂકૂઅ સુધી ન પહોંચે, તો તેની જમાઅત બાતિલ છે, અને એને ફુરાદા નમાઝના હુકમ પ્રમાણે અમલ કરવો પડશે.

**મસઅલો ૧૪૨૪** : જે શખ્સને ઈત્મીનાન હોય કે જો સૂરો શરૂ કરશે, અથવા એને પૂરો કરશે તો ઈમામ સાથે રૂકૂઅમાં જોડાઈ શકશે, તો જો બહુ વાર લાગવાની ન હોય તો બેહતર છે કે સૂરાને શરૂ કરે, અને જો શરૂ કરી ચૂકયો હોય, તો પૂરો કરે. પણ જો ઘણી વાર લાગવાની હોય, એટલે સુધી કે જમાઅતનું સ્વરૂપ બાકી ન રહેવા પામે, તો બહેતર છે કે શરૂ ન કરે, અને જો શરૂ કરી ચૂકયો હોય તો તેને મૂકી આપે. નહિતર જમાઅત બાતિલ છે પણ મસઅલા ૧૪૦૩માં બતાવ્યા મુજબ અમલ કરશો તો તેની નમાઝ સહીહ થશે.

**મસઅલો ૧૪૨૫** : જે શખ્સ ને ખાતરી હોય કે સૂરો પઢીને ઈમામ સાથે રૂકૂઅમાં શામીલ થઈ શકશે. અને જમાઅતનું સ્વરૂપ જળવાશે, જો તે સૂરો પઢે અને ઈમામ સાથે રૂકૂઅમાં ન પહોંચી શકે તો આ સંજોગોમાં તેની જમાઅત સહીહ છે.

**મસઅલો ૧૪૨૬** : ઈમામ કયામની હાલતમા હોય, અને મામૂનને જાણ ન હોય કે કઈ રકાઅતમાં છે, તો એ જોડાઈ શકે છે, પણ એહતિયાતે વાજિબની રૂએ જરૂરી છે કુરબતની નિય્યતથી અલ હમ્દ અને સૂરો પઢશે.

**મસઅલો ૧૪૨૭** : અગર કોઈ શખ્સ એમ ધારીને કે

ઈમામની પહેલી અથવા બીજી રકાત છે, કિરઅત ન પઢે અને રૂકૂઅ બાદ એને ખબર પડે કે એ ત્રીજી અથવા ચોથી રકાત હતી. તો તેની નમાઝ સહીહ છે. પણ જો રૂકૂઅ પહેલાં ખબર પડે, તો કિરઅત પઢી લેવી જોઈએ, અને જો તે માટે સમય ન હોય તો મસઅલો ૧૪૨૨માં જણાવ્યા મુજબ અમલ કરે.

**મસઅલો ૧૪૨૮** : અગર કોઈ શખ્સ એમ ધારીને કે ઈમામની ત્રીજી અથવા ચોથી રકાત છે, કિરઅત પઢી નાખે અને રૂકૂઅ પહેલા યા પછી ખબર પડે કે પહેલી અથવા બીજી રકાત હતી, તો એની નમાઝ સહીહ છે, અને કિરઅત દરમિયાન ખબર પડે, તો કિરઅતને જારી રાખવું લાઝિમ નથી.

**મસઅલો ૧૪૨૯** : અગર કોઈ શખ્સ મુસ્તહબ નમાઝ પઢી રહ્યો હોય અને ત્યારે જો નમાઝે જમાઅત બરપા થાય, અને એને ઈત્મીનાન ન હોય કે મુસ્તહબ નમાઝ પૂરી કરીને નમાઝે જમાઅતમાં જોડાઈ શકશે, તો મુસ્તહબ છે કે નમાઝને મૂકીને નમાઝે જમાઅતમાં જોડાય, ભલે પછી પહેલી રકાતમાં જોડાવા માટે જ હોય.

**મસઅલો ૧૪૩૦** : અગર કોઈ શખ્સ ત્રણ અથવા ચાર રકાતવાળી નમાઝમાં હોય અને એજ સમયે નમાઝે જમાઅત બરપા થાય, તો અગર ત્રીજી રકાતના રૂકૂઅ સુધી ન પહોંચ્યો હોય, અને નમાઝ ખત્મ કરવા જતાં નમાઝે જમાઅતમાં શરીક થવાની આશા ન હોય, તો મુસ્તહબ છે કે મુસ્તહબ નમાઝ માટે નિય્યત ફેરવી બે

રકાતો પૂરી કરે, અને પોતાને નમાઝે જમાઅતમાં શામિલ કરે.

**મસઅલો ૧૪૩૧** : અગર ઈમામની નમાઝ પૂરી થઈ ગઈ હોય, પણ મામૂન હજી તશહહુદ કે પહેલી સલામ પઢી રહ્યો હોય, તો ફુરાદાની નિય્યત કરવી જરૂરી નથી.

**મસઅલો ૧૪૩૨** : જે માણસની એક રકાઅત હજી પઢવાની બાકી હોય, તેના માટે બેહતર છે કે જયારે ઈમામ છેલ્લી રકાઅતનો તશહહુદ પઢી રહ્યો હોય ત્યારે એ બંને હાથની આંગળીઓ અને પગના તળીયાને જમીન ઉપર ટેકાવી ગોઠણો ઊંચા રાખે, અને ઈમામ સલામ પઢી લ્યે ત્યા સુધી ઈન્તેઝાર કરીને પછી ઉભો થાય, અલબત્ત અગર એ ઈન્તેઝાર કર્યા વગર તરતજ ઉભો થઈને ફુરાદાની નિય્યત કરવા માંગતો હોય, તો તેમાં વાંધો નથી.

## ઈમામે જમાઅતની શરતો

**મસઅલો ૧૪૩૩** : નમાઝે જમાઅતના ઈમામ માટે નીચે જણાવેલી શરતો પૂરી થવી જોઈએઃ

(૧) એ બાલિગ અને અક્કલમંદ હોવો જોઈએ.

(૨) શિયા ઈસ્નાઅશરી હોવો જોઈએ.

(૩) આદિલ હોવો જોઈએ.

(૪) હલાલઝાદો હોવો જોઈએ.

(૫) નમાઝ સહીહ રીતે પઢતો હોવો જોઈએ.

(૬) મામૂમ અગર પુરૂષ હોય, તો ઈમામ માટે પણ પુરૂષ હોવું જરૂરી છે.

દસ વર્ષની વયનો નવયુવાન નમાઝ પઢાવી શકે એવો પણ ઉલ્લેખ થયો છે, પણ તે મારી નજરે ઈશ્કાલથી ખાલી નથી. આદિલ તે છે જે વાજિબ કામો અંજામ આપતો હોય અને હરામ કામોથી બચતો હોય. તેની નિશાની એ છે કે તેનું જાહેરી ચાલ-ચલન સારૂ હોય, (નેક ચાલ ચલન) વિરૂધ્ધ કોઈ વાતની માહિતી ન હોય.

**મસઅલો ૧૪૩૪** : જે ઈમામને કોઈ આદિલ તરીકે જાણતો હતો, પછી શક થાય કે હજી પોતાની અદાલત ઉપર એ બાકી હશે કે નહીં, તો તે એવા ઈમામ સાથે નમાઝે જમાઅત પઢી શકશે.

**મસઅલો ૧૪૩૫** : જે શખ્સ ઊભા ઊભા નમાઝ પઢી શકતો હોય, તે બેસીને અથવા સૂઈને નમાઝ અદા કરનાર ઈમામની સાથે જમાઅત નહીં પઢી શકે, અને જે બેસીને નમાઝ અદા કરતો હોય, તે સુતા સુતા નમાઝ પઢનાર ઈમામ સાથે નહીં જોડાઈ શકે.

**મસઅલો ૧૪૩૬** : જે શખ્સ બેસીને નમાઝ પઢી રહ્યો હોય, એ બેસીને નમાઝ અદા કરનાર ઈમામ સાથે જમાઅત પઢી શકે છે. પણ જે સૂતા સૂતા નમાઝ અદા કરતો હોય, તેના માટે ઉભા રહીને કે બેસીને કે સૂઈને નમાઝ પઢનાર ઈમામ સાથે જમાઅત પઢવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૧૪૩૭** : અગર ઈમામ કોઈ ઉઝરને કારણે નજિસ લિબાસ સાથે, અથવા તયમ્મુમ કરીને, અથવા જબીરા વઝુ સાથે નમાઝ અદા કરતો હોય તો તેની સાથે

જમાઅતની નમાઝ થઈ શકે છે.

**મસઅલો ૧૪૩૮** : અગર ઈમામ એવી બીમારીમાં મુબ્તેલા હોય કે જેને કારણે એ પેશાબ કે પાયખાનાને રોકી ન શકતો હોય તો તેની સાથે નમાઝે જમાઅત પઢી શકાય છે. એવી જ રીતે અગર મુસ્તહાઝા ઔરત ઈમામ તરીકે જમાઅત પઢાવતી હોય, તો તેની સાથે જે ઔરત મુસ્તહાઝા ન હોય, તેની સાથે નમાઝે જમાઅત પઢી શકે છે.

**મસઅલો ૧૪૩૯** : જે શખ્સ કોઢ અથવા રક્તપિતની બીમારીથી પીડિત હોય, તેના માટે બેહતર છે કે જમાઅતનો ઈમામ ન થાય, અને જેના ઉપર શરીઅત મુજબ કોઈ હદ જારી થઈ હોય ભલે પછી તેને તૌબા કરી લીધી હોય તો પણ તેવા ઈમામ સાથે એહતિયાતે વાજિબની રૂએ નમાઝે જમાઅત ન પઢવી જોઈએ.

## નમાઝે જમાઅતના એહકામ

**મસઅલો ૧૪૪૦** : જયારે મામૂમ નિય્યત કરે ત્યારે જે ઈમામ સાથે નમાઝ પઢી રહ્યો હોય, તેને નક્કી કરે, પરંતુ તેનું નામ જાણવું જરૂરી નથી. અગર એમ નિય્યત કરે કે જે ઈમામે જમાઅત મોજૂદ છે તેની સાથે નમાઝે જમાઅત પઢી રહ્યો છે, તો એની નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૧૪૪૧** : નમાઝે જમાઅતમાં કિરઅત સિવાય મામૂમે દરેક ઝિક્ર વિગેરે પોતે પઢવું જોઈએ. પણ જો ઈમામની ત્રીજી અથવા ચોથી રકાત હોય, અને પોતાની

પહેલી અથવા બીજી રકાત હોય, તો જરૂરી છે કે મામૂમ અલહમ્દ અને બીજો સૂરો પઢે.

**મસઅલો ૧૪૪૨** : ઈમામની નમાઝે સુબ્હ, મગરિબ અને ઈશામાં અગર મામૂમ કિરઅત સાંભળી શકતો હોય, ભલે પછી એ બહુ સ્પષ્ટપણે ન હોય, તો પણ શાંતિથી સાંભળવું જોઈએ, અને કિરઅત ન પઢવી જોઈએ, અને જો ઈમામની કિરઅત ન સંભળાતી હોય, તો મુસ્તહબ છે કે પોતે કિરઅત પઢે, પણ તદ્દન ધીમા અવાજે પઢે. અલબત્ત, જો ભૂલથી અવાજ ઊંચો થઈ જાય તો વાંધો નથી.

**મસઅલો ૧૪૪૩** : અગર મામૂમ ઈમામની કિરાઅતનો અમુક ભાગ સાંભળી શકતો હોય, તો જેટલો ભાગ સંભળાતો ન હોય એટલો ભાગ પોતે પઢી શકે છે.

**મસઅલો ૧૪૪૪** : અગર કોઈ શખ્સ ભૂલથી કિરઅત પઢે, અથવા એમ ધારીને કે જે અવાજ એ સાંભળી રહ્યો છે, એ ઈમામનો નથી, કિરઅત પઢી નાખે, અને પછી ખબર પડે કે એ ઈમામનો જ અવાજ હતો, તો એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૧૪૪૫** : અગર કોઈને શક હોય કે ઈમામનો અવાજ એને સંભળાય છે કે નહીં, અથવા અવાજ સંભળાતો હોય, પણ એને જાણ ન હોય કે એ અવાજ ઈમામનો છે અથવા બીજા કોઈનો, તો એવી હાલતમાં પોતે કિરઅત પઢી શકે છે.

**મસઅલો ૧૪૪૬** : નમાઝે ઝોહર અને અસ્રની પહેલી અને બીજી રકાતમાં એહતિયાત છે કે મામૂમ કિરઅત ન પઢે અને મુસ્તહબ છે કે એની જગ્યાએ ઝિક્ર કરે.

**મસઅલો ૧૪૪૭** : મામૂમે ઈમામથી પહેલા તકબીરતુલ એહરામ ન કહેવું જોઈએ. બલ્કે એહતિયાતે મુસ્તહબ છે કે જયાં સુધી ઈમામની તકબીર પૂરી ન થાય ત્યાં સુધી પોતે તકબીર ન કહે.

**મસઅલો ૧૪૪૮** : અગર મામૂમ ભૂલથી ઈમામની પહેલા સલામ પઢી લ્યે તો એની નમાઝ સહીહ છે. અને ફરીથી ઈમામની સાથે સલામ પઢવી લાઝિમ નથી. બલ્કે જો જાણીજોઈને પણ ઈમામની પહેલાં સલામ પઢે, તો ઈશ્કાલ નથી.

**મસઅલો ૧૪૪૯** : તકબીરતુલ એહરામ સિવાય બાકીની વસ્તુઓ અગર ઈમામથી પહેલા પઢે તો તેમાં વાંધો નથી, પણ જો એ ઈમામને સાંભળતો હોય, અથવા એને ખબર હોય કે ઈમામ ક્યારે ફલાણી વસ્તુ પઢશે, તો એહતિયાતે મુસ્તહબ છે કે ઈમામથી પહેલાં ન પઢે.

**મસઅલો ૧૪૫૦** : નમાઝમાં પઢાતી વસ્તુઓને બાદ કરતા, નમાઝમાં જેટલા કાર્યો અને અમલ છે, જેમકે રૂકૂઅ, સજદા વિગેરે, તે માટે જરૂરી છે કે મામૂમ ઈમામની સાથે અથવા થોડીક વાર બાદ અંજામ આપે. અગર કોઈ મામૂમ જાણીબુજીને ઈમામથી પહેલાં અથવા ઘણી ઢીલ બાદ બજાવી લાવે, તો તેની જમાઅત બાતિલ ગણાશે. પણ જો ફુરાદાના હુકમ મુજબ નમાઝ જારી રાખે, તો તેની

નમાઝ સહીહ ગણાશે. જે રીતે મસઅલા નંબર ૧૪૦૩માં બયાન થઈ ચુક્યું.

**મસઅલો ૧૪૫૧** : અગર કોઈ શખ્સ ભૂલથી ઈમામથી પહેલાં રૂકૂઅમાંથી માથું ઊંચકી લ્યે, તો અગર ઈમામ હજી રૂકૂઅમાં હોય, તો એના માટે એહતિયાત છે કે પાછો રૂકૂઅમાં જાય, અને ઈમામની સાથે માથું ઊંચકે, આવા સંજોગમાં જો કે રૂકનમાં વધારો થવાથી પણ નમાઝ બાતિલ નહીં થાય, પણ જો રૂકૂઅમાં ન જાય તો એહતિયાતની રૂએ જમાઅત બાતિલ થશે પણ જો મસઅલા ૧૪૦૩માં બતાવ્યા મુજબ અમલ કરશે તો તેની નમાઝ સહીહ રહેશે પણ જો એ રૂકૂઅમાં જવા માટે જૂકે, અને ઈમામ સાથે જોડાઈ એથી પહેલાં ઈમામ રૂકૂઅથી ઉભો થઈ જાય, તો મામૂમની નમાઝ એહતિયાતની રૂએ બાતિલ છે.

**મસઅલો ૧૪૫૨** : અગર કોઈ શખ્સ ભૂલથી માથું ઉપાડે, અને જુએ કે ઈમામ હજી સજદામાં છે, તો એહતિયાતની રૂએ એ પાછો સજદામાં જશે. અને બંને સજદામાં એવું બને. જો કે બે સજદા સાથે મળીને રૂકન છે, પણ એની નમાઝ બાતિલ નહીં થાય.

**મસઅલો ૧૪૫૩** : જે શખ્સે ઈમામથી પહેલાં ભૂલથી માથું ઉપાડી લીધુ હોય, અને ફરી સજદો કરે ત્યારે એને ખબર પડે કે ઈમામે માથું ઉપાડી લીધુ છે, તો એની નમાઝ સહીહ છે. પણ જો એ રીતે બંને સજદામાં બને, તો એહતિયાતની રૂએ એની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૪૫૪** : અગર કોઈ શખ્સ ભૂલથી સજદા

અથવા રૂકૂઅમાંથી ઈમામથી પહેલાં માથું ઉચકી લ્યે, અને પછી એમ ધારીને કે ફરી ઈમામ સાથે નહીં જોડાઈ શકે એ રૂકૂઅ અથવા સજદામાં પાછો ન જાય, તો એની જમાઅત અને નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૧૪૫૫** : અગર કોઈ શખ્સ ઈમામથી પહેલા સજદામાંથી માથું ઉપાડી લ્યે અને જુએ કે ઈમામ હજી સજદામાં છે, એ એમ ધારીને કે ઈમામનો પહેલો સજદો છે, ઈમામ સાથે જોડાવવા માટે સજદામાં જાય, પણ ત્યારે એને જાણ થાય કે એ ઈમામનો બીજો સજદો હતો, તો પોતાના માટે પણ એ બીજો સજદો ગણશે.

જો એમ ધારીને કે ઈમામનો બીજો સજદો છે, સજદામાં પાછો જાય, અને પછી ખબર પડે કે એ ઈમામનો પહેલો સજદો હતો, તો ઈમામ સાથે સજદો અદા કરવાની નિય્યતે સજદો જારી રાખે, અને ફરીવાર ઈમામની સાથે બીજો સજદો પણ અદા કરે.

ઉપરોક્ત બંને સંજોગમાં બેહતર છે કે નમાઝે જમાઅત પૂરી કર્યા બાદ નવેસરથી પઢે.

**મસઅલો ૧૪૫૬** : અગર કોઈ શખ્સ ભૂલથી ઈમામ પહેલા રૂકૂઅમાં જાય અને રૂકૂઅનો વાજિબ ઝિક્ર પણ પઢે અને ફરી ઉભો થઈ ઈમામ સાથે જોડાય અને ઈમામ સાથે રૂકુઅમાં જોડાવવુ હોય તો એહતિયાતે વાજિબની રૂએ રૂકૂઅમાં જોડાય અને એહતિયાતે મુસ્તહબની રૂએ ઝિક્ર પણ પઢે. અને અગર જો પહેલા રૂકૂઅથી પાછો ન પલ્ટે તો તેની જમાઅત નમાઝમાં ઈશ્કાલ છે પણ નમાઝ સહીહ છે જે રીતે કે મસઅલા નં. ૧૪૦૩ માં બયાન થઈ ચૂક્યુ. અને અગર ઝિક્ર પઢવાના કારણે પાછો નથી પલ્ટી શકતો

તો રૂકૂઅમાંજ રહી ઈમામ સાથે જોડાય ત્યાં સુધી ઝિક્ર પઢે અને ઈમામ સાથે સજદો કરે તેની જમાઅત સહીહ છે.

**મસઅલો ૧૪૫૭** : જે શખ્સ ઈમામથી પહેલા ભૂલથી સજદામાં જાય અને સજદાનો વાજિબ ઝિક્ર કહેવા પછી પાછો પલ્ટી ઈમામ સાથે સજદામાં જાય તો ઝિક્ર પઢવો જોઈએ અને એહતિયાતે વાજિબની રૂએ પલટવુ જ જોઈએ અને એહતિયાતે મુસ્તહબની રૂએ ઝિક્ર પણ ઈમામ સાથે પઢવો જોઈએ. અગર પાછો ન પલ્ટે તો નમાઝે જમાઅતમાં ઈશ્કાલ છે પણ નમાઝ સહીહ છે. જે રીતે મસઅલા નં. ૧૪૦૩ માં બયાન થઈ ચૂક્યું. અને અગર જો ઝિક્ર પઢવાના કારણે પાછો ન પલ્ટી શકે તો ઝિક્ર કરતો રહે અને ઈમામ સાથે નમાઝ આગળ વધારે અને તેની નમાઝે જમાઅત સહીહ છે.

**મસઅલો ૧૪૫૮** : અગર ઈમામ ભૂલથી જે રકાતમાં કુનૂત નથી, કુનૂત પઢી નાખે, અથવા જે રકાતમાં તશહહુદ નથી, તશહહુદ શરૂ કરે, તો મામૂમ કુનૂત કે તશહહુદ ન પઢે. પણ ઈમામથી પહેલા એ રૂકૂઅમાં નહીં જઈ શકે અથવા એનાથી પહેલાં ઊભો નહીં થઈ શકે. બલ્કે એ ઈન્તેઝાર કરશે કે કુનૂત અથવા તશહહુદથી ફારીગ થાય ત્યારે બાકી રહેલી નમાઝ તેની સાથે અદા કરે.

## જમાઅતમાં પેશ ઈમામ અને મામૂમની ફરજો

**મસઅલો ૧૪૫૯** : અગર મામૂમમાં એક જ પુરૂષ હોય તો મુસ્તહબ છે કે ઈમામની જમણી બાજુએ ઊભો રહે અને જો મામૂમ એક જ સ્ત્રી હોય, તો તેના માટે પણ

મુસ્તહબ છે કે જમણી બાજુએ ઊભી રહે, પણ ઈમામથી સ્હેજ પાછળ રહે, એવી રીતે કે ઓછમાં ઓછુ સજદાની હાલતમાં એની સજદાની જગ્યા ઈમામના ગોઠણની હારમાં હોય.

અગર મામુમમાં એક પુરૂષ અને એક સ્ત્રી હોય, અથવા એક પુરૂષ અને ઘણી સ્ત્રીઓ હોય, તો મુસ્તહબ છે કે પુરૂષ ઈમામની જમણી તરફ ઊભો રહે, અને એક અથવા એકથી વધુ સ્ત્રીઓ ઈમામની પાછળ ઊભી રહે, અને જો ઘણા પુરૂષ હોય, અને સાથે એક અથવા એકથી વધુ સ્ત્રીઓ હોય, તો મુસ્તહબ છે કે પુરૂષો ઈમામની પાછળ ઊભા રહે, અને સ્ત્રીઓ પુરૂષોની પાછળ ઊભી રહે.

**મસઅલો ૧૪૬૦** : અગર ઈમામ અને મામૂમ બંને સ્ત્રીઓ હોય, તો એહતિયાતે વાજિબ છે કે બંને એક જ હરોળમાં ઊભી રહે, ઈમામ બીજી સ્ત્રીઓની આગળ ન ઊભી રહે.

**મસઅલો ૧૪૬૧** : મુસ્તહબ છે કે ઈમામ સફની વચ્ચોવચ ઊભા રહે, અને પરહેઝગાર અને ઈલ્મ વાળા પહેલી સફમાં હોય.

**મસઅલો ૧૪૬૨** : મુસ્તહબ છે કે નમાઝે જમાઅતની સફો વ્યવસ્થિત હોય, અને એક સફમાં ઉભા રહેનારાઓ વચ્ચે ખાલી જગ્યા ન હોવી જોઈએ, એવી રીતે કે એક બીજાના ખંભા મળેલાં હોય.

**મસઅલો ૧૪૬૩** : મુસ્તહબ છે કે 'કદ કામતિસ્સલાત' પઢયા બાદ મામૂમ ઊભા થાય.

**મસઅલો ૧૪૬૪** : મુસ્તહબ છે કે ઈમામ, મામૂમમાં જે લોકો બીજા કરતા કમજોર અથવા વયોવૃધ્ધ હોય તેનો ખ્યાલ રાખે, અને કુનૂત, રૂકૂઅ અને સજદાને ન લંબાવે. સિવાય કે તેની સાથે નમાઝ પઢનારાઓની એ મુજબ ઈચ્છા હોય.

**મસઅલો ૧૪૬૫** : ઈમામ માટે મુસ્તહબ છે કે કિરઅત અને ઝિક્ર અવાજથી પઢાય છે, તેને એવા અવાજે પઢે કે બીજા સાંભળી શકે, પણ હદ ઉપરાંત અવાજ ઊંચો ન હોવો જોઈએ.

**મસઅલો ૧૪૬૬** : અગર ઈમામને રૂકૂઅની હાલતમાં ખબર પડે કે નવો આવેલો શખ્સ જમાઅતમાં જોડાવવા માગે છે, તો મુસ્તહબ છે કે રૂકૂઅમાં જેટલી વાર લાગતી હોય, તેની કરતાં બમણી વાર લગાડે, અને ઊભો થઈ જાય, ભલે પછી તેને ખબર પડે કે બીજો કોઈ (નવો શખ્સ) જમાઅતમાં જોડાવવા માટે આવ્યો છે.

## નમાઝે જમાઅતમાં મકરૂહ વાતો

**મસઅલો ૧૪૬૭** : અગર નમાઝે જમાઅતની સફોમાં ખાલી જગ્યા પડી હોય, તો તે મૂકીને જમાઅતમાં એકલા ઊભુ રહેવું મકરૂહ છે.

**મસઅલો ૧૪૬૮** : મકરૂહ છે કે મામૂમ નમાઝનો ઝિક્ર એવી રીતે પઢે કે ઈમામને સંભળાય.

**મસઅલો ૧૪૬૯** : જે મુસાફર ઝોહર, અસ્ર અને ઈશાની કસ્ર નમાઝ પઢતો હોય, તેના માટે કસ્ર નમાઝોમાં એવા ઈમામ સાથે જોડાવવું મકરૂહ છે કે જે મુસાફર ન

હોય, એવી જ રીતે જે મુસાફર ન હોય, તેના માટે મુસાફર ઈમામની કસ્ર નમાઝોમાં જોડાવવું મકરૂહ છે. (નોટઃ મકરૂહથી મુરાદ સવાબમાં કમી છે, ન કે બીજું કાંઈ)

## નમાઝે આયાત

**મસઅલો ૧૪૭૦** : નમાઝે આયાત નીચે મુજબ ત્રણ કારણોસર વાજિબ થાય છે, એ નમાઝની રીત હવે પછીના મસાઈલમાં સમજાવવામાં આવશે.

(૧) સૂર્ય ગ્રહણ, (૨) ચંદ્ર ગ્રહણ, ભલે ગ્રહણ બંનેના થોડાક ભાગને લાગેલું હોય, અને લોકો ભયભીત ન થયા હોય, (૩) ધરતીકંપ થાય તો એહતિયાતે વાજિબની રૂએ નમાઝે આયાત વાજિબ છે, ભલે લોકો ભયભીત ન થાય.

પરંતુ મેઘગર્જના અથવા વીજળીના કડાકા, વાવાઝોડાં, અથવા આસમાન ઉપર દેખાતી અમુક બિહામણી નિશાનીઓને કારણે અગર લોકોમાં ખોફ ફેલાય, તો એહતિયાતે મુસ્તહબ છે કે નમાઝે આયાત મૂકી ન દે. એવી રીતે જમીન ઉપર એવી નિશાનીઓ દેખાય, જેમકે જમીન ધસી જાય, યા પહાડ તૂટીને પડવા માંડે, તો એવા બિહામણા સંજોગમાં પણ એહતિયાતે મુસ્તહબ છે કે નમાઝે આયાત મૂકી ન દે.

**મસઅલો ૧૪૭૧** : જે ઘટનાઓને પરિણામે નમાઝે આયાત વાજિબ છે, તે ઘટનાઓમાં જો એકથી વધુ ઘટના સર્જાય, જેમકે સૂર્ય ગ્રહણ થાય, અને ધરતીકંપ પણ થાય, તો દરેક ઘટના માટે જુદીજુદી નમાઝે આયાત પઢવી

જોઈએ.

**મસઅલો ૧૪૭૨** : અગર કોઈ શખ્સ ઉપર અનેક નમાઝે આયાતની કઝાઓ વાજિબ હોય, ચાહે એ એક કારણસર વાજિબ થઈ હોય, અથવા એકથી વધારે કારણસર થઈ હોય, જેમકે, ત્રણવાર સૂર્યગ્રહણની નમાઝે આયાત ન પઢી હોય, અથવા સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ અને ધરતીકંપની નમાઝે આયાત કઝા હોય, તો જયારે કઝા પઢે ત્યારે ક્યા કારણસર નમાઝે આયાતની કઝા પઢી રહ્યો છે તે નિય્યતમાં નક્કી કરવું લાઝિમ નથી.

**મસઅલો ૧૪૭૩** : જે ઘટનાને કારણે નમાઝે આયાત વાજિબ થાય છે, જે જગ્યાએ આ ઘટના ઘટી હોય અને ત્યાંના લોકોને મહેસૂસ થાય ફક્ત તે જ જગ્યાના રહેવાસીઓ ઉપર નમાઝે આયાત વાજિબ થશે. બીજી જગ્યાના લોકો ઉપર વાજિબ નહીં થાય.

**મસઅલો ૧૪૭૪** : જયારે સૂર્ય અથવા ચંદ્રને ગ્રહણ લાગે ત્યારે જ નમાઝે આયાતનો સમય શરૂ થાય છે, અને ફરી અસલી હાલતમાં આવી જાય ત્યાં સુધી એનો સમય બાકી રહે છે. (જો કે બેહતર છે કે ગ્રહણમાંથી છુટવાનું શરૂ થાય ત્યાં સુધી નમાઝે આયાત અદા કરવામાં ઢીલ ન કરવામાં આવે) અલબત્ત, જયારે સૂર્ય કે ચંદ્ર ગ્રહણમાંથી સંપૂર્ણ રીતે છુટી જાય ત્યારે નમાઝે આયાત ખતમ થતી હોય તો કંઈ વાંધો નથી.

**મસઅલો ૧૪૭૫** : અગર કોઈ શખ્સ નમાઝે આયાત પઢવામાં એટલી ઢીલ કરે કે સૂર્ય અથવા ચંદ્ર ગ્રહણમાંથી

છુટવા લાગે, તો એ અદાની નિય્યત કરી શકે છે, પણ જો પૂરેપૂરી નમાઝે આયાત ગ્રહણમાંથી છુટી ગયા બાદ પઢે, તો કઝાની નિય્યત કરવી જોઈએ.

**મસઅલો ૧૪૭૬** : અગર ગ્રહણની મુદ્દત એટલી જ હોય કે ઈન્સાન નમાઝે આયાતની એક રકાત અથવા એનાથી ઓછી પઢી શકે, તો જે નમાઝ પઢશે એ અદાની નિય્યતથી પઢશે. એવી જ રીતે જો ગ્રહણની મુદ્દત લાંબી હોય, પણ ઈન્સાન તરત નમાઝ ન પઢે અને ગ્રહણની મુદ્દતમાં એક રકાત અથવા એનાથી ઓછી પઢવાનો સમય બાકી રહે તો પણ અદાની નિય્યતથી પઢશે.

**મસઅલો ૧૪૭૭** : જયારે ધરતીકંપ, મેઘગર્જના કે વીજળીના કડાકા વગેરે થાય, અને એ ઘટના પૂરતા સમય સુધી રહે, તો તરત જ નમાઝે આયાત પઢવી લાઝિમ નથી. પણ એ સિવાયના સંજોગમાં તરત જ નમાઝે આયાત પઢવી જોઈએ, જેથી એમ ન જણાય કે નમાઝ મોડેથી પઢી છે. અને જો એટલી ઢીલ કરે, તો એહતિયાતે મુસ્તહબ છે કે ત્યારબાદ નમાઝે આયાતને અદા કે કઝાની નિય્યત કર્યા વગર પઢે.

**મસઅલો ૧૪૭૮** : અગર કોઈને સૂર્ય અથવા ચંદ્ર ગ્રહણની જાણ ન હોય, અને ગ્રહણ ખતમ થયા બાદ તેને ખબર પડે કે પૂરૂં ગ્રહણ લાગ્યું હતું, તો તેની કઝા બજાવી લાવવી જરૂરી છે; પણ જો પૂરૂં ગ્રહણ લાગ્યું ન હોય, તો કઝા વાજિબ નથી.

**મસઅલો ૧૪૭૯** : અગર અમુક લોકો ખબર આપે કે ગ્રહણ લાગ્યું છે, પણ ઈન્સાનને અંગત રીતે એમના કહેવા

ઉપર ઈત્મીનાન ન હોવાથી એ નમાઝે આયાત ન પઢે, અને બાદમાં ખબર પડે કે વાત સાચી હતી, તો જો સંપૂર્ણ ગ્રહણ લાગેલું હોય તો નમાઝે આયાત(ની કઝા) પઢશે, અને જો સંપૂર્ણ ગ્રહણ ન હોય, તો તેના ઉપર નમાઝે આયાત(ની કઝા) પઢવી વાજિબ નથી. એવી જ રીતે જો એ શખ્સો ગવાહી આપે, પણ એમની અદાલત સંબધી ઈત્મીનાન ન હોય, અને બાદમાં ખબર પડે કે તેઓ આદિલ હતા, તો એ જ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૧૪૮૦** : અગર ખગોળવિદ્યાના નિષ્ણાંતો કહે કે ગ્રહણ છે, અને ઈન્સાનને તેમના ઉપર વિશ્વાસ હોય, તો ગ્રહણ સમયે નમાઝે આયાત પઢવી જોઈએ, એવી જ રીતે જો કોઈ નિષ્ણાંત આગાહી આપે કે ફલાણા સમયે સૂર્ય અથવા ચંદ્રગ્રહણ થશે, અને ફલાણા સમય સુધી એ ગ્રહણ રહેશે, જો ઈન્સાનને ઈત્મીનાન હોય તો એમના કહેવા મુજબ અમલ કરી નમાઝે આયાત પઢશે.

**મસઅલો ૧૪૮૧** : અગર કોઈને યકીન થાય કે જે નમાઝે આયાત પઢી હતી તે બાતિલ હતી, તો ફરીથી પઢવી જોઈએ, અને જો સમય વીતી ગયો હોય, તો તેની કઝા બજાવી લાવશે.

**મસઅલો ૧૪૮૨** : જો પંજગાના નમાઝના સમયે નમાઝે આયાત પણ ઈન્સાન ઉપર વાજિબ થાય, અને બંને નમાઝો માટે પૂરતો સમય હોય, તો બેમાંથી જે ચાહે એ પહેલા પઢી શકે છે. પણ જો એ બેમાંથી એકનો સમય તંગ હોય, તો પહેલા એ નમાઝ પઢશે કે જેનો સમય તંગ છે. અને જો બંને નમાઝનો સમય તંગ હોય, તો પહેલા

પંજગાના નમાઝ પઢવી જોઈએ.

**મસઅલો ૧૪૮૩** : રોજની વાજિબ નમાઝ અદા કરતી વખતે કોઈનું ધ્યાન ખેંચાય કે નમાઝે આયાતનો સમય તંગ છે, તો અગર રોજની વાજિબ નમાઝ પણ કઝા થવાની હોય, તો પહેલા એ રોજની નમાઝ પૂરી કરશે અને ત્યારબાદ નમાઝે આયાત પઢશે. પણ જો એ રોજની નમાઝ માટે સમય પૂરતો હોય, તો એને તોડીને પ્રથમ નમાઝે આયાત પઢશે.

**મસઅલો ૧૪૮૪** : અગર નમાઝે આયાત પઢતી વખતે કોઈનું ધ્યાન ખેંચાય કે રોજની વાજિબ નમાઝ કઝા થઈ જવાની છે, તો એ નમાઝે આયાત તર્ક કરીને નમાઝે પંજગાના પઢશે અને એ નમાઝ પૂરી કરી, નમાઝ તોડનાર કોઈ પણ કામ કર્યા પહેલા જયાંથી નમાઝે આયાત મૂકી હતી, ત્યાંથી જ શરૂ કરી બાકી રહેલી નમાઝે આયાતને પૂરી કરશે.

**મસઅલો ૧૪૮૫** : જયારે સ્ત્રી હૈઝ કે નિફાસમાં હોય, તે દિવસોમાં જો સૂર્ય કે ચંદ્ર ગ્રહણ થાય, અથવા ધરતીકંપ થાય તો તેના ઉપર નમાઝે આયાત વાજિબ નથી, તેમજ તેની કઝા પણ નથી.

## નમાઝે આયાત પઢવાની રીત

**મસઅલો ૧૪૮૬** : નમાઝે આયાતમાં બે રકાતો પઢવાની હોય છે, અને દરેક રકાતમાં પાંચ રૂકૂઅ છે. નિય્યત અને તકબીર કહ્યા બાદ ઈન્સાન સૂરએ અલહમ્દ અને બીજો સૂરો પઢી રૂકૂઅમાં જાય, અને જયારે રૂકૂઅમાંથી

ઊભો થાય, ત્યારે ફરી અલહમ્દ અને સૂરો પઢી બીજી વાર રૂકૂઅમાં જાય, એવી રીતે પાંચ રૂકૂઅ બજાવી લાવ્યા બાદ બે સજદા અદા કરશે. બીજી રકાતમાં પણ પહેલી રકાતની જેમ અમલ કરીને બે સજદા બાદ તશહહુદ અને સલામ પઢી નમાઝ પૂરી કરશે.

**મસઅલો ૧૪૮૭** : નમાઝે આયાતમાં નિય્યત, તકબીર બાદ સૂરએ અલહમ્દ પઢીને બીજા સૂરાની આયતોને પાંચ ભાગમાં તકસીમ (વહેંચણી) કરીને પઢવી હોય તો એ પણ શક્ય છે; અને રૂકૂઅ પહેલા એક આયત કે એનાથી વધારે પઢે બલ્કે એક આયતથી ઓછુ પણ પઢી શકે છે, પરંતુ એ એક વાક્યથી ઓછું ન હોય, સૂરાની શરૂઆતમાં જે બિસ્મિલ્લાહ છે. તેના ઉપર ઈકતેફા ન કરવો જોઈએ. પહેલા રૂકૂઅ બાદ જયારે ઊભો થાય ત્યારે ફરીથી અલહમ્દ ન પઢે પણ બીજા સૂરાની આયતોનો બીજો ભાગ પઢી પાછો રૂકૂઅ કરે. એવી રીતે પાંચમાં રૂકૂઅ પહેલા એ બીજા સૂરાની તિલાવત પૂરી થઈ જાય.

દાખલા તરીકે જો સૂરએ ફલક પઢવો હોય તો પહેલા

**બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ કુંલ અઉઝોં**

**બિરબ્બીલ ફલકં**

પઢીને રૂકૂઅમાં જાય, પાછો ઊભો થાય ત્યારે

**મિન શર્રેર મા ખંલકં**

પઢે. ફરી રૂકૂઅમાં જઈને ઊભો થાય ત્યારે

**વ મિન શર્રેર ગાંસેકિંન ઈઝાં વકંબ**

પઢીને ફરી રૂકૂઅમાં જાય, ફરી ઊભા થઈને

**વ મિન્ શર્રિન્ નફ્ફાસાતે ફિલ્ ઓકદ**

પઢે અને રૂકૂઅમાં જાય, પાછો ઊભો થાય ત્યારે

**વ મિન્ શર્રે હાસેદિન્ ઈઝા હસદ**

પઢે, અને પાંચમી રૂકૂઅમાં જાય, તે બાદ રૂકૂઅમાંથી માથું ઊંચકીને ઊભો થાય, અને પછી બે સજદાઓ અદા કરે. બીજી રકાતમાં પણ પહેલી રકાતની જેમ અમલ કરીને બે સજદા બાદ તશહહુદ અને સલામ પઢી નમાઝ પૂરી કરે.

અગર કોઈ શખ્સ પાંચ ભાગો કરતા સૂરાની ઓછી તકસીમ (વહેંચણી) કરવા માગે તો એ પણ જાઈઝ છે. પણ જયારે બીજો સૂરો પૂરો થાય, ત્યારે રૂકૂઅ પછી સૂરએ અલહમ્દ પઢવો લાઝિમ થશે.

**મસઅલો ૧૪૮૮ :** અગર કોઈ શખ્સ નમાઝે આયાતની એક રકાતમાં પાંચ વાર સૂરએ અલહમ્દ અને બીજો સૂરો પઢે, અને બીજી રકાતમાં એક સૂરએ અલહમ્દ પઢી બીજા સૂરાને પાંચ ભાગોમાં તકસીમ કરીને પઢે, તો વાંધો નથી.

**મસઅલો ૧૪૮૯ :** નમાઝે પંજગાનામાં જે અમલ વાજિબ કે મુસ્તહબ છે, તે સર્વે અમલ નમાઝે આયાતમાં પણ વાજિબ કે મુસ્તહબ છે, પણ જો નમાઝે આયાત જમાઅત સાથે હોય તો અઝાન અને ઈકામહની જગ્યાએ 'રજાઅન' (સારા અમલની ઉમ્મીદથી) ત્રણ વાર અસ્સલાહ કહેવામાં આવે, અને જો જમાઅત સાથે ન

હોય તો તે માટે અઝાન, એકામહ નથી. અલબત્ત સૂર્ય અને ચંદ્રગ્રહણ સિવાય નમાઝે આયત જમાઅતથી પઢવા માટે શરીઅતે ઈજાઝત આપેલ હોય તેવું સાબિત નથી થયું.

**મસઅલો ૧૪૯૦** : નમાઝે આયાતમાં મુસ્તહબ છે કે રૂકૂઅ પહેલા અને બાદ તકબીર કહે, અને પાંચમાં તેમજ દસમા રૂકૂઅ બાદ તકબીર કહ્યા વગર '**સમેઅલ્લાહો લેમન હમેદહ**' પઢે.

**મસઅલો ૧૪૯૧** : નમાઝે આયાતમાં મુસ્તહબ છે કે બીજા, ચોથા, છઠ્ઠા, આઠમા અને દસમા રૂકૂઅ પહેલા કુનૂત પઢવામાં આવે, અને જો માત્ર દસમા રૂકૂઅ પહેલા કુનૂત પઢે તો પણ કાફી છે.

**મસઅલો ૧૪૯૨** : અગર કોઈ શખ્સ નમાઝે આયાતમાં શક કરે કે કેટલી રકાત થઈ છે, અને કોઈ જાતનો નિર્ણય ન કરી શકે, તો તેની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૪૯૩** : અગર કોઈ શખ્સ શક કરે કે તે પહેલી રકાતની છેલ્લી રૂકૂઅમાં છે, અથવા બીજી રકાતની પહેલી રૂકૂઅમાં,અને કોઈ નિર્ણય ઉપર ન આવી શકે, તો એની નમાઝ બાતિલ છે.

પણ દાખલા તરીકે, જો એમ શક કરે કે ચાર રૂકૂઅ કરી છે કે પાંચ, તો જો એ શક સજદામાં ગયા પહેલા થાય તો એ રૂકૂઅ બજાવી લાવે, અને જો સજદા માટે ઝૂકી ગયો હોય તો એ શકની પરવા ન કરે.

**મસઅલો ૧૪૯૪** : નમાઝે આયાતમાં દરેક રૂકૂઅ એક રૂકન છે, અને એમાં જો કોઈ શખ્સ જાણીબુજીને વધઘટ કરે તો નમાઝ બાતિલ છે, અને જો ભૂલથી ઘટાડો કરે તો પણ નમાઝ બાતિલ છે. બલ્કે એહતિયાત છે કે ભૂલથી ઉમેરો કરે તો પણ નમાઝ બાતિલ છે.

## ઈદે ફિત્ર અને ઈદે કુરબાની નમાઝ

**મસઅલો ૧૪૯૫** : ઈમામ (અ.સ.)ની મોજૂદગી અને હાજરીમાં નમાઝે ઈદુલ ફિત્ર અને નમાઝે ઈદે કુરબાન બંને નમાઝો વાજિબ છે, અને આ નમાઝો જમાઅતથી પઢાવવી જોઈએ, પણ આપણા જમાનામાં જયારે કે ઈમામ અલયહિસ્સલામ ગૈબતમાં છે, ત્યારે એ મુસ્તહબ છે, અને જમાઅત તેમજ ફુરાદા બંને રીતે પઢી શકાય છે.

**મસઅલો ૧૪૯૬** : બંને નમાઝોનો સમય સૂર્ય ઉગે ત્યારથી લઈને ઝોહર સુધી હોય છે.

**મસઅલો ૧૪૯૭** : ઈદુલ અઝહા માટે મુસ્તહબ છે કે સૂરજ ઉગ્યા બાદ અદા કરવામાં આવે અને ઈદુલ ફિત્ર માટે મુસ્તહબ છે કે સૂર્યોદય બાદ ઈફતાર કરી પછી ઝકાતે ફિત્ર અદા કરે અને ત્યારબાદ નમાઝે ઈદ પઢે.

**મસઅલો ૧૪૯૮** : નમાઝે ઈદ બે રકાત છે, પહેલી રકાતમાં સૂરએ અલ્હમદ અને બીજો સૂરો પઢયા બાદ ત્રણ તકબીર કહે પરંતુ  બહેતર છે કે પાંચ તકબીર કહે. દરેક બે તકબીર દરમિયાન કુનૂત પઢવું જોઈએ, પાંચમી તકબીર બાદ એક બીજી તકબીર કહે અને રૂકૂઅમાં જાય,

દરેક બે સજદા બાદ બીજી રકાત માટે ઉભો થાય, જેમાં કિરઅત બાદ ચાર તકબીર બેહતર છે. બે તકબીર વચ્ચે કુનૂત પઢે, અને ચોથી તકબીર બાદ એક બીજી તકબીર પઢીને રૂકૂઅમાં જાય, ત્યારબાદ બંને સજદાઓ કરી તશહહુદ અને સલામ પઢીને નમાઝ પૂરી કરે.

**મસઅલો ૧૪૯૯** : નમાઝે ઈદના કુનૂતમાં કોઈ પણ દુઆ કે ઝિક્ર પઢી શકાય છે, પણ બેહતર છે કે આ દુઆ પઢેઃ

**અલ્લાહુમ્મ અહલલ કિબરેયાએ વલ અઝમતે વ અહલલ જૂદે વલ જબરૂતે વ અહલલ અફવે વર રહમતે વ અહલત તક્વા વલ મગફેરતે અસઅલોક બે હક્કે હાઝલ યવમિલ લઝી જઅલતહૂ લિલ મુસલેમીન ઈદન વ લે મોહમ્મદિન સલ્લલ્લાહો અલયહે વ આલેહી ઝુખરન વ શરફન વ કરામતન વ મઝીદન અન તોસલ્લેય અલા મોહમ્મદિન વ આલે મોહમ્મદિન વ અન તુદખેલની ફી કુલ્લે ખયરિન અદખલત ફીહે મોહમ્મદન વ આલ મોહમ્મદિન વ અન તુખરેજની મિન કુલ્લે સૂઈન અખરજત મિનહૂ મોહમ્મદન વ આલ મોહમ્મદિન. સલવાતોક અલયહે વ અલયહિમ. અલ્લાહુમ્મ ઈન્ની અસઅલોક ખયર મા સઅલક બેહી અબાદોકસ**

## સૉંલેહૂંન વ અઉંઝૉં બેક મિમ્મસે તઑંઝં મિનેહૂ અંબાદોકલે મુખૅંલેસૂંન

**મસઅલો ૧૫૦૦** : ઈમામ અલયહિસ્સલામની ગૈબતના જમાનામાં જો જમાઅતની સાથે નમાઝે ઈદ પઢવામાં આવે તો એહતિયાતે લાઝિમ છે કે તે બાદ બે ખુત્બાઓ પઢવામાં આવે અને બેહતર છે કે ઈદુલ ફિત્રના ખુત્બામાં ઝકાતે ફિત્રના અહકામ અને ઈદુલ અઝહાના ખુત્બામાં કુરબાનીના એહકામનો ઉલ્લેખ કરવામાં આવે.

**મસઅલો ૧૫૦૧** : નમાઝે ઈદમાં કોઈ ખાસ સૂરો પઢવાનો હોતો નથી, પણ બેહતર છે કે પહેલી રકાતમાં સૂરએ વશ્શમ્સ (નંબર ૯૧) અને બીજી રકાતમાં સૂરએ ગાશીયહ (નંબર ૮૮) પઢે, અથવા પહેલી રકાતમાં સૂરએ સબ્બેહીસ્મ (નંબર ૮૭) અને બીજી રકાતમાં સૂરએ વશ્શમ્સ પઢે.

**મસઅલો ૧૫૦૨** : મુસ્તહબ છે કે નમાઝે ઈદ શહેરની બહાર ખુલ્લા મેદાનમાં કે જંગલમાં પઢવામાં આવે. પણ મક્કામાં મુસ્તહબ છે કે મસ્જિદુલ હરામમાં પઢાઈ.

**મસઅલો ૧૫૦૩** : મુસ્તહબ છે કે નમાઝે ઈદ પઢવા માટે ઉઘાડે પગે અને વિનમ્રતા સાથે જવું, નમાઝે ઈદ પહેલાં ગુસ્લ કરવું, અને માથા ઉપર સફેદ પાઘડી પહેરવી.

**મસઅલો ૧૫૦૪** : નમાઝે ઈદમાં જમીન ઉપર સજદો કરવો, તકબીરો પઢતી વખતે હાથો ઊંચા કરવા મુસ્તહબ છે, અને જો જમાઅત સાથે પઢાતી હોય તો ઈમામ માટે

મુસ્તહબ છે કે કિરઅત અવાજથી પઢે, એવી જ રીતે જે ફુરાદા પઢતો હોય તેના માટે પણ અવાજથી પઢવી મુસ્તહબ છે.

**મસઅલો ૧૫૦૫** : ઈદુલ ફિત્રની રાત્રે મગરિબ, ઈશાની નમાઝ બાદ, અને ઈદના દિવસે નમાઝે સુબ્હ તેમજ નમાઝે ઈદુલ ફિત્ર બાદ નીચે મુજબ તકબીર પઢવી સુન્નત છે : **અલ્લાહો અકબર, અલ્લાહો અકબર, લૉ ઈલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અકબર, અલ્લાહો અકબર, વ લિલ્લાહિલ હંમદ, અલ્લાહો અકબર, અંલા મા હદાના**

**મસઅલો ૧૫૦૬** : મુસ્તહબ છે કે ઈદુલ અઝહા પ્રસંગે તે દિવસની નમાઝે ઝોહરથી લઈને ઝિલ્હજની બારમી તારીખે નમાઝે સુબ્હ સુધી, દસ નમાઝો બાદ, ઉપરોક્ત તકબીરો સાથે નીચે મુજબ વધારે પઢે : **અલ્લાહો અકબર અંલા મા રઝકંના મિન બહીમતિલ અનઆંમે વલ હંમદો લિલ્લાહે અંલા માઅબલાના**

પણ જો એ ઈદુલ અઝહાના દિવસે મિનામાં હોય તો ઈદના દિવસે ઝોહરની નમાઝથી લઈ ઝિલ્હજની તેરમી તારીખની નમાઝે સુબ્હ સુધી, પંદર નમાઝો બાદ, આ તકબીરો પઢે.

**મસઅલો ૧૫૦૭** : એહતિયાતે મુસ્તહબ છે કે ઔરતો નમાઝે ઈદ માટે ન જાય, પણ ઘરડી ઔરતો માટે એ એહતિયાત લાગુ પડતો નથી.

**મસઅલો ૧૫૦૮** : નમાઝે ઈદમાં મામૂમ બીજી નમાઝોની જેમ, કિરઅત સિવાય બાકીના તમામ ઝિક્ર વિગેરે પોતે પઢશે.

**મસઅલો ૧૫૦૯** : અગર મામૂમ ઈદની નમાઝમાં એવા વખતે જોડાય કે ઈમામ અમુક તકબીરો કહી ચૂકયા હોય, તો જયારે ઈમામ રૂકૂઅમાં જાય, ત્યારે જે તકબીરો અને કુનૂત રહી ગઈ હોય, અને ઈમામ સાથે ન પઢી હોય, તે પોતે પઢી લ્યે અને દરેક કુનૂતમાં ફકત એક વાર સુબ્હાનલ્લાહે વલ હમ્દોલિલ્લાહ કહે તો કાફી છે. એટલો સમય ન હોય તો ફક્ત તકબીર કહે અને એટલો પણ સમય ન હોય તો ઈમામ સાથે રૂકૂઅમાં જાય.

**મસઅલો ૧૫૧૦** : અગર મામૂમ નમાઝે ઈદમાં એવા સમયે પહોંચે કે ઈમામ રૂકૂઅમાં હોય, તો એ નિય્યત અને તકબીરતુલ એહરામ કહીને રૂકૂઅમાં જોડાઈ શકશે.

**મસઅલો ૧૫૧૧** : અગર કોઈ શખ્સ નમાઝે ઈદમાં એક સજદો ભૂલી જાય, તો લાઝિમ છે કે નમાઝ બાદ એ સજદાની કઝા બજાવી લાવે. એવી જ રીતે જે જે સંજોગમાં રોજની વાજિબ નમાઝમાં બે સજદએ સહવ લાઝિમ છે, નમાઝે ઈદમાં જો એ સંજોગ ઉપસ્થિત થાય તો બે સજદએ સહવ કરવા જરૂરી છે.

## મહેનતાણું આપીને નમાઝ પઢાવવી

**મસઅલો ૧૫૧૨** : ઈન્સાન પોતાની હયાતીમાં જે નમાઝો અથવા બીજી ઈબાદતો બજાવી ન લાવ્યો હોય, તેના મરી જવા પછી તે તેના બજાવી લાવવા માટે કોઈને

ઉજરત આપીને રોકી શકાય છે, એટલે કે એ બીજા શખ્સને મહેનતાણું આપીને રહી ગયેલી ઈબાદત માટે ઈન્તેઝામ કરી શકે છે, અને અગર કોઈ શખ્સ મહેનતાણું લીધા વિના ઈબાદતો અંજામ આપવા માગે, તો પણ સહીહ છે.

**મસઅલો ૧૫૧૩** : ઈન્સાન અમુક મુસ્તહબ ઈબાદતો જેમકે હજ, ઉમરા, માઅસૂમીન અ.સ.ની ઝિયારતો માટે જીવતા લોકો વતી ઉજરત લઈ અને તેમના વતી એ મુસ્તહબ ઈબાદતો બજાવી શકે છે. તે ઉપરાંત એવા સુન્નતી કામો પણ અંજામ આપી શકે છે, જેનો સવાબ ગુજરી ગયેલા અથવા જીવતાઓને હદિયો કરે.

**મસઅલો ૧૫૧૪** : જે શખ્સ કોઈ ગુજરી ગયેલા વતી કઝા નમાઝ પઢવાની ઉજરત લ્યે, તેના માટે જરૂરી છે કે પોતે મુજતહીદ હોય, અથવા તકલીદ પ્રમાણે સહીહ રીતે નમાઝ અંજામ આપે, અથવા એહતિયાતના સર્વે સંજોગોથી વાકેફ હોય, તો એ મુજબ અમલ કરે.

**મસઅલો ૧૫૧૫** : ઉજરત લેનાર જયારે નિય્યત કરે ત્યારે જે મૈયત માટે ઈબાદત બજાવી લાવતો હોય તેને મુઅય્યન (નક્કી) કરી લ્યે, ભલેપછી તે મૈયતનું નામ જાણવું જરૂરી નથી. એટલે જો એમ જ નિય્યત કરે કે જે મૈયત વતી મેં ઉજરત લીધી છે, તેની નમાઝ વિગેરે પઢુ છું, તો એ કાફી ગણાશે.

**મસઅલો ૧૫૧૬** : નિય્યત કરતી વખતે ઉજરત લેનારે એ વસ્તુ ખ્યાલમાં રાખવી જોઈએ કે એ મૈયતનો ઝિમ્મો ઉતારી રહ્યો છે. અગર એ અમલ બજાવી લાવી અને

માત્ર કહે કે ફલાણી મૈયતને તેનો સવાબ પહોંચે, તો એ કાફી નહી ગણાશે.

**મસઅલો ૧૫૧૭** : હંમેશા ઉજરત એવા શખ્સને આપવી જોઈએ, કે જેના ઉપર વિશ્વાસ હોય કે એ અમલ બજાવી લાવશે. અને તેના અમલને સહીહ બજાવી લાવશે તેવી આશા હોવી જોઈએ.

**મસઅલો ૧૫૧૮** : અગર કોઈ એવા શખ્સને ઉજરત આપે કે જે મૈયત વતી અમલ ન બજાવી લાવે, અથવા ખબર પડે કે જે અમલ બજાવી લાવ્યો તે બાતિલ હતો, તો નવેસરથી ઉજરત દઈને વ્યવસ્થા કરવી પડશે.

**મસઅલો ૧૫૧૯** : અગર શક થાય કે ઉજરત લેનારે અમલ અંજામ આપ્યો છે કે નહીં, ભલેપછી એ કહેતો હોય કે આપી ચૂકયો છે, પણ એના કહેવા ઉપર વિશ્વાસ ન બેસે તો એહતિયાતે વાજિબની રૂએ નવેસરથી ઉજરત આપીને વ્યવસ્થા કરવી જોઈએ, પણ જો એ શક થાય કે ઉજરત લેનાર અમલ અંજામ આપ્યા એ સહીહ હતા કે નહી, તો એને સહીહ ગણે.

**મસઅલો ૧૫૨૦** : જે શખ્સને ઉઝર હોય, જેમકે તયમ્મુમથી અથવા બેસીને નમાઝ પડતો હોય, તેને કોઈ પણ સંજોગોમાં, એહતિયાતે વાજિબની રૂએ મૈયત વતી ઈબાદતોની અદાયગી માટે ઉજરત નહી આપી શકાય. ભલેપછી ખુદ મૈયતની નમાઝો એવી જ રીતે કઝા થઈ હોય. હા પણ એ શખ્સ જબીરા વુઝુ અથવા ગુસ્લ કરતો હોય અથવા જેના હાથ કે પગ કપાયેલ હોય તેને (નમાઝ

માટે) ઉજરત આપવામાં કંઈ વાંધો નથી. પરંતુ તેનો અમલ નિયાબત તરીકે કાફી થવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૧૫૨૧** : પુરૂષ ગુજરી ગએલી સ્ત્રી વતી, અને સ્ત્રી ગુજરી ગયેલા પુરૂષ વતી (નમાઝ પઢવા માટે) ઉજરત લઈ શકે છે, અને અવાજથી કે ધીમેથી નમાઝ પઢવા બાબતે ઉઝરત લેનાર પોતાની ફરજ મુજબ અમલ કરશે.

**મસઅલો ૧૫૨૨** : મૈયતની કઝા નમાઝો બજાવી લાવવા માટે તરતીબનું જાળવવું જરૂરી નથી, સિવાય એવી નમાઝો કે જેની અદાયગી વખતે તરતીબ જરૂરી છે, જેમકે એક જ દિવસની નમાઝે ઝોહર, અસ્ર, અથવા મગરિબ અને ઈશાની કઝા હોય, આ વિશે ખુલાસો અગાઉ આપી ચૂક્યા છીએ. પણ જો એવી શરત હોય કે મૈયત અથવા તેના વલીના મુજતહીદના ફતવા પ્રમાણે અમલ કરે તો જો એ તરતીબ જરૂરી જાણતા હોય તો તરતીબ જાળવવી જરૂરી છે.

**મસઅલો ૧૫૨૩** : અગર ઉજરત લેનાર સાથે એવી શરત થઈ હોય કે એક ખાસ રીતે અમલ અંજામ અપાય, તો ઉજરત લેનાર ઉપર એ શરત મુજબ વર્તવું જરૂરી છે. સિવાય કે તે રીતે અમલ બાતિલ હોવાનું યકીન હોય. પણ જો કોઈ એવી શરત ન થઈ હોય, તો ઉજરત લેનાર પોતાની ફરજ મુજબ અમલ કરશે. જો કે એહતિયાતે મુસ્તહબ છે કે પોતાના અને મૈયતના અમલમાં જે એહતિયાતથી વધુ નજીક હોય, તે મુજબ અમલ કરે.

દાખલા તરીકે અગર મૈયતના હિસાબે ત્રણ વાર તસ્બીહાતે અરબા પઢવાની હોય, અને પોતાના હિસાબે એક જ વાર કાફી હોય, તો ત્રણ વાર પઢે.

**મસઅલો ૧૫૨૪** : અગર ઉજરત લેનાર સાથે નમાઝના મુસ્તહબ ભાગોના પ્રમાણ વિશે કંઈપણ પણ શરત ન મૂકવામાં આવી હોય, તો સામાન્ય રીતે જેટલા મુસ્તહબ ભાગો નમાઝમાં અદા કરવામાં આવે છે, તેટલા બજાવી લાવે.

**મસઅલો ૧૫૨૫** : અગર કોઈ શખ્સ મૈયતની કઝા નમાઝ માટે અનેક માણસોને ઉજરત આપીને રોકે, તો મસઅલા ૧૫૨૨માં સમજાવવામાં આવ્યું છે, તેને અનુલક્ષી, લાઝિમ નથી કે દરેક માટે કોઈ વખત નક્કી કરવામાં આવે.

**મસઅલો ૧૫૨૬** : અગર ઉજરત લેનાર દાખલા તરીકે, એક વર્ષમાં મૈયતની કઝા નમાઝો અદા કરવાનોં હોય, એ વર્ષ પુરૂ થાય એથી પહેલાં ગુજરી જાય, તો જે નમાઝો બાકી રહી ગયાની જાણ હોય, તેની અદાયગી માટે નવેસરથી ઉજરત આપીને વ્યવસ્થા કરવી જોઈએ અને જો ગુમાન હોય કે નમાઝો નહી પઢી હોય, તો પણ એહતિયાતે વાજિબની રૂએ નવેસરથી ઉજરત આપશે.

**મસઅલો ૧૫૨૭** : જે માણસને ઉજરત આપી રોકવામાં આવ્યો હોય, તે નમાઝો પૂરી કર્યા વગર જો ગુજરી જાય, અને એણે પૂરેપૂરી ઉજરત વસૂલ કરી લીધી હોય, તો જો એવી શરત થઈ હોય, કે પોતે જ બધી

નમાઝો પઢશે, તો બાકી રહી ગયેલી નમાઝો માટે પ્રમાણસર હિસાબ કરીને ઉજરત પાછી લઈ શકશે. અથવા ઈજારાને રદ કરી સામાન્ય રીતે કરેલી મહેનત બદલ જેટલુ આપવું જોઈએ, તેટલુ આપી દેવું જોઈએ. પણ જો એવી શરત કરવામાં ન આવી હોય કે પોતે નમાઝો પઢશે, તો ઉજરત લેનારના વારીસો ઉપર જરૂરી થશે કે તેના માલમાંથી નાણા આપી કોઈને રોકે. પણ એ માલ ન હોય તો વારીસો ઉપર કંઈપણ વાજિબ નથી.

**મસઅલો ૧૫૨૮ :** અગર ઉજરત લેનાર મૈયતની નમાઝોની પૂરી કઝા પઢવા પહેલા ગુજરી જાય, અને એના પોતા ઉપર પણ કઝાઓ બાકી હોય, તો ઉપરોકત મસઅલા મુજબ અમલ કર્યા બાદ અગર એના માલમાંથી કાંઈ વધે, અને જો એણે વસિયત કરી હોય તેમજ વારસદારો રજામંદ હોય, તો એની નમાઝો માટે ઉજરત આપીને કોઈને રોકવામાં આવે અને જો વારીસો રજામંદ ન હોય તો એના (૧/૩) સુલુસને તેની નમાઝ માટે વાપરવામાં આવે.

# રોઝાના એહકામ

રોઝા એટલે ઈન્સાન ખુદાની બારગાહમાં નમ્રતા અને બંદગી માટે સુબ્હે સાદિકથી મગરિબ સુધી હવે પછી જણાવવામાં આવેલી આઠ બાબતોથી પરહેઝ કરે.

## નિય્યત

**મસઅલો ૧૫૨૯ :** જરૂરી નથી કે ઈન્સાન રોઝાની

નિય્યત માટે દિલમાં ધારણા કરે, અથવા એમ કહે કે આવતી કાલે રોઝો રાખીશ બલ્કે જો એટલો જ ઈરાદો ધરાવતો હોય કે ખુદાની ખુશ્નુદી અને તેના હુકમ મુજબ અમલ કરવા માટે સુબ્હે સાદિકથી મગરિબ સુધી રોઝાને બાતિલ કરનાર કોઈ પણ કાર્ય નહીં કરે, તો કાફી ગણાશે, અને એ મુદ્દત વિશે યકીન થાય તે માટે સુબ્હે સાદિકથી થોડોક સમય પહેલા અને મગરિબથી થોડાક સમય બાદ રોઝાને તોડનાર અમલથી પરહેઝ કરે.

**મસઅલો ૧૫૩૦** : ઈન્સાન અગર ચાહે તો માહે રમઝાનની દરેક રાતે બીજા દિવસના રોઝાની નિય્યત કરી શકે છે.

**મસઅલો ૧૫૩૧** : માહે રમઝાનના રોઝાની નિય્યત કરવા માટે છેલ્લો સમય નમાઝે સુબ્હની અઝાનના સમયથી અમુક પળો પહેલાં સુધીનો છે જેનો અર્થ એ છે કે સુબ્હે સાદિકથી પહેલા રોઝાનો ઈરાદો હોવો જોઈએ, એહતિયાતે વાજિબની રૂએ સુબ્હે સાદિકથી રોઝો તોડનારી ચીઝોનો પરહેઝ ઈરાદાની સાથે હોવી જોઈએ. ભલે પછી તે ઈરાદો તેના દિલના ઊંડાણમાં હોય.

**મસઅલો ૧૫૩૨** : અગર કોઈ શખ્સે રોઝો તોડનાર કોઈ અમલ ન કર્યો હોય, અને મુસ્તહબ રોઝો રાખવા માંગે, તો દિવસના કોઈ પણ ભાગમાં નિય્યત કરી શકે છે, બલ્કે અગર મગરિબથી થોડાક સમય પહેલા પણ નિય્યત કરી લ્યે તો રોઝો સહીહ ગણાશે.

**મસઅલો ૧૫૩૩** : અગર કોઈ શખ્સ માહે રમઝાનમાં, અથવા કોઈ એવા વાજિબ રોઝામાં કે જેનો દિવસ મુઅય્યન હોય, સુબ્હે સાદિકથી પહેલા નિય્યત વગર સૂતો હોય, અને જો એ ઝોહર પહેલા જાગીને નિય્યત કરી લ્યે, તો એનો રોઝો સહીહ છે. પણ જો ઝોહરના સમય બાદ જાગૃત થાય તો એહતિયાત એ છે કે કુરબતની નિય્યતથી ઈમ્સાક (પરહેઝ) જારી રાખે, એટલે કે રોઝાને તોડનાર કોઈ પણ અમલ ન બજાવી લાવે, અને તે બાદ એ રોઝાની કઝા પણ બજાવી લાવે.

**મસઅલો ૧૫૩૪** : જો માહે રમઝાન સિવાયના રોઝા રાખવા હોય, તો એ રોઝાના પ્રકારને મુઅય્યન (નક્કી) કરવા જોઈએ, જેમકે, નિય્યત કરે કે કઝા અથવા કફ્ફારાનો રોઝો રાખે છે. પણ માહે રમઝાનમાં એ રીતે મુઅય્યન (નક્કી) કરવું કે માહે રમઝાનના રોઝા રાખી રહ્યો છે લાઝિમ નથી. બલ્કે અગર કોઈ શખ્સને ખબર ન હોય કે માહે રમઝાન છે, અથવા ભૂલી જાય અને કોઈ બીજી નિય્યતથી રોઝો રાખે, તો પણ આપોઆપ એ માહે રમઝાનનો રોઝો ગણાશે. નજર અને તેના જેવા બીજા રોઝા માટે નિય્યતમાં નક્કી કરવું જરૂરી નથી.

**મસઅલો ૧૫૩૫** : જો કોઈએ શખ્સ જાણીબુજીને માહે રમઝાનમાં કોઈ બીજી નિય્યતથી રોઝો રાખે તો જે બીજી નિય્યત કરી છે, તેનો રોઝો સહીહ નહીં થાય, બલ્કે માહે રમઝાનના રોઝા તરીકે પણ એનો હિસાબ નહીં

થાય, ચાહે તેનો એ અમલ કુરબતનની નિય્યતથી વિરૂધ્ધ હોય અથવા ન હોય. બલ્કે વિરૂધ્ધ ન હોય તો પણ એ રોઝો માહે રમઝાનના રોઝા તરીકે એહતિયાતની રૂએ હિસાબ નહીં થાય.

**મસઅલો ૧૫૩૬** : અગર કોઈ શખ્સે પહેલી તારીખની નિય્યતથી રોઝો રાખ્યો હોય, અને પછીથી જાણ થાય કે એ બીજો અથવા ત્રીજો દિવસ હતો, તો એનો રોઝો સહીહ છે.

**મસઅલો ૧૫૩૭** : અગર કોઈ શખ્સ સુબ્હે સાદિકથી પહેલા રોઝાની નિય્યત કર્યા બાદ બેહોશ થઈ જાય, અને દિવસ દરમિયાન પાછો હોશમાં આવે, તો એહતિયાતે વાજિબ છે કે એ દિવસનો રોઝો પૂરો કરે, અને જો પૂરો ન કરે, તો જરૂરી છે કે રોઝાની કઝા બજાવી લાવે.

**મસઅલો ૧૫૩૮** : અગર કોઈ શખ્સ સુબ્હે સાદિકથી પહેલા રોઝાની નિય્યત કર્યા બાદ નશો ચઢી જાય અને દિવસના ભાગમાં પાછો હોશમાં આવે, તો એહતિયાતે વાજિબ છે કે એ દિવસનો રોઝો પૂરો કરીને તેની કઝા પણ આપે.

**મસઅલો ૧૫૩૯** : અગર કોઈ શખ્સ સુબ્હે સાદિકથી પહેલા રોઝાની નિય્યત કરીને સૂઈ જાય, અને મગરિબ પછી જાગૃત થાય, તો તેનો રોઝો સહીહ છે.

**મસઅલો ૧૫૪૦** : અગર કોઈને ખબર ન હોય કે માહે રમઝાન છે, અથવા એ વિશે ભૂલી ગયો હોય, અને

ઝોહરના સમય પહેલા તેને જાણ થાય અથવા યાદ આવે, તો જો રોઝાને તોડનાર કોઈ અમલ બજાવી ચૂકયો હોય તો એ દિવસનો રોઝો બાતિલ છે, પણ મગરિબ સુધી રોઝાને તોડનાર કોઈ કાર્ય નહીં કરી શકે, અને માહે રમઝાન બાદ તેની કઝા પણ બજાવી લાવશે અને જો ઝોહરના સમય બાદ જાણ થાય અથવા યાદ આવે, તો એહતિયાતે વાજિબની રૂએ રજાઅન રોઝાની નિય્યત કરે અને રમઝાન મહિના બાદ તેની કઝા પણ કરે.

પણ ઝોહરના સમય પહેલા જાણ થાય અથવા યાદ આવે, અને રોઝો તોડનાર કોઈ કાર્ય બજાવી લાવ્યો ન હોય તો જરૂરી છે રોઝાની નિય્યત કરે અને એ દિવસનો રોઝો સહીહ ગણાશે.

**મસઅલો ૧૫૪૧** : અગર કોઈ બાળક માહે રમઝાનમાં સુબ્હ સાદિકથી પહેલા બાલિગ થઈ જાય, તો એ દિવસનો રોઝો રાખવો વાજિબ થશે. પણ જો સુબ્હે સાદિક બાદ બાલિગ થાય તો એ દિવસનો રોઝો વાજિબ નથી. પણ જો એ બાળકે એ દિવસે મુસ્તહબ રોઝો રાખવાની નિય્યત કરી લીધી હોય તો એહતિયાતે મુસ્તહબની રૂએ એ દિવસનો રોઝો પૂરો કરવો જરૂરી છે.

**મસઅલો ૧૫૪૨** : જે શખ્સે કોઈ મૈયત વતી રોઝાઓ રાખવા માટે ઉજરત લીધી હોય, અથવા જેના ઉપર કફ્ફારાના રોઝાઓ હોય, એ અગર મુસ્તહબ રોઝો રાખવા ચાહે તો રાખી શકે છે.

પણ જે શખ્સ ઉપર પોતાના કઝા રોઝાઓ બાકી

હોય, તે મુસ્તહબ રોઝો રાખી શકશે નહીં. અને જો એ ભૂલથી મુસ્તહબ રોઝો રાખે, અને ઝોહર પહેલાં એને યાદ આવે તો એ મુસ્તહબ રોઝો આપોઆપ બાતિલ થશે; અલબત્ત એ નિય્યતને કઝા રોઝા તરફ ફેરવી શકશે. અને જો એને ઝોહરના સમય બાદ યાદ આવે એહતિયાતની રૂએ એનો રોઝો બાતિલ છે, પરંતુ જો મગરિબ બાદ યાદ આવે તો તેનો રોઝો સહીહ છે.

**મસઅલો ૧૫૪૩** : માહે રમઝાન સિવાય જો ઈન્સાન ઉપર કોઈ બીજા મુઅય્યન (નક્કી) દિવસનો રોઝો વાજિબ હોય, જેમકે નઝર કરી હોય કે ફલાણા દિવસે રોઝો રાખશે, અને જાણીબુજીને સુબ્હે સાદિક પહેલા તે માટે નિય્યત ન કરે તો રોઝો બાતિલ ગણાશે. અગર એને જાણ ન હોય, અથવા ભૂલી ગયો હોય કે એ દિવસે તેના ઉપર રોઝો વાજિબ છે, અને ઝોહરના સમય પહેલા યાદ આવે, અને જો રોઝો તોડનાર કોઈ કામ અંજામ આપ્યું ન હોય, તો નિય્યત કરી લ્યે અને તેનો રોઝો સહીહ ગણાશે. પણ જો ઝોહર બાદ યાદ આવે તો માહે રમઝાનના રોઝાઓ માટે જે એહતિયાતના મસાઈલ ઉપર જણાવી ગયા છીએ એ મુજબ અમલ કરે.

**મસઅલો ૧૫૪૪** : જે વાજિબ રોઝાનો દિવસ મુઅય્યન (નક્કી) ન હોય, જેમકે કફ્ફારાના રોઝા, તે માટે ઝોહરના ટાઈમની નજીક સુધી કોઈ જાણીબુજીને નિય્યત ન કરે તો વાંધો નથી. બલ્કે નિય્યત કર્યા પહેલાં તેનો ઈરાદો રોઝો રાખવાનો ન હોય, અથવા એ વિશે અનિશ્ચિત હોય,

અને જો રોઝો તોડનાર કોઈ અમલ ન કરી ચૂકયો હોય, તો ઝોહર પહેલાં નિય્યત કરી લેવાથી તેનો રોઝો સહીહ ગણાશે.

**મસઅલો ૧૫૪૫** : અગર માહે રમઝાનમાં ઝોહરના સમય પહેલાં કોઈ કાફિર મુસલમાન થઈ જાય, અને સુબ્હે સાદિકથી તે સમય સુધી એણે રોઝો તોડનાર કોઈ કાર્ય ન કર્યુ હોય, તો એહતિયાતે વાજિબ છે કે માફી ઝિમ્મેની નિય્યત (જે કાંઈ તેની જવાબદારી છે તે અદા કરવાનો ઈરાદો) કરી એ દિવસે રોઝો તોડનાર કાર્યથી પરહેઝ કરે, અને જો એ દિવસે રોઝો તોડનાર કાર્યથી પરહેઝ ન કરે, તો એની કઝા બજાવી લાવશે.

**મસઅલો ૧૫૪૬** : અગર કોઈ બીમાર શખ્સ માહે રમઝાનમાં ઝોહરના સમય પહેલાં સાજો થઈ જાય, અને તે સમય સુધી રોઝો તોડનાર કોઈ અમલ બજાવી લાવ્યો ન હોય, તો વાજિબ છે કે નિય્યત કરી એ દિવસનો રોઝો રાખે, પણ જો ઝોહર બાદ સાજો થાય તો એ દિવસનો રોઝો તેના ઉપર વાજિબ નથી. પરંતુ જરૂરી છે કે તેની કઝા કરે.

**મસઅલો ૧૫૪૭** : જે દિવસે ઈન્સાનને શક હોય કે શાઅબાનનો છેલ્લો દિવસ છે કે માહે રમઝાનનો પહેલો દિવસ છે, એ દિવસે રોઝો રાખવો વાજિબ નથી, અને જો રોઝો રાખે તો માહે રમઝાનની નિય્યત નહીં કરી શકે. પણ જો એવી નિય્યત કરે કે અગર માહે રમઝાન હોય તો એ રોઝો માહે રમઝાનનો ગણાય, અને નહીં તો કઝા

અથવા એવા કોઈ પ્રકારના રોઝામાં તેનો શુમાર (ગણતરી) થાય, તો એવી નિય્યતનું રોઝા માટે સહીહ હોવું અસંભવિત નથી. પણ બેહતર એ છે કે તે દિવસે કઝા વિગેરેની નિય્યતથી રોઝો રાખે, અને જો પછીથી ખબર પડે કે માહે રમઝાન છે, તો આપોઆપ એ મુજબ શુમાર (ગણતરી) થશે. અને જો માત્ર રોઝાની નિય્યત કરી હોય અને પછીથી સાબિત થાય કે માહે રમઝાન છે, તો પણ કાફી ગણાશે.

**મસઅલો ૧૫૪૮** : જે દિવસે ઈન્સાનને શક હોય કે શાઅબાનનો છેલ્લો દિવસ છે, યા માહે રમઝાનનો પહેલો દિવસ છે, અને એ દિવસે કઝા અથવા મુસ્તહબ રોઝો રાખી લીધા બાદ ખબર પડે કે માહે રમઝાન છે, તો જરૂરી છે કે માહે રમઝાનના રોઝાની નિય્યત કરે.

**મસઅલો ૧૫૪૯** : વાજિબ મુઅય્યન રોઝાઓ જેમકે માહે રમઝાનના રોઝાઓમાં, અગર કોઈ શખ્સ રોઝો ચાલુ રાખવા યા તોડવા વિશે અચોક્કસ થઈ જાય, અથવા તોડવાનો ઈરાદો કરી લ્યે, ફરીથી રોઝાની નિય્યત ન કરે તો રોઝો બાતિલ ગણાશે, પણ જો ફરીથી નિય્યત કરે તો એહતિયાતે વાજિબની રૂએ તે દિવસનો રોઝો પૂરો કરશે અને પછી કઝા પણ કરશે.

**મસઅલો ૧૫૫૦** : મુસ્તહબ રોઝા અને એવા વાજિબ રોઝા કે જે માટે દિવસો મુઅય્યન નથી, જેમકે કફ્ફારાના રોઝાઓ, તેમાં અગર કોઈ રોઝાને તોડવાની નિય્યત કરે, અથવા ચાલુ રાખવા કે ન રાખવા વિશે અનિશ્ચિત થઈ

જાય, પણ રોઝાને ન તોડે, તો વાજિબ રોઝા માટે હુકમ છે કે જો ઝોહર પહેલાં નવેસરથી નિય્યત કરી લ્યે તો રોઝો સહીહ ગણાશે અને મુસ્તહબ રોઝા માટે હુકમ છે કે ગુરૂબ પહેલાં જો નવેસરથી નિય્યત કરશે તો તેનો રોઝો સહીહ છે.

## જે વસ્તુઓથી રોઝો તૂટી જાય છે

**મસઅલો ૧૫૫૧** : અમુક બાબતો રોઝાને બાતિલ કરે છે :

(૧) ખાવું અને પીવું (૨) સ્ત્રી સમાગમ (૩) ઈસ્તિમ્ના – એટલે કે ઈન્સાન પોતાની સાથે અથવા અન્ય સાથે સંભોગ સિવાય, એવા ચેનચાળા કરે કે જેથી વીર્ય સ્ખલન થાય. ઔરતોમાં આ બાબતનો ઝિક્ર મસઅલા નં. ૩૪૫માં આપેલ છે. (૪) ખુદા, રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તથા રસૂલના જાનશીનોની તરફ એહતિયાતે વાજિબની રૂએ જૂઠાણની નિસ્બત આપવી. (૫) (ધૂળ, માટી વગેરેની રજ) ગુબારને એહતિયાતે વાજિબની રૂએ ગળા સુધી પહોંચાડવું. (૬) જનાબત, હૈઝ અને નિફાસની હાલતમાં સુબ્હે સાદિક સુધી બાકી રહેવું (૭) પ્રવાહી ચીજથી એનીમા લેવું (૮) જાણીજોઈને ઉલટી કરવી.

**ઉપરોકત સર્વેના વિગતવાર એહકામ નીચે મુજબ છે :**

### (૧) ખાવું અને પીવું.

**મસઅલો ૧૫૫૨** : અગર કોઈ રોઝેદાર જાણીબુજીને,

રોઝાનો ખ્યાલ હોવા છતાં, કાંઈ ખાય અથવા પીવે, તો રોઝો બાતિલ થશે, ચાહે એ ખાવાની વસ્તુ સામાન્ય રીતે આહારમાં લેવાતી હોય, જેમકે, રોટલી, પાણી વિગેરે અથવા ન લેવાતી હોય, જેમકે માટી યા ઝાડના થડમાંથી નીકળતો રસ વિગેરે, અને ચાહે એ ઓછા પ્રમાણમાં હોય યા વધારે, એટલે સુધી કે દાતણ કરતી વખતે દાતણને મોઢામાંથી બહાર લઈ આવીને ફરીથી મોઢામાં મૂકે અને એની ભીનાશને ગળાથી નીચે ઉતારી લ્યે, તો પણ રોઝો બાતિલ ગણાશે. અલબત્ત, અગર દાતણની ભીનાશ મોઢાંની લાળ (થૂંક) સાથે એવી રીતે ભળી ગઈ હોય કે એ તરીને બહારની ભીનાશ ન ગણવામાં આવે તો વાંધો નથી.

**મસઅલો ૧૫૫૩** : અગર કોઈ રોઝેદારને ખાતી વખતે જાણ થાય કે સવાર થઈ ગઈ છે, એટલે કે સુબ્હે સાદિક થઈ ગઈ છે, તો વાજિબ છે કે તરત જ લુકમાને મોઢામાંથી બહાર કાઢે અને જો જાણી જોઈને એ લુકમો ઉતારી લ્યે તો તેનો રોઝો બાતિલ થશે, અને આગળ જતાં જણાવવામાં આવશે એ મુજબ તેના ઉપર કફ્ફારો પણ વાજિબ થશે.

**મસઅલો ૧૫૫૪** : અગર રોઝેદાર ભૂલથી કાંઈ ખાઈ લ્યે અથવા પીવે, તો રોઝો બાતિલ નહી થાય.

**મઅસલો ૧૫૫૫** : ઈન્જેકશન આપવાથી, બાટલો ચડાવવાથી રોઝો બાતિલ નથી થતો. ભલે પછી તે શક્તિ માટેનું ઈન્જેક્શન અથવા ગ્લુકોઝનો બાટલો જ કેમ ન

હોય. આજ રીતે શ્વાસના દર્દી માટે સ્પ્રે જે ફેફસા સુધી દવા પહોંચાડે છે તે રોઝો બાતિલ નથી કરતો. આંખ અને કાનમાં ટીપા નાખવાથી પણ રોઝો બાતિલ નથી થતો ભલે તેના સ્વાદનો અહેસાસ ગળા સુધી થાય. નાકમાં ટીપા નાખવામાં આવે અને જો તે ગળા સુધી ન પહોંચે તો તે પણ રોઝાને બાતિલ નથી કરતો.

**મસઅલો ૧૫૫૬** : દાંતમાં રહી ગયેલી કોઈ પણ વસ્તુને જો રોઝેદાર જાણી જોઈને ઉતારી લ્યે તો રોઝો બાતિલ ગણાશે.

**મસઅલો ૧૫૫૭** : રોઝા રાખનાર માટે લાઝિમ નથી કે સુબ્હ સાદિક પહેલાં પોતાના દાંતોને ખોતરવા માટે ખિલાલ વિગેરે કરે, પણ જો એ જાણતો હોય કે દિવસ દરમિયાન દાંતમાં રહી ગયેલુ અનાજ ગળાની નીચે ઉતરશે, તો ખિલાલ કરવું જરૂરી છે.

**મસઅલો ૧૫૫૮** : થૂંક (લાળ) જે મોઢામાં ભેગી થાય છે, તેને ઉતારી લેવાથી રોઝો બાતિલ નથી થતો, ભલે લાળ કે મોમાં પાણી આવવું કોઈ સ્વાદિષ્ટ ખોરાક કે ખટાશ વિગેરેની કલ્પનાને કારણે હોય,

**મઅસલો ૧૫૫૯** : બલગમ, કફ વિગેરે જયાં સુધી મોઢામાં ન આવે ત્યાં સુધી ઉતારી લેવામાં વાંધો નથી પણ જો મોઢમાં આવી જાય, તો એહતિયાતે મુસ્તહબ છે કે તેને ગળી ન જાય.

**મસઅલો ૧૫૬૦** : અગર રોઝેદાર એટલો બધો પ્યાસો થઈ જાય કે મરી જવાની અણીએ પહોંચે, અથવા કોઈ

અસહ્ય તકલીફ કે નુકસાનનો સંભવ હોય, તો એટલું જ પાણી પી શકે છે જેથી એ ભય ટળી જાય, પણ રોઝો બાતિલ ગણાશે. અને જો માહે રમઝાન હોય તો એહતિયાતે લાઝિમ છે કે એ બીકને ટાળવા માટે જેટલા પાણીની જરૂરત હોય, એનાથી વધારે ન પીવે, અને દિવસના બાકી સમય દરમિયાન રોઝાને તોડનાર કોઈ પણ અમલ ન બજાવી લાવે.

**મસઅલો ૧૫૬૧** : નાના બચ્ચાઓ કે પક્ષીઓ માટે અનાજનો લુકમો વિગેરે ચાવવો, અથવા રાંધેલો ખોરાક ચાખવો, કે જે સામાન્ય રીતે ગળા સુધી પહોંચતી નથી. તેમાં કશો વાંધો નથી, અને જો આકસ્મિક રીતે ગળા સુધી પહોંચી જાય તો પણ વાંધો નથી. પણ જો કોઈ શખ્સ પહેલેથી જાણતો હોય કે એમ કરવાથી ખોરાક કે અનાજ અવશ્ય ગળા સુધી પહોંચશે, તો રોઝો બાતિલ થશે, અને એ રોઝાની કઝા આપીને કફ્ફારો પણ આપશે.

**મસઅલો ૧૫૬૨** : સામાન્ય કમજોરીને બહાનું બનાવી રોઝાને તર્ક કરવો જાઈઝ નથી. અલબત્ત, અગર એવી કમજોરી હોય કે જે સામાન્ય રીતે સહન કરી શકાય તેમ ન હોય તો રોઝાને તર્ક કરવામાં વાંધો નથી.

## (૨) સંભોગ– સ્ત્રી સમાગમ

**મસઅલો ૧૫૬૩** : સ્ત્રી સમાગમ રોઝાને બાતિલ કરશે, ચાહે ખત્નાની જગ્યા જેટલો જ યોની પ્રવેશ થયો હોય, અને ચાહે વીર્ય સ્ખલન ન થયું હોય.

**મસઅલો ૧૫૬૪** : અગર ખત્નાની જગ્યાથી ઓછો

પ્રવેશ થયો હોય, અને મની બહાર ન આવ્યું હોય તો રોઝો બાતિલ નહીં થાય, પણ જે લોકો ખત્નાની જગ્યા ન ધરાવતા હોય, તેમના માટે હુકમ એ છે કે ખત્નાની જગ્યાથી ઓછી માત્રામાં પ્રવેશે તો પણ રોઝાને બાતિલ કરશે.

**મસઅલો ૧૫૬૫** : અગર કોઈ રોઝાની હાલતમાં જાણીબુજીને સંભોગનો ઈરાદો કરે, અને શક કરે કે ખત્નાની જગ્યા જેટલો પ્રવેશ થયો હતો કે નહી, મસઅલા ૧૫૪૯ પ્રમાણે કરશે. પણ જો રોઝો બાતિલ કરનાર કોઈ કામ ન કર્યું હોય તો કફ્ફારો વાજિબ નહી થાય.

**મસઅલો ૧૫૬૬** : અગર કોઈ શખ્સ પોતે રોઝામાં છે, એ ભૂલી જઈ સંભોગ કરે, અથવા એ માટે એને એવી રીતે મજબૂર કરવામાં આવે કે છુટકારો શક્ય ન હોય, તો રોઝો બાતિલ નહી થાય, પણ અગર સંભોગ દરમિયાન એને યાદ આવે કે રોઝો રાખેલો હતો, અથવા જે જબરજસ્તી હતી એ દૂર થઈ જાય, તો તરત અલગ થઈ જવું જોઈએ. અને જો એ હાલતથી અલગ નહીં થાય તો રોઝો બાતિલ ગણાશે.

## (૩) ઈસ્તિમના

**મસઅલો ૧૫૬૭** : અગર કોઈ રોઝેદાર ઈસ્તિમના કરે, (ઈસ્તિમનાનો અર્થ મસઅલા ૧૫૫૧માં જણાવી ચૂક્યા છીએ), તો એનો રોઝો બાતિલ છે.

**મસઅલો ૧૫૬૮** : અગર ઈન્સાનની બેઈખ્તીયારની હાલતમાં મની ખારીજ થાય, તો એનો રોઝો બાતિલ

નથી.

**મસઅલો ૧૫૬૯** : રોઝેદાર જાણતો હોય કે દિવસના ભાગમાં સૂવાથી એને એહતલામ થશે (એટલે કે વીર્યસ્ખલીત થશે), તો પણ એના માટે સૂવું જાઈઝ છે, ભલેપછી ન સૂવાથી કોઈ તકલીફ થવાનો સંભવ ન હોય. એવા સંજોગમાં જો એ મુહતલીમ (જુનુબની હાલતમાં) થઈ જાય, તો રોઝો બાતિલ નહીં થાય.

**મસઅલો ૧૫૭૦** : અગર રોઝેદાર મની નીકળતી વખતે જાગૃત થાય, તો તેના માટે વાજિબ નથી કે સ્ખલનને રોકે.

**મસઅલો ૧૫૭૧** : જે રોઝેદારને સ્વપનદોષ થયો હોય, તેના માટે પેશાબ કરવું જાઈઝ છે, ભલેપછી એને ખબર હોય કે પેશાબ કરવાથી નળીમાંથી બાકી રહેલું મની પણ ખારીજ થશે.

**મસઅલો ૧૫૭૨** : જે રોઝાદાર મુહતલિમ થયો હોય અને તેને ખબર હોય કે પેશાબની નળીમાં મનીના ટીપા છે, અને અગર ગુસ્લ કર્યા પહેલાં પેશાબ નહી કરે, તો ગુસ્લ બાદ એ ટીપાં બહાર આવશે, તો એવા સંજોગમાં એહતિયાતે મુસ્તહબ છે કે ગુસ્લ કર્યા પહેલાં પેશાબ કરી લ્યે.

**મસઅલો ૧૫૭૩** : અગર કોઈ શખ્સ રોઝાની હાલતમાં વીર્ય બહાર લાવવાની નિય્યતથી પ્રેમ, પ્રણયના ચાળાં કરે, જો મની ખારીજ ન થાય અને ફરીથી રોઝાની નિય્યત

ન કરે તો રોઝો બાતિલ થશે અને જો નિય્યત કરે તો પણ એહતિયાતે લાઝિમની રૂએ એ દિવસનો રોઝો પૂરો કર્યા બાદ કઝા પણ આપશે.

**મસઅલો ૧૫૭૪** : અગર કોઈ રોઝેદાર વીર્ય સ્ખલન કરવાની નિય્યત વિના, પ્રેમ, પ્રણયના ચાળાં કરે, જેમકે પોતાની ઔરત સાથે એવો વર્તાવ કરે, અને એને ઈત્મીનાન હોય કે મની ખારીજ નહી થાય, તો એવા સંજોગમાં જો અણધાર્યુ સ્ખલન થાય તો રોઝો સહીહ રહેશે. પણ જો એને વિશે પહેલેથી ઈત્મીનાન ન હોય, તો સ્ખલન થતાં એનો રોઝો બાતિલ થઈ જશે.

## (૪) ખુદા અને પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તરફ જૂઠી નિસ્બત દેવી

**મઅસલો ૧૫૭૫** : અગર કોઈ રોઝેદાર, વાતચીતથી, લખાણથી કે ઈશારા વિગેરેથી અલ્લાહ, રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને એમના મઅસૂમ જાનશીનો તરફ જાણીબુજીને કોઈ જૂઠાણાની નિસ્બત આપે, તો એહતિયાતે લાઝિમની રૂએ એનો રોઝો બાતિલ છે; ભલેપછી તેમ કર્યા પછી તરત પોતે જૂઠું બોલ્યા હોવાનો એકરાર કરે, અથવા તોબા કરે. અને એહતિયાતે મુસ્તહબની રૂએ જનાબે ફાતેમા ઝહરા સલામુલ્લાહે અલય્હા તથા તમામ પયગંબરો અને તેમના જાનશીનો તરફ જૂઠાણાની નિસ્બત આપવા માટે એ જ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૧૫૭૬** : અગર રોઝેદાર કોઈ એવી રિવાયત

અથવા હદીસ બયાન કરવા ચાહે કે જેની સત્યતા બારામાં એની પાસે દલીલ ન હોય, અથવા ન જાણતો હોય કે એ રિવાયત કે હદીસ સાચી છે કે નહીં, તો એહતિયાતે વાજિબ છે કે જે શખ્સે એ રિવાયત કરી હોય તેના હવાલાથી બયાન કરે, અથવા જે કિતાબમાં એ લખેલું હોય તેનો ઉલ્લેખ કરે.

**મસઅલો ૧૫૭૭** : જે રિવાયત કે હદીસ સંબંધી એને યકીન હોય કે સાચી છે, એ બયાન કર્યા બાદ એને ખબર પડે કે સાચી ન હતી, તો એનો રોઝો બાતિલ નહીં થાય.

**મસઅલો ૧૫૭૮** : જે વાત બારામાં એને યકીન હોય કે સાચી નથી, તે છતાં ખુદા, રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તરફ તેની નિસ્બત આપીને બયાન કરે, અને ત્યારબાદ ખબર પડે કે એ વાત સાચી હતી, જો એ જાણતો હોય કે જૂઠી નિસ્બત આપવાથી રોઝો બાતિલ થાય છે, તો એહતિયાતે લાઝિમની રૂએ એ દિવસનો રોઝો પૂરો કરશે, તેની કઝા પણ આપશે.

**મસઅલો ૧૫૭૯** : અગર કોઈ બીજાએ ઘડી કાઢેલી રિવાયત કે હદીસને જાણીબુજીને ખુદા, રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તથા રસૂલના મઅસૂમ જાનશીનો તરફ તેની નિસ્બત આપીને બયાન કરે, તો એહતિયાતે લાઝીમની રૂએ તેનો રોઝો બાતિલ છે. પણ અગર જે શખ્સે એ વાત ઘડી કાઢી હતી, તેના હવાલાથી નકલ કરે તો રોઝા ઉપર અસર નહીં પડે.

**મસઅલો ૧૫૮૦** : અગર રોઝેદારને કોઈ પૂછે કે શું

રસૂલેખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમેં ફલાણી વાત કરી હતી ? અને જયાં નકારનો જવાબ દેવો જોઈએ ત્યાં જાણી જોઈને હકારમાં જવાબ આપે, અથવા એથી ઉલટું જયાં હકારમાં જવાબ દેવો જોઈએ ત્યાં જાણીજોઈને નકારમાં જવાબ આપે, તો એહતિયાતે લાઝિમની રૂએ તેનો રોઝો બાતિલ થશે.

**મસઅલો ૧૫૮૧** : અગર રોઝેદાર ખુદા, રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના કોઈ સહીહ કોલને બયાન કર્યા બાદ પછીથી કહે કે મેં ખોટું કહ્યું હતું, અથવા રાત્રે એમના તરફ જૂઠાણાની નિસ્બત આપી દિવસના રોઝાની હાલતમાં કહે કે ગઈ રાત્રે જે કહ્યું હતું એ સત્ય હતું જો એ જાણતો હોય કે જૂઠી નિસ્બત આપવાથી રોઝો બાતિલ થાય છે, તો એહતિયાતની રૂએ એનો રોઝો બાતિલ ગણાશે.

## (૫) ગર્દો – ગુબારનું ગળા સુધી પહોંચાડવું

**મસઅલો ૧૫૮૨** : એહતિયાતે વાજિબની રૂએ ઘટ્ટ ગુબારને ગળા સુધી પહોચાડવાથી રોઝો બાતિલ થાય છે, ચાહે એ ગુબાર હલાલ ખોરાકીનો હોય, જેમકે આટાનો ગુબાર, અથવા હરામ આહાર હોય, જેમકે ધૂળ, માટીનો ગુબાર હોય.

**મઅસલો ૧૫૮૩** : અગર ગુબાર ઘટ્ટ ન હોય, તો અકવાની રૂએ હલકા ગુબારને ગળા સુધી પહોંચાડવાથી રોઝો બાતિલ થતો નથી.

**મઅસલો ૧૫૮૪** : અગર જોરદાર પવન ફૂંકાવાથી ઘટ્ટ

ગુબાર ઉત્પન્ન થાય, અને ઈન્સાન જાણીબુજીને પોતાને એનાથી સુરક્ષિત ન રાખે, અને ગુબાર ગળા સુધી પહોંચી જાય, તો રોઝો એહતિયાતે વાજિબની રૂએ બાતિલ થશે.

**મસઅલો ૧૫૮૫** : રોઝેદાર માટે એહતિયાતે વાજિબ છે કે સિગારેટ, તમાકુ વિગેરેના ઘુમાડાને ગળા સુધી ન પહોંચાડે.

**મસઅલો ૧૫૮૬** : અગર રોઝેદારે સુરક્ષા (કાળજી) ન કરી હોય અને એના ગળા સુધી ઘટ્ટ ગુબાર કે ઘુમાડો દાખલ થઈ જાય, તો બે સૂરતો છે. અગર અગાઉથી એને યકીન કે ઈત્મિનાન હોય કે એ ગળા સુધી નહીં પહોંચે, તો એનો રોઝો સહીહ છે. પણ જો એને માત્ર ગુમાન રહ્યું હોય કે ગળા સુધી નહીં પહોંચે, તો બેહતર છે કે એ રોઝાની કઝા આપે.

**મસઅલો ૧૫૮૭** : અગર કોઈ રોઝેદાર ભૂલી જાય કે રોઝાથી છે, અને પૂરી સુરક્ષા (કાળજી) ન કરે, અથવા બેઈખ્તીયારીથી ઘટ્ટ ગુબાર વિગેરે એના ગળામાં દાખલ થઈ જાય તો રોઝો બાતિલ નહીં થાય.

**મસઅલો ૧૫૮૮** : અગર રોઝેદાર પોતાનું પૂરૂં માથું પાણીમાં ડુબાડે, તો રોઝો બાતિલ નથી. અલબત, તેમ કરવું સખત મકરૂહ છે.

## (૬) સુબ્હે સાદિક સુધી જનાબત, હૈઝ અને નિફાસ પર બાકી રહેવું

**મઅસલો ૧૫૮૯** : અગર કોઈ શખ્સ માહે રમઝાનમાં જાણીબુજીને સુબ્હે સાદિક સુધી જનાબતની હાલતમાં

રહે અને ગુસ્લ ન કરે, અથવા જેના પર ગુસ્લને બદલે તયમ્મુમ વાજિબ હોય. એ જાણી જોઈને તયમ્મુમ ન કરે, તો એ દિવસનો રોઝો માં ફી ઝીમ્મે (જે જવાબદારી હોય તે)ની નિય્યતથી પૂરો કરે અને માહે રમઝાન બાદ પણ રોઝો રાખશે પરંતુ તેમાં કઝાની નિય્યત નહી કરે.

**મઅસલો ૧૫૯૦** : જે શખ્સ માહે રમઝાનના રોઝાની કઝા કરવા ચાહતો હોય જાણી જોઈને સવારની અઝાન સુધી જૂનૂબ રહે તો તે દિવસે રોઝો નહી રાખી શકે પણ જો જાણી જોઈને ન હોય તો રોઝા રાખી શકશે. જો કે એહતિયાત છે કે તે દિવસે રોઝો ન રાખે.

**મઅસલો ૧૫૯૧** : માહે રમઝાનના રોઝા અથવા એની કઝાના રોઝા સિવાય અમુક વાજિબ રોઝાઓ છે અથવા મુસ્તહબ રોઝાઓ, એમાં અગર કોઈ શખ્સ જાણીબુજીને સુબ્હે સાદિક સુધી ગુસ્લ ન કરે, તો પણ રોઝો રાખી શકે છે.

**મસઅલો ૧૫૯૨** : જે શખ્સ માહે રમઝાનની કોઈ રાત્રે જુનુબની હાલતમાં હોય, અને જાણી જોઈને સમય તંગ થઈ જાય ત્યાર સુધી ગુસ્લ ન કરે, તો જરૂરી છે કે તયમ્મુમ કરીને રોઝો રાખે, અને તેનો રોઝો સહીહ છે.

**મઅસલો ૧૫૯૩** : અગર કોઈ શખ્સ માહે રમઝાનમાં જનાબતનું ગુસ્લ કરવાનું ભૂલી જાય, અને એક દિવસ વીતી ગયા પછી તેને યાદ આવે, તો એ એક દિવસના રોઝાની કઝા બજાવી લાવશે. અને જો અમુક દિવસો બાદ યાદ આવે, તો જેટલા દિવસો જનાબતની હાલતમાં

વીતાડવા સંબંધી યકીન હોય, તેટલા દિવસોના રોઝાની કઝા બજાવી લાવશે. દાખલા તરીકે, જો એને જાણ ન હોય કે ત્રણ દિવસ જુનુબમાં રહ્યો કે ચાર દિવસ, તો એ ત્રણ દિવસના રોઝાઓની કઝા બજાવી લાવે.

**મસઅલો ૧૫૯૪** : જે શખ્સ માહે રમઝાનની રાત્રે જાણતો હોય કે એની પાસે ગુસ્લ કે તયમ્મુમ માટે સમય બાકી નથી, તે છતાંય પોતાને જનાબતની હાલતમાં દાખલ કરે, તો એનો રોઝો બાતિલ ગણાશે, અને એના ઉપર કઝા સાથે કફ્ફારો પણ વાજિબ થશે.

**મસઅલો ૧૫૯૫** : કોઈ શખ્સ જાણતો હોય કે ગુસ્લ માટે સમય નથી. છતાં જુનુબ થાય અને તયમ્મુમ કરે અથવા ગુસ્લ માટે સમય હોય પણ જાણી જોઈને મોડું કરે અને સમય તંગ થતા તયમ્મુમ કરે તો તેનો રોઝો સહીહ છે. પણ તે ગુનેહગાર થશે.

**મસઅલો ૧૫૯૬** : જે શખ્સ માહે રમઝાનની રાતમાં જનાબતની હાલતમાં હોય, અને એ જાણતો હોય કે જો સૂઈ જશે તો સવાર સુધી જાગશે નહીં, તો એવા શખ્સે ગુસ્લ કર્યા વગર ન સૂવું જોઈએ, પણ જો ગુસ્લ કર્યા પહેલાં ઈખ્તીયારની હાલતમાં સૂઈ જાય, અને સુબ્હે સાદિક સુધી જાગૃત ન થાય તો એનો રોઝો બાતિલ છે, અને કઝા સાથે કફ્ફારો પણ વાજિબ થશે.

**મસઅલો ૧૫૯૭** : જે શખ્સ જુનુબની હાલતમાં માહે રમઝાનની રાતે સૂઈ ગયા બાદ એક વાર જાગીને ઉઠે, તો અગર નહીવત આશા કે ગુમાન હોય કે ફરી સૂઈ જવા

બાદ સુબ્હે સાદિક પહેલાં જાગી જશે, તો તે સુઈ શકે છે.

**મસઅલો ૧૫૯૮** : જે શખ્સ માહે રમઝાનની રાતમાં જનાબતની હાલતમાં હોય, અને યકીન હોય કે અગર એ જ હાલતમાં સૂઈ જશે તો સુબ્હે સાદિક પહેલાં જાગી શકશે, તો એવા સંજોગમાં જો જાગીને ગુસ્લ કરવાનો મક્કમ ઈરાદો રાખતો હોય, અને સુબ્હ સાદિક સુધી નિંદ્રાવશ રહે તો એનો રોઝો સહીહ ગણાશે.

**મસઅલો ૧૫૯૯** : જે શખ્સ માહે રમઝાનની રાતે જુનુબની હાલતમાં હોય, અને એને યકીન અથવા ગુમાન ન હોય કે એ જ હાલતમાં સૂઈ જશે તો સુબ્હે સાદિક પહેલાં જાગી શકશે, પણ જાગૃત થયા બાદ ગુસ્લ કરવાની જરૂરત વિશે ગાફિલ હોય, તો એવા સંજોગમાં જો એ સુબ્હે સાદિક સુધી નિંદ્રાવશ રહે, તો એહતિયાત છે કે એ દિવસના રોઝાની કઝા આપે.

**મસઅલો ૧૬૦૦** : જે શખ્સ માહે રમઝાનની રાતે જુનુબની હાલતમાં હોય, અને એને યકીન અથવા ગુમાન હોય કે એ જ હાલતમાં જો સૂઈ જશે તો સુબ્હ સાદિક પહેલાં જાગી શકશે, પણ જાગીને ગુસ્લ કરવાનો ઈરાદો ન ધરાવતો હોય, તો જો એ સુબ્હે સાદિક સુધી નિંદ્રાવશ રહે, તો એ દિવસનો રોઝો પૂર્ણ કરશે, અને તેના ઉપર કઝા અને કફ્ફારો બંને લાઝિમ થશે. એવી જ રીત જાગીને ગુસ્લ કરવા સંબંધી અનિશ્ચિત હોય, તો એ હુકુમ એહતિયાતે લાઝિમની રૂએ લાગુ પડશે.

**મસઅલો ૧૬૦૧** : અગર કોઈ શખ્સ માહે રમઝાનની

રાતે જુનુબની હાલતમાં સૂઈ જાય, જાગૃત થયા બાદ એવા યકીન કે ગુમાન સાથે બીજીવાર સૂઈ જાય કે સુબ્હ સાદિક પહેલાં જાગશે, અને ત્યારે ગુસ્લ કરવાનો મક્કમ ઈરાદો ધરાવતો હોય, તો અગર એ બીજી નિંદ્રામાંથી સુબ્હે સાદિક સુધી જાગૃત ન થાય, તો એ દિવસનો રોઝો કઝા બજાવી લાવશે. અને જો બીજી નિંદ્રામાંથી જાગીને ઉઠયા બાદ ત્રીજી વાર સૂઈ જાય, અને સુબ્હે સાદિક સુધી ન ઉઠે, તો એ દિવસના રોઝાની કઝા ઉપરાંત એહતિયાતે મુસ્તહબ છે કે કફ્ફારો પણ આપે.

**મસઅલો ૧૬૦૨** : જે શખ્સને ઊંઘની હાલતમાં એહતેલામ થયો હોય, તે જાગીને જયારે ફરી સુવે ત્યારે એ એની પહેલી નિંદર ગણાશે, અને એ બાદની ઊંઘમાંથી ઉઠીને સૂવે અને સવાર સુધી ન ઉઠે તો ઉપરના મસઅલા મુજબ તે દિવસના રોઝાની કઝા કરવી પડશે.

**મસઅલો ૧૬૦૩** : જો રોઝેદારને દિવસ દરમિયાન એહતેલામ થયો હોય તો તેના ઉપર તરત જ ગુસ્લ કરવું વાજિબ નથી.

**મસઅલો ૧૬૦૪** : અગર કોઈ શખ્સ માહે રમઝાનમાં સુબ્હે સાદિક બાદ જાગે, અને પોતાને એહતેલામની હાલતમાં જુએ, તો એનો રોઝો સહીહ છે, ભલેપછી તેને ખબર પડે કે સુબ્હે સાદિકથી પહેલા એહતેલામ થયું હતું.

**મસઅલો ૧૬૦૫** : જે શખ્સ માહે રમઝાનના રોઝાની કઝા બજાવી લાવવા માંગતો હોય, તે અગર સુબ્હે સાદિક બાદ જાગૃત થતા જુએ કે એહતેલામની હાલતમાં છે.

અને એને માલૂમ થાય કે સુબ્હે સાદિક પહેલા મોહતલિમ થયો હતો, તો પણ એ દિવસે રમઝાન મહિનાનો કઝા રોઝો રાખી શકશે.

**મસઅલો ૧૬૦૬** : અગર કોઈ સ્ત્રી માહે રમઝાનમાં સુબ્હે સાદિક પહેલાં હૈઝ કે નિફાસથી પાક થઈ જાય, અને જાણીબુજીને ગુસ્લ ન કરે, અથવા સમય તંગ હોવાના સંજોગમાં ઈખ્તયારની હાલતમાં તયમ્મુમ ન કરે, તો જરૂરી છે કે તે દિવસનો રોઝો પૂરો કરી તેની કઝા પણ બજાવી લાવે. રમઝાન મહિનાના રોઝાની કઝા બજાવી લાવવામાં જાણી જોઈને ગુસ્લ કે તયમ્મુમ ન કરે તો એહતીયાતે વાજિબની રૂએ તે દિવસનો રોઝો નહી રાખી શકે.

**મસઅલો ૧૬૦૭** : જે ઔરત રમઝાન મહિનાની રાતમાં હૈઝ અને નિફાસથી પાક થઈ જાય અને જાણી જોઈને ગુસ્લ ન કરે અને સમય તંગ થઈ જાય તો જરૂરી છે કે તયમ્મુમ કરે અને તેણીનો તે દિવસનો રોઝો સહીહ છે.

**મસઅલો ૧૬૦૮** : અગર માહે રમઝાનમાં સુબ્હે સાદિક પહેલાં કોઈ સ્ત્રી હૈઝ અથવા નિફાસથી પાક થઈ જાય, પણ ગુસ્લ માટે તેની પાસે સમય ન હોય, તો લાઝિમ છે કે તયમ્મુમ કરે. પણ સુબ્હે સાદિક સુધી જાગૃત રહેવું તેના માટે લાઝિમ નથી. એ જ હુકમ એવા જુનુબને લાગુ પડે છે કે જેના ઉપર તયમ્મુમ વાજિબ હોય.

**મસઅલો ૧૬૦૯** : અગર કોઈ સ્ત્રી માહે રમઝાનમાં સુબ્હે સાદિક સમયે હૈઝ અથવા નિફાસથી પાક થાય, અને તેની પાસે ગુસ્લ કે તયમ્મુમ માટે સમય ન હોય, તો

એ દિવસનો રોઝો સહીહ ગણાશે.

**મસઅલો ૧૬૧૦** : અગર કોઈ સ્ત્રી સુબ્હે સાદિક બાદ હૈઝ કે નિફાસથી પાક થાય, અથવા દિવસના ભાગમાં હૈઝ કે નિફાસનું લોહી જણાય, તો એ (દિવસનો) રોઝો બાતિલ છે, ભલે તે મગરિબની નજીક હોય.

**મસઅલો ૧૬૧૧** : અગર કોઈ સ્ત્રી હૈઝ અથવા નિફાસનું ગુસ્લ કરતા ભૂલી જાય, અને એને એક અથવા અમુક દિવસો બાદ યાદ આવે, તો એ સમય દરમિયાનમાં જે રોઝાઓ રાખ્યા હોય એ સર્વે સહીહ ગણાશે.

**મસઅલો ૧૬૧૨** : અગર કોઈ સ્ત્રી માહે રમઝાનમાં સુબ્હે સાદિકથી પહેલાં હૈઝ અથવા નિફાસથી પાક થઈ જાય, પણ ગુસ્લ કરવામાં સુબ્હે સાદિક સુધી જાણીબુજીને લાપરવાહી કરે, અને ગુસ્લ ન કરે. એવી જ રીતે સમય તંગ હોવાના સંજોગમાં લાપરવાહીથી વર્તીને સુબ્હે સાદિક પહેલાં તયમ્મુમ ન કરે, તો તે રોઝો પૂરો કરી પછી કઝા પણ કરશે.

પણ જો લાપરવાહીને કારણે ઢીલ ન કરે, જેમકે હમ્મામ સ્ત્રીઓ માટે ખાલી થાય ત્યા સુધી રાહ જોતી હોય, તો એવા સંજોગમાં ભલે પછી ત્રણ વાર નિંદ્રાવશ થાય અને સુબ્હે સાદિક સુધી ગુસ્લ ન કરી શકે અને તયમ્મુમ બજાવી લાવવામાં કોતાહી ન કરી હોય તો તેનો રોઝો સહીહ છે.

**મસઅલો ૧૬૧૩** : જે સ્ત્રી ઈસ્તેહાઝા કસીરાની હાલતમાં હોય, અને મસઅલા નં ૩૯૪ માં જણાવ્યા

મુજબ તેના ઉપર ગુસ્લો વાજિબ છે, તેને ન કરે તો પણ એનો રોઝો સહીહ છે. એવી રીતે ઈસ્તેહાઝા મુતવસ્સેતાવાળી સ્ત્રી જો ગુસ્લ ન કરે તો પણ તેનો રોઝો સહીહ છે.

**મસઅલો ૧૬૧૪** : જે શખ્સ ઉપર મૈયતને અડવાને કારણે ગુસ્લે મસે મૈયત વાજિબ થયું હોય, તે એ ગુસ્લ કર્યા વગર રોઝો રાખી શકે છે. અને અગર કોઈ રોઝાની હાલતમાં મૈયતને અડે તો રોઝો બાતિલ થતો નથી.

## (૭) એનીમા (પીચકારી)

**મસઅલો ૧૬૧૫** : કોઈ પ્રવાહી ચીજનો એનીમા લેવાથી રોઝો બાતિલ થાય છે, ચાહે એ લાચારી કે ઈલાજને કારણે હોય.

## (૮) ઉલટી કરવી

**મસઅલો ૧૬૧૬** : અગર રોઝેદાર જાણીબુજીને ઉલટી કરે, ભલે પછી કોઈ બીમારી વિગેરેને કારણે લાચારીથી કરવી પડે, તો એનો રોઝો બાતિલ છે. પણ અગર કોઈ ભૂલથી અથવા બેકાબૂ થઈને ઉલટી કરે તો વાંધો નથી.

**મસઅલો ૧૬૧૭** : અગર કોઈ શખ્સ રાત્રે એવા ખોરાક લ્યે કે જેને પરિણામે એને યકીન હોય કે દિવસે બેઈખ્તીયારથી ઉલટી થશે, તો પણ તેનો રોઝો સહીહ છે.

**મસઅલો ૧૬૧૮** : જે સંજોગમાં રોઝેદાર ઉલટી રોકી શકતો હોય, અને કુદરતી રીતે આ ઉલટી થતી હોય તો રોકવી જરૂરી નથી.

**મસઅલો ૧૬૧૯** : અગર રોઝેદારના ગળામાં માખી દાખલ થઈ જાય, અને એટલે સુધી ઉતરી ગઈ હોય કે એને ગળી જવાથી કોઈ એમ ન કહી શકે કે આહાર કર્યો છે, તો એ માખીને બહાર કાઢવી લાઝિમ નથી, અને રોઝો સહીહ ગણાશે. પણ જો એટલે ઊંડે ન ઉતરી હોય, તો એને બહાર ફેંકવી જરૂરી છે, ભલે પછી તેમ કરવા માટે ઉલટી કરવી પડે, સિવાય કે ઉલટી કરવાથી નુકસાન કે અસહ્ય તકલીફ થતી હોય. પણ જો એ શક્ય સંજોગમાં ઉલટી ન કરે અને ગળી જાય, તો રોઝો બાતિલ છે. અને ઉલટી કરે તો પણ તેનો રોઝો બાતિલ છે.

**મસઅલો ૧૬૨૦** : અગર કોઈ શખ્સ ભૂલથી કોઈ વસ્તુ ગળી જાય, અને પેટમાં પહોંચે એથી પહેલાં એને યાદ આવે કે રોઝાથી છે જો તે વસ્તુ એટલે અંદર સુધી પહોંચી ગઈ હોય કે તેને હોજરીમાં પહોંચવા દેવાને ખાવું ન કહી શકાય તો એ ગળેલી વસ્તુને બહાર કાઢવી લાઝિમ નથી, અને રોઝો સહીહ ગણાશે.

**મસઅલો ૧૬૨૧** : અગર કોઈને યકીન હોય કે જો ઓડકાર લેવાથી કોઈ વસ્તુ ગળાની બહાર આવશે અને તે બહાર આવવુ એવી રીતે હોય કે તેને ઊલટી કરી એમ કહી શકાય તો એહતિયાત છે કે જાણીબુજીને ઓડકાર ન લ્યે, પણ જો એ બારામાં યકીન ન હોય તો વાંધો નથી.

**મસઅલો ૧૬૨૨** : અગર કોઈ શખ્સ ઓડકાર લ્યે અને કોઈ વસ્તુ ગળાની બહાર અથવા મોઢામાં આવી જાય, તો તેને બહાર ફેંકવી જોઈએ. પણ જો બેઈખ્તીયારીની હાલતમાં ફરી ગળાની નીચે ઉતરી જાય, તો રોઝો સહીહ છે.

# રોઝો તોડનારી વસ્તુઓ વિશેના એહકામ

**મસઅલો ૧૬૨૩ :** અગર ઈન્સાન જાણીબુજીને અથવા ઈખ્તીયારથી રોઝાને બાતિલ કરનાર અમલ બજાવી લાવે તો એનો રોઝો બાતિલ છે. પણ જો જાણીબુજીને ન હોય તો રોઝો બાતિલ નથી. પરંતુ જે શખ્સ જુનુબની હાલતમાં સૂઈ જાય, અને મસઅલા નં ૧૬૦૦માં આપેલી વિગતો મુજબ સુબ્હે સાદિક સુધી ગુસ્લ ન કરે, તો એનો રોઝો બાતિલ થશે.

અગર કોઈ ઈન્સાન મસઅલાથી અજાણ હોવાને કારણે રોઝાને બાતિલ કરનાર અમલ બજાવી લાવે, એ શરતે કે એની જહાલત લાપરવાહીને કારણે ન હોય, અને એ વિશે એને કોઈ શંકા પણ ન હોય, તો રોઝો બાતિલ નથી. એ પ્રમાણે અગર કોઈ શરઈ દલીલ ઉપર આધાર રાખીને એવો અમલ બજાવી લાવે તો પણ રોઝો બાતિલ નથી. પણ તેમાં ખાવું પીવું અને સ્ત્રીસંભોગનો સમાવેશ થતો નથી.

**મસઅલો ૧૬૨૪ :** અગર કોઈ શખ્સ ભૂલથી રોઝાને તોડનાર અમલ બજાવી લાવ્યા બાદ, એમ ધારીને કે રોઝો બાતિલ છે, ફરી જાણીજોઈને કોઈ એવો અમલ કરે કે જે રોઝાને તોડે છે, તો ઉપરના મસઅલામાં બયાન થયેલ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૧૬૨૫ :** અગર રોઝેદારના ગળામાં જબરજસ્તીથી કોઈ વસ્તુ ઉતારવામાં આવે તો એ

રોઝેદારનો રોઝો બાતિલ નહીં થાય, પણ જો એવી રીતે મજબૂર કરવામાં આવે કે જો નહીં ખાય તો એને માલ યા જાનની નુકસાની ભોગવવી પડશે, જેને પરિણામે એ પોતે નુકસાનીથી બચવા ખાતર ખાવા-પીવા અને સ્ત્રી સંભોગથી રોઝો તોડે તો રોઝો બાતિલ છે. આ સિવાયની ચીજોથી એહતિયાતે વાજિબની રૂએ રોઝો બાતિલ થશે.

**મસઅલો ૧૬૨૬** : અગર રોઝેદારને યકીન હોય કે ફલાણી જગ્યાએ જશે તો જબરજસ્તીથી તેના ગળામાં કોઈ વસ્તુ ઉતારવામાં આવશે, અથવા પોતાનો રોઝો તોડવા માટે તેને મજબૂર કરવામાં આવશે, તો એવી જગ્યાએ ન જવું જોઈએ. તે છતાં અગર જાય અને તેને પોતાનો રોઝો બાતિલ કરવા માટે મજબૂર કરવામાં આવે તો રોઝો બાતિલ થશે. બલ્કે જો તેના ગળામાં જબરદસ્તી કોઈ વસ્તુ ઉતારવામાં આવે તો પણ એહતિયાતે લાઝિમની રૂએ રોઝો બાતિલ ગણાશે.

## એ કામો જે રોઝેદારોના માટે મકરૂહ છે

**મઅસલો ૧૬૨૭** : નીચે જણાવેલી અમુક બાબતો રોઝેદાર માટે મકરૂહ છે:

(૧) આંખમાં એવી દવા ટપકાવવી કે એવો સુરમો આંજવો, જેનો સ્વાદ અને ખુશ્બૂ ગળા સુધી પહોંચે;

(૨) શરીરમાં કમજોરી પેદા થાય એવું કોઈ પણ કામ કરવું, જેમકે, હમામ જવું, લોહીની નસ ખોલાવવી વિગેરે

(૩) નાકમાં દવા નાખવી, અગર એ ખબર ન હોય કે તેની અસર ગળા સુધી પહોંચશે. અને જો પહેલેથી ખબર

હોય કે અસર ગળા સુધી પહોંચશે તો તેનો ઊપયોગ જાઈઝ નથી.

(૪) સુગંધવાળી દવાની વનસ્પતિ કે છોડવા (હર્બલ) વિગેરે સૂંઘવા.

(૫) સ્ત્રીને માટે પાણીમાં બેસવું મકરૂહ છે.

(૬) પાયખાના વાટે કોઈ સૂકી દવા વિગેરે લેવી.

(૭) શરીર ઉપરના કપડા ભીના કરવા.

(૮) દાંત ખેંચી કઢાવવા, અથવા કોઈ પણ એવું કામ કરવું કે જેથી મોઢામાંથી લોહી પડે.

(૯) ભીની ડાંખળીથી દાતણ કરવું.

(૧૦) કોઈ પણ કારણ વગર પાણી અથવા કોઈ પ્રવાહી મોઢામાં મૂકવું.

એવી જ રીતે મની ખારીજ કરવાની નિય્યત વગર પોતાની પત્ની સાથે પ્રેમચેષ્ટા કે પ્રણય કરવો, ચુંબન કરવું, અથવા શેહવતને ઉશ્કેરે તેવી રીતે વર્તવું મકરૂહ છે.

## જે સંજોગોમાં કઝા અને કફ્ફારો બંને વાજિબ છે

**મસઅલો ૧૬૨૮ :** અગર કોઈ શખ્સ માહે રમઝાનનો રોઝો ખાવાથી, પીવાથી, સ્ત્રીસંભોગથી, ઈસ્તિમના કરીને અથવા સુબ્હે સાદિક સુધી જનાબત ઉપર બાકી રહીને બાતિલ કરે, અને તે માટે કોઈ લાચારી કે જબરજસ્તી કારણરૂપ ન હોય, બલ્કે પોતે ઈખ્તીયારથી અને

જાણીબુજીને એવું કરે, તો કઝા ઉપરાંત તેના ઉપર કફ્ફારો પણ વાજિબ થાય છે અને એહતિયાતે મુસ્તહબ છે કે જો ઉપરોક્ત કાર્યો સિવાય બીજા કાર્યોથી પોતાનો રોઝો બાતિલ કરે, તો પણ કઝા ઉપરાંત કફ્ફારો આપે.

**મસઅલો ૧૬૨૯ :** અગર કોઈ શખ્સ ઉપરોકત કાર્યોમાંથી કોઈ પણ કાર્યને અંજામ આપતી વખતે સંપૂર્ણ યકીન ધરાવતો હોય કે એ રોઝાને તોડનાર કાર્ય નથી, તો તેના ઉપર કફ્ફારો વાજિબ નહીં થાય. આ જ હુકમ તે લોકો માટે છે જેને ખબર ન હોય કે તેના ઉપર રોઝા વાજિબ છે. જેમ કે એ બાળક કે જેનાં બાલિગ થવાના શરૂઆતના દિવસો હોય.

## રોઝાનો કફ્ફારો

**મસઅલો ૧૬૩૦ :** માહે રમઝાનમાં રોઝો ન રાખનાર ઉપર જે કફ્ફારો શરીઅતે નિયુકત કરેલ છે, તે નીચે મુજબ છે:

(અ) એક ગુલામને આઝાદ કરવો, અથવા

(બ) બે મહિના રોઝા રાખવા, જેની વિગત હવે પછી આવશે, અથવા,

(ક) સાઈઠ (૬૦) ફકીરોને પેટ ભરીને જમાડવા, અથવા દરેકને એક મુદ ૩/૪ કિલો (૭૫૦ ગ્રામ) અનાજ આપવું, એટલે કે ઘઉં, જવ અથવા રોટલીઓ વિગેરે આપવી.

અને જો એ કફ્ફારો આપવા શક્તિશાળી ન હોય, તો શક્ય તેટલો સદકો આપે અને જો એ પણ ન કરી શકે

તો તોબા, ઈસ્તિગફાર કરે, અને એહતિયાતે વાજિબ છે કે જયારે પણ શક્તિશાળી થાય ત્યારે કફ્ફારો અદા કરે.

**મસઅલો ૧૬૩૧** : જે શખ્સ રોઝાના કફ્ફારા રૂપે બે મહિના રોઝા રાખવા માંગતો હોય, તે પહેલાં મહિનામાં સતત દરરોજ રોઝા રાખશે, અને સાથે બીજા મહિનાનો પહેલો દિવસ પણ ઉમેરાશે, અને ત્યાર પછીના રોઝા એહતિયાત વાજિબની રૂએ સતત (ઉપરાપર) રાખશે. પરંતુ અગર કોઈ ઉઝર આવી જાય જેને સામાન્ય રીતે સતત રોઝા રાખવામાં અવરોધ કહેવાય તો જ તે દિવસે રોઝો ન રાખે અને જયારે તે કારણ ખત્મ થઈ જાય તો ફરી રોઝા રાખવાનું શરૂ કરી દેશે.

**મસઅલો ૧૬૩૨** : જે શખ્સ બે માસ રોઝા રાખવાનો કફ્ફારો આપવા માગે, તો તેણે રોઝાઓ એવા સમયે શરૂ ન કરવા જોઈએ કે એક માસ અને એક દિવસ દરમિયાન કોઈ એવો દિવસ આવે કે જે દિવસે રોઝો રાખવો હરામ છે; જેમકે ઈદુલ ફિત્ર અથવા ઈદુલ અઝહા. અથવા એ દિવસે રોઝો વાજિબ હોય.

**મસઅલો ૧૬૩૩** : જયારે ઈન્સાન ઉપર વાજિબ હોય કે કફ્ફારાના સતત રોઝા રાખે, ત્યારે અગર ઉઝર વગર વચ્ચે એક દિવસ પણ રોઝો તર્ક કરશે, તો એને નવેસરથી રોઝાઓ શરૂ કરવા પડશે.

**મસઅલો ૧૬૩૪** : જયારે ઈન્સાન ઉપર કફ્ફારાના સતત રોઝા રાખી રહ્યો હોય, ત્યારે જો વચ્ચે એવો ઉઝર ઉપસ્થિત થાય કે જેના ઉપર તેનો ઈખ્તીયાર ન હોય,

જેમકે, હૈઝ, નિફાસ અથવા જરૂરી મુસાફરીમાં જવું, તો ઉઝર બરતરફ થયા બાદ વાજિબ નથી કે નવેસરથી રોઝા શરૂ કરે. બલ્કે જેટલા બાકી રહ્યા હોય તેટલા જ રોઝા રાખશે.

**મસઅલો ૧૬૩૫** : અગર કોઈ શખ્સ હરામ વસ્તુથી પોતાનો રોઝો બાતિલ કરે, ચાહે એ વસ્તુ કે બાબત અસલથી હરામ હોય, જેમકે દારૂ અથવા ઝીના, અથવા કોઈ કારણસર હરામ હોય જેમકે કોઈ એવી હલાલ ખોરાકી જે કોઈના માટે અમુક બીમારીને કારણે નુકસાન ક્ર્તા હોય, અથવા પોતાની પત્ની સાથે હૈઝની હાલતમાં સંભોગ કરવો, તો એવા સંજોગમાં એક કફ્ફારો કાફી છે પણ એહતિયાતે મુસ્તહબ છે કે ત્રણેય કફ્ફારા આપે. એટલે કે એક ગુલામને આઝાદ કરે, બે માસ રોઝા રાખે, અને સાઈઠ ફકીરોને જમાડે અથવા દરેકને એક મુદ (પોણો કિલો) અનાજ, ઘઉં, જવ કે રોટલીઓ વિગેરે આપે. અને જો ત્રણેય કફ્ફારા આપી ન શકે, તો એમાંથી જે કાંઈ શક્ય હોય તે આપે.

**મસઅલો ૧૬૩૬** : અગર રોઝેદાર જાણીબુજીને કોઈ જૂઠાણની નિસ્બત ખુદા અને પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તરફ આપે, તો કફ્ફારો તેના ઉપર વાજિબ નથી પણ એહતિયાતે મુસ્તહબ છે કે કફ્ફારો આપે.

**મસઅલો ૧૬૩૭** : અગર કોઈ રોઝેદાર માહે રમઝાનના એક દિવસમાં અનેકવાર ખાઈ પીવે, સંભોગ

કરે, અથવા ઈસ્તિમના કરે, તો એક કફ્ફારો કાફી છે.

**મસઅલો ૧૬૩૮** : જો સંભોગ અને ઈસ્તિમના સિવાય કોઈ બીજા કાર્યથી કોઈ રોઝેદાર પોતાના માહે રમઝાનના રોઝાને બાતિલ કરે, પછી (તે જ દિવસે) પોતાની પત્ની સાથે મુજામેઅત કરે તો એક જ કફ્ફારો કાફી છે.

**મસઅલો ૧૬૩૯** : અગર રોઝેદાર હલાલ કાર્યથી પોતાનો રોઝો બાતિલ કરે, જેમકે, પાણી પીવે, અને ત્યાર પછી રોઝો તોડનાર કોઈ હરામ કાર્ય અંજામ આપે, જેમકે હરામ વસ્તુ ખાઈ લ્યે, તો એક જ કફ્ફારો કાફી ગણાશે.

**મસઅલો ૧૬૪૦** : અગર ઓડકાર લેવાથી, રોઝેદારના મોઢામાં કોઈ વસ્તુ બહાર આવે, અને એને જાણીબુજીને ગળી લ્યે તો એહતિયાતે વાજિબની રૂએ રોઝો બાતિલ છે, અને કઝા ઉપરાંત કફ્ફારો આપે. અગર મોઢામાં આવેલી વસ્તુ એવી હોય કે જેનું ખાવું હરામ છે, જેમકે, ઓડકારને કારણે લોહી નીકળે અથવા ખાધેલી વસ્તુ એવી હાલતમાં બહાર આવે કે તેને ખોરાક ન કહીં શકાય, અને એને જાણીને ગળી લ્યે, તો બહેતર છે કે ત્રણેય કફ્ફારા આપે.

**મસઅલો ૧૬૪૧** : અગર કોઈ શખ્સ એવી નઝર કે મન્નત રાખે કે ફલાણે દિવસે રોઝો રાખીશ, અને એ દિવસે જાણીજોઈને પોતાના રોઝાને બાતિલ કરે, તો એને કફ્ફારો લાગુ પડશે, પણ એ મન્નત તોડવાનો કફ્ફારો છે. જે આગળ જતા બયાન થશે.

**મસઅલો ૧૬૪૨** : અગર રોઝેદાર કોઈ અવિશ્વાસપાત્ર શખ્સની વાત ઉપર આધાર રાખે કે મગરિબનો સમય થઈ ગયો છે, અને ઈફતાર કરી લ્યે, અને ત્યારબાદ એને ખબર પડે કે મગરિબનો સમય દાખલ થયો જ ન હતો, અથવા એ વિશે શકમંદ થાય, તો એને કઝા સાથે કફ્ફારો લાગુ પડશે. પણ જો તે આ બાબતને હુજ્જત ગણતો હતો તો ફક્ત કઝા વાજિબ થશે.

**મસઅલો ૧૬૪૩** : જે શખ્સે પોતાનો રોઝો જાણીબુજીને બાતિલ કર્યો હોય, અને તે બાદ ઝોહરથી પહેલાં અથવા પછી સફર ઈખ્તીયાર કરે કે જેથી કફ્ફારા લાગુ ન પડે, તો એમ કરવાથી કફ્ફારો માફ નહીં થાય, બલ્કે જો એને ઝોહરથી પહેલા આકસ્મિક સફર કરવી પડે, તો પણ કફ્ફારો લાગુ પડશે.

**મસઅલો ૧૬૪૪** : અગર કોઈ શખ્સ જાણીજોઈને પોતાનો રોઝો બાતિલ કરે, અને ત્યારબાદ કોઈ ઉઝર ઉપસ્થિત થાય, જેમકે, હૈઝ, નિફાસની હાલતમાં દાખલ થાય, અથવા કોઈ બીમારીનો ભોગ બને, તો અહવતે મુસ્તહબ છે કે કફ્ફારો આપે. ખાસ કરીને જ્યારે દવા વગેરેના ઉપયોગથી આવી હાલત થઈ હોય.

**મસઅલો ૧૬૪૫** : અગર કોઈને યકીન હોય કે પહેલી માહે મુબારક રમઝાન છે, તે છતાંય જાણીબુજીને પોતાનો રોઝો બાતિલ કરે, અને ત્યારબાદ ખબર પડે કે એ તો શાબાનની છેલ્લી તારીખ હતી,તો એના ઉપર કફ્ફારો વાજિબ નથી.

**મસઅલો ૧૬૪૬** : અગર ઈન્સાનને શક હોય કે માહે મુબારક રમઝાનની છેલ્લી તારીખ છે, યા શવ્વાલની પહેલી છે, અને જાણીબુજીને પોતાનો રોઝો તોડી નાખે, અને ત્યારબાદ ખબર પડે કે શવ્વાલની પહેલી હતી, તો તેના ઉપર કફ્ફારો વાજિબ નથી.

**મસઅલો ૧૬૪૭** : અગર કોઈ રોઝેદાર શખ્સ માહે રમઝાનમાં પોતાની રોઝેદાર પત્નીને સંભોગ માટે મજબૂર કરે, તો પોતાના રોઝાનો કફ્ફારો ઉપરાંત, એહતિયાતની રૂએ પત્નીના રોઝાનો કફ્ફારો પણ આપશે. પણ જો પત્ની સંભોગ માટે રાજી થઈ હોય, તો બંને ઉપર કફ્ફારો વાજિબ થશે.

**મસઅલો ૧૬૪૮** : અગર કોઈ સ્ત્રી પોતાના રોઝેદાર શૌહરને સંભોગ માટે મજબૂર કરે, તો તેના ઉપર શૌહરના રોઝાનો કફ્ફારો વાજિબ નહીં થાય.

**મસઅલો ૧૬૪૯** : અગર કોઈ રોઝેદાર માહે રમઝાનમાં પોતાની પત્નીને સંભોગ માટે મજબૂર કરે, અને સંભોગ દરમિયાન પત્ની રાજી થાય, તો બંને ઉપર કફ્ફારો વાજિબ છે. એહતિયાતે મુસ્તહબ છે શૌહર બે કફ્ફારા આપે.

**મસઅલો ૧૬૫૦** : અગર કોઈ રોઝેદાર માહે રમઝાનમાં પોતાની રોઝેદાર પત્ની સાથે એવી હાલતમાં સંભોગ કરે કે પત્ની નિંદ્રાવશ હોય, તો તેના ઉપર એક કફ્ફારો વાજિબ થશે; પણ પત્નીનો રોઝો સહીહ રહેશે, અને તેના ઉપર કોઈ કફ્ફારો વાજિબ નહીં થાય.

**મસઅલો ૧૬૫૧** : અગર શૌહર પત્નીને અથવા પત્ની

શૌહરને સંભોગ સિવાય કોઈ એવા બીજા કાર્ય માટે મજબૂર કરે કે જે રોઝાને તોડનાર છે, તો બંનેમાંથી કોઈ ઉપર કફ્ફારો વાજિબ નહીં થાય.

**મસઅલો ૧૬૫૨** : જે શખ્સે સફરના કારણે અથવા બીમારીના લીધે રોઝો ન રાખ્યો હોય, તો પોતાની રોઝેદાર સ્ત્રીને સંભોગ માટે મજબૂર કરી શકશે નહીં. પણ જો મજબૂર કરે, તો પણ શૌહર ઉપર કફ્ફારો વાજિબ નથી.

**મસઅલો ૧૬૫૩** : કફ્ફારાની અદાયગીમાં લાપરવાહી કે ઢીલ ન કરવી જોઈએ, પણ તેની તુરંત અદાયગી લાઝિમ નથી.

**મસઅલો ૧૬૫૪** : અગર કોઈ શખ્સ કફ્ફારો વાજિબ થયા બાદ વર્ષો સુધી તેની અદાયગી ન કરે, તો તેમાં કંઈપણ વધારો થતો નથી.

**મસઅલો ૧૬૫૫** : જે શખ્સ કફ્ફારા રૂપે સાંઈઠ ફકીરોને જમાડવા માંગતો હોય, અને જો સાંઈઠ ફકીર મોજૂદ હોય તો એની સંખ્યા ઘટાડી શકતો નથી જેમકે ત્રીસ ફકીરોને બે-બે મુદ્દ અનાજ આપે, અલબત્ત એક ફકીરના પરિવારની વકાલતમાં અને સગીર વ્યક્તિ વિલાયતમાં જુદી જુદી વ્યક્તિ માટે એક એક મુદ અનાજ આપી શકે છે, અલબત્ત અગર સાઈઠ ફકીર ન હોય જેમ કે ફક્ત ત્રીસ જ ફકીર હોય તો દરેકને બે મુદ આપી શકે છે. એહતિયાતે વાજિબની રૂએ પછી જ્યારે શક્ય બને ત્યારે બીજા ત્રીસ ફકીરોને પણ એક એક મુદ આપે.

**મસઅલો ૧૬૫૬** : જે શખ્સે માહે રમઝાનના રોઝાની કઝા રાખી હોય, અને જાણીજોઈને ઝોહર બાદ એવું કાર્ય

અંજામ આપે કે જે રોઝાને બાતિલ કરે છે, તો તેના ઉપર વાજિબ છે કે દસ ફકીર, દરેકને એક મુદ અનાજ આપે. અને જો તેમ ન કરી શકતો હોય, તો ત્રણ દિવસ રોઝા રાખે.

## જે સંજોગોમાં માત્ર રોઝાની કઝા વાજિબ છે

**મસઅલો ૧૬૫૭** : ઉપરોકત દર્શાવેલા સંજોગો સિવાય, અમુક એવા સંજોગો છે કે જેમાં ઈન્સાન ઉપર ફકત રોઝાની કઝા વાજિબ છે, અને કફ્ફારો લાગુ પડતો નથી.

(૧) અગર માહે રમઝાનની રાતમાં જનાબતની હાલતમાં હોય, અને મસઅલા નંબર ૧૬૦૧માં જણાવ્યા મુજબ સુબ્હે સાદિક સુધી બીજી ઊંઘમાંથી જાગૃત ન થાય;

(૨) અગર કોઈ શખ્સ રોઝાને બાતિલ કરનાર કોઈ અમલ ન બજાવી લાવે, પરતું રોઝાની નિય્યત ન કરે, અથવા રિયાકારીનો રોઝો રાખે, અથવા એવો ઈરાદો કરે કે રોઝો નહીં રાખે, અથવા મસઅલા ૧૫૪૯માં બતાવેલ વિગત પ્રમાણે ઈરાદો કરે કે રોઝો તોડનાર કોઈ કાર્ય કરશે.

(૩) અગર માહે રમઝાનમાં ગુસ્લે જનાબત ભૂલી જાય, અને જનાબતની હાલતમાં એક અથવા એકથી વિશેષ રોઝાઓ રાખે;

(૪) અગર માહે રમઝાનમાં તપાસ કર્યા વિના કે સુબ્હે સાદિકનો સમય થઈ ગયો છે કે નહી, રોઝાને બાતિલ

કરનાર કાર્ય કરે, અને ત્યારબાદ ખબર પડે કે સમય દાખલ થઈ ગયો હતો.

(૫) અગર કોઈના કહેવાથી કે સુબ્હ સાદિક થઈ નથી, કોઈ શખ્સ રોઝાને તોડનાર અમલ બજાવી લાવે, અને ત્યારબાદ જાણ થાય કે સવાર થઈ ગઈ હતી;

(૬) અગર કોઈ કહે કે સુબ્હ સાદિકનો સમય થઈ ગયો છે, પણ ઈન્સાન તેની વાત ઉપર ભરોસો ન કરે, અથવા એમ સમજે કે મશ્કરી કરી રહ્યો છે, અને પોતે તેહકીક કર્યા વિના રોઝાને બાતિલ કરનાર કોઈ કાર્ય કરે, અને જો ત્યાર પછી ખબર પડે કે સુબ્હે સાદિકનો સમય થઈ ગયો હતો;

(૭) અગર કોઈ શખ્સ બીજાના કહેવા ઉપર એવો ભરોસો રાખતો હોય કે જે ભરોસો શરીઅતની રૂએ તેના માટે હુજજત હોય, અથવા ભૂલથી એમ સમજતો હોય કે તેના પર ભરોસો કરવો શરીઅતની રૂએ હુજ્જત છે અને એ મુજબ અમલ કરી ઈફતાર કર્યા બાદ એને જાણ થાય કે મગરિબનો વખત દાખલ થયો ન હતો;

(૮) અગર કોઈને યકીન અથવા ઈત્મીનાન હોય કે મગરિબનો સમય થઈ ગયો છે, અને ઈફતાર કર્યા બાદ એને જાણ થાય કે સમય થયો ન હતો, તો માત્ર કઝા આપે. પણ જો હવામાનમાં ઘેરાયેલાં વાદળાં વગેરેને કારણે એવું ગુમાન થયું હોય તો કઝાનું વાજિબ હોવું એહતિયાતની રૂએ છે.

(૯) અગર કોઈ શખ્સ પ્યાસને કારણે કોગળા કરે, એટલે

કે મોઢામાં પાણી ફેરવે, અને બેઈખ્તીયારીથી પાણી પી લ્યે, તો રોઝાની કઝા બજાવી લાવશે.

પણ અગર કોઈ શખ્સ ભૂલી જાય કે રોઝાની હાલતમાં છે, અને પાણી પી લ્યે, તો કઝા નથી. એવી જ રીતે પ્યાસ સિવાયના સંજોગમાં જયાં કોગળાં મુસ્તહબ છે, જેમકે વુઝુ કરતી વખતે, ત્યારે કોગળા કરતી વખતે બેઈખ્તીયારીથી પાણી ગળાની નીચે ઉતરી જાય તો કઝા નથી.

(૧૦) અગર કોઈ શખ્સ જબરજસ્તીને વશ થઈ અથવા મજબૂરીને કારણે અથવા તકીય્યાને લીધે ખાઈ-પીવે અથવા સંભોગ કરે અને એહતિયાતે વાજિબની રૂએ બીજી રોઝો તોડનાર ચીજોનો પણ આ જ હુકમ છે.

**મસઅલો ૧૬૫૮** : અગર કોઈ શખ્સ પાણી સિવાય કોઈ બીજી વસ્તુ મોઢામાં મૂકે, અને એ બેઈખ્તીયારીની હાલતમાં ગળાની નીચે ઉતરી જાય, અથવા અગર એ નાક વાટે પાણી લ્યે, અને બેઈખ્તીયારીમાં એ પાણી ગળા સુધી આવીને ઉતરી જાય, તો તેના ઉપર કઝા વાજિબ નથી.

**મસઅલો ૧૬૫૯** : રોઝેદાર માટે વધુ પડતા કોગળા કરવા મકરૂહ છે, અને કોગળા કર્યા પછી થૂંક ગળાની નીચે ઉતારવા માંગતો હોય તો બેહતર છે કે પહેલા ત્રણ વાર બહાર થૂંકે.

**મસઅલો ૧૬૬૦** : અગર ઈન્સાનને યકીન હોય,

અથવા એવું ગુમાન રહે કે કોગળાં કરવાથી બેઈખ્તીયાર અથવા ભૂલને કારણે પાણી ગળા નીચે ઉતરી જશે, તો એવા શખ્સે કોગળાથી પરહેઝ કરવી જોઈએ. જો એ કોગળાં કરે અને પાણી ગળાની નીચે ન ઉતરે. તો એહતિયાતે વાજિબ છે કે કઝા બજાવી લાવે.

**મસઅલો ૧૬૬૧ :** અગર માહે રમઝાનમાં કોઈ શખ્સ પૂરી તપાસ કર્યા બાદ નક્કી ન કરી શક્યો હોય કે સુબ્હ સાદિકનો સમય દાખલ થયો છે નહી, અને રોઝો તોડનાર કોઈ અમલ બજાવી લાવ્યા બાદ એને જાણ થાય કે સમય દાખલ થઈ ચૂક્યો હતો, તો તેના ઉપર રોઝાની કઝા લાઝિમ નથી.

**મસઅલો ૧૬૬૨ :** અગર ઈન્સાનને શક હોય કે મગરિબનો સમય દાખલ થઈ ગયો છે કે નહીં, તો એ સ્થિતિમાં એ ઈફતાર નહીં કરી શકે. પણ જો એને શક હોય કે સુબ્હ સાદિક થઈ છે કે નહીં તો તપાસ કર્યા પહેલાં પણ એ રોઝાને તોડનાર અમલ અંજામ આપી શકે છે.

## કઝા રોઝાના એહકામ

**મસઅલો ૧૬૬૩ :** અગર કોઈ દીવાનો શખ્સ સાજો થઈ જાય, તો દીવાનગીની હાલતમાં જે રોઝાઓ રહી ગયા હોય તેની કઝા તેના ઉપર વાજિબ નથી.

**મસઅલો ૧૬૬૪ :** અગર કોઈ કાફિર મુસલમાન થાય, તો કુફ્રની હાલતમાં જે રોઝાઓ રાખ્યા ન હોય, તેની કઝા તેના ઉપર વાજિબ નથી. પરંતુ અગર કોઈ મુસલમાન

કાફિર થઈ જાય, અને પાછો મુસલમાન થાય, તો જયારે કાફિર હતો ત્યારે મૂકેલા રોઝાઓની કઝા તેના ઉપર વાજિબ છે.

**મસઅલો ૧૬૬૫** : જે રોઝાઓ ઈન્સાને નશાની હાલતમાં છોડી મૂક્યા હોય, તેની કઝા વાજિબ છે. ભલે પછી એ કેફ કે નશો ઈલાજ માટે આપેલી દવાના કારણે હોય.

**મસઅલો ૧૬૬૬** : અગર કોઈ શખ્સે ઉઝરને કારણે અમુક રોઝાઓ ન રાખ્યા હોય, અને આગળ જતાં એને એ વિશે શક થાય કે ઉઝર કેટલા દિવસ પછી બરતરફ થયો હતો તો વધારે સંખ્યાની શક્યતા મુજબ કઝા બજાવી લાવવી તેના ઉપર વાજિબ નથી. દાખલા તરીકે, અગર કોઈ શખ્સે માહે રમઝાનથી પહેલા સફર કરી હોય. અને હવે તેને શક થાય કે પાંચમી રમઝાનના પાછો આવ્યો હતો કે છઠી; અથવા માહે રમઝાનની છેલ્લી તારીખોમાં મુસાફરી કરી હોય, અને માહે રમઝાન બાદ પાછો આવ્યો હોય, પણ એને શક હોય કે ૨૫મી તારીખે મુસાફરી કરી હતી કે ૨૬મી તારીખે, તો બંને સંજોગમાં ઓછી સંખ્યા નક્કી કરીને પાંચ રોઝાઓની કઝા બજાવી લાવશે, જોકે એહતિયાતે મુસ્તહબ છે કે વધુ સંખ્યાની એટલે કે છ રોઝાની કઝા બજાવી લાવે.

**મસઅલો ૧૬૬૭** : અગર કોઈ શખ્સ ઉપર એકથી વધુ રમઝાન મહિનાઓની કઝા બાકી હોય, તો તે મહિનાઓમાંથી જેની કઝા શરૂ કરવા ધારે, એ કરી શકે

છે. પણ જયારે છેલ્લા માહે રમઝાનના કઝા રોઝાઓનો સમય તંગ હોય, જેમકે, છેલ્લા માહે રમઝાનના પાંચ રોઝાઓ કઝા હોય અને સામે માહે રમઝાનને પાંચ જ દિવસ બાકી હોય, ત્યારે બેહતર છે કે છેલ્લા રમઝાનની કઝા પહેલાં બજાવી લાવે.

**મસઅલો ૧૬૬૮** : અગર કોઈ શખ્સ ઉપર અનેક માહે રમઝાનની કઝા બાકી હોય, અને કઝા રોઝાઓ રાખતી વખતે નિય્યતમાં મુઅય્યન ન કરે કે ક્યા માહે રમઝાનની કઝા આપી રહ્યો છે; તો એ છેલ્લા માહે રમઝાનની કઝા તરીકે ગણવામાં નહી આવે. પરિણામે જો સમય તંગ હોવાને લીધે બધા રોઝા કઝા ન કરી શકે તો છેલ્લા માહે રમઝાનના રોઝાની તાઅખીર (મોડું) કરવાના કફ્ફારાથી બચી નહી શકે.

**મસઅલો ૧૬૬૯** : માહે રમઝાનના રોઝાની કઝા રાખનાર શખ્સ અગર ઝોહરની પહેલા પોતાનો રોઝો તોડવા માગે, તો તોડી શકે છે. પણ જો કઝા રોઝાઓનો સમય તંગ હોય, તો બેહતર છે કે રોઝાને બાતિલ ન કરે.

**મસઅલો ૧૬૭૦** : અગર કોઈ શખ્સ મૈયત વતી ઈજારાના રોઝા રાખતો હોય, તો બેહતર છે કે ઝોહર બાદ રોઝાને બાતિલ ન કરે.

**મસઅલો ૧૬૭૧** : અગર કોઈ શખ્સે બીમારી, હૈઝ કે નિફાસને કારણે માહે રમઝાનમાં રોઝા ન રાખ્યા હોય, અને એ રોઝાઓ કઝા રાખવાનો મૌકો મળે એથી પહેલા

ગુજરી જાય, તો એના ઉપર રોઝાની કઝાઓ વાજિબ નથી.

**મસઅલો ૧૬૭૨ :** અગર કોઈ શખ્સે બીમારીને કારણે માહે રમઝાનમાં રોઝાઓ ન રાખ્યા હોય, અને એ બીમારી આવતા માહે રમઝાન સુધી લંબાય, તો તેના ઉપર મૂકેલા રોઝાઓની કઝા વાજિબ નથી. પણ દરેક રોઝાને બદલે એક મુદ .પોણો કિલો. અનાજ, જેમકે, ઘઉ, જવ, કે રોટલીઓ, મુસ્તહક ફકીરને આપવું જોઈએ.

પણ જો બીમારી સિવાય કોઈ બીજા ઉઝરને કારણે માહે રમઝાનમાં રોઝા ન રાખ્યા હોય, જેમકે મુસાફરીને લીધે રોઝા ન રાખી શક્યો હોય, અને એ ઉઝર આવતા માહે રમઝાન સુધી કાયમ રહે, તો મૂકેલા રોઝાઓના બદલે કઝા રોઝાઓ રાખવા પડશે; ઉપરાંત એહતિયાતે વાજિબની રૂએ દરેક મૂકેલા રોઝાને બદલે એક મુદ અનાજ ફકીરને આપશે.

**મસઅલો ૧૬૭૩ :** અગર કોઈ શખ્સે બીમારીને કારણે માહે રમઝાનમાં રોઝાઓ ન રાખ્યા હોય, અને માહે મુબારક રમઝાન બાદ એ સાજો થઈ જાય, પણ કોઈ બીજો ઉઝર ઉપસ્થિત થતાં આવતા માહે રમઝાન સુધી કઝા રોઝા ન રાખી શકે, તો એ મૂકી આપેલા રોઝાઓની કઝા વાજિબ રહેશે, એવી જ રીતે અગર કોઈ શખ્સે અન્ય ઉઝરને કારણે માહે રમઝાનમાં રોઝા ન રાખ્યા હોય, અને માહે રમઝાન બાદ એ ઉઝર દૂર થઈ જાય, પણ આવતા માહે રમઝાન સુધી બીમારીને લીધે કઝા રોઝા ન રાખી

શકે, તો પણ કઝા રોઝાઓ વાજિબ રહેશે; અને બંને સૂરતમાં એહતિયાતે વાજિબની રૂએ દરેક મૂકેલા રોઝા બદલે એક મુદ અનાજ ફકીરને આપશે.

**મસઅલો ૧૬૭૪** : જે શખ્સે કોઈ ઉઝરને કારણે માહે રમઝાનમાં રોઝાઓ ન રાખ્યા હોય, અને માહે રમઝાન બાદ એ ઉઝર બરતરફ થઈ જાય, તે છતાંય જાણીજોઈને આવતા માહે રમઝાન સુધી કઝા બજાવી ન લાવે, તો એ રોઝાઓની કઝા વાજિબ રહેશે, અને દરેક રોઝા બદલ એક મુદ અનાજ ફકીરને આપશે.

**મસઅલો ૧૬૭૫** : જે શખ્સ રોઝાની કઝા આપવામાં એટલી લાપરવાહી અને ઢીલ કરે, કે સમય તંગ થઈ જાય, અને એ તંગ સમય દરમિયાન ઉઝર ઉપસ્થિત થાય, તો એ શખ્સ ઉપર કઝા વાજિબ રહેશે, અને એહતિયાત છે કે દરેક રોઝા બદલ એક મુદ અનાજ ફકીરને આપશે.

એવી જ રીતે અગર ઉઝર બરતરફ થયા ગયા બાદ એણે પાક્કો નિર્ણય લીધો હોય કે કઝા રાખશે, પણ કઝા રાખે એથી પહેલાં સમયની તંગી દરમિયાન ઉઝર ઉપસ્થિત થાય, તો એજ હુકમ લાગું પડશે.

**મસઅલો ૧૬૭૬** : અગર કોઈ શખ્સની બીમારી વર્ષો સુધી લંબાય, તો જયારે સાજો થાય ત્યારે તેના ઉપર છેલ્લા માહે મુબારક રમઝાનના રોઝાની કઝા વાજિબ છે અને એ પહેલાંના વર્ષોમાં જેટલા રોઝા મૂકવા પડયા હોય, તે દરેક બદલ એક મુદ અનાજ ફકીરને આપશે.

**મસઅલો ૧૬૭૭** : જે શખ્સ ઉપર વાજિબ હોય કે

દરેક રોઝાને બદલે એક મુદ અનાજ ફકીરને આપે, એ એકથી વધુ દિવસનો કફ્ફારો એક જ ફકીરને દઈ શકે છે.

**મસઅલો ૧૬૭૮ :** અગર કોઈ શખ્સે અનેક વર્ષોના માહે રમઝાનાની કઝાઓ આપવામાં ઢીલ કરી હોય, તો તેના ઉપર વાજિબ છે કે એ સર્વે રોઝાઓની કઝા બજાવી લાવે અને સાથે-સાથે પહેલા વર્ષે મોડુ કરવા માટે દરેક રોઝાના બદલે એક મુદ્દ અનાજ ફકીરોને આપે પરંતુ ત્યારબાદ બાકીના વર્ષે મોડુ કરવા બદલ કંઈપણ દેવું વાજિબ નથી.

**મસઅલો ૧૬૭૯ :** જે શખ્સે જાણીબુજીને માહે રમઝાનના રોઝા ન રાખ્યા હોય, તેના ઊપર મૂકેલા રોઝાઓની કઝા વાજિબ છે; ઉપરાંત દરેક મૂકેલા રોઝા બદલ વાજિબ છે કે બે મહિના રોઝા રાખે, અથવા સાંઈઠ ફકીરોને જમાડે, અથવા એક ગુલામને આઝાદ કરે અને જો આવતા માહે રમઝાન સુધી રોઝાની કઝા બજાવી ન લાવે, તો એહતિયાતે લાઝીમની રૂએ દરેક રોઝા બદલ એક મુદ અનાજ કફ્ફારા રૂપે પણ આપશે.

**મસઅલો ૧૬૮૦ :** અગર કોઈ શખ્સ જાણી જોઈને માહે રમઝાનના રોઝા ન રાખે, અને દિવસ દરમિયાન અનેકવાર સ્ત્રીસંભોગ અથવા ઈસ્તિમના કરે, તો અકવાની રૂએ તેના ઉપર એકથી વધુ કફ્ફારો લાગુ નહીં પડે. એવી જ રીતે જો કોઈ બીજો એવો અમલ વારંવાર બજાવી લાવે કે જે રોઝાને તોડે છે, જેમકે અનેકવાર ખોરાક ખાઈ, તો

પણ એક જ કફ્ફારો કાફી છે.

**મસઅલો ૧૯૮૧** : બાપના ગુજરી ગયા બાદ મોટા દીકરા ઉપર બાપના કઝા રોઝાઓ એહતિયાતે લાઝિમની રૂએ જરૂરી છે, જેનો ખુલાસો મસઅલો ૧૩૭૦માં આપવામાં આવ્યો છે. તે એમ પણ કરી શકે છે. દરેક દિવસના બદલામાં ૭૫૦ ગ્રામ ખોરાક ફકીરોને આપે અને બીજા વારસો રજા આપે તો તે મૈયતના માલમાંથી લઇ શકાય છે.

**મસઅલો ૧૯૮૨** : અગર માહે રમઝાનના રોઝાઓ સિવાય કોઈ બીજા વાજિબ રોઝાની કઝા બાપ ઉપર રહી ગઈ હોય, જેમકે નઝરનો રોઝો બાપે ન રાખ્યો હોય તેમજ બાપે કોઈ મૈયત વતી રોઝા રાખવાની ઉજરત લીધી હોય, અને એ રોઝા ન રાખ્યા હોય, તો મોટા દિકરા ઉપર એ રોઝાની કઝા વાજિબ નથી.

## મુસાફરના રોઝાના એહકામ

**મસઅલો ૧૯૮૩** : જે મુસાફર ઉપર વાજિબ હોય કે ચાર રકાતવાળી નમાઝો કસ્ર પઢે, તે મુસાફરે રોઝા ન રાખવા જોઈએ. પણ જે મુસાફર માટે પૂરી નમાઝનો હુકમ હોય, જેમકે શખ્સનો ધંધો મુસાફરી હોય, અથવા હરામ મુસાફરી કરી રહ્યો હોય, તો તેવા મુસાફર ઉપર રોઝો રાખવો વાજિબ છે.

**મસઅલો ૧૯૮૪** : માહે રમઝાન દરમિયાન મુસાફરી કરવી જાઈઝ છે, પણ રોઝાથી ભાગવાની નિય્યત હોય

તો મુસાફરી કરવી મકરૂહ છે. હજ, ઉમરા માટે અથવા કોઈ જરૂરત પડતા મુસાફરી કરવી પડે તો મકરૂહ નથી.

**મસઅલો ૧૬૮૫** : માહે રમઝાનના રોઝાઓ સિવાય અગર કોઈ મુઅય્યન દિવસનો રોઝો કોઈ શખ્સ ઉપર વાજિબ હોય, જેમકે એ રોઝો ઈજારા અથવા એવા કોઈ કારણે વાજિબ થયો હોય, અથવા એઅતેકાફના ત્રીજા દિવસનો રોઝો હોય, તો એ દિવસે એ મુસાફરી નહીં કરી શકે અને જો મુસાફરીમાં હોય, અને શક્ય હોય તો એ જગ્યાએ દસ દિવસ રોકાવાની નિય્યત કરીને એ દિવસે રોઝો રાખે.

પણ જો એ રોઝો નઝરને કારણે વાજિબ થયો હોય, તો એ દિવસે મુસાફરી કરવી જાઈઝ છે, અને મુસાફરીમાં હોય તો દસ દિવસ રોકાવાની નિય્યત કરવી વાજિબ નથી. જો કે બેહતર છે કે ઈન્સાન લાચાર ન થાય ત્યાં સુધી મુસાફરી ન કરે, અને જો મુસાફરીમાં હોય તો દસ દિવસ રોકાવાની નિય્યત કરે. પણ અગર કસમ અથવા અહેદના કારણે રોઝો વાજિબ થયો હોય તો એહતિયાતે વાજિબની રૂએ મુસાફરી ન કરે અને મુસાફરી કરે તો દસ દિવસ રોકાવાની નિય્યત કરે.

**મસઅલો ૧૬૮૬** : અગર કોઈ મુસ્તહબ રોઝો રાખવાની નઝર કરે, અને એ માટે કોઈ દિવસ મુઅય્યન કરે, તો મુસાફરીમાં એ મુસ્તહબ રોઝો નહીં રાખી શકે.પણ જો એમ નઝર કરી હોય કે ફલાણે દિવસે મુસાફરીમાં રોઝો રાખશે, તો પછી મુસાફરીમાં એ રોઝો વાજિબ થશે. એવી જ રીતે જો એમ નઝર કરી હોય કે ચોક્કસ દિવસે રોઝો

રાખશે, ચાહે એ મુસાફરીમાં હોય કે ન હોય, તો એ દિવસે મુસાફરીમાં હોવા છતાય રોઝો રાખવો જરૂરી છે.

**મસઅલો ૧૯૮૭ :** મદીને મુનવ્વરામાં પોતાની હાજત તલબ કરવા માટે મુસાફર ત્રણ દિવસના મુસ્તહબ રોઝાઓ રાખી શકે છે, અને એ એહતિયાત છે કે એ ત્રણ દિવસો બુધવાર, ગુરૂવાર અને શુક્રવાર હોય.

**મસઅલો ૧૯૮૮ :** જે શખ્સ ન જાણતો હોય કે મુસાફરીમાં રોઝો બાતિલ છે, અને મુસાફરીમાં રોઝો રાખી લ્યે, તો જો રોઝા દરમિયાન એને મસઅલાની ખબર પડે તો રોઝો બાતિલ થશે પણ જો મગરિબ સુધી એને જાણ ન થાય, તો એનો રોઝો સહીહ ગણાશે.

**મસઅલો ૧૯૮૯ :** અગર કોઈ શખ્સ ભૂલી જાય કે પોતે મુસાફરીમાં છે, અથવા મસઅલો ભૂલી જાય કે મુસાફરીમાં રોઝો રાખવો બાતિલ છે, અને મુસાફરી દરમિયાન રોઝાઓ રાખે તો એ રોઝાઓ એહતિયાતની રૂએ બાતિલ ગણાશે.

**મસઅલો ૧૯૯૦ :** અગર રોઝેદાર ઝોહર બાદ મુસાફરી કરે તો એહતિયાતની રૂએ પોતાનો રોઝો પૂરો કરશે આ સંજોગમાં તેની કઝા જરૂરી નથી અને જો ઝોહર પહેલાં મુસાફરી કરે, અને જો આગલી રાતે મુસાફરીની નિય્યત કરી હોય, તો એ દિવસે રોઝો નહી રાખી શકે. બલ્કે જો આગલી રાતે મુસાફરીની નિય્યત ન કરી હોય, તો પણ એહતિયાતની રૂએ એ દિવસે રોઝો નહી રાખી શકે. પણ દરેક સંજોગમાં હદ્દે તરખ્ખુસ સુધી પહોંચ્યા પહેલાં એવું

કોઈ કાર્ય નહી કરી શકે કે જે રોઝાને બાતિલ કરે છે, નહીંતર એના ઉપર કફ્ફારો વાજિબ થશે.

**મસઅલો ૧૬૯૧ :** અગર કોઈ મુસાફર માહે રમઝાનમાં સુબ્હે સાદિક પહેલાં મુસાફરીમાં હોય, અથવા એ રોઝા રાખ્યા પછી મુસાફરી કરે, અને ઝોહર પહેલાં પોતાને વતન પહોંચી જાય, અથવા એવી જગ્યાએ પહોંચે કે જયાં દસ દિવસ રોકાવવાનો ઈરાદો રાખતો હોય, તો અગર રોઝો તોડનાર કોઈ કાર્ય બજાવી લાવ્યો ન હોય, તો એહતીયાતની રૂએ એ દિવસે રોઝો રાખવો વાજિબ છે આ સંજોગોમાં તેની કઝા જરૂરી નથી, પરંતુ જો રોઝો તોડનાર કાર્ય અંજામ આપી ચૂકયો હોય, તો એ દિવસે રોઝો રાખવો વાજિબ નથી. પણ જરૂરી છે કે કઝા કરે.

**મસઅલો ૧૬૯૨ :** અગર મુસાફર ઝોહર બાદ પોતાના વતન પર પહોંચે, અથવા એવા સ્થળે પહોંચે કે જયાં દસ દિવસ રોકાવવાનો ઈરાદો રાખતો હોય, એહતિયાતની રૂએ તો એ દિવસે રોઝો બાતિલ છે અને જરૂરી છે કે કઝા કરે.

**મસઅલો ૧૬૯૩ :** જે માણસ મુસાફરીને કારણે અથવા કોઈ બીજા ઉઝરને લીધે માહે રમઝાનમાં રોઝા રાખી ન શકે, તેના માટે દિવસ દરમિયાન સ્ત્રીસંભોગ મકરૂહ છે, એવી જ રીતે પેટ ભરી ખાવું, પીવું પણ મકરૂહ છે.

## જે લોકો ઊપર રોઝા વાજિબ નથી

**મસઅલો ૧૬૯૪ :** જે શખ્સ ઘડપણને કારણે અથવા

અસહ્ય તકલીફ અને ઝેહમતને લીધે રોઝા ન રાખી શકતો હોય, તેના ઉપર રોઝા રાખવા વાજિબ નથી. પણ અસહ્ય તકલીફને કારણે રોઝો ન રાખનાર ઉપર વાજિબ છે કે દરેક રોઝા બદલ એક મુદ અનાજ, જેમકે ઘઉં, જવ અથવા રોટલીઓ વિગેરે ફકીરને આપે.

**મસઅલો ૧૬૯૫** : જે શખ્સે ઘડપણને કારણે રોઝા ન રાખ્યા હોય, તે અગર માહે રમઝાન બાદ કોઈ સમયે રોઝા રાખવા સશક્ત હોય, તો એહતિયાતે મુસ્તહબ છે કે રોઝાઓની કઝા બજાવી લાવે.

**મસઅલો ૧૬૯૬** : જે શખ્સને વધુ પડતી પ્યાસની બીમારી હોય, કે જેને કારણે એ પ્યાસ સહન ન કરી શકે, અથવા વધુ પડતી ઝેહમત થતી હોય, તો તેના ઉપર રોઝા વાજિબ નથી, પણ વધુ પડતી ઝેહમત થતી હોય, તો દરેક રોઝા બદલે એક મુદ અનાજ ફકીરને દેવુ જોઈએ, અને જો આગળ જતા એવો સંજોગ થાય કે રોઝો રાખી શકે, તો જરૂરી નથી કે કઝા બજાવી લાવે.

**મસઅલો ૧૬૯૭** : જે હામેલા ઔરત માટે બાળકને જન્મ આપવાનો સમય નજીક હોય, અને રોઝાથી એને અથવા એના હમલને નુકસાન પહોચવાનો સંભવ હોય, તેના ઉપર રોઝા વાજિબ નથી. અને એ દરેક રોઝાના બદલે ફકીરને એક મુદ અનાજ આપશે. ઉપરાંત બંને સંજોગમાં એ મૂકેલા રોઝાઓની કઝા પણ બજાવી લાવશે.

**મસઅલો ૧૬૯૮** : જે ઔરત બચ્ચાને દૂધ પીવડાવતી હોય, ચાહે એ માતા હોય, અથવા ઉજરત લઈ કે ઉજરત

વગર દૂધ પીવડાવનાર અન્ય સ્ત્રી હોય, અને એને દૂધ ઓછું આવતું હોય, તો જો રોઝાને કારણે એને અથવા બચ્ચાને નુકસાન થતું હોય, તો એના ઉપર રોઝા વાજિબ નથી. પણ દરેક રોઝા બદલ ફકીરને એક મુદ અનાજ આપશે. ઉપરાંત બંને સંજોગમાં રોઝાની કઝા પણ બજાવી લાવશે.

પરંતુ એહતિયાતે વાજિબની રૂએ આ હુકમ ફકત એવા સંજોગમાં લાગું પડે છે કે જયારે બચ્ચાને દૂધ પીવડાવવાનો એ એક જ રસ્તો હોય. પણ જો બીજો એવો ઉપાય હોય, જેમકે અનેક સ્ત્રીઓ એ બચ્ચાને દૂધ પીવડાવવામાં ભાગીદાર બને, અથવા પછી બોટલ અને નીપ્પલ વગૈરેની મદદ લઈ શકાતી હોય. તો આ હુકમ સાબિત થવામાં ઈશકાલ (વાંધો) છે.

## ચાંદ સાબિત થવાની રીતો

**મસઅલો ૧૬૯૯ :** મહિનાની પહેલી તારીખ ચાર રીતે સાબિત થશે :

(૧) જયારે ઈન્સાન પોતે ચાંદ જોવે:

(૨) જયારે લોકોનો એક સમૂહ કહે કે તેઓ એ ચાંદ જોયો છે, પણ તેમાં એ શરત છે કે તેમના કહેવાથી યકીન કે ઈત્મીનાન પેદા થાય. એવી જ રીતે દરેક એ વસ્તુ કે જેને કારણે યકીન કે ઈત્મીનાન હાંસિલ થાય;

(૩) જયારે બે આદિલ પુરૂષો એમ ગવાહી આપે કે તેઓ એ રાત્રે ચાંદ જોયો હતો. પણ ચાંદના વર્ણનમાં બે વચ્ચે તફાવત હોય અથવા બંને ભૂલમાં હોવાનું યકીન હોય. તો

મહિનાની પહેલી તારીખ સાબિત નહીં થાય.

અને જો એ બે આદિલોની ગવાહી સામે સ્પષ્ટ અથવા સૂચિત વિરોધ હોય, જેમકે, શહેરના એક સમૂહે ચાંદ જોવાની કોશિશ કરી હોય, અને એ બે આદિલો સિવાય કોઈએ ચાંદ જોયા હોવાનો દાવો ન કર્યો હોય, અથવા એક ગિરોહે ચાંદ જોવાની કોશિશ કરી હોય, અને એ બે આદિલો સિવાય કોઈ ચાંદ જોયાનો દાવો ન કરે, જો કે એ ગિરોહમાં બીજા એવા બે આદિલો એમના જેવા જ જાણકાર અને ગુણો ધરાવનાર મોજૂદ હોય, તેમજ ચાંદ ઊગવાની જગ્યા જોવામાં કંઈપણ રૂકાવટ જેમ કે વાદળ વગેરે પણ ન હોય, તો એવા સંજોગોમાં એ બે આદિલોની ગવાહી માન્ય નહીં રહે.

(૪) જયારે માહે શાબાનની પહેલી તારીખથી ત્રીસ દિવસ પૂરાં થઈ જાય ત્યારે માહે રમઝાનની પહેલી તારીખ સાબિત થશે; એવી જ રીતે માહે રમઝાનની પહેલી તારીખથી ત્રીસ દિવસ પસાર થઈ જતાં શવ્વાલની પહેલી તારીખ સાબિત થઈ જશે.

**મસઅલો ૧૭૦૦** : હાકીમે શરઅના હુકમથી મહિનાની પહેલી તારીખ સાબિત થતી નથી, સિવાય કે તેમની નજદીક ચાંદ સાબિત થવાનો ઈત્મીનાન થાય કે ચાંદ દેખાણો હશે.

**મસઅલો ૧૭૦૧** : નજુમીઓની આગાહીથી કે ભવિષ્યવાણીથી મહિનાની પહેલી તારીખ સાબિત નહીં થાય. પણ જો ઈન્સાનને એમની ગણત્રીથી યકીન કે ઈત્મીનાન હાંસિલ થાય, તો તે મુજબ અમલ કરવો

જોઈએ.

**મસઅલો ૧૭૦૨** : ચાંદ અગર ઊંચો હોય, અથવા આથમવામાં મોડું થાય, તો એથી એમ સાબિત નહીં થાય કે ગઈ રાત ચાંદ રાત હતી. એ પ્રમાણે ચાંદની આસપાસ ફરતું તેજનું વર્તુળ દેખાય, તો એમ નહીં કહી શકાય કે ગઈ રાત ચાંદરાત હતી.

**મસઅલો ૧૭૦૩** : અગર કોઈ શખ્સ માટે માહે રમઝાન સાબિત ન થાય, અને એ રોઝો ન રાખે, અને ત્યારબાદ સાબિત થાય કે મહિનાની પહેલી તારીખ હતી. તો એના ઉપર એ દિવસના રોઝાની કઝા વાજિબ છે.

**મસઅલો ૧૭૦૪** : અગર એક શહેરમાં ચાંદ સાબિત થાય, તો જેટલા શહરેની ક્ષિતિજ એ શહેરની ક્ષિતિજ સાથે એક જ હોય, ત્યાં પણ ચાંદ સાબિત ગણાશે. ક્ષિતિજનું એક હોવાનો અર્થ આ મસઅલામાં એ છે કે અગર એક શહેરમાં ચાંદ દેખાય તો બીજા શહેરમાં, જો કોઈ અવરોધ ન હોય, તો ચાંદ દેખાય. જેમકે આસમાન સાફ હોય અને જ્યાં એક શહેર બીજા શહેરના પશ્ચિમમાં આવેલ હોય ત્યારે અક્ષાંશ પ્રમાણે પહેલું શહેર બીજા શહેરની નજદીક હોય પણ જો એ શહેર પૂર્વમાં આવેલ હોય તો અક્ષાંશ અને રેખાંશ બંનેનું અંતર વધારે ન હોવું જોઈએ.

**મસઅલો ૧૭૦૫** : જયારે ઈન્સાનને ખબર ન હોય કે માહે રમઝાનનો છેલ્લો દિવસ છે કે માહે શવ્વાલનો પહેલો છે, ત્યારે એ દિવસે રોઝો રાખવો જોઈએ. પણ જો દિવસ દરમિયાન સાબિત થાય કે શવ્વાલની પહેલી તારીખ છે,

તો જરૂરી છે કે ઈફતાર કરી લ્યે.

**મસઅલો ૧૭૦૬** : અગર કોઈ કેદી માહે રમઝાન સંબંધી યકીન ન કરી શકે, તો અનુમાન મુજબ અમલ કરશે, પરંતુ જ્યાં સુધી મજબૂત અનુમાન ઉપર અમલ કરી શકયો હોય ત્યાં સુધી કમઝોર અનુમાન ઉપર અમલ નહી કરી શકે. અને મજબૂત અનુમાન હાંસિલ કરવા માટે શક્ય બને એટલી કોશિશ કરવી જોઈએ, બીજો કોઈ રસ્તો ન હોય તો કુરા અંદાજીનો ઉપયોગ પણ કરી શકે છે.

જે સંજોગમાં એ કેદી અનુમાન પણ ન કરી શકે, ત્યારે કોઈ એકાદ મહિનાને માહે રમઝાન તરીકે ધારીને રોઝા રાખે, અને એ મહિનાનો ખ્યાલ રાખે, આગળ જતાં જો એને માલૂમ થાય કે એ મહિનો રમઝાનનો હતો, અથવા એ પછીનો હતો, તો તેના ઉપર કોઈ જવાબદારી નહી રહે. પણ જો એમ માલૂમ થાય કે એ મહિનો રમઝાન પહેલાંનો હતો, તો રોઝાઓની કઝા બજાવી લાવશે.

## હરામ અને મકરૂહ રોઝા

**મસઅલો ૧૭૦૭** : ઈદુલ ફિત્ર અને ઈદુલ અઝહાના દિવસે રોઝો રાખવો હરામ છે. એવી રીતે અગર ઈન્સાનને ખબર ન હોય કે શાઅબાનનો છેલ્લો દિવસ છે અથવા માહે રમઝાનનો પહેલો દિવસ છે, તો એ દિવસે માહે રમઝાનની પહેલીની નિય્યતથી રોઝો રાખવો હરામ છે.

**મસઅલો ૧૭૦૮** : અગર કોઈ સ્ત્રીના મુસ્તહબ રોઝાથી તેના શૌહરનો હક જળવાતો ન હોય, તો એનો

રોઝો હરામ ગણાશે. આ જ હુકમ વાજિબ ગૈર મઅય્યન નઝરનો છે. એહતિયાતે વાજિબની રૂએ રોઝો બાતિલ છે અને નઝર પૂરી થયેલ નહી ગણાય અને એહતિયાતે વાજિબની રીતે આ જ હુકમ છે. જ્યારે શૌહર ગૈર મોઅય્યન નઝર અને મુસ્તહબ રોઝા રાખવાની મનાઈ કરે, ભલે પછી રોઝા રાખવાને કારણે તેનો હક બરબાદ પણ ન થતો હોય અને એહતિયાતે મુસ્તહબ છે કે શૌહરની રજા વગર મુસ્તહબ રોઝો ન રાખે.

**મસઅલો ૧૭૦૯** : અગર ભાવના અને મમતાના કારણે માબાપને દુઃખ પહોચતું હોય તો ઔલાદ માટે મુસ્તહબ રોઝો રાખવો હરામ છે.

**મસઅલો ૧૭૧૦** : અગર પુત્ર પોતાના બાપની રજા વિના મુસ્તહબ રોઝો રાખે, અને દિવસ દરમિયાન બાપ તેને રોઝાની મનાઈ કરે, તો અગર એની નાફરમાની કરવાથી બાપની ભાવના દુઃખાતી હોય, તો તરત ઈફતાર કરી લેવું જોઈએ.

**મસઅલો ૧૭૧૧** : અગર કોઈ શખ્સને યકીન હોય કે રોઝાથી એને કંઈ નોંધપાત્ર નુકસાની થવાની નથી, તો ભલેપછી ડોકટર મનાઈ કરે તો પણ રોઝો રાખવો જોઈએ. અને અગર એને યકીન કે અનુમાન હોય કે રોઝો એના માટે નુકસાન ક્ર્તા છે, તો ડોકટર હા પાડે તો પણ રોઝો રાખવો વાજિબ નથી.

**મસઅલો ૧૭૧૨** : અગર ઈન્સાનને એવું યકીન અથવા ઈત્મેનાન હોય કે રોઝા તેના માટે નુકસાનકર્તા છે,

અને એ અનુમાનથી તેના મનમાં ડર બેઠી જાય, તો અગર એ અનુમાન અક્કલમંદ લોકોની નજરે વ્યાજબી હોય, તો એવા સંજોગમાં રોઝો રાખવો વાજિબ નથી. અગર આ નુકસાન જાન જવાનો અથવા કોઈ અંગ નાકિસ થવાનો ડર હોય તો રોઝો રાખવો હરામ છે. આ સિવાય જો નેક કામની ઉમ્મીદથી રોઝો રાખે અને પછી ખબર પડે કે રોઝો રાખવું તેના માટે કંઈ નોંધપાત્ર નુકસાનનું કારણ ન હતું તો રોઝો સહીહ છે.

**મસઅલો ૧૭૧૩** : જે શખ્સનું માનવું હોય કે રોઝાથી એને કંઈ નુકસાન નહીં થાય, અને રોઝો રાખ્યા બાદ મગરિબ થતાં એને જાણ થાય કે રોઝો નોંધપાત્ર રીતે નુકસાનકારક સાબિત થયો છે, તો એહતિયાતે વાજિબની રૂએ એ રોઝાની કઝા આપશે.

**મસઅલો ૧૭૧૪** : ઉપર જણાવ્યા રોઝાઓ ઉપરાંત, બીજા હરામ રોઝાઓ પણ છે, જેનો વિગતવાર ઉલ્લેખ સવિસ્તાર કિતાબોમાં થયો છે.

**મસઅલો ૧૭૧૫** : આશૂરાના દિવસે રોઝો મકરૂહ છે, એવી જ રીતે જે દિવસે ઈન્સાનને શક હોય કે અરફાનો દિવસ છે અથવા ઈદુલ અઝહા, તો એ દિવસે રોઝો મકરૂહ છે.

## મુસ્તહબ રોઝા

**મસઅલો ૧૭૧૬** : ઉપર જણાવેલા હરામ અને મકરૂહ રોઝા સિવાય વર્ષ દરમિયાન કોઈ પણ દિવસે રોઝો રાખવો મુસ્તહબ છે, અલબત્ત અમુક દિવસો માટે ભારપૂર્વક

સિફારિશ અને તાકીદ થઈ છે જેનો અહીં ઉલ્લેખ કરીએ છીએ :

(૧) દર મહિનાનાં પહેલા અને છેલ્લા ગુરૂવારે અને દસમી તારીખ બાદ પહેલાં બુધવારે રોઝો મુસ્તહબ છે, અગર કોઈ એ રોઝાઓ ન રાખી શકે, તો કઝા રાખવા મુસ્તહબ છે. અને જે શખ્સ બિલકુલ રોઝો ન રાખી શકતો હોય, તેના માટે મુસ્તહબ છે કે દરેક રોઝાની બદલ એક મુદ અનાજ અથવા શરીયતમાં નિયુકત પ્રમાણમાં ચાંદીના સિક્કાઓ (૧૨.૬ ચણા બરાબર ચાંદીના સિક્કા) ફકીરને આપે.

(૨) દરેક મહિનાની ૧૩, ૧૪ અને ૧૫ તારીખે;

(૩) રજબ અને શાઅબાનના મહિનાના રોઝાઓ; જો પૂરા મહિનામાં રોઝા ન રાખી શકે તો અમુક રાખે, ભલેપછી એક જ દિવસ હોય;

(૪) ઈદે નવરોઝનો રોઝો;

(૫) ૪ થી ૯ શવ્વાલ સુધીના રોઝા;

(૬) ૨૫મી અને ૨૯મી ઝિલ્કાદનો રોઝો;

(૭) પહેલીથી નવમી ઝિલ્હજના રોઝાઓ; પણ જો રોઝાને કારણે એટલી કમજોરી થાય કે અરફાના દિવસની દુઆઓ વિગેરે ન પઢી શકે, તો એ દિવસનો રોઝો મકરૂહ છે;

(૮) ઈદે ગદીરના મુબારક દિવસનો; (૧૮મી ઝિલ્હજ);

(૯) મુબાહેલાના દિવસે રોઝો; (૨૪ ઝિલ્હજ);

(૧૦) ૧લી, ૩જી અને ૭મી મોહરમનો રોઝો;

(૧૧) હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની વિલાદતના મુબારક દિવસે રોઝો;(૧૭ રબીઉલ

અવ્વલ;)

(૧૨) ૧૫મી જમાદીલ અવ્વલનો રોઝો;

(૧૩) એવી જ રીતે ૨૭મી રજબ, પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની બેઅસતના દિવસે રોઝો મુસ્તહબ છે.

જે શખ્સે મુસ્તહબ રોઝો રાખ્યો હોય, તેના માટે રોઝો પૂરો કરવો વાજિબ નથી. બલ્કે જો કોઈ મોઅમીન બિરાદર ખાણા માટે તેની દાવત કરે, તો મુસ્તહબ છે કે એની દાવત કબૂલ કરે, અને દિવસ દરમિયાન ખાઈ લ્યે, ભલેપછી એ દાવત ઝોહર બાદ હોય.

## રોઝો તોડનાર વસ્તુઓથી બચવું જયાં મુસ્તહબ છે

**મસઅલો ૧૭૧૭ :** પાંચ પ્રકારના લોકો માટે મુસ્તહબ છે કે માહે રમઝાનમાં રોઝેદાર ન હોવા છતાં રોઝાને તોડનાર અમલ ન બજાવી લાવે :

(૧) જે મુસાફરે મુસાફરી દરમિયાન રોઝો તોડી નાખ્યો હોય, અને ઝોહર પહેલાં પોતાના વતને અથવા એવી જગ્યાએ પહોંચે કે જયાં દસ દિવસ રોકાવાનો ઈરાદો રાખતો હોય;

(૨) જે મુસાફર ઝોહર બાદ પોતાના વતને પહોંચે,અથવા એવી જગ્યાએ પહોંચે કે જયાં દસ દિવસ રોકાવા માંગતો હોય.

(૩) જે બીમાર ઝોહર બાદ સાજો થાય, અથવા ઝોહર પહેલાં તંદુરસ્ત થાય, પણ રોઝાને બાતિલ કરનાર અમલ

બજાવી લાવી ચૂકયો હોય;

અગર ઝોહર પહેલાં સાજો થાય, અને કોઈ એવો અમલ બજાવી લાવ્યો ન હોય કે જે રોઝાને તોડે છે, તો પછી એહતિયાતે વાજિબની રૂએ રોઝો રાખશે.

(૪) જે સ્ત્રી દિવસ દરમિયાન હૈઝ અથવા નિફાસથી પાક થઈ જાય.

(૫) કાફિર જે મુસલમાન થાય અને તેણે તે દિવસે પહેલા રોઝા તોડવાવાળુ કામ કરી લીધું હોય.

**મસઅલો ૧૭૧૮** : મુસ્તહબ છે કે રોઝેદાર નમાઝે મગરિબ અને ઈશા ઈફતારથી પહેલાં પઢે પણ અગર કોઈ એની રાહ જોઈ રહ્યો હોય, અથવા પોતે ભૂખને કારણે ખાવા પ્રત્યે બેહદ વલણ ધરાવતો હોય, જેથી મનને પરોવી નમાઝ પઢવા અશક્ત હોય, તો બેહતર છે કે પહેલાં ઈફતાર કરી લ્યે, પણ બની શકે ત્યાં સુધી નમાઝને તેની ફઝીલતના વખતમાં અદા કરે.

## એઅતેકાફ

**મસઅલો ૧૭૧૯** : એઅતેકાફ મુસ્તહબ ઈબાદત છે જે નઝર અહદ કસમ જેવી ચીજોથી વાજિબ થાય છે એઅતેકાફ શરઈ એ છે ઈન્સાન મસ્જિદમાં કસ્દે કુરબતની નિય્યતથી રોકાણ કરે અને એહતિયાતે મુસ્તહબ છે કે આ રોકાણનો ઈરાદો ઈબાદત માટે હોય જેમકે નમાઝ દુઆ વગેરે.

**મસઅલો ૧૭૨૦** : એઅતેકાફ માટે કોઈ સમય નકકી નથી વર્ષ દરમિયાન જ્યારે પણ રોઝા સહીહ છે એઅતેકાફ

પણ સહીહ છે બેહતરીન સમય રમઝાનનો મુબારક મહિનો છે તેમાં પણ છેલ્લો દસકો અફઝલ છે.

**મસઅલો ૧૭૨૧ :** એઅતેકાફ માટે ઓછામાં ઓછો સમય ત્રણ દિવસનો અને તેના દરમિયાનની બે રાતનો છે આથી ઓછા સમય માટે એઅતેકાફ બરોબર નથી. વધારે સમયની કોઈ મર્યાદા નથી પહેલી રાત અને ચોથી રાતનો સમય એઅતેકાફની નિય્યતમાં મેળવવાની કોઈ મનાઈ નથી. આ પ્રમાણે ત્રણ દિવસથી વધારે એઅતેકાફ જાએઝ છે. અગર કોઈ ઈન્સાન પાંચ દિવસ એઅતેકાફ કરે તો છઠ્ઠો દિવસ એઅતેકાફમાં રહેવું જોઈએ.

**મસઅલો ૧૭૨૨ :** એઅતેકાફની શરૂઆતનો સમય પહેલા દિવસે સવારની અઝાનનો સમય છે અને અંતિમ સમય ત્રીજા દિવસે મગરિબની અઝાનનો સમય છે. સરવાળે ત્રણ દિવસો એઅતેકાફ માટે કાફી નથી જેવી રીતે કોઈ ઈન્સાન પહેલા દિવસે સવારની અઝાન પછી એઅતેકાફ શરૂ કરે અને ચોથા દિવસે પહેલા દિવસના સમયની ઘટ પૂરી કરે (તે કાફી નથી) જેમકે પહેલા દિવસે ઝોહરની અઝાનના સમયથી લઈને ચોથા દિવસે ઝોહરની અઝાનના સમય સુધી મસ્જિદમાં રહે.

**એઅતેકાફની જરૂરી બાબતો :–**

**મસઅલો ૧૭૨૩ :** એઅતેકાફ માટે જરૂરી છે.

**૧. એઅતેકાફ કરનારો મુસલમાન હોય.**

**૨. એઅતેકાફ કરનાર અકલમંદ હોય. (દીવાનો**

ન હોય)

**૩. એઅતેકાફ કસ્દે કુરબતની નિય્યતથી કરવામાં આવે.**

**મસઅલો ૧૭૨૪ :** એઅતેકાફ કરનાર કસ્દે કુરબત જરૂરી છે જેવી રીતે વઝુમાં બયાન કરવામાં આવ્યો હતો અને એઅતેકાફ શરૂઆતથી લઈને અંત સુધી કસ્દે કુરબત અને ઈખ્લાસ સાથે હોવો જરૂરી છે.

**૪. એઅતેકાફનો સમય ઓછામાં ઓછો ત્રણ દિવસ હોવો જોઈએ.**

**મસઅલો ૧૭૨૫ :** એઅતેકાફની મુદ્દત ઓછામાં ઓછી ત્રણ દિવસ હોવી જોઈએ. ત્રણ દિવસથી ઓછી મુદ્દત માટે એઅતેકાફ સહીહ / બરાબર નથી પણ વધારે સમય માટે ૧૭૨૧ ના મસઅલામાં બયાન થયા પ્રમાણે કોઈ મર્યાદા નથી.

**૫. એઅતેકાફ કરનારે એઅતેકાફના દિવસોમાં રોઝા રાખવા જોઈએ.**

**મસઅલો ૧૭૨૬ :** એઅતેકાફ કરનારે એઅતેકાફના દિવસોમાં રોઝા રાખવા જોઈએ તેથી જે ઈન્સાન રોઝા નથી રાખી શકતો જેમકે મુસાફર જે દસ દિવસના રોકાણનો ઈરાદો રાખતો હોય અથવા બીમાર અથવા હાએઝ અથવા નફસા આ લોકોનો એઅતેકાફ સહીહ / બરાબર નથી અને એઅતેકાફના દિવસોમાં જરૂરી નથી કે આ રોઝા એઅતેકાફ માટે હોય બલ્કે કોઈ પણ નિય્યતથી રોઝા

રાખી શકે છે એટલે સુધી કે તે રોઝા ઈજારાના, મુસ્તહબી કે કઝાના હોય તો પણ કાફી છે.

**મસઅલો ૧૭૨૭** : જે સમય દરમિયાન એઅતેકાફ કરનારે રોઝો રાખેલ છે એટલે કે અઝાને સુબ્હથી મગરિબ સુધીના સમયમાં કોઈ પણ એવું કામ કરે જેનાથી રોઝો બાતિલ થઈ જાય છે તો તેનાથી એઅતેકાફ પણ બાતિલ થાય છે. તેથી એઅતેકાફ કરનારે જોઈએ એવા કામોથી બચે જે જાણી જોઈને કરવાથી રોઝો બાતિલ થાય છે.

**૬. એઅતેકાફ ચાર મસ્જિદોમાં અથવા જામેઅ મસ્જિદમાં હોવો જોઈએ.**

**મસઅલો ૧૭૨૮** : એઅતેકાફ મસ્જિદુલ હરામ, મસ્જિદુન નબી, (સલલ્લાહો અલયહે વ આલેહી) મસ્જિદે કુફા અને મસ્જિદે બસરામાં સહીહ છે. આ જ પ્રમાણે દરેક શહેરની જામેઅ મસ્જિદમાં પણ સહીહ છે પણ જો એ મસ્જિદનો પેશ ઈમામ આદિલ ન હોય તો – એહતિયાતે લાઝિમની બિના પર – તે મસ્જિદમાં એઅતેકાફ સહીહ નથી. અને મસ્જિદે જામેઅ એવી મસ્જિદ છે જે કોઈ ખાસ લોકો માટે ન હોય જેમ કે કોઈ ખાસ મહોલ્લાના લોકો કોઈ ખાસ ગિરોહના લોકો માટે ન હોય બલ્કે તે જગ્યાએ બધા લોકો આવ–જા કરી શકતા હોય અને શહેરના અલગ અલગ વિસ્તારમાંથી આવતા હોય જામેઅ મસ્જિદ સિવાય બીજી મસ્જિદમાં એઅતેકાફ શરીઅતમાં સાબિત નથી પણ નેક કામની ઉમ્મેદ સાથે બીજી મસ્જિદમાં એઅતેકાફ કરવામાં વાંધો નથી પણ જે

જગ્યાએ મસ્જિદ ન હોય જેમકે હુસૈનીયા અથવા નમાઝખાનામાં એઅતેકાફ સહીહ નથી.

## ૭. એઅતેકાફ એક જ મસ્જિદમાં હોવો જોઈએ.

**મસઅલો ૧૭૨૯ :** જરૂરી છે કે એક જ મસ્જિદમાં એઅતેકાફ કરવામાં આવે તેથી બે જુદી જુદી મસ્જિદમાં કરેલો એઅતેકાફ બરોબર નથી પછી ભલે તે મસ્જિદ બિલકુલ અલગ હોય કે બાજુ બાજુમાં હોય પણ જો એવી રીતે જોડાએલી હોય કે લોકો એને એક જ મસ્જિદ ગણતા હોય તો વાંધો નથી.

## ૮. એઅતેકાફ એવા લોકોની ઈજાઝત સાથે કે જેઓની ઈજાઝત શરીઅતની રૂએ મોઅતબર હોય છે.

**મસઅલો ૧૭૩૦ :** એઅતેકાફ એવા લોકોની ઈજાઝત સાથે કે જેઓની ઈજાઝત શરીઅતની રૂએ મોઅતબર હોય છે. તેથી એવા સમયે ઔરતનું મસ્જિદમાં રોકાવું હરામ હોય જેમકે શોહરની ઈજાઝત વગર ઘરની બહાર આવી હોય એઅતેકાફ બાતિલ છે જ્યારે ઔરતનું મસ્જિદમાં રોકાવું હરામ ન હોય પણ એઅતેકાફથી શોહરના હકને નુકસાન પહોંચતું હોય તો શોહરની રજા વગર એઅતેકાફ સહીહ હોવું મુશ્કેલ છે. આજ પ્રમાણે એઅતેકાફ વાલેદૈનને તકલીફનું કારણ બને અને આ તકલીફ ઔલાદ પ્રત્યે મોહબ્બત અને દિલસોઝીના કારણે હોય તો ફરઝંદને તેઓની ઈજાઝત લેવી જરૂરી છે પણ જો વાલેદૈનની તકલીફનું કારણ ન બને તો એહતિયાતે મુસ્તહબ છે કે

તેઓની ઈજાઝત લે.

## ૯. એઅતેકાફ કરનાર ઉપર જે કામો હરામ છે તેને તર્ક કરવા જોઈએ.

**મસઅલો ૧૭૩૧** : એઅતેકાફ કરનાર ઉપર નીચે જણાવેલ જે કામો હરામ છે તેને તર્ક કરવા જોઈએ. જો તે તર્ક ન કરે તો એઅતેકાફ બાતિલ થઈ જાય છે. પણ આ તર્ક વાજિબ હોવું તે એઅતેકાફમાં કે જે વાજિબે મોઅય્યન નથી, સંભોગ સિવાયની બાબતમાં એહતિયાતની રૂએ છે.

૧. ખુશ્બૂ
૨. સંભોગ
૩. ઈસ્તેમના અને કામ વાસનામાં અડવું અથવા ચુંબન કરવું એહતિયાતે વાજિબની રૂએ
૪. વાદવિવાદ
૫. ખરીદ વેચાણ કરવું

**મસઅલો ૧૭૩૨** : એઅતેકાફ કરનાર માટે અત્તર સૂંઘવું જાએઝ નથી ભલે પછી તે સૂંઘવાથી લઝ્ઝત મળે કે ન મળે. ખુશ્બૂદાર વનસ્પતિ સૂંઘવાથી લઝ્ઝત મળે તો જાઈઝ નથી. પરંતુ લઝ્ઝત ન મળે તો વાંધો નથી. આ જ પ્રમાણે એઅતેકાફ કરનાર સુંગધી પ્રસાધનો જેવાકે સાબુ, શેમ્પુ, ટુથપેસ્ટ વગેરેનો ઉપયોગ કરી શકે છે. સામાન્ય રીતે મસ્જિદોમાં એઅતેકાફ ન કરનાર લોકો અતર લગાવે છે તેને સૂંઘવું જાએઝ નથી, પરંતુ સુંગધનો એહસાસ થાય તેમાં વાંધો નથી. જરૂરી નથી કે પોતાનું નાક બંધ કરી દે.

**મસઅલો ૧૭૩૩ :** પોતાના જીવનસાથી સાથે એઅતેકાફની હાલતમાં સંભોગ કરવો જાએઝ નથી ભલે પછી તે વીર્ય સ્ખલન ન થાય અને જાણી જોઈને આ કામ કરવાથી એઅતેકાફ બાતિલ થાય છે.

**મસઅલો ૧૭૩૪ :** એઅતેકાફ કરનારને એહતિયાતે વાજિબની રૂએ ઈસ્તેમના (ભલે પછી હલાલ રીતે) અને કામ વાસના સાથે ઔરતને અડવાથી અને ચુંબન કરવાથી પણ પરહેઝ કરવી જોઈએ. અને કામ વાસના સાથે પોતાની પત્નીને જોવાથી એઅતેકાફ બાતિલ નથી થતો પણ એહતિયાતે મુસ્તહબ છે કે એનાથી પરહેઝ કરે.

**મસઅલો ૧૭૩૫ :** એઅતેકાફની હાલતમાં દીની અને દુન્યવી બાબતે વાદવિવાદ કરવો જેમાં સામે વાળાને નીચો દેખાડવો અને પોતાની ફઝીલત જાહેર કરવાનો ઈરાદો હોય તો તે હરામ છે પણ હક જાહેર કરવાનો ઈરાદો હોય અને સામે વાળાની ભૂલ સુધારવાનો ઈરાદો હોય તો હરામ નથી બલ્કે બહેતર ઈબાદત છે તેથી આ બાબત એઅતેકાફ કરવાવાળાના ઈરાદા ઉપર આધાર રાખે છે.

**મસઅલો ૧૭૩૬ :** એહતિયાતે વાજિબની રૂએ એઅતેકાફ દરમિયાન ખરીદ–વેચાણ ચાહે તે ગમે તે પ્રકારનું હોય જેમકે ઈજારો, ભાગીદારી, ચીજોની અદલા બદલી કરવી, વગેરે હરામ છે. તેમ છતા કરવામાં આવેલ સોદો સહીહ છે.

**મસઅલો ૧૭૩૭ :** જ્યારે એઅતેકાફ કરનાર પોતાના ખાવા પીવા માટે તેમજ બીજી જરૂરતો પૂરી કરવા માટે

મજબૂર હોય કે ખરીદ વેચાણ કરે અને આ કામ અંજામ દેવા માટે કોઈ એવો માણસ ન મળે જે એઅતેકાફમાં ન હોય તેમજ પોતાની જરૂરત પૂરી કરવા માટે હદિયો કે કર્ઝ લેવાની સગવડતા ન હોય તો ખરીદ વેચાણ કરવામાં કંઈ વાંધો નથી.

**મસઅલો ૧૭૩૮** : જો કોઈ એઅતેકાફ કરનાર જાણી જોઈને શરીઅતના હુકમ મુજબ એઅતેકાફમાં હરામ થયેલ કાર્યો અંજામ આપે તો તેનો એઅતેકાફ બાતિલ થઈ જાય છે.

**મસઅલો ૧૭૩૯** : જો કોઈ એઅતેકાફ કરનાર ભૂલથી અથવા ભૂલી જવાના કારણે એઅતેકાફમાં હરામ થયેલ કાર્યોમાં અંજામ આપે તો તેનો એઅતેકાફ બાતિલ થતો નથી.

**મસઅલો ૧૭૪૦** : અગર કોઈ મસઅલો ન જાણવાને લીધે એઅતેકાફના હરામ કાર્યોમાંથી કોઈ એક અંજામ આપે, અને જો તે મસઅલો ન જાણવા બાબતે કસૂરવાર હોય તો એઅતેકાફ બાતિલ છે અને જો તે કસૂરવાર ન હોય તો સહીહ છે અને ભૂલના હુકમ પ્રમાણે છે.

**મસઅલો ૧૭૪૧** : અગર કોઈ એઅતેકાફ કરનાર અગાઉના મસઅલામાં બયાન થયેલ એઅતેકાફ બાતિલ કરનાર કોઈ ચીજથી પોતાનો એઅતેકાફ બાતિલ કરે અને જો એઅતેકાફ વાજિબે મોઅય્યન હોય તો એઅતેકાફની કઝા કરવી જોઈએ અને જો એહતેકાફે ગૈર મોઅય્યન હોય જેમકે જેમ કે નઝર કરી હોય ગમે ત્યારે એઅતેકાફ કરશે, તો વાજિબ છે કે બીજી વખત ફરીથી એઅતેકાફ કરે અને

જો એઅતેકાફ મુસ્તહબ હોય અને બે દિવસ પૂરા થયા પછી બાતિલ કર્યો હોય તો એહતિયાતે વાજિબની રૂએ તેની કઝા કરવી જોઈએ પણ જો બે દિવસ પૂરા થયા પહેલા મુસ્તહબ એઅતેકાફને બાતિલ કરે તો કંઈપણ જવાબદારી તેના ઉપર નથી.

**૧૦. એઅતેકાફ કરનારને જોઈએ કે જે જગ્યાએ એઅતેકાફ કરેલો છે ત્યાંથી બહાર ન નીકળે પણ શરીઅતે ઈજાઝત આપેલ જરૂરી કામો માટે.**

**મસઅલો ૧૭૪૨ :** એઅતેકાફ કરનાર શરીઅતે ઈજાઝત આપેલ જરૂરી કામો માટે બહાર નીકળવું જાઈઝ છે, તે કામને અંજામ આપવામાં જેટલો સમય લાગે તેના કરતા વધારે સમય મસ્જિદની બહાર ન રહેવું જોઈએ.

## એઅતેકાફની જગ્યાએથી બહાર નીકળવું.

**મસઅલો ૧૭૪૩ :** એઅતેકાફની જગ્યાએથી જરૂરી કામો માટે બહાર નીકળવું જેમકે ટોયલેટ માટે જાઈઝ છે, ગુસ્લે જનાબત કરવા માટે મસ્જિદમાંથી બહાર જવું જાઈઝ છે બલ્કે વાજિબ છે. આજ પ્રમાણે ઔરતોને ઈસ્તેહાઝાના ગુસ્લ માટે, જો કે જે ઔરત ઉપર ઈસ્તેહાઝાનું ગુસ્લ વાજિબ હોય તે આ ગુસ્લને અંજામ ન આપે તો પણ તેનો એઅતેકાફ સહી છે.

**મસઅલો ૧૭૪૪ :** અદા વાજિબ નમાઝો માટે વઝુ કરવા એઅતેકાફની જગ્યાથી બહાર જવામાં વાંધો નથી ભલે પછી તે નમાઝનો સમય દાખલ ન થયો હોય.

કઝા વાજિબ નમાઝો માટે વઝુ કરવા જવું જ્યારે

કે કઝા નમાઝનો સમય તંગ ન હોય તો ઈશ્કાલ છે.

**મસઅલો ૧૭૪૫** : જ્યારે વઝુ કરવા માટે મસ્જિદની અંદર સગવડતા હોય ત્યારે એઅતેકાફ કરનાર માણસ વઝુ કરવા માટે મસ્જિદની બહાર નહી જઈ શકે.

**મસઅલો ૧૭૪૬** : જો એઅતેકાફ કરનાર પર ગુસ્લ વાજિબ હોય જ્યારે કે તે ગુસ્લ એવા ગુસ્લમાંથી હોય કે જે ગુસ્લ મસ્જિદમાં અંજામ દેવા માટે કોઈ રૂકાવટ હોય જેમકે જનાબતનું ગુસ્લ કારણકે જનાબતની હાલતમાં મસ્જિદમાં રહેવું જાઈઝ નથી અથવા તો એવો સંજોગ હોય કે મસ્જિદ નજિસ થતી હોય તો આવી હાલતમાંથી મસ્જિદમાંથી બહાર નીકળી જવું જોઈએ. નહીંતર એઅતેકાફ બાતિલ થઈ જશે. પણ જો એવા ગુસ્લોમાંથી હોય કે મસ્જિદમાં અંજામ દેવામાં કોઈ રૂકાવટ ન હોય જેમકે મસે મૈયતનું ગુસ્લ અને ગુસ્લ કરવાની સગવડતા મસ્જિદમાં હોય તો એહતિયાતે વાજિબની રૂએ જાએઝ નથી કે મસ્જિદમાંથી બહાર નીકળે.

**મસઅલો ૧૭૪૭** : એઅતેકાફની જગ્યામાંથી મુસ્તહબ ગુસ્લ માટે જેમકે ગુસ્લે જુમ્આ, આમાલે ઉમ્મે દાઉદના ગુસ્લ માટે તેમજ મુસ્તહબ વઝુ માટે તેમજ બીજા તમામ નેક કામો માટે બહાર નીકળવુ, મહેલ્લે ઈશ્કાલ (વાંધાજનક) છે સિવાય એવા કામો કે લોકો જેને જરૂરી જાણતા હોય, પરંતુ મૈયતને કબ્રસ્તાન મૂકવા જવુ, મૈયતને તૈયાર કરવું જેમ કે ગુસ્લે મૈયત, નમાઝે મૈયત વગેરે માટે, બીમારને જોવા માટે, નમાઝે જુમ્આ માટે એઅતેકાફની જગ્યાએથી બહાર નીકળવામાં કોઈ વાંધો નથી.

**મસઅલો ૧૭૪૮** : નમાઝે જમાઅત માટે એઅતેકાફ કરનારને મસ્જિદની બહાર નીકળવું જાએઝ નથી સિવાય કે તે માણસે જે મક્કાએ મુકર્રમામાં એઅતેકાફ કર્યો હોય તે નમાઝે જમાઅત માટે તેમજ ફુરાદા નમાઝ માટે મસ્જિદની બહાર નીકળી શકે છે, મક્કામાં કોઈપણ જગ્યાએ જઈ નમાઝ પઢી શકે છે.

**મસઅલો ૧૭૪૯** : એઅતેકાફ કરનાર પોતાની જરૂરતની ચીજો માટે કોઈ એવા શખ્સને કે જે એઅતેકાફમાં નથી કામ સોંપી શકતો હોય તો તેના માટે જાએઝ નથી કે મસ્જિદની બહાર નીકળે.

**મસઅલો ૧૭૫૦** : એઅતેકાફ કરનાર માણસ શાળા, કોલેજ તેમજ હોઝે ઈલ્મીયાની પરીક્ષા આપવા માટે એઅતેકાફની જગ્યાએથી બહાર નીકળી શકે છે પણ તેના બહાર નીકળવાની મુદ્દત એટલી લાંબી ન હોવી જોઈએ કે એઅતેકાફમાં છે તેમ કહી ન શકાય જેમકે બે કલાક જેટલો સમય હોય તો વાંધો નથી.

**મસઅલો ૧૭૫૧** : જો એઅતેકાફ કરનાર જરૂરી કામ માટે મસ્જિદની બહાર આવે પણ લાંબો સમય થઈ જાય કે એમ ન કહી શકાય કે એઅતેકાફમાં છે તો તેનો એઅતેકાફ બાતિલ થશે. ભલે પછી આ બહાર નીકળવું જબરજસ્તી, મજબૂરી અથવા ભૂલી જવાના કારણે હોય.

**મસઅલો ૧૭૫૨** : જો એઅતેકાફ કરનાર શરઈ હુકમને જાણતો હોવા છતાંપણ જાણી જોઈને ઈખ્તેયારની હાલતમાં એવા કામ માટે મસ્જિદની બહાર નીકળે જે બિનજરૂરી હોય અને જેની ઈજાઝત આપવામાં આવી ન

હોય તો તેનો એઅતેકાફ બાતિલ થશે.

**મસઅલો ૧૭૫૩ :** જો એઅતેકાફ કરનાર શરઈ હુકમને ન જાણતો હોય અને ઈખ્તેયારની હાલતમાં એવા કામ માટે મસ્જિદની બહાર નીકળે જે બિનજરૂરી હોય અને જેની ઈજાઝત આપવામાં આવી ન હોય તો તેનો એઅતેકાફ બાતિલ થશે.

**મસઅલો ૧૭૫૪ :** જો એઅતેકાફ કરનાર ભૂલથી મસ્જિદની બહાર નીકળે તો એઅતેકાફ બાતિલ થશે. પણ જો મજબૂરી અને જબરજસ્તીના કારણે મસ્જિદમાંથી બહાર નીકળે તો એઅતેકાફ બાતિલ નહી થાય પણ જો બહાર રહેવાની મુદત એટલી લંબાઈ કે એમ ન કહી શકાય કે એઅતેકાફમાં છે તો એઅતેકાફ બાતિલ થશે.

**મસઅલો ૧૭૫૫ :** જો એઅતેકાફ કરનારનું એઅતેકાફની જગ્યાએથી બહાર નીકળવું વાજિબ હોય જેમકે કર્ઝ અદા કરવાના સમય થઈ ગયો હોય અદા કરવા માટે સક્ષમ હોય અને લેણદાર પણ કર્ઝ પાછુ માંગી રહ્યો હોય. અને આ કર્ઝ અદા કરવા અથવા બીજુ કાંઈ વાજિબ અદા કરવાનો આધાર એઅતેકાફની જગ્યાએથી બહાર નીકળવા ઉપર હોય તેમ છતાંપણ જો તે પોતાની જવાબદારી ઉપર અમલ ન કરે અને બહાર ન નીકળે તો ગુનેહગાર છે પણ તેનો એઅતેકાફ બાતિલ નહી થાય.

**મસઅલો ૧૭૫૬ :** એઅતેકાફ કરનારને જરૂરત કરતાં વધારે સમય મસ્જિદની બહાર ન રહેવું જોઈએ અને શકય હોય ત્યાં સુધી છાયામાં પણ ન બેસવું જોઈએ. પણ કઝાએ હાજત અથવા એવું કામ જે પૂર્ણ કરવા માટે છાયામાં

બેસવાની જરૂર હોય તો વાંધો નથી અને એહતિયાતે વાજિબની રૂએ હાજતથી ફારિગ થયા પછી અથવા તે જરૂરત પૂર્ણ થયા પછી છાયાની નીચે ન બેસવું સિવાય કે કોઈ જરૂરત ઉભી થાય.

**મસઅલો ૧૭૫૭** : એઅતેકાફ કરનાર મસ્જિદની બહાર છાયા નીચે ચાલી શકે છે પણ એહતિયાતે મુસ્તહબ છે કે તેનાથી પરહેઝ કરે.

**મસઅલો ૧૭૫૮** : એઅતેકાફની જગ્યાએથી બહાર જવા અને પાછા આવવા માટેનો એવો રસ્તો પસંદ કરવો જોઈએ જે નઝદીક હોય પણ જો લાંબો રસ્તો પસંદ કરવાથી મસ્જિદની બહાર ઓછું રહેવું પડે તેમ હોય તો તેને પસંદ કરવો જોઈએ.

## એઅતેકાફના જુદા જુદા મસાઈલ :–

**મસઅલો ૧૭૫૯** : ઈન્સાન એવો એઅતેકાફ જે વાજિબે મોઅય્યન નથી તેની નિય્યત કરતી વખતે એમ શર્ત કરી શકે છે જો કોઈ મુશ્કેલી આવે તો એઅતેકાફ તોડી શકે છે આ શર્ત કર્યા પછી જો કોઈ મુશ્કેલી આવે તો એઅતેકાફ તોડી શકે છે ભલે પછી ત્રીજો દિવસ હોય પણ જો એમ શર્ત કરે કે કોઈ મુશ્કેલી વગર જ્યારે ચાહશે ત્યારે એઅતેકાફ તોડી શકશે તો આવી શર્ત સહીહ હોવું મુશ્કેલ છે અને આ બયાન કરવું જરૂરી છે કે આ શર્ત એઅતેકાફ શરૂ કર્યા પહેલા કે પછી રાખવી સહીહ નથી બલ્કે જરૂરી છે કે એઅતેકાફની નિય્યત સાથે જ હોય.

**મસઅલો ૧૭૬૦** : એઅતેકાફ માટે બાલીગ હોવું

જરૂરી નથી એવું બાળક કે જે સારા અને ખરાબને પારખી શકતો હોય તેનો એઅતેકાફ પણ સહીહ છે.

**મસઅલો ૧૭૬૧** : જો એઅતેકાફ કરનાર એવા ફર્શ ઉપર બેસે જે ગસ્બી હોય અને તે જાણતો હોય કે આ ફર્શ ગસ્બી છે તો તેણે ગુનાહ કર્યો પણ તેનો એઅતેકાફ બાતિલ નથી. અગર કોઈ માણસે જગ્યા રોકી રાખી હોય, તેની રજા વગર તે જગ્યા લઈ લ્યે તો ગુનેહગાર થશે, પરંતુ તેનો એઅતેકાફ સહીહ છે.

**મસઅલો ૧૭૬૨** : જો વાજિબ એઅતેકાફ વખતે પાછું ફરવાની શર્ત કરી હોય જેની વિગત ૧૭૫૯ના મસઅલામાં બયાન થઈ ચૂકી છે તો પછી કોઈ પણ એક હરામ કામને અંજામ આપે (જેનાથી એઅતેકાફ બાતિલ થઈ જાય) તો એઅતેકાફની કઝા કરવાની અથવા ફરીથી એઅતેકાફ કરવાની કંઈપણ જરૂર નથી.

**મસઅલો ૧૭૬૩** : જો કોઈ ઔરત એઅતેકાફ કરે અને બે દિવસ પછી હેઝ આવે તો વાજિબ છે કે તરતજ મસ્જિદમાંથી બહાર નીકળી જાય અને જો એઅતેકાફની શરૂઆતમાં પાછા ફરવાની શર્ત ન કરી હોય તો એહતિયાતે વાજિબની રૂએ એઅતેકાફની કઝા કરવી જરૂરી છે. પણ જો પાછા ફરવાની શર્ત કરી હોય તો કઝા જરૂરી નથી. જેની વિગત ૧૭૫૯ મસઅલામાં બયાન થઈ ચૂકી છે.

**મસઅલો ૧૭૬૪** : એઅતેકાફનું કઝા કરવું વાજિબે ફૌરી નથી (તરતજ અંજામ આપવું જરૂરી નથી) પણ એટલી બધી વાર ન લગાડવી જોઈએ કે વાજિબ અદા

કરવામાં આળસ થઈ કહેવાય એહતિયાતે મુસ્તહબ છે કે તરતજ કઝા કરે.

**મસઅલો ૧૭૬૫** : અગર નઝર, કસમ, અહદ અથવા બે દિવસ પૂરા થવા પછી જે એઅતેકાફ વાજિબ થયો હોય અને મોઅતકીફ (એઅતેકાફ કરનાર) ગુજરી જાય તો તેના મોટા દીકરા પર કઝા વાજિબ નથી, પરંતુ એહતિયાતે મુસ્તહબ છે કે તેની કઝા બજાવી લાવવામાં આવે અને જો મરનાર મોઅતકીફે વસિયત કરી હોય કે તેના માલના ત્રીજા ભાગથી કોઈને એઅતેકાફ કરવા માટે ઉજરત આપવામાં આવે તો વસિયત મુજબ અમલ કરવો જોઈએ.

**મસઅલો ૧૭૬૬** : જો એઅતેકાફ કરનાર વાજિબ એઅતેકાફને જાણેજોઇને સંભોગથી બાતિલ કરે ભલે પછી રાત હોય કે દિવસ હોય તેના ઉપર કફ્ફારો વાજિબ થશે પણ બીજા હરામ કામોમાં કફ્ફારો નથી. જો કે એહતિયાતે મુસ્તહબ છે કે તેમાં પણ કફ્ફારો આપે.

એઅતેકાફ બાતિલ કરવાનો કફ્ફારો માહે મુબારકે રમઝાનના રોઝાના કફ્ફારા જેવો છે. ઈન્સાનને ઈખ્તેયાર છે કે સાઈઠ દિવસ રોઝા રાખે અથવા સાઈઠ ફકીરોને જમાડે અને એહતિયાતે મુસ્તહબ છે કે આ કફ્ફારામાં ક્રમનું ધ્યાન રાખે એટલે કે સાઈઠ દિવસ રોઝા રાખે જો ન કરી શકે તો સાઈઠ ફકીરોને જમાડે.

**મસઅલો ૧૭૬૭** : એક એઅતેકાફથી બીજા એઅતેકાફ તરફ નિય્યત ફેરવવી જાએઝ નથી. ભલે પછી

બંને વાજિબ હોય જેમકે એક નઝરના કારણે બીજો કસમના કારણે વાજિબ થયો હોય અથવા બંને મુસ્તહબ હોય અથવા એક વાજિબ અને એક મુસ્તહબ હોય અથવા એક પોતાના માટે હોય અને બીજો નિયાબત અને ઈજારાનો હોય અથવા બંને બીજાની નિયાબતમાં હોય.

## ખુમ્સના એહકામ

**મસઅલો ૧૭૬૮ :** સાત વસ્તુઓ ઉપર ખુમ્સ વાજિબ થાય છે :

(૧) કમાણીથી થયેલ નફા;

(૨) ખનીજ;

(૩) જમીનમાં દટાયેલા ખજાના;

(૪) જે હલાલ માલમાં હરામ માલની ભેળસેળ થઈ હોય;

(૫) સમુદ્રમાં ડુબકી મારીને કાઢવામાં આવેલા ઝવેરાત;

(૬) લડાઈને કારણે મેળવેલ દુશ્મનનો માલ;

(૭) મશ્હૂર કોલ પ્રમાણે એ જમીન ઉપર કે જે ઝિમ્મી કાફિરે મુસલમાન પાસેથી ખરીદી હોય;

એ સર્વેની વિગતો નીચે મુજબ છે :

### (૧) ધંધા વિગેરેનો નફો

**મસઅલો ૧૭૬૯ :** જયારે ઈન્સાન વેપાર, ઉદ્યોગ કે હુન્નર વિગેરેથી કમાણી હાંસિલ કરે, ચાહે એ કમાણી કોઈ મૈયતની ઈજારાની નમાઝ પઢીને કે રોઝા રાખીને પ્રાપ્ત કરી હોય, તેમાં વર્ષ દરમિયાન પોતાના તેમજ પોતાના પરિવારનો ખર્ચ બાદ કરતા જે વધે તેમાંથી પાંચમો ભાગ જેને ખુમ્સ કહેવાય છે તેને હવે પછી જે હુકમો બયાન થશે

તે મુજબ આપવો જોઈએ.

**મસઅલો ૧૭૭૦** : અગર ઈન્સાનને કોઈ માલ કમાણી સિવાય બીજે રસ્તે હાંસિલ થાય (સિવાય અમુક વસ્તુઓ જે બાદમાં ઉલ્લેખ થશે), જેમકે કોઈ એને ભેટ કે તોહફો રૂપે આપે, તો વર્ષના ખર્ચ પછી જો તેમાંથી કાંઈ વધે, તો તેના ઉપર ખુમ્સ વાજિબ થશે.

**મસઅલો ૧૭૭૧** : પત્નીને શૌહર તરફથી મહેરની રકમ મળે, અથવા ખુલઆની તલાક આપવાને કારણે શૌહરને જે માલ મળે, તેના ઉપર ખુમ્સ નથી. એવીજ રીતે દિય્યત (સઝારૂપે ચુકવણી)માં કોઈ માલ મેળવે, એવી જ રીતે જે વારસો ઈન્સાનને શરીઅતના વારસા માટેના નિયુકત કાયદાઓ મુજબ મળે તેના ઉપર ખુમ્સ નથી.

પણ અગર એક ઈન્સાન શિયા મુસલમાન હોય, અને એને એવો વારસો મળે કે જે ફીકહે જઅફરી મુજબ નથી, જેમકે તઅસીબની રૂએ એહલે સુન્નતની ફીકહ પ્રમાણે વારસો મળે, તો એને નફો ગણાશે, અને તેના ઉપર ખુમ્સ દેશે. એવી જ રીતે જો બાપ અથવા દીકરા સિવાય કોઈ બીજા તરફથી અણધારી રીતે વારસો પામે, તો એહતિયાતે વાજિબ છે કે વર્ષનો ખર્ચ બાદ કરતાં તેમાંથી જે કંઈ વધે તેના ઉપર ખુમ્સ અદા કરે.

**મસઅલો ૧૭૭૨** : અગર કોઈ શખ્સને વારસામાં માલ મળે, અને એને ખબર હોય કે જેનો વારસો મળ્યો છે તે શખ્સે આ માલમાંથી ખુમ્સ અદા કર્યુ ન હતું, તો મળેલ વારસામાંથી ખુમ્સ આપવું વાજિબ છે.

અગર વારીસને જે વારસો મળ્યો છે તે માલ ઉપર ખુમ્સ ન હોય, પણ એને ખબર હોય કે જે શખ્સનો વરસો મળ્યો છે તેનાં ખુમ્સનું કરજ બાકી હતું, તો વાજિબ છે કે એના માલમાંથી પહેલાં ખુમ્સ અદા કરે.

પણ બંને સંજોગમાં જો એવું હોય કે જેનો વારસો મળ્યો છે તે શખ્સ કોઈ કાળે ખુમ્સ કાઢતો જ ન હતો, અથવા ખુમ્સ વિશે અકીદો ધરાવતો ન હતો, તો વારીસ ઉપર વાજિબ નથી કે એના ઉપર રહી ગયેલ ખુમ્સ અદા કરે.

**મસઅલો ૧૭૭૩** : અગર કરકસર કરવાથી કોઈ શખ્સ પાસે વર્ષના ખર્ચ બાદ કાંઈ વધારો રહે, તો તેના ઉપર ખુમ્સ વાજિબ થશે.

**મસઅલો ૧૭૭૪** : જે શખ્સનો બધો ખર્ચ કોઈ બીજાએ ઉપાડી લીધો હોય, તે શખ્સ ઉપર વાજિબ છે કે તેની પૂરેપૂરી કમાણી ઉપર ખુમ્સ આપે.

**મસઅલો ૧૭૭૫** : અગર કોઈ શખ્સ મિલકતને અમુક લોકો માટે, જેમકે પોતાની ઔલાદ માટે, વકફ કરે, અને એ મિલકત એવી હોય કે તેમાં ખેતીવાડી કરીને એમને કમાણી થતી હોય તો વર્ષનો ખર્ચ બાદ કર્યા બાદ એમાંથી જે વધે તેનાં ઉપર તેઓ ખુમ્સ આપશે. અને ખેતીવાડી સિવાય બીજી રીતે એ મિલકતથી નફો મળતો હોય, જેમકે ભાડે આપેલી હોય, તો પણ વર્ષનો ખર્ચ બાદ કરીને તેમાંથી ખુમ્સ દેવું વાજિબ છે.

**મસઅલો ૧૭૭૬** : અગર કોઈ ફકીરને કફ્ફારો અથવા

રદ્દે મલાઝિમ મળતો હોય, તેમજ મુસ્તહબ સદકા તરીકે હાંસિલ કર્યુ હોય અને તેમાં વર્ષનો ખર્ચ કાઢવા બાદ વધારો રહે તો તેના ઉપર ખુમ્સ વાજિબ થશે. એ પ્રમાણે જો તેને કોઈ એવો માલ આપવામાં આવ્યો હોય કે જેમાંથી આવક થતી હોય, જેમકે એને કોઈ ઝાડ આપવામાં આવ્યું, જેના ફળોની વહેંચણીથી ગુજરાન ચલાવતો હોય, તો જો વર્ષનો ખર્ચ કાઢવા બાદ વધારો રહે તો તેના ઉપર એહતિયાતે વાજિબની રૂએ ખુમ્સ વાજિબ થશે. પણ જો એ ફકીરને ખુમ્સ કે ઝકાત તરીકે માલ આપવામાં આવ્યો હોય, તો એ માલ ઉપર ખુમ્સ દેવું લાઝિમ નથી. પણ તે માલથી કાંઈ ફાયદો થાય અને તેમાંથી વર્ષનો ખર્ચ બાદ કરતા જે કંઈ વધે તેનું ખુમ્સ દેવું જરૂરી છે.

**મસઅલો ૧૭૭૭** : અગર કોઈ શખ્સ એવી મુઅય્યન રકમથી માલ ખરીદે કે જેમાંથી ખુમ્સ આપવામાં ન આવ્યું હોય, એટલે કે વહેંચનારને એમ જણાવે કે હું આ માલ આ રકમથી ખરીદી રહ્યો છું, અને વહેંચનાર શિયા ઈસ્નાઅશરી હોય, તો એ સોદો સંપૂર્ણ માલ માટે સહીહ ગણાશે અને હવે એ રકમથી જે માલ ખરીદયો છે, તેના ઉપર ખુમ્સ લાગુ પડશે. આ સોદો સહીહ હોવા માટે મુજતહીદની રજા કે સહીની જરૂરત નથી.

**મસઅલો ૧૭૭૮** : અગર કોઈ શખ્સ માલ અથવા જણસ ખરીદી લ્યે, અને મામલો નક્કી થયા બાદ તેની કિંમત એવા નાણામાંથી ભરપાઈ કરે કે જેનું ખુમ્સ આપ્યું

ન હોય, તો મામલો સહીહ ગણાશે, પરંતુ વહેંચનારને જે રકમ આપી છે તે માટે તે શખ્સ ખુમ્સના હકદારોનો કર્ઝદાર રહેશે.

**મસઅલો ૧૭૭૯ :** અગર કોઈ શિયા ઈસ્નાઅશરી મુસલમાન એવો માલ ખરીદે કે જેનું ખુમ્સ અદા ન થયું હોય, તો ખુમ્સની જવાબદારી વેચનાર ઉપર છે, ખરીદનાર ઉપર કંઈપણ જવાબદારી નથી.

**મસઅલો ૧૭૮૦ :** અગર કોઈ શખ્સ એક શિયા ઈસ્નાઅશરી મુસલમાનને એવી ભેટ કે બક્ષિસ આપે કે જેનું ખુમ્સ અદા ન કર્યુ હોય, તો તેની જવાબ્દારી ભેટ આપનાર ઉપર છે, લેનાર ઉપર નહી.

**મસઅલો ૧૭૮૧ :** અગર કોઈ શખ્સને કાફિર અથવા એવા શખ્સ પાસેથી માલ પ્રાપ્ત થાય કે જેનો ખુમ્સ સંબંધી અકીદો ન હોય અથવા ખુમ્સ ન આપતો હોય તો એ માલ ઉપર ખુમ્સ નથી.

**મસઅલો ૧૭૮૨ :** વેપારી ઉધોગી કે હુન્નર કળા ધરાવનાર વિગેરે જયારથી ધંધો કે કમાણી શરૂ કરે, ત્યારથી વર્ષ વીતી ગયા બાદ, વર્ષનો ખર્ચ હિસાબ કરીને જે વધે તેના ઉપર ખુમ્સ કાઢશે. આ જ હુકમ એ ઈન્સાન માટેનો છે જે વર્ષના ખાસ સમયે કામ કરી તેની આવકથી વર્ષના મોટા ભાગનો ખર્ચ ચલાવતો હોય જેમ કે ઝાકિર જે મજલિસો પઢે છે. અને જે શખ્સ કમાણી ન કરતો હોય, કોઈની સહાય કે સરકારી સહાયથી ખર્ચ ચલાવતો હોય તો તેને જો અણધારી રીતે કંઈ નફો મળે, તો નફા મળવાની

તારીખથી વર્ષ વિતી ગયા સુધી, ખર્ચ બાદ કરી જે વધે તેના ઉપર ખુમ્સ કાઢશે. ચાહે તો દરેક આવકનો અલગ હિસાબ રાખી શકે છે.

**મસઅલો ૧૭૮૩** : અગર કોઈ શખ્સ ચાહે કે વર્ષ દરમિયાન જયારે પણ નફો હાંસિલ કરે ત્યારે તેનું ખુમ્સ અદા કરે, તો એ મુજબ કરી શકે છે, અને જો ખુમ્સની અદાયગી વર્ષના અંતે કરવા માંગે તો પણ જાએઝ છે, પણ જો જાણતો હોય કે વર્ષના અંત સુધી આની જરૂર નથી પડવાની. તો એહતિયાતે વાજિબની રૂએ તરત જ ખુમ્સ દેવું જરૂરી છે. એવીજ રીતે ખુમ્સની અદાયગી માટે રોમન કેલેન્ડર મુજબ વર્ષ નિયુકત કરે તો પણ વાંધો નથી.

**મસઅલો ૧૭૮૪** : અગર કોઈ વેપારી કે કમાણી કરનાર (જે શખ્સ ખુમ્સની અદાયગી માટે વર્ષની મુદત રાખતો હોય, તે) વર્ષ દરમિયાન ગુજરી જાય તો તેના મરણ સુધીના ખર્ચનો હિસાબ કરી નફામાંથી બાદ કરવામા આવશે, અને બાકી રહેલા માલમાંથી ખુમ્સ આપશે.

**મસઅલો ૧૭૮૫** : અગર કોઈ શખ્સ વેપાર માટે કોઈ જણસ ખરીદે, અને તેનો ભાવ ઉપર જતા એ ન વહેચેં, અને વર્ષ દરમિયાન ભાવ પાછા નીચા થાય, તો ભાવમાં જેટલો વધારો થયો હતો તેટલા વધારા ઉપર ખુમ્સ વાજિબ નથી.

**મસઅલો ૧૭૮૬** : અગર વેપાર માટે ખરીદેલ જણસની કિંમત વધે, પણ એ આશાએ ન વહેંચે કે હજી ભાવ વધશે, અને વર્ષ પૂરૂં થવા બાદ સુધી ન વેચે, અને

ભાવ ઘટે, તો જેટલા પ્રમાણમાં ભાવ ઊંચા ગયા હતા, એહતિયાતની રૂએ તેટલા પ્રમાણમાં ખુમ્સ આપવું વાજિબ છે.

**મસઅલો ૧૭૮૭** : અગર કોઈ શખ્સને વેપાર માટેની માલમતા સિવાય, ખરીદ કરવાથી અથવા બીજે કોઈ રસ્તે, માલ હાંસિલ થાય, જેનું ખુમ્સ આપી ચૂકયો હોય, અને એ માલની કિંમત વધી જાય, તો વહેંચી નાખ્યા બાદ જે નફો પ્રાપ્ત થાય. તે વર્ષના ખર્ચ કરતા વધી જાય તો તેના ઉપર ખુમ્સ વાજિબ છે, દાખલા તરીકે ખરીદેલ ઝાડમાં ફળ લાગે, અથવા ગોશ્ત માટે સાચવેલાં ઘેંટાં બકરાં માંસલ અને માતેલાં થાય, તો એ વધારા ઉપર ખુમ્સ છે.

**મસઅલો ૧૭૮૮** : અગર કોઈ શખ્સ બાગ અથવા વાડીમાં વાવેતર કરે, જેનું ખુમ્સ આપી દીધું હોય અથવા ખુમ્સ લાગુ ન પડયું હોય અને એવો ઈરાદો રાખે કે તેની કિંમત વધી જતાં એ વહેંચી નાખશે, તો એના ઉપર વાજિબ છે કે ફળો ઊગાવેલા નાના છોડ તથા વૃક્ષોના વિકાસ, સૂકાયેલ ઝાડની લાકડીઓ કે જેને કાપીને વાપરી શકાય છે અને બાગની વધેલી કિંમત ઉપર ખુમ્સ આપે. પણ જો એનો ઈરાદો હતો કે ફળોને વહેંચીને નફો હાંસિલ કરશે, તો વધારાની કિંમતનું ખુમ્સ લાગુ નહી પડે પણ એ સિવાયનું ખુમ્સ આપશે.

**મસઅલો ૧૭૮૯** : અગર કોઈ શખ્સ નેતર અથવા એવી જાતના વૃક્ષ ઉગાડે, તો દર વર્ષે તેમાં જે વિકાસ થાય તેના ઉપર ખુમ્સ કાઢવું જોઈએ. એવી જ રીતે દાખલા

તરીકે, એ વૃક્ષની ડાળીઓ કે જે સામાન્ય રીતે કપાય છે, એકલા તેના વેચાણથી, અથવા બીજા નફાઓ સાથે, એની કમાણી વર્ષના ખર્ચથી વધે, તો વર્ષના અંતે તેના ઉપર ખુમ્સ દેવું જોઈએ.

**મસઅલો ૧૭૯૦** : અગર કોઈ શખ્સની એકથી વધુ આવક હોય, જેમકે મૂળ મુડીથી સાકર અને ચાવલ ખરીદે તો જયાં સુધી એ એક જ આવકનું સાધન તરીકે ગણાતું હોય, એટલે કે વેપારની જ આવક ગણાતી હોય, અને એનો હિસાબ કિતાબ એક જ હોય, તો વર્ષના અંતે ખર્ચ બાદ કર્યા પછી જે બાકી રહે, તેના ઉપર ખુમ્સ વાજિબ થશે. આ સંજોંગમાં જો એક આવકમાં નફો રહે, અને બીજી આવકમાં નુકસાની થાય, તો એકની નુકસાનીનું બીજાના નફામાંથી વળતર મેળવી શકશે.

પરતું જો આવકના સાધનો અલગ અલગ હોય, જેમકે વેપાર કરતો હોય, અને ખેતીવાડી પણ કરતો હોય, તો એહતિયાતે વાજિબની રૂએ એક વિભાગને થયેલી નુકસાનીનુ બીજા વિભાગના નફામાંથી વળતર નહી મેળવી શકે.

**મસઅલો ૧૭૯૧** : નફો હાંસિલ કરવા માટે ઈન્સાન જે ખર્ચ કરે, જેમકે દલાલી કે મજૂરી આપે અથવા તે કામકાજમાં નુકસાની થાય તો તેને નફામાંથી બાદ કરી શકશે, એટલા માલ ઉપર ખુમ્સ લાગુ નહી પડે.

**મસઅલો ૧૭૯૨** : વર્ષ દરમિયાન કમાણીમાં જે નફો થાય, તે નફો ખાધા, ખોરાકી, પહેરવેશ, ઘરસામ્રગી,

રહેવા માટે મકાન ખરીદ, દીકરાની શાદી, દીકરીનો દહેજ, ઝિયારતો માટે, એવા અન્ય કામો માટે વાપરી શકાય છે, અને તેના ઉપર ખુમ્સ વાજિબ નથી, પણ એમાં શરત એ છે ક પોતાની હેસીયતથી વધુ ન વાપરે, અને ફુઝુલ ખર્ચી ન કરે.

**મસઅલો ૧૭૯૩** : જે ધન ઈન્સાન નઝર અને કફ્ફારાની અદાયગી માટે આપે, તે વર્ષના ખર્ચમાં આવી જાય છે, એવી જ રીતે પોતાની હેસીયતની હદમાં રહી જે ભેટ સોગાદ આપે, તેનો પણ વર્ષ દરમિયાનના ખર્ચામાં સમાવેશ થશે.

**મસઅલો ૧૭૯૪** : અગર કોઈ શખ્સ શાદી પ્રસંગે દીકરીનું દહેજ એકી સાથે તૈયાર ન કરી શકતો હોય, બલ્કે એ માટે આસ્તે આસ્તે અમુક વર્ષ એને તૈયારી કરવી પડે, અને દહેજ ન દેવું એના સામાજિક મોભાની વિરૂધ્ધ હોય, તો જો વર્ષ દરમિયાન નફામાંથી દહેજનો અમુક ભાગ ખરીદે, કે જે એની હેસીયત મુજબ હોય અને સામાન્ય રીતે લોકો પણ તેને વાર્ષિક ખર્ચમાં જ ગણતા હોય તો એના ઉપર ખુમ્સ લાગુ નહી પડે. પણ જો પોતાની હેસીયતથી વધારે ખર્ચ કરે, અથવા એ વર્ષના નફામાંથી પછીના વર્ષોમાં દહેજ માટે વસ્તુઓ ખરીદે, તો ખુમ્સ દેવું જરૂરી છે.

**મસઅલો ૧૭૯૫** : જે ધન ઈન્સાન હજ અથવા બીજી પવિત્ર ઝિયારતો માટે વાપરે, તે જે વર્ષે ખર્ચ કર્યો હોય, એ વર્ષની જાવકમાં ગણાશે, અને જો એ સફર એવી રીતે

લંબાય કે બીજા વર્ષમાં દાખલ થાય, તો બીજા વર્ષે જે ખર્ચે તેના ઉપર ખુમ્સ લાગુ પડશે.

**મસઅલો ૧૭૯૬** : જે શખ્સ પાસે વેપાર વિગેરેથી મેળવેલ નફા ઉપરાંત બીજો એવો માલ પણ હોય કે જેના ઉપર ખુમ્સ વાજિબ ન હોય, તો પણ પોતાના વર્ષના ખર્ચને માત્ર નફામાંથી બાદ કરી શકે છે.

**મસઅલો ૧૭૯૭** : જે ખાદ્ય સામગ્રી કે પુરવઠો ઈન્સાન પોતાના નફામાંથી વર્ષ દરમિયાન વપરાશ માટે ખરીદે, તે વર્ષના અંતે જો વધી પડે, તો તેના ઉપર ખુમ્સ વાજિબ છે અને જો એની કિમત અદા કરવા માગે, તો અગર તેની કિંમત પડતર કરતા વધી ગઈ હોય, તો વર્ષના અંતે જે કિંમત હોય તે મુજબ અદા કરશે.

**મસઅલો ૧૭૯૮** : અગર કોઈ શખ્સ ખુમ્સ આપ્યા પહેલાં નફામાંથી ઘર સામગ્રી ખરીદે અને એ જ વર્ષ પુરૂ થયા બાદ એ સામગ્રીની જરૂરત બાકી ન રહે, તો તેના ઉપર ખુમ્સ દેવું લાઝિમ નથી.

એવી જ રીતે જો વર્ષ દરમિયાન તેની જરૂરત ન રહે, તો તેના ઉપર ખુમ્સ લાગુ પડતુ નથી, પણ એ સામગ્રી એવી હોવી જોઈએ કે જે સામાન્ય રીતે આવતા વર્ષ માટે રાખવામાં આવે છે, જેમકે ઉનાળાના અને શિયાળાના કપડાં વિગેરે એ સિવાયના સંજોગમાં જયારે પણ વર્ષ દરમિયાન તેની જરૂરત પૂરી થઇ જાય ત્યારે એહતિયાતે વાજિબની રૂએ તેનું ખુમ્સ આપવું વાજિબ છે. એવી જ રીતે જ્યારે સ્ત્રીનો શૃગાંરનો સમય વીતી

જાય ત્યારે તેણીના ઘરેણા ઉપર ખુમ્સ લાગુ પડતુ નથી.

**મસઅલો ૧૭૯૯ :** અગર કોઈ શખ્સ એક વર્ષ નફો હાંસિલ ન કરે, તો એ વર્ષના ખર્ચને આવતા વર્ષના નફામાંથી વાળી નહી શકે.

**મસઅલો ૧૮૦૦ :** અગર કોઈ શખ્સ વર્ષની શરૂઆતમા નફો હાંસિલ ન કરે, અને પોતાની મૂડીમાંથી વાપરે, અને વર્ષ પૂરૂ થતાં પહેલાં નફો પ્રાપ્ત કરે તો મૂડીમાંથી લીધેલી રકમને નફામાંથી બાદ કરી શકશે.

**મસઅલો ૧૮૦૧ :** અગર વેપાર વિગેરેમાં મૂડીની અમુક રકમ ખર્ચાઈ જાય, તો મૂડીમાં પડેલી ખોટને એ જ વર્ષના નફામાંથી પાછી લઈ શકશે.

**મસઅલો ૧૮૦૨ :** મૂડી સિવાય અગર કોઈ બીજી માલમતા ખોવાઈ જાય કે બરબાદ થાય, અને જો તેને એ બરબાદ થયેલી વસ્તુની એ જ વર્ષ દરમિયાન જરૂરત પડે, તો એ જ વર્ષના નફામાંથી પુનઃહાંસિલ કરી શકે છે અને ખુમ્સ નથી.

**મસઅલો ૧૮૦૩:** અગર કોઈ શખ્સ આખાય વર્ષમાં કંઈપણ નફો ન કરે, અને પોતાના ખર્ચને પહોંચી વળવા કરજ લ્યે, તો એ પછીના વર્ષમાં પામેલા નફામાંથી એ કરજની રકમને નહીં વાળી શકે કે તે રકમ ઉપર ખુમ્સ ન આપે પણ જો વર્ષ ની શરૂઆતમાં પોતાના ખર્ચ માટે કરજ લ્યે, અને વર્ષ પૂરૂં થાય એથી પહેલાં નફો કે તે રકમ ઉપર ખુમ્સ ન આપે, તો એ નફામાં કરજની રકમ બાદ કરી શકશે. એવી જ રીતે પહેલાં સંજોગમાં જો વર્ષ દરમિયાન

નફો હાંસિલ થાય, તો તેમાંથી પોતાના કરજની ભરપાઈ કરી શકશે, અને તેના ઉપર ખુમ્સ લાગુ નહીં પડે.

**મસઅલો ૧૮૦૪** : અગર કોઈ શખ્સ પોતાના માલમાં વધારો કરવા માટે, અથવા એવી મિલકત ખરીદવા માટે કે જેની જરૂરત ન હોય, કરજ લ્યે, તો વર્ષના નફામાંથી ખુમ્સ આપ્યા વગર તે કર્ઝની ભરપાઇ નહી કરી શકે. અલબત્ત, જો માલ અથવા ખરીદેલી મિલકત વિગેરે બરબાદ થઈ જાય, તો એવા સંજોગમાં એ જ વર્ષના નફામાંથી પોતાનું કરજ અદા કરી શકશે.

**મસઅલો ૧૮૦૫** : જે માલમતા કે વસ્તુ ઉપર ખુમ્સ વાજિબ થયું હોય, એ જ માલમતામાંથી ખુમ્સની અદાયગી થઈ શકે છે. અથવા એ માલની કિંમત કરી નાણાંરૂપે પણ ખુમ્સ આપી શકાય છે. પણ એ માલ કે જણસ સિવાય બીજી કોઈ જણસમાંથી ખુમ્સ દેવા માગે, અને એ જણસ ઉપર ખુમ્સ લાગુ ન હોય, તો ઈશ્કાલ છે, સિવાય કે હાકીમે શરઅ પાસેથી તે માટે રજા લીધી હોય.

**મસઅલો ૧૮૦૬** : જે માલ ઉપર ખુમ્સ વાજિબ થઈ ગયું હોય, અને ઈન્સાન વર્ષ વીતી ગયા બાદ ખુમ્સ અદા ન કરે, એ માલમાં વપરાશનો હક ધરાવતો નથી.

**મસઅલો ૧૮૦૭** : જે શખ્સ ઉપર ખુમ્સનું લેણુ હોય, તે પોતાને ખુમ્સનો દેવાદાર કરાર દઈ શકતો નથી. એટલે કે ખુમ્સના હકદાર લોકોનો દેવાદાર સમજીને પૂરા માલ ઉપર વપરાશનો હક ધરાવતો હોય બલ્કે જો એવી રીતે વપરાશ કરે, અને એ માલ બરબાદ થઈ જાય, તો એનું

ખુમ્સ વાજિબ રહેશે.

**મસઅલો ૧૮૦૮** : અગર કોઈ શખ્સ ખુમ્સનો દેવાદાર હોય, અને હાકીમે શરઅની પરવાનગીથી ખુમ્સનો ઝિમ્મો લઈ લ્યે, તો એવા સંજોગમાં એ પૂરા માલ ઉપર વપરાશનો હક ધરાવશે; અને એ પરવાનગી બાદ જે નફો પામશે તે એની માલિકીનો ગણાશે. પણ જરૂરી છે. ખુમ્સનો કરજ અદા કરવામાં બિનજરૂરી ઢીલ ન કરે.

**મસઅલો ૧૮૦૯** : જે શખ્સ ભાગીદારીમાં હોય, અને પોતે નફા ઉપર ખુમ્સ અદા કરે, પણ તેનો ભાગીદાર ખુમ્સ ન આપે, અને બીજે વર્ષે એ ભાગીદાર મુડીમાં ખુમ્સ ન દિધેલી રકમનું રોકાણ કરે, તો એ શખ્સ (જેને પોતાના ભાગનું ખુમ્સ અદા કરી દીધું છે.) અગર શિયા ઈશ્નાઅશરી મુસ્લિમ હોય તો એ માલનો વપરાશ કરી શકે છે.

**મસઅલો ૧૮૧૦** : અગર સગીર વયનું બાળક પોતાની મૂડી ઉપર નફો પામે, તો અક્વા એ છે કે તેના ઉપર ખુમ્સ લાગુ પડશે, અને એ સગીર વયના વાલી ઉપર વાજિબ છે કે એ ખુમ્સ અદા કરે. જો વાલી ખુમ્સ ન આપે, તો સગીર જયારે બાલિગ થાય ત્યારે એના ઉપર એ ખુમ્સની અદાયગી વાજિબ થશે.

**મસઅલો ૧૮૧૧** : અગર કોઈ શખ્સ બીજા પાસેથી માલ હાંસિલ કરે, અને શક કરે કે એ બીજાએ ખુમ્સ આપ્યું છે કે નહીં; તો એ માલમાં વપરાશનો હક ધરાવે છે. બલ્કે જો યકીન હોય કે બીજાએ એ માલ ઉપર ખુમ્સ

આપ્યું નથી, અને જો તે ખુમ્સ ન આપતો હોય તેમજ માલ લેનાર શખ્સ શિયા ઈશ્નાઅશરી મુસ્લિમ હોય તો એ માલમાં વપરાશનો હક ધરાવશે.

**મસઅલો ૧૮૧૨** : અગર કોઈ શખ્સ પોતાની કમાણીના નફામાંથી વર્ષ દરમિયાન એવો ખર્ચ કરે કે જેનો સમાવેશ વર્ષ દરમિયાનની જરૂરીયાતમાં ન થતો હોય, તો વાજિબ છે કે વર્ષ પૂરૂં થતાં તેનું ખુમ્સ અદા કરે. અગર ખુમ્સ ન આપે, અને એની કિંમતમાં વધારો થાય, તો લાઝિમ છે કે એની હાલની કિંમત ઉપર ખુમ્સ અદા કરે.

**મસઅલો ૧૮૧૩** : જે શખ્સે ખુમ્સ ન આપ્યું હોય, અને એક વર્ષ પસાર થઈ ગયું હોય એવા નાણાંથી તે કોઈ મિલકત ખરીદે અને એ મિલકતની કિંમત ઊંચે જાય, તો જો એ મિલકત એ ઈરાદાથી ન લીધી હોય કે તેની કિંમત વધતા તે વેચી દેશે, તો જે કિંમતે ખરીદ કરી હોય, તેના ઉપર ખુમ્સ લાગું પડશે, જેમકે કોઈ ખેતર એવા નાણાંથી ખરીદે કે જે નાણામાંથી ખુમ્સ આપ્યું ન હોય, તો ખરીદીની કિંમત ઉપર ખુમ્સ આપશે.

પણ જો ખરીદ સમયે વેચનારને એવા નાણાંમાંથી ચૂકવે કે જેનું ખુમ્સ આપ્યું ન હોય, અને ખરીદતી વખતે એમ કહે કે હું આ નાણાંથી આ મિલકત લઉં છું; તો પછી મિલકતની મોજૂદા કિંમત ઉપર ખુમ્સ દેશે.

**મસઅલો ૧૮૧૪** : જે શખ્સે કોઈ કાળે ખુમ્સ ન આપ્યું હોય, અથવા અમુક વર્ષ ખુમ્સ ન આપ્યું હોય તે અગર કમાણીના નફાથી કોઈ એવી વસ્તુ ખરીદે કે જેની તેને જરૂરત ન હોય, અને તેના ઉપર નફો હાંસિલ થયા બાદ વર્ષ વીતી જાય, તો તેના ઉપર ખુમ્સ દેવું વાજિબ છે.

અને જો ઘર સામગ્રી ઉપરાંત અન્ય જરૂરી વસ્તુઓ કે જેની જરૂરત હોય, પોતાની હેસીયત મુજબ ખરીદે, અને એ જાણતો હોય, કે એ જ વર્ષના નફાથી એ જે વર્ષ દરમિયાન ખરીદ કરી હતી, તો એ વસ્તુઓ ઉપર ખુમ્સ લાગુ નહી પડે પણ જો એ બારામાં ચોક્કસ જાણ ન હોય તો એહતિયાતે વાજિબ છે કે જેટલા માલમાં ખુમ્સ ન વાજિબ થવાની શક્યતા હોય એટલા માલના ખુમ્સ બાબતે હાકીમે શરઈથી સમાધાન કરી લ્યે જેમ કે શક્યતા હોય કે ૫૦% માલ ઉપર ખુમ્સ વાજિબ થયુ હશે (કે નહી તો) ૫૦%નું ખુમ્સ આપશે.

## (૨) ખાણ

**મસઅલો ૧૮૧૫** : સોનું, ચાંદી, સીસું, ત્રાંબું, લોઢું, તેલ, કોલસો, ફીરોઝા, અકીક, ફટકડી, નિમક અને ખાણામાંથી નીકળતું અન્ય ખનીજ અનફાલમાંથી ગણાય છે, એટલે એ કે ઈમામ અલય્હિસ્સલામની માલિકીની છે. પણ અગર કોઈ એ પદાર્થ શરઈ અંતરાય વિના જમીનમાંથી બહાર લઈ આવે, તો એને પોતાની માલિકીમાં લઈ શકે છે. જો એ ખનિજ નિયુકત પ્રમાણમાં

હોય તો તેના ઉપર ખુમ્સ આપવું વાજિબ થશે.

**મસઅલો ૧૮૧૬ :** ખાણમાંથી નીકળેલ ખનિજ ઉપર ખુમ્સ વાજિબ થવા માટે નક્કી થયેલું પ્રમાણ ૧૫ મિસ્કાલ પ્રચલિત સોનાના સિક્કા જેટલું છે. એનો અર્થ એ કે અગર બહાર લાવેલ ખનીજ પદાર્થની કિંમત તેને બહાર કાઢવાનો ખર્ચ બાદ કરતા ૧૫ મિસ્કાલ સિક્કેદાર સોના જેટલી હોય તો ત્યારબાદ સાફ કરવા વગેરેનો ખર્ચ બાદ કર્યા પછી જે બાકી રહે, તેના ઉપર ખુમ્સ વાજિબ છે.

**મસઅલો ૧૮૧૭ :** ખાણમાંથી બહાર આવેલા ખનિજ પદાર્થની કિંમત જો ૧૫ મિસ્કાલ સિક્કેદાર સોનાથી વધારે ન હોય, તો ખુમ્સ ફકત એ જ સંજોગમાં વાજિબ થશે કે ખાણથી હાંસિલ કરેલો એકલો નફો, અથવા બીજા નફાઓ કુલ મળીને, વર્ષના ખર્ચને બાદ કર્યા પછી વધી પડે.

**મસઅલો ૧૮૧૮ :** જીપ્સમ કે ચૂનાનો હુકમ એહતિયાતે લાઝિમની રૂએ ખનિજ પદાર્થનો છે. તો અગર એ ઉપરોકત નક્કી થયેલ પ્રમાણ સુધી પહોંચે, તો વર્ષના ખર્ચને બાદ કર્યા પહેલાં તેનું ખુમ્સ દેવું વાજિબ છે.

**મસઅલો ૧૮૧૯ :** જે શખ્સ ખનિજ પદાર્થ હાંસિલ કરે તેના ઉપર તેનું ખુમ્સ દેવું વાજિબ છે, ચાહે એ જમીનની ઉપરના ભાગમાંથી હાંસિલ થયું હોય, અથવા ખોદકામથી હાંસિલ થયું હોય, અને ચાહે એ જમીન તેની માલિકીની હોય, અથવા કોઈની માલિકીની ન હોય.

**મસઅલો ૧૮૨૦ :** અગર કોઈ શખ્સ ન જાણતો હોય કે હાંસિલ કરેલ ખનિજની કિંમત ૧૫ મિસ્કાલ સિક્કેદાર સોના જેટલી છે કે નહી, તો એહતિયાતે લાઝિમ છે કે જો શક્ય હોય તો તેની કિંમત વજન કરાવી અથવા અન્ય રીતે નક્કી કરાવીને જાણી લ્યે. પણ શક્ય ન હોય તો ખુમ્સ વાજિબ નથી.

**મસઅલો ૧૮૨૧ :** અગર એકથી વધુ લોકો ખનિજનું ખોદકામ કરીને પદાર્થ બહાર લઈ આવે, અને એની કિંમત ૧૫ મિસ્કાલ સિક્કેદાર સોના જેટલી હોય, પણ દરેક ભાગે એટલી કિંમતનું ખનિજ ન આવે, તો તેનું ખુમ્સ વાજિબ નથી.

**મસઅલો ૧૮૨૨ :** અગર કોઈ બીજાની જમીનમાંથી તેની રજા વગર ખોદકામ કરીને ખનિજ બહાર લઈ આવે, તો મશહૂર કોલ પ્રમાણે એ ખનીજ જમીનના માલિકની મિલકત ગણાશે. પણ એ બાબત ઈશ્કાલથી ખાલી નથી. એહતિયાતે એ છે કે બંને સમાધાન કરે, અને જો સમાધાન ન કરી શકે, તો હાકીમે શરઅ તરફ રૂજૂઅ કરે, જેથી એનો ફેસલો થાય.

## (૩) દફીના (ખજાનો)

**મસઅલો ૧૮૨૩ :** ખજાનોએ ધનને કહેવાય છે કે જે જમીનમાં અથવા, વૃક્ષ, પહાડ અથવા કોઈ દિવાલમાં દટાયેલું અથવા છુપાયેલું મળી આવે, લોકોની પહોંચથી બહાર હોય અને સામાન્ય રીતે લોકો ત્યાં ન રાખતા હોય.

**મસઅલો ૧૮૨૪** : અગર કોઈ શખ્સને એવી જમીનમાંથી ખજાનો મળી આવે કે જે જમીનનો કોઈ માલિક નથી, અથવા બંજર જમીનને ખેતી લાયક બનાવીને માલિક બને તો ખજાનાનો કબજો લઈ શકે છે, મતલબ કે પોતાની માલિકીમાં લઈ શકે છે, પણ તેના ઉપર ખુમ્સ વાજિબ છે.

**મસઅલો ૧૮૨૫** : ખજાનાનું ખુમ્સ વાજિબ થવા માટે નક્કી થયેલ પ્રમાણ ૧૦૫ મિસ્કાલ સિક્કેદાર ચાંદી અથવા ૧૫ મિસકાલ સિક્કેદાર સોનું છે. એટલે કે ખજાનાની કિંમત જયારે બેમાંથી કોઈ પણ એક જેટલી હોય, ત્યારે તેના ઉપર ખુમ્સ વાજિબ થશે.

**મસઅલો ૧૮૨૬** : અગર કોઈ શખ્સને બીજા પાસેથી ખરીદેલી જમીનમાંથી ખજાનો હાંસિલ થાય, અને એ જાણતો હોય કે આ ખજાનાનો સંબંધ શરઈ રીતે કોઈ મુસલમાન અથવા ઝિમ્મી કાફિરથી નથી અને હોય તો પણ એટલો જૂનો છે કે તેના વારીસને ગોતવો શક્ય નથી. તો એવાં સંજોગમાં એ ખજાનાનો કબ્જો લઈ શકે છે, પણ તેમાંથી ખુમ્સ અદા કરવું વાજિબ થશે.

જો આ જમીન કે જેની અંદર ખજાનાની જમીનનો સમાવેશ થાય છે તે અગાઊના માલિકોના કબજામાં હોવાને કારણે કોઈપણ અક્કલમંદ શખ્સ એવી શક્યતા દર્શાવે કે તે ખજાનાનો માલિક હશે, તો એને ખબર આપવી જરૂરી છે. અને જો તે માલિક હોવાનો દાવો

કરે તો ધન તેને આપવું જોઈએ. અગર દાવો ન કરે તો એથી પહેલાના માલિકને કે જેના કબ્જામાં જમીન હતી, તેને જાણ કરવી જરૂરી છે. એવી રીતે અગાઉના સર્વ માલિકો કે જેમના કબ્જામાં એ જમીન હતી, તેમને જણાવવું જરૂરી છે. છેવટે જયારે કોઈપણ પોતાની માલિકીનો દાવો ન કરે અને આ માલ કોઈ મુસલમાન કે કાફિરે ઝિમ્મીનો હોવાની ખબર ન હોય, ત્યારે એ ખજાનાનો કબ્જો લઈ શકે છે, પરંતુ તેમાંથી ખુમ્સ આપવું વાજિબ થશે.

**મસઅલો ૧૮૨૭ :** અગર એક જ સમયે અલગ અલગ જગ્યાએ દફન થયેલ, જુદા-જુદા ખજાનાઓ મળી આવે, અને એની કુલ કિંમત ૧૦૫ મિસ્કાલ ચાંદી અથવા ૧૫ મિસ્કાલ સોના જેટલી હોય, તો તેના ઉપર ખુમ્સ લાગું પડશે, પણ જો જુદા જુદા સમયે મળી આવેલ ખજાનાઓ વચ્ચે સમયાંતર વધારે ન હોય તો બધાની કિંમત એક સાથે હિસાબ થશે. પરંતુ સમયાંતર વધારે હોય તો અલગ અલગ હિસાબ થશે.

**મસઅલો ૧૮૨૮ :** અગર બે જણને ખજાનો મળી આવે, કે જેની કુલ કિંમત જણાવેલી નિસાબ મુજબ હોય, પણ દરેકને ભાગે નિસાબથી ઓછું આવતું હોય, તો તેમના ઉપર તેનું ખુમ્સ દેવું વાજિબ નહી થાય.

**મસઅલો ૧૮૨૯ :** અગર કોઈ શખ્સ કોઈ જાનવર ખરીદે, અને તેના પેટમાંથી ધન નીકળી આવે, તો જો આ જાનવર તેને વેચનાર અથવા અગાઉના માલિકોના

કબ્જામાં હોવાને લીધે કોઈપણ અક્કલમંદ શખ્સ એવી શક્યતા દર્શાવે તેમ હોય કે આ ધન તેનું હશે, તો જરૂરી છે કે એમને ખબર આપે. અગર એવી જાણ થાય કે એ માલિકોમાંથી કોઈનો માલ નથી, તો એહતિયાતે વાજિબની રૂએ તેમાંથી ખુમ્સ આપવું જોઈએ ભલે પછી તેની કિંમત ૧૦૫ મિસ્કાલ ચાંદી અથવા ૧૫ મિસ્કાલ સોના જેટલી ન હોય. અને જો નિસાબ સુધી તેની કિંમત પહોંચે તો ખુમ્સ દેવું વાજિબ છે. ખુમ્સ બાદ વધેલો માલ તેની માલિકીનો ગણાશે.

એ જે હુકમ માછલી અને એવા અન્ય પ્રાણીઓને લાગું પડશે, પણ એ શરતે કે એમની પરવરીશ એક ખાસ જગ્યાએ થઈ હોય, અને કોઈ એમની ખોરાકી વિગેરે માટે કોઈ ખાસ શખ્સ જવાબદાર રહ્યો હોય, પણ જો નદી કે સમુદ્રમાંથી પકડેલ હોય તો કોઈને ખબર આપવી જરૂરી નથી.

## (૪) જે હલાલ માલમાં હરામ માલની ભેળસેળ થઈ હોય

**મસઅલો ૧૮૩૦ :** અગર હલાલ માલ સાથે હરામ માલ એવી રીતે ભળી જાય કે ઈન્સાન દરેકની સંખ્યા કે પ્રમાણ નક્કી ન કરી શકતો હોય. અને જે માલ એના માટે હરામ છે, તેના ધણીની ખબર ન હોય, અને એ પણ ન જાણતો હોય કે જે માલ હરામ છે તેનું પ્રમાણ ખુમ્સ કરતા વધારે છે કે ઓછું છે. તો એવા સંજોગોમાં પૂરા માલમાંથી ખુમ્સ આપે, અને એહતિયાતે વાજિબની

રૂએ (ખુમ્સ અથવા રદ્દે મઝાલીમ જે જવાબદારી હોય તે અદા કરવાની નિય્યત સાથે) ખુમ્સ અને રદ્દ મઝાલીમના હકદારોને આપે.

**મસઅલો ૧૮૩૧** : અગર હલાલ માલ સાથે હરામ માલ એવી રીતે ભળી જાય કે ઈન્સાન દરેકની સંખ્યા કે પ્રમાણ જાણતો હોય, ચાહે એ પ્રમાણ ખુમ્સથી વધારે હોય કે ઓછું, પણ તેના ધણીની તેને ખબર ન હોય, તો એ માલને તેના ધણી વતી સદકો આપશે, પણ એહતિયાતે વાજિબની રૂએ તેના માટે હાકીમે શરઅ પાસે રજા મેળવી લ્યે.

**મસઅલો ૧૮૩૨** : અગર હલાલ માલ સાથે હરામ માલ ભળી જાય અને તેની સંખ્યા કે પ્રમાણની જાણ ન હોય, પણ ઈન્સાન એ માલના માલિકને જાણતો હોય, તો અગર એ બે વચ્ચે રજામંદીથી સમાધાન ન થઈ શકે, તો ઈન્સાન માટે જરૂરી છે કે પોતાને યકીન હોય તેટલો માલ તેના ધણીને સુપરત કરી આપે.

બલ્કે જો એ ભેળસેળ પોતાની બેદરકારી અને કોતાહીને પરિણામે થઈ હોય, તો એહતિયાતની રૂએ જરૂરી છે કે જેટલો એનો અંદાજ હોય કે બીજાનો માલ છે, તેના કરતા વધારે માલ એને આપે.

**મસઅલો ૧૮૩૩** : અગર કોઈ શખ્સ એવી રીતે ભેળસેળ થયેલ માલમાંથી ખુમ્સ આપે, અને તે પછી એને જાણ થાય કે હરામનો ભાગ ખુમ્સ કરતા વધારે હતો, તો જેટલા વધારાની એને જાણ થઈ હોય તેટલો

માલ તેના ધણી વતી સદકો આપશે.

**મસઅલો ૧૮૩૪** : અગર હરામ સાથે ભેળસેળ થયેલ હલાલ માલમાંથી ખુમ્સ અદા કરે, અથવા જે ધણીની ખબર ન હોય તેના વતી સદકો આપી દ્યે, અને ત્યારબાદ એ માલનો ધણી નક્કી થાય, તો તેની રજામંદી મેળવવી પડશે. અને જો એ રજામંદ ન થાય તો એહતિયાતે લાઝિમની રૂએ એ ધણીને એના માલની કિંમત આપવી જોઈએ.

**મસઅલો ૧૮૩૫** : અગર ભેળસેળ થયેલા માલમાં કેટલો હરામ માલ છે તેની ખબર હોય, અને સાથે એ ખબર હોય કે એનો ધણી અમુક ખાસ વ્યક્તિઓમાંનો એક છે,પણ તેમાંનો કોણ છે એ નક્કી ન કરી શકે, તો જરૂરી છે કે જેટલી વ્યક્તિ વિશે અનુમાન છે, તેમને એ વિશે જાણ કરે.

અગર એમાંનો એક શખ્સ કહે કે એ માલ મારો છે, અને બાકીના લોકો માલિક ન હોવાનું કહે અથવા પહેલાં દાવેદારની વાતને ટેકો આપે. તો પહેલા જ દાવેદારને એ માલ સુપરત કરી દ્યે.

પણ જો બે અથવા એથી વધુ દાવેદાર નીકળી આવે, તો સમાધાન વિગેરેથી એમના વચ્ચે ફેસલો કરવો જોઈએ. અને જો એમ ન થાય તો હાકીમે શરઅ પાસે ફેંસલા માટે રૂજૂઅ કરવું જોઈએ.

અગર એ સર્વે વ્યક્તિઓ અજાણતા દર્શાવે, અને સમાધાન માટે પણ તૈયાર ન થતા હોય, તો ઝાહેર એ છે

કે એમના નામોનો કુરઓ કાઢીને માલનો ધણી નક્કી થશે, અને એહતિયાત એ છે કે હાકીમે શરઅ અથવા એમના વકીલની દેખરેખ હેઠળ કુરઓ કાઢવામાં આવે.

## (૫) એ ઝવેરાત જે સમુદ્રમાંથી ડુબકી મારી કાઢવામાં આવે

**મસઅલો ૧૮૩૬ :** જો ડુબકી મારીને કે પાણીમાં ઊંડે ઉતરીને મોતી, મરજાન અથવા બીજા કિંમતી ઝવેરાત બહાર લઈ આવવામાં આવે, ચાહે એ કિંમતી ઝવેરાત ખાણની ઉપજ હોય અથવા સમુદ્રપટ ઉપર ઉગતી હોય, અગર તેની કિંમત ૧૮ ચણા સોના જેટલી હોય (આશરે સાડા ત્રણ ગ્રામ) તો તેના ઉપર ખુમ્સ વાજિબ થશે, અને એ કિંમતી ઝવેરાત એક જ વાર ડુબકી મારવાથી કે ઊંડે ઉતરવાથી પ્રાપ્ત થઈ હોય અથવા અનેક વાર ઉતરવાથી પ્રાપ્ત થઈ હોય, તે બંને વચ્ચે સમયાંતર બહુ વધારે ન હોય પણ જો સમયાંતર વધારે હોય જેમ કે બે અલગ મોસમમાં પ્રાપ્ત થયા હોય, તો એનો હુકમ એ છે કે અગર દરેક ડુબકીમાં પ્રાપ્ત થયેલ ઝવેરાત જો ૧૮ ચણા સોનાથી ઓછી કિંમતનું હોય, તો તેના ઉપર ખુમ્સ વાજિબ નહીં થાય.

એવી જ રીતે ડુબકી મારનાર દરેક ભાગીદાર ભાગે ૧૮ ચણા સોનાની કિંમત થાય એના કરતા ઓછો ભાગ આવે, તો તેમના ઉપર એ ઝવેરાતનું ખુમ્સ લાગું નહીં પડે.

**મસઅલો ૧૮૩૭ :** અગર ડુબકી કે સમુદ્ર વિગેરેમાં ઊંડે

ઉતર્યા વગર કોઈ સાધન વડે ઝવેરાત પ્રાપ્ત કરવામાં આવે, તો તેના ઉપર એહતિયાતની રૂએ ખુમ્સ વાજિબ થશે, પણ જો પાણી ઉપર અથવા કાંઠે ઝવેરાત મળે, તો ફક્ત તેનો નફો, અથવા કમાણીના બીજા નફાઓ સાથે મળીને, જયારે વર્ષના ખર્ચ ઉપરાંત વધે, ત્યારે તે વધારા ઉપર ખુમ્સ વાજિબ થશે.

**મસઅલો ૧૮૩૮** : માછલી વિગેરે કે જે ઈન્સાન પાણીમાં ઉતર્યા વિના પકડી લ્યે છે. તેના ઉપર એ સંજોગમાં ખુમ્સ છે કે જયારે ફક્ત તેનો નફો, અથવા કમાણીના બીજા નફાઓ મળીને, વર્ષનો ખર્ચ કર્યા પછી વધી પડે.

**મસઅલો ૧૮૩૯** : અગર ઈન્સાન કોઈ ઝવેરાત પ્રાપ્ત કરવાના ઈરાદા વગર ડુબકી મારે, યા પાણીમાં ઊંડે ઉતરે, અને અચાનક તેને કોઈ ઝવેરાત મળી જાય, જેને પોતાની માલિકીમાં લેવા ધારે, તો તેનું ખુમ્સ દેવું વાજિબ થશે, બલ્કે એહતિયાતે વાજિબની રૂએ દરેક સંજોગમાં તેનું ખુમ્સ દેવું વાજિબ છે.

**મસઅલો ૧૮૪૦** : અગર ઈન્સાન ડુબકી મારીને કે પાણીમાં ઉતરીને એવું જાનવર પકડી લાવે કે જેના પેટમાં ઝવેરાત હોય, તો જો એ જાનવર છીપ જેવું હોય કે જેમાં સામાન્ય રીતે મોતી વિગેરે પેદા થાય છે, તો નિસાબ સુધી તેની કિંમત પહોંચતા તેના ઉપર ખુમ્સ દેવું વાજિબ થશે. પણ જો એ જાનવરે અણધારી રીતે એ ઝવેરાત ગળી લીધુ હોય, તો એહતિયાતે લાઝિમની રૂએ તેના

ઉપર વાજિબ છે, ચાહે તેની કિંમત નિસાબ જેટલી હોય કે ન હોય. (ખુમ્સ આપે.)

**મસઅલો ૧૮૪૧ :** અગર કોઈ શખ્સ મોટી નદી, જેમકે ફુરાત, દજલા, વિગેરેમાં ઉતરીને ઝવેરાત બહાર લઈ આવે, તો તેના ઉપર ખુમ્સ દેવું વાજિબ થશે.

**મસઅલો ૧૮૪૨ :** અગર કોઈ શખ્સ પાણીમાં ઉતરી અંબર લઈ આવે, અને તેની કિંમત નિસાબ (૧૮ ચણા સોના) જેટલી અથવા એથી વધારે હોય, તો તેનું ખુમ્સ જરૂરી છે, બલ્કે પાણી ઉપર અથવા કાંઠે અંબર હાંસિલ કરે, તો પણ એ જ હુકમ લાગું પડશે.

**મસઅલો ૧૮૪૩ :** જે શખ્સ ડુબકી મારવાનો ધંધો કરતો હોય, અથવા ખનિજ બહાર લાવવાનો ધંધો કરતો હોય, તે એના ઉપર લાગુ પડેલ ખુમ્સ અદા કરે, અને ત્યારપછી એના વર્ષના ખર્ચ ઉંપરાત કાંઈ વધે, તો તેના ઉપર બીજી વાર ખુમ્સ દેવું લાઝિમ નથી.

**મસઅલો ૧૮૪૪ :** અગર કોઈ બાળક ખનિજ પદાર્થ બહાર લાવે, અથવા ખજાનો શોધી કાઢે, અથવા ડુબકી વિગેરે મારીને પાણીમાંથી ઝવેરાત બહાર લઈ આવે, તો તેના વલી ઉપર વાજિબ છે કે એનું ખુમ્સ આપે. અગર વલી ન આપે તો પોતે બાળક જયારે બાલિગ થશે ત્યારે તેના ઉપર તેનું ખુમ્સ અદા કરવું જરૂરી થશે. એવી જ રીતે અગર બાળકની માલિકીમાં હલાલ અને હરામની ભેળસેળ થયેલો માલ હોય, તો વલી ઉપર જરૂરી છે કે એ માલને પાક કરે. જે રીતે પહેલાના મસઅલામાં બયાન થઈ ચૂક્યું.

## (૬) માલે ગનીમત

**મસઅલો ૧૮૪૫ :** મુસલમાનોએ ઈમામ અલય્હિસ્સલામના હુકમથી કાફિરો સામે લડાઈ કરીને જે માલમતા મેળવી હોય, તે માલને માલે ગનીમત કહેવાય છે. પ્રાપ્ત થયેલો માલમાં જે ખાસ ઈમામ અલય્હિસ્સલામનો હક છે, તે પણ અલગ કરવામાં આવે. તે બાદ બાકી રહેલ માલ ઉપર ખુમ્સ કાઢવું જરૂરી છે. ખુમ્સ લાગુ પડવા માટે મિલકતનું સ્થળાંતર કરી શકાય તેવું હોવા કે સ્થળાંતર કરી શકાય તેવું ન હોવા વચ્ચે કંઈપણ ફરક નથી. અલબત્ત, જે જમીનો અન્ફાલ રૂપે ન ગણાય, તેમાં તમામ મુસ્લીમ જનતાનો હક છે, ભલેપછી ઈમામ અ.સ.ની રજાથી એ લડાઈ લડવામાં ન આવી હોય.

**મસઅલો ૧૮૪૬ :** અગર મુસલમાનો ઈમામ અલય્હિસ્સલામની રજા વગર કાફિરો સામે લડીને માલે ગનીમત હાંસિલ કરે, તો એ તમામ માલ ઈમામ અલય્હિસ્સલામનો ગણાશે, અને લડનારાનો કંઈપણ હક નથી.

**મસઅલો ૧૮૪૭ :** જે માલ કાફિરો પાસે હોય અને તેનો માલિક મોહતરમ હોય એટલે મુસલમાન અથવા ઝિમ્મી અથવા મોઆહીદ કાફિરો હોય, તો તેના ઉપર ગનીમતનો હુકમ લાગુ નહી પડે.

**મસઅલો ૧૮૪૮ :** કાફિરે હરબીનો માલ ચોરવાનું કામ જો ખયાનત, નિતીભંગ અને શાંતિભંગ ગણાતું હોય તો તેમ કરવું હરામ છે; અને એ રસ્તે હાંસિલ કરેલો એમનો

માલ એહતિયાતની રૂએ તેમને પરત કરવો જોઈએ.

**મસઅલો ૧૮૪૯ :** મશ્હૂર કોલ એ છે કે નાસીબી (અહલેબેત અલય્હેમુસ્સલામના દુશ્મનો)નો માલ મોઅમીન પોતા માટે કબ્જે કરીને તે ઉપર ખુમ્સ આપી શકે છે, પણ એ હુકમ ઈશ્કાલથી ખાલી નથી.

### (૭) જે જમીન ઝિમ્મી કાફિરે મુસલમાન પાસેથી ખરીદી હોય

**મસઅલો ૧૮૫૦ :** મશ્હૂર કોલ એ છે કે અગર કાફિરે ઝિમ્મીએ મુસલમાન પાસેથી જમીન ખરીદી હોય, તો એનું ખુમ્સ એ જ જમીનમાંથી અથવા એના બીજા માલમાંથી અદા કરે. પણ સામાન્ય અર્થમાં ખુમ્સનું વાજિબ થવું આ સંજોગમાં, ઈશ્કાલ ધરાવે છે.

## ખુમ્સની રકમનો વપરાશ

**મસઅલો ૧૮૫૧ :** ખુમ્સની રકમના બે સરખા ભાગ કરવા જોઈએ, એક ભાગ સેહમે સાદાતનો છે, અને બીજો ભાગ સેહમે ઈમામનો છે.

સેહમે સાદાત ફકીર સૈયદને, અથવા યતીમ સૈયદને, યા તો એવા સૈયદને આપવો જોઈએ કે જે નાણાભીડને કારણે મુસાફરી દરમિયાન સંકટમાં મૂકાઈ ગયો હોય.

સેહમે ઈમામ આ ઝમાનામાં જામેઉશ્શરાઈત મુજતહિદને આપવો જોઈએ, અથવા એવા કાર્યો માટે વાપરવો જોઈએ કે જેના માટે એણે રજા આપી હોય, અને એહતિયાતે લાઝિમની રૂએ એ આઅ'લમ, મરજઅ

હોવા ઉપરાંત સામાન્ય મોઅમીનોની સમસ્ત જરૂરીયાતોથી વાકેફ હોવો જોઈએ.

**મસઅલો ૧૮૫૨** : જે યતીમ સૈયદને ખુમ્સ દેવામાં આવે તે ફકીર હોવો જોઈએ, પણ મુસાફરીમાં નાણાભીડને લીધે સંકટમાં મૂકાયેલા સૈયદ પોતાના વતનમાં ફકીર ન હોય, તો પણ એને ખુમ્સ આપી શકાશે.

**મસઅલો ૧૮૫૩** : અગર જે મુસાફરીમાં સૈયદ નાણાભીડના કારણે સંકટમાં મૂકાયેલ હોય. એ મુસાફરી મઅસીયત અને ગુનાહની સફરમાં હોય, તો એહતિયાતે વાજિબ એ છે કે તેને ખુમ્સ ન આપવામાં આવે.

**મસઅલો ૧૮૫૪** : જે સૈયદ આદિલ ન હોય તેને ખુમ્સ આપી શકાય છે, પણ જે સૈયદ શિયા ઈસ્નાઅશરી ન હોય, તેને ખુમ્સ નહી દઈ શકાય.

**મસઅલો ૧૮૫૫** : જે સૈયદ ગુનાહમાં ખુમ્સની રકમ વાપરતો હોય તેને ખુમ્સ ન આપી શકાય, બલ્કે તેને ખુમ્સ આપવાથી જો તેને ગુનાહ કરવામાં પ્રોત્સાહન મળતુ હોય જો કે ખુમ્સની રકમ ગુનાહ માટે ન વાપરતો હોય તો પણ એહતિયાતે વાજિબની રૂએ તેને ખુમ્સ નહી આપી શકાય આજ પ્રમાણે જે સૈયદ શરાબી હોય, અથવા નમાઝ ન પઢતો હોય, અથવા છડેચોક ગુનાહો કરતો હોય, તેને ખુમ્સ ન દેવામાં આવે.

**મસઅલો ૧૮૫૬** : અગર કોઈ દાવો કરે કે એ સૈયદ છે, તો એને ખુમ્સ નહીં આપી શકાય, સિવાય કે તેના સૈયદ હોવા બારામાં બે આદિલો સાક્ષી આપે, અથવા

બીજી કોઈ રીતે ઈન્સાનને યકીન અથવા ઈત્મીનાન થાય કે એ સૈયદ છે.

**મસઅલો ૧૮૫૭** : જે શખ્સ પોતાના વતનમાં સૈયદ તરીકે મશહૂર હોય, અને ઈન્સાન એની વિરૂધ્ધ કોઈ યકીન કે ઈત્મીનાન ન હોય, તો એને ખુમ્સ આપી શકશે.

**મસઅલો ૧૮૫૮** : જો કોઈની પત્ની સૈયદાણી હોય તો તે શખ્સ પોતાનું ખુમ્સ તેણીને જીવનજરૂરી ખર્ચમાં વાપરવા માટે એહતિયાતે વાજિબની રૂએ ન આપી શકે, પરંતુ જો તેની માથે બીજાના પાલનપોષણની જવાબદારી હોય અને તેણી તેમનો ખર્ચો આપી શકે તેમ ન હોય તો આ ખર્ચ માટે તેણીને ખુમ્સ આપી શકશે અને આ જ હુકમ તેણીના એવા ખર્ચાઓ માટે છે જે શોહરની વાજિબ જવાબદારીમાં નથી આવતા.

**મસઅલો ૧૮૫૯** : અગર કોઈ શખ્સ ઉપર કોઈ સૈયદનું ભરણપોષણ વાજિબ હોય, અથવા કોઈ એવી સૈયદાણી કે જે એની પત્ની ન હોય, તેનો નિભાવ વાજિબ હોય, તો એહતિયાતે વાજિબની રૂએ તેનો ખોરાક, પોશાક અને અન્ય વાજિબ ખર્ચ માટે ખુમ્સમાંથી રકમ નહી આપી શકે. પણ બીજી એવી જરૂરીયાતો કે જેનો ઝિમ્મો એના ઉપર વાજિબ ન હોય તે માટે ખુમ્સમાંથી અમુક રકમ આપે તો વાંધો નથી.

**મસઅલો ૧૮૬૦** : જે ફકીર સૈયદનું ભરણપોષણ કે નિભાવ બીજા શખ્સના ઝિમ્મે વાજિબ હોય, અને એ

શખ્સ સૈયદને કાંઈ ન આપતો હોય, અથવા ન આપી શકતો હોય, તો એવા સૈયદને ખુમ્સ આપી શકાય છે.

**મસઅલો ૧૮૬૧** : એહતિયાતે વાજિબ છે કે કોઈ એક ફકીર સૈયદને તેના એક વર્ષના ખર્ચથી વધારે ખુમ્સમાંથી ન આપવામાં આવે.

**મસઅલો ૧૮૬૨** : જો કોઇ શહેરમાં ખુમ્સનો હકદાર ન હોય તો બીજા શહેર લઈ જઈ શકે છે, બલ્કે જો બીજા શહેર લઈ જવામાં ખુમ્સની અદાયગીમાં ઢીલ ન સમજવામાં આવે તો શહેરમાં હકદાર હોવા છતાં પણ બીજા શહેર લઈ જઈ શકે છે બંને સંજોગમાં જો ખુમ્સ બરબાદ થઈ જાય, 'ચાહે લઈ જવામાં બેદરકારી રાખી હોય કે ન રાખી હોય,' તો પણ તે ખુમ્સનો જામીન (જવાબદાર) રહેશે; બીજા શહેર લઈ જવાનો ખર્ચ ખુમ્સમાંથી લઈ શકશે નહીં.

**મસઅલો ૧૮૬૩** : અગર કોઈ શખ્સ હાકીમે શરઅના હુકમથી ખુમ્સ બીજી જગ્યાએ લઈ જાય અથવા પહોંચાડે, અને એ ખોવાય જાય અથવા બરબાદ થઈ જાય, તો ફરીથી દેવું વાજિબ નથી. એવી જ રીતે અગર કોઈ શખ્સ હાકિમે શરઅના એવા વકીલને કે જેને ખુમ્સ વસૂલ કરવાનો અધિકાર હોય, ખુમ્સ સુપરત કરે તો તેની ઝીમ્મેદારી પૂર્ણ થઈ ગણાશે.

**મસઅલો ૧૮૬૪** : કોઈ પણ વસ્તુ કે જણસની જે અસલી કિંમત હોય, તેના કરતા વધુ કિંમત નક્કી કરીને

ખુમ્સ પેટે તેની અદાયગી કરવી જાએઝ નથી. એવી રીતે રોકડ રકમ સિવાય મસઅલા નં ૧૮૦૫માં જણાવ્યા મુજબ જે જણસ ઉપર ખુમ્સ વાજિબ થયું હોય, તેને મૂકીને બીજી જણસમાંથી ખુમ્સની અદાયગી કરવામાં ઈશ્કાલ છે. સિવાય કે હાકીમે શરઅ અથવા તેનો વકીલ ઈજાઝત આપે.

**મસઅલો ૧૮૬૫** : જે શખ્સ કોઈ મુસ્તહકનો લેણદાર હોય, અને એ ઈચ્છે કે પોતાનું લેણું ખુમ્સમાંથી વસૂલ કરે, તો એહતિયાતે વાજિબ છે કે હાકીમે શરઅની તે માટે રજા લ્યે, અથવા પહેલાં મુસ્તહકને ખુમ્સ આપી દે અને ત્યારબાદ મુસ્તહક પોતાનું લેણું ચૂકવવાને ઈરાદે એને પાછું આપે અને જો એ મુસ્તહક પાસેથી વકાલત લઈ તેના વતી પોતાનું લેણું ખુમ્સમાંથી વસૂલ કરે, તો પણ થઈ શકે છે.

**મસઅલો ૧૮૬૬** : જે શખ્સ ઉપર ખુમ્સ વાજિબ હોય, એ મુસ્તહક સાથે એવી શરત નથી કરી શકતો કે જે ખુમ્સની રકમ તેને આપશે, એ તેને પાછી આપે.

# નેકીનો હુકમ અને બૂરાઈની મનાઈના અહેકામ

## (અમ્રબિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુનકર)

અમ્રબિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુનકર એકદમ મહત્વની વાજિબાતોમાંથી છે. ખુદાવંદે આલમ કુરઆને મજીદમાં ફરમાવે છે:

“વલ તકુન મિનકુમ ઉમ્મતુન યદઉન એલલ ખય્રે વ યઅમોરૂન બિલ મઅરૂફ વ યન હવ ન અનિલ મુનકરે વ ઉલાએક હોમુલ મુફલેહુમ.”

“જરૂરી છે તમારામાંથી (મુસ્લીમ ઉમ્મતમાંથી) એક ટોળુ હોય જે સારા કાર્યો તરફ આમંત્રણ આપે અને નેકીની હિદાયત કરે અને બૂરાઈની મનાઈ કરે અને તેઓજ કામ્યાબ લોકો છે.”

હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)થી રિવાયત થઈ છે કે ફરમાવે છે:

‘લા તઝાલો ઉમ્મતી બે ખય્રીન મા અમરૂબિલ મઅરૂફ વ નોહુ અનિલ મુનકર વ તઆવનુ અલલ બિર્રે ફએઝા લમ યફઅલુ ઝાલેક નોઝેઅત અનહોમુલ બરકાત વ સલ્લત બઅઝોહુમ અલા બઅઝ વ લમ યકુન લહુમ નાસેરૂન ફીલ અરઝે વલા ફીસ્સમાઅ.’

'જ્યા સુધી મારી ઉમ્મત અમ્રબિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુનકર કરતી રહેશે અને એકબીજાની સાથે એહસાન અને નેકીમાં મદદરૂપ બનશે ત્યાં સુધી ખૈરો બરકત સાથે રહેશે. અગર જો આમ નહી કરે તો તેઓ પરથી બરકત ઉઠાવી લેવામાં આવશે અને એક બીજા પર (ઝુલ્મ થકી) કબજો જમાવશે અને તે વખતે તેઓનો કોઈ મદદગાર ઝમીન અને આસમાનમાં નહી હોય.'

હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ફરમાવે છે:

'લા તત્રોકુલ અમ્રબિલ મઅરૂફ વન્નહી અનિલ મુનકર. ફયોવલ્લી અલયકુમ શેરારોકુમ સુમ્મ તદઉન ફલા યુસ્તજાબો લકુમ.'

'નેકીની હિદાયત અને બૂરાઈની મનાઈને કદી તર્ક ન કરશો નહીતર બદતરીન લોકો તમારા હાકીમ બની જાશે અને તમારી દુઆઓ કબૂલ નહી થાય.'

**મસઅલો ૧૮૬૭ :** અમ્રબિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુનકર ત્યારે વાજિબ થશે જ્યારે કોઈ નેક કામ અંજામ આપવુ વાજિબ હોય અથવા બૂરૂ કામ કરવું હરામ હોય. આવા સંજોગોમાં અમ્ર અને નહ્ય વાજિબે કીફાઈ છે એટલેકે અમુક લોકો આ ઝીમ્મેદારી પૂરી કરે તો પછી બીજા પરથી સાકીત થઈ જાય છે, પરંતુ બધા પર વાજિબ છે કે જ્યારે જૂએ કે હરામ કામ અંજામ દેવાઈ રહ્યું છે અથવા વાજિબાત મૂકાઈ રહી છે તો શાંત અને લાપરવાહ

ન રહે બલ્કે પોતાના શબ્દો અને અમલ વડે નફરતને ઝાહીર કરે અને આટલુ કરવુ વાજિબે અયની છે.

હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)થી રિવાયત છે કેઃ

**'અમરના રસુલુલ્લાહ સ.અ.વ. અન નુલકા અહલલ મઆસી બે વોજુહીન મુકફર્રહ.'**

રસૂલેખુદા(સ.અ.વ.)એ અમોને હુકમ આપ્યો કે ગુનેહગારો સાથે ક્રોધીત ચેહરા સાથે મુલાકાત કરો.

જે કાર્ય અંજામ આપવા મુસ્તહબ હોય અને જે કાર્ય કરવા મકરૂહ હોય તેવા સંજોગોમાં અમ્રબિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુનકર કરવુ પણ મુસ્તહબ છે. અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુનકરમાં ભૂલપાત્ર શખ્સના વ્યકિતત્વનો ખ્યાલ રાખવો જોઈએ જેથી તેને અઝીયત અને બેઈઝઝતી ન થાય અને એવીજ રીતે એટલી સખ્તી પણ ન કરવી જોઈએ કે જેનાથી તેને દીન અને દીનના પ્રોગ્રામ પ્રત્યે નફરત થવા લાગે.

**મસઅલો ૧૮૬૮** : અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુનકરના વાજિબ થવામાં નીચેની શર્તો હોવી જોઈએ.

૧) નેકી અને બૂરાઈની ઓળખ હોવી જોઈએ ભલે પછી સંક્ષિપ્તમાં જ કેમ ન હોય. માટે જે કોઈ શખ્સ નેકી અને બૂરાઈને ઓળખી શકતો ન હોય તેના માટે અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુનકર જરૂરી નથી પરંતુ અમુક વખતે અમ્રબિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુનકર કરવા

માટે નેકી અને બૂરાઈને ઓળખવી વાજિબ થઈ જાય છે.
૨) ગુનેહગારને સુધારી શકવાની શકયતા હોય. માટે અગર જો તેની વાતનો કશો અસર થવાનો ન હોય તો ફકીહો વચ્ચે મશહૂર છે તે સમયે તેની કંઈ ઝિમ્મેદારી રહેતી નથી અને અમ્ર અને નહ્ય તેના પર વાજિબ નથી.
પરંતુ એહતિયાતે વાજિબની રૂએ પોતાની નારાઝગી અને અણગમો તે ગુનેહગારના અયોગ્ય કાર્ય બાબતે ઝાહીર કરે. ભલે પછી ખબર હોય કે તે (ગુનેહગાર)ને કંઈપણ અસર થવાની નથી.
૩) ગુનેહગાર ફરી તે ગુનાહ અને ભૂલને તકરાર કરવા ચાહતો હોય, માટે અગર જો ગુનેહગાર ફરી બીજી વાર તે કાર્યને કરવાનો ઈરાદો ન રાખતો હોય તો અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુનકર વાજિબ નથી.
૪) ગુનેહગાર પાસે તે ગુનાહ કરવા માટે ઉઝર (બહાનુ) ન હોય. જેમકે એવો અકીદો ધરાવતો હોય કે જે ખરાબ કાર્ય કરી ચૂકયો છે તે હરામ ન હતું અને મુબાહ હતુ અને જે સારૂ કાર્ય છોડયુ તે વાજિબ ન હતું.
પરંતુ અગર એવા ખરાબ કાર્યોમાંથી હોય જેની શરીઅતે મનાઈ કરેલ છે અને તેવા કામ થવામાં ખુદા હરગિઝ રાઝી ન હોય. જેમકે કોઈ મોહતરમને કત્લ કરવું તો તેનાથી ગુનાહ કરનારને રોકવું વાજિબ છે ભલે પછી તે ગુનેહગાર પાસે ઉઝર કેમ ન હોય. અથવા તેના પર શરીઅતના હુકમ લાગુ ન પડતા હોય.
૫) અમ્રબિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુનકર કરનારની જાન, માલ, ઈઝઝત-આબરૂને વધુ પડતા નુકસાનનો

ખતરો ન હોય અને અસહ્ય હાડમારી અને મુશ્કેલી ન હોય સિવાય કે શારેઅ (શરીઅતના કાનૂન બનાવનાર અલ્લાહ)ની નઝદીક તે નેકી પર અમલ થવો અથવા બૂરાઈથી રોકવું ખૂબજ મહત્વનું હોય તો અસહ્ય હાડમારી અને મુશ્કેલાતોને બરદાશ્ત કરવું જોઈએ.

અગર જો અમ્ર અને નહ્ય કરનારને નુકસાન ન હોય પરંતુ બીજા મુસલમાનોને અમ્ર અને નહ્ય થકી નોંધપાત્ર નુકસાનની શક્યતા હોય તો અમ્રબિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુનકર વાજિબ નહી થાય.

ઉપરોકત બન્ને સંજોગોમાં મહત્વતા અને નુકસાનની સરખામણી કર્યા પછી નતીજા સુધી પહોંચવામાં આવશે જેમકે અમુક વખત શરીઅતનો હુકમ વધારે મહત્વતા ધરાવતો હોય તો પછી અમ્રબિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુનકર સાકીત નહી થાય.

**મસઅલો ૧૮૬૯** : અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુનકરના ક્રમ હોય છે.

૧) ગુનેહગાર પ્રત્યે મનની નફરતને જાહેર કરવી જેમકે મોઢુ ફેરવી લેવુ, અબોલા રહેવું.

૨) ઝબાન વડે નસીહતો અને અભિપ્રાય આપવા.

૩) પગલા (એકશન) લેવા જેમકે મારવું, કૈદ કરવું, વગૈરે.

જરૂરી છે કે શરૂઆતમાં પહેલા-બીજા ક્રમથી શરૂ કરે અને શરૂઆતમાં એવા પગલા લેવા જોઈએ જેનો અસર વધારે અને હેરાનગતિ ઓછી હોય અને તેનો અસર ન થાય તો પછી બીજા સખત પગલા લેવા જોઈએ એવી જ રીતે તે પછીના વધુ સખત પગલા લેવાને પસંદ કરે.

અગર પહેલા બીજા ક્રમ અસરકારક ન નીવડે તો પછી તાકતના ઉપયોગ સુધી વાત પહોંચે છે તો તેમાં એહતિયાતે વાજિબ છે હાકીમે શરઅની રજામંદી મેળવે. અને જરૂરી છે કે તાક્તનો ઉપયોગ એવી રીતે શરૂ કરવો જોઈએ કે જેમાં નારાઝગી અને અઝીયત ઓછી હોય અને અસર ન કરે તો પછી સખત કાર્યવાહી કરવી, પરંતુ એટલી હદ સુધી ન કરવી કે શરીરના ભાગો ઝખ્મી થાય કે ખોડખાપણ આવી જાય.

**મસઅલો ૧૮૭૦ :** દરેક જવાબદાર વ્યક્તિની અમ્રબિલ મઅરૂફ અને નહ્ય અનિલની જવાબદારી પોતાના કુટુંબીજનો પ્રત્યે વધારે તીવ્ર હોય છે, માટે અગર કોઈ પોતાના નઝદીકના સગાને વાજિબાત જેવા કે નમાઝ, રોઝા, ખુમ્સ, વગેરેને તર્ક કરતા અથવા હલકુ લેખતા જુએ અને હરામ કાર્યો જેવા કે ગીબત, જૂઠને સામાન્ય ગણે અથવા સાવચેતી ન રાખતા જુએ તો જરૂરી છે કે વધુ ભારપૂર્વક (૩ વસ્તુના ક્રમને ધ્યાનમાં રાખી) નેકીની હિદાયત કરે અને બૂરાઈથી રોકે. પરંતુ માં-બાપે એહતિયાતે વાજિબની રૂએ જરૂરી છે કે ઔલાદને નરમાશ અને મોહબ્બત સાથે હિદાયત કરે અને કદી બળજબરીનો સહારો ન લ્યે.

# ઝકાતના એહકામ

**મસઅલો ૧૮૭૧ :** દસ વસ્તુઓ ઉપર ઝકાત વાજિબ છે :

(૧) ઘઉં, (૨) જવ, (૩) ખજૂર, (૪) કિસમિસ (સૂકી

દ્રાક્ષ), (૫) સોનું, (૬) ચાંદી, (૭) ઊંટ, (૮) ગાય, (૯) ઘેટાંબકરાં, (૧૦) એહતિયાતે લાઝીમની રૂએ વેપારના માલ ઉપર.

અગર કોઈ શખ્સની માલિકીમાં ઉપર જણાવેલી એક વસ્તુ હોય, તો આગળ જણાવવામાં આવશે તે મુજબ નિયુકત પ્રમાણમાં નિયુકત કાર્ય માટે ઝકાતનો ઊપયોગ કરવો જોઈએ.

## ઝકાત વાજિબ થવાની શરતો

**મસઅલો ૧૮૭૨** : ઉપરોકત દસ ચીજો ઉપર ઝકાત વાજિબ છે, પણ એ શરતે કે દરેક ચીજ નક્કી કરવામાં આવેલ પ્રમાણ એટલે નિસાબ મુજબ હોવી જોઈએ, અને વસ્તુ ઈન્સાનની માલિકીમાં હોવી જોઈએ, અને એ માલિક આઝાદ હોવો જોઈએ. નિસાબની વિગતો હવે પછી રજૂ થશે.

**મસઅલો ૧૮૭૩** : અગર કોઈ શખ્સ પાસે તેની માલિકીમાં અગિયાર મહિના સુધી ગાય, ઘેટાં, બકરાં, ઊંટ સોનું અને ચાંદી હોય, તો બારમાં મહિનાની પહેલી તારીખે તેના ઉપર ઝકાત વાજિબ થશે. પણ બીજા વર્ષની શરૂઆતનો હિસાબ બારમો મહિનો પૂરો થાય તે પછી કરશે.

**મસઅલો ૧૮૭૪** : સોનું, ચાંદી અને વેપારના માલમાં ઝકાત વાજિબ થવા માટે શરત છે કે માલિક અકકલમંદ અને બાલિગ હોય, પણ ઘઉં, જવ, ખજૂર, કિસમિસ,

અને એ પ્રમાણે ઊંટ, ગાય અને ઘેટાબકરાં માટે શરત નથી કે માલિક બાલિગ અને અક્કલમંદ હોય.

**મસઅલો ૧૮૭૫ :** ઘઉં અને જવ જયારે ઓળખાવવા લાગે, એટલે કે જોનાર એમ કહે કે ઘઉં અથવા જવ છે, ત્યારે તેના ઉપર ઝકાત વાજિબ થાય છે. કિસમિસ જયારે દ્રાક્ષરૂપે થઈ જાય, અને ખજૂર જયારે પાકીને તમર તરીકે ઓળખાય, ત્યારે તેના ઉપર ઝકાત વાજિબ થાય છે, પરંતુ નિસાબ સૂકાવતી વખતે નક્કી થશે.

પણ નિસાબ નક્કી કરીને ઝકાત અદા કરવાનો સમય ઘઉં અને જવ માટે જયારે તેની લણણી કરી દાણા છુટા પાડવામાં આવે, અને ખજૂર અને કિસમિસ માટે જયારે ચૂંટીને ઉતારવામા આવે, ત્યારે અદાયગીનો સમય આવશે. અગર આ સમયે મુસ્તહક હોય અને કારણ વગર આપવામાં ઢીલ કરે અને તે માલ બરબાદ થઇ જાય તો માલિક જામીન છે.

**મસઅલો ૧૮૭૬ :** ઘઉં, જવ, કિસમિસ અને ખજૂર ઉપર ઝકાત લાગુ થવા માટે એ શરત નથી કે એ માલિકના કબ્જામાં હોય, કે જેથી એ પોતાની મરજી મુજબ ઊપયોગ કરી શકે. બલ્કે જો માલિક ગાયબ હોય, અને માલ તેના કે તેના વકીલના કબ્જામાં ન હોય, જેમકે, કોઈએ ગસ્બ કરી લીધું હોય, તો પણ ઉપરોકત માલ જ્યારે પ્રાપ્ત થશે ત્યારે તેના ઉપર ઝકાત લાગુ પડશે.

**મસઅલો ૧૮૭૭ :** અગર ગાય, ઘેટાં બકરાં, ઊંટ,

સોનું અને ચાંદીનો માલિક વર્ષના અમુક સમય દરમિયાન નશાની હાલતમાં અથવા બેહોંશ રહ્યો હોય, તો તેના ઉપર ઝકાત માફ નહીં થાય. એ જ હુકમ એ શખ્સ માટે પણ છે કે જે જયારે ઘઉં, જવ, ખજૂર અને કિસમિસ ઉપર ઝકાત વાજિબ થવાનો સમય આવે ત્યારે નશાની હાલતમાં અથવા બેહોંશ હોય.

**મસઅલો ૧૮૭૮** : ઘઉં, જવ, ખજૂર અને કિસમિસ સિવાય બીજી વસ્તુઓ ઉપર ઝકાત લાગુ પડવા માટે એ જરૂરી છે કે તે ચીજો માલિકના ઉપયોગમાં હોય, તેના ઉપયોગ માટે શરીઅત મુજબ મનાઈ કે બીજી કોઈ મુશ્કેલી ન હોવી જોઈએ, માટે વર્ષના નોંધપાત્ર સમય સુધી જો કોઈ ચીજ છીનવાયેલ રહે અથવા શરીઅત મુજબ તેના માલિકને ઉપયોગની રજા ન હોય, તો ઝકાત લાગુ નહીં પડે.

**મસઅલો ૧૮૭૯** : અગર કોઈ શખ્સ સોનું, ચાંદી અથવા એવી કોઈ વસ્તુ કે જે ઝકાતને પાત્ર છે, કરજરૂપે લ્યે, અને બાર મહિના સુધી એની પાસે એ વસ્તુ રહે, તો તેના ઉપર ઝકાત વાજિબ છે, કરજ દેનાર ઉપર કાંઈ વાજિબ નથી. પણ જો કરજ દેનાર ઝકાત આપી દે તો પછી કરજ લેનાર ઉપર કાઈ વાજિબ નથી.

## ઘઉં, જવ, ખજૂર અને દ્રાક્ષની ઝકાત

**મસઅલો ૧૮૮૦** : ઘઉં, જવ, ખજૂર અને દ્રાક્ષ ઉપર ઝકાત એ સમયે વાજિબ થશે કે જયારે એ નિયુકત થયેલા પ્રમાણમાં હોય અને એ પ્રમાણ કે નિસાબ ત્રણસો સાઅ

(વજન) છે, જે અમુકના કહેવા પ્રમાણે આશરે ૮૪૭ કિલો થાય છે.

**મસઅલો ૧૮૮૧** : જે દ્રાક્ષ, ખજૂર ઘઉં અને જવ ઉપર ઝકાત વાજિબ થઈ ગઈ હોય, ત્યારે અગર કોઈ ઝકાત અદા કર્યા પહેલાં એ ખાઈ જાય, અથવા પરીવારને ખવડાવી દે, અથવા કોઈ ફકીરને ઝકાતના ઈરાદા સિવાય બીજી રીતે આપી દે, તો જેટલું અનાજ એ રીતે ઉપયોગમાં લઈ લીધુ હોય તેની ઝકાત અદા કરવી વાજિબ છે.

**મસઅલો ૧૮૮૨** : ઘઉં, જવ, ખજૂર અને દ્રાક્ષ ઉપર ઝકાત વાજિબ થઈ ગયા બાદ જો તેનો માલિક ગુજરી જાય, તો તેના માલમાંથી ઝકાત અદા કરવી વાજિબ છે. પણ જો ઝકાત વાજિબ થયા પહેલાં ગુજરી જાય, તો જે જે વારસદારને નિસાબના અંદાજે વારસો મળ્યો હોય, તે પોતાના ભાગમાંથી ઝકાત આપશે.

**મસઅલો ૧૮૮૩** : જયારે ઘઉં, જવની લણણી થઈ ગઈ હોય અને દાણા છુટા પડતા હોય, અને જયારે ખજૂર અને દ્રાક્ષની સૂકવણીનો સમય હોય, ત્યારે હાકીમે શરઅ તરફથી નિમાયેલો માણસ ઝકાતની માંગણી કરી શકે છે, અને જો એ સમયે માલિક ઝકાત ન આપે, અને ઝકાતને પાત્ર કોઈ વસ્તુ ખોવાય જાય, અથવા બરબાદ થઈ જાય, તો માલિકને તેનો બદલો દેવો પડશે.

**મસઅલો ૧૮૮૪** : અગર ખજૂર, દ્રાક્ષના ઝાડ કે વેલાને ખરીદી લીધા બાદ તેના ઉપર ઝકાત વાજિબ થાય અથવા ઘઉં, જવના ખેતરને ખરીદયા બાદ તેના

ઉપર ઝકાત વાજિબ થાય, તો નવા માલિક ઉપર ઝકાત વાજિબ થશે.

**મસઅલો ૧૮૮૫** : અગર ઘઉં, જવ, ખજૂર અને દ્રાક્ષ ઉપર ઝકાત વાજિબ થઈ ગઈ હોય અને ત્યારે એના ખેતર કે ઝાડને વેચવા માગે, તો વેચનાર ઉપર વાજિબ છે કે તેની ઝકાત આપે. જો એ ઝકાત આપી દે, તો ખરીદનાર ઉપર કોઈ ચીજ વાજિબ નહી રહે.

**મસઅલો ૧૮૮૬** : અગર કોઈ શખ્સ ઘઉં, અથવા જવ, અથવા ખજૂર અથવા દ્રાક્ષ ખરીદે, અને એ યકીન ધરાવતો હોય કે વેચનારે ઝકાત અદા કરી છે, અથવા શક કરે કે વેચનારે ઝકાત આપી હતી કે નહી, તો એવા સંજોગમાં તેના ઉપર કાંઈ વાજિબ નથી. પણ જો એ જાણતો હોય કે વેચનારે ઝકાત આપી નથી, તો વાજિબ છે કે ખરીદનાર ઝકાત અદા કરે. અલબત્ત, અગર વેચનારે તેની સાથે છેતરપીંડી કરી હોય, તો ઝકાત દીધા બાદ તેની પાસે ઝકાતની વસૂલાતનો દાવો કરી શકે છે.

**મસઅલો ૧૮૮૭** : અગર ઘઉં, જવ, ખજૂર અને દ્રાક્ષનું વજન સૂકવણી પહેલાં કે તાજગી ટાણે નિસાબ સુધી પહોંચે, પણ સુકવ્યા બાદ વજન ઘટી જાય, તો તેના ઉપર ઝકાત વાજિબ નથી.

**મસઅલો ૧૮૮૮** : અગર કોઈ શખ્સ ઘઉં,જવ અને ખજૂરને સુકવણીના સમય પહેલાં ઉપયોગમાં લઈ લ્યે, અને જો સૂકવ્યા પછી તેનું પ્રમાણ નિસાબ જેટલું થતું હોય, તો તેના ઉપર ઝકાત વાજિબ છે.

**મસઅલો ૧૮૮૯ :** ખજૂરના ત્રણ પ્રકાર છે :
(૧) એ ખજૂર જેને સૂકવવામાં આવે છે. તેના ઝકાતનો હુકમ ઉપર જણાવી ચૂક્યા છીએ.
(૨) એ ખજૂર કે જે રૂતબ તરીકે પાકી, રસદાર ખવાય છે.
(૩) એ ખજૂર કે જે કાચી ખવાય છે.

બીજા પ્રકારની ખજૂર માટે હુકમ એ છે કે અગર સૂકાયા બાદ તેનું વજન નિસાબ સુધી પહોંચતું હોય તો એહતિયાતે મુસ્તહબ છે કે તેના ઉપર ઝકાત અદા કરે. પણ ત્રીજા પ્રકારની ખજૂર માટે ઝાહેરન ઝકાત વાજિબ નથી.

**મસઅલો ૧૮૯૦ :** જે ઘઉં, જવ, ખજૂર અને કિસમિસ ઉપર ઝકાત દેવાઈ ગઈ હોય, તે અગર માલિક પાસે અમુક વર્ષો સુધી રહે, તો પણ તેનાં ઉપર બીજી વખત ઝકાત લાગું નહીં પડે.

**મસઅલો ૧૮૯૧ :** જે ઘઉં, જવ, ખજૂર અને દ્રાક્ષનો પાક વરસાદના પાણીથી, યા નહેરથી તૈયાર થાય, અથવા મીસરના ખેતરની જેમ જમીનની ભીનાશથી પાક તૈયાર થાય, તો તેની ઝકાત દસમો ભાગ (૧૦%) છે અને જો ડોલ વિગેરેથી પાણી સીંચવામાં આવ્યું હોય તો ઝકાતનો વીસમો ભાગ (૫%) છે.

**મસઅલો ૧૮૯૨ :** અગર ઘઉં, જવ, ખજૂર અને દ્રાક્ષના પાકને બંને રીતે પાણી પીવડાવવામાં આવ્યું હોય, એટલે કે વરસાદ વિગેરેથી પણ લાભ થયો હોય, અને ડોલ વિગેરેથી પણ પાણી આપવામાં આવ્યું હોય, અને

જો સમાન્ય રીતે એમ કહી શકાય કે વરસાદથી પાક થયો છે. તો દસ ટકા અને જો એમ કહેવાય કે સિંચાઈથી પાક થયો છે, તો પાંચ ટકા ઝકાત વાજિબ ગણાશે. અને જો એમ કહેવાય કે બંને રીતે પાક થયો છે તો સાડા સાત ટકા ઝકાત લાગુ થશે.

**મસઅલો ૧૮૯૩** : જો એવો શક થાય કે સામાન્ય રીતે કંઇ વાત યોગ્ય સમજવામાં આવે, બંને રીતે પાણી પીવડાવવામાં આવ્યું હતું કે ફક્ત વરસાદ વગેરેથી જ સિંચાઇ થઇ હતી, તો એવા સંજોગમાં સાડા સાત ટકા ઝકાત કાફી ગણાશે.

**મસઅલો ૧૮૯૪** : જો કોઈને શક થાય કે સામાન્ય રીતે કંઇ વાત યોગ્ય સમજવામાં આવે, બંને રીતે પાણી પીવડાવવામાં આવ્યું હતું કે પછી ફક્ત ડોલ વગેરેથી સિંચાઇ કરવામાં આવી હતી, તો આવા સંજોગમાં માત્ર પાંચ ટકા (૫%) ઝકાત કાફી (પૂરતી) ગણાશે અને જો એવી પણ શક્યતા હોય કે 'માત્ર વરસાદ વગેરેથી સિંચાઇ થઇ હતી' એમ કહેવું યોગ્ય હશે તો પણ આ જ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૧૮૯૫** : અગર ઘઉં, જવ, ખજૂર કે દ્રાક્ષની મૂળ સિંચાઇ વરસાદ કે નહેરના પાણીથી થઈ હોય, અને એ પછી ડોલ વિગેરેથી પાણી આપવાની જરૂરત ન હોય, એ છંતા એ રીતે પણ સિંચાઇ થઈ હોય, અને એનાથી પાકમાં કોઈ વધારો ન થયો હોય, તો ઝકાત દસ ટકા લાગુ પડશે.

અને જો તેની મૂળ સિંચાઇ ડોલ વિગેરેથી થઈ

હોય, અને તે બાદ વરસાદ, નહેર વિગેરેની જરૂરત ન રહી હોય, તે છતાં તેનો પણ લાભ થયો હોય, પણ એનાથી પાકમાં કંઈ વધારો ન થયો હોય, તો પાંચ ટકા ઝકાત લાગુ પડશે.

**મસઅલો ૧૮૯૬ :** અગર એક ખેતરમાં ડોલ વિગેરેથી પાણી સિંચવવામાં આવે, અને એની બાજુના ખેતરમાં જમીનમાં રહેલી રૂતુબત કે ભેજને આધારે ખેતી કરવામાં આવે, અને ત્યાં સિંચાઈની કોઈ જરૂરત ન હોય, તો જે જમીનનો પાક ડોલ વિગેરેથી પાણી સિંચીને તૈયાર થાય તેના ઉપર પાંચ ટકા ઝકાત ગણાશે, અને જે પાક બાજુની જમીનમાં સિંચાઈ વિના તૈયાર થાય, તેના ઉપર એહતિયાતની રૂએ દસ ટકા ઝકાત વાજિબ થશે.

**મસઅલો ૧૮૯૭ :** ઘઉં, જવ, ખજૂર અને દ્રાક્ષ માટે ઈન્સાને જે ખર્ચ કર્યા હોય, તેને ફસલમાંથી બાદ કરીને ઝકાતના નિસાબનો હિસાબ મુકર્રર કરવો જાઈઝ નથી. બલ્કે એ વસ્તુઓમાંથી ખર્ચનો હિસાબ કર્યા પહેલાં, જો વજન નિસાબ સુધી પહોંચી જાય તો તેના ઉપર ઝકાત વાજિબ થશે.

**મસઅલો ૧૮૯૮ :** જે બીજનો ઉપયોગ વાવેતરમાં કર્યો હોય, ચાહેએ ખરીદીને લીધેલું બીજ હોય અથવા પોતાની માલિકીનું હોય, તેનો હિસાબ ફસલમાંથી બાદ કરીને નિસાબ નક્કી નહી કરી શકે, બલ્કે નિસાબનો હિસાબ આખી ફસલને ધ્યાનમાં રાખીને કરશે.

**મસઅલો ૧૮૯૯ :** અસલ માલ ઉપર હુકૂમત તરફથી

જે કરવેરો વસૂલ થાય તેના ઉપર ઝકાત નથી. દાખલા તરીકે જો ૨૦૦૦ કિલોની ફસલ થઈ હોય, અને તેના ઉપર સરકાર ૧૦૦ કિલો કરવેરા તરીકે લઈ લ્યે, તો ફકત ૧૯૦૦ કિલો ઉપર ઝકાત વાજિબ થશે.

**મસઅલો ૧૯૦૦** : અગર ઈન્સાન ઝકાત લાગુ પડે એથી પહેલાં જે ખર્ચ કરી ચૂકયો હોય અને તેને ફસલમાંથી બાદ કરીને બાકીની ફસલ ઉપર ઝકાત દેવા માગે તો એ એહતિયાતે વાજિબની રૂએ જાઈઝ નથી.

**મસઅલો ૧૯૦૧** : ઝકાત લાગુ પડી ગયા બાદ ઝકાતના હિસ્સા ઉપર જે કંઈખર્ચ કરે, તે પાકમાંથી બાદ નહી કરી શકે. ભલેપછી એહતિયાત પ્રમાણે એ ખર્ચ માટે એણે હાકીમે શરઅ કે એમના વકીલની રજા લઈ લીધી હોય.

**મસઅલો ૧૯૦૨** : ઝકાત અદા કરવા માટે વાજિબ નથી કે ઈન્સાન એટલી રાહ જુએ કે ઘઉં અને જવની લણણી થાય, અથવા ખજૂર કે દ્રાક્ષને ઉતારવામાં આવે, બલ્કે ઝકાત વાજિબ થતાની સાથે જાઈઝ છે કે ઈન્સાન ઝકાતની કિંમત આંકી તેને ઝકાતરૂપે અદા કરે.

**મસઅલો ૧૯૦૩** : ઝકાત લાગુ પડી ગયા પછી ઈન્સાન તૈયાર ફસલને, અથવા ખજૂર, અને દ્રાક્ષને ચૂંટયા પહેલાં મુસ્તહક અથવા હાકીમ શરઅ અથવા એમના વકીલને સહભાગી તરીકે સુપરત કરી શકે છે અને ત્યારપછી તેઓ ખર્ચમાં ભાગીદાર બનશે.

**મસઅલો ૧૯૦૪** : જે સંજોગમાં માલિકે તૈયાર ફસલ,

અથવા ખજૂર, દ્રાક્ષની સોંપણી હાકીમે શરઅ, અથવા મુસ્તહક, અથવા એમના વકીલને કરી આપી હોય, તો પછી લાઝિમ નથી કે સહભાગી તરીકે એની મફત દેખરેખ રાખે; બલ્કે ઉતારવાનો અને સૂકવણીનો સમય આવે, ત્યાં સુધી એ માલ તેની જમીન ઉપર હોવા બદલ ભાડૂ અને દેખરેખ બદલ મજૂરી માંગી શકશે.

**મસઅલો ૧૯૦૫** : અગર ઈન્સાન એકથી વધુ શહેરોમાં ઘઉં, જવ, ખજૂર કે દ્રાક્ષનું વાવેતર કર્યુ હોય, અને એ જુદીજુદી જગ્યા ફસલ પાકવાનો સમય પણ જુદો હોય, અને એકી સાથે તેની લણણી ન થતી હોય, તો જો એ સર્વે એક જ વર્ષની કમાણીમાં ગણાતું હોય, તો જે ફસલ પ્રથમ પાકે, અને એ ઝકાતના નિસાબના પ્રમાણમાં હોય, તેના ઉપર પાકતાની સાથે જ ઝકાત આપવી જોઈએ. અને બાકીની ઝકાત જેમ જેમ ફસલ હાંસિલ થાય તેમ અદા કરતો રહેશે.

પણ જો પ્રથમ હાંસિલ થયેલો પાક ઝકાતના નિસાબ સુધી ન પહોંચે, તો એ બાકીની ફસલ તૈયાર થાય ત્યા સુધી ઈન્તેઝાર કરશે અને જયારે એ તૈયાર થાય ત્યારે કુલ મળીને જો નિસાબ સુધી પહોચે તો ઝકાત વાજિબ થશે, અને જો ન પહોંચે તો તેના ઉપર ઝકાત વાજિબ નથી.

**મસઅલો ૧૯૦૬** : અગર ખજૂરના ઝાડ ઉપર અથવા દ્રાક્ષના વેલા ઉપર વર્ષમાં બે વાર ફળ લાગતા હોય, અને એ બે પાક સાથે મળીને નિસાબ સુધી પહોંચતા હોય, તો એહતિયાતની રૂએ એની ઝકાત વાજિબ છે.

**મસઅલો ૧૯૦૭ :** અગર કોઈ પાસે લીલી ખજૂર, અથવા દ્રાક્ષ હોય કે જે અગર સુકવવામાં આવે તો નિસાબના પ્રમાણ સુધી પહોંચે, અને એમાંથી ઝકાતની નિય્યત કરીને અદા કરવા માગે, તો જો એનું પ્રમાણ એ ફળોને સૂકવ્યા બાદ ઝકાત વાજિબ થાય તેટલું હોય, તો ઈશ્કાલ નથી.

**મસઅલો ૧૯૦૮ :** જેના ઉપર સૂકવેલી ખજૂર અથવા કિસમિસ માટે ઝકાત વાજિબ હોય, તે એ ઝકાત પેટે તાજી ખજૂર અથવા દ્રાક્ષ નહી આપી શકે; એટલે કે કિંમત આંકીને તે અંદાજ પ્રમાણે દ્રાક્ષ અથવા તાજી ખજૂર અથવા બીજા માલમાંથી કિસમિસ અથવા સૂકવેલી ખજૂર કિંમતરૂપે આપે, તો તેમાં ઈશ્કાલ છે.

એવી જ રીતે જો એના ઉપર તાજી ખજૂર અથવા દ્રાક્ષની ઝકાત વાજિબ હોય. તો એ ઝકાત પેટે સૂકી ખજૂર અથવા કિસમિસ નહીં આપી શકે. બલ્કે જો તેની કિંમત આંકી એ મુજબ બીજા માલમાંથી ખજૂર કે દ્રાક્ષ આપે, ભલેપછી એ તાજી હોય, તો પણ તેમાં ઈશ્કાલ છે.

**મસઅલો ૧૯૦૯ :** અગર કોઈ શખ્સ ઉપર કરજ હોય, અને સાથે તેની પાસે એવો માલ પણ હોય કે જેના ઉપર ઝકાત વાજિબ થઈ ચૂકી હોય, તે અગર ગુજરી જાય તો પ્રથમ જે માલ ઉપર જેટલી ઝકાત વાજિબ હોય તે અદા કરી દેવી જોઈએ, અને ત્યારબાદ તેના કરજની અદાયગી થશે. પરંતુ અગર ઝકાત તેના ઝિમ્મે હોય તો તેનો હુકમ બાકી બીજા કરજ જેવો જ છે.

**મસઅલો ૧૯૧૦ :** અગર મરનાર ઉપર કરજ હતું અને સાથે તેની પાસે ઘઉં, અથવા જવ કે ખજૂર અથવા દ્રાક્ષ પણ હોય, તો એ વસ્તુઓ ઉપર ઝકાત વાજિબ થાય એથી પહેલાં જો વારસદારોએ બીજા માલમાંથી એનું કરજ ચૂકવી આપ્યું હોય, તો જે વારસદારોને નિસાબના પ્રમાણસર એ વસ્તુઓ ભાગમાં મળે, તેઓ તેના ઉપર ઝકાત આપશે.

પણ જો ઝકાત વાજિબ થાય એથી પહેલાં વારસદારોએ કરજ ન ચૂકવ્યું હોય, અને મરનાર એટલો જ માલ મૂકી ગયો હોય જેમાં કરજ અદા કરી શકાય. તો વાજિબ નથી કે ઝકાત આપે.

પણ જો મૈયતનો માલ કરજની અદાયગી થઈ શકે એથી વધારે હોય, પણ કરજ એટલું હોય કે માલમાંથી આપ્યા પછી અમુક પ્રમાણમાં ઘઉં, જવ, ખજૂર કે દ્રાક્ષ પણ લેણદારને આપવું પડે, તો જેટલો ભાગ લેણદારને આપશે તેના ઉપર ઝકાત નથી. બાકી રહેલા માલમાં જે વારસદારના ભાગમાં નિસાબ અંદાજે માલ આવે, તેના ઉપર એ ઝકાત કાઢશે.

**મસઅલો ૧૯૧૧ :** જે શખ્સ પાસે ઊંચી અને નીચી જાતની વસ્તુઓ હોય, એટલેકે બંને જાતના ઘઉં, જવ, ખજૂર અને કિસમિસ હોય અને જો તેના ઉપર ઝકાત વાજિબ થાય તો એહતિયાતે વાજિબની રૂએ ઊંચી કોટિની ઝકાત નીચી કોટિમાંથી આપી શકશે નહિ.

## સોનું અને તેનો નિસાબ

**મસઅલો ૧૯૧૨** : સોના માટે બે નિસાબ નિયુકત છે :

(૧) જયારે સોનાનો વજન વીસ શરઈ મિસ્કાલ સુધી પહોંચે, ત્યારે ઉપરોકત શરતો પૂરી થતા તેના ઉપર ચાલીસમો ભાગ ઝકાત વાજિબ થશે. અગર એ પ્રમાણે તે અંદાજ સુધી સોનું ન પહોંચે તો તેના ઉપર ઝકાત વાજિબ નથી.

(૨) જયારે સોનું શરઈ વીસ મિસ્કાલ સુધી પહોંચે, અને તેમાં ચાર શરઈ મિસ્કાલમાં વધારો થાય, તો તમામ સોના ઉપર અઢી ટકા ઝકાત વાજિબ થશે. પણ જો ચાર શરઈ મિસ્કાલથી ઓછું વધે તો ફકત વીસ શરઈ મિસ્કાલ ઉપર ઝકાત આપશે, અને વધારા ઉપર ઝકાત લાગુ નહીં પડે.

એજ હુકમ વધારાને લાગુ પડશે. એટલે કે જયારે પણ ચાર મિસ્કાલ શરઈ વધે ત્યારે તમામ સોના ઉપર ઝકાત દેશે, અને જો એથી ઓછું વધે તો વધારા ઉપર ઝકાત નથી.

## ચાંદીનો નિસાબ

**મસઅલો ૧૯૧૩** : ચાંદીના નિસાબના બે પ્રકારો છેઃ

(૧) જયારે ચાંદીનું વજન ૧૦૫ બજારમાં પ્રચલિત મિસકાલ હોય, અને બાકી જણાવેલ શરતો પૂરી થાય, ત્યારે તેના ઉપર અઢી ટકા ઝકાત (૨ મિસ્કાલ અને ૧૫ ચણા જેટલું) વાજિબ થશે. અને જો એટલુ વજન ન થાય, તો તેના ઉપર ઝકાત વાજિબ નથી.

(૨) અગર ૧૦૫ મિસ્કાલમાં ૨૧ મિસ્કાલનો વધારો થાય, તો પૂરા ૧૨૬ મિસ્કાલ ઉપર જણાવ્યા મુજબ ઝકાત આપવી વાજિબ થશે. પણ જો ૨૧ મિસ્કાલથી ઓછો વધારો થાય, તો ફક્ત ૧૦૫ મિસ્કાલ ઉપર ઝકાત લાગુ પડશે અને બાકીના વધારા ઉપર ઝકાત વાજિબ નથી, એવી જ રીતે જેમ જેમ ૨૧ મિસ્કાલનો વધારો થતો જાય, તેમ કુલ ચાંદી ઉપર ઝકાત લાગુ પડતી જશે અને જો ૨૧ મિસ્કાલથી ઓછો વધારો થાય, તો વધારા ઉપર ઝકાત નથી.

આ રીતે ઈન્સાન પાસે જેટલું સોનું ચાંદી હોય, તેના અઢી ટકા ઝકાત આપે, તો વાજિબ ઝકાતનો ઝિમ્મો અદા કર્યો ગણાશે. અગર શક હોય કે નિસાબ જેટલું થયું કે નહિ તો એહતિયાતે વાજિબની રૂએ તપાસ કરે.

**મસઅલો ૧૯૧૪** : જે શખ્સ પાસે નિસાબમાં નિયુક્ત વજન જેટલું સોનું કે ચાંદી હોય, અને તેમાંથી ઝકાત અદા કરી ચૂકયો હોય, તો જયાં સુધી તે નિસાબથી ઓછું ન થાય ત્યાં સુધી દર વર્ષે તેમાંથી ઝકાત આપવી વાજિબ રહેશે.

**મસઅલો ૧૯૧૫** : સોનું અને ચાંદી ઉપર એ સંજોગે ઝકાત વાજિબ થાય છે કે જયારે એ સિક્કારૂપે હોય, અને એ સિક્કા લેવડ દેવડમાં પ્રચલિત હોય, અને જો એ સિક્કા ઉપરથી છાપ ભૂસાય કે ઘસાય ગઈ હોય, તો પણ ઝકાત વાજિબ થશે. પણ જો લેવડ દેવડમાં પ્રચલિત ન હોય તો ઝકાત આપવી જરૂરી નથી ભલે પછી છાપ બાકી હોય.

**મસઅલો ૧૯૧૬ :** સોના ચાંદીના જે સિક્કા ઔરતો આભુષણ રૂપે શોભા માટે ઉપયોગમાં લ્યે છે, તો અગર પ્રચલિત હોય, એટલે કે લેવડદેવડ અને મામલાતમાં વપરાતા હોય, તો તેના ઉપર અહવતની રૂએ ઝકાત વાજિબ છે. પણ જો એ પ્રચલિત ન હોય તો ઝકાત વાજિબ નથી.

**મસઅલો ૧૯૧૭ :** અગર એક શખ્સ પાસે સોનું ચાંદી હોય, પણ બેમાંથી એકેય પ્રાથમિક નિસાબમાં જણાવેલા વજન પ્રમાણે ન હોય, જેમકે, ૧૦૪ મિસ્કાલ ચાંદી અને ૧૪ મિસ્કાલ સોનું હોય, તો તેના ઉંપર ઝકાત વાજિબ નહી થાય.

**મસઅલો ૧૯૧૮ :** અગાઉ જણાવી ચૂકયા છીએ તે મુજબ અગર ઈન્સાન અગિયાર મહિના સુધી નિસાબમાં જણાવેલ વજન જેટલું સોનું અને ચાંદી ધરાવતો હોય તો તેના ઉપર ઝકાત વાજિબ છે, અને અગર અગિયાર માસ દરમિયાન પ્રાથમિક નિસાબમાંથી કાંઈ ઘટવા પામ્યું હોય, તો તેના ઉપર ઝકાત વાજિબ નથી.

**મસઅલો ૧૯૧૯ :** અગર કોઈ શખ્સ અગિયાર માસ દરમિયાન સોના ચાંદીના સિક્કાને બીજી વસ્તુ સાથે બદલી નાંખે, અથવા પીગળાવી દ્યે, તો તેના ઉપર ઝકાત લાગુ નહીં પડે. પણ જો ઝકાતથી બચવા માટે સોના કે ચાંદીને બદલાવી નાખે એટલે કે સોનાને બીજા સોનાથી કે ચાંદીથી, ચાંદીને બીજી ચાંદીથી કે સોનાથી બદલાવી નાખે તો પણ એહતિયાતે વાજિબ છે કે ઝકાત અદા કરે.

**મસઅલો ૧૯૨૦** : અગર કોઈ શખ્સ બારમા મહિનામાં સોના ચાંદીને પીગળાવી દે, તો તેના ઉપર ઝકાત વાજિબ છે. અને જો પીગળાવવાથી તેનું વજન અથવા તેની કિંમત ઘટી જાય, તો પીગળાવ્યા પહેલાં જે ઝકાત વાજિબ હતી તે મુજબ અદાયગી કરે.

**મસઅલો ૧૯૨૧** : સોના ચાંદીના સિક્કામાં બીજી ધાતુની મિલાવટ સામાન્ય રીતે હોય, પણ તે છતાં જો એ સિક્કાઓ સોનું અથવા ચાંદી તરીકે ઓળખાતા હોય તો તેના ઉપર ઝકાત વાજિબ થશે, ભલેપછી તેમાં રહેલું ચોખ્ખું મિલાવટ વગરનું સોનું અથવા ચાંદીનું વજન નિસાબ જેટલું ન હોય, પણ જો એ મિલાવટને કારણે સોના કે ચાંદી તરીકે ન ઓળખાતા હોય, તો તેના ઉપર ઝકાતનું લાગુ પડવું ઈશ્કાલ ધરાવે છે, ભલેપછી તેમાં રહેલું મિલાવટ વગરનું સોનું ચાંદીના નિસાબના વજન જેટલું હોય.

**મસઅલો ૧૯૨૨** : સોના ચાંદીમાં બીજી ધાતુની મિલાવટ હોય છે, અને અગર ઈન્સાન તેની ઝકાત એવા સિક્કામાંથી આપવા માગે કે જેમાં મિલાવટનો ભાગ સામાન્ય કરતા વધારે હોય અથવા એવા નાણાંમાંથી દેવા માગે કે જે સોના ચાંદી ન હોય, તો સોના ચાંદી ઉપર જેટલી ઝકાત વાજિબ થઈ હોય તેની પૂરી કિંમત આંકીને અદા કરે તો વાંધો નથી.

## ઊંટ, ગાય, ઘેટાં, બકરાની ઝકાત

**મસઅલો ૧૯૨૩** : આ જાનવરો ઉપર લાગુ પડતી

ઝકાત માટે ઉપર જણાવેલી શરતો સિવાય એક વધારાની શરત છે, અને તે એ કે જાનવર આખા વર્ષ દરમિયાન જંગલમાં ઘાસ ચરતું રહ્યું હોય, માટે જો એ જાનવર વર્ષ દરમિયાન અથવા અમુક સમય સુધી કાપવામાં આવેલું અથવા ઉખાડવામાં આવેલું ઘાસ ચારા તરીકે ખાય, અથવા માલિક અથવા માલિક સિવાય બીજાના ખેતરમાં ચરતું રહે, તો તેના ઉપર ઝકાત વાજિબ નથી. અલબત્ત, જો વર્ષ દરમિયાન માત્ર એકાદ દિવસ માલિકે મૂકેલા ચારામાંથી ખાધું હોય, તો ઝકાત વાજિબ છે.

પણ ઊંટ, ગાય અને ઘેટાં બકરાં ઉપર ઝકાત લાગુ પડવા માટે શરત નથી કે આખા વર્ષ દરમિયાન જાનવર નવરાં અને બેકાર રહ્યા હોય, સામાન્ય રીતે એમ કહેવામાં આવે કે તે જાનવર બેકાર છે તો તેની ઝકાત વાજિબ છે. ભલે પછી પાણી સીંચવા માટે અથવા હળ ચલાવવામાં અથવા એવા અન્ય કાર્ય માટે તેમનો ઉપયોગ થયો હોય, બલ્કે જો તે જાનવરોને બેકાર પણ ન કહી શકાય તો પણ એહતિયાતે વાજિબની રૂએ એમની ઝકાત દેવી જોઈએ.

**મસઅલો ૧૯૨૪** : અગર ઈન્સાન ઊંટ, ગાય કે ઘેટાં બકરાને ચારવા માટે એવું ખેતર કે જમીનનો વિસ્તાર ખરીદે કે ભાડે લ્યે, જેમાં કોઈએ વાવેતર ન કર્યુ હોય, તો એવા સંજોગમાં ઝકાતનું વાજિબ થવું મુશ્કીલ છે, જો કે અહવત છે કે ઝકાત આપે. પણ જો ત્યાં ચારવા માટે કરવેરો દેવો પડતો હોય, તો ઝકાત દેવી વાજિબ છે.

## ઊંટનો નિસાબ

**મસઅલો ૧૯૨૫ :** ઊંટ માટે બાર નિસાબ છે :

(૧) પાંચ ઊંટ ઉપર એક ઘેટું ઝકાતમાં દેવું વાજિબ છે, અને જયાં સુધી ઊંટની સંખ્યા એટલી ન થાય ત્યાં સુધી ઝકાત વાજિબ નથી.

(૨) દસ ઊંટ ઉપર બે ઘેટાં ઝકાતરૂપે વાજિબ થશે.

(૩) પંદર ઊંટ ઉપર ત્રણ ઘેટાં વાજિબ થશે.

(૪) વીસ ઊંટ ઉપર ચાર ઘેટાં વાજિબ થશે.

(૫) પચ્ચીસ ઊંટ ઉપર પાંચ ઘેટાં વાજિબ થશે.

(૬) છવ્વીસ ઊંટ ઉપર એક એવું ઊંટ કે જે બીજા વર્ષમાં દાખલ થઈ ચૂક્યુ હોય.

(૭) છત્રીસ ઊંટ ઉપર એક એવું ઊંટ કે જે ત્રીજા વર્ષમાં દાખલ થઈ ચૂક્યુ હોય.

(૮) છેંતાલીસ ઊંટ ઉપર એક એવું ઊંટ કે જે ચોથા વર્ષમાં દાખલ થઈ ચૂક્યુ હોય.

(૯) એકસઠ ઊંટ ઉપર એક એવું ઊંટ કે જે પાંચમાં વર્ષમાં દાખલ થઈ ચૂક્યુ હોય.

(૧૦) છોંતેર ઊંટ ઉપર બે ઊંટ કે જે ત્રીજા વર્ષમાં દાખલ થઈ ચૂક્યા હોય.

(૧૧) એકાણું ઊંટ ઉપર બે ઊંટ કે જે ચોથા વર્ષમાં દાખલ થઈ ચૂક્યા હોય.

(૧૨) એકસો એકવીસ ઊંટ અને એથી વધુ ઉપર ઝકાત આપવાની અનેક રીતો છે જોઈએ તો ચાળીસ ચાળીસના જુથ બનાવી હિસાબ કરી દરેક ચાળીસ ઊંટ ઉપર એક ઊંટ આપે, કે જે ત્રીજા વર્ષમાં દાખલ થઈ ચૂક્યુ હોય,

અથવા તો પચાસ પચાસનું જુથ હિસાબ કરી દરેક પચાસ ઊંટે એક ઊંટ આપે કે જે ચોથા વર્ષમાં દાખલ થઈ ચૂક્યુ હોય અથવા ચાલીસ અને પચાસ બંને જુથના હિસાબને અપનાવે, પણ દરેક સંજોગમાં એવી રીતે હિસાબ કરે કે કોઈ શેષભાગ બાકી ન રહે, અથવા જો રહે તો નવની સંખ્યાથી વધુ ન હોય.

દાખલા તરીકે જો ૧૪૦ ઊંટ હોય, તો બે ઊંટ કે જે ચાર વર્ષમાં પ્રવેશ કરી ચૂક્યા હોય, તે ૧૦૦ ઉપર ઝકાત આપે, અને બાકીના ૪૦ ઉપર એવું ઊંટ કે જે ત્રીજા વર્ષમાં દાખલ થઈ ચૂક્યુ હોય, ઝકાત તરીકે આપશે.

જે ઊંટ ઝકાત તરીકે અપાય તે માદા હોવી જરૂરી છે પરંતુ જો છઠ્ઠા નિસાબમાં કોઈ પાસે બે વર્ષની ઊંટણી ન હોય તો ત્રણ વર્ષનું નર પણ ચાલશે. જો કોઈ પાસે ન હોય અને ખરીદવા ચાહે તો ઈખ્તેયાર છે કે બે વર્ષની ઊંટણી અથવા ત્રણ વર્ષનું નર ખરીદે.

**મસઅલો ૧૯૨૬ :** બે નિસાબ વચ્ચેની સંખ્યા ઉપર ઝકાત વાજિબ નહીં થાય. જેમકે અગર કોઈ શખ્સ ઊંટ માટે નિયુક્ત પ્રથમ નિસાબ, કે જે પાંચ ઊંટ છે, તે પસાર કરી લ્યે, પણ બીજા નિસાબ એટલે કે દસ સુધી ઊંટની સંખ્યા ન પહોંચી હોય, તો માત્ર પાંચ ઉપર ઝકાત દેશે. અને એજ હુકમ દરેક નિસાબને લાગુ પડશે.

## ગાયનો નિસાબ

**મસઅલો ૧૯૨૭ :** ગાય માટે બે પ્રકારના નિસાબ છે:

(૧) જયારે ગાયની સંખ્યા ત્રીસની થાય, અને ઝકાતની બાકીની શરતો પૂરી થાય, ત્યારે એક વાછરડું કે જે બીજા

વર્ષમાં દાખલ થઈ ચૂક્યું હોય, ઝકાત તરીકે આપવું વાજિબ છે, અને એહતિયાતે વાજિબની રૂએ વાછરડું નર હોવું જોઈએ.

(૨) જયારે ગાયની સંખ્યા ચાળીસ સુધી પહોંચે ત્યારે એક વાછરડું કે જે માદા હોય, અને ત્રીજા વર્ષમાં દાખલ થઈ ચૂક્યું હોય, ઝકાત રૂપે આપવું વાજિબ છે.

ત્રીસ અને ચાળીસની વચ્ચેની સંખ્યા ઉપર ઝકાત વાજિબ નથી. જેમકે અગર કોઈ પાસે ૩૯ ગાયો હોય, તો તેમાંથી ત્રીસ ઉપર ઝકાત આપશે, એવી જ રીતે જો ચાળીસથી વધુ ગાયો હોય, તો જયાં સુધી સંખ્યા સાઈઠ સુધી ન પહોંચે, ફકત ચાળીસ ઉપર ઝકાત અદા કરશે.

જયારે સંખ્યા સાઈઠ સુધી પહોંચે, તો એ પહેલાં નિસાબની બમણી સંખ્યા થઈ ગઈ હોવાથી, બે વાછરડાં કે જે બીજા વર્ષમાં દાખલ થઈ ગયા હોય, ઝકાત તરીકે આપશે. એ પ્રમાણે જેમ સંખ્યા વધતી જાય, તેમ ૩૦ ના જુથ પ્રમાણે વહેંચણી કરે અથવા ચાળીસના જુથ મુજબ હિસાબ કરે, અથવા ત્રીસ અને ચાળીસના જુથ પ્રમાણે હિસાબ કરીને ઝકાત ચૂકવી આપે. પણ દરેક સંજોગમાં એવી રીતે વેહંચણી કરે કે શેષભાગ બાકી ન રહે, અથવા જો વધે તો નવની સંખ્યાથી વધુ ન હોય.

દાખલા તરીકે જો ૭૦ ગાયો હોય, અને ૩૦ તથા ૪૦ બંનેના જુથ કરાર દેવા માગે, તો ૩૦ માટે તેના હુકમ મુજબ અને બાકીના ૪૦ ઉપર તેના હુકમ મુજબ ઝકાત આપશે. કારણકે જો ફકત ૩૦ ના જુથ મુજબ

હિસાબ કરશે, તો ૧૦ ગાયો ઝકાત અદા કર્યા વિનાની રહી જશે. પણ અમુક જગ્યાએ ઈખ્તિયાર છે. કે ૪૦નો હિસાબ કરે અથવા ૩૦નો જેમ કે ૧૨૦ની સંખ્યા હોય.

## ઘેટાં બકરાનો નિસાબ

**મસઅલો ૧૯૨૮ :** ઘેટાં બકરાં માટે પાંચ પ્રકારના નિસાબ છે :

(૧) જયારે ઘેટાં બકરાંની સંખ્યા ૪૦ સુધી પહોચીં જાય, ત્યારે એક ઘેટું-બકરું ઝકાતરૂપે આપવું વાજિબ છે. જયાં સુધી ૪૦ ની સંખ્યા પૂરી ન થાય ત્યાં સુધી તેના ઉપર ઝકાત નથી;

(૨) જયારે સંખ્યા ૧૨૧ સુધી પહોંચે, ત્યારે તેના ઉપર બે ઘેટાં-બકરા ઝકાતરૂપે આપવા વાજિબ થશે;

(૩) જયારે સંખ્યા ૨૦૧ સુધી પહોંચે, ત્યારે તેના ઉપર ત્રણ ઘેટાં-બકરા ઝકાતરૂપે આપવા વાજિબ થશે;

(૪) જયારે સંખ્યા ૩૦૧ સુધી પહોંચે, ત્યારે તેના ઉપર ચાર ઘેટાં-બકરા ઝકાતરૂપે આપવા વાજિબ થશે;

(૫) જયારે સંખ્યા ૪૦૦ સુધી અથવા એથી વિશેષ થાય, ત્યારે તેને ૧૦૦ ના જુથમાં વહેંચણી કરી, દરેક ૧૦૦ ઉપર એક ઘેટું-બકરું ઝકાતરૂપે આપે.

અને ઝકાતની અદાયગી માટે એ લાઝિમ નથી કે એ જ ઘેટાં બકરામાંથી અપાય, બલ્કે એ સિવાય જો બીજા કોઈ ધણમાંથી આપવા માગે તો આપી શકે છે; અથવા જો ઘેટાંની કિંમત આંકીને તેના બદલે નાણા આપવા ચાહે તો પણ આપી શકે છે.

**મસઅલો ૧૯૨૯ :** બે નિસાબ વચ્ચેની સંખ્યા ઉપર ઝકાત વાજિબ નહીં થાય, જેમકે, અગર કોઈ શખ્સ પાસે પહેલાં નિસાબમાં ચાળીસ ઘેટાંથી વધારે હોય, તો જયાં સુધી બીજા નિસાબ મુજબ ૧૨૧ સંખ્યા સુધી ન પહોંચે, માત્ર ૪૦ ઉપર ઝકાત આપશે. અને બાકી ઉપર ઝકાત લાગુ નહીં પડે. એ જ હુકમ તમામ નિસાબોને લાગુ પડશે.

**મસઅલો ૧૯૩૦ :** ઊંટ, ગાય અને ઘેટાં બકરાની સંખ્યા જયારે નિસાબના અંદાજ સુધી પહોંચે, ચાહે એ બધાય નર હોય કે માદા હોય, અથવા અમુક નર હોય અને અમુક માદા હોય, તો પણ ઝકાત લાગુ પડશે.

**મસઅલો ૧૯૩૧ :** ઝકાતમાં ગાય અને ભેંસ એકજ પ્રકારના ગણાશે, અને એવી રીતે અરબી ઊંટ અને ગેર અરબી ઊંટ એક જ પ્રકાર ગણાશે. ઉંપરાંત ઘેટાં બકરાં અને ઘેટાના છ મહિનાથી લઈને એક વર્ષના બચ્ચા વચ્ચે કંઈપણ ફર્ક નથી.

**મસઅલો ૧૯૩૨ :** જયારે ઘેટાં બકરાં ઉપર ઝકાત આપે ત્યારે એહતિયાતે વાજિબની રૂએ ઘેટું ઓછામાં ઓછા બીજા વર્ષમાં દાખલ થઈ ચૂક્યું હોવું જોઈએ, અને જો બકરુ આપે તો અહવતની રૂએ ત્રીજા વર્ષમાં દાખલ થઈ ચૂક્યું હોવું જોઈએ.

**મસઅલો ૧૯૩૩ :** જે ઘેટું ઝકાતરૂપે આપવા માગે તેની કિંમત બીજા ઘેટાં કરતાં નજીવા પ્રમાણમાં ઓછી હોય તો વાંધો નથી, પરંતુ બેહતર છે કે જે ઘેટાંની કિંમત બાકીના ઘેટાંઓ કરતા વધારે હોય તેને ઝકાતરૂપે આપે; અને એજ હુકમ ઊંટ અને ગાય માટે છે.

**મસઅલો ૧૯૩૪** : અગર અમુક લોકો ભાગીદારીમાં હોય, તો જે જે ભાગીદારના ભાગમાં આવતી સંખ્યા નિસાબના પહેલા પ્રકાર સુધી પહોંચી જાય, તેના ઉપર ઝકાત વાજિબ થશે અને જેના ભાગમાં એથી ઓછી સંખ્યા આવે તેના ઉપર ઝકાત વાજિબ નથી.

**મસઅલો ૧૯૩૫** : અગર એક શખ્સ પાસે અનેક જગ્યાએ ગાય, અથવા ઊંટ, અથવા ઘેટાં બકરા હોય, તો અગર કુલ મળીને નિસાબમાં જણાવેલી સંખ્યા સુધી પહોંચે, તો તેના ઉપર ઝકાત આપવી વાજિબ થશે.

**મસઅલો ૧૯૩૬** : અગર ગાય, ઘેટાં બકરાં અને ઊંટ બીમાર કે ખોડખાંપણવાળા હોય, તો પણ તેના ઉપર ઝકાત વાજિબ થશે.

**મસઅલો ૧૯૩૭** : અગર કોઈ શખ્સ પાસે ઉપરોક્ત ઢોરના ધણમાં બધાય બીમાર અથવા ખોડખાંપણવાળા અથવા બુઢ્ઢા હોય, તો એજ ધણમાંથી જાનવર ઝકાતરૂપે આપી શકશે. પણ જો બધાય તંદુરસ્ત અને ખોડખાંપણ વિનાના હોય, તો તેના ઉપર વાજિબ થયેલ ઝકાતરૂપે બીમાર અથવા ખોડખાંપણવાળું અથવા બુઢ્ઢું જાનવર નહીં આપી શકે. બલ્કે જો તેમાં અમુક બીમાર બુઢ્ઢા અથવા ખોડખાંપણવાળા હોય, અને બાકીના સલામત હોય, તો એહતિયાતે વાજિબ છે કે ઝકાતરૂપે તંદુરસ્ત અને ઐબ વગરનું જાનવર આપે.

**મસઅલો ૧૯૩૮** : અગર કોઈ શખ્સ અગિયાર મહિના પૂરાં થાય એથી પહેલાં પોતાની ગાયો યા ઊંટ, ઘેટાં બકરાને કોઈ બીજી વસ્તુના બદલામાં આપી દે,

અથવા પોતાની પાસે નિસાબની સંખ્યામાં જેટલા જાનવર હોય તેટલી જ સંખ્યામાં બીજા જાનવરો સામે અદલબદલ કરે. જેમકે પોતાના ૪૦ ઘેટાં આપી બીજા ૪૦, ઘેટાં લઈ લ્યે, તો જો એમ કરવામાં ઝકાતથી બચવાનો ઈરાદો ન હોય, તો ઝકાત વાજિબ નહીં થાય.

પણ જો નિય્યત ઝકાતથી બચવાની હોય, અને અદલ-બદલ થયેલ પ્રાણીઓમાં એક જ જાતનો ફાયદો હોય, જેમકે, બંને દૂધ દેતી ગાયો કે ઘેટીઓ હોય તો એહતિયાતે લાઝિમ છે તેના ઉપર ઝકાત આપે.

**મસઅલો ૧૯૩૯** : જે શખ્સ ઉપર ઊંટ, ઘેટાં બકરાં અને ગાયોની ઝકાત વાજિબ હોય, તે અગર પોતાના બીજા માલમાંથી એ ઝકાતની અદાયગી કરે, તો જયાં સુધી એ ધણની સંખ્યા નિસાબથી ઓછી નહીં થાય, ત્યાં સુધી દર વર્ષે એના ઉપર ઝકાત વાજિબ થશે. પણ જો એ ધણમાંથી જ ઝકાત આપી હોય, અને પ્રથમ નિસાબથી સંખ્યા ઓછી થાય, તો તેના ઉપર ઝકાત વાજિબ નહીં થાય.

જેમકે કોઈ શખ્સ પાસે ચાલીસ ઘેટાં હોય, તેના ઉપર ઝકાત વાજિબ થઈ છે તે પોતાના બીજા માલમાંથી અદા કરે, તો જયાં સુધી ઘેટાંની સંખ્યા ચાલીસ રહેશે ત્યાં સુધી દર વર્ષે તે ઝકાત તરીકે એક ઘેટું આપતો રહેશે, પણ જો એમાંથી જ ઝકાતની અદાયગી કરી હોય, તો જયાં સુધી સંખ્યા ચાલીસ ન થાય ત્યાં સુધી ઝકાત આપવી વાજિબ નથી.

## વેપારના માલ ઉપર ઝકાત

જયારે ઈન્સાન કિંમત અદા કરીને અથવા બદલ પધ્ધતી વિગેરેથી માલનો માલિક થાય, અને એનો ઈરાદો હોય કે એ માલથી વેપાર કરીને નફો મેળવશે, તો એહતિયાતે વાજિબની રૂએ, અમુક શરતો પૂરી થતા, એની ઝકાત અદા કરશે; જે અઢી ટકા છે (૪૦મો ભાગ). એ શરતો નીચે મુજબ છે:

(૧) માલિક બાલિગ અને અકલમંદ હોવો જોઈએ (દીવાનો ન હોય);

(૨) માલનું પ્રમાણ ઓછામાં ઓછુ ૧૫ પ્રચલિત મિસ્કાલ સોનુ અથવા ૧૦૫ પ્રચલિત મિસ્કાલ ચાંદી જેટલી કિંમતનું થાય.

(૩) નફો મેળવવાની જે નિય્યત હતી તેને એક વર્ષ વીતી ગયું હોય;

(૪) નફો મેળવવાની નિય્યત આખા વર્ષ દરમિયાન બાકી હોવી જોઈએ. તો અગર વર્ષ દરમિયાન એ માલમાંથી નફો હાંસિલ કરવાનો ઈરાદો ફેરવી નાખે અને તેને પોતાના અંગત ખર્ચ અથવા ઉપયોગમાં લઈ લ્યે, તો તેના ઉપર ઝકાત વાજિબ નહીં થાય.

(૫) આખા વર્ષ દરમિયાન માલિક એ માલનો ઉપયોગ કરવાનો સંપૂર્ણ હક ધરાવતો હોય.

(૬) આખા વર્ષ દરમિયાન એ માલ સામે થયેલ મૂડી રોકાણ જેટલી કિંમતે, અથવા એથી વધુ કિંમતે ખરીદવાવાળા હોવા જોઈએ. અગર વર્ષ દરમિયાન એવા ખરીદવાવાળા મળે કે જે મૂડી રોકાણથી ઓછી કિંમતે

લેવા માંગતા હોય, તો તેના ઉપર ઝકાત વાજિબ નહીં થાય.

## ઝકાતનો વપરાશ

**મસઅલો ૧૯૪૦** : ઝકાત આઠ જગ્યાએ ઉપયોગમાં લઈ શકાય છે :

(૧) ફકીરને દેવા માટે વાપરી શકાય, અને ફકીરથી મુરાદ એ છે કે જે પોતાનું અને પોતાના પરિવારનું આખા વર્ષમાં ગુજરાન ન ચલાવી શકે, પણ જેની પાસે વેપાર-ધંધો, મિલકત અથવા મૂડી હોય અને પોતાના વર્ષનું ગુજરાન ચલાવી શકતો હોય, તો તે ફકીર નહીં કહેવાય.

(૨) મિસ્કીનને આપી શકાય છે, અને તે એ છે કે જેની આર્થિક હાલત ફકીર કરતાં વધારે ખરાબ હોય.

(૩) એ શખ્સને સુપરત કરી શકાય છે કે જે ઈમામ અલય્હિસ્સલામ તરફથી અથવા એમના નાયબ તરફથી વસૂલાત અને તેની હિફાઝત માટે નિમાયેલા હોય, કે જે તેનો હિસાબ કિતાબ જાળવે, અને રકમ ઈમામ અલય્હિસ્સલામ અથવા એમના નાયબ અથવા ફકીરો સુધી પહોંચાડે.

(૪) એ ફકીરોને આપી શકાય કે જેને પરિણામે તેમનામાં ઈસ્લામ પ્રત્યે પ્રેરણા અને અને અભિરૂચી જાગૃત થાય, અથવા તેઓ લડાઈમાં અથવા અન્ય સંજોગમાં મુસલમાનોની મદદ કરવા પ્રેરાય.

એવી જ રીતે ઝકાત એવા મુસ્લિમોને પણ આપી શકાય કે જેમનું ઈમાન કમજોર હોય, પણ ઝકાત આપવાથી

એમની આસ્થા અને એમના ઈમાનને સમર્થન મળે, અથવા એવા મુસલમાનોને અપાય કે જેમનું ઈમાન હઝરત અમીરૂલ મોઅમીનીન અલય્હિસ્સલામની વિલાયત ઉપર નથી, પણ ઝકાત વડે એમની વિલાયત પ્રત્યે અભિરૂચી જગાડી શકાતી હોય કે જેથી ઈમાન લઈ આવે.

(૫) ગુલામોને ખરીદીને આઝાદ કરવા માટે વાપરી શકાય છે. એનો વિગત વાર ખુલાસો અન્ય સ્થળે અપાયો છે.

(૬) જે કરજદાર પોતાનું કરજ અદા કરવા શક્તિશાળી ન હોય, તેને આપી શકાય છે.

(૭) અલ્લાહની રાહમાં વાપરી શકાય, એટલે કે એવા કામોમાં કે જેથી આમ મુસલમાન જનતાને ફાયદો પહોંચે જેમકે, મસ્જિદ બનાવવી, અથવા ઈલ્મેદીનના અભ્યાસ અર્થે મદ્રેસો સ્થાપવો, શહેરની સફાઈ કરવી, રસ્તાઓ પાકા કરવા, ડામર પાથરવું અથવા રસ્તા પહોળો કરવા માટે વાપરી શકાય.

(૮) એ મુસાફરની મદદ માટે આપી શકાય છે કે જે મુસાફરી દરમિયાન નાણાભીડના સંકટમાં ફસાય જાય. આ સંજોગમાં ઝકાત વાપરી શકાય છે, પરતું ત્રીજા, ચોથા અને એહતિયાતે લાઝિમની રૂએ સાતમા સંજોગમાં ઝકાત હાકીમે શરઈની રજા વિના નહીં વાપરી શકાય. એ સંજોગોને લાગતા એહકામ હવે પછી જણાવવામાં આવશે.

**મસઅલો ૧૯૪૧** : એહતિયાતે વાજિબ છે કે ફકીર અથવા મિસ્કીન પોતાના અને પોતાના પરિવારના વર્ષના ખર્ચથી વિશેષ ઝકાત ન લ્યે, અને જો એની પાસે થોડું

નાણું અથવા થોડી ઘણી જણસ હોય, તો વર્ષની જરૂરીયાતમાં જેટલું ઓછું પડતુ હોય તેટલી જ ઝકાત લ્યે.

**મસઅલો ૧૯૪૨** : જે શખ્સ પાસે વર્ષના ખર્ચ પૂરતું હોય, અને તેમાંથી અમુક ભાગ વાપર્યા બાદ શક કરે કે જે બાકી રહ્યું છે, તે વર્ષના આખર સુધી પુરતું છે કે નહી, તો એ શખ્સ ઝકાત નહી લઈ શકે.

**મસઅલો ૧૯૪૩** : અગર એક શખ્સ પોતાના ઉદ્યોગ, મિલકત યા વેપારથી જેટલું કમાતો હોય, એ વર્ષના ખર્ચ કરતા ઓછું હોય, તો જેટલું ઓછું પડતું હોય તેટલા પ્રમાણમાં ઝકાત લઈ શકે છે, અને લાઝિમ નથી કે પોતાના ઓજાર, મિલકત કે મૂડી વહેંચી યા વાપરીને ખર્ચ પૂરો કરે.

**મસઅલો ૧૯૪૪** : જે ફકીર પાસે પોતાના માટે અને પોતાના પરિવાર માટે વર્ષ જેટલું ન હોય, પણ તેની પાસે રહેવા માટેનું પોતાનું મકાન હોય, જેમાં એ રહેતો હોય. અથવા એની પાસે વાહન હોય કે જેના વગર જીવન નિર્વાહ મુશ્કેલ હોય, ભલેપછી એ પોતાની આબરૂ અને મોભાની જાળવણી માટે હોય, તો એ ઝકાત લઈ શકે છે. એ જ હુકમ ઘરવખરી, ઠામવાસણ, શિયાળા ઉનાળાના વસ્ત્રો અને બીજી જરૂરીયાતની વસ્તુઓને લાગું પડે છે; અને જે ફકીર પાસે ઉપરોકત વસ્તું ન હોય, અને એની જરૂરીયાત હોય, તો ઝકાતમાંથી ખરીદી શકે છે,

**મસઅલો ૧૯૪૫** : જે શખ્સ પોતે મહેનત કરી પોતાનો તથા પોતાના પરિવારનો ખર્ચ ઉપાડી શકતો

હોય, પરંતુ આળસને લીધે કમાણી ન કરતો હોય તો ઝકાત નહી લઈ શકે. એ તાલિબે ઈલ્મ કે જેનાં માટે કામકાજ ઈલ્મ હાંસિલ કરવામાં અડચણરૂપ હોય જો તેના ઉપર ઈલ્મ હાંસિલ કરવું. વાજિબે અયની ન હોય તો ફકીરોના હિસ્સામાંથી ઝકાત નહી લઈ શકે, પરંતુ જો તેના ઈલ્મ મેળવવામાં લોકોનો ફાયદો હોય તો એહતિયાતે લાઝિમની રૂએ હાકીમે શરઅની ઈજાઝતથી ફી સબીલિલ્લાહના સહેમમાંથી ઝકાત લઈ શકે છે. જેનાં માટે હુન્નર શીખવો આસાન હોય. એહતિયાતે વાજિબની રૂએ ઝકાત ઉપર ઝિંદગી પસાર ન કરવી જોઈએ. હા જ્યાં સુધી તે હુન્નર શીખવામાં મશગૂલ હોય ત્યાં સુધી ઝકાત લઈ શકે છે.

**મસઅલો ૧૯૪૬** : અગર એક શખ્સ વિશે જાણ હોય કે અગાઉ એ ફકીર હતો, અને એ હજી એમ કહે કે ફકીર છું, તેમ છતાં તેના કહેવાથી ઈત્મીનાન પેદા ન થાય, તો પણ તેને ઝકાત આપી શકાય છે. પણ જેના વિશે જાણ ન હોય કે અગાવ ફકીર હતો કે નહી, તો એહતિયાતની રૂએ જયાં સુધી તેના ફકીર હોવા બારામાં ઈત્મીનાન હાંસિલ ન થાય, ત્યાં સુધી તેને ઝકાત ન આપવામાં આવે.

**મસઅલો ૧૯૪૭** : જે શખ્સ કહેતો હોય કે ફકીર છું, પણ ભૂતકાળમાં એ ફકીર ન હતો, અગર એના કહેવાથી ઈત્મીનાન હાંસિલ ન થાય, એને ઝકાત ન આપવામાં આવે.

**મસઅલો ૧૯૪૮** : જે શખ્સ ઉપર ઝકાત વાજિબ

હોય, તે અગર કોઈ ફકીરનો લેણદાર હોય, તો જેટલું કરજ હોય તેટલું ઝકાતમાંથી વાળી શકશે.

**મસઅલો ૧૯૪૯** : અગર કોઈ ફકીર ગુજરી જાય, અને એની પાસે રહેલી માલમતા એટલી ન હોય કે એનાથી કરજ વસૂલ થાય, તો ઈન્સાન એ ફકીર ઉપર જેટલું કરજ માંગતો હોય, તેટલી રકમ ઝકાતમાંથી લઇ શકે છે. બલ્કે અગર એની માલમતા કરજ અદા કરવા પુરતી હોય, પણ વારસદારો એ કરજ ચૂકવવા માંગતા ન હોય, અથવા કોઈ પણ બીજા કારણસર લેણદાર વસૂલાત કરવા સમર્થ ન હોય, તો પોતાનું લેણું ઝકાતમાંથી લઈ શકશે.

**મસઅલો ૧૯૫૦** : ઈન્સાન જે વસ્તું ઝકાતરૂપે આપી રહ્યો હોય, તેના માટે એ જરૂરી નથી કે ફકીરને જણાવે કે ઝકાત છે. બલ્કે અગર ફકીર શરમીંદા થતો હોય, તો મુસ્તહબ છે કે ઝકાતની નિય્યતથી આપેલી વસ્તું વિશે એ ફકીરને ન જણાવે કે ઝકાત છે.

**મસઅલો ૧૯૫૧** : અગર કોઈ શખ્સ એમ ધારીને કે ફલાણો ફકીર છે, એને ઝકાત આપે, અને ત્યારબાદ જાણ થાય કે એ ફકીર ન હતો, અથવા મસઅલાથી નાવાકિફ હોવાના કારણે એવાને ઝકાત આપી દે કે જે ફકીર નથી; તો કાફી નહી ગણાય, એવા સંજોગમાં જે વસ્તુ ઝકાત તરીકે અપાઈ હોય તે જો બાકી હોય, તો પાછી લઈ લેવી જોઈએ, અને મુસ્તહકને સુપરત કરવી જોઈએ. પણ જો એ વસ્તુ બાકી ન રહી હોય, તો બે સૂરત છેઃ

(અ) અગર ઝકાત લેનારને ખબર હતી કે એને આપવામાં

આવેલી વસ્તુ ઝકાત હતી, તો ઈન્સાન એના બદલામાં લેનાર પાસેથી બીજી વસ્તુ માંગી શકે છે, અને મુસ્તહકને પહોંચાડે.

(બ) અગર લેનારને ખબર ન હતી કે આપવામાં આવેલી વસ્તુ ઝકાત હતી, તો એની પાસેથી બદલામાં કાંઈ લઈ નહીં શકાય, અને ઈન્સાન ઉપર વાજિબ થશે કે પોતાના માલમાંથી મુસ્તહકને એનું વળતર આપે.

અને એહતિયાતે વાજિબની રૂએ આજ હુકમ ત્યારે લાગુ પડશે જ્યારે તપાસ કરી હોય અથવા શરઈ ગવાહી પ્રમાણે ફકીર હોવું માન્ય રાખ્યું હોય.

**મસઅલો ૧૯૫૨** : અગર કોઈ શખ્સ કરજદાર હોય, અને કરજની ભરપાઈ ન કરી શકતો હોય, તે ભલેપછી વર્ષના ખર્ચ પૂરતી આવક ધરાવતો હોય, તે છતાંય પોતાના કરજની અદાયગી ખાતર ઝકાત લઈ શકશે. પણ તેમાં શરત એ છે કે માલ કરજરૂપે લીધો હતો તે કોઈ ગુનાહ માટે ઉપયોગમાં ન લીધો હોય.

**મસઅલો ૧૯૫૩** : અગર કોઈ શખ્સ એવાને ઝકાત આપે કે કરજદાર હોય, અને પોતાનું કરજ અદા ન કરી શકતો હોય, અને પાછળથી એને ખબર પડે કે એ શખ્સે જે કરજ લીધું હતું તે ગુનાહના કામ માટે ખર્ચવવામાં આવ્યું હતું, તો જો એ કરજદાર ફકીર હોય, તો આપેલી રકમને ફકીરોની સહાયતારૂપે ગણાશે.

**મસઅલો ૧૯૫૪** : અગર કોઈ શખ્સ કરજદાર હોય, અને પોતાનું કરજ અદા ન કરી શકતો હોય, તે ભલે ફકીર

ન હોય, તો પણ ઈન્સાન તેના ઉપર જે લેણુ હોય તે ઝકાતમાંથી લઈ શકે છે.

**મસઅલો ૧૯૫૫** : જે મુસાફર પાસે ખર્ચ ખલાસ થઈ જાય, અથવા એની સવારી ઉપયોગ કરવાને લાયક ન રહે. તો એની મુસાફરી ગુનાહ માટે ન હોય, અને એ કરજ લઈ અથવા કોઈ વસ્તુને વેચીને પોતાને મકસદ સુધી ન પહોંચી શકતો હોય, તો એવા સંજોગમાં ઝકાત લઈ શકશે, ભલે પોતાના વતનમાં એ ફકીર ન હોય.

પણ જો એને એમ જણાય કે મુસાફરીની એક જગ્યાથી નીકળીને જો બીજી જગ્યાએ જાય તો ત્યાં કરજ લઈને, અથવા વસ્તુને વેચીને એટલું નાણું હાંસિલ કરી શકશે કે જેથી વતને પહોંચી જાય, તો ફકત એ બીજી જગ્યાએ પહોંચવા માટે ઝકાતમાંથી મદદ લઈ શકશે. પરંતુ જો પોતાના વતનમાં કોઈ ચીજ વહેંચી અથવા ભાડે આપી અને પોતાની મુસાફરી માટે બંદોબસ્ત કરી શકે, તો એહતિયાતે વાજિબની રૂએ તે ઝકાત નહી લઈ શકે.

**મસઅલો ૧૯૫૬** : જે મુસાફરે મુસાફરી દરમિયાન નાણાભીડને કારણે ઝકાત લીધી હોય, તે વતન પહોંચ્યા બાદ જુએ કે લીધેલી રકમ કાંઈ વધ્યું છે, તો અગર ઝકાત દેનારને ન પહોંચાડી શકતો હોય તો હાકીમે શરઅને પહોંચાડીને જણાવે કે એ ઝકાત છે.

## ઝકાતના હકદાર હોવાની શરતો

**મસઅલો ૧૯૫૭** : માલિક એ શખ્સને ઝકાત આપી શકશે કે જે શિયા ઈસ્નાઅશરી હોય, અગર કોઈ શખ્સને

શિયા ઈસ્નાઅશરી સમજીને ઝકાત આપ્યા બાદ જાણ થાય કે એ શિયા ન હતો, તો ઝકાત ફરીથી આપશે. આ જ હુકમ એહતિયાતે વાજિબની રૂએ તે વખતે પણ લાગુ પડશે. જ્યારે તેને શિયા હોવા બાબતે તપાસ કરી હોય અથવા શરઈ ગવાહીના આધારે શિયા હોવાનું માન્ય રાખ્યું હોય.

**મસઅલો ૧૯૫૮** : અગર કોઈ નાનું શિયા બાળક, અથવા કોઈ દીવાનો શિયા ફકીર હોય, તો ઈન્સાન એના વલીને ઝકાત એ નિય્યતથી આપી શકે છે કે એ ઝકાત બાળક અથવા દીવાનાની મિલકીય્યત ગણાશે તેમજ પોતે અથવા પોતાના વિશ્વાસુ શખ્સ મારફત ઝકાત એ બાળક અથવા દીવાનાના લાભાર્થે ઉપયોગમાં લઈ શકે છે, અને જયારે એવી રીતે તેઓના ઉપયોગે પહોંચે ત્યારે ઝકાતની નિય્યત કરે.

**મસઅલો ૧૯૫૯** : જે ફકીર ભીખ માંગતો હોય તેને ઝકાત આપી શકાય છે, પરંતુ તેની ફકીરી સાચી હોવી સાબિત હોય પણ જે ઝકાતને ગુનાહના કાર્યોમાં વાપરતો હોય, તેને ઝકાત ન આપવી જોઈએ. બલ્કે એહતિયાતે વાજિબ છે કે અગર ઝકાત આપવાથી લેનારને ગુનાહના કામો કરવામાં ઉતેજન મળતું હોય, ભલેપછી ઝકાતની રકમને ગુનાહમાં ન વાપરતો હોય, તો પણ તેને ઝકાત ન દેવામાં આવે.

**મસઅલો ૧૯૬૦** : જે શખ્સ શરાબી હોય, અથવા નમાઝ ન પઢતો હોય (તારીકુસ્સલાત હોય) એવી જ રીતે અગર છડેચોક ગુનાહે કબીરા બજાવી લાવતો હોય, તેને

એહતિયાતે વાજિબની રૂએ ઝકાત ન દેવી જોઈએ.

**મસઅલો ૧૯૬૧** : જે શખ્સ ઉપર કરજ હોય, અને પોતાનુ કરજ ભરપાઈ કરવા અશક્ત હોય, તેનું કરજ અગર ઈન્સાન ઝકાતમાંથી અદા કરવા માંગે તો કરી શકે છે, ભલેપછી એ કરજદારનું ભરણપોષણ તેના ઉપર વાજિબ હોય.

**મસઅલો ૧૯૬૨** : જે લોકોનું ભરણપોષણ અને નિર્વાહ ઈન્સાન ઉપર વાજિબ હોય, જેમકે ઔલાદ વિગેરે, તેમના ભરણપોષણ વિગેરેનો ખર્ચ ઝકાતમાંથી નહી આપી શકે. પણ જો એ પોતાની જવાબદારી પૂરી ન કરે, તો બીજા લોકો ઔલાદ વિગેરેને ઝકાતમાંથી આપી મદદરૂપ થઈ શકે છે, પણ જો તે ભરણપોષણ માટે શક્તિમાન ન હોય અને તેના ઉપર ઝકાત વાજિબ થઈ હોય તો તે ઝકાતથી ભરણપોષણ કરી શકે છે.

**મસઅલો ૧૯૬૩** : અગર ઈન્સાન પોતાના દીકરાને ઝકાત આપે કે જેથી એ એની પત્ની યા નોકર કે ચાકરનો ખર્ચ ઉપાડી શકે, અથવા કરજ અદા કરે જો બીજી શર્તો હોય તો તેમાં વાંધો નથી.

**મસઅલો ૧૯૬૪** : ઝકાતમાં જે અલ્લાહની રાહમા ખર્ચ કરવાની જોગવાઈ છે, તે પેટે બાપ પોતાના ફરઝંદો માટે દીની પુસ્તકો ઝકાતમાંથી ખરીદીને તેમના અભ્યાસ અર્થે નહી આપી શકે, સિવાય કે તેમાં સમાજની ભલાઈનો તકાજો હોય; પણ તે માટે એહતિયાતન હાકીમે શરઅની રજા લેવી જોઈએ.

**મસઅલો ૧૯૬૫** : અગર બાપ પાસે દીકરાને પરણાવવા માટે નાણાની સગવડ ન હોય, તો ઝકાતમાંથી પોતાના દીકરાને પરણાવી શકે છે, એવી જ રીતે એ સંજોગમાં દીકરો બાપની શાદીનો ઈન્તેઝામ ઝકાતથી કરી શકશે.

**મસઅલો ૧૯૬૬** : જે સ્ત્રીનું ભરણપોષણ અને ખર્ચ તેનો ધણી આપતો હોય, તેને ઝકાત નહી આપી શકાય; એવી જ રીતે જે સ્ત્રીને તેનો ખર્ચ ધણી ન આપતો હોય, પરતું હાકીમ મારફત તેને ખર્ચ આપવા મજબૂર કરી શકતી હોય તો તેને ઝકાત નહીં દઈ શકાય.

**મસઅલો ૧૯૬૭** : જે ઔરતે મુત્આ કર્યા હોય તે અગર ફકીર હોય, તો તેનો શૌહર અને બીજાઓ તેને ઝકાત આપી શકશે. પણ અગર તેના શૌહરે અકદ પ્રસંગે તેના ખર્ચની જવાબદારી શરતરૂપે સ્વીકારી હોય, અથવા બીજા કોઈ કારણસર એ ઔરતનો નિભાવ તેના ઉપર વાજિબ હોય, તો એ સ્ત્રીને ઝકાત નહી આપી શકાય.

**મસઅલો ૧૯૬૮** : ઔરત પોતાના ફકીર શૌહરને ઝકાત આપી શકે છે, ભલેપછી શૌહર એ ઝકાતને એ જ ઔરતના નિભાવ ખર્ચમાં વાપરે.

**મસઅલો ૧૯૬૯** : સૈયદ ગૈરસૈયદ પાસેથી મજબૂરી સિવાય ઝકાત નહી લઈ શકે, પણ જો એહતિયાતે વાજિબની રૂએ ખુમ્સ અને બીજા ધાર્મિક હકોની આવકમાંથી એનો ખર્ચ પૂરો ન પડતો હોય, અને લાચારીએ ગૈરસૈયદ પાસેથી ઝકાત લેવી પડતી હોય, તો તેના માટે તે ઝકાત લેવી જાઈઝ છે. આ જ રીતે એહતિયાતે

વાજિબની રૂએ જો શક્ય હોય તો રોજીંદા ખર્ચ પૂરતી જ ઝકાત લ્યે.

**મસઅલો ૧૯૭૦** : જે શખ્સ વિશે ન જાણ હોય કે એ સૈયદ છે કે નહીં, તેને ઝકાત આપી શકાય છે. પણ જો તે સૈયદ હોવાનો દાવો કરે તો માલિકના શિરેથી ઝકાતની જવાબદારી ખત્મ નહી થાય.

## ઝકાતની નિય્યત

**મસઅલો ૧૯૭૧** : ઝકાત દેતી વખતે ઈન્સાનને કુરબતનની નિય્યત કરવી જોઈએ. એટલે કે ખુદાની મરજી અને એના હુકમનું પાલન કરવાના ઈરાદાથી આપે, પરંતુ જો કુરબતની નિય્યત વગર આપશે તો ઝકાત અદા થઈ જશે પણ ગુનેહગાર બનશે. ઉપરાંત એ પણ નક્કી કરવું જરૂરી છે કે જે ઝકાત દઈ રહ્યો છે તે માલની ઝકાત છે અથવા ઝકાતે ફિત્રા છે. બલ્કે અગર એના ઉપર ઘઉં અને જવની ઝકાત વાજિબ હોય, અને ઝકાતરૂપે તેની કિંમત આંકીને નાણા આપવા ધારે, તો તે વખતે નક્કી કરવું જરૂરી થશે કે ઘઉંની ઝકાત છે અથવા જવની છે.

**મસઅલો ૧૯૭૨** : જે શખ્સ ઉપર જુદા-જુદા માલની ઝકાત વાજિબ હોય, તે થોડી વસ્તુ ઝકાત આપે, પણ કોઈ ચીજની નિય્યત ન કરે, તો અગર એ ઝકાતમા આપેલી વસ્તુ માલના કોઈ પ્રકારમાંથી હોય, તો જે પ્રકારની હશે એ જ પ્રકારની ઝકાત ગણાશે. દાખલા તરીકે કોઈના ૪૦ ઘેટાની અને ૧૫ મિસ્કાલ સોનાની ઝકાત વાજિબ થાય, અને તે બંનેમાંથી કોઈ પણ નિય્યત કર્યા વગર એક ઘેટું

ઝકાત તરીકે આપે, તો એ ઘેટાની ઝકાત ગણાશે.

પણ જો એ ચાંદીના સિક્કા અથવા નોટો ઝકાતરૂપે આપે કે જે બંનેમાંથી કોઈ પ્રકારમાં ન ગણાય, તો અમુક ઉલમાનું માનવું છે કે એ બંને વસ્તુઓ વચ્ચે તેની વહેચણી થશે. પણ એ ઈશ્કાલથી ખાલી નથી. બલ્કે સંભવિત છે કે કોઈ પણ જાતની માલિકીની મિલ્કીયતમાં એમ ને એમ બાકી રહે. જ્યાં સુધી તે ઝકાતની નિય્યત ન કરે.

**મસઅલો ૧૯૭૩** : અગર કોઈ શખ્સ કોઈને વકીલ નીમે કે તે ઝકાતની અદાયગી કરી આપે, તો વકીલને સુપરત કરતી વખતે નિય્યત કરવી જરૂરી છે કે વકીલ ત્યારબાદ મુસ્તહકને જે આપશે તે ઝકાત હશે. બલ્કે એહતિયાતે મુસ્તહબ છે કે ફકીર સુધી ઝકાત પહોંચે ત્યાં સુધી પોતાની નિય્યત કાયમ રાખે.

## ઝકાત બારામાં જુદા જુદા મસાઈલ

**મસઅલો ૧૯૭૪** : અહવત છે કે જયારે ઈન્સાન ઘઉ અને જવને લાણી કરીને છુટા દાણા પાડી લ્યે, અને જયારે ખજૂર અને દ્રાક્ષની સૂકવણી કરી લ્યે, ત્યારે તેની ઝકાત ફકીરને આપી દ્યે, અથવા એને પોતાના માલમાંથી જુદી રાખી લ્યે. એવી જ રીતે જો સોનું, ચાંદી, ગાય, ઘેટાં, બકરા અને ઊંટને અગિયાર મહિના વીતી જાય, તો તેની ઝકાત ફકીરને આપી દ્યે, અથવા પોતાના માલમાંથી અલગ રાખે.

**મસઅલો ૧૯૭૫** : ઝકાતને માલમાંથી અલગ કર્યા બાદ તરત જ મુસ્તહકને દઈ દેવી લાઝિમ નથી. પણ અગર યોગ્ય કારણસર ઢીલ કરે તો વાંધો નથી.

**મસઅલો ૧૯૭૬** : અગર કોઈ શખ્સ મુસ્તહકને ઝકાત પહોંચાડી શકતો હોય, પણ ન પહોંચાડે, અને તેની લાપરવાઈને કારણે એ ઝકાત ગુમ થાય, અથવા બરબાદ થઈ જાય, તો એના ઉપર વાજિબ છે કે તેનું વળતર આપે.

**મસઅલો ૧૯૭૭** : અગર કોઈ શખ્સ મુસ્તહકને ઝકાત પહોંચાડી શકતો હોય, પણ ન પહોંચાડે, અને તેની હિફાઝતમાં કોઈ જાતની કચાશ ન કરી હોય તે છતાં એ ગુમ અથવા બરબાદ થઈ જાય તો જો ઢીલ કરવા પાછળ કોઈ વ્યાજબી આશય ન હોય તો તેની અવેજી પૂરી પાડવી વાજિબ થશે. પણ જો કોઈ વ્યાજબી કારણ હોય, જેમકે, એની નજરમાં કોઈ ખાસ ફકીર હોય, અથવા એની ઈચ્છા હોય કે ધીરે ધીરે ફકીરોને આપતો રહે, તો પણ એવા સંજોગમાં એહતિયાતે વાજિબની રૂએ તે જામીન રહેશે.

**મસઅલો ૧૯૭૮** : અગર જે માલ ઉપર ઝકાત લાગુ પડી હોય, એ જ માલમાંથી ઝકાત અલગ પાડી લ્યે, તો બાકીના માલ ઉપર તેને વપરાશનો પૂરો હક છે. અને જો એ ઝકાતને પોતાના બીજા માલમાંથી ઝકાત તરીકે અલગ રાખે, તો જે માલ ઉપર ઝકાત લાગુ પડી હતી તે પૂરેપૂરા માલ ઉપર વપરાશનો હક ધરાવશે.

**મસઅલો ૧૯૭૯** : જે ઝકાતને ઈન્સાને માલમાંથી

જુદી કરી લીધી હોય, તેને પોતાની જરૂરત માટે વાપરી તેની જગ્યાએ બીજી વસ્તુ મૂકવી જાએઝ નથી.

**મસઅલો ૧૯૮૦ :** અલગ રાખેલ ઝકાતમાંથી કંઈ નફો હાંસિલ થાય, જેમકે ઘેટીને ઝકાતરૂપે અલગ રાખી હોય, અને એ વીંયાઈને જન્મ આપે, તો તે પણ ઝકાતનો માલ ગણાશે.

**મસઅલો ૧૯૮૧ :** જે સમયે ઈન્સાન ઝકાતને અલગ કરી રહ્યો હોય, ત્યારે જો મુસ્તહક હાજર હોય, તો બેહતર છે કે તેને આપી દ્યે. સિવાય કે એ કોઈ એવા ફકીરના ઈન્તેઝારમાં હોય કે જેને ઝકાત દેવી અમુક કારણોસર બહેતર હોય.

**મસઅલો ૧૯૮૨ :** અગર હાકીમે શરઅની રજા વગર કોઈ શખ્સ અલગ રાખેલ ઝકાતના માલથી વેપાર કરે, અને તેમાં નુકસાની ભોગવે તો ઝકાતમાંથી કંઈ પણ ચીજ બાદ નહીં કરી શકે. પણ જો તેમાં નફો હાંસિલ કરે, તો એહતિયાતે લાઝિમ છે કે એ નફો પણ મુસ્તહકને આપે.

**મસઅલો ૧૯૮૩ :** અગર કોઈ શખ્સ તેના ઉપર ઝકાત વાજિબ થાય એથી પહેલાં કોઈ વસ્તુ ફકીરને આપી દ્યે, તો એને ઝકાત તરીકે નહીં ગણી શકે. અને ઝકાત વાજિબ થયા પછી, અગર ફકીરને આપેલી વસ્તુ એમ ને એમ બાકી હોય, અને ફકીર પણ પોતાની ફકીરીની હાલતમાં બાકી હોય, તો એને આપેલી વસ્તુને ઝકાત તરીકે ગણી શકશે.

**મસઅલો ૧૯૮૪ :** જે ફકીર જાણતો હોય કે ફલાણા શખ્સ ઉપર ઝકાત વાજિબ થઈ નથી, તે છતાં ઝકાતરૂપે એની પાસેથી કોઈ વસ્તુ સ્વીકારે, અને એ વસ્તુ એ ફકીર પાસેથી જતી રહે અથવા બરબાદ થઇ જાય તો ફકીર જવાબદાર ગણાશે, અને જ્યારે એ શખ્સ કે જેણે વસ્તુ આપી હતી, તેના ઉપર ઝકાત વાજિબ થાય, અને ફકીર ફકીરીની હાલતમાં હજી બાકી હોય, ત્યારે એ શખ્સ આપેલી વસ્તુની અવેજી ઝકાતમાં ગણી શકશે.

**મસઅલો ૧૯૮૫ :** જે ફકીરને ખબર ન હોય કે ફલાણા શખ્સ ઉપર ઝકાત વાજિબ થઈ નથી,અને એ ઝકાતરૂપે એની પાસેથી કંઈ વસ્તુ સ્વીકારે, જો એ ફકીર પાસે એ વસ્તુ ગુમ કે બરબાદ થાય તો ફકીર જામીન નહીં ગણાય, અને એ શખ્સ કે જેણે વસ્તુ આપેલી છે, તે વસ્તુની અવેજી ઝકાતમાંથી નહી વાળી શકે.

**મસઅલો ૧૯૮૬ :** ગાય, ઘેટાં, બકરાં અને ઊંટની ઝકાતમાં મુસ્તહબ છે કે એ એવા ફકીરને અપાય કે જે આબરૂદાર હોય; અને ઝકાત આપતી વખતે પોતાના સગાંસ્નેહીઓને અન્ય ઉપર, ઉલ્માઓ અને એહલે કમાલને એ ગુણો ન ધરાવનાર લોકો ઉપર, અને ન માંગવાવાળોઓને માંગવાવાળાઓ ઉપર અગ્રતા આપે. પણ જો કોઈ બીજા કારણોસર કોઈ ફકીરને આપવામાં બેહતરી હોય, તો તે ફકીરને આપી શકે છે.

**મસઅલો ૧૯૮૭ :** ઝકાત માટે બેહતર છે કે જાહેરમાં અપાય, અને મુસ્તહબ સદકા માટે બહેતર છે કે છાની રીતે આપવામાં આવે.

**મસઅલો ૧૯૮૮ :** અગર પોતાના શહેરમાં કોઈ મુસ્તહક ન હોય અને ઝકાત માટે નિયુકત બીજા કાર્ય માટે પણ આપવાની શકયતા ન હોય, અને એવી આશા પણ ન હોય કે નજીકના ભાવિમાં કોઈ મુસ્તહક હાજર થશે, તો એવા સંજોગમાં ઝકાત દેનાર ઝકાતને બીજા સ્થળે લઈ જઈ તેના દર્શાવવામાં આવેલા કાર્ય માટે વાપરી શકશે, જો હિફાઝત કરવામાં કોતાહી ન કરે અને તે વસ્તુ બરબાદ થઈ જાય તો તે જામીન નથી.અને હાકીમે શરઅની વકાલત લઈ સ્થાન પલટાને કારણે જે ખર્ચ થાય તે ઝકાતમાંથી લઈ શકશે; અને જો તેમ કરવા જતાં ઝકાત ગુમ કે બરબાદ થાય, તો એ ઝિમ્મેદાર નહીં રહે.

**મસઅલો ૧૯૮૯ :** અગર પોતાના શહેરમાં કોઈ મુસ્તહક હોય, તો પણ ઝકાત દેનાર ઝકાતને બીજે સ્થળે લઈ જઈ શકે છે, પણ તેમાં જે ખર્ચ થાય તે પોતે ભોગવશે; અને અગર ઝકાત ગુમ કે બરબાદ થઈ જાય તો એ જામીન રહેશે, સિવાય કે હાકીમે શરઅના હુકમથી બીજે સ્થળે લઈ ગયો હોય.

**મસઅલો ૧૯૯૦ :** ઘઉં, જવ, કિસમિસ અને ખજૂર ઉપર જે ઝકાત વાજિબ થઈ હોય, તેના માપતોલ અને વજન કરવાનો સર્વે ખર્ચ ઝકાત દેનાર પોતે ભોગવશે.

**મસઅલો ૧૯૯૧ :** ઝકાત દેનાર માટે મકરૂહ છે કે મુસ્તહકને એવી દરખાસ્ત કરે કે તેને ઝકાતમાં દીધેલી વસ્તુ પાછી વેચી આપે. પણ જો મુસ્તહક પોતે ઝકાતમાં લીધેલી વસ્તુને વેચે, અને એની કિંમત નક્કી કરી લ્યે. તો ત્યારબાદ બીજા ખરીદારો કરતાં ઝકાત દેનારને એ વસ્તુ ખરીદવાનો પહેલો હક છે.

**મસઅલો ૧૯૯૨ :** અગર કોઈને શક થાય કે તેના ઉપર જે ઝકાત વાજિબ હતી તે અદા થઈ હતી કે નહીં, અને જો એ માલ કે જેના ઉપર ઝકાત લાગુ થઈ હતી, તે એ મોજૂદ હોય, તો ઝકાત દેવી વાજિબ છે, ભલેપછી એ શક ભૂતકાળના વર્ષોની ઝકાત સંબધી હોય, પણ જો એ માલ ખતમ થઈ ગયો હોય, અથવા બરબાદ થઈ ગયો હોય, તો ઝકાત દેવી વાજિબ નહી થાય, ભલેપછી એ ચાલુ વર્ષની ઝકાત સંબધી હોય.

**મસઅલો ૧૯૯૩ :** ઝકાત લેવા પહેલાં, ફકીર વાજિબ થયેલ મિકદાર કે પ્રમાણથી ઓછું સ્વીકારવાની સમજૂતી નહી કરી શકે, એવી રીતે વસ્તુની ખરી કિંમત કરતાં વધુ કિંમત કરાર દઈ તેને ઝકાતરૂપે નહીં સ્વીકારી શકે, અને માલિક પણ મુસ્તહક ને ઝકાત દઈને એવી શરત નથી મૂકી શકતો કે એ વસ્તુ એને પાછી આપે. પણ જો મુસ્તહક ઝકાત વસૂલ કર્યા બાદ ખુદ રાજી હોય કે એને એ વસ્તુ પાછી આપી દે, તો તેમાં વાંધો નથી. જેમકે, કોઈના ઉપર ઝકાતની મોટી રકમ વાજિબ હોય, અને પોતે ફકીર થઈ ગયો હોવાથી એટલી મોટી ઝકાત આપવા સમર્થ ન હોય, અને હવે એણે તૌબા કરી લીધી હોય, અને જો ફકીર રજામંદ હોય એ ઝકાત લઈને તેને પાછી બક્ષી આપે, તો વાંધો નથી.

**મસઅલો ૧૯૯૪ :** અગર કોઈ શખ્સ ઝકાતની રકમ અલ્લાહની રાહમાં વાપરી કુરઆન, દીની કિતાબો અથવા દુઆની કિતાબ વિગેરે ખરીદીને વકફ કરવા માંગે તો એ જાએઝ નથી; સિવાય કે તેમ કરવામાં સમાન્ય લોકોની કંઈક ભલાઈ હોય; અને એહતિયાતે લાઝિમની રૂએ હાકીમે

શરઅ પાસેથી તેની રજા મેળવી જોઈએ.

**મસઅલો ૧૯૯૫** : અગર ઈન્સાન ઝકાતના પૈસાથી મિલકત ખરીદી પોતાની ઔલાદ માટે અથવા એવા લોકો કે જેનું ભરણપોષણ તેના ઉપર વાજિબ હોય તેમના માટે વકફ કરે, કે જેથી એની આવકમાંથી તેમનું જીવન નિર્વાહ થતુ રહે, તો એ જાએઝ નથી.

**મસઅલો ૧૯૯૬** : ઈન્સાન હજ, ઝિયારત વિગેરે જવા માટે ઝકાત લઈ શકે છે, અગરચે પોતે ફકીર ન હોય, અથવા વર્ષનાં ખર્ચ પૂરતી ઝકાત લઈ ચૂકયો હોય. પરંતુ એ માટે શરત એ છે કે તેનું હજ, ઝિયારત વિગેરે માટે જવું સામાન્ય લોકો માટે ફાયદારૂપ હોય, અને અહવતની રૂએ તે માટે ઝકાતના ઉપયોગની રજા હાકીમે શરઅ પાસેથી મેળવી જોઈએ.

**મસઅલો ૧૯૯૭** : અગર ઝકાતનો માલિક કોઈ ફકીરને વકીલ નીમી ઝકાતનું વિતરણ સોપે, અને જો એ ફકીરને એવું અનુમાન હોય કે માલિકનો ઈરાદો એ હતો કે એ ફકીર પોતે તેમાંથી કાંઈ ન લ્યે, તો તેમાંથી પોતાના માટે કાંઈ પણ લઈ નહીં શકે. અગર એને યકીન હોય કે માલિકનો એવો કોઈ ઈરાદો ન હતો, તો પોતાના માટે પણ તેમાંથી લઈ શકશે.

**મસઅલો ૧૯૯૮** : અગર કોઈ ફકીર ઊંટ, ગાય, ઘેટાં, બકરાં, સોનું ચાંદી ઝકાતરૂપે વસૂલ કરે, અને એ સર્વમાં ઉપર જણાવેલ શરતો મુજબ જો ઝકાત વાજિબ થઈ જાય, તો એ ફકીર ઉપર ઝકાત આપવી વાજિબ થશે.

**મસઅલો ૧૯૯૯ :** જે માલ ઉપર ઝકાત વાજિબ થઈ ગઈ હોય, તેમાં અગર કોઈ ઈન્સાન ભાગીદાર હોય, અને પોતે પોતાના ભાગની ઝકાત અદા કર્યા બાદ તેઓ વચ્ચે માલની વહેંચણી થાય, તો ભલે એ જાણતો હોય કે તેના ભાગીદારે ઝકાત આપી ન હતી, અને આપશે પણ નહીં, તે છતાં પોતાના હિસ્સાના માલનો ઉપયોગ કરવાનો સંપૂર્ણ હક ધરાવશે.

**મસઅલો ૨૦૦૦ :** જે શખ્સ ખુમ્સ અથવા ઝકાતનો કરજદાર હોય, ઉપરાત તેના ઉપર કફ્ફારા નઝરનો ઝિમ્મો બાકી હોય, અને કરજદાર પણ હોય, અને એ સર્વેની ભરપાઈ કરવાની શક્તિ ન ધરાવતો હોય, અને જે માલ ઉપર ખુમ્સ અથવા ઝકાત વાજિબ હોય તે માલ હજી બાકી હોય, તો પહેલાં ખુમ્સ અને ઝકાત અદા કરશે. પણ જો એ માલ ખતમ થઈ ગયો હોય, તો ઝકાત, અને ખુમ્સ અને કરજની અદાયગી પહેલાં કરશે. અને ત્યારબાદ કફ્ફારા અને નજર અદા કરશે.

**મસઅલો ૨૦૦૧ :** અગર કોઈ શખ્સ ઉપર ખુમ્સ અને ઝકાતનું લેણું હોય, અને તેના ઉપર હજ વાજિબ હોય, ઉપરાંત કરજદાર પણ હોય, અને એવી હાલતમાં ગુજરી જાય કે તેના માલમાંથી એ સર્વની અદાયગી માટે જોગવાઈ ન થઈ શકતી હોય, તો અગર જે માલ ઉપર ખુમ્સ અને ઝકાત વાજિબ થયું હતું એ માલ મોજૂદ હોય, તો વાજિબ છે કે તે માલમાંથી ખુમ્સ અને ઝકાતની અદાયગી કરવામાં આવે, અને બાકીના માલમાંથી તેનું કરજ અદા કરવામાં

આવે, પણ જો એ માલ કે જેના ઉપર ખુમ્સ અને ઝકાત વાજિબ થયું હતું કે તે બાકી રહેવા ન પામ્યો હોય, તો માલમાંથી કરજ અદા કરવામાં આવે, અને જો કાંઈ વધે તો હજની અદાયગી માટે આપવામાં આવે, અને ત્યારપછી જો કાંઈ વધે તો ખુમ્સ અને ઝકાતનો ભાગ અદા થાય.

**મસઅલો ૨૦૦૨** : જે શખ્સ ઈલ્મ હાંસિલ કરી રહ્યો હોય, અને જો એ ઈલ્મ હાંસિલ ન કરે તો કમાઈને પોતાનો ગુજારો કરી શકતો હોય, તેને ફકીરના ભાગમાંથી ઝકાત માત્ર એ જ સંજોગમાં આપી શકાશે જો એ ઈલ્મનું હાંસિલ કરવું વાજિબે અયની હોય; અને જો એ ઈલ્મ હાંસિલ કરવામાં સામાન્ય લોકોનો ફાયદો હોય અથવા લોકોની જરૂરીયાત પૂરી થતી હોય (જેમ કે મુબલ્લીગની જરૂરત હોય), તો અલ્લાહની રાહમાં ઝકાતના ખર્ચની જે રજા છે, તે પેટે અહવતની રૂએ હાકીમે શરઅની રજાથી આપી શકશે. આ બે સંજોગ સિવાય તેને ઝકાતમાંથી આપવું જાએઝ નથી.

## ઝકાતે ફિત્રા

**મસઅલો ૨૦૦૩** : ઈદુલ ફિત્રની રાત્રે સૂર્યાસ્ત સમયે જે શખ્સ બાલિગ અને આકિલ હોય, અને બેહોશ, ફકીર કે કોઈનો ગુલામ ન હોય, તો તેના ઉપર વાજિબ છે કે પોતાનો અને તથા જેમનો નિભાવ ખર્ચ તે આપતો હોય, તેમનો ફિત્રો અદા કરીને મુસ્તહકને આપે. દરેક માથા દીઠ એક સાઅ, એટલે આશરે ત્રણ કિલો અનાજ, જેમકે ઘઉં અથવા જવ અથવા ખજૂર અથવા કિસમિસ અથવા ચાંવલ અથવા જુવાર મુસ્તહકને આપે. અને જો એની જગ્યાએ

કિંમત આંકીને નાણાં આપવામાં આવે તો પણ કાફી છે.

એહતિયાતે લાઝીમ છે કે જે અનાજનો એના શહેરમાં રિવાજ ન હોય, એટલે કે ખાવામાં વપરાતું ન હોય, તેમાંથી ફિત્રો ન આપે, ભલેપછી એ ઘઉં, જવ, ખજૂર કે કિસમિસ હોય.

**મસઅલો ૨૦૦૪** : જે શખ્સ પોતાનો તેમજ પોતાના પરિવારનો વાર્ષિક ખર્ચ ન ધરાવતો હોય અને કોઈ એવો રોજગાર ન હોય કે જે એને ખર્ચ ઉપાડવામાં મદદ કરતો હોય, તો એ શખ્સ ફકીર છે, અને એના ઉપર ઝકાતે ફિત્રા દેવું વાજિબ નહી થાય.

**મસઅલો ૨૦૦૫** : ઈદુલ ફિત્રની રાત્રે મગરિબ સમયે જે જે લોકો ઈન્સાનના ભરણપોષણમાં ગણાતા હોય, તે ચાહે નાની વયના હોય કે મોટી વયના, મુસ્લમાન હોય કે કાફીર, તેનો નિભાવ ઈન્સાન ઉપર વાજિબ હોય કે ન હોય, શહેરમાં હાજર હોય કે ન હોય, તે બધાનો ફિત્રો આપવો તેના ઉપર વાજિબ છે.

**મસઅલો ૨૦૦૬** : અગર કોઈ શખ્સ પોતાના ભરણપોષણમાં આવનાર કે જે બીજે સ્થળે હોય, વકીલ બનાવીને કહે કે તેના માલમાંથી પોતાનો ફિત્રો આપી દ્યે, અને જો ઈત્મીનાન હાંસિલ થાય કે તે વ્યક્તિએ પોતાનો ફિત્રો અદા કરી નાખશે, તો તેનો ફિત્રો આપવો લાઝિમ નહીં થાય.

**મસઅલો ૨૦૦૭** : જે મહેમાન ઈદુલ ફિત્રની રાત્રે મગરિબ થાય એથી પહેલાં મેઝબાનના ઘરે આવે રાત ત્યાં વિતાવે અને ટૂંક સમય માટે જ તે ઘરના જમવાવાળામાં

તેનો હિસાબ થાય તો મેઝબાન ઉપર એ મેહમાનનો ફિત્રો વાજિબ છે.

**મસઅલો ૨૦૦૮** : જે મહેમાન ઈદુલ ફિત્રની રાત્રે મગરિબ બાદ વારીદ થાય, તે અગર મેઝબાનના આશ્રિત તરીકે ગણાતો હોય, તો અહવતની રૂએ તેનો ફિત્રો મેઝબાન ઉપર વાજિબ છે, અને આશ્રિત ન હોય, તો વાજિબ નહીં થાય, ભલે પછી મગરિબ પહેલાં એને ઘરે ઈફતાર કરવા આવવાનું આમંત્રણ આપ્યું હોય.

**મસઅલો ૨૦૦૯** : અગર ઈદુલ ફિત્રની રાત્રે મગરિબ સમયે કોઈ શખ્સ દીવાનો હોય, અને જો એની દીવાનગી ઈદુલ ફિત્રના દીવસે ઝોહર સુધી બાકી રહે, તો તેના ઉપર ઝકાતે ફિત્રો વાજિબ નહીં થાય; નહીંતર એહતિયાતે વાજિબની રૂએ લાઝિમ છે કે ફિત્રો આપે.

**મસઅલો ૨૦૧૦** : અગર મગરિબ પહેલાં કોઈ બાળક બાલિગ થાય, અથવા દીવાનો સાજો થઈ અકલમંદ થાય, અથવા ફકીર અમીર થઈ જાય, તો જો ફિત્રો વાજિબ થવાની શરતો ધરાવતો હોય તો વાજિબ છે કે ઝકાતે ફિત્રા આપે.

**મસઅલો ૨૦૧૧** : જે માણસ ઈદુલ ફિત્રની રાત્રે મગરિબ સમયે એવી હાલતમાં હોય તેના ઉપર ફિત્રાની ઝકાત વાજિબ ન હોય, પણ ઈદના દિવસે ઝોહર પહેલાં તેમાં ફિત્રો વાજિબ થવાની શરતો ઉપસ્થિત થાય, તો એહતિયાતે વાજિબ છે કે ફિત્રો અદા કરે.

**મસઅલો ૨૦૧૨** : જે કાફિર ઈદુલ ફિત્રની રાત્રે મગરિબ બાદ મુસલમાન થાય, તેના ઉપર ફિત્રો વાજિબ

નથી, પણ જે મુસલમાન શિયા ન હતો, અને ઈદના ચાંદ બાદ શિયા થયો હોય, તો વાજિબ છે કે ફિત્રો અદા કરે.

**મસઅલો ૨૦૧૩** : જે શખ્સ પાસે માત્ર એક સાઅ પુરતું ઘઉં અથવા એવી જાતનું અનાજ હોય, તેના માટે મુસ્તહબ છે કે ઝકાતે ફિત્રા આપે, અને જો એનું કુટુંબ પરિવાર હોય અને એમના વતી પણ ફિત્રો આપવા માગે, તો એમ કરી શકે છે કે ફિત્રાની નિય્યતથી કુટુંબના એક જણને એ એક સાઅ આપે, અને એ જણ ફિત્રાની નિય્યતથી કુટુંબના બીજા સભ્યને આપે, એટલે સુધી કે છેલ્લા સભ્યના હાથમાં પહોંચે, અને બેહતર છે કે છેલ્લો સભ્ય એ ફિત્રો એવા વ્યક્તિને આપે કે જે કુટુંબી ન હોય. હવે જો કુટુંબીમાં કોઈ સગીર વયનો હોય, તો એના વતી એનો વલી લઈ શકશે. અને એહતિયાતે મુસ્તહબ છે કે તે વલી પોતાની નિય્યતથી લ્યે.

**મસઅલો ૨૦૧૪** : અગર ઈદુલ ફિત્રની રાત્રે મગરિબ બાદ કોઈને ત્યાં બચ્ચું જન્મે અથવા શાદી કરે તો તેનો ફિત્રો આપવો વાજિબ નથી, પરંતુ જો મગરિબ પહેલાં શાદી કરે અથવા બચ્ચું જન્મે અને તે તેઓના ભરણપોષણમાં આવનાર ગણાય તો તેનો ફિત્રો આપવો જરૂરી છે. પણ જો તે કોઈના પણ ભરણપોષણમાં ગણાતા ન હોય, તો ઔરત પોતાનો ફિત્રો આપે. અને બાળકની કોઈ ઝિમ્મેદારી નથી.

**મસઅલો ૨૦૧૫** : અગર કોઈ શખ્સ કોઈ ઈન્સાનના ભરણપોષણમાં હોય, અને મગરિબ પહેલાં કોઈ બીજાના

ભરણપોષણમાં આવી જાય, તો જેના ભરણપોષણમાં ગણાય તેના ઉપર એનો ફિત્રો વાજિબ ગણાશે. જેમકે દીકરી મગરિબ પહેલાં પોતાના શૌહરના ઘરે પહોંચી જાય તો શૌહર તેનો ફિત્રો આપશે.

**મસઅલો ૨૦૧૬ :** જે શખ્સના ફિત્રાનો ઝિમ્મો બીજા ઉપર હોય, તેના ઉપર વાજિબ નથી કે પોતે ફિત્રો આપે. જે શખ્સનો ફિત્રો બીજાને ઝિમ્મે હોય, પણ જો એ તેનો ફિત્રો ન આપે, તો એ શખ્સ ઉપર એહતિયાતે વાજિબ છે કે પોતાનો ફિત્રો અદા કરે, અગર તે માટે મસઅલો ૨૦૦૩માં જણાવેલી શરતો મોજૂદ હોય.

**મસઅલો ૨૦૧૭ :** જે શખ્સનો ફિત્રો બીજાને ઝિમ્મે હોવા છતાં પોતે પોતાનો ફિત્રો અદા કરે, તો જેના ઉપર ઝિમ્મો હતો (જવાબદારી હતી) તે (વ્યક્તિ) તે (જવાબદારી)માંથી મુક્ત નહી થાય.

**મસઅલો ૨૦૧૮ :** જે શખ્સ સૈયદ ન હોય, તે પોતાનો ફિત્રો સૈયદને નહીં આપી શકે, ભલે પછી કોઈ સૈયદ તેના ભરણપોષણમાં હોય, તો પણ તે (ગૈર સૈયદ વ્યક્તિ) પોતાના ભરણપોષણમાં આવનાર સૈયદનો ફિત્રો (બીજા) સૈયદને નહી આપી શકે.

**મસઅલો ૨૦૧૯ :** જો બચ્ચું મા અથવા દાયાનું દૂધ પીતું હોય, તો એ દૂધ પીવરાવનારનો ખર્ચ જે કોઈ આપતો હોય તે ખર્ચ આપનાર ઉપર એ બચ્ચાંનો ફિત્રો વજિબ થશે પણ જો એ દૂધ પીવરાવનાર મા કે દાયા ખુદ બચ્ચાના માલમાંથી પોતાનો ખર્ચ લેતી હોય, તો બચ્ચાનો ફિત્રો

કોઈના ઉપર વાજિબ નહી થાય.

**મસઅલો ૨૦૨૦ :** ઈન્સાન અગર પોતાના પરિવારનું ભરણપોષણ અને નિભાવ હરામ માલથી કરતો હોય, તો પણ તેના ઉપર વાજિબ છે કે હલાલ માલમાંથી ફિત્રો અદા કરે.

**મસઅલો ૨૦૨૧ :** અગર ઈન્સાન કોઈને મહેનતાણું આપીને કોઈ કામ માટે રોકે, જેમકે, સુથાર, ચણતર કરનાર, અથવા નોકરને એવી રીતે રોકે કે એના ભરણપોષણમાં આવનાર તરીકે ગણતરી થાય, તો એમનો ફિત્રો મહેનતાણુ આપનાર ઉપર વાજિબ થશે, પણ જો માત્ર પગારદાર તરીકે રોક્યા હોય, તો પગારદારનો ફિત્રો મહેનતાણુ આપનાર ઉપર વાજિબ નહીં થાય.

**મસઅલો ૨૦૨૨ :** અગર કોઈ શખ્સ ઈદની રાતે મગરિબ પહેલાં ગુજરી જાય, તો એનો અને એના કુટુંબ પરિવારનો ફિત્રો એના માલમાંથી અદા કરવું વાજિબ નથી. પણ જો મગરિબ બાદ ગુજરી જાય તો જો કે મશહૂર એ છે કે માલમાંથી એનો અને એના કુંટુબીજનનો ફિત્રો આપવામાં આવે, પણ એ હુકમ ઈશ્કાલથી ખાલી નથી, અને એ મસઅલામાં એહતિયાત તર્ક ન કરવામાં આવે.

## ઝકાતે ફિત્રાનો વપરાશ

**મસઅલો ૨૦૨૩ :** એહતિયાતે વાજિબ છે કે ઝકાતે ફિત્રા ફક્ત શિયા ઈસ્નાઅશરી ફકીરને આપવામાં આવે, કે જે ફકીરમાં ઝકાતના મુસ્તહક હોવા માટે જણાવેલી શરતો મોજૂદ હોય. પણ જો શહેરમાં શિયા ફકીરોમાંથી

કોઈ ન હોય, તો બીજા મુસલમાન ફકીરોને આપી શકાય છે. પણ કોઈ સંજોગે નાસીબી એટલે કે એહલેબૈત અ.સ ના દુશ્મનોને નહીં આપી શકાય.

**મસઅલો ૨૦૨૪** : અગર કોઈ નાબાલિગ શિયા બચ્ચું ફકીર હોય, તો ઈન્સાન તેના લાભાર્થે ફિત્રો વાપરી શકે છે, અથવા તેના વલીને આપીને એ બચ્ચાંની મિલકીય્યતમાં પહોંચાડી શકે છે.

**મસઅલો ૨૦૨૫** : જે ફકીરને ફિત્રો અપાય, તેના માટે આદિલ હોવું જરૂરી નથી. પણ એહતિયાતે વાજિબની રૂએ શરાબી, બેનમાઝી અને છડેચોક ગુનાહ કરનારને ફિત્રો ન આપવો જોઈએ.

**મસઅઓ ૨૦૨૬** : જે શખ્સ ફિત્રાનો ઉપયોગ ગુનાહના કામમાં કરતો હોય તેને ફિત્રો ન આપવો જોઈએ.

**મસઅલો ૨૦૨૭** : એહતિયાતે મુસ્તહબ છે કે એક ફકીરને એક સાઅથી ઓછો ફિત્રો ન દેવામાં આવે, પણ જો એક સાઅથી વધુ આપે તો વાંધો નથી. અને અગર ફકીરો વધારે ભેગા થયા હોય અને બધાને ન મળી શકે તો ઓછુ દેવામાં વાંધો નથી.

**મસઅલો ૨૦૨૮** : અગર કોઈ જણસની કિંમત એજ જણસની ઉતરતી કોટિ કરતા બમણી હોય, જેમકે, ઊંચી જાતના ઘઉંની કિંમત સામાન્ય ઘઉં કરતા બમણી કિંમતના હોય, અને એ રીતે હિસાબ કરીને અડધો સાઅ આપે તો કાફી નથી. બલ્કે અડધા સાઅને કિંમતરૂપે ચૂકવે તો પણ કાફી નથી.

**મસઅલો ૨૦૨૯ :** અગર કોઈ શખ્સ એક જણસમાંથી અડધો સાઅ, અને બીજા જણસમાંથી અડધો સાઅ લ્યે, જેમકે અડધો સાઅ ઘઉંમાંથી અને બાકીનો અડધો સાઅ જવમાંથી લઈને ફિત્રો આપવા માંગે, તો એ જાઇઝ નથી. બલ્કે એ મુજબ જો ફિત્રાની કિંમત આંકીને આપે તો પણ કાફી નથી.

**મસઅલો ૨૦30 :** ઝકાતે ફિત્રા આપતી વખતે પોતાના સગાંસ્નેહીનેઓમાં, અને પાડોશીઓમાં જે ફકીર હોય તેને અગ્રતા આપવી મુસ્તહબ છે, અને યોગ્ય એ છે કે ઈલ્મ, તક્વા અને સરસાઈવાળાઓને અન્ય ઉપર અગ્રતા આપે.

**મસઅલો ૨૦31 :** અગર ઈન્સાન કોઈને ફકીર ધારીને ઝકાતે ફિત્રા આપે, અને પછી ખબર પડે કે એ ફકીર ન હતો, અને જો તેને અપાયેલ માલ હજી બાકી હોય, તો એના પાસેથી પાછો લઈને મુસ્તહકને આપે. પણ જો પાછો ન લઈ શકે, તો પોતાના માલમાંથી ફિત્રાની અવેજી આપે. પણ જો એ આપેલો માલ ગુમ અથવા બરબાદ થયો હોય અથવા વપરાઈ ગયો હોય, તો બે સૂરત છે:

(૧) અગર લેનારને ખબર હતી કે જે વસ્તુ લઈ રહ્યો છે એ ફિત્રો છે, તો તેના ઉપર વાજિબ છે કે અવેજી આપે.

(૨) અગર લેનારને એ બારામાં ખબર ન હતી, તો તેના ઉપર કાંઈ વાજિબ નથી અને એ સૂરતમાં ઈન્સાન પોતે ફિત્રાની અવેજી અદા કરશે.

**મસઅલો ૨૦3૨ :** જે શખ્સ દાવો કરે કે એ ફકીર છે,

તો માત્ર દાવા ઉપર તેને ઝકાતે ફિત્રા નહીં આપી શકાય, સિવાય કે તેના કહેવાથી ઈત્મીનાન હાંસિલ થાય, અથવા ઈન્સાનને જાણ હોય કે એ શખ્સ ભૂતકાળમાં ફકીર હતો.

## ઝકાતે ફિત્રાને લગતા જુદાજુદા એહકામ

**મસઅલો ૨૦૩૩** : ઝકાતે ફિત્રા માટે કુરબતનની નિય્યત જરૂરી છે, એટલે કે ઈન્સાન એવો ઈરાદો કરે, કે અલ્લાહના હુકમને આધીન થઈને, તેની ખુશ્નુદી માટે ફિત્રો અદા કરી રહ્યો છે. અને તેની નિય્યત ફિત્રો દેતી વખતે કરવી જોઈએ.

**મસઅલો ૨૦૩૪** : અગર કોઈ શખ્સ માહે રમઝાનથી પહેલાં ફિત્રો આપે તો એ સહીહ નહીં ગણાય; બલ્કે બહેતર છે કે માહે રમઝાન દરમિયાન પણ ફિત્રો ન આપે. પણ અગર એણે માહે મુબારકથી પહેલાં કોઈ ફકીરને કરજ આપ્યું હોય, અને ફિત્રો વાજિબ થઈ ગયા બાદ અગર એ ચાહે કે પોતાના લેણાને ફિત્રાના હિસાબમાં લઈ લ્યે, તો વાંધો નથી.

**મસઅલો ૨૦૩૫** : ઘઉં યા એવી બીજી જણસ જયારે ફિત્રા રૂપે દેવાય, ત્યારે તેમાં કોઈ બીજી જણસ અથવા માટે કે ધૂળ ભેળસેળ થયેલ ન હોવી જોઈએ અને જો ભેળસેળ હોય, પણ નિર્મળ જણસનું વજન એક સાઅ થતું હોય, અને મિલાવટ દૂર કર્યા વિના ઉપયોગમાં લઈ શકાતી હોય, અથવા મિલાવટને દૂર કરવું કે છુટુ પાડવું હદ ઉપરાંત મુશ્કીલ ન હોય, અથવા ભેળસેળનું પ્રમાણ એટલું ઓછુ હોય કે એ તરફ ધ્યાન ધરવાની જરૂરત ન જણાતી

હોય, તો વાંધો નથી.

**મસઅલો ૨૦૩૬** : અગર કોઈ ખામીવાળી અથવા ખોડખાપણવાળી વસ્તુ ફિત્રા તરીકે દેવાય, તો એહતિયાતે વાજિબની રૂએ કાફી નહીં ગણાય.

**મસઅલો ૨૦૩૭** : જે શખ્સ અનેક લોકો વતી ફિત્રો અદા કરી રહ્યો હોય, તેના માટે જરૂરી નથી કે દરેકનો ફિત્રો એકજ પ્રકારના જણસમાંથી હોય, જેમકે, અગર અમુકનો ફિત્રો ઘઉંમાંથી અને અમુકનો ફિત્રો જવમાંથી અદા કરે, તો કાફી ગણાશે.

**મસઅલો ૨૦૩૮** : જે શખ્સ નમાઝે ઈદે ફિત્ર પઢવાનો હોય, તો તેના માટે એહતિયાત વાજિબ છે કે નમાઝ પહેલાં ફિત્રો આપી દ્યે, પણ જો એ નમાઝે ઈદ ન પઢવાનો હોય, તો ઝોહરના સમય સુધી ફિત્રાની અદાયગીમાં ઢીલ કરી શકે છે.

**મસઅલો ૨૦૩૯** : અગર ઝકાતે ફિત્રાની નિય્યતથી અમુક માલ પોતાના માલમાંથી અલગ કરી લ્યે, અને ઈદના દિવસે ઝોહર સુધીમાં મુસ્તહકને ન આપે, તો જયારે પણ આપે, ત્યારે ફિત્રાની નિય્યત કરે. મોડું કરવામાં કોઈ યોગ્ય કારણ હોય તો વાંધો નથી.

**મસઅલો ૨૦૪૦** : અગર કોઈ શખ્સ ફિત્રો વાજિબ થતા તેની અદાયગી ન કરે, અને પોતાના માલમાંથી અલગ પણ ન કરે, તો ત્યારબાદ એહતિયાતે વાજિબની રૂએ કઝા કે અદાની નિય્યત વિના ફિત્રો આપશે.

**મસઅલો ૨૦૪૧** : અગર ફિત્રાને પોતાના માલમાંથી અલગ કરી લ્યે, તો તેમાંથી કાંઈ પણ લાભાર્થે વાપરીને

તેની અવેજી નહીં આપી શકે.

**મસઅલો ૨૦૪૨** : અગર કોઈ શખ્સ પાસે અમુક અંદાજે માલ હોય કે જેની કિંમત ફિત્રાથી વધારે હોય તે ફિત્રો ન આપે પરંતુ નિય્યત કરે કે આ માલમાં અમુક ભાગ ફિત્રો છે, તો એ એહતિયાતે વાજિબની રૂએ કાફી નથી.

**મસઅલો ૨૦૪૩** : અગર જે માલ ફિત્રારૂપે અલગ મૂકવામાં આવ્યો હોય, તે ગુમ અથવા બરબાદ થઈ જાય, તો જો ફકીર સુધી પહોંચ હોવા છતાં આપવામાં ઢીલ કરી હોય, અથવા તેની હિફાઝતમાં કચાશ કરી હોય, તો તેની અવેજી આપવી પડશે. પણ જો ફકીર સુધી પહોંચ ન હતી, અને તેની સુરક્ષામાં કોઈ લાપરવાહીથી ન વર્તયો હોય, તો એ જામીન નથી.

**મસઅલો ૨૦૪૪** : અગર પોતાના વિસ્તારમાં મુસ્તહક મળી જતો હોય, તો એહતિયાતે વાજિબ છે કે ફિત્રાને બીજી જગ્યાએ ન લઈ જવામાં આવે, અને જો કોઈ શખ્સ એવા સંજોગમાં બીજે લઈ જાય અને મુસ્તહકને આપે તો કાફી છે અને તેમ કરવાથી માલ ગુમ થાય અથવા બરબાદ થાય, તો તેની અવેજી આપવી પડશે.

## હજના એહકામ

**મસઅલો ૨૦૪૫** : હજ એટલે ખાને ખુદા, કા'બાની ઝિયારત કરવી, અને શરીઅતમાં જણાવવામાં આવેલા આમાલ ત્યાં જઈને બજાવી લાવવા. અને જે શખ્સ માટે નીચે જણાવેલી શરતો પૂરી થાય, તેના ઉપર જિંદગીમાં

એક વાર હજ વાજિબ છેઃ
(૧) બાલિગ હોવો જોઈએ;
(૨) આકિલ અને આઝાદ હોય;
(૩) હજ માટે જવાથી એ એવા હરામ કાર્ય કરવા માટે લાચાર ન થાય, કે જેને તર્ક કરવું હજના વાજિબ કરતાં વધુ મહત્વપૂર્ણ હોય, અથવા એવા વાજિબ કાર્યને તર્ક કરવાને મજબૂર ન થાય કે જે હજ કરતા વધુ અગત્યનું હોય, પરંતુ જો આવી હાલતમાં પણ જો તે હજ માટે જશે તો તેની હજ સહીહ છે પણ તે ગુનેહગાર થશે.
(૪) મુસ્તતીઅ હોવો જોઈએ, અને તે નીચે જણાવેલી રીતે સાબિત થશે :
(અ) રસ્તાનું ભાથુ, મુસાફરીનો ખર્ચ, જરૂરત જણાતા સવારી, અથવા એ જરૂરીયાતોને પૂરી પાડવા માટે માલ હોવો જોઈએ;
(બ) તંદુરસ્તી અને શક્તિ હોય, કે જેથી વધુ પડતી ઝેહમત વગર મક્કા જઈને હજ અદા કરી શકે; આ શરત ઈન્સાનને પોતે હજ બજાવી લાવવાનું વાજિબ થવા માટેની છે. માટે અગર કોઈ પાસે પૈસા હોય પણ તંદુરસ્તી ન હોય અથવા એવી બીમારી હોય કે જે દૂર થવાની શક્યતા ન હોય તો જરૂરી છે કે નાયબ રાખે.
(જ) રસ્તો ખુલ્લો હોવો જોઈએ, અગર રસ્તો બંધ હોય, અથવા એવો ખોફ હોય કે ઈન્સાનને જાન યા ઈઝ્ઝતની નુકસાની ભોગવવી પડશે, અથવા એનો માલ લૂંટાશે, તો તેના ઉપર હજ કરવા જવું વાજિબ નથી. પણ જો બીજો

સલામતીભર્યો રસ્તો હોય, તો ભલે પછી તે રસ્તો લાંબો હોય છતાં એ રસ્તે જવું જોઈએ. અલબત્ત, અગર એ રસ્તો જાણીતો ન હોય અથવા બહુ જ લાંબો હોય જેથી એમ કહી શકાય કે હજનો રસ્તો બંધ છે, તો જવું વાજિબ નથી;

(દ) હજના આમાલ બજાવી શકે તેટલો સમય હોવો જોઈએ;

(હ) જે લોકોનો જીવનનિર્વાહ તેના ઉપર વાજિબ હોય જેમકે પરિવાર એટલે કે પત્ની, બચ્ચાઓ તેમજ જે લોકોનો ખર્ચ ન આપવાથી અસહ્ય મુશ્કેલીમાં મૂકાઈ જાય તેમ હોય, તેનો ખર્ચ ધરાવતો હોય.

(વ) હજથી પાછો આવે, ત્યારે તેની પાસે ગુજરાન ચલાવવા માટે કમાણી, ખેતીવાડી, મિલકતની આવક અથવા બીજો કોઈ એવો વસીલો હોવો જોઈએ, એટલે કે એવું ન બને કે હજ કરીને પાછો ફરે ત્યારે પોતાનું ગુજરાન ન ચલાવી શકે, અથવા સંકટમાં મૂકાઈ જાય.

**મસઅલો ૨૦૪૬ :** જે શખ્સની જરૂરીયાત અને મોહતાજી, જયાં સુધી કે રહેણાંક માટે પોતાનું મકાન ન હોય, ત્યાં સુધી દૂર ન થઈ શકતી હોય, તો એવા શખ્સ પર ત્યારે જ હજ વાજિબ થશે જયારે એની પાસે મકાન લેવા માટે પણ પૈસા હોય.

**મસઅલો ૨૦૪૭ :** જે ઔરત મક્કા જઈ શકતી હોય, તે અગર પાછી આવે ત્યારે એની પાસે કાંઈ માલ બાકી ન રહેવા પામે, અને દાખલા તરીકે તેનો પતિ પણ ફકીર હોય અને એને ખર્ચ ન આપતો હોય, જેને કારણે જીવન

નિર્વાહમાં સંકટ અને સખ્તી ઉપસ્થિત થાય, તો તેના ઉપર હજ વાજિબ નથી.

**મસઅલો ૨૦૪૮** : જે શખ્સ પાસે મુસાફરીનો ખર્ચ, ભાથું, સવારી, વાહન ન હોય, અને કોઈ બીજો શખ્સ એને હજ જવાની પ્રેરણા આપી વાયદો કરે કે તેનો ખર્ચ અને તેના પરિવારનો ખર્ચ આપશે અને જો તેના કહેવા ઉપર વિશ્વાસ થાય કે તે ખર્ચ આપશે તો તેના ઉપર હજ વાજિબ થશે.

**મસઅલો ૨૦૪૯** : અગર કોઈ શખ્સ ઈન્સાનને હજ માટે આવવા જવાનો, તેમજ એ પાછો ફરે ત્યાં સુધી તેના પરિવારનો ખર્ચ ભેટરૂપે આપે તો એ ઈન્સાન ઉપર હજ વાજિબ થશે, ભલેપછી પોતા ઉપર લેણું હોય, અને આવ્યા પછી ગુજરાન માટે એની પાસે કોઈ માલ કે વસીલો ન હોય.

પણ જો એવી રીતે હોય કે હજના દિવસો એના કામના અને કમાણીના હોય, અને હજ માટે મુસાફરીએ જવાથી પોતાનું કરજ સમયસર અદા ન કરી શકે, અથવા વર્ષના બાકી દીવસોમાં જીવન નિર્વાહ ચલાવવા માટે મુશ્કેલીમાં મૂકાય જાય, તો તેના ઉપર હજ વાજિબ નથી.

**મસઅલો ૨૦૫૦** : અગર ઈન્સાનને હજ માટે આવવા જવાનો ખર્ચ, અને હજ દરમિયાન તેના કુટુબીંઓનો ખર્ચ આપવામાં આવે, અને હજ કરવા માટે તૈયાર કરે, પણ એ રકમ તેની મિલકીય્યતમાં ન આપે, એવા સંજોગમાં જો લેનારને યકીન હોય કે મળેલી રકમ પાછી માંગવામાં નહીં આવે તો તેના ઉપર હજ વાજિબ થશે.

**મસઅલો ૨૦૫૧** : અગર કોઈ શખ્સને હજ પૂરતી રકમ એ શરતે આપવામાં આવે કે મુસાફરી દરમિયાન દેનારની ચાકરી, ખિદમત કરે, તો તેના ઉપર હજ વાજિબ નહીં થાય.

**મસઅલો ૨૦૫૨** : અગર કોઈ શખ્સને પૂરતી રકમ આપી તેના ઉપર હજ વાજિબ કરવામાં આવે, અને એ હજ કરીને પાછો આવે, ત્યારબાદ અલ્લાહના ફઝલથી પોતે માલદાર થઈ જાય, તો એના ઉપર બીજી વાર હજ પર જવું વાજિબ નથી.

**મસઅલો ૨૦૫૩** : અગર કોઈ શખ્સ દાખલા તરીકે વેપાર અર્થે જીદાહ સુધી જાય, અને ત્યારબાદ એટલી કમાણી હાંસિલ કરે કે મક્કા સુધી જવા માટે મુસ્તતીઅ થઈ જાય, તો તેના ઉપર હજ વાજિબ થશે, અને અગર એ હજ કરે, અને આગળ જતાં એટલું ધન કમાય કે પોતાના વતનથી મક્કા જઈ શકે, તો પણ બીજી વાર હજ વાજિબ નહીં થાય.

**મસઅલો ૨૦૫૪** : જો કોઈ એ શરત સાથે હજ માટે નાયબ બન્યો હોય કે તે પોતે નિયાબતની હજ બજાવી લાવશે, અને જો તે પોતે જઈ શકે તેમ ન હોય, પોતાની જગ્યાએ બીજા કોઈને નિયાબતની હજ માટે મોકલવા ચાહતો હોય તો નિયાબત આપનારની રજા લેવી જોઈએ.

**મસઅલો ૨૦૫૫** : જે શખ્સ મુસ્તતીઅ થઈને મક્કા જાય, અને શરીઅતમાં હુકમ છે તે પ્રમાણે સમયસર અરફાત કે મશઅરૂલ હરામ સુધી ન પહોંચે, અને તે પછીના વર્ષોમાં જો એ મુસ્તતીઅ ન રહે તો એના ઉપર હજ

વાજિબ નથી. પણ જો એના ઉપર પહેલાં હજ વાજિબ થઈ ચૂકી હોય, પણ ન ગયો હોય, તો એવા સંજોગમાં મુશ્કેલીઓ વેઠીને પણ હજ માટે જવું જોઈએ.

**મસઅલો ૨૦૫૬** : જે શખ્સ મુસ્તતીઅ થઈ ગયા બાદ હજ ન કરે, અને તે બાદ ઘડપણ કે બીમારી કે કમજોરીને કારણે હજ અદા ન કરી શકતો હોય અને પોતે કોઈ કાળે હજ માટે જઈ શકે તે બાબતે નિરાશ થઈ ગયો હોય, તો વાજિબ છે કે પોતાના વતી બીજાને હજ માટે મોકલે. બલ્કે અગર તદ્દન નિરાશ ન થયો હોય તો પણ એહતિયાતની રૂએ કોઈને ઉજરત આપીને મોકલે, અને ત્યારબાદ જો પોતે હજ માટે જવા શક્તિશાળી થાય તો પોતે પણ હજ અદા કરશે. એવી જ રીતે જે વર્ષ મુસ્તતીઅ થાય એ જ વર્ષે ઘડપણ, બીમારી કે કમજોરીને કારણે હજ માટે જવા અશક્ત હોય, અથવા પોતે અદા કરી શકવા બાબતે નિરાશ થઈ ગયો હોય, તો પણ ઉપરોક્ત હુકમ લાગુ પડશે.

ઉપરોક્ત દરેક સંજોગમાં એહતિયાતે મુસ્તહબ છે કે અગર નિયાબત દેનાર પુરૂષ હોય, તો નિયાબત લેનારની પહેલી હજ હોય.

**મસઅલો ૨૦૫૭** : અગર કોઈ શખ્સ ઉજરત લઈને બીજા વતી હજ કરે, તો તેના ઉપર તવાફૂન્નિસાઅ પણ ઉજરત દેનાર વતી બજાવી લાવવું વાજિબ છે. અને જો ન બજાવી લાવે તો ઉજરત લેનાર ઉપર તેની પત્ની હરામ થશે.

**મસઅલો ૨૦૫૮ :** અગર કોઈ શખ્સ તવાફુન્નિસાને સહીહ રીતે અંજામ ન આપે, અથવા ભૂલી જાય, અને અમુક દિવસો બાદ યાદ આવતા એ પાછો ફરીને તે બજાવી લાવે, તો સહીહ ગણાશે, અને જો પાછુ ફરવું મુશ્કીલ હોય, તો તે માટે નાયબ નક્કી કરી શકશે.

## ખરીદ, વેચાણના એહકામ

**મસઅલો ૨૦૫૯ :** વેપાર કરનાર તેમજ કમાનારની માટે જરૂરી છે કે ખરીદ, વેચાણના રોજીંદા મસઅલાની જાણકારી હાંસિલ કરે, બલ્કે અગર એને લગતા એહકામથી અજાણ હોવાને કારણે વાજિબ હુકમોનું ઉલ્લંઘન થવાનો સંભવ હોય, તો એ જાણી લેવા વાજિબ છે અને હઝરત ઈમામ જાઅફર સાદિક અલય્હિસ્સલામે ફરમાવ્યું કે જે શખ્સ ખરીદ વેચાણ કરવા માંગતો હોય, તેના માટે જરૂરી છે કે તેના સંબધિત એહકામ શીખે અને જો આ એહકામ શીખ્યા વગર ખરીદ વેચાણ કરશે તો બાતિલ અને શકાંસ્પદ મામલાને કારણે હલાક થઈ જશે.

**મસઅલો ૨૦૬૦ :** અગર કોઈ શખ્સ મસઅલાથી નાવાકેફ હોવાને કારણે ન જાણે કે જે મામલો એણે કર્યો તે સહીહ છે કે બાતિલ, તો એ મામલાથી હાંસિલ કરેલા કે આપેલા માલનો ઉપયોગ નહી કરી શકે. તેને સાવચેતી રાખવી જોઈએ અથવા સમાધાન કરી લેવું જોઈએ. પરંતુ જો તેને જાણ થાય કે મામલો બાતિલ હોવા છતાંપણ સામે પક્ષ રાજી છે તો તે (માલ)નો ઉપયોગ કરી શકે છે.

**મસઅલો ૨૦૬૧ :** જે શખ્સ પાસે માલ ન હોય, પણ તેના ઉપર અમુક ખર્ચની ઝિમ્મેદારી હોય, જેમકે બાલ બચ્ચાનું ભરણપોષણ, તો એના માટે કમાવવું વાજિબ છે. અને મુસ્તહબ કામો માટે કમાવવું, જેમકે અન્ય કુટુંબીઓને તેમજ ફકીરોને મદદરૂપે થવા માટે કમાણી મુસ્તહબ છે.

## ખરીદ, વેચાણની મુસ્તહબ બાબતો

**ખરીદ, વેચાણમાં અમુક બાબતો મુસ્તહબ છે :**

(૧) વસ્તુની કિંમત દરેક ગ્રાહક માટે એક સરખી રાખવી. સિવાય કે સામે ગરીબ અથવા એની જેવું કોઈ હોય.

(૨) વેપાર શરૂ કરતી વખતે પહેલા કલમ-એ-શહાદતૈન પઢે અને સોદા વખતે તકબીર કહે.

(૩) વેચાણ સમયે જણસ વધારીને આપવી, અને ખરીદ સમયે ઓછી લેવી.

(૪) જે શખ્સ સાથે સોદો કર્યો હોય, તે અગર સોદાને રદ કરવા માટે માંગણી કરે, તો તેની માંગણી કબૂલ કરવી.

**જે ખરીદ, વેચાણ મકરૂહ છે :**

**મસઅલો ૨૦૬૨ :** જે ખાસ સોદાઓ મકરૂહ જણાવવામાં આવેલા છે, તે નીચે પ્રમાણે છે:

(૧) મિલકત વેચવી, સિવાય કે એના વેચાણમાંથી બીજી મિલકત ખરીદવાનો ઈરાદો હોય;

(૨) કસાઈનો ધંધો

(૩) કફન વેચવાનો ધંધો

(૪) હલ્કા લોકો સાથે સોદો કરવો; (૫) સુબ્હે સાદિક

અને સૂર્યોદય વચ્ચેના સમયમાં સોદા કરવા,

(૬) ઘઉં, જવ અને એવી બીજી વસ્તુઓના ખરીદ વેચાણને પોતાનો ધંધો બનાવી લેવો.

(૭) જયારે કોઈ શખ્સ કોઈ વસ્તુ ખરીદી રહ્યો હોય, ત્યારે તે સોદામાં દખલગીરી કરીને ખરીદાર બનવાનો ઈઝહાર કરવો.

**હરામ ધંધાઓ** :

**મસઅલો ૨૦૬૩** : ઘણાં સોદાઓ એવા છે કે જે હરામ છે, જેમાંથી અમુક નીચે જણાવવામાં આવે છે;

(૧) નશો આપનાર પીણાનું, સુવ્વર, શિકારી ન હોય તેવા કુતરાઓ તેમજ એહતિયાતે વાજિબની રૂએ નજીસ મુરદારનું વેચાણ અને ખરીદ હરામ છે.

ઉપરોકત સિવાય બીજા નજીસુલ અયન વિશે એ હુકમ છે કે અગર તેનાથી કોઈ હલાલ ફાયદો મેળવી શકતો હોય, જેમકે પાયખાનામાંથી ખાતર બનાવવામાં આવે, તો તેનું ખરીદવું, વેચવું જાએઝ છે. (પરંતુ એહતિયાત તેમાં છે કે તેના ખરીદ-વેચાણથી પણ પરહેઝ કરવામાં આવે.)

(૨) ગસ્બી માલનું ખરીદવું, વેચવું હરામ છે જો તેનાથી તેનો ઉપયોગ થતો હોય જેમકે લેવડ-દેવડ કરવી વગેરે,

(૩) એવી નોટથી સોદો કરવો જેનો સમય વીતી ગયો હોય અથવા બનાવટી નોટથી સોદો કરવો પણ જો સામેવાળા માણસને આ બાબતે જાણકારી હોય તો જાઈઝ છે.

(૪) એ વસ્તુની લેવડદેવડ કે જેનો મૂળ ફાયદો હરામ કાર્ય સિવાય કાંઈ ન હોય, જેમકે જુગારના સાધનો. મૂર્તિ, ક્રોસ (ખ્રિસ્તીઓનું ધાર્મિક નિશાન), નાચગાનના સાધનો વગેરે.

(૫) જે લેવડદેવડના મામલામાં છેતરપીંડી કે ઠગાઈ હોય.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું કે જે શખ્સ લેવડદેવડના મામલામાં મુસલમાનોની છેતરપીંડી કે ઠગાઈ કરે તે અમારામાંથી નથી, અને ખુદાવંદે કરીમ તેના માલમાંથી બરકત ઉપાડી લ્યે છે, તેને તંગદસ્તીની હાલતમાં મૂકી આપે છે અને તેને પોતાના હવાલે મૂકી દે છે.

**છેતરપીંડી કે ઠગાઈની અલગ અલગ રીત છેઃ**

(૧) ઊંચા પ્રકારની ચીજમાં હલકી પ્રકારની ચીજ મેળવવી જેમ કે દૂધમાં પાણી

(૨) ખરાબ ચીજને સારી દેખાડવી જેમકે વાસી શાકભાજી પર પાણી છાંટીને તાજી બતાડવી.

(૩) એક ચીજને બીજી ચીજના સ્વરૂપમાં દેખાડવી જેમ કે હલ્કી ધાતુને સોનાનું પાણી ચડાવીને સોનાના સ્વરૂપમાં દેખાડવું અને ગ્રાહકને તેની જાણ કરવામાં ન આવે.

(૪) વસ્તુની ખામીને છુપાવવી જયારે કે ગ્રાહકને વેપારી પર ભરોસો હોય કે તે ખામીને નહિ છુપાવે.

**મસઅલો ૨૦૬૪** : જે પાક વસ્તુ નજીસ થઈ ગઈ હોય, પણ તેને પાક કરવી શક્ય હોય, જેમકે વાસણ ગાલીચો વગેરે તો તેને વેચવામાં કોઈ વાંધો નથી. અગર તેને ધોઈને

પાક કરવી શક્ય ન હોય, પણ એ વસ્તુથી હલાલ ફાયદો હાંસિલ કરવા માટે તેનું પાક હોવું જરૂરી ન હોય, જેમકે ખનીજ તેલ, તો પણ તેના વેચાણમાં વાંધો નથી.

બલ્કે અગર તેનું પાક હોવું જરૂરી હોય, (તે ઉપરાંત) પણ તેનાથી ઉપસ્થિત (બીજા) હલાલ ફાયદાઓ નોંધપાત્ર હોય, તો પણ વેચાણ જાઈઝ છે.

**મસઅલો ૨૦૬૫** : અગર કોઈ શખ્સ નજીસ વસ્તુ વેચવા માગે, અને એ જાણતો હોય કે જો ખરીદનારને નહીં જણાવે કે એ વસ્તુ નજીસ છે, જેના પરિણામરૂપે એ અલ્લાહના કોઈ વાજિબ હુકમની વિરૂધ્ધ અમલ કરશે, એવા સંજોગમાં એને જણાવી દેવું વાજિબ છે. જેમકે, નજીસ પાણી વુઝુ યા ગુસલ માટે ઉપયોગમાં લેશે; અને એથી વાજિબ નમાઝ પણ પઢશે, અથવા એ નજીસ વસ્તુ ખાવા પીવા માટે ઉપયોગમાં લેશે.

અલબત્ત, અગર એ જાણતો હોય કે જણાવી દેવાથી કોઈ ફાયદો નથી. જેમકે ખરીદનાર શખ્સ કોઈ લાપરવા માણસ હોય, જેને નજીસ, પાકની પડી ન હોય, તો તેને કહેવું વાજિબ નથી.

**મસઅલો ૨૦૬૬** : નજીસ દવાઓનું વેચવું, ચાહે તે ખાવાપીવાની હોય અથવા ન હોય, જાએઝ છે, પણ ઉપરોક્ત મસઅલામાં જણાવેલ સંજોગમાં ખરીદનારને જણાવી દેવું જરૂરી છે.

**મસઅલો ૨૦૬૭** : ગેર ઈસ્લામી દેશોથી જે તેલ આયાત કરવામાં આવે છે, તેનું નજીસ હોવું અગર માલૂમ

ન હોય, તો તેનું ખરીદવું, વેચવું જાએઝ છે.

ઉપરાંત જે તેલ ચરબી જાનવરના મરી ગયા પછી કાઢવામાં આવે છે, તે અગર કાફિર પાસેથી અથવા ગેર ઈસ્લામી દેશોમાંથી આયાત કરવામાં આવે, તો જો એવી શક્યતા હોય કે ઈસ્લામી રીતે ઝબ્હ કરેલા જાનવરમાંથી લેવામાં આવ્યું છે, તો એ પાક છે, અને તેનુ ખરીદ, વેચાણ જાએઝ છે. પરંતુ ખાવા માટે ઉપયોગ હરામ છે, અને વેચનાર માટે વાજિબ છે કે ખરીદનારને એ વિશે માહિતગાર કરે, કે જેથી મસઅલા ૨૦૬૫માં જણાવ્યા મુજબ અલ્લાહના કોઈ વાજિબ હુકમની વિરૂધ્ધ અમલ ન થઈ જાય.

**મસઅલો ૨૦૬૮** : શિયાળ અથવા એવા પ્રકારના અન્ય પ્રાણીઓને ગેરે શરઈ રીતે ઝિબ્હ કરવામાં આવે, અથવા પોતે મરી જાય, તો અહવતની રૂએ તેની ચામડી ખરીદવી કે વેચવી જાઈઝ નથી. પણ જો શક હોય તો વાંધો નથી.

**મસઅલો ૨૦૬૯** : જે ચામડી ગેર ઈસ્લામી દેશોથી આયાત થાય છે, અથવા કાફિર પાસેથી લેવામાં આવે, તેના માટે અગર એવી શક્યતા હોય કે શરીઅત મુજબ ઝબ્હ કરેલા હૈવાનની છે, તો તેનું ખરીદવું વેચવું જાએઝ છે, અને જો તેમાં નમાઝ પઢવામાં આવે તો સહીહ ગણાશે.

**મસઅલો ૨૦૭૦** : જે તેલ અથવા ચામડી ચરબી જાનવરના મરી ગયા પછી કાઢવામાં આવે છે, અગર મુસલમાન પાસેથી લેવામાં આવે, અને ઈન્સાન જાણતો હોય કે મુસલમાને એ વસ્તુ કાફિર પાસેથી લીધી છે, અને

હૈવાન ઈસ્લામી શરીઅત પ્રમાણે ઝબ્હ થયું હતું કે નહીં તે વિશે કોઈ તપાસ કરી નથી, તો એ પાક છે, અને તેનું ખરીદવું વેચવું જાએઝ છે, પણ એ તેલ, ચરબીનું ખાવું જાએઝ નથી.

**મસઅલો ૨૦૭૧** : નશાશીલ પીણાં (દારૂ વી.)નો ધંધો, તેની લેવડદેવડના મામલાઓ હરામ અને બાતિલ છે.

**મસઅલો ૨૦૭૨** : ગસ્બી માલ વેચવો બાતિલ છે, પણ જો માલિક ઈજાઝત આપે તો જાઈઝ છે અને વહેંચનાર માટે જરૂરી છે કે ખરીદનાર પાસે તે માટે જે નાણું વસૂલ કર્યું હોય તે માલિકને આપી દ્યે.

**મસઅલો ૨૦૭૩** : અગર ખરીદનાર ખરેખર ગંભીરપણે મામલાત અથવા સોદો કરવા માંગતો હોય, પણ સાથે એની એવી નિય્યત હોય કે ખરીદેલી જણસની કિંમત નહીં ચૂકવે, તો આવી નિય્યતથી સોદાને કાંઈ આંચ નહીં આવે, અને તેના ઉપર વાજિબ છે કે તેની કિંમત વેચનારને સુપરત કરે.

**મસઅલો ૨૦૭૪** : અગર ખરીદનારે કોઈ જણસ ઉધાર ખરીદી હોય, અને દિલમાં એમ નક્કી કરે કે ચૂક્વતી વખતે હરામ માલમાંથી ભરપાઈ કરશે, સોદો સહીહ રહેશે, પણ તેના ઉપર વાજિબ છે કે પોતાના ઝિમ્મામાંથી મુકત થવા માટે જે લેણું છે તે હલાલ માલમાંથી ભરપાઈ કરે કે જેથી તેનું ઉધાર ચૂકતે થઈ જાય.

**મસઅલો ૨૦૭૫** : હરામ મનોરંજનના સાધનો

(જેમકે, ગીતાર, તંબુરો વી.) ખરીદવા અને વેચવા જાઈઝ નથી.

પરંતુ જે સાધનોનો હલાલ અને હરામ, બંને મનોરંજનમાં ઉપયોગ થતો હોય, જેમકે, રેડીયો, ટેપરેકોર્ડર વી.ની ખરીદ-વેચાણમાં કાંઈ હરજ નથી અને તેનું તે શખ્સ માટે પોતાની પાસે રાખવું જાએઝ છે. જેને એ બાબતે યકીન હોય કે પોતે અને પોતાના ઘરવાળાઓ તેનો ઉપયોગ હરામ કામમાં નહીં કરે.

**મસઅલો ૨૦૭૬** : જે વસ્તુનો ઉપયોગ જાઈઝ કામ માટે થઈ શકતો હોય, જો તેને એ નિય્યતથી વેચવામાં આવે કે તે હરામ કામ માટે ઉપયોગમાં લેવાય છે. જેમકે દ્રાક્ષને એ નિય્યતથી વેચે કે તેનાથી દારૂ બનાવવામાં આવે, તો એ સોદો હરામ છે. બલ્કે અહવતની રૂએ બાતિલ પણ છે, પણ વેચનારની એવી નિય્યત ન હોય, પણ એને ખબર હોય કે ખરીદનાર એ દ્રાક્ષને દારૂ ગાળવા માટે ઉપયોગમાં લેશે, તો એવા સોદામાં કોઈ ઈશ્કાલ નથી.

**મસઅલો ૨૦૭૭** : કોઈ પણ જાનદારનું પુતળું ઘડવું અહવતની રૂએ હરામ છે; પણ તેને વેચવું કે ખરીદવું વાંધાજનક નથી; પણ જાનદારના ચિત્ર ચીતરવામાં કોઈ વાંધો નથી.

**મસઅલો ૨૦૭૮** : જે વસ્તુ જુગાર, ચોરી અથવા બાતિલ સોદાથી પ્રાપ્ત થઈ હોય, જો તેના ખરીદવાથી વપરાશ જરૂરી થતો હોય તેનુ ખરીદવું હરામ છે, અને અગર કોઈ શખ્સ એવો માલ વેચનાર પાસેથી ખરીદી લ્યે, તો વાજિબ છે કે તેનાં અસલી માલિકને પાછો આપી

દ્યે.

**મસઅલો ૨૦૭૯ :** મિલાવટવાળું ઘી, જેમાં ચરબીનો ભાગ હોય, વેચનાર અગર દેખાડી, નક્કી કરીને કહે કે હું આ એક મણ ઘી વહેચું છું તો જો તેમાં ચરબીનો ભાગ વધારે હોય, અને એ ઘી કહેવાડવવા લાયક ન હોય, તો સોદો બાતિલ છે. પણ જો ચરબીનો ભાગ ઓછો હોય, અને ચરબી મેળવેલું ઘી તરીકે ઓળખાવી શકાતું હોય, તો મામલો સહીહ છે, પરંતુ ખરીદનારને હક રહેશે કે માલમાં એબ કે ક્ષતિ હોવાના કારણે સોદાને રદ કરી પોતાના નાણાં પાછા માંગી લ્યે, અને જો ઘી અને ચરબી એક બીજાથી જુદા હોય, તો જે સોદો ચરબીના પ્રમાણમાં કર્યો હોય તે બાતિલ ગણાશે, અને ખરીદનાર પાસેથી તે માટે જે પૈસા લીધા હોય તે તેને પાછા આપી વેચનાર ચરબીનો માલિક ગણાશે, અને પૈસાનો માલિક ગ્રાહક ગણાશે. આવા સંજોગમાં ખરીદનાર ચાહે તો ચોખ્ખા ઘીનો સોદો પણ રદ કરી શકે છે.

પણ અગર વેચનાર નક્કી ન કરે, અને માત્ર એમ કહે કે ઘી વેચું છું અને પછી ચરબીવાળું ઘી ખરીદનારને આપે, તો એ હાલતમાં ખરીદનાર એ ઘી પાછું આપી ચોખ્ખું ઘી માંગી શકે છે.

## વ્યાજ

**મસઅલો ૨૦૮૦ :** જે વસ્તુ વજનથી અથવા માપતોલથી વહેંચાતી હોય, તે અગર કોઈ શખ્સ એજ વસ્તુના વધુ વજન અથવા તોલ સામે વેચે, તે સોદો વ્યાજ અને હરામ છે. જેમકે એક મણ ઘઉંને દોઢ મણ ઘઉં સામે

વેચે, તો એ વ્યાજ ગણાશે, અને સોદો હરામ છે, બલ્કે એક વસ્તુના બે પ્રકારો હોય, જેમકે એક સલામત હોય, બીજી તૂટેલી હોય, અથવા એક ઊંચી જાતની હોય અને બીજી ઉતરતી કોટિની હોય, અથવા એક બીજાની કિંમતમાં ફેર હોય, તો અગર જેટલું આપ્યું હોય તેના કરતા વધારે વસૂલે, તો એ પણ વ્યાજ અને હરામ છે, જેમકે, સલામત ત્રાંબા સામે વધુ તૂટેલું ત્રાંબુ લ્યે, અથવા ઉચ્ચા પ્રકારના ચાવલ સામે ઉતરતી કોટિના વધુ ચાવલ માંગે, અથવા ઘડેલા સોના સામે વધુ કાચું સોનું લ્યે, તો એ વ્યાજ અને હરામ છે.

**મસઅલો ૨૦૮૧** : અગર વેચનાર જે વસ્તુ વધારે લઈ રહ્યો હોય, તે જુદા પ્રકારની હોય, અને જે માલ વેચી રહ્યો હોય તે જુદા પ્રકારનો હોય, જેમકે, એક મણ ઘઉં સામે એક મણ ઘઉં અને અમુક રોકડ નાણાં લ્યે, તો એ પણ વ્યાજ અને હરામ છે. બલ્કે અગર કોઈ વસ્તુ વધારામાં ન માગે, પણ એવી શરત કરે કે ખરીદનાર તેનું કોઈ કામ કરી આપે, તો એ પણ વ્યાજ અને હરામ છે.

**મસઅલો ૨૦૮૨** : અગર વેચનાર જેટલું ઓછું આપી રહ્યો હોય, તેમાં કોઈ બીજી વસ્તુનો ઉમેરો કરે, જેમકે, એક મણ ઘઉં અને એક રૂમાલને દોઢ મણ ઘઉં સામે વેચે, તો તેમાં વાંધો નથી, પણ તેમાં બે શરતો છે :

(૧) એ લેવડ-દેવડમાં બંનેની નિય્યત એ હોય કે રૂમાલને વધારાના ઘઉંની કિંમત તરીકે ગણવામાં આવે; (૨) સોદો ઉધાર ન હોય;

એવી જ રીતે બંને પક્ષ કોઈ વસ્તુનો ઉમેરો કરે, જેમકે એક મણ ઘઉં અને રૂમાલ સામે દોઢ મણ ઘઉં અને રૂમાલ વેચે, તો જો બંનેની નિય્યત એ હોય કે રૂમાલ અને અર્ધા મણ ઘઉંની સામે બીજા પક્ષનો રૂમાલ છે તો વાંધો નથી.

**મસઅલો ૨૦૮૩** : જે વસ્તુ કાપડની જેમ, મીટર કે ગજમાં વેચાતી હોય, અથવા અખરોટ, ઈંડાની જેમ ગણીને સોદો થતો હોય, તેમાં વેચીને વધારે વસૂલ કરવામાં કોઈ વાંધો નથી; પરંતુ જો બંને એક જ પ્રકારની ચીજ હોય અને સોદો ઉધાર હોય તો ઈશ્કાલ છે.

દાખલા તરીકે કોઈ દસ અખરોટ વેચે, અને તેની સામે એક માસની મુદ્દત આપી બાર અખરોટ વસૂલ કરવાનું નક્કી કરે, તો એ જાએઝ નહીં ગણાય.

એ જ હુકમ ચલણી નાણાંનો છે, તો અગર કોઈ તુમાનને દીનાર અથવા ડોલર સામે રોકડ અથવા ઉધાર વેચે તો તેમાં વાંધો નથી, પણ અગર કોઈ ચાહે કે ચલણી નાણાંને વેચી રહ્યો હોય તે જ પ્રકાર સામે વેચીને વધારો લ્યે, તો તેમાં ઉધાર સોદો ન હોવો જોઈએ, નહિંતર એ સોદો ઈશ્કાલથી ખાલી નથી. જેમકે, અગર કોઈ સો તુમાન રોકડ આપીને છ મહિના બાદ એક સો દસ તુમાન વસૂલ કરે. તો આ સોદો સહીહ હોવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૨૦૮૪** : અગર કોઈ વસ્તુ કે જણસ મોટા ભાગના શહેરોમાં વજન અથવા માપતોલથી વેચાતી હોય, અને કોઈ એક શહેરમાં સંખ્યાના રૂપમાં લેવડ-દેવડ થતી

હોય, તો જે શહેરમાં સંખ્યાના રૂપમાં લેવડ-દેવડ થતી હોય તે શહેરમાં તે જ જણસને કિંમતરૂપે વધારે પ્રમાણવા વસૂલીને વેચવું જાએઝ છે.

**મસઅલો ૨૦૮૫** : જે વસ્તુ વજન અથવા તોલમાપથી વહેંચાતી હોય, તે વેચીને તેની સામે વસ્તુ વધુ પ્રમાણમાં લેવામાં આવે, અને જો બંને વસ્તુઓ એક જ પ્રકારની ન હોય,અને સોદો ઉધાર ન હોય, તો તેમાં કંઈ વાંધો નથી.પણ જો સોદો ઉધાર હોય, તો તેમાં ઈશ્કાલ છે. જેમકે અગર કોઈ શખ્સ એક મણ ચાવલ અને બે મણ ઘઉં સામે એ શરતે વેચે કે એક મહિના પછી માલ હાંસિલ કરશે, તો એ મામલો શરઈ રીતે સહીહ હોવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૨૦૮૬** : અગર કોઈ શખ્સ પાકા ફળને કાચા ફળ સામે વેચે,તો બદલામાં વધારે સંખ્યામાં કાચા ફળ નહીં લઈ શકે. પણ જો સોદો રોકડ અને બરાબરીનો હોય તો મકરૂહ છે અને ઉધાર હોય તો ઈશ્કાલ છે.

**મસઅલો ૨૦૮૭** : વ્યાજના મામલામાં ઘઉં અને જવ એક જ પ્રકારની જણસ ગણાશે. તો અગર કોઈ શખ્સ એક મણ ઘઉં સામે એક મણ અને પાંચ શેર જવ લ્યે, તો એ વ્યાજ અને હરામ સોદો ગણાશે. એવી જ રીતે દાખલા તરીકે કોઈ શખ્સ દસ મણ જવ એ શરતે ખરીદે કે તેના બદલામાં લણણીની મોસમમાં દસ મણ ઘઉં આપશે, તો એ પણ હરામ સોદો ગણાશે, કારણકે જવ તત્કાળ લઈને મુદત બાદ ઘઉં આપશે, એટલે એ ફાયદો વ્યાજરૂપે

ગણાશે.

**મસઅલો ૨૦૮૮ :** બાપ દીકરો અને પતિ પત્ની એક બીજાથી વ્યાજ લઈ શકે છે, એવી જ રીતે મુસલમાન એ કાફિર પાસેથી વ્યાજ લઈ શકે છે જે ઈસ્લામની પનાહમાં ન હોય. અગર કાફિર ઈસ્લામની પનાહમાં હોય તો તેની સાથે વ્યાજનો સોદો હરામ છે, અલબત્ત એક વાર સોદો પતાવ્યા બાદ, અગર એ કાફિરની શરીઅતમાં વ્યાજ દેવું જાએઝ હોય, તો તેની પાસેથી વ્યાજ લઈ શકે છે.

**મસઅલો ૨૦૮૯ :** દાઢીનું મૂંડવું અને તેની ઉજરત લેવી એહતિયાતે વાજિબની રૂએ જાઈઝ નથી પણ મજબૂરી હોય, અથવા તેનું તર્ક કરવું એવી તકલીફનું કારણ બને જે સામાન્ય રીત સહન ન કરી શકાય તેવી હોય પછી ભલે તે તકલીફ મશ્કરી કે માન હાની જ હોય તો જાઈઝ છે.

**મસઅલો ૨૦૯૦ :** ગિના હરામ છે તેનાથી મુરાદ એવી નકામી વાતો છે જે એવી રીતે ગાવામાં આવે જે મોજ-મસ્તીની મહેફીલો માટે ખાસ હોય અને આ લહેજામાં કુરઆન અને દુઆ જેવી બીજી ચીઝો પઢવી જાઈઝ નથી. એહતિયાતે વાજિબની રૂએ બીજી બાબતો પણ એવી રીતે ગાઈને ન પઢે, અને આ જ પ્રમાણે ગિનાનું સાંભળવું પણ હરામ છે અને તેની ઊજરત લેવી પણ હરામ છે અને તે ઊજરતનો માલિક નહી બને. આ જ રીતે તેનું શીખવું અને શીખાવવું પણ જાઈઝ નથી. મોસીકી એટલે સંગીતના સાધનો એવી રીતે વગાડવા જે મોજ-મસ્તીની મહેફિલ માટે ખાસ હોય તે હરામ છે. તે સિવાય હરામ નથી. હરામ

મોસીકી શીખવી શીખાવવી હરામ છે. અને તેની ઊજરત પણ હરામ છે. તેનો માલિક પણ નહી બની શકે.

## વેચનાર અને ખરીદનારની શરતો

**મસઅલો ૨૦૯૧** : વેચનાર અને ખરીદનાર માટે છ શરતો છે :

(૧) બંને બાલિગ હોવા જોઈએ. (૨) બંને અક્કલમંદ હોવા જોઈએ.

(૩) અણસમજુ ન હોવા જોઈએ,એટલે કે મૂર્ખ ન હોય કે પોતાનો માલ વેડફી નાખે.

(૪) વેચાણ અથવા ખરીદ ઈરાદાપૂર્વક હોય, એટલે કે અગર કોઈ મશ્કરીરૂપે કહે કે મે મારો માલ વહેંચ્યો, તો એ સોદો બાતિલ ગણાશે.

(૫) બંને કોઈ રીતે મજબૂર ન હોવા જોઈએ.

(૬) જે વસ્તુ વેચતો હોય, અથવા તેના બદલામાં દઈ રહ્યો હોય, તે તેની માલિકીની હોવી જોઈએ.

આ વિશે વધુ હુકમો હવે પછી સવિસ્તાર આવશે.

**મસઅલો ૨૦૯૨** : જે નાબાલિગ બાળક સ્વતંત્રપણે મામલો કરે, તેની સાથે સોદો બાતિલ છે; સિવાય કે એ મામલો સામાન્ય ઝીણી ઝીણી અને ઓછી કિંમતની વસ્તુઓનો હોય, જેમાં સમજદાર નાબાલિગ બચ્ચાઓ સાથે સોદાનો રિવાજ હોય, પરંતુ જો અસલ મામલો વલી સાથે હોય અને સમજદાર બાળક વચ્ચે માત્ર મામલાનો સીગો જારી કરી રહ્યો હોય, તો દરેક સંજોગમાં એ સોદો સહી ગણાશે.

બલ્કે અગર માલ અથવા નાણાનો ધણી કોઈ

બીજો શખ્સ હોય, અને બાળક વકીલ તરીકે ધણી વતી માલ વેચે, અથવા નાણાથી કોઈ વસ્તુ ખરીદે, તો ઝાહેરન એ મામલો સહીહ છે. ભલેપછી એ સમજદાર બાળક સ્વતંત્રપણે એ માલમાં હક ધરાવતો હોય. એવી જ રીતે અગર કોઈ બાળક વસીલારૂપે દરમિયાનમાં હોય કે નાણાં વેચનારને સુપરત કરી માલ ખરીદનારને પહોંચાડે, અથવા માલ ખરીદનારને સોંપી તેના નાણા વેચનાર સુધી પહોંચાડે, તો એ મામલો સહીહ છે, ભલેપછી એ બાળક સમજદાર ન હોય, કારણ કે હકીકતમાં એ સોદો બે બાલિગ વચ્ચેનો ગણાશે.

**મસઅલો ૨૦૯૩** : જે નાબાલિગ બાળક સાથે સોદો જાએઝ નથી. તેની પાસેથી અગર કોઈ શખ્સ કોઈ વસ્તુ ખરીદે અથવા એને કોઈ વસ્તુ વેચે, અને જો એ માલ કે નાણાં એ બચ્ચાની માલિકીના હોય, તો એના વલી સુધી પહોંચાડવું જોઈએ, અને જો એ બચ્ચાની માલિકીના ન હોય, તો એ માલ કે નાણાનો જે અસલ ધણી હોય તેને સુપરત કરવું જોઈએ; અથવા તેની રજામંદી લેવી જોઈએ.

પણ જો એના અસલ ધણીને ન જાણતો હોય, અથવા તેને ઓળખવાની શક્યતા ન હોય, તો જે વસ્તુ એ નાબાલિગ પાસેથી લીધી હોય તે અસલ ધણી વતી રદ્દે મઝાલિમ તરીકે ફકીરને આપવી જોઈએ. અને એહતિયાતે લાઝિમ છે કે આ કામ માટે હાકીમે શરઅની રજા મેળવવી જોઈએ.

**મસઅલો ૨૦૯૪** : અગર કોઈ શખ્સ કોઈ સમજદાર

બાળક સાથે એવા પ્રકારનો સોદો કરે કે જે સહીહ ન હોય, અને જો એ બાળકને સુપરત કરવામાં આવેલ જણસ અથવા નાણું ખોવાઈ જાય અથવા બરબાદ થઈ જાય, તો બાળક જયારે બાલિગ થાય ત્યારે એની પાસેથી ઉઘરાણી કરી શકે છે, અથવા એના વલી પાસેથી પણ ઉઘરાવી શકે છે. પણ જો બાળક સમજદાર ન હોય, તો ઉઘરાણીનો કોઈ હક નહીં રહે અને જો બાળક સમજદાર હોય અને તે પોતે માલને બરબાદ ન કરે પણ તેની પાસે બરબાદ થઈ જાય તો તે જામીન રહેશે નહી. ભલે પછી તેની કોતાહી કે ગફલતના જ કારણે માલ બરબાદ થયો હોય.

**મસઅલો ૨૦૯૫** : અગર કોઈ ખરીદનાર અથવા વેચનારને સોદો કરવા માટે મજબૂર કરવામાં આવે, અને સોદો પતી ગયા બાદ એ રજામંદ થઈ જાય, જેમકે, એ કહે કે હું રાજી છું, તો એ મામલો સહીહ ગણાશે, પણ એહતિયાતે મુસ્તહબ છે કે એ સોદા માટે નવેસરથી સીગો જારી કરવામાં આવે.

**મસઅલો ૨૦૯૬** : અગર કોઈ શખ્સ બીજા કોઈનો માલ તેની પરવાનગી વિના વેચી નાખે, અને જો તે માલનો ધણી એ વેચાણ સંબંધી રજામંદ ન હોય, અને પરવાનગી ન આપે, તો એ મામલો બાતિલ છે.

**મસઅલો ૨૦૯૭** : સગીર વયના બાળક વતી તેનો બાપ, દાદો અથવા બાપ અને દાદા તરફથી બાળક માટે નિમાયેલ વસી, બાળકનો માલ વેચી શકે છે. એવી જ રીતે જરૂરત જણાતા, આદિલ મુજતહીદ પણ કોઈ દીવાના

કે યતીમ કે લાપતા શખ્સનો માલ વેચી શકે છે.

**મસઅલો ૨૦૯૮ :** અગર કોઈ શખ્સ કોઈનો માલ ગસ્બ કરીને વેચી નાખે, અને વેચાણ બાદ માલનો અસલ ધણી એ સોદાને મંજૂર રાખે, તો એ મામલો સહીહ ગણાશે અને ગસ્બ કરનારે જે વહેંચેલ વસ્તુ અને સોદાના સમયથી તેમાં જે કાંઈ નફો હાંસિલ થયો હોય, તે સર્વ ખરીદનારની માલિકી ગણાશે. એજ રીતે ખરીદનારે બદલામાં જે વસ્તુ આપી હોય તે અને સોદાના સમયથી તેમાં જે કાંઈ નફો પ્રાપ્ત થયો હોય, તે અસલ ધણીની મિલકીયત ગણાશે.

**મસઅલો ૨૦૯૯ :** અગર કોઈ શખ્સ માલ ગસ્બ કરીને વેચી નાંખે, અને એવો ઈરાદો ધરાવે કે કિંમત પોતે રાખશે, તો જો અસલ ધણી એ સોદાને મંજૂર રાખે તો મામલો સહીહ થશે, પણ નાણું અસલ ધણીની મિલકીયત ગણાશે, ગસ્બ કરનારની નહીં.

## વસ્તુ અને તેની અવેજીની શરતો

**મસઅલો ૨૧૦૦ :** જે જણસ કે વસ્તુ વેચવામાં આવે, અને તેની અવેજીમાં જે વસ્તુ પ્રાપ્ત કરવામાં આવે, તે માટે પાંચ શરતો છે :

(૧) એ વસ્તુનું પ્રમાણ વજનરૂપે, માપતોલ વડે, સંખ્યારૂપે વી. નક્કી હોવું જોઈએ.

(૨) એ વસ્તુ સામેવાળાના કબ્જામાં સુપરત કરવા માટે શક્તિમાન હોય, નહીંતર એ સોદો સહી નહીં ગણાય, સિવાય કે એ વસ્તુ સાથે બીજી કોઈ એવી વસ્તુનો ઉમેરો

કરે કે જે વેચીને કબ્જામાં દઈ શકે. પણ જાહેર એ છે કે અગર ખરીદનાર એ વસ્તુ કબ્જો મેળવવા માટે શક્તિશાળી હોય, ભલેપછી વેચનાર શક્તિશાળી ન હોય, તો પણ એ સોદો સહીહ છે. દાખલા તરીકે અગર કોઈ શખ્સ એવો ઘોડો વેચે કે જે નાસી છુટયો હોય, અને ખરીદનાર એ ઘોડાને શોધીને મેળવી શકતો હોય, તો એ મામલામાં ઈશ્કાલ નથી, અને એ સોદો સહીહ ગણાશે. અને એ સંજોગમાં બીજી કોઈ વસ્તુનો ઉમેરો જરૂરી નથી.

(૩) સોદામાં અદલાબદલીની વસ્તુઓના એવા સર્વે ગુણદોષ નક્કી થવા જોઈએ જે વિગતો ઉપર સામાન્ય રીતે સોદો કરનારાઓની પસંદ, નાપસંદનો આધાર હોય છે.

(૪) એ માલમાં કોઈ બીજાનો હક જોડાયેલ ન હોવો જોઈએ, જેથી એવું ન થવા પામે કે માલિકની મિલકીયતમાંથી એ માલ નીકળી જતાં બીજા કોઈનો હક બરબાદ થઈ જાય.

(૫) વેચવાવાળો જણસ કે વસ્તુને વેચે, ફાયદાને નહીં, દાખલા તરીકે અગર કોઈ શખ્સ મકાનનો એક વર્ષનો નફો વેચે તો સહીહ નથી. પરંતુ ખરીદનાર જો નાણાને બદલે પોતાની મિલકતનો નફો આપે, જેમકે કોઈ પાસેથી ગાલીચો ખરીદે અને તેના બદલામાં પોતાના મકાનનો એક વર્ષનો નફો આપે, તો તેમાં વાંધો નથી, આ મસાએલની વિગતો હવે પછી આપવામાં આવશે.

**મસઅલો ૨૧૦૧** : જે શહેરમાં પ્રચલિત હોય કે કોઈ જણસ વજન અથવા માપતોલથી વેચવામાં આવતું હોય, તો જરૂરી છે કે એ શહેરમાં વજન અથવા માપતોલથી વસ્તુ ખરીદે અને જે શહેરમાં ફકત માલ જોઈને મામલો થતો હોય, તે શહેરમાં એ રીતે ખરીદે.

**મસઅલો ૨૧૦૨** : જે વસ્તુ વજનથી વેચાતી હોય, તે માપથી પણ વેચી કે ખરીદી શકાય છે. જેમકે; અગર કોઈ શખ્સ દસ મણ ઘઉં વેચવા માંગતો હોય, તો એ એક મણના પાત્રમાં માપસર ભરી દસ વખત આપી શકે છે.

**મસઅલો ૨૧૦૩** : ઉપરોકત જણાવેલી પાંચ શરતોમાંથી, ચોથી શરત સિવાય કોઈ શરત જો મામલામાં મોજૂદ ન હોય, અને એને કારણે સોદો બાતિલ હોય, પણ ખરીદનાર અને વેચનાર એક બીજાના માલમાં હક રાખવા બાબતે રજામંદ થઈ ગયા હોય, તો તેના ઉપયોગમાં વાંધો નથી.

**મસઅલો ૨૧૦૪** : જે વસ્તુ વકફ થઈ ગઈ હોય, તે વસ્તુનો સોદો બાતિલ છે, પણ જો એ વકફ વસ્તુની હાલત એટલી કફોડી થઈ ગઈ હોય કે જે આશયથી એને વકફ કરવામાં આવી હોય તે ફાયદો તેમાંથી હાંસિલ ન થઈ શકે, અથવા તે વસ્તુ ખરાબ થવાની શરૂઆત થઈ હોય, જેમકે મસ્જિદની સાદડી એવી રીતે ફાટી ગઈ હોય કે તેના પર ઉભા રહીને નમાઝ ન પઢી શકાય, તો તેના મુતવલ્લીઓ અથવા મુતવલ્લીના અધિકાર ધરાવનારાઓ તેને વેચી નાંખે તો વાંધો નથી, અને શક્ય સંજોગમાં એહતિયાતે મુસ્તહબની રૂએ એ વેચાણમાંથી હાંસિલ થયેલું

નાણું એ જ મસ્જિદમાં એવા કામ માટે વપરાવવું જોઈએ કે જે વકફ કરનારના આશય સાથે મળતું હોય.

**મસઅલો ૨૧૦૫** : જે લોકો માટે કોઈ વસ્તુ કે માલ વકફ કરવામાં આવ્યો હોય, એ લોકો વચ્ચે એવો મતભેદ થાય કે વકફ થયેલ વસ્તુને ન વેચવાથી જાનમાલની હાનિનો સંભવ રહે. તો પણ ઈશ્કાલ છે. અલબત્ત, અગર વકફ કરનારે પહેલેથી શરત કરી હોય કે જયારે વકફ મિલકતને વેચવામાં મસ્લેહત જણાય ત્યારે વેચી નાંખવામાં આવે. તો ઉપરોકત સંજોગમાં તેને વેચવામાં કોઈ વાંધો નથી.

**મસઅલો ૨૧૦૬** : જે મિલકત કોઈને ભાડે આપેલી હોય, તેને ખરીદવા કે વેચવામાં કોઈ વાંધો નથી. પરંતુ જેટલી મુદ્દત માટે એ મિલકત ભાડે આપી હોય એટલી મુદ્દત સુધી એ મિલકતના વપરાશનો હક ભાડૂતનો રહેશે અને જો ખરીદનારને જાણ ન હોય કે એ મિલકત ભાડે આપેલી છે, અથવા એમ ધારીને ખરીદી હોય કે ભાડાની મુદ્દત ઓછી છે, અને પછીથી જાણ થાય કે તેમ નથી, તો એને હક છે કે સોદાને રદ (બાતિલ) કરે.

## ખરીદ વેચાણના સમયે પઢવાનો સીગો

**મસઅલો ૨૧૦૭** : ખરીદ વેચાણ માટે જરૂરી નથી કે અરબી ભાષામાં સીગો પઢવામાં આવે. દાખલા તરીકે વેચનાર પોતાની ભાષામાં કહે કે ફલાણી વસ્તુ આ કિંમતે વેચી છે, અને ખરીદનાર કહે કે મેં સોદો કબૂલ રાખ્યો છે, તો એ મામલો સહીહ ગણાશે, પરંતુ જરૂરી છે કે ખરીદ-વેચાણનો

ઈરાદો ધરાવતા હોય.

**મસઅલો ૨૧૦૮ :** અગર સોદો કરતી વખતે બંનેમાંથી કોઈ સીગો ન પઢે, પણ વેચનાર પોતાના માલ સામે કિંમત સ્વીકારી ખરીદનારને માલ સુપરત કરી તેની માલિકીમાં આપે, તો મામલો સહીહ ગણાશે, અને બંને મેળવેલી વસ્તુના માલિક ગણાશે.

## ફળોના ખરીદ – વેચાણના એહકામ

**મસઅલો ૨૧૦૯ :** જે ફળદાયી વૃક્ષમાંથી ફુલ ખરી જાય, અને બીજ બંધાઈ જાય, જેથી કેટલા ફળો સલામત છે તેની ખબર પડી જાય, અને એ વૃક્ષમાંથી કેટલા ફળો મેળવી શકાશે તેનો અંદાજો થઈ જાય, તો એવા વૃક્ષને ફળ ચૂંટ્યા પહેલાં વેચવું સહીહ ગણાશે. બલ્કે કેટલા ફળો નુકસાનીથી સલામત છે તેની જાણ ન હોય, પણ અગર બે વર્ષ અથવા તેનાથી વધારે વર્ષના ફળ માટેનો સોદો હોય, અથવા જેટલા ફળ લાગી ગયા હોય તેની નોંધપાત્ર માલી કિંમત હોય, તો તેનું વેચાણ પણ સહીહ ગણાશે. એવી જ રીતે અગર જમીનમાંથી ઉગતી વસ્તુ અથવા બીજી કોઈ વસ્તુ ઉમેરો તરીકે એની સાથે વેચે તો એ સોદો સહીહ છે, પણ એહતિયાતે લાઝિમ છે કે એવા સંજોગમાં ઉમેરો એટલા પ્રમાણમાં હોવો જોઈએ કે જો વૃક્ષમાં ફળ ન લાગે તો ખરીદનારની મૂડી બચાવી શકે.

**મસઅલો ૨૧૧૦ :** જે ફળદાયી વૃક્ષમાં ફળ લાગી ગયા હોય પણ ફુલ ખરી ન જાય, અને બીજ ન બંધાયું હોય, તો એ ફળોનું વેચાણ પણ જાએઝ નથી; સિવાય કે તેની સાથે અન્ય વસ્તુ વેચાયેલી હોય. અને તે માટે એ જ શરત

છે કે અગાઉના મસઅલામાં જણાવી ચૂક્યા છીએ. એવી જ રીતે જો ફળોની પેદાશ એક વર્ષથી વધુ મુદ્દતની હોય. તો એ ફળો વેચી શકાય છે.

**મસઅલો ૨૧૧૧** : જે ખજૂર કાચા અથવા પાકી ગયા હોય, તેને વૃક્ષ ઉપર લાગેલી હાલતમાં વેચવું સહીહ છે, પણ તેના બદલામાં એ જ વૃક્ષના અથવા બીજા વૃક્ષના ખજૂર ન લેવામાં આવે.પણ રૂતુબ જે પાકા હોય કે કાચા હોય કે જેને ખજૂર કહી ન શકાય તેની અવેજીમાં વેચે તો વાંધો નથી. જો કોઈનું વૃક્ષ બીજા કોઈના ઘરમાં હોય, માલિક માટે ત્યાં જવું મુશ્કેલ હોય અને તેમાં લાગેલી ખજૂરનો અંદાજો લગાવી શકાય તેમ હોય, તો અગર એ વૃક્ષનો ધણી ઘરના માલિકને એ વેચીને તેની અવેજીમાં ખજૂર લ્યે તો વાંધો નથી.

**મસઅલો ૨૧૧૨** : કાકડી, રીંગણા અને એવી જાતની શાકભાજી વી. કે જેનો પાક વર્ષમાં અનેકવાર ઉતરતો હોય, તે અગર ઉગી નીકળ્યા હોય, અને તેના માટે એમ નક્કી કરવામાં આવ્યું હોય કે ખરીદનાર વર્ષ દરમિયાન કેટલીવાર પાક ઉતારશે, તો તેના વેચાણમાં વાંધો નથી, પણ જો એ ફળ જાહેર ન થયા હોય, તો તેના વેચાણમાં ઈશ્કાલ છે.

**મસઅલો ૨૧૧૩** : અગર ઘઉંના કણસલામાં દાણા ઊગી ચૂક્યા હોય, તો એને એ જ પાકના ઘઉં સામે અથવા બીજા કણસલાના બદલામાં વેચવામાં આવે, તો એ મામલો સહીહ નહીં ગણાય.

# રોકડા અને ઉધાર વિશે

**મસઅલો ૨૧૧૪** : જયારે કોઈ જણસ રોકડાથી વેચાય, ત્યારે સોદો નક્કી થઈ જતાં વેચનાર અને ખરીદનાર નાણા અને જણસની એકબીજાથી માંગણી કરી પોતાના કબજામાં લઈ શકશે. કબજામાં લેવા માટે સ્થાવર કે જંગમ મિલકત ઉપરથી વેચનારનો હક નીકળી જવું જરૂરી છે, એટલે જંગમ મિલકત જેમ કે ગાલીચો, કપડા, અને સ્થાવર મિલકત જેમકે મકાન, જમીન વી. ઉપરથી પોતાનો કબ્જો વેચનાર હટાવી લ્યે, અને ખરીદનારને ઉપયોગ માટે સોંપી દે જેથી ખરીદનાર તેનો ઉપયોગ કરી શકે. આ વાતની ચોખવટ જરૂરી છે કે જુદી-જુદી ચીજવસ્તુઓમાં ઉપયોગનો અર્થ જુદો-જુદો થાય છે.

**મસઅલો ૨૧૧૫** : જે સોદો ઉધારનો હોય, તેમાં મુદ્દત સ્પષ્ટપણે નક્કી કરવું જરૂરી છે. તો અગર જો કોઇ જણસને એમ વેચે કે પાકની લણણી સમયે નાણું વસૂલ કરશે. તો મુદ્દત પૂરી રીતે નિયુક્ત ન હોવોને કારણે એ સોદો બાતિલ ગણાશે.

**મસઅલો ૨૧૧૬** : અગર કોઈ શખ્સ પોતાનો માલ કે જણસ ઉધાર વેચે, તો જે મુદ્દતની સમજૂતી થઈ હોય, એનાથી પહેલા ખરીદનાર પાસેથી તેની કિંમત કે અવેજ માંગી શકતો નથી. પણ અગર ખરીદનાર મરી જાય, અને તેની પાસે પોતાનો કોઈ માલ હોય, તો વેચનાર નક્કી થયેલ મુદ્દત પહેલાં ખરીદનારના વારસો પાસેથી પોતાનું લેણું વસૂલ કરી શકે છે.

**મસઅલો ૨૧૧૭** : અગર કોઈ શખ્સ પોતાનો માલ

અથવા જણસ ઉધાર વેચે, તો નક્કી થયેલી મુદ્દત પૂરી થયા બાદ ખરીદનાર પાસેથી કિંમત કે અવેજ માંગી શકશે. પણ જો ખરીદનાર એ અદાયગી કરવા અશક્ત હોય, તો તેને મોહલત આપવી જોઈએ, અથવા સોદો રદ કરી લ્યે, અને જો વેચેલો માલ મોજૂદ હોય, તો તેને પાછો લઈ લ્યે.

**મસઅલો ૨૧૧૮** : અગર ખરીદનારની જણસની કિંમતની જાણ ન હોય, અને તેને કોઈ શખ્સ કિંમત જણાવ્યા વગર અમુક માલ ઉધાર વેચી આપે, તો એ મામલો બાતિલ છે. પણ અગર ખરીદનારને ખબર હોય કે રોકડથી ખરીદ કરવામાં આવે તો જણસની કેટલી કિંમત છે. અને એને કોઈ વેચનાર એ જણસ ઉધારમાં મોંઘી કિંમત વેચે તો વાંધો નથી. જેમકે, અગર વેચનાર કહે કે આ વસ્તુ હું તને આ જણસ રોકડ કરતા ૧૦% વધારે કિંમતે વેંચુ છું, તો તેમા કાંઈ વાંધો નથી.

**મસઅલો ૨૧૧૯** : અગર કોઈ શખ્સ પોતાનો માલ કે જણસ ઉધાર વેચે, અને તેની કિંમતની વસૂલાત માટે મુદ્દત નક્કી કરે, પણ દાખલા તરીકે અડધી મુદ્દત વીતી ગયા બાદ કિંમત ઘટાડીને પોતાનું લેણું ઓછું કરે, અને બાકીના નાણાં રોકડા વસૂલ કરી લ્યે તો તેમાં કોઈ વાંધો નથી.

## પેશગીની શરતો અને સોદો (એડવાન્સ પેમેન્ટ)

**મસઅલો ૨૧૨૦** : પેશગીને સોદાને સલફ'' કહેવાય છે, જેનો અર્થ એ કે કોઈ શખ્સ રોકડાના નાણાં સામે

મુદ્દતના વાયદા ઉપર પોતાનો પૂરો માલ વેચે. માટે જો ખરીદનાર એમ કહે કે હું આ નાણાં એ સમજૂતી ઉપર ચૂકાવું છું કે મને (દાખલારૂપે) છ મહિના બાદ માલ મળશે, અને વેચનાર એ કબૂલ રાખે તો મામલો સહીહ છે. એવી જ રીતે જો વેચનાર નાણા લઈને કહે કે મેં ફલાણી વસ્તું વેચી છે, કે જે છ માસ બાદ સુપરત કરીશ, તો પણ મામલો સહીહ ગણાશે.

**મસઅલો ૨૧૨૧** : અગર સોના અથવા ચાંદીના સિક્કાને સોના ચાંદીના બીજા સિક્કાથી સલફ વેચવામાં આવે તો મામલો બાતિલ છે, પણ જે વસ્તુ અથવા સિક્કાઓ સોના ચાંદીના ન હોય, તેને સલફ વેચી તેના બદલામાં બીજી વસ્તુ અથવા સોના ચાંદીના સિક્કા લેવામાં આવે, તો હવે પછીના મસઅલામાં જણાવેલી સાતમી શરતની રૂએ એ મામલો સહીહ ગણાશે અને એહતિયાતે મુસ્તહબ છે કે જે જણસ વેચવામાં આવે, તેને બદલે નાણા લેવામાં આવે, અને બીજી જણસ ન લેવામાં આવે.

**મસઅલો ૨૧૨૨** : પેશગીના સોદા માટે સાત શરતો છે :

(૧) જે માલ વેચવામાં આવે તેના એવા સર્વ ગુણદોષ સ્પષ્ટ થવા જોઈએ. જે ગુણદોષને કારણે કિંમતમાં સામાન્ય રીતે ફેર પડતો હોય, પણ તેમાં વધુ ઝીણવટની જરૂરત નથી; માત્ર એટલું હોય જેથી કહી શકાય કે તે માલની વિગત જાહેર થઈ છે, તો કાફી ગણાશે.

(૨) વેચનાર અને ખરીદનાર એકબીજાથી છુટા પડે એનાથી પહેલાં ખરીદનારે પૂરી કિંમત અદા કરી દેવી જોઈએ. અથવા જો વેચનાર ઉપર તેનું લેણું હોય, તો એ લેણાને માલની કિંમત પેટે હિસાબ કરીને વાળી શકશે. પણ જો કિંમતનો અમુક ભાગ ભરપાઈ કરે, તો પછી એટલા પ્રમાણમાં સોદો સહીહ છે, પરંતુ વેચનારને હક રહેશે કે સોદો રદ કરી નાખે.

(૩) મુદ્દત પૂરી રીતે નક્કી થઈ જવી જોઈએ અગર વેચનાર ફકત એટલું કહે કે પાકની લણણી સમયે માલ સુપરત કરીશ, તો મુદ્દત સ્પષ્ટ રીતે નિયુકત ન થવાને કારણે સોદો બાતિલ ગણાશે.

(૪) માલ સુપરત કરવા માટે એવો સમય નક્કી કરવો જોઈએ કે જે સમયે વેચનાર માલ સુપરત કરી શકે, ચાહે એ સમયમાં એ માલની અછત હોય અથવા ન હોય.

(૫) એહતિયાતે વાજિબની રૂએ માલ કબજે દેવા માટે સ્થળ નક્કી થવું જોઈએ,પણ જો વેચનાર અને ખરીદનારની વાતો ઉપરથી સ્થળ સમજી શકાય એમ હોય, તો એ સ્થળનું નામ લેવું જરૂરી નથી.

(૬) માલનું વજન, માપ અથવા સંખ્યા નક્કી હોવી જોઈએ. અને જે માલનો સોદો સામાન્ય રીતે ફકત જોઈને થાય છે, તે અગર સલફમાં વેચાય તો તેમાં વાંધો નથી સિવાય કે અખરોટ કે મુરઘીના ઈંડાના અમુક પ્રકાર જેમાં સંખ્યાનો ફર્ક એટલો ઓછો હોવો જોઈએ કે લોકો તેને મહત્વતા આપતા ન હોય.

(૭) જે માલ કે જણસ સલફ રીતે વેચાય, અને જો વજન અથવા માપથી વેચાતું હોય તો તેના બદલામાં એ જ માલ કે જણસ ન હોવી જોઈએ. બલ્કે એહતિયાતે લાઝિમની રૂએ બીજી એવી વસ્તુ પણ ન હોવું જોઈએ કે જે વજન અથવા માપથી વેચાતી હોય. અને જો માલ એવા પ્રકારનો હોય કે જે ગણીને વેચાતો હોય, તો એહતિયાતે વાજિબની રૂએ જાએઝ નથી કે તેના બદલામાં એ જ માલ સલફમાં વધારે સંખ્યા નક્કી કરે.

## સલફ સોદાના એહકામ

**મસઅલો ૨૧૨૩** : અગર કોઈ ખરીદનાર સલફનો સોદો કરે, તો મુદ્દત પાકે એથી પહેલાં ખરીદેલ માલ વેચનાર સિવાય કોઈને વેચી નહીં શકે, અલબત્ત, મુદત પાક્યા બાદ, અગરચે માલનો કબજો ન લીધો હોય, એ ખરીદનાર માલ વેચી શકશે. પરંતુ ફળો સિવાયની ખેતીની ઉપજ – જેમકે ઘઉં, જવ અને એ જણસ કે જે વજન અથવા માપથી વેચાય છે, તે કબજે–હસ્તગત કર્યા પહેલાં વેચવું જાએઝ નથી; સિવાય કે ઈન્સાન એ માલને પડતર ભાવે અથવા એથી ઓછી કિંમતે વેચે.

**મસઅલો ૨૧૨૪** : સલફના સોદામાં વેચનાર અગર નિયુક્ત માલ સમય ઉપર હવાલે કરે, તો ખરીદનારને એ સ્વીકારી લેવું જોઈએ, જો નક્કી થયેલ માલ કરતા બહેતર હોય તો પણ સ્વીકારી લેવુ જોઈએ, સિવાય કે સોદામાં એવી શરત કરી હોય કે નક્કી થયેલ માલ કરતા બહેતર માલ પણ રદ કરી શકશે.

**મસઅલો ૨૧૨૫ :** અગર વેચનાર એવો માલ હવાલે આપે કે જે નક્કી થયેલા માલ કરતા હલકા પ્રકારનો હોય, તો ખરીદનાર નામંજૂર કરી શકશે.

**મસઅલો ૨૧૨૬ :** અગર વેચનાર નક્કી થયેલ માલને બદલે બીજો માલ આપે, અને ખરીદનાર એ માટે રજામંદ હોય, તો તેમાં વાંધો નથી.

**મસઅલો ૨૧૨૭ :** અગર વેચનાર મુદ્દત પાક્તા માલ અભાવેને કારણે સુપરત ન કરી શકે તો ખરીદનાર ચાહે તો માલ પ્રાપ્ત થાય ત્યાં સુધી મોહલત આપી શકે છે, અને ચાહે તો એ સોદાને રદ કરીને આપેલી કિંમત પાછી લઈ શકે છે. પણ એહતિયાતે વાજિબની રૂએ વેચનારને એ જ માલ વધુ કિંમતે વેચી નહી શકે.

**મસઅલો ૨૧૨૮ :** અગર કોઈ શખ્સ માલને એવી રીતે વેચે કે અમુક મુદ્દત બાદ તે ખરીદારને સોંપશે, અને સાથે એમ નક્કી કરે કે તેની કિંમત પણ મુદ્દત બાદ વસૂલ કરશે તો એ મામલો બાતિલ ગણાશે.

# સોના–ચાંદીની સામે સોના–ચાંદીની લેવડ દેવડ

**મસઅલો ૨૧૨૯ :** અગર સોના સામે સોનું અને ચાંદી સામે ચાંદી વેચવામાં આવે, ચાહે એ સિક્કારૂપે હોય અથવા ન હોય, અગર એકનું વજન બીજા કરતા વધારે હોય તો એ મામલો બાતિલ અને હરામ ગણાશે.

**મસઅલો ૨૧૩૦ :** અગર સોનાને ચાંદી સામે અથવા

ચાંદીને સોના સામે રોકડ સોદા તરીકે વેચવામાં આવે, તો એ મામલો સહીહ ગણાશે, અને બંનેના વજન એકસરખા હોવા જરૂરી નથી. પણ જો એ સોદામાં મુદ્દત નક્કી થાય, તો બાતિલ છે.

**મસઅલો ૨૧૩૧** : જયારે સોનું અથવા ચાંદીનું સોના અથવા ચાંદી સામે વેચાણ થાય, ત્યારે જરૂરી છે કે વેચનાર અને ખરીદનાર એકબીજાથી છૂટાં પડે એનાથી પહેલાં માલ અને તેની કિંમતની અરસપરસ લેવડદેવડ કરી નાખે. અને તેમાંથી અમુક ભાગ પણ જો તત્કાળ સુપરત ન કરવામાં આવે તો મામલો બાતિલ ગણાશે અને જો અમુક ભાગ આપી દ્યે તો એટલા પ્રમાણમાં સોદો બરોબર છે.

**મસઅલો ૨૧૩૨** : અગર વેચનાર યા ખરીદનાર પોતાનો માલ કે અવેજ સંપૂર્ણ હવાલે કરી આપે, પણ સામે પક્ષવાળો અમુક જ ભાગ સુપરત કરે, અને એકબીજાથી છૂટા પડી જાય, તો જેટલો ભાગ સુપરત થયો છે, તેટલા જ પ્રમાણમાં સોદો સહીહ ગણાશે, પરંતુ જે પક્ષને સંપૂર્ણ માલ ન મળ્યો હોય તેને હક રહેશે કે સોદો રદ કરી નાખે.

**મસઅલો ૨૧૩૩** : અગર ધૂળ સાથે ભેળસેળ થયેલી ખાણની ચાંદી શુધ્ધ ચાંદી સામે વેચવામાં આવે, અથવા ધૂળ સાથે મળેલ ખાણનું સોનું શુધ્ધ સોના સામે વેચવામાં આવે, તો એ સોદો બાતિલ છે (સિવાય કે એ બાબતનુ યકીન હોય દાખલા તરીકે બંનેમાં ચાંદીનું પ્રમાણ સરખું છે.) પણ અગાઉ જણાવી ગયા છીએ તે મુજબ જો ધૂળ

સાથે ભળેલ ચાંદીને સોના સામે અથવા સોના સાથે ભળેલ ધૂળને ચાંદી સામે વેચે તો તેમાં કોઈ વાંધો નથી.

## લેવડ-દેવડ રદ કરવાના સંજોગો

**મસઅલો ૨૧૩૪ :** સોદો કે મામલાને રદબાતલ કરાર દેવાના હકને ખિયાર કહેવાય છે, અગિયાર સંજોગોમાં વેચનાર અને ખરીદ કરનાર સોદાને રદ કરી શકે છે.

(૧) જે બેઠકમાં સોદો થયો હોય તે બેઠકમાં એકબીજાથી છુટ્ટા પડવા પહેલા સોદો રદ કરવાનો હક છે ભલે પછી સોદો સંપૂર્ણ થઈ ગયો હોય. આને ખિયારે મજલિસ કહેવાય છે.

(૨) અગર સોદામાં વેચનાર અથવા ખરીદનાર અથવા કોઈ પણ મામલામાં પ્રત્યેક પક્ષ સાથે દગો થાય તો સોદો રદ કરી શકાશે, આને ખિયારે ગબન કહેવાય છે. આ હક સાબિત થવા માટે શરત એ છે કે પહેલેથી બંને પક્ષના દિલમાં એ બાબત નિશ્ચિત હોય કે જે માલ વસૂલ કરે તે અને જે માલ સુપરત કરે તે વચ્ચે કિંમતમાં નોંધપાત્ર ઘટાડો ન હોવો જોઈએ, અને જો એવો ફરક હશે તો પ્રત્યેકને સોદો રદ કરવાનો અધિકાર રહેશે.

પરંતુ એવા સંજોગો પણ હોય શકે કે જેમાં એવો કરાર હોય કે જો હાંસિલ કરેલા માલની કિંમતમાં એવો જે ફરક હશે તે સામે પક્ષથી વસૂલ કરવામાં આવશે, તો તે મુજબ વર્તવુ જોઈએ, પણ જો એ શક્ય ન હોય તો પછી સોદો રદ બાતિલ કરી શકશે. આવા ખાસ સંજોગોમાં એ પ્રચલિત રીતનું ધ્યાન રાખવું.

(૩) અગર સોદો કરતી વખતે પહેલેથી એવી શરત મૂકવામાં આવી હોય કે અમુક મુદ્દત સુધી બંને પક્ષને અથવા કોઈ પણ પક્ષને સોદો બાતિલ કરવાનો હક રહેશે. તો એ મુજબ વર્તી શકશે. આને ખિયારે શર્ત કહેવાય છે.

(૪) જે સંજોગમાં બંને પક્ષમાંથી કોઈ પણ એક પોતાના માલને હકીકતથી વિશેષ આકર્ષક અને બેહતર બતાવે, જેને કારણે સામે પક્ષ એ તરફ આકર્ષાય, તે માટે તેની દિલચસ્પી વધે, તો હકીકતની જાણ થતા સોદો રદ કરી શકશે. આને ખિયારે તદલીસ કહેવાય છે.

(૫) અગર બંને પક્ષમાંથી એક પક્ષ સામેવાળા સાથે એવી શરત કરે કે ફલાણું કાર્ય અંજામ આપશે, અને એ શરત મુજબ અમલ ન થાય; અથવા એવી શરત કરી હોય કે નક્કી કરેલો માલ ખાસ પ્રકારનો સુપરત કરશે, અને એ માલના જણાવેલ ગુણ ન હોય તો એવા સંજોગમાં શરત મૂકનાર સોદાને બાતિલ કરી શકશે, આને ખિયારે તખલ્લુફે શર્ત કહેવાય છે.

(૬) અગર વસ્તુમાં અથવા તેના અવેજમાં કોઈ ઐબ હોય- તો સોદો રદ કરી શકશે. આને ખિયારે ઐબ કહેવાય છે.

(૭) અગર એવી ખબર પડે કે જે વસ્તુ કે માલનો સોદો કર્યો છે, તેમાં અમુક માલ કોઈ બીજા શખ્સની માલિકીનો છે અને જો એ માલનો ધણી સોદા માટે રજામંદ ન હોય, તો ખરીદનાર એ સોદોને રદ કરી શકે છે. અથવા એટલા માલ માટે એણે જે અદાયગી કરી હોય, તે સામા પક્ષ

પાસેથી પાછી લઈ શકે છે. આને ખિયારે શિરકત કહેવાય છે.

(૮) અગર માલનો ધણી પોતાના નિયુક્ત માલની વિગતો આપે, પણ એ માલને ખરીદનારે જોયો ન હોય અને પછીથી જાણ થાય કે જે વિગતો વેચનારે આપી હતી તે ખાસિયતો માલમાં નથી, તો સોદાને રદ કરી શકે છે. એવી જ રીતે જો ખરીદનારે અગાઉ માલ જોઈ લીધો હોય, અને એની ધારણા હોય કે હજી એ જ ખાસિયતો માલમાં બાકી હશે, અને પછીથી જાણ થાય કે માલમાં એ ખાસિયતો બાકી રહેવા પામી નથી, તો એ સોદો રદબાતલ કરી શકે છે. આને ખિયારે રૂયઅત કહેવાય છે.

(૯) અગર ખરીદનાર ત્રણ દિવસ સુધી માલની કિંમત ન ચૂક્વે, અને વેચનારે પણ માલ સુપરત ન કર્યો હોય, તો વેચનાર સોદો રદ કરી શકે છે,પણ આ એ સંજોગમાં થઈ શકશે કે વેચનારે ખરીદનારને નાણાની ભરપાઈ માટે મુદત નક્કી કર્યા વગર મોહલત આપી હોય,પણ જો વેચનારે બિલકુલ મોહલત આપી જ ન હોય, તો એને હક રહેશે કે કિંમતની ભરપાઈમાં જરાક પણ ઢીલ થતા તરત જ મામલાને રદ કરી નાંખે અને જો વેચનારે ત્રણ દિવસથી વધુની મોહલત આપી હોય, તો મુદત પૂરી થયા પહેલા સોદાને રદ નહીં કરી શકે. આ ઉપરથી સમજી શકાશે કે અગર એવી નાશંવત વસ્તુ વેચવામાં આવી હોય જેમકે ભાજી, ફળો જે ત્રણ દિવસની અંદર ખરાબ થઈ જાય તો એની મુદત ઓછી હોવી જોઈએ. આને ખીયારે તાખીર

કહેવાય છે.

(૧૦) જે શખ્સે જાનવર ખરીદયું હોય, તેને ત્રણ દિવસ સુધી સોદો રદ કરવાનો હક છે.અને જો કોઈ શખ્સ પોતાની વસ્તુ વેચી તેના બદલામાં જાનવર લ્યે, તો વેચનારને ત્રણ દિવસ સુધી હક રહેશે કે ચાહે તો સોદો રદ કરે. આને ખિયારે હૈવાન કહેવાય છે.

(૧૧) અગર વેચનાર વેચેલો માલ સુપરત ન કરી શકે, જેમકે એણે જે ઘોડો વહેંચ્યો હોય એ નાસી છૂટે, તો એવા સંજોગમાં એ સોદાને રદ કરી શકે છે, અને આને ખિયારે તઅઝ્ઝુરે તસ્લીમ કહેવાય છે. આ વિશે વધુ વિગતો હવે પછી જણાવવામાં આવશે.

**મસઅલો ૨૧૩૫** : અગર ખરીદનારને કોઈ વસ્તુની કિંમતની જાણ ન હોય, અથવા ગફલતથી એ વસ્તુ સામાન્ય કિંમત કરતા મોંઘી કિંમતે ખરીદે, અને જો ખરીદ કિંમતમાં નોંધપાત્ર ફેર હોય, તો એ સોદોને રદ કરી શકે છે,પણ તેમા શરત એ છે કે સોદાને રદ કરતી વખતે હજી ભાવમાં જણાવેલ ફરક બાકી હોય; નહીંતર એ હક હોવું સાબિત નથી. અગર સોદો રદ કરતી વખતે આ ફરક બાકી ન રહે તો સોદો રદ કરવાના હકમાં ઈશ્કાલ છે.

એવી જ રીતે અગર વેચનારને કિંમતની જાણ ન હોય, અથવા ગફલતથી સોદો કરતી વખતે એ વસ્તુને તેની સામાન્ય કિંમત કરતા ઓછા ભાવે વેચે, અને જો ભાવફેર નોંધપાત્ર હોય, તો ઉપરોક્ત શરતે સોદાને રદ કરી શકશે.

**મસઅલો ૨૧૩૬ :** જે સોદો શરતની સાથે પત્યો હોય, જેમકે લાખ રૂપીયાનુ મકાન પચાસ હઝાર રૂપિયામાં એ શરતે વેચવામાં આવ્યું હોય કે વેચનાર નક્કી થયેલ મુદ્દત સુધી નાણા પાછા આપીને સોદો રદ કરવાનો હક ધરાવશે તો એ સોદો સહીહ છે, પણ તેમાં એ શરત છે કે સોદો કરતી વખતે વેચનાર અને ખરીદનાર વેચવા અને ખરીદવાનો વાસ્તવિક ઈરાદો ધરાવતા હોય.

**મસઅલો ૨૧૩૭ :** જે સોદો શરતની સાથે થયો હોય, તેમાં વેચનારને એવો ઈત્મીનાન હોય કે મુદ્દત પાક્તા જો ખરીદાર નાણાની ભરપાઈ નહીં કરે તો પણ ખરીદનાર મિલકત તેને સુપરત કરી આપશે, જો કે તે સોદો સહીહ છે, પણ મુદ્દત ઉપર ચૂકવણી જો ન કરે તો ખરીદનાર પાસેથી મિલકત માંગવાનો હક નહીં ધરાવે, અને જો ખરીદનાર મરી જાય તો એના વારીસો પાસેથી પણ મિલકત પાછી માંગી નહીં શકે.

**મસઅલો ૨૧૩૮ :** અગર ઊંચા પ્રકારની ચામાં હલકા પ્રકારની ચાની ભેળસેળ અને મિલાવટ કરી તેને ઊંચા પ્રકારની ચા તરીકે વેચવામાં આવે. તો ખરીદનાર સોદાને રદ કરી શકશે.

**મસઅલો ૨૧૩૯ :** અગર ખરીદનારને જાણ થાય કે એણે જે નિયુકત માલ લીધો, તેમાં ખોડખાંપણ કે એબ છે, જેમકે જાનવર ખરીદયું હોય અને જણાય કે જાનવર એક આંખે કાણું છે, અને જો એ ખોડખાંપણ પહેલેથી

હોય, અને ખરીદનારને એની ખબર ન હોય તો સોદાને રદ કરીને એ માલ વેંચનારને પાછો આપી શકે છે, પરંતુ જો માલ વેચનારને પાછો આપવો શક્ય ન હોય, જેમકે, તેમાં કોઈ ફેરફાર થઈ ગયો હોય, અથવા તેનો એવી રીતે વપરાશ થયો હોય કે પાછો દઈ શકાય તેમ ન હોય જેમકે તે ઐબદાર માલને વહેચી નાખ્યો હોય અથવા ભાડે આપી દીધો હોય અથવા જો કપડુ હોય તો વેતરી અથવા સીવી નાખ્યું હોય, એવા સંજોગમાં ખોડ-ખાપણવાળા અને સલામત માલની કિંમતના ફેરફારની ટકાવારી નક્કી કરી એ મુજબ વેચનાર પાસેથી પરત લઈ શકશે.

જેમકે, અગર એણે એ માલ ચાર રૂપિયામાં લીધો હોય, અને તેમાં ખોડખાંપણની જાણ થાય, જો ખોડખાંપણ વિના એ માલની કિંમત આઠ રૂપિયા હોય, અને ખોડખાંપણ સાથે તેની કિંમત છ રૂપિયા હોય, તો પચીસ ટકાનો ભાવ ફેર હિસાબ કરી પોતે જે રકમ આપી હતી, એટલે કે ચાર રૂપિયા તેની સામે ૧રૂપિયો વેચનાર પાસેથી પરત લઈ લેશે.

**મસઅલો ૨૧૪૦** : અગર વેચનારને ખબર પડે કે પોતાના માલના બદલામાં જે નિયુક્ત અવેજી લીધી હતી તેમાં એબ છે, અને જો એબ એ માલમાં પહેલેથી હોય અને એ વિશે જાણ ન હોય, તો મામલો રદ કરી એ અવેજી પરત આપી શકશે. પણ જો એમાં ફેરફારને કારણે કે ઉપયોગને પરિણામે એ પરત ન આપી શકે તો બંને

માલની કિંમતના ફેરફારને ધ્યાનમાં રાખી ઉપરોક્ત મસઆલામાં બયાન થયા મુજબ હિસાબ કરી પોતાનો હક માંગી શકે છે.

**મસઅલો ૨૧૪૧** : અગર સોદો પતી ગયા બાદ, પણ માલની સોંપણી થયા પહેલાં, માલમાં કોઈ ખોડ-ખાંપણ થાય, તો ખરીદનાર સોદો રદ કરી શકે છે. એવી જ રીતે જે માલ અવેજી તરીકે હોય, તેમાં સોદા બાદ, પણ સોંપણી પહેલાં ખોડ-ખાંપણ થાય, તો વેચનારને સોદો રદ કરવાનો અધિકાર છે. પરંતુ જો ફેરફારના કારણે ચીજવસ્તુ પરત કરવી શક્ય ન હોય, તો ભાવ ફેર વસૂલ કરવો જાઈઝ છે.

**મસઅલો ૨૧૪૨** : અગર સોદો થઈ ગયા બાદ માલમાં એબ કે ખોડખાંપણની જાણ થાય, અને એ સોદાને રદ કરવો હોય, તો જરૂરી છે કે તરત જ વિલંબ વિના રદ કરવામાં આવે. અને અગર સામાન્ય મુદ્દતથી વધુ ઢીલ કરવામાં આવે, તો સોદો રદ નહીં કરી શકાય. અલબત્ત, સામાન્ય મુદ્દત માટે જુદા જુદા સંજોગ લક્ષમાં રાખવા જરૂરી છે.

**મસઅલો ૨૧૪૩** : માલ ખરીદયા બાદ અગર એબ દેખાય, તો વેચનાર તૈયાર ન હોય તો પણ ખરીદનાર સોદો રદ કરી શકે છે અને એ જ હુકમ સર્વે ખિયારમાં છે.

**મસઅલો ૨૧૪૪** : બે સંજોગો એવા છે કે જેમાં ખરીદનાર ખોડખાંપણ કે એબને કારણે ન સોદો રદબાતલ કરી શકે છે, અને ન ભાવફેરનો દાવો કરી શકે છે :

(૧) અગર માલ ખરીદતી વખતે તેને એબ વિશે ખબર

હોય;
(૨) અગર વેચનાર સોદો કરતી વખતે કહે કે આ માલને, તેમાં જે કાંઈ એબ કે ખોડ હોય, તેની સાથે વેચી રહ્યો છું;

પણ અગર વેચતી વખતે કોઈ ખોડખાંપણ કે એબ નક્કી કરે, અને એમ કહે કે આ માલને ફલાણા એબની સાથે વેચી રહ્યો છું, અને પછીથી ખબર પડે કે એ સિવાય બીજા એબો પણ એ માલમાં છે, તો ખરીદનાર એ માલને છુપાયેલા એબને કારણે પાછો આપી શકે છે. અને જે સંજોગમાં એ માલ પાછો ન દઈ શકે, ભાવફેર વસૂલ કરી શકે છે.

**મસઅલો ૨૧૪૫** : જો ખરીદનાર જાણતો હોય કે માલમાં કોઈ ખોડ છે, અને માલ કબ્જે લીધા બાદ તેમાં બીજી કોઈ ખામી દેખાય તો તેવા સંજોગમાં સોદો રદ નહીં કરી શકે, પણ ખોડખાંપણ વિનાની અને ખોડખાંપણવાળી વસ્તુનો જે ભાવ ફેર હોય તે વસૂલ કરી શકશે.

પણ જો ખોડખાંપણવાળું જાનવર ખરીદે, અને તેમાં ત્રણ દિવસ પૂરા થયા પહેલાં કોઈ બીજી ખોડખાંપણ ઉત્પન્ન થાય, તો એ જાનવર પોતાના કબ્જામાં લઈ લીધા બાદ પણ એને પરત કરી શકે છે. એવી જ રીતે જે સંજોગમાં માત્ર ખરીદનારે એક મુદ્દત સુધી સોદો રદ કરી શકવાની શરત મૂકી હોય, એ મુદ્દત દરમિયાન જો માલમાં બીજો કોઈ એબ જણાય, તો કબ્જો લઈ લીધા બાદ પણ ખરીદનાર સોદો રદ કરી શકે છે.

**મસઅલો ૨૧૪૬** : અગર ઈન્સાન પાસે કોઈ એવો

માલ હોય કે જે એણે પોતે જોયો ન હોય, પણ બીજા કોઈના કહેવાથી એ માલમાં અમુક ગુણદોષ છે એમ ધારી લીધું હોય, અને એજ માલને વહેંચતી વખતે ખરીદનાર સામે એ ગુણદોષ રજૂ કરીને વેચે. વેચ્યા બાદ જો એને ખબર પડે કે એ ધારતો હતો એના કરતા એ માલ બેહતર હતો તો (વેચનાર) સોદો રદબાતલ કરી શકે છે.

## જુદા જુદા મસાઈલ

**મસઅલો ૨૧૪૭ :** વેચનાર અગર ખરીદનારને કોઈ માલની પડતર કિંમત જણાવે, તો સાથે એવી તમામ વિગતો પણ જણાવી દેવી જોઈએ કે જેથી કિંમત ઉપર ઉતાર ચડાવની અસર થાય છે, ભલેપછી એ જ કિંમતે અથવા તેના કરતા ઓછી કિંમતે વેચી આપે, જેમકે, એ જણાવવું જોઈએ કે માલ રોકડે લીધો છે અથવા ઉધાર, અને જો અમુક વિગતો બયાન ન કરે, અને ખરીદનારને પછીથી જાણ થાય તો એ સોદો રદ કરી શકશે.

**મસઅલો ૨૧૪૮ :** અગર ઈન્સાન કોઈ બીજાને માલની કિંમત નક્કી કરીને તે વેચવા આપે, અને કહે કે 'જેટલી વધારે કિંમતે વેચીશ તે વધારો તારૂ મહેનતાણુ' તો એવા સંજોગમાં જેટલી વધારે કિંમતે વેચે તે વધારો માલના ધણીનો હક છે, અને વેચનાર શખ્સ માત્ર પોતાની મહેનતનો હક ધણી પાસેથી લઈ શકશે.

પણ અગર એવી રીતે નક્કી કરે કે આ માલને તેની નક્કી કરેલ કિંમત કરતા જેટલી ઊંચી કિંમતે વેચીશ, એ વધારાનો માલ તારી માલિકીનો ગણાશે, તો તેમાં કોઈ ઈશ્કાલ નથી.

**મસઅલો ૨૧૪૯ :** અગર કસાઈ કોઈ નર જાનવરનું ગોશ્ત વેચી રહ્યો હોય, અને કોઈને તેના બદલામાં માદાનું ગોશ્ત આપે, તો એ કસાઈ ગુનેહગાર છે. અગર ગોશ્ત વેચતી વખતે નક્કી કરે કે આ નર જાનવરનું ગોશ્ત વેચી રહ્યો છું અને પછી દગો કરે તો ખરીદનાર સોદો રદ કરી શકશે. પણ જો નક્કી ન કરે, અને ખરીદનાર ખરીદેલ ગોશ્તથી રજામંદ ન થયો હોય તો કસાઈ ઉપર વાજિબ છે કે તેને નર જાનવરનું ગોશ્ત આપે.

**મસઅલો ૨૧૫૦ :** અગર ખરીદનાર કાપડ વેચનારને કહે કે મને એવા પાકા રંગનું કાપડ જોઈએ કે જેનો રંગ જાય નહીં; અને તે છતાં કાપડ વેચનાર એને કાચા રંગનું કાપડ આપે, તો ખરીદનાર એ સોદાને રદ કરી શકે છે.

**મસઅલો ૨૧૫૧ :** અગર વહેંચનાર ખરીદનારને વહેંચેલી વસ્તુ આપી ન શકે જેમકે ઘોડો વહેંચ્યો હોય અને તે ભાગી જાય તો આ સંજોગોમાં સોદો બાતિલ છે. ખરીદાર પોતાની રકમ પાછી માંગી શકે છે.

## ભાગીદારીના એહકામ

**મસઅલો ૨૧૫૨ :** અગર બે શખ્સ આપસમાં કરાર કરે કે પોતાના સયુંક્ત માલથી વેપાર કરશે અને તેમાંથી જે નફો હાંસિલ થશે તે પોતાના વચ્ચે તકસીમ કરશે,અને અરબી અથવા કોઈ બીજી ભાષામાં ભાગીદારીનો સીગો અદા કરે, અથવા એવો વર્તાવ કરે કે જેથી જાહેર થાય કે ભાગીદારીમાં ધંધો કરવાનો ઈરાદો ધરાવે છે, તો એમની ભાગીદારી સહીહ ગણાશે.

**મસઅલો ૨૧૫૩ :** અગર અમુક માણસો પોતાની

મજૂરી જે હાંસિલ કરે તેમાં એકબીજાની સાથે ભાગીદારી કરે, જેમકે, અમુક માલિશ કરનારાઓ એવા કરાર કરે કે જેટલી મજૂરી પ્રાપ્ત થશે તે આપસમાં તકસીમ કરશે, તો એ ભાગીદારી સહીહ નથી. પણ જો એ લોકો આપસમાં એવું સમાધાન કરે કે દરેક પોતાની અડધી મજૂરી, અમુક મુદ્દત સુધી, બીજાની અડધી મજૂરીના બદલામાં આપશે, તો એ સમાધાન સહીહ છે, અને એ રીતે એકબીજાની મજૂરીમાં ભાગીદાર ગણાશે.

**મસઅલો ૨૧૫૪** : અગર બે જણ એ રીતે ભાગીદારી કરે કે દરેક પોતાની જવાબદારીથી માલ લ્યે, અને પોતે એની કિંમતનો કરજદાર રહે, પણ તેમાંથી જે નફો હાંસિલ થાય તેમાં એકબીજાના ભાગીદાર રહેશે, તો એ ભાગીદારી સહીહ નથી.

પરંતુ જો દરેક બીજાને પોતાનો વકીલ નીમે, અને જે ઉધાર માલ લ્યે તેમાં બીજાને ભાગીદાર ગણે, એટલે કે પોતાના અને પોતાના ભાગીદાર વતી માલ લ્યે કે જેથી બંને કરજદાર શુમાર થાય, તો માલમાં બંનેની ભાગીદારી રહેશે.

**મસઅલો ૨૧૫૫** : જે લોકો ભાગીદારીમાં દાખલ થવા માંગતા હોય, તેઓ માટે બાલિગ અને અકલમંદ હોવું જરૂરી છે, અને એ પણ જરૂરી છે કે સ્વેચ્છાએ પોતાના ઈરાદાથી ભાગીદાર બને, ઉપરાંત તેમને પોતાના માલના ઉપયોગનો પૂરો હક હોવો જોઈએ. એટલે અગર કોઈ મૂર્ખ ફુઝુલ ખર્ચ કરનાર માણસ કે જેને પોતાના માલના ઉપયોગનો અધિકાર હોતો નથી, ભાગીદાર બને, તો એ

સહીહ નથી.

**મસઅલો ૨૧૫૬** : અગર ભાગીદારીમાં એવી શરત મૂકવામાં આવે કે જે ભાગીદાર કામ કરે છે, અથવા બીજા ભાગીદાર કરતા વધુ મહેનત કરે છે, અથવા એના કામની મહત્વતા વધારે છે, તેને નફાનો વધુ ભાગ મળશે, તો એ શરત મુજબ અમલ કરીને તે ભાગીદારને તેનો હક આપવો જોઈએ. એવી જ રીતે જો એવી શરત મૂકવામાં આવી હોય કે જે ભાગીદાર કામ કરતો નથી, અથવા વધુ મહેનત કરતો નથી, અથવા બીજાના કામ કરતા એના કામની મહત્વતા ઓછી છે, તેને નફાનો વધુ ભાગ અપાશે, તો પણ એ શરત પણ સહીહ ગણાશે, અને એ મુજબ વર્તવું જોઈએ.

**મસઅલો ૨૧૫૭** : અગર એવી સમજૂતી હોય કે પૂરો નફો એક જણ લઈ જશે, અથવા પૂરી નુકસાનીનો એક જ શખ્સ જવાબદાર રહેશે, તો એવી ભાગીદારીનું સહીહ હોવું મુશ્કેલ છે.

**મસઅલો ૨૧૫૮** : અગર એવી શરત ન હોય કે એક ભાગીદાર બીજા કરતા વધુ નફો મેળવશે, અને જો ભાગીદારોની મૂડી એકસરખી હોય, તો નફા નુકસાનમાં પણ એકસરખા ભાગીદાર રહેશે. પણ જો દરેકની મૂડી એકસરખી ન હોય, તો પછી નફા નુકસાનની વહેંચણી મૂડીના પ્રમાણમાં થશે. દાખલા તરીકે અગર બે જણ વચ્ચે ભાગીદારી હોય, અને એકની મૂડી બમણી હોય, તો નફાનુકસાનમાં પણ તેનો બમણો ભાગ રહેશે, ચાહે બંને એકસરખી મહેનત કરતા હોય, અથવા એકબીજા

કરતા ઓછું કામ કરતો હોય, અથવા એક ભાગીદાર તદ્દન કામ ન કરતો હોય.

**મસઅલો ૨૧૫૯ :** અગર ભાગીદારના કોલ કરારમાં એવી શરત હોય કે બંને ભાગીદારો સાથે મળીને ખરીદ અને વેચાણ કરશે, અથવા એ દરેકને ખરીદ અને વેચાણનો હક રહેશે, અથવા બેમાંથી માત્ર એક જ મામલો પતાવશે, અથવા એ કે સોદો પતાવવા કોઈ ત્રીજાને પગારદાર તરીકે રોકવામાં આવશે, તો એ શરત મુજબ વર્તવું જોઈએ.

**મસઅલો ૨૧૬૦ :** ભાગીદારી બે પ્રકારની હોય છે. એક ભાગીદારી ઈઝની જેમાં મૂડી બધા ભાગીદારોની મિલકત ગણવામાં આવે છે. બીજી ભાગીદારી મુઆવેઝી (અદલ બદલ)ની જેમાં દરેક ભાગીદાર પોતાના અડધો માલ બીજા ભાગીદારની મિલકતમાં આપે છે. જો ભાગીદારો ખરીદ-વેચાણ માટે કોઈને નક્કી ન કરે તો પહેલાં પ્રકારની ભાગીદારીમાં ભાગીદારો એકબીજાની રજા વગર મૂડીથી ખરીદ-વેચાણ નહી કરી શકે. પણ બીજા પ્રકારની ભાગીદારીમાં દરેક ભાગીદાર ભાગીદારીને (કંપનીને) નુકસાન ન થાય એવી રીતે સોદો કરી શકે છે.

**મસઅલો ૨૧૬૧ :** ભાગીદારીની મૂડી જે ભાગીદારના સુપરત થઈ હોય, તેના માટે જરૂરી છે કે ભાગીદારીની શરતો, સમજૂતી ઉપર અમલ કરે. દાખલા તરીકે જો એ મુજબ કોલ કરાર હોય કે માલ ઉધાર ખરીદે અથવા રોકડેથી, અથવા માલને નિયુકત સ્થળેથી ખરીદે, તો એ પ્રમાણે અમલ કરે. પણ અગર કોઈ એવી જાતના કોલ કરાર ન હોય, તો પછી સામાન્ય રિવાજ મુજબ લેવડ દેવડ કરશે

જેથી ભાગીદારીને કંઈ નુકસાન ન થાય.

**મસઅલો ૨૧૬૨** : જે ભાગીદાર ભાગીદારીમાં રોકવામાં આવેલી મૂડીનો વહીવટ ચલાવતો હોય, તે અગર તેની સાથે કરવામાં આવેલ કોલ કરારની વિરૂધ્ધ વર્તીને ખરીદ કે વેચાણ કરે અથવા કોલ કરાર ન હોય, પણ સામાન્ય પધ્ધતિથી વિરૂધ્ધ જઈને કોઈ મામલો કરે, જો કે અક્લાની રૂએ એ મામલો સહીહ છે, પણ જો તેમાં કંઈ નુકસાની થાય, અથવા પૂંજી બરબાદ થાય, તો કોલ કરારની વિરૂધ્ધ અથવા અસામાન્ય રીતે વર્તનાર ભાગીદાર જવાબદાર ગણાશે.

**મસઅલો ૨૧૬૩** : જે ભાગીદાર ભાગીદારીની મૂડીનો વહીવટ કરતો હોય, તે અગર સત્તાની હદ બહાર ન ગયો હોય, અને એણે મૂડીના રક્ષણમાં કોતાહી ન કરી હોય, અને સંજોગવશાત મૂડીમાંથી થોડોક ભાગ અથવા સંપૂર્ણ મૂડી બરબાદ થઈ જાય, તો એ ભાગીદાર જવાબદાર નથી.

**મસઅલો ૨૧૬૪** : અગર ભાગીદારી (કંપની)નો વહીવટ ચલાવનાર ભાગીદાર એમ કહે કે મૂડી બરબાદ થઈ ગઈ છે, અને બાકીના ભાગીદારોની નજરમાં એ વિશ્વાસપાત્ર હોય, તો તેની વાત માન્ય રાખશે. પણ જો એમ ન હોય, તો તેઓને હક રહેશે કે હાકીમે શરઅ પાસે તેની વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી શરીઅતના હુકમ મુજબ ફેંસલો મેળવે.

**મસઅલો ૨૧૬૫** : અગર તમામ ભાગીદારો

એકબીજાના હકમાં આપેલી રજામંદી પાછી ખેંચી લ્યે, તો કોઈ પણ ભાગીદાર ભાગીદારીના માલમાં ઉપયોગ, મામલા વી. નો હક નહીં ધરાવે, પરંતુ જો એમાંનો એક પોતાની રજામંદી પાછી ખેંચી લ્યે, તો બાકીના ભાગીદારો વપરાશનો હક નહીં ધરાવે, પણ રજામંદી ખેંચી લેનાર અગર ચાહે તો ભાગીદારીના માલમાં વપરાશ કરી શકશે. દરેક સંજોગોમાં ભાગીદારોની ભાગીદારી તે માલમાં બાકી રહેશે.

**મસઅલો ૨૧૬૬** : જયારે ભાગીદારી ઈઝ્નની હોય અને એક ભાગીદાર બાકીના ભાગીદારોને અરજ કરે કે ભાગીદારીમાંથી પૂંજી તકસીમ કરી નાખવામાં આવે, ત્યારે જો ભાગીદારીની મુદ્દત બાકી હોય તો પણ બીજા ભાગીદારોએ એ અરજ માન્ય રાખવી પડશે; સિવાય એ કે તકસીમ માટે કોઈ ભાગીદારને મૂડી રોકાણની જરૂર પડે (જેમ કે બે ગાડી હોય એકની કિંમત ૧૦ લાખ હોય અને બીજી ગાડીની કિંમત ૧૫ લાખ હોય ત્યારે ભાગીદારી છુટ્ટી કરવા માટે એક ભાગીદારને ૨ લાખ ૫૦ હજારનું મૂડી રોકાણ કરવું પડે), અથવા તકસીમ કરી દેવાથી ભાગીદારોને નોંધપાત્ર નુકસાનીનો સંભવ હોય.

**મસઅલો ૨૧૬૭** : ઈઝ્નની ભાગીદારીમાં અગર એક ભાગીદાર ગુજરી જાય, અથવા દીવાનો કે બેહોશ થઈ જાય, તો બાકીના ભાગીદારોને ભાગીદારીના માલમાં લેવડદેવડ અને ઉપયોગનો હક નહીં રહે એવી જ રીતે જો એમાંનો એક બિનજવાબદાર મૂર્ખ થઈ જાય, એટલે કે

પોતાના માલને બિનજવાબદારી અને મૂર્ખાઈને પરિણામે વેડફી નાખતો હોય તો આનો પણ આજ હુકમ છે.

**મસઅલો ૨૧૬૮** : અગર ભાગીદાર કોઈ માલ વ્યક્તિગત ઉધાર લ્યે, તો તેમાં નફા નુકસાનનો એ પોતે માલિક ગણાશે. પણ જો ભાગીદારી વતી લ્યે, અને ભાગીદારીના કરારમાં ઉધાર માલ ખરીદવાની રજા હોય, તો તેમાં થયેલ નફો નુકસાન ભાગીદારીના હકમાં જશે.

**મસઅલો ૨૧૬૯** : અગર અમુક લોકો સાથે રહીને ભાગીદારીમાં ધંધો કરે, અને પછીથી ખબર પડે કે એમની ભાગીદારી બાતિલ હતી, અને જો પહેલેથી એમની નિય્યત હોય કે ભાગીદારી સહીહ ન હોય તો પણ એકબીજાના માલમાં વહીવટ કરવા માટે રજામંદ રહેશે, તો એ ધંધો કે વહીવટ સહીહ ગણાશે, અને તેમાંથી થતા નફાના ભાગીદાર ગણાશે. પણ જો પહેલેથી એવો કોઈ ઈરાદો ન હોય, તો ભાગીદારી બાતિલ હોવાની જાણ થયા બાદ એકબીજાને રજામંદી આપે તો મામલો સહીહ છે, નહીંતર બાતિલ ગણાશે. દરેક સંજોગમાં જે ભાગીદારોએ વહીવટમાં મહેનત કરી હોય,તેઓએ જો મફત કામ કરવાનો ઈરાદો ન રાખ્યો હોય, તો સામાન્ય ધોરણે, બીજા ભાગીદારોના ભાગને ધ્યાનમાં રાખી, મહેનતાણું લઈ શકશે. પણ અગર મહેનતાણું સહીહ ભાગીદારીના નફા કરતા વિશેષ હોય, તો ફકત નફાના ભાગ જેટલુ જ મહેનતાણું લઈ શકશે.

## સુલેહ–સમાધાનના એહકામ

**મસઅલો ૨૧૭૦** : સમાધાન–સુલેહનો અર્થ એ છે કે

ઈન્સાન બીજા સાથે એવી સમજૂતી કરે કે તેને પોતાના માલ અથવા નફાનો અમુક ભાગ આપે, અથવા પોતાનું લેણું અથવા હક માફ કરે, અને સામે પક્ષ પણ પોતાના માલ અથવા અમુક ભાગ તેને આપે અથવા પોતાનું લેણું યા હક માફ કરે. બલ્કે જો સામે પક્ષથી કોઈ પણ અવેજ લીધા વગર અગર સમજૂતી કરે કે પોતાના માલ અથવા નફાનો હિસ્સો તેને આપશે, અથવા પોતાનું લેણું કે હક માફ કરી દેશે, તો પણ સુલેહ સહીહ છે.

**મસઅલો ૨૧૭૧** : જે શખ્સ સુલેહ કરી પોતાનો માલ સુપરત કરી રહ્યો હોય, તેના માટે બાલિગ અને આકિલ હોવું જરૂરી છે, ઉપરાંત એ સુલેહની નિય્યત ધરાવતો હોવો જોઈએ, અને તેમ કરવામાં કોઈએ તેને મજબૂર ન કર્યો હોવો જોઈએ. સાથે એ પણ જરૂરી છે કે સુલેહ કરનાર કોઈ બિનજવાબદાર, મૂર્ખ શખ્સ ન હોય અને દેવાળિયો પણ ન હોય, કે જેને પોતાના માલમાં વપરાશનો કોઈ અધિકાર હોતો નથી.

**મસઅલો ૨૧૭૨** : સુલેહ અને સમાધાન માટે જરૂરી નથી કે અરબી ભાષામાં સીગો પઢાય, બલ્કે કોઈ પણ ભાષામાં સુલેહની સમજૂતી થાય તે સહીહ ગણાશે.

**મસઅલો ૨૧૭૩** : અગર કોઈ શખ્સ પોતાના ઘેટાઓ રખેવાળને દાખલા તરીકે એક વર્ષની મુદ્દત સુધી રખેવાળી માટે આપે, અને તેનું દૂધ પણ ઉપયોગમાં લેવાની રજા આપે, પણ એવી શરત મૂકે કે થોડું ઘી માલિકને આપશે, અને જો તે રખેવાળ દૂધને રખેવાળી અને ઘીના

મહેનતાણારૂપે મુસાલેહત અને સમાધાન કરે તો એ મામલો સહીહ ગણાશે. બલ્કે ઉપર જણાવ્યા મુજબ એક વર્ષ સુધી રખેવાળી અને દૂધના ઉપયોગની રજા સાથે કોઈ રખેવાળને ઘેટાઓ ભાડે આપે, અને સામે બદલામાં ઘી માંગે કે જે માટે એવી શરત ન મૂકે કે ઘી એજ ઘેટાઓના દૂધથી બનેલું હોય, તો એ મામલો સહીહ ગણાશે.

**મસઅલો ૨૧૭૪** : અગર કોઈ શખ્સ પોતાના લેણા કે હક સંબંધી બીજા સાથે લેવડદેવડથી સુલેહ કરવા માંગે તો તે સહીહ થવા માટે સામે પક્ષની સંમતિ જરૂરી છે પણ જો પોતાનું લેણું કે હક માફ કરવા માંગતો હોય, તો સંમતિની જરૂરત નથી.

**મસઅલો ૨૧૭૫** : અગર કરજદારને કરજની રકમની જાણ હોય, પણ લેણદારને તેની ખબર ન હોય, અને એ કરજની રકમ કરતા ઓછી રકમ ઉપર સુલેહ કરે, જેમકે, પચાસ રૂપિયા નું કરજ હોય, અને લેણદાર દસ રૂપીયા ઉપર સુલેહ કરે, તો બાકી વધતી રકમ કરજદાર માટે હલાલ નહીં ગણાય; સિવાય કે લેણદારને હકીકત જણાવીને તેને રાજી કરે. અથવા એવો સંજોગ હોય કે અગર લેણદારને ખબર હોત કે કેટલું લેણું છે, તો પણ એટલી જ રકમ ઉપર સંમત થાત.

**મસઅલો ૨૧૭૬** : અગર બે વ્યક્તિઓ પાસે માલ મોજૂદ હોય, અથવા બંને વ્યક્તિની જવાબદારીમાં એકબીજાને અમુક માલ આપવાનો હોય, અને બંનેને જાણ હોય કે એક માલ બીજા કરતાં પ્રમાણમાં વધારે છે,

અને જો એ માલને એકબીજાની સામે વેચવું વ્યાજનો સોદો હોવાથી હરામ છે, એ જ કારણસર એ માલનું એકબીજાની સામે સમાધાન અને સુલેહ પણ હરામ ગણાશે. બલ્કે અગર એક માલનું પ્રમાણમાં બીજા કરતા વધારે હોવાનુ યકીન ન હોય, પણ અનુમાન હોય, તો એહતિયાતે લાઝિમની રૂએ એ બે માલનું અરસપરસ સમાધાન કે સુલેહ કરવું જાઈઝ નથી.

**મસઅલો ૨૧૭૭** : અગર બે વ્યક્તિઓનું કોઈ એક શખ્સ ઉપર લેણું હોય, અથવા બે વ્યક્તિઓનું કોઈ બીજા બે શખ્સ ઉપર લેણું હોય, અને એ વ્યક્તિઓ પોતપોતાના લેણાને આધારે અરસપરસ સમાધાન કે સુલેહ કરવા ચાહે, તો ઉપરોકત સંજોગમાં જણાવ્યા મુજબ વ્યાજનો સોદો થતો ન હોય તો વાંધો નથી, જેમકે, અગર બંને વ્યક્તિઓ દસ મણ ઘઉંના લેણદાર હોય (જેમાં એક ઊંચા પ્રકારનું અને બીજું હલકા પ્રકારનું હોય) અને બંને લેણાની ભરપાઈની મુદ્દત પાકી ગઈ હોય, તો એમના વચ્ચે એ આધારે સમાધાન અને મુસાલેહત સહીહ ગણાશે.

**મસઅલો ૨૧૭૮** : અગર કોઈ શખ્સે કોઈને એવું કરજ આપ્યું હોય કે જે ચોક્કસ મુદ્દત બાદ વસૂલ કરવાનું હોય, અને એ ઓછી રકમ લઈને પોતાના લેણાં પેટે સમાધાન કરવા માંગે, અને એનો મકસદ એ હોય કે લેણાનો અમુક ભાગ માફ કરી બાકી રકમ મુદ્દતથી પહેલાં રોકડ લઈ લ્યે, તો તેમાં કોઈ વાંધો નથી. અને આ હુકમ એ સંજોગમાં લાગુ પડશે કે જયારે લેણું સોના, ચાંદી અથવા એવી

જણસનું હોય કે જે માપતોલથી વેંચાય છે. એ સિવાયના સંજોગમાં લેણદાર માટે જાઈઝ છે કે પોતાના લેણા પેટે કરજદાર સાથે અથવા બીજા સાથે ઓછી રકમ ઉપર સમાધાન કરે, અથવા પોતાના લેણાને વેચી આપે, જેનો ખુલાસો મસઅલા ૨૩૦૭ માં આવશે.

**મસઅલો ૨૧૭૯ :** અગર બે વ્યક્તિઓ કોઈ એક વસ્તુ સંબંધિત મુસાલેહત અને સમાધાન કરે, અને ત્યારબાદ એ સમાધાનને રદ કરવા માગે, તો એકબીજાનો રાજીપો મેળવીને કરી શકશે, એવી જ રીતે અગર સોદો કરતી વખતે એવી શરત મૂકાઈ હોય કે બંનેને અથવા એકને આ મામલો રદ કરવાનો હક રહેશે, તો જેને એ હક અપાયો હોય તે મુસાલેહત રદ કરી શકશે.

**મસઅલો ૨૧૮૦ :** જ્યાં સુધી ખરીદનાર અને વેચનાર એક બીજાથી છુટા ન પડયા હોય ત્યાં સુધી તેઓ સોદો રદ કરી શકે છે. એવી જ રીતે જેણે જાનવર ખરીધ્યું હોય, તેને ત્રણ દિવસ સુધી સોદો રદ કરવાનો અધિકાર હોય છે, ઉપરાંત મસઅલા ૨૧૩૪ માં જણાવી ગયા છીએ તેમ અગર કોઈ ખરીદેલી વસ્તુની કિંમત ત્રણ દિવસ સુધી અદા ન કરે અને એ માલનો કબ્જો ન લ્યે, તો વેચનાર સોદો રદ કરી શકશે, પરંતુ જે શખ્સે કોઈ માલ બારામાં મુસાલેહત કરી હોય, તે ઉપરોકત ત્રણ સંજોગોમાં મુસાલેહતને રદ કરવા કે તોડવાનો હક નહીં ધરાવે.

અલબત્ત, અગર સમાધાનમાં સામે પક્ષ મુસાલેહતનો માલ આપવામાં હદ ઉપરાંત, અસામાન્ય

ઢીલ કરે, અથવા જો એવી શરત થઈ હોય કે મુસાલેહતનો માલ તત્કાળ આપશે, અને તે પ્રમાણે અમલ ન કરે, તો એ સંજોગમાં મુસાલેહતને રદ કરી શકશે. તે ઉપરાંત ખરીદ અને વેચાણના મસાઈલમાં જે બાકીના સંજોગો બ્યાન થયા છે, એ સંજોગોમાં મુસાલેહતને તોડી શકશે, પરંતુ જો ઝઘડો પતાવવા માટે સુલેહ કરી હોય તો છેતરપીંડીની સૂરતમાં સુલેહ તોડી શકશે નહી અને જો ઝઘડો પતાવવા માટે સુલેહ ન કરી હોય તો પણ છેતરપીંડીની સૂરતમાં એહતિયાતે વાજિબની રૂએ સુલેહ તોડી ન શકે.

**મસઅલો ૨૧૮૧** : અગર મુસાલેહતમાં સામે પક્ષ પાસેથી ખોડખાંપણવાળી વસ્તુ મેળવે, તો મુસાલેહતને રદ કરી શકાશે. પણ જો એ ખોડખાંપણવાળી અને ખોડખાંપણ વિનાની વસ્તુ વચ્ચેનો ભાવ ફરક વસૂલ કરવા માંગે તો તેમાં ઈશ્કાલ છે.

**મસઅલો ૨૧૮૨** : જયારે કોઈ શખ્સ પોતાના માલ સંબંધી સુલેહ, સમાધાન કરે, અને સાથે શરત મૂકે કે એના ગુજરી ગયા બાદ સમાધાનમાં જે માલ આપ્યો છે તેને નિયુકત રીતે ઉપયોગમાં લ્યે, જેમકે એમ કહે કે મારા મરી ગયા બાદ જે માલ ઉપર તારી સાથે મુસાલેહત કરી છે તેને વકફ કરી દેજે, અને સામો પક્ષ પણ એ શરતને સ્વીકારે, તો એ શરત મુજબ અમલ કરવું જોઈએ.

# મજૂરી અને ભાડાના એહ્કામ

**મસઅલો ૨૧૮૩ :** ભાડે આપનાર અને ભાડૂત બંને માટે જરૂરી છે કે બાલિગ અને આકિલ હોય, અને ભાડા સંબંધી સમજૂતી પોતાની મરજી અને ઈખ્તેયારીથી અંજામ આપે. ઉપરાંત બંનેને પોતાના માલમાં ઉપયોગનો અધિકાર હોવો જોઈએ. એટલે કે જે શખ્સ મૂર્ખ અને બિનજવાબદાર હોય, એ કોઈ વસ્તુને ભાડે દઈ શકતો નથી, તેમ જ ભાડે લઈ શકતો નથી. એવી જ રીતે જે નાદાર હોય, કે જેને પોતાના માલમાં વપરાશનો હક નથી હોતો તે માલને ભાડે આપી નહીં શકે, અથવા તે શખ્સ માલથી કોઈ ચીજ ભાડે લઈ નહીં શકે. અલબત્ત (નાદાર) પોતાની જાતને વેતન સામે રોકી શકે છે.

**મસઅલો ૨૧૮૪ :** ઈન્સાન બીજા વતી વકીલ થઈને માલને ભાડે આપી શકે છે, અથવા એના વતી માલ ભાડે લઈ શકે છે.

**મસઅલો ૨૧૮૫ :** અગર કોઈ સગીરનો વલી અથવા એનો વહીવટકર્તા એ બચ્ચાના માલને ભાડે આપે, અથવા ખુદ એ બાળકને વેતન સામે કામમાં આપે, તો તેમાં વાંધો નથી અને જો એવી શરત હોય કે બાલિગ થઈ ગયા બાદ પણ અમુક મુદ્દત સુધી એ કામ કરવા બંધાએલો રહેશે, તો પણ એ બાળક બાલિગ થઈ ગયા બાદ એ કોલકરારને રદબાતલ કરી શકશે, ભલે પછી એ શરત મૂક્તી વખતે બાળકનું હીત તેમાં સમાએલું હોય.

અલબત્ત, અગર એ શરતમાં એવી મસ્લેહત સમાએલી હતી કે જે શરીઅતની નજરે જરૂરી હતી, એટલે કે એ શરતને તર્ક કરવામાં અલ્લાહ રાજી ન હોય, તેમજ એ કરાર હાકીમે શરઅની રજાથી થયો હોય, તો બાલિગ થયા બાદ પણ એ બાળક કામ માટે થયેલ કરારને તોડી નહીં શકે.

**મસઅલો ૨૧૮૬** : જે સગીર બાળકનો કોઈ વલી (સરપરસ્ત) ન હોય, તેને મુજતહીદની રજા વગર કામ ઉપર રાખવું જાએઝ નથી, અને જે મુજતહીદ સુધી ન પહોંચી શકતો હોય, તે એક આદિલ મોઅમીનથી રજા લઈ એ સગીરવયના બાળકને કામ ઉપર રાખી શકશે.

**મસઅલો ૨૧૮૭** : ભાડે દેનાર અને ભાડૂત માટે જરૂરી નથી કે અરબી ભાષામાં એ માટે સીગો જારી કરે. બલ્કે અગર માલિક કહે કે હું મારી મિલકત તને ભાડે આપું છું, અને ભાડૂત તેનો સ્વીકાર કરે, તો એ મામલો સહીહ છે, બલ્કે જો બંને કાંઈ પણ ઉચ્ચાર ન કરે, પણ માલિક ભાડાના ઈરાદે પોતાની મિલકત ભાડૂતને આપે, અને એ જ નિય્યતથી ભાડૂત એ મિલકત લઈ લ્યે, તો પણ મામલો સહીહ ગણાશે.

**મસઅલો ૨૧૮૮** : અગર ઈન્સાન કોઈ પણ સીગાના ઉચ્ચાર વગર કોઈ કામ મહેનતાણાના બદલે કરવા માગે, તો એ કામમાં ગૂંથાઈ જતાં એ કરાર સહીહ ગણાશે.

**મસઅલો ૨૧૮૯** : જે શખ્સ મૂંગો હોય, તે અગર ઈશારાથી સમજાવે કે એણે કોઈ માલ ભાડે દીધો છે,

અથવા ભાડે લીધો છે, તો એ સહીહ ગણાશે.

**મસઅલો ૨૧૯૦** : અગર કોઈ શખ્સ મકાન, અથવા વહાણ અથવા દુકાન અથવા કોઈ ઓરડો ભાડે લ્યે, અને માલિક એવી શરત મૂકે કે એ ભાડૂત જ તેને ઉપયોગમાં લઈ શકશે, તો ભાડૂત એ વસ્તુ કે જગ્યાને બીજા કોઈના ઉપયોગ માટે ભાડે નહીં આપી શકે; સિવાય કે એવો સંજોગ થાય કે બીજાને ભાડે આપવા છતાં એમ જ કહેવાય કે પોતે ભાડૂત જ ઉપયોગ કરી રહ્યો છે. દાખલા તરીકે, અગર કોઈ ઔરત ભાડૂત હોય, અને એ ઔરત શાદી કરે, અને એ ઓરડો કે મકાન ધણી સાથે રહેવા માટે ધણીને જ ભાડે આપે, તો તેમાં વાંધો નથી.

અને જો માલિકે કોઈ એવી શરત ન મૂકી હોય, તો ભાડૂત એ વસ્તુ કે જગ્યા બીજાને ભાડે આપી શકશે, અલબત્ત એ માટે અહવત છે કે માલિકની રજા લ્યે. પણ જે ભાડેથી એણે લીધું હોય, એના કરતા વધારે ભાડૂ વસૂલ કરવા માંગતો હોય, ભલેપછી એ વધારો કોઈ બીજી વસ્તુરૂપે હોય (જેમકે રોકડ નાણા ન હોય), તો ફકત એ જ સંજોગમાં વધારે ભાડૂ લઈ શકાશે કે જો એણે તેમાં કાંઈ સમારકામ કે રંગરોગાન કરાવ્યું હોય, અથવા તેની દેખરેખમાં કોઈ ખર્ચ ભોગવ્યો હોય.

**મસઅલો ૨૧૯૧** : અગર કોઈ મજૂર અથવા પગારદાર શખ્સ એવી શરત કરે કે જેણે તેને પગાર અને વેતન સામે રોક્યો છે, માત્ર તેના જ માટે એ કામ કરશે, તો રોકનાર એ મજૂર કે પગારદારને બીજા કોઈની નોકરી કે મજૂરી

કરવા માટે આપીને મહેનતાણું વસૂલ નહીં કરી શકે; સિવાય કે ઉપર જણાવેલ મસઅલા મુજબ અમલ થયો હોય, અને જો એવી શરત ન કરી હોય, તો બીજાને હવાલે આપી મહેનતાણું લઈ શકશે, પણ મહેનતાણું મજૂર સાથે નક્કી કરેલા વેતનથી વધારે ન હોવું જોઈએ.

એવી જ રીતે અગર કોઈ શખ્સ પોતે કોઈની મજૂરી સ્વીકારે, અને પછી એ જ કામને અંજામ આપવા માટે બીજા કોઈને રોકે, તો એને પોતા માટે નક્કી કરેલા વેતનથી ઓછી મજૂરી નહીં આપી શકે અલબત્ત, અગર એ કાર્યને અંજામ આપવામાં પોતે પણ અમુક હદે હિસ્સો લ્યે, તો એવા સંજોગોમાં બીજાને ઓછું વેતન આપી શકશે.

**મસઅલો ૨૧૯૨** : મકાન, દુકાન, ઓરડો, વહાણ અને હોડી સિવાય અગર કોઈ શખ્સ બીજી કોઈ વસ્તુ ભાડે લ્યે, જેમકે જમીન ભાડે લ્યે, અને એ જમીનનો ધણી એવી શરત ન મૂકે કે ફકત ભાડૂત એ જમીનને ઉપયોગમાં લેશે, તો એવા સંજોગમાં જો ભાડૂત વધારે ભાડૂ લઈ, બીજા કોઈને એ જમીન ભાડે આપે, તો એ મામલામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૨૧૯૩** : અગર કોઈ શખ્સ મકાન અથવા દુકાનને દાખલા તરીકે એક વરસ માટે સો રૂપિયાના હિસાબે ભાડે લ્યે, અને તેનો અડધો હિસ્સો ઉપયોગમાં લઈને બાકીનો અડધો હિસ્સો સો રૂપિયામાં ભાડે આપે, તો તેમાં કોઈ વાંધો નથી, પણ અગર એ અડધા હિસ્સા માટે સો રૂપિયાથી વધુ ભાડૂ લેવા માંગે જેમકે એકસો વીસ

રૂપિયા ઉપર ભાડે આપવા ચાહે તો ફકત એ જ સંજોગમાં જાઈઝ છે કે એણે એ હિસ્સામાં કોઈ સમારકામ વી. કરાવ્યું હોય.

## ભાડાના માલની શરતો

**મસઅલો ૨૧૯૪** : જે માલ ભાડે દેવામાં આવે, તે માટે અમુક શરતો છે :

(૧) એ માલ નક્કી અને ચોક્કસ પણે નિયુકત હોવો જોઈએ. અગર કોઈ શખ્સ માત્ર એટલું જ કહે કે મારા મકાનોમાંથી કોઈ પણ એક તને ભાડે આપું છું. તો એ મામલો સહીહ નહીં ગણાય.

(૨) ભાડૂત એ માલને પોતે જોઈ લ્યે, અથવા ભાડે આપનાર એ માલની સંપૂર્ણ માહિતી અને વિગત આપે, જેથી ભાડૂતને માલની સંપૂર્ણ જાણકારી હાંસિલ થઈ શકે.

(૩) એ માલનું સુપરત કરવું શક્ય હોવું જોઈએ. અગર કોઈ શખ્સ, દાખલા તરીકે નાસી છૂટેલો ઘોડો ભાડે આપે, અને ભાડૂત એ ઘોડાને હાંસિલ ન કરી શકતો હોય, તો મામલો બાતિલ છે, અલબત્ત, અગર ભાડૂત એ ઘોડો હાંસિલ કરી શકતો હોય તો મામલો સહીહ ગણાશે.

(૪) ભાડે અપાયેલી વસ્તુ એવી ન હોવી જોઈએ કે ઉપયોગમાં લેવાથી એ ખતમ થઈ જતી હોય, જેમકે, અગર કોઈ ફળ, રોટલી અથવા ખાવા માટેની વસ્તુ ભાડે આપે, તો એ સહીહ નથી.

(૫) જે માલ ભાડે અપાય, તે માલથી ફાયદારૂપ ઉપયોગ શક્ય હોવો જોઈએ, અગર કોઈ શખ્સ, દાખલા તરીકે, ખેતી વાડી માટે એવી જમીન ભાડે આપે કે જેના માટે

વરસાદનું પાણી કાફી ન હોય, અથવા નદી નાળાનું પાણી ત્યાંસુધી ન પહોંચી શક્તું હોય, તો એ મામલો સહીહ નથી.

(૬) જે માલ ભાડે આપતો હોય તે માલ અથવા તે માલના ફાયદાનો માલિક હોવો જોઈએ. પારકો માલ જો ભાડે આપે, અને પોતે ધણી, વકીલ અથવા વાલી ન હોય તો ફકત એ જ સંજોગમાં સહીહ ગણાશે કે એ માલનો ધણી રજામંદ હોય.

**મસઅલો ૨૧૯૫** : ફળ માટે એવા ઝાડને ભાડે આપવું કે જેમાં ફળ લાગ્યા ન હોય, સહીહ છે. એવી જ રીતે કોઈ જાનવરને દૂધ માટે ભાડે આપવું સહીહ છે.

**મસઅલો ૨૧૯૬** : કોઈ ઔરત અગર બાળકને દૂધ પીવરાવવા માટે વેતન સ્વીકારે તો જાએઝ છે, અને તેમાં પોતાના પતિની રજા લેવાની જરૂરત નથી, પણ જો એ દૂધ પીવડાવવાથી શૌહરના હકને હાનિ પહોંચે તેમ હોય, તો રજા વિના એ કામ નહીં સ્વીકારી શકે.

## જે લાભના હેતુસર કોઈ વસ્તુ ભાડે આપવામાં આવે તેની શરતો

**મસઅલો ૨૧૯૭** : જે માલ ભાડે અપાય, તેના ઉપયોગ માટે ચાર શરતો છે :

(૧) પહેલી બાબત એ કે ઉપયોગ હલાલ હોવો જોઈએ માટે એ શરતની રૂએ કોઈ ચીજ કે જેનો ફાયદો ફક્ત હરામ માટે જ થતો હોય જેમ કે કોઈ શખ્સ દારૂ વેંચવા માટે, અથવા દારૂની વખાર તરીકે, દુકાન ભાડે આપે, અથવા

દારૂનો હેરફેર કે પરિવહન માટે વાહન-જાનવર વી. ભાડે આપે, તો એ મામલો બાતિલ છે.

(૨) બીજી બાબત એ કે એવું કાર્ય ન હોવું જોઈએ કે જે શરીઅતની રૂએ વગર વેતને અંજામ દેવું જરૂરી હોય, જેમકે, એહતિયાતે વાજિબની રૂએ, જરૂરત પૂરતા હલાલ હરામના મસાઈલ શીખવાડવા અને મૈયતને ગુસલ, કફન આપવા માટેનું વેતન લેવુ જાઈઝ નથી. બલ્કે એહતિયાતે વાજિબ છે કે કોઈ પણ એવા કામ માટે વેતન ન લેવુ જોઈએ કે જેનું વેતન આપવું વહેવારની રૂએ નિરર્થક હોય.

(૩) અગર ભાડે આપવામાં આવતી વસ્તુ એવી હોય કે જેના અનેક ઉપયોગ થઈ શકે તેમ હોય, તો જે ઉપયોગની ભાડૂતને રજા આપવી હોય તે નક્કી કરી લેવું જોઈએ. જેમકે અગર કોઈ એવા જાનવરને ભાડે આપે કે જે સવારી માટે તેમજ બોજ ઉપાડવા માટે કામ આવી શકે, તો ભાડે આપતી વખતે નક્કી કરવું જોઈએ કે ભાડૂત માત્ર સવારી માટે અથવા બોજ ઉપાડવા માટે તેનો ઉપયોગ કરશે, અથવા બંને રીતે ઉપયોગમાં લઈ શકશે.

(૪) ભાડે અપાયેલી વસ્તુના ઉપયોગનું પ્રમાણ પણ નક્કી થવું જોઈએ અને આ પ્રમાણ મુદ્દત નક્કી કરીને થઈ શકે છે, જેમકે મકાન અથવા દુકાન ભાડે આપી હોય, અથવા કામ નિયુક્ત કરીને થઈ શકે છે, જેમકે દરજી સાથે એવો કરાર થાય કે લિબાસ ખાસ નક્કી કરેલી રીતે સીવે.

**મસઅલો ૨૧૯૮** : અગર કોઈ શખ્સ ભાડાની મુદ્દતની શરૂઆત નક્કી ન કરે, તો જયારે તે માટે કરાર કરશે, ત્યારથી મુદ્દતની શરૂઆત ગણાશે.

**મસઅલો ૨૧૯૯ :** અગર કોઈ શખ્સ મકાન ભાડે લ્યે અથવા આપે અને નક્કી થાય કે સીગો પઢાઈ જતા એક મહિનો પૂરો થયા બાદ ભાડાની મુદ્દત શરૂ થશે તો એ સહીહ ગણાશે, ભલેપછી સીગો પઢાતી વખતે એ મિલકત કોઈ બીજાને ભાડે અપાયેલી હોય.

**મસઅલો ૨૨૦૦ :** અગર ભાડાની મુદ્દત નક્કી ન કરવામાં આવે, અને ભાડે આપનાર એમ કહે કે જ્યાં સુધી તું આ મકાનમાં રહીશ માસિક ભાડું દસ રૂપિયા થશે, તો એ મામલો સહીહ નહીં ગણાય.

**મસઅલો ૨૨૦૧ :** અગર કોઈ શખ્સ ભાડૂતને એમ કહે કે આ મકાન તને મેં માસિક દસ રૂપિયાના ભાડે આપ્યું છે, અથવા કહે કે એક મહિના માટે દસ રૂપિયાના ભાડે આપ્યું છે અને ત્યારબાદ જેટલો સમય તું તેમાં રહે, ભાડું દર માસ દસ રૂપિયા રહેશે, તો અગર ભાડાની મુદ્દતની શરૂઆત નક્કી કરવામાં આવી હોય, અથવા તેની ચોક્કસ જાણ હોય, તો પહેલાં મહિના માટેનો એ મામલો સહીહ ગણાશે.

**મસઅલો ૨૨૦૨ :** જે મકાનમાં કોઈ મુસાફર કે ઝવ્વાર રહેવા આવ્યો હોય, અને તેમને ખબર ન હોય કે કેટલો સમય રોકાણ કરશે, માટે જો એવો કરાર કરે કે દાખલા તરીકે દરેક રાતનો એક રૂપિયો આપશે, અને જો ઘરધણી રાજી હોય, તો તે મકાનમાં રહેવામાં કોઈ વાંધો નથી, પણ કારણ કે કેટલો સમય રહેશે તે નક્કી નથી, એટલે પહેલી રાત સિવાય બાકીની રાતોનો મામલો સહીહ નહીં

ગણાય, અને ઘરધણી પહેલી રાત બાદ ગમે ત્યારે એ મુસાફરો કે ઝવ્વારને ઘર ખાલી કરાવી શકે છે.

## ભાડા અને મજૂરીને લગતા જુદા જુદા મસાઈલ

**મસઅલો ૨૨૦૩ :** જે માલ ભાડૂતને ભાડા રૂપે આપવા માંગતો હોય, તેની વિગતો સ્પષ્ટ હોવી જોઈએ, જેમકે ઘઉં જેવી જણસ હોય કે જે વજનથી વેચાય છે, તો એનું વજન નક્કી કરવું જોઈએ, અને અગર એવી ચીજવસ્તુ હોય જે ગણતરીથી વેચાતી હોય તો તેની સંખ્યા નક્કી કરવી જોઈએ, અને જો ઘોડા કે ઢોરઢાંખર રૂપે હોય તો જરૂરી છે કે ભાડે લેનાર એ જાનવરોને જોઈ, તપાસી લ્યે, અથવા ભાડે આપનાર તેની ખાસિયતો બતાવી આપે.

**મસઅલો ૨૨૦૪ :** અગર કોઈ શખ્સ ખેતીવાડી માટે જમીન ભાડે આપે, અને એ જ જમીન ઉપર ઉગનાર પાક કે જે તે સમયે મોજૂદ ન હોય, તેને ભાડા રૂપે નક્કી કરે, અથવા એવી શરતે ભાડે આપે કે એ જમીન ઉપર ઉગનાર પાકમાંથી ભાડૂ ભરશે, તો એ મામલો સહીહ નહીં ગણાય, અલબત્ત, અગર ભાડારૂપે આપવાનો પાક જમીન ઉપર મોજૂદ હોય તો વાંધો નથી.

**મસઅલો ૨૨૦૫ :** જે શખ્સ કોઈ ચીજ ભાડે આપે, તો તે જયાં સુધી એ ચીજ ભાડૂતને હવાલે ન કરે ત્યાં સુધી તેનું ભાડૂ માંગી શકતો નથી. એવી જ રીતે જે શખ્સ ઉજરત સામે કોઈ અમલ અંજામ આપવાનું મંજૂર કરે, તો

એ કામ કર્યા પહેલાં પોતાનો હક નહીં માંગી શકે, સિવાય એવા સંજોગોમાં કે જયારે સામાન્ય રીતે ઉજરત અમલને અંજામ આપ્યા પહેલાં દેવાતી હોય છે, જેમકે હજ પઢવા જવાની નિયાબત વી.

**મસઅલો ૨૨૦૬** : જયારે ભાડે આપનાર શખ્સ પોતાની ચીજ ભાડૂતને સુપરત કરી દ્યે, ત્યારે અગર ભાડૂત એ ચીજને કબ્જે ન લ્યે, અથવા કબ્જે લ્યે પણ ભાડાની નિયુક્ત મુદ્દત સુધી તેનો ઉપયોગ ન કરે, તો પણ ભાડૂત ઉપર ભાડૂ અદા કરવું વાજિબ રહેશે.

**મસઅલો ૨૨૦૭** : જયારે ઈન્સાન વેતન સામે કોઈ કામ નક્કી કરેલા દિવસે અંજામ આપવાનો કરાર કરે, અને વાયદા મુજબ એ દિવસે કામ કરવા હાજર રહે, પણ વેતનથી રોકનાર શખ્સ એને એ દિવસે કોઈ કામ ન આપે, તો પણ એનું વેતન આપવું વાજિબ છે. જેમકે, કોઈ દરજી સાથે કરાર કરે કે ફલાણે દિવસે કપડા સીવવા માટે આવે, અને એ દિવસે દરજી કામ માટે હાજર રહે, પણ તેને સીવવા માટે કપડાં ન આપે, તો એની મજૂરી આપવી જોઈએ, ચાહે એ દરજી તદ્દન બેકાર રહે, અથવા પોતાનું કે બીજાનું કામ કરવા ગૂંથાઈ જાય.

**મસઅલો ૨૨૦૮** : જો ભાડાની મુદ્દત ખતમ થયા બાદ જાણ થાય કે એ મામલો અને કરાર બાતિલ હતો, તો ભાડૂત માટે જરૂરી છે કે ધણીને, જે સામાન્ય અને પ્રચલિત ભાડૂ લેખાતું હોય, તે આપી દે. જેમકે કોઈ મકાન એક વર્ષ માટે સો રૂપિયાના ભાડા ઉપર લ્યે, અને

પછીથી જાણ થાય કે એ મામલો બાતિલ હતો, તો અગર એ મકાનનું સામાન્ય ભાડૂ પચાસ રૂપિયા લેખાતું હોય, તો ઘરધણીને પચાસ રૂપિયા આપે, અને જો બસો રૂપિયા લેખાતું હોય, તો અગર ભાડે આપનાર પોતે ધણી હોય, અથવા એનો સત્તાવાર એજન્ટ હોય, અને એને પ્રચલિત ભાડાની જાણ હતી, તો પછી જરૂરી નથી કે સો રૂપિયાથી વધુ અદા કરે, પરંતુ એ સિવાયના સંજોગોમાં બસો રૂપિયા આપવા જોઈએ.

એવી જ રીતે ભાડાની મુદ્દતનો અમુક સમય વીતી ગયા બાદ જાણ થાય કે મામલો બાતિલ હતો. તો જેટલી મુદ્દત વીતી ગઈ તેના ભાડા માટે પણ એ જ હુકમ છે.

**મસઅલો ૨૨૦૯** : અગર ભાડે લીધેલી કોઈ ચીજ ખોવાઈ જાય, અથવા બરબાદ થઈ જાય, અને જો ભાડૂતે તેને સાચવવામાં કોઈ કચાશ ન રાખી હોય, અને તેના ઉપયોગમાં કોઈ બેદરકારી ભર્યો વર્તાવ ન રાખ્યો હોય, તો ભાડૂત જવાબદાર નહીં ગણાય. એવી જ રીતે દાખલા તરીકે, દરજીને કાપડ આપ્યું હોય, અને એ કાપડ ખોવાઈ જાય, અને જો દરજીએ બેદરકારી ન રાખી હોય, અને એની હિફાઝતમાં કચાશ ન કરી હોય, તો એની પાસેથી કંઈ અવેજી કે બદલો ન માંગવો જોઈએ.

**મસઅલો ૨૨૧૦** : અગર કોઈ કારીગરને કોઈ વસ્તુ કામ માટે આપે અથવા દરજીને સીવવા માટે આપે અને તે તેને બરબાદ કરી નાખે તો એ જવાબદાર ગણાશે.

**મસઅલો ૨૨૧૧** : અગર કોઈ કસાઈ જાનવરની ગરદન કાપી નાખે, અને એને હરામ કરી નાખે, તો એ જાનવરની કિંમત જાનવરના માલિકને આપશે, ચાહે એ કામ માટે એણે મહેનતાણું લીધું હોય અથવા ન લીધું હોય.

**મસઅલો ૨૨૧૨** : અગર કોઈ શખ્સ જાનવર (અથવા ગાડી) ભાડે લ્યે, અને પહેલેથી નક્કી કરે કે તેના ઉપર કેટલો બોજ લાદવામાં આવશે. છતાંપણ એનાથી વધુ બોજ લાદવાથી એ જાનવર મરી જાય, અથવા તેમાં કોઈ ખોડખાંપણ થાય, તો એ શખ્સ જવાબદાર ગણાશે. અને જો પહેલેથી નક્કી ન કરે કે કેટલો બોજ લાદશે, પણ સામાન્ય રીતે જેટલો ભાર મૂક્વો જોઈએ એનાથી વધુ બોજ લાદે, જેને પરિણામે જાનવર મરી જાય અથવા તેમાં ખોડખાંપણ પેદા થાય, તો પણ ભાડૂત જવાબદાર છે. અને બંને સંજોગમાં જે પ્રચલિત હોય એ પ્રમાણે મૂકેલ વજનનું વધુ ભાડૂ પણ આપશે.

**મસઅલો ૨૨૧૩** : અગર કોઈ શખ્સ જાનવરને એવો સામાન ઉપાડવા માટે ભાડે આપે કે જે બટકણો, જલદી તૂટી જાય તેવો હોય તો એ જાનવર લપસી જાય, અથવા કુદે અને સામાન તૂટી જાય, તો માલિક જવાબદાર નથી પણ જો વધુ પડતી માર મારવાથી અથવા એવા કોઈ કાર્યને પરિણામે જાનવર પડી જાય, અને સામાન તૂટે, તો એ જવાબદાર ગણાશે.

**મસઅલો ૨૨૧૪** : અગર કોઈ શખ્સ બાળકની ખત્ના કરે, અને એની બેદરકારી અથવા ભૂલથી બાળક ગુજરી

જાય, જેમકે જરૂરત કરતા વધુ પ્રમાણમાં ચામડી કાપી નાખી હોય, અથવા એ બાળકને નુકસાન થાય, તો ખત્ના કરનાર જવાબદાર છે, પણ જો એની કોઈ બેદરકારી કે ભૂલ ન હોય, પણ બાળક ખત્નાને કારણે જ ગુજરી જાય અથવા એને કોઈ નુકસાન થાય, અને જો એ વિશે પહેલેથી એની સલાહ ન લેવામાં આવી હોય, અને એને એ બાબતની ખબર ન હોય કે બાળકને નુકસાન થશે કે કેમ, તો એવા સંજોગમાં એ જવાબદાર નથી.

**મસઅલો ૨૨૧૫** : અગર કોઈ ડોકટર, વૈદ પોતાના હાથે બીમારને કોઈ દવા આપે, અથવા તેના માટે દવા સૂચવે, અને એ દવા ખાવા કે પીવાથી એ બીમારને નુકસાન થાય, અથવા ગુજરી જાય, તો ચાહે ઈલાજમાં કોતાહી કરી હોય કે ન કરી હોય, એ ડોકટર જવાબદાર ગણાશે.

**મસઅલો ૨૨૧૬** : અગર ડોકટર કોઈ બીમારને પહેલેથી એમ કહી દે કે જો તને કોઈ નુકસાન થાય તો હું જોખમદાર નથી, અને ત્યારબાદ પોતે પૂરી ચીવટ અને સાવચેતથી ઈલાજ કરે, તે છતાંય બીમાર શખ્સને નુકસાન થાય અથવા મરી જાય, તો ડોકટર જવાબદાર નહીં ગણાય.

**મસઅલો ૨૨૧૭** : ભાડે આપનાર અને ભાડૂત એક બીજાની રજામંદીથી મામલાને રદ કરી શકે છે. એવી જ રીતે જો પહેલેથી મામલામાં શરત મૂકવામાં આવી હોય કે બંને પક્ષને, અથવા તેમાંના કોઈ પણ એકને, મામલો રદ કરવાનો હક રહેશે, તો એ કરાર મુજબ અમલ કરી મામલાને રદ કરી શકશે.

**મસઅલો ૨૨૧૮** : અગર ભાડે આપનાર અથવા

ભાડૂતને જાણ થાય કે મામલામાં એની સાથે દગો થયો છે, જેના કારણે તેને નુકસાની ભોગવવી પડી, અને જો મામલો કરતી વખતે તેને એ વિશે જાણ ન હતી, તો મામલો રદ કરી શકે છે, જેનો ખુલાસો મસઅલા ૨૧૩૪ માં અપાઈ ચૂક્યો છે, પણ જો મામલો નક્કી કરતી વખતે અથવા સીગો પઢાય ત્યારે જો શરત મૂકવામાં આવી હોય કે દગો અથવા અન્યાયને કારણે નુકસાની ભોગવવી પડે તો પણ મામલો રદ નહીં કરી શકે, તો પછી મામલો બાકી રહેશે.

**મસઅલો ૨૨૧૯** : અગર કોઈ શખ્સ ભાડે દીધેલી વસ્તુ ભાડૂતને હવાલે કરવા પહેલાં કોઈ ત્રીજો આવીને એ વસ્તુ પડાવી જાય અને ગસ્બ કરે, તો એવા સંજોગોમાં ભાડૂત સોદો રદ કરી શકે છે, અને જે ભાડુ એણે માલિકને આપ્યું હોય તે પરત માંગી શકશે. અથવા એમ પણ કરી શકે છે કે રદ ન કરે,અને પડાવી લેનાર શખ્સે જેટલો સમય એ માલ પોતના ઉપયોગમાં રાખ્યો હોય તેની પાસેથી તેનું સામાન્ય ધોરણે ભાડું લઈ લ્યે. દાખલા તરીકે, અગર એણે એક મહિના માટે કોઈ જાનવર દસ રૂપિયાના ભાડે લીધુ હોય, અને એ જાનવર ગસ્બ કરનારે દસ દિવસ સુધી પોતાની પાસે રાખે, અને સામાન્ય રીતે દસ દિવસનું ભાડૂ પંદર રૂપિયા લેખાતું હોય, તો એ ગસ્બ કરનાર પાસેથી પંદર રૂપિયા વસૂલ કરી શકશે.

**મસઅલો ૨૨૨૦** : અગર કોઈ ભાડે લીધેલ ચીજ ગસ્બ કરી લ્યે અથવા ભાડૂતને ઉપયોગ કરવાથી રોકે અથવા ભાડે લીધેલ વસ્તુનો કબજો ન લેવા દ્યે તો ભાડૂત મામલાને રદ નહીં કરી શકે. એને ફકત એટલો જ હક રહે કે સામાન્ય

ધોરણે એ વસ્તુનું ભાડૂ ગસ્બ કરનાર પાસેથી વસૂલ કરે.

**મસઅલો ૨૨૨૧** : અગર જે મુદ્દત માટે વસ્તુ ભાડે અપાઈ હોય એ મુદ્દત પૂરી થવા પહેલાં માલિક પોતાની એ વસ્તુ ભાડૂતને વેચી નાખે, તો ભાડાનો સોદો બાકી રહેશે, અને ભાડૂતે પૂરૂં ભાડૂ દેવું જોઈએ. અને જો માલિક ભાડૂત સિવાય કોઈ બીજાને એ વસ્તુ વેચી નાખે, તો પણ એ જ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૨૨૨૨** : ભાડે આપેલી વસ્તુની મુદ્દત શરૂ થાય એથી પહેલા જો તે વસ્તુ ઉપયોગ કરવાને લાયક ન રહે, જે ઉપયોગ માટે ભાડે આપી હતી, તો મામલો બાતિલ થઈ જશે અને જો એણે માલિકને ભાડૂ ચૂકવ્યું હોય, તો એ પાછું માંગી શકશે. અને જો એ વસ્તુ માત્ર અમુક અંશે ઉપયોગી થઈ શકે તેમ હોય, તો પણ એ ચાહે તો મામલો રદ કરી શકશે.

**મસઅલો ૨૨૨૩** : અગર કોઈ શખ્સ કોઈ વસ્તુને ભાડે આપે, અને મુદ્દતનો અમુક સમય વીતી ગયા બાદ, ભાડૂતે જે કામ અને ઉપયોગ માટે ભાડે લીધી હતી એ કામ માટે નકામી નીવડે, તો બાકી રહેલી મુદ્દતનો મામલો બાતિલ ગણાશે, અને વીતી ગયેલી મુદ્દતના મામલાને પણ એ રદ્દ કરી શકશે અને એ મુદ્દત માટે સામાન્ય ધોરણે જે ભાડૂ લેખાતું હોય તે માલિકને અદા કરશે.

**મસઅલો ૨૨૨૪** : અગર કોઈ શખ્સ કોઈ મકાનને ભાડે આપે, જેમાં દાખલા તરીકે, બે ઓરડા હોય, અને તેમાંનો એક ઓરડો ખંડિત થઈ જાય, અને તેમાં થોડું ઘણું સમારકામ એવી રીતે કરાવીને આપે કે અગાઉની

હાલત કરતાં ઘણો ફરક જણાય, તો એવા સંજોગમાં એ જ હુકમ લાગુ પડશે જે ઉપરોકત મસઅલામાં જણાવી ચૂક્યા છીએ. પણ જો ભાડે આપનાર તરત જ સરખી રીતે સમારકામ કરાવીને અસલી હાલત ઉપર લઈ આવે, જેથી ભાડૂતને તેના ઉપયોગમાં કંઈપણ ફરક ન પડે, તો મામલો બાતિલ નહીં થાય, અને ભાડૂત પણ મામલાને રદ નહીં કરી શકે.

અલબત્ત, જો સમારકામ કરાવવામાં એટલી ઢીલ કરે કે ભાડૂતને મકાનનો જોઈતો ફાયદો હાંસિલ ન થાય, તો એટલી મુદ્દતનો મામલો રદ ગણાશે, અને ભાડૂત જો ચાહે તો આખી મુદ્દતનો મામલો રદ કરીને જેટલો ઉપયોગ અને ફાયદો એણે લીધો તેના બદલામાં જે સામાન્ય ભાડૂ લેખાતું હોય તે માલિકને આપે.

**મસઅલો ૨૨૨૫** : અગર ભાડે આપનાર અથવા ભાડૂત મરી જાય, તો મામલો રદ નહીં થાય, પણ જો એવું હોય કે ભાડે આપનારને ફકત મકાનનું ભાડૂ એના જીવન દરમિયાન મળશે, તો મામલો બાતિલ ગણાશે, જેમકે, અગર કોઈ બીજાએ વસિયત કરી હોય કે ફલાણો શખ્સ જયાં સુધી જીવે છે ત્યાં સુધી મકાનનું ભાડૂ પામશે, હવે એ ફલાણો શખ્સ એક મુદ્દત માટે મકાન ભાડે આપે, અને મુદ્દત પૂરી થતા પહેલાં ગુજરી જાય, તો મરી જવાના સમયથી એ મામલો બાતિલ થઈ જશે, પણ જો અસલી માલિક ભાડે આપવાના મામલાને ટેકો આપે, પોતાની રજામંદી જાહેર કરે, તો સહીહ ગણાશે, અને ભાડે આપનાર શખ્સના મૃત્યુ બાદથી બાકી રહેલું ભાડૂ અસલ માલિકને

મળશે.

**મસઅલો ૨૨૨૬ :** અગર કોઈ શખ્સ મકાન ચણતર કરનારને વકીલ બનાવીને કહે કે મજૂરો રોકે, અને એ ચણતર કરનાર ધણી પાસેથી મજૂરો માટે જેટલા નાણા લેતો હોય, એથી ઓછું વેતન મજૂરોને ચૂકવે, તો જે વધારો હોય એ ચણતર કરનાર માટે હરામ છે, અને એની ફરજ થશે કે ધણીને એ પૈસા પાછા આપે.

પણ જો કોઈ શખ્સ એવો ઠેકો લ્યે કે ચણતરના સર્વે કામો પોતાના ઈખ્તિયારમાં રહેશે, કે જેથી ચાહે તો પોતે કામ કરે અથવા બીજાને સોંપે, તો જો તેમાં અમુક કામ પોતે કરી બીજાઓને બાકીનું કામ આપે, અને પોતે લીધેલી મજૂરી કરતાં તેઓને ઓછું વળતર આપે, તો એ વધારો એના માટે હલાલ ગણાશે.

**મસઅલો ૨૨૨૭ :** અગર કપડાઓને રંગનાર એવો કરાર કરે કે ફલાણો રંગ ઉપયોગમાં લેશે, જેમકે કહે કે ગળીથી રંગશે, પણ એને બદલે બીજી વસ્તુ ઉપયોગમાં લઈને રંગી આપે, તો એ માટે મહેનતાણું માંગવાનો હક નહીં ધરાવે.

## મુઝારેબાના એહકામ (રોકાણ)

**મસઅલો ૨૨૨૮ :** મુઝારેબા એવા કોલ કરારને કહે છે કે જેમાં એક માલિક હોય અને પોતાના માલને બીજાને સોંપે જેને આમિલ કહેશુ તે (આમિલ) આ માલથી વેપાર કરે અને મળતો નફો બન્ને વચ્ચે તકસીમ થાય.

## આ સોદામાં નીચેની શર્તો જરૂરી છે.

૧) સોંપવુ અને સ્વીકારવુ હોવુ જોઈએ ચાહે તે શબ્દો વડે હોય અથવા કાર્ય વડે અથવા એવી દરેક બાબતો જેના કારણે સોંપવુ અને સ્વીકારવુ સમજાય તો કાફી છે.

૨) શરઈ રીતે બાલીગ હોય, અક્કલમંદ હોય, વિકસીત હોય અને કૌલ કરારનો બંને પક્ષને અધિકાર હોય. ખાસ કરીને માલિક માટે શર્ત છે કે હાકીમે શરઈ તરફથી દીવાળુ કાઢવાના કારણે તેને તેનો માલ વાપરવામાં પાબંદી ન હોય. પરંતુ આમીલમાં આ શર્ત જરૂરી નથી સિવાય કે કૌલો કરાર મુજબ આમિલ માટે એ માલનો વપરાશ જરૂરી હોય જેના ઉપયોગની તેના ઉપર પાબંદી હોય.

૩) દરેકનો હિસ્સો નફામાંથી નક્કી હોવો જોઈએ જેમકે અર્ધો, પોણો દરેકના હિસ્સા માટે ખાસ કિંમત નક્કી ન હોવી જોઈએ જેમકે લાખ રૂપિયા તે કાફી નહી ગણાય. સિવાય કે નફો સ્પષ્ટ થાય પછી પોતાના હિસ્સાને ખાસ કિંમત તરીકે સમજૂતી કરી શકે છે.

૪) નફો ફકત માલના માલિક અને આમિલનો જ હોવો જોઈએ અને અગર જો તેમાં શર્ત કરવામાં આવે કે અમુક ભાગ ત્રીજી વ્યક્તિને દેવામાં આવે તો મુઝારેબા બાતિલ થઈ જશે. સિવાય કે ત્રીજી વ્યક્તિને નફાનો ભાગ દેવા માટે તે વેપાર અનુસંધાને કંઈ કામ લેવામાં આવ્યુ હોય.

૫) આમિલ વેપાર કરવામાં કુદરત રાખતો હોવો જોઈએ. ખાસ કરી જ્યારે સોદામાં એ વાતનો ઉલ્લેખ થયો હોય કે તે પોતે વેપાર કરશે, જેમકે આ પૈસા તને આપુ છું કે તું

વેપાર કર અને અગર જો આમ કરી શકવા પર કાદીર ન હોય તો કૌલ કરાર રદ થશે.

જો સોદામાં આ વાતનો ઉલ્લેખ ન હોય પરંતુ પોતાને જ વેપાર કરવાની શર્ત થઈ હોય જેમકે આ પૈસા તને આપુ છું અને તારે પોતાને જ વેપાર કરવાનો રહેશે અને અગર આ શર્તનો ભંગ થાય તો સોદો બાતિલ નથી, પરંતુ માલિકને અધિકાર રહેશે કે શર્તનું પાલન ન કરવા બદલ સોદાને રદ કરી શકે.

પરંતુ જો ન સોદામાં ઊલ્લેખ થયો હોય, ન શર્ત થઇ હોય પરૂંતુ આમિલ કાદીર ન હોય કે પોતે વેપાર કરે અથવા બીજા હસ્તક કરાવે તો મુઝારેબા બાતિલ છે અને જો પહેલા કુદરત રાખતો હોય અને પછી તે અશક્ત થઈ જાય તો જ્યારથી અશક્ત થાય ત્યારથી મુઝારેબા બાતિલ થયો ગણાશે.

**મસઅલો ૨૨૨૯ :** આમિલ અમાનતદાર હોય છે માટે માલ બરબાદ થાય અથવા નુકસાનીવાળો થઈ જાય તો પોતે જવાબદાર નથી સિવાય કે કૌલ કરારની હદ વટાવી હોય અથવા માલની સંભાળમાં બેદરકારી વર્તી હોય.

જ્યારે આમિલ જવાબદાર નથી ત્યારે નુકસાન માલના માલિકને થશે પરંતુ જો માલનો માલિક નુકસાનીથી બચવા માંગતો હોય તો ૩ શક્યતાઓ છે.

૧) સોદા વખતે શર્ત કરે કે આમિલ પણ નફા નુકસાન બંનેમાં ભાગીદાર હશે. તો શર્ત બાતિલ છે પણ સોદો

સહીહ છે.

૨) સંપૂર્ણ નુકસાનીનો જવાબદાર આમિલ હશે, આ સંજોગોમાં શર્ત સહીહ છે પરંતુ સંપૂર્ણ નફાનો હક્કદાર પણ આમિલ થશે અને માલિકને કંઈપણ નહી મળે.

૩) અગર શર્ત કરવામાં આવે કે મૂડીમાં નુકસાની સંપૂર્ણ અથવા જેટલી નક્કી કરવામાં આવે એટલી નુકસાની આમિલ પોતાના બીજા માલથી ભરપાઈ કરશે તો શર્ત સહીહ છે અને આમિલ માટે જરૂરી છે કે શર્તનું પાલન કરે.

**મસઅલો ૨૨૩૦ :** ઈઝની મુઝારેબા મક્કમ બંધારણ નથી એટલેકે માલિકે પોતાનો માલ આમિલને વાપરવાની રજા આપેલ છે માટે ગમે ત્યારે મનાઈ કરી શકે છે અને આમિલ માટે જરૂરી નથી કે તે કામને સતત શરૂ રાખે માટે ગમે ત્યારે કામ કરવાની મનાઈ પણ કરી શકે છે ચાહે કામ શરૂ થઈ ગયું હોય કે ન થયું હોય, નફો મળવા પહેલા હોય કે પછી હોય, કૌલ કરાર વખતે મુદ્દત નક્કી થઈ હોય અથવા ન થઈ હોય.

પરંતુ અગર શર્ત કરવામાં આવી હોય કે ચોક્કસ મુદ્દત સુધી સોદો રદ ન કરે તો શર્ત સહીહ છે અને તેના પર અમલ કરવું વાજિબ છે. તેમ છતાં બંનેમાંથી કોઈને સોદો રદ કરવો હોય તો કરી શકે છે, પરંતુ વાયદા ખિલાફીના કારણે ગુનેહગાર થયો ગણાશે.

**મસઅલો ૨૨૩૧ :** જ્યારે મુઝારેબામાં સોદા માટે કોઈ ખાસિયત બયાન કરવામાં ન આવી હોય. ત્યારે આમિલ

પોતાના આયોજનથી ખરીદ-વેચાણ અને માલના પ્રકાર વગેરે બાબતનો નિર્ણય લઈ શકે છે. પરંતુ જાએઝ નથી કે માલને એક ગામથી બીજે ગામ લઈ જાય સિવાય કે તે કાર્ય સામાન્ય રીતે થતુ હોય અને સોદાની સાથે જ માલનું પરિવહન પણ એક જ ગણાતુ હોય અથવા માલિકે રજા આપી હોય અને અગર જો માલિકે રજા ન આપી હોય છતાંપણ માલ બીજે ગામ લઈ જવાના કારણે માલ બરબાદ થાય અથવા માલમાં નુકસાની આવે તો આમિલ જવાબદાર છે.

**મસઅલો ૨૨૩૨ :** ઈઝની મુઝારેબામાં માલિક અથવા આમિલ અગર ગુજરી જાય તો સોદો બાતિલ થશે કારણકે માલિકના મરવાથી માલ વારસદારોનો થઈ જશે અને આમિલને પોતાના પાસે માલ રાખવા માટે નવા મુઝારબાની જરૂરત રહેશે.

અને આમિલના મરવાથી ઈઝન (રજામંદી) ખત્મ થઈ જશે કારણકે માલિકની રજામંદી ખાસ આમિલ માટે હતી.

**મસઅલો ૨૨૩૩ :** આમિલ અથવા માલિક મુઝારબાના સોદા વખતે શર્ત રાખી શકે છે કે પોતાના માટે કોઈ કામ કરે અથવા તેને કંઈક માલ આપવામાં આવે અને જ્યા સુધી આ કોલ કરાર બાકી છે અને રદ નથી થયો ત્યાં સુધી અમલ કરવો વાજિબ છે ભલે પછી નફો હાંસિલ થયો હોય કે ન થયો હોય.

**મસઅલો ૨૨૩૪** : કોઈ નુકસાની અથવા બરબાદી માલ પર આવે જેમકે આગ લાગવી, ચોરી થવી, વગેરે નફામાંથી ભરપાઈ કરવામાં આવશે ભલે પછી નુકસાની નફા પહેલા હોય કે પછી.

માટે આમિલ પોતાના ભાગના નફાનો માલિક ત્યારે જ બનશે જ્યારે કોઈ નુકસાની અને બરબાદી ન આવેલ હોય અને આ ત્યારે જ નક્કી થઈ શકે છે જ્યારે મુઝરેબાની મુદ્દત પૂરી થઈ ગઈ હોય અથવા કરારદાદ રદ થયેલ હોય, પરંતુ અગર જો આમિલે મુઝારબાના સોદા વખતે શર્ત કરેલ હોય કે નુકસાની આગલા કે પાછલા નફામાંથી વાળવામાં ન આવે તો શર્ત સહીહ છે અને તેના પર અમલ કરવું જોઈએ.

**મસઅલો ૨૨૩૫** : માલિક હલાલ રીતે જોઆલા પ્રમાણે રોકાણ કરી શકે જેનુ પરિણામ મુઝારબા જેવુજ હોય. જેમકે પોતાનો માલ કોઈને આપીને કહે કે આ માલને તું ધંધા અથવા કોઈપણ ફાયદો મળતી વસ્તુમાં રોકી શકે અને તેના બદલામાં દા.ત. અર્ધો નફો તારો.

## જુઆલહના એહકામ

**મસઅલો ૨૨૩૬** : જુઆલહ એ કોલ કરારને કહેવાય છે કે જેમાં ઈન્સાન પોતાનું કામ કરી આપનારને મહેનતાણું આપવાનો વાયદો કરે. જેમકે, એવી જાહેરાત કરે કે જે શખ્સ મારી ફલાણી ગુમ થયેલી વસ્તુ શોધી આપશે, તેને હું દસ રૂપિયા આપીશ. કરાર કરનારને જાઈલ કહેવાય છે,

અને કાર્ય અંજામ આપનારને આમિલ કહેવાય છે.

જુઆલહ અને પગાર કે વેતનથી રોકવા વચ્ચે અમુક ફર્ક છે, જેમાં એક ફરક એ છે કે પગાર અથવા વેતનથી કોઈને રોકવામાં આવે તો કરેલ કરાર બાદ પગારદાર અથવા વેતનથી કાર્ય કરનારની ફરજ થઈ પડે છે કે એ કાર્યને અંજામ આપે, અને સાથે સાથે કામ દેનાર ઉપર ઉજરતનો ઝિમ્મો સાબિત થઈ જાય છે, પરંતુ જઆલામાં ભલે પછી કાર્યને અંજામ આપનાર નક્કી હોય, તો પણ એ ચાહે તો કામને અંજામ ન આપે અને ચાહે તો અંજામ આપે આ બાબતનો તેને ઈખ્તિયાર છે. અને જયાં સુધી એ કામને પૂરૂં ન કરે ત્યાં સુધી જાઈલ તેનો કરજદાર નહીં થાય.

**મસઅલો ૨૨૩૭ :** જાઈલ માટે શરત છે કે એ બાલિગ અને આકિલ હોય, અને જે કરાર કરે, તે સ્વેચ્છાએ, કોઈ પણ દબાણ વિના કરે, તેમજ શરીઅતની નજરે એ શખ્સને પોતાના માલમાં ઉપયોગ અને વપરાશનો હક હોવો જોઈએ. એટલે જે શખ્સ મૂર્ખ અને બિનજવાબદાર હોય, જે પોતાના માલને નકામી રીતે વેડફી નાંખતો હોય તે અગર જાઈલ થાય, તો એ સહીહ નથી. એવી જ રીતે જે શખ્સ નાદાર હોય, તેનુ પોતાના માલના એ ભાગમાંથી જુઆલા સહીહ નથી, જે ભાગમાં તેને ઉપયોગ કે વહીવટનો અધિકાર ન હોય.

**મસઅલો ૨૨૩૮ :** જાઈલ જે કામ મહેનતાણા સામે કરાવવા માંગતો હોય એ કામ શરીઅતની નજરે હરામ

અથવા નિરર્થક અને ફાયદા વગરનું ન હોવું જોઈએ તેમજ એવું વાજિબ કામ પણ ન હોવું જોઈએ કે જે શરીઅતની નજરે મહેનતાણા વગર અંજામ આપવું લાઝિમ હોય દાખલા તરીકે, અગર એમ કહે કે જે શખ્સ દારૂ પીશે અથવા લેવાદેવા વગર અંધકારમય સ્થળે દાખલ થશે. અથવા પોતાની વાજિબ નમાઝો અદા કરશે તેને દસ રૂપિયા આપીશ, તો એ જુઆલહ સહીહ નહીં ગણાય.

**મસઅલો ૨૨૩૯ :** જુઆલહમાં જે મહેનતાણું કે વેતન નિયુકત કરે, તે માટે જરૂરી નથી કે તેની તમામ ખાસિયતો અને વિગતો નક્કી થાય બલ્કે માત્ર એટલું જ હોય કે આમિલને જાણ હોય કે જે કામ પૂરૂં કરવાની જવાબદારી લીધી છે, તે પૂરૂં કરવાથી એ મૂર્ખ નહીં ગણાય, તો કાફી છે. જેમકે, જાઈલ અગર કહે કે આમિલ જેટલો માલ દસ રૂપિયાથી વધુ કિંમતે વહેંચશે તે વધારો આમિલનો હક ગણાશે, તો એ જુઆલહ સહીહ છે. અથવા એમ કહે કે જે મારો ઘોડો શોધી લાવશે તેનો ઘોડાની માલિકીમાં અડધો ભાગ રહેશે, અથવા તેને હું દસ મણ ઘઉં આપીશ, તો પણ જુઆલહ સહીહ છે.

**મસઅલો ૨૨૪૦ :** અગર કોઈ શખ્સ વેતન બિલકુલ નક્કી ન કરે, જેમકે જાઈલ કહે કે જે મારા બાળકને શોધી લાવશે તેને હું થોડીક રકમ આપીશ, અને એની સંખ્યા નક્કી ન કરે, તો જે આમિલ એ કામ અંજામ આપે તેને વ્યાજબી અને પ્રચલિત રીતે જે એનો હક લેખાય, તેટલી રકમ આપવી જોઈએ.

**મસઅલો ૨૨૪૧** : અગર આમિલ કરાર નક્કી થાય એ પહેલાં કાર્ય ને અંજામ આપે, અથવા કરાર બાદ એ નિય્યતે કામ પૂરૂં કરે કે તેના બદલામાં કંઈપણ રકમ નહીં લ્યે, તો તેવા સંજોગમાં વેતન માંગવાનો હક નહીં ધરાવે.

**મસઅલો ૨૨૪૨** : આમિલ કામ પૂરૂં કરે એથી પહેલાં અગર જાઈલ ચાહે કે કરારને રદ કરે, તો એ કરી શકે છે.

**મસઅલો ૨૨૪૩** : આમિલ કરાર મુજબ કામ શરૂ કર્યા બાદ જો જાઈલ ચાહે કે જુઆલાહને રદ કરે તો તેમાં ઈશ્કાલ છે પણ જો આમિલ રાજી થઇ જાય તો વાંધો નથી.

**મસઅલો ૨૨૪૪** : આમિલ અગર ચાહે તો માથે લીધેલું કામ અધુરૂં મૂકી શકે છે પણ અગર એમ કરવાથી જાઈલને નુકસાન થતું હોય, અથવા જેના માટે એ અમલ અંજામ દઈ રહ્યો હોય તેને હાનિ પહોંચતી હોય, તો એ કામને પૂરૂં કરવું જરૂરી થશે. દાખલા તરીકે, અગર કોઈ કહે કે જે શખ્સ મારી આંખનું ઓપરેશન કરશે તેને હું ફલાણી રકમ આપીશ, અને ડોકટર શસ્ત્રક્રિયા શરૂ કર્યા બાદ અધવચ્ચેથી કામ છોડવા ચાહે, તો જો એમ કરવાથી આંખમાં ખોડખાંપણ રહી જતી હોય તો તેના માટે એ કામ પૂરૂં કરવું લાઝિમ છે.

**મસઅલો ૨૨૪૫** : અગર કોઈ આમિલ કામને અધૂરૂં મૂકી આપે, તો એવા સંજોગમાં આમિલ કંઈપણ વેતન કે મહેનતાણું નહીં માંગી શકે, એવી જ રીતે જાઈલે પહેલેથી

એવી શરત મૂકી હોય કે કામ પૂરું થતાં વેતન આપીશ, જેમકે, એમ કહ્યું હોય કે જે મારા કપડાં સીવી દેશે તેને હું દસ રૂપિયા આપીશ, તો એવા સંજોગમાં પણ એ જ હુકમ લાગુ પડશે.

પણ અગર જાઈલની મુરાદ એ હોય કે જેટલું કામ કરશે તેટલા પ્રમાણમાં વેતન આપશે, તો એટલા પ્રમાણમાં મહેનતાણું આમિલને આપવું જોઈએ.

## જમીનની ઉપજની ભાગીદારી (મઝારેઅત)ના એહકામ

**મસઅલો ૨૨૪૬** : મઝારેઅહ એટલે કે માલિક અને ખેડૂત બંને વચ્ચે એવો કરાર થાય કે જમીન ખેડૂતના ઈખ્તિયારમાં ખેતી માટે આપી દેશે, અને તેમાંથી જે ઉપજ કે પાક થશે તેનો અમુક ભાગ માલિકને આપશે.

**મસઅલો ૨૨૪૭** : મઝારેઅહની અમુક શરતો છે :

(૧) એ કે જમીનનો માલિક ખેડૂતને કહે કે જમીન તને ખેતીવાડી માટે આપું છું. અને ખેડૂત સામેથી તેનો સ્વીકાર કરે. અથવા કોઈ પણ ઉચ્ચાર વગર માલિક ખેડૂતને ખેતીવાડી માટે પોતાની જમીન હવાલે કરી આપે, અને ખેડૂત તેનો સ્વીકાર કરે.

(૨) જમીનનો માલિક અને ખેડૂત બંને બાલિગ, આકિલ હોવા જોઈએ, અને અરસપરસની સમજૂતી સ્વેચ્છાએ, કોઈ પણ દબાણ વિના કરે, ઉપરાંત જરૂરી છે કે બંને બિનજવાબદાર, મૂર્ખ ન હોય કે જેઓ પોતાની મિલકત

વેડફી નાખતા હોય. એવી જ રીતે જમીનનો માલિક નાદાર ન હોવો જોઈએ, પણ ખેડૂત જો નાદાર હોય, અને મઝારેઅહની સમજૂતી કરવા જતાં જે માલમાં વહીવટનો તેને હક ન હોય, એ માલ સંડોવાતો ન હોય, તો તેમાં વાંધો નથી.

(૩) જમીન માલિક અને ખેડૂત બંનેને પાકમાંથી નિયુકત હિસ્સો મળવો જોઈએ, જેમકે અડધો અથવા ત્રીજો ભાગ વી, પરંતુ જો એવી રીતે હિસ્સો નક્કી ન થાય, જેમકે, માલિક કહે કે ખેતી કર, અને તારી મરજીમાં આવે તેટલો ભાગ મને આપજે;તો એ સહીહ નહીં ગણાય, એવી જ રીતે હિસ્સો નક્કી કરવાને બદલે ફકત એક નિયુકત પ્રમાણની સમજૂતી કરે, જેમકે, માલિક યા ખેડૂત એ પાકમાંથી માત્ર દસ મણ અનાજ વી; જે ઉપજ હોય તે, નક્કી કરે, તો એ પણ સહીહ નહીં ગણાય.

(૪) ખેડનારના કબ્જામાં જેટલી મુદ્દત સુધી જમીન આપી હોય, તેની ચોક્કસ મુદ્દત નક્કી થવી જોઈએ, અને એ મુદ્દત એટલી હોવી જોઈએ કે એ દરમિયાન પાક હાંસિલ થઈ શકે માટે જો કોઈ માલિક ખેડનારને જે ઈખ્તીયાર આપે એ દિવસને મુદ્દતનો પહેલો દિવસ ગણે, અને પાક ઉતારવાના દિવસને છેલ્લો દિવસ નક્કી કરે તો એ કાફી છે.

(૫) જમીન ખેડવા માટે અનુકૂળ હોવી જોઈએ. અથવા જો હાલમાં ખેડાણને લાયક ન હોય, પણ તેમાં અમુક કામ કરાવીને તેને ખેડવા લાયક બનાવી શકાય તેમ હોય,

તો મુઝારેઅહ સહીહ ગણાશે.

(૬) જે પાક માટે વાવેતર કરવાનો ઈરાદો હોય, તે ખેડનાર સાથે સ્પષ્ટપણે નક્કી કરી લેવું જોઈએ. જેમકે ચોખા અથવા ઘઉંનું વાવેતર કરવું હોય, અથવા જો ચોખા હોય, તો કઈ જાતના ચોખા હોવા જોઈએ, વગેરે નક્કી કરી લેવું જોઈએ. પણ જો ખાસ વસ્તુ વાવવાનો મકસદ ન હોય, તો સ્પષ્ટતા કરવાની જરૂરત નહીં રહે, એવી જ રીતે જો પહેલેથી જાણ હોય કે કઈ જાતનું વાવેતર કરવાનો ઈરાદો છે, તો પછી તેને સ્પષ્ટ કરવાની જરૂરત નથી.

(૭) અગર માલિક પાસે જમીનના અનેક ટુકડાઓ હોય, અને દરેકમાં ખેડવા માટેની જરૂરીઆતો જુદી જુદી હોય, તો એવા સંજોગમાં જરૂરી છે કે માલિક જમીનના ટુકડાને નક્કી કરે. પણ જો એ ટુકડાઓ વચ્ચે કંઈપણ ફરક ન હોય તો નક્કી કરવાની જરૂરત નથી, પરિણામે અગર માલિક ખેડનારને કહે કે મારી આ જમીનોમાંથી કોઈ પણ એક ટુકડા ઉપર ખેતી કર, તો મુઝારેઅહ સહીહ ગણાશે. જમીન નક્કી કરવાનો અધિકાર માલિકનો રહેશે.

(૮) દરેકના શિરે કેટલા ખર્ચની ઝિમ્મેદારી રહેશે તેની ચોખવટ થઈ જવી જોઈએ, જેમકે વાવણીના બીજ, ખાતર વગેરે પરંતુ જો એ બાબતની જાણકારી હોય તો ચોખવટની જરૂરત નથી.

**મસઅલો ૨૨૪૮ :** અગર જમીનનો માલિક ખેડનાર સાથે એવી સમજૂતી કરે કે જે પાક ઉતરશે તેના અમુક

હિસ્સામાં બેમાંથી એકનો હક થશે અને બાકી રહેલા હિસ્સામાં બંનેનો ભાગ રહેશે, તો એ મુઝારેઅહ બાતિલ છે, ભલેપછી બંનેને ખબર હોય કે એ બાકીના હિસ્સામાં કાંઈ ને કાંઈ બાકી રહેશે. અલબત્ત, અગર એવો કરાર કરે કે જેટલા પ્રમાણમાં બીજ રોપણ થયું છે, તે અથવા સરકારી કર બાદ કરીને જે પાક બાકી રહેશે તેની બંને વચ્ચે વહેંચણી કરવામાં આવશે, તો તેમાં વાંધો નથી, અને મુઝારેઅહ સહીહ છે.

**મસઅલો ૨૨૪૯** : અગર મુઝારેઅહ માટે નક્કી કરેલી મુદ્દત પૂરી થાય, અને સંજોગવશાત એ મુદ્દત દરમિયાન પાક હાંસિલ ન થાય, અને જો જમીનનો માલિક અને ખેડૂત રાજી હોય કે વાવેતર જમીન ઉપર, ભાડા વિના, બાકી રહે તો તેમાં વાંધો નથી. પણ તેમાં શરત એ છે કે સમજૂતી કરતી વખતે બંનેએ મંજૂર રાખ્યું હોય કે પાક હાંસિલ થાય અથવા ન થાય, મુદ્દત પૂરી થતાં મુઝારેઅહનો અંત આવી જશે. અને જો માલિક રાજી ન હોય, તો ખેડૂતને ફસલ ઉખેડવા માટે ફરજ પાડી શકે છે, અને તેમ કરવા જતાં ખેડૂતને જો નુકસાની થાય તો તેનો ઝિમ્મો જમીનના માલિક ઉપર નથી અને જો ખેડૂત માલિકને ભાડૂ વી. આપવા રાજી હોય, તો પણ માલિકને તે માટે મજબૂર નહીં કરી શકે.

**મસઅલો ૨૨૫૦** : અગર કોઈ અણધાર્યા સંજોગને કારણે જમીન ખેડવી અશક્ય થઈ જાય, જેમકે જમીનમાંથી

પાણીનું વહેણ બંધ થઈ જાય, તો મુઝારેઅહની સમજૂતી રદબાતલ થઈ જશે.પણ જો ખેડૂત વિના કારણે ખેતીવાડી ન કરે, અને જમીન એના ઈખ્તિયારમાં હોય, અને માલિકને એ જમીન ઉપર કોઈ ઈખ્તિયાર ન હોય, તો ખેડૂત માટે જરૂરી છે કે એટલી મુદ્દતનું ભાડૂ ચાલુ ધોરણ મુજબ માલિકને ચૂકવે.

**મસઅલો ૨૨૫૧** : મુઝારેઅહની જે સમજૂતી થઈ હોય, તેને જમીનનો માલિક અને ખેડૂત એકબીજાની રજામંદી વિના રદ બાતલ નહીં કરી શકે. પણ જો પહેલેથી એવી શરત મૂકવામાં આવી હોય કે બંનેને અથવા બંનેમાંથી કોઈ પણ એકને, મામલો રદ કરવાનો હક રહેશે, તો પછી કોલકરાર મુજબ મામલો રદ કરી શકશે. એવી જ રીતે બંને પક્ષમાંથી કોઈ પણ એક જો નક્કી કરવામાં આવેલી શરતોનું ઉલંઘન કરે, તો સામે પક્ષને મામલો રદ કરવાનો અધિકાર રહેશે.

**મસઅલો ૨૨૫૨** : મુઝારેઅહ માટે સમજૂતી થઈ ગયા બાદ, બે પક્ષમાંથી કોઈ પણ એકના મરણથી મુઝારેઅહ રદ નહીં થાય, બલ્કે તેમના વારસો એમની જગ્યા લેશે. પણ જો ખેડૂત મરણ પામે, અને મુઝારેઅહ કરારમાં એવી શરત મૂકાઈ હોય કે એ ખેડૂત પોતે ખેડવાની ફરજો અંજામ આપશે, તો મુઝારેઅહ રદ ગણાશે.

અલબત્ત, અગર ખેડૂત પોતાની જવાબદારી મુજબ કામ પૂરૂં કરી ગયો હોય તો મામલો રદ નહીં ગણાય, અને તેનો હિસ્સો તેના વારસોને આપવો જોઈએ અને

એ સિવાય પણ કરાર મુજબ જે ખેડૂતના હકકો હોય, તે તેના વારસને મળશે.એવી જ રીતે મુઝારેઅહની મુદ્દત પૂરી થાય ત્યાં સુધી વાવેતરને જમીન ઉપર બાકી રાખવા માટે વારસદાર માલિકને ફરજ પાડી શકશે.

**મસઅલો ૨૨૫૩** : અગર જમીનમાં ખેતીવાડી કર્યા બાદ ખબર પડે કે મુઝારેઅહની જે સમજૂતી હતી તે બાતિલ હતી, અને જો બીજ માલિકની મિલકીય્યત હતી તો પાક અને કમાણી વી. પણ માલિકની મિલકીય્યત ગણાશે. અલબત્ત, ખેડનારની મજૂરી અને એણે જે ખર્ચ કામને અંજામ આપવા માટે કર્યો હોય તે, તેમજ ખેડવા માટે એના જાનવરો, જેમકે ગાય વી. નો ઉપયોગ થયો હોય તેનું ભાડૂ માલિક ખેડનારને આપશે.

પણ જો બીજ ખેડૂતની માલિકીના હતા હતાં, તો જે પાક ઉતરે અને કમાણી થાય તે ખેડૂતની મિલકત ગણાશે. અલબત્ત, જમીનનું ભાડું, અને ઉપરાંત માલિકે જે ખર્ચ કર્યો હોય તે, અથવા પોતાના જાનવર વી. ખેડવા માટે ઉપયોગમાં આપ્યા હોય, તેનું ભાડૂ ખેડનાર માલિકને ચૂકવશે.

બંને સંજોગમાં કોલકરાર જેટલો હક નિયુકત થયો હોય તેના કરતા સામાન્ય રીતે વધારે હક થતો હોય અને સામે પક્ષને આ બાબતની જાણકારી હોય તો નક્કી થયેલ હક કરતા વધારે પ્રમાણમાં આપવું વાજિબ નથી.

**મસઅલો ૨૨૫૪** : જે સંજોગમાં બીજ ખેડૂતની મિલકીય્યત હોય, અને વાવેતર બાદ જણાય કે મુઝારેઆની સમજૂતી બાતિલ હતી, અને જો માલિક અને ખેડનાર

બંને રાજી હોય કે વેતન સાથે અથવા વેતન વગર પાક જમીનમાં બાકી રહે તો તેમાં કોઈ ઈશ્કાલ નથી.

પણ જો માલિક રજામંદ ન હોય, તો એહતિયાતે વાજિબની રૂએ પાક તૈયાર થાય એથી પહેલાં માલિક ખેડનારને વાવેતર ઉખેડી લેવાની ફરજ પાડી નહિ શકે. અને એવીજ રીતે માલિક ખેડૂતને ભાડૂ આપીને અથવા ભાડૂ આપ્યા વગર વાવેતરને જમીન ઉપર બાકી રાખવા માટે મજબૂર નહી કરી શકે.

**મસઅલો ૨૨૫૫** : અગર પાક ઉતારી લીધા બાદ અને મુદ્દત પૂરી થયા પછી અમુક મૂળીયા જમીનમાં રહી જવા પામે, જે બીજે વર્ષ ફરીવાર ઉગી નીકળતાં નવો પાક આપે, અને જો માલિક અને ખેડનાર વચ્ચે એ મૂળીયાં સંબંધી કોઈ ભાગીદારીની સમજૂતી ન થઈ હોય, તો એ બીજા વર્ષનો પાક બીજના માલિકનો ગણાશે.

## મુસાકાત અને મુગારીસહ (ફળોની ભાગીદારી)ના એહકામ

**મસઅલો ૨૨૫૬** : અગર કોઈ શખ્સ સામે પક્ષ સાથે એવો કોલકરાર કરે કે જે ફળદાયી વૃક્ષો તેની માલિકીના છે, અથવા તેના ઈખ્તીયારમાં છે, તે નક્કી કરેલી મુદ્દત માટે તેને સુપરત કરે છે કે જેથી એ તેને પાણી સીંચે અને સંભાળ રાખે, અને એની સામે વેતનરૂપે એમાંથી અમુક ફળોનો હિસ્સો આપે એ કોલકરારને મુસાકાત કહેવાય છે.

**મસઅલો ૨૨૫૭** : અગર ફળદાયી વૃક્ષો ન હોય, પણ તેની બીજા પ્રકારની ઉપજ હોય, જેમકે, પાંદડાં, ફુલ, એવા હોય કે જેની નોંધપાત્ર કિંમત થતી હોય, (દાખલા

તરીકે હીના (મેંદી)નો છોડ કે જેના પાંદડાંનું વેચાણ થાય છે,) તો તે માટે પણ મુસાકાતનો મામલો સહીહ ગણાશે.

**મસઅલો ૨૨૫૮ :** મુસાકાત માટે કોઈ સીગો ઉચ્ચારવાની જરૂરત નથી. બલ્કે અગર વૃક્ષોનો માલિક મુસાકાતની નિય્યતથી સામે પક્ષને વૃક્ષો સોંપે, અને કાર્યને અંજામ આપનાર પણ એજ નિય્યતથી પોતાના કામમાં મશ્ગૂલ થઈ જાય, તો એ કોલકરાર અને મામલો સહીહ ગણાશે.

**મસઅલો ૨૨૫૯ :** મુસાકાતના મામલામાં વૃક્ષોનો માલિક અને સામે પક્ષ, બંને બાલિગ અને આકિલ હોવા જરૂરી છે, તેમ કોલકરાર માટે તેમના ઉપર કોઈ જાતનું દબાણ થયું ન હોવું જોઈએ. ઉપરાંત એવો શખ્સ ન હોવો જોઈએ કે જે નાદાની કે બેવકુફીના કારણે પોતાનો માલ વેડફી નાખતો હોય. બીજું એ કે માલિક નાદાર ન હોવો જોઈએ, પણ વૃક્ષોની સંભાળ રાખી પાણી સીંચનાર માળી અગર નાદાર હોય તો વાંધો નથી, પરંતુ આ મામલાના કારણે એવો સરસમાન ઉપયોગમાં લેવાની જરૂર ન પડે કે જેના ઉપર તેનો ઈખ્તિયાર બાકી રહ્યો ન હોય.

**મસઅલો ૨૨૬૦ :** મુસાકાત માટે પહેલેથી મુદ્દત નક્કી થવી જોઈએ, અને એ મુદ્દત એટલી હોવી જોઈએ કે એ દરમિયાન પાકની નીપજ તૈયાર થઈ શકે. માટે જો એમ નક્કી કરે કે ફલાણી તારીખથી લઈને પાક તૈયાર થાય ત્યાં સુધી મુદ્દત રહેશે, તો એ સહીહ ગણાશે.

**મસઅલો ૨૨૬૧ :** મુસાકાતમાં માલિક અને કામ કરનાર વચ્ચે પાકનો હિસ્સો, ભાગ નક્કી થવો જોઈએ,

એટલે કે અડધો, અથવા ત્રીજો ભાગ–એ રીતે કરાર થવો જોઈએ. એને બદલે જો એમ નક્કી થાય કે, દાખલા તરીકે, સો મણ ફળ માલિકને મળશે, અને બાકી કામ કરનારને ફાળે જશે, તો એ મામલો બાતિલ ગણાશે.

**મસઅલો ૨૨૬૨** : એ જરૂરી નથી કે મુસાકાત માટેનો કોલકરાર પાક જાહેર થવા પહેલાં નક્કી થઈ જાય, બલ્કે પાક દેખાવા લાગે તે પછી પણ મામલો નક્કી થઈ શકે છે, પણ શરત એ કે પાકની સંભાળ, તેમાં ઉમેરો અને વિકાસ કરવા, તેને નુકસાનથી બચાવવા વી. માટે હજી જરૂરી કામ કરવાનો અવકાશ રહ્યો હોય. એવા સંજોગમાં મામલો સહીહ ગણાશે. પણ જો એવા મહત્વના કામો માટે અવકાશ ન રહ્યો હોય, અને માત્ર ફળ ચૂંટવા અથવા સંભાળ રાખવાના કામો બાકી રહ્યા હોય, તો એવા સંજોગમાં મામલો સહીહ થવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૨૨૬૩** : તરબૂચ કે કાકડી વી. ના વેલાં માટે મુસાકાતની સમજૂતી કરવામાં આવે, તો બીના બર અઝહર (ઝાહેરન)એ સહીહ ગણાશે.

**મસઅલો ૨૨૬૪** : જે વૃક્ષો વરસાદ યા જમીનની અંદર રહેલી ભીનાશથી ઉગતા હોય, અને પાણી સીંચવાની જરૂરત ન હોય, તે માટે ઉપર મસઅલા ૨૨૬૨માં જણાવેલા બીજા અગત્યના કામો કરવાનો અવકાશ રહેતો હોય, તો મુસાકાતની સમજૂતી સહીહ ગણાશે.

**મસઅલો ૨૨૬૫** : મુસાકાત માટે જે બે પક્ષ વચ્ચે સમજૂતી થઈ હોય તે બંને એકબીજાની સંમંતિથી એ

મામલો રદ કરી શકે છે. એવી જ રીતે જો મુસાકાત માટે કોલકરાર કરતી વખતે તેમાં એવી શરત મૂકે કે બંને પક્ષ અથવા બંનેમાંથી કોઈ પણ એકને મામલો રદ કરવાનો હક રહેશે, તો એ કરાર મુજબ જો મામલો રદ થાય તો તેમાં કોઈ વાંધો નથી. અને જયારે કોલકરારમાં કોઈ શરત હોવા છતાં તે મુજબ ન વર્તવામાં આવે અથવા તેને અમલી સ્વરૂપ ન આપવામાં આવે, તો જેના હિતમાં એ શરત મૂકાઈ હોય તેને મામલો રદ કરવાનો અધિકાર રહેશે.

**મસઅલો ૨૨૬૬** : અગર માલિક ગુજરી જાય તો મુસાકાત માટે કરવામાં આવેલ કરાર રદ બાતલ નહીં થાય, અને તેની જગ્યા તેના વારસદારો લેશે.

**મસઅલો ૨૨૬૭** : અગર એ બાગ કે વૃક્ષોની સંભાળ રાખનાર ગુજરી જાય, અને તેની સાથે કરવામાં આવેલ કરારમાં એવી શરત ન હોય કે એ પોતે સંભાળ રાખશે, પાણી સીંચશે-વી; તો તેની જગ્યાએ તેના વારસદારો કરાર મુજબ કામ કરશે. અને જો તેઓ પોતે આ કામ ન કરી શકે, તો પગાર દઈને કોઈને રોકશે. પણ જો બંનેમાંથી કાંઈ પણ ન કરે, તો હાકીમે શરઅ મરી ગયેલા જણની મિલકતમાંથી પગારદારને રોકીને કામ કરાવશે, અને જે પાક કે કમાણી હાંસિલ થશે તે માલિક અને ગુજરી ગયેલા જણના વારસદારો વચ્ચે તકસીમ કરશે. પણ જો મામલામાં પહેલેથી એવી શરત હતી કે એ પોતે સંભાળ રાખશે અને સીંચન વી.ને લગતા સર્વે કામો સ્વહસ્તે કરશે તો એના મરણ પામવાથી મામલો રદબાતલ થઈ જશે.

**મસઅલો ૨૨૬૮ :** અગર મુસાકાતમાં એવી સમજૂતી થાય કે પૂરેપૂરા પાક અને તમામ નીપજ માલિકને મળશે, તો એ સમજૂતી બાતિલ છે, પણ છતાં હાંસિલ થયેલી નીપજ ઉપર માત્ર માલિકનો જ હક રહેશે, અને તેમાં મહેનત મજૂરી કરનારને (સીંચન-સંભાળ માટે) વેતન કે ઉજરત માંગવાનો હક નહીં રહે.

પણ જો મુસાકાતનો કરાર કોઈ બીજા કારણસર બાતિલ થાય, તો પછી માલિક ઉપર ફરજ છે કે મહેનત મજૂરી કરનારને સામાન્ય સંજોગમાં જેટલું આપવામાં આવતું હોય, તેટલું વેતન આપે. પણ જો સામાન્ય સંજોગમાં અપાતું મહેનતાણું કરારમાં જણાવવામાં આવેલ મહેનતાણા કરતા વધારે હોય, અને એ પક્ષને આ વિશે પૂર્વ જાણ હોય, તો વધુ આપવું લાઝિમ નથી.

**મસઅલો ૨૨૬૯ :** મુગારેસહ એટલે કે કોઈ શખ્સ પોતાની જમીન બીજાને સોંપે કે જેથી તેમાં ઝાડ ઉગાવે, અને તેમાં જે નીપજ થાય, તેમાં બંનેનો હક હોય. આ મામલો જાહેર રીતે સહીહ છે, પણ તેને તર્ક કરવામાં એહતેયાત છે. અલબત્ત, ઉપરોકત હેતુ હાંસિલ કરવા માટે બીજા પ્રકારનો મામલો થાય તો કોઈ પણ ઈશ્કાલ વિના સહીહ ગણાશે. જેમકે, બંને પક્ષ અરસપરસ સમાધાન કરી લ્યે અથવા નવા ઝાડ કે છોડ લગાવવામાં ભાગીદાર થઈ જાય અને પછી ખેડનાર કે વાવેતર કરનાર જમીનના માલિક સાથે એવો કરાર કરે કે એ ઝાડની સંભાળ અને તેનું સીંચન વી. નિયુકત મુદ્દત માટે કરશે, અને તે

માટે જમીનમાંથી થયેલી નીપજની અડધી કિંમત જેટલું મહેનતાણું લેશે.

## જેમને પોતાના માલમાંથી વપરાશની મનાઈ છે

**મસઅલો ૨૨૭૦ :** જે બાળક બાલિગ ન થયું હોય, તેને શરીઅત પ્રમાણે તેની જવાબદારીએ પોતાના માલને વાપરવાનો હક નથી, ભલેપછી તે બાળક ભલાઈ–બૂરાઈ સમજતુ હોય, પરિપક્વ થઈ ગયુ હોય, અને એ માટે વલીની રજાથી પણ કોઈ ફાયદો નથી. ન પહેલા આપેલ રજા ન પછી આપેલ રજામંદી.

પણ અમુક સંજોગો એવા છે કે જેમાં નાબાલિગ બાળક માટે માલનું વાપરવું સહીહ છે, જેમકે, જયારે એ નજીવી કિંમતની કોઈ વસ્તુ ખરીદે અથવા વેચે. એ વિશે મસઅલા ૨૦૪૫માં ખુલાસો થઈ ગયો છે. એવી જ રીતે જો પોતાના માલમાંથી પોતાના સગાંઓ અને કુટુંબીઓ માટે વસિયત કરે, જેનો ખુલાસો મસઅલા ૨૭૧૪ માં અપાશે.

બાળા માટે બાલિગ થવાની નિશાની એ છે કે તેના ચાંદના હિસાબે (કમરી કેલેન્ડર) નવ વર્ષ પૂરાં થાય, અને બાળક માટે ત્રણ નિશાનીઓમાંથી એક નિશાની હોય છે :–

(૧) પેટ નીચે શરમગાહની ઉપર જાડા વાળ ઉગવા, (૨) વીર્ય સ્ખલન– (મનીનું નીકળવું),

(૩) ચાંદને હિસાબે (કમરી કેલેન્ડર) પંદર વર્ષ પૂરા થવા.

**મસઅલો ૨૨૭૧** : અગર ચહેરા અને હોંઠ ઉપર દાઢી મૂછોના જાડા વાળ ઉગવા માંડે, તો અસંભવ નથી કે તે પણ બાલિગ હોવાની નિશાની હોય. પણ છાતી ઉપર અને બગલની નીચે જાડા વાળ હોવા બાલિગ થવાની નિશાની નથી. એવી જ રીતે અવાજ ભારે થાય તો એ બાલિગ થવાની નિશાની નહીં ગણાય.

**મસઅલો ૨૨૭૨** : જે શખ્સ દીવાનો હોય, તેને પોતાના માલમાં ઉપયોગનો કોઈ અધિકાર હોતો નથી. એવી જ રીતે નાદારને તેના ઉપર બાકી રહેલ કરજને કારણે માલ ઉપર ઉપયોગનો અધિકાર નથી. કારણ કે તેના ઉપર હાકીમે શરઅ તરફથી અંકુશ હોય છે. અલબત્ત, અગર એના લેણદારો રજા આપે તો ઉપયોગમાં લઈ શકશે.ઉપરાંત એ બેવકુફ શખ્સ કે જે પોતાના માલને નિરર્થક વેડફી નાખતો હોય, તે વલીની રજા વગર પોતાના માલને વાપરવાનો હક ધરાવતો નથી.

**મસઅલો ૨૨૭૩** : જે શખ્સ અમુક દિવસે દીવાનો અને અમુક દિવસે સાજો હોય, તેને દીવાનગીની હાલતમાં પોતાના માલમાંથી કાંઈ વાપરવું સહીહ નથી.

**મસઅલો ૨૨૭૪** : જયારે ઈન્સાન બીમારીની હાલતમાં મરણ પથારીએ પડયો હોય, ત્યારે પોતાના માલમાંથી પોતા માટે, પોતાના કુટુંબ, મહેમાનો માટે, અને બીજા તમામ એવા કાર્યો માટે કે જે ઈસ્રાફ તરીકે ન ગણાતા હોય, પોતાની ઈચ્છા મુજબ વાપરી શકે છે. એવી જ રીતે જો પોતાની મિલકત વેચી નાખે અથવા

ભાડે આપે, તો તેમાં ઈશ્કાલ નથી.

પરંતુ અગર પોતાનો માલ કોઈને ભેટરૂપે બક્ષી આપે, અથવા સામાન્ય કિંમત કરતાં સસ્તી કિંમતે વેચી નાખે, અને જો આપેલ ભેટ અથવા કિંમતનો કરેલો ઘટાડો તેના માલના ત્રીજા ભાગ (સુલુસ) જેટલો હોય અથવા એથી ઓછો હોય, તો એ વાપરવું સહીહ લેખાશે, પણ જો ત્રીજા ભાગના માલ કરતાં વધારે હોય તો તેનાં માટે વારસદારોની રજા મેળવવી જરૂરી છે. અને જો એ વારસદારો રાજી ન થાય, તો સુલુસ કરતા જેટલો વધારો હોય તેમાં કરવામાં આવેલ વપરાશ બાતિલ છે.

## વકાલતના એહકામ

વકાલતનો અર્થ એ છે કે જે કાર્ય ઈન્સાન પોતે અંજામ આપી શકવાનો અધિકાર રાખતો હોય, જેમકે, મામલો, સોદો, વગેરે તે કાર્યને અંજામ આપવા માટે બીજા કોઈને નીમે. દા.ત. કોઈને વકીલ નીમે કે પોતાના વતી મકાન વેચી આપે, અથવા નિકાહ પઢી આપે.

તો જે શખ્સ બેવકુફ અને મૂર્ખ હોય, તેને અગાઉ જણાવ્યા મુજબ પોતાના માલમાં વપરાશનો હક હોતો નથી, પરિણામે એ કોઈને વેચાણ માટે વકીલ નહીં નીમી શકે.

**મસઅલો ૨૨૭૫** : વકાલતમાં સીગાંનો ઉચ્ચાર લાઝિમ નથી, બલ્કે અગર કોઈને જણાવે કે એને વકીલ નિમ્યો છે, અને સામે પક્ષ સમજી જાય કે વકીલ તરીકે નીમાયો છે, અને તેનો સ્વીકાર કરી લ્યે તો વકાલત સહીહ

છે, જેમકે, વેચવા માટે પોતાનો માલ કોઈને સુપરત કરે, અને સામેવાળો માલનો સ્વીકાર કરે, તો વકાલત સાબિત થયેલ ગણાશે.

**મસઅલો ૨૨૭૬ :** અગર ઈન્સાન કોઈ એવા શખ્સને વકીલ નીમે કે જે બીજા શહેરમાં વસ્તો હોય, અને તેના માટે વકાલતનામું મોકલે, અને જો એ શખ્સે મંજૂર રાખ્યું હોય, તો વકાલત સહીહ ગણાશે, ભલે પછી મોકલેલ વકાલતનામું મોડેથી પહોંચે.

**મસઅલો ૨૨૭૭ :** વકીલ નીમનાર (મુવક્કીલ) અને વકીલ થનાર, બંને માટે અક્કલમંદ હોવું જરૂરી છે, અને તે માટે કોઈ દબાણને વશ થયા ન હોવા જોઈએ. સાથે સાથે વકીલ થનાર માટે જરૂરી છે કે બાલિગ હોવો જોઈએ, સિવાય એ કામોમાં કે જે સમજદાર અને તમીઝ ધરાવતું (સારૂં નરસું પારખી શકનાર) બાળક અંજામ આપી શકે.

**મસઅલો ૨૨૭૮ :** જે કામ ઈન્સાન પોતે ન કરી શકતો હોય, અથવા એ કામ શરીઅતની રૂએ જાઈઝ ન હોય, તે માટે એ વકીલ નહીં થઈ શકે. દા.ત; જે શખ્સ હજના એહરામમાં હોય, તેના માટે નિકાહ પઢવું જાઈઝ ન હોવાથી. એ બીજા તરફથી વકીલ બનીને નિકાહ નહીં પઢી શકે.

**મસઅલો ૨૨૭૯ :** અગર ઈન્સાન કોઈ શખ્સને તેના તમામ કાર્યોને અંજામ આપવા માટે વકીલ નીમે તો એ વકાલત સહીહ ગણાશે. પણ અગર અમુક કામોને અંજામ આપવાની વકાલત આપી એ કામોને નક્કી ન કરે, તો

વકાલત સહીહ નથી. અલબત્ત, અમુક કામમાંથી કોઈ એક કામ નક્કી કરવાનો ઈખ્તેયાર આપીને વકીલ બનાવી શકે છે, જેમકે વકીલ નીમે કે મકાન વેચે અથવા ભાડે આપે, તો એ વકાલત સહીહ ગણાશે.

**મસઅલો ૨૨૮૦ :** અગર કોઈ શખ્સ વકીલને બરતરફ કરે, તો વકીલને તેની જાણ થઈ જાય ત્યારપછી એ કોઈ કામ એના વતી અંજામ નહીં આપી શકે, પણ એને જાણ થાય એથી પહેલાં સુપરત થયેલ વકાલત મુજબ કામ કર્યું હોય તો એ સહીહ છે.

**મસઅલો ૨૨૮૧ :** વકીલ પોતાને વકાલતમાંથી મુક્ત કરી શકે છે, ભલેપછી તેને વકીલ નીમનાર હાજર ન હોય.

**મસઅલો ૨૨૮૨ :** જે કામ માટે વકીલને વકાલત આપવામાં આવી હોય, તે માટે એક વકીલ કોઈ બીજાને વકીલ નીમી શકતો નથી, પણ વકીલ નીમનારે જો રજા આપી હોય કે બીજાને વકીલ નીમે, તો જે પ્રકારની રજા આપી હોય તે મુજબ અમલ કરશે માટે જો નિમનારે કહ્યું હોય કે મારા માટે કોઈ બીજો વકીલ નીમી આપ, તો એ મુવક્કીલ (વકીલ નીમનાર) તરફથી વકીલની નિમણૂક કરી શકશે. પોતા તરફથી નહી.

**મસઅલો ૨૨૮૩ :** અગર વકીલ વકાલત આપનારની રજાથી તેના વતી બીજો વકીલ નીમી આપે, તો એ (પહેલો) વકીલ બીજા વકીલને બરતરફ નહી કરી શકે. એવીજ રીતે પહેલા વકીલના મરી જવાથી, અથવા બરતરફ થઈ જવાથી, બીજા વકીલની વકાલત બાતિલ નહીં થાય.

**મસઅલો ૨૨૮૪ :** અગર વકાલત આપનાર કોઈ વકીલને રજા આપે કે એ પોતાના તરફથી કોઈને વકીલ બનાવે, તો એ બીજા વકીલને, વકાલત આપનાર અને પહેલો વકીલ, બંને બરતરફ કરી શકે છે. અને જો પહેલો વકીલ મરણ પામે તો બીજા વકીલની વકાલત બાતિલ થઈ જશે.

**મસઅલો ૨૨૮૫ :** અગર કોઈ શખ્સ એકથી વધુ વકીલો નીમે અને દરેકને વ્યક્તિગત રીતે કાર્ય અંજામ આપવાની વકાલત આપે, તો દરેક વકીલ વકાલત મુજબ અમલ કરી શકશે, અને તેમાંથી કોઈ એકના મરણથી બાકીનાઓની વકાલત રદ નહીં થાય, પણ જો એમ કહ્યું હોય કે એ સર્વે વકીલો સાથે રહીને કાર્ય અંજામ આપે અથવા ફક્ત એમ જ કહે કે તમે સર્વ મારા વકીલો છો, તો કોઈને પણ વ્યક્તિગત રીતે કામ અંજામ આપવાનો હક નહીં રહે. અને જો તેમાંથી કોઈ પણ એક વકીલ ગુજરી જાય તો બાકી રહેલાઓની વકાલત બાતિલ ગણાશે.

**મસઅલો ૨૨૮૬ :** વકીલ અથવા વકીલ નીમનાર જો મરણ પામે, તો વકાલત બાતિલ થઈ જાય છે. એવીજ રીતે જે ખાસ વસ્તુ અંજામ આપવાની વકાલત હોય તે નાબૂદ થઈ જાય, જેમકે, ઘેટાં, બકરાં વેચવા આપ્યા હોય, એ મરી જાય તો વકાલત બાતિલ થઈ ગણાશે. ઉપરાંત વકાલત આપનાર અને વકીલ, બેમાંથી કોઈપણ એક હંમેશ માટે દીવાનો અથવા બેહોશ થઈ જાય, તો વકાલત બાતિલ થઈ જશે. પણ જો પ્રસંગોપાત દીવાનગી કે બેહોશી રહેતી હોય, તો એ સ્થિતિમાં તેમજ સજા થવા

પછી પણ વકાલત બાતિલ થવા વિશે ઈશ્કાલ છે.

**મસઅલો ૨૨૮૭ :** અગર કોઈ શખ્સ બીજાને વકીલ નીમે અને એ કાર્ય અંજામ આપવા બદલ કાંઈ વળતર નક્કી કરે, તો એ કામ અંજામ અપાયા બાદ નક્કી કરેલ વળતર આપવું લાઝિમ છે.

**મસઅલો ૨૨૮૮ :** અગર વકીલ પોતાના કબજામાં રહેલ માલની સરખી હિફાઝતમાં કોઈ કોતાહી ન કરે, અને એને આપવામાં આવેલી રજા સિવાય કોઈ બીજી રીતે એ માલને ઉપયોગમાં ન લીધો હોય તે છતાં જો એ માલ યોગાનુયોગ ગુમ કે નાબૂદ થઈ જાય, તો વકીલ જામીન નથી.

**મસઅલો ૨૨૮૯ :** અગર વકીલ પોતાના કબજામાં રહેલ માલની સરખી હિફાઝત ન કરે, અથવા આપવામાં આવેલી રજા સિવાય કોઈ બીજા ઉપયોગમાં લ્યે, અને એ માલ ગુમ કે નાબૂદ થાય, તો એ વકીલ જવાબદાર ગણાશે. દા.ત; જે લિબાસ એને વેંચવા માટે આપ્યું હોય, તે એ પહેરી લ્યે, અને એને પરિણામે લિબાસ બરબાદ થઈ જાય, તો એનું વળતર દેવું જરૂરી છે.

**મસઅલો ૨૨૯૦ :** અગર વકીલને માલમાં જેવા ઉપયોગની રજા હોય, તે સિવાયનો ઉપયોગ કરે, જેમકે, વેંચવા માટે આપેલું લિબાસ પહેરી લ્યે, અને તે બાદ રજા મુજબ તેનો ઉપયોગ કરે, તો એ ઉપયોગ (જેના માટે રજા આપેલ હતી તે) સહીહ ગણાશે.

# ઉધાર આપવાના અને લેવાના એહકામ

મોઅમીન ભાઈઓને, તેમાં ખાસ કરી હાજતમંદોને કરજ આપવું મુસ્તહબ છે, અને તે માટે હદીસોમાં ઘણી સિફારિશ થઈ છે.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમથી રિવાયત થઈ છે જે શખ્સ પોતાના મુસલમાન ભાઈને કરજ આપે છે પાછું લેવામાં એટલી મોહલત આપે (જેથી તે કરજ પાછુ આપવા માટે) સશક્ત થઈ જાય તો તેના માલમાં ખુદા વધારો કરી આપે છે, અને તેના ઉપર ફરિશ્તાઓ રહેમત મોકલે છે. ત્યાં સુધી કરજદાર પોતાનું કરજ ભરપાઈ કરે. ઈમામ જાઅફરે સાદિક (અ.સ.)થી રિવાયત છે એક મોમીન બીજા મોમીન ભાઈને કુરબતની નિય્યતથી કરજ આપે તો અલ્લાહ તઆલા તેને સદકહનો સવાબ આપતો રહેશે. જ્યાં સુધી કરજ ચૂકવાય જાય.

**મસઅલો ૨૨૯૧ :** કરજ માટે કોઈ સીગાના ઉચ્ચારની જરૂરત નથી. બલ્કે અગર કોઈ વસ્તુ કરજના ઈરાદાથી આપે, અને લેનાર એજ નિય્યતથી તેનો સ્વીકાર કરે, તો એ સહીહ ગણાશે.

**મસઅલો ૨૨૯૨ :** જયારે કરજદાર કરજની રકમ અદા કરે, ત્યારે લેણદારે એ સ્વીકારી લેવી જોઈએ. પણ જો રકમની અદાયગી માટે લેણદાર અથવા બંને તરફથી કોઈ મુદ્દત નક્કી થઈ હોય, તો એવા સંજોગમાં લેણદાર મુદ્દત તમામ થયા પહેલા રકમ સ્વીકારવા માટે મનાઈ કરી શકશે.

**મસઅલો ૨૨૯૩ :** અગર કરજના સીગામાં કે કરારમાં

ભરપાઈ માટે મુદ્દત નક્કી થઈ હોય, અને જો એ મુદ્દત કરજદારના પ્રસ્તાવથી અથવા બંનેની દરખાસ્તથી થઈ હોય, તો લેણદાર મુદ્દત પૂરી થાય એથી પહેલાં ભરપાઈ માટે માંગણી નહીં કરી શકે. પણ જો એ મુદ્દત લેણદારે નક્કી કરી હોય, અથવા ભરપાઈ વિશે સદંતર કોઈ મુદ્દત નિયુક્ત ન થઈ હોય તો લેણદાર ચાહે ત્યારે ભરપાઈ માટે માંગણી કરી શકે છે.

**મસઅલો ૨૨૯૪** : અગર લેણદાર પોતાનું લેણું માંગે, અને કરજદાર ભરપાઈ કરવાની શક્તિ ધરાવતો હોય, તો તરતજ ભરપાઈ કરી દેવું જોઈએ અને જો તેમાં ઢીલ કરે તો એ ગુનેહગાર થશે.

**મસઅલો ૨૨૯૫** : અગર કરજદાર પોતાના રહેવાના મકાન અને બીજી જરૂરીયાતની સામગ્રીઓ સિવાય કાંઈપણ ધરાવતો ન હોય, એવી સામગ્રીઓ કે જેના વગર એ મુશ્કેલીમાં મૂકાઈ જતો હોય, તો એવા સંજોગમાં લેણદાર તકાજો નહીં કરી શકે, બલ્કે એને એટલી વાર સબર કરવું જોઈએ કે જેથી કરજદાર લેણું ભરપાઈ કરે શકે.

**મસઅલો ૨૨૯૬** : જે કરજદાર પોતાનું કરજ અદા ન કરી શકતો હોય, પણ જો એ પોતાની લાયકાત મુજબ કમાણી કરવા સશક્ત હોય, તો વાજિબ છે કે કમાણી કરીને લેણું ભરપાઈ કરી આપે ખાસ કરીને જો એ આસાનીથી કમાણી કરી શકતો હોય. અથવા એ ધંધાદારી હોય, તો તે મુજબ વર્તવું એના માટે એહતિયાતે વાજિબ છે.

**મસઅલો ૨૨૯૭ :** જે માણસ પોતાના લેણદારને પામી શકતો ન હોય, અને ભવિષ્યમાં તેની યા તેના વારસદારોની મુલાકાતની આશા કે ઉમ્મીદ ધરાવતો ન હોય, તો એવા સંજોગમાં એ લેણદાર વતી લેણાની રકમ કોઈ ફકીરને આપે, અને એહતિયાતે વાજિબની રૂએ તેમ કરવા પ્રથમ હાકીમે શરઅની રજા મેળવે.

પણ જો એવી ઉમ્મીદ હોય કે લેણદાર અથવા તેના વારસદારોને મળી શકશે, તો તે માટે ઈન્તેઝાર કરવું જોઈએ, અને તેની શોધ કરવી જોઈએ. અને જો એ ન મળે તો વસિયત કરે કે અગર એ મરણ પામે અને લેણદાર અથવા તેના વારસદારો હાજર થાય, તો તેના માલમાંથી એ લેણું ભરપાઈ કરવામાં આવે.

**મસઅલો ૨૨૯૮ :** અગર મરણ પામનારના માલમાં ફકત દફનના વાજિબ ખર્ચ અને કરજની રકમ કરતાં વધુ ન હોય, તો એ કામમાં જ માલનો ઉપયોગ કરવામાં આવશે. અને વારિસોને કાંઈ નહીં મળે.

**મસઅલો ૨૨૯૯ :** અગર કોઈ શખ્સ ઘઉં જવ જેવી મીસ્લી ચીજ કર્ઝ લ્યે. જેની કિંમતમાં વધ-ઘટ થયા કરે છે. તો તેટલા જ પ્રમાણમાં અને તેવો જ માલ પાછો આપે તે કાફી છે. પણ જો બંને કાઈ સમજોતો કરી લ્યે તો વાંધો નથી. પરંતુ તે ચીજ કિંમતમાં અંકાતી હોય જેમ કે બકરી વગેરે તો જે દિવસે કર્ઝ લીધું હોય તે દિવસની કિંમત અદા કરવી જોઈએ.

**મસઅલો ૨૩૦૦ :** જે માલ કરજરૂપે લેવામાં આવ્યો

હોય, તે માલ અગર સલામત રહ્યો હોય, અને લેણદાર પાછો માંગે તો જરૂરી નથી કે કરજદાર એ જ માલ પાછો આપે અને જો કરજદાર તે જ માલ પાછો આપે તો લેણદાર અસ્વીકાર કરી શકે છે.

**મઅસલો ૨૩૦૧** : જે શખ્સ કરજ આપતી વખતે શરત કરે કે ભરપાઈ વખતે વધુ લેશે, જેમકે, એક મણ ઘઉંના બદલામાં એક મણ અને પાંચ શેર માંગે, અથવા દસ ઈંડા સામે અગિયાર માંગે, તો એ વ્યાજ અને હરામ ગણાશે, બલ્કે જો એવી શરત કરે કે કરજદાર કરજ ઉપરાંત તેના માટે કોઈ કામ અંજામ આપે, અથવા જે કરજ લીધું છે, તેની ભરપાઈ વખતે કોઈ બીજી વસ્તુ અમુક પ્રમાણમાં આપશે, જેમકે જો એવી શરત કરે કે એક તુમાન કરજ ભરપાઈ કરતી વખતે સાથે એક બાકસ આપશે, તો એ પણ વ્યાજ અને હરામ ગણાશે, ઉપરાંત, જો એવી શરત કરે કે જે વસ્તુ કરજરૂપે આપી છે, તે ભરપાઈ વખતે બીજા ખાસ સ્વરૂપમાં આપશે, જેમકે, કાચું સોનું કરજરૂપે આપી શરત કરે કે ભરપાઈ વખતે ઘડેલું સોનું આપશે, તો એ પણ વ્યાજ અને હરામ છે.

પણ જો કોઈપણ શરત વિના પોતે કરજદાર કરજ કરતા વધુ ભરપાઈ કરે, તો તેમાં ઈશ્કાલ નથી, બલ્કે તેમ કરવું મુસ્તહબ છે.

**મસઅલો ૨૩૦૨** : વ્યાજ આપવું, વ્યાજ લેવાની જેમ હરામ છે અને અગર કોઈ શખ્સ વ્યાજ સામે કરજ ઉપાડે જો કે જાહેર રીતે એ માલનો ધણી થઈ જાય છે, પણ

કરજ આપનાર વ્યાજનો માલિક નહી બને અને વ્યાજનો ઉપયોગ તેના માટે હરામ છે. તેનાથી કોઈ ચીજ ખરીદી કરશે તો તેનો પણ માલિક નહી બને. પણ જો એવી સૂરત હોય કે વ્યાજની સમજૂતી ન હોવા છતાં કરજ દેનાર રાજી હતો કે કરજદાર નાણાનો ઉપયોગ કરે, તો પછી કોઈ પણ ઈશ્કાલ વિના એ ઉપયોગ કરી શકશે. આજ રીતે મસાઈલ ન જાણવાના કારણે વ્યાજ લીધા. પછી જ્યારે મસઅલાની ખબર પડે ત્યારે તોબા કરે તો જાહીલ હતો ત્યારે લીધેલ વ્યાજ હલાલ થશે.

**મસઅલો ૨૩૦૩ :** અગર કોઈ શખ્સ ઘઉં અથવા એવી વસ્તુ વ્યાજવાળા કરજરૂપે લ્યે અને વાવેતર કરે તો જાહેર એ છે કે તેમાંથી હાંસિલ કરેલા પાકનો એ માલિક છે.

**મસઅલો ૨૩૦૪ :** અગર કોઈ શખ્સ લિબાસ ખરીદે, અને તે બાદ વેંચનાર જે વ્યાજનો પૈસો અથવા એ હલાલ નાણું કે જેમાં વ્યાજનું ભેળસેળ હોય. કિંમત રૂપે આપે તો એ લિબાસનું પહેરવું અને એની સાથે નમાઝ પઢવી જાઈઝ છે, પણ જો વેંચનારને એમ કહે કે આ કપડું હું આ નાણાંથી ખરીદી રહ્યો છું તો તે લિબાસનો માલિક નહી બને અને તે કપડું પહેરવું હરામ છે.

**મસઅલો ૨૩૦૫ :** અગર કોઈ શખ્સ વેપારીને કોઈ રકમ કરજરૂપે આપીને કહે કે બીજા શહેરમાં તેની પાસેથી ઓછી રકમ વસૂલ કરશે, તો તેમાં વાંધો નથી અને એને સરફે બરાઅત કહેવાય છે.

**મસઅલો ૨૩૦૬ :** અગર ઈન્સાન કોઈ શખ્સને એક

રકમ એ શરતે આપે કે અમુક દિવસો બાદ બીજા શહેરમાં એથી વધુ વસૂલ કરશે, જેમકે નવસો નેવું તુમાન દઈને દસ દિવસ બાદ બીજે સ્થળે હજાર તુમાન વસૂલ કરશે, જો એ નાણું સોના ચાંદીથી બનેલું હોય, અથવા એવી ચીજ હોય જે માપતોલથી આપવામાં આવતી હોય તો તે હરામ વ્યાજ ગણાશે. પણ જો વધુ વસૂલ કરનાર એ વધારાના મુકાબલામાં કોઈ જણસ આપે અથવા કોઈ કાર્ય અંજામ આપે, તો પછી તેમાં કોઈ વાંધો નથી. અને જો એ નાણાં ગણતરી ચલણી નોટો રૂપે હોય અને કરજ આપે તો વધારે લેવુ જાઈઝ નથી, પરંતુ જો રોકડેથી વેંચે અથવા ઉધાર આપે અને જો નોટો અલગ અલગ પ્રકારની હોય જેમકે દિરહમના મુકાબલામાં રૂપિયા તો વધારે વસૂલવામાં વાંધો નથી. પણ જો એક જ પ્રકારની નોટ હોય તો વધારે લેવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૨૩૦૭** : અગર કોઈ લેણદાર પોતાનું કરજ કે જે માપતોલની વસ્તુ ન હોય, તેને કરજદાર પાસે યા બીજા કોઈ શખ્સ પાસે ઓછી કિંમતે વેંચી, તેની રોકડ કિંમત વસૂલ કરવા માંગે તો તેમ કરી શકે છે. એ હિસાબે વર્તમાન કાળમાં વચનપત્રો, હૂંડીઓ કે જે કરજદાર પાસેથી લેણદારો લ્યે છે, તેને બેન્કમાં યા કોઈ બીજા પાસે પોતાના લેણા કરતા ઓછી કિંમતે વેંચીને બાકી રકમ રોકડ વસૂલ કરી શકે છે; સામાન્ય રીતે જેને ભાવ ઘટયો છે. તેમ કહેવાય છે.

# હવાલાના એહકામ

**મસઅલો ૨૩૦૮ :** અગર કોઈ શખ્સ પોતાના લેણદારને હવાલો આપે કે એનું લેણું બીજા કોઈ પાસેથી વસૂલ કરે, અને લેણદાર એ મંજૂર રાખે, જો હવાલા માટેની જે શરતો આગળ જતાં જણાવવામાં આવશે તે પૂરી જઈ જાય, તો જેના નામે હવાલો થાય એ કરજદાર ગણાશે. ત્યારબાદ લેણદાર પોતાનું લેણું અસલ કરજદાર પાસેથી નહીં માંગી શકે.

**મસઅલો ૨૩૦૯ :** કરજદાર, લેણદાર અને જેને નામે હવાલો દેવામાં આવે, એ ત્રણેયનું બાલિગ, આકિલ હોવું જરૂરી છે, અને તે માટે કોઈ દબાણ થયુ ન હોવું જોઈએ. એવી જ રીતે એમાં કોઈ સફીહ એટલે કે એવો મૂર્ખ ન હોવો જોઈએ કે જે પોતાના માલને વેડફી નાખતો હોય, ઉપરાંત જરૂરી છે કે કરજદાર અને લેણદાર નાદાર ન હોય, અલબત્ત, અગર જેને નામે હવાલો દેવાતો હોય તે હવાલો આપનારનો કરજવાન ન હોય, તો હવાલો આપનાર નાદાર હોય તો તેમાં ઈશ્કાલ નથી.

**મસઅલો ૨૩૧૦ :** દરેક સંજોગમાં જેને નામે હવાલો દેવાનો હોય તેની મંજૂરી લેવી જોઈએ, ચાહે કરજવાન હોય કે ન હોય.

**મસઅલો ૨૩૧૧ :** જે સમયે ઈન્સાન હવાલો આપી રહ્યો હોય, ત્યારે વાસ્તવમાં કરજવાન હોવો જોઈએ, એટલે કે અગર કોઈ કરજ લેવાનો ઈરાદો ધરાવતો હોય, તો જયાં સુધી કરજ ન લ્યે, ત્યાં સુધી કરજવાન થનાર

લેણદારને કહી નહીં શકે કે ફલાણાના નામે હવાલો આપું છું.

**મસઅલો ૨૩૧૨** : હવાલામાં માલનો પ્રકાર, અને તેનું પ્રમાણ નક્કી હોવું જરૂરી છે, માટે જો કોઈ શખ્સ ઉપર દસ મણ ઘઉં અને દસ તુમાન રોકડાનું કરજ હોય, અને એ લેણદારને કહે કે બેમાંથી એક વસ્તુ ફલાણા પાસેથી લઈ લેજો, અને એ વસ્તુ નક્કી ન કરે તો હવાલો સહીહ નહીં ગણાય.

**મસઅલો ૨૩૧૩** : અગર કરજ નક્કી હોય, પણ હવાલો દેતી વખતે લેણદાર અને કરજદારને તેનું પ્રમાણ કે તેના પ્રકારની માહિતી ન હોય, તો હવાલો સહીહ ગણાશે. જેમકે, એ લેણાની નોંધ ચોપડામાં હોય, અને ચોપડામાં જોયા પહેલાં હવાલો સહીહ ગણાશે. અને એ લેણાની નોંધ ચોપડામાં જોઈને કરજનું પ્રમાણ જણાવે, તો હવાલો સહીહ છે.

**મસઅલો ૨૩૧૪** : લેણદારને હક છે કે હવાલો મંજૂર ન કરે, ભલેપછી જેને નામે હવાલો હોય એ શખ્સ પૈસાદાર હોય, અને હવાલા મુજબ ભરપાઈ કરી દેવામાં કોતાહી ન કરતો હોય.

**મસઅલો ૨૩૧૫** : અગર જે શખ્સને નામે હવાલો અપાતો હોય, તે હવાલો દેનારનો કરજદાર ન હોય, અને હવાલો સ્વીકારી લ્યે, તો હવાલો ભરપાઈ કરવા પહેલાં પણ હવાલો દેનાર પાસેથી હવાલાની રકમ માંગી શકે છે, પણ જે લેણાનો હવાલો તેને આપવામાં આવ્યો હોય,

તેની મુદ્દત હજી પૂરી ન થઈ હોય, તો મુદ્દત પૂરી થયા પહેલાં એ હવાલો દેનાર પાસેથી હવાલાની રકમ માંગી શકશે નહીં, અગર પોતે ભરપાઈ કરી ચૂક્યો હોય. એવી જ રીતે જો લેણદારે પોતાના કરજ કરતા ઓછી રકમની સમજૂતી કરી હોય, તો એ હવાલો દેનાર પાસેથી માત્ર એટલી જ રકમ માંગી શકશે.

**મસઅલો ૨૩૧૬** : હવાલો જયારે સર્વે શરતો સાથે તૈયાર થાય, તે બાદ હવાલો આપનાર અને હવાલો સ્વીકારનાર એ હવાલાને રદબાતલ નહીં કરી શકે.

અને હવાલો આપતી વખતે હવાલો લેનાર જો ફકીર ન હોય, પણ આગળ જતાં નાદાર, ફકીર થઈ જાય, તો લેણદાર પણ એ હવાલાને રદ નહીં કરી શકે. અને અગર હવાલો લેતી વખતે એ ફકીર હોય, અને લેણદારને તેની ફકીરીની જાણ હોય, તો પણ હવાલો તૈયાર થઈ ગયા બાદ તેને રદ નહીં કરી શકે. પણ જો લેણદારને તેના ફકીર હોવાની ખબર ન હોય, અને પછીથી તેને જાણ થાય, તો અગર હજુ સુધી એ માલદાર ન થયો હોય, તો લેણદારને હક છે કે એ હવાલો રદ કરી હવાલો દેનાર પાસેથી લેણું વસૂલ કરે, પણ જો હવાલો લેનાર માલદાર થઈ ગયો હોય, તો હવાલાને રદ કરવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૨૩૧૭** : અગર કરજદાર, લેણદાર અને હવાલો સ્વીકારનાર, અથવા તેમાંથી કોઈ પણ એક પોતા માટે હવાલાને રદ કરવાનો અધિકાર શરતરૂપે મૂકે, તો પછી જે રીતે કરાર થયો હોય, તે મુજબ હવાલાને રદ કરી

શકશે.

**મસઅલો ૨૩૧૮ :** અગર હવાલો દેનાર પોતે લેણદારનું લેણું ચૂક્વે, જો હવાલા સ્વીકારનારની વિનંતીથી ચૂક્વ્યુ હોય અને તે હવાલો દેનારનો કરજવાન હોય તો તેને આપેલ રકમની માંગણી કરી શકે છે, પણ જો એવી વિનંતી ન કરેલી હોય, અથવા એ હવાલો લેનાર તેનો કરજવાન ન હોય, તો તેની પાસેથી કોઈ વસ્તુ માંગી નહીં શકે.

## ગિરવે રાખવાના એહકામ

**મસઅલો ૨૩૧૯ :** 'રેહન' એટલે ગિરવે રાખવું, એને કહેવાય કે ઈન્સાન કોઈ પાસે કરજ સામે, અથવા કોઈ એવા માલ સામે કે જેની ઝિમ્મેદારી એને શિરે હોય, કોઈ માલ મૂકે; કે જેથી અગર એ લેણું અથવા માલ અદા ન થાય તો એ માલમાંથી તેનું વળતર હાંસિલ કરી શકે.

**મસઅલો ૨૩૨૦ :** ગિરવે રાખવું માટે સીગાનો ઉચ્ચાર જરૂરી નથી, અગર ગિરવે મૂકનાર માલને એ નિય્યતથી ગિરવે લેનાર પાસે મૂકે, અને લેનાર પણ એજ ઈરાદે તેનો સ્વીકાર કરી લ્યે, તો ગિરવે રાખવું સહીહ ગણાશે.

**મસઅલો ૨૩૨૧ :** ગિરવે મૂકનાર અને લેનાર બંને માટે બાલિગ, આકિલ હોવું જરૂરી છે, અને એ મામલામાં કોઈ દબાણને વશ ન થયા હોવા જોઈએ. ઉપરાંત ગિરવે મૂકનાર નાદાર અથવા સફીહ ન હોવો જોઈએ (એ બંનેના અર્થ મસઅલા ૨૨૭૨માં સમજાવવામાં આવ્યા છે) અગર નાદાર હોય, પણ જે માલ ગિરવે મૂક્તો હોય તે એનો

માલ ન હોય, અથવા એવો માલ ન હોય કે જેનાં ઉપયોગથી તેને રોકવામાં આવ્યો હોય, તો કોઈ વાંધો નથી.

**મસઅલો ૨૩૨૨** : ઈન્સાન માત્ર એ જ માલને ગિરવે રાખી શકે છે કે જેનો ઉપયોગ, વહીવટ વી. શરીઅત મુજબ જાઈઝ હોય. અને અગર પારકા માલને તેના માલિકની રજાથી ગિરવે મૂકે તો એ સહીહ ગણાશે.

**મસઅલો ૨૩૨૩** : જે વસ્તુ ગિરવે મૂકાય તે માટે શરત છે કે તેનું ખરીદ,વેચાણ શરીઅત પ્રમાણે સહીહ હોય, અગર કોઈ શખ્સ દારૂ અથવા એવી જાતની વસ્તુ ગિરવે મૂકે તો એ સહીહ નહીં ગણાય.

**મસઅલો ૨૩૨૪** : ગિરવે મૂકેલી વસ્તુમાંથી જે કાંઈ નફો કે ફાયદો થાય, તે વસ્તુના માલિકની મિલકીયત ગણાશે, ચાહે એ માલિક ગિરવે મૂકનાર પોતે હોય, યા કોઈ બીજો શખ્સ હોય.

**મસઅલો ૨૩૨૫** : ગિરવે રાખનાર શખ્સને હક નથી કે તેની પાસે ગિરવે રાખેલી વસ્તુ તેના માલિકની રજા વગર કોઈ બીજાની માલિકીમાં ભેટરૂપે યા વેચીને આપે; ચાહે એ વસ્તુનો માલિક પોતે ગિરવે મૂકનાર હોય, અથવા કોઈ બીજો શખ્સ હોય, તેની રજા લેવાની જરૂરત છે, અને અગર ભેટરૂપે આપી અથવા વેચી નાખીને પછીથી રજા મેળવી લ્યે તો વાંધો નથી.

**મસઅલો ૨૩૨૬** : અગર ગિરવે રાખનાર શખ્સ પોતાના પાસે ગિરવે પડેલી વસ્તુ તેના માલિકની સંમતિથી વેચી નાખે, તો તેમાંથી હાંસિલ થયેલ રોકડ નાણા માલની

જેમ ગિરવે નહીં ગણાય. એવી જ રીતે જો ધણીની રજા વગર વેચી નાંખે અને પછીથી તેની સંમતિ મેળવી, તો પણ રોકડ નાણું ગિરવે નહીં ગણાય.

પણ જો ગિરવે મૂકનાર શખ્સ ગિરવે લેનારની રજાથી એ શરતે વેચે કે તેના બદલામાં જે મળશે એ પણ ગિરવે રહેશે, તો પછી એ મુજબ વર્તવુ જરૂરી રહેશે, પરંતુ જો શરત મુજબ ન વર્તે તો સોદો બાતિલ ગણાશે, સિવાય કે ગિરવે લેનાર રજા આપે.

**મસઅલો ૨૩૨૭** : જયારે કરજ અદા કરવાનો સમય પાકી ગયો હોય, અને લેણદાર માંગણી કરે, પણ કરજ અદા ન કરે, ત્યારે લેણદાર પોતા પાસે કરજદારની પડેલી ગિરવે વસ્તુ વેચીને જેટલું લેણું હોય તે વસૂલ કરી શકશે, પણ તેમાં શરત એ છે કે લેણદારને તેમ કરવા માટે કરજદારે પહેલેથી વકાલત સોંપી હોય.

અને જો પહેલેથી વકાલત આપી ન હોય, તો લાઝિમ છે કે પ્રથમ કરજદારની રજા મેળવે, અને જો એ કરજદારનો ભેટો ન થતો હોય, અથવા એને શોધવું મુશ્કેલ હોય, તો એહતિયાતે વાજિબની રૂએ હાકીમે શરઅની રજા લઈને ગિરવે રાખેલ વસ્તુને વહેંચશે, અને પોતાનું લેણું વસૂલ કરશે.

અલબત્ત, દરેકમાં સંજોગમાં લેણું વસૂલ કર્યા બાદ જે વધારો રહે તેનો હક કરજદારનો છે, માટે તેને સુપરત કરી દેવું જોઈએ.

**મસઅલો ૨૩૨૮** : અગર કરજદાર પાસે પોતાના

રહેવાના મકાન અને જરૂરીઆતની ઘર સામગ્રી સિવાય કાંઈ ન હોય, તો એવા સંજોગમાં લેણદાર પોતાનું લેણું તેની પાસેથી તલબ નહીં કરી શકે. પણ જો એ કરજદારે તેની પાસે મકાન અને જરૂરિયાત, સામગ્રી ગિરવે રાખી હોય તો લેણદાર તેનું વેચાણ કરી પોતાનું લેણું વસૂલ કરી શકશે. ઉપરોકત મસઅલામાં જે બયાન થયું છે તેની સાવચેતી રાખવી જરૂરી છે.

## જામીન થવાના એહકામ

**મસઅલો ૨૩૨૯** : જયારે ઈન્સાન કોઈનું કરજ અદા કરવા માટે જામીનગીરી લેવા તૈયાર થાય, ત્યારે તેના માટે શરત છે કે લેણદારને ગમે તે ભાષાના સ્પષ્ટ શબ્દોમાં, અથવા અમલરૂપે, યકીન આપે કે એ જામીન થયો છે અને કરજ અદા કરી આપશે. સાથે સાથે લેણદારની પણ રજામંદી હોવી જોઈએ. અલબત્ત, કરજદારની રજામંદીની શરત નથી. તેના બે પ્રકાર છે.

(૧) જામીન કરજદારનું કરજ પોતાને માથે લઈ લ્યે અને જો તે અદા કરવા પહેલાં મરી જાય તો બીજા કરજાઓની જેમ તેના માલમાંથી આ કરજ પણ ચૂકવવામાં આવશે. સામાન્ય રીતે ફકીહો ઝમાન શબ્દ આ જ અર્થ માટે ઉપયોગ કરે છે.

(૨) જામીન ઝિમ્મેદારી કબૂલ કરે કે કરજદાર કરજ અદા કરશે પણ તેની જવાબદારી પોતાના માથે નથી લેતો. આ સંજોગોમાં જો વસિયત ન કરે તો કરજ તેના માલમાંથી અદા નહી થઈ શકે.

**મસઅલો ૨૩૩૦** : જામીન અને લેણદાર બંને બાલિગ અને આકિલ હોવા જોઈએ, અને કોઈએ એમના ઉપર દબાણ કર્યુ ન હોવું જોઈએ. ઉપરાંત, જરૂરી છે કે તેઓ સફીહ ન હોય, એટલે કે બેવકુફીથી પોતાનો માલ વેડફી નાખનારા ન હોય, તેમજ લેણદાર નાદાર ન હોવો જોઈએ.

પરંતુ આ શરતો કરજદારને લાગુ પડશે નહીં, દાખલા તરીકે કોઈ શખ્સ એવી જામીનગીરી લ્યે કે બાળકનું, અથવા કોઈ દીવાનાનું, અથવા કોઈ સફીહનું કરજ ભરી આપશે, તો એ જામીનગીરી સહીહ છે.

**મસઅલો ૨૩૩૧** : અગર કોઈ શખ્સ એવી શરતે જામીનગીરી લ્યે કે જો કરજદાર તારૂં લેણું નહીં ભરે તો હું ભરી આપીશ, તો એવી જામીનગીરી મસઅલા નં.૨૩૨૯ પ્રમાણે પહેલાં પ્રકારની હોય તો કાયદેસર હોવું ઈશ્કાલ ધરાવે છે. પણ બીજા પ્રકારની હોય તો વાંધો નથી.

**મસઅલો ૨૩૩૨** : જે શખ્સ વતી જામીનગીરી લેવાનો ઈરાદો હોય, તે શખ્સનું વાસ્તવમાં કરજદાર હોવું જરૂરી છે. એટલે કે અગર કોઈ શખ્સ માત્ર કરજ ઉપાડવાનો ઈરાદો ધરાવતો હોય, તો જયાં સુધી કરજ ન લ્યે ત્યાં સુધી તેની જામીનગીરી લઈ નહીં શકાય. આ શર્ત બીજા પ્રકારની જમાનત માટે નથી.

**મસઅલો ૨૩૩૩** : જામીન થવા માટે લેણદાર, કરજદાર કોણ છે, તે નિયુક્ત થવા જોઈએ, અને જે વસ્તુનું લેણું છે તે વસ્તુ સંપૂર્ણ રીતે નક્કી હોવી જોઈએ. અગર

કોઈ શખ્સના બે લેણદારો હોય અને જામીન થવાવાળો એમ કહે કે એ બે લેણદારોમાંથી એકનું લેણું ભરપાઈ કરશે, તો નક્કી ન કરવાના કારણે આ જામીનગીરી બાતિલ છે.

એવી જ રીતે અગર કોઈ શખ્સના બે કરજદારો હોય, અને જામીન થવાવાળો કહે કે બેમાંથી એક કરજદારનું કરજ ભરી આપશે, તો નક્કી ન કર્યા હોવાના કારણે તેની જામીનગીરી સહીહ નહીં ગણાય.

એજ હિસાબે અગર કોઈ શખ્સના લેણામાં દસ મણ ઘઉં અને દસ તુમાન રોકડા હોય, અને જામીન થવાવાળો કહે કે એ બે લેણામાંથી એક ભરી આપશે, અને નિયુક્ત ન કરે કે ઘઉં ભરશે અથવા રોકડા નાણા, તો એ જામીનગીરી બાતિલ છે.

**મસઅલો ૨૩૩૪** : અગર કોઈ શખ્સ કરજદારની રજા કે સંમતિ વિના તેના કરજ માટે જામીન થાય, તો પછી એ કરજદાર પાસેથી કંઈપણ માંગણી નહીં કરી શકે.

**મસઅલો ૨૩૩૫** : અગર કોઈ શખ્સ કરજદારની રજાથી તેનું કરજ ભરવાની જામીનગીરી લ્યે, તો જેટલી જમાનત આપી હોય તે લેણદારને આપ્યા પહેલાં કરજદાર પાસેથી ઉઘરાવી શકે છે.

પરંતુ અગર કરજદારનું કરજ જે પ્રકારનું હોય, તેથી હટીને કોઈ બીજા પ્રકારની વસ્તુ લેણદારને ભરે, તો એ બીજી વસ્તુ કરજદાર પાસેથી તલબ નહીં કરી શકે. દાખલા તરીકે કરજદાર ઉપર દસ મણ ઘઉંનું કરજ હતું,

અને જામીને લેણદારને તે ઘઉંના બદલામાં દસ મણ ચોખા-ચાવલ આપે, તો એ જામીન કરજદાર પાસેથી ચોખા નહીં માંગી શકે.

અલબત્ત, અગર કરજદાર પોતે રાજી હોય કે ચોખા આપશે તો તેમાં કોઈ ઈશ્કાલ નથી.

**મસઅલો ૨૩૩૬** : અગર લેણદાર પોતાનું લેણું જમાનત લેવાવાળાને બક્ષી આપે, તો પછી જામીન કરજદાર પાસેથી કંઈપણ માંગણી નહીં કરી શકે, અને જો લેણાનો અમુક ભાગ બક્ષી આપે, તો એટલો ભાગ કરજદાર પાસેથી જામીન નહીં માંગી શકે. પણ લેણદાર તેને ભેટ રૂપે અથવા ખુમ્સ અને ઝકાતમાંથી મદદરૂપે આપે તો જામીન કરજદાર પાસેથી માંગણી કરી શકે છે.

**મસઅલો ૨૩૩૭** : અગર કોઈ શખ્સ કોઈના વતી કરજ ભરપાઈ કરવા માટે જામીન થઈ જાય, તો પછી જમાનત પાછે ખેંચી શકશે નહીં.

**મસઅલો ૨૩૩૮** : લેણદાર અને જામીન પોતાના કરારમાં, એહતિયાતે વાજિબની રૂએ, એવી શરત રાખી નથી શકતા કે ચાહે ત્યારે જામીનની જામીનગીરી રદ કરી શકશે.

**મસઅલો ૨૩૩૯** : અગર જામીન થતી વખતે લેણદારનું લેણું ભરપાઈ કરવાની શક્તિ ધરાવતો હોય, ભલેપછી આગળ જતા એ ફકીર થઈ જાય, તો લેણદાર એની જામીનગીરી રદ કરીને અસલ કરજદાર પાસેથી પોતાનું લેણું નહીં માંગી શકે. એવી જ રીતે અગર લેણદારને

જાણ હોય કે જામીન લેણું ભરવા અશક્ત છે, પણ એ છતાં એણે માન્ય રાખ્યું હોય, તો જામીનને મૂકીને અસલ કરજદાર પાસેથી તલબ નહીં કરી શકે.

**મસઅલો ૨૩૪૦ :** અગર ઈન્સાન જામીન થતી વખતે લેણદારનું લેણું ભરવાની તાક્ત ન ધરાવતા હોય, અને લેણદારને એ હકીકતની જાણ ન હતી, તો એવા સંજોગમાં અગર લેણદાર જામીનની જામીનગીરીને રદ કરવા માંગે તેમાં ઈશ્કાલ છે, ખાસ કરીને જો એવું બન્યું હોય કે લેણદારને ખરી હકીકતની ખબર પડે એથી પહેલા જામીન શખ્સ શક્તિશાળી થઈ ગયો હોય.

## કિફાલતના એહકામ

**મસઅલો ૨૩૪૧ :** કિફાલતનો અર્થ એ છે કે ઈન્સાન એવી જામીનગીરી આપે કે જયારે પણ લેણદાર તકાજો કરશે ત્યારે તરત જ કરજદારને હાજર કરીને તેને સુપરત કરી આપશે. આવી જાતની જામીનગીરી લેનારને કફીલ કહેવાય છે.

**મસઅલો ૨૩૪૨ :** કિફાલત માટે શરત છે કે કફીલ ગમે તે ભાષામાં સ્પષ્ટ ઉચ્ચારથી, યા અમલીરૂપે, લેણદારને યકીન આપે કે જયારે પણ એ તલબ કરશે ત્યારે કરજદારને હાજર કરી સુપરત કરી આપવાની જવાબદારી એણે લીધી છે, સાથે સાથે શરત છે કે લેણદાર એ યકીનનો સ્વીકાર કરે. એહતિયાતે વાજિબની રૂએ કિફાલતના સહીહ હોવામાં કરજદારની રજામંદી પણ હોવી જોઈએ; બલ્કે એહતિયાતે વાજિબ એ છે કે કોલકરારના પક્ષમાં કરજદારનો સમાવેશ

થવો જોઈએ. એટલે કે કરજદાર અને લેણદાર બંને કિફાલતની સંમતિ આપે.

**મસઅલો ૨૩૪૩** : કફીલ માટે જરૂરી છે કે બાલિગ, આકિલ હોય, કોઈ પણ જાતના દબાણ હેઠળ ન હોય, અને જેના માટે કફીલ બન્યો હોય તેને હાજર કરી આપવા શક્તિમાન હોય, ઉપરાંત કફીલ બનનાર નાદાર કે સફીહ (પોતાનો માલ મૂર્ખાઈ અને બેવકુફીથી વેડફી નાખનારો) ન હોવો જોઈએ, ખાસ કરીને જયારે કરજદારને હાજર કરી સુપરત કરી આપવા માટે પોતાના માલમાંથી ખર્ચવાની જરૂરત પડે તેમ હોય.

**મસઅલો ૨૩૪૪** : નીચે જણાવેલ પાંચ સંજોગોમાંથી કોઈ પણ એક સંજોગમાં કિફાલત રદ બાતલ થઈ જાય છે :-

(૧) જયારે કફીલ કરજદારને લેણદારના કબ્જામાં આપી દ્યે અથવા એ કરજદાર પોતે આવીને લેણદારને શરણે થઈ જાય.

(૨) જયારે લેણદારનું લેણું ભરાઈ જાય.

(૩) જયારે લેણદાર પોતાનું લેણું માફ કરી દ્યે અથવા એ લેણું બીજાને નામે તબદીલ કરી દ્યે.

(૪) કફીલ અથવા કરજદાર મરણ પામે.

(૫) જયારે લેણદાર કફીલને તેની જવાબદારીથી મુક્ત કરે.

**મસઅલો ૨૩૪૫** : જે શખ્સ જબરદસ્તીથી કરજદારને તેના લેણદારથી છોડાવે, જેને પરિણામે લેણદાર એ

કરજદાર સુધી ન પહોંચી શકે, તો જે શખ્સે કરજદારને છોડાવ્યો, એના માટે જરૂરી છે કે કરજદારને લેણદારના હવાલે કરે અથવા તેનુ કરજ ભરી આપે.

## અમાનતને લગતા એહકામ

**મસઅલો ૨૩૪૬ :** અગર ઈન્સાન કોઈને માલ સુપરત કરીને કહે કે આ માલ તારી પાસે અમાનત રહેશે; અને સામે પક્ષ મંજૂરી આપે, તો તેના ઉપર અમાનત/ વદીઅતના સર્વે હુકમો લાગુ પડશે, જે હવે પછી સવિસ્તાર જણાવવામાં આવશે. બલ્કે અગર માલનો ધણી કાંઈ બોલ્યા વિના કોઈ શખ્સ પાસે એવી રીતે માલ રાખે કે જેથી એની સુરક્ષા થાય, અને (માલને) રાખનાર પણ એ જ નિય્યતથી સ્વીકારી લ્યે, તો અમાનત/વદીઅતના એહકામ લાગુ પડશે.

**મસઅલો ૨૩૪૭ :** અમાનત આપનાર અને સ્વીકારનાર બંને માટે જરૂરી છે કે બાલિગ, આકિલ હોય, અને કોઈએ તેમને મજબૂર ન કર્યા હોય. તો અગર કોઈ શખ્સ દીવાના કે બાળક પાસે અમાનત મૂકે, અથવા દીવાનો કે બાળક આવીને કોઈ પાસે અમાનત મૂકી જાય, તો એ સહીહ નહીં ગણાય, અલબત્ત, કોઈ સમજદાર બાળક કે જે સારૂં નરસું સમજવા લાયક થયો હોય, તે પારકો માલ તેના ધણીની રજાથી કોઈ પાસે અમાનત મૂકે તો જાઈઝ છે.

એવી જ રીતે અમાનત મૂકનાર માટે જરૂરી છે કે નાદાર અથવા સફીહ (બેવકૂફ) ન હોવો જોઈએ, પરંતુ જો

એવો માલ (અમાનતરૂપે) મૂકી જાય જેના ઉપયોગથી તેને રોકવામાં ન આવેલ હોય તો વાંધો નથી.સાથે સાથે એ પણ જરૂરી છે કે અમાનત સ્વીકારનાર નાદાર કે સફીહ ન હોવુ એ સંજોગોમાં છે જયારે અમાનતના રક્ષણ માટે તેને પોતાના માલમાંથી ખર્ચ કરવાની જરૂરત પડે. અથવા અમુક માલ બરબાદ થાય તેમ હોય.

**મસઅલો ૨૩૪૮** : અગર કોઈ બાળક પાસેથી કોઈ ચીજ અમાનતરૂપે લ્યે, અને એ ચીજના માલિકની રજા મેળવી ન હોય, તો એ વસ્તુને તેના માલિક સુધી પહોંચાડી દેવી જોઈએ. પણ અગર એ ચીજ ખુદ બાળકની માલિકીની હોય, તો તેના વલી સુધી પહોંચાડી દેવી જોઈએ અને અગર માલિક સુધી અથવા બાળકના વલી સુધી માલ પહોંચાડે એથી પહેલાં એ માલને નુકસાન થાય, નાબૂદ થઈ જાય, તો તેનું વળતર આપવું જોઈએ.

અલબત્ત, અગર એ વસ્તુ બરબાદ થઈ જવાનો ડર હોય તો તેને સાચવી અને તેના માલિક સુધી પહોંચાડવા માટે પોતાના પાસે રાખી હોય, અને તેની રક્ષામાં કોઈ કમી ન કરી હોય, તો એવા સંજોગમાં (નુકસાની કે બગાડો વી. માટે) એ જામીન કે જવાબદાર નથી અને અગર અમાનત મૂકનાર દીવાનો હોય તો એને પણ એ જ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૨૩૪૯** : જે શખ્સ અમાનતની દેખરેખ અને સુરક્ષા ન કરી શકતો હોય, અને અમાનત રાખનારને તેની એવી હાલતની જાણ ન હોય, તો એવા સંજોગમાં

એ શખ્સે અમાનતનો સ્વીકાર ન કરવો જોઈએ. પણ જો સ્વીકાર કરશે અને તે ચીઝ બરબાદ થઈ જાય તો તે જામીન રહેશે.

**મસઅલો ૨૩૫૦** : અગર કોઈ શખ્સ માલના માલિકને સ્પષ્ટ જણાવી દે કે તેની સંભાળ કે દેખરેખ રાખવા તૈયાર નથી, અને માલ પણ હસ્તગત ન કરે, તે છતાં એ માલનો માલિક માલ તેની પાસે મૂકીને ચાલતો થાય, અને એ માલને કાંઈ નુકસાન પહોંચે અથવા નાબૂદ થઈ જાય, તો એ શખ્સે અમાનતનો અસ્વીકાર કર્યો હોવાથી જામીન કે જવાબદાર નહીં ગણાય. પણ એહતિયાતે મુસ્તહબ એ છે કે જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી માલની હિફાઝત કરે.

**મસઅલો ૨૩૫૧** : અમાનત મૂકનાર જયારે ચાહે ત્યારે અમાનત પાછી લઈ જઈ શકે છે. એવી રીતે અમાનત સ્વીકારનાર પણ જયારે ઈચ્છે ત્યારે તેનો અસ્વીકાર કરી અમાનત પાછી સુપરત કરી શકે છે.

**મસઅલો ૨૩૫૨** : અગર ઈન્સાન માલની સંભાળ રાખવા તૈયાર ન હોય, અને અમાનતની સમજૂતીને રદ કરી નાખે, તો લાઝિમ છે કે માલ તેના ધણી, વકીલ અથવા વલી સુધી કોઈ પણ ઢીલ વગર પહોંચાડી આપે. અથવા એમને ખબર આપે કે એ માલની સંભાળ રાખવા માટે તૈયાર નથી. અને જો કોઈપણ યોગ્ય કારણ વગર ધણી સુધી અથવા પ્રતિનિધિઓ સુધી માલ ન પહોંચાડે અને તેમને ખબર પણ ન આપે, અને તેમાં કોઈ ખામી, બગાડ કે નુકસાની થાય તો તેનું વળતર આપવું પડશે.

**મસઅલો ૨૩૫૩** : અગર કોઈ શખ્સ અમાનતને સ્વીકાર કરે, અને જો એના માટે તેની પાસે મુનાસીબ જગ્યા ન હોય તો જરૂરી છે કે અનુકૂળ જગ્યા બનાવે અથવા મેળવે, અને એ અમાનતની એવી સંભાળ રાખે કે જેથી લોકો એમ ન કહે કે એણે કોઈ કચાશ રાખી હતી. અને જો સંભાળ રાખવમાં કોઈ કચાશને કારણે અમાનતને નુકશાન પહોંચે અથવા બરબાદ થઈ જાય, તો તેનું વળતર આપવુ પડશે.

**મસઅલો ૨૩૫૪** : અગર કોઈ શખ્સ અમાનત સ્વીકારી તેની સંભાળમાં કોઈ કચાશ ન રાખે અથવા નિયમની હદો ન ઓળંગી જાય, અને બનવાકાળે માલ બગડે કે નાબૂદ થાય, તો જવાબદાર નહીં ગણાય.

પણ જો સંભાળ રાખવામાં કચાશ દાખવે, જેમકે એવા સ્થળે મૂકે કે જે સુરક્ષિત ન હોય, અને કોઈ જાલિમને ખબર પડી જતાં એ ત્યાં આસાનીથી પહોંચી શકે એમ હોય, અથવા નિયમની હદો વટાવી જાય, એટલે કે અમાનતનો એવો ઉપયોગ કરે કે જેની માલિકે પરવાનગી ન આપી હોય, જેમકે, લિબાસ હોય તો પહેરવા માંડે, જાનવર હોય તો તેના ઉપર સવારી કરે, અને તેને કારણે બગાડ કે નુકસાન થાય તો તેનું વળતર માલિકને આપવું જોઈએ.

**મસઅલો ૨૩૫૫** : અગર અમાનત મૂકનાર માલિક પોતાના માલની સંભાળ માટે જગ્યા નક્કી કરી જાય અને અમાનત સ્વીકારનારને સ્પષ્ટ જણાવી દે કે માલ ફલાણી જગ્યાએ સુરક્ષિત રાખે, અને કોઈ પણ સંજોગે, નુકસાનનો

ખોફ હોવા છતાં, ત્યાંથી માલ હટાવવામાં ન આવે, તો એવા સંજોગમાં અમાનત લેનાર માલને બીજી જગ્યાએ નહીં લઈ જઈ શકે, પરંતુ જો લઈ જાય અને માલને નુકસાન થાય તો એ જવાબદાર અને જામીન ગણાશે. પણ અમીનને યકીન હોય કે તે જગ્યાએ માલ બરબાદ થઈ જશે તો જાઈઝ છે કે જગ્યા બદલાવે.

**મસઅલો ૨૩૫૬** : અગર માલનો ધણી પોતાના માલની સંભાળ માટે કોઈ જગ્યા નક્કી કરે, પણ એની વાતનો સાર એ હોય કે તેનો મકસદ ખાસ એ જગ્યા નથી, બલ્કે એની નજરે સુરક્ષિત જગ્યાઓમાંની એક છે. તો એવા સંજોગમાં અમાનત કબૂલ કરનાર એ માલને બીજી એવી જગ્યાએ લઈ જઈ શકે છે કે જે એટલી જ અથવા એથી વધુ હિફાઝતવાળી હોય. અને ત્યાં જો માલને કોઈ નુકસાન થાય તો તેના માટે એ જવાબદાર નહીં ગણાય.

**મસઅલો ૨૩૫૭** : અગર અમાનત મૂકનાર ધણી હંમેશ માટે દીવાનો કે બેહોશ થઈ જાય, તો વદીઅતની સમજૂતી રદ થઈ જશે અને અમાનત સ્વીકારનાર ઉપર લાઝિમ છે કે તરત જ વલી સુધી અમાનત પરત પહોંચાડી આપે, અથવા એને ખબર આપે. અને અગર શરઈ નજરે મંજૂર રહી શકે એવા ઉઝર વગર જો એ શખ્સ ન વલીને માલ પહોંચાડે અને ન તો એને ખબર આપે, અને માલને

કોઈ નુકસાન થાય તો તેનું વળતર આપવું પડશે.

પણ જો માલના ધણીની દીવાનગી અથવા બેહોશી પ્રસંગોપાત હોય, તો આ સંજોગમાં વદીઅતની સમજૂતીનું બાતિલ થવું એહતિયાતે વાજિબની રૂએ છે.

**મસઅલો ૨૩૫૮ :** અગર માલનો ધણી ગુજરી જાય, તો અમાનતનો મામલો બાતિલ થઈ જશે. અને એ માલ ઉપર અગર કોઈ બીજાનો હક ન હોય, તો અમાનતદાર તરત જ વારસદારોને માલ સુપરત કરશે, અથવા એમને ખબર આપશે અને જો આ સિવાય બીજી સૂરતમાં માલ વેડફાઈ જાય તો અમાનતદાર જામીન ગણાશે.

પણ જો મૈયતના વારીસોની તપાસ કરવા માટે અમાનત પલટાવવામાં વિલંબ કરે, અને એ માલની બરબાદી થાય તો એ જામીન નહીં ગણાય.

**મસઅલો ૨૩૫૯ :** જયારે માલનો ધણી ગુજરી જાય, અને માલ તેના વારસદારોને મળવાનો હોય, ત્યારે અમાનતદાર માટે જરૂરી છે કે તમામ વારીસોને માલ સુપરત કરે. અથવા એને સોંપે કે જેને તમામ વારીસોએ માલ સ્વીકારવાની રજા આપી હોય અને જો તમામ વારીસોની રજા વગર કોઈ એક વારીસને સુપરત કરી નાખે, તો એ અમાનતદાર બાકીના વારીસોના ભાગો માટે જામીન રહેશે.

**મસઅલો ૨૩૬૦ :** અગર અમાનત સ્વીકારનાર (અમાનતદાર) ગુજરી જાય, અથવા દાયમી દીવાનો કે બેહોશ થઈ જાય, તો અમાનતનો મામલો બાતિલ થઈ

જશે, અને તેનો વારીસ અથવા વલી માટે લાઝિમ છે કે તરત જ માલના ધણીને ખબર આપી દે અથવા અમાનત તેમના સુધી પહોંચાડી આપે.

પણ જો દીવાનગી યા બેહોશી પ્રસંગોપાત હોય તો આ સૂરતમાં અમાનતનો મામલો બાતિલ થવો એહતિયાતે વાજિબની રૂએ છે.

**મસઅલો ૨૩૬૧** : અગર અમાનતદાર પોતામાં મોતની નિશાનીઓ જુએ, તો અગર શક્ય હોય તો એહતિયાતે વાજિબની રૂએ અમાનત તેના ધણી, વલી કે વકીલ સુધી પહોંચાડે, અથવા એને ખબર કરે અને જો તે શક્ય ન હોય તો એવી બધી વ્યવસ્થા કરે કે જેથી એને ઈત્મેનાન થાય કે એના મરણ બાદ અમાનત ધણી સુધી પહોંચાડવામાં આવશે, જેમકે, વસિયત કરી સાક્ષીઓ નીમે, અને પોતાના વસીને તેમજ સાક્ષીને અમાનતના માલિકનું પૂરૂં નામઠામ અને અમાનત કઈ જાતની છે, અને ક્યાં પડી છે, તેની વિગત આપી દે.

**મસઅલો ૨૩૬૨** : અગર અમાનતદાર માટે મુસાફરીમાં જવાનું થાય તો અમાનતને પોતાના કુટુંબીને હવાલે કરી દેશે. પણ જો તેની હિફાઝત ખુદ અમાનતદાર ઉપર અવલંબિત હોય તો માલને તેના માલિક, સરપરસ્ત અથવા વકીલને પહોંચાડી દેશે અથવા તેઓને ખબર આપશે.

# આરીયતના એહકામ (ઉછીનું લેવું-આપવું તેનાં એહકામ)

**મસઅલો ૨૩૬૩** : આરીયત એટલે કે ઈન્સાન પોતાનો માલ ઉપયોગ અને વપરાશ માટે બીજા કોઈને સોંપે અને તેના બદલામાં કોઈ વળતર ન લ્યે.

**મસઅલો ૨૩૬૪** : આરીયત આપવા માટે સીગાના ઉચ્ચારની જરૂરત નથી. દાખલા તરીકે અગર કોઈ શખ્સ આરીયતની નિય્યતથી કોઈને કપડું આપે, અને લેનાર એ જ નિય્યતને સમજીને સ્વીકારે તો આરીયત સહીહ ગણાશે.

**મસઅલો ૨૩૬૫** : અગર કોઈ વસ્તુ ગસ્બી હોય, અથવા માલિકે તે વસ્તુનો ફાયદો કોઈને સોંપી દીધો હોય જેમકે કોઈને ભાડે આપી દીધી હોય, તો એવી વસ્તુ આરીયતમાં ન આપી શકાય, સિવાય એવા સંજોગમાં કે ગસ્બી વસ્તુનો માલિક અથવા જેને વસ્તુ ભાડે આપી હોય, તે આરીયત માટે રજામંદ થાય.

**મસઅલો ૨૩૬૬** : અગર કોઈ શખ્સે કોઈ વસ્તુ ભાડે લીધી હોય, ભાડૂત પોતેજ ઉપયોગ કરશે. તેવી શરત ન કરી હોય. તો એ વસ્તુને આરીયત તરીકે આપી શકશે, પણ એહતિયાતે વાજિબની રૂએ એ વસ્તુના અસલ માલિકની રજા વિના આરીયત લેનારને સુપરત નહીં કરી શકે, અથવા એને હવાલે નહીં કરી શકે. અને અગર જો શર્ત કરી હોય કે પોતેજ ઉપયોગમાં લેશે તો આરીયતરૂપે (ઉછીનુ) નહિ આપી શકે.

**મસઅલો ૨૩૬૭** : અગર કોઈ દીવાનો, બાળક, નાદાર અથવા સફીહ પોતાની વસ્તુ કે માલ આરીયત

આપે, (ઉછીનું આપે), તો એ સહીહ નથી. પણ અગર કોઈ વલી મસ્લેહત સમજીને, એની દેખરેખ હેઠળ રહેલ માલ ઉછીનું આપે તો તેમાં ઈશ્કાલ નથી. એવી જ રીતે અગર ઉછીનું લેનાર સુધી માલ પહોંચાડવા માટે કોઈ બાળક દરમિયાનમાં હોય તો કોઈ વાંધો નથી.

**મસઅલો ૨૩૬૮ :** અગર આરીયત લીધેલી વસ્તુના ધ્યાન રાખવામાં કોઈ કચાશ ન રાખી હોય, અને તેના ઉપયોગમાં વિવેક જાળવ્યો હોય,તે છતાં અનાયાસે એને નુકસાન પહોંચે, તો આરીયત લેનાર જામીન નથી. પણ જો પહેલેથી એવી શરત મૂકાઈ હોય કે આરીયતના માલમાં કોઈ પણ ખામી કે નુકસાન થતાં ઉછીનું લેનાર જોખમદાર રહેશે. તો તેનું વળતર આપવું જોઈએ. એવી જ રીતે અગર આરીયત લીધેલી વસ્તુ સોનું અથવા ચાંદી હોય, તો તેનું વળતર આપવું જોઈએ.

**મસઅલો ૨૩૬૯ :** સોનું અને ચાંદી આરીયત લેતી વખતે અગર એવી શરત મૂકવામાં આવે કે તેમાં જો કાંઈ નુકસાની, ખામી ઉત્પન્ન થાય તો ઉછીનું લેનાર જોખમદાર નહીં રહે, તો એવા સંજોગમાં એ જામીન નથી.

**મસઅલો ૨૩૭૦ :** અગર ઉછીનું આપનાર મરણ પામે, તો આરીયત લેનારે, મસઅલા ૨૩૫૮ માં અમાનત લેનાર માટેની જે ફરજો દર્શાવવામાં આવી છે, તે મુજબ અમલ કરવો જોઈએ.

**મસઅલો ૨૩૭૧ :** અગર ઉછીનું આપનાર એવી હાલતમાં મુબતેલા થાય કે એ પોતાના માલમાં કોઈ તસરરૂફ

(વપરાશ)નો હક ન ધરાવતો હોય, જેમકે, દીવાનો અથવા બેહોશ થઈ જાય, તો આરીયત લેનારે, મસઅલો ૨૩૦૩ માં અમાનત સંબંધી જે માર્ગદર્શન આપવામાં આવ્યું છે, તે મુજબ અમલ કરવો જોઈએ.

**મસઅલો ૨૩૭૨ :** ઉછીનું લેનાર ને આપનાર બંનેને અધિકાર રહે છે કે ચાહે ત્યારે આરીયત સંબંધી થયેલ કરારને રદ કરી નાખે.

**મસઅલો ૨૩૭૩ :** જે વસ્તુનો ઉપયોગ હલાલ ન હોય, જેમકે સંગીતના વાજીંત્રો, જુગારના સાધનો, અથવા સોના ચાંદીના પાત્રો કે જે ખાવા પીવા માટે વપરાશમાં આવતા હોય, તેને આરીયતરૂપે (ઉછીનું) દેવું બાતિલ છે, બલ્કે એહતિયાતે લાઝીમ છે કે ખાવા પીવાના ઉપયોગમાં ન લેવાતા હોય તો પણ સોના ચાંદીના વાસણો આરીયતરૂપે દેવાય તો બાતિલ છે. અલબત્ત, ફક્ત શોભા માટે આરીયતરૂપે આપ્યા હોય તો વાંધો નથી.

**મસઅલો ૨૩૭૪ :** દૂધ કે ઊન વી.થી ફાયદો હાંસિલ કરવાના હેતુથી ઘેટાંબકરાં આરીયતરૂપે દેવા સહીહ છે. ઉપરાંત કોઈ નર પ્રાણી માદાને ગર્ભવતી કરવાના હેતુથી ઉછીનું આપે તો એ સહીહ છે.

**મસઅલો ૨૩૭૫ :** અગર જે વસ્તુ આરીયતમાં લીધી હોય, તે તેના માલિક અથવા માલિકના વલી કે વકીલને સુપરત કરી દીધા બાદ તેમાં કોઈ નુકસાન અથવા ખામી ઉત્પન્ન થાય, તો આરીયત લેનાર જામીન નથી. પણ જો

માલિક કે તેના વલી અથવા વકીલની રજા વગર એ વસ્તુ કોઈ જગ્યાએ રાખે, ભલેપછી માલિક પોતે પણ એ વસ્તુ ત્યાં જ રાખતો હોય, જેમકે, ઘોડો હોય, અને માલિક હંમેશા એ જ તબેલામાં એને બાંધી રાખતો હોય, અને તેમાં કોઈ નુકસાની કે ખોડખામી ઉત્પન્ન થાય અથવા કોઈ એને હાનિ પહોંચાડે, તો આરીયત લેનાર જામીન ગણાશે.

**મસઅલો ૨૩૭૬ :** અગર જે વસ્તુ આરીયત અપાતી હોય તે નજીસ હોય, તો મસઅલા ૨૦૬૫માં જણાવ્યા મુજબ આરીયત લેનારને (ઉછીનું લેનાર) એ વસ્તુની નજાસત સંબંધી જાણ કરવી જોઈએ.

**મસઅલો ૨૩૭૭ :** જે વસ્તુ આરીયત રૂપે લીધી હોય તે માલિકની રજા વિના કોઈ બીજાને ભાડે આપી શકાશે નહીં, તેમ જ બીજાને આરીયત તરીકે પણ નહીં દઈ શકાય.

**મસઅલો ૨૩૭૮ :** અગર કોઈ શખ્સ આરીયત લીધેલી વસ્તુ તેના માલિકની રજાથી બીજા કોઈને આરીયતરૂપે આપે, અને પ્રથમ આરીયત લેનાર મરી જાય અથવા દીવાનો થઈ જાય, તો બીજી આરીયત બાતિલ થતી નથી.

**મસઅલો ૨૩૭૯ :** અગર આરીયત (ઉછીનું) લેનારને જાણ થઈ જાય કે જે વસ્તુ એ આરીયત લઈ આવ્યો છે કે તે ગસ્બી છે, તો તેની ફરજ છે કે વસ્તુ અસલ માલિકને સોંપે, આરીયત આપનારને નહીં.

**મસઅલો ૨૩૮૦ :** અગર કોઈ શખ્સ જાણતો હોય કે જે વસ્તુ આરીયત લીધી છે તે ગસ્બી છે, અને તેનો ઉપયોગ પણ કરે, અને એના કબ્જામાં હોય ત્યારે એ બરબાદ કે ગુમ થઈ જાય, તો એ વસ્તુનો અસલ માલિક તેની પાસેથી અથવા ગસ્બ કરનાર પાસેથી, એ વસ્તુનું તેમજ તેમાંથી હાંસિલ કરેલ ફાયદાનું વળતર માંગી શકશે. પણ જો આરીયત લેનાર પાસેથી વળતર લ્યે, તો આરીયત લેનાર તેના માટે આરીયત દેનાર પાસેથી તકાજો નહીં કરી શકે.

**મસઅલો ૨૩૮૧ :** અગર કોઈ શખ્સ જાણતો ન હોય કે આરીયત લીધેલી વસ્તુ ગસ્બી છે, અને એના કબ્જામાં હોય ત્યારે ખોવાઈ જાય અથવા બરબાદ થઈ જાય, તો માલનો અસલ માલિક એની પાસેથી જે વળતર લ્યે તે વળતરનો તકાજો આરીયત દેનાર પાસે કરી શકશે, પણ જો આરીયત(ઉછીનું) સોના ચાંદીની હોય, અથવા જો ઉછીનું આપનારે પહેલેથી શરત મૂકી હોય કે વસ્તુ ખોવાઈ જાય નુકસાન કે ખોડ ખામી ઉત્પન્ન થાય તો ઉછીનું લેનાર જવાબદાર રહેશે કે તેનું વળતર આપશે, તો એવા સંજોગમાં જે માલના માલિકને વળતર આપે તેનો તકાજો ઉછીનું આપનાર પાસે નહીં કરી શકે. પણ આ માલ વાપરવાના બદલામાં માલિક આરીયત લેવાવાળાથી જે કાંઈ લીધું હોય તેનું વળતર તે આરીયત દેવાવાળા પાસેથી લઈ શકશે.

# નિકાહના એહકામ

નિકાહનો સીગો પડાઈ જતા સ્ત્રી મરદ માટે અને મરદ સ્ત્રી માટે હલાલ થાય છે; અને એ સીગા બે પ્રકારના છે ; એક દાઈમી અને બીજો ગૈર દાઈમી.

અકદે દાઈમીમાં શાદીની કોઈ મુદ્દત હોતી નથી, બલ્કે એ હંમેશ માટે હોય છે. અને એ રીતે સ્ત્રી કોઈની પત્ની બને છે, તેને દાઈમી કહેવાય છે.

ગૈર દાઈમી અકદમાં શાદીની મુદ્દત નક્કી કરવામાં આવે છે, જેમકે, એક કલાક, એક દિવસ, એક માસ અથવા એક વર્ષ અથવા એથી વધુ મુદ્દત માટે સીગો પડે, પણ એ મુદ્દત મરદ અને સ્ત્રીની ઉંમરથી અથવા કોઈપણ એકની સામાન્ય ઉંમરથી વિશેષ ન હોવી જોઈએ, નહીંતર એ અકદ બાતિલ ગણાશે. એ રીતે જે અકદ થાય છે, તેને મુત્આ પણ કહેવામાં આવે છે.

**મસઅલો ૨૩૮૨** : નિકાહ ચાહે દાયમી હોય કે ગૈર દાઈમી, બંનેમાં શરીઅતે બતાડેલ સીગો પઢવાની જરૂરત છે. સ્ત્રી-પુરૂષની માત્ર રજામંદી, અથવા લેખિત સંમતિ એહતિયાતે વાજિબની રૂએ કાફી નથી. નિકાહનો સીગો પરણતા સ્ત્રી-પુરૂષ પોતે પઢી શકશે, અથવા તે માટે કોઈ બીજાને વકીલ નિમી સત્તા આપશે કે એમના વતી સીગો પઢે.

**મસઅલો ૨૩૮૩** : વકીલ માટે લાઝિમ નથી કે પુરૂષ હોય, સ્ત્રી પણ બીજા વતી વકીલ તરીકે નિકાહ પઢી શકે છે.

**મસઅલો ૨૩૮૪** : સ્ત્રી અને પુરૂષને જયાં સુધી ઈત્મીનાન હાંસિલ ન થાય કે એમના વકીલે સીગો પઢયો છે, ત્યાં સુધી તેઓ એકબીજા સાથે મેહરમ તરીકે વર્તાવ નહી રાખી શકે ; અને માત્ર એવો ભાસ કે ગુમાન હોય કે વકીલે સીગો પઢી આપેલ હશે, તે કાફી નહીં ગણાય. બલ્કે અગર વકીલ પોતે કહે કે સીગો પઢી આપેલ છે, પણ એનું કહેવું ભરોસાપાત્ર ન જણાય, અને સંતોષકારક ન હોય, તો એહતિયાતે વાજિબની રૂએ સંબંધ કાયમ નહી કરી શકે.

**મસઅલો ૨૩૮૫** : અગર કોઈ સ્ત્રી વકીલને એવી સત્તા આપે કે એના અકદ દસ દિવસ માટે ફલાણા પુરૂષ સાથે પઢી આપે, અને એ દસ દિવસોની શરૂઆત ક્યારે થાય તે નક્કી ન કરે, તો એ વકીલ જયારથી ચાહે ત્યારથી દસ દિવસો માટે એ પુરૂષ સાથે એના અકદ પઢી શકશે. પણ જો એ વકીલને ખબર હોય કે એ સ્ત્રીએ દિવસ અથવા ઘડી નક્કી કરી છે. તો વકીલની ફરજ રહેશે કે સ્ત્રીની ઈચ્છા અનુસાર સીગો જારી કરે.

**મસઅલો ૨૩૮૬** : અકદે દાઈમ અને ગૈરે દાઈમ, બંનેમાં એક જ શખ્સ બે પક્ષનો વકીલ થઈને સીગો પઢી શકે છે. એવી જ રીતે જે સ્ત્રી સાથે એ પોતાના દાઈમી અથવા ગૈરદાઈમી અકદ કરતો હોય, તેનો પણ વકીલ થઈ શકે છે. પણ એહતિયાતે મુસ્તહબની રૂએ અકદ પ્રસંગે બે વકીલો હોવા બેહતર છે.

## નિકાહ પઢવાની રીત :

**મસઅલો ૨૩૮૭ :** અગર દાઈમી અકદ પોતે સ્ત્રી પુરૂષ પઢવાના હોય, તો મહેરની રકમ નક્કી કર્યા બાદ પ્રથમ સ્ત્રી કહે :

**ઝવ્વજતોક નફ્સી અઁલસ્સિઁદાકિલ મઅ્લૂમ**

(એટલે કે હું મારી જાતને તારી પત્ની તરીકે આપું છું, મહેરની ફલાણી નક્કી રકમના બદલામાં) તરતજ, કોઈ પણ નોંધપાત્ર ઢીલ વગર પુરૂષ જવાબ આપે :

**કઁબિલ્તુત્ તઝ્વીજ**

(એટલે મેં આ શાદી સ્વીકાર કરી છે ).

આમ પઢી લેવાથી અકદ સહીહ થશે, અને જો તેઓ બંને કોઈ બીજાને વકીલ નિમતા હોય કે તેમના વતી નિકાહનો સીગો જારી કરે, તો પ્રથમ સ્ત્રીનો વકીલ પઢશે : (દાખલ તરીકે સ્ત્રીનું નામ ફાતેમા હોય ને પુરૂષનું નામ એહમદ હોય.)

**ઝવ્વજ્તો મુવક્કેલક અહ્મદ મુવક્કેલતી ફાતેમત અઁલસ્સિઁદાકિલ મઅ્લૂમ.**

અને તરત પુરૂષનો વકીલ કોઈ પણ ઢીલ વિના જવાબ આપશે :

**કઁબીલ્તુત્ તઝ્વીજ લેમુવક્કેલી અહ્મદ અઁલસ્સિઁદાકિલ મઅ્લૂમ.**

તો એ અકદ સહીહ ગણાશે.

એહતિયાતે મુસ્તહબ છે કે જે શબ્દ મરદ સીગામાં જારી કરે, એ સ્ત્રીના જારી કરેલા શબ્દ મુજબ જ હોવા જોઈએ. જેમકે, અગર સીગામાં સ્ત્રીએ કહ્યું હોય **ઝવ્વજ્તુ** તો મરદે પણ કઁબીલ્તુત તઝ્વીજ કહેવું જોઈએ. ન કે કઁબીલ્તુન્નિકાહઁ

મસઅલો ૨૩૮૮ : અગર સ્ત્રી પુરૂષ ગૈરદાઈમી (મુત્આ)નો સીગો જારી કરવા માંગે તો મુદ્દત અને મહેર નક્કી કર્યા બાદ સ્ત્રી કહે :

**ઝવ્વજતોક નફ્સી ફીલ્ મુદ્દતિલ્ મઅઁલુમતે અઁલલ્ મહેરીલ્ મઅઁલૂમ**

ત્યારબાદ કોઈ પણ ઢીલ વગર પુરૂષ કહે :

**કઁબીલ્તો**

તો એ અકદ સહીહ થશે.

અને જો તેઓ વકીલ નીમે, તો પ્રથમ સ્ત્રીનો વકીલ કહે :

**ઝવ્વજતો મુવક્કેલતી મુવક્કેલક ફીલ્ મુદ્દતિલ્ મઅઁલુમતે અઁલલ્ મહ્રેરિલ્ મઅઁલૂમ**

અને કોઈ પણ ઢીલ વગર પુરૂષનો વકીલ કહે :

**કઁબીલ્તુત તઝ્વીજ લિમુવક્કેલી હાકઝાં**

તો એ અકદ સહીહ ગણાશે.

# નિકાહની શરતો

મસઅલો ૨૩૮૯ : નિકાહના અકદ માટે અમુક શરતો છે:

(૧) એહતિયાતે વાજિબ છે કે સીગો સહીહ અરબીમાં પઢાય. અને જો જાતે પોતે સ્ત્રી પુરૂષ સહીહ અરબીમાં સીગો જારી કરવા અશક્ત હોય, તો અરબી સિવાય બીજી ભાષામાં નિકાહ પઢી શકે છે, અને અરબીમાં જ પઢાવવા ખાતર વકીલ નિમવાની જરૂરત નથી, પણ એ બીજી ભાષામાં એ વસ્તુનો ખ્યાલ રહે કે ઝવ્વજતો અને કબીલ્તુના અર્થ જળવાય રહે.

(૨) સ્ત્રી પુરૂષ અથવા તેમના વકીલ માટે અત્યંત જરૂરી છે કે, નિકાહનો સીગો જારી કરતી વખતે કસ્દે ઈન્શાઅ'' કરે, જેનો અર્થ એ કે અગર સ્ત્રી પોતે કહે ઝવ્વજતુક નફસી, તો તે કહેતી વખતે તેનો ઈરાદો હોય કે પોતાની જાતને ફલાણા પુરૂષની પત્ની તરીકે અર્પણ કરે છે, અને પુરૂષ કબીલ્તુ ત્તઝવીજ કહેતી વખતે એવા ઈરાદો ધરાવે કે ફલાણી સ્ત્રીને પોતાની પત્ની તરીકે સ્વીકારે છે અને જો બંને વતી વકીલ નિકાહ પઢતા હોય, તો બંને વકિલો જયારે ઝવ્વજતુ-કબીલ્તુ કહે ત્યારે તેમના મનમાં એ ઈરાદો હોવો જોઈએ કે જે સ્ત્રી પુરૂષે તેમને વકીલ બનાવ્યા છે તે વાસ્તવમાં પતિ-પત્ની થઈ રહ્યા છે.

(૩) નિકાહ પઢનારા માટે જરૂરી છે કે અકલમંદ હોય, અને અગર પોતાના માટે પઢી રહ્યો હોય તો બાલિગ પણ હોય, પણ જો કોઈ નાબાલિગ સારૂં-નરસું સમજનાર

બાળક કોઈના નિકાહ પઢે. તો અહવતની રૂએ તલાક આપવી જોઈએ અથવા ફરીથી નિકાહ પઢવા જોઈએ.

(૪) અગર સ્ત્રી-પુરૂષ વતી વકીલ નિકાહ પઢે, અથવા એમનો વલી પઢે, તો જરૂરી છે કે સીગો જારી કરતી વખતે થનાર પતિ પત્નીને નક્કી કરે. જેમકે, સીગામાં એમના નામો દર્શાવે, અથવા એમના તરફ ઈશારો કરે.

અગર કોઈ શખ્સની અનેક દીકરીઓ હોય, અને એ કોઈ પુરૂષને એમ કહે કે "ઝવજતોક અહદ બનાતી" હું મારી દીકરીઓમાંથી એકને પત્ની તરીકે તને નિકાહમાં આપું છું. અને પહેલો પુરૂષ કબીલ્તો કહે, તો દીકરી નક્કી થઈ ન હોવાથી અકદ બાતિલ ગણાશે.

(૫) સ્ત્રી પુરૂષ બંને શાદી માટે રજામંદ હોવા જોઈએ. પણ સ્ત્રી જો બાહ્યરૂપે નાપસંદગી જાહેર કરે, અને ખબર હોય કે મનમાં રાજી છે, તો અકદ સહીહ ગણાશે.

**મસઅલો ૨૩૯૦ :** અગર અકદ પઢતી વખતે એક અક્ષર ગલત પઢાય અથવા તેનાથી વધારે કે જેને કારણે અર્થ ન બદલે તો અકદ સહીહ છે.

**મસઅલો ૨૩૯૧ :** અકદનો સીગો પઢનાર અગર તેના અર્થની સાધારણ સમજણ ધરાવતો હોય, અને એટલું જાણતો હોય કે તેના મકસદને એ સીગાઓ વડે કેવી રીતે અદા કરી લ્યે છે, તો તે કાફી ગણાશે. સવિસ્તર અરબી ભાષાનું જ્ઞાન ધરાવવું જરૂરી નથી, તેમ સીગાનો એક એક બોલનો અર્થ જાણવો પણ લાઝિમ નથી. જેમ કે

અરબી ભાષા પ્રમાણે કર્મ-કરતા વગેરે.

**મસઅલો ૨૩૯૨** : અગર કોઈ સ્ત્રી પુરૂષના નિકાહ તેમની રજા વગર પઢી લેવામાં આવે, અને પછીથી એ સ્ત્રી પુરુષ એ નિકાહની સંમતિ આપે, તો એ નિકાહ સહીહ ગણાશે. સંમતિ માટે કોઈપણ વાક્ય બોલે અથવા એવું કાર્ય કરે જેથી તેની રજામંદી જાહેર થાય, તે કાફી છે.

**મસઅલો ૨૩૯૩** : અગર સ્ત્રી પુરૂષને, યા બેમાંથી કોઈ પણ એકને શાદી માટે મજબૂર કરવામાં આવે, અને નિકાહ પઢી લીધા બાદ તેઓ સંમતિ આપે, તો નિકાહ સહીહ ગણાશે. પણ એ સંજોગમાં બેહતર છે કે નિકાહ ફરીથી પઢવામાં આવે.

**મસઅલો ૨૩૯૪** : બાપ તેમજ દાદાને હક છે કે પોતાના દીકરા અથવા દીકરી, કે જે નાબાલિગ હોય, અથવા દીવાનગીની હાલતમાં બાલિગ થયો કે થઈ હોય, તેના નિકાહ કરે. અને દીકરો કે દીકરી બાલિગ થયા બાદ, અથવા દીવાનો સાજો થયા બાદ, બાપ કે દાદાએ કરેલા નિકાહમાં કોઈ ખરાબી જણાય તો ચાહે તેને બરકરાર રાખે અથવા રદ કરે, તેનો ઈખ્તીયાર રહેશે. પણ જો એમાં કોઈ ખરાબી ન જણાય અને નાબાલિગ દીકરો કે દીકરી એ નિકાહને રદબાતલ કરી નાખે, તો સંજોગ મુજબ તલાક અથવા નવા નિકાહ એહતિયાતે વાજિબની રૂએ જરૂરી છે.

**મસઅલો ૨૩૯૫** : જે કન્યા બાલિગ અને સમજદાર હોય, એટલે પોતાના હકમાં સારૂં નરસું પારખી શકતી

હોય, તે અગર શાદી કરવા માગે અને કુંવારી હોય, અને જો પોતાના ભરણ પોષણ માટે સ્વાવલંબી ન હોય તો પોતાના બાપ અથવા દાદાની રજા લેવી જોઈએ, બલ્કે એહતિયાતે વાજિબની રૂએ જો સ્વાવલંબી હોય તો પણ રજા લેવી જોઈએ, અલબત્ત, માની રજા કે ભાઈની રજા લેવી લાઝિમ નથી.

**મસઅલો ૨૩૯૬ :** નીચે જણાવેલા સંજોગોમાં બાપ કે દાદાની રજાની જરૂરત નથી :

(૧) અગર સ્ત્રી કુંવારી ન હોય.

(૨) અગર સ્ત્રી કુંવારી હોય, પણ બાપ દાદા સુસંગત અને શરીઅત તેમજ સમાજની નજરે જે લાયક અને કુફ્વ પુરૂષ હોય, તેની સાથે શાદી કરવાથી રોકે,

(૩) અગર કન્યા (દીકરી)ની શાદીમાં કોઈ પણ જાતનો ભાગ લેવા હાજર ન હોય.

(૪) અગર રજા આપવાની કાબેલીય્યત બાકી ન રહી હોય, જેમકે દીવાનો હોય, અથવા એવા કોઈ ઉઝરને કારણે હોય.

(૫) અગર એમની ગેરહાજરીને કારણે અથવા કોઈ બીજા સંજોગે એમની રજામંદી મેળવવી શક્ય ન હોય અને શાદી કરવી બેહદ જરૂરી હોય.

**મસઅલો ૨૩૯૭ :** અગર બાપ અથવા દાદા પોતાના નાબાલિગ ફરઝંદની શાદી કરાવે, તો એ ફરઝંદ જયારે બાલિગ થાય ત્યારે તેના ઉપર જે સ્ત્રી સાથે તેની શાદી કરવામાં આવી હોય તેનું ભરણપોષણ વાજિબ છે. બલ્કે

બાલિગ ન થયો હોય, પરંતુ જાતીય લઝ્ઝત હાંસિલ કરવા સમર્થ હોય, અને કન્યા પણ એટલી નાની ન હોય કે જેની સાથે તેનો શૌહર જાતીય લઝ્ઝત ન મેળવી શકે, તો પણ ફરઝંદ ઉપર તેની પત્નીનું ભરણપોષણ વાજિબ છે. આ સિવાયના સંજોગમાં ભરણપોષણ વાજિબ નથી.

**મસઅલો ૨૩૯૮ :** અગર બાપ અથવા દાદા પોતાના નાબાલિગ ફરઝંદની શાદી કરાવે, અને નિકાહ પઢાવવા સમયે એ ફરઝંદ પાસે કોઈ માલ ન હોય, તો બાપ અથવા દાદાએ એ ફરઝંદની પત્નીનું મહેર અદા કરવું જોઈએ. એવી જ રીતે જો ફરઝંદ માલદાર હોય, અને તેના બાપ અથવા દાદાએ મહેર માટે જવાબદારી લીધી હોય, તો તેઓ મહેર અદા કરી આપશે. આ સિવાયના સંજોગમાં અગર મહેરની રકમ સામાન્ય રીતે પ્રચલિત મહેર જેટલી જ હોય, અથવા મસ્લેહતને વશ થઈને વધારે મહેર દેવી પડતી હોય, તો બાપ અથવા દાદા ફરઝંદના માલમાંથી એ મહેર અદા કરી શકશે. પણ જો એવી કોઈ મસ્લેહત વિગેરે ન હોય, તો બાપ યા દાદા સામાન્ય રીતે જે પ્રચલિત મહેર હોય એથી વધારે ફરઝંદના માલમાંથી આપી શકશે નહીં, સિવાય એ કે બાલિગ થયા બાદ એ ફરઝંદ એના બાપ અથવા દાદાને એ માટે સંમતિ આપે.

## જે ઐબોને કારણે નિકાહને તોડી શકાય છે

**મસઅલો ૨૩૯૯ :** અગર પુરૂષને અકદ બાદ ખબર પડે કે જે સ્ત્રી સાથે તેના અકદ થયા છે, તે સ્ત્રીમાં અકદ પઢાતી

વખતે નીચે મુજબના છ ઐબોમાંથી કોઈ એક ઐબ હતો, તો એ અકદને રદ કરી શકે છે.

(૧) દીવાનગી- ચાહે એ પ્રાસંગિક હોય.

(૨) રક્તપિતથી પીડિત હોય.

(૩) કોઢ અને સફેદ દાગની બીમારી ધરાવતી હોય.

(૪) આંધળી હોય.

(૫) અપંગ હોય, ભલેપછી તદ્દન પથારીવશ કે નિશ્ચલ ન હોય.

(૬) સ્ત્રીના ગર્ભાશયમાં હાડકું અથવા માસ હોય, ચાહે એને કારણે સંભોગ અશક્ય હોય કે ન હોય (અને ચાહે એ ગર્ભને રોકે અથવા ન રોકે) અને જો પુરૂષને જાણ થાય કે સ્ત્રીને ઈફઝાની તકલીફ છે, કે જેને કારણે, પેશાબ અને હૈઝ નીકળવાની જગ્યાઓ, અથવા હૈઝ અને પાયખાનાની જગ્યાઓ એક થઈ ગઈ છે અથવા ત્રણેય એક થઈ ગઈ હોય તો આ સંજોગોમાં અકદને રદ કરી શકવામાં ઈશ્કાલ છે અને એહતિયાતે લાઝિમ છે કે જો શાદીને રદ કરવા માંગે તો તલાક પણ આપે.

**મસઅલો ૨૪૦૦** : સ્ત્રીને નીચે જણાવેલા સંજોગોમાં તલાક લીધા વગર અકદને રદ કરવાનો હક છે:

(૧) અગર અકદ બાદ જાણ થાય કે પુરૂષને લીંગ નથી.

(૨) અથવા અકદ બાદ, સંભોગ પહેલા અથવા બાદ, પુરૂષનું લીંગ કપાય જાય.

(૩) અથવા એ પુરૂષને કોઈ એવી બીમારી થાય કે સંભોગ ન કરી શકે, ચાહે એ બીમારી અકદ બાદ, સંભોગ પહેલા અથવા બાદમાં થઈ હોય.

ઉપરોકત સંજોગોમાં સ્ત્રીને હક છે કે તલાક લીધા વગર અકદને રદબાતલ કરી નાખે.

નીચે જણાવેલ સંજોગોમાં એહતિયાતે વાજિબ છે. સ્ત્રી અકદને રદ ન કરે અને જો રદ કર્યા પછી સ્ત્રી લગ્નસંબંધ ચાલુ રાખવા માંગતી હોય, તો એહતિયાતે વાજિબ છે કે ફરીથી નિકાહ પઢે અને જો જુદા થવા ચાહતી હોય તો તલાક લ્યે :

(૧) અગર સ્ત્રીને જાણ થાય કે તેનો પતિ અકદ પહેલા દીવાનો હતો, અથવા જો એ પુરૂષ અકદ બાદ, સંભોગ પહેલાં અથવા પછી દીવાનો થઈ જાય.

(૨) અથવા એને ખબર પડે કે અકદ વખતે એનો થનાર પતિ ખસી હતો એટલે કે તેનું અંડ ખેચી લેવામાં આવ્યું હતું વિગેરે.

(૩) અથવા એવી જાણ થાય કે અકદ સમયે એના ધણીને રક્તપિત્ત અથવા કોઢની તકલીફ હતી અથવા આંધળો હતો.

જે સંજોગમાં પતિ સંભોગ કરવા અશક્ત હોય અને પત્ની અકદને રદ કરવા માંગે, તે સંજોગમાં લાઝિમ છે કે પહેલાં હાકીમે શરઅ તરફ અથવા એના વકીલ તરફ રજૂઅ કરવામાં આવે, જેથી હાકીમે શરઅ શૌહરને બાર મહિનાની મોહલત આપશે. અને અગર એ ગાળામાં એ પુરૂષ પોતાની પત્ની અથવા બીજી કોઈ સ્ત્રી સાથે સંભોગ ન કરી શકે, તો એ બાદ સ્ત્રી એ અકદને રદ કરી શકશે.

**મસઅલો ૨૪૦૧ :** અગર પુરૂષ સંભોગ નથી કરી શકતો એ કારણે સ્ત્રી અકદને રદ કરે તો શૌહર ઉપર જરૂરી

છે કે અડધી મહેર અદા કરે.

પણ તે સિવાય બીજા એબોને કારણે પુરૂષ યા સ્ત્રી અકદ રદ કરે, અને અગર પુરૂષે પત્ની સાથે સંભોગ ન કર્યો હોય તો મહેરની અદાયગી લાગુ નહીં પડે. પણ જો સંભોગ કર્યો હોય, તો પૂરી મહેર દેવી જોઈએ.

**મસઅલો ૨૪૦૨** : અગર સ્ત્રી અથવા પુરૂષના એવા ગુણ બયાન કરવામાં આવે કે જે હકીકતથી વિશેષ હોય, અને જો એવા ગુણો, ચાહે અકદ પહેલાં યા અકદ સમયે બયાન કરીને સામે પક્ષને પરણવા માટે પ્રોત્સાહીત કરે, અને એ જ ગુણોને આધારે અકદ થાય, તો અગર અકદ બાદ સામે પક્ષને જાણ થાય કે એવી કોઈ વિશિષ્ટતા કે એવા કોઈ ગુણો મોજૂદ નથી. તો એ અકદને રદ કરી શકે છે. આ મસઅલાનો વધુ ખુલાસો એહકામની બીજી કિતાબો (મિન્હાજુસ સાલેહીનમાં) આપવામાં આવ્યો છે.

## જેમની સાથે લગ્ન કરવા હરામ છે તે સ્ત્રીઓ

**મસઅલો ૨૪૦૩** : જે સ્ત્રી ઈન્સાન માટે મહેરમ ગણાય છે, જેમકે, મા, બહેન, દીકરી, ફઈ, માસી, ભત્રીજી, ભાણજી અને સાસુ, તેમની સાથે શાદી કરવી હરામ છે.

**મસઅલો ૨૪૦૪** : જે સ્ત્રી સાથે ઈન્સાન નિકાહ કરે, ચાહે તેની સાથે સંભોગ ન કરે, તો પણ એ સ્ત્રીની મા, નાનીમા, દાદીમા, અને વંશનો સિલસિલો જેમ ઉપર

જતો રહે, તે સર્વ ઔરતો મહેરમ થઈ જશે.

**મસઅલો ૨૪૦૫** : જે સ્ત્રી સાથે ઈન્સાન નિકાહ કરી સંભોગ કરે, એ સ્ત્રીની દીકરી, દોહીત્રી, પૌત્રી અને વંશનો સિલસિલો જેમ ઉતરતો રહે, તે સર્વે ઔરતો ચાહે અકદ સમયે મોજૂદ હોય અથવા એ બાદ જન્મે, તેના માટે મહેરમ ગણાશે.

**મસઅલો ૨૪૦૬** : અગર કોઈ શખ્સે એક સ્ત્રી સાથે અકદ ક્યોં હોય, પણ સંભોગ ન ક્યોં હોય, તો એહતિયાતે વાજિબ છે કે જયાં સુધી એ સ્ત્રી અકદમાં બાકી હોય ત્યાં સુધી તેની દીકરી સાથે શાદી ન કરે.

**મસઅલો ૨૪૦૭** : ઈન્સાનની ફઈ અને માસી, એના બાપની ફઈ, માસી, દાદાની ફઈ અને માસી, દાદીમા, માની ફઈ અને માસી, નાનીમા, નાના બાપાની ફઈ અને માસી, અને જેમ જેમ વંશ ઉપર જતો રહે, તે સર્વે ઔરતો તેના માટે મહેરમ ગણાશે.

**મસઅલો ૨૪૦૮** : શૌહરના બાપા અને દાદા અને જેમ જેમ સિલસિલો ઉપર જતો રહે, પત્ની માટે મહેરમ ગણાશે. એવી જ રીતે શૌહરનો દીકરો, પૌત્ર અને દોહીત્ર અને જેમ જેમ વંશ ઉતરતો જાય, એ સર્વ પત્ની માટે મહેરમ છે, ચાહે નિકાહ સમયે તેઓ મોજૂદ હોય, અથવા પછીથી જન્મે.

**મસઅલો ૨૪૦૯** : જે સ્ત્રી સાથે ઈન્સાન નિકાહ કરે, ચાહે એ દાયમી હોય અથવા મુત્આ હોય, જયાં સુધી એ સ્ત્રી તેના હકમાં હોય ત્યાં સુધી તેની બહેન સાથે શાદી

નહીં કરી શકે.

**મસઅલો ૨૪૧૦** : તલાકના પ્રકરણમાં જણાવવામાં આવશે એ રીતે અગર કોઈ શખ્સ પોતાની પત્નીને તલાકે રજઈ આપે, તો ઈદ્દાની મુદ્દત દરમિયાન એ પત્નીની બહેન સાથે શાદી નહીં કરી શકે. પણ જો એ તલાકે બાઈન હોય, તો પોતાની પત્નીની બહેન સાથે ઈદ્દા દરમિયાન શાદી કરી શકશે અને મુત્આના ઈદ્દા દરમિયાન એહતિયાતે વાજિબ છે કે તે સ્ત્રીની બહેનને ન પરણે.

**મસઅલો ૨૪૧૧** : ઈન્સાન પોતાની પત્નીની રજા વગર પત્નીની ભત્રીજી અથવા ભાણજી સાથે શાદી નહીં કરી શકે. પણ અગર પત્નીની રજા વગર એમને પરણે, અને ત્યારબાદ તેની પત્ની તેને રજા આપે, તો વાંધો નથી.

**મસઅલો ૨૪૧૨** : અગર પત્નીને જાણ થાય કે તેના શૌહરે તેની ભત્રીજી યા ભાણજી સાથે અકદ કર્યા છે, અને ખામોશ રહે, તો અગર ત્યારબાદ સંમતિ આપે તો અકદ સહીહ ગણાશે. અને સંમતિ ન આપે તો અકદ બાતિલ ગણાશે.

**મસઅલો ૨૪૧૩** : અગર ઈન્સાન પોતાની માસીની કે ફઈની દીકરી સાથે પરણ્યા પહેલા એ દીકરીની મા સાથે ઝિના કરે, તો એહતિયાતે વાજિબની રૂએ તે દીકરીની સાથે શાદી નહીં કરી શકે.

**મસઅલો ૨૪૧૪** : અગર ઈન્સાન પોતાની માસી કે ફઈની દીકરીને પરણી, સંભોગ બાદ કે પહેલા એ દીકરીની

મા સાથે ઝિના કરે, તો દીકરી સાથે જુદાઈનું કારણ નહી બને.

**મસઅલો ૨૪૧૫** : અગર ઈન્સાન પોતાની માસી અને ફઈ સિવાય કોઈ બીજી સ્ત્રી સાથે ઝિના કરે, તો એહતિયાતે મુસ્તહબ છે કે એ સ્ત્રીની દીકરી સાથે શાદી ન કરે.

**મસઅલો ૨૪૧૬** : મુસલમાન ઔરત કાફિરને પરણી નહીં શકે, ભલે પછી તે નિકાહ દાઈમી હોય કે ગૈરદાઈમી અને તે કાફિર એહલે કિતાબ હોય કે ન હોય એવી જ રીતે મુસલમાન મરદ એહલે કિતાબ સિવાય કાફિર ઔરત સાથે અકદ નહીં કરી શકે. પરંતુ એહલે કિતાબ, એટલે કે યહૂદી અને ઈસાઈ ઔરત સાથે મુત્આ કરવામાં કોઈ વાંધો નથી, પણ એહતિયાતે લાઝિમ છે કે તેમની સાથે દાએમી અકદ ન કરે. એહતિયાતે વાજિબની રૂએ મજુસી (પારસી) ઔરત સાથે દાએમી અકદ અને મુત્આ ન કરવા જોઈએ.

અને જેના પાસે મુસલમાન પત્ની હોય તો તેણીની રજા વગર અહલે કિતાબ સાથે મુત્આ નહિ કરી શકે અને એહતિયાતે વાજિબની રૂએ મુસલમાન પત્ની રજા આપે તો પણ ન કરવા જોઈએ.

એવી જ રીતે અમુક ફીરકાઓ જે પોતાને મુસલમાન કહે છે, જેમકે નાસીબી વિગેરે તેમનો હુકમ કાફિર જેવો છે અને મુસલમાન મરદ અથવા ઔરત એમની સાથે દાએમી અથવા મુત્આનો અકદ નહીં કરી શકે અને એવીજ રીતે મુર્તદ સાથે પણ નહિ થઈ શકે.

**મસઅલો ૨૪૧૭ :** અગર ઈન્સાન એવી ઔરત સાથે ઝિના કરે કે જે રજઈ તલાકના ઈદ્દામાં હોય, તો એહતિયાતે વાજિબની રૂએ એ ઔરત તેના માટે હરામ થઈ જશે. અને જો ઔરત મુત્આના ઈદ્દામાં હોય, અથવા તલાકે બાઈનના ઈદ્દામાં હોય, અથવા વત્તી બિશ્શુબહના ઈદ્દામાં હોય યા પતિની વફાતના ઈદ્દામાં હોય, અને તે દરમિયાન કોઈ તેની સાથે ઝીના કરે તો ઈદ્દાની મુદ્દત પૂરી થયા બાદ તેને પરણી શકે છે.

તલાકે રજઈ, બાઈન, મુત્આના ઈદ્દા, વત્તી બિશ્શુબહના ઈદ્દા, પતિની વફાતના ઈદ્દા એ સર્વે બાબતો તલાકના પ્રકરણમાં સમજાવવામાં આવશે.

**મસઅલો ૨૪૧૮ :** અગર ઈન્સાન કોઈ એવી ઔરત સાથે ઝિના કરે જે અપરિણીત હોય અને ઈદ્દાની હાલતમાં ન હોય, તો એહતિયાત છે કે તૌબા કર્યા પહેલાં તેની સાથે શાદી ન કરે. પણ અગર કોઈ બીજો જણ (ઝિના કરનાર સિવાય) એ સ્ત્રીને પરણવા માંગે તો વાંધો નથી.

પણ જો એ વ્યભિચારી સ્ત્રી તરીકે મશ્હૂર હોય તો જયાં સુધી એ તૌબા ન કરે ત્યાં સુધી એહતિયાતે વાજિબની રૂએ તેને પરણવું જાએઝ નથી. એવી જ રીતે કોઈ મરદ ઝાની (વ્યભિચારી) તરીકે મશ્હૂર હોય, તો જયાં સુધી એ તૌબા ન કરે ત્યાં સુધી તેને પરણવું એહતિયાતે વાજિબની રૂએ જાઈઝ નથી.

એહતિયાતે મુસ્તહબ છે કે ઝિનાકાર ઔરતને પરણનાર એટલીવાર સબર કરે કે એ સ્ત્રી હૈઝ જોઈ લ્યે,

અને પછી પોતાના અકદમાં તેને લ્યે; ચાહે એ ઔરત સાથે એણે પોતે ઝિના કર્યા હોય અથવા કોઈ બીજાએ કર્યા હોય.

**મસઅલો ૨૪૧૯** : અગર ઈન્સાન કોઈ એવી સ્ત્રીને પરણે કે જે બીજાના ઈદ્દામાં હોય, અને જો બંનેને, અથવા તેમાંથી એકને, જાણ હોય કે ઔરતનો ઈદ્દો હજી પૂરો થયો નથી, અને એ પણ ખબર હોય કે જો સ્ત્રી ઈદ્દાની હાલતમાં હોય તો તેને પરણવું હરામ છે, તો એવા સંજોગમાં એ ઔરત મરદ ઉપર હંમેશ માટે હરામ થશે; ભલેપછી એ મરદે અકદ બાદ એ સ્ત્રી સાથે સંભોગ ન કર્યો હોય. પણ જો બંને ઈદ્દતમાં નિકાહ હરામ હોવાથી બેખબર હોય તો નિકાહ બાતિલ છે. અને સંભોગ કર્યો હોય તો હંમેશા માટે હરામ થશે. પણ જો સંભોગ ન કર્યો હોય તો ઈદ્દત પછી ફરીથી નિકાહ કરી શકે છે.

**મસઅલો ૨૪૨૦** : અગર કોઈ શખ્સ જાણતો હોય કે એણે શૌહરદાર સ્ત્રી સાથે શાદી કરી છે, તો પ્રથમ તો તેના ઉપર વાજિબ છે કે તેને તરત જ છૂટી કરે. અને તે બાદ પણ એ સ્ત્રી સાથે નિકાહ નહીં કરી શકે. એવી જ રીતે અગર એ અજાણ્યે શૌહરદાર સ્ત્રી સાથે અકદ કરે અને તેની સાથે સંભોગ કરે તો એહતિયાતે વાજિબની રૂએ ઉપર જણાવ્યા મુજબ વર્તશે.

**મસઅલો ૨૪૨૧** : શૌહરદાર ઔરત અગર ઝિના કરે, તો એહતિયાતે વાજિબની રૂએ તેની સાથે ઝિના કરનાર પુરૂષ તેના ઉપર હંમેશને માટે હરામ થઈ જાય છે, પણ

પોતાના અસલ શૌહર ઉપર એ હરામ નહીં થાય. અને અગર એ સ્ત્રી તોબા ન કરે, અને પોતાના બૂરા અમલ ઉપર બાકી રહે, તો બેહતર છે કે શૌહર તેને તલાક આપે. પણ એની મહેર અદા કરે.

**મસઅલો ૨૪૨૨** : જે ઔરતની તલાક થઈ હોય, અથવા જે મુત્આમાં હતી અને તેના શૌહરે બાકી રહેલી મુદ્દત તેને બક્ષીને આઝાદ કરી હોય, અથવા મુત્આની મુદ્દત પૂરી થઈ હોય, તે અમુક સમય બાદ જયારે બીજીવાર પરણે, ત્યારે પછી શક કરે કે બીજીવાર પરણતી વખતે પહેલાં શૌહરની ઈદ્દાની મુદ્દત પૂરી થઈ હતી કે નહીં; તો તે શક ઉપર ધ્યાન નહી આપે.

**મસઅલો ૨૪૨૩** : અગર કોઈ બાલિગ શખ્સ બાલિગ છોકરા સાથે લવાત કરે, તો એ છોકરાની મા, બહેન અને દીકરી લવાત કરનાર માટે હરામ થઈ જશે. ભલે પછી ખત્નાની જગ્યાથી ઓછો પ્રવેશ થયો હોય અને એહતિયાતે લાઝિમની રૂએ જો લવાત કરાવનાર પુખ્ત વયનો હોય, અથવા લવાત કરનાર નાબાલિગ હોય તો પણ એ જ હુકમ લાગું પડશે, પણ ઈન્દ્રિયનો પ્રવેશ થયો હતો તેનું અનુમાન હોય, અથવા શક હોય તો હરામ નહીં થાય. એવીજ રીતે લવાત કરનારની માં, બહેન, દીકરી લવાત દેનાર માટે હરામ નહિ થાય.

**મસઅલો ૨૪૨૪** : અગર કોઈ ઔરતથી શાદી કરી હોય, અને ત્યારબાદ તેના બાપ ભાઈ અથવા બેટા સાથે લવાત કરે, તો એહતિયાતે વાજિબની રૂએ તે ઔરત

તેના ઉપર હરામ થઈ જશે.

**મસઅલો ૨૪૨૫** : અગર કોઈ શખ્સ એહરામની હાલતમાં કે જે હજના આમાલમાંથી એક છે, કોઈ સ્ત્રી સાથે પરણે તો એ અકદ બાતિલ ગણાશે. ભલે પછી તે સ્ત્રી એહરામની હાલતમાં ન હોય અને જો એને જાણ હતી કે એ હાલતમાં શાદી કરવી જાઇઝ નથી, તો એ જ સ્ત્રીને ફરી નહીં પરણી શકે.

**મસઅલો ૨૪૨૬** : અગર કોઈ ઔરત એહરામની હાલતમાં એવા પુરૂષને પરણે કે જે એહરામની હાલતમાં ન હોય, તો એ અકદ બાતિલ ગણાશે, અને જો એ સ્ત્રીને જાણ હતી કે એહરામની હાલતમાં શાદી જાઇઝ નથી, તો એહતિયાતે વાજિબની રૂએ ફરી એ જ પુરૂષને નહીં પરણી શકે.

**મસઅલો ૨૪૨૭** : અગર કોઈ શખ્સ તવાફૂન્નિસાઅ, કે જે હજ અને ઉમરએ મુફરદાના આમાલમાંથી છે, ન બજાવી લાવે, તો તેના માટે સ્ત્રીઓ હલાલ નહીં થઈ શકે. એવી જ રીતે જો કોઈ ઔરત તવાફૂન્નિસાઅ ન બજાવી લાવે તો તેના માટે પુરૂષો હલાલ નહીં થઈ શકે. જ્યાં સુધી તવાફૂન્નિસાઅ ન બજાવી લાવે. પણ હલક અથવા તકસીર થકી એહરામથી બહાર આવે અને નિકાહ કરે તો નિકાહ સહીહ છે. ભલે પછી તવાફુન્નિસાઅ ન બજાવી લાવ્યો હોય.

**મસઅલો ૨૪૨૮** : અગર કોઈ શખ્સ નાબાલિગ કન્યા સાથે અકદ કરે, તો તેની નવ વરસની ઉમર પૂરી થાય તે

પહેલાં તેની સાથે સંભોગ કરવો હરામ છે. અને અગર સંભોગ કરે, તો જાહેર એ છે કે બાલિગ થતા એ કન્યા તેના માટે હરામ નહીં થાય, ભલેપછી કન્યાને ઈફઝાની તકલીફ થાય. (ઈફઝાના અર્થ મસઅલા ૨૩૯૯ માં આપી ચૂક્યા છીએ). પણ એહતિયાત એ છે કે કન્યાને તલાક આપી દે. પણ ઈફઝાની સૂરત તેની દિયત દેવી જરૂરી છે. જે એક ઈન્સાનના કત્લ જેટલી છે તેમજ જિંદગીભર ખર્ચ આપતા રહેવું જોઈએ. એહતિયાતે વાજિબની રૂએ તલાક બાદ પણ બીજા લગ્ન કરી લઈ છતાં પણ ખર્ચ આપતા રહેવું જરૂરી છે.

**મસઅલો ૨૪૨૯ :** જે ઔરતને ત્રણવાર તલાક અપાઈ ગઈ હોય, તલાક દરમિયાન ફરી રજૂ અથવા અકદ થયા હોય. તે તેના પતિ માટે હરામ થઈ જાય છે. પણ જે શરતો આગળ જતાં તલાકના પ્રકરણમાં જણાવવામાં આવશે તે શરતોની સાથે એ સ્ત્રી બીજા પુરૂષને પરણે, અને જો એ બીજો પુરૂષ ગુજરી જાય, અથવા તેને તલાક આપે, તો ઈદ્દાની મુદ્દત પૂરી થતાં એ પોતાના પહેલા પતિ સાથે ફરી અકદ કરી શકશે.

## દાઇમી (કાયમી) નિકાહના એહકામ

**મસઅલો ૨૪૩૦ :** જે ઔરત અકદે દાઈમની રૂએ પરણી હોય, તેના માટે પોતાના શૌહરની રજા વગર ઘરમાંથી બહાર નીકળવું હરામ છે, ભલેપછી તેમ કરવાથી શૌહરના હકને કોઈ હાનિ ન પહોંચે. સિવાય કે કોઈ જરૂરત આવી પડે અથવા ઘરમાં રહેવું તેના માટે નુકસાનકારક

હોય અથવા મુનાસિબ ન હોય. એવી જ રીતે જયારે શૌહરને જાતીય સમાગમ માટે ઈચ્છા થાય, ત્યારે તેને મંજૂર રાખે, અને શરઈ ઉઝર વગર જાતીય સમાગમથી ઈન્કાર ન કરે.

એવી જ રીતે ફરમાબરદાર પત્નીનું ભરણપોષણ, કપડાં લત્તા, મકાન અને અન્ય જરૂરીયાતની વસ્તુઓ પૂરી પાડવી શૌહર ઉપર વાજિબ છે. અને તે એ પૂરી ન પાડે તો પત્નીનો કરજદાર રહેશે, ચાહે શક્તિ ધરાવતો હોય અથવા ન ધરાવતો હોય. તેમજ ઔરતોના હકોમાંથી એક એ છે કે શૌહર કોઈ શરઈ કારણ વગર તેની સાથે સખ્તીથી વર્તાવ ન કરે. તકલીફ ન આપે, મોઢું ન બગાડે.

**મસઅલો ૨૪૩૧** : અગર કોઈ પત્ની પોતાના પતિ પ્રત્યેની ફરજો ઉપર અમલ ન કરે તો પછી એ ભરણપોષણ, મકાન વિગેરેનો હક ધરાવશે નહીં, ભલેપછી એ પતિની સાથે રહેતી હોય, પણ જો કોઈ વાર પ્રાસંગિક નાફરમાની કરતી હોય, તો એહતિયાતે વાજિબની રૂએ એવા સંજોગમાં ભરણપોષણ વિગેરેનો હક સાકિત નહિ થાય. પરંતુ દરેક સંજોગોમાં ઔરતનો મહેરનો હક બાકી રહેશે.

**મસઅલો ૨૪૩૨** : પતિને હક નથી કે પત્નીને ઘરના કામકાજ માટે મજબૂર કરે.

**મસઅલો ૨૪૩૩** : મુસાફરી દરમિયાન અગર પત્નીનો નિભાવ ખર્ચ વતનમાં થતા ખર્ચ કરતા વધારે હોય, અને એ મુસાફરી પતિની રજાથી કરી હોય, તો એ ખર્ચની

જવાબદારી શૌહરને ઝિમ્મે રહેશે. પણ વાહન વિગેરેનો ખર્ચ તેમ સફર ભાડું વિગેરે માટે એ પત્ની પોતે જવાબદાર રહેશે. અલબત્ત, અગર પતિ પોતે પોતાની પત્નીને સાથે લઈ જતો હોય, તો તેના ઉપર વાજિબ છે કે તેનો ખર્ચ પણ આપે. તેવી જ રીતે જાન બચાવવા માટે મુસાફરી કરે. જેમ કે ઈલાજ માટે તો પણ ખર્ચ પતિના ઝિમ્મે છે.

**મસઅલો ૨૪૩૪ :** જો પત્નીનો નિભાવ ખર્ચ શૌહરને શિરે હોય, પણ એ અદા ન કરે તો પોતાના શૌહરના માલમાંથી તેની રજા વગર નિભાવ પૂરતું લઈ શકે છે.

પણ જો તેમ કરવું શક્ય ન હોય, અને પોતાના નિભાવ માટે લાચાર હોય અને હાકીમે શરઅ સુધી શિકાયત પહોંચાડી શૌહરને ખર્ચ આપવા માટે મજબૂર પણ ન કરી શકતી હોય, તો જેટલો સમય એ પોતાની આજીવિકા કે નિભાવ માટે મશ્ગૂલ હોય, એટલા સમયમાં તેના ઉપર શૌહરની ફરમાબરદારી વાજિબ નથી.

**મસઅલો ૨૪૩૫ :** દાખલા તરીકે અગર ઈન્સાનની બે પત્નીઓ અકદે દાઈમથી હોય, અને એક પાસે રાત વીતાડે, તો વાજિબ છે કે ચાર રાતોમાંથી એક રાત બીજી પત્ની પાસે પણ વીતાડે. એ સિવાયના સંજોગમાં પત્ની પાસે રહેવું વાજિબ નથી. અલબત્ત લાઝિમ છે કે પત્નીને તદ્દન તજી ન દ્યે, અને બેહતર બલ્કે એહતિયાત છે કે પતિ દર ચાર રાતે એક રાત પોતાની અકદે દાઈમની પત્ની પાસે ગુજારે.

**મસઅલો ૨૪૩૬ :** શૌહરે પોતાની યુવાન પત્ની સાથે

ચાર મહિનાથી વિશેષ મુદ્દત સુધી સોહબત તર્ક ન કરવી જોઈએ, સિવાય એ કે સંભોગથી તેને કોઈ અનિવાર્ય નુકસાન કે તકલીફ થવાની બીક હોય, અથવા એ કે પોતે પત્ની તે માટે રજામંદ હોય, અથવા અકદ પઢતી વખતે એવી શરત પહેલેથી મૂકવામાં આવી હોય.

એહતિયાતની રૂએ ઉપરોક્ત હુકમ, શૌહર ચાહે મુસાફરીમાં હોય કે વતનમાં હાજર હોય ફર્ક નથી અને એહતિયાતે વાજિબની રૂએ ચાર મહિનાથી લાંબો ગૈરજરૂરી સફર ઔરતની રજામંદી વગર ન કરવો જોઈએ.

**મસઅલો ૨૪૩૭** : અગર અકદે દાઈમ વખતે મહેર નક્કી ન થાય તો પણ અકદ સહીહ ગણાશે. એવા સંજોગમાં જો પુરૂષ તેની પત્ની સાથે સંભોગ કરે, તો તેના માટે જરૂરી છે કે સામાન્ય રીતે જે પ્રચલિત મહેર હોય તે મહેર પત્નીને આપે, પરંતુ મુત્આમાં જો મહેર નક્કી ન કરવામાં આવે તો મુત્આ બાતિલ ગણાશે. ભલે પછી તે નાદાની કે ગફલતના કારણે હોય.

**મસઅલો ૨૪૩૮** : અગર અકદ પઢાતી વખતે મહેરની અદાયગી માટે કોઈ સમય કે મુદ્દત નક્કી ન કરવામાં આવી હોય, તો પત્ની સંભોગ માટે રજામંદ થતા પહેલાં શૌહર પાસેથી મહેરની માંગણી કરી શકશે. અને ચાહે શૌહર મહેર અદા કરવા શક્તિશાળી હોય કે ન હોય એ પત્ની જાતીય સમાગમનો ઈન્કાર કરી શકશે.

પણ જો મહેર લીધા પહેલાં જાતીય સમાગમ માટે રજામંદ થઈ જાય, અને તેનો પતિ તેની સાથે સંભોગ

કરી લ્યે, તો ત્યાર પછી શરઈ ઉઝર વગર શૌહરને સંભોગથી નહીં રોકી શકે.

## મુત્આના એહકામ (મર્યાદિત મુદ્દત માટેના લગ્ન)

**મસઅલો ૨૪૩૯ :** સ્ત્રી સાથે મુત્આનો સીગો પઢવો જાઈઝ છે. ભલે પછી જાતીય સુખસંતોષનો ઈરાદો ન હોય, પરંતુ અગર ઔરત શર્ત કરે કે કોઈપણ જાતની લઝઝત ન મેળવે તો બરાબર નથી.

**મસઅલો ૨૪૪૦ :** એહતિયાતે વાજિબ છે કે જે સ્ત્રી સાથે મુત્આ કર્યા હોય, તેની સાથે પતિ ચાર માસથી વધુ મુદ્દત માટે સ્ત્રી સમાગમનો ત્યાગ ન કરે. ખાસ કરીને જયારે સ્ત્રી પોતે જવાન હોય.

**મસઅલો ૨૪૪૧ :** અગર મુત્આનો સીગો પઢાતો હોય ત્યારે સ્ત્રી એવી શરત મૂકે કે પતિ તેની સાથે જાતીય સમાગમ નહીં કરે, તો એ શરત સાથે સીગો સહી ગણાશે. પરિણામે પતિ સંભોગ સિવાયની લઝ્ઝત એ સ્ત્રીથી મેળવી શકશે. પણ જો આગળ જતાં સ્ત્રી પોતે રજામંદ થાય તો પતિ તેની સાથે જાતીય સમાગમ કરી શકશે. દાઈમી નિકાહનો પણ આવો જ હુકમ છે.

**મસઅલો ૨૪૪૨ :** મુત્આથી પરણેલી સ્ત્રી જો ગર્ભવંતી થઈ જાય, તો પણ નિભાવ ખર્ચની હકદાર થતી નથી.

**મસઅલો ૨૪૪૩ :** મુત્આથી પરણેલી સ્ત્રીને શૌહર સાથે સુવાનો હક નથી, તેમ એ પતિથી કંઈ વારસો પણ

પામશે નહીં. અને પતિ પણ તેનાથી વારસામાં કંઈ નહીં મેળવે. અને જો સીગો પઢાતી વખતે એવી શરત મૂકાઈ હોય કે બંને એક બીજાનો વારસો પામી શકશે, તો એ શરતનું સહીહ હોવું જો કે ઈશ્કાલથી ખાલી નથી. પણ સાથે એહતિયાતને પણ તર્ક ન કરવામાં આવે.

**મસઅલો ૨૪૪૪** : મુત્આથી પરણેલી સ્ત્રીને જો જાણ ન હોય કે તેને નિભાવ ખર્ચનો હક નથી, અને એ શૌહર સાથે સુવાનો હક ધરાવશે નહીં તો એથી સીગો સહીહ રહેશે, અને એવી અજ્ઞાનતાને કારણે શૌહર સામે એ હક તલબ નહીં કરી શકે.

**મસઅલો ૨૪૪૫** : મુત્આથી પરણેલી સ્ત્રી પતિની રજા વગર જો કે ઘર બહાર નીકળી શકે છે, પરંતુ તેમ કરવાથી પતિના કોઈ હકનો અનાદર થતો હોય, તો તેના માટે ઘરથી બહાર નીકળવું હરામ છે. બલ્કે એહતિયાતે મુસ્તહબ છે કે પતિનો હક કોઈ રીતે બરબાદ ન થતો હોય, તો પણ રજા વગર બહાર ન જાય.

**મસઅલો ૨૪૪૬** : અગર કોઈ સ્ત્રી એક શખ્સને વકીલ નીમે કે નિયુકત મુદ્દત અને મહેરની શરતે તેની સાથે મુત્આનો સીગો પઢે, અને એ શખ્સ મુત્આને બદલે દાઈમી નિકાહ પઢે, અથવા કોઈ પણ અલગ મુદ્દત કે અલગ મહેરની નક્કી કરી સીગો પઢે, તો જયારે સ્ત્રીને એ વિશે જાણ થાય ત્યારે અગર રજામંદી આપે તો અકદ સહીહ ગણાશે, નહીંતર બાતિલ ગણાશે.

**મસઅલો ૨૪૪૭** : અગર ફકત મહેરમ થવા માટે,

દાખલા તરીકે, બાપ અથવા દાદા પોતાની દીકરી અથવા નાબાલિગ પુત્રને કોઈ સાથે ટૂંક સમય માટે મુત્આથી પરણાવે, અને જો તેમ કરવાથી કોઈ ફસાદ ન થતો હોય, તો એ અકદ સહીહ છે. પરંતુ મુત્આની મુદ્દત દરમિયાન દીકરો જાતીય સમાગમ કરવાને બિલ્કુલ કાબીલ ન હોય, અથવા દીકરીથી કોઈ જાતીય સુખસંતોષ મેળવવું તદ્દન અશક્ય હોય, તો આ પ્રકારના અકદનું સહીહ હોવું મુશ્કિલ છે.

**મસઅલો ૨૪૪૮ :** અગર બાપ અથવા દાદા પોતાની એવી દીકરીને કે જે હાજર ન હોય, અને એ જીવે છે કે નહીં તેની ખબર ન હોય, ફકત મહેરમ બનવાના આશયથી કોઈ સાથે મુત્આથી પરણાવે, અને જો મુદ્દત દરમિયાન એ દીકરી જાતીય સમાગમ માટે કાબિલ હોય તો મહેરમ થવાનો આશય સાબિત થઈ શકશે. અને જો પછીથી જાણ થાય કે એ દીકરી અકદ સમયે ગુજરી ગઈ હતી તો અકદ બાતિલ ગણાશે, અને અકદને કારણે જે પક્ષો જાહેર રીતે મહેરમ થયા હતા, એ નામહેરમ ગણાશે.

**મસઅલો ૨૪૪૯ :** અગર પુરૂષ મુત્આની મુદ્દત સ્ત્રીને બક્ષી આપી તેને વહેલી છૂટી કરવા ધારે, અને જો તેની સાથે સંભોગ કરી ચૂક્યો હોય તો લાઝિમ છે કે જે કરાર હોય તે મુજબ તમામ વસ્તુઓ તેને આપે. પણ જો સંભોગ ન કર્યો હોય, તો વાજિબ છે કે મહેરની અડધી રકમ તેને આપે.

**મસઅલો ૨૪૫૦ :** જે સ્ત્રી સાથે કોઈ શખ્સ મુત્આથી પરણ્યો હોય, તેની ઈદ્દત પૂરી થાય એથી પહેલાં તેની સાથે ફરીવાર મુત્આ કરી શકે છે અને જો ચાહે તો એને અકદે દાઈમમાં પણ લઈ શકે છે. પણ અગર મુત્આની મુદ્દત બાકી હોય તો નિકાહ બાતિલ થશે. હા તે મુદ્દત બક્ષી અને પછી દાઈમી અકદ પઢી શકે છે.

## નામહેરમ સ્ત્રીને જોવાના એહકામ

**મસઅલો ૨૪૫૧ :** મરદ માટે નામહેરમ સ્ત્રીના શરીર ઉપર અને તેના વાળ તરફ નજર કરવી હરામ છે, ચાહે એ નજર લઝ્ઝતના હેતુથી હોય કે ન હોય, અને ચાહે તેમ કરવાથી હરામ કાર્યમાં સપડાઈ જવાનો ભય હોય કે ન હોય. એવી જ રીતે નામહેરમ સ્ત્રીના ચેહરાને, કાંડા સુધી હાથ તરફ લઝ્ઝતના હેતુથી નજર કરવી, અથવા જો તેમ કરવાથી હરામ કાર્યમાં સપડાઈ જવાનો ભય હોય, તો એ પણ હરામ છે. બલ્કે એહતિયાતે મુસ્તહબ છે કે લઝ્ઝત મેળવવાના હેતુ વગર અને હરામ કાર્યમાં સપડાવવાની બીક વિના પણ નજર ન કરે.

એવી જ રીતે સ્ત્રી માટે નામહેરમ મરદના શરીર ઉપર નજર કરવી હરામ છે. બલ્કે એહતિયાતે વાજિબની રૂએ લઝ્ઝત વગર અને હરામમાં સપડાવવાની બીક વગર પણ નજર ન કરે. સિવાય શરીરના એ ભાગો કે જે સામાન્ય રીતે ખુલ્લા હોય છે, જેમકે, માથું, હાથો, પગની ઘુંટી, તેની તરફ લઝ્ઝતના હેતુથી અથવા હરામ કાર્યમાં સપડાવવાની બીક ન હોય તો જોવામાં ઈશ્કાલ નથી.

**મસઅલો ૨૪૫૨** : જે સ્ત્રીઓ પડદાની લાપરવાહી કરતી હોય, અને તે તરફ કોઈ જાતની પરવા ન કરતી હોય, તેમના શરીર ઉપર નજર કરવી હરામ નથી, પણ શરત એ કે તેમ કરવામાં લઝ્ઝતનો હેતુ ન હોય, અથવા હરામ કાર્યમાં પડી જવાનો ભય ન હોય. આ હુકમમાં કાફિર અને કાફિર સિવાયની ઔરતો વચ્ચે કંઈપણ ફરક નથી. અને એવી જ રીતે હાથ, ચહેરો અને શરીરના બીજા ભાગો કે જેને તેઓ સામાન્ય રીતે ઢાંકતા નથી, તેમાં કંઈપણ ફરક નથી.

**મસઅલો ૨૪૫૩** : સ્ત્રીએ ચહેરો અને હાથ સિવાય પોતાના શરીર અને માથાના વાળને નામહેરમથી છુપાવવા જોઈએ. અને એહતિયાતે લાઝિમની રૂએ નાબાલિગ છોકરાઓથી પણ છુપાવવા જોઈએ કે જે એટલો સમજદાર થઈ ગયો હોય કે સ્ત્રીના શરીર પર નજર પડતાં તેની જાતીય ખ્વાહીશ જાગૃત થાય. પણ પોતાના ચહેરા તેમજ કાંડા સુધી હાથને નામહેરમ સામે ખુલ્લો રાખી શકે છે, સિવાય કે એને એવો ડર હોય કે તેમ કરવા જતાં હરામ કાર્યમાં સપડાઈ જશે. અથવા જો પોતે સ્ત્રીનો મકસદ એ હોય કે મરદને હરામ નજરમાં ફસાવે, તો એવા સંજોગમાં ચહેરા અને હાથને ખુલ્લો રાખવો જાઈઝ નથી.

**મસઅલો ૨૪૫૪** : બાલિગ મુસલમાનની શરમગાહ ઉપર નજર કરવી હરામ છે. ચાહે એ અરીસામાં હોય, અથવા કાચ કે સાફ પાણીમાં પ્રતિબીંબ રૂપે હોય. એવી જ રીતે એહતિયાતે લાઝિમની રૂએ કાફિરની શરમગાહ

તરફ નજર કરવી, અને એવા નાબાલિગની શરમગાહ તરફ નજર કરવી કે જે સારૂં નરસું સમજી શકે તેમ હોય, હરામ છે. અલબત્ત, પતિ પત્ની એક બીજાના શરીરના દરેક ભાગો તરફ નજર કરી શકે છે.

**મસઅલો ૨૪૫૫** : જે પુરૂષ અને સ્ત્રી એકબીજા માટે મહેરમ હોય અને લઝ્ઝત મેળવવાનો કોઈ મકસદ ધરાવતા ન હોય, તેઓ શરમગાહ સિવાય એકબીજાના શરીરને જોઈ શકે છે.

**મસઅલો ૨૪૫૬** : પુરૂષે લઝ્ઝત મેળવવાના હેતુથી બીજા પુરૂષના શરીર તરફ નજર ન કરવી જોઈએ. એવી જ રીતે સ્ત્રી માટે હરામ છે કે બીજી સ્ત્રીના શરીર તરફ લઝ્ઝત મેળવવાના આશયથી જોવે. એવી જ રીતે હરામ કામોમાં સપડાવવાની બીક હોય તો પણ બંને સંજોગોમાં નજર કરવી હરામ છે.

**મસઅલો ૨૪૫૭** : અગર પુરૂષ કોઈ નામહેરમ સ્ત્રીને ઓળખતો હોય અને જો તે સ્ત્રી બેપર્દા ન રહેતી હોય તો તેના ફોટા વિગેરે તરફ જોવું એહતિયાતે વાજિબની રૂએ જાઈઝ નથી, સિવાય કે બંને હાથ અને ચહેરાને લઝ્ઝત વગર અને હરામમાં સપડાવવાની બીક વગર જોય શકાય છે.

**મસઅલો ૨૪૫૮** : અગર કોઈ સ્ત્રી બીજી સ્ત્રીને, અથવા પોતાના પતિ સિવાય અન્ય પુરૂષને, એનીમા આપવા માંગે, અથવા એની શરમગાહને ધોવા માંગે, તો

હાથમાં એવા હાથમોજાં વગેરે પહેરે કે જેથી શરમગાહને હાથ ન અડે. એજ હુકમ મરદને લાગુ પડશે, અગર એ બીજા મરદને, અથવા પત્ની સિવાય બીજી કોઈ સ્ત્રીને એનીમાની પીચકારી આપે, અથવા તેની શરમગાહને ધોવે.

**મસઅલો ૨૪૫૯** : જે સંજોગમાં સ્ત્રી પોતાની બીમારીના ઈલાજ માટે મજબૂર થાય કે નામહેરમ પુરૂષ પાસે ઈલાજ માટે જાય, તો જાઈઝ છે. અને જો એ પુરૂષ ઈલાજના હેતુથી તેની તરફ નજર કરે અથવા તેને હાથ લગાડે, તો તેમાં ઈશ્કાલ નથી. પણ જયાં સુધી ઈલાજ માટે માત્ર નજર કરવી કાફી હોય, તો હાથ ન લગાડે અને જો શરીર પર હાથ લગાડવું ઈલાજ અર્થે કાફી હોય, તો નજર ન કરે.

**મસઅલો ૨૪૬૦** : અગર ઈન્સાન કોઈના ઈલાજ માટે તેની શરમગાહ તરફ નજર કરવા મજબૂર થાય, તો એહતિયાતે વાજિબ છે કે તેની સામે અરીસો રાખે અને તેમાં નજર કરે. પણ જો ઈન્દ્રીય તરફ નજર કર્યા સિવાય વિકલ્પ ન હોય, અથવા તેની તરફ જોવાની મુદ્દત અરીસામાં જોવાની મુદ્દત કરતા ઓછી હોય, તો તેમાં ઈશ્કાલ નથી.

## શાદીના જુદા જુદા મસાઈલ

**મસઅલો ૨૪૬૧** : જે શખ્સ શાદી ન કરવાથી હરામ કાર્યમાં પડી જતો હોય, તેના માટે વાજિબ છે કે શાદી કરે.

**મસઅલો ૨૪૬૨** : અગર દાખલા તરીકે અકદમાં પતિએ એવી શરત મૂકી હોય કે કન્યા કુંવારી હોવી જોઈએ, ને અકદ બાદ જાણ થાય કે એ કુંવારી ન હતી, તો એ પતિ અકદને રદ કરી શકશે. અને એ રદ કરી નાખે તો કુંવારી અને ગૈર કુંવારી વચ્ચે મહેરનો જે તફાવત હોય, તે પોતે અદા કરેલા મહેરમાંથી પરત લઈ શકશે. જેમકે ૧૦૦ રૂપિયા મહેર આપી હોય કુંવારી કન્યાની મહેર ૮૦ રૂપિયા અને ગૈર કુંવારી કન્યાની મહેર ૬૦ થતી હોય તો ૨૫% મહેર પાછી લઈ શકશે.

**મસઅલો ૨૪૬૩** : નામહેરમ પુરૂષ સ્ત્રીનું એકાંતની જગ્યાએ સાથે રહેવું, કે જેથી હરામ કામમાં સપડાઈ જવાનો સંભવ રહેતો હોય, હરામ છે; ભલેપછી ત્યાં કોઈ અન્યની અવર જવર શક્ય હોય. પણ જો હરામમાં મુબતેલા થવાનો સંભવ કે ભય ન હોય તો વાંધો નથી.

**મસઅલો ૨૪૬૪** : અગર પુરૂષ નિકાહ સમયે સ્ત્રીની મહેર નક્કી કરે, પણ તેનો ઈરાદો મહેર અદા કરવાનો ન હોય, જો કે નિકાહ સહીહ રહેશે પણ તેના ઉપર મહેરનો ઝિમ્મો રહેશે, જે અદા કરવી જરૂરી છે.

**મસઅલો ૨૪૬૫** : જે મુસલમાન ઈસ્લામ ધર્મનો ત્યાગ કરે, અને કુફ્ર ઈખ્તીયાર કરે તે મુરતદ કહેવાય છે, અને તેના બે પ્રકાર છેઃ એક ફિત્રી અને બીજું મિલ્લી. ફિત્રી એ છે કે જેના જન્મ વખતે તેના માબાપ અથવા તે બંનેમાંથી એક મુસલમાન હોય, અને પોતે સમજદાર

થયા બાદ મુસલમાન થયો હોય, અને ત્યારબાદ કાફિર થયો હોય અને મુરતદે મિલ્લી એથી બિલકુલ વિરૂધ્ધ હોય છે.

**મસઅલો ૨૪૬૬** : અગર શાદી બાદ સ્ત્રી મુરતદ થઈ જાય તો તેના નિકાહ બાતિલ થશે. અને જો પતિએ તેની સાથે જાતીય સમાગમ ન કર્યો હોય, તો તેની ઈદ્દત પણ નથી. અને જો જાતીય સમાગમ થઈ ગયા બાદ એ મુરતદ થઈ હોય, અને જો એ એવી અવસ્થામાં હોય કે જેમાં સામાન્ય સ્ત્રીઓ હૈઝ જુએ છે, તો તલાકના એહકામમાં જણાવવામાં આવશે એ રીતે ઈદ્દત પાળવી જોઈએ. પણ જો એ સગીર વયની હોય અથવા યાએસા હોય, એટલે એવી ઉંમરે કે હૈઝ બંધ થઈ ગયું હોય, તો ઈદ્દતની જરૂરત નહીં રહે. અગર ઈદ્દત દરમિયાન એ મુસલમાન થઈ જાય, તો તેના નિકાહ બાકી રહેશે, પણ બહેતર છે. સાથે રહેવાનો ઈરાદો હોય તો નિકાહ પઢે નહિતર તલાક આપે. યાએસા ઔરત એને કહેવાય કે જેના પચાસ વર્ષ પૂરા થઈ ગયા હોય, અને ઉંમર વધી જવાના કારણે હૈઝ ન આવતું હોય, અને ફરી હૈઝ શરૂ થવાની આશા ન હોય.

**મસઅલો ૨૪૬૭** : અગર કોઈ પુરૂષ નિકાહ બાદ મુરતદે ફિત્રી થઈ જાય, તો તેની પત્ની તેના ઉપર હરામ થઈ જશે. જો સંભોગ થયો હોય અને ઔરત યાએસા અથવા નાની ઉંમરની ન હોય તો એહકામે તલાકમાં સમજાવવામાં આવશે તે મુજબ એ સ્ત્રીને ઈદ્દતે વફાત પાળવી જોઈશે. એહતિયાતે વાજિબની રૂએ જો સંભોગ

ન થયો હોય તો પણ આ જ હુકમ લાગુ પડશે જો ઈદ્દત દરમિયાન તૌબા કરી લ્યે તો સાથે રહેવા ચાહે તો બીજી વખત નિકાહ પઢે નહિતર તલાક આપે.

**મસઅલો ૨૪૬૮** : અગર કોઈ પુરૂષ નિકાહ બાદ મુરતદે મિલ્લી થઈ જાય, તો તેનું અકદ બાતિલ ગણાશે, અને જો એણે પોતાની સ્ત્રી સાથે સંભોગ ન કર્યો હોય, અથવા એ સગીર વયની યા યાએસા હોય, તો ઈદ્દતની જરૂરત નહીં રહે. પણ જો સંભોગ બાદ મુરતદ થયો હોય, અને તેની પત્ની હજી એ અવસ્થામાં હોય કે જેમાં હૈઝ જારી હોય છે, તો એહકામે તલાકમાં સમજાવવામાં આવશે એ પ્રમાણે સ્ત્રીને તલાકની ઈદ્દત પાળવી જોઈશે. અને મશહૂર એ છે કે ઈદ્દતની મુદ્દત પૂરી થયા પહેલા શૌહર મુસલમાન થઈ જાય તો અકદ સલામત બાકી રહેશે.

**મસઅલો ૨૪૬૯** : અગર સ્ત્રી અકદ વખતે પુરૂષ સાથે એવી શરત કરે કે એને પોતાના શહેરથી બહાર નહીં લઈ જાય, અને પુરૂષ એ શરતનો સ્વીકાર કરે, તો સ્ત્રીની રજામંદી વગર તેને એ શહેરથી બહાર ન લઈ જવી જોઈએ.

**મસઅલો ૨૪૭૦** : અગર કોઈ સ્ત્રીને આગલા ધણીથી દીકરી હોય, અને તેના હાલના ધણીનો દીકરો હોય કે જે બીજી સ્ત્રીથી અવતર્યો હોય, તો તેઓ એક બીજાને પરણી શકે છે. એવી જ રીતે અગર એ કોઈ કન્યાના અકદ પોતાના દીકરા વેરે કરે, તો એ કન્યાની માને પોતે પરણી શકે છે.

**મસઅલો ૨૪૭૧** : અગર કોઈ સ્ત્રી ઝિનાથી હામેલા થાય, તો તેના માટે એ હમલને પાડી નાખવું જાઈઝ નથી

સિવાય કે જનીનનું પેટમાં રહેવું નુકસાનકારક હોય, અસહ્ય દર્દ હોય અથવા ખુબજ મુશ્કેલ હોય અને જો રૂહ આવી ન હોય તો જાઈઝ છે, પરંતુ તેની દિય્યત આપવી પડશે. પણ જો રૂહ આવી ગઈ હોય તો હમલને પાડી નાખવું જાઈઝ નથી (એહતિયાતે વાજિબની રૂએ) ભલે પછી તે હમલનું બાકી રહેવું ઔરત માટે નુક્સાનકારક અથવા અસહ્ય દર્દવાળું હોય.

**મસઅલો ૨૪૭૨** : અગર કોઈ શખ્સ એવી સ્ત્રી સાથે ઝિના કરે કે જેનો કોઈ પતિ ન હોય, અથવા કોઈના ઈદ્દતની મુદ્દતમાં ન હોય, અને ત્યારબાદ શરઈ રીતે તેની સાથે નિકાહ કરી નાખે, અને જે બચ્ચું જન્મે એ માટે યકીન ન હોય કે હલાલા નુત્ફાથી છે યા હરામથી, તો એ બચ્ચું હલાલઝાદો ગણાશે.

**મસઅલો ૨૪૭૩** : અગર કોઈ પુરૂષને ખબર ન હોય કે જે સ્ત્રી સાથે એણે શાદી કરી છે એ ઈદ્દતમાં છે, અને સ્ત્રીને પણ તેની ખબર ન હોય, તો એવા સંજોગમાં જે બચ્ચું જન્મે એ હલાલઝાદો ગણાશે, અને એ બંનેની ઔલાદ ગણાશે. પણ જો સ્ત્રીને ખબર હતી કે પોતે ઈદ્દતમાં છે, અને ઈદ્દત દરમિયાન પરણવું જાઈઝ નથી, તો શરીઅતની રૂએ એ બાળક બાપની ઔલાદ ગણાશે. ઉપરોક્ત બંને સંજોગમાં નિકાહ બાતિલ ગણાશે, અને ઉપર જણાવ્યા મુજબ એકબીજા માટે હરામ ગણાશે.

**મસઅલો ૨૪૭૪** : અગર સ્ત્રી કહે કે એ યાએસા થઈ ગઈ છે, તો તેની વાત મંજૂર નહીં રહે. પણ જો એ કહે કે તેને કોઈ પતિ નથી, તો તેની વાત માન્ય રાખવામાં આવશે. સિવાય કે એ સ્ત્રીનું ચારિત્ર્ય શકમંદ હોય, તો

એવા સંજોગમાં એહતિયાતની રૂએ ખરી પરિસ્થિતિની તપાસ કરવી જોઈએ.

**મસઅલો ૨૪૭૫** : અગર કોઈ શખ્સ એવી સ્ત્રીને પરણે કે જેણે એમ કહ્યું હોય કે તેનો કોઈ પતિ નથી, અને ત્યારબાદ કોઈ જણ દાવો કરે કે એ સ્ત્રી તેની પત્ની છે, તો જયાં સુધી શરીઅતની રૂએ તેનો દાવો સાબિત ન થાય ત્યાં સુધી તેની વાતનો સ્વીકાર નહીં કરવામાં આવે.

**મસઅલો ૨૪૭૬** : બાળક અથવા બાળાને બે વર્ષ પૂરા ન થયા હોય ત્યાં સુધી બાપ બચ્ચાને માતાથી જુદો નહીં કરી શકે. બચ્ચાની સંભાળ માં-બાપ બંનેની ઝિમ્મેદારી છે અને એહતિયાત તેમજ બેહતર એ છે કે બચ્ચાને સાત વર્ષ સુધી માતાથી જુદો ન કરે.

**મસઅલો ૨૪૭૭** : અગર દીકરી ઉપર માંગુ મોકલનાર અખ્લાક અને દીનદારીની રૂએ પસંદ કરવા જોગ હોય, તો બેહતર છે કે તેની વાત રદ ન કરવામાં આવે. પયગંબરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમેં ફરમાવ્યું છે કે જયારે તમારી દીકરી માટે એવા શખ્સની વાત આવે કે જે અખ્લાક, ચારિત્ર્ય અને દીનદારીની રૂએ પસંદ કરવા લાયક હોય, તો તેની સાથે દીકરીને પરણાવી દ્યો. અને જો તેમ નહીં કરો તો આ દુનિયામાં મોટો ફસાદ ફેલાઈ જશે.

**મસઅલો ૨૪૭૮** : અગર પત્ની પોતાની મહેર બાબતે પોતાના શૌહર સાથે એ શરતે સમાધાન કરે કે તે બીજી સ્ત્રીને નહીં પરણે તો વાજિબ છે કે શૌહર બીજી સ્ત્રીને ન પરણે, અને પત્નીને પણ મહેર લેવાનો હક બાકી નહીં રહે.

**મસઅલો ૨૪૭૯ :** જે શખ્સ ઝિનાના પરિણામે જન્મયો હોય, તે જયારે પરણે ત્યારે તેની ઔલાદ હલાલઝાદા ગણાશે.

**મસઅલો ૨૪૮૦ :** અગર કોઈ શખ્સ માહે રમઝાનના રોઝા દરમિયાન અથવા સ્ત્રીની હૈઝની હાલતમાં સોહબત કરે, તો એ ગુનાહનું કાર્ય ગણાશે. પણ એનાથી અવતરેલી ઔલાદ હલાલઝાદા ગણાશે.

**મસઅલો ૨૪૮૧ :** જે સ્ત્રીને યકીન હોય કે તેનો શૌહર મુસાફરીમાં ગુજરી ગયો છે, અને ઈદ્દતે વફાત પાળ્યા બાદ એ બીજા લગ્ન કરે, અને ત્યારબાદ તેનો પહેલો શૌહર પાછો ફરે, તો નવા શૌહરથી તરત જુદી થઈ જાય, અને પહેલા શૌહર માટે એ હલાલ ગણાશે.

પણ જો નવા શૌહરે તેની સાથે જાતીય સમાગમ કરી લીધું હોય, તો તેના ઉપર વત્યે શુબ્હા (ભૂલથી થયેલ સમાગમ)ની ઈદ્દતની મુદ્દત પાળવી જરૂરી રહેશે જે તલાકની ઈદ્દત જેટલી છે. તે દરમિયાન પહેલો શૌહર સંભોગ નહી કરી શકે પણ બીજી તમામ લઝ્ઝતો હાંસિલ કરી શકે છે અને ખર્ચ પણ પહેલા શૌહરના ઝિમ્મે રહેશે. અને નવો શૌહર સામાન્ય રીતે તેવી સ્ત્રીની જે મહેર થતી હોય તે આપશે.

## દૂધ પીવડાવવાના એહકામ

**મસઅલો ૨૪૮૨ :** મસઅલા નંબર ૨૪૯૨ મુજબની શરતો પ્રમાણે અગર કોઈ સ્ત્રી બાળકને દૂધ પીવડાવે, તો એ બચ્ચું નીચે જણાવેલ લોકો માટે મહેરમ ગણાશે :

(૧) પોતે દૂધ પીવડાવનાર સ્ત્રી, કે જે રઝાઈ (દૂધમા)

માતા તરીકે ઓળખાશે.
(૨) દૂધ પીવડાવનાર સ્ત્રીનો પતિ, કે હકીકતમાં દૂધ તેનું છે તે રઝાઈ બાપ તરીકે ઓળખાશે.
(૩) દૂધ પીવડાવનાર સ્ત્રીના માતા પિતા, અને જેમ જેમ સિલસિલો ઉપર જાય; અને તેમાં રઝાઈ માતા પિતાનો પણ સમાવેશ થઈ જશે.
(૪) દૂધ પીવડાવનારી સ્ત્રીના બચ્ચાઓ જે તે વખતે મોજૂદ હોય, અને જે ત્યારબાદ જન્મે.
(૫) દૂધ પીવડાવનાર સ્ત્રીની ઔલાદના વંશજો, અને જેમ જેમ વંશનો સિલસિલો નીચે જતો રહે, ચાહે એ ઔલાદથી અવતર્યા હોય, અથવા તેની ઔલાદે એ બચ્ચાઓને દૂધ પાયું હોય.
(૬) દૂધ પીવડાવનારી સ્ત્રીના ભાઈ બહેનો, ચાહે એ રઝાઈ ભાઈ બહેન કેમ ન હોય, એટલે કે એક જ માતાનું દૂધ પીવાના કારણે ભાઈ બહેન થયા હોય.
(૭) દૂધ પીવડાવનાર સ્ત્રીના કાકા અને ફઈ, ભલે તે રઝાઈ હોય.
(૮) દૂધ પીવડાવનાર સ્ત્રીના મામા અને માસી, ભલે તે રઝાઈ હોય.
(૯) દૂધ પીવડાવનારી સ્ત્રીના જે શૌહરનું દૂધ હોય, એ શૌહરની તમામ ઔલાદ, અને જેમ જેમ વંશવેલો ઉતરતો જાય; ભલે તે ઔલાદ રઝાઈ હોય.
(૧૦) દૂધ પીવડાવનારી સ્ત્રીના જે શૌહરનું દૂધ હોય, એ શૌહરના માબાપ અને જેમ જેમ વંશ ઉપર જતો રહે.
(૧૧) દૂધ પીવડાવનારી સ્ત્રી ના જે શૌહરનું દૂધ હોય તે

શૌહરના ભાઈ બહેનો ભલે તે રઝાઈ હોય.
(૧૨) દૂધ પીવડાવનારી સ્ત્રીના જે શૌહરનું દૂધ હોય તે શૌહરના કાકા, ફઈ, મામા અને માસી, અને જેમ જેમ વંશ ઉપર જતો રહે, ભલે તે રઝાઈ હોય.

તે ઉપરાંત બીજા અમુક દૂધ પીવડાવવાના કારણે મહેરમો છે કે જે હવે પછીના મસાઈલમાં જણાવવામાં આવશે.

**મસઅલો ૨૪૮૩** : અગર કોઈ સ્ત્રી બાળકને મસઅલા ૨૪૯૨માં જણાવવામાં આવેલી શરતો અનુસાર દૂધ પીવડાવે, તો એ બાળકનો બાપ દૂધ પીવડાવનારી સ્ત્રીના પેટે અવતરેલી દીકરીઓને નહીં પરણી શકે. અને જો એવો સંજોગ હોય કે એ સ્ત્રીની કોઈ દીકરી તેના નિકાહમાં હોય, તો એ અકદ બાતિલ થઈ જશે, પરંતુ દૂધ પીવડાવનારી સ્ત્રીની રઝાઈ દીકરીઓને પરણી શકશે, જો કે એહતિયાતે મુસ્તહબ છે કે તેણીને ન પરણે.

એવીજ રીતે એહતિયાતે વાજિબ છે કે જે શૌહરનું દૂધ હોય તે શૌહરની દીકરીને પણ બાળકોનો બાપ ન પરણે, ભલે તે રઝાઈ દીકરી હોય અને જો એવો સંજોગ હોય કે એવી દીકરી સાથે પરણી ચૂક્યો હોય, તો એહતિયાતે વાજિબની રૂએ એ અકદ બાતિલ ગણાશે.

**મસઅલો ૨૪૮૪** : અગર કોઈ સ્ત્રી બાળકને મસઅલા ૨૪૯૨માં જાણાવેલી શરતો મુજબ દૂધ પીવરાવે તો એ સ્ત્રીનો ધણી કે જેનું એ દૂધ છે, બાળકની બહેનોનો મહેરમ નહીં થાય. પણ એહતિયાતે મુસ્તહબ છે કે તેમને ન પરણે. એવી જ રીતે એ શૌહરના સગાવ્હાલાઓ એ

બાળકના ભાઈ બહેનોના મહેરમ નહીં થાય.

**મસઅલો ૨૪૮૫** : અગર કોઈ સ્ત્રી બાળકને દૂધ પીવડાવે તો એ સ્ત્રી બાળકના ભાઈઓ માટે મહેરમ નહીં થાય. એવી જ રીતે એ સ્ત્રીના સગાં સ્નેહીઓ એ બાળકના ભાઈ બહેનોનાં મહેરમ નહીં ગણાય.

**મસઅલો ૨૪૮૬** : અગર ઈન્સાન એવી સ્ત્રીને પરણે કે જેણે કોઈ બાળાને પોતાનું પૂરૂં દૂધ આપ્યું હોય અને એ સ્ત્રી સાથે જાતીય સમાગમ પણ કરી ચૂકયો હોય, તો એ શખ્સ એ બાળાને કોઈ કાળે પરણી નહીં શકે.

**મસઅલો ૨૪૮૭** : અગર ઈન્સાન કોઈ સ્ત્રીને પરણે, તો જે ઔરતે આ સ્ત્રીને દૂધ આપ્યું હોય, તે ઔરતને નહીં પરણી શકે.

**મસઅલો ૨૪૮૮** : જે સ્ત્રીને ઈન્સાનની માતાએ અથવા દાદીએ પૂરૂં દૂધ પાયું હોય, તે સ્ત્રીને એ ઈન્સાન પરણી નહીં શકે. એવી જ રીતે જો સાવકી માતાએ ઈન્સાનના બાપનું દૂધ કોઈ બાળાને પીવરાવ્યું હોય, તો તે ઈન્સાન એ બાળાને પરણી નહીં શકે. અગર સંજોગોવશાત, દૂધ પીતી બાળા સાથે કોઈએ પોતાનો અકદ કર્યો હોય, અને તે પછી એ બાળાને એ શખ્સની મા, અથવા દાદી અથવા સાવકી માતા દૂધ પીવરાવે, તો અકદ બાતિલ થઈ જશે.

**મસઅલો ૨૪૮૯** : અગર કોઈ બાળાને ઈન્સાનની બહેને અથવા ભાભીએ ભાઈનું દૂધ ધાવણરૂપે પાયું હોય, તો એ બાળાને તે ઈન્સાન ન પરણી શકે. એવી જ રીતે જો ઈન્સાનની ભાણજી, ભત્રીજી અથવા ભાઈ બહેનની

પૌત્રી કે દોહીત્રીએ એ બાળાને દૂધ પાયું હોય, તો એ જ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૨૪૯૦ :** અગર કોઈ સ્ત્રી પોતાની નવાસો કે નવાસીને પૂરૂં દૂધ પાય, તો દીકરી પોતાના શૌહર માટે હરામ થઈ જશે. એવી જ રીતે અગર કોઈ સ્ત્રી પોતાના જમાઈની બીજી પત્ની (પોતાની દીકરી સિવાય) થી અવતરેલી દીકરીને દૂધ પાય, તો એ જ હુકમ લાગુ પડશે.

પરંતુ અગર કોઈ સ્ત્રી પોતાના પૌત્ર કે પૌત્રીને દૂધ પાય, તો દીકરાની પત્ની કે જે એ બચ્ચાઓની મા છે, એ સ્ત્રીના શૌહર માટે હરામ થતી નથી.

**મસઅલો ૨૪૯૧ :** અગર કોઈ સ્ત્રીની સાવકી માતા એના ધણીના બાળકને એ સ્ત્રીના બાપની માલિકીનું દૂધ પીવડાવે, તો એહતિયાતની રૂએ મસઅલો ૨૪૮૩માં જણાવેલ એ સ્ત્રી પોતાના ધણી માટે હરામ થઈ જશે, ચાહે એ બાળક એ સ્ત્રીનું પોતાનું હોય, અથવા બીજી પત્નીનું હોય.

## દૂધ પીવડાવવાના કારણે મહેરમ થઈ જવાની શરતો

**મસઅલો ૨૪૯૨ :** જે દૂધ પીવડાવવાના કારણે મહેરમ થવાય છે તેની આઠ શરતો નીચે મુજબ છે:

(૧) બાળકે જીવતી સ્ત્રીના સ્તનથી જરૂરી પ્રમાણમાં દૂધ પીધું હોવું જોઈએ. અગર મુડદા સ્ત્રીથી દૂધ પીધું હોય, તો

તેનો કોઈ અર્થ નથી.

(૨) સ્ત્રીનું દૂધ હલાલ જન્મના કારણે હોવું જોઈએ ભલે પછી તે વતી બિશ્શુબહ (ભૂલથી સંભોગ)ના કારણે હોય પણ જો તે જન્મ વગર અથવા અગર કોઈ સ્ત્રીને ત્યાં ઝિનાથી બચ્ચું જનમ્યું હોય, એ સ્ત્રી કોઈ બીજા બચ્ચાને દૂધ પીવડાવે, તો એ હરામના દૂધ થી બચ્ચું કોઈનું મેહરમ નહીં થાય.

(૩) બાળકે સ્ત્રીના સ્તનથી દૂધ પીધુ હોવું જોઈએ. અગર દૂધ કાઢીને બાળકના ગળામાં રેડવામાં આવે, તો તે અસરકારક નથી.

(૪) દૂધ ચોખ્ખું હોવું જોઈએ. કોઈ બીજી વસ્તુ સાથે મિશ્રિત ન હોવું જોઈએ.

(૫) જરૂરી પ્રમાણનું દૂધ એક જ શૌહરનું હોવું જોઈએ. તો દાખલા તરીકે અગર કોઈ શખ્સ દૂધ પીવડાવનાર પત્નીને તલાક આપી દ્યે અને ત્યારબાદ એ સ્ત્રી બીજા લગ્નથી હામેલા થાય, તો નવું બચ્ચું જન્મે ત્યા સુધી પહેલાં શૌહરનું દૂધ અને ત્યારબાદ બીજા શૌહરનું દૂધ બચ્ચાને પીવડાવે, તો એ બચ્ચું કોઈનું મહેરમ નહીં થાય, જેમકે પ્રથમ શૌહરના દૂધથી આઠ વાર પીવડાવે અને બીજા શૌહરના દૂધ વડે સાત વાર પીવડાવે, તો એ બચ્ચું કોઈનું મહેરમ નહીં ગણાય.

(૬) બચ્ચું ધાવ્યા બાદ, કોઈ બીમારીને કારણે ઉલટી કરી દૂધ બહાર ન કાઢે. અગર એ પ્રમાણે ઉલટી કરતું રહે, તો

કોઈ અસર નહીં થાય.

(૭) દૂધ એટલું પીવડાવવું જોઈએ કે એથી બાળકના હાડકા મજબૂત થાય, અને શરીર માંસલ બને. અને જો એ નક્કી ન કરી શકાતું હોય, તો અગર બચ્ચું એક દિવસ રાત પેટ ભરીને દૂધ પીવે, અથવા હવે પછીના મસઅલામાં જણાવવામા આવશે એ રીતે પંદર વાર પૂરૂં દૂધ પીવે, તો કાફી ગણાશે. પણ જો યકીન હોય કે એક દિવસ રાત અથવા પંદર વખત દૂધ ધાવ્યા છતાં બચ્ચાના શરીરમાં કોઈ અસર નથી થઈ (ન હાડકા મજબૂત બન્યા છે, ન શરીર માંસલ બન્યુ છે) તો એવા સંજગોમાં એહતિયાતે વાજિબની રૂએ તર્ક ન કરવું જોઈએ. એ સંજોગોમાં શાદી અને મેહરમની નજર બંને ન થવું જોઈએ.

(૮) બાળકને બે વર્ષ પૂરાં ન થયા હોવા જોઈએ. અને જો બે વર્ષ પૂરાં થયા બાદ તેને દૂધ પીવડાવવામાં આવ્યું હોય, તો એ બાળક કોઈનું મહેરમ નહીં થાય. બલ્કે, જો બે વર્ષ પૂરાં થયા પહેલા આઠેક વાર દૂધ પીવડાવવામાં આવ્યું હોય, અને બે વર્ષ પૂરાં થયા બાદ સાતેક્વાર દૂધ પીવડાવવામાં આવ્યું હોય, તો પણ એ બાળક કોઈનું મહેરમ નહીં બને, પરંતુ જો દૂધ પીવડાવનાર સ્ત્રી, માતા બની ત્યારથી બે વર્ષ બાદ સુધી દૂધ પીવડાવતી હોય અને એ દૂધથી કોઈ બચ્ચાને પીવડાવે તો ઉપરોકત જણાવેલા લોકો માટે એ બાળક મહેરમ થઈ જશે.

**મસઅલો ૨૪૯૩** : ઉપરોક્ત મસઅલાથી રોશન થયું કે દૂધ પીવાના કારણે મહેરમ થવા માટે ત્રણ પ્રમાણ છે :

(૧) એટલું દૂધ પીવડાવવામાં આવે કે તેના કારણે બાળકના ગોશ્ત અને હાડકા મજબૂત બને તેના માટે શરત એ છે. તે ફક્ત દૂધ પીવે બીજો કોઈ ખોરાક ન લ્યે પણ થોડા પ્રમાણમાં ખોરાક લ્યે તો વાંધો નથી. અમુક ગોશ્ત અને હાડકા એક દૂધથી અને અમુક ગોશ્ત અને હાડકા બીજા દૂધથી મજબૂત બને તો બંને મહેરમ થઈ જશે અને દૂધમાતા બનશે, પરંતુ અગર બંને દૂધ મળીને ગોશ્ત અને હાડકા મજબૂત બને તો કોઈપણ મહેરમ નહી બને.

(૨) સમય પ્રમાણે : બાળક ચોવીસ કલાક દરમિયાન બીજા કોઈનું દૂધ ન પીવે, પરંતુ પાણી પીવે, દવા અથવા થોડોક ખોરાક લ્યે તો કોઈ વાંધો નથી. રાત-દિવસ દરમિયાન જ્યારે પણ બાળકને જરૂર પડે દૂધ પીવાથી રોકવામાં ન આવે. બલ્કે એહતિયાતે વાજિબની રૂએ ચોવીસ કલાકનો હિસાબ ત્યારે શરૂ કરે જ્યારે બાળક ભૂખ્યું હોય અને પૂરો ત્યારે કરે જ્યારે બાળકનું પેટ ભરેલ હોય.

(૩) સંખ્યા પ્રમાણે : પંદર વખત સતત તે ઔરતનું દૂધ પીવે. બીજા કોઈનું દૂધ ન પીવે તે દરમિયાન ખોરાક પણ લેવાથી કોઈ વાંધો નથી. તેમજ સમયાંતરથી પણ કોઈ નુકસાન નથી. પણ જરૂરી છે દરેક વખતે બાળક પેટ ભરીને દૂધ પીવે. તે પણ એવી રીતે કે બાળકને ભૂખ લાગે ત્યારે કોઈપણ રોકાણ વગર દૂધ પીવે પણ થોડું રોકાય કે જ્યારથી છાતી મોઢામાં લીધી ત્યારથી પેટ ભરાય ત્યાં સુધી એક જ વાર દૂધ પીધું એમ કહી શકાય તો વાંધો નથી.

**મસઅલો ૨૪૯૪** : અગર કોઈ સ્ત્રી પોતાના પહેલાં શૌહરના દૂધથી કોઈ બાળકને પીવડાવે. અને ત્યારબાદ સંજોગોવશાત બીજા શૌહરના દૂધથી બીજા બાળકને પીવડાવે, તો એ બે બાળકો એક બીજાના મહેરમ નહીં થાય.

**મસઅલો ૨૪૯૫** : અગર કોઈ સ્ત્રી એક જ શૌહરના દૂધથી અનેક બચ્ચાઓને દૂધ પીવડાવે, તો એ તમામ બચ્ચાઓ એક બીજા માટે મહેરમ થઈ જશે, અને સાથે સાથે દૂધ પીવડાવનારી સ્ત્રી અને તેના શૌહરના પણ મહેરમ બનશે.

**મસઅલો ૨૪૯૬** : અગર કોઈ શખ્સની અનેક પત્નીઓ હોય, અને એ સર્વ પત્નીઓ ઉપર જણાવેલી શરતો મુજબ એક એક બચ્ચાને દૂધ પીવડાવતી હોય, તો એ સર્વ બચ્ચાઓ એક બીજાના મેહરમ કરાર થશે, ઉપરાંત એ શૌહર અને તેની તમામ પત્નીઓના મહેરમ બનશે.

**મસઅલો ૨૪૯૭** : અગર કોઈ શખ્સની બે પત્નીઓ દૂધ પીવડાવનારી હોય, અને એમાંથી એક પત્ની કોઈ બચ્ચાને, દાખલા તરીકે આઠ વાર દૂધ પીવડાવે અને બીજી પત્ની એ જ બચ્ચાને સાત વાર દૂધ પીવડાવે, તો એ બચ્ચું કોઈનું મહેરમ નહીં લેખાય.

**મસઅલો ૨૪૯૮** : અગર કોઈ સ્ત્રી એક બાળક અને એક બાળાને પોતાના એક જ શૌહરનું પૂરી રીતે દૂધ પીવડાવે, તો એ બાળાના ભાઈ-બહેન, બાળકના ભાઈ-બહેન માટે મહેરમ નહીં બને.

**મસઅલો ૨૪૯૯ :** દૂધ પીવડાવવાને કારણે જે સ્ત્રીઓ ભાણજી કે ભત્રીજી થઈ હોય, તે સ્ત્રીઓ સાથે દૂધ પીવડાવનાર પત્નીની રજા વગર ઈન્સાન અકદ નહીં કરી શકશે.

એવી જ રીતે અગર ઈન્સાન કોઈ મરદ સાથે સજાતીય સમાગમ કરે, (લવાત કરે) તો એ મરદની દૂધ દીકરી, બહેન, મા અને દાદીને નહીં પરણી શકે. એટલે કે દૂધથી જે સ્ત્રીઓ એ મરદના ઉપરોક્ત રીશ્તામાં જોડાઈ હોય, તેની સાથે શાદી નહીં કરી શકે. અને એહતિયાતે વાજિબની રૂએ, ચાહે લવાત કરનાર બાલિગ હોય કે ન હોય, અને લવાત કરાવનાર બાલિગ હોય, તો પણ એ જ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૨૫૦૦ :** જે શખ્સના ભાઈને કોઈ સ્ત્રીએ દૂધ પીવડાવ્યું હોય, તે શખ્સ દૂધ પીવડાવનારી માટે મહેરમ નહીં થાય.

**મસઅલો ૨૫૦૧ :** બે બહેનો સાથે એક ઈન્સાન એકી સાથે લગ્ન નથી કરી શકતો, ભલે તે બંને બહેનો રઝાઈ હોય, એટલે કે દૂધની નિસ્બતથી બહેનો બની હોય. અને જો કોઈ શખ્સની બે પત્નીઓ હોય, અને અકદ પછી તેને જાણ થાય કે એ બંને બહેનો હતી અને જો બંનેના અકદ સાથે પઢાયા હોય તો બંને અકદ બાતિલ ગણાશે, અને જો બંને અકદ સાથે ન પઢાયા હોય, તો જે અકદ પહેલાં પઢાયા હોય, એ સહીહ અને બીજો અકદ બાતિલ થશે.

**મસઅલો ૨૫૦૨ :** અગર કોઈ દૂધ પીવડાવનારી સ્ત્રી

નીચે જણાવેલાઓને દૂધ પીવડાવે, તો તેનો શૌહર તેના ઉપર હરામ નહીં થાય.

(૧) પોતાના ભાઈ બહેનને,

(૨) પોતાના કાકા, ફઈ, મામા કે માસીને અને તેમની ઔલાદને,

(૩) પોતાના નવાસાને જો કે તેની દીકરી જમાઈ ઉપર હરામ થઈ જશે

(૪) પોતાના ભત્રીજાને, ભાણેજને,

(૫) પોતાના દેર કે નણંદને,

(૬) પોતાના શૌહરના ભાણેજને, ભત્રીજાને,

(૭) પોતાના શૌહરના કાકા, ફઈ, મામા, માસીને,

(૮) પોતાના શૌહરની બીજી પત્નીના પૌત્ર, પૌત્રીઓ, નવાસા અને નવાસીઓને,

**મસઅલો ૨૫૦૩** : અગર કોઈ સ્ત્રી કોઈ ઈન્સાનના ફઈની દીકરી અથવા માસીની દીકરીને પૂરી રીતે દૂધ પીવડાવે, તો એથી એ ઈન્સાન તેના માટે મહેરમ નહીં થાય.

**મસઅલો ૨૫૦૪** : જે શખ્સની બે પત્નીઓ હોય, અને તેમાંથી એક પત્ની જો બીજી પત્નીના કાકાના દીકરાને દૂધ પીવડાવે, તો જે પત્નીના કાકાના દીકરાએ દૂધ પીધું હોય એ પત્ની પોતાના શૌહર માટે હરામ નહીં થાય.

## દૂધ પીવડાવવાના આદાબ

**મસઅલો ૨૫૦૫** : બચ્ચાને દૂધ પીવડાવવાનો પહેલો અધિકાર માં નો છે અને બાપને અધિકાર નથી કે માં ને મૂકી બીજી કોઈને સોંપે સિવાય કે બચ્ચાની માં દૂધ માટે

વધુ વેતન માંગતી હોય અને બાપને એવી સ્ત્રી મળી આવે જે બચ્ચાને મફતમાં અથવા ઓછા વેતને દૂધ પીવડાવવા માટે તૈયાર હોય. તો વાંધો નથી. તેમ છતા અગર માં ન માને અને દૂધ પીવડાવે તો વેતન નહિ માંગી શકે.

**મસઅલો ૨૫૦૬** : મુસ્તહબ છે કે દાયાની પસંદગી કરતી વખતે એ વાતનો ખ્યાલ રહે કે દાયા મુસલમાન, અકલમંદ, શારીરિક અને આધ્યાત્મિક રીતે પસંદદીદા સિફાતોવાળી હોય, કોઈ બેઅકલ, અને કાફિર, અથવા કમઅકલ, ડોસી વગૈરેને ન આપવું સારૂ છે અને બદસૂરત અને ઝિનાઝાદા દાયાને દૂધ પીવડાવવા માટે બચ્ચું આપવું મકરૂહ છે. એવી જ રીતે એવી દાયાને બચ્ચું સોંપવું મકરૂહ છે કે જેનું દૂધ એવા બચ્ચાને કારણે હોય કે જે બચ્ચું ઝિનાથી જનમ્યું હોય.

## દૂધ પીવડાવવાને લગતા બીજા મસાઈલ

**મસઅલો ૨૫૦૭** : ઔરતો માટે બેહતર છે કે તે દરેક બચ્ચાને દૂધ ન પીવડાવે, કારણકે એ યાદ રાખવું મુશ્કેલ છે કે કોણે કોણે તેમને દૂધ પીવડાવ્યું છે, જેને પરિણામે શક્ય છે કે બે મહેરમ એક બીજાને પરણી જાય.

**મસઅલો ૨૫૦૮** : મુસ્તહબ છે કે બચ્ચાને પૂરા એક્વીસ મહિના સુધી દૂધ પીવડાવવામાં આવે. બે વર્ષથી વધુ દૂધ પીવડાવું યોગ્ય નથી.

**મસઅલો ૨૫૦૯** : અગર દૂધ પીવડાવવાથી શૌહરના હકને કોઈ હાનિ પહોંચતી હોય, તો સ્ત્રી પોતાના શૌહરની

રજા વગર અન્ય બચ્ચાઓને દૂધ નહી પીવડાવી શકે.

**મસઅલો ૨૫૧૦** : અગર કોઈ ઔરતનો ધણી નાની દૂધ પીતી બાળા સાથે પોતાના અકદ કરે, અને એ ઔરત એ જ બાળાને દૂધ પીવડાવે, તો એ ઔરત પોતાના ધણી ઉપર એહતિયાત વાજિબની રૂએ હરામ થઈ જાય છે. પણ એહતિયાતની રૂએ તલાક પણ આપવી જોઈએ પછી તેની સાથે શાદી ન કરવી જોઈએ અને જો દૂધ આ શૌહરથી હતું તો તે બાળા પણ તેના માટે હરામે અબદી થઇ જાય છે. અને જો તે દૂધ બીજા શૌહરથી હતું તો એહતિયાતની રૂએ અકદ બાતિલ થઇ જશે.

**મસઅલો ૨૫૧૧** : અગર કોઈ શખ્સ ઈચ્છે કે એની ભાભી એના માટે મહેરમ થઈ જાય, તો અમુક ફકીહોએ કહ્યું છે કે એ શખ્સ કોઈ દૂધ પીતી બાળા સાથે, દાખલા તરીકે બે દિવસ માટે મુત્આનો સીગો જારી કરે, અને પછી એની ભાભીને એ બાળાને દૂધ પીવડાવવા કહે અને મસઅલા નંબર ૨૪૯૨ માં જણાવેલી શરતો અનુસાર જો એ દૂધ પીવડાવે, તો ભાભી એ શખ્સની સાસુ બની જતાં મહેરમ થઈ જશે, પરંતુ કારણ કે ભાભી જે દૂધ આપી રહી છે, એ ભાઈનું છે, તો આવા સંજોગમાં આ હુકમમાં ઈશ્કાલ છે.

**મસઅલો ૨૫૧૨** : અગર કોઈ શખ્સ અકદ પહેલા કહી દે કે જે ઔરતને પરણે છે તે એની રઝાઈ બહેન હોવાને કારણે તેના માટે હરામ છે, અને જો એવા કથનની તહકીક શક્ય હોય તો એ શખ્સ એ ઔરતને નહીં પરણી શકે.

અને જો અકદ બાદ એ કહે અને ઔરત પણ તેની વાતને ટેકો આપે, તો નિકાહ બાતિલ ગણાશે.

માટે જો એ શખ્સે એ ઔરત સાથે સોહબત કરી ન હોય, અથવા સોહબત કરી હોય પણ ઔરતને ખબર હોય કે એ મરદ તેના માટે હરામ છે. તો એવા સંજોગમાં મહેર આપવાની રહેશે નહીં.

પણ જો સોહબત બાદ સ્ત્રીને ખબર પડી હોય કે એ મરદ તેના માટે હરામ હતો તો શૌહર માટે જરૂરી છે કે પ્રચલિત મહેર જે હોય, તે આપે.

**મસઅલો ૨૫૧૩** : અગર કોઈ ઔરત અકદ પહેલા કહે કે જે મરદ તેને પરણી રહ્યો છે, તે દૂધ ભાઈ હોવાને કારણે તેના માટે હરામ છે, અને જો એના કથનની તહકીક થઈ શકે તેમ હોય તો એની સાથે શાદી નહીં કરી શકે. પણ જો અકદ બાદ એમ કહે, તો ઉપરોકત મસઅલામાં જેમ પુરૂષે કહ્યું કે એ સ્ત્રીના માટે હરામ છે એ જ હુકમ અહીં લાગુ પડશે.

**મસઅલો ૨૫૧૪** : દૂધ પીવાને કારણે મહેરમ થયા હોવાની સાબિતી બે રીતે હાંસિલ થઈ શકે:

(૧) એક માણસ અથવા અમુક માણસોનો ગિરોહ ખબર આપે, કે જેમના કહેવાથી સંતોષ અથવા યકીન થઈ જાય.

(૨) બે આદિલ પુરૂષોની ગવાહી. આપે જે ગવાહીમાં દૂધ પીવા સંબંધી પૂરી વિગતો આપેલી હોવી જોઈએ. જેમકે, એમ જણાવે કે અમે જોયું કે ફલાણા બાળકે ચોવીસ કલાક દરમિયાન સતત ફલાણી સ્ત્રીનું દૂધ પીધું હતું, અને

દરમિયાનમાં અન્ય ખોરાકી લીધી ન હતી. ઉપરાંત એવી તમામ શરતોનો ઝિક્ર હોવો જોઈએ કે જેનો ઉલ્લેખ મસઅલા ૨૪૯૨ માં થઈ ગયો છે.

પણ જો એક પુરૂષ અને બે સ્ત્રીઓ અથવા ચાર સ્ત્રીઓ કે જે સર્વે આદિલ પણ હોય ગવાહી આપે તો એનું માન્ય રાખવું ઈશ્કાલથી ખાલી નથી. પણ એહતિયાત ઉપર અમલ કરવો જોઈએ.

**મસઅલો ૨૫૧૫** : અગર કોઈને શક હોય કે બચ્ચાએ જેટલી મિકદારમાં મહેરમ થવા માટે જોઈએ તેટલું પીધું હતું કે નહીં, અથવા માત્ર અનુમાન ધરાવે કે એટલું દૂધ પીધું હશે; તો એ બચ્ચું કોઈનું મહેરમ નહીં થાય. પણ એહતિયાતથી વર્તવું બહેતર છે.

## તલાકના એહકામ

**મસઅલો ૨૫૧૬** : જે પુરૂષ પોતાની પત્નીને તલાક દેવા ઈચ્છતો હોય તેના માટે જરૂરી છે કે બાલિગ અને આકિલ હોય પણ જો દસ વર્ષની ઉંમરનો સમજદાર બાળક પોતાની પત્નીને તલાક આપે, તો એ સંજોગમાં એહતિયાત તર્ક ન કરવું જોઈએ. એવી જ રીતે શરત છે કે પુરૂષ પોતાની સ્વેચ્છાએ તલાક આપે, અને જો એને પોતાની પત્નીને તલાક આપવા માટે મજબૂર કરવામાં આવ્યો હોય, તો એ તલાક બાતિલ ગણાશે. ઉપરાંત તલાક દેતી વખતે તે માટે ચોક્કસ ઈરાદો હોવો જરૂરી છે, એટલે અગર કોઈ શખ્સ મશ્કરીમાં તલાકનો સીગો જારી

કરે, તો એ સહીહ નથી.

**મસઅલો ૨૫૧૭ :** તલાક આપતી વખતે પત્ની માટે હૈઝ અને નિફાસથી પાક હોવું જરૂરી છે, અને સાથે એ પણ શરત છે કે એ પાક દિવસોમાં તેના પતિએ તેની સાથે સંભોગ ન કર્યો હોય. આ બંને શરતોનો વધુ ખુલાસો આગળ જતાં આપવામાં આવશે.

**મસઅલો ૨૫૧૮ :** હૈઝ અને નિફાસની હાલતમાં પત્નીને આપેલી તલાક નીચે જણાવેલા ત્રણ સંજોગોમાં સહીહ ગણાશે :

(૧) અગર પતિએ શાદી બાદ તેની સાથે સંભોગ ન કર્યો હોય;

(૨) અગર એવી જાણ હોય કે 'પત્ની હામેલા છે' પરંતુ જો એવી જાણ ન હોય, અને પતિ તેને હૈઝની હાલતમાં તલાક આપે, ત્યારબાદ જાણ થાય કે એ હામેલા હતી, તો તલાક બાતિલ છે, જો કે એહતિયાતનું ધ્યાન રાખવું બહેતર છે ભલે પછી બીજી વખત તલાક આપીને હોય.

(૩) અગર પુરૂષ ગેરહાજર હોવાને કારણે અથવા એવા બીજા કારણસર પત્નીથી એવી રીતે અલગ રહ્યો હોય કે એ યકીન ન કરી શકતો હોય કે પત્ની હૈઝ અને નિફાસથી પાક છે કે નહીં, પણ આવા સંજોગમાં એહતિયાતે વાજિબ છે કે પુરૂષ એટલી સબ્ર કરે કે પત્નીથી જુદા હોવાને ઓછામાં ઓછો એક માસ વીતી જાય, અને ત્યારબાદ તલાક આપે.

**મસઅલો ૨૫૧૯ :** અગર પતિ એમ ધારીને કે પત્ની હૈઝથી પાક છે તેને તલાક આપે, અને પછીથી જાણ થાય

કે તલાક દેતી વખતે એ હૈઝમાં હતી, તો એ તલાક બાતિલ છે અને જો એમ ધારીને કે પત્ની હૈઝમાં છે, તેને તલાક આપે, અને પછીથી ખબર પડે કે એ હૈઝની હાલતમાં ન હતી, તો તલાક સહીહ છે.

**મસઅલો ૨૫૨૦** : અગર પતિને ખબર હોય કે પત્ની હૈઝ અથવા નિફાસની હાલતમાં છે, અને એવા સંજોગમાં એનાથી જુદો થાય, જેમકે, મુસાફરીમાં ચાલ્યો જાય, અને પોતાની પત્નીને તલાક આપવા માંગે, તો જરૂરી છે કે એટલો સમય સબર કરે કે જેથી એને યકીન અથવા ઈત્મીનાન હાંસિલ થાય કે પત્ની હૈઝ અથવા નિફાસથી પાક થઈ ગઈ હશે. અને જયારે એને જાણ થાય કે પાકીઝગીની હાલતમાં છે, ત્યારે તેને તલાક દઈ શકે છે, પરંતુ જો શકની હાલતમાં હોય, તો ગેરહાજર સંબંધી મસઅલા ૨૫૧૮માં જે શરતો છે તે મુજબ અમલ કરવામાં આવે.

**મસઅલો ૨૫૨૧** : જે પતિ પોતાની પત્નીથી જુદો થઈ ગયો હોય, અને એ પત્નીને તલાક દેવા માંગે, તો જરૂરી છે કે શક્ય રીતે જાણકારી હાંસિલ કરે કે એ હૈઝ અથવા નિફાસમાં છે કે નહીં. ચાહે એ પત્નીને હૈઝની આદતની રૂએ યકીન કરે, અથવા બીજી નિશાનીઓ કે જે શરીઅતમાં નક્કી છે તે મુજબ જાણકારી હાંસિલ કરે. પણ છતાં જો તલાક આપ્યા બાદ ખબર પડે કે પત્ની હૈઝ અથવા નિફાસની હાલતમાં હતી, તો તલાક બાતિલ ગણાશે.

**મસઅલો ૨૫૨૨** : અગર કોઈ શખ્સે પોતાની પત્ની સાથે પાકીઝગીની હાલતમાં સંભોગ કર્યો હોય, અને તેને તલાક દેવા માંગે, તો જરૂરી છે કે એ હૈઝની હાલતમાં દાખલ થઈને પાક થાય ત્યાં સુધી સબર કરે. પણ જે પત્નીની ઉંમર નવ વરસની થઈ ન હોય, અથવા જેના વિશે ખબર હોય કે હામેલા છે, અથવા એ યાએસા હોય, અને તેની સાથે સંભોગ કર્યા બાદ તલાક આપે, તો વાંધો નથી. યાએસાનો અર્થ ૨૪૬૬માં આવ્યો છે.

**મસઅલો ૨૫૨૩** : અગર કોઈ શખ્સ પોતાની પત્નીને પાકીઝગીની હાલતમાં સંભોગ કર્યા બાદ એજ પાકીઝગીની હાલતમાં તલાક આપે, અને પછીથી ખબર પડે કે તલાક વખતે એ હામેલા હતી, તો તલાક બાતિલ ગણાશે જો કે એહતિયાતનું ધ્યાન રાખવું જોઈએ. ભલે પછી ફરીથી તલાકનો સીગો જારી કરે.

**મસઅલો ૨૫૨૪** : અગર કોઈ શખ્સ પત્ની સાથે પાકીઝગીની હાલતમાં સંભોગ કરે, ત્યારબાદ મુસાફરીમાં જવા જેવા કારણસર તેનાથી જુદો થઈ જાય અને એવી હાલતમાં તલાક દેવા માંગે, તો જો એ જાણી શકતો ન હોય કે એ કઈ હાલતમાં છે તો એટલો સમય સબર કરવું જરૂરી છે કે પત્ની ફરી હૈઝની હાલતમાં દાખીલ થઈને પાક થઈ જાય, અને એહતિયાતે વાજિબ એ છે કે એ મુદત એક મહિનાથી ઓછી ન હોય. તલાકના મસાઈલમાં બતાવ્યા પ્રમાણે તલાક આપ્યા પછી ખબર પડે કે તલાક પહેલી પાકીઝગીની હાલતમાં થઈ હતી તો વાંધો નથી.

**મસઅલો ૨૫૨૫** : અગર કોઈ શખ્સની પત્નીને બીમારીને કારણે યા જન્મથી આદત મુજબ અથવા પછી દૂધ પીવડાવવાના કારણે અથવા પછી દવા ખાવાના કારણે અથવા પછી બીજા કોઈ કારણોસર તદ્દન હૈઝની હાલતમાં ન રહેતી હોય, પણ તેની ઉંમરની બીજી સ્ત્રીઓ સ્વભાવિક રીતે હૈઝ જોતી હોય અને જો એવી પત્ની સાથે જાતીય સમાગમ બાદ તેને તલાક દેવા માંગે તો સંભોગથી ત્રણ મહિના સુધી સબર કર્યા બાદ તલાક આપે, અને એ ત્રણ મહિનાની મુદ્દતમાં તેની સાથે સંભોગ ન કરે.

**મસઅલો ૨૫૨૬** : તલાકનો સીગો સહીહ અરબીમાં, **તાઁલિકઁ** શબ્દના પ્રયોગ સાથે પઢાવો જોઈએ, અને એ સીગાને બે આદિલ પુરૂષો સાંભળે. અગર પતિ પોતે તલાક પઢવા માંગતો હોય, અને દાખલા તરીકે, તેની પત્નીનું નામ આતેફા હોય, તો એ કહેશે : **ઝવ્જતી આતેઁફત તાઁલિકઁ** એટલે કે મારી પત્ની આતેફા લગ્નથી છુટી થઈ છે. અને જો કોઈને વકીલ નીમે, તો વકીલ કહેશે : **ઝવ્જતો મુવક્કેલી આતેઁફત તાઁલિકઁ** અલબત્ત, જે સંજોગમાં પત્ની નક્કી હોય તેમાં તેનું નામ લેવું જરૂરી નથી. જો હાજર હોય તો ઈશારો કરવો કાફી છે. **હાઝેહી તાઁલિકઁ** અથવા મુખાતબ થઈને કહે **અન્તિ તાઁલિકઁ** અગર પતિ અરબીમાં તલાકનો સીગો અદા ન કરી શકતો હોય, અથવા વકીલ ન મેળવી શકતો હોય, તો પછી અરબી સીગાના શબ્દાર્થને લક્ષમાં રાખી તે પ્રમાણે કોઈ પણ ભાષામાં તલાક દઈ

શકે છે.

**મસઅલો ૨૫૨૭** : જે સ્ત્રી સાથે મુત્આ થયા હોય, જેમકે, એક મહિના અથવા એક વર્ષ માટેની મુદ્દત હોય, તો તે માટે તલાક નથી, બલ્કે મુદ્દત પૂરી થતાં એ આપો આપ છુટી થઈ જશે. અથવા મુદ્દતમાં બાકી રહેલો સમય જો પતિ તેને બક્ષી આપી વહેલી છુટી કરે અને આ મુજબ ઉચ્ચાર કરે : મેં બાકીની મુદ્દત તને બક્ષી આપી છે, તો કાફી છે અને કોઈને તે માટે ગવાહ બનાવવા અને સ્ત્રીનું હૈઝથી પાક હોવું જરૂરી નથી.

## તલાકનો ઈદ્દો

**મસઅલો ૨૫૨૮** : જે પત્નીની ઉંમરના નવ વર્ષ પૂરા ન થયા હોય, અને જે સ્ત્રી યાએસા હોય, તેના માટે ઈદ્દાનો હુકમ નથી. એટલે જો તેના પતિએ તેની સાથે જાતીય સમાગમ કર્યો હોય, તો પણ તલાક બાદ એવી સ્ત્રી તરત બીજી શાદી કરી શકશે.

**મસઅલો ૨૫૨૯** : જે પત્નીના નવ વર્ષ પૂરા થયા હોય, અથવા એ યાએસા ન હોય, અને તેની સાથે પતિએ સંભોગ કર્યો હોય, તે પત્નીને જો તલાક અપાય તો જરૂરી છે કે તલાક બાદ તેનો ઈદ્દો પાળે. આઝાદ પત્નીનો ઈદ્દો એ છે કે પતિ તેની પાકીઝગીની હાલતમાં તલાક આપે ત્યારબાદ એટલો સમય સબર કરે કે બે વાર હૈઝની હાલતમાં પ્રવેશ કરીને પાક થાય પછી જયારે ત્રીજી વાર હૈઝ જુએ ત્યારે તેનો ઈદ્દો પૂરો થયો ગણાશે, અને તે બાદ ફરીથી શાદી કરી શકશે.

પણ જો પતિ તેની સાથે સંભોગ કર્યા પહેલા

તલાક આપે, તો તેની માટે તલાકનો કોઈ ઈદ્દો નથી, એટલે કે એ તલાક બાદ સ્ત્રી તરત જ પુનઃલગ્ન કરી શકશે. પણ ઈન્દ્રિય પ્રવેશ વગર પતિનું વીર્ય શોષણ થઈ જવા પામ્યું હોય, તો એવા સંજોગમાં જાહેર એ છે કે ઈદ્દો પાળવો જોઈશે.

**મસઅલો ૨૫૩૦** : જે સ્ત્રી હૈઝ જોતી ન હોય, પણ એવી સ્ત્રીઓના વયની હોય કે જે સ્વભાવિક રીતે હૈઝ જુએ છે, તેને અગર તેનો પતિ સંભોગ બાદ તલાક આપે, તો એ બાદ ત્રણ મહિના સુધી ઈદ્દો પાળવો જરૂરી છે. (ઈસ્લામીક તારીખ પ્રમાણે)

**મસઅલો ૨૫૩૧** : જે પત્ની ઉપર ત્રણ મહિનાનો ઈદ્દો હોય, તેને જો મહિનાની શરૂઆતમાં તલાક અપાઈ હોય, તો એ ચાંદના હિસાબે ત્રણ માસ સુધી ઈદ્દો પાળશે. એટલે કે ચાંદ દેખાયો હોય ત્યારથી ત્રણ મહિના સુધી ઈદ્દાની મુદ્દત ગણાશે અને જો માસ દરમિયાન તલાક થઈ હોય, તો એ માસના બાકીના દિવસો, તે પછીના બે પૂરાં મહિનાઓ, અને ચોથા મહિનામાં પહેલા માસના રહી ગયેલા દિવસો ઉમેરીને ત્રણ મહિનાની મુદ્દત પૂરી કરશે. દાખલા તરીકે, જો વીસમી તારીખે મગરિબ બાદ તલાક થઈ હોય, અને એ મહિનાના ૨૯ દિવસો થયા હોય, તો એ નવ દિવસ, તે પછીના બે મહિનાઓ, અને ચોથા મહિનાના વીસ દિવસો સુધી ઈદ્દો રાખશે. બલ્કે એહતિયાતે વાજિબ છે કે ચોથા મહિનામાં એક્વીસ દિવસ ઈદ્દો પાળે જેથી પહેલા મહિનામાં જેટલાં દિવસનો ઈદ્દો પાળ્યો હોય, તેને સાથે ઉમેરીને ત્રીસ દિવસ પૂરા થાય.

**મસઅલો ૨૫૩૨** : અગર હામેલા પત્નીને તલાક આપવામાં આવી હોય, તો એનો ઈદ્દો બાળક જન્મે, અથવા કસુવાવડ થાય ત્યાં સુધી છે. દાખલા તરીકે અગર તલાક બાદ એક જ કલાકમાં બચ્ચું જન્મે, તો એનો ઈદ્દો પૂરો થયો ગણાશે. પણ તેમાં શરત એ છે કે બચ્ચું શૌહરની શરઈ ઔલાદ હોય, એટલે અગર ઔરત ઝિનાને પરિણામે હમેલા થઈ હોય, તો તેના પતિના તલાક દેવા બાદ બચ્ચાના જન્મથી તલાકનો ઈદ્દો પૂરો થયો નહીં ગણાય.

**મસઅલો ૨૫૩૩** : જે સ્ત્રીની ઉંમરના નવ વર્ષ પૂરાં થયા હોય, અને યાએસા ન હોય, જો તેણી અમુક મુદ્દત માટે મુત્આ કરે, જેમકે મહિના કે વર્ષ માટે મુત્આમાં હોય, અને તેણીના શૌહરે તેણીની સાથે સંભોગ કર્યો હોય, તો મુદ્દત પૂરી થયા બાદ, અથવા શૌહરે મુદ્દતના દિવસો બક્ષી આપીને તેને છુટી કરી હોય, તે બાદ, તેના માટે ઈદ્દો પાળવો જરૂરી છે. માટે જો એ હૈઝ જોતી હોય તો જરૂરી છે કે બે હૈઝ પૂરાં થાય ત્યાં સુધી ઈદ્દો પાળે, એહતિયાતે વાજિબની રૂએ એક હૈઝની ઈદ્દત કાફી નથી. અને એ અરસામાં લગ્ન ન કરે. અને જો હૈઝ ન જોતી હોય તો પીસ્તાળીસ દિવસ સુધી ફરી લગ્ન ન કરે. અને અગર એ હામેલા હોય, તો જાહેર એ છે કે બચ્ચું જન્મે અથવા કસુવાવડ થાય ત્યાં સુધી તેનો ઈદ્દો રહેશે, જો કે એહતિયાતે મુસ્તહબ છે કે બચ્ચાના જન્મ અને ૪૫ દિવસ વચ્ચે જે મુદ્દત વધારે હોય ત્યાં સુધી ઈદ્દો પાળે.

**મસઅલો ૨૫૩૪** : તલાકનો સીગો પઢાઈ જાય ત્યારથી ઈદ્દાની મુદ્દત શરૂ થઈ જાય છે, ચાહે પત્નીને

ખબર હોય કે તેને તલાક અપાઈ છે અથવા ખબર ન હોય માટે જો ઈદ્દાની મુદ્દત પૂરી થયા બાદ તેણીને તલાકની જાણ થાય, તો ફરી ઈદ્દો પાળવો જરૂરી નથી.

## જે સ્ત્રી બેવા થઈ હોય તેનો ઈદ્દો

**મસઅલો ૨૫૩૫** : જે સ્ત્રીનો શૌહર ગુજરી જાય. તો અગર એ આઝાદ હોય,(કનીઝ ન હોય)અને હામેલા ન હોય તો તેના માટે જરૂરી છે કે ચાર મહિના અને દસ દિવસનો ઈદ્દો પાળે, એટલે કે એ મુદ્દત દરમિયાન લગ્ન ન કરે, ભલેપછી એ નાબાલીગ, યાએસા હોય અથવા મુત્આમાં હોય, અથવા શૌહરે તેની સાથે સંભોગ ન કર્યો હોય, કાફિરા (એહલે કિતાબ) હોય કે રજઈ તલાકના ઈદ્દતમાં હોય ભલેપછી તેનો ધણી બાળક અથવા દીવાનો હોય.

અગર એ હામેલા હોય તો બચ્ચું જન્મે ત્યાં સુધી ઈદ્દો પાળશે. પણ જો ચાર મહિના અને દસ દિવસ પહેલાં બાળકનો જન્મ થાય, તો શૌહરના ગુજરી જવાના દિવસથી ચાર મહિના અને દસ દિવસ સુધી રાહ જોવી જોઈએ. આ ઈદ્દાને ઈદ્દએ વફાત કહેવાય છે.

**મસઅલો ૨૫૩૬** : જે ઔરત ઈદ્દએ વફાતમાં હોય તેના માટે રંગીન વસ્ત્રો પહેરવા, સુરમો આંજવો, અને એવી જાતની ઝિનત વિગેરે હરામ છે. પણ ઘરની બહાર નીકળવું હરામ નથી.

**મસઅલો ૨૫૩૭** : અગર કોઈ સ્ત્રીને યકીન હોય કે તેનો પતિ ગુજરી ગયો છે, અને વફાતનો ઈદ્દો પાળ્યા

બાદ તે પુનઃલગ્ન કરે, અને પછી એને જાણ થાય કે તેનો પતિ મોડેથી ગુજરી ગયો હતો, પહેલાં શૌહરની જિંદગી અથવા વફાતની ઈદ્દત દરમિયાન બીજી શાદી કરેલ છે. તો તેના માટે જરૂરી છે કે નવા શૌહરથી તરતજ જુદી થઈ જાય, અને એહતિયાતે વાજિબની રૂએ બે ઈદ્દા પાળે અને જો હામેલા થઈ હોય તો બાળકને જન્મ થાય ત્યાં સુધી નવા શૌહરનો ઈદ્દો કે જેનો હુકમ તલાકના ઈદ્દા જેવો છે. (એ ઈદ્દાને વતી બિશ્શુબ્બહ નો ઈદ્દો કહેવાય છે, એટલે કે ગફલત અથવા ભૂલથી જાતીય સમાગમનો ઈદ્દો), અને ત્યારબાદ પહેલા શૌહરનો ઈદ્દએ વફાત પણ પાળે અથવા પહેલા પાળેલ ઈદ્દાને પૂર્ણ કરશે. અને જો હામેલા ન હોય, તો પહેલા શૌહરની વફાતનો ઈદ્દો પાળીને બીજા શૌહરનો વતી બિશ્શુબ્બહનો ઈદ્દો પાળશે. પણ જો બીજા શૌહરથી સંભોગ પહેલાં શૌહરની જિંદગી દરમિયાન થયો હોય તો વત્તી બિશ્શુબ્હની ઈદ્દો પહેલાં પાળવો જોઈએ.

**મસઅલો ૨૫૩૮** : જે સંજોગમાં શૌહર ગેરહાજર અથવા લાપતા હોય, તે સંજોગમાં ઈદ્દએ વફાતની શરૂઆત પત્નીને શૌહરના ગુજરી જવાની ખબર પડે ત્યારથી થશે,અને શૌહરના ગુજરી જવાના દિવસથી નહીં. પણ આ હુકમ નાબાલિગ પત્ની અથવા જે દીવાનગીની હાલતમાં હોય તેને લાગુ પાડવામાં ઈશ્કાલ છે માટે એહતિયાતનું ધ્યાન રાખવું વાજિબ છે.

**મસઅલો ૨૫૩૯** : અગર ઔરત એમ કહે કે મારો ઈદ્દો

પૂરો થયો છે, તો એનું કહેવું મંજૂર રહેશે; સિવાય કે એનું કહેવું શકમંદ હોય, એવા સંજોગમાં એહતિયાતે વાજિબની રૂએ તેની વાત માન્ય રહેશે નહીં. જેમકે, અગર એવો દાવો કરે કે એક માસમાં એણે ત્રણ વાર હૈઝનું લોહી જોયું છે, તો એ દાવો સ્વીકાર્ય નહીં થાય, સિવાય કે એના કુંટુંબની સ્ત્રીઓ સાક્ષી આપે કે એ ઔરતની એવી માસિક આદત છે.

## બાઈન અને રજઈ તલાક

**મસઅલો ૨૫૪૦** : તલાકે બાઈન એટલે કે તલાક આપ્યા પછી પુરૂષને હક નથી કે પોતાની પત્નીને પાછી લઈ શકે, એટલે કે નિકાહ પઢયા વિના એને પત્ની તરીકે સ્વીકારે. અને તેના છ પ્રકારો છે :

(૧) એવી પત્નીને તલાક આપી હોય કે જેના નવ વર્ષ પૂરાં ન થયા હોય,

(૨) એવી પત્નીને તલાક આપી હોય કે જે યાએસા હોય.

(૩) એવી પત્નીને તલાક આપી હોય કે જેની સાથે નિકાહ કર્યા બાદ જાતીય સમાગમ ન કર્યો હોય.

(૪) ત્રીજી તલાક બાદ એ બાઈન ગણાશે. જેની વિગત મસઅલા ૨૫૪૫માં આવશે.

(૫) ખુલા અને મુબારાત રૂપે તલાક આપી હોય.

(૬) જયારે હાકીમે શરઅ પત્નીને એવા સંજોગમાં તલાકથી છૂટી કરે કે તેનો પતિ ન તેનો ખર્ચ આપવા તૈયાર હોય, અને ન તેને તલાક આપતો હોય.

આ સર્વેના એહકામ આગળ જતાં આપવામાં આવશે. આ સિવાય અપાએલી તલાકને રજઈ કહેવાય છે,

જેનો અર્થ એ છે કે જયારે પત્ની હજી ઈદ્દામાં હોય ત્યારે શૌહર તેને ફરી પાછી લઈ શકે છે.

**મસઅલો ૨૫૪૧ :** જયારે કોઈ પોતાની પત્નીને રજઈ તલાક આપે, ત્યારે પત્ની જે મકાનમાં રહેતી હોય તેમાંથી તેને બહાર કાઢવું હરામ છે; સિવાય અમુક સંજોગોમાં, જેમાંનો એક સંજોગ એ કે પત્ની ઝિના કરે, તો તેને ઘરની બહાર કાઢવામાં ઈશ્કાલ નથી. એવી જ રીતે રજઈ તલાકના ઈદ્દા દરમિયાન પતિની રજા વગર બિન જરૂરી કામો માટે ઘરની બહાર જવું પત્ની માટે હરામ છે. ઈદ્દાની મુદ્દત દરમિયાન પત્નીનો ખર્ચ પતિ ઉપર વાજિબ છે.

## રજૂઅ કરવાના એહકામ

**મસઅલો ૨૫૪૨ :** તલાકે રજઈના સંજોગમાં પુરૂષ બે રીતે પોતાની પત્નીને પાછી લઈ શકે છે.

(૧) એવા ઉચ્ચારથી કે જેનો અર્થ એ થાય કે એ પોતાની પત્નીને પાછી લઈ રહ્યો છે,

(૨) એવું કાર્ય કે જેથી રજૂઅનો ઈરાદો સાબિત થાય. અને જાહેર એ છે કે અગર તેની સાથે જાતીય સમાગમ કરે, તો રજૂઅ સાબિત થઈ જશે, ભલેપછી રજૂઅનો ઈરાદો ન રાખ્યો હોય. અડવાથી યા ચુંબનથી, રજૂઅના ઈરાદા વગર, રજૂઅ સાબિત થવું ઈશ્કાલથી ખાલી નથી માટે એહતિયાતે વાજિબની રૂએ આવા સંજોગોમાં રજૂઅનો ઈરાદો ન હોય તો બીજી વખત તલાક આપવી જોઈએ.

**મસઅલો ૨૫૪૩ :** રજૂઅ માટે સાક્ષીની જરૂરત નથી,

અથવા પત્નીને તેની જાણ કરે. બલ્કે કોઈને પણ જણાવ્યા વિના પોતે રજૂઅ કરે, તો એ સહીહ ગણાશે. પરંતુ ઈદ્દાની મુદ્દત પૂરી થઈ ગયા બાદ પતિ દાવો કરે કે ઈદ્દા દરમિયાન એણે રજૂઅ કરી લીધું હતું, તો લાઝિમ છે કે પુરાવો આપે.

**મસઅલો ૨૫૪૪** : જે પુરૂષે પોતાની પત્નીને તલાકે રજઈ આપી હોય, અને તેની પાસેથી અમુક માલ લઈને એમ સમાધાન કર્યુ હોય કે તેના તરફ રજૂઅ નહીં કરે. તો આ સમાધાન સહીહ છે, અને તે પુરૂષ ઉપર વાજિબ થશે કે રજૂઅ ન કરે. પરંતુ તેમ છતાં રજૂઅ માટે તેનો હક અને અધિકાર બાકી રહેશે, અને જો રજૂઅ કરે તો જે તલાક આપી હતી તેને કારણે વિખૂટા નહીં થાય.

**મસઅલો ૨૫૪૫** : અગર કોઈ શખ્સ પોતાની પત્નીને બે વાર તલાક આપીને રજૂઅ કરે, અથવા બે વાર તલાક આપી દરેક તલાક બાદ નિકાહથી પરણે, અથવા એક તલાક બાદ રજૂઅથી અને બીજી તલાક બાદ નિકાહથી તેને પાછી લ્યે, તો દરેક સંજોગમાં જયારે ત્રીજીવાર તલાક આપે, ત્યારે એ ઔરત તેના માટે હરામ થઈ જશે. પણ અગર એ ઔરત ત્રીજી વાર તલાક બાદ બીજા પુરૂષ સાથે લગ્ન કરે તો પાંચ શરતો સાથે પહેલા શૌહર માટે ફરી વાર હલાલ થઈ શકશે.

(૧) બીજા શૌહર સાથે અકદે દાઈમ કર્યા હોવા જોઈએ. અગર એક માસ કે વર્ષ માટે એણે મુત્આ કર્યા હોય, તો તેને મુદ્દત પૂરી થતાં પહેલો શૌહર તેને નહીં પરણી શકે.

(૨) બીજા શૌહરે તેની સાથે જાતીય સમાગમ કર્યો હોવો

જોઈએ. જેમાં એહતિયાતે વાજિબની રૂએ યોનિપ્રવેશ થયો હોવો જોઈએ, ન કે પાછળની શર્મગાહમાં સંભોગ. (૩) બીજો શૌહર તેને તલાક આપે, અથવા ગુજરી જાય. (૪) બીજા શૌહરને આપેલી તલાકનો ઈદ્દો પૂરો કરે, અથવા મરણનો સંજોગ હોય તો ઈદ્દએ વફાત પાળ્યો હોવો જોઈએ. (૫) એહતિયાતે વાજિબની રૂએ બીજો શૌહર જાતીય સમાગમ વખતે બાલિગ હોવો જોઈએ.

## તલાકે ખુલઅ

**મસઅલો ૨૫૪૬ :** જયારે ઔરતને પોતાના પતિ તરફ કોઈ લાગણી, ભાવના કે પ્રેમ ન હોય, બલ્કે એનાથી નફરત કરતી હોય, અને તેની પાસેથી તલાક મેળવવા માટે પોતાનું મહેર અથવા પોતાના માલમાંથી કાંઈ અર્પણ કરી પતિને તલાક દેવા માટે તૈયાર કરવા માંગે, તો એ તલાકને 'ખુલઅ' કહેવાય છે. 'ખુલઅ'ની તલાક માટે પત્નીની પોતાના પતિ તરફ નફરત એ હદે પહોંચી હોવી જોઈએ કે પત્ની તરીકેના હકો અદા નહીં કરવાની ધમકી આપે.

**મસઅલો ૨૫૪૭ :** અગર ધણી પોતે તલાક પઢવા માગે, તો અગર પત્નીનું નામ દાખલા તરીકે આતેફા હોય, તો ખુલઅ માટે અપાયેલ વળતર સ્વીકાર્યા બાદ એ કહેશે :

**ઝવજતી આતેફા ખૅલઅૅતોહા અૅલા મા બઝલૅત** અને એહતિયાતે મુસ્તહબ છે કે સાથે એમ પણ કહે : **હિય તૉલિકૅ.** એટલે કે મારી પત્ની આતેફાને જે

વળતર એણે આપ્યું છે તે બદલ તલાકે ખુલા મેં આપી છે. અને હવે એ છૂટી થઈ ગઈ. જે સંજોગમાં પત્ની નક્કી હોય, તેમાં ખુલઅ કે મુબારાતની તલાકમાં નામ લેવાની જરૂરત નથી.

**મસઅલો ૨૫૪૮** : અગર પત્ની કોઈને વકીલ નીમે તેની મારફતે ધણીને મહેર બક્ષે, અને એ જ શખ્સને પતિ વકીલ નીમે કે તલાક પઢી આપે, તો અગર પતિનું નામ, દાખલા તરીકે મુહમ્મદ, ને પત્નીનું નામ આતેફા હોય, તો વકીલ આ રીતે સીગો પઢશે :

**અઁન્ન મોવક્કેલતી આતેફા બઝઁલતો મહેરહા**
**લેમોવક્કેલી મોહઁમ્મદિન લેયખઁલઅહા અઁલયહ**

અને તે બાદ ઢીલ વગર કહે :

**ઝવજેતો મોવક્કેલી ખૉલાઅઁતોહા અઁલા મા બઝઁલતો,**
**ફહેય તૉલિકઁ**

અને જો પત્ની મહેર સિવાય કોઈ બીજો માલ વકીલ મારફત ધણીને આપે, અને તલાક પઢવા કહે, તો વકીલ સીગામાં **મહેરહા**ની જગ્યાએ જે માલ અપાયો હોય તેનો ઝિક્ર કરશે. જેમકે સાથે સો તુમાન અપાયા હોય, તો **બઝઁલતો મિઅત તુમાન** કહેશે.

## તલાકે મુબારાત

**મસઅલો ૨૫૪૯** : જયારે પતિ પત્ની બંને એક બીજાથી છૂટા પડવા માંગે, અને એક બીજા પ્રત્યે નફરત ધરાવે, અને એવા સંજોગમાં પત્ની પોતાના ધણીને કાંઈ

માલ અર્પણ કરીને તલાક મેળવવા માંગે, તો એ તલાકને મુબારાત કહેવાય છે.

**મસઅલો ૨૫૫૦** : અગર ધણી પોતે મુબારાતની તલાક માટે સીગો પઢવા માંગે, તો જો, દાખલા તરીકે, પત્નીનું નામ આતેફા હોય, તો એ આ રીતે પઢશેઃ **બારઅ્તો ઝવ્જતી આતેફા અ્ લા મા બઝ્લત્** અને એહતિયાતે લાઝિમની રૂએ આ ઉમેરો પણ કહેઃ **ફહેય તાલિકુન્** એટલે કે હું અને મારી પત્ની એણે આપેલ માલના વળતરરૂપે એકાબીજાથી છૂટા પડયા છીએ, અને હવે એ મારાથી છૂટી ગઈ.અને જો એ તલાક પઢવા માટે કોઈને વકીલ નીમે,તો વકીલ આમ કહેશેઃ

**અન્ મુવક્કેલી બારઅ્તો ઝવ્જતહૂ આતેફા અ્ લા મા બઝ્લત્ ફહેય તાલેકુન્**

બંને સંજોગમાં **અ્ લા મા બઝ્લત્**ને બદલે અગર **બેમા બઝ્લત્** કહે, તો વાંધો નથી.

**મસઅલો ૨૫૫૧** : ખુલઅ અને મુબારાતની તલાકનો સીગો શક્ય સંજોગમાં સહીહ અરબીમાં પઢાવો જોઈએ. પણ જો એ શક્ય ન હોય, તો મસઅલા ૨૫૨૬માં તલાક માટે જે હુકમ સમજાવવામાં આવ્યો છે, એ હુકમ લાગુ પડશે. પણ પત્ની તલાક મેળવવા માટે પોતાના માલમાંથી પતિને અર્પણ કરતી વખતે કોઈ પણ ભાષામાં કહે કે તલાક મેળવવા માટે તને ફલાણો માલ અર્પણ કરૂં છું, તો તેમાં હરજ નથી.

**મસઅલો ૨૫૫૨** : તલાકે ખુલઅ અને મુબારાતના ઈદ્દા દરમિયાન પત્ની અગર પોતે માલ આપવાથી ફરી જાય, તો પતિ રજૂઅ કરી શકશે, અને અકદ પઢયા વિના ફરીથી તેને પોતાની પત્ની બનાવી શકશે.

**મસઅલો ૨૫૫૩** : મુબારાતની તલાકમાં વળતરરૂપે જે માલ પતિ લ્યે, તેનું પ્રમાણ મહેરની રકમથી વધુ ન હોવું જોઈએ. બલ્કે એહતિયાતે વાજિબની રૂએ મહેર કરતા ઓછી રકમ હોવી જોઈએ. પરંતુ તલાકે ખુલઅમાં અગર મહેર કરતા વધુ હોય તો ઈશ્કાલ નથી.

## તલાકને લગતા જુદા જુદા મસાઈલ

**મસઅલો ૨૫૫૪** : અગર કોઈ શખ્સને ગુમાન હોય કે નામહેરમ સ્ત્રી તેની પત્ની છે, અને તેની સાથે સંભોગ કરે, ચાહે સ્ત્રીને ખબર હોય કે એ તેનો પતિ નથી અથવા એને પણ ગુમાન હોય કે તેનો પતિ હશે, તો આવા સંજોગમાં એહતિયાતે વાજિબની રૂએ એ સ્ત્રી માટે જરૂરી છે કે ઈદ્દો પાળે.

**મસઅલો ૨૫૫૫** : અગર એક શખ્સને જાણ હોય કે ફલાણી સ્ત્રી તેની પત્ની નથી, અને તેની સાથે ઝિના કરે, અને જો સ્ત્રીને પણ જાણ હોય કે એ પુરૂષ તેનો પતિ નથી, તો તેના માટે ઈદ્દો રાખવો લાઝિમ નથી. પણ જો એને એવું ગુમાન હોય કે એ પુરૂષ તેનો પતિ છે, તો એહતિયાતે લાઝિમ છે કે ઈદ્દો પાળે.

**મસઅલો ૨૫૫૬** : અગર કોઈ શખ્સ કોઈ સ્ત્રીને એવી

રીતે ફરેબની જાળમાં ફસાવે કે જેથી એ એના શૌહરના જાતીય હકો અને પત્ની તરીકેની ફરજો અદા ન કરે, જેને પરિણામે એ શૌહર તેને તલાક આપી દ્યે, જેથી એ ફરેબ આપનાર શખ્સ એ સ્ત્રીને પરણી શકે, તો આવા સંજોગમાં અકદ અને તલાક બંને સહીહ છે, પણ બંનેએ મોટો ગુનો કર્યો ગણાશે.

**મસઅલો ૨૫૫૭** : અગર કોઈ સ્ત્રી અકદ હેઠળ પોતાના શૌહર સાથે એવી શરત મૂકે કે અગર શૌહર લાંબી મુસાફરીએ જશે, અથવા દાખલા તરીકે, છ માસ એને ભરણપોષણનો ખર્ચ નહીં આપે અથવા લાંબી મુદ્દતની કૈદની સજા પામશે વગેરે ત્યારે તેને તલાકનો ઈખ્તીયાર રહેશે, તો એ શરત બાતિલ છે, પરંતુ જો તેણી એમ શરત મૂકે અત્યારથી જ શૌહર તરફથી વકીલ છે કે ખાસ સંજોગોમાં અથવા કોઈપણ શરત વગર પોતાને તલાક આપી શકશે તો એ શરત સહીહ છે. પછી શૌહર તેને વકાલત ઉપરથી હટાવી નહી શકે અને તે ઔરત પોતાને તલાક આપશે તો એ પણ સહીહ રહેશે.

**મસઅલો ૨૫૫૮** : જે સ્ત્રીનો શૌહર લાપતા થઈ ગયો હોય, તે અગર બીજી વાર લગ્ન કરવા માંગતી હોય, તો તેના માટે જરૂરી છે કે એ માટે આદિલ મુજતહેદ પાસે જાય. જે (મુજતહીદ) મિનહાજમાં બયાન થયેલ વિગત પ્રમાણે તલાક આપી શકે છે.

**મસઅલો ૨૫૫૯** : દાઈમી દીવાના ફરઝંદના બાપ

અને દાદાને હક છે તેની ભલાઈ ધ્યાનમાં રાખીને કે તેની પત્નીને તલાક આપે.

**મસઅલો ૨૫૬૦** : અગર બાપ અથવા દાદા પોતાના નાબાલિગ ફરઝંદના મુત્આ કોઈ સ્ત્રી સાથે કરે, અને તે માટે નિયુક્ત મુદ્દત દરમિયાન એ ફરઝંદ બાલિગ થઈ જવાનો હોય, જેમકે, ચૌદ વર્ષના દીકરાના બે વર્ષની મુદ્દત માટે મુત્આ કર્યા હોય, તો અગર એ ફરઝંદની ભલાઈ અને મસ્લેહતનો પ્રશ્ન હોય, તો નિયુક્ત મુદ્દત એ સ્ત્રીને બક્ષીને બાપ દાદા મુત્આનો અંત લાવી શકે છે. પણ દીકરાની અકદે દાઈમથી પરણેલી સ્ત્રીને તેઓ તલાક નહીં આપી શકે.

**મસઅલો ૨૫૬૧** : અગર કોઈ શખ્સ, શરીઅતમાં નિયુકત નિશાનીઓ મુજબ, બે શખ્સને આદિલ જાણી તેમની રૂબરૂમાં તલાક આપે, તો બીજો જણ કે જેની નજરમાં એ બે શખ્સોના આદિલ હોવા બાબતે શક હોય, અને શક્યતા હોય કે તલાક આપનારની નજરમાં તે બંને આદિલ હશે તો એ તલાક દેવાયેલી સ્ત્રીને ઈદ્દા ખતમ થયા બાદ, પોતે પરણી શકશે, અથવા કોઈ ત્રીજા જોડે પરણાવી શકશે. પરંતુ અગર તે બંને ગવાહના આદિલ ન હોવાનું યકીન હોય તો તે ઔરત સાથે અકદ નહી કરી શકે.

**મસઅલો ૨૫૬૨** : એ ઔરત કે જેને તલાકે રજઈ આપવામાં આવી હોય તે શરીઅત પ્રમાણે પત્નીની હેસિયત રાખે છે. ત્યાં સુધી કે ઈદ્દાની મુદ્દત ખત્મ થઈ

જાય તે ઔરત માટે જરૂરી છે. દરેક પ્રકારની લઝ્ઝત જે શૌહરનો હક છે તેનાથી ન રોકે તેના માટે જાઈઝ છે બલ્કે મુસ્તહબ છે પોતાના શૌહર માટે શણગાર વગેરે કરી તૈયાર થાય તેનો ખર્ચ શૌહર ઉપર વાજિબ છે. જ્યાં સુધી તે નાફરમાની ન કરે. તેનો ફિત્રો અને કફન પણ શૌહરના ઝિમ્મે છે. કોઈ મરી જશે તો બીજો તેનો વારીસ પણ બનશે. અને ઈદ્દાની મુદ્દત દરમિયાન મરદ પોતાની સાળીથી શાદી નહી કરી શકે.

## ગસ્બના એહકામ

ગસ્બ એટલે ઈન્સાન ઝુલ્મ અને જબરદસ્તીથી કોઈનો માલ કે હક ઉપર કબ્જો મેળવે; અને આ એવી વસ્તુ છે જે અકલ, કુરઆન અને રિવાયત પ્રમાણે હરામ છે. આપણા પયગંબર સ.અ.વ.થી રિવાયત છે કે આપે ફરમાવ્યું : જે શખ્સ એક વેંતભર બીજાની જમીન ગસ્બ કરશે. કયામતના દિવસે એ જમીનના સાતે સાત તબક્કાઓને તૌકરૂપે તેની ગરદનમાં નાખી દેવામાં આવશે.

**મસઅલો ૨૫૬૩** : અગર કોઈ શખ્સ સાર્વજનિક મસ્જિદ, મદ્રેસા, પુલ અને એવા અન્ય સ્થળોથી ફાયદો મેળવવા લોકોને અટકાવે, તો લોકોનો હક ગસ્બ કર્યો ગણાશે. એવી જ રીતે અગર કોઈ શખ્સે મસ્જિદમાં પોતાની સાધારણ જગ્યા બનાવી રાખી હોય, અને કોઈ બીજો આવીને તેને ત્યાંથી હાંકી કાઢે, અને એ જગ્યાનો વપરાશ ન કરવા દ્યે, તો ગુનેહગાર ગણાશે.

**મસઅલો ૨૫૬૪** : ગિરવે મૂકનાર અને લેનાર વચ્ચે જો સમજૂતી થઈ હોય કે ગિરવે મૂકેલી વસ્તુ ગિરવે લેનાર અથવા કોઈ ત્રીજા વ્યક્તિના કબ્જામાં રહેશે, તો એવા સંજોગમાં ગિરવે મૂકનાર પોતા ઉપર રહેલ કરજ અદા કર્યા પહેલાં એ વસ્તુને પાછી લઈ શકતો નથી, અને અગર પાછી લીધી હોય તો તરત જ પરત કરવી જોઈએ.

**મસઅલો ૨૫૬૫** : જે માલ ગિરવે મૂકવામાં આવ્યો હોય, તે અગર કોઈ બીજો આવીને ગસ્બ કરે, તો માલનો અસલ ધણી અને ગિરવે લેનાર, બંનેને અધિકાર છે કે ગસ્બ કરનાર પાસેથી એ માલની ઉઘરાણી કરે, અને જો વસૂલ કરે તો એ માલ ગિરવે તરીકે જારી રહેશે.

**મસઅલો ૨૫૬૬** : અગર ઈન્સાન કોઈ ચીજ ગસ્બ કરે, તો તેની ફરજ છે કે એ ચીજ તેના માલિક સુધી પહોંચાડી આપે, અને જો એ ગસ્બ કરેલી વસ્તુ ગુમ કે બરબાદ થઈ જાય, અને એ કોઈ કિંમત ધરાવતી વસ્તુ હોય, તો તેનુ વળતર મસઅલા ૨૫૭૬ અને મસઅલા ૨૫૭૭ માં વિગતવાર બયાન થશે તે રીતે તેને આપશે.

**મસઅલો ૨૫૬૭** : અગર કોઈ શખ્સ ગસ્બ કરેલી વસ્તુથી નફો હાંસિલ કરે. જેમકે, ગસ્બ કરેલી બકરી, ઘેટીથી બચ્ચું થાય, તો એ માલના અસલ ધણીનો હક ગણાશે. એવી જ રીતે અગર કોઈ શખ્સ મકાન ગસ્બ કરે, તો ચાહે તેમાં એ રહે કે ન રહે તેના ઉપર વાજિબ છે કે તેનું ભાડું માલિકને ચૂકવે.

**મસઅલો ૨૫૬૮** : અગર કોઈ શખ્સ બચ્ચા પાસેથી

અથવા દીવાના પાસેથી એનો માલ ગસ્બ કરે, તો જરૂરી છે કે એના વાલી સુધી એ માલ પાછો પહોંચાડે, અને જો એ માલ ગુમ કે બરબાદ થયો હોય, તો તેનું વળતર આપે.

**મસઅલો ૨૫૬૯** : અગર બે જણ સાથે મળીને કોઈ ચીજ ગસ્બ કરે, અને બંને જણનો એ ચીજ ઉપર પૂરો કબ્જો હોય, તો બંને એ ચીજ માટે પૂરાં જોખમદાર ગણાશે; ભલેપછી બંનેમાંથી કોઈપણ એકલો એ ગસ્બ ન કરી શક્યો હોત.

**મસઅલો ૨૫૭૦** : અગર ગસ્બ થયેલી ચીજમાં બીજી વસ્તુ ભેળસેળ કરવામાં આવે, જેમકે ગસ્બ કરવામાં આવેલ ઘઉંમાં જવ ભેળવી દેવામાં આવે, અને જો છૂટા પાડવાની શક્યતા હોય, તો એમ કરીને અસલ માલ ધણીને સુપરત કરવું જોઈએ. ચાહે છૂટા પાડવા માટે ઝેહમત ભોગવવી પડે.

**મસઅલો ૨૫૭૧** : અગર કોઈ શખ્સ ઘડેલ સોનું ગસ્બ કરે, જેમકે, સોનાની એરીંગ હોય, અને તેને પીગળાવી દે, તો ધણીને તેની વસ્તુ પરત આપતી વખતે એ પીગળાવેલું સોનું સાથે, પીગળાવ્યા પહેલાં અને પછી કિંમતમાં જે ફરક હોય, તે ઉમેરીને આપવું જોઈએ. હવે જો એ ભાવફેર આપવાને બદલેએ કહે કે હું એ સોનું અસલી સ્વરૂપમાં ફેરવીને (એરીંગ તરીકે) આપીશ, તો ધણી એ સ્વીકારવા મજબૂર નથી. એવી જ રીતે ધણી પણ ગસ્બ કરનારને મજબૂર નહીં કરી શકે કે એ અસલ સ્વરૂપમાં ફેરવે.

**મસઅલો ૨૫૭૨** : અગર કોઈ શખ્સ ગસ્બ કરેલી વસ્તુને એવી રીતે બદલે કે તેની હાલત પહેલા હતી એના કરતા બેહતર થઈ જાય, જેમકે સોનાને ઘરેણામાં ફેરવે, અને જો અસલ ધણી એ જ સ્વરૂપમાં પોતાના માલની ઉઘરાણી કરે તો તેને સુપરત કરી દેવું જોઈએ, અને તે માટે ઘડામણનો ખર્ચ ગાસિબ તલબ નહીં કરી શકે. એવી જ રીતે તે ગાસિબને હક નથી કે એ ગસ્બ કરેલા માલને માલિકની રજા વિના પાછી અસલી હાલતમાં ફેરવી નાંખે. પણ જો માલિકની રજા વિના અસલી હાલતમાં અથવા બીજા સ્વરૂપમાં ફેરવી નાંખે, તો એ હાલત વચ્ચેના ભાવ ફેરનો એ ગાસિબ જોખમદાર થશે કે નહીં એ માલૂમ નથી.

**મસઅલો ૨૫૭૩** : અગર ગસ્બ કરનાર ચીજને એવી રીતે બદલે કે તેની અસલી હાલત કરતા બેહતર થાય, પણ માલનો અસલ ધણી એમ કહે કે એના અસલ સ્વરૂપમાં લઈ આવવામાં આવે અને તેમાં તેનો કોઈ ખાસ હેતુ હોય તો વાજિબ છે કે ગાસિબ તે વસ્તુને અસલી સ્વરૂપમાં ફેરવે. અને જો એમ કરવાથી વસ્તુની કિંમત ઘટી જાય, તો કિંમતનો જે તફાવત હોય તે ધણીને ચૂકવે. જેમકે, સોનું ગસ્બ કરી તેના એરીંગ ઘડે, અને અસલ માલિક આગ્રહ રાખે કે તેને અસલી હાલતમાં ફેરવી નાખે, અને પીગળાવ્યા બાદ જો સોનાની કિંમત, એરીંગ બનાવ્યા પહેલાં જેટલી હતી, તેનાથી ઓછી થાય, તો તફાવત ચૂકવવો જોઈશે.

**મસઅલો ૨૫૭૪** : અગર કોઈ શખ્સ ગસ્બ કરેલી જમીનમાં ખેતીવાડી કરે, અથવા તેમાં કોઈ ઝાડ વાવે, તો ખેતીવાડી, ઝાડ, ફળ વિગેરે ગસ્બ કરનારનો જ માલ ગણાશે; અને જો જમીનનો ધણી રજામંદ ન હોય કે તેની જમીન ઉપર વાવેતર કરે, તો ગસ્બ કરનારની ફરજ રહેશે કે તરત જ ખેતી અને વાવેતરના ઝાડો વિગેરે ઉખેડી નાખે. ભલેપછી તેમ કરવા જતા તેને નુકસાની ભોગવવી પડે. ઉપરાંત જેટલો સમય એ જમીન ઉપર ખેતીવાડી અને વાવેતર વિગેરે રહેવા પામ્યું હોય, તેનું ભાડું જમીનના માલિકને ચૂકવે, અને જમીનમાં જે બગાડ થયો હોય તેને દૂર કરે; જેમકે જયાં ઝાડ વિગેરે કારણે ખોદકામ થયું હોય, કે ખાડા થઈ ગયા હોય, તેને ભરીને સપાટ કરી આપે. અને જો એ ખેતીવાડીને લીધે જમીનની કિંમતમાં પહેલા કરતા ઘટાડો થયો હોય, તો ભાવફેર જે હોય તેની ચૂકવણી પણ કરે. અને જમીનના માલિકને મજબૂર નહીં કરી શકે કે એ જમીન એને વહેંચી આપે અથવા ભાડે આપે. એવી જ રીતે જમીનનો માલિક એ ગાસિબને મજબૂર નહીં કરી શકે કે ખેતીવાડી કે રોપેલા ઝાડ વિગેરે તેને વહેંચી આપે.

**મસઅલો ૨૫૭૫** : અગર જમીનનો માલિક એ ખેતીવાડી અને વાવેતરને બરકરાર રાખવા રજામંદ થાય, તો ગસ્બ કરનાર માટે લાઝિમ નથી કે કરેલું વાવેતર ઉખેડી નાખે. પરંતુ જે સમયથી એણે જમીન ગસ્બ કરી ત્યારથી માલિકની રજામંદી હાંસિલ કરી, ત્યાં સુધીનું ભાડું અદા કરવું જોઈએ.

**મસઅલો ૨૫૭૬** : અગર ગસ્બ કરેલી વસ્તુ ગુમ કે બરબાદ થઈ જાય, તો અગર એ ગાય, બકરાં ઘેટાં વિગેરે હોય કે જેમાં એક એકની કિંમત એની ખાસિયત અને વિશિષ્ટતાને કારણે અલગ હોય છે, તો તેની કિંમત ચૂકવવી જોઈએ. અને જો એ વખતે બજારમાં માંગ અને જરૂરત વિગેરેને કારણે ભાવમાં ફેર પડયો હોય તો જે વખતે એ ગુમ કે બરબાદ થયા હોય, તે વખતની કિંમત અદા કરવી જોઈએ.

**મસઅલો ૨૫૭૭** : અગર ગસ્બ કરેલી વસ્તુ ગુમ કે બરબાદ થાય,અને એ ઘઉં કે જવના પ્રકારની હોય, કે જેમાં વ્યક્તિગત અલગ અલગ ભાવ ફેરનો પ્રશ્ન નથી, તો પછી જે વસ્તુ ગસ્બ કરી હતી એ જ વસ્તુ પાછી દેવી જોઈએ પણ તેમાં એટલો ખ્યાલ રહે કે તેની સર્વ ખાસિયતો ગસ્બ અને ગુમ કરેલી વસ્તુ જેવી જ હોવી જોઈએ. જેમકે, જો ઊંચા પ્રકારના ચાવલ ગસ્બ કર્યા હોય, તો નીચલા પ્રકારના ચાવલ નહીં દઈ શકે.

**મસઅલો ૨૫૭૮** : અગર કોઈ બકરાં ઘેટાં અથવા એ પ્રકારનો માલ ગસ્બ કરે અને તે ગુમ થાય કે બરબાદ થઈ જાય, અને બજારમાં તેની કિંમતમાં કંઈ ફેર ન પડયો હોય, પણ જેટલી મુદત ગસ્બ કરનાર પાસે એ રહ્યા હોય તે અરસામાં કોઈ એવી સિફત પેદા થઈ જાય કે તેની કિંમત વધી જાય એટલે કે તંદુરસ્ત થઈ ગયા પછી ગુમ થાય. અને જો આ તંદુરસ્ત થવું ગાસિબના ધ્યાન રાખવાના કારણે ન હોય તો જરૂરી છે કે તે સમયની કિંમત અદા કરે કે જ્યારે તે તંદુરસ્ત હતુ પણ જો તેનું સારૂં

ધ્યાન રાખવાના કારણે તે તંદુરસ્ત થયુ હોય તો જરૂરી નથી કે વધેલી કિંમત અદા કરે.

**મસઅલો ૨૫૭૯** : અગર કોઈ ગાસિબ પાસેથી બીજો કોઈ આવીને એ વસ્તુ ગસ્બ કરે, અને એ વસ્તુ ગુમ કે બરબાદ થઈ જાય, તો અસલ માલનો ધણી બંને પાસેથી ઉઘરાણી કરવાનો હક ધરાવશે. અથવા બંને પાસેથી વળતરરૂપે અલગ અલગ અમુક ભાગ ઉઘરાવી શકશે. એ માલના વળતરરૂપે પહેલો ગાસિબ જે કાંઈ ધણીને આપે, તે પહેલો ગાસિબ બીજા ગાસિબ પાસેથી લઈ શકશે, પણ જો બીજો ગાસિબ ધણીને કંઈપણ વળતરરૂપે ચૂકવે, તો એણે જે કાંઈ આપ્યું હોય તે પહેલાં ગાસિબ પાસેથી નહીં ઉઘરાવી શકે.

**મસઅલો ૨૫૮૦** : અગર કોઈ વસ્તુ એવી રીતે વહેંચવામાં આવે કે તેમાં મામલાની એકાદ જરૂરી શરત ન હોય, જેમકે જે વસ્તુનું વજન રૂપે ખરીદ વહેંચાણ થતું હોય, તે વસ્તુ માટે વજનનો ઉલ્લેખ ન કરવામાં આવે, તો એ મામલો બાતિલ છે. અલબત્ત, અગર ખરીદનાર અને વહેંચનાર એવી અવગણના કરીને સોદાથી રજામંદ થાય, કે એકબીજાના માલનો ઉપયોગ કરે, તો તેમાં હરજ નથી. અગર રજામંદ ન હોય તો એકબીજા પાસેથી હાંસિલ કરેલા માલનો હુકમ ગસ્બી જેવો થશે; અને બંનેની ફરજ થશે કે એકબીજાનો માલ પાછો આપે. અને જો બંનેના કબજામાં આવેલો એવો માલ ગુમ કે બરબાદ થઈ જાય તો તેનુ

વળતર આપવુ પડશે, ચાહે એ મામલો બાતિલ હોવાની જાણ તેમને હોય કે ન હોય.

**મસઅલો ૨૫૮૧** : અગર કોઈ શખ્સ માલ વહેંચનાર પાસેથી તપાસ કરવા માટે માલ લ્યે, અથવા અમુક સમય પોતા પાસે રાખે કે જો પસંદ પડશે તો ખરીદશે, અને તે દરમ્યાન એ માલ ગુમ કે બરબાદ થાય તો મશ્હૂર કોલ પ્રમાણે એની ફરજ છે કે માલના ધણીને તેનુ વળતર આપે.

## ખોવાય ગયેલી વસ્તુ મેળવવાના અહેકામ

**મસઅલો ૨૫૮૨** : અગર જાનવર સિવાય કોઈ બીજા પ્રકારની ખોવાયેલી વસ્તુ ઈન્સાનને મળે, અને તેના ઉપર કોઈ એવી નિશાની ન હોય કે જે વડે માલિક જાણી શકાય, તો ચાહે તેની કિંમત ૧ દિરહમ (૧૨.૬) ચણાના વજન જેટલી સિક્કેદાર ચાંદીથી ઓછી હોય કે ન હોય, ઈન્સાન પોતાના માટે એ વસ્તુ લઈ શકશે. પણ એહતિયાતે મુસ્તહબ છે કે તેના માલિક વતી ફકીરોને સદકારૂપે આપે, તેમજ તે રકમ બાબતે પણ આ જ હુકમ લાગુ પડશે જેમાં કોઈપણ નિશાની ન હોય, પરંતુ જો જગ્યા અને સમય ઓળખનું કારણ બની શકે તેમ હોય તો પછીના મસઅલા પ્રમાણે એલાન કરવું જરૂરી છે.

**મસઅલો ૨૫૮૩** : જયારે કોઈને એવી વસ્તુ મળે કે જેના ઉપર એવી નિશાની હોય કે જે વડે તેના માલિકની ઓળખ થઈ શકતી હોય, અને જો તેની કિંમત એક દિરહમ

સુધી થતી હોય, તો જે દિવસથી એ મળે તે દિવસથી એક વર્ષ સુધી જયાં લોકો એકત્રિત થતા હોય ત્યાં એલાન કરવુ જોઈએ, ભલેપછી એને જાણ હોય કે એનો માલિક એવો ગેરમુસ્લીમ છે કે જેનો માલ ઈસ્લામમાં સુરક્ષિત છે અને જો તેની કિંમત એક દિરહમથી ઓછી હોય તો એહતિયાતે વાજિબ એ છે કે તેના વતી સદકારૂપે આપે જ્યારે માલિક મળે અને સદકારૂપે આપવા સંબંધી રજામંદ ન હોય, તો તેના માલનો બદલો વળતરરૂપે આપે.

**મસઅલો ૨૫૮૪** : અગર ઈન્સાન પોતે એલાન ન કરવા માંગે, તો પોતા વતી કોઈ પણ વિશ્વાસુ શખ્સ મારફતે એલાન કરાવી શકે છે.

**મસઅલો ૨૫૮૫** : અગર એક વર્ષ સુધી એલાન બાદ માલનો માલિક ન મળે, તો અગર એ માલ મક્કાના હરમ સિવાયની જગ્યાએ મળ્યો હોય, તો એ માલને માલિક વતી પોતા પાસે એ નિય્યતે રાખી શકે છે કે જયારે માલિક મળશે, ત્યારે તેને સુપરત કરી આપશે, ત્યાંસુધી તે ચીજનો સાચવણી સાથે ઉપયોગ કરવામાં વાંધો નથી અથવા માલિક વતી એ માલ ફકીરો વચ્ચે સદકો આપે અને અહવતે વાજિબ છે કે એ માલને પોતા માટે ન લ્યે અને જો એ માલ હરમમાં મળ્યો હોય તો એહતિયાતે વાજિબ છે કે તેને સદકારૂપે આપે.

**મસઅલો ૨૫૮૬** : અગર એક વર્ષ સુધી એલાન કર્યા બાદ માલિકનો પતો ન મળે, અને ઈન્સાને એ માલને માલિક વતી પોતા પાસે રાખ્યો હોય, પણ એ દરમિયાન માલ ગુમ કે બરબાદ થઈ જાય, અને જો માલની

હિફાઝતમાં એણે કોઈ કોતાહી ન કરી હોય, અને સાચવણીના સામાન્ય નિયમોનું ઉલ્લંઘન ન કર્યુ હોય, તો એ જવાબદાર નહીં થાય. પણ જો માલિકવતી સદકારૂપે આપી દીધો હોય, તો માલિકને ઈખ્તેયાર રહેશે કે ચાહે તો તે પ્રત્યે રજામંદી દર્શાવે, અથવા માલનુ વળતર માંગે, એવા સંજોગોમાં સદકાનો સવાબ સદકો દેનાર માટે લેખાશે.

**મસઅલો ૨૫૮૭** : જે શખ્સને માલ મળ્યો હોય, તે જાણીબુજીને જણાવેલા હુકમ અનુસાર એલાન ન કરે, તો એ ગુનેહગાર ગણાશે. તે ઉપરાંત જો અત્યારે એલાન કરવામાં ફાયદો થવાની શક્યતા હોય, તો એલાન કરવું વાજિબ થશે.

**મસઅલો ૨૫૮૮** : અગર નાબાલિગ બચ્ચાને અથવા દિવાનાને કોઈ માલ મળે, કે જેના ઉપર નિશાની હોય, અને તેની કિંમત એક દિરહમ થતી હોય, તો એનો જે વલી હોય તે એલાન કરી શકશે બલ્કે જો એ વસ્તુ વલીના કબજામાં પહોંચી ગઈ હોય તો તેના ઉપર વાજિબ છે કે એલાન કરે, અગર એક વર્ષ એલાન કર્યા બાદ માલનો ધણી હાજર ન થાય તો મસઅલા ૨૫૮૫ માં જણાવ્યા અનુસાર વર્તે.

**મસઅલો ૨૫૮૯** : અગર ઈન્સાન વર્ષ દરમિયાન એલાન કરીને માલના ધણીને પામવા સંબંધી નાઉમેદ થઈ જાય, તો પછી હાકીમે શરઅની રજા લઈને એહતિયાતની રૂએ તે માલ સદકારૂપે આપે.

**મસઅલો ૨૫૯૦** : અગર કોઈ શખ્સ વર્ષ દરમિયાન

એલાન કરતો રહ્યો હોય, અને તે અરસામાં માલ ગુમ કે નાબૂદ થઈ જાય, તો જો તેના રક્ષણમાં કચાશ કરી હોય, અથવા તેને સાચવણીના નિયમોનું ઉલ્લંઘન કર્યું હોય, તો તેનુ વળતર આપવા માટે જવાબદાર બનશે, અને એલાન કરવાનું જારી રાખશે. પણ જો એણે કચાશ કે સાચવણીના નિયમોનું ઉલ્લંઘન ન કર્યુ હોય તો તેના ઉપર કોઈ વસ્તુ વાજિબ નથી.

**મસઅલો ૨૫૯૧** : અગર કોઈ શખ્સને નિશાનદાર વસ્તુ કે જેની કિંમત એક દિરહમની થતી હોય, એવી જગ્યાએ મળે કે જયાં ખબર હોય કે વર્ષ સુધી એલાન કરવા છતાં એનો માલિક નહીં મળે, તો પછી પહેલે જ દિવસે એના માલિક વતી, એહતિયાતે વાજિબની રૂએ હાકીમે શરઅની રજા લઈને, સદકારૂપે ફકીરોને આપી દેવું જોઈએ, અને વર્ષ તમામ થાય ત્યાં સુધી વાટ ન જોવી જોઈએ.

**મસઅલો ૨૫૯૨** : અગર કોઈ શખ્સને વસ્તુ મળે, અને એમ સમજીને કે એની પોતાની માલિકીની છે, એ લઈ લ્યે, અને પછીથી ખબર પડે કે એ પારકી વસ્તુ છે, તો ઉપરોકત જણાવેલા મસાઈલમાં જે હુકમો છે તે લાગુ પડશે.

**મસઅલો ૨૫૯૩** : જયારે ખોવાયેલી વસ્તુ મળે, ત્યારે એવી રીતે એલાન કરવું જોઈએ કે અગર તેનો માલિક સાંભળે તો એને એ ગુમાન થાય કે એનો માલ છે. અલબત્ત, જુદા જુદા સંજોગોમાં જુદી જુદી રીતે એલાન

થઈ શકશે. ઘણીવાર એલાનમાં એટલુંજ કહેવું કાફી છે કે મને એક ખોવાયેલી વસ્તુ મળી છે. પણ બીજા સંજોગોમાં એ વસ્તુના પ્રકારને જણાવવું પડે છે, જેમકે, કહેવું પડે કે મને સોનાનો ટુકડો મળ્યો છે. એથી વિશેષ અમુક સંજોગોમાં વસ્તુની વિશિષ્ટતા પણ બયાન કરવી પડે. જેમકે, મને સોનાની એરીંગની જોડી મળી છે. પણ એટલો ખ્યાલ રહે કે દરેક સંજોગમાં મળેલી વસ્તુના સર્વ ગુણો બયાન ન કરવા જોઈએ, કે જેથી એ વસ્તુ નક્કી થઈ જાય. એલાન એવી જગ્યાએ કરવું જોઈએ. જ્યાં તેના માલિકને ખબર મળવાની શક્યતા વધારે હોય.

**મસઅલો ૨૫૯૪** : અગર કોઈને વસ્તુ મળે, અને બીજો આવીને દાવો કરે કે એનો માલ છે, અને તેની નિશાનીઓ પણ બયાન કરે, તો જયારે એને સંપૂર્ણ યકીન થાય કે એ ખરો માલિક છે, તે વસ્તુ તેને આપી દેશે. અને તે માટે એવી ઝીણવટભરી નિશાનીઓ માંગવાની જરૂરત નથી કે જેના તરફ સામાન્ય રીતે માલના માલિકનું પણ ધ્યાન હોતુ નથી.

**મસઅલો ૨૫૯૫** : અગર કોઈ શખ્સને એવી વસ્તુ મળે કે જેની કીંમત એક દિરહમ થતી હોય, પણ એલાન કરવાને બદલે એ વસ્તુને મસ્જિદમાં, અથવા એવી જગ્યાએ રાખે કે જયાં લોકો ભેગાં થતા હોય, જેને પરિણામે એ ગુમ કે નાબૂદ થઈ જાય, અથવા કોઈ બીજો લઈ જાય તો એ શખ્સ જવાબદાર રહેશે.

**મસઅલો ૨૫૯૬** : અગર ઈન્સાનને એવી વસ્તુ મળે

કે જે એક વર્ષ સુધી સલામત ન રહી શકતી હોય, તો જેટલો સમય સલામત રહી શકે ત્યાં સુધી સંપૂર્ણ રીતે રક્ષણ કરે, કે જેથી તેની એ વિશિષ્ટતાઓ કે જેના ઉપર તેની કિંમતનો આધાર છે, તેમાં કશો ફેર ન પડે. અને એ મુદ્દત દરમિયાન એહતિયાતે વાજિબ છે કે એ વિશે એલાન કરે. અને જો તેમ કર્યા બાદ માલિક હાજર ન થાય તો એહતિયાત છે કે હાકીમે શરઅ અથવા તેના વકીલની રજાથી તેની કિંમત આંકીને વેંચ્યા બાદ જે રકમ મળે તેને સંભાળીને રાખે, તે વિશે એક વર્ષ સુધી એલાન જારી રાખ્યા પછી પણ જો માલિક ન મળે, તો મસઅલા ૨૫૮૫ મુજબ અમલ કરે.

**મસઅલો ૨૫૯૭ :** અગર કોઈ શખ્સ મળેલ વસ્તુ વુઝુ કરતી વખતે અથવા નમાઝ પઢતી વખતે પોતાની પાસે રાખતો હોય, અને તેનો માલિક જયારે મળે ત્યારે તેને સુપરત ન કરવા માંગતો હોય, તો પણ તેનુ વઝુ કે નમાઝ બાતિલ નહીં થાય.

**મસઅલો ૨૫૯૮ :** અગર કોઈ શખ્સના જોડાં, બૂટ કોઈ લઈ જાય. અને તેની જગ્યાએ બીજી બૂટની જોડી રાખવામાં આવી હોય, અને જો એને ખબર હોય કે રાખવામાં આવેલી જોડી તે શખ્સની છે કે જે એના જોડાં પહેરી ગયો છે, અને એ રાજી છે કે તેના બદલામાં સામે પડેલી જોડી પહેરી લ્યે, તો તે પહેરી શકશે. એવી જ રીતે જો એને જાણ હોય કે એના જોડાં નાહક રીતે અથવા

ઝુલ્મના હેતુથી ઉપાડી લેવામાં આવ્યા છે, પણ તે સંજોગમાં એટલો ખ્યાલ રાખે કે રાખેલી જોડીની કિંમત પોતાના જોડાં કરતા વધારે ન હોય, નહીંતર ભાવફેરના વધારા ઉપર મજહુલુલ માલિકનો હુકમ લાગુ પડશે. અને ઉપરોકત બે સંજોગો સિવાય એ જોડાં ઉપર મજહુલુલ માલિકનો હુકમ લાગુ પડશે.

**મસઅલો ૨૫૯૯** : અગર ઈન્સાનના કબ્જામાં મજહુલુલ માલિકનો માલ હોય, કે જેનો ધણી માલૂમ ન હોય, તો એ ખોવાયેલી વસ્તુના હુકમમાં ન ગણાય. એવા સંજોગમાં જો એને ઈત્મેનાન હોય કે માલનો માલિક રાજી હશે કે તે માલનો ઉપયોગ કરે, તો જાઈઝ છે; અને એ ઈત્મેનાન ગમે તે રીતે હાંસિલ કર્યો હોય, કાફી છે. નહીંતર લાઝિમ છે કે માલના માલિકની શોધ કરે, અને જયાં સુધી એને અનુમાન હોય કે શોધ ફાયદાકારક નીવડશે ત્યાં સુધી શોધ કરતો રહે. જયારે માયુસ થાય, ત્યારે એ માલને ફકીરોમાં સદકારૂપે આપે. પણ એહતિયાતે વાજિબ છે કે હાકીમે શરઅની રજાથી લ્યે. અને જો ત્યારપછી માલિક હાજર થાય, તો જો અપાયેલ સદકા માટે રજામંદ ન થાય તો એહતિયાતે વાજિબની રૂએ તેને માલનું વળતર આપે.

## શિકાર અને ઝિબ્હ કરવાના એહકામ

**મસઅલો ૨૬૦૦** : જાનવર ચાહે જંગલી હોય કે પાલતુ, તેને જો હવે પછી જણાવવામાં આવેલ હુકમ અનુસાર ઝિબ્હ કરવામાં આવે, તો એ જાનવરના મરી

ગયા બાદ તેનું ગોશ્ત હલાલ અને તેનું શરીર પાક છે. સિવાય એ હરામ જાનવરો કે જેનું ગોશ્ત શરીઅતે હરામ કરેલ છે, કે જેનો સવિસ્તાર ઉલ્લેખ ખાવા પીવાના મસાઈલમાં આવશે. ઉપરાંત ઊંટ, માછલી અને તીડ હલાલ થવા માટે અલગ રીત છે, જેના મસાઈલ આગળ જતાં આવશે.

**મસઅલો ૨૬૦૧** : જે જંગલી પશુઓ કે પક્ષીઓનું ગોશ્ત હલાલ છે, જેમકે હરણ, ચકોર અને પહાડી બકરા વિગેરે, અથવા એ પાલતું જાનવરો કે જે જંગલી થઈ જાય, જેમકે, ગાય, ઊંટ કે જે જંગલમાં નાસી છુટયા હોય તેનો હવે પછી જણાવેલા હુકમો અનુસાર શિકાર કરવામાં આવે, તો એ પાક અને હલાલ ગણાશે. પણ પાલતું જાનવરો, જેમકે ઘેટાં બકરાં, મુરઘી, અથવા એવા જંગલી પ્રાણીઓ કે જેનું ગોશ્ત હલાલ છે, તેને પાળીને તરબીયત કરીને, પાલતું બનાવવામાં આવેલ હોય, તેનો શિકાર કરવાથી એ પાક હલાલ નહીં થાય.

**મસઅલો ૨૬૦૨** : જે જંગલી પ્રાણીનું હલાલ ગોશ્ત હોય, તેનો જો શિકાર કરવામાં આવે, તો ફક્ત એ સંજોગમાં પાક અને હલાલ ગણાશે કે તેમાં નાસી છૂટવા કે ઉડી જવા માટે શસક્ત હોય. પરિણામે અગર કોઈ હરણનું નાનું બચ્ચું શિકાર કરે કે જે ભાગી ન શકે, અથવા નાનકડાં ચકોરનો શિકાર કરે કે જેમાં ઉડી શકવાની શક્તિ ન હોય, તો એ પાક, હલાલ નહીં થાય. જો હરણ અને તેના બચ્ચાનો એક જ તીર કે ગોળીથી શિકાર કરે, અને એ બચ્ચામાં ભાગી શકવાની શક્તિ ન હોય, તો હરણ હલાલ

ગણાશે, પણ બચ્ચું હરામ છે.

**મસઅલો ૨૬૦૩** : હલાલ ગોશ્તવાળું પ્રાણી કે જેનું લોહી ઉછળીને ન નીકળતું હોય, જેમકે, માછલી, તે અગર આપમેળે મરી જાય, તો એ પાક છે, પણ તેનું ગોશ્ત નહીં ખાઈ શકાય.

**મસઅલો ૨૬૦૪** : હરામ ગોશ્તવાળું પ્રાણી કે જેનું ખૂન ઉછળીને ન નીકળતું હોય, જેમકે, સાંપ અને ઘો, તેનું મુડદું પાક છે, પણ તેને ઝિબ્હ કરવાથી એ હલાલ નહીં થાય.

**મસઅલો ૨૬૦૫** : કુતરો અને સુવ્વર ઝિબ્હ કરવાથી કે શિકાર કરવાથી પાક થતા નથી, અને એ બંનેનું ગોશ્ત પણ હરામ છે. અને એવીજ રીતે નાના જાનવરો જે દરમાં રહે છે અને તેને અગર જો ઝિબ્હ કરવામાં આવે તો તેનું ખૂન ઉછળીને નીકળે છે જેમકે ઉંદર અને ખિસ્કોલી વગેરે તેઓને શિકાર કરવા કે ઝિબ્હ કરવાથી ગોશ્ત અને ચામડી પાક નહિ થાય.

**મસઅલો ૨૬૦૬** : હરામ ગોશ્ત જાનવરની ચામડી અને ગોશ્ત (એ જાનવરો સિવાય કે જેનો ઉપરોક્ત મસાઈલમાં ઝિક્ર થઈ ગયો છે) ઝિબ્હ કરવાથી અથવા શિકાર કરવાથી પાક થઈ જાય છે. ભલે પછી તે જાનવર ફાડી ખાનાર હોય કે ન હોય. એટલે સુધી કે હાથી, ચિત્તો, વાંદરો (ફકીહોના ફતવામાં મતભેદ હોય છે), પરંતુ જો હરામ ગોશ્ત જાનવરનો શિકાર કુતરા દ્વારા કરવામાં આવે. તો તેના પાક થવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૨૬૦૭ :** અગર જીવતા જાનવરના પેટથી મુડદા બચ્ચું જન્મે, અથવા બહાર કાઢવામાં આવે તો તેનું ગોશ્ત ખાવું હરામ છે.

## ઝિબ્હ કરવાની રીત

**મસઅલો ૨૬૦૮ :** જાનવરને ઝિબ્હ કરવાની રીત એ છે કે તેની ગરદનની ચાર ધોરી નસોને પૂરી રીતે કાપવામાં આવે, અને જો તેમને ફક્ત ચીરી નાખે, અથવા આખી ડોક કાપી નાખે, તો એહતિયાતે વાજિબની રૂએ એ કાફી નથી. અને એ ચાર ધોરી નસોનું કાપવું ત્યારે શક્ય બને કે જયારે ગળાની નીચે ઉપસેલી ગાંઠને એવી રીતે કાપે કે જેને પરિણામે શ્વાસની નળી, ખોરાકની નળી અને શ્વાસની નળીની બંને બાજુએ બે જાડી નળીઓ જ્યાંથી જુદી પડે છે ત્યાંથી કપાઈ જાય.

**મસઅલો ૨૬૦૯ :** અગર એ ચાર ધોરી નસોમાંથી અમુકને કાપે અને પછી રાહ જોવે કે હૈવાન મરી જાય, ત્યાર પછીની બાકીની નસો કાપે, તો ફાયદો નથી. પણ જો ચારેય નળીઓને જાનવર મરી જાય એથી પહેલાં કાપી નાખે. તો પણ એ હૈવાન પાક અને હલાલ ગણાશે. ભલેપછી તે નળીઓ એક પછી એક તરત જ કાપવામાં ન આવી હોય.

**મસઅલો ૨૬૧૦ :** અગર વરૂ કોઈ ઘેટાં બકરાની ગરદન એવી રીતે ફાડે, કે જે ચારનળીઓને કાપવાની જરૂરત છે તેમાંથી કાંઈ પણ બાકી ન રહેવા પામે, તો એ ઘેટું બકરૂં હરામ ગણાશે. અને જો ડોક બાકી જ ન રહેવા

પામે તો પણ એ જ હુકમ લાગુ પડશે. બલ્કે જો ગરદનનો અમુક ભાગ ચીરી નાખે, અને એ ચાર નસો માથામાં કે શરીર સાથે લટક્તી રહી જાય, તો પણ એહતિયાતે વાજિબની રૂએ એ જાનવર હરામ ગણાશે. પણ અગર એ શરીરના કોઈ બીજા ભાગને ફાડી ખાય, અને હજી ઘેટું કે બકરામાં જીવ બાકી હોય, તો શરીઅતમાં જણાવ્યા અનુસાર ઝિબ્હ થવાથી એ હલાલ અને પાક ગણાશે.

## ઝિબ્હ કરવા માટેની શરતો

**મસઅલો ૨૬૧૧ :** ઝિબ્હ કરવા માટેની અમુક શરતો છે :

(૧) હૈવાનને ઝિબ્હ કરનાર પુરૂષ કે સ્ત્રીનું મુસલમાન હોવું જરૂરી છે. અને જો મુસ્લિમ બાળક સારૂં નરસું સમજી શકે એ વયે પહોંચ્યું હોય, તો એ પણ ઝિબ્હ કરી શકે છે. પરંતુ એહલે કિતાબ સિવાયના કાફરો, અથવા પોતાને મુસલમાન કહેવડાવતા અમુક ફિરકાઓ કે જેમનો હુકમ કાફિરનો છે, જેમકે, નાસબી, તેઓ જો ઝિબ્હ કરે તો હૈવાન હલાલ નહીં થાય, બલ્કે એહલે કિતાબ કાફર જો ઝિબ્હ કરે અને બિસ્મીલ્લાહ પણ પઢે, તો પણ એહતિયાતે વાજિબની રૂએ એ હૈવાન હલાલ નહીં ગણાય.

(૨) ઝિબ્હ વખતે હૈવાનનું માથું એ ઓજારથી કાપવું જોઈએ કે જે લોખંડનું હોય. એહતિયાતે વાજિબની રૂએ સ્ટીલના ચાકુથી કાપવું કાફી નથી. પણ અગર એ ન હોય, તો કોઈ પણ તેજ ધારદાર વસ્તુ, જેમકે, ધારવાળા પત્થર અથવા કાંચથી ઝિબ્હ કરી શકાશે. ભલેપછી ઝિબ્હ કરવા માટે

તાત્કાલીક જરૂરત ઉભી થઈ ન હોય.

(૩) ઝિબ્હ વખતે હૈવાનનું મોઢું કિબ્લા તરફ હોવું જોઈએ, અને બેઠેલા કે ઉભેલા પ્રાણી કિબ્લા તરફ એ જ રીતે હોવું જોઈએ જે રીતે નમાઝની હાલતમાં ઈન્સાન કિબ્લા તરફ હોય છે. અગર હૈવાનને જમણી અથવા ડાબી બાજુએ સુવડાવવામાં આવ્યું હોય. તો પછી તેની ઝિબ્હની જગ્યા અને પેટ કિબ્લા તરફ હોવું જોઈએ. તેના પગ, હાથ કે ચહેરો કિબ્લા તરફ હોવા જરૂરી નથી.

જે શખ્સ જાણતો હોય કે જાનવરને ઝિબ્હ કરતી વખતે કિબ્લા તરફ કરવું જરૂરી છે, તે જાણીબુજીને તેમ ન કરે, તો હૈવાન હરામ ગણાશે; પણ જો ભૂલી જાય, અથવા મસઅલાથી અજાણ હોય, અથવા કિબ્લાને નિયુકત કરવામાં ભૂલ કરે, અથવા કિબ્લો કઈ તરફ છે એ ન જાણતો હોય, અથવા કોઈ કારણસર હૈવાનને કિબ્લા તરફ રાખવો શક્ય ન હોય જેમકે હૈવાન સરકશ (તોફાની) હોય કૂવામાં પડવાની તૈયારીમાં હોય અથવા કિબ્લા તરફ મોઢું કરવા જતા મરી જવાની બીક હોય અથવા એવા મુસલમાન ઝિબ્હ કરે જેઓ ઝિબ્હ વખતે કિબ્લો જરૂરી નથી માનતા તો પણ વાંધો નથી. એહતિયાતે મુસ્તહબ છે કે ઝિબ્હ કરનારનું મોઢું કિબ્લા તરફ હોય.

(૪) જયારે ઝિબ્હ કરવું હોય ત્યારે, અથવા ઝિબ્હ કરવાની સાથે, ખુદાનું નામ લેવું જરૂરી છે અને જો માત્ર બિસ્મીલ્લાહ કહે અથવા અલ્લાહો અકબર કહે તો કાફી છે, બલ્કે ફકત અલ્લાહ કહે તો પણ કાફી છે જોકે એહતિયાત વિરૂધ્ધ છે.

માટે જો કોઈ શખ્સ અલ્લાહનું નામ લ્યે, પણ ઝિબ્હના કસદ માટે ન હોય તો એ હૈવાન પાક નહીં થાય, અને તેનું ગોશ્ત હરામ ગણાશે. તેમજ જો મસઅલો ન જાણવાના કારણે નામ ન લ્યે તો પાક નહી થાય પણ અગર કોઈ શખ્સ ભૂલી જવાને કારણે અલ્લાહનું નામ ન લ્યે તો વાંધો નથી.

(૫) ઝિબ્હ બાદ ગરદનની નસો કપાઈ જવા પછી જાનવરમાં હરક્ત રહેવી જોઈએ, ચાહે એ આંખના ડોળાં અથવા પૂછડીને હરક્ત આપે, અથવા પોતાના પગ જમીન ઉપર પછાડે, પણ આ હુકમ એવા સંજોગ માટે છે કે જેમાં ઝિબ્હ વખતે હૈવાનનું જીવંત હોવું શક ભરેલું હોય, અગર શક ન હોય તો આ શરત લાઝિમ નથી.

(૬) ઝિબ્હ બાદ હૈવાનના શરીરમાંથી સામાન્ય રીતે જેટલું લોહી વહી જવું જોઈએ, તે માટે કોઈ રૂકાવટ ન હોવી જોઈએ, માટે જો નસોમાં લોહી રોકાય જાય, જેના કારણે સામાન્ય રીતે તે પ્રકારના હૈવાનમાંથી જેટલુ લોહી વહેતુ હોય એટલુ લોહી વહે નહી, તો એ હૈવાન હલાલ નહીં થાય. અલબત્ત, જે લોહીનું ઓછું નીકળવું એ કારણસર હોય કે ઝિબ્હ પહેલા હૈવાનના શરીરમાંથી લોહી નીકળી જવા પામ્યું હોય, તો વાંધો નથી.

(૭) હૈવાનનું ઝિબ્હ ઈરાદાપૂર્વક હોવું જોઈએ. હાથમાં છરી હોય અને હૈવાનનું ગળું વગર ઈરાદે ઝિબ્હ કરે અથવા ઝિબ્હ કરનાર ઊંઘ, નશા કે બેહોશીમાં હોય અથવા દીવાનો અથવા એવું બાળક જે સમજણ શક્તિ ન રાખતું હોય

તેના હાથમાં ચાકુ હોય અને હૈવાનની ગરદન ઉપર ઈરાદા વગર ફેરવે. બનવાકાળ તેની ગરદન કપાઈ જાય તો હલાલ નહી થાય.

**મસઅલો ૨૬૧૨** : એહતિયાતે વાજિબની રૂએ હૈવાન મરી જાય એથી પહેલાં તેનું માથું શરીરથી જૂદું કરી લેવું જાઈઝ નથી, ભલેપછી તેમ કરવાથી તેનું ગોશ્ત હરામ નહીં થઈ જાય. પણ અગર ગફલતને કારણે અથવા છરી તિક્ષ્ણ હોવાને કારણે માથું ધડથી જુદું થઈ જાય તો વાંધો નથી. એવી જ રીતે એહતિયાતે વાજિબ છે કે હૈવાનનું દમ નીકળી જાય એથી પહેલાં તેનું ગળું ચીરીને તેની સફેદ નસ કે જે કરોડજજુ વડે પૂછડી સુધી પહોંચે છે તેને કાપી નાખવી જાઈઝ નથી.

## ઊંટને નહર કરવાની રીત

**મસઅલો ૨૬૧૩** : અગર કોઈ શખ્સ ઊંટને નહર કરવા માંગે કે જેથી એ એના માટે પાક અને હલાલ થઈ શકે, તો એ તમામ શરતો જે બાકીના પ્રાણીઓને ઝિબ્હ માટે બ્યાન થયા છે તે પૂરી કર્યા બાદ લોઢાની છરી અથવા કોઈ લોઢાનું તિક્ષ્ણ હથિયારને ઊંટની ગરદન અને છાતી વચ્ચેના ઊંડા ભાગમાં ઘોંચે. બેહતર એ છે કે ઊંટ એ વખતે ઉભું હોય.

**મસઅલો ૨૬૧૪** : અગર કોઈ શખ્સ ગરદનની ઊંડાણમાં છરી ઘોંચવાને બદલે ઊંટનું માથું ધડથી જુદું કરી નાખે, અથવા ઘેટાં,બકરાં, ગાય વિગેરેને ઊંટની જેમ નહર કરે તો એ સર્વેનું ગોશ્ત હરામ થઈ જશે, અને તેમનું

શરીર પણ નજીસ ગણાશે. પણ જો ઊંટની ગરદનની ચાર ધોરી નસોને કાપ્યા બાદ ઊંટ અગર હજી જીવતું હોય, અને એ હાલતમાં તેના ગરદનના ઊંડાણમાં છૂરી ઘોંચી દ્યે, તો એ હલાલ અને પાક ગણાશે. એવી જ રીતે જો ઘેટાં બકરાં, ગાય વિગેરેની ગરદનમાં છુરી વિગેરે ઘોંચવામાં આવે, અને એ જીવતા હોય તે જ હાલતમાં તેમને ઝિબ્હ કરવામાં આવે તો એ હલાલ અને પાક છે.

**મસઅલો ૨૬૧૫** : અગર કોઈ હૈવાન મસ્ત અને તોફાની બની જાય, જેને પરિણામે એ કાબૂમાં ન આવે અને એને શરીઅતના હુકમ પ્રમાણે ઝિબ્હ કરવું શક્ય ન હોય. અથવા દાખલા તરીકે, એ કૂવામાં પડી જાય, અને એવુ અનુમાન થાય કે એ તેમાં મરી જશે, અને એને શરઈ રીતે ઝિબ્હ કે નહર નહીં કરી શકાય, તો એવા સંજોગમાં તેના શરીરના ગમે તે ભાગને જખ્મી કે ઘાયલ કરે કે જેથી એ ઘાને પરિણામે મરી જાય, તો એ હલાલ ગણાશે, અને તે માટે કિબ્લા તરફ તેનું હોવું લાઝિમ નથી, પણ એ સિવાયની શરતો જે ઝિબ્હમાં આલેખવામાં આવી છે, તે મોજૂદ હોવી જોઈએ.

## ઝિબ્હ માટે મુસ્તહબ બાબતો

**મસઅલો ૨૬૧૬** : ફોકહાએ (ખુદા એમના ઉપર પોતાની રજામંદી ઉતારે) અમુક બાબતોને ઝિબ્હ વખતે મુસ્તહબ કરાર આપેલ છે, જે નીચે મુજબ છે :

(૧) ઘેટાં બકરાંને ઝિબ્હ કરતી વખતે તેના બે હાથો અને એક પગને બાંધી લેવા જોઈએ, અને બીજા પગને છુટો

મૂકવો જોઈએ, અને ગાયને ઝબ્હ કરતી વખતે હાથ અને પગને સાથે બાંધવા જોઈએ અને પુછડી છુટી મૂકવી જોઈએ. ઊંટને નહર કરતી વખતે, અગર એ બેઠું હોય, તો તેના બે હાથોને નીચે ગોઠણ અથવા તેના બગલની નીચેના ભાગ સાથે બાંધી લેવા જોઈએ, અને તેના પગો છુટા રાખવા જોઈએ. અને અગર ઉભો હોય તો તેના ડાબા પગને બાંધવો જોઈએ. મુસ્તહબ છે કે પક્ષીને ઝિબ્હ કર્યા બાદ છુટ્ટુ મૂકી દેવામાં આવે કે જેથી પાંખ પીછાં ફફડાવી શકે.

(૨) ઝિબ્હ કર્યા પહેલાં હૈવાન સામે પાણી મૂકવું જોઈએ.

(૩) ઝિબ્હ એવી રીતે કરે કે પ્રાણીને ઓછામાં ઓછી તકલીફ થાય, જેમકે, છુરી વિગેરેની ધાર તેજ અને તિક્ષ્ણ રાખે, અને ઝિબ્હનું કામ શક્ય તેટલી ઉતાવળે પતાવે.

## ઝિબ્હ માટે મકરૂહ બાબતો

**મસઅલો ૨૬૧૭ :** અમુક રિવાયતો મુજબ નીચે મુજબના કાર્યો ઝિબ્હ સમયે મકરૂહ છે.

(૧) હૈવાનનું દમ નીકળે એથી પહેલાં તેની ચામડી ઉતારવી વિગેરે

(૨) એવી જગ્યાએ જાનવરને ઝિબ્હ કરવું કે જયાં એ જ પ્રકારનું બીજું જાનવર તેને જોઇ રહ્યું હોય.

(૩) રાતના ઝિબ્હ કરવું અથવા જુમ્આના ઝોહરની નમાઝના સમય પહેલાં ઝિબ્હ કરવું. પણ જરૂરતના સંજોગમાં કોઈ વાંધો નથી.

(૪) જે જાનવરને ઈન્સાને પોતે પાળ્યુ હોય તેને પોતાને

હાથે ઝિબહ કરવું.

## હથિયાર વડે શિકાર કરવાના એહકામ

**મસઅલો ૨૬૧૮ :** અગર હલાલ ગોશ્તવાળું જંગલી પશુનો હથિયાર વડે શિકાર કરવામાં આવે, અને પરિણામે એ મરી જાય, તો પાંચ શરતે એ હલાલ અને પાક ગણાશે. (૧) શિકાર માટેનું હથિયાર છરી અથવા તલવારની જેમ ધારદાર કાપનાર વસ્તુ હોય, યા નેઝા કે તીરની જેમ અણીદાર હોય, જો ભાલો અણીદાર હોય તે ઝખ્મી કર્યા વગર પણ હૈવાનને મારી નાખે તો કાફી છે, પરંતુ જો ભાલો અણીદાર ન હોય તો હલાલ થવા માટે જરૂરી છે કે હૈવાનના શરીરને ઝખ્મી કરીને ચીરી નાખે, અગર જાળ અથવા લાકડાથી શિકાર કરે અને જાનવર મરી જાય તો પાક નહિ થાય અને ખાવું હરામ છે. એહતિયાતે વાજિબની રૂએ હથિયાર સિવાય બીજી ધારદાર અથવા અણીદાર વસ્તુથી શિકાર કરવાનો આ જ હુકમ છે. જેમ કે મોટી અણીદાર સોય કબાબ શેકવાના સળિયા વિગેરેથી કે જે હૈવાનના બદનને ચીરી નાખે, માટે જો કોઈ શખ્સ જાળ પાથરી, કે લાકડી અથવા પત્થરથી મારીને શિકાર કરે, તો એ રીતે મરેલું જાનવર પાક નહીં ગણાય, અને એનું ગોશ્ત ખાવું હરામ થશે. અગર બંદુકથી શિકાર કરે, અને તેમાંથી નીકળતી ગોળીઓ એટલી તેજ હોય કે હૈવાનના શરીરમાં પેસીને તેને ચીરી નાખે, તો એ હૈવાન પાક અને હલાલ છે. જરૂરી નથી ગોળીઓ લોઢાની હોય ચાહે તે ગોળી અણીદાર હોય કે ન હોય, પણ જો માત્ર ટકકરને દબાણના વેગથી શરીરમાં પેસીને હૈવાનને મારી નાંખે, અથવા તેની

ગરમી અને આંચને પરિણામે જાનવરના શરીરને બાળી નાખે, અને એ બળતરાને કારણે હૈવાન મરી જાય, તો તેના માટે હલાલ અને પાક હોવામાં ઈશ્કાલ છે.

(૨) શિકાર કરનાર મુસલમાન હોવો જોઈએ, અથવા એ મુસ્લિમ બાળક કે જે સારૂં નરસું પારખી શકવાની વયે પહોંચ્યું હોય તે શિકાર કરે. અગર એહલે કિતાબ સિવાયના કાફરો, અથવા એ ફિરકાઓ કે જે કાફરનો હુકમ ધરાવે છે, જેમકે, નાસબી વિગેરે શિકાર કરે, તો એ હલાલ નથી. બલ્કે અહલે કિતાબ કાફર શિકાર કરે, અને ખુદાનું નામ પણ ઉચ્ચારે, તો પણ એહતિયાતે વાજિબની રૂએ એ હૈવાન હલાલ નહીં ગણાય.

(૩) હથિયારનો ઉપયોગ એ હૈવાનને મારવા માટે થયો હોવો જોઈએ. અગર કોઈ બીજા નિશાન તરફ ચીંધ્યો હોય, અને અનાયાસે હૈવાનને લાગતાં એ મરી જાય, તો એ હૈવાન પાક અને હલાલ નહીં ગણાય. પરંતુ અગર કોઈ ખાસ હૈવાનનું નિશાન લઈ અને બીજા હૈવાનને લાગી જાય તો પાક અને હલાલ છે.

(૪) હથિયારના ઉપયોગ સમયે અલ્લાહનું નામ લેવું જોઈએ. અને નિશાન ઉપર ઘા લાગે એથી પહેલા પણ જો અલ્લાહનું નામ ઉચ્ચારી લ્યે તો અકવાની રૂએ કાફી છે. પણ જો જાણી જોઈને અલ્લાહનું નામ ન લ્યે, તો શિકાર હલાલ નહીં થાય. અલબત્ત, જો ભૂલી જવાથી એમ થાય તો વાંધો નથી.

(૫) એવા સમયે શિકાર પાસે પહોંચે કે તે મરી ગયું હોય; અથવા જો જીવતું હોય તો એટલો સમય ન હોય કે તેને

ઝિબ્હ કરી શકે, પરંતુ જો ઝિબ્હ કરવા જેટલો સમય હોય અને તે છતાં ઝિબ્હ ન કરે, અને જાનવર મરી જાય, તો હરામ ગણાશે.

**મસઅલો ૨૬૧૯** : અગર બે જણ સાથે મળીને એક હૈવાનનો શિકાર કરે અને તેમાંનો એક શરીઅતે મૂકેલી શરતો મુજબ અમલ કરે, જયારે બીજો તે મુજબ અમલ ન કરે, જેમકે, એક અલ્લાહનું નામ લ્યે, અને બીજો જાણી જોઈને અલ્લાહનું નામ ન લ્યે, તો એ હૈવાન હલાલ નહીં ગણાય.

**મસઅલો ૨૬૨૦** : અગર શિકાર કરેલા હૈવાનને તીર કે ગોળી લાગી ગઈ હોય,અને તે બાદ, દાખલા તરીકે, એ પાણીમાં પડી જાય અને ઈન્સાનને ખબર હોય કે એ તીર કે ગોળી લાગવાથી અને પાણીમાં પડી જવાથી હૈવાન મરી ગયું છે, તો એ હલાલ નથી. બલ્કે જો એને યકીન ન હોય કે માત્ર તીર કે ગોળી લાગવાથી મરણ પામ્યું છે, તો એ પણ હલાલ નહીં ગણાય.

**મસઅલો ૨૬૨૧** : અગર ગસ્બ કરેલા શિકારી કુતરા અથવા ગસ્બી હથિયાર વડે શિકાર કરવામાં આવે, તો શિકાર હલાલ ગણાશે, અને શિકારી એ હૈવાનનો માલિક ગણાશે. પણ તે છતાં શિકારી ગુનેહગાર થશે, અને તેની ફરજ છે કે ગસ્બ કરેલા કુતરા અથવા હથિયારના ઉપયોગ બદલ તેના ધણીને ભાડૂ આપે.

**મસઅલો ૨૬૨૨** : અગર શિકાર માટેના હથિયાર વડે, જેમકે, તલવારથી, હૈવાનના કોઈ અંગને કાપી નાખે,

જેમકે, તેના હાથ યા પગ જુદા કરી નાખે, તો એ જુદુ પડેલુ અંગ હરામ ગણાશે. પણ જો હૈવાનને મસઅલા ૨૬૧૮માં જણાવેલ પૂરી શરતો સાથે ઝિબ્હ કરે, તો શરીરના બાકી રહેલા ભાગો હલાલ ગણાશે.

એવી જ રીતે ઉપરોકત શરતો સાથે અગર શિકારી હૈવાનના શરીરના બે ટુકડા કરી નાખે, અને તેમાં એક ભાગમાં માથું અને ગરદન હોય, અને શિકારી જયારે એની નઝદીક પહોંચે ત્યારે એનું દમ નીકળી ગયું હોય, તો એ બંને ભાગો હલાલ ગણાશે. અને જો એ સમયે હૈવાનમાં જીવ બાકી હોય, પણ ઝિબ્હ કરવા માટે પૂરતો સમય ન હોય, તો પણ એ જ હુકમ છે.

અલબત્ત, અગર ઝિબ્હ કરવા માટે સમય હોય અને જેટલી વાર હૈવાન જીવતો રહે એ શકય હોય, તો જે ભાગમાં માથું, ગરદન નથી એ હરામ ગણાશે અને જે ભાગમાં માથું અને ગરદન હોય તેને શરીઅત મુજબ ઝિબ્હ કરે તો હલાલ થશે. નહીંતર એ પણ હરામ ગણાશે.

**મસઅલો ૨૬૨૩ :** અગર કોઈ હૈવાનનો શિકાર એવી વસ્તુથી કરે કે જે જાઈઝ નથી. જેમકે પત્થર, લાકડી-વિગેરે અને એને પરિણામે હૈવાનના શરીરના બે ટુકડા થઈ જાય, તો જે ભાગમાં માથું અને ગરદન ન હોય તે ભાગ હરામ ગણાશે અને જે ભાગમાં માથું અને ગરદન હોય, અને તેમાં જીવ બાકી હોય, અને ઝિબ્હ કર્યા સુધી જીવતા રહેવાની શકયતા હોય, અને તેને શરઈ હુકમ પ્રમાણે ઝિબ્હ કરે, તો એ હલાલ થશે. નહીંતર એ બીજો ભાગ

પણ હરામ ગણાશે.

**મસઅલો ૨૬૨૪** : અગર કોઈ જાનવરનો શિકાર કરવામાં આવે, અથવા તેને ઝિબ્હ કરે, અને તેના પેટમાંથી જીવતું બચ્ચું નીકળે તો એને જો શરઈ હુકમ અનુસાર ઝિબ્હ કરવામાં આવે તો હલાલ ગણાશે, નહીં તો હરામ છે.

**મસઅલો ૨૬૨૫** : અગર શિકાર અથવા ઝિબ્હ કરેલા જાનવરના પેટમાંથી મુડદા બચ્ચું નીકળે, તો જો તે બચ્ચું હૈવાનના મરી ગયા પહેલાં મરેલું ન હોય, અથવા તો પેટમાંથી બહાર લઈ આવવામાં થયેલી ઢીલને કારણે મરેલું ન હોય, અને એ બચ્ચાનો વિકાસ સંપૂર્ણ થઈ ગયો હોય, એટલે કે તેના રૂવાં અથવા ઊન વિગેરે ઉગી નીકળયા હોય, તો એ પાક અને હલાલ છે.

## શિકારી કુતરા વડે શિકારના એહકામ

**મસઅલો ૨૬૨૬** : અગર કોઈ હલાલ ગોશ્તવાળા જંગલી પ્રાણીનો શિકાર શિકારી કુતરા વડે કરવામાં આવે, તો તેના પાક અને હલાલ થવા માટે છ શરતો છે :

(૧) કુતરાની એવી કેળવણી અને તરબીયત થઈ હોવી જોઈએ કે જયારે તેને શિકાર માટે મોકલવામાં આવે, ત્યારે જાય, અને જયારે રોકવામાં આવે, ત્યારે અટકી જાય. પણ જો શિકાર કરેલા પ્રાણી સુધી પહોંચી ગયા બાદ, અને તેને જોઈ લીધા બાદ તેની ઉત્સુક્તા રોકી ન શકાય, તો તેમાં વાંધો નથી. અને એ પણ જરૂરી નથી કે શિકારી કુતરાને એવી રીતે કેળવે કે જયાં સુધી પોતે શિકારી હૈવાન

પાસે ન પહોંચે ત્યાર સુધીમાં તેમાંથી કશુંય ન ખાય. બલ્કે જો એની ટેવ પડી હોય કે શિકારી પોતે આવી પહોંચે એથી પહેલા તેમાંથી થોડું ખાઈ લેતો હોય, એહતિયાતે વાજિબની રૂએ તેની આદત એવી હોય કે જ્યારે માલિક તેની પાસે શિકાર લેવા ચાહે ત્યારે વિરોધ ન કરે તો વાંધો નથી. અને જો શિકાર કરેલા પ્રાણીનું લોહી ચાટી જવાની ટેવ પડી હોય તો પણ વાંધો નથી.

(૨) કુતરાના ધણીએ તેને શિકાર માટે મોકલ્યો હોવો જોઈએ, પરંતુ જો કુતરો પોતે પ્રાણીની પાછળ દોડી તેનો શિકાર કરે, તો એ હૈવાન હરામ થશે. બલ્કે અગર કુતરો પોતાની ઈચ્છાએ કોઈ હૈવાનની પાછળ દોડી રહ્યો હોય, અને એ સમયે તેનો ધણી બૂમ પાડી ઝડપથી શિકાર તરફ દોડવા માટે પ્રેરે, તો ભલેપછી એ માલિકની બૂમને કારણે ઝડપથી દોડયો હોય, તો પણ એહતિયાતે વાજિબની રૂએ એ હૈવાનનું ગોશ્ત ખાવાથી પરહેઝ કરવું જોઈએ.

(૩) શિકાર માટે કુતરાને મોકલનાર મુસલમાન હોવો જોઈએ, જેની પૂરી વિગતો, હથિયાર વડે ઝિબ્હ કરવાના મસાઈલમાં, આપી ચૂક્યા છીએ.

(૪) જયારે કુતરાને મોકલે ત્યારે શિકારી અલ્લાહનું નામ લ્યે; અને જો જાણીબુજીને ન લ્યે તો હૈવાન હરામ ગણાશે, પણ જો ભૂલી જાય તો વાંધો નથી.

(૫) શિકાર થયેલો હૈવાન કુતરાના દાંત વડે લાગેલા જખ્મથી મરી ગયો હોવો જોઈએ, પરંતુ જો કુતરો શિકારને ગળું દબાવીને મારી નાખે, અથવા એ પ્રાણી ખૂબ દોડવાને

કારણે, અથવા ખોફને કારણે મરી ગયું હોય, તો એ હલાલ નહીં ગણાય.

(૬) શિકારી જયારે શિકાર થયેલા હૈવાન સુધી પહોંચે ત્યારે એ મરી ગયું હોવું જોઈએ, અથવા જો હજી તેમાં જીવ બાકી હોય, તો ઝિબ્હ કરવા જેટલો સમય બાકી ન રહ્યો હોવો જોઈએ. અલબત્ત એનું કારણ એ ન હોય કે શિકાર કર્યા બાદ ત્યાં સુધી પહોંચવામાં અસાધારણ ઢીલ કરી હોય.

પણ અગર શિકારી એવા સમયે પહોંચે કે ઝિબ્હ કરવા જેટલો સમય હોય, તે છતાં ઝિબ્હ ન કરે, અને હૈવાન એમ જ મરી જાય, તો એ હલાલ નથી.

**મસઅલો ૨૬૨૭** : જે ઈન્સાન શિકારી કુતરા વડે શિકાર કરે, અને એવા સમયે હૈવાન પાસે પહોંચે કે તેને ઝિબ્હ કરવા જેટલો સમય હોય, પણ એ માટે પૂર્વ તૈયારીમાં એ સમય નીકળી જાય, જેમકે, છુરી વિગેરે બહાર કાઢવામાં એટલો સમય વીતે, કે એ અરસામાં હૈવાન મરી જાય, તો એ હલાલ ગણાશે. પણ જો એની પાસે કોઈ એવી વસ્તુ જ ન હોય કે જેના વડે એ હૈવાનને ઝિબ્હ કરી શકે, અને એ મરી જાય. તો એહતિયાતે વાજિબની રૂએ એ હલાલ નહીં થાય. અલબત્ત, એવા સંજોગમાં જો એ હૈવાનને છુટ્ટુ મૂકે કે જેથી શિકારી કુતરો તેને મારી નાખે, તો હલાલ ગણાશે.

**મસઅલો ૨૬૨૮** : અગર એકથી વધુ શિકારી કુતરાઓ વડે શિકાર કરે, અને તેઓ સાથે મળીને હૈવાનનો શિકાર કરે, અને જો મસઅલા ૨૬૨૬ માં જણાવેલ શરતો તે

સર્વેમાં હોય, તો હૈવાન હલાલ ગણાશે; પણ જો એમાંથી એક પણ કુતરામાં જણાવેલી શરતો પૂરી ન થતી હોય, તો શિકાર થયેલ પ્રાણી હરામ ગણાશે.

**મસઅલો ૨૬૨૯ :** અગર શિકારી કુતરાને કોઈ એક પ્રાણીના શિકાર માટે છોડયો હોય, અને એ બીજા પ્રાણીનો શિકાર કરે, તો એ હલાલ અને પાક ગણાશે, અને જો એ જ હૈવાન સાથે બીજાનો પણ શિકાર કરે, તો બંને પાક અને હલાલ ગણાશે.

**મસઅલો ૨૬૩૦ :** અગર એકથી વધુ શિકારીઓ સાથે મળીને એક શિકારી કુતરાને શિકાર કરવા માટે મોકલે,અને તેમાંથી એક શિકારી જાણીબુજીને અલ્લાહનું નામ ન લ્યે તો એ હૈવાન હરામ ગણાશે. એવી જ રીતે અગર મોકલેલા કુતરાઓમાં એકપણ એવો હોય કે જેની તરબીયત મસઅલા ૨૬૨૬ માં જણાવ્યા મુજબ ન થઈ હોય, તો એ હૈવાન હરામ ગણાશે.

**મસઅલો ૨૬૩૧ :** અગર બાજપક્ષી વડે અથવા શિકારી કુતરા સિવાય કોઈ બીજા પશુ કે પક્ષી વડે શિકાર કરવામાં આવે, તો એ હૈવાન હલાલ નહીં થાય. પણ જો શિકારી હૈવાન પાસે એવા સમયે પહોંચી જાય કે એમાં હજી જીવ બાકી હોય, અને તેને શરીઅતના હુકમ પ્રમાણે ઝિબ્હ કરે, તો હલાલ ગણાશે.

## માછલી અને તીડના શિકારના એહકામ

**મસઅલો ૨૬૩૨ :** અગર માછલી ઉપર કુદરતી રીતે ભીંગડાં હોય, ભલેપછી કોઈ કારણસર એ તેના શરીર ઉપરથી ખરી પડ્યા હોય, અને તેને પાણીમાંથી જીવતી

પકડી હોય, અને એ પાણીની બહાર મરે, તો તેનું ખાવું હલાલ છે. અલબત્ત જો પાણીમાં જ મરી જાય, ભલે પછી ઝહેરથી મરી ગઈ હોય, તો તેનું શરીર પાક છે, પણ ખાવું હરામ છે. પણ જો માછીમારની જાળમાં ફસાયા બાદ પાણીમાં મરી જાય તો એ માછલી ખાવી હલાલ છે.

જે માછલીમાં કુદરતી રીતે ભીંગડાં ન હોય, તેને ભલેપછી જીવતી પકડવામાં આવે, અને પાણીની બહાર આવીને એ મરે, તો પણ એ ખાવી હરામ છે.

**મસઅલો ૨૬૩૩** : અગર માછલી પાણીની બહાર આવી પડે, અથવા મોજાં એને ઉછાળીને બહાર ફેંકે, અથવા પાણી ઉતરી જતાં એ પાણીની બહાર પડી રહે, અને જો કોઈ શખ્સ, એ મરી જાય એથી પહેલાં, હાથે અથવા કોઈ પણ સાધન વડે એને પકડી લ્યે, તો મરી જવા બાદ એ હલાલ ગણાશે. પણ પકડવા પહેલાં મરી જાય તો હરામ છે.

**મસઅલો ૨૬૩૪** : માછીમાર માટે જરૂરી નથી કે મુસલમાન હોય, અને એ પણ જરૂરી નથી કે માછલી પકડતી વખતે અલ્લાહનું નામ લેવાય. પણ જરૂરી છે કે મુસલમાને ગેરમુસ્લીમ પાસેથી માછલી ખરીદવા પહેલાં પોતે જોયું હોય અથવા બીજી રીતે ઈત્મેનાન મેળવ્યું હોય કે માછલી પાણીમાંથી જીવતી પકડવામાં આવી હતી અથવા એ કે માછીમારની જાળમાં ફસાઈને પાણીમાં મરી ગઈ હતી.

**મસઅલો ૨૬૩૫** : જે માછલી માટે માલૂમ ન હોય કે પાણીમાંથી જીવતી પકડવામાં આવી હતી કે મુડદા, અને જો મુસલમાન પાસેથી લેવાની હોય, જે તેનો એવો

ઉપયોગ કરે જેના તેના હલાલ હોવાનું સૂચન કરે જેમકે તે વેચવા અથવા ખાવાના ઉપયોગમાં લ્યે તો હલાલ ગણાશે. અને જો ગેરમુસ્લીમ પાસેથી લેવાની હોય, તો ભલેપછી એ એમ કહે કે માછલી જીવતી પાણીમાં પકડવામાં આવી હતી, તો હરામ છે, સિવાય કે ઈન્સાનને ઈત્મેનાન થઈ જાય કે જીવતી પકડી હતી અથવા માછીમારની જાળમાં ફસાઈને પાણીમાં મરી હતી.

**મસઅલો ૨૯૩૬** : જીવતી માછલી ખાઈ શકાય છે.

**મસઅલો ૨૯૩૭** : અગર જીવતી માછલી શેકવામાં આવે, અથવા પાણીની બહાર મારી નાખવામાં આવે, તો એ ખાઈ શકાય છે.

**મસઅલો ૨૯૩૮** : અગર પાણીમાંથી કાઢયા બાદ માછલીને બે ટુકડા કરવામાં આવે અને એક ભાગ કે જેમાં હજી જીવ બાકી હોય તે પાણીમાં પડી જાય, તો પાણીની બહાર રહી ગયેલ ભાગ જાઈઝ છે.

**મસઅલો ૨૯૩૯** : અગર તીડને હાથો વડે અથવા બીજા કોઈ સાધનથી જીવતી પકડવામાં આવે, તો એના મરી ગયા પછી એ હલાલ ગણાશે, અને તેના માટે શરત નથી કે પકડનાર મુસલમાન હોય, અથવા પકડતી વખતે અલ્લાહનું નામ લીધું હોય. પણ જો કાફર પાસે મુડદા તીડ હોય, અને એને જીવતી પકડી હતી કે નહીં તેની જાણ ન હોય, તો ભલે એ એમ કહેતો હોય કે જીવતી પકડી હતી, તો પણ તે હરામ ગણાશે.

**મસઅલો ૨૯૪૦** : જે તીડની હજી પાંખો ન ઊગી હોય તેમજ ઊડી ન શકે તો તેનું ખાવુ હરામ છે.

# ખાવા પીવાની વસ્તુઓને લગતા એહકામ

**મસઅલો ૨૬૪૧ :** જે પક્ષીઓ ફાડી ખાનાર હોય, જેમકે ગીધ, ગરૂડ કે બાજ, અને તેના નહોરવાળા પંજા હોય, તે હરામ છે; એહતિયાતે વાજિબની રૂએ બધી રીતના કાગડા અને કોયલ હરામ છે અને જાહેર એ છે કે જે પક્ષીઓ ઉડતી વખતે પાંખો ઓછી મારે, અને હવામાં ખુલ્લી પાંખો સાથે સરકતા હોય, તેમ નહોરદાર પંજા ધરાવતા હોય, એ હરામ છે. એથી ઉલટું જે પક્ષીઓ ઉડતી વખતે પાંખો વધુ મારતા હોય, અને સરકવું ઓછા પ્રમાણમાં હોય, તે હલાલ છે. આ સિધ્ધાંતની રૂએ ઉડવાની રીત ઉપરથી હલાલ અને હરામ ગોશ્ત પક્ષીઓ પારખી શકાય. પણ જો એનાથી સ્પષ્ટ રીતે નિર્ણય ન લઈ શકાય, તો જે પક્ષીને બીજું જઠર (જેમાં ખોરાકનો છુંદો થાય છે) હોય, અથવા તેના પગના પંજાના ઉપરના હિસ્સામાં કાંટા હોય તો એ હલાલ છે; અને જો એમાંથી કાંઈ પણ ન હોય તો એ હરામ છે.

પરંતુ બીજા પક્ષીઓ, ઉપરોકત સિવાય, જેમકે મુરઘી, કબૂતર, ચકલીઓ, એટલે સુધી કે શાહમૃગ અને મોર પણ હલાલ છે.પણ હુદહુદ, અબાબીલ અને અમુક પ્રકારની ચકલીઓને મારી નાખવું મકરૂહ છે.

અને જે પક્ષીઓને ઉડ્ડયન શક્તિ છે, પણ પાંખો નથી, જેમકે ચામાચિડીયું, તો એ હરામ છે, અને એવી જ

રીતે મધમાખી, ભમરો, મચ્છર અને બીજા સર્વે ઉડતા જંતુઓને પણ એહતિયાતે વાજિબની રૂએ એ જ હુકમ છે.

**મસઅલો ૨૬૪૨** : અગર જીવતા હૈવાનના શરીરનો એ ભાગ કે જેમાં જીવ છે, તેને કાપવામાં આવે, જેમકે ચરબીવાળી પૂંછડી કે અમુક ગોશ્ત જીવતા હૈવાનમાંથી કાપવામાં આવે, તો એ નજિસ અને હરામ ગણાશે.

**મસઅલો ૨૬૪૩** : હલાલ ગોશ્તવાળા પ્રાણીના શરીરના અમુક ભાગો હરામ છે, અને તે ચૌદ છે:

(૧) ખૂન, (૨) પાયખાનું, (૩) અને (૪) નર કે માદાની પેશાબની નળી અને શરમગાહ, (૫) બચ્ચાદાની, (૬) ગ્રંથિઓ, (૭) વૃષણ અથવા અંડ, (૮) મગજમાં જે ચણાના રૂપમાં ગ્રંથિ હોય છે તે, (૯) હરામ ચરબીની નળી કે જે કરોડર્જ્જુ વચ્ચેથી પસાર થાય છે, (૧૦) એહતિયાતે વાજિબની રૂએ ચરબીની તે નળીઓ જે કરોડર્જ્જુની બંને બાજુએથી પસાર થાય છે, (૧૧) પિત્તાશય, (૧૨) પ્લીહા કે બરોળ, (૧૩) મૂત્રાશય, (૧૪) આંખના ડોળાં.

આ બધી ચીજો પક્ષીઓ, માછલી અને તીડ સિવાયના હલાલ ગોશ્ત જાનવરની હરામ છે, પરંતુ પક્ષીઓનું ખૂન અને પાખાનું કંઈપણ શંકા વગર હરામ છે, એ સિવાયના અંગો એહતિયાતે વાજિબની રૂએ હરામ છે. માછલીનું ખૂન અને પાખાનું હરામ છે તે સિવાયના

અંગો હરામ નથી તીડનું પાખાનું હરામ છે તે સિવાયના અંગો હરામ નથી.

**મસઅલો ૨૬૪૪** : હરામ ગોશ્તવાળા પ્રાણીઓનું પેશાબ પીવું હરામ છે, બલ્કે હલાલ ગોશ્તવાળા પ્રાણીનું – ઊંટ સહીત–પેશાબ પીવું પણ એહતિયાતે વુજુબીની રૂએ હરામ છે. પણ જો ઊંટ, ગાય કે ઘેટાં બકરાંનું પેશાબ ઈલાજ અર્થે પીવું પડે તો વાંધો નથી.

**મસઅલો ૨૬૪૫** : માટી ખાવી હરામ છે, અને એહતિયાતે લાઝીમની રૂએ ધૂળ, રેતી ખાવી પણ હરામ છે.અલબત્ત, મજબૂરીની હાલતમાં ઈલાજ અર્થે દાગસ્તાન કે અરમેનીયાની માટી ખાવી જાઈઝ છે. તેમજ થોડીક એક ચના જેટલી ખાકે શિફા ઈમામ હુસૈન અલય્હિસ્સલામની મઝાર મુબારકની માટી શફા ખાતર ખાવી જાઈઝ છે. પોતે તુરબતથી ન લીધી હોય તેને ખાકે શિફા કહી શકાય તેમ હોય તો એહતિયાતે વાજિબની રૂએ એ ખાક શિફાનો થોડોક ભાગ પાણીમાં એવી રીતે ઘોળીને પીવે કે જેથી પાણી સાથે એકરસ થઈ જાય. એહતિયાતની રૂએ એવી માટી જે બાબતે યકીન ન હોય કે તુરબતથી લેવામાં આવી છે તે બાબતનો કોઈ ગવાહ ન હોય તેના માટે પણ આ જ હુકમ છે.

**મસઅલો ૨૬૪૬** : નાકનું પાણી, સળેખમ કે બલગમ મોઢામાં આવી પછી ઉતારી લેવું હરામ નથી. દાંત ખોતરતી વખતે જે અનાજનો ભાગ બહાર આવે તેને ઉતારી લેવામાં વાંધો નથી.

**મસઅલો ૨૬૪૭ :** જે વસ્તુ ખાવાથી મૃત્યુ નીપજે, અથવા ઈન્સાન માટે નોંધપાત્ર નુકસાનકારક હોય, તેનો આહાર (ખોરાક) હરામ છે.

**મસઅલો ૨૬૪૮ :** ઘોડા, ખચ્ચર અને ગધેડાનું ગોશ્ત ખાવું મકરૂહ છે, અને અગર કોઈ એ જાનવરો સાથે બદફેલી કરે, તો એ જાનવરો હરામ થઈ જશે. બલ્કે એહતિયાતે વાજિબની રૂએ બદફેલી બાદ એ જાનવરોની નસલ અને દૂધ પણ હરામ ગણાશે. તેમજ એનું પેશાબ, પાયખાનુ નજિસ છે. અને જરૂરી છે કે એ જાનવરોને શહેરથી બહાર લઈ જઈ કોઈ બીજી જગ્યાએ વહેંચી નાખે, અગર જે જાનવર સાથે બદફેલી કરી હોય એ પોતાની માલિકીનું ન હોય, તો જે એનો માલિક હોય તેને બદફેલી કરનાર એ જાનવરની કિંમત ચૂકવશે. વહેચેલ જાનવરની કિંમત બદફેઅલી કરનારની માલિકીની થશે.

અગર કોઈ શખ્સ હલાલ ગોશ્તવાળા પ્રાણીઓ, જેમકે ગાય, ઘેટાં બકરાં સાથે બદફેલી કરે, તો એ પ્રાણીઓનું પેશાબ, પાયખાનું નજિસ ગણાશે, અને એમનું ગોશ્ત ખાવું હરામ થશે. બલ્કે એમનું દૂધ એહતિયાતે વાજિબની રૂએ પીવું હરામ છે, અને બદફેલી બાદ એ જાનવરોની પેદા થનાર નસલ પણ હરામ ગણાશે. એવા જાનવરોને તરત જ મારી નાખીને બાળી મૂકવા જોઈએ; અને જો એ જાનવરો બદફેલી કરનારની માલિકીના ન હોય, તો જે માલિક હોય તેને બદફેલી કરનાર કિંમત ચૂકવી આપે.

**મસઅલો ૨૬૪૯ :** જે બકરીનું બચ્ચું સુવ્વરનું એટલું દૂધ પીવે કે તેથી તેના શરીરમાં માંસ અને હાડકાં મજબૂત થાય, તે બકરૂં અને તેની નસલ હરામ ગણાશે. પણ જો એથી ઓછા પ્રમાણમાં દૂધ પીધું હોય, તો એહતિયાતે વાજિબની રૂએ તેનો ઈસ્તબ્રા થવો જોઈએ, જે બાદ એ હલાલ ગણાશે, અને તેનો ઈસ્તબ્રા એ છે કે સાત દિવસ સુધી પાક દૂધ પીવે, અને જો દૂધ પીતું બચ્ચું ન હોય, તો તેને સાત દિવસ સુધી ઘાંસચારો આપવો જોઈએ.

એહતિયાતે વાજિબની રૂએ એ જ હુકમ ઘેટાંના બચ્ચાંને, ગાયના વાછરડાને અને તમામ હલાલ ગોશ્ત પ્રાણીઓના બચ્ચાઓને લાગુ પડશે. ઉપરાંત નજિસખોર હૈવાનનું ગોશ્ત પણ હરામ છે, સિવાય કે તેના હલાલ થવા માટે ઈસ્તબ્રા થાય, જેની પૂરી કેફીયત મસઅલા ૨૧૯માં બયાન થઈ છે.

**મસઅલો ૨૬૫૦ :** દારૂ પીવું હરામ છે, અને અમુક હદીસોમાં એ તમામ ગુનાહો કરતા બદતર ગુનાહ તરીકે વર્ણવામાં આવ્યું છે. હઝરત ઈમામ જાફરે સાદિક અલય્હિસ્સલામે ફરમાવ્યું : દારૂ તમામ બદીઓનું મૂળ છે, અને ગુનાહોનું જન્મસ્થાન છે. જે શખ્સ શરાબ પીવે છે, તે ભાન, અકલ ગુમાવી બેસે છે, અને એ પળોમાં પોતાના પરવરદિગારને ભૂલાવી નાખે છે, (માટે) નશાની પળોમાં કોઈ નાફરમાની કરવાથી ડરતો નથી, અને કોઈના એહતેરામની પરવા કરતો નથી, એટલે સુધી કે પોતાના કુટુંબીઓ અને સ્વજનોના હકો પણ જાળવતો નથી.

જાહેરમાં બદીઓ કરતા શરમાતો નથી, જેથી અંતે ઈમાનની રૂહ અને અલ્લાહની માઅરેફત એના શરીરમાંથી નીકળી જાય છે, અને ખબીસ, નાપાક રૂહ, જે અલ્લાહની રહેમતથી દૂર હોય છે, તે તેના શરીરમાં બાકી રહે છે, તે ખુદા, ફરિશ્તાઓ અને મુઅમીનો તરફથી લઅનતનો પાત્ર બને છે, અને ચાળીસ દિવસ સુધી તેની નમાઝ કબૂલ થતી નથી. (તેમ છતા વાજિબ છે નમાઝ પઢવી અને સહીહ છે).

**મસઅલો ૨૬૫૧** : જે સુફરા ઉપર દારૂ પીવાઈ રહ્યું હોય, તે સુફરા ઉપર બેસીને કાંઈ પણ ખાવું હરામ છે. એવી રીતે એ સુફરા ઉપર માત્ર બેસવું એહતિયાતે વાજિબની રૂએ હરામ છે.

**મસઅલો ૨૬૫૨** : દરેક મુસલમાન ઉપર વાજિબ છે પોતાની આસપાસ મૃત્યુને આંગણે પહોંચેલ ભૂખ્યા તરસ્યા મુસ્લિમ બિરાદરને ખોરાક અને પાણી આપી મોતથી નજાત અપાવે. એ વાતનું ધ્યાન રાખવું જોઈએ તેને નજાત દેવામાં પોતાની જાનને ખતરો ન હોય. આ જ હુકમ ગૈર મુસલમાન માટે છે, કારણ કે તે ઈન્સાન છે. અને ઈન્સાનનું કત્લ જાઈઝ નથી.

## જમવાના આદાબ

**મસઅલો ૨૬૫૩** : ખોરાક લેતી વખતે અમુક બાબતો મુસ્તહબ ગણાય છે :

(૧) ખાવા પહેલા બંને હાથો ધોઈ લેવા. (૨) ખાઈ લીધા

પછી બંને હાથ ધોઈ, ટુવાલ વિગેરેથી લૂછી લેવા. (૩) મેજબાન સૌથી પહેલાં ખાવાની શરૂઆત કરે, પણ સૌથી છેલ્લે પોતાનો હાથ ખેંચે, અને જમવા પહેલા સૌથી પ્રથમ પોતાનો હાથ ધોવે, અને તે પછી જમણી બાજુએ બેઠેલાઓ હાથ ધોવે, એવી રીતે એક પછી એક આગળ વધીને છેલ્લે તેની ડાબી બાજુએ બેઠેલા મહેમાન હાથ ધોવે. જમીને પછી હાથ ધોવા માટે મેજબાનની ડાબી બાજુએ બેઠેલો મહેમાન પ્રથમ આગળ વધે, એટલે સુધી કે મેજબાનનો વારો આવશે. (૪) ખાવાનું શરૂ કર્યા પહેલાં બિસ્મીલ્લાહ કહેવું, અને જો સુફરા ઉપર જાતજાતની વાનગીઓ હોય, તો દરેક વાનગી ખાવા પહેલા બિસ્મીલ્લાહ કહેવું મુસ્તહબ છે. (૫) જમણા હાથે ખાવું. (૬) લુકમો ત્રણ આંગળીઓ અથવા એથી વધુ વડે ખાવો. બે આંગળીઓ વડે ન ખાવો. (૭) અગર સુફરા ઉપર ઘણા જમવાવાળા સાથે બેઠાં હોય, તો દરેક પોતાની સામેથી ખાઈ. (૮) લુકમો નાનો રાખવો. (૯) સુફરા ઉપર લાંબા સમય સુધી બેસવું, અને આહારને લંબાવવું. (૧૦) ખોરાકને પૂરી રીતે ચાવીને ખાવું. (૧૧) ખાઈ લીધા બાદ ખુદાનો શુક્ર અદા કરવો. (૧૨) જમી પરવારીને આંગળીઓ ચાટવી. (૧૩) ખાઈ લીધા બાદ દાંત ખોતરવા, પણ તે માટે રયહાનની ખુશ્બૂદાર ડાળખી કે ખજૂરના પાંદડાનો, વાંસ કે દાડમની ડાળખીઓનો ઉપયોગ ન કરવો. (૧૪) સુફરાની બહાર ખોરાકનો જે હિસ્સો પડી ગયો હોય, તે એકઠો કરીને ખાઈ જવો. પણ જો જંગલમાં

કે વાડી વિગેરેમાં ખાધું હોય, તો જે ખોરાકનો ભાગ સુફરાની બહાર પડી જાય, તેને પક્ષીઓ અને અન્ય જાનવરો માટે મૂકી આપવું મુસ્તહબ છે. (૧૫) દિવસની શરૂઆતમાં અને રાતની શરૂઆતમાં ખાવું અને એ દરમિયાન દિવસમાં કે રાતમાં કોઈ પણ આહાર ન લેવો. (૧૬) જમી પરવારીને પીઠ ઉપર સૂવું, અને જમણા પગને ડાબા પગ ઉપર મૂકવું. (૧૭) ખાવા પહેલા અને પછી નમક ચાખવું. (૧૮) ફળ ખાતા પહેલાં ફળને પાણીથી ધોઈ લેવા.

## જમતી વખતે મકરૂહ બાબતો

**મસઅલો ૨૬૫૪** : આહાર સમયે અમુક વસ્તુઓ અનિચ્છનીય ગણાવવામાં આવી છે :

(૧) પેટ ભરેલું હોય ત્યારે જમવું. (૨) બહુ વધારે જમવું. હદીસમાં છે કે અલ્લાહની નજરમાં ભરપેટ ખાવું સૌથી અગમ્ય વસ્તુ છે. (૩) જમતી વખતે બીજાઓના ચહેરા સામે જોવું. (૪) ગરમ ખોરાક ખાવો. (૫) ખાવાની કે પીવાની વસ્તુ ઉપર ફૂંક મારવી વિગેરે. (૬) સુફરા ઉપર રોટલી આવી જાય તે બાદ અન્ય વાનગીની રાહ જોવી. (૭) રોટલીને છુરીથી ટુકડા કરવા. (૮) રોટલી વાનગીનાં પાત્ર નીચે રાખવી. (૯) હાડકાં ઉપર ચોંટેલું માંસ એવી રીતે ખાવું કે તેના ઉપર કાંઈ ન રહેવા પામે. (૧૦) જે ફળો છાલ સાથે ખવાય છે તેની છાલ ઉતારવી. (૧૧) ફળને પૂરી રીતે ખાધા વગર ફેકી દેવું.

## પાણી પીવાના આદાબ

**મસઅલો ૨૬૫૫** : પીવાના અમુક આદાબો છે : (૧) પાણી ચૂસીને પીવું. (૨) દિવસના ભાગમાં પાણી ઉભા રહીને પીવું. (૩) પાણી પીવા પહેલાં બિસ્મીલ્લાહ, અને બાદમાં અલ્હમ્દોલિલ્લાહ કહેવું. (૪) ત્રણ શ્વાસે પાણી પીવું. (૫) પાણીની તલબ થાય ત્યારે પીવું. (૬) પાણી પી લીધા બાદ હઝરત ઈમામ હુસૈન અલય્હિસ્સલામ અને તેમના એહલેબૈત અલય્હેમુસ્સલામને યાદ કરી, આપના કાતીલો ઉપર લાનત કરવી વિગેરે.

## પાણી પીતી વખતે મકરૂહ બાબતો

**મસઅલો ૨૬૫૬** :

(૧) વધુ પ્રમાણમાં પીવું. (૨) ચરબી, તેલ-ઘી વાળો ખોરાક ખાધા બાદ પાણી પીવું. (૩) રાતના સમયે ઉભા રહીને પીવું ખરાબ ગણવામાં આવ્યું છે. (૪) ડાબા હાથે પાણી પીવું. (૫) કૂંજો જ્યાંથી તૂટી ગયો હોય ત્યાંથી અને જયાં તેનો હાથો હોય ત્યાંથી પાણી પીવું.

## નઝર અને અહદના એહકામ

**મસઅલો ૨૬૫૭** : નઝર એટલે ઈન્સાન ખુદાની ખુશ્નુદી ખાતર પોતાના ઉપર કોઈ કારે ખૈર બજાવી લાવવું વાજિબ કરે, અથવા જે કામ ન કરવા લાયક હોય તેને તર્ક કરે.

**મસઅલો ૨૬૫૮** : નઝરમાં સીગો પઢવો જોઈએ, અને તે માટે લાઝિમ નથી કે અરબીમાં પઢાય. અગર કોઈ

એમ જ કહે કે જો મારો બીમાર તંદુરસ્ત થઈ જશે, તો હું ખુદાની ખાતર મારા ઉપર વાજિબ કરૂં છું કે દસ તુમાન ફકીરને આપીશ. તો એ નઝર સહીહ ગણાશે. અગર કોઈ એમ કહે કે અલ્લાહ માટે આ નઝર કરી છે તો એહતિયાતે વાજિબની રૂએ અમલ કરવો જરૂરી છે, પરંતુ અગર અલ્લાહનું નામ ન લે અથવા કોઈ વલીનું નામ લે. તો નઝર સહી નથી. અગર કોઈ જાણી જોઈને પોતાની સહીહ નઝર ઉપર અમલ ન કરે તો ગુનેહગાર છે. તેને નઝર પૂરી ન કરવાનો કફ્ફારો આપવો જોઈએ. જે કસમ તોડવાના કફ્ફારા જેવો જ છે. જેનું બયાન હવે પછી આવશે.

**મસઅલો ૨૬૫૯ :** નઝર કરનાર બાલિગ અને આકિલ હોવો જોઈએ, અને પોતાની સ્વેચ્છા અને સ્વતંત્રપણે નઝર કરી હોવી જોઈએ. અગર કોઈને મજબૂર કરવામાં આવે કે ફલાણી નઝર કરે, અથવા કોઈએ ઈરાદા વગર ગુસ્સાના આવેશમાં નઝર કરી હોય અથવા બેઈખ્તીયારીની હાલતમાં નઝર કરી હોય, તો એ સહીહ નથી.

**મસઅલો ૨૬૬૦ :** જે શખ્સ સફીહ હોય, એટલે કે પોતાના માલને બેવકુફીભરી રીતે વેડફી નાખતો હોય, તે અગર નઝર કરે કે, દાખલા તરીકે, ફકીરને કાંઈ આપશે, તો એ નઝર સહીહ નથી. એવી જ રીતે જે નાદાર હોય, અને જે માલના તસરરૂફ (વપરાશ) બાબતે તેના ઉપર અંકુશ હોય તે માલમાંથી નઝરરૂપે કાંઈ વાપરવાની નિય્યત કરે તો એ પણ સહીહ નથી.

**મસઅલો ૨૬૬૧ :** પત્ની પોતાના શૌહરની રજા વગર જો એવી નઝર કરે કે જેમાં શૌહરના હકની જાળવણી ન

હોય તો એ નઝર સહીહ નહીં ગણાય. ભલે પછી તે નઝર શાદી પહેલાં કરી હોય.

એવી જ રીતે પત્ની પોતાના માલમાંથી શૌહરની રજા વિના નઝરરૂપે કાંઈ વાપરવાની નિય્યત કરે, તો તેમાં ઈશ્કાલ છે, સિવાય કે હજ, ઝકાત, સદકો, અથવા પોતાના માતા પિતાની તેમજ નઝદીકના સગાંઓની મદદ માટે નઝર કરી હોય.

**મસઅલો ૨૬૬૨** : અગર પત્ની પોતાના શૌહરની સંમતિથી નઝર કરે, તો શૌહરને હક રહેતો નથી કે તેની નઝરને રદબાતલ કરે, અથવા તે મુજબ વર્તવાથી રોકે.

**મસઅલો ૨૬૬૩** : ઔલાદ માટે નઝર કરવામાં માં-બાપની રજાની જરૂરત નથી પણ અગર મા અથવા બાપ મહેર-મોહબ્બતના કારણે એ નઝર પ્રમાણે અમલ કરવાથી રોકે, અને તે બાદ તે નઝર પ્રમાણે વર્તવાથી માં-બાપને તકલીફ પહોંચે તેમ હોય, તો નઝર આપો આપ રદ થઈ જશે.

**મસઅલો ૨૬૬૪** : ઈન્સાન માત્ર એવા અમલ માટે નઝર કરી શકે છે કે જેને બજાવી લાવવું શક્ય હોય. દાખલા તરીકે, અગર કોઈના માટે કરબલા પગપાળા જવું અશક્ય હોય, અને તે છતાં એવી નઝર કરે, તો એ સહીહ નહીં ગણાય. નઝર કરતી વખતે શક્તિશાળી હતો. પછી લાચાર થઈ જાય તો નઝર બાતિલ છે. તેના ઉપર કાઈ વાજિબ નથી. પણ રોઝાની નજર કરી હોય અને રોઝો ન રાખી શકે તો એહતિયાતે વાજિબ છે કે દરેક રોઝાના બદલે ૭૫૦ ગ્રા. ખોરાક ફકીરને આપશે અથવા તેના તરફથી

રોઝો રાખનારને ૧.૫ કી.ગ્રા. ખોરાક આપશે.

**મસઅલો ૨૬૬૫** : અગર કોઈ શખ્સ એવી નઝર કરે કે હરામ અથવા મકરૂહ કાર્ય કરશે, અથવા વાજિબ અથવા મુસ્તહબ કાર્યને તર્ક કરશે, તો એ નઝર બાતિલ છે.

**મસઅલો ૨૬૬૬** : અગર કોઈ શખ્સ એવી નઝર કરે કે એક મુબાહ અમલ બજાવી લાવશે, અથવા તર્ક કરશે, અને જો એ બજાવી લાવવા અને તર્ક કરવામાં દરેક રીતે સમાનતા હોય અને કંઈ ફેર ન પડતો હોય, તો એ નઝર સહીહ નથી. પણ જો તેનું બજાવી લાવવું અમુક કારણસર બેહતર હોય. અને એ જ વસ્તુને લક્ષમાં રાખી નિય્યત કરી હોય, જેમકે, નઝર કરે કે એવી ખોરાકી ખાશે કે જેથી ઈબાદત માટે કુવ્વત હાંસિલ કરે, તો એ નઝર સહીહ છે.

એવી જ રીતે એ અમલને તર્ક કરવામાં બેહતરી હોય, અને ઈન્સાન એ જ બાબતને લક્ષમાં રાખીને નિય્યત કરે, જેમકે, નઝર કરે કે સિગરેટનો ધુમાડો નુકસાનકારક છે. એટલે તેને તર્ક કરશે, તો નઝર સહીહ છે. પણ જો પછીથી સિગરેટના ધુમાડાના ઉપયોગને તર્ક કરવું તેના માટે નુકસાનકારક હોય તો નઝર સહીહ નથી.

**મસઅલો ૨૬૬૭** : અગર કોઈ શખ્સ નઝર કરે કે પોતાની વાજિબ નમાઝો એવી જગ્યાએ અદા કરશે કે જે જગ્યાએ નમાઝ પઢવામાં વધારે સવાબ નથી, જેમકે, નઝર કરે કે નમાઝો પોતાના ઓરડામાં પઢશે, અને તેમાં અમુક શરઈ કારણોસર બેહતરી હોય, જેમકે, એકાંત હોવાને કારણે વધુ ધ્યાન દઈને ખુશુઅ ખુઝુઅ સાથે નમાઝ પઢી

શકશે, અને જો એ જ કારણને લક્ષમાં લઈને નઝર કરી હોય તો નઝર સહીહ છે.

**મસઅલો ૨૬૬૮ :** જે રીતે નઝર કરી હોય તે જ મુજબ વર્તવું જરૂરી છે. અગર કોઈએ નઝર કરી હોય કે મહિનાના પહેલા દિવસે સદકો આપશે, અથવા રોઝો રાખશે અથવા પહેલી તારીખની મુસ્તહબ નમાઝ પઢશે, અને જો એ દિવસથી પહેલા અથવા બાદ એ અમલ બજાવી લાવે તો કાફી નહીં ગણાય. એવી જ રીતે અગર નઝર કરી હોય કે બીમાર તંદુરસ્ત થઈ જતાં સદકો આપશે, અને એ સાજો થાય એથી પહેલા સદકો આપે, તો કાફી નથી.

**મઅસલો ૨૬૬૯ :** અગર કોઈ શખ્સ વખત કે સંખ્યા નક્કી કર્યા વિના નઝર રાખે કે રોઝો રાખશે, તો ગમે ત્યારે એક રોઝો રાખવાથી નઝર અદા થશે. એવી જ રીતે સંખ્યા કે બીજી વિગતો નક્કી કર્યા વિના નમાઝની નઝર કરે, તો એકવાર બે રકાતવાળી નમાઝ કાફી ગણાશે. અગર નઝર કરે કે સદકો આપશે, પણ સંખ્યા કે જણસ નક્કી ન કરે, તો કોઈ પણ વસ્તુ સદકારૂપે આપે કે જેથી કહી શકાય કે સદકો આપ્યો છે, કાફી ગણાશે. અગર કોઈ શખ્સ એવી નઝર કરે કે કોઈ કાર્ય અલ્લાહની ખુશ્નુદી ખાતર બજાવી લાવશે, તો અગર નમાઝ પઢે, રોઝા રાખે, અથવા સદકો આપે, તો નઝર મુજબ અમલ કરેલું ગણાશે.

**મસઅલો ૨૬૭૦ :** અગર કોઈ નઝર કરે કે ફલાણા દિવસે રોઝો રાખશે, તો પછી એ મુજબ વર્તવું જરૂરી છે. અને જો એ નિયુક્ત દિવસે જાણી જોઈને રોઝો ન રાખે,

તો તેની કઝા ઉપરાંત કફ્ફારો પણ આપશે. અલબત્ત, જે દિવસે રોઝો રાખવાની નઝર કરી હોય, એ દિવસે ઈખ્તીયારની સાથે સફર કરી શકશે,અને રોઝો નહીં રાખે. અને એ સફરમાં દસ દિવસ રોકાવવાનો ઈરાદો કરવો લાઝિમ નથી કે જેથી રોઝો રાખી શકે અને જો સફર અથવા બીમારી વિગેરે જેવા ઉઝરને કારણે, અથવા હૈઝને કારણે, એ દિવસે રોઝો ન રાખી શકે, તો તેની કઝા છે,પણ કફ્ફારો નથી.

**મસઅલો ૨૬૭૧** : અગર કોઈ શખ્સ કોઈ લાચારી વિના, ઈખ્તીયારની હાલતમાં નઝર મુજબ અમલ ન કરે તો કફ્ફારો દેવો જોઈએ.

**મસઅલો ૨૬૭૨** : અગર કોઈ એવી નઝર કરે કે અમુક સમય સુધી ફલાણું કાર્ય તર્ક કરશે, તો વખત વીતી ગયા બાદ એ કાર્યને ફરી કરી શકશે. અને સમય વીતવા પહેલાં ભૂલથી યા લાચારીથી એ કામ અંજામ આપે, તો તેના ઉપર કાંઈ વાજિબ નથી. પણ તે બાદ નિયુકત સમય સુધી એ અમલને તર્ક કરવાનું જારી રાખવું જોઈએ, અને જો બીજી વાર કોઈ પણ ઉઝર વગર સમય વીતી ગયા પહેલાં એ અમલને અંજામ આપશે, તો તેના ઉપર કફ્ફારો લાગુ પડશે.

**મસઅલો ૨૬૭૩** : અગર કોઈ શખ્સ સમયની હદ નક્કી કર્યા વિના નઝર કરે કે ફલાણું કાર્ય અંજામ નહીં આપે, અને જો ભૂલી જવાથી, લાચારીથી યા ગફલતથી અથવા કોઈ તેને મજબૂર કરે અથવા એવી અજ્ઞાનતાના કારણે એ અમલ બજાવી લાવે જે બાબતે તે કસૂરવાર ન હોય, તો તેના ઉપર કફ્ફારો વાજિબ નથી, પરંતુ નઝર

બાકી રહેશે માટે જો તે ઈખ્તેયારની હાલતમાં બીજી વાર તે કામ બજાવી લાવશે તો કફ્ફારો દેવો પડશે.

**મસઅલો ૨૬૭૪** : અગર એવી નઝર કરી હોય કે દર અઠવાડિયે એક દિવસ રોઝો રાખશે, જેમકે શુક્રવારનો દિવસ રોઝા માટે નક્કી કરે, અને એ દિવસે ઈદુલ ફિત્ર કે ઈદુલ અઝહા (કુરબાની)નો પ્રસંગ આવે, અથવા સફર યા હૈઝ વિગેરે જેવા કારણોસર રોઝો ન રાખી શકે, તો એ દિવસે રોઝો નહીં રાખે, પણ તેની કઝા બજાવી લાવશે.

**મસઅલો ૨૬૭૫** : અગર કોઈ શખ્સ નઝર કરે કે એક નિયુકત પ્રમાણમાં સદકો આપશે, પણ એ સદકો આપે એથી પહેલાં તેનું મરણ થાય, તો એના માલમાંથી એ સદકો આપવો લાઝિમ નથી. બેહતર એ છે કે બાલિગ વારસદારો એ સદકાને નિયુકત પ્રમાણસર પોતાના હિસ્સામાંથી મર્હુમ વતી સદકો આપે.

**મસઅલો ૨૬૭૬** : અગર એવી નઝર કરી હોય કે એક ખાસ ફકીરને સદકો આપશે, તો એ સિવાય કોઈ બીજા ફકીરને નહીં આપી શકે. અને જો એ ફકીર ગુજરી જાય, તો તેના વારીસોને આપવું જરૂરી નથી.

**મસઅલો ૨૬૭૭** : અગર એવી નઝર કરી હોય કે ફલાણા ઈમામ અ.સ.ની ઝિયારત માટે જશે, જેમકે, હઝરત ઈમામ હુસૈન અ.સ.ની ઝિયારત માટે જશે, તો અગર એમ ન કરતાં બીજા ઈમામ અ.સ.ની ઝિયારત માટે જાય, તો કાફી નથી. અને જો કોઈ ઉઝરને કારણે ન જઈ શકે, તો તેના ઉપર કાંઈ વાજિબ નથી.

**મસઅલો ૨૬૭૮** : જે શખ્સે ઝિયારત કરવાની નઝર કરી હોય, પણ તેમાં ગુસલ કે નમાઝે ઝિયારત શામીલ ન

કરી હોય, તો એ અમલો બજાવી લાવવાની ફરજ નહીં રહે.

**મસઅલો ૨૬૭૯** : અગર ઈમામો અથવા ઈમામઝાદાઓના હરમમાં કાંઈ દેવા માટે નઝર કરી હોય, પણ કેવી જાતનો ઉપયોગ થાય તે નક્કી ન કર્યુ હોય, તો પછી હરમના સમારકામ, દીવાબત્તી, ફરશ વિગેરે માટે વાપરે. પણ જો તે કામ માટે ઉપયોગ કરવો શક્ય ન હોય અથવા હરમને તેવી કાંઈ જરૂરત ન હોય તો હરમના જરૂરતમંદ ઝાઈરો માટે વાપરે.

**મસઅલો ૨૬૮૦** : અગર કોઈ શખ્સ પયગંબર સ.અ.વ., ઈમામ અ.સ., ઈમામઝાદા અથવા અગાઉના ઓલમાના નામની નઝર કરે, અને તેમાં કોઈ ખાસ વપરાશનો ઈરાદો કર્યો હોય, તો પછી એ મુજબ વાપરવું જોઈએ. પણ જો કોઈ ઈરાદો ન હોય, તો એવા કાર્યમાં વાપરે કે તેની નિસ્બત એ ઈમામ અલય્હિસ્સલામ સાથે હોય. જેમકે એ ઈમામ અલયહિસ્સલામના ફકીર ઝવ્વારને આપે, અથવા એમના હરમ માટે ઉપયોગમાં લ્યે, અથવા એવા કાર્ય માટે વાપરે કે જેમાં એ ઈમામ અલયહિસ્સલામની શાનમાં વધારો થાય, એમનો ઝિક્ર બુલંદ થાય.

**મસઅલો ૨૬૮૧** : જે હૈવાન, જેમકે, ઘેટાં બકરાં સદકારૂપે અથવા ઈમામ અ.સ.ના નામે નઝરરૂપે આપવામાં આવ્યું હોય, તે કુરબાની પહેલાં જો દૂધ આપે, અથવા તેનું બચ્ચું જન્મે, તો એ નઝર કરનારની મિલકત ગણાશે, સિવાય કે એણે નિય્યતમાં બધી વસ્તુઓ પહેલેથી

શામીલ કરી હોય, પણ ઊન, અને હૈવાન જેટલું માતેલું થાય, અને તેમાં માંસ વધે, એ સર્વે નઝરનો જ હિસ્સો ગણાશે.

**મસઅલો ૨૯૮૨** : અગર કોઈ શખ્સ નઝર કરે કે જો બીમાર તંદુરસ્ત થઈ જશે, અથવા જો મુસાફર સલામત પાછો ફરશે, તો ફલાણું કાર્ય અંજામ આપશે, અને જો તેને એ અરસામાં ખબર પડી કે નઝર કરવા પહેલાં બીમાર સાજો થઈ ગયો હતો, અથવા મુસાફર પાછો આવી ગયો હતો, તો એ નઝર મુજબ વર્તવું લાઝિમ નથી.

**મસઅલો ૨૯૮૩** : અગર માતા અથવા પિતા એવી નઝર કરે કે પોતાની દીકરીને સૈયદ સાથે પરણાવશે અથવા કોઈ ખાસ માણસ સાથે પરણાવશે તો એ દીકરી જયારે બાલિગ થાય ત્યારે તેને પોતાને સંપૂર્ણ ઈખ્તયાર રહેશે કે નિર્ણય લ્યે. અને માતા કે પિતાની નઝર નિરર્થક ગણાશે.

**મસઅલો ૨૯૮૪** : જો કોઈ ખુદા સાથે અહદ કરે કે તેની શરઈ હાજત પૂરી થશે તો એ ફલાણું કાર્ય અંજામ આપશે, પછી જ્યારે હાજત પૂરી થશે ત્યારે એ કાર્યને અંજામ દેવું જરૂરી થશે. એવી જ રીતે હાજત વિના પણ જો અલ્લાહ સાથે અહદ કરે કે ફલાણું કાર્ય કરશે, તો એ અમલને અંજામ દેવું વાજિબ થશે.

**મસઅલો ૨૯૮૫** : અહદમાં નઝરની જેમ સીગો જારી કરવું જરૂરી છે, જેમ કે કહે છે કે હું અલ્લાહથી અહેદ કરૂં છું આ કામ કરીશ. જરૂરી નથી તે કામ શરીઅત પ્રમાણે સારૂં હોય. બલ્કે ફક્ત તેનાથી રોકવામાં ન આવે. લોકમત મુજબ આ

કામ ફાયદાકારક હોય તો કાફી છે અથવા અહેદ કરનાર માટે કોઈ ભલાઈ હોય પણ જો અહેદ કર્યા પછી તે કામમાં કોઈ ફાયદો બાકી ન રહે અથવા શરઈ રીતે કોઈ અગ્રતા બાકી ન રહે ભલેપછી તે મકરૂહ જ થઈ ગયું હોય તો જરૂરી નથી કે તેના ઉપર અમલ કરવામાં આવે.

**મસઅલો ૨૯૮૬** : અગર કોઈ શખ્સ આપેલ અહદ પ્રમાણે અમલ ન કરે, તો તે માટે તેને કફ્ફારો આપવો પડશે, એટલે કે ૬૦ ફકીરોને પેટ ભરીને જમાડે, અથવા બે માસ સતત રોઝા રાખે, અથવા એક ગુલામને આઝાદ કરે.

## કસમ ખાવાના એહકામ

**મસઅલો ૨૯૮૭** : અગર કોઈ શખ્સ કસમ ખાય કે ફલાણું કામ કરશે, અથવા તર્ક કરશે, જેમકે, કસમ ખાય કે રોઝો રાખશે અથવા તંબાકુનો ત્યાગ કરશે, અને જો જાણી જોઈને તેથી વિરૂધ્ધ અમલ કરે, તો તેનો કફ્ફારો આપવો પડશે; એટલે કે એક ગુલામને આઝાદ કરે. અથવા દસ ફકીરોને પેટ ભરી જમાડે, અથવા એમને વસ્ત્રો આપે. પણ જો એ શક્ય ન હોય તો ત્રણ દિવસ સતત રોઝા રાખે.

**મસઅલો ૨૯૮૮** : કસમ માટે અમુક શરતો છે.

(૧) કસમ ખાનાર આકિલ, બાલિગ હોવો જોઈએ, અને પોતાની મરજીથી સ્વતંત્રપણે કસમ ખાય, નાનું બચ્ચું કે દીવાનો શખ્સ, અથવા નશામાં મસ્ત, અથવા મજબૂર શખ્સ જો કસમ ખાય, તો એ સહીહ નહીં ગણાય. એવી

જ રીતે ગુસ્સાના આવેશમાં કોઈ ઈરાદા વગર અથવા બેઈખ્તીયારની હાલતમાં કસમ ખાય તો સહીહ નથી.

(૨) જે કાર્ય માટે કસમ ખાય, તે હરામ કે મકરૂહ ન હોવું જોઈએ; અને જે કાર્યને ત્યજી દેવા માટે સોગંદ લ્યે તે વાજિબ અથવા મુસ્તહબ ન હોવું જોઈએ. અને જો કોઈ મુબાહ અમલ બજાવી લાવવા માટે કસમ ખાય, અને જો અક્કલમંદોના મત મુજબ એ કાર્ય બજાવી લાવવું તેને તર્ક કરવા કરતાં બેહતર હોય, તો એ કસમ સહીહ છે. એ પ્રમાણે અગર કોઈ કસમ ખાય કે ફલાણું કામ તર્ક કરશે અને જો અક્કલમંદોના મત મુજબ તર્ક કરવું તેના બજાવી લાવવા કરતા બેહતર લેખાતું હોય, તો કસમ સહીહ ગણાશે. બલ્કે જો અક્કલમંદોના મત મુજબ બંને સંજોગોમાં અંજામ આપવું અથવા તર્ક કરવું બેહતર ન હોય, પણ અંગત તેના માટે બેહતરી હોય, તો પણ કસમ સહીહ છે.

(૩) ખુદાના નામોમાંથી કોઈ એક એવા નામની અથવા એવી સિફતની કસમ ખાય, કે જે નામ ખુદા સિવાય કોઈ બીજા માટે ઉપયોગમાં ન લઈ શકાય, જેમકે, ખુદા, અલ્લાહ, જમીન અને આસ્માનોનો સર્જનહાર, એવી રીતે જો અલ્લાહના એ નામની કસમ ખાય કે જો કે ખુદા સિવાય બીજા માટે વપરાતું હોય, પણ વધારે પડતા સંજોગમાં એથી ખુદાની જાત જ મુરાદ લેવાતી હોય, જેમકે, ખાલિક, રાઝિક, તો પણ એ કસમ સહીહ છે. બલ્કે અગર એવા નામની કસમ ખાય કે જેથી માત્ર અલ્લાહની મુકદ્દસ જાત

મુરાદ ન લેવાતી હોય, પણ જયારે કસમ માટે એ વપરાય ત્યારે ફકત અલ્લાહની જાત સમજવામાં આવે, જેમકે, સમીઅ, બસીર, તો પણ એ સહીહ કસમ છે.

(૪) કસમનો ઉચ્ચાર થવો જોઈએ, પણ મૂંગો શખ્સ જો ઈશારાથી કસમ ખાય તો સહીહ છે. એવી રીતે જે શખ્સ બોલી ન શકતો હોય, તેના માટે અગર લખવામાં આવે અને એ પોતાના મનમાં તેનો ઈરાદો કરે, તો કાફી ગણાશે. બલ્કે બોલતો માણસ પણ લખીને ઈરાદો કરે તો એહતિયાતે વાજિબની રૂએ તેના ઉપર અમલ કરવો જરૂરી છે.

(૫) કસમ મુજબ વર્તવું તેના માટે શક્ય હોય. પણ જો કસમ ખાતી વખતે એ શક્ય હોય, પણ પછીથી એ અશક્ય થઈ જાય, અને જો પોતાને જાણી જોઈને એ કાર્યને અંજામ દેવા માટે અશક્ત ન કર્યો હોય, તો જયારથી એ અશક્ત થયો ત્યારથી જ કસમ રદબાતલ ગણાશે. એવી જ રીતે નઝર, કસમ અથવા અહદ મુજબ અમલ કરવામાં અસહ્ય તકલીફ હોય, તો એ જ હુકમ લાગુ પડશે. પણ જો કસમ ઉપર અમલ કરવામાં કોઈપણ કારણ વગર મોડુ કર્યુ હોય તો ગુનેહગાર થશે અને કફ્ફારો વાજિબ થશે.

**મસઅલો ૨૯૮૯** : અગર બાપ દીકરાને કસમ ખાવાથી રોકે, અથવા પતિ પત્નીને કસમ ખાવાથી રોકે, તો એમની કસમો સહીહ નહીં ગણાય.

**મસઅલો ૨૯૯૦** : અગર દીકરો પોતાના બાપની રજા વગર અને પત્ની પોતાના શૌહરની રજા વગર કસમ ખાય,

તો બાપ અને પતિ એમની કસમોને રદબાતલ કરી શકે છે.

**મસઅલો ૨૯૯૧** : અગર કોઈ શખ્સ ભૂલી જવાને કારણે અથવા લાચારી અથવા ગફલતને લીધે કસમ પ્રમાણે ન વર્તે, તો તેના ઉપર કફ્ફારો નથી.એવી જ રીતે જો એને કસમ પ્રમાણે ન વર્તવા માટે મજબૂર કરવામાં આવે, તો એ જ હુકમ લાગુ પડશે. અને અગર વસવસાનો શિકાર માણસ કસમ ખાય, જેમકે, એમ કહે કે વલ્લાહ, હમણાં જ નમાઝ શરૂ કરૂં છું; અને પછી વસવસાને કારણે શરૂ ન કરે, અને જો એ વસવસા ઉપર કોઈ કાબૂ ન હોય, અને બેઈખ્તીયારીને લીધે કસમ મુજબ અમલ ન કરે, તો તેના ઉપર કોઈ કફ્ફારો નથી.

**મસઅલો ૨૯૯૨** : અગર કોઈ શખ્સ કસમ ખાઈને કહે કે મારી વાત સાચી છે, અને જો ખરેખર એની વાત સત્ય હોય, તો તેના માટે કસમ ખાવી મકરૂહ છે, અને જો એ જૂઠી કસમ હોય તો હરામ છે. બલ્કે ઝઘડાનો ફેંસલો કરવા માટે જે ખોટી કસમો ખાવામાં આવે છે તે ગુનાહે કબીરામાંથી છે. પણ જો ઈન્સાન પોતાને અથવા બીજા મુસલમાનને ઝાલિમના શરથી બચાવવા માટે ખોટી કસમ ખાય તો તેમાં વાંધો નથી, બલ્કે અમુક સંજોગોમાં તેમ કરવું વાજિબ છે. પણ જો તવરીયહ કરી શકતો હોય, "એટલે કે કસમ ખાતી વખતે એ બાબતનું ધ્યાન રાખે કે તેના જાહેર અર્થ સિવાય શબ્દોના બીજા અર્થનો ઈરાદો કરે જેને જાહેર ન કરે." તો તવરીયહ કરવું જોઈએ. જેમકે,

અગર ઝાલિમ કોઈને ઈજા પહોંચાડવા માંગતો હોય, અને કોઈને પૂછે કે તેં એને જોયો છે? અને એ ઈન્સાને એને એકાદ કલાક પહેલા જોયો હોય, તે છતાં કહે કે ના, મેં નથી જોયો. અને એનાથી એમ ઈરાદો કરે કે પાંચ મીનીટ પહેલાં જોયો નથી.

## વકફના એહકામ

**મસઅલો ૨૬૯૩** : અગર કોઈ શખ્સ કોઈ વસ્તુને વકફ કરે, તો એ વસ્તુ એની મિલકીય્યતમાંથી નીકળી જાય છે, અને ત્યાર પછી પોતે કે કોઈ બીજાઓ એ વસ્તુને બક્ષી નહી શકે, વહેંચી નહીં શકે, તેમ એ માલનો કોઈ વારસદાર પણ નહીં બને. પણ અમુક સંજોગો જે મસઅલા ૨૧૦૪ અને ૨૧૦૫ માં જણાવવામાં આવ્યા છે, તે ઉપસ્થિત થતા એને વહેંચવામાં કોઈ ઈશ્કાલ નથી.

**મસઅલો ૨૬૯૪** : એ જરૂરી નથી કે વકફનો સીગો અરબીમાં પઢાય, બલ્કે અગર, દાખલા તરીકે, કોઈ પણ ભાષામાં એમ કહે કે 'આ કિતાબ હું તાલીબે ઈલ્મો માટે વકફ કરૂં છું.' તો એ વકફ સહીહ ગણાશે. ઉપરાંત વકફ અમલ અને વર્તનથી સાબિત થઈ શકે છે, જેમકે, ચટાઈને મસ્જિદમાં વકફની નિય્યતથી પાથરે, અથવા કોઈ ઈમારતને મસ્જિદના રૂપમાં બનાવીને મસ્જિદના ઈરાદાથી ખુલ્લી મૂકે, તો એ વકફ સાબિત ગણાશે. ફક્ત નિય્યત કરવાથી વકફ સાબિત નહી થાય. વકફ આમ જનતાના ફાયદા માટે હોય કે ખાસ લોકોના, જેમકે, પોતાની ઔલાદ માટે

વકફ કરે, તો પણ મંજૂરી કે સ્વીકારવાની શરત નથી. તેના માટે ખુદાની ખુશીના ઈરાદાની પણ જરૂર નથી.

**મસઅલો ૨૬૯૫** : અગર કોઈ શખ્સ પોતાની અમુક મિલકતને વકફ કરવાની ધારણા કરે, પણ એથી પહેલાં કે તેને વકફ કરે, એ મરી જાય, અથવા પસ્તાવો કરે, તો વકફ સાબિત નહીં થાય. તેમજ ખાસ વકફ માટે જેનાં માટે વકફ કરવામાં આવ્યું હોય તે પોતાના કબજામાં ન લ્યે અને ગુજરી જાય તો વકફ સાબિત નહી થાય.

**મસઅલો ૨૬૯૬** : જે શખ્સ કોઈ માલ વકફ કરતો હોય,તો જરૂરી છે કે ત્યારથી જ હંમેશા માટે વકફ કરી નાખે. અગર દાખલા તરીકે, એ એમ કહે કે આ માલ મારા મરી જવા પછી વકફ થશે, અને જો સીગો પઢયા ત્યારથી તેના મૃત્યુના સમય સુધીમાં મિલકત વકફ ન હોય તો એ સહીહ નથી. એવી જ રીતે અગર કોઈ માલને દસ વર્ષ માટે વકફ કરે, અને ત્યાર પછી વકફ ન રહેવા પામે. અથવા એમ કહે પહેલા દસ વર્ષ સુધી વકફ રહેશે ત્યારબાદ પાંચ વર્ષ માટે વકફ નહીં હોય, અને તે બાદ ફરી વકફ થઈ જશે, તો એ વકફ સહીહ નથી. પણ આ સંજોગમાં બંધણીની નિય્યત કરે તો બંધણી થશે.

**મસઅલો ૨૬૯૭** : ખાસ વકફ એ સંજોગમાં સહીહ ગણાશે કે મોજૂદા તબક્કાના લોકો કે જેના માટે માલ વકફ કર્યો હોય, તેમને અથવા તેમના વકીલ કે વલીને એ માલ ઉપયોગ માટે સુપરત કરી આપે, અને જે લોકો માટે વકફ કરવામાં આવ્યુ હોય તેમાંથી અમુક લોકો જે તેને

ઉપયોગમાં લ્યે તો ફક્ત તેઓ માટે જ વકફ સહીહ ગણાશે, પરંતુ કોઈ શખ્સ પોતાની સગીર વયની ઔલાદ માટે કોઈ માલ વકફ કરે, અને માલ તેના પોતા પાસે હોય તો પણ વકફ સહીહ ગણાશે.

**મસઅલો ૨૬૯૮** : જાહેર એ છે કે આમ જનતા માટે કરવામાં આવેલો વકફ, જેમકે, મદ્રેસાઓ, મસ્જિદો વિગેરે માટે તે મકાન રહેવા માટે ઉપયોગમાં લઈ શકે છે, પરંતુ જો એમ વકફ કર્યુ હોય કે તેનું ભાડૂ ફકીરો દરમ્યાન વહેંચવામાં આવે તો તે વકફ કરનાર માટે તે ભાડામાંથી કંઈપણ લેવામાં ઈશ્કાકલ છે.

**મસઅલો ૨૬૯૯** : વકફ કરનાર માટે બાલિગ, આકિલ, હોવું જરૂરી છે, અને તેમાં તેના ઉપર કોઈ દબાણ કે મજબૂરી ન હોય, બલ્કે સ્વેચ્છાએ વકફનો ઈરાદો કરેલો હોવો જોઈએ. સાથે સાથે વકફ કરનાર માટે શરત છે કે તેને પોતાના માલમાં શરઈ રીતે તસર્રૂફ (વપરાશ) અને વહીવટની સત્તા હોવી જોઈએ; એનો અર્થ એ કે જે શખ્સ બેવકુફીભરી અને ઉડાઉ રીતે માલને વેડફી નાખનાર હોય, જેને સફીહ કહેવાય છે, તે અગર માલ વકફ કરે તો સહીહ નહીં ગણાય.

**મસઅલો ૨૭૦૦** : અગર કોઈ શખ્સ એવા બચ્ચા માટે માલ વકફ કરે કે જેનો હજી જન્મ થયો ન હોય, પણ માના પેટમાં હોય, તો એ વકફનું સહીહ હોવું ઈશ્કાલ ધરાવે છે, અને તેમાં લાઝિમ છે કે એહતિયાત કરવામાં આવે. પણ અગર એવા લોકો માટે વકફ કરે કે જે મોજૂદ

હોય, અને તેમની બાદ અન્ય લોકો માટે વકફ કરે કે જેનો હજી જન્મ થયો ન હોય, ચાહે એ હજી માના પેટમાં પણ ન હોય, તો વકફ સહીહ છે. દાખલા તરીકે, કોઈ શખ્સ પોતાની ઔલાદ માટે વકફ કરે, અને એમના પછી એમની ઔલાદ, એટલે કે પૌત્ર નવાસા માટે વકફ કરે, એવી રીતે એક ગિરોહ બાદ બીજો ગિરોહ ફાયદો મેળવે, તો એ વકફ સહી ગણાશે.

**મસઅલો ૨૭૦૧** : અગર કોઈ શખ્સ માલને પોતાના માટે વકફ કરે, જેમકે,કોઈ દુકાન વકફ કરે કે એની જે આવક હોય તેનાથી એના મરણ બાદ એનો કર્ઝો, ઈજારાની ઈબાદતો કરાવવામાં આવે, તો એ વકફ સહીહ નથી. અલબત્ત, અગર એણે ફકીરો માટે મકાન વકફ કર્યુ હોય, અને યોગાનુયોગ પોતે ફકીર બની જાય તો તે મકાન રહેવા માટે ઉપયોગમાં લઈ શકે છે, પરંતુ જો એમ વકફ કર્યુ હોય કે તેનું ભાડૂ ફકીરો દરમ્યાન વહેંચવામાં આવે તો તે વકફ કરનાર માટે તે ભાડામાંથી કંઈપણ લેવામાં ઈશકાલ છે.

**મસઅલો ૨૭૦૨** : અગર કોઈ શખ્સ વકફ કરેલ માલ માટે મુત્તવલ્લી નીમે, તો એના ઉપર વાજિબ છે કે વકફ પેટે થયેલ કરાર મુજબ અમલ કરે અને જો મુત્તવલ્લી ન હોય, તો જે ખાસ લોકો માટે વકફ કરેલ હોય, જેમકે પોતાની ઔલાદ માટે હોય, તો એ વકફના ઉપયોગ માટે એમને ઈખ્તીયાર રહેશે, અને જો ઔલાદ નાબાલિગ હોય,

તો તેમના વલીને અધિકાર છે. વકફના ઉપયોગ માટે હાકીમે શરઅની રજાની જરૂરત હોતી નથી, પરંતુ વકફના હિતો અને આવતી નસલ અને પ્રજાના હિતોની જાળવણી માટે હાકીમે શરઅનો અધિકાર છે; જેમકે, એ વકફમાં સમારકામ અથવા પુનઃબાંધકામ માટે, અથવા આવતી પ્રજાના હિતમાં તેને ભાડે દઈ દેવા સંબંધી નિર્ણય લેવાનું હોય.

**મસઅલો ૨૭૦૩** : અગર કોઈ શખ્સ દાખલા તરીકે, પોતાની મિલકત ફકીરો અથવા સાદાત માટે વકફ કરે, અથવા તેનો નફો નેક કામો માટે વકફ કરે, અને જો તેના માટે મુતવલ્લી નિમ્યો ન હોય, તો તેનો ઈખ્તીયાર હાકીમે શરઅના હાથમાં રહેશે.

**મસઅલો ૨૭૦૪** : અગર મિલકતને ખાસ વ્યક્તિઓ માટે, જેમકે પોતાની ઔલાદ માટે વકફ કરે, કે જેથી વંશ પરંપરા તેનો લાભ બાકી રહે, અને વકફનો મુતવલ્લી આવક ઉપજાવવા માટે એ ભાડે આપે, અને ત્યારબાદ ગુજરી જાય, તો એ ભાડાનો મામલો રદબાતલ નહીં થાય. પણ જો મુત્તવલ્લી ન હોય, અને એક તબક્કો કે જેમના માટે એ વકફ હોય, એ મિલકત ભાડે આપે અને ભાડાની નિયુક્ત મુદ્દત દરમિયાન તેઓ ગુજરી જાય, તો તેમના બાદની પ્રજા અને વંશ અગર એ ભાડાના મામલા માટે સંમત ન હોય તો એ ભાડાનો મામલો આપોઆપ રદબાતલ થઈ જશે. હવે જો ભાડૂતે પૂરી મુદ્દતનું ભાડું આપી દીધું હોય,

તો ગત તબક્કાના સભ્યો જયારથી ગુજરી ગયા હોય, ત્યારથી મુદ્દત ખત્મ થાય ત્યાં સુધીનું આપેલું ભાડું એમના જ માલમાંથી પરત મેળવશે.

**મસઅલો ૨૭૦૫ :** અગર વકફ કરેલી મિલકત ખંડેર કે ખરાબ હાલતમાં હોય, તો એથી વકફનો અંત આવતો નથી, સિવાય કે જે હેસીયત માટે એ વકફ કરવામાં આવેલ હોય એ હેસીયત બાકી ન રહે. જેમકે, કોઈ વાડીને વાડી તરીકે જ વકફ કરેલ હોય અને એ વાડી ખંડેર થઈને વાડીની હેસીયત બાકી ન રહે, તો વકફ બાતિલ થશે, અને વકફ કરનારાના વારસદારોને એ મળશે.

**મસઅલો ૨૭૦૬ :** જે મિલકતનો અમુક ભાગ વકફ હોય, અને અમુક ભાગ વકફ ન હોય, અને તેના નક્કી ભાગલા પાડવામાં આવ્યા ન હોય, તો જેના હાથમાં એ વકફનો વહીવટ હોય તે અને વકફ ન થયેલ મિલકતનો માલિક તેના ભાગલા પાડી શકશે.

**મસઅલો ૨૭૦૭ :** અગર વકફનો મુતવલ્લી ખિયાનત કરે, જેમકે, વકફની આવકનો ઉપયોગ નક્કી કરેલાં કાર્યો માટે ન કરે, તો હાકીમે શરઅ તેની સાથે એક બીજા વિશ્વાસુ શખ્સની નિમણૂંક કરશે કે જેથી એ ખિયાનતને અટકાવે. પણ જો એ શક્ય ન હોય, તો હાકીમે શરઅને હક છે કે એ મુત્તવલ્લીને બરતરફ કરી તેની જગ્યાએ બીજા વિશ્વાસુ શખ્સની નિમણૂંક કરે.

**મસઅલો ૨૭૦૮ :** જે ગાલીચો ઈમામવાડા માટે વકફ થયો હોય, તેને મસ્જિદ માટે ઉપયોગમાં નહીં લઈ શકાય, ભલેપછી એ મસ્જિદ ઈમામવાડાની પાસે હોય. પણ જો

ઈમામવાડાની મિલકત હોય તો તેના મુતવ્વલીની ઈજાઝતથી બીજે લઈ જઈ શકાશે.

**મસઅલો ૨૭૦૯** : અગર કોઈ મિલકત ખાસ મસ્જિદના સમારકામ માટે વકફ થઈ હોય, પણ એ મસ્જિદને સમારકામની જરૂરત ન હોય, અને એવી આશા પણ ન હોય કે નજીકના ભાવિમાં તેમાં કોઈ સમારકામની જરૂરત રહેશે. ઉપરાંત એ પણ શક્ય ન હોય કે તેની આવક ભેગી કરવામાં આવે કે જેથી ભવિષ્યમાં મસ્જિદના સમારકામમાં વાપરી શકાય, તો એવા સંજોગમાં એહતિયાતે લાઝીમ છે કે એ મિલકતની આવકને એવા કાર્યમાં વાપરે કે જે વકફ કરનારના ઈરાદા સાથે સુસંગત હોય, જેમકે, એ મસ્જિદની બીજી જરૂરીઆતમાં, અથવા કોઈ બીજી મસ્જિદના સમારકામમાં વાપરે.

**મસઅલો ૨૭૧૦** : અગર કોઈ મિલકત વકફ થઈ હોય કે તેની આવક મસ્જિદના સમારકામ અને ઈમામે જમાઅત તથા અઝાન આપનાર (મુઅઝઝીન)ને અપાય, અને જો દરેક માટે હિસ્સો નિયુકત કર્યો હોય, તો એ મુજબ વર્તવું જોઈએ. પણ જો હિસ્સો નક્કી ન કર્યો હોય તો પહેલાં મસ્જિદના સમારકામમાં વપરાશે, અને જો તેમાંથી કાંઈ વધારો બાકી રહે તો એ ઈમામે જમાઅત અને મુઅઝઝીન વચ્ચે યોગ્ય ગણાય એ રીતે તકસીમ થશે. બેહતર એ છે કે આ બે જણ તકસીમ વખતે આપસમાં એક બીજાનો રાજીપો મેળવી સમાધાન કરે.

# વસિયતના એહકામ

**મસઅલો ૨૭૧૧** : વસિયત એટલે ઈન્સાન એવી દોરવણી આપે કે તેના મરી ગયા બાદ તેના માટે કોઈ કાર્યો અંજામ દેવામાં આવે, અથવા કહે કે તેના મરણ બાદ તેનો અમુક માલ ફલાણાનો છે, અથવા એ કે તેના માલનો અમુક ભાગ ફલાણાની માલિકીમાં આપવામાં આવે, અથવા નેક કામમાં વપરાય. અથવા પોતાની ઔલાદ અને આશ્રીત લોકો માટે કોઈ દેખરેખ રાખનાર અથવા સરપરસ્ત નિમે. જે શખસને વસિયત કરવામાં આવે એને વસી કહેવાય છે.

**મસઅલો ૨૭૧૨** : જે શખ્સ મૂંગો હોય, તે જો ઈશારાથી પોતાનો મકસદ સમજાવી શકતો હોય, તો દરેક કાર્ય માટે વસિયત કરી શકે છે. બલ્કે જે બોલી શકતો હોય, તે પણ જો ઈશારા વડે પોતાનો મકસદ સમજાવી શકે, તો એની વસિયત સહીહ ગણાશે.

**મસઅલો ૨૭૧૩** : અગર મૈયતની સહી કે સિક્કા (સ્ટેમ્પ) સાથેનું લખાણ મળે, કે જેમાં તેનો મકસદ જાહેર થતો હોય, અને એ યકીન હોય કે વસિયત માટે જ એ લખાણ લખેલું હતું, તો તે મુજબ વર્તવું જોઈએ.

**મસઅલો ૨૭૧૪** : વસિયત કરનાર બાલિગ, આકિલ હોવો જોઈએ, અને સફીહ (માલ વેડફી નાખનાર મૂર્ખ) કે મજબૂર ન હોવો જોઈએ. નાબાલિગ બચ્ચાની વસિયત સહીહ નથી, સિવાય એ કે એની ઉમર દસ વર્ષની હોય અને એણે પોતાના નજદીકના સગાઓ માટે અથવા લોકા ઉપયોગી નેક કામો માટે વસિયત કરી હોય. ઉપરોક્ત બે

સંજોગોમાં તેની વસિયત સહીહ ગણાશે.

માટે જો એની વસિયત નઝદીકના સગાઓ માટે ન હોય, અથવા એ બાળકની ઉમર, દાખલા તરીકે, સાત વર્ષની હોય, અને એ વસિયત કરે કે એના માલનો થોડોક ભાગ ફલાણાને આપવામાં આવે, તો એ વસિયતને અમલી સ્વરૂપ આપવામાં ઈશ્કાલ રહેશે. અને બંને સંજોગમાં એહતિયાતનો પૂરો ખ્યાલ રાખવો જોઈએ. અને જો વસિયત કરનાર સફીહ હોય, તો એ પણ પોતાના માલ બાબતેમાં વસિયત કરે, તો એ મોઅતબર નથી, સિવાય કે બીજી એવી બાબતે વસિયત કરે જે માલને લગતી ન હોય, જેમકે, એના મરણ પછી મૈયત માટે સામાન્ય રીતે જે વિધીઓ કરવામાં આવે છે,તે માટે વસિયત કરે, તો એ મોતબર ગણાશે.

**મસઅલો ૨૭૧૫** : જે શખ્સે જાણી જોઈને પોતાને ઘાયલ કર્યો હોય, અથવા ઝેર પીધુ હોય, કે જેને પરિણામે યકીન કે ગુમાન થાય કે એ કામ મૃત્યુ પામવા માટે બજાવી લાવ્યો હતો. અગર એ વસિયત કરે કે એનો માલ ફલાણી રીતે વાપરવામાં આવે, અને તે બાદ તરતજ મરી જાય, તો તેની વસિયત સહીહ નથી. પણ મોત અલ્લાહની રાહમાં જેહાદને કારણે હોય તો તેની વસિયત સહીહ છે. તેવી જ રીતે ગૈરમાલી બાબતે તેની વસિયત સહીહ છે.

**મસઅલો ૨૭૧૬** : અગર ઈન્સાન વસિયત કરે કે તેના માલનો અમુક ભાગ ફલાણાની મિલકીય્યત થશે અને જેના હકમાં એ વસિયત થઈ હોય, તે એ મંજૂર રાખે, ભલેપછી એણે વસિયત કરનારની જિંદગીમાં અથવા મરણ

પછી તેને એ મંજૂરી આપી હોય, તો એ વસિયત કરનારના મરણ પછી એ શખ્સ જણાવેલ માલનો માલિક બનશે. પણ શરત એ છે. તે માલ તેના વારસાના ૧/૩થી વધારે ન હોય અને તે માલનો માલિક વસિયત કરનારના મરણ પછી જ બનશે.

**મસઅલો ૨૭૧૭ :** જયારે ઈન્સાન પોતામાં મૃત્યુના ચિહ્નો જુએ, ત્યારે એની ફરજ છે કે તરતજ તેની પાસે રહેલી અમાનતો માલિકો સુધી પરત પહોંચાડે, અથવા તો એમને તેમની ખબર આપે જેની વિગતો મસઅલા ૨૩૬૧ માં જણાવી ચૂક્યા છીએ. અને અગર તેના ઉપર લોકોનું લેણું હોય જેની અદાયગીનો સમય પાકી ગયો હોય, અને લેણદાર પણ તકાજો કરી રહ્યો હોય, તો તે કરજ અદા કરે. અગર પોતે એ કરજ ભરાપાઈ ન કરી શકે, અથવા અદાયગીનો સમય હજી પાક્યો ન હોય, અથવા લેણદારે કોઈ તકાજો ન કર્યો હોય, તો એવી વ્યવસ્થા કરે કે જેથી એને ઈત્મીનાન થાય કે તેના મરી જવા પછી તેના ઉપરનું લેણું લેણદારોને અદા થશે. જેમકે, એના ઉપર જે લેણું હોય તેની કોઈને ખબર ન હોય, તો એ માટે વસિયત કરી તેના સાક્ષીઓ રાખે. પણ જો અદાયગીનો સમય થઈ ગયો હોય અને તે અદા કરી શકતો હોય અને લેણદાર માંગે તો મરણના ચિહ્ન ન હોય તો પણ તરત જ અદા કરવુ જોઈએ.

**મસઅલો ૨૭૧૮ :** જે શખ્સ પોતામાં મૃત્યુના ચિહ્નો જુએ, તેના ઉપર જો ખુમ્સ, ઝકાત અને રદ્દે મઝાલીમનું લેણું હોય, અને તરત તેની અદાયગી ન કરી શકે, અને જો એ પોતાના માલ વારસા રૂપે મૂકી જતો હોય, અથવા

એને ગુમાન હોય કે કોઈ એના વતી કોઇ એનો કરજો અદા કરી આપશે, તો તેની ફરજ એ છે કે એવું કામ કરે જેનાથી ઈત્મેનાન થાય કે તે હક્કો અદા થઈ જશે. જેમ કે ભરોસમંદ માણસને વસિયત કરે. એવી જ રીતે જો તેના ઉપર વાજિબ હજ રહી ગઈ હોય, તો આ જ હુકમ લાગુ પડશે.

પણ અગર કોઈ શખ્સ શરીઅતના નિયુકત હકકો તરતજ અદા કરી શકતો હોય, તો વાજિબ છે કે તરતજ અદા કરે, ભલેપછી પોતાના મૃત્યુના ચિહ્નો ન જોતો હોય;

**મસઅલો ૨૭૧૯** : જે શખ્સ પોતાના મૃત્યુના ચિહ્નો જુએ, તેના ઉપર જો કઝા નમાઝો અને રોઝા હોય, તો તેની ફરજ છે કે વસિયત કરે કે એના માલમાંથી મહેનતાણું આપી કોઈને તે અદા કરવા માટે રોકવામાં આવે. બલ્કે જો એની પાસે માલ ન હોય, પણ એને એવો ગુમાન હોય કે કોઈ મહેનતાણા વગર એની કઝા નમાઝો–રોઝાઓને અંજામ આપશે, તો પણ વાજિબ છે કે તે માટે વસિયત કરે.

પણ જો કોઈ એવો શખ્સ હોય, જેમકે એનો મોટો દિકરો હોય, અને એને ખબર હોય કે જાણ થઈ જતાં તેની કઝાઓ અદા કરી આપશે, તો માત્ર જાણ કરવી કાફી રહેશે. અને વસિયત કરવી લાઝિમ નહીં થાય.

**મસઅલો ૨૭૨૦** : જે શખ્સ પોતાના મૃત્યુના ચિહ્નો જુએ, તો તેની પાસે એવો માલ હોય, કે જેને એવા સ્થળે છુપાવી રાખ્યો હોય, કે જેની જાણ વારસદારોને ન હોય, અને એ જાણ ન હોવાને કારણે એમનો હક બરબાદ થતો હોય, તો એહતિયાતે વાજિબની રૂએ જરૂરી છે કે

વારસદારોને જાણ કરે. અને સગીર વયની ઔલાદ માટે જરૂરી નથી કે કોઈ સરપરસ્ત, સંભાળ રાખનાર નક્કી કરે, પણ જો તેમ ન કરવાથી એમનો માલ બરબાદ થઈ જવાનો ભય હોય, અથવા એ માલ આપો આપ બગડી જવાની બીક હોય, તો પછી વિશ્વાસુ શખ્સની નિમણૂંક કરવી જોઈએ.

**મસઅલો ૨૭૨૧ :** વસિયતનામાનો વહીવટ કર્તા માટે જરૂરી છે કે આકિલ હોય, અને વસિયત કરનારના કામો માટે, તેમજ એહતિયાતે વાજિબની રૂએ, બીજાઓના કામો માટે વિશ્વાસ પાત્ર હોય. મુસલમાન મરનારનો વહીવટ કર્તા મુસલમાન હોવો જરૂરી છે, અને એકલા ના બાલિગ બચ્ચાને કરેલી વસિયત એહતિયાતે વાજિબની રૂએ સહીહ નહીં ગણાય. માટે તે (નાબાલિગ બાળક) હાકિમે શરાઅની ઈજાઝતથી પોતાના અધિકારનો ઉપયોગ કરી શકશે, પરંતુ જો વસિયત કરનારનો ઈરાદો હોય કે એ બાલિગ થઈ ગયા બાદ અથવા વલીની સંમંતિ મેળવીને વહીવટ કરે, તો તેમાં ઈશ્કાલ નથી.

**મસઅલો ૨૭૨૨ :** અગર મરનાર એક થી વધુ વહીવટ કર્તાઓને નિમે, અને રજા આપે કે દરેક અલગ રહીને વસિયત પ્રમાણે અમલ કરે, તો જરૂરી નથી કે તેઓ એક બીજાની સંમતિ મેળવે પણ જો એવી રજા મરનારે ન આપી હોય, અથવા બંનેને સાથે રહીને વસિયત મુજબ અમલ કરવાનું કહ્યું હોય, અથવા કાંઈ ન કહ્યું હોય, તો પછી એક બીજાની સલાહ લઈને વર્તવું જોઈએ.

પણ જો વહીવટ કર્તાઓ એક બીજા ની સાથે રહીને વસિયત પ્રમાણે અમલ કરવા તૈયાર ન હોય અને એમના વચ્ચે વિચારોનો સુમેળ ન થવા માટે કોઈ શરઈ કારણ ન હોય, તો હાકિમે શરઅ તેમને મજબૂર કરી શકશે, અને જો તેઓ હાકિમે શરઅની ફરમાબરદારી ન કરે, અથવા જો વિચારોનો સુમેળ એટલા માટે ન થતો હોય કે દરેકને શરઈ રૂકાવટ હોય, તો પછી હાકીમે શરઅ તેઓને બરતરફ કરી બીજાને નક્કી કરી શકશે.

**મસઅલો ૨૭૨૩** : અગર ઈન્સાન પોતાની વસિયત પાછી ખેંચી લ્યે, જેમકે પહેલા કહ્યું હોય કે એના માલનો ત્રીજો ભાગ ફલાણાને અપાય, અને પછી કહે કે ન આપવામાં આવે, તો વસિયત બાતિલ થઈ જશે. અને જો વસિયત બદલી નાખે, જેમકે, પહેલા કોઈને પોતાની ઔલાદ માટે વહીવટકર્તા નીમ્યો હોય, અને પછી બીજા કોઈને નિમણૂંક કરે, તો પહેલી વસિયત બાતિલ થશે, અને બીજી વસિયત મુજબ અમલ કરવો જોઈએ.

**મસઅલો ૨૭૨૪** : અગર કોઈ શખ્સ એવું કામ કરે કે જેથી સાબિત થાય કે એણે પોતાની વસિયત પાછી ખેંચી લીધી છે, જેમકે, પહેલાં કોઈ મકાન માટે વસિયત કરી હોય કે ફલાણાને અપાય, એ પછી એજ મકાનને વહેંચી નાખે, અથવા પોતાની આગલી વસિયત યાદ હોવા છતાં, બીજા ને વકીલ નિમે કે એ મકાન વહેંચી આપે, તો વસિયત બાતિલ થઈ જશે.

**મસઅલો ૨૭૨૫** : અગર કોઈ શખ્સે વસિયત કરી હોય કે ફલાણી વસ્તુ કોઈને આપવામાં આવે, અને ત્યાર પછી વસિયત કરે કે એ જ વસ્તુમાંથી અડધો ભાગ બીજાને અપાય, તો એ વસ્તુના બે ભાગ કરવા પડશે, અને દરેકને તેમાંથી એક ભાગ અપાશે.

**મસઅલો ૨૭૨૬** : અગર કોઈ શખ્સ એ બીમારીમાં કે જેમાં એનું મૃત્યુ થાય, પોતાના માલમાંથી અમુક ભાગ કોઈને અર્પણ કરે, અને સાથે વસિયત કરે કે મરી જવા પછી અમુક ભાગ બીજાને પણ આપવામાં આવે, અને જો તેના માલનો ત્રીજો ભાગ જેને 'સુલુસ' કહેવાય છે, એ બે બક્ષિસો માટે કાફી ન હોય, અને વારસદારો પણ સુલ્સથી વધુ આપવા માટે રજામંદ ન હોય, તો જે પહેલી બક્ષિસ કરી હતી તે સુલ્સમાંથી કાઢીને પહેલા શખ્સને અપાશે, અને તેમાં જે કાંઈ બાકી રહે, તેમાંથી બીજી વસિયત મુજબ અમલ થશે.

**મસઅલો ૨૭૨૭** : અગર કોઈ શખ્સ વસિયત કરે તેના માલના ત્રીજા ભાગને વેચીને તેની આવક ફલાણા કામ માટે ઉપયોગમાં લેવાય, તો તે પ્રમાણે અમલ કરવું જોઈએ.

**મસઅલો ૨૭૨૮** : જે બીમારીમાં ઈન્સાન મરણ પામે, એ હાલતે જો કહે કે તેના ઉપર કોઈનું લેણું છે, અને એના માટે એવી બદગુમાની થાય કે વારસદારોના હકને નુકસાન પહોંચાડવા માટે એવી વસિયત કરી છે, તો જે લેણું એ મરનારે નિયુક્ત કર્યુ હોય તે એના સુલ્સમાંથી

અપાશે. પણ જો બદગુમાની ન હોય, તો એ કરજ અદા કરવું જરૂરી થશે, તેના અસલ માલમાંથી તેની અદાયગી કરવી જોઈએ.

**મસઅલો ૨૭૨૯ :** જે શખ્સ માટે ઈન્સાને વસિયત કરી હોય કે તેના માલમાંથી કાંઈ આપવામાં આવે, તે શખ્સ માટે જરૂરી નથી કે વસિયત સમયે મોજૂદ હોય. (અગર દાખલા તરીકે, એવી વસિયત કરે કે અગર ફલાણી ઔરત હામેલા થાય અને બચ્ચાને જન્મ આપે, તો એ બચ્ચાને નક્કી થયેલ વસ્તુ આપવામાં આવે, અને જો એ બચ્ચું વસિયત કરનારના મરી જવા પછી જન્મે તો) લાઝિમ છે કે તેને વસિયત મુજબ આપવામાં આવે અને વસિયત કરનારના ઈરાદામાં એકથી વધુ મકસદ સમજાય, તો એના મકસદથી જે નજીકમાં નજીક કાર્યો હોય, તે માટે એ વાપરી શકાશે, નહિતર વારસદારોને હક રહેશે કે એ વસ્તુ પોતાની વચ્ચે તકસીમ કરી લ્યે.

પણ અગર ઈન્સાન એમ વસિયત કરે કે તેના માલનો અમુક ભાગ તેના મરી ગયા બાદ ફલાણાની મિલકત ગણાશે, અને જો એ શખ્સ વસિયત કરનારના મૃત્યુ સમયે મોજૂદ હોય ભલે પછી માના પેટમાં હોય અને તેમાં જીવ પણ ન આવ્યો હોય તો પણ વસિયત સહીહ છે, નહિતર બાતિલ ગણાશે, અને તેના માટે જે વસિયત કરી હોય તે વારસદારો પોતાના વચ્ચે તકસીમ કરી લેશે.

**મસઅલો ૨૭૩૦ :** અગર ઈન્સાનને માલૂમ થાય કે ફલાણા શખ્સે તેને પોતાનો વહીવટકર્તા બનાવ્યો છે, અને જો એ વસિયત કરનારને જણાવે કે એ વહીવટ કરવા માટે તૈયાર નથી, તો વસિયત કરનારના મરી જવા પછી તેના ઉપર વસિયત પ્રમાણે અમલ કરવું જરૂરી નહિ થાય. પણ વસિયત કરનારના ગુજરી જવા પહેલા એ શખ્સને ખબર ન હોય કે એને વસી અથવા વહીવટકર્તા બનાવ્યો છે. અથવા ખબર હોય પણ એણે જણાવ્યું ન હોય કે એ કાર્ય માટે પોતે તૈયાર નથી, અને જો કોઈ તકલીફ કે મશક્કત ન હોય, તો તે વસિયત મુજબ અમલ કરવો જરૂરી છે. એવીજ રીતે વહીવટકર્તાને વસિયત કરનાર ગુજરી જવા પહેલાં ખબર હોય, પણ એવા સંજોગ હોય કે વસિયત કરનાર સખત બીમારી અથવા કોઈ બીજા અંતરાય ને કારણે બીજા કોઈને વહીવટકર્તા નીમી ન શકતો હોય, તો એહતિયાતે વાજિબ છે કે એ વસિયતને માન્ય રાખે.

**મસઅલો ૨૭૩૧ :** અગર વસિયત કરનાર ગુજરી જાય, તો વહીવટકર્તા પોતે અલગ રહી બીજા કોઈને વહીવટકર્તા નહિ નિમી શકે. પણ જો એને જાણ હોય કે વસિયત કરનારનો ઈરાદો એ ન હતો કે પોતે ઉભા રહીને કાર્યો અંજામ આપે, બલ્કે એ મર્હુમનો ઈરાદો માત્ર એ હતો કે કાર્યો અંજામ પામે, તો એવા સંજોગમાં બીજાને પોતાનો વકીલ નિમી શકશે.

**મસઅલો ૨૭૩૨ :** અગર મરનાર બે વહીવટકર્તાઓને

સાથે નીમે, અને તેમાંથી એક ગુજરી જાય, અથવા દીવાનો કે કાફિર થઈ જાય, અને જો મરનારની વસિયતથી એમ સમજાય કે એકના ગુજરી જવા પછી બીજો સ્વતંત્રપણે વહીવટકર્તા છે તો એમ અમલ કરવો જરૂરી છે. નહિતર હાકીમે શરઅ એની જગ્યાએ બીજાને નક્કી કરશે. અને જો બંને ગુજરી જાય, અથવા દીવાના કે કાફિર થઈ જાય, તો હાકીમે શરઅ બીજા બેને નીમશે. પણ જો એક જ શખ્સ વસિયત મુજબ વહીવટ કરવા માટે શક્તિશાળી હોય તો બે જણની નિમણૂક કરવી જરૂરી નથી.

**મસઅલો ૨૭૩૩** : અગર વહીવટકર્તા પોતે એકલો, અથવા વકીલ કે પગારદાર મારફતે મર્હુમના કાર્યોને અંજામ ન આપી શકતો હોય, તો હાકીમે શરઅ તેની મદદ માટે બીજાની નિમણૂંક કરશે.

**મસઅલો ૨૭૩૪** : અગર મરનારના માલનો અમુક ભાગ વહીવટકર્તાના હાથે બરબાદ કે ગુમ થઈ જાય, અને જો વહીવટકર્તાએ તેની હિફાઝતમાં કચાશ રાખી હોય, અથવા હદ વટાવી ગયો હોય, જેમકે, મર્હુમે કહ્યું હોય કે ફલાણો હિસ્સો ફલાણા શહેરના ફકીરોમાં તકસીમ થાય, અને તેને બદલે એ કોઈ બીજા શહેરમાં માલ લઈ જાય, અને રસ્તામાં એ માલ બરબાદ થઈ જાય, તો વહીવટકર્તા જામીન ગણાશે. પણ જો કચાશ ન રાખી હોય, અથવા હદ ઓળંગી ન હોય, તો એ જામીન નથી.

**મસઅલો ૨૭૩૫** : અગર મરનાર કોઈને વહીવટકર્તા

નિમીને કહે કે તેના મરી જવા બાદ ફલાણો શખ્સ વહીવટકર્તા થશે, તો પહેલા વહીવટકર્તાના મરી જવા બાદ બીજાએ કામ સંભાળવું જોઈએ.

**મસઅલો ૨૭૩૬** : અગર મરનાર ઉપર વાજિબ હજ રહી ગઈ હોય, અથવા લેણું, અથવા શરઈ હકો (ખુમ્સ, ઝકાત, રદ્દે મઝાલીમ) બાકી હોય, કે જેને અદા કરવું વાજિબ હોય, તો એ મરનારના અસલ માલમાંથી દેવાશે, ભલેપછી મરનારે તે માટે વસિયત ન કરી હોય. પણ નજરનો કફ્ફારો અને નજરની હજ તેના માલના ત્રીજા ભાગમાંથી અદા કરવાની રહેશે.

**મસઅલો ૨૭૩૭** : અગર મરનારના માલમાંથી વાજિબ હજ, અને હુકુક, જેમકે ખુમ્સ, ઝકાત રદ્દે મઝાલીમ વિગેરે અદા કર્યા બાદ કાંઈ વધારો રહે, અને જો એણે પોતાના ત્રીજા ભાગ અથવા એમાંથી અમુક ભાગ માટે વસિયત કરી હોય કે ફલાણા કામ માટે વપરાય, તો એ મુજબ અમલ થવો જોઈએ. અને જો એણે વસિયત ન કરી હોય, તો એ વધારો વારસદારોનો માલ ગણાશે.

**મસઅલો ૨૭૩૮** : અગર મરનાર કાંઈ ખર્ચ માટે વસિયત કરી ગયો હોય, અને તે એના ત્રીજા ભાગથી વધારે હોય, તો વધારામાં કરેલ વસિયતનું સહીહ હોવું વારસદારોની રજા ઉપર આધાર રાખે છે. અને એ માત્ર દિલી રજામંદી કાફી નથી, બલ્કે વારસદારો ઝબાનથી ઉચ્ચારે કે રાજી છે, અથવા એવું કાર્ય અંજામ આપે કે

જેથી એમનો રાજીપો સાબિત થાય. અને જો વસિયત બાદ એક મુદ્દત વીતી ગયા પછી રજા આપે તો પણ સહીહ છે. અને જો અમુક વારસદારો સંમત થાય તો ફકત સંમત થયેલા વારસદારોના હિસ્સામાં એ વસિયત સહીહ ગણાશે; અને તે મુજબ અમલ થશે.

**મસઅલો ૨૭૩૯** : અગર મરનારે પોતાના ત્રીજા ભાગ કરતા વધારે વસિયત કરી હોય, અને વારસદારોએ તેની હયાતીમાં એ માટે જબાનથી અથવા કોઈ એવું કાર્ય કરીને રજા આપે તો મરણ પછી તે રજા પાછી નહી ખેંચી શકે, પરંતુ જો હયાતીમાં ઈન્કાર કરે અને મરણ પછી રજા આપે તો પણ વસિયત સહીહ ગણાશે પરંતુ જો મરણ પછી પણ ઈન્કાર જ કરે અને અમુક સમય બાદ રજા આપે તો એ રજા આપવાથી કંઈ ફાયદો નહી થાય.

**મસઅલો ૨૭૪૦** : અગર કોઈ શખ્સ વસિયત કરે કે એના ત્રીજા ભાગમાંથી ખુમ્સ, ઝકાત અથવા બીજાઓના લેણાં ભરાય, અને તેની કઝા નમાઝો, રોઝા માટે મહેનતાણુ આપી કોઈને રોકવામાં આવે, અને અમુક મુસ્તહબ કાર્યો, જેમકે ફકીરોને જમાડવું વિગેરે અંજામ અપાય, તો સૌથી પ્રથમ એ ત્રીજા ભાગમાંથી કરજ ભરવામાં આવશે. તે બાદ જો વધારો રહે તો તેની કઝા નમાઝો, રોઝા માટે મહેનતાણુ આપી, કોઈને રોકવામાં આવશે અને જો હજી વધારો રહેવા પામે, તો નિયુકત કરેલા મુસ્તહબ કાર્યોમાં એ વપરાશે. અને જો ત્રીજા ભાગમાંથી ફકત કરજની ભરપાઈ થઈ શકતી હોય,અને

વારસદારો રાજી ન હોય કે સુલ્સથી વધુ વપરાય, તો એવા સંજોગમાં કઝા નમાઝો, રોઝા તેમજ મુસ્તહબ કાર્ય માટેની વસિયત બાતિલ થઈ જશે.

**મસઅલો ૨૭૪૧** : અગર કોઈ શખ્સ પોતા ઉપર લેણાંની અદાયગી કઝા નમાઝ, રોઝા માટે કોઈને મહેનતાણું આપીને રોકવા, અને તેના માટે નિયુકત મુસ્તહબ કાર્યોને અંજામ આપવા માટે વસિયત કરે, પણ ઉલ્લેખ ન કરે કે એ ખર્ચ ત્રીજા ભાગમાંથી અપાય, તો તેના ઉપર જે રહી ગયેલું લેણું છે, તે તેના અસલ માલમાંથી દેવાશે. અને ત્યારબાદ જે બચશે તેમાંથી કઝા નમાઝ રોઝાની અદાયગી અને નિયુકત મુસ્તહબ કાર્યો માટે વપરાશે. અને જો એ ત્રીજો ભાગ કાફી ન હોય, અને જો વારસદારો રજા આપે, તો એ વસિયત મુજબ અમલ કરવું જોઈએ, પરંતુ જો રજા ન આપે તો કઝા નમાઝ, રોઝા માટે એ ત્રીજા ભાગમાંથી અપાય. અને તે બાદ જે કાંઈ વધે તેનો નિયુકત મુસ્તહબ કામો માટે ઉપયોગ થાય.

**મસઅલો ૨૭૪૨** : અગર કોઈ શખ્સ દાવો કરે કે મરનારે વસિયત કરી હતી કે ફલાણી રકમ તેને આપવામાં આવે, તો નીચે જણાવેલ સંજોગોમાં એ રકમ તેને સુપરત કરવી જોઈએ :

(૧) અગર બે આદિલ પુરૂષો તેના કથનને ટેકો આપે;

(૨) અથવા પોતે કસમ ખાય, અને સાથે એક આદિલ પુરૂષ, તેના કથનને ટેકો આપે,

(૩) અથવા એક આદિલ પુરૂષ અને બે આદિલ સ્ત્રીઓ

અથવા ચાર આદિલ સ્ત્રીઓ તેની વાત ઉપર સાક્ષી આપે, પણ જો એક આદિલ સ્ત્રી સાક્ષી આપે, તો તેને એ રકમનો ચોથો ભાગ મળશે; બે સ્ત્રીઓ સાક્ષી આપે, તો અડધો ભાગ; ત્રણ સાક્ષી આપે તો પોણો ભાગ આપવું જોઈએ.

એવી રીતે જો બે કાફિર પૂરૂષ અહલે કિતાબ કે જે ઝિમ્મી હોય અને પોતાના ધર્મ મુજબ આદિલ ગણાતા હોય, તેઓ સાક્ષી આપે તો તેને દાવા મુજબ રકમ આપવી જોઈએ, પણ તેમાં શરત એ છે કે મરનાર પાસે કોઈ મુસલમાન આદિલ સ્ત્રી કે પુરૂષ હાજર ન હોવાને કારણે તેને લાચાર થઈ તેઓને વસિયત કરી હોય.

**મસઅલો ૨૭૪૩** : અગર કોઈ શખ્સ મરનારનો વસી, વહીવટકર્તા હોવાનો દાવો કરે, કે જેથી મૈયતના માલનું વહીવટ કરી શકે, અને જો બે આદિલ પુરૂષો તેની એ વાતને ટેકો આપે તો માન્ય રહેશે. જ્યારે કોઈ મુસલમાન ગવાહી માટે મોજૂદ ન હોય ત્યારે બે ઝિમ્મી કાફિર જેઓ પોતાના ધર્મ મુજબ આદિલ હોય તે ગવાહી આપે અને આ જ રીતે જો વારસદારો તેની વાત માન્ય રાખે તો તેની વાત સાબિત થઈ જશે.

**મસઅલો ૨૭૪૪** : અગર ઈન્સાન વસિયત કરે કે તેના માલમાંથી અમુક વસ્તુ ફલાણા શખ્સ માટે છે, અને એ શખ્સ કબૂલ કર્યા પહેલાં અથવા રદ કર્યા પહેલા ગુજરી જાય, તો જયાં સુધી તેના વારસદારોએ વસિયત રદ ન કરી હોય ત્યાં સુધી તેનો સ્વીકાર કરી શકશે. પણ આ હુકમ એ સંજોગોમાં છે કે વસિયત કરનારે પોતાની વસિયત

પાછી ખેંચી ન લીધી હોય, નહિતર એ ચીજ ઉપર તેમનો કોઈ હક નહિ રહે.

## વારસાના એહકામ

**મસઅલો ૨૭૪૫** : જે લોકો કુટુંબી સંબંધને આધારે વારસો પામે છે, તેના ત્રણ તબક્કાઓ છેઃ
પહેલા તબક્કામાં મા, બાપ અને મરનારની ઔલાદ છે. અને જો ઔલાદ ન હોય, તો ઔલાદની ઔલાદ, જેમ જેમ વંશ આગળ વધતો રહે, એમાં જે મરનારની વધુ નજીક હશે તે વારસો પામશે, અને જયાં સુધી આ તબક્કામાંથી એક વ્યક્તિ પણ મોજૂદ હશે ત્યાં સુધી બીજા તબક્કાવાળાઓને કંઈ વારસો નહિ મળે.

બીજા તબક્કામાં દાદા, દાદી, ભાઈ અને બહેન છે. અને ભાઈ કે બહેન મોજૂદ ન હોય, તો તેમની ઔલાદમાં જે મૈયતથી વધુ નજીક હોય તે વારસો પામશે. અને જયાં સુધી આ તબક્કામાંથી એક વ્યક્તિ પણ મોજૂદ હશે ત્યાં સુધી ત્રીજા તબક્કામાં વારસો નહિ પહોંચે.

ત્રીજા તબક્કામાં કાકા, ફઈ, મામા અને માસી તથા તેમની ઔલાદ છે. અને જયાં સુધી કાકાઓ, ફઈઓ, મામાઓ અને માસીઓમાંથી એક પણ વ્યક્તિ મોજૂદ હશે, ત્યાં સુધી તેમની ઔલાદને વારસો નહિ મળે.

પણ જો મરનારનો એવો કાકો હોય કે જે એના બાપનો ઓરમાન ભાઈ હોય,(એટલે કે બાપ એક પણ મા જુદી હોય) અને સાથે તેના સગા કાકાનો દીકરો મોજૂદ હોય, તો વારસો એ સગા ભત્રીજાને મળશે, પણ ઓરમાન

કાકાને નહિ મળે. પણ જો એકથી વધુ કાકાઓ અથવા ભત્રીજાઓ હોય, અથવા જો મરનારની પત્ની હયાત હોય, તો આ હુકમ ઈશ્કાલથી ખાલી નથી.

**મસઅલો ૨૭૪૬** : અગર ખુદ મરનારના કાકા, ફઈ, મામા, માસી અથવા તેમના દીકરા, પૌત્રા કે પરપૌત્રા મોજૂદ ન હોય, તો પછી મરનારના મા બાપના કાકા, ફઈ, મામા, માસી વારસો પામશે, અને જો તેમાંથી પણ કોઈ ન હોય, તો તેમની ઔલાદને વારસો મળશે અને જો તેમાંથી પણ કોઈ ન હોય, તો મરનારના દાદા, દાદીના કાકા, ફઈ, મામા, માસીને વારસો મળશે, અને જો તેઓમાંથી પણ કોઈ ન હોય, તો તેમની ઔલાદને વારસો આપવામાં આવશે.

**મસઅલો ૨૭૪૭** : પતિ પત્ની એક બીજાનો વારસો પામશે, પણ તેની વિગત હવે પછી આપવામાં આવશે.

## પહેલા તબક્કાનો વારસો

**મસઅલો ૨૭૪૮** : અગર પહેલા તબક્કામાંથી મરનારનો માત્ર એક જ વારસદાર હોય, જેમકે મા અથવા બાપ, અથવા એક દીકરો અથવા એક દીકરી હોય, તો મૈયતનો પૂરો માલ એને મળશે; અને જો દીકરાઓ અને દીકરીઓ હોય, તો બંને વચ્ચે એવી રીતે તકસીમ કરવામાં આવશે કે દરેક દિકરાને બે ભાગ અને દરેક દીકરીને એક ભાગ મળશે.

**મસઅલો ૨૭૪૯** : અગર મૈયતના વારસદારોમાં ફકત તેનાં મા બાપ હોય, તો માલના ત્રણ ભાગ કરવામાં

આવશે, જેમાંથી બે ભાગ બાપને અને એક ભાગ માને મળશે. પણ જો મૈયતના બે ભાઈઓ અને ચાર બહેનો મોજૂદ હોય, અથવા એક ભાઈ અને બે બહેનો હોય, કે જે સર્વે મુસ્લિમ, આઝાદ અને એક બાપથી હોય, એટલે કે એમનો બાપ અને મૈયતનો બાપ એક હોય, ચાહે મા એક હોય કે ન હોય અને શર્ત છે કે જન્મ થઈ ચૂક્યો હોવો જોઈએ, તો પણ મૈયતના મા બાપ મોજૂદ હોવાથી એમને કોઈ વારસો નહિ મળે, પરંતુ એમના હોવાના કારણે માને મૈયતના માલનો છઠ્ઠો ભાગ મળશે, અને બાકી બાપને આપવામાં આવશે.

**મસઅલો ૨૭૫૦** : અગર મૈયતના વારસદારોમાં ફકત મા બાપ અને એક દીકરી હોય, તો એમાંથી મા અને બાપને એક-એક ભાગ અપાશે, અને ત્રણ ભાગ દીકરીને મળશે.

પણ જો ઉપરોકત શરતો સાથે તેનો ભાઈ અને બે બહેનો, અથવા બહેનો મોજૂદ હોય, તો બાપનો ૧/૫, માનો ૧/૬ અને દીકરીઓને ૩/૫મો ભાગ મળશે. બાકી બચેલ ૧/૩માં શક્ય છે માનો ભાગ હોય અને શક્ય છે દીકરીનો ૩/૪ અને બાપનો ૧/૪ ભાગ હોય. તો એહતિયાતે વાજિબની રૂએ આ બાબતે આપસમાં સમાધાન કરવું જોઈએ.

**મસઅલો ૨૭૫૧** : અગર મૈયતના વારસદારોમાં મા બાપ અને એક દીકરો હોય તો માલના છ ભાગ કરવામાં આવશે, જેમાંથી મા અને બાપ દરેકને એક-એક ભાગ

મળશે, અને બાકીના ચાર ભાગ દીકરાને જશે. અને અગર એકથી વધુ દીકરાઓ અથવા દીકરીઓ હોય, તો એ ચાર ભાગોની પોતા વચ્ચે સરખે ભાગે વહેંચણી કરશે. અને જો દીકરાઓ તેમજ દીકરીઓ સાથે હોય તો એ ચાર ભાગ તકસીમ કરતી વખતે દરેક દીકરાને દીકરી કરતાં બમણું મળશે.

**મસઅલો ૨૭૫૨** : અગર મૈયતના વારસદારોમાં માત્ર બાપ અથવા મા, અને એક અથવા એકથી વધુ દીકરાઓ હોય, તો માલના છ ભાગ થશે, જેમાંથી એક ભાગ બાપ અથવા મા, જે હોય તેને અપાશે, અને બાકીના પાંચ ભાગ દીકરાને મળશે. જો એકથી વધુ દીકરાઓ હોય તો તેઓએ પાંચ ભાગોની પોતા વચ્ચે સરખે ભાગે વહેંચણી કરશે.

**મસઅલો ૨૭૫૩** : અગર મૈયતના વારસદારોમાં ફક્ત બાપ અથવા મા, અને દીકરા દીકરી હોય, તો માલના છ ભાગ કરી એક ભાગ મા અથવા બાપને આપવામાં આવશે અને બાકીના ભાગોને એવી રીતે તકસીમ કરવામાં આવશે કે જેથી દરેક દીકરાને બે ભાગ અને દીકરીને એક ભાગ મળશે.

**મસઅલો ૨૭૫૪** : અગર મૈયતના વારસદારોમાં ફક્ત બાપ અથવા મા, અને એક દીકરી હોય, તો માલના ચાર ભાગ થશે; એક ભાગ બાપ અથવા મા, જે હોય, તેને અપાશે, અને બાકી દીકરીને મળશે.

**મસઅલો ૨૭૫૫** : અગર મૈયતના વારસદારોમાં બાપ

અથવા મા, અને એકથી વધુ દીકરીઓ હોય, તો માલના પાંચ ભાગ કરી એક ભાગ મા અથવા બાપ, જે હોય, તેને મળશે, અને ચાર ભાગો દીકરીઓ વચ્ચે સરખે ભાગે તકસીમ કરવામાં આવશે.

**મસઅલો ૨૭૫૬** : અગર મરનારની કોઈ ઔલાદ ન હોય, તો દીકરાની ઔલાદ, ભલેપછી દીકરી હોય, મૈયતના દીકરા જેટલો ભાગ મેળવશે, અને દીકરીની ઔલાદ, ભલેપછી દીકરો હોય, મૈયતની દીકરી જેટલો ભાગ પામશે. દાખલા તરીકે તેનો એક દોહીત્રો (નવાસો) હોય અને એક પૌત્રી હોય, તો માલના ત્રણ ભાગો કરી એક ભાગ દોહિત્રને અને બે ભાગ પૌત્રીને આપવામાં આવશે. પૌત્ર અને દોહિત્રને વારસો મેળવવા માટે શરત નથી કે મૈયતના માં-બાપ ન હોય.

## બીજા તબક્કાનો વારસો

**મસઅલો ૨૭૫૭** : આ તબક્કામાં જે વારસો મેળવે છે, તે દાદા, દાદી, ભાઈ અને બહેન છે. અને અગર ભાઈ બહેન મોજૂદ ન હોય, તો તેમની ઔલાદ વારસો પામશે.

**મસઅલો ૨૭૫૮** : અગર મૈયતના વારસદારોમાં ફકત એક જ ભાઈ અથવા એક જ બહેન હોય, તો પૂરો માલ તેને મળશે. અને જો એકથી વધુ ફકત સગા ભાઈઓ અથવા ફકત સગી બહેન હોય, તો માલ તેમના વચ્ચે સરખે ભગે તકસીમ થશે અને જો સગાં ભાઈઓ અને બહેનો બંને હોય, તો દરેક ભાઈને બે ભાગ અને દરેક

બહેનને એક ભાગ મળશે. દાખલા તરીકે જો વારસદારોમાં બે ભાઈઓ અને એક બહેન હોય,તો માલના પાંચ ભાગ થશે, જેમાંથી દરેક ભાઈને બે, અને બહેનને એક ભાગ મળશે.

**મસઅલો ૨૭૫૯** : જે સંજોગમાં મૈયતના સગાં ભાઈ બહેનો મોજૂદ હોય. એ સંજોગોમાં સાવકા ભાઈ બહેનો, કે જેમની મા જુદી હોય, વારસો નહીં પામે. પણ જો સગાં ભાઈ બહેનો ન હોય, અને માત્ર એક ઓરમાન ભાઈ કે બહેન હોય (મતલબ કે એક જ બાપથી રીશ્તો હોય) તો પૂરો માલ એને મળશે. જો એકથી વધુ ફકત ઓરમાન ભાઈઓ હોય, અથવા ફકત ઓરમાન બહેનો હોય, તો તેઓ પોતાના વચ્ચે માલને સરખે ભાગે તકસીમ કરશે, પણ જો ઓરમાન ભાઈ બહેનો સાથે હોય, તો દરેક ભાઈને બે અને દરેક બહેનને એક ભાગ મળશે.

**મસઅલો ૨૭૬૦** : અગર મૈયતના વારસદારોમાં માત્ર એક ભાઈ કે બહેન હોય કે જેનો બાપ મૈયતના બાપ સિવાયનો હોય, પણ તેની મા અને મૈયતની મા એક જ હોય, તો પૂરો માલ તેને મળશે. અને જો મા થી જોડાયેલા ફકત ભાઈઓ હોય, અથવા ફકત બહેનો હોય અથવા ભાઈઓ અને બહેનો હોય તો તેઓ પોતાના વચ્ચે માલની સરખે ભાગે વહેંચણી કરશે.

**મસઅલો ૨૭૬૧** : અગર મૈયતના ત્રણ જાતના ભાઈ બહેનો હોય.

(૧) સગાં ભાઈ બહેન.
(૨) એક બાપ પણ જુદી માઓથી એક ભાઈ બહેન.
(૩) એક મા પણ જુદા બાપથી એક ભાઈ અથવા એક બહેન. તો જે ભાઈ બહેન સાથે ફક્ત બાપથી રીશ્તો છે, પણ મા જુદી છે, તેને વારસો નહીં મળે. આવા સંજોગમાં માલના છ ભાગ થશે; જેમાંથી એક ભાગ માના રિશ્તાથી જોડાએલ ભાઈ અથવા બહેનને મળશે, અને બાકી સગાં ભાઈ બહેનોને આપવામાં આવશે. દરેક ભાઈને બે ભાગ અને બહેનને એક ભાગ મળશે.

**મસઅલો ૨૭૬૨** : અગર મરનાર સગા ભાઈ બહેન સાથે બાપના રિશ્તે ભાઈ બહેન અને માના રિશ્તાથી અનેક ભાઈ બહેનો હોય, તો ઉપર જણાવ્યા મુજબ ફક્ત બાપના રિશ્તાથી ભાઈ બહેનને કંઈ વારસો નહીં મળે, અને આ સંજોગમાં માલના ત્રણ ભાગ થશે, જેમાંથી બે ભાગ સગાં ભાઈ બહેન પોતાના વચ્ચે વહેંચણી કરશે, એવી રીતે કે ભાઈને બહેન કરતાં બમણો હક મળશે. અને બાકીનો ભાગ માના રીશ્તાથી ભાઈ બહેનોને મળશે કે જે ભાગની વહેંચણી તેમના વચ્ચે સરખે ભાગે કરવામાં આવશે.

**મસઅલો ૨૭૬૩** : અગર મૈયતના વારસદારોમાં ફક્ત બાપના રિશ્તાથી ભાઈ બહેન હોય, અને સાથે એક ભાઈ અથવા બહેન માના રિશ્તાથી હોય, તો માલના ૬ ભાગ થશે. જેમાંથી એક ભાગ માના રીશ્તાથી ભાઈ અથવા બહેનને મળશે, અને બાકીના ભાગો બાપના રિશ્તાથી

ભાઈ બહેનોને મળશે જે એમના વચ્ચે એવી રીતે તકસીમ થશે કે દરેક ભાઈને દરેક બહેન કરતાં બમણો હક મળશે.

**મસઅલો ૨૭૬૪ :** અગર મૈયતના વારસદારોમાં ફક્ત બાપના રિશ્તાથી જોડાએલ ભાઈ બહેન હોય, અને માના રિશ્તાથી અનેક ભાઈ બહેનો હોય, તો માલના ત્રણ ભાગ થશે, જેમાં એક ભાગ માના રિશ્તાવાળા ભાઈ-બહેનોને અપાશે, અને તેઓએ ભાગ પોતાના વચ્ચે સરખે ભાગે તકસીમ કરશે. બાકીનો ભાગ બાપના રિશ્તાવાળા ભાઈ બહેનને અપાશે, જે એવી રીતે તકસીમ થશે કે ભાઈને બહેન કરતા બમણું મળશે.

**મસઅલો ૨૭૬૫ :** અગર મૈયતના વારસદારોમાં ફક્ત ભાઈ, બહેન અને પત્ની હોય, તો પત્ની પોતાનો હક હવે પછી જણાવવામાં આવશે એ રીતે મેળવશે. અને ભાઈ બહેન ઉપરોક્ત મસાઈલમાં જણાવી ગયા છીએ એ રીતે પોતાના હકો હાંસિલ કરશે. એવી રીતે અગર પત્ની ગુજરી જાય, અને તેના વારસદારોમાં તેના ભાઈ બહેન અને પતિ હોય, તો પતિને માલનો અડધો ભાગ મળશે, અને ભાઈ બહેન ઉપરોક્ત મસાઈલમાં જણાવ્યા મુજબ વારસો પામશે. પરંતુ પતિ યા પત્નીને વારસો મળતો હોવાથી ફક્ત માના રિશ્તે જોડાયેલાં ભાઈ બહેનના હકમાં ઘટાડો નહીં કરી શકાય, જયારે સગાં ભાઈ બહેનો અથવા ફક્ત બાપના રિશ્તે જોડાએલા ભાઈ બહેનોના હકમાં કમી કરી શકાશે. દાખલા તરીકે, જો મૈયતના વારસદારોમાં શૌહરની સાથે સગાં ભાઈ બહેન તથા માના રિશ્તાથી ભાઈ બહેન

હોય, તો અડધો ભાગ શૌહરને જશે, અને પૂરા માલના ત્રણ ભાગનો એક ભાગ માના રિશ્તાથી ભાઈ બહેનને મળશે,અને જે બાકી રહે તે સગા ભાઈ બહેનને મળશે. એટલે અગર મૈયતનો પૂરો માલ છ તુમાન હોય, તો ત્રણ તુમાન શૌહરને, બે તુમાન માના રિશ્તાથી જોડાએલ ભાઈ બહેનનો અને એક તુમાન સગા ભાઈ બહેનને મળશે.

**મસઅલો ૨૭૬૬** : અગર મરનારના ભાઈ બહેનો જીવતા મોજૂદ ન હોય, તો તેમના વારસાનો હિસ્સો એમની ઔલાદને જશે. હવે જો એ ભાઈ કે બહેન માદરી હોય, એટલે કે મરનાર અને એમની મા એક હોય, પણ બાપ જુદા હોય, તો તેમની ઔલાદ વચ્ચે વારસો સરખે ભાગે તકસીમ થશે. પણ જો પીદરી ભાઈ બહેન હોય, એટલે કે મરનાર અને તેમનો બાપ એક હોય, પણ મા જુદી જુદી હોય અથવા સગાં ભાઈ બહેન હોય. તો મશ્હૂર એ છે કે એમની ઔલાદમાં દીકરાને દીકરી કરતાં બમણો ભાગ અપાશે. પરંતુ સંભવ છે કે સર્વે વચ્ચે વારસાની તકસીમ સરખે ભાગે થવી જોઈએ, માટે એહતિયાતે વાજિબની રૂએ અરસ પરસ સમજૂતી અને મુસાલેહતથી કામ લેવામાં આવે.

**મસઅલો ૨૭૬૭** : અગર મરનારનો ફકત એક દાદો અથવા એક દાદી વારસદાર હોય, અથવા એક નાનો યા એક નાની હોય, તો સર્વે માલ એને મળશે, અને દાદા અથવા નાનાની મોજૂદગીમાં દાદા કે નાનાના બાપને કાંઈ ભાગ મળશે નહીં. પણ જો વારસદારોમાં દાદા અને દાદી,

બંને મોજૂદ હોય, તો વારસાના ત્રણ ભાગ થશે, જેમાંથી બે ભાગ દાદાને અને એક ભાગ દાદીને જશે, અને જો વારસદારોમાં ફકત નાના અને નાની બંને હોય, તો એ બે વચ્ચે વારસાને સરખે ભાગે વહેંચવામાં આવશે.

**મસઅલો ૨૭૬૮** : અગર મરનારના વારસદારોમાં માત્ર એક દાદો અથવા દાદી અને સાથે એક નાના અથવા નાની હોય તો માલને ત્રણ ભાગમાં તકસીમ કરવામાં આવશે જેમાંથી બે ભાગ દાદા યા દાદીને મળશે, અને એક ભાગ નાના યા નાનીને મળશે.

**મસઅલો ૨૭૬૯** : અગર મૈયતના વારસદારોમાં દાદા, દાદી અને નાના, નાની બંને મોજૂદ હોય, તો માલને ત્રણ ભાગમાં તકસીમ કરી તેમાંથી એક ભાગ નાના, નાનીને મળશે, જે તેઓ પોતાના વચ્ચે સરખે ભાગે વહેંચણી કરશે, અને બે ભાગ દાદા, દાદીને જશે, જેમાં દાદા બે ભાગ રાખશે, અને દાદીને એક ભાગ આપશે.

**મસઅલો ૨૭૭૦** : અગર મૈયતના વારસદારોમાં તેની પત્ની સાથે દાદા, દાદી અને નાના, નાની મોજૂદ હોય, તો પત્નીને તેનો હક આગળ જણાવવામાં આવશે તે રીતે મળશે અને અસલ માલને ત્રણ ભાગમાં તકસીમ કરી એક ભાગ નાના, નાનીને અપાશે જે તેઓ પોતાના વચ્ચે સરખે ભાગે રાખશે. બાકી માલ દાદા, દાદીને મળશે, જેમાં દાદા દાદી કરતા બમણો ભાગ મેળવશે.

અને મૈયતના વારસદારોમાં પતિ સાથે દાદા, દાદી કે નાના નાની હોય, તો પતિને વારસાનો અડધો

ભાગ અપાશે, અને બાકી રહેલો માલ દાદા, દાદી કે નાના, નાની વચ્ચે ઉપર જણાવી ગયા છીએ તે પ્રમાણે હિસ્સો અપાશે.

**મસઅલો ૨૭૭૧ :** અગર વારસદારોમાં ભાઈ બહેન, અથવા ભાઈઓ બહેનોની સાથે દાદા, દાદી નાના, નાની અથવા દાદાઓ, દાદીઓ, નાનાઓ અને નાનીઓ મોજૂદ હોય, તો તેની વ્યવસ્થાના અનેક પ્રકારો છે.

(૧) અગર નાના યા નાની સાથે સર્વે ભાઈ બહેન મર્હુમના માદરી ભાઈ બહેન હોય, એટલે કે તેમની મા એક હોય, પણ બાપ જુદા હોય, તો સર્વેને વારસામાં, નર નારીનો, સરખોભાગ આપવામાં આવશે.

(૨) અગર દાદા અથવા દાદી સાથે સર્વે ભાઈ બહેન મર્હુમના પીદરીભાઈ બહેન હોય. એટલે કે તેમનો બાપ એક હોય પણ મા જુદી હોય, તો જો સર્વે વારસદારો પુરૂષ હોય, અથવા સર્વે વારસદારો સ્ત્રી હોય તો માલની તકસીમ સરખેભાગે થશે. પણ જો તેમાં અમુક પુરૂષ અને અમુક સ્ત્રી હોય, તો પુરૂષને સ્ત્રી કરતા બમણો ભાગ આપવામાં આવશે.

(૩) અગર દાદા અથવા દાદીની સાથે મર્હુમના સગા ભાઈ બહેન મોજૂદ હોય,એટલે કે એમના એકજ મા બાપ હોય, તો ઉપરોક્ત જણાવ્યા મુજબ તેનો હુકમ છે, પણ એ જાણવું જોઈએ કે ફક્ત બાપ તરફથી જો ભાઈ અથવા બહેન સાથે સગો ભાઈ અથવા બહેન મોજૂદ હોય તો ફક્ત બાપ તરફથી જે ભાઈ-બહેનો હશે તેઓને વારસો નહીં મળે.

(૪) અગર વારસદારોમાં દાદાઓ અથવા દાદીઓ, અથવા નાનાઓ અથવા નાનીઓ હોય, ચાહે સર્વે પુરૂષ અથવા સ્ત્રી, અથવા બંને હોય, અને સામે ભાઈઓ અથવા બહેનો પણ એજ પ્રકારના હોય, તો મૈયતના માદરી ભાઈ બહેનો અને નાનાઓ, નાનીઓને વારસાનો ત્રીજો ભાગ મળશે ; અને એ તેમના વચ્ચે સ્ત્રી પુરૂષના દરમ્યાન ફર્ક રાખ્યા વગર સરખે ભાગે વહેંચણી થશે.

બાકીના ૨/૩ ભાગ દાદાઓ, દાદીઓ અને પીદરી ભાઈ બહેનોને જશે કે જેમાં દરેક પુરૂષને સ્ત્રી કરતાં બમણો ભાગ અપાશે. અને જો સર્વે પુરૂષો કે સર્વે સ્ત્રીઓ જ હોય, તો માલ સરખેભાગે તકસીમ થશે.

(૫) અગર વારસદારોમાં દાદા અથવા દાદી સાથે મરનારના માદરી ભાઈ કે બહેન હાજર હોય, તો જો એકજ ભાઈ અથવા એકજ બહેન હોય, તો તેને માલનો છઠ્ઠો ભાગ (૧/૬ ) આપવામાં આવશે. અને જો એકથી વધુ ભાઈઓ બહેનો હોય, તો તેમને માલનો ત્રીજો ભાગ આપવામાં આવશે કે જેની તેઓ પોતાના વચ્ચે સરખે ભાગે વહેંચણી કરશે. બાકી રહેલો માલ દાદા અથવા દાદીને જશે. અને જો બંને મોજૂદ હોય તો દાદાને દાદી કરતાં બમણો ભાગ મળશે.

(૬) અગર મરનારના નાના કે નાની સાથે તેનો પીદરી ભાઈ હાજર હોય, તો એ સૂરતમાં નાના અથવા નાની ને ત્રીજો ભાગ મળશે, જો બંને હોય તો બંને વચ્ચે બરાબર તકસીમ થશે અને બાકીનો ૨/૩ ભાગ ભાઈને અથવા ભાઈઓને જશે.

અને જો એ નાના કે નાની સાથે પીદરી બહેન હોય, અને એકલી હોય તો તેને વારસાનો અડધો ભાગ મળશે અને જો એકથી વધુ હોય તો તેમને વારસાનો ૨/૩ ભાગ મળશે. દરેક સંજોગમાં નાના અથવા નાનીનો ભાગ ૧/૩ રહેશે. આ હિસાબે અગર એક જ બહેન હોય તો વારસામાં ૧/૬ જેટલો ભાગ વધી પડશે. જેના માટે અહવતે વાજિબ છે કે અરસ પરસ સમજૂતી અને મુસાલેહત કરવામાં આવે.

(૭) અગર વારસદારોમાં અમુક દાદા અથવા દાદી અને નાના નાની હોય, અને સાથે એક યા એકથી વધુ પીદરી ભાઈ બહેન હોય, તો એ સંજોગમાં નાના કે નાનીને ૧/૩ ભાગ અપાશે, અને જો તેમની સંખ્યા વધુ હોય તો તેઓ પોતાના વચ્ચે સરખે ભાગે તકસીમ કરશે; અને તેમાં પુરૂષ સ્ત્રીનો ભેદ ભાવ રહેશે નહીં.

બાકી રહેલો ૨/૩ ભાગ દાદા કે દાદી અને પીદરી ભાઈ બહેનને મળશે. હવે તેમાં જો અમુક પુરૂષ અને અમુક સ્ત્રી હોય, તો પુરૂષને સ્ત્રી કરતાં બમણો ભાગ મળશે.

અને જો એ દાદા, દાદી કે નાના નાની સાથે માદરી ભાઈ બહેન હાજર હોય, તો નાના અથવા નાની તેમજ માદરી ભાઈ બહેનને ૧/૩ ભાગ મળશે, જે સ્ત્રી પુરૂષના ભેદભાવ રાખ્યા વિના પોતાના વચ્ચે સરખે ભાગે તકસીમ કરશે. બાકી રહેલ ૨/૩ ભાગ દાદા કે દાદીને

જશે. એકથી વધુ હોય તો દાદાને દાદી કરતા બમણું મળશે.
(૮) અગર વારસદારોમાં અમુક માદરી અને અમુક પીદરી ભાઈ બહેનો સાથે દાદા કે દાદી હાજર હોય, તો એ સંજોગમાં માદરી ભાઈ બહેનને ૧/૬ ભાગ મળશે, જો એક જ હોય, પણ જો એકથી વધુ હોય, તો ૧/૩ મળશે. એ લોકો પોતાના દરમ્યાન સરખે ભાગે તકસીમ કરશે.

બાકીનો માલ પીદરી ભાઈ બહેન અને દાદા અથવા દાદીને જશે. અને પુરૂષને સ્ત્રી કરતાં બમણો ભાગ મળશે.

પણ જો વારસદારોમાં એ ભાઈ બહેનો સાથે નાના કે નાની હાજર હોય, તો નાના કે નાની સાથે માદરી ભાઈ બહેનને ૧/૩ ભાગ જશે, જે તેમના વચ્ચે સરખે ભાગે તકસીમ થશે, અને બાકીનો ૨/૩ ભાગ પીદરી ભાઈ બહેનોને મળશે. અને તેમાં પુરૂષને સ્ત્રી સામે બમણો ભાગ આપશે.

**મસઅલો ૨૭૭૨** : જે સંજોગમાં મૈયતના ભાઈ અથવા બહેન મોજૂદ હોય તે સંજોગમાં ભત્રીજા કે ભાણેજને વારસામાં કંઈપણ હક મળશે નહીં. પણ જે સંજોગમાં ભાઈ કે બહેનના હક સાથે ભત્રીજા અથવા ભાણેજનો હક અથડામણરૂપ ન હોય, તે સંજોગમાં આ હુકમ લાગુ નહીં પડે. જેમકે, અગર વારસદારોમાં પીદરી ભાઈ સાથે નાના મોજૂદ હોય, તો ભાઈને ૨/૩ ભાગ મળશે, અને નાનાનો ૧/૩ ભાગ છે. પણ જો મૈયતના

માદરી ભાઈનો દીકરો પણ મોજૂદ હોય, તો એ ભત્રીજો નાનાના હિસ્સામાં ભાગીદાર બનશે.

## ત્રીજા તબક્કાનો વારસો

**મસઅલો ૨૭૭૩ :** ત્રીજા તબક્કામાં કાકા, ફુઈ, મામા અને માસી તથા તેમની ઔલાદનો સમાવેશ થાય છે. અને અગાઉ સમજાવી ગયા છીએ તેમ જયાં સુધી પહેલા અને બીજા તબક્કાનો એક પણ વારસદાર મોજૂદ હોય, ત્યાં સુધી ત્રીજા તબક્કાને કાંઈ નહીં મળે.

**મસઅલો ૨૭૭૪ :** અગર મરનારનો વારસદાર માત્ર એક જ કાકો કે એક જ ફુઈ હોય, તો ચાહે એ સગો કાકો કે સગી ફુઈ હોય, અથવા પીદરી કે માદરી કાકા ફુઈ હોય, તમામ વારસો એને જશે. અને જો એક થી વધુ કાકાઓ અને ફઈઓ હોય, અને સર્વે સગા કાકાઓ કે સગી ફુઈઓ હોય, અથવા સર્વે પીદરી રિશ્તાના હોય અથવા સર્વો માદરી રિશ્તાના હોય, તો તેમના વચ્ચે વારસાની સરખે ભાગે તકસીમ થશે. પણ જો કાકાઓ અને ફુઈઓ બંને હાજર હોય, તો કાકાઓને ફુઈઓ કરતાં બમણો ભાગ આપવામાં આવે.

**મસઅલો ૨૭૭૫ :** અગર મરનારના વારસદારમાં કાકાઓ અને ફુઈઓ હોય, જેમાં અમુક પીદરી, અમુક માદરી અને અમુક સગા કાકાઓ અને સગી ફુઈઓ હોય, તો એવા સંજોગમાં પીદરી રિશ્તાના કાકાઓ અને ફુઈઓને કોઈ ભાગ નહીં મળે.

મૈયતના વારસદારોમાં એક માદરી કાકો અથવા

એક માદરી ફુઈ હોય, તો વારસાના ૬ ભાગ કરવામાં આવે, જેમાંથી એક ભાગ (૧/૬) એ માદરી કાકા અથવા ફુઈને અપાય, ને બાકીનો વારસો સગા કાકા કે સગી ફઈને આપવામાં આવે. પણ જો સગાં કાકાઓ અથવા સગી ફુઈઓ મોજૂદ ન હોય, તો પાંચ ભાગ પીદરી કાકા અને ફુઈનો હક થશે, અને અગર મરનારના માદરી કાકા અને ફુઈ હોય તો માલના ત્રણ ભાગ થશે. જેમાં બે ભાગ સગાં કાકા અને ફુઈને મળશે અને તે ન હોય તો પછી પીદરી કાકા અને ફુઈને મળશે અને બાકીનો એક ભાગ માદરી કાકા અને ફુઈને મળશે. દરેક સંજોગમાં કાકાને ફુઈ કરતાં બમણો હક મળવો જોઈએ.

**મસઅલો ૨૭૭૬** : અગર મરનારના વારસદારોમાં માત્ર એક મામા અથવા એક માસી હોય તો તમામ માલ તેને આપશે, અને જો બંને સાથે હાજર હોય, અને એ સર્વે સગા મામા માસી હોય, અથવા પીદરી અથવા માદરી રિશ્તાના હોય, તો સંભવિત છે કે મામાને માસી કરતાં બમણો ભાગ મળે, પણ સરખે ભાગે વહેંચણીનો પણ એહતેમાલ હોવાથી એહતિયાતે વાજિબની રૂએ વધારાના ભાગમાં આપસમાં સમાધાન કરવું જોઈએ.

**મસઅલો ૨૭૭૭** : અગર વારસદારોમાં એક અથવા વધુ માદરી મામા અને માસી હોય, અને તેમની સાથે સગા મામા, સગી માસીઓ તેમજ પીદરી મામા અને પીદરી માસીઓ પણ મોજૂદ હોય, તો આવા સંજોગમાં પીદરી મામા અને પીદરી માસીને વારસામાંથી બાકાત

રાખવામાં ઈશ્કાલ છે. અને માદરી મામા, માસીમાંથી એક હોય તો ૧/૬ ભાગ મળશે અને એક કરતા વધારે હોય તો ૧/૩ ભાગ મળશે અને બાકી માલ પીદરી, મામા, માસીને મળશે. દરેક સંજોગમાં સંભવિત છે કે મામાને માસી કરતા બમણું મળે. પણ એહતિયાતે વાજિબ છે કે મુસાલેહત કરવામાં આવે.

**મસઅલો ૨૭૭૮ :** અગર વારસદારોમાં એક અથવા વધુ મામાઓ હોય અથવા એક અથવા વધુ માસીઓ હોય, અથવા બંને હાજર હોય, અને સાથે સાથે એક અથવા એકથી વધારે કાકાઓ હોય અથવા ફુઈઓ હોય. અથવા કાકાઓ અને ફુઈઓ બંને હાજર હોય, તો માલની ત્રણ ભાગમાં વહેંચણી થશે, જેમાંથી એક ભાગ મામાને કે માસીને, અથવા બંનેને મળશે, અને બાકીના બે ભાગ કાકાને અથવા ફુઈને, અથવા બંનેને અપાશે. દરેક ગિરોહ વચ્ચે વહેંચણીની રીત બયાન થઈ ચૂકી છે.

**મસઅલો ૨૭૭૯ :** અગર મૈયતના વારસદારોમાં કાકા, ફુઈ, મામા, માસી કોઈ મોજૂદ ન હોય, તો જે ભાગ કાકા ફુઈનો હોય છે, તે એમની ઔલાદને અપાશે. અને જે ભાગ મામા માસીનો હોય છે, તે એમની ઔલાદને મળશે. ફૂઈની એક દીકરી અને મામાના અમુક દીકરાઓ હોય તો ફૂઈની દીકરીને ૨/૩ ભાગ અને મામાના દીકરાનો ૧/૩ ભાગ મળશે. જે આપસમાં સરખા ભાગે વહેંચણી કરશે. આ તબક્કો મરનારના માં-બાપના કાકા, ફુઈ, મામા, માસી ઉપર અગ્રતા રાખે છે.

**મસઅલો ૨૭૮૦** : અગર મૈયતના વારસદારોમાં તેના બાપના કાકા, ફુઈ, મામા અને માસી હોય, તેમજ માના કાકા, ફુઈ, મામા અને માસી હોય, તો માલના ત્રણ હિસ્સાઓ થશે, જેમાંથી એક ભાગ માના કાકા, ફુઈ, મામા, માસીને જશે, અને એ માલ એમના વચ્ચે સરખે ભાગે તકસીમ થશે કે નહી તેમાં મતભેદ છે. પણ એહતિયાતે વાજિબ છે કે સુલ્હ કરે. બાકીના બે ભાગોને ફરી ત્રણ હિસ્સાઓમાં તકસીમ કરવામાં આવશે, જેમાંથી એક હિસ્સો બાપના મામા, માસીને જશે અને એ જ રીતે તકસીમ થશે. અને બાકીના બે હિસ્સાઓ એ જ રીતે તકસીમ કરીને બાપના કાકા અને ફુઈને આપવામાં આવશે.

## પતિ, પત્નીનો વારસો

**મસઅલો ૨૭૮૧** : અગર પત્ની ગુજરી જાય અને તેની કોઈ ઔલાદ ન હોય, તો તેનો વારસાનો અડધો ભાગ તેના શૌહરને મળશે, અને બાકીનો વારસો તેના બીજા વારસદારોમાં તક્સીમ થશે. પણ જો એ શૌહર અથવા બીજા શૌહરથી તેની ઔલાદ હોય, તો શૌહરને વારસાનો ચોથો ભાગ મળશે, અને બાકીનો વારસો બીજા વારસદારોને મળશે.

**મસઅલો ૨૭૮૨** : અગર પતિ ગુજરી જાય અને તેની કોઈ ઔલાદ ન હોય, તો પત્નીને પતિના માલનો ચોથો ભાગ મળશે, અને બાકી બીજા વારસદારોને મળશે. પણ જો એ પત્ની યા બીજી પત્નીથી તેની ઔલાદ હોય, તો પત્નીને આઠમો ભાગ મળશે, અને બાકી બીજા

વારસદારોમાં તકસીમ થશે.

પત્નીને જમીન, મકાન, બાગ, ખેતીવાડી અથવા બીજી જમીનોનો વારસો આપવામાં આવશે નહીં. જયાં સુધી જમીનનો સંબંધ છે, ત્યાં સુધી પત્નીને ન જમીન વારસામાં અપાશે અને ન જમીનની કિંમત અપાશે. એવી જ રીતે મકાનના વાતાવરણમાં થયેલ ચણતર, ઉગાડવામાં આવેલ ઝાડ પણ વારસામાં નહીં મળે, પણ તેની કિંમતમાં તેને વારસો મળશે. એ જ હુકમ ખેતીવાડી, અને બાગની જમીન ઉપર તેમજ અન્ય જમીનો ઉપર થયેલા ચણતર, અને ઉગાડવામાં આવેલી વસ્તુઓને લાગુ પડશે. પણ શૌહરની વફાત સમયે જે ફળો ઝાડ ઉપર હતા તે વારસામાં મેળવી શકે છે.

**મસઅલો ૨૭૮૩** : અગર પત્નીની ઈચ્છા હોય કે જે વસ્તુમાં તેનો વારસા હક નથી, જેમકે રહેવાના મકાનની જમીનનો ઉપયોગ કરે, તો બીજા વારસદારોની રજા મેળવવી જરૂરી છે.

એવી જ રીતે જયાં સુધી પત્નીને તેનો ભાગ આપી ન દેવામાં આવે, ત્યાં સુધી બીજા વારસદારો માટે જાઈઝ નથી કે જે વસ્તુની કિંમતમાં પત્ની હક ધરાવે છે, જેમકે ચણતર, ઝાડ, વિગેરે તેનો ઉપયોગ કરે.

**મસઅલો ૨૭૮૪** : જયારે ચણતર કે ઝાડ વિગેરેની કિંમત કરવી હોય, ત્યારે સામાન્ય રીતે કિંમત આંકનારઓ જે રીતે કિંમત કરે છે, તે રીતે કિંમત આંકવામાં આવે, અને તેમાં જમીનની ખાસિયત ધ્યાનમાં ન લેવામાં આવે

કે તેની કેટલી કિંમત લેખાય. એવી જ રીતે જમીનથી જો વસ્તુઓ ઉખેડી લેવામાં આવે ત્યારે તેની કિંમત કેટલી ગણાય, અથવા કોઈ પણ ભાડા વિના તે જમીન ઉપર બાકી રહે એ મુજબ અનુમાન ન કરવામાં આવે.

**મસઅલો ૨૭૮૫** : પાણીના વહેણ માટે ખોદવામાં આવેલી નહેરનો હુકમ જમીનનો છે, અને બાંધકામ માટે મૂકવામાં આવેલી ઈંટો વિગેરેનો હુકમ ચણતરનો રહેશે. પણ પાણીનો વારસો મેળવી શકે છે.

**મસઅલો ૨૭૮૬** : અગર મરનારની એકથી વધુ પત્નીઓ હોય, તો જો તેની ઔલાદ ન હોય, તો તેમને ચોથો ભાગ, અને જો તેની ઔલાદ હોય, તો તેમને ઉપર જણાવ્યા મુજબ આઠમો ભાગ મળશે; અને એ એમના વચ્ચે સરખે ભાગે તકસીમ થશે, ચાહે શૌહરે તે સર્વે સાથે અથવા તેમાંથી અમુક સાથે નઝદીકી અને જાતીય સમાગમ ન કર્યુ હોય.

પણ જે બીમારીમાં તેનું મૃત્યું થયું હોય, તે દરમિયાન એણે અકદ કર્યા હોય અને એ સ્ત્રી સાથે જાતીય સમાગમ ન કરી શક્યો હોય, તો એ સ્ત્રીને તેનો વારસો નહીં મળે; અને મહેરનો હક પણ નહીં પામે.

**મસઅલો ૨૭૮૭** : અગર પત્ની બીમારીની હાલતમાં શાદી કરે, અને એ જ બીમારીમાં મૃત્યુ પામે, તો ભલેપછી તેના શૌહરે તેની સાથે જાતિય સમાગમ ન કર્યુ હોય, તો પણ તેનો વારસો પામશે.

**મસઅલો ૨૭૮૮** : અગર કોઈ પત્નીને શરીઅતમાં

જણાવેલ રીતે તલાકે રજઈ અપાઈ હોય, અને ઈદ્દાની મુદ્દત દરમિયાન પત્ની ગુજરી જાય તો શૌહરને તેનો વારસો મળશે અને પતિ ગુજરી જાય તો પત્નીને તેનો વારસો મળશે પણ મુદ્દત ખત્મ થયા બાદ અથવા તલાકે બાઈનના ઈદ્દા દરમિયાન બંનેમાંથી એક મૃત્યુ પામે, તો અરસપરસ એકબીજાને વારસો નહીં મળે.

**મસઅલો ૨૭૮૯ :** અગર શૌહર બીમારીની હાલતમાં પોતાની પત્નીને તલાક આપે, અને ચાંદના હિસાબે બાર મહિના પૂરા થાય એથી પહેલા ગુજરી જાય, તો પત્નીને ત્રણ શરતે વારસો મળશે. ભલે પછી તે તલાક રજઈ હોય કે બાઈન.

(૧) પહેલી શરત એ કે મુદ્દત દરમિયાન પત્નીએ બીજી શાદી ન કરી હોય, અગર બીજી શાદી કરી હોય તો વારસો નહીં પામે, પણ એહતિયાતે મુસ્તહબ એ છે કે મુસાલેહત કરવામાં આવે.

(૨) બીજી શરત એ કે પત્નીએ તલાક માટે દરખાસ્ત ન કરી હોય, અથવા રજામંદ ન હોય. જો તેમ કર્યુ હોય, તો ચાહે તલાક મેળવવા માટે શૌહરને કંઈ વળતર આપ્યું હોય કે ન આપ્યું હોય, એ વારસો નહીં પામે.

(૩) ત્રીજી શરત એ કે જે બીમારીમાં શૌહરે તલાક આપી હોય, એ જ બીમારી દરમિયાન એ રોગને કારણે અથવા બીજા કારણસર શૌહરનું મૃત્યુ થયું હોવું જોઈએ માટે જો એ બીમારીમાંથી શૌહર સાજો થઈ ગયો હોય, અને તે બાદ કોઈ બીજા કારણસર તેનું મરણ નીપજે, તો એ પત્નીને વારસો નહીં મળે. પણ એ કે તેની વફાત ઈદ્દતે

રજાઈ દરમિયાન થઈ હોય.

**મસઅલો ૨૭૯૦ :** શૌહરે પોતાની સ્ત્રીને પહેરવા માટે જે વસ્ત્રો લીધા હોય, તે ભલેપછી સ્ત્રીએ પહેર્યા હોય તો પણ શૌહરના મરણ બાદ શૌહરના માલમાં ગણાશે. સિવાય એ કે તે કપડાં તે સ્ત્રીની મિલકતમાં આપ્યા હોય અને સ્ત્રીને હક છે કે ખર્ચમાં કપડાની માંગણી કરી શકે છે.

## વારસા સંબંધી જુદા જુદા મસાઈલ

**મસઅલો ૨૭૯૧ :** મરનારનું કુરઆને મજીદ, તેની વીંટી, તલવાર અને તેના કપડાઓ જે પહેરી ચૂક્યો હોય અથવા પહેરવા માટે પોતાની પાસે રાખ્યા હોય તે બધુ મોટા દીકરાને મળશે, અને જો મરનાર પાસે ઉપરોક્ત પહેલી ત્રણ વસ્તુઓમાંથી કોઈપણ એકથી વધારે હોય, જેમકે બે કુરઆન, બે વીંટીઓ અથવા બે તલવારો હોય, તો એહતિયાતે વાજિબ છે કે એ માટે મોટો દીકરો બાકીના વારસદારો સાથે સમજૂતી અને મુસાલેહત કરે. આ ચાર વસ્તુઓમાં કુરઆનનું રહેલ, બંદુક અને ખંજર વિગેરે અન્ય હથિયારો કુરઆને શરીફની પેટી, તલવારની મિયાનનો સમાવેશ થશે.

**મસઅલો ૨૭૯૨ :** અગર મરનારના એકથી વધુ જયેષ્ઠ પુત્રો હોય, જેમકે, બે પત્નીઓથી એક જ સમયે બે પુત્રો અવતર્યા હોય, તો ઉપરોક્ત વસ્તુઓની તેમના વચ્ચે સરખે ભાગે વહેંચણી કરવામાં આવશે. આ હુકમ દીકરા માટે ખાસ છે. તેમાં દીકરીઓનો સમાવેશ નહી થાય.

**મસઅલો ૨૭૯૩ :** અગર મરનાર ઉપર લેણું હોય, અને એ લેણું તેના મૂકેલા વારસા જેટલું અથવા એથી

વિશેષ હોય, તો પણ ઉપર જણાવેલા મસઅલામાં જે વસ્તુઓ મોટા દીકરાને મળે છે, તે વસ્તુઓ કરજની ભરપાઈ પેટે આપી દેવું મોટા દીકરાની ફરજ છે, અથવા તેની કિંમત આંકી પોતાના માલમાંથી કિંમત અદા કરે.

જો મરનારનું લેણું તેના મૂકેલા વારસા કરતાં ઓછું હોય, અને મોટા દીકરાને જે વસ્તુઓ મળી છે, તે સિવાયનો માલ કરજની અદાયગી માટે કાફી ન હોય, તો મોટા દીકરાની ફરજ છે કે તેને મળેલી વસ્તુઓમાંથી અથવા પોતાના માલમાંથી એ લેણું અદા કરે. બલ્કે અગર બાકી રહેલો માલ કરજની ભરપાઈ માટે કાફી હોય, તો પણ એહતિયાતે લાઝિમ છે કે મોટો દીકરો ઉપરોક્ત જણાવેલ મુજબ મરનારના કરજની અદાયગીમાં હિસ્સો આપે, જેમકે, અગર મરનારનો સંપૂર્ણ વારસો સાઈઠ રૂપિયા હોય, જેમાં વીસ રૂપિયા એ વસ્તુઓની કિંમત હોય કે જે મોટા દીકરાને મળી છે, અને મર્હુમ ઉપર ત્રીસ રૂપિયાનું લેણું હોય, તો મોટા દીકરાની ફરજ રહેશે કે દસ રૂપિયા એ મેળવેલી વસ્તુઓના હિસાબે મર્હુમના કરજ પેટે આપે.

**મસઅલો ૨૭૯૪** : મુસલમાન કાફિરનો વારસો પામી શકશે. પણ કાફિર, ચાહે એ મુસલમાન મરનારનો બાપ કે દીકરો હોય, તેને વારસો નહીં મળે.

**મસઅલો ૨૭૯૫** : અગર કોઈ શખ્સ પોતાના કોઈ સગાંને જાણી જોઈને નાહક મારી નાખે, તો એનો વારસો પામી નહીં શકે. પણ જો ભૂલથી મારી નાખ્યો હોય, જેમકે, હવામાં પત્થર ફેંક્યો હોય અને એ અચાનક તેના કોઈ સગાને લાગી જતાં તેનું મૃત્યું નીપજયું હોય, તો

વારસો પામશે. એવીજ રીતે હક્ક સાથે કત્લ કર્યું હોય જેમકે કીસાસ (બદલો) અથવા સજા આપવી અથવા રક્ષણ માટે હોય તો વરસો મેળવી શકે છે. પણ તે સગાના કતલની દીયત (ખૂનના બદલામાં મળતું શરઈ વળતર)માંથી તેને વારસો નહી મળે. આ જ હુકમ શિબ્હે અમ્દ માટે છે. એટલે એવું કામ કરે જે જાન લેવાનો ઈરાદો ન હોય. ભલે પછી તેને મકતૂલ (ઉપર ઘા કરવા)નો ઈરાદો કર્યો હોય તો પણ કાતિલને વારસો મેળવવામાં રૂકાવટ નથી બનતું.

**મસઅલો ૨૭૯૬ :** જયારે વારસાની વહેંચણી કરવી હોય, ત્યારે જે બચ્ચું માના પેટમાં હોય અને જો એ જીવતું અવતરે તો વારસાનો હકદાર થતો હોય, એ સંજોગમાં જો ગમે તે રીતે યકીન થાય કે બાળક એક છે કે તેનાથી વધારે છે, દીકરો છે કે દીકરી છે તો તેનો ભાગ અલગ રાખે. અને બાકી બીજા વારસદારો વચ્ચે તકસીમ કરે. અને જો વધારે બાળક થવાની એવી કોઈ વિશ્વાસપાત્ર સંભાવના હોય તો એટલા પ્રમાણમાં બચ્ચાઓ માટેનો હિસ્સો અલગ કરવો જોઈએ. પછી જો માત્ર એક દીકરો અથવા દીકરી જન્મે, તો બાકી વધતી રકમ (બીજા) વારસદારો પોતાના વચ્ચે તકસીમ કરી શકશે.

## મુલહેકાત

### (૧) ડીપોઝીટ અને કર્જો

ઈસ્લામી દેશોમાં બેન્ક ૩ પ્રકારની હોય છે.

૧) પ્રાઈવેટ: જેની મુડી કોઈ એક ખાસ માણસ અથવા અમુક માણસોના રોકાણથી હોય છે.

૨) સરકારીઃ જેની મુડી સરકારી હોય છે.
૩) અર્ધસરકારીઃ જેની મુડીનો અમુક ભાગ સરકારી અને અમુક ભાગ ખાસ લોકોનો હોય છે.

**મસઅલો ૨૭૯૭** : પ્રાઈવેટ બેન્કથી કર્જો લઈ તેને વધારે ચુકવવુ વ્યાજ હરામ છે. અગર કોઈ આ રીતે કર્જો લ્યે તો કર્જો સહી છે શર્ત બાતિલ છે અને શર્ત મુતાબીક વધારે લેવુ–દેવુ હરામ છે અને વ્યાજથી છુટકારા માટે અમુક રસ્તાઓ બતાવવામાં આવ્યા છે. જેમકે

૧) કર્જો લેનાર દાખલા તરીકે કોઈ માલમતાને બેન્ક અથવા વ્યક્તિથી દસ, વીશ ટકા મૂળ કીંમત કરતા મોંઘુ ખરીદે અથવા કોઈ માલમતાને તેની મૂળ કીંમત કરતા સસ્તામાં બેન્કને વેચે અને મામલા વખતે શર્ત કરે કે બેન્ક અમુક રકમને જે બંને તરફથી નક્કી થયેલ ખાસ મુદ્દત માટે તેને કર્જા રૂપે આપે. આ રીતે બેન્ક પાસેથી કર્જો લેવો જાઈઝ છે અને વ્યાજ નથી.

પરંતુ આ મસઅલો ઈશ્કાલથી ખાલી નથી. એહતિયાતો વાજિબની રૂએ પરહેઝ કરવું જોઈએ અને મસઅલો હીબા (ભેટ) ઈજારા, સુલ્હમાં કર્ઝની શર્ત સાથે હોય તો આજ હુકમ છે.

૨) કર્જાને વેપારના રૂપમાં ફેરવીને બેન્ક અમુક રકમને જેમકે હજાર રૂપિયાને એક હજાર બસ્સો રૂપિયામાં ઉધારમાં બે મહીના માટે વેંચે. જોકે હકીકતમાં આ પ્રકારનો કર્જો વ્યાજવાળો નથી, પરંતુ વેપારનું સહીહ હોવુ ઈશ્કાલ ભરેલુ છે.

પરંતુ જો કરન્સી બદલાય જાય તો વાંધો નથી જેમકે બેન્ક હજાર રૂપિયાને ઉધારમાં બીજી કરન્સીમાં દા.ત. ડોલરમાં વેંચે અને તેની કીંમતને મુદ્દા પ્રમાણે એક હજાર બસ્સો રૂપિયા રાખે અને ચૂકવતી વખતે જાઇઝ છે કે નક્કી કરેલ કરન્સી જેમકે ડોલરના બદલે રૂપિયામાં ચૂકવે. આ રીતે કર્જાની ચૂકવણી બીજી વસ્તુથી થઈ કહેવાશે અને બંને પક્ષ રાજી હોય તો વાંધો નથી.

૩) બેન્ક કોઈ વસ્તુને કોઈ ખાસ કિંમત પર ઉધારમાં વહેંચે દા.ત. કોઈ વસ્તુ એક હજાર બસ્સો રૂપિયામાં ઉધારે વહેંચે અને તે જ વસ્તુને રોકડે ઓછી કિંમતે જેમકે હજાર રૂપિયામાં ખરીદે.

આ પ્રકારના સોદામાં જ્યારે પહેલા સોદામાં શર્ત થઈ હોય કે બેન્ક તે વસ્તુને ફરીથી રોકડે અને ઉધારની કિંમત કરતા ઓછી કિંમતે ખરીદશે અથવા સોદો થાય તે પહેલા શર્ત કરવામાં આવે અને તે શર્ત મુતાબીક સોદો કરવામાં આવે જેમકે કહેવામાં આવે આ સોદો પહેલા નક્કી થયેલ શર્ત મુતાબીક (કરીએ તો સહીહ નથી પરંતુ) આવી કોઈ શર્ત ન હોય તો વાંધો નથી.

નોંધઃ આ બધા રસ્તાઓ જોકે સહીહ હોય તેમ છતાં બેન્કનો મૂળહેતુ પાર પડતો નથી જેમકે અગર નક્કી મુદ્દતે ભરપાઈમાં મોડુ થાય તો કર્જાની ભરપાઈમાં મોડુ કરવા બદલ વધુ કિંમત ચૂકવવાની ઉઘારણી કરે તે વ્યાજ હરામ છે કારણકે મોડી ચૂકવણી બદલ વધુ લેવુ હરામ વ્યાજ છે. ભલે પછી સોદા વખતે શર્ત કરવામાં આવેલ હોય.

**મસઅલો ૨૭૯૮ :** સરકારી બેન્કથી વધારાની રકમ ચૂકવવાની શર્તે કર્જો લેવો જાઈઝ નથી કારણકે વ્યાજ (રેબા) છે અને તેમાં રહેન પેટે રાખવુ કે ન રાખવુ સરખુ જ છે. અને અગર જો કોઈ આ રીતે સરકારી બેન્ક પાસેથી કર્જો લ્યે તો કર્જો અને શર્ત બંને બાતિલ છે કારણકે બેન્ક પોતાની મુડીની માલિક નથી કે જેને કર્જ લેનારની મિલ્કીયતમાં આપી શકે.

આ ઈશ્કાલથી છુટકારા માટે કર્જો લેનાર હાકીમે શરઈ (મરજએ તકલીદ)ની રજાથી ચોક્કસ રકમ કર્જો લઈ શકે છે કારણ કે બેન્કની મૂડીના અસલ ધણીની ખબર ન હોવાના કારણે તેના ઉપયોગનો અધિકાર હાકીમે શરઈને છે અને આ રજામંદી અમોએ દરેક મોઅમેનીનનને આપેલી છે.

ફકત એ વાતનુ ધ્યાન રાખવુ કે કર્જો લેતી વખતે ખુદ પોતે પોતાને કહે આ કર્જો મેં મારી જાતને હાકીમે શરઈ તરફથી આપ્યો. આ સંજોગમાં ભલે જાણતો હોય કે કાનૂન મુજબ અસલ માલ અને વધારાની રકમ બેન્કને અપાવવા પાબંદ છે તો પણ વાંધો નથી.

**મસઅલો ૨૭૯૯ :** પ્રાઈવેટ બેન્કોમાં ડીપોઝીટ રાખવી હકીકતમાં તેઓને કર્જો આપવાનો છે અને જો વધારાની રકમ માટે શર્ત કરવામાં ન આવે તો જાઈઝ છે. ભલે પછી ખબર હોય કે તેને વધારાની રકમ મળશે.

શર્ત ન કરવી તેનો અર્થ એ નથી કે ઈન્સાન દિલથી વધારાની રકમ ઉઘરાવવાનો ઈરાદો ન રાખે. અગર

જો બેન્ક ભરપાઈ ન કરે (કારણ કે શકય છે આવો ઈરાદો ન હોય પણ શર્ત કરે અથવા આવો ઈરાદો હોય અને શર્ત ન કરે) બલ્કે શર્ત ન કરવાનો અર્થ એ છે કે બેન્કમાં ખાતુ ખોલાવતી વખતે વ્યાજ આપવાની શર્ત ન રાખે.

**મસઅલો ૨૮૦૦** : પ્રાઈવેટ બેન્કમાં ડીપોઝીટ રાખવી (કર્જા રૂપે દેવુ) વધારાની રકમ મેળવવાની શર્તે જાઈઝ નથી. અગર કોઈ આ રીતે એટલે કે વધારાની રકમ મેળવવાની શર્તે ડીપોઝીટ રાખે તો મૂળ ડીપોઝીટ સહીહ છે અને વધારાની રકમ મેળવવાની શર્ત બાતિલ છે અને અગર જો બેન્કે નફો આપે તો તે માલિક નહી બને પરંતુ અગર જો ઈત્મીનાન હોય કે બેન્કના માલિકો ભલે પછી એ જાણતા હોય કે શરીઅતના હિસાબે તેઓ માલિક નહી બને, તેમ છતાં અગર તેઓ મળતી વધારાની રકમ પર રાજી હોય તો નફાનો વપરાશ કરવામાં વાંધો નથી અને લગભગ આવુજ હોય છે.

**મસઅલો ૨૮૦૧** : સરકારી બેન્કોમાં ડીપોઝીટ રાખવી (કર્જો દેવાના અર્થમાં) વધારાની રકમ મેળવવાની શર્તે જાઈઝ નથી અને તે વધારાની રકમ વ્યાજ છે બલ્કે આવી બેન્કોમાં ડીપોઝીટ રાખવી ભલે પછી વધારાની રકમ મેળવવા વગર હોય તો પણ શરીઅતની રૂએ માલના વિનાશ જેમ છે કારણ કે જ્યારે ડીપોઝીટ બેન્કથી પાછી મેળવશે ત્યારે તે ડીપોઝીટલેખેનો માલ બેન્કનો નહી હોય (મતલબ કે પૈસા બદલાય ગયા હશે) બલ્કે મજહુલુલ માલિક (જે માલનો ધણી ખબર ન હોય)નો હશે. માટે

પોતાની આવક અને નફો જે ઈન્સાન વર્ષ દરમ્યાન હાંસિલ કરે છે તેને સરકારી બેન્કમાં ખુમ્સ કાઢયા વગર રાખવુ મુશ્કેલ છે. કેમકે તેને પોતાના માલ પર ખર્ચ કરવાનો અધિકાર છે. પરંતુ તેના વિનાશનો અધિકાર નથી અને અગર વિનાશ કરે છે તો ખુમ્સના હકદારો માટે તે જવાબદાર છે. જો કે આ વસ્તુ ત્યારે છે જ્યારે હાકીમે શરઈની રજા મેળવેલ ન હોય. પરંતુ હાકીમે શરઈ જ્યારે કોઈને ડીપોઝીટની રજા પાઠવે અને બેન્કને પણ રજામંદી આપે કે તેઓ ડીપોઝીટની રકમને બેન્કમાં મૌજૂદ માલથી ચૂકતી કરે તો પછી શરઈ ઈશ્કાલ નથી. જેવી રીતે કે જાઈઝ છે ડીપોઝીટ મૂકનાર શર્ત વગરની ડીપોઝીટ ઉપર વધારાની રકમ મેળવે અને અર્ધો પોતાના માટે ઉપયોગમાં લ્યે અને અર્ધો સદકારૂપે મુસ્તહક અને ફકીરોને અતા કરે અને સર્વે મોઅમેનીનને અમારા તરફથી રજામંદી આપવામાં આવે છે કે ડીપોઝીટ રાખી શકે અને વધારાની રકમ મેળવી શકે અને વધારાની રકમનો ઉપયોગ ઉપર જણાવ્યા મુજબ કરવો.

**મસઅલો ૨૮૦૨** : ડીપોઝીટ વિશે જે મસઅલાઓ બયાન થયા તેમાં ફીક્ષ ડીપોઝીટ જે મુદ્દતવાળી ડીપોઝીટ હોય છે અને બેન્ક તે રકમને ગ્રાહકને નક્કી મુદ્દત સુધી પાછી નથી સોંપતી અને ચાલુ હિસાબ જેમાં બેન્ક ડીપોઝીટની રકમને ગ્રાહકને ગમે ત્યારે પાછી સોંપે છે તેમાં કોઈ જાતનો ફર્ક નથી.

**મસઅલો ૨૮૦૩** : અર્ધ સરકારી બેન્કનો હુકમ ઉપર જણાવેલા મસઅલાઓમાં સરકારી બેન્ક જેવો જ છે અને

તે બેન્કોમાં પડેલ માલ મજહુલુલ માલિકનો છે (જેનો કોઈ ધણી ન હોય) અને હાકીમે શરઈની રજા વગર તેનો ઉપયોગ જાઈઝ નથી.

**મસઅલો ૨૮૦૪** : ઉપરોકત મસલાઓ જે પ્રાઈવેટ બેન્કો અને સરકારી બેન્કોમાં ડીપોઝીટ રાખવી અને કર્જો લેવા વિશે બયાન થયા તે ઈસ્લામી દેશોની બેન્કો માટે છે.

પરંતુ વધારાની રકમ હાંસિલ કરવાના લક્ષે એવી બેન્કોમાં ડીપોઝીટ રાખવી જેની મૂળ મૂડી ગૈર મુસ્લીમ (નોન મુસ્લીમ) સબંધી છે ચાહે તે સરકારી હોય અથવા અર્ધસરકારી કે પછી પ્રાઈવેટ તેઓથી વ્યાજ લેવુ જાઈઝ છે માટે વધારાની રકમ મેળવવામાં વાંધો નથી. પરંતુ કર્જો લેવો (લોન લેવી) વધારે રકમ ચૂકવવાની શર્ત સાથે હોય તો હરામ છે અને વ્યાજ દેવાના હરામ કાર્યથી છુટકારા માટે માલને કર્જાની નિય્યત વગર બેન્કથી લ્યે અને ઉપયોગ કરે જેમાં હાકીમે શરઈની રજા લેવાની જરૂરત નથી. ભલે પછી ખબર હોય કે તેઓ અસ્લ માલ અને નફો તેનાથી વસૂલ કરશે જ.

## (૨) ક્રેડીટ (ધિરાણ–ગેરેન્ટી)

ગેરેન્ટી બે પ્રકારની હોય છે.

૧) આયાત (ઈમ્પોર્ટ) પર ગેરેન્ટી

જે કોઈ ચાહે છે વિદેશથી આયાત કરે તેઓ બેન્ક પાસે જાય છે અને ગેરેન્ટીની માંગણી કરે છે. જેના

પરિણામે બેન્ક જવાબદારી સ્વીકારે છે કે આયાત વસ્તુના દસ્તાવેજને આયાત કરનારને અર્પણ કરે અને માલની કિંમતને નિકાસ કરનારને ચૂકવે.

અને પછી નિકાસ કરનાર સાથે સોદો પૂરો થતા લખાણ અથવા તેના વકીલ જે દેશમાં હોય તેના સાથે માલના પ્રકારની વિગત નક્કી કરવામાં આવે અને બેન્કને અમુક પૈસાની ચૂકવણી કરવામાં આવે. છેવટે બેન્ક દસ્તાવેજ લઈ વહેચનારને માલની કિંમતની ચૂકવણી કરશે.

૨) નિકાસ (એક્ષપોર્ટ) પર ગેરેન્ટી

નામ સિવાય ઉપરોક્ત ગેરેન્ટીમાં કશો ફર્ક નથી. જેઓ માલનો નિકાસ વિદેશમાં કરવા ચાહે છે. વિદેશ ખરીદાર તેના સાથે સંબધ માટે બેન્ક પાસે પોતાની ગેરેન્ટી ઉભી કરશે જેના પરિણામે બેન્ક વસ્તુના દસ્તાવેજ ખરીદનારને સોંપશે અને ઉપર જણાવ્યા મુજબ મરહલા પસાર થયા પછી નિકાસ કરનારને કિંમતની ચૂકવણી કરશે.

પરિણામે બન્ને ગેરેન્ટીમાં કઈ ફર્ક નથી.

ચાહે આયાત કરનાર હોય કે નિકાસ કરનાર. બેન્કની ગેરેન્ટી હોય છે કે વહેચનારને કિંમત ચૂકવે અને ખરીદનારને વસ્તુના દસ્તાવેજ આપે, પરંતુ આ સાથે એક ત્રીજી ગેરેન્ટી પણ હોય છે જેમાં નિકાસ કરનાર વસ્તુની યાદી જેમાં વસ્તુની ક્વોલીટી વગેરેની વિગતને બેન્કને મોકલશે જેમાં હજી કોઈ સાથે સોદો થયો ન હોય અને બેન્ક પણ એવા વેપારીને તે વિગતો મોકલશે જેઓ

શાયદ ખરીદાર બને. અને જો તે વેપારી લીસ્ટમાં વર્ણવેલ વસ્તુને ખરીદવા ચાહે તો બેન્ક પાસે પોતાની ગેરેન્ટી ઉભી કરશે. અને બેન્ક વસ્તુઓના દસ્તાવેજ ખરીદનારને સોંપશે અને કિંમતને હાંસિલ કરશે.

**મસઅલો ૨૮૦૫** : ઉપરોકત ગેરેન્ટી બેન્ક પાસે ઉભી કરવી અને તેને લગતા કાર્યો અંજામ આપવા તેમજ બેન્ક તરફથી આ ગેરેન્ટીઓ આપવી વિગેરે જાઈઝ છે.

**મસઅલો ૨૮૦૬** : બેન્ક આ ગેરેન્ટીઓમાં બે પ્રકારના નફા હાંસિલ કરશે.

૧) બેન્કની સેવાઓ બદલ બે પ્રકારનું મહેનતાણુ લ્યે છે.

- લેણુ ચૂકવવાની જવાબદારી માટે,
- નિકાસ કરનાર સાથે કોન્ટેક કરી દસ્તાવેજ લઈ અને ખરીદનારને આપવા માટે.

આ રીતે મહેનતાણુ લેવું જાઈઝ છે કારણકે આ મામલો જોઆલામાં શામીલ છે એટલે કે બેન્ક પાસે ગેરેન્ટી ઉભી કરનાર બેન્ક માટે રકમ નકકી કરે છે જેના બદલામાં બેન્ક સર્વીસ આપે છે. એવીજ રીતે ઈજારાના મામલામાં પણ સમાવેશ થઈ શકે છે જો ઈજારાની શર્તો પૂરી થતી હોય તો.

૨) બેન્ક વસ્તુની કિંમતને પોતાના માલથી ચુકવે છે, ન કે ગ્રાહકના ખાતામાંથી અને અમુક નકકી મુદ્દત સુધી ગ્રાહક પાસે ઉઘરાણી ન કરવા બદલ અમુક ટકા રકમ વધારે મેળવે છે.

કહેવામાં આવે છે કે આ રીતના વધારાની રકમને

જોઆલના મામલા તરીકે જાઈઝ કહી શકાય અને એવી જ રીતે બેન્ક પાસે ગેરેન્ટી ઉભી કરનાર બેન્કની સર્વીસ બદલ અમુક રકમ નક્કી કરે તો શક્ય છે તેને ઈજારાના મામલા પ્રમાણે પણ સહીહ માની શકાય. અગર જો ઈજારો સહીહ થવાની શર્તો પૂર્ણ થતી હોય તો.

પરંતુ સ્પષ્ટ છે કે બેન્ક પાસે ગેરેન્ટી ઉભી કરનાર પોતે જ બેન્કનો ચૂકવણી પ્રત્યે જવાબદાર છે માટે બેન્ક મુદ્દત આપવા બદલ વધારાની રકમ મેળવે તે વ્યાજ અને હરામ છે.

પરંતુ અગર બેન્ક પાસે ગેરેન્ટી ઉભી કરનાર પોતાના કર્જાને જે બેન્ક અસ્લ કર્જો અને નફો નક્કી મુદ્દત સાથે મસલન બે મહીના લ્યે તેને જોઅલ નક્કી કરી નાખે માટે આ મામલો જોઆલામાં થઈ જશે અને તેનુ સહીહ હોવુ અયોગ્ય નહી કહેવાય.

એવીજ રીતે વ્યાજથી છુટકારા માટે આ મામલાને વેપારમાં બદલી શકાય છે કારણકે બેન્ક વસ્તુની કિંમતને નિકાસ કરનારને વિદેશી ચલણમાં ચૂકવશે માટે આ વિદેશી ચલણની ચૂકવણી ગ્રાહકની જવાબદારી છે તેને દેશી ચલણના બદલામાં વહેંચી નાખશે જે વધારાની રકમ મેળવશે તે વ્યાજ નહી કહેવાય કારણકે બંને ચલણનો પ્રકાર અલગ-અલગ છે.

ઉપરોક્ત બયાનનો સંબધ પ્રાઈવેટ બેન્કમાં ખાતુ હોય. પરંતુ અગર જો સરકારી અથવા અર્ધસરકારી બેન્કમાં ખાતુ હોય તો વ્યાજ હરામ નહી કહેવાય કારણ કે બેન્ક જે

પહેલા ચૂકવણી કરે છે તે મજહુલુલ માલિકના માલથી કરે છે માટે ગ્રાહક તેનો કર્જદાર થતો નથી અને હવે જ્યારે બેન્કને કર્જો અને વધારાની રકમ ભરે છે તે વ્યાજ હરામ નહી કહેવાય.

## (૩) માલની સાચવણી

અમુક વખતે નિકાસ કરનાર પાસેથી લઈને આયત કરનાર પાસે માલને પહોંચાડવા માટે દલાલ બને છે અને બેન્ક આયાત કરનારના ખાતે સાચવણી કરે છે.

જેવી રીતે કે આયાત અને નિકાસ કરનાર વચ્ચે મામલાની જવાબદારી બને છે અને કિંમતની ચૂકવણી અને માલ પહોંચે એટલે બેન્ક જરૂરી દસ્તાવેજોને આયાત કરનારને પહોંચાડે અને માલ પહોંચયાની ખબર આપે અને જો આયાત કરનાર માલની ડીલીવરી લેવામાં વાર લગાડે તો બેન્ક આયાત કરનારના ખાતે માલને સાચવી રાખશે અને તેના બદલ મહેનતાણુ લેશે.

અને એવી જ રીતે જ્યારે નિકાસ કરનાર કોઈપણ મામલા વગર બેન્કને માલ મોકલે અને બેન્ક અમુક વેપારીઓને માલનુ લીસ્ટ મોકલે હવે જો કોઈપણ વેપારી તે માલની ખરીદી ન કરે તો બેન્ક નિકાસ કરનાર પાસેથી માલની સાચવણી બદલ મહેનતાણુ લેશે.

**મસઅલો ૨૮૦૭ :** આયાત કરનાર અથવા નિકાસ કરનારના તકાજાથી બેન્કે માલની સાચવણી કરી હોય અથવા મામલા વખતે તેની શર્ત થઈ હોય ભલે પછી શર્ત, ઉચ્ચારાય ન હોય અને સામાન્ય રીતે એમ જ હોય

તો પણ બેન્ક માટે માલના સાચવવાનુ મહેનતાણુ લેવુ જાઇઝ છે. આના સિવાય બેન્કને અધિકાર નથી કે કઈ મહેનતાણા તરીકે લ્યે.

## (૪) બિન જરૂરી માલનું વહેચાણ

જ્યારે માલના માલિકને બેન્ક માલ હાજર હોવા વિશે જાણકારી આપે, પરંતુ માલનો માલિક તેની ડીલીવરી ન લ્યે અને બેન્કને પૈસા પણ ન ભરે ત્યારે બેન્ક માલને વહેચી નાખશે અને તેની કિંમતથી પોતાનો અધિકાર હાંસિલ કરશે.

**મસઅલો ૨૮૦૮** : ઉપર જણાવ્યા મુજબ બેન્ક અને ખરીદાર બન્ને માટે જાઇઝ છે કે માલનું ખરીદ વેચાણ કરે. કારણકે મામલા વખતે શર્ત હોય છે (ભલે પછી તે શર્ત ઉચ્ચારાય હોય અથવા પછી સામાન્ય રીતે સમજાતી હોય) કે જ્યારે માલનો માલિક ભરપાઈ ન કરે અને માલની ડીલીવરી ન લ્યે ત્યારે બેન્ક તેઓનો વકીલ હશે અને તેને વહેંચી શકશે.

માટે જે સંજોગોમાં તેનુ વહેચવુ જાઇઝ થશે તે સંજોગોમાં ખરીદવું પણ જાઇઝ થશે.

## (૫) બેન્કની સરપરસ્તીઃ

ક્યારેક એક અથવા અમુક માણસો સાથે સરકારી અથવા બિન સરકારી પ્રોજેકટને અંજામ આપે જેમકે સ્કૂલ, હોસ્પિટલ અથવા પુલ બનાવે.

આવા સંજોગોમાં જેના સાથે પ્રોજેકટના કોલ કરાર થયા હોય તે માટે પ્રોજેકટ અંજામ આપનારથી

ગેરેન્ટીની માંગણી કરે છે કે નક્કી સમયગાળા દરમ્યાન પ્રોજેક્ટ પૂરો કરે અથવા નુકસાનીની ભરપાઈ કરે અને ગેરેન્ટી પર ભરોસો પ્રાપ્ત થાય તે માટે કોઈ જામીનની જરૂર રહે છે માટે પ્રોજેક્ટ અંજામ આપનાર બેન્ક પાસે જશે જેથી બેન્ક તેની જમાનત હાથમાં લ્યે અને નક્કી મુદ્દતગાળા દરમ્યાન પ્રોજેક્ટ પર કામ ન થાય અને નુકસાની ભરપાઈ ન કરે તો બેન્ક તેની ભરપાઈ કરશે.

**મસઅલો ૨૮૦૯** : બેન્ક અમુક રકમ લઈને જામીન બનશે કે ચોક્કસ મુદ્દતમાં પ્રોજેક્ટ પૂર્ણ ન કરે અને નુકસાનીની ભરપાઈ પણ ન કરે તો બેન્ક નુકસાની ચૂકવશે, આ નાણાકીય જમાનત છે, જે ફિકહની પરિભાષામાં કહેવાતી જમાનત કરતા જુદી છે કે જેમાં જમાનત આપનાર અસલ કર્ઝનો જામીન રહે છે, માટે જ જો જામીન જમાનત અદા કર્યા વગર ગુજરી જાય તો તેના વારસાની વહેંચણી પહેલા તેના માલમાંથી જમાનતની રકમ લેવામાં આવે છે.

પરંતુ આ પ્રકારની જમાનતમાં જામીન અસલ કર્ઝનું દેણુ તેની માથે નથી હોતુ ફક્ત કર્ઝ ચૂકવવું તેની ઉપર વાજિબ છે માટે જો કર્ઝ ચૂકવ્યા પહેલા ગુજરી જાય અને વસિયત પણ ન કરી હોય તો તેના વારસામાંથી જમાનતની રકમ નહી લઈ શકાય.

આ પ્રકારની જમાનતમાં સોંપવુ અને કબૂલ (ઈજાબ અને કબુલ) જરૂરી છે. સોંપવુ (ઈજાબ) તે દરેક

શબ્દો જેનાથી એમ સમજાય કે કૌલ કરાર કર્યો અને કબૂલ પણ તે દરેક પ્રકારના શબ્દો જેનાથી સમજાય કે કૌલ કરારને માન્ય રાખ્યા તો સહીહ છે અને તે ઉપરાંત આ પ્રકારના કૌલ કરાર લખીને અથવા એવા અમલથી પણ શકય બને છે જેનાથી સમજાય કે કૌલો કરારને કર્યા અને માન્ય રાખ્યા છે.

**મસઅલો ૨૮૧૦** : બેન્ક માટે પ્રોજેકટ બાબતે જામીન બનવા બદલ મહેનતાણુ જાઈઝ છે અને આ કૌલ કરારને જોઆલા પ્રમાણે માન્યતા પ્રાપ્ત થઈ શકે છે.

મતલબકે પ્રોજેકટ કરનાર બેન્કને જામીન બનવા બદલ જોઅલ (ઈનામ) નકકી કરશે માટે બેન્કને તે લેવુ હલાલ થશે.

**મસઅલો ૨૮૧૧** : અગર પ્રોજેકટ કરનાર પોતાના સમય પર કામ પુરૂ ન કરે અથવા કૌલ કરાર વિરૂઘ્ધ કરે અને પ્રોજેકટ કરાવનારાઓને નુકસાની ન ચૂકવે અને બેન્ક જે જામીન છે તે ચૂકવણી કરે તો બેન્કને અધિકાર રહેશે કે પ્રોજેકટ કરનાર પાસેથી વસૂલ કરે.

કારણકે બેન્કની ગેરેન્ટી પ્રોજેકટ કરનાર પર હતી જે પ્રોજેકટ કરનારની માંગણી બદલ બેન્ક જામીન બનેલ હતી હવે પ્રોજેકટ કરનારે કૌલ કરાર વિરૂઘ્ધ અમલ કરવાના કારણે જે નુકસાની બેન્કને ભોગવવી પડેલ તેનો ઝામીન પ્રોજેકટ કરનાર બનશે. માટે બેન્ક તેના પાસે પોતાની નુકસાનીની ઉઘરાણી કરી શકશે.

## (૬) બેન્ક થકી શેર વેચવા

ઘણી વખત શેર ધરાવનાર કંપની બેન્ક થકી પોતાના શેર વેચતી હોય છે અને બેન્ક પોતાનું મહેનતાણુ લઈ તે કંપનીના શેર વેચતી હોય છે.

**મસઅલો ૨૮૧૨** : આ પ્રકારનો મામલો બેન્ક સાથે કરવો જાઈઝ છે. કારણકે આ મામલો ઈજારાના સોદા જેવો છે. મતલબ કે કંપની બેન્કને પોતાના શેર વેચવા માટે નક્કી કરેલ મહેનતાણુ આપે છે.

અથવા તો જોઅલા (ઈનામ)ના સોદા પ્રમાણે છે. મતલબકે પોતાના શેર વેચી દેશે તો મહેનતાણુ આપશે. બંને રીતે આ મામલો સહીહ છે અને બેન્ક શેર વેચી દેવા બદલ મહેનતાણાની હકદાર બને છે.

**મસઅલો ૨૮૧૩** : શેર લેવા વહેચવા જાઈઝ છે, પરંતુ હરામ કાર્યો અંજામ આપતી કંપનીના શેર ખરીદવા-વહેચવા જાઈઝ નથી જેમકે શરાબ બનાવતી અથવા વેચતી કંપની અથવા વ્યાજનું લેણ દેણ કરતી કંપનીના શેરની ખરીદી કરવી, આવા સોદામાં ભાગીદારી કરવી જાઈઝ નથી.

## (૭) બોન્ડસ વેચવા

બોન્ડસ એક એવા લોનના પેપર છે જેને સંબંધી કાનૂની સત્તાવાળા લોકો નક્કી થયેલ કિંમત કરતા ઓછા ભાવે વહેંચે છે, જેમ કે એક બોન્ડની કિંમત રૂા.૧૦૦૦/- હોય તો તેને રૂા.૯૫૦/ માં રોકડે વેચે એ શર્ત સાથે કે તેને

આવતા વર્ષે હજાર રૂપિયામાં ખરીદશે. ઘણી વખત આવા બોન્ડસને નક્કી કરેલ મહેનતાણુ લઈને બેન્ક વેચતી હોય છે.

**મસઅલો ૨૮૧૪** : આ મામલો બે રીતે થઈ શકે છે.

૧) બોન્ડસના પ્રકાશકો ગ્રાહક પાસેથી ઉપરોક્ત ઉદાહરણ માફક રુા. ૯૫૦/- કર્જો કરે છે અને મુદત પૂરી થવા પર બોન્ડસ ખરીદનારને હજાર રૂપિયા પાછા આપે છે. રુા. ૯૫૦/- મુળ રકમ અને રુા. ૫૦/- વધારાની રકમ આપે છે. આ વ્યાજ કહેવાશે અને હરામ છે.

૨) બોન્ડસના પ્રકાશકો ગ્રાહકને રૂા.૧૦૦૦/-ના બોન્ડસ જે ખાસ મુદત પછી ચૂકવવાના છે તેને રુા. ૯૫૦/- માં રોકડે વહેચશે.

આ બીજી રીત હકીકતમાં ભલે વ્યાજ સહીત કર્જો નથી તેમ છતાં ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે ઈશ્કાલવાળુ છે.

માટે ઉપરોક્ત જણાવ્યા અનુસાર સત્તાવાળાઓ આવો મામલો કરે છે તેને સહીહ નહી માની શકાય.

**મસઅલો ૨૮૧૫** : જાઈઝ નથી કે બેન્ક આ પ્રકારના બોન્ડસનું ખરીદ વેચાણ કરે અને તેનું મહેનતાણું લેવું પણ જાઈઝ નથી.

## (૮) દેશી અને વિદેશી હવાલો

**મસઅલો ૨૮૧૬** : ફિકહની પરિભાષામાં હવાલો એટલેકે હવાલો આપનારના કર્ઝની જવાબદારી હવાલો સ્વીકારનારના શિરે જતી રહે છે.

પરંતુ અહી હવાલો તેનાથી વધુ વિશાળ અર્થમાં વપરાય છે. જેના અમુક ઉદાહરણ નીચે મુજબ છે.

૧) બેન્ક પોતાના ગ્રાહક પાસેથી હવાલો લ્યે છે અને દેશ વિદેશમાં તેના વકીલ દ્વારા જેને પહોંચાડવાનો હોય છે તેના ખાતે જમા કરે છે અને મહેનતાણા રૂપે નક્કી રકમ વસૂલ કરે છે. સ્પષ્ટ છે કે આ રીતે મહેનતાણુ લેવું જાઈઝ છે.

કારણકે બેન્કને અધિકાર હોય છે કે પોતાના કર્જાને બેન્ક સિવાયના ગ્રાહકને ન ચૂકવે, જેના કારણે બેન્ક પોતાના આ અધિકારને જતો કરવાની કિંમત વસૂલવાનો હક મળે છે.

૨) બેન્ક કોઈ શખ્સ માટે હવાલો આપે જે બદલ તે માણસ ચોક્કસ રકમને બીજી બેન્કથી ચાહે દેશમાં હોય અથવા વિદેશમાં તેનુ ખાતુ તે બેન્કમાં ન હોય. તેમાંથી કર્ઝ સ્વરૂપે લઈ શકે અને બેન્ક આ બાબતે મહેનતાણુ વસૂલ કરી શકશે.

સ્પષ્ટ છે કે જાઈઝ છે કે બેન્ક હવાલો આપવા બદલ મહેનતાણુ લ્યે છે. કારણકે અગર જો આ રીતે હોય કે પહેલી બેન્ક કર્જો ભરપાઈ કરવા માટે બીજી બેન્ક પાસે પહેલી બેન્કનો માલ હોય તેમાંથી આપે અને પોતાની મહેનત બદલ મહેનતાણુ લ્યે છે. જેનો અર્થ એ નથી કે મહેનતાણુ કર્જ દેવા બદલ છે નહીંતર હરામ થઈ જાય બલ્કે તેનો અર્થ એ થાય છે કે કર્જો ચૂકવવા માટે વકીલ રાખવા બદલ છે કે વકીલ રાખી અને કર્જો ચૂકવવા માટે

આ રીતે વાંધો નથી.

અને જ્યારે નક્કી રકમ વિદેશી મુદ્રામાં હવાલો કરવામાં આવે ત્યારે બેન્ક માટે બીજો અધિકાર પણ ઉભો થાય છે. મતલબ કે કર્જને ચૂકવવા માટે તેને વિદેશી મુદ્રામાં ચૂકવવાનું હોય છે માટે અગર જો બેન્ક તેના પાસેથી વિદેશી મુદ્રા લેવાના હકને જતો કરી દેશી મુદ્રાને કબૂલ કરે તો આ સેવા માટે તે અમુક રકમ વસૂલ કરી શકે છે. આ રીતે વિદેશી મુદ્રાને દેશી મુદ્રામાં બદલી શકે છે.

૩) કોઈ શખ્સ અમુક રકમને જેવી રીતે કે નજફની બેન્કમાં આપે અને કરબલા અથવા વિદેશમાં જેમકે લુબનાનમાંથી પૈસા લ્યે અને બેન્ક આ સર્વીસ આપવા બદલ મહેતાણુ લ્યે તો બે રીતે થઈ શકે.

એ) શખ્સ દેશી મુદ્રાને બેન્કમાં વિદેશી મુદ્રામાં બદલવા અને હવાલો આપવા માટે બેન્કને મહેનતાણુ ચૂકવે. આ રીતે વાંધો નથી અને આવા સંજોગ વિશે પહેલા વાત કરી ચૂકયા છીએ.

બી) શખ્સ નક્કી રકમ બેન્કને કર્જો આપે અને શર્ત મૂકે કે હવાલો મળે ચાહે દેશમાં જ હોય અથવા પછી વિદેશમાં. અગર હવાલો મળશે તો મહેનતાણુ ભરપાઈ કરશે.

અહી જે મુશ્કેલી વજુદમાં આવે છે એ છે કે હવાલો આપવો નાણાકીય મહત્વતા ધરાવનાર કામ છે અને કર્જો આપનાર તરફથી કર્જો લેનાર પર શર્ત મૂકવી જેનુ નાણાકીય મહત્વ હોય તે શરીઅતની રૂએ હરામ છે. પરંતુ રિવાયતોથી જાણકારી મળે છે કે કર્જો આપનાર શર્ત રાખી શકે છે કે

તેમના કર્જાને બીજી જગ્યા પર ચૂકવવામાં આવે માટે હવાલો આપવાની પણ શર્ત રાખી શકે છે અને અગર આ શર્ત મફતમાં અને મહેનતાણુ લીધા વગર જાઈઝ છે તો પછી મહેનતાણા સાથે તેનું જાઈઝ હોવું સારી રીતે સમજી શકાય તેમ છે.

૪) કોઈ માણસ બેન્કથી પૈસા લ્યે જેમકે નજફથી પૈસા લ્યે અને હવાલો આપે જેથી લીધેલ પૈસા બરાબર બીજી બેન્કમાં કે જે દેશમાં હોય કે વિદેશમાં ત્યાંથી પૈસા ચૂકવે અને બેન્ક હવાલો કબૂલ કરવા બદલ મહેનતાણુ લ્યે.

આ મામલો બે રીતે થઈ શકે.

એ) બેન્ક તે માણસને વિદેશી મુદ્રા તેમજ મહેનતાણાને ત્યાની દેશી મુદ્રામાં વેચે અને ગ્રાહક પણ બેન્કને બીજી બેન્કમાંથી પૈસા મેળવવા માટે હવાલો કરે. આ રીત જાઈઝ છે.

બી) બેન્ક નક્કી રકમને કોઈ માણસને કર્જો આપે અને પૈસા ટ્રાન્સફર કરવા તેમજ કર્જાને બીજા પાસેથી અને બીજી જગ્યાએથી મેળવવા બદલ મહેનતાણાની શર્ત રાખે તો આ વસ્તુ વ્યાજ કહેવાશે. કારણકે કર્જા ઉપરાંત હાંસિલ કરવાની શર્ત થઈ કહેવાશે ભલે પછી હવાલા પેટે મામલો થયો હોય.

પરંતુ અગર આ મામલો શર્ત વગર થયો હોય. એટલેકે કોઈ માણસ બેન્ક પાસેથી કર્જો લ્યે અને તેની ચૂકવણી માટે બેન્કને બીજી બેન્કને હવાલો આપે અને બેન્ક આ હવાલા બદલ મહેનતાણુ તલબ કરે તો તે ચૂકવવુ

જાઇઝ છે.

કારણકે બેન્કને અધિકાર હોય છે કે કર્જાને ટ્રાન્સફર કરવું તેમજ કર્જ લીધેલા માણસની શર્ત કબૂલ કરવું માન્ય ન રાખે. પરંતુ બેન્ક પોતાના અધિકારને જતો કરવા બદલ નાણુ માંગી શકે.

અને આ માંગણી કર્જાની ભરપાઈ મોડી થઈ તે પેટે નથી નહિતર વ્યાજ થઈ જાય બલ્કે બેન્ક કર્જાના ટ્રાન્સફર અને બીજી જગ્યાએથી હાંસિલ કરવા બદલ લ્યે છે, માટે જાઇઝ છે.

**મસઅલો ૨૮૧૭ :** ઘણી વખત એક હવાલામાં બે હવાલા સમાએલા હોય છે. જેમકે કરજદાર પોતાના લેણદારને પોતાના નામનો ચેક આપે અને બેન્કનો હવાલો આપે અને બેન્ક ચેકમાં દર્શાવેલ નાણા પ્રમાણે પોતાની શાખા અથવા બીજી બેન્કનો હવાલો કરશે જેથી લેણદાર ત્યાંથી ચેક મુજબની રકમ મેળવી શકે. હકીકતમાં અહી બે હવાલા સાથે જોડાયેલા છે.

પહેલુઃ કર્જદાર પોતાના લેણદારને બેન્કનો હવાલો આપે છે. જેના થકી બેન્ક લેણદારની કરજવાન થશે.

બીજુંઃ બેન્ક લેણદારને પોતાની શાખા અથવા બીજી બેન્કનો હવાલો આપશે. માટે આ બીજો હવાલો થયો.

બેન્ક પહેલા હવાલામાં હવાલાને કબૂલ કરવાનું કાર્ય કરે છે અને બીજા હવાલામાં બેન્ક હવાલાને ભરપાઈ કરવાનું કાર્ય કરે છે. બંને હવાલા શરઈ રીતે જાઇઝ છે.

પરંતુ બેન્ક પોતાની શાખાને જ ભરપાઈ કરવાનું કહે અથવા તેની જ શાખામાંથી લેવાનુ હોય તો હવાલો નહી કહેવાય બલ્કે બેન્કે પોતાની શાખાને ભરપાઈ માટે વકીલ બનાવી કહેવાશે. કારણકે કર્જો ટ્રાન્સફર થયો નથી અને આને ફિકહની પરિભાષામાં હવાલો કહેવાશે નહી. ઉપરોક્ત દરેક રીતે જાઈઝ છે કે બેન્ક ઉપરોક્ત કાર્યો માટે મહેનતાણુ માગે ભલે પછી તે જ બેન્કમાં લેણદારનું ખાતુ હોય. કારણકે આ હવાલો કર્જદારનો છે જે બેન્કને અધિકાર હોય છે કે કબૂલ ન કરે અને અધિકાર જતો કરવા સાથે હવાલો કબૂલ કરવા બદલ મહેનતાણુ લઈ શકે છે.

**મસઅલો ૨૮૧૮** : અત્યાર સુધી જે હવાલા વિશે ફિકહના મસઅલા બયાન થયા જેમાં બેન્ક હતી અને અગર જો બેન્ક વચ્ચે ન હોય અને વ્યક્તિગત માણસો જ આ રીતે હવાલાનું કાર્ય કરે તો પણ તેઓ માટે તે જ હુકમો છે.

એટલે કે કોઈને અમુક રકમ ચૂકવે અને બીજા ગામમાં હવાલો આપે અને બદલામાં મહેનતાણુ ચૂકવે અથવા હવાલો કબૂલ કરનાર મહેનતાણુ લ્યે અને એ જ રીતે કોઈ પાસેથી અમુક રકમ લ્યે અને બીજા ગામે અથવા બીજા પાસેથી લેવા માટે હવાલો આપે અને વળતર લ્યે તેમાં આગળના મસઅલામાં જણાવ્યા મુજબ બેન્ક પ્રમાણેના હુકમો લાગુ પડે છે.

**મસઅલો ૨૮૧૯** : અત્યાર સુધી જે મસાઈલ બયાન

થયા તેમાં ફર્ક નથી કે હવાલો કર્જદાર ઉપર હોય કે કોઈ બીજા ઉપર પહેલા સંજોગનું ઉદાહરણ જેનો હવાલો અપાયો છે તેનું નાણાકીય ખાતુ તે બેન્કમાં હોય, બીજા સંજોગનું ઉદાહરણ જેને હવાલો અપાયો છે તેનું નાણાકીય ખાતુ તે બેન્કમાં ન હોય.

## (૯) બેન્ક તરફથી ઈનામ

અમુક વખતે ફિકસ ડીપોઝીટ રાખનારાઓ અને બચત ખાતાના નામો વચ્ચે ચિઠ્ઠી નાખે છે અને જેનુ નામ નીકળે તેઓને ઈનામ આપે છે. આ કાર્ય બદલ ગ્રાહકને પ્રોત્સાહન આપવાનો ઉદ્દેશ્ય હોય છે.

**મસઅલો ૨૮૨૦ :** શું આ ઈનામ વિતરણ જાઈઝ છે? તેના જવાબમાં વિસ્તૃત વિગતની જરૂર છે.

હવે જ્યારે ફીકસ ડીપોઝીટ રાખનારાઓ અથવા બચત ખાતુ ખોલાવનારાઓ માટે શર્ત ન કરી હોય. આ પ્રકારના ઈનામ વિતરણની અને આ કાર્ય ફકત બેન્કમાં ફીક્સ ડીપોઝીટ અથવા બચત ખાતુ ધરાવનાર ગ્રાહક તેમજ બીજા ગ્રાહકોને પ્રોત્સાહીત કરવાના મકસદે કરે તો જાઈઝ છે અને ઈનામ લેવું પણ જાઈઝ છે.

પરંતુ અગર જો તે સરકારી અથવા અર્ધસરકારી બેન્ક હોય તો ઈનામ લેવા અથવા દેવા માટે હાકીમે શરઈની રજામંદી મેળવવી જરૂરી છે અને પ્રાઈવેટ બેન્ક હોય તો રજા લેવાની જરૂર નથી અને ઈનામ લેવુ દેવુ જાઈઝ છે.

પરંતુ અગર જો ફીકસ ડીપોઝીટ રાખવા અથવા બચત ખાતુ ખોલાવવા વગેરેમાં શર્ત રાખવામાં આવેલ

હોય કે ચિઠ્ઠી નાખવામાં આવે અને બેન્ક તે શર્તને પાળવા માટે ચિઠ્ઠી નાખી વિજેતાને ઈનામ વિતરણ કરે તો જાઈઝ નથી અને વિજેતા માટે પણ તે લેવુ જાઈઝ નથી પરંતુ અગર જો શર્ત વગર બેન્ક સ્વૈચ્છાએ ચીઠી નાખે તો જાએઝ છે.

## (૧૦) વચનપત્રની વસૂલી

બેન્કની સેવાઓમાંથી એક પ્રોમીસરી નોટીસ છે મતલબકે બેન્ક પોતાના ગ્રાહક વતી એવા માણસને જેણે વચન પત્ર પર સહી કરીને આપેલ હોય તેને તારીખ આવવા પહેલા જાણ કરે કે ફલાણી તારીખે આટલી રકમ ભરપાઈ કરવાની છે જેથી વચન પત્ર આપનાર ભરપાઈ માટે તૈયાર થઈ જાય અને તારીખ આવવા પર વચનપત્ર આપનાર પાસેથી રકમ વસૂલ કરી પોતાના ગ્રાહકના ખાતે જમા કરે છે અથવા ગ્રાહકને રોકડા આપે છે. આ સેવા બદલ મહેનતાણુ લ્યે છે.

આવીજ રીતે ચેકનો વહીવટ હોય છે કે બેન્ક પોતાના ગ્રાહક વતી ચેકની રકમ વસૂલ કરે છે અને ઘણી વખત આ ચેકની રકમ બીજે ગામથી લેવાની હોય છે અને ઘણી વખત ચેકની રકમ પોતે વસૂલ કરવા નથી માંગતો માટે બેન્ક મારફત વસૂલ કરે છે અને બેન્ક આ કામનું મહેનતાણુ લ્યે છે

**મસઅલો ૨૮૨૧ :** આ મહેનતાણુ વસૂલ કરવાની ત્રણ શક્યતાઓ છે.

૧) વચનપત્રનો ઉપયોગ કરનાર બેંકને વસૂલ કરવા માટે

વચનપત્ર આપશે અને બેંક નક્કી કરેલ મહેનતાણુ લઈ આ વસૂલાતનું કાર્ય કરશે.

સ્પષ્ટ છે કે આ રીતે કરવું જાઈઝ છે એ શર્ત સાથે કે બેન્ક ફકત વચનપત્રની રકમ વસૂલ કરે પણ વ્યાજ વસૂલ કરવુ જાઈઝ નથી અને આ કાર્યને ફિકહના જોઆલા (કાર્ય બદલ ઈનામ) કાનૂન પ્રમાણે કહી શકાય કે તલબકાર પોતાના લેણાને બેન્ક દ્વારા વસૂલ કરશે.

૨) પ્રોમીસરી નોટનો ઉપયોગ કરનાર બેન્કને વચનપત્ર અર્પણ કરશે, પરંતુ બેન્ક વચનપત્ર પર સહી કરનારની કર્જદાર નથી અથવા બીજી મુદ્રા જે વચન પત્રના હવાલા સિવાયની મુદ્રા હોય તેની કરજદાર હોય.

આ સંજોગોમાં જાઈઝ છે કે બેન્ક હવાલો કબૂલ કરવા બદલ મહેનતાણુ લઈ શકે છે એ શર્ત સાથે જે પહેલા બયાન થઈ ચૂકી. કારણકે હવાલો કબુલ કરવો જ્યારેકે બેન્ક કર્જવાન નથી અથવા બીજી મુદ્રા જે વચનપત્ર સિવાયની છે તેનું કરજદાર હોય તો વાજિબ નથી કે બેન્ક આ વચન પત્રનો હવાલો કબૂલ કરે માટે પોતાનો હક જતો કરવા બદલ રકમ લેવામાં વાંધો નથી.

૩) વચનપત્ર ઉપર સહી કરનાર એવા સૂચન સાથે બેન્કને હવાલો આપે કે "મુદ્દત પૂરી થતા તેના ખાતામાંથી રકમ વચનપત્રના માલિકના ખતામાં ફેરવી નાખે અથવા તેને રોકડ રકમ ચૂકવે."

અહીં સહી કરનાર લેણદારને બેન્કનો હવાલો આપે છે, બેન્ક સહી કરનારની કર્ઝદાર છે અને તેના માટે

આ હવાલો કબૂલ કરવો જરૂરી નથી જેના કારણે બેન્ક માટે હવાલો કબૂલ કરવાનું મહેનતાણુ લેવું જાઈઝ છે.

## (૧૧) મુદ્રા (કરન્સી)નું ખરીદ વેચાણ

બેન્કના કાર્યોમાનું એક મુદ્રા (કરન્સી)નું ખરીદ વેચાણ તેમજ મુદ્રાનું બીજી મુદ્રામાં બદલી આપવું છે જે હકીકતમાં તેમના ગ્રાહકની જરૂરીયાત પૂરી પાડવાના હેતુથી હોય છે. ખાસ કરી વિદેશી વસ્તુઓને આયાત કરનારાઓની જરૂરીયાતને પૂરી પાડે છે. તે બદલ ખરીદ વેચાણમાં કિંમતના તફાવત વગૈરેથી નફો પ્રાપ્ત કરે છે.

**મસઅલો ૨૮૨૨** : મુદ્રાનું ખરીદ વેચાણ બજાર કિંમત પ્રમાણે હોય અથવા તેનાથી ઓછી કે વધારે તેમજ રોકડે હોય અથવા પછી ઉધાર બધી રીતે સહીહ છે.

## (૧૨) ક્રેડીટ (વધારે ઉપાડ)

જે કોઈનું બેન્કમાં ચાલુ ખાતુ હોય અને તેમાં ડીપોઝીટ રાખેલ હોય તો તેના જેટલી અથવા ઓછી રકમ ઉપાડી શકે છે અને ઘણી વખત બેન્ક પોતાના એવા વિશ્વાસુ ગ્રાહકને રજા આપે છે કે પોતાની મૌજૂદ ડીપોઝીટ કરતા વધુ રકમનો ઉપાડ કરી શકે છે. આ કાર્યને ક્રેડીટ અથવા વધારે ઉપાડ કહેવામાં આવે છે. જેના બદલામાં બેન્ક અમુક વધારે રકમ લ્યે છે.

**મસઅલો ૨૮૨૩** : વધારે ઉપાડ હકીકતમાં બેન્ક પાસેથી કર્જો લેવો છે. એ શર્ત સાથે કે વધારાની રકમ ચૂકવે માટે વ્યાજ વાળો કર્જો થઈ જાય છે અને હરામ છે. અને જે બેન્ક કર્ઝની મૂળ રકમ કરતા વધારાની રકમ વસૂલ

કરે છે તે વધારાની રકમ વ્યાજ કહેવાશે અને હરામ છે.

પરંતુ અગર સરકારી અથવા અર્ધસરકારી બેન્ક હોય તો તે પૈસાનો માલિક અજાણ્યો છે માટે હાકીમે શરઈની રજાથી (જે રીતે કે આગળના મસઅલામાં બયાન થઈ ચૂકયુ) ઉપયોગમાં લઈ શકે છે, વાંધો નથી.

## (૧૩) ડીસ્કાઉન્ટ

પ્રસ્તાવના

૧) વેપાર અને કર્જા વચ્ચે તફાવત

એ) વેપારમાં વળતરના બદલે ચીઝવસ્તુની માલિકીનો હક આપવાનો હોય છે.

કર્ઝમાં ચીઝવસ્તુને જવાબદારી સ્વીકારવાના બદલામાં સોંપવાની હોય છે, જો તે ચીજ મિસ્લી હોય એટલે કે ''બજારમાં તે પ્રકારની તેના જેવી બીજી ચીજ વસ્તુ મળતી હોય'' તો તેવી જ ચીજ વસ્તુ પાછી આપવાની જવાબદારી સ્વીકારે છે.

અને જો તે ચીજ કિંમતી હોય ''એટલે કે બજારમાં તેના જેવી જ બીજી ચીજ ન મળતી હોય બલ્કે તેની કિંમતમાં જ ગણતરી થતી હોય.'' તો તેની કિંમત આપવાની જવાબદારી સ્વીકારે છે.

બી) વ્યાજનો વેપાર મૂળથી બાતિલ છે જ્યારે કે વ્યાજવાળો કર્જો મૂળ સહીહ છે. એટલેકે કર્જો સહીહ છે પણ વધુ લેવુ દેવુ–વ્યાજ બાતિલ છે.

સી) તે દરેક કર્જા જેમાં શર્ત હોય કે વધુ રકમ આપે તો તે

વ્યાજ અને હરામ છે, પરંતુ વેપારમાં જે ચીજોની આપ-લે વજન કરીને થતી હોય તે જ ચીજોનો વધારો દરેક સંજોગમાં હરામ છે, પરંતુ અગર જો બંને એક જ પ્રકારની વસ્તુ ન હોય અથવા જોખ અને વજનમાં ન દેવાતુ હોય અને રોકડે વેપાર હોય તો વધારો વ્યાજ નથી અને મામલો સહીહ છે, પરંતુ અગર સોદો મુદ્દત સાથે હોય જેમકે ૧૦૦ ઈંડાને અમુક મુદ્દત બાદ ૧૧૦ ઈંડા પાછા લ્યે અથવા ૨૦ કિલો ચાવલને એક મહિના પછી ૪૦ કીલો ઘઉ લ્યે તે રીતે વેચે તો અહી વ્યાજ ન હોવામાં ઈશ્કાલ છે. એહતિયાતે વાજિબની રૂએ પરહેઝ કરવું જોઈએ.

૨) નાણાને જ્યાં ગણત્રીમાં લેખવામાં આવતા હોય તો તેની લેવડ દેવડ ઓછા વધુ પ્રમાણમાં ત્યારેજ જાઇઝ કહેવાશે જ્યારે બન્ને એક જ પ્રકારના ન હોય ભલે પછી રોકડે હોય કે ઉધાર.

પરંતુ અગર બન્ને નાણાનો પ્રકાર એકજ હોય તો તેમાં ઓછા વધુ પ્રમાણમાં લેવડ દેવડ રોકડે હોય તો જ જાઇઝ છે જ્યારે કે ઉધારમાં જેવી રીતે આગળ બયાન થઈ ચૂક્યું ઈશ્કાલ ભરેલુ છે.

માટે દા.ત. ૧૦ ઈરાકી દીનાર કોઈ લેણદાર હોય તો જાઇઝ છે કે પોતાના લેણાને ઓછી કિંમતે જેમકે ૯ દીનારમાં વેચી નાખે. એવીજ રીતે જાઇઝ છે કે ઓછી કિંમતે જેમકે નવ જોર્ડન દીનારમાં રોકડે વેચી નાખે.

પરંતુ ઉધારમાં જાઇઝ નથી સિવાય કે લેણાની

પડેલી મુદ્દત પાકી ગઈ હોય કારણકે એવુ લેણુ જેની મુદ્દત પાકી નથી તેનો મુદ્દતવાળા કર્જામાં વેચવુ જાએઝ નથી.

૩) વચનપત્ર જે વેપારીઓ વચ્ચે પ્રચલિત હોય છે તે નાણાકીય મહત્વતા રાખતુ નથી અને ફકત કર્જાના દસ્તાવેજ રૂપે માનવામાં આવે છે. એટલેકે ફકત સાક્ષી પત્ર છે કે સહી કરનાર કરજવાન છે. જે રકમ તેમાં દર્શાવેલી છે તે માણસ જેના નામે પ્રોમીસરી નોટ બનાવાઈ છે. માટે પ્રોમીસરી નોટ પર કઈ વેપાર નથી બલ્કે તે માલ પર છે જેના લીધે વચનપત્ર વજુદમાં આવી અને આ વચનપત્ર તેની ગવાહી પાઠવે છે.

એવીજ રીતે ગ્રાહક અગર વચનપત્રને ડીસ્કાઉન્ટ અથવા રકમ પેટે વેચનારને આપે તો તેણે વસ્તુની કિંમત ચૂકવી નહી કહેવાય અને અગર જો વેચનાર પાસે તે વચનપત્ર ગુમ થઈ જાય અથવા બરબાદ થઈ જાય તો ગ્રાહક પોતાની ભરપાઈથી મુકત થયો નહી કહેવાય.

પરંતુ અગર ગ્રાહકે નાણુ આપ્યુ હોય તો વસ્તુની કિંમત ચૂકવી કહેવાશે અને તે નાણુ ખોવાય જાય અથવા બરબાદ થઈ જાય તો વેચનારનો માલ બરબાદ થયો કહેવાશે.

**મસઅલો ૨૮૨૪** : વચનપત્ર બે પ્રકારની હોય છે.

૧) જે મૂળ કર્જાની ગવાહી આપનાર હોય. એવી રીતે કે સહી કરનારે કર્જવાન છે જેના નામે વચનપત્ર બનાવાય છે.

૨) જે મૂળ કર્જાની ગવાહી આપનાર ન હોય.

પહેલા પ્રકારમાં જાઈઝ છે કે લેણદાર પોતાના મુદ્દતવાળા લેણાને જે કરજવાન પર નક્કી છે તેને રોકડે બીજાને ડીસ્કાઉન્ટમાં વેચી નાખે જેમકે લેણુ સો રૂપિયા હોય તો રોકડે ૯૯ રૂપિયામાં વેચી નાખે (પરંતુ અગર તેમાં મુદ્દત પાડશે તો જાઈઝ નહી કહેવાય. કારણકે ઉધારને ઉધારમાં વહેચ્યા બરાબર થયુ). હવે બેન્ક અથવા બીજુ કોઈ કર્જવાન પાસેથી (જેના નામે વચનપત્ર હોય–સહી કરનાર) તેની ખરી મુદ્દતે લખેલ કિંમત વસૂલ કરે.

પરંતુ બીજા પ્રકારમાં લેણદાર માટે જાઈઝ નથી કે વચનપત્રને વેચી નાખે કારણકે કર્જો હકીકતમાં છે જ નહી અને સહી કરનાર પર ઝીમ્મેદારી સાબીત નથી કરતુ અને આ સંજોગમાં વચનપત્ર ફકત ડીસ્કાઉન્ટ માટે બનાવાય હોય છે. માટે મૈત્રી વચનપત્ર તરીકે મશહૂર છે.

આ સંજોગોમાં ડીસ્કાઉન્ટ બીજીરીતે શરઈ માન્યતા પ્રાપ્ત ગણી શકાય. જેવી રીતે કે વચનપત્ર પર સહી કરનાર ઉપયોગ કરનારને વકીલ બનાવે જેથી વચનપત્રની રકમને બીજી મુદ્રામાં ડીસ્કાઉન્ટ સાથે સહી કરનારની જવાબદારીમાં વેચી નાખે. દાખલ તરીકે ૫૦ દીનાર ઈરાકીની વચનપત્ર હોય અને તેની મૂળ કિંમત ૧૧૦૦ તુમાન હોય તો વચનપત્રનો ઉપયોગ કરનાર, સહી કરનારની વકીલાતમાં ૫૦ દીનાર પોતાને ૧૦૦૦ તુમાનમાં વેચે (આ સોદો ફક્ત જવાબદારી સ્વીકારવાનો છે. એટલે સહી કરનારના માથે ૧૦૦૦ તુમાની જવાબદારી આવશે અને ઉપયોગ કરનારના માથે ૫૦ દીનારની

જવાબદારી આવશે.)

હવે ઉપયોગ કરનાર સહી કરનારની વકાલતમાં આ જવાબદારીઓનો સોદો કરશે. પરીણામે તેની ૫૦ દીનારની જવાબદારી સહી કરનારને આપશે જે બેન્કના કર્ઝા જેટલી જ થશે.

પરંતુ આ રસ્તો વધારે ફાયદો આપી શકે તેમ નથી કારણકે આ કરવું ત્યારે ફાયદાકારક નીવડે જ્યારે વિદેશી મુદ્રામાં ડીસ્કાઉન્ટ આપવામાં આવે. પરંતુ દેશી મુદ્રામાં કઈ અસરકારક નહી નીવડે કારણકે આ વેપારની શરઈ માન્યતામાં સંખ્યાવાળી ચીજોના વેપારની જે મુશ્કેલીઓ બયાન થઈ ચૂકી છે તે અહીં પણ લાગુ પડશે.

પરંતુ વચનપત્રને ડીસ્કાઉન્ટમાં બેન્કને સોંપવું જે કર્જરૂપે હોય જેમકે કર્જ લેનાર અને વચનપત્રનો ઉપયોગ કરનાર વચનપત્રમાં ઉલ્લેખ થયેલી રકમ કરતા ઓછી કિંમતે બેન્કથી કર્ઝારૂપે લ્યે અને બેન્કને હવાલો આપે કે સહી કરનાર જે હકીકતમાં બેન્કનો કર્જવાન નથી વચનપત્રમાં ઉલ્લેખાયેલી રકમ વસૂલ કરે તો વ્યાજ હરામ થઈ જશે. ભલે પછી વધારાની રકમની વસૂલાત મુદ્દતના બદલે ન હોય બલ્કે મહેનત અને સર્વીસ બદલ હોય. કારણકે કર્જ દેનારને અધિકાર નથી કે કર્જ લેનાર પર શર્ત મૂકે જેથી નાણાકીય ફાયદો હાંસિલ થાય.

ઉપરોક્ત હુકમ પ્રાઈવેટ બેન્ક માટે છે. પરંતુ સરકારી અને અર્ધ સરકારી બેન્કમાં વ્યાજથી છુટકારા માટે રસ્તો છે કે વચનપત્રનો ઉપયોગ કરનાર વચનપત્રને

ડીસ્કાઉન્ટમાં વેચવા અને કર્જાનો ઈરાદો ન રાખે બલ્કે એવો ઈરાદો કરે કે અજાણ્યા માણસનો માલ કબ્જે કરી રહ્યો છે. આ રીતે તે હાકીમે શરઈની રજાથી તેને લઈ શકે છે અને વાપરી શકે છે અને જ્યારે મુદત પાકી જાય ત્યારે બેન્ક વચનપત્ર પર સહી કરનાર પાસેથી તે રકમ કઢાવશે અને સહી કરનાર પણ જે તેણે ચુકવ્યું છે તેનું વળતર ઉપયોગ કરનાર પાસેથી લઈ શકશે જો સહી તેની માંગણી પર કરી હોય.

## (૧૪) બેન્કમાં કામ કરવું

બેન્કમાં નોકરી કરવાના બે પ્રકાર હોય છે.

૧) હરામ: જેમકે એવા કાર્યો જેમાં વ્યાજ સમાએલ હોય. દા.ત. વ્યાજની પ્રોસેસ બાબતે પ્રતિનિધિત્વ સંભાળવું, નોંધ કરવી, ગવાહી આપવી અથવા લેનારના હીતમાં વ્યાજ ઉઘરાવવું વગેરે અને એવીજ રીતે એવી કંપનીમાં આ પ્રકારની નોકરી કરવી જેમાં વ્યાજના સોદા હોય અથવા શરાબના વેપાર હોય દા.ત. શરાબ વેચતી કંપનીના શેર વેચવા ખરીદવા તેના ખાતા ખોલાવવા બધુ હરામ ગણવામાં આવશે.

આ પ્રકારની નોકરી હરામ અને આ વિભાગમાં કામ કરવું જાઈઝ નથી અને મહેનતાણાનો હકદાર નહી બની શકે.

૨) જાઈઝ: ઉપરોકત બતાવેલ સંજોગ સિવાયની નોકરી હોય તો મહેનતાણુ લેવુ અને દેવુ બંને જાઈઝ છે.

**મસઅલો ૨૮૨૫** : અગર ચૂકવણી કરનાર વ્યાજ પેટે વધુ ચુકવે અને તે મુસલમાન ન હોય ભલે પછી તે વિદેશી બેન્ક હોય અથવા પછી બીજી કોઈ, જેવી રીતે કે પહેલા બયાન થઈ ચૂકયુ મુસલમાન માટે તે વધારો લેવો જાઈઝ છે. પરિણામે આ વિભાગમાં કામ કરવું અથવા આવા કાર્યનું સંચાલન કરવું જેને વ્યાજ કહેવામાં આવતુ હોય બેન્ક હોય અથવા પછી બેન્ક સિવાય બીજી કોઈ જગ્યા ત્યાં નોકરી કરવી જાઈઝ છે.

**મસઅલો ૨૮૨૬** : સરકારી તેમજ અર્ધસરકારી બેન્કમાં પડેલો માલ ઈસ્લામી દેશોમાં અજાણ્યા માલિકનો (મજહુલુલ માલીકનો) છે માટે તે માલનો ઉપયોગ કરવો હાકીમે શરઈની રજામંદી વગર જાઈઝ નથી. માટે આવી બેન્કોમાં કામ કરવું અને તેના ગ્રાહકો સાથે લેવડ દેવડ કરવી જેઓ હાકીમે શરઈની રજા વગર અજાણ્યા માલિકના હિતોની જાળવણી માટે તેઓના માલનો ઉપયોગ કરે છે, પરંતુ અગર જો હાકીમે શરઈ આ પ્રકારની બેન્કોમાં કામ કરવાની રજા આપે તો વાંધો નથી.

**મસઅલો ૨૮૨૭** : જોઆલા (ઈનામ) ઈજારો, હવાલો અને તેના જેવા બીજા શરઈ મામલામાં જેની શરીઅતે રજા આપેલી છે તે સરકારી બેન્કો જે ઈસ્લામી દેશોમાં છે તે માટે હાકીમે શરઈની રજા લેવી જરૂરી છે અને આ રજા વગર એક પણ મામલો સહી નહી ગણાય.

અને એવીજ રીતે અર્ધસરકારી બેન્કમાં સરકારી

હિસ્સા પર મામલો કરવા માટે પણ હાકીમે શરઈની રજા મેળવવી જરૂરી છે.

## (૧૫) વીમો (ઈન્સ્યોરન્સ)

વીમો એક એવો કોલ કરાર (એગ્રીમેન્ટ) છે જેમાં જેનો વીમો કરવાનો હોય તે વાયદો આપે છે કે માસિક અથવા વાર્ષિક અથવા એક વખતમાં જ નિયુક્ત રકમ વીમો કરનારને ભરપાઈ કરે. તેના બદલ વીમો કરનાર વાયદો આપે છે કે વીમો કરાવનારને અથવા ત્રીજી વ્યક્તિને અમુક નક્કી થયેલ રકમ અથવા બીજુ વળતર અમુક નુકસાન થવાના સંજોગમાં 'કે જેનો ઊલ્લેખ વીમામાં થયો હોય' આપશે.

**મસઅલો ૨૮૨૮** : વીમાના અમુક પ્રકાર હોય છે.

૧) વ્યક્તિનો વીમો, મરણ, બીમારી અથવા અકસ્માત વિગેરે માટે.

૨) વસ્તુઓનો વીમો: જેમકે મોટર, પ્લેન, વહાણનો વીમો. આગ લાગવી, ડુબી જવુ, ચોરી થવી, વગેરે.

વીમાના બીજા પ્રકારો પણ છે જેના મસઅલા ઉપરોકત પ્રકાર પ્રમાણે હોવાથી તેનો ઉલ્લેખ જરૂરી નથી.

**મસઅલો ૨૮૨૯** : વીમાના અમુક નિયમો હોય છે.

૧) સોપવુ અને ૨) કબૂલ કરવું. જે વીમો કરનાર અને વીમો કરનાવનાર બન્ને વચ્ચે હોય છે. જે કહેવા, લખવા, અથવા તેના જેવી વસ્તુથી હોય જેનાથી એમ સમજાય કે વીમો કર્યો કે કરાવ્યો છે તો કાફી છે.

૩) વીમો કઈ ચીજનો છે તે નક્કી કરવુ ચાહે શખ્સ હોય ચાહે માલ.
૪) વીમાની શરૂઆત અને પૂરી થતી મુદ્દતનો કૌલ કરારમાં ઉલ્લેખ થવો.

**મસઅલો ૨૮૩૦ :** વીમાના કરારદાદમાં નુકસાન અને ખતરાના કારણોનો ઉલ્લેખ થવો જોઈએ. જેમકે આગ લાગવી, ચોરી થવી, ડુબવુ, બીમારી, મરણ વગેરેનો ઉલ્લેખ સ્પષ્ટ થવો જોઈએ અને એવીજ રીતે માસિક અથવા વાર્ષિક હપ્તા વગેરે. અગર જો હપ્તામાં ભરવાના હોય તો તેનો ઉલ્લેખ થવો જોઈએ.

**મસઅલો ૨૮૩૧ :** બંને પક્ષ માટે જરૂરી છે કે બાલિગ અને આકિલ હોય વીમો પોતાની મરજીથી ઈરાદાપૂર્વક હોય તેમજ નાદારી અથવા મૂર્ખ હોવાને લીધે તેઓના માલના ઉપયોગ ઉપર કોઈ પાબંદી ન હોવી જોઈએ. આ બધી શર્ત હોવી જરૂરી છે.

ઉપરોકત બયાન થયેલ શર્તોમાંથી એક પક્ષે અથવા બંને પક્ષે એક પણ શર્ત ઓછી હશે તો કરારદાદ સહીહ નહી કહેવાય.

**મસઅલો ૨૮૩૨ :** વીમાનો કરારદાદ (કૌલ કરાર) જરૂરી કોન્ટ્રેકટસમાંથી ગણાય છે. માટે બન્ને પક્ષોની રજામંદી વગર બાતિલ નહી થઈ શકે.

પરંતુ અગર કૌલ કરાર વખતે શર્ત થઈ હોય કે ગમે તે પક્ષ અથવા નક્કી કરેલપક્ષ કરારદાદને તોડી શકશે તો તેમ કરી શકાશે અને તેમ કરવું જાઈઝ છે.

**મસઅલો ૨૮૩૩** : અગર વીમો કરી આપનાર પોતાના વાયદા પ્રમાણે અમલ ન કરે તો વીમો કરાવનાર હાકીમે શરઈ અથવા તેના સિવાય બીજા પાસે જઈ વીમો કરી આપનારને તેના વાયદા પર અમલ કરવાની ફરજ પાડી શકશે અને એવીજ રીતે કોન્ટ્રેકટસને તોડી અને ભરેલ રકમને પાછી મેળવી શકશે.

**મસઅલો ૨૮૩૪** : જો એગ્રીમેન્ટ પ્રમાણે વીમાનો હપ્તો ભરપાઈ કરવામાં ન આવે ચાહે તે હપ્તાની રકમ હોય કે હપ્તો ચૂકવવાના સમયનું ઉલ્લંઘન કરવામાં આવે તો પછી વીમો કરી આપનાર માટે વાજિબ નથી કે પોતાના વાયદા મુજબ અમલ કરે, અકસ્માત અથવા ખાસ નુકસાનીનુ વળતર ચૂકવે અને વીમા કરાવનાર પણ વીમાનો અધિકાર માંગી શકતો નથી.

**મસઅલો ૨૮૩૫** : વીમામાં મુદ્દતની કોઈ ખાસ શર્ત નથી બલ્કે બન્ને પક્ષે થયેલ એગ્રીમેન્ટસ ઉપર આધારિત છે.

**મસઅલો ૨૮૩૬** : અગર અમુક લોકો ભેગા મળી પોત પોતાના માલને ઈન્વેસ્ટ કરી કંપની ઉભી કરે અને તેમાનો દરેક સભ્ય કંપનીના કોન્ટ્રેકટસ પ્રમાણે એકબીજાથી શર્ત કરે કે જો અકસ્માતના સંજોગમાં તેને અથવા તેની મૂડીને કંઈ નુકસાન થશે તો કંપનીએ પોતાની મૂડી અથવા નફામાંથી તેનું વળતર ચૂકવશે અને જ્યાં સુધી તે કોન્ટ્રેકટ બાકી છે વાજિબ છે તેના પર અમલ કરવામાં આવે.

## (૧૬) પાઘડી

વેપારીઓ દરમ્યાન એક સોદો પાઘડીના નામથી પ્રચલિત છે જેમાં કોઇ ભાડૂત જે જગ્યા ભાડે રાખેલી છે અને પોતે તેનો ઉપયોગ કરે છે. બીજા કોઇ પાસેથી નક્કી થયેલ રકમ લઈને તે ભાડાની જગ્યા તેને સોંપી દે છે અથવા ભાડૂત માલિકને અમુક નક્કી થયેલ રકમ આપીને ભાડાની મુદ્દત પૂરી થયા પછી પણ તે જગ્યાએ ભાડૂતને બહાર કાઢવા અથવા ભાડૂ વધારવાનો હક ખરીદી લ્યે છે.

**મસઅલો ૨૮૩૭** : વેપાર અથવા આવકની જગ્યાને ભાડે રાખવાથી ભાડૂત માટે કોઈ જાતનો અધિકાર ઉભો થતો નથી. માટે ભાડાની મુદ્દત પુરી થતા માલિકને તેનો ઉપયોગ કરવા અથવા ખાલી કરાવવા અથવા ભાડૂ વધારવાથી રોકી શકતો નથી.

એવીજ રીતે લાંબી મુદ્દત સુધી ભાડે રહેવું અથવા ભાડૂતના કારણે જગ્યા પ્રચલિત થવી અથવા તે જગ્યાની કિંમત વધી જવી અથવા કોમેરશીયલ જગ્યા થઈ જવી વગેરેના કારણે પણ ભાડૂતનો કોઈ અધિકાર બનતો નથી. માટે ભાડાની મુદ્દત પૂરી થતા જગ્યા ખાલી કરી માલિકને સોંપી દેવી વાજિબ છે.

અને જો ભાડૂત સરકારી કાનૂનની મદદથી માલિકને જગ્યા ખાલી કરાવવાથી રોકે અથવા ભાડૂ વધારવાથી રોકે તો ભાડૂત માટે તેમ કરવું હરામ છે અને માલીકની રજામંદી વગર તેનો ઉપયોગ કરવો ગસ્બી છે અને ખાલી કરવા માટે રકમ વસૂલ કરવી પણ હરામ છે.

**મસઅલો ૨૮૩૮ :** અગર કોઈ જગ્યાનો માલિક એક વર્ષની મુદ્દતે દસ હજાર રૂપિયામાં ભાડે આપે તે ઉપરાંત બીજા પચાસ હજાર રૂપિયા પણ ભાડૂત પાસેથી લ્યે એ શર્ત સાથે કે વર્ષ પુરૂ થતા ભાડૂ વધાર્યા વગર રીન્યુ કરે અથવા તેટલાજ પ્રમાણમાં બીજા ભાડૂતને ભાડે સોંપી શકે છે અને એવીજ રીતે ત્રીજા ભાડૂતને અને...

આ સંજોગમાં જાઈઝ છે કે ભાડૂતે માલિકને આપેલ રકમ બદલે જે હક મેળવ્યો છે તેને કારણે આપેલ રકમ જેટલી રકમ અથવા તેનાથી વધારે કે ઓછી રકમ લઈ તે બીજા (ભાડૂત)ને આપી શકે છે.

**મસઅલો ૨૮૩૯ :** અગર માલિક પોતાની કોઈ જગ્યાને નક્કી મુદ્દત પર ભાડે આપે અને કૌલ કરાર (એગ્રીમેન્ટ)માં શર્ત રાખે (ભાડા ઉપરાંત પૈસા લ્યે કે ન લ્યે) મુદ્દત પૂરી થતા બીજા વર્ષનું ભાડૂ પહેલા વર્ષ જેમ રાખશે અથવા સામાન્ય રીતે બજાર કિંમત પ્રમાણે વધારો કરી રીન્યુ કરશે આ સંજોગમાં જો બીજો કોઈ વ્યક્તિ ભાડૂતને રકમ ચૂકવે જેથી ભાડાની જગ્યાને ખાલી કરે. એવી રીતે કે હવે પછી તે જગ્યા પર રહેવાનો અધિકાર જતો કરે જેથી માલિક જગ્યા ખાલી થઈ જવા પછી જે રીતે ચાહે ભાડે આપી શકે છે.

આ સંજોગમાં જાઈઝ છે કે ભાડૂત નક્કી થયેલ રકમને લઈ જગ્યા ખાલી કરે અને આ પાઘડી ફકત જગ્યા ખાલી કરવા બાબતની જ હશે ન કે બીજા ભાડૂતને સોંપવા માટે.

**મસઅલો ૨૮૪૦ :** માલિક પર વાજિબ છે કે એગ્રીમેન્ટ વખતે જે શર્ત થઈ હોય તેના પર અમલ કરે. માટે મસઅલા નંબર ૨૮૩૮ પ્રમાણે માલિક પર વાજિબ છે કે ભાડૂતને અથવા તે વ્યક્તિને જેના ફાયદા માટે ભાડૂત નીકળી ગયો હોય. ભાડુ વધાર્યા વગર ભાડે આપે.

એવીજ રીતે મસઅલા નંબર ૨૮૩૯ પ્રમાણે માલિક પર વાજિબ છે કે ભાડાની મુદ્દતને જ્યાં સુધી ભાડૂત ચાહે ત્યાં સુધી રહેવા દે અને ભાડાની કિંમત પહેલા પ્રમાણે અથવા સામાન્ય બજારના ભાવ પ્રમાણે (જે રીતે એગ્રીમેન્ટમાં શર્ત થઈ હોય) રીન્યુ કરે.

અને અગર જો માલિક પોતાની શર્તનું ઉલ્લંઘન કરે અને ભાડાના એગ્રીમેન્ટને રીન્યુ ન કરે તો ભાડૂત હાકીમે શરઈ અથવા બીજા કોઈ પાસે જઈ તેને શર્ત પાળવા ફરજ પાડી શકશે, પરંતુ અગર કોઈપણ રીતે તેને ફરજ ન પાડી શકે તો પછી માલિકની રજામંદી વગર જાઈઝ નથી કે તે જગ્યાનો ઉપયોગ કરે.

**મસઅલો ૨૮૪૧ :** અગર મસઅલા નં. ૨૮૩૮ અને ૨૮૩૯ પ્રમાણે એગ્રીમેન્ટમાં શર્ત થઈ હોય જેને પરીણામીક શર્ત કહેવાય (કાર્યની શર્ત ન હોય પરંતુ જો કાર્યની શર્ત કરી હોય) મતલબ કે રીન્યુ કરવાની શર્ત થઈ હોય એટલેકે ભાડૂતે માલિક સાથે શર્ત કરી હોય કે પોતે અથવા જેને તે નીમે અથવા કોઈના થકી નીમવામાં આવે તેને ભાડાની જગ્યા ઉપયોગ કરવાનો અધિકાર રહેશે તો વાર્ષિક ભાડૂ ચૂકવવા બદલ અથવા બજાર કિંમત બરાબર

ચૂકવવા બદલ તે જગ્યાનો સંપૂર્ણ રીતે ઉપયોગ કરવાનો અધિકારી બનશે ભલે પછી માલિક તે બાબતે રાઝી ન હોય અને માલિક ફકત વાર્ષિક ભાડાની માંગણી જે સમજૂતી થઈ હોય તે પ્રમાણે કરી શકશે.

## (૧૭) કબૂલાત અને વળતર મેળવવાના એહકામ

અમુક કરારદાર અને હકો બાબતે શિયા ફકીહોના ફતવા બીજા ઈસ્લામી ફકીહો કરતા થોડાક અથવા સંપૂર્ણ જુદા હોય છે માટે આવા મસાઈલમાં શિયાઓ ગેરશિયા સાથે કેવી રીતે વ્યવહાર કરે તે બાબતે સવાલો પૂછવામાં આવે છે. શિયા ફકીહો કાયદાએ ઈલ્ઝામના આધારે તેના જવાબો આપે છે એટલે કે બીજા મઝહબના લોકો ઉપર પોતાના મઝહબનું પાલન કરવું જરૂરી છે તેના આધારે જવાબો આપે છે.

પરંતુ અમારા મંતવ્ય મુજબ આ કાયદો સાબિત નથી માટે તેના જેવો જ બીજો કાયદો જે વળતર મેળવવાનો કાયદો કે કબૂલાતનો કાયદો છે (જેના મુજબ ગેર શિયાને તેના મઝહબના કાયદા પ્રમાણે વળતર આપવા અથવા અમલ કરવા માટે પાબંદ કરી શકાય છે) તેના આધારે આ બધા મસાઈલના જવાબ બયાન કરીએ છીએ.

**મસઅલો ૨૮૪૨ :** ઈમામીયા ફકીહો પ્રમાણે નિકાહ કોઈપણ ગવાહ વગર સહીહ છે, પરંતુ એહલે સુન્નતમાં આ મસઅલામાં ઈખ્તેલાફ છે. અમુક લોકો ઈમામીયા ફિકહના નિયમ અનુસાર વર્તન કરે છે તો અમુક જેવાકે

હનફી, શાફેઈ અને હમ્બલી નિકાહને ગવાહ વગર બાતિલ માને છે અને માલિકી પણ એકાંત નિકાહને બાતિલ ગણે છે. પરંતુ જેઓ નિકાહ બાતિલ હોવાની વાત કરે છે તેમાં પણ બે પ્રકાર છે.

માલિકી અને વધુ પડતા હમ્બલી મઝહબના લોકો આવા સંજોગમાં જ્યાં સહીહ અને બાતિલમાં ઈખ્તેલાફ છે જેમકે 'મઝકુર અકદ' જેમાં તેઓનો અકીદો છે કે કોઈપણને અધિકાર નથી કે આ ઔરત સાથે શાદી કરે સિવાય જે મર્દ સાથે નિકાહ થયા છે. તે તલાક આપે અથવા નિકાહને રદ કરે.

માટે જો શોહર આ બે મઝહબના માનવાવાળો હશે તો તે ઔરત સાથે શાદી નહી થઈ શકે સિવાય કે તેણીને તલાક આપે અથવા તેના નિકાહને રદ કરે.

શાફેઈ અને હનફીઓનો અકીદો છે કે આવી ઔરત સાથે શાદી થઈ શકે છે અને તલાક કે નિકાહ રદ કરવાની જરૂર નથી.

માટે જ્યારે કોઈનો શોહર આ બે મઝહબનો માનવાવાળા હશે તો 'ઈલ્ઝામ નિયમ' અનુસાર શોહર તેના મઝહબના મસઅલા પ્રમાણે જ્યારે ઔરત તેઓની નજરમાં એવી હોય કે જેને ઈદ્દો પાળવાની જરૂર છે તો એકદમ સ્પષ્ટ છે કે તેણી સાથે નિકાહ કરવાની રજા ઈદ્દાની મુદ્દત ખત્મ થયા પછી જ છે.

એવીજ રીતે ઔરત શિયા હોય અને શોહર આ બે મઝહબનો માનવાવાળો હોય અને સંજોગ પણ એવો

હોય કે તેઓની નજરમાં પણ ઈદ્દાની જરૂરત હોય તો ઈદ્દાની મુદ્દત પૂર્ણ થતા શાદી કરી શકશે.

પરંતુ બન્ને સંજોગમાં શકથી બચવા અને સાવચેતીને ધ્યાનમાં રાખતા બેહતર એ છે કે જ્યારે શોહર તલાક દેવાની મનાય કરતો હોય ત્યારે તેણીએ તલાક લેવી જોઈએ ભલે પછી હાકીમે શરઈ પાસે રજૂ થઈને લેવી પડે.

**મસઅલો ૨૮૪૩** : એહલે સુન્નત પ્રમાણે ફઈ અને ભત્રીજી અથવા માસી અને ભાણકી સાથે એક સાથે શાદી કરવી જાઈઝ નથી. મતલબકે અગર એક જ સમયે બંને સાથે શાદી કરી તો બન્ને નિકાહ બાતિલ ગણાશે અને જો વારા ફરતી શાદી કરી તો બીજા નિકાહ બાતિલ ગણાશે.

પરંતુ શિયા ફિકહ પ્રમાણે જાઈઝ છે ચાહે એક સાથે બન્ને સાથે શાદી કરે અથવા પછી એક પછી બીજી સાથે શાદી કરે. ફકત શર્ત એટલી છે કે નિકાહ પહેલા ફુઈ અથવા માસીએ રજા આપેલ હોય અથવા નિકાહ બાદ રાજી થઈ જાય તો જાઈઝ છે.

માટે અગર સુન્ની મઝહબનો માનનાર ઉપરોકત રીતે એકી સાથે શાદી કરશે તો બંને બાતિલ અને પત્નિની ભત્રીજી અથવા ભાણકી સાથે પછી શાદી કરે તો બીજા નિકાહ બાતિલ ગણાશે જ્યારે કે શિયા મઝહબનો માનવાવાળો આમ કરશે તો જાઈઝ છે અને આજ હુકમ બંને ઔરતો પર જારી થશે અગર જો તેઓ શિયા હોય.

**મસઅલો ૨૮૪૪** : શિયા મઝહબ પ્રમાણે તલાક

થયેલી યાએસા અથવા નાબાલીગ ભલેપછી તેના સાથે સંભોગ થયેલ હોય ઈદ્દાની જરૂર નથી.

પરંતુ સુન્ની મઝહબ પ્રમાણે (અમુક શર્તો સાથે જેમાં મતભેદ છે) કે નાબાલીગ માટે ઈદ્દો વાજિબ છે.

હવે અગર જો શોહર સુન્ની મઝહબથી હોય અને ઔરત યાએસા અથવા નાબાલીગ હોય અને તે માણસનો અકીદો હોય કે નાબાલીગ માટે ઈદ્દો જરૂરી છે અને તે તલાક આપે તો લાઝીમ છે કે તેઓના મઝહબના નિયમ અનુસાર તલાક આપેલ ઔરતની બહેન સાથે ઈદ્દા દરમ્યાન નિકાહ નહી કરી શકે અથવા એવી ઔરતો જેને બન્નેને સાથે રાખવી હરામ છે ઈદ્દા દરમ્યાન તેની સાથે શાદી નહી કરી શકે.

માટે શિયા મર્દ તે તલાકશુદા ઔરતની બહેન સાથે ઈદ્દા દરમ્યાન શાદી કરી શકશે ભલે પછી તે સુન્ની માણસે તેની સાથે નિકાહ પઢી લીધા હોય (કારણકે તેના મઝહબ પ્રમાણે તલાક શુદાના ઈદ્દા દરમ્યાન તેની બહેન સાથે નિકાહ નથી કરી શકતો માટે કરેલ નિકાહ બાતિલ ગણાશે).

અને એહતીયાતે વાજિબ એ છે કે શિયા મર્દ પણ આ તલાક થયેલ ઔરત સાથે ઈદ્દો પૂરો થાય તે પહેલા શાદી ન કરે અને તે ઔરત પણ અગર શિયા હોય અથવા શિયા બની જાય તો ઈદ્દો પૂરો થાય તે પહેલા શાદી ન કરે.

અને એવીજ રીતે એહતિયાતની રૂએ ઈદ્દા

દરમ્યાન શોહરથી નફકો (ખાધા ખોરાકી) ન લે ભલે પછી તેના શોહરના મઝહબ પ્રમાણે નફકો વાજિબ હોય સિવાયકે ‘મકાસે નવઈ’ના નિયમ અનુસાર અગર સર્વે શર્તો લાગુ પડતી હોય તો નફકો લઈ શકે છે.

**મસઅલો ૨૮૪૫ :** તલાકના સહીહ હોવા માટે શિયા ફિકહ અનુસાર અમુક શર્તો જરૂરી છે જ્યારે શિયા સિવાય બીજા મઝહબોમાં અમુક અથવા એક પણ શર્તોની જરૂર નથી.

માટે અગર એવો વ્યક્તિ જે શિયા નથી તે પોતાની પત્નીને એવી રીતે તલાક આપે જે તેઓના મઝહબમાં સહીહ હોય પણ શિયા મઝહબ પ્રમાણે સહીહ ન હોય તો શિયા મઝહબના માનવાવાળા માટે જાઈઝ છે કે તેણીનો ઈદ્દો પૂરો થવા પછી (અગર જો તેના મઝહબ પ્રમાણે ઈદ્દાની જરૂરી હોય તો) શાદી કરી શકે છે (અહીં ‘ઈલ્ઝામ’નો નિયમ લાગુ પડશે કે તેના મઝહબ અનુસાર અમલ કરાવે).

અને એવીજ રીતે અગર ઔરત શિયા હોય તો સુન્ની સાથે થયેલ તલાક બાદ બીજા સાથે શાદી કરી શકે (ઈદ્દાની જરૂર હોય તો ઈદ્દા બાદ શાદી કરી શકશે).

શિયા મઝહબ અનુસાર અમુક શર્તોની તલાકમાં હોવુ જરૂરી છે જ્યારે કે બીજા મઝહબમાં અમુક અથવા એક પણ શર્ત જરૂરી નથી તે નીચે મુજબ છે.

૧) તલાક વખતે ઔરતનું પાક હોવું જોઈએ અને તે પાક હોવાના દિવસો દરમ્યાન સંભોગ ન થયો હોય.

૨) તલાક સચોટ હોય કોઈ શર્ત અથવા કોઈ વસ્તુ પર આધારિત ન હોવી જોઈએ.
૩) તલાક ઉચ્ચારથી થવી જોઈએ લખવાથી નહી.
૪) મરજીથી તલાક આપેલ હોવી જોઈએ મજબૂરીમાં નહી.
૫) તલાક બે આદીલની ગવાહની હાજરીમાં આપેલ હોવી જોઈએ.

**મસઅલો ૨૮૪૬** : શાફેઈ મઝહબ પ્રમાણે કોઈ માણસ કોઈ વસ્તુને ખરીદયા પછી જુએ તો ખેયારે રૂઅયાથી ઉપયોગ કરી શકે છે ભલે પછી ખરીદાયેલ વસ્તુ બયાન કરેલ ગુણ ધરાવતી હોય.

પરંતુ શિયા મઝહબ પ્રમાણે ઉપરોક્ત રીતે ખેયારે રૂઅયાથી ઉપયોગ કરી શકતો નથી.

માટે જ્યાં ગ્રાહક શાફેઈ મઝહબનો હોય અને વેપારી શિયા મઝહબનો તો આવા સંજોગમાં આ ખયારનો ઉપયોગ શિયા વેપારી માટે કરી શકતો હોય ત્યાં વેપારી શાફેઈ મઝહબનો હોય તો શિયા ગ્રાહક પણ 'મકાસે નવઈ' નિયમ અનુસાર તેના જેવુ બદલી આપવાની માંગણી કરી શકશે.

**મસઅલો ૨૮૪૭** : અબુ હનીફા અને શાફેઈ મગબૂન એટલે કે જેની સાથે દગો થયો હોય તેના માટે ખયારે ગબનને માન્ય રાખતા નથી જ્યારે કે આપણા મઝહબમાં આ અધિકાર સાબિત છે.

જો કે આ ખયારે ગબન સાબિત હોવુ અથવા ન હોય એવા સંજોગ માટે નથી જ્યાં ખરીદનારનું કિંમત પર ધ્યાન ન હોય અથવા ખરીદનાર ગમે તે કિંમતમાં ખરીદવા

માટે તૈયાર હોય એવા સંજોગમાં ખયારે ગબન સાબિત નથી અને એવીજ રીતે બન્ને પક્ષે મામલો બજારની કિંમત પ્રમાણે થયો હોય ન કે વધુ કિંમતે અને છેતરાયેલ માણસે છેતરનારની વાત ઉપર ભરોસો કર્યો હોય કે ‘તે બજાર કિંમતથી વધારે નહી લ્યે’ આ સંજોગમાં પણ ખયારે ગબન બધાની નજરમાં સાબિત છે, પરંતુ આ મતભેદ એવા સંજોગોમાં છે જ્યાં બજારમાં ચાલતા રિવાજ પરથી વધારે કિંમત ન લેવાની શર્ત સમજમાં આવતી હોય અને જે જગ્યાએ મામલો રદ કરવા સિવાય કિંમતનો ફરકની માંગણી કરવાનો હક મળતો હોય તેનો પણ આ મતભેદમાં સમાવેશ થતો નથી.

દરેક એવી જગ્યાએ જ્યાં બધા લોકો ઉપર એહલે સુન્નત મઝહબના કાનૂનનું પાલન કરવું જરૂરી હોય ત્યાં શિયા મઝહબના માનનાર માટે જાઈઝ છે કે વળતર મેળવવાના કાનૂન મુજબ જે સંજોગોમાં એહલે સુન્નતના કાનૂન મુજબ ખેયાર ગબન પ્રમાણે સોદો રદ કરવાનો અધિકાર ન મળતો હોય (શિયા મઝહબ મુજબ સોદો રદ કરવાનો અધિકાર મળતો હોય છતાં પણ) તેઓને સોદો રદ કરવાનો અધિકાર ન આપે.

**મસઅલો ૨૮૪૮** : હનફી મઝહબમાં અકદે સલમ (એડવાન્સ પેમેન્ટ) સહીહ છે એ શર્ત સાથે કે તે વસ્તુ મામલા વખતે મૌજૂદ હોય પરંતુ શિયાની નઝદીક આ શર્ત જરૂરી નથી. માટે જે સંજોગોમાં હનફી મઝહબના કાયદાનું પાલન દરેક માટે જરૂરી હોય એટલે કે જો ગ્રાહક

હનફી મઝહબનો હોય અને વેપારી શિયા હોય તો તેને સોદો બાતિલ હોવાનું માન્ય રાખવાની ફરજ પાડી શકે તેમ હોય તો આવા સંજોગમાં શિયા ગ્રાહક માટે જાઈઝ છે કે 'મકાસએ નવઈ'ના નિયમ અનુસાર વેપારીને મામલો બાતિલ હોવાનું માન્ય રાખવા ફરજ પાડી શકે છે.

અને એવા સંજોગમાં જ્યારે ગ્રાહક ઈમામીયા મઝહબનો થઈ જાય તો પણ આજ હુકમ રહેશે.

**મસઅલો ૨૮૪૯** : એહલે સુન્નતના મઝહબ પ્રમાણે વારસાના શરીઅતમાં નક્કી થયેલ ભાગો ઉપરાંત જે કાંઈ બચી જાય તેમાં બીજા કુટુંબીજનોને હિસ્સો મળે છે, પરંતુ શિયા મઝહબમાં આ પ્રમાણે નથી જેમ કે મરનારના વારસદારમાં ફક્ત એક દીકરી જ હોય અને બીજા કુટુંબીજનોમાં એક ભાઈ હોય તો દીકરીને અડધો હિસ્સો વારસાના નક્કી થયેલ ભાગરૂપે અને બીજો અડધો હિસ્સો વારસા ઉપરાંત રદના ભાગરૂપે મળે છે, પરંતુ મરનારના ભાઈઓને કંઈપણ નહી મળે જો કે એહલે સુન્નતના મઝહબ પ્રમાણે બીજો અડધો ભાગ મરનારના ભાઈને કુટુંબીજનના ભાગરૂપે મળશે માટે જે સંજોગોમાં બધા ઉપર એહલે સુન્નતના કાનૂન ઉપર અમલ કરવો જરૂરી હોય તે સંજોગમાં શિયા કુટુંબીજનો વળતર હાંસિલ કરવાના કાનૂન મુજબ શરીઅતમાં નક્કી થયેલ વારસાના ભાગ ઉપરાંત કુટુંબીજનોને આપવામાં આવતો હિસ્સો લઈ શકે છે.

**મસઅલો ૨૮૫૦ :** સુન્ની મઝહબ પ્રમાણે પત્ની પોતાના પતિની દરેક વસ્તુ ચાહે તેનું સ્થળાંતર થઈ શકે કે ન થઈ શકે દરેક વસ્તુમાંથી વારસો મળે છે.

જયારે કે શિયા મઝહબ પ્રમાણે પત્નીને જમીનમાંથી વારસો નથી મળતો તેમજ ઝાડ અને મકાનમાંથી વારસો નથી મળતો, પરંતુ તેની કિંમતમાંથી વારસો મળે છે.

જે સંજોગમાં દરેક ઉપર એહલે સુન્નતના મઝહબના કાનૂન ઉપર અમલ કરવું જરૂરી હોય, જેમકે બીજા વારસદારો શિયા હોવા છતાંપણ જો પત્ની સુન્ની મઝહબની હોય તો મનકુલ અને ગેર મનકુલ દરેક ચીજોમાંથી વારસો મેળવે તો એવા સંજોગમાં શિયા પત્ની બીજા વારસદારો સુન્ની હોવા છતાં પણ મનકુલ અને ગેર મનકુલ દરેક ચીજોમાંથી વારસો હાંસિલ કરશે.

## (૧૮) પોસ્ટમોર્ટમ

**મસઅલો ૨૮૫૧ :** મુસલમાન મૈયતનું પોસ્ટમોટર્મ કરવું જાઈઝ નથી. અગર કોઈ પોસ્ટમોર્ટમ કરે તો દીય્યત વાજિબ થાય છે (જેની વિગત દીય્યતની કિતાબમાં સવિસ્તાર વર્ણન થયેલ છે).

**મસઅલો ૨૮૫૨ :** કાફીર મૈયતનું પોસ્ટમોર્ટમ કરવું ચાહે ગમે તે કાફીર હોય તેનું લોહી તેના જીવન દરમ્યાન મોહતરમ ન હોય (આદરવાળુ) તો જાઈઝ છે પરંતુ અગર કાફિરે ઝીમ્મી હોય તો એહતિયાતે વાજિબની રૂએ પોસ્તમોર્ટમ ન કરવું જોઈએ.

પરંતુ પોસ્ટમોટર્મ તેના ધર્મમાં જાઈઝ હોય ચાહે સંપૂર્ણ રીતે જાઈઝ હોય અથવા પછી તેની હયાતી દરમ્યાન રજા આપેલ હોય અથવા મરણ પછી તેના સરપરસ્ત (વલી) એ રજા આપેલ હોય તેવા સંજોગમાં પોસ્ટમોર્ટમ કરવું જાઈઝ છે.

અને એવા સંજોગોમાં જ્યારે કાફીરના મૈયત બાબતે શક થાય કે તેનું ખૂન તેની હયાતીમાં મોહતરમ હતું કે નહી અને કોઈ નિશાની પણ ન હોય તો પોસ્ટમોર્ટમ કરવું જાઈઝ છે.

**મસઅલો ૨૮૫૩** : અગર મુલસમાનની જાન બચાવવી બીજાના પોસ્ટમોર્ટમ કરવા પર આધારિત હોય તો અગર એવુ મૈયત હોય જે કાફીર હોય અને તેનુ લોહી મોહતરમ ન હોય અથવા શકવાળુ મૈયત હોય કે લોહી મોહતરમ છે કે નહી તેની ખબર ન હોય અને અગર તે પણ મુમ્કીન ન હોય કે પોતાના સિવાય બીજો કોઈ કાફીર પોસ્ટમોર્ટમ કરે તો પછી મુસલમાન માટે જાઈઝ છે કે પોસ્ટમોર્ટમ કરે.

મુસલમાન માટે જાઈઝ નથી કે પોસ્તમોર્ટમ શીખવા વગેરે માટે કરે સિવાય કે કોઈ મુસલમાનની જાન બચાવવી ભલે પછી ભવિષ્યમાં જાન બચાવવી તેના પર આધારિત હોય તો શીખવા માટે પોસ્ટમોર્ટમ કરી શકે છે.

## (૧૯) અંગદાન

**મસઅલો ૨૮૫૪** : મુલસમાનના મૈયતના અંગ જેમકે

આંખ, હાથ વગેરે જીવતાના શરીરને લગાડવા જાઈઝ નથી. અગર કોઈ આમ કરે (મુસલમાન મૈયતના અંગને કાપે) તો દીય્યત વાજિબ થઈ જાય છે અને તે કપાયેલ અંગને દફન કરવું વાજિબ છે.

પરંતુ અગર જો શરીરનો અંગ જીવતાને જોડી દીધા હોય અને તેના શરીરનો ભાગ થઈ ગયો હોય તો પછી તેને જુદા કરવું વાજિબ નથી.

**મસઅલો ૨૮૫૫** : અગર મુસલમાનની જાન બચાવવી મુસલમાન મૈયતના અંગેને કાપવા પર આધારિત હોય તો પછી કાપવુ જાઈઝ છે તેમ છતા કાપનાર પર દીય્યત વાજિબ થશે અને જ્યારે તે અંગો જીવતાના શરીરમાં જોડાઈ અને તેનો અંગ બની જાય તો જીવતાના શરીરના અંગોના એહકામ તેના પર લાગુ પડશે.

**મસઅલો ૨૮૫૬** : ઉપરોકત મસલાઓમાં મૈયતથી મુરાદ તેનુ દિલ અને કીડની વગેરે ઉભુ રહી ગયુ હોય જે પાછુ કાર્યરત ન થાય તેમ હોય.

પરંતુ એવા લોકો જેનું મગજ કામ કરતા અટકી ગયું હોય અને તેમનું દિલ અને કીડની ભલે પછી મશીનથી ચલાવાતી હોય અને પોતાનું કામ અંજામ આપી રહ્યા હોય, તેને મૈયત કહેવાશે નહી માટે તેઓના અંગને કોઈપણ સંજોગોમાં કાપવા અને બીજાને દાન કરવા જાઈઝ નથી.

**મસઅલો ૨૮૫૭** : જીવતા માણસના શરીરનો કોઈ ભાગ લઈ બીજા જીવતા ઈન્સાનના શરીરમાં લગાડવો

અને આમ કરવા જતા મોટુ નુકસાન થતુ હોય જેમકે આંખ અથવા હાથ વગેરે જેવી ઉણપ આવે તો જાઇઝ નથી.

પરંતુ મોટુ નુકસાન થતુ ન હોય જેમકે ચામડીનો અમુક ભાગ કરોડ રજ્જુની ચરબી અથવા તેની એક કીડની કે જેની બીજી કીડની એકદમ સ્વસ્થ હોય તેને દાન કરનાર વ્યક્તિ રાજી હોય તો જાઇઝ છે. પરંતુ અગર નાનુ બાળક હોય અથવા પાગલ હોય તો કોઈપણ સંજોગમાં જાઇઝ નથી.

જ્યારે અંગદાન કરવું જાઇઝ હોય ત્યારે તે દાન બદલ રકમ લેવી પણ જાઇઝ છે.

**મસઅલો ૨૮૫૮ :** જરૂરતમંદ બીમારો માટે રકતદાન કરવું જાઇઝ છે અને આ રકતદાન બદલ રકમ લેવી પણ જાઇઝ છે.

**મસઅલો ૨૮૫૯ :** કાફિર અથવા શકવાળા વ્યક્તિના બદનને કાપી મુસલમાનોના શરીરને લગાડવુ જાઇઝ છે. ત્યારબાદ એ મુસલમાનના શરીરનો ભાગ થઈ જશે અને તેના ઉપર મુસલમાનના શરીરના એહકામ લાગુ પડશે. એવીજ રીતે કોઈ નજીસુલ અયન જાનવરના બદનને કાપી મુસલમાનને લગાડવામાં આવે તો વાંધો નથી અને જ્યારે તે અંગ મુસલમાનના શરીર સાથે જોડાય જાય તો મુસલમાનના શરીરના એહકામ લાગુ પડશે કારણકે તે મુસલમાનના શરીરનો ભાગ ગણાય છે અને જીવંત છે.

## (૨૦) કૃત્રિમ ગર્ભધારણ

**મસઅલો ૨૮૯૦ :** ઔરત માટે પોતાના શોહરની મની (વીર્ય) સિવાય બીજાના મનીથી ગર્ભધારણ કરવું જાઈઝ નથી. ભલે પછી શોહર હોય કે ન હોય, પતિ પત્ની તે માટે રાઝી હોય કે ન હોય, પતિ દ્વારા (બીજાના મની) નાખવામાં આવે અથવા બીજા કોઈ દ્વારા.

**મસઅલો ૨૮૯૧ :** અગર કોઈ ઔરતને પતિ સિવાય બીજા કોઈના મનીથી કૃત્રિમ ગર્ભધારણ કરાવવામાં આવે અને તે સ્ત્રી સગર્ભા બને અને બાળકનો જન્મ થાય અને આ કાર્ય ભૂલથી બીજા વ્યક્તિનું મની ગર્ભાશયમાં દાખલ કરી નાખે તો આ સંજોગમાં બાળક તે મનીવાળા વ્યક્તિનું ગણાશે અને આનો હુમ ભૂલથી સંભોગ (વતીયે બીશ શુબ્હા) થયેલ જેવો છે.

અને અગર જાણી જોઈને બીજાનું મની ગર્ભાશયમાં દાખલ કરવામાં આવે તો પણ શકય છે બાળક તે મનીવાળા શખ્સનું ગણાશે અને વારસા તેમજ નસલ વગેરેના એહકામ લાગુ પડશે. કારણકે વારસામાંથી બાકાત ફક્ત ઝીનાથી જન્મેલ બાળક છે, પરંતુ અહી ભલે બીજાનુ મની દાખલ કરી હરામ કામ કરેલ છે તેમ છતાં ઝીના કહેવાશે નહીં.

અને એવીજ રીતે બન્ને સંજોગમાં બાળક માનુ જ કહેવાશે અને બીજા બાળકો વચ્ચે કોઈ તફાવત રહેશે નહી.

અને એવા સંજોગમાં જ્યારે કોઈ ઔરત પોતાના પતિના મનીને સમલૈંગીકતા (એક ઔરત બીજી ઔરત સાથે પોતાની શર્મગાહ ઘસે) અને તેના જેવા કૃત્યો વડે બીજી ઔરતના ગર્ભશયમાં દાખલ કરે અને તે બીજી ઔરત સગર્ભા બને તો તે બાળક મનીવાળા વ્યક્તિ અને જન્મ આપનાર ઔરતનું કહેવાશે જો કે આ કૃત્ય હરામ છે.

**મસઅલો ૨૮૬૨** : અગર ઔરતના અંડ અને મર્દના મનીને લઈ મેળાપ કરાવી કૃત્રિમ ગર્ભાશયમાં રાખવામાં આવે અને બાળક જન્મે તો સ્પષ્ટ છે કે બાળક અંડ અને મનીવાળા માં-બાપનું કહેવાશે અને નસલ અને વારસા વગેરેના બધા નિયમો લાગુ પડશે. પરંતુ અગર અંડ અને મનીના મેળાપ પહેલા બેમાંથી કોઈ એક ગુજરી જાય તો બાળક તેનાથી વારસો નહી મેળવી શકે.

**મસઅલો ૨૮૬૩** : અગર કોઈ ઔરતના ગર્ભશયથી એવો અંડ જે મની સાથે મેળાપ થઈ ગયો છે તેને લઈ બીજી ઔરતના ગર્ભશયમાં મૂકવામાં આવે અને ત્યાં તે અંડનો વિકાસ થાય અને તેણી (બીજી ઔરત) બાળકને જન્મ આપે તો તેની માં બાબતે બંને ઔરતો સાથે સાવચેતી (એહતિયાત) રાખવી પડશે. જો કે જે ગર્ભાશયમાં બાળકનો ઉછેર થયો છે તેના માટે મેહરમીય્યત સાબિત છે.

**મસઅલો ૨૮૬૪** : પોતાના પતિના મની દ્વારા કૃત્રિમ ગર્ભધારણ કરવુ તેના પતિના જીવન દરમ્યાન જાઈઝ છે,

પરંતુ અગર આ કાર્ય માટે એવી જગ્યાને જોવુ અથવા અડવુ પડે જે જગ્યાને જોવું અથવા અડવું હરામ હોય તો હરામ છે સિવાય કે તેનો પતિ આ કાર્ય કરે.

અને અગર જો આ કાર્ય કરવુ જરૂરી હોય 'જેમકે કુદરતી રીતે ગર્ભધારણ કરવુ તેના માટે અસહ્ય તકલીફનું કારણ બનતુ હોય અને ગર્ભધારણ માટે બીજો કોઈ રસ્તો ન હોય' (તો જાઈઝ છે) આ રીતે જન્મેલ બાળક અને કુદરતી રીતે જન્મેલ બાળક વચ્ચે કોઈ તફાવત નથી અને બધા નિયમો લાગુ પડશે. પરંતુ પતિની વફાત પછી પતિના મનીથી કૃત્રિમ ગર્ભધારણ કરવું એહતિયાતે વાજિબની રૂએ જાઈઝ નથી અને તેમ છતાં ગર્ભધારણ કરવામાં આવે તો વારસો નહી મળે પણ નસલ તેનીજ કહેવાશે.

## (૨૧) વસ્તી નિયંત્રણ (બર્થ કન્ટ્રોલ) (ગર્ભ નિરોધ)

**મસઅલો ૨૮૬૫** : ઔરત માટે જાએઝ છે કે એવી દવાનો ઉપયોગ કરે જેથી સગર્ભા ન થાય, પરંતુ શર્ત છે કે તેવી દવાઓનો ઉપયોગ તેના શરીર માટે અતિ હાનિકારક ન હોય ભલે પછી તેનો પતિ રાઝી ન હોય સિવાય કે તેના કોઈ શરઈ હકો જળવાતા ન હોય.

**મસઅલો ૨૮૬૬** : ઔરત માટે જાઈઝ છે કે એવા યંત્રોનો ઉપયોગ કરી શકે છે જે તેને સગર્ભા થવાથી રોકે એ શર્ત સાથે કે અતિ હાનીકારક ન હોય. પરંતુ અગર તેવુ યંત્ર મૂકવા માટે એવી જગ્યાએ જોવુ પડે જે જગ્યાએ જોવુ

હરામ છે અથવા અડવુ પડે અને તે હરામ હોય તો પછી જાઈઝ નથી જેમકે શોહર સિવાય બીજુ કોઈ યંત્ર તેમના શરીરમાં દાખલ કરે. સિવાય કે બચ્ચાને જન્મ આપવો તેના માટે હાનિકારક હોય જે અસહ્ય હોય અને ગર્ભનિરોધ માટે બીજો કોઈ રસ્તો ન હોય અથવા હોય તો તે પણ હાનિકારક હોય અને એ ખબર ન હોય કે તે યંત્ર મની ને અંડ સાથે મેળાપ પછી નાબૂદ કરે છે. નહીંતર એહતિયાતે વાજિબની બિના પર દરેક સંજોગમાં પરહેઝ કરવી જોઈએ.

**મસઅલો ૨૮૬૭ :** ઔરત માટે જાઈઝ છે કે ઓપરેશન દ્વારા ગર્ભની નસબંદી કરાવે ભલે પછી તેમ કરવાથી ભવિષ્યમાં કયારે પણ ગર્ભવતી ન બની શકે. પરંતુ આ કાર્ય ત્યારે જાઈઝ નથી જ્યારે આ કામ કરવા જતા શરીરના તે ભાગોને બતાવવા પડે જેનુ છુપાવવુ વાજિબ છે અથવા અડવુ પડે કે જેનુ અડવુ મોજા પહેર્યા વગર જાઈઝ નથી સિવાય કે જરૂરત એવી ઉભી થાય જેનો ઝિક્ર આગળ બયાન થઈ ચૂકયો છે તો વાંધો નથી.

પરંતુ ગર્ભાશય તેમજ અંડાશયને કાઢી નાખવુ જાઈઝ નથી જેના કારણે શરીરમાં નોંધપાત્ર નુકસાન થાય તેમ હોય, સિવાય કે એવી બીમારી હોય જેના કારણે કાઢવુ પડે.

અને આજ હુકમો મર્દ માટે પણ લાગુ પડે છે.

**મસઅલો ૨૮૬૮ :** ગર્ભપાત કરવો (મનીનું અંડ સાથે મેળાપ પછી) જાઈઝ નથી સિવાય કે ગર્ભ રહેવો માતા

માટે જાનનુ જોખમ થઈ જાય અથવા એવો ખતરો ઉભો થાય જેનુ સહન કરવું અશકય બની જાય. તો આવા સંજોગમાં જીવ અને રૂહ આવવા પહેલા ગર્ભપાત કરવો જાઈઝ છે. પરંતુ જીવ અને રૂહ આવ્યા બાદ ગર્ભપાત કરવો કોઈપણ સંજોગમાં જાઈઝ નથી.

અગર માતા ગર્ભપાત કરે તો તેની દીય્યત આપવી વાજિબ છે જે જનીનના પિતા અથવા બીજા વારસાદારને આપવાની રહેશે અને અગર પિતા ગર્ભપાત કરાવે તો તે માતાને દીય્યત આપશે અને ડોકટરે ગર્ભપાત કર્યું હોય તો તેના પર દીય્યત વાજિબ થશે સિવાય કે વારસદાર માફ કરી દે. ભલે પછી આ કામ ડોકટરે માં-બાપના કહેવા પ્રમાણે કર્યું હોય.

દીય્યતમાં જરૂરી છે કે જીવ અને રૂહ આવ્યા પછી ગર્ભપાત કરવામાં આવે તો ૫૨૫૦ મિસ્કાલ ચાંદી અગર જનીન દીકરો હોય તો દેવુ પડશે અને અગર જનીન દીકરી હોય તો અર્ધુ આપવું પડશે.

એહતીયાતે વાજિબની રૂએ અગર જનીન પેટમાં મરી જાય તો પણ દીય્યત એટલીજ છે.

અગર જનીનમાં જીવ ન હોય અને મની જ હોય તો ૧૦૫ મિસ્કાલ ચાંદી, અગર ખૂન બંધાય ગયુ હોય તો ૨૧૦ મિસ્કાલ ચાંદી, અગર ગોશ્ત બની ગયુ હોય તો ૩૧૫ મિસ્કાલ ચાંદી, અગર હાડકા બની ગયા હોય તો ૪૨૦ મિસ્કાલ ચાંદી, અગર શરીરના અંગ બની

ગયા હોય તો ૫૨૫ મિસ્કાલ ચાંદી.

જ્યાં સુધી જીવ નથી આવ્યો ત્યાં સુધી દીકરા દીકરીની દીય્યતમાં એહતિયાતે વાજિબની રૂએ તફાવત નથી.

**મસઅલો ૨૮૬૯** : ઔરત માટે જાઈઝ છે કે એવી દવાનો ઉપયોગ કરી શકે જેનાથી તેનો માસિક ધર્મ પાછળ ઠેલાય જેથી તે પોતાની વાજિબાતને પૂર્ણ કરી શકે જેમકે રોઝા, હજ્જની વાજિબાત, વગેરે પરંતુ શર્ત છે કે તેમ કરવાથી તેના માટે અતિ હાનિકારક ન હોવુ જોઈએ અને આવી દવાના ઉપયોગ કરવાના સંજોગમાં લોહી દેખાય જે સતત ન આવે તો ભલે પછી તેની આદતના વખતમાં દેખાયુ હોય તેમ છતાં હૈઝનું ખૂન ગણાવામાં નહિ આવે.

## (૨૨) સરકારી રસ્તા અને વકફની જમીન

**મસઅલો ૨૮૬૧** : એવા રસ્તા પર ચાલવુ, વાહન ચલાવવા અથવા ફુટપાથ પર ચાલવુ જ્યાં સરકારે કોઈ વ્યક્તિગત મિલ્કતને સરકારી મિલ્કતમાં લઈ રસ્તા બનાવી નાખ્યા હોય તેનો ઉપયોગ જાઈઝ છે.

પરંતુ અગર કોઈને ખબર હોય કે કોઈ ખાસ જગ્યા સરકારે બળજબરીથી હડપી લીધી હોય અને તેનો માલિકને કંઈપણ વળતર ન આપ્યું હોય તો તે ઝમીન ગસ્બી કહેવાશે માટે તેમાં કોઈપણ જાતનો ઉપયોગ એટલે સુધી કે ત્યાંથી પસાર થવુ પણ જાઈઝ નથી સિવાય કે તે માલિક અથવા તેના વલી (બાપ-દાદા) અથવા વલીના

કોઈ પ્રતિનિધિને રાજી કરે અને જ્યારે માલિકને ઓળખતો ન હોય તો મજહુલુલ માલિક (અજાણ્યો માલિક)ના હુકમમાં આવશે અને તેવા સંજોગમાં હાકીમે શરઈની તરફ રજૂ કરવુ જોઈએ.

આ મસઅલા પરથી બીજી બાકી રહેલી ઝમીનના મસઅલા પણ સમજી શકાય છે કે માલિકની રજા વગર ઉપયોગ જાઈઝ નથી.

**મસઅલો ૨૮૭૧** : મસ્જિદ, ઈમામ બારગાહ, કબ્રસ્તાન અને તેના જેવી મિલ્કતો જેને સાર્વજનિક ઉપયોગ માટે વકફ કરવામાં આવેલ હોય તેમાં અવર જવર કરવી, બેસવુ, વગેરે જેવા ઉપયોગ કરવા જાઈઝ છે.

પરંતુ આવા પ્રકારની મિલ્કીયત જેને ખાસ લોકો માટે વકફ કરવામાં આવેલ હોય તો તેના સિવાય બીજા લોકો માટે ઉપયોગમાં લેવુ મુશ્કેલ છે અને એહતિયાતે વાજિબની રૂએ પરહેઝ કરવું જોઈએ.

**મસઅલો ૨૮૭૨** : મસ્જિદની ઝમીન જે રસ્તા અથવા ફુટપાથ પર હોય તે વકફથી બાકાત નહી કહેવાય, પરંતુ મસ્જિદના એહકામ (નિયમો) તેને લાગુ નહી પડે જેમકે તેને નજીસ કરવુ હરામ, નજાસત દૂર કરવી વાજિબ, જનાબતની હાલતમાં ત્યા રહેવુ હરામ, તેમજ હાઈઝ અને નફસાનું રહેવું હરામ વગેરે નિયમો લાગુ નહિ પડે.

તેમ છતાં તે મસ્જિદનો એવો ભાગ જે હજી મસ્જિદના ટાઈટલ (શિર્ષક) તરીકે બાકી હોય તો મસ્જિદના બધા નિયમો તેમાં લાગુ પડશે, પરંતુ અગર જો મસ્જિદના ઉનવાન (ટાઈટલ)થી નીકળી ગયુ હોય જેમકે કોઈ ઝાલિમ

તે મસ્જિદના ભાગને દુકાન અથવા ભંડાર બનાવી નાખે અથવા મકાન બનાવી નાખે તો પછી મસ્જિદના નિયમ તેમાં લાગુ નહી પડે અને દરેક હલાલ કાર્યો તેમાં અંજામ આપી શકાશે સિવાય કે આ કામ ગસ્બને આગળ વધારવાનું કારણ બનતુ હોય તો પછી જાઈઝ નથી.

**મસઅલો ૨૮૭૩** : વિરાન થયેલ મસ્જિદની ચીજ વસ્તુઓ જેમકે પત્થર, લાકડા, લોખંડ અને બીજી વસ્તુઓ જેમકે પંખા, ફીલ્ટર, બત્તી, વગેરે જે મસ્જિદ માટે વકફ થયેલ હોય તો વાજિબ છે કે તેનો ઉપયોગ બીજી મસ્જિદમાં કરવામાં આવે અને અગર તે મુમ્કીન ન હોય તો સાર્વજનિક ફાયદા માટે ઉપયોગમાં લેવામાં આવે અને અગર જો તેને વેચવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હોય તો મુતવલ્લી અથવા તેના જેવા જેને તેમાં વહીવટ કરવાનો અધિકાર હોય તેઓ મસહેલના સંજોગમાં તેને વેચી અને તેના નાણાને બીજી મસ્જિદમાં ઉપયોગ કરે.

અને એવા સંજોગમાં જ્યારે મસ્જિદના અવશેષો મસ્જિદની માલિકીના હોય જેમ મસ્જિદ માટે વકફ થયેલ ચીજોના નફામાંથી ખરીદવામાં આવેલ હોય તો પછી વાજિબ નથી કે અવશેષોને બીજી મસ્જિદમાં ઉપયોગમાં લેવામાં આવે બલ્કે જાઈઝ છે કે મુતવલ્લી અથવા વહીવટકર્તા સારા હેતુથી વેચી શકે છે અને તેમાંથી મળતી કિંમત બીજી મસ્જિદમાં વાપરવામાં આવે.

ઉપરોક્ત સવિસ્તાર બયાન થયેલ નિયમ બીજી સાર્વજનિક વકફ માટે જેમકે મદ્રેસા, ઈમામ બારગાહ જે રસ્તાની હદમાં આવી ગયા હોય તેમને પણ લાગુ પડે છે.

**મસઅલો ૨૮૭૪ :** મુસલમાનના કબ્રસ્તાન જે રસ્તાની હદમાં આવી ગયા હોય અથવા સાર્વજનિક વકફ હોય, તેનો હુકમ આ પહેલા જણાવેલ મસઅલા પરથી સમજી શકાય છે, પરંતુ તેમાં એક વાત ખાસ ધ્યાન રાખવી જોઈએ કે તેમાં અવર જવર વગેરેથી મુસલમાન મૈયતની બેહુરમતી ન થતી હોય. નહીંતર અવર જવર વગેરે જાઈઝ નથી. પરંતુ અગર તે કબ્રસ્તાન વ્યક્તિગત મિલ્કત ન હોય અથવા વકફ ન હોય અને તેના ઉપયોગથી મુસલમાન મૈયતની બેહુરમતી ન થતી હોય તો કોઈપણ પ્રકારના ઉપયોગમાં વાંધો નથી.

આ મસઅલા પરથી બાકી રહેલ કબ્રસ્તાનનો ભાગ જે રસ્તાની હદમાં નથી આવ્યો તેનો હુકમ સમજી શકાય છે કે અગર વ્યક્તિગત મિલ્કત હોય તો તેનો ઉપયોગ અથવા વેચવુ માલિકની રજા વગર જાઈઝ નથી અને અગર જો સાર્વજનિક વકફ હોય તો મુતવલ્લી અથવા વહીવટકર્તા જ તેનો વહીવટ કરી શકશે અને વહીવટ થકી પ્રાપ્ત થયેલ રકમ બીજા મુસ્લીમ કબ્રસ્તાનમાં જ થઈ શકશે.

અને એહતિયાતે વાજિબની રૂએ જે નઝદીક કબ્રસ્તાન હોય તેમાં વપરાશ પ્રાથમિકતા રાખે છે.

અને ઉપરોક્ત બે સંજોગ સિવાય ત્રીજા સંજોગમાં ઉપયોગ કરવામાં કોઈની રજાની જરૂર નથી (એટલેકે સરકારે હડપી હોય અને તેના માલિકની ખબર ન હોય) પરંતુ તે વાતનુ ધ્યાન રાખવુ જોઈએ કે તે જગ્યાનો ઉપયોગ કરવાથી કબ્રની યાદગાર વિરાન ન થઈ જાય.

## (૨૩) નમાઝ–રોઝા

**મસઅલો ૨૮૭૫** : અગર કોઈ શખ્સ મગરિબની પછી રોઝો ઈફ્તાર કર્યા વગર પશ્ચિમની તરફ મુસાફરી કરે (પ્લેન વડે) અને એવી જગ્યાએ પહોંચે જ્યાં હજી મગરિબનો સમય થયો ન હોય તો વાજિબ નથી કે મગરિબ સુધી ઈફ્તાર ન કરે જો કે એહતિયાતે મુસ્તહબ છે કે ઈફ્તાર ન કરે.

**મસઅલો ૨૮૭૬** : અગર કોઈ પોતાના શહેરમાં સુબ્હની નમાઝ પઢે અને પછી પશ્ચિમ તરફ મુસાફરી કરે અને એવી જગ્યાએ પહોંચે જ્યાં હજી ફજ્રનો સમય થયો ન હોય અને પોતે એટલો સમય ત્યાં રહે કે ફજ્રનો સમય થાય એવીજ રીતે ઝોહર અને મગરિબ બાબતે એવો સંજોગ ઉભો થાય તો નમાઝને ફરી વખત પઢવી જરૂરી નથી જો કે એહતિયાતે મુસ્તહબ છે કે ફરી વખત પઢે.

**મસઅલો ૨૮૭૭** : અગર કોઈએ નમાઝ ન પઢી હોય અને તે નમાઝનો સમય વીતી જાય અને પ્લેનથી એવી જગ્યાએ પહોંચે જ્યાં હજી સમય બાકી હોય તો એહતિયાતે વાજિબની રૂએ નમાઝને માફીઝઝીમ્મા (જે જવાબદારી હોય) તે નિય્યતથી પઢે એટલેકે અદા અથવા કઝાનો ઈરાદો ન કરે.

**મસઅલો ૨૮૭૮** : અગર કોઈ પ્લેનમાં મુસાફરી કરી રહ્યો હોય અને નમાઝ પઢવા ચાહે અને નમાઝ વખતે કિબ્લા સામે ઉભો રહી શકે તેમજ સ્થિરતા જાળવી શકે અને બીજી શર્તોનું પાલન કરી શકે તેમ હોય તો નમાઝ

જાઈઝ છે અને ઉપરોકત બતાવ્યા પ્રમાણે ન કરી શકે અને સમય બાકી હોય કે પ્લેનથી બહાર આવ્યા પછી નમાઝ તેની શર્તો સાથે પઢી શકે તેમ હોય તો એહતિયાતની રૂએ નમાઝ પ્લેનમાં પઢવી સહીહ નથી. પરંતુ અગર સમય ઓછો હોય તો પછી વાજિબ છે કે નમાઝને પ્લેનમાં અદા કરે અને આ સંજોગમાં અગર કિબ્લા રૂખ થઈને નમાઝ પઢી શકતો હોય તો કિબ્લા રૂખ થાય અને કિબ્લા રૂખ થયા વગર નમાઝ પઢવી (જરૂરી સંજોગ સિવાય) સહીહ નથી.

અને જ્યારે પ્લેન કિબ્લાથી બીજી દિશા તરફ ફરે તો કિબ્લા તરફ ફરવું જોઈએ અને કિબ્લાની દિશા તરફ ફરતી વખતે કરાઅત અને ઝિક્ર ન પઢે અને અગર જો કિબ્લારૂખ ન રહી શકતો હોય તો કોશિશ કરે કે ૯૦ (નેવુઅંશે)થી વધારે કિબ્લાથી ફરી ન જાય અને અગર જો કિબ્લાની દિશા ન જાણતો હોય તો કોશિશ કરી કિબ્લાની દિશા નક્કી કરે અને પોતાના અનુમાન પ્રમાણે અમલ કરે અને અનુમાન પણ ન લગાવી શકતો હોય તો જે દિશા તરફ કિબ્લો હોવાનો સંભવ લાગે તે દિશા તરફ નમાઝ પઢે જો કે એહતિયાતે મુસ્તહબ છે કે નમાઝને ચારે દિશા તરફ પઢે. આ નિયમ ત્યારે છે જ્યારે કિબ્લાની દિશાની ઓળખ કરી કિબ્લા તરફ ઉભો રહી શકે.

અને અગર તકબીરતુલ એહરામમાં જ કિબ્લા રૂખ રહી શકતો હોય તો તેમ કરવું કાફી છે અને તે વખતે પણ કિબ્લા રૂખ ન રહી શકે તો કિબ્લાની શર્ત સાકીત છે.

અને જાઈઝ છે કે ઈન્સાન વખત પહેલા જાણી જોઈ પ્લેનમાં મુસાફરી કરી શકે છે ભલે પછી ન છુટકે નમાઝને પ્લેનમાં કિબ્લારૂખ વગર અથવા અસ્થિરતાની હાલતમાં પઢવા માટે મજબૂર થાય.

**મસઅલો ૨૮૭૯** : અગર કોઈ પ્લેનમાં મુસાફરી કરે અને તેની મુસાફરી પૂર્વથી પશ્ચિમ તરફ હોય અને પ્લેનની ઝડપ ઝમીનની ઝડપ જેટલી હોય તો એહતિયાતે વાજિબની રૂએ ૨૪ કલાકમાં પાંચ ટાઈમની નમાઝને કુરબતની નિય્યતથી પઢે અને રોઝાની કઝા કરે.

અને પ્લેનની ઝડપ પૃથ્વીની ઝડપ કરતા બમણી હોય તો ૧૨ કલાકમાં પૃથ્વીને ફરી વળશે અને બે વખત ફજ્ર, મધ્યાહ્ન અને ગુરૂબ થશે માટે એહતિયાતે વાજિબ છે કે દરેક ફજ્રમાં નમાઝે સુબ્હ, ઝવાલ (મધ્યાહ્ન)માં ઝોહર અસ્ર અને ગુરૂબ પછી મગરિબ–ઈશા પઢશે.

અને અગર જો આનાથી વધુ ગતિમાં પ્લેનની ઝડપ હોય જેમકે ૩ કલાકમાં અથવા તેનાથી ઓછા સમયમાં પૃથ્વી ફરી વળે તો દરેક ફજ્ર, ઝવાલ અને મગરિબમાં નમાઝો પઢવી વાજિબ નથી. બલ્કે ૨૪ કલાકમાં કુરબતનની નિય્યતથી પાંચ ટાઈમની નમાઝ અદા કરશે. એ સાવચેતી સાથે કે સુબ્હની નમાઝને ફજ્રના વખતમાં, ઝોહર અસ્રની નમાઝને ઝવાલના સમયમાં અને ગુરૂબ વખતે મગરિબ ઈશાની નમાઝો પઢશે.

ઉપરોક્ત મસઅલા પરથી સ્પષ્ટ થઈ જાય છે કે અગર પશ્ચિમથી પૂર્વ તરફની મુસાફરી હોય અને ગતિ

પૃથ્વીની ઝડપ જેટલી હોય તો નમાઝો તેના સમય પર પઢવી જોઈએ અને એવીજ રીતે પ્લેનની ઝડપ પૃથ્વીની ઝડપ કરતા ઓછી હોય.

અને અગર પૃથ્વીની ઝડપ કરતા બહુજ વધુ ગતિમાં પ્લેનની ઝડપ હોય જેમકે ૩ કલાકમાં અથવા તેનાથી ઓછા સમયમાં પૃથ્વી ફરી વળે તો ઉપર જણાવ્યા મુજબ અમલ કરવાનું રહેશે.

**મસઅલો ૨૮૮૦** : અગર જે શખ્સની જવાબદારી મુસાફરીમાં રોઝો રાખવાની હોય અને ફજ્ર પછી પોતાના શહેરથી રોઝો રાખવાની નિય્યતથી નીકળે અને પ્લેનની મુસાફરી કરે અને એવા ગામે પહોંચે જ્યાં હજી ફજ્રનો સમય થયો ન હોય તો ફજ્રના સમય સુધી ખાઈ શકે છે.

**મસઅલો ૨૮૮૧** : અગર કોઈ માહે રમઝાનમાં ઝવાલ પછી પોતાના શહેરથી મુસાફરી કરે અને એવા ગામે પહોંચે જ્યા હજી ઝવાલનો વખત ન થયો હોય તો એહતિયાતે વાજિબની રૂએ પોતાના રોઝાને પુરો કરે અને કઝા તેના પર વાજિબ નથી.

**મસઅલો ૨૮૮૨** : અગર કોઈની જવાબદારી મુસાફરીમાં રોઝો રાખવાની હોય અને માહે રમઝાનનો ચાંદ પોતાના ગામે દેખાય ગયો હોય અને એવા ગામે જાય જ્યા ઉફુકના તફાવતના કારણે ચાંદ ન દેખાયો હોય તો રોઝો તેના પર વાજિબ નથી.

અને પોતાના ગામમાં શવ્વાલનો ચાંદ દેખાય ગયો હોય અને ઈદ કરી નાખવામાં આવી હોય અને તે

એવા ગામે મુસાફરી કરે જ્યાં હજી ઉફુકના તફાવતના કારણે ચાંદ સાબિત ન થયો હોય તો એહતીયાતે વાજિબની રૂએ તે દિવસે ઈમસાક રાખે (રોઝો તોડનાર કાર્યો અંજામ ન આપે) અને તે દિવસની કઝા પણ કરે.

**મસઅલો ૨૮૮૩** : અગર કોઈ ઈન્સાન એવી જગ્યા પર હોય જ્યાં છ મહિના દિવસ અને છ મહિના રાત હોય તો નમાઝોને એહતિયાતે વાજિબની રૂએ તેમના ગામની નઝદીકના એવા ગામ પ્રમાણે અંજામ આપે જ્યાં ૨૪ કલાકમાં એક દિવસ અને રાત્રિ હોય. પરંતુ નિય્યતમાં ફક્ત કુરબતનની નિય્યત કરે.

આવા સંજોગમાં રોઝા માટે વાજિબ છે કે એવા ગામે જાય જ્યાં તે રોઝો રાખી શકે અથવા પછી જાય અને કઝા કરે. અગર નથી જઈ શકતો તો દરેક રોઝા બદલે એક મુદ અનાજ ગરીબોને આપે.

અગર એવી જગ્યાએ હોય જ્યા દિવસ ૨૩ કલાક અને એક કલાક રાત હોય અથવા તેનાથી ઉલ્ટુ તો પછી તેના સમય પ્રમાણે નમાઝ પઢશે.

પરંતુ રોઝા માટે અગર સશક્ત છે તો તે સમય મુજબ રોઝા રાખશે અને અગર અશક્ત હોય તો રોઝા સાકીત છે અને અગર તેની કઝા બીજા દિવસોમાં કરી શકતો હોય તો કઝા કરે નહીંતર એક મુદ અનાજ ગરીબોને આપે.

## (૨૪) લક્કી ડ્રો–લોટરી

લોટરી અથવા લક્કી ડ્રો એવી ટીકીટો હોય છે જે અમુક કંપનીઓ દ્વારા અમુક રકમ બદલ વેચવામાં આવે છે અને વાયદો આપે છે કે ખરીદનારાઓ વચ્ચે ચિઠ્ઠી નાખવામાં આવશે અને જેના નામે ચિઠ્ઠી નીકળશે તેને વિજેતા જાહેર કરવામાં આવશે અને એક ખાસ રકમ તેને ઈનામ રૂપે દેવામાં આવશે. આ કાર્ય અમુક પ્રકારે થવુ શકય છે.

૧) જો ટીકીટ લેતી વખતે જે રકમ ચૂકવવામાં આવે તે ચિઠ્ઠીમાં નામ નીકળી વિજેતા બની ઈનામ મેળવવાની શક્યતાના બદલે હોય તો આ મામલો કોઈપણ શક વગર હરામ છે અને બાતિલ છે, માટે અગર કોઈ આ હરામ કાર્યમાં ફસાણો અને ચિઠ્ઠી ખેચવામાં વિજય બન્યો તો તે સરકારી કંપની હોય તો જે રકમ ઈનામ રૂપે મેળવી છે તે મજહુલુલ માલિક (અજાણ્યા વ્યક્તિની માલિકી)ની હોવાથી હાકીમે શરઈની રજા મેળવવી જરૂરી થશે.અગર તે કંપની વ્યક્તિગત (પ્રાઈવેટ) હોય અને જો તે જાણતો હોય કે તે માલના માલિકો વિજેતાનું માલિક ન બનવાની જાણકારી હોવા છતાંપણ તેના ઉપયોગ કરવા બાબતે રાજી છે તો તે માલનો ઉપયોગ જાઈઝ છે.

૨) ટીકીટ બદલ પૈસા દેવાનો હેતુ નેક કાર્યમાં મદદરૂપ બનવું હોય જેમકે મદ્રેસો બનાવવો, પુલ બાંધવો, વગેરે અને કોઈ ઈનામ મેળવવાનો હેતુ ન હોય તો વાંધો નથી.

હવે જેના નામે ચિઠ્ઠી નીકળે અને તેને વિજેતા જાહેર કરવામાં આવે તો કંપની સરકારી હોય અને ઈસ્લામી દેશમાં હોય તો હાકીમે શરઈની રજામંદીથી ઉપયોગ કરી શકે છે અને અગર સરકારી કંપની ન હોય તો ઉપયોગ કરી શકે છે તેના માટે હાકીમે શરઈની રજાની જરૂર નથી.

૩) પૈસા દેવાનો મકસદ કંપનીને કર્જો આપવા સમાન હોય જેમકે ટીકીટ ખરીદનાર નક્કી રકમને છ મહિના માટે આપે અને તે કંપની છ મહિના પછી આપેલ રકમ પાછી આપે અને ચિઠ્ઠી નાખવામાં આવે અને જો વિજય બને તો ઈનામ રૂપે બીજી અમુક રકમ હાંસિલ કરે. આ મામલો હરામ છે કારણકે વ્યાજવાળો કર્જો ગણાશે.

## વલહમ્દો લિલ્લાહે અવ્વલીન વ આખેરીન.